Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૧૭

મુંબઇ તા. ૧-૧-૮૬ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

કરચોરી

કરવેરા વિના કોઇ પણ રાજ્ય ટકી ન શકે. રાજ્યતંત્રની ગાડીને કરવેરાથી દૂર રહે. રાજ્યતંત્ર ચલાવવા માટે નાણાંની જરૂર પડે અને સરકાર લોકો પાસેથી કરવેરા (કર એટલે જ વેરો, પરંતુ કરવેરો શબ્દ હવે રૂઢ થઇ ગયો છે.) ઉઘરાવીને રાજ્યતંત્ર ચલાવે. કયારેક જરૂર પડે તો વધારાનાં નાણાં છાપીને પણ તાત્કાલિક પોતાના ખર્ચને પહોંચી વળે, પરંતુ કરવેરો નાખ્યા વિના બધાં જ નાણાં નવાં છાપીને ખર્ચને પહોંચી વળવાનું જો કોઇ મૂખ સરકાર વિચારે તો અકલ્પ્ય કુગાવો થાય અને અર્થતંત્ર ધડીકમાં ભાંગી પડે.

કોઇ પણ રાષ્ટ્રના બધા જ લોકો કરવેરા હોંશે હોંશે ભરે એવું હંમેશાં બની ન શકે. એડમન્ડ બેર્ક કહ્યું છે :

'To tax and to please, no more than to love and to be wise, is not given to men.'

એટલે અંશે પ્રજા સુશિક્ષિત અને કર્તવ્યસભાન તેટલે અંશે પ્રામાણિકપણે કરવેરો ભરનારાઓની સંખ્યા પ્રજામાં વધારે રહે. પોતાની સાચી કમાણીમાંથી થોડોક ભાગ આપી દેવાનું માણસને બહુ ગમે નહિ. એટલે કર બચાવવા માટે માણસ યુકિતપ્રયુકિતઓ કરે એ સ્વાભાવિક છે. કેટલાક સમાજશાસ્ત્રીઓ અને ધારાશાસ્ત્રીઓ એમ માને છે કે કાયદેસર કર બચાવવો એ મનુષ્યનો હકક છે, અને એમ કરવામાં એ કોઈ ગુનો કરતો નથી. મનુષ્યને સારી રીતે જીવનનું ભરણપોષણ કરવાને માટે પૈસાની જરૂરિયાત રહે છે. એટલે એના ભોગે કરવેરો ભરવાનું એને ગમે નહિ. શ્રીમંત થવું એ સામાન્ય માણસનું ભાવ – લક્ષ્ય છે. પોતાની પાસે હોય તેના કરતાં અધિક સંપત્તિ મેળવવા માટે માણસ કુદરતી રીતે જ લલચાય છે. આપત્તિ કે નબળા દિવસોનું રક્ષણ કરવા માટે માણસને સંપત્તિ એકઠી કરવાનું મન થયા વગર રહે નહિ. સંપત્તિની લાલસાનો અંત જલદી આવે નહિ. પ્રજાનો સાધારણ સ્થિતિવાળો કે ગરીબ વર્ગ વર્ષોની યાતનાઓ પછી પૈસેટકે સુખી થવા લાગે ત્યારે તેવા વર્ગને કરવેરો ભરવાનું મન ઓછું થાય એ સ્વાભાવિક છે. પ્રજાની આ મનોવૃત્તિને લક્ષમાં લીધા વિના કરવેરા નાંખવામાં આવે તો કરચોરીનું પ્રમાણ અવશ્ય વધે જ.

કરવેરાના બદલામાં સારી સરકાર પ્રજાને ન્યાય, રક્ષણ, સલામતી અને સુખશાંતિ આપે છે. વિદેશી આક્રમણ કે આંતરિક સંઘર્ષમાંથી દેશના રક્ષણ માટે રાખવામાં આવતા સૈન્યની આર્થિક જવાબદારી સમગ્ર દેશને માથે રહેલી છે. તદુપરાંત કેળવણી, તબીબી સેવા, વાહનવ્યવહાર ઇત્યાદિ માટે તથા સમગ્ર સરકારીતંત્ર નિભાવવા માટે કોઇ પણ રાષ્ટ્રને પુષ્કળ નાણાંની જરૂર રહે. જે દેશો ઘણી બધી બાબતોમાં સમૃદ્ધ થઇ ચૂકયા હોય એ દેશોને નવા કરવેરાની જરૂરિયાત પ્રમાણમાં ઓછી રહે. જે દેશોએ હજુ ઘણું બધાં ક્ષેત્રોમાં વિકાસ કરવાનો છે એવા પછાત દેશોને વિકાસકાર્યો માટે ઘણાં નાણાંની જરૂર રહે. એ માટે એને ઘણા કરવેરા નાખવાની ફરજ પડે. પરંતુ એમ કરવામાં વાસ્તવિક પરિસ્થિતિ અને મનુષ્યની પ્રકૃતિને લક્ષમાં લીધા વિના જો ફાવે તેમ કરવેરા નાખવામાં આવે તો એવા વિકાસશીલ દેશોમાં કરચોરીની પ્રવૃત્તિ વધી જાય અને પ્રજાનું હીર હણાય. ફ્રાન્સિસ બેકને કહ્યું છે. Neither will it be that a people overlaid with taxes should ever become valiant and martial.

ભારતને આઝાદી મળ્યા પછી આપણી રાષ્ટ્રીય સરકારે અનેક વિકાસકાર્યો હાથમાં ધર્યાં અને સમાજવાદી અભિગમની નીતિ અપનાવી, પરંતુ કરવેરાનું માળખું એવું જટિલ, અવાસ્તવિક અને અવ્યવહારુ બનાવ્યું કે એના પરિણામે ભારતમાં કરચોરીનું પ્રમાણ અતિશય વધી ગયું. નહેરુની સરકારના છેલ્લાં વર્ષોમાં વાર્ષિક લાખ રૂપિયાની કમાણી કરનારે આવકવેરા તરીકે પાંસઠ હજાર રૂપિયા સરકારને આપી દેવાના રહે અને લાખથી વધુ કમાણી કરનારને વધારાના લગભગ સત્તાણું ટકા જેટલા રૂપિયા સરકારને આપી દેવાના રહે એવા ભારે કાયદાઓના કારણે અનેક લોકોને કરચોરી કરતા બનાવી દેવામાં આવ્યા. છુપાવેલી આવક જાહેર કરવા માટે જુદી જુદી યોજનાઓ અમલમાં આવી અને ભેરવ્યોન્દની સરકારમાન્ય કરકંટિત યોજના પણ ચાલી.

કાળાં નાણાંને સુરક્ષિત રાખવા માટે કાયદાની અનેક આટીઘૂંટીઓ કાયદાશાસ્ત્રીઓએ શ્રીમંતોને બતાવી છે. એમાંથી લાખો ટ્રસ્ટો માત્ર નામ ખાતર અને કાળાં નાણાંના વ્યવહાર ખાતર ઊભા થયાં છે. ચેક આપીને રોકડા નાણાં લઇ જવાની અને રોકડા નાણાં આપીને ચેક લઇ જવાની ઘટના વ્યાપકપણે સમગ્ર ભારતમાં ચાલી રહી છે.

રાજકીય પક્ષો અને રાજકારણીઓ તો કાળાં નાણાંથી ખદબદે છે. પરંતુ સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક વગેરે સંસ્થાઓમાં પણ જુદા જુદા નામથી કાળાં નાણાંનો વ્યવહાર મોટા

પાયા ઉપર ચાલે છે. એક સામાજિક કાર્યકર્તાએ એક મોટી સભાને સંબોધતાં એમ કહ્યું હતું કે 'તમારા બે નંબરના પૈસા હોય તો પણ તે અમને દાનમાં આપો. અમે તેની વ્યવસ્થા કાયદેસર કરી આપીશું.' કેટલાક ધર્માચાર્યોને પોતાના ભક્તોને એમ કહેતા સાંભળ્યા છે કે 'તમારા કાળા નાણા અમારા ધર્મકાર્યમાં આપો. ભગવાનની પાસે આવતાં કાળા નાણા કાળા રહેતાં નથી. બલકે પવિત્ર થઇ જાય છે.' પ્રતિષ્ઠિત સામાજિક કાર્યકર્તાઓ, કેળવણીકારો, ધર્માચાર્યો વગેરેને પણ જો આવા ઉદ્‌ગારો કાઢતાં લજ્જા કે સંકોચનો અનુભવ ન થતો હોય તો સરકારે પોતે એ પરિસ્થિતિનો ગંભીરપણે વિચાર કરવો ઘટે. કરવેરાનું માળખું એવું સરળ અને હળવું હોવું જોઇએ કે જેથી પ્રજા પણ પોતાને ભાગે ભરવાનો આવતો કરવેરો ભરવામાં ખચકાટ ન અનુભવે. ઉત્તમ સ્થિતિ તો એ કહેવાય કે કરવેરા ભરનારા બધા જ લોકો પ્રામાણિકપણે રાષ્ટ્રભક્તિથી પ્રેરાઇને હોંશે હોંશે પોતાનો કરવેરો ભરે. પરંતુ એવું સામાન્ય રીતે શક્ય નથી. જેમની પાસે આવી અપેક્ષા રાખી શકાય એવા સમર્થ માણસો પણ કરવેરાની બાબતમાં શિથિલ બની જાય છે.

આધારભૂત રીતે એમ સાંભળ્યું છે કે ગાંધીભક્ત એવા એક ઉચ્ચતમ ઉદ્યોગપતિ જ્યારે ગુજરી ગયા ત્યારે તેમની એસ્ટેટ ડ્યૂટી દ્વારા સરકારને એક રૂપિયાની પણ આવક થઇ ન હતી. કેટલાક સમયથી તેઓ આવકવેરો પણ ભરતા ન હતા. અને આ બધું જ તેઓ કાયદેસર કરતા હતા. તો પ્રશ્ન એ થાય છે કે કરોડો કે અબજો રૂપિયા ઉપર જેમનું આધિપત્ય છે એવી વ્યકિત પણ પોતાના તરફથી આવકવેરા દ્વારા કે વારસવેરા દ્વારા સરકારને કશું જ ન મળે એવી કાયદેસર ગોઠવણ કરે તો તેવી વ્યકિતની રાષ્ટ્રભકિત કે રાષ્ટ્રપ્રીતિનું મૂલ્ય કેટલું આંકી શકાય ? આવી વ્યકિતને પણ જો આ પ્રમાણે વર્તવું પડે તો તે ઘટનાની સરકારે અને રાષ્ટ્રહિતચિંતકોએ નોંધ લેવી ઘટે. આવકવેરામાં ઝાઝા નાણાં ન મળે એ પ્રશ્ન જેટલો ગંભીર છે તેથી પણ વધુ ગંભીર પ્રશ્ન પ્રજાની રાષ્ટ્રપ્રીતિ ઘટતી જાય છે એ છે.

ભારતમાં ઘણા વેપારીઓ પાસેથી સાંભળવા મળે છે કે સીધી રીતે વેપાર કરવામાં ખાસ કંઇ લાભ થતો નથી. સીધા સાદા વેપારીને પણ સરકારી અમલદારોની કનડગત ઘણી નડે છે. સરકારી અમલદારો પણ પૈસા ખાવા ન મળતા હોય તો કાયદા અને નિયમોની જડતાથી વર્તે છે, પછી ભલે વેપારીને ગમે તેટલું નુકસાન થતું હોય. ક્યારેક જાણીજોઇને પણ નુકસાન કરાવાય છે. પરંતુ પૈસા ખાવા જો મળતા હોય તો કાયદાની કલમોનો અનુકૂળતા અનુસાર ત્વરિત ઉપયોગ કરીને તથા પોતાને મળેલી વિશિષ્ટ સત્તાનો ઉપયોગ કરીને તરત કામ પતાવી આપે છે. વેપારી વર્ગ તો નફા નુકસાનનો હિસાબ માંડીને ઝટ કામ પતાવવા અને હેરાનગતિમાંથી બચવા પૈસા ખવડાવી દે છે. એકાદમે વેપારી ખોટું કરતા હોય તો તેનો એક દૃષ્ટિથી વિચાર કરી શકાય, પરંતુ અનેક વેપારીઓને જુદા જુદા પ્રસંગે જુદા જુદા કારણસર તેમ કરવાની ફરજ પડતી હોય તો એ પ્રશ્નને બીજા દૃષ્ટિકોણથી તપાસવો જોઇએ. છેલ્લા બે ત્રણ દાયકામાં કરચોરીની સીધી કે આડકતરી વાત મોટા શહેરોમાં તો ઘર ઘર સુધી વ્યાપી ગઇ છે. પ્રામાણિક રહેવા ઝઝુમતા માણસોને પણ લાચારીથી નમતું આપવું પડયું છે. એમ કહેવાય છે કે રાજ્યના બીજા કોઇ કાયદાઓ કરતાં આવકવેરા કે વેચાણવેરાના કાયદાઓ માણસને જલદી લબાડ અને જૂઠા બનાવી દે છે પરંતુ ભારતમાં તો એની હદ વળી ગઇ છે. કરચોરી ભારતીય પ્રજાના લોહીમાં વ્યાપી ગઇ છે.

જ્યારથી મોટા કરવેરાનો બોજો પ્રજા ઉપર નાંખવામાં આવ્યો ત્યારથી કાણાં નાણાંનો વ્યવહાર અધિક વેગથી ચાલવા લાગ્યો. સમાંતર અર્થતંત્રની જેમ તેની અસર વેપાર – ઉદ્યોગ અને જીવન પદ્ધતિ ઉપર પડી. કૃત્રિમ ભાવવધારો ચાલ્યો. ભકાનો, ઔદ્યોગિક ઉત્પાદનો, અને તેનું વેચાણ, જરઝવેરાત વગેરેમાં બે નંબરના નાણાંનો વ્યવહાર આખા ભારતમાં ચાલી રહ્યો છે. પ્રજાના વિશાળ સમુદાયને આવું ગેરવર્તન કરવું પડે તો તેમાં પ્રજાને કેટલો દોષ દઇ શકાય ? પ્રજા માનસનો વાસ્તવિક પરિસ્થિતિના સંદર્ભમાં ખ્યાલ રાખવાને બદલે અવાસ્તવિકપણે આડેધડ કરવેરા ઝીંકીને સ્વાતંત્ર્ય સંગ્રામમાં ખુમારીથી અનેરો ભોગ આપનારી પ્રજાના નૈતિક ધોરણને નીચું પાડી દેવામાં મુખ્યપણે સરકાર જ જવાબદાર છે એમ કહી શકાય.

બે નંબરના પૈસાની વાત કરવી કે વ્યવહાર કરવો એ હવે લોકલજ્જાનો પ્રશ્ન રહ્યો નથી. જેઓ થોડા પણ સુખી છે, એવા ભારતના લાખો કરોડો લોકોમાંથી કોઇક જ એવા હશે કે જેમને બે નંબરના નાણાંનો કયારે વ્યવહાર કરવો ન પડયો હોય. પરિણામે કાળાં નાણાંનો વ્યવહાર એ રોજિંદા જીવનની સામાન્ય ઘટના બની ગઇ છે. જેઓ પ્રામાણિક અને રાષ્ટ્રવાદી હતા એવા કેટલાય લોકોને પણ બે નંબરના નાણાંનો વ્યવહાર કમને લાચારીથી કરવો પડયો છે એ બતાવે છે કે કરવેરાના માળખામાં અને તેના અમલમાં જ ઘણી ત્રુટિઓ છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતના કેટલાક સુપ્રતિષ્ઠિત વેપારીઓ ઉદ્યોગપતિઓ, બિલ્ડરો, ડોકટરો, અભિનેતાઓ સરકારી અમલદારો વગેરેની ઓફિસોમાં તથા ઘરોમાં આવકવેરાના અને અન્ય ખાતાંઓ તરફથી દરોડા પાડવામાં આવ્યા કરે છે. આ ઘટનાઓના વિવિધ પ્રત્યાઘાતો પડયા કરે છે. સરકાર માત્ર નાની વ્યકિતઓને જ સતાવે છે અને મોટી મોટી વ્યકિતઓની શેહમાં દબાય છે એવો મત આથી ખોટો ઠરે છે. બીજી બાજુ મોટી મોટી વ્યકિતઓને પણ પોતાની પ્રતિષ્ઠા હોડમાં મૂકીને ગેરરીતિઓ આચરવી પડે એવી મજબૂર પરિસ્થિતિનું નિર્માણ જે રીતે સરકારી તંત્ર દ્વારા થઇ ગયું છે એ દેશ માટે ઇષ્ટ નથી એમ પણ કેટલાકને લાગે છે. કેટલીક વ્યકિતઓના પક્ષે આવકવેરાની દૃષ્ટિએ કે વિદેશી હુંડિયામણ ધારાની દૃષ્ટિએ કેટલુંક ખોટું કાર્ય જરૂર થયું હશે, અને તેનો બચાવ બિલકુલ થઇ ન શકે. તો પણ જે રીતે આ બધું બની રહ્યું છે તે ઘણી ગંભીર વિચારણા માગી લે છે. નાણાં કમાવાની લાલચ એવી મોટી છે કે એનો ઉન્માદ ભલભલાને ભાન ભૂલાવે છે.

મોટી મોટી ઉદ્યોગ કંપનીઓમાં એકસાઇઝ, વેચાણવેરા, આવકવેરા, લાયસન્સો, આયાત–નિકાસ, વિદેશી હુંડિયામણ વગેરેની દૃષ્ટિએ ઘણી ગેરરીતિઓ ચાલે છે. પ્રશ્ન થાય છે કે આવી ગેરરીતિઓ કરવાનું મન તેમને કેમ થતું હશે ? બીજી બાજુ એમ પણ પ્રશ્ન થાય છે કે આટલા બધા પ્રતિષ્ઠિત માણસોને પણ કરચોરી કરવાનું મન થાય છે તો કરવેરાની પદ્ધતિમાં જ કશું ખોટું નહિ હોય ? વેપારીઓ સરકારી અધિકારીઓને બગાડે છે કે સરકારી અધિકારીઓ વેપારીઓને

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૧)

વીતેલાં વર્ષો

ચી. ના. પટેલ

ગયા હપ્તામાં મેં લખ્યું હતું કે બાના પ્રેમની સ્મૃતિ હૃદયવસ્થાના માના બીજા બાળપણને પહેલા બાળપણના સ્વર્ગીય આનંદથી ભરી દે છે. બાનો એ પ્રેમ હું કેવી રીતે અનુભવતો અને સમજતો થયો એ હું કહી શકતો નથી, પણ આજે હું એ વર્ષો યાદ કરું છું ત્યારે કેટલાંક સ્મૃતિ-ચિત્રો મારા હૃદયને બાના પ્રેમનો જીવતો સ્પર્શ કરાવે છે. હું કવિ હોત તો એ સ્મૃતિ-ચિત્રોનું કાવ્યમય ભાષામાં વર્ણન કરત, પણ અહીં આવડશે તેવાં વર્ણવીશ.

દર વર્ષે શીતળા સાતમને દિવસે મારે પાંચ કે સાત ઘેરથી ઠંડી વાનગીઓ માગી લાવીને ખાવાની બાએ મારા માટે બાધા રાખેલી. એમ કરવા તે મને મોકલતી ત્યારે તેના મોં ઉપર હેત છલકાતું તે હું આજેય મારી કલ્પનામાં જોઈ શકું છું. કુટુંબનાં પાંચેય ઘરોમાં બા માટે બહુ માન હતું, એટલે બાના લાડકા પુત્ર તરીકે મનેય દરેક ઘેર પ્રેમ મળતો. શીતળા સાતમને દિવસે મળતી સિદ્ધામાં એ પ્રેમની સુવાસ પણ ભળતી. બા એ જાણતી અને એ વિચારે હરખાતી. એવું જ બેસતા વર્ષની સવારે કુટુંબનાં બીજાં બાળકો સવારે ચાર વાગ્યાથી મહોલ્લામાં સબરસ આપી બક્ષિસ ઉઘરાવવા નીકળતા. પણ હું એટલો વહેલો ઊઠી નહોતો શકતો અને બીજાં બાળકો સાથે જવામાં સંકોચ પણ અનુભવતો. બાળકો કરતાં વધુ બક્ષિસ લઈ આવતો તેથી બાને આનંદ થતો, અમારા પાંચ ઘરના કુટુંબમાં બીજા નંબરના ભાઈ શિવલાલ નામના વડીલ હતા. તેમની સ્થિતિ પહેલાં સારી હતી, પણ વિશ્વયુદ્ધનાં વર્ષોમાં ગોળના વેપારમાં ખોટ આવી હતી અને સાથે દેવું થઈ ગયું હતું. પણ એમનો સ્વભાવ પહેલાંના જેવો જ ઉદાર રહ્યો હતો. હું કોઈ વાર બા પાસે પૈસો માંગું ત્યારે દૂરથી એ વડીલ દેખાતા હોય તો તે ઉત્સાહથી કહેતી, જા. શિવાબાપા પાસે જઈને માગ. હું જઈને શિવાબાપા પાસે હાથ ધરતો અને મને અચૂક પૈસો મળતો. મારા ઉપરના પ્રેમના કારણે બા શિવાબાપાનો મારા પ્રત્યે સદ્‌ભાવ જોઈ રાજી થતાં, અને એ રાજી થતી એટલે મને પણ આનંદ થતો.

હિંદુ સંસારની રીત પ્રમાણે બા પ્રસંગે પિયર જતી, પણ એને પિયર કરતાં મોસાળ કેળિયા વાસણા જવાનું વધુ ગમતું. દરેક વર્ષે એકાદ અઠવાડિયું તે ત્યાં રહી આવતી. હું માનું છું કે એ દિવસો એને દિવાળીના જેવા ઉત્સાહના લાગતા હશે. એના મામા, ખુશાલદાસ હેતાળ અને વિવેકી હતા. જૂના સમાજસંસ્કારની સજ્જનતાના તેઓ ઉત્તમ પ્રતિનિધિ હતા અને બાને તથા એનાં ભાણિયાં, મને અને બહેનને, જોઈ ખૂબ રાજી થતા. કહેતા કે ભાણિયાં અમારે ઘેર આવે અને બક્ષિસ લે તો અમારું ઘર ભરેલું રહે. એમનો આનંદ એમના મોં ઉપર દેખાઈ આવતો; એટલે મને પણ બાની સાથે કેળિયા વાસણા જવાનું ખૂબ ગમતું. આજેય મને એ દિવસો યાદ કરવાનું ગમે છે. ખુશાલભાને ખેતી સારી હતી અને તેઓ ગામના એક સુખી બેડૂત ગણાતા. એમનું એક ખેતર ગામથી બહુ દૂર નહોતું. એટલે હું ચાલીને એમની કે બીજાની સાથે એ ખેતરે જતો; કોઈ ચાલુ હોય તો તેના ઉપર બેસવાનો લહાવો લેતો. નીકોમાં થઈ ખેતરોમાં વહેતાં પાણી જોતો અને કલ્પનાની દુનિયામાં રમ્યા કરતો. ખુશાલભાને પહેલી પત્નીથી પુત્ર નહોતો એટલે તેમણે બીજી વાર લગ્ન કર્યું હતું. જૂનામાં એક નાના ઘરમાં પાસે રહેતાં. એમની રીતે તેઓય અમારી ઉપર વહાલ કરતાં. સવાર-સાંજ ભેંસ દોહવા બેસે ત્યારે મને તાજું દોહેલું દૂધ પીવા બોલાવે, કયારેક રોટલા સાથે માખણ અને માટલાનો ગોળ ખાવા આપે એમ અહોવાડિયું કયારે અને કેવી રીતે પૂરું થતું તેની ખબર ન પડતી. પાછા ઘેર જવાનો સમય થાય ત્યારે ખુશાલભાઈ બાને સૂંઠ, જાયફળ, દાડમ ને શકરિયાંનું પોટલું બંધાવે અને બરણીમાં તાજું ઘેર બનાવેલું ઘી ભરી આપે. એ વર્ષોમાં અમદાવાદથી કેળિયા વાસણા વચ્ચે બસ સર્વિસ શરૂ નહોતી થઈ. ગામ ધોળકા પાસે આવેલું છે,એટલે એલિસબ્રિજથી ધોળકા અને ધોળકાથી એલિસબ્રિજ ટ્રેઇનમાં જવા આવવાનું રહેતું. ધોળકા સ્ટેશને જતાં સાથે લીધેલા ઘી ઉપર કંઈક જકાત આપવી પડતી હશે, એટલે એક વર્ષ મને યાદ છે કે ખુશાલભા અમને ગાડામાં બેસાડી ધોળકા પછીના સ્ટેશને લઈ ગયા હતા. અસારવા અને એલિસબ્રિજ સ્ટેશન વચ્ચેનું લગભગ ચાર માઈલનું અંતર પગે ચાલવાનું રહેતું તે હું એ વખતના પાંચ-છ વર્ષની ઉંમરેય ખુશીથી ચાલી શકતો.

છેલ્લી વાર અમે આમ કેળિયા વાસણા ગયાં તેની સ્મૃતિ દુઃખદ છે, છતાં અંતરમાં ઊંડે ઊંડે મીઠી લાગે છે. મહા મહિનામાં જવાનું નક્કી થયેલું, પરંતુ પરીક્ષા પાસે આવતી હોવાથી (હું ત્યારે પહેલા ધોરણમાં હતો) શિક્ષક રજા નહોતા આપતા. બા શિક્ષક પાસે જઈને આજીજી કરીને રજા લઈ આવી હતી. પણ વાસણા પહોંચ્યા પછી બે ત્રણ દિવસમાં જ મેં બાનું મોસાળ સુખ ઝુંટવી લીધું. ખેતરમાં રમવા ગયો હતો ત્યાં મરચાંના છોડ જોઈ તેમના ઉપરથી મરચાં તોડવા લાગ્યો પછી આંખમાં કંઈક પડતાં મરચાંવાળા હાથે આંખ ચોળી. મરચાંએ આંખમાં પોતાનું કામ કર્યું. અને મારા સ્વભાવમાં રહેલા ગર્ભશ્રીમંતાઈને ઉશ્કેરી મૂકયા, મેં હઠ પકડી, બા, ઘેર ચાલ, મારે અહીં નથી રહેવું. બા મૂંઝાઈ ગઈ, દુઃખી થઈ, રડી, પણ મેં ન માન્યું તે નજ માન્યું. ખુશાલભા અમને સ્ટેશને મૂકી ગયા. અને બા ઉલ્લાસ મને થોડા દિવસોનું સ્વર્ગસુખ છોડી સંસારની ચિંતાઓમાં તપવા અસારવા પાછી આવી. પણ આમ એનો આનંદ ઝુંટવી લેવા માટે તેણે મને ગુસ્સાનો એક શબ્દ ન કહ્યો કે મને મનાવવા ધોલધપાટ ન કરી. જેટલા પ્રેમથી તે મને કેળિયા વાસણા લઈ ગઈ હતી તેટલા જ પ્રેમથી તે મને અસારવા પાછી લાવી. સુખી મન કે હૃદયમાંથી પ્રેમ વધુ સરળતાથી વહે છે (જો કે ઘણાં સ્ત્રી-પુરુષો પોતે સુખી હોવા છતાંય બીજાંને પ્રેમ આપી શકતાં નથી), પણ દુઃખ કે કલેશમાં હૃદયનો પ્રેમ સામાન્ય રીતે સુકાઈ જતો હોય છે, અને તેમાંય દુઃખ કે કલેશ કરાવનાર કે તેમાં નિમિત્ત બનનાર વ્યક્તિ ઉપર રોષ કર્યા વિના પ્રેમ ચાલુ રાખવો અતિમુશ્કેલ છે. બા મને એવો પ્રેમ આપી શકતી, અને મારા હૃદયે એ પ્રેમ એટલો ઊંડો સંગ્રહ્યો છે કે આ ઉંમરેય મને તેની આનંદદાયક સ્મૃતિ તાજી થાય છે.

બાના દુઃખી હૃદયમાંથી પીવા મળેલા પ્રેમનું એક બીજું સ્મરણ પણ મને છે. એક વાર મને આંખો દુખવા આવી હતી દવા તો કંઈક નાખી હશે પણ તેની અસર થાય ત્યાં સુધી

મારું બાળમન શાંત ન રહી શકયું. બા ધરકામ પડતું મૂકી મને શાંત રાખવા બેત્રણ કલાક સુધી મને ખભા ઉપર રાખી વાંસે હાથ ફેરવતી મહોલ્લામાં એક ઘેરથી બીજે ઘેર ફરતી રહી. આમાં અસામાન્ય કશું નથી. અસંખ્ય બા આમ કરે છે, પણ એમ પોતાના બાળક માટે ચિંતા કરતી બાના હાથમાંથી બાળકના વાંસા ઉપર જે પ્રેમનું ઝરણ વહે છે તે કેટલાં બાળકોને મોટી વયે વૃદ્ધાવસ્થામાં યાદ આવતું હશે? મને તે ક્રમ યાદ રહ્યું છે તેનો આજના મનોવૈજ્ઞાનિકો જે અર્થ કરવો હોય તે કરે, મને તેમાં માતૃપ્રેમની દૈવી આશ્રયમયતાનો અનુભવ થાય છે.

પણ માણસના હૃદયનો કોઈ ભાવ સંપૂર્ણ શુદ્ધ નથી હોતો. તેના પ્રેમમાં પણ મોહનો અંશ ભળેલો હોય છે. બાના પ્રેમમાં એવો મોહનો અંશ હતો તે બતાવનો એક પ્રસંગ મને ખૂબ યાદ રહી ગયો છે. હું વાસમાં રસ્તા ઉપર લાંબા પગ કરીને બેઠો બેઠો કંઈક રમતો હતો, ત્યાં કોઈ બરફગોળાની લારીવાળો આવ્યો. હું રસ્તામાં બેઠો હતો તે તરફ તેનું ધ્યાન ન રહ્યું અને તેની લારીનું આગળનું એક પૈડું મારા પગ ઉપર થઈને ચાલ્યું, મેં ચીસ પાડી. બા કપડાં ધોતી હતી. તેમાં હાથમાં ધોકણું હતું એ લઈને તે દોડતી આવી અને લારીવાળાના શરબતના શીશાઓ ઉપર તૂટી પડી. મને બહુ ગંભીર ઈજા નહોતી થઈ, પણ વીફરેલી બાએ એ કંઈ જોયું નહિ. અને ગુસ્સાના આવેશમાં તેણે લારીવાળાના બધા શીશા તોડી નાખ્યા. પ્રસંગ યાદ આવે છે ત્યારે હું વિચારું છું, માતૃપ્રેમ હંમેશાં આવો આંધળો હોતો હશે? જૂના ધર્મસંસ્કારની દૃષ્ટિ સ્ત્રીના પ્રેમમાં આવી નિર્બળતા જોતી, અને તેથી સ્ત્રીને પુરુષ કરતાં ઊતરતી માનતી. પ્રખ્યાત અંગ્રેજ મહાકવિ મિલ્ટન એમ માનતો અને તેથી તે અર્વાચીન માનસના વાચકોને, સ્ત્રીઓ અને પુરુષો બન્નેને ગમતો નથી. સી. એસ. લુઈસ નામના એક ખ્રિસ્તધર્મી વિવેચક મિલ્ટન ઉપર પુસ્તક લખ્યું. છે તેમાં તે મિલ્ટનના દૃષ્ટિબિંદુનો બચાવ કરતાં પુસ્તકનાં સ્ત્રી-વાચકોને પૂછે છે: બહેન, તમારા બાળકને પડોશીના બાળકે માર્યું હોય તો તમે તેની માતાને ફરિયાદ કરશો કે તેના પિતાને? પ્રશ્નનો અર્થ એ છે કે બાળકોની લડાઈમાં માતા પોતાના બાળકનો દોષ જોઈ શકતી નથી, પિતા જોઈ શકે છે, પણ તેથી માતાનો સ્વભાવ બદલાઈ પિતાના જેવો થાય એમ આપણે ઇચ્છીએ? પ્રશ્ન બહુ મૂંઝવણભર્યો છે. પોતાના બાળકની વિરુદ્ધ ન્યાય કરી શકે એવો માતાનો પ્રેમ કેટલાં બાળકોને ભાવે? મને પોતાને બાનો એવો પ્રેમ ભાવ્યો હોત કે ક્રમ એ વિશે મને પૂરી શંકા છે.

દાદીના પ્રેમમાં બાના પ્રેમના જેવી મીઠાશ નહોતી. પણ હું તેમની સાથેના સંબંધમાં વધુ મોકળાશ અનુભવતો અને કુટુંબનાં સભ્યો સાથે જે થોડો સમય ગાળતો તેમાં તેમનો સારો હિસ્સો રહેતો. બાળકને માતાના ઊભરાતા પ્રેમની જરૂર હોય છે, પણ બધાં બાળકોને સતત એવા પ્રેમના પ્રવાહમાં નાહ્યા કરવાનું કે ભીંજાયા કરવાનું ગમતું નથી, એમ થવું એ એમના સ્વસ્થ વિકાસ માટે હિતકર પણ નથી. તેમનું ઊર્મિતંત્ર માતાપિતાના પ્રેમ કરતાં દાદાદાદીનો પ્રેમ વધુ સ્વસ્થતાથી ઝરવી શકે છે. મારે દાદા નહોતા, પણ દાદી હતાં. તેઓ નિરક્ષર અને સ્વભાવે અણઘડ હતાં. અને તેમણે સંસારસુખ અલ્પ જોયેલું. દાદાને પહેલી પત્નીથી પુત્ર નહોતો એટલે તેઓ મોટી ઉંમરે દાદીને પરણી લાવેલા. કહેવાતું કે તેમણે, જેમાં મારો જન્મ થયો હતો અને મારા બાળપણનાં પહેલાં પહેલાં પાંચ વર્ષ અમે ગાળ્યાં હતાં તે ઘર બંધાવવાનું શરૂ કર્યું ત્યારે તેના પાયામાં એક ચકલીએ માળો બાંધ્યો હતો. એ જોઈને પડોશીઓએ તેમને કહેલું, ગોપાલદાસ, તમારા ઘેર હવે ઘોડિયું બંધાશે. તે પછી થોડા સમયે દાદા કોઠનીના જનમાં બારેજડી પાસે લાલી ગામે ગયા હશે ત્યાંથી દાદીને પરણી લાવેલા. લગ્ન પછી એકાદ વર્ષે પિતાનો જન્મ થયો અને તે પછી એક વર્ષે દાદા ક્ષયથી મૃત્યુ પામ્યા. બાળકપુત્રને ઉછેરીને મોટો કરે એવી દાદીમાં બહુ સમજ નહોતી, પણ દાદાનાં પહેલાં પત્ની વ્યવહારકુશળ અને સમજુ હતાં. એ જૂનાં માણે ઘરનો ભાર ઉપાડી લીધો અને પિતાને મોટા કરી ભણાવ્યા. (એ વાત પિતા ઉપરના હપ્તામાં આવશે.) મારા જન્મ પહેલાં એ વડીલ દાદી મૃત્યુ પામ્યાં હતાં, એટલે મેં મારાં સગાં દાદીને જ જોયેલાં. એમનામાં બુદ્ધિ ઓછી હશે, પણ મને તેમની સાથે ગમતું. સ્વભાવ કજિયાળો હતો પણ કડવો નહોતો. બાને પજવતાં પણ મારી સાથે સરળતાથી વર્તતાં. એટલે કોઈ જાતના સંકોચ વિના હું એમની સાથે હળી જતો. શિયાળામાં તેઓ રાત્રે કાલાં ફોલવા બેસે ત્યારે બહેનો અને હું પણ તેમની સાથે ફોલવા બેસતાં અને હું તેમની પાસે વાતો કહેવડાવતો. એ વાતો કહેતાં એમાંની કોઈ મને યાદ નથી. પણ મને એવું ઝાંખું સ્મરણ છે કે તેમને બે જણ વાતો જ આવડતી અને તે વારાફરતી તેઓ કહ્યાં કરતાં. ઉનાળામાં ગામમાં રામલીલાવાળા આવે ત્યારે હું રાત્રે ઉજાગરો કરીને ખેલ જોવા જતો, અને બારેક વાગ્યે આવી, દાદી ઓસરીમાં કાથીની ઢોલડીમાં ઊંઘી ગયાં હોય તેમની સાથે સૂઈ જતો (દાદીના મૃત્યુ પછી એક દિવસ એમ એકલો ઊંઘી ગયો હતો, અને સવારે ઉઠીને જોયું તો મારી સોડમાં કુતરું લપાઈ ગયું હતું.) ચોમાસું આવે ત્યારે શ્રાવણ માસમાં દાદી સાથે ચાલીને શાહીબાગમાં સરકીટ હાઉસની સામે ભીમનાથના ઓવારે નાહવા જતો. આજે જ્યાં સિવિલ હોસ્પિટલ છે એ પડતર ખેતરોની જમીન હતી તેને ઓળંગી, અંબાલાલ સારાભાઈના થોડાં વર્ષ ઉપર બંધાવેલા રિટ્રીટ બંગલા આગળ નીકળતાં અને આગળ જતાં. ભીમનાથના ઓવારે નદીના ડહોળા પાણીમાં નાહવાનું, નાહીને મંદિરોમાં દર્શન કરવાનાં અને મંદિરોની બહાર બેઠેલા ગોરમહારાજોમાંથી કોઈની પાસે કપાળે ચાંલ્લો કરાવવાનો, એ બધાંના ઉત્સાહથી થાકયા વિના દાદી સાથે ચાલીને પાછો ઘેર આવતો. લગભગ આખો માસ આમ ચાલતું. દાદી કયારેક લાલી પિયર જતાં ત્યારે હું પણ તેમની સાથે જતો, અને જો કે ત્યાં કેળિયા વાસણા જેવું વાતાવરણ નહોતું તોય થોડા દિવસ ત્યાં રહેવાનું ગમતું.

આ બધાંના બદલામાં મેં જેમ બાના પ્રેમના બદલામાં તેને કંઈ નહોતું આપ્યું તેમ દાદીને પણ કંઈ ન આપ્યું. ઊલટું, એક પ્રસંગે એમને ખૂબ વાગ્યા હશે એવા શબ્દો બોલ્યો હતો. એક દિવસ રાત્રે હું દૂધની સાથે રોટલો ખાતો હતો. (એ મારો બાળપણનો પ્રિય ખોરાક હતો. બા સવારે રોટલી-દાળ-શાક બનાવતી. ભાત રાંધતી પણ હું તે બહુ ખાતો નહિ અને બપોરે દાદી રોટલા બનાવતાં તેમાંથી રાત્રે દૂધ સાથે ખાતો. બાનાં ગરમ રોટલી-દાળ શાક કરતાં દાદીનો ઠંડો રોટલો દૂધ સાથે મને વધુ ભાવતો. તેનો સ્વાદ મને એટલો યાદ રહી ગયો છે કે મારા શરીરની સ્થિતિમાં કંઈક ચમત્કાર થાય અને હું નિયમિત ઇચ્છા પ્રમાણે ખાઈ શકું તો દરરોજ એક વાર દૂધ-રોટલો ખાવાનું પસંદ કરું (ચાલીસ વર્ષ ઉપર ૧૯૪૪ના ડિસેમ્બર

માસમાં કમળો થયો હતો તે પછી સળંગ ત્રણચાર માસ સુધી મેં રોટલો-દહીં ખાધાં હતાં. પછી દહીં અનુકૂળ ન આવ્યું એટલે તે છોડી દીધું, અને તેની સાથે રોટલો ય છૂટી ગયો. આજે હવે લાગે છે કે એ મારી ભૂલ હતી.) એ દિવસે રાત્રે દૂધ-રોટલો ખાતો હતો ત્યારે દાદી માંદાં હતાં ને લગભગ પથારીવશ હતાં પથારીમાં બેઠાં બેઠાં તેમણે મને વહાલ કરવાના ઉદ્દેશથી કહ્યું, બબુ તારા વાડકા-માંથી મને થોડો રોટલો આપને (હું નાનો હતો ત્યારે પિતા સિવાય બધાં મને બબૂ કહી બોલાવતાં. દશ વર્ષની ઉંમરે પિતાની બેડા બદલીથી થઇ ત્યારે હું પૂરો 'ચીમન' બન્યો.) મેં દાદીને રોટલો આપવાની ના કહી. દાદી કહે, કે હું હવે મરવા પડી છું, મને એટલું નહિ આપે? ઉત્તરમાં કોણ જાણે મારા સ્વભાવના કયા ખૂણામાં વાનર ભરાઇ બેઠો હશે તેણે મારી જીભને પ્રેરી, કાલે મરતાં હો તો આજે મરો, નહિ આપું. પિતા ને અપરમા સાંભળી રહ્યાં અને ઠપકા રૂપે ફિક્કું હસ્યાં. દાદીએ કહ્યું, અરરે બાબૂ. મને આમ કહે છે? એ પછી એકાદ મહિને, ભાદરવા માસના કૃષ્ણ પક્ષમાં, દાદી મૃત્યુ પામ્યાં. એમની મૃત્યુક્ષણે (સવારે પાંચ વાગ્યે) હું જાગી ગયો હતો અને બીજાઓની સાથે એમની પથારી પાસે બેઠો હતો. છેલ્લી હેડકી આવી તે સાથે હું ચીસ પાડી રડી પડ્યો. કોણ કહી શકે કે એ ચીસ ભયની કે દુઃખની હતી? હું માનું છું કે દુઃખની હતી. મારી જીભ ઉપર શબ્દો ગમે તે આવ્યા હશે, મારું હૃદય એ અબુધ દાદી સાથે સૂક્ષ્મ પ્રેમતંતુથી બંધાયું હતું. મનમાં થાય છે, આપણી નાની ઉંમરે મૃત્યુ પામેલાં સ્વજનોને મોટી ઉંમરે માત્ર એક વાર મળી શકાતું હોય અને તેમની સાથેના વર્તનમાં કરેલી કે થઇ ગયેલી ભૂલોની ક્ષમા માગી શકાતી હોય તો કેવું સારું?

બાળપણમાં ત્રીજો પ્રેમ મને બહેનનો મળ્યો. તેની સાથેના વર્તનમાં પણ હું લાગણીહીન હતો, પણ પાછળથી મેં તેનો પૂરો બદલો વાળ્યો. હવે પછીના હપ્તામાં હું તેની વાત લખીશ.

વિશ્વના જ્યોતિર્ધર ભગવાન બુદ્ધ

સંકલન : કે. પી. શાહ

સંત કબીરે એક જગ્યાએ કહ્યું છે: 'જ્ઞાની ભૂલે જ્ઞાન કથિ, નિકટ રહ્યો નિજ રૂપ; બાહ્ય ખોજે બાપુ રે, ભીતર વસ્તુ અનુપ.'

જ્ઞાની બિચારો જ્ઞાનની વાતોમાં જ ભૂલો પડ્યો અને પોતાનું સાચું સ્વરૂપ જે પોતાની પાસે હતું તે ઓળખી ન શક્યો અને સત્યની શોધ માટે બહાર જ દૂર દૂર ભટકતો રહ્યો. ભગવાન બુદ્ધનું જીવન અને કવન પણ એ વાત તરફ આંગળી નિર્દેશ કરી જાય છે કે માનવી જેની શોધમાં બહાર ભટકે છે તે તો પોતાની અંદર જ છે પરંતુ મોહદશામાં આ પામર માનવી તે પ્રકાશને પામી શકતો નથી.

કપિલવસ્તુના આ રાજકુમાર દોમદોમ સાહ્યબીમાં ઉછર્યો હતો. પાણી માગે ત્યાં દૂધ હાજર. સેંકડો નોકરચાકર તેમનો પડ્યો બોલ ઝીલવા તૈયાર, જ્યોતિષિના કથનથી ભગવાન ગૌતમ બુદ્ધના પિતાએ તેને સંસારની માયા વડે જકડી રાખ્યો હતો. જગતમાં શું ચાલી રહ્યું છે તેનું જરાપણ ભાન આ રાજ-કુમારને નહોતું. એકદા અચાનક પોતાના નગરની બહાર મારવા નીકળેલા રાજકુમારે એક મૃતદેહને જોયો. લોકો તેને બાંધીને સ્મશાને લઇ જતાં હતા. પોતાના માણસોને પૂછતાં માલૂમ પડ્યું કે તે માણસ મરી ગયો હતો. જેને અગ્નિદાહ આપવા તેનાં સ્વજનો જઈ રહ્યાં હતાં. બસ આ વાત પરથી ગૌતમ બુદ્ધના જીવનમાં પ્રકાશ થયો, તેમને સંસારની મોહમાયાનું મિથ્યાત્વ સમજાયું અને તે ક્ષણે તેઓ સંસારી મટીને સંન્યાસી બન્યા. ઘણાં વર્ષ સુધી આ ભૂમિ પર પરિભ્રમણ કર્યું. જ્ઞાનમાં વૃદ્ધ બન્યા અને છેવટે સ્વયં બુદ્ધ બન્યા.

ગૌતમ બુદ્ધે મનુષ્યના દુઃખના નિવારણનો માર્ગ બતાવ્યો છે. ગૌતમ બુદ્ધ દાર્શનિક ન હતા. તેમને પરલોકની વાતો કે તેની ચર્ચામાં રસ નહોતો. તેઓ તો માત્ર મનુષ્યના મનોવૈજ્ઞાનિક રીતના ધડતર દ્વારા તેના કલ્યાણની ચાહના રાખતા હતા. ભગવાન બુદ્ધે પોતે જે માનતા તેને તર્ક અને દલીલબાજીની જાળથી સિદ્ધ કરવા કદાપી પ્રયત્ન કર્યો નથી. એમણે તો માત્ર મનુષ્યના આત્મરોગનું નિદાન અને તેના ઉપચારમાં જ રસ લીધો હતો.

ભગવાન બુદ્ધે ઈશ્વર છે કે નહિ, સંસારના સર્જક કોઇ કોઇ છે કે નહિ મરણ પછી આત્મા ગતિ કરે છે કે નહિ, પરમાત્મા નિર્ગુણ છે કે સગુણ વગેરે પ્રકારની વાતોને વ્યર્થ ગણી છે. આવી વાતોને તેમણે મનુષ્યની ચાલાકી કહી છે. જીવનના પરમ સત્યને પામવા માટે તેમણે આ બધી મિથ્યા વાતોથી દૂર રહેવા જણાવ્યું છે. ઉદાહરણ આપતાં તેમણે જણાવ્યું છે કે નાસ્તિક ઈશ્વરને માનતો નથી છતાં આસ્તિકની જેમ જ સુખેથી જીવન વ્યતીત કરે જ છે. કહેવાનું તાત્પર્ય એટલું જ કે જ્યાં સુધી તમે તમારી જાતને ન બદલો ત્યાં સુધી પરમાત્મા કે પરલોકની ચર્ચા વ્યર્થ છે. એ માટે તો મનુષ્યનું આંતરિક પરિવર્તન થવું જરૂરી છે.

એક વ્યકિત જંગલમાંથી પસાર થઇ રહી છે. ઓચિંતું એક તીર આવીને તેની છાતીમાં પેસી જાય છે. તે વ્યકિત વેદનાથી ઘૂમ પાડી ઊઠે છે. આસપાસના લોકો ત્યાં એકત્ર થઇ જાય છે. કોઇ ભલી વ્યકિત તેની છાતીમાંથી તીર કાઢવા જાય છે. ત્યાં તેને અટકાવીને એ વ્યકિત કહે છે, ઊભા રહો. પ્રથમ તો આ તીર મને કોણે માર્યું, શા માટે માર્યું. આ તીર અકસ્માતથી મને વાગ્યું કે કોઇએ વૈરભાવથી મારી પર છોડ્યું, તીર ઝેર પાયેલું છે કે કેમ વગેરે બાબતોની જલદી તપાસ કરો.

ઉપરોકત ઉદાહરણ ટાંકતાં બુદ્ધ કહે છે કે આ વ્યકિત કોઇ દાર્શનિક હોવી જોઇએ, પરંતુ ત્યાં ભેગી થયેલી વ્યકિતઓ કહે છે કે ભાઇ, આ બધા પ્રશ્નો તું પંડી પૂછજે. પ્રથમ તો આ તીર તારી છાતીમાંથી કાઢી લેવા દે. જો તું પોતે જ મૃત્યુ પામીશ તો આ બધા પ્રશ્નોના જવાબ અમે કોને માટે શોધવા જઇશું? આ દૃષ્ટાંતનું સમાપન કરતાં બુદ્ધ કહે છે કે જીવનનું તીર તો આપણી છાતીમાં વાગેલું જ છે પ્રત્યેક ક્ષણે મનુષ્ય મૃત્યુની નજીક જઇ રહ્યો છે ત્યારે આપણું જીવનભાથું ન ખૂટી જાય તે જ આપણે જોવું રહ્યું.

આજે આપણને બુદ્ધની વાતો કપિલ મુનિ અથવા કણાદ જેવા તત્ત્વજ્ઞાનીઓ જેવી ગંભીર ભલે ન લાગે પરંતુ તેમની પાસે પાયાની છે. કેન્ટ હેગલ, એરિસ્ટોટલ આ બધા

વિશ્વના તત્ત્વજ્ઞો ઘણી મોટી વાતો કરી ગયા છે. પરંતુ જીવનની યથાર્થ વાત તો બુદ્ધે જ કરી છે. એમની વાત સત્યની પ્રતીતિ કરાવનારી અને વાસ્તવવાદી છે. આપણે માત્ર ઊંડાણની વાતો કરી ખોવાઇ જવું તે કરતાં તો બુદ્ધની વાસ્તવવાદી વાતો વધુ રસપ્રદ, રુચિકર અને કલ્યાણકારી છે માટે જ બુદ્ધને મનુષ્યજાતિના 'કલ્યાણ મિત્ર' કહ્યા છે. બુદ્ધ પૃથ્વી પર પ્રથમ એવા પુરુષ છે કે જેમણે પરમાત્માને સંડોવ્યા વિના ધ્યાનની ઉપકારક બાબતો બતાવી છે. એમણે કહ્યું છે કે ધ્યાન એ તો મનુષ્યનું સ્વાસ્થ્ય છે. બુદ્ધ ધર્મગુરુ નથી પણ માણસજાતિના ડોક્ટર છે. તેમનું કહેવું છે કે માનવીનું તન, મન તંદુરસ્ત હશે તો તે તેની સાધનામાં અવશ્ય આગળ વધી શકશે. આ માટે તેમણે તત્ત્વ કરતાં તથ્ય પર વધારે ભાર મૂક્યો છે.

બુદ્ધ મનુષ્યની તકલીફનું મૂળ શોધીને તેના નિરાકરણ માટે ચાર સત્યો કહે છે.

(૧) માણસ દુઃખી છે.

(૨) માણસના દુઃખનું કારણ છે.

(૩) દુઃખનું કારણ મટાડી શકાય તેવું હોય છે.

(૪) પછી જીવનમાં દુઃખ રહેતું જ નથી.

બુદ્ધના મતે ઇન્દ્રિય સુખોના રસમાં જેમને આનંદ દેખાય છે તે ક્ષણિક આનંદ છે. આત્મામાંથી પરમાત્મા બનવા માટે તો દૈહિક સુખનો ત્યાગ જ જરૂરી છે. તો જ અદ્વૈત સાધી શકાય. સમગ્ર યોગશાસ્ત્ર આ મુદ્દા પર જ ઊભું છે. બુદ્ધના મતે વિષયસુખ સાધકને માટે બાધક છે.

જીવનયાત્રામાં રસ અને આનંદ સ્વયંમાંથી પ્રગટ થાય છે. માનવી પોતે જ સુખ અને દુઃખનું કારણ છે.

માર શબ્દ બુદ્ધનો છે. કામવાસનાના દેવતા માટે તેમણે માર શબ્દ પસંદ કર્યો છે ચિત્તની દશા કાં તો માર્ગથી પ્રભાવિત અગર રામથી આંદોલિત.

ભીતર વરફ ચાલો તો રામ તરફ
બહાર ચાલો તો માર તરફ

આંધી દુર્બલ વૃક્ષને જેમ ઉખેડીને ફેંકી દે છે તેમ માર વિષય રસમાં જ ડુબેલા ભોજનમાં અતિશય રાચેલા અને પ્રમાદી મનુષ્યને માર ઉખેડીને ફેંકી દે છે.

આંધી પર્વતને ડગાવી શકતી નથી તેમ જ ભોજનમાં સંયમી, વિષય રસમાં પણ સંયમી અને ઉદ્યમી પુરુષને ડગાવી શકતી નથી.

પાપ તમને કદી પકડી શકતું નથી, પાપને તમે પકડો છો. ઇન્દ્રિયોનો ઉપયોગ સંયમભાવે થઈ જશે તો સમ્યક દૃષ્ટિ અને સમ્યક દર્શન એની મેળે સ્વરૂપ પામતા જશે.

બુદ્ધના મતે વાસના એક પ્રકારની વિક્ષિપ્તતા છે. સંયમ, સંતોષ એ જ ઉન્નતિનાં દ્વારો છે.

કૃશા ગૌતમીના અત્યંત આગ્રહથી બુદ્ધે સ્ત્રીઓને પણ દીક્ષા આપવાનો નિર્ણય કર્યો પછી ઘણા નિયમો કર્યા.

જે સારને અસાર સમજે છે એવા મિથ્યાં સંકલ્પવાળાને સાર મળશે નહિ. બુદ્ધિ વિપરીત થઇ જાય પછી સારને પ્રાપ્ત કરવાનું ઘણું જ મુશ્કેલ છે

ધન નહિ મળે ત્યાં સુધી એમ લાગ્યા જ કરે છે, ધન એ જ સાર છે.

પણ ધનની પ્રાપ્તિ પછી ખ્યાલ આવી જાય છે કે આ ધન પણ અસાર છે. આ અનુભવ જીવનમાં તદ્દન આવશ્યક છે.

જે આપણું પોતાનું થતું નથી, આપણી અંદર (ભીતર) આકાર લેતું નથી તે બધું વ્યર્થ બની જાય છે.

તમે કેટલા વટેલા જાગી જાઓ છો એ જ તમારી બુદ્ધિ પ્રતિભાનું માપ છે.

દુનિયાને તમે ભરમાવી શકશો પણ તેમ કરવા જતાં તમારી જાતને ખોઈ બેસશો. સાચો આનંદ ખોઇ બેસશો.

મહાવીરે સમ્યક જ્ઞાન કહ્યું
શંકરાચાર્યે વિવેક કહ્યો.

ધ્યાન ભાવથી રહિત ચિત્તમાં રાગ ધૂસી જ જશે. રાગ એમ છોડવો સહેલો નથી. ધ્યાન દ્વારા સમ્યક જ્ઞાન જાગે તો જ રાગ છૂટે.

વરસાદ આવ્યા પહેલા છાપરું બરાબર ચળાવ્યું હશે તો વરસાદ ધૂસશે નહિ પરંતુ છાપરું ચળાવ્યું નહિ તો વરસાદ ધૂસી જ જવાનો છે.

રાગને ધ્યાન દ્વારા જ છોડી શકાશે.
ક્રોધ એમને એમ નહિ જાય.
કામ એમને એમ નહિ જાય.
ધ્યાન દ્વારા પાકી ફિલ્લેબંધી થાય તો જ
આત્મા વિકાસને પંથે આગળ વધી શકે
છાપરું બરાબર ચળાવી લો.
ધ્યાનમાં બરાબર પ્રવેશ કરો.

અંધારું ઉલેચવામાં સમય, શક્તિ ન ગુમાવો. પ્રચંડ પુરુષાર્થ અને જીવનની સાત્ત્વિકતા સંસારને ઉજાળશે. સંસારમાં રહીને પણ સાધુ ચરિત જીવન જીવવાનો બુદ્ધનો આ ઉપદેશ છે.

° ° °

સંઘ સમાચાર

ગાંફમાં નેત્રયજ્ઞ

ધંધૂકા તાલુકાના ગાંફ ગામે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ અને વિશ્વ વત્સલ ઔષધાલય, ગુંદીના સંયુક્ત ઉપક્રમે તા. ૩૦-૧૧-૮૫ અને તા. ૧-૧૨-૮૫ના રોજ એક નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોતીયાદિનાં ૧૦૮ ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યાં હતાં. નેત્રયજ્ઞમાં સહયોગ ટ્રસ્ટનો પણ સાથ મળ્યો હતો. આ નેત્રયજ્ઞનું ઉદ્‌ઘાટન ડો. રમણલાલ ચી. શાહે કર્યું હતું. પ્રમુખસ્થાને જૈન સોશ્યલ ગ્રુપના મહારાષ્ટ્રના રીજીઓનલ કમિટિના ચેરમેન શ્રી રસિકલાલ લહેરચંદ શાહ બિરાજ્યા હતા. આ પ્રસંગે સહયોગ ટ્રસ્ટના ચેરમેન અને ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ શિક્ષણપ્રધાન શ્રી નવલભાઇ શાહ, સર્વોદય આશ્રમ, ગુંદીના મંત્રી અને 'વિશ્વવાત્સલ્ય'ના તંત્રી શ્રી અંબુભાઈ શાહ, વિશ્વ વાત્સલ્ય ઔષધાલયના મંત્રી શ્રી કાશીબેન મહેતા, ડો. રમણભાઇ શાહ, શ્રી રસિકલાલ એલ. શાહ અને શ્રી પન્નાલાલ ૨. શાહે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

વાર્ષિક સ્નેહમિલન

(આર્થિક સહયોગ શ્રીમતી વિદ્યાબેન મહાસુખભાઇ ખંભાતવાળા)

'સંઘના સર્વ સભ્યોનું વાર્ષિક સ્નેહમિલન રવિવાર, તા. ૨૭ માર્ચના રોજ સવારે ૯/૦૦ વાગે તેજપાલ ઓડિટોરિયમમાં રાખવામાં આવ્યું છે. 'મહાવીર વંદના'ના ભક્તિ સંગીતના કાર્યક્રમનું તથા બુફે લંચનું આયોજન કરવામાં આવ્યું છે. તેના પાસ માટે સર્વ સભ્યોને ફ્રેશુઆરી' ૮૬માં ક.ડ'થી જાણ કરવામાં આવશે તથા 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં પણ તેની જાહેરાત કરવામાં આવશે.

— મંત્રીઓ

રમકડાંની લાઇબ્રેરી

● ડૉ. અમૂલ શાહ

આજકાલ રમકડાંની લાઇબ્રેરી વિષે સમાચાર પત્રમાં લેખો આવે છે. તો આ નવી પ્રવૃત્તિ શું છે તેનો ઊડતો પરિચય આ લેખ દ્વારા આપવાનો પ્રયાસ છે.

બાળકોના જીવનમાં રમકડાં અને રમતોનું ઘણું મોટું સ્થાન છે અને તેના વિકાસ માટે ખૂબ જરૂરી છે માબાપોને રમકડાંની શક્તિનો ખ્યાલ હોતો નથી અને જ્યારે બાળક રમકડાંથી રમ્યા કરતું હોય છે ત્યારે માબાપને એમ લાગે છે કે તે સમયનો દુર્વ્યય કરે છે. આનું એક કારણ એ પણ છે કે આજના જીવનમાં હરિફાઇ ખૂબ વધી ગઇ છે. બાળકના સ્કૂલના પ્રવેશથી માંડીને તે જીવનમાં સ્થિર થાય ત્યાં સુધી માબાપને સતત તાણભર્યું જીવન જીવવું પડે છે. અને અભ્યાસ દરમ્યાન ભણતરનો બોજો એટલો બધો હોય છે કે ન તો બાળક મોકળાશથી રમી શકતું હોય છે કે ન તો માબાપ સ્વસ્થતાથી રમવા દઇ શકતા. ખરી રીતે જોઇએ તો બાળકને રમવાનો સમય રહે તે બાળકના સર્વાંગી વિકાસ માટે ખૂબ જરૂરી છે. રમકડાંથી તેને ગમ્મત સાથે જ્ઞાન મળે છે. જેટલી બાળકને પુસ્તકોની જરૂર છે તેટલીજ રમકડાંની જરૂર છે. રમતા રમતા કોઇ કોયડા ઉકેલવાના હોય કે તર્કશક્તિનો ઉપયોગ કરવાનો હોય કે હાથના ઉપયોગથી કંઇ ગોઠવવાનું હોય. આવી બધી પ્રવૃત્તિથી બીજી બધી ઇન્દ્રિયો કેળવાય છે.

રમકડાંની અભ્યાસના એક અંગ રૂપે જરૂર સૌથી પહેલા મંદબુદ્ધિ અને બોડબ્રેઇનવાળાં બાળકોની કેળવણીમાં દેખાઇ. આ બાળકો રમતા રમતા તેના રનાયુઓ વિકસાવી શકે અને કંટાળ્યા વિના જ્ઞાન મેળવી શકે. તેથી રમકડાંનો ઉપયોગ થયો. આવાં બાળકો માટે ઠેઠ ૧૯૬૭માં લાયબ્રેરી થઇ અને પરિણામ એટલું સારું આવ્યું કે હવે તો તદ્દન સારાં બાળકો માટે ચાલતી દરેક નર્સરી સ્કૂલમાં રમકડાં હોય છે જ. આજથી ૨૫ વર્ષ પહેલાં નિશાળે છોકરું જાય ત્યારે પાટી પેન હોય અને નિશાળમાં રમકડાં હોય તે કોઇ કલ્પી પણ શકતું ન હતું.

આ પ્રવૃત્તિને સારો આવકાર મળ્યો એટલે જે પછાત (Socially Deprived) બાળકો છે તેમને માટે આવી લાઇબ્રેરી ચાલુ થઇ અને હવે બધા સ્તરોના બાળકો માટે આવી લાઇબ્રેરીની ઉપયોગિતા પશ્ચિમના દેશોમાં સાબિત થઇ છે. વિશ્વના ઘણા દેશોમાં જેવા કે અમરિકા, બ્રિટન, ફ્રાન્સ, કેનેડા, જર્મની, પોર્ટુગાલ, મલેશિયા વગેરેમાં આવી લાઇબ્રેરીઓ છે. બ્રિટનમાં ૮૦૦ રમકડાં લાઇબ્રેરી છે અને ચાલતી ફરતી (Mobile) રમકડાં લાઇબ્રેરીઓ પણ છે. રમકડાં લાઇબ્રેરીની પહેલી ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ૧૯૭૮માં મળી હતી.

આપણને લાયબ્રેરી એટલે લોકોના વાંચનની સુવિધા માટે એકઠાં કરાયેલાં પુસ્તકોનો સંગ્રહ એવો ખ્યાલ છે. પણ ધીરે ધીરે પુસ્તકો સિવાયની પણ વસ્તુઓ આવી રીતે લોકોના વપરાશ માટે રાખવી જોઇએ. તેમ લાગ્યું. આથી વિદેશમાં બાળકોની લાઇબ્રેરીમાં પુસ્તકો સાથે રમકડાં રેકોર્ડસ, કેસેટસ, ફિલ્મ સ્ટ્રીપ્સ, વગેરે રાખવામાં આવે અને કોઇ કોઇ જગાએ તો નાના નાના પ્રાણીઓ પણ હોય જેવાં કે પોપટ, વાંદરા, સસલાં, માછલી, હરણ વગેરે, જે બાળકો જોઇ શકે અથવા પંપાળી શકે. લાયબ્રેરી બે જાતની હોય છે એકમાં બાળકો ત્યાં આવીને રમી શકે છે બીજામાં ત્યાં આવી રમે તે ઉપરાંત રમકડાં ઘરે પણ આપવામાં આવે છે.

ઘણાં માબાપોને બાળકની વય પ્રમાણે રમકડાં લેવાની આવડત નથી તેથી તેઓ મોંઘા ભાવના રમકડાં લાવે પણ બાળક રમી શકતું નથી. વળી બાળકને નવા નવા રમકડાં જોઇએ તે કોઈ મા-બાપ લાવી શકે નહીં.

જુદી જુદી વયના બાળકને જુદી જુદી જાતનાં રમકડાં જોઇએ જેમ કે.

૧ ૧/૨ થી બે વર્ષ સુધીનાં બાળકોને સુંદર ચમકતા રંગોવાળાં ને લોકો અફાળી શકે તેવા મજબૂત લાકડાના ઘંટડીવાળા વગેરે રમકડાં, ૨ થી ૩ વર્ષના માટે ઝુલતો ઘોડો, નાની સાયકલો જોઇએ. ધક્કા મારીને ચલાવાય તેવા. તેથી મોટા બાળકો માટે છોકરાઓને મોટર એરોપ્લેન, ટ્રેઇન, ટ્રક, બંદૂક ખૂબ ગમે. છોકરીઓને ઢીંગલી, ઘરઘર વ. ગમે આ સિવાય રંગોવાળા રમકડાં, સાઇકલ, સ્કૂટર જેનાથી ઘસમસતા દોડી જવાય તે ખૂબ ગમે. બીજું ૫-૬ ઉંમરે તેઓ માબાપની પ્રવૃત્તિની નકલ કરવા ખૂબ ઉત્સુક હોય છે. ઘર ઘર રમવું, વાસીદું વાળવું, પપ્પાના બૂટ પહેરી ઓફિસ જવું વગેરે.

આથી મોટાં બાળકોને જરા મુશ્કેલ બુદ્ધિની અને અટપટી રમતો જેવી કે કોયડાવાળી, હરીફાઇની જેવીકે કેરમ, શતરંજ વ્યાપાર, વિગેરે.

રમકડાં ઘર ચલાવવું લાયબ્રેરી જેટલું સહેલું નથી. રમકડાં લેવા અને આપવામાં ઘણી વાર લાગે છે. રમકડાંની તૂટફૂટ પણ હોય છે. માબાપ ઘણીવાર ન્યું રમકડું લેવું તે નક્કી કરી શકતા નથી અને સંચાલકો પાસે સલાહ માંગે છે તેથી સંચાલકોને રમતનું જ્ઞાન હોવું આવશ્યક છે.

રમકડાં લાયબ્રેરીમાં સામાન્ય રીતે દર બાળક દીઠ ૩ થી ૪ રમકડાં હોવા જોઇએ.

જે સ્થળ ઉપર જ રમવા આવતા હોય તો રમકડાંનો ઉપયોગ ઘણા વધારે બાળકો કરી શકે અને થોડા ખર્ચમાં લાઇબ્રેરી ચાલુ કરી શકાય. જો ઘરે લઇ જવા આપતાં હોય તો રમકડું લઇ જવા થેલીની વ્યવસ્થા જોઇએ. આ સિવાય રમકડાં ગોઠવવા અભરાઇ, કબાટ વગેરે જોઇએ. સ્ટેશનરી જોઇએ દર વર્ષ નવા રમકડાં અને તૂટેલા સમરાવી શકાય તો અથવા તે નવા લાવવા જોઇએ. આ સિવાય સ્વયં સેવકો, સ્ટાફનો પગાર, સભ્યની ફી વિગેરે સર્વ વિચારવાનું હોય છે.

મુંબઇમાં આવી લાઇબ્રેરી ચાલુ કરનાર હતા ભાઇ વિરેન્દ્ર અઢીયા જે પછી કેનેડા ગયા. એ પ્રવૃત્તિને આજ સુધી જીવંત રાખનાર ભાઇ છે શ્રી મણિભાઇ શાહ અને પછી તેમાં જોડાયા ભાઇ દેવેન્દ્ર દેસાઈ. બીજા ભાઇ જે આ પ્રવૃત્તિમાં રસ લે છે તે ડૉ. અજય કોઠારી અને કોઠારી હવે તો મુંબઇમાં ૭ સાત લાઇબ્રેરીઓ ચાલે છે અને ત્રણ લાઇબ્રેરી ગુજરાતમાં પણ થઈ છે. અમારી બે લાયબ્રેરી હરકિશનદાસ હોસ્પિટલની સામે એક સોસ્યલ સર્વીસ લીગના ઉપક્રમે અને બીજી જૈન યુવક સંઘના ઉપક્રમે પ્રાર્થના સમાજ પર ચાલે છે.

બાળકના વિકાસમાં અગત્યની કડી પૂરી પાડવા ઉપરાંત લાયબ્રેરીમાં બીજી પ્રવૃત્તિઓ જેવી કે.

૧) રમતાં બાળકોને કાગળકામ, કૂલો, રમકડાં, પપેટ્સ જોરે શીખવવાનું,

૨) બાળકોને સાથે રમી શકાય તેવી રમતો રમાડવાની

૩) સંગીત, નાટક વગેરે કરાવવાનું.

૪) હરીફાઇ ગોઠવવાની

૫) બાળ-ફિલ્મો બનાવવાની

૬) વાર્તા કહેવાની પ્રવૃત્તિ. આ પ્રવૃત્તિ ઘણી જ સારી છે. અહેલાં દાદીમા વાર્તા કહેતાં અને બાળકો રસમાં તરબોળ થઇ એક ચિત્તે સાંભળતા. સારા વાર્તાકારને બોલાવી વાર્તા સંભળાવવામાં આવે તો બાળકોને ઘણી મજા આવે.

૭) આ સિવાય પ્રદર્શન વગેરે ગોઠવી શકાય.

આમ બાળકોને શાળા, અને ઘર સાથે લાઇબ્રેરી પણ એક જગત્યનું વિકાસ માટેનું સાધન થઇ શકે, જે બાળકના મનને પ્રફુલ્લ અને સંવેદનશીલ બનાવે, મળતાવડાપણું કેળવે અને જ્ઞાનની નવી નવી કેડીઓ બનાવી શકે.

પરદેશમાં રમકડાં લાઇબ્રેરીનું એક એસોસીયેશન પણ છે, જેની પ્રવૃત્તિ નીચે પ્રમાણે છે.

૧) નવી રમકડા લાઇબ્રેરી માટે જરૂરી માર્ગદર્શન

૨) રમકડાં-ઘર ચલાવવાનો ટ્રેઇનીંગ કોર્સ

૩) તેમની મુશ્કેલીઓ માટે સલાહ-સૂચન

૪) વર્ષમાં ત્રણ કે ચાર છાપેલાં પરિપત્રો, જેમાં

આ વિષય પરના વિવિધ પ્રશ્નો પર લખાણો, જેવાં કે રમકડાં કેમ પસંદ કરવા, નવાં સારાં રમકડા અને તેની કિંમત, સમારકામ માટેની માહિતી વગેરે.

૫) રમકડા બનાવનાર પાસેથી કન્સેશન

૬) આ વિષય પર કોન્ફરન્સ અને મીટીંગો ગોઠવવી

આ પ્રવૃત્તિ હજુ આપણે ત્યાં નવી છે. આ માટે ઉત્સાહી જવાબદાર અને સંનિષ્ઠ કાર્યકરોની ઘણી જરૂર છે. સમાજમાંથી જ્ઞાતાઓએ પણ આ પ્રવૃત્તિ માટે દાનપ્રવાહ વહાવવાની ઘણી જરૂર છે આપણે માનીએ છીએ કે દેશનું ખરું ધન બાળકો છે તો તેના સર્વાંગી વિકાસ માટે ઉપરની બધી પ્રવૃત્તિ આવરી લે તેવાં બાળઘરોની ઘણી જરૂર છે.

આ ઉપરાંત રમતો અને રમકડાની જરૂર સમાજના બીજા બાળકોને છે. અને તે વૃદ્ધો. આવી રમતથી તેઓનો સમય જાય, તેમના હાથપગ વપરાય, તેઓને કંપની મળે, વૃદ્ધો માટે મોટા અક્ષરે લખાયેલ ચોપડી હોય તો તેઓ વાંચી પણ શકે અને આવી રમકડા લાઇબ્રેરીમાં સ્વયંસેવક વૃદ્ધો હોય તો તેમને રસ પડે એવી પ્રવૃત્તિમાં સમય જાય.

સંઘ સમાચાર

ક્રાંતિવીરોનું ચિત્ર-પ્રદર્શન

'સંઘ' અને ન્યુ એરા હાઇસ્કૂલના ઉપક્રમે તા. ૨૦, ૨૧ અને ૨૨, ડિસેમ્બર, ૧૯૮૫ના ન્યુ એરા હાઇસ્કૂલમાં, મુંબઇ કોંગ્રેસ (આઇ)ના સહયોગથી તા. ૨૬, ૨૭ અને ૨૮ જીણા હોલમાં અને પાલનપુરમાં યોજાયેલ સાતમા જૈન સાહિત્ય સમારોહ પ્રસંગે પાલનપુર શિશુશાળા, બાલમંદિર એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટના સહયોગથી તા. ૩ ૪ અને ૫ જાન્યુઆરી ૧૯૮૬ના પાલનપુરમાં ક્રાંતિવીરોનું ચિત્ર પ્રદર્શન યોજવામાં આવ્યું છે.

રાજકોટમાં હાડકાંનાં દરદોની સારવાર માટે શિબિર

'સંઘ'ના ઉપક્રમે (ઇનર વ્હીલ ક્લબના સહયોગથી) રાજકોટમાં સોમવાર, મંગળવાર, બુધવાર અને ગુરુવાર અનુક્રમે તા. ૨૦, ૨૧, ૨૨ અને ૨૩ જાન્યુઆરી, ૧૯૮૬ એમ ચાર દિવસ માટે હાડકાંનાં દરદોની સારવાર માટે એક શિબિર યોજવામાં આવી છે. અસ્થિ ચિકિત્સક ડૉ. જે. પી. પીઠાવાળા હાડકાના દરદોની વિના મૂલ્યે સારવાર આપશે.

પ્રવીણભાઈ એમ. શાહ — કે. પી. શાહ

સંયોજક — પન્નાલાલ ૨. શાહ

મંત્રીઓ

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ તાલીમ કેન્દ્રનું ઉદ્‌ઘાટન

પનવેલ નજીક તારા ખાતે યુસુફ મહેરઅલી સેન્ટરના તાલીમ કેન્દ્રને આપણે રૂ. ૫૧૦૦૦/-નું દાન સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહનું નામ આપવાની શરતે આપેલ છે. આ નામકરણવિધિનો સમારંભ રવિવાર, તા. ૧૯-૧-૮૬ના સવારના ૧૦-૩૦ વાગે યોજવામાં આવ્યો છે. આ સમારોહના પ્રમુખસ્થાને યુસુફ મહેરઅલી સેન્ટરના પ્રમુખ શ્રી સાદઅલી મિરાજશે, જ્યારે તાલીમ-કેમ્પનું ઉદ્‌ઘાટન જાણીતા જૈન અગ્રણી શ્રી દીપચંદ એસ. ગાર્ડી કરશે. અતિથિ-વિશેષ તરીકે શ્રી વસનજી લખમશી શાહ, શ્રી દામજીભાઇ શાહ, (એન્કરવાળા) અને શ્રી મહિપતભાઇ જાદવજી શાહ પધારશે. સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહની તસવીરનું અનાવરણ જાણીતા ઉદ્યોગપતિ શ્રી વિરેન શાહ કરશે. આ પ્રસંગે સર્વ ભાઇ-બહેનોને પધારવા જાહેર નિમંત્રણ છે.

'પ્રબુદ્ધ જીવન'ના શ્રેષ્ઠ લખાણ માટે પ્રતિવર્ષ રૂા. ૧૦૦૦/-નું શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક

(૧) 'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલા લખાણ (એક અથવા વધુ લેખો) માટે રૂા. ૧૦૦૦/-નું શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

(૨) પારિતોષિક માટેનું વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીનું ગણાશે. ૧૯૮૫નું વર્ષથી આ યોજના અમલમાં આવે છે. ૧૯૮૫નું પારિતોષિક ૧૯૮૬માં અપાશે.

(૩) અનુવાદ, સંકલન, અહેવાલ કે ઉતારાને આ પારિતોષિક અંગે નિર્ણય કરતી વેળા લક્ષમાં લેવાશે નહિ.

(૪) 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીનું લખાણ એમની ઇચ્છાનુસાર આ પ્રતિયોગિતામાંથી મુક્ત ગણાશે.

(૫) એક જ લેખકને ઉપરાઉપરી બે વર્ષ પારિતોષિક અપાશે નહિ.

(૬) આ પારિતોષિક અંગેના નિર્ણાયકો તરીકે આ વર્ષે શ્રી હરીન્દ્રભાઇ દવે, શ્રી કુમુદચંદ્ર દોશી અને શ્રી ઘનશ્યામભાઇ દેસાઇ સેવા આપશે.

લિ. મંત્રીઓ

સુરતમાં શ્રી શત્રુંજય વિહાર ટ્રસ્ટના ઉપક્રમે જ્ઞાનસત્ર

(પૃષ્ઠ ૧૭૨થી ચાલુ)

અમને જે પગાર અપાય છે તે વિદ્યાર્થીઓને શાળા-કૉલેજના વર્ગમાં ઘેરી રાખવાનો અપાય છે. શિક્ષણ અપાતું જ નથી. સારામાં સારી શિક્ષણ સંસ્થાની શાળા કૉલેજમાં પણ સારું શિક્ષણ મળતું નથી.

આજ દિવસે સાંજની બેઠકમાં ડૉ. નરેન્દ્ર ભાણાવતે નિર્વાણ કી અવધારણા એ વિષે બોલતા જણાવ્યું હતું કે નિર્વાણની અવધારણા એટલે સૂઝ મનવાની અવધારણા. કેટલીક વ્યક્તિ સૂર્યની જેમ પ્રમુખ તેજ સાથે જન્મે છે. પરંતુ અંધકારની જેમ મૃત્યુને વરે છે. તો બીજી કેટલીક વ્યક્તિઓ અંધકારમાં જન્મી તેજ સહ મૃત્યુને ભેટે છે તો વળી કોઇ કોઇ વ્યક્તિ તેજપૂંજ રૂપે જન્મી એજ રીતે મરણને ઉજાળી કરે છે. આ નિર્વાણ એટલે શું ? નિર્વાણ એટલે જન્મ મરણના ચક્રને ભેદવાની પ્રક્રિયા, આત્માના વીરત્વ સાથે જોડાવાની ક્રિયા.

આજની બેઠકના બીજા વક્તા હતા શ્રી હરીભાઇ કોઠારી. 'ફીણ ઝાઝાં અને નીર થોડાં' એ વિષે બોલતા તેમણે જણાવ્યું હતું કે આજે દરેકને જીવનનું નિશાન લેવું છે પરંતુ નિશાન માટે એની પાસે તીર થોડા છે. હકીકતમાં મડદાની નહિ પણ ચીરની કિંમત છે માનવજીવન એ ચીર છે છતાં અનુભૂતિ એવી છે કે એમાં ફીણ છે. એ ચીર જાણે ફીણ છે એ ફીણ ઉભરાય છે. માણસમાં આજે એ ફીણને કારણે તૃપ્તિની તાકાત નથી.

આજે તો અવાજ અને ગતિ વધ્યા છે. સાગરના મોજાની ભીતર જઇ મોતી શોધી લાવવાની વૃત્તિ ઘટી છે. આ જમાનો એવો છે કે આપણે જોઇએ છીએ, પણ નિરીક્ષણ વિના આપણે સાંભળીએ છીએ પણ શ્રવણ વિના, બોલીએ છીએ પણ બોલવાની આવડત વિના. વતીએ છે પણ વિચાર્યા વિના અને વ્યસ્ત છીએ પણ હકીકતમાં વ્યસ્તતા વિના જ્ઞાનસત્રનું આયોજન શત્રુંજય વિહાર ટ્રસ્ટ વતી શ્રી બાબુભાઇ હીરાભાઇ તથા શ્રી અમર જરીવાલાએ કર્યું હતું.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત

વિદ્યાસત્ર (વર્ષ ૧૦ મું)

વ્યાખ્યતા : પદ્મશ્રી કે. કા. શાસ્ત્રી

વિષય : પ્રાચીન અમેરિકન સંસ્કૃતિ પર ભારતીય સંસ્કારનો પ્રભાવ

ઉપરોક્ત વિષય પર ત્રણ વ્યાખ્યાનો.

સમય : બુધ, ગુરુ, શુક્ર; ૮, ૯, ૧૦ જાન્યુઆરી, ૧૯૮૬ રોજ સાંજના ૬-૦૦ વાગે.

સ્થળ : વાલચંદ હીરાચંદ સભાગૃહ

ઇન્ડિયન મરચન્ટસ, ચેમ્બર, ચર્ચગેટ, મુંબઇ-૨૦.

પ્રમુખ : ડૉ. રમણલાલ ચી. શાહ

સૌને સમયસર પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

આ પ્રસંગે **શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના** લેખોનું પુસ્તક **તત્વવિચાર અને અભિવંદના** નું પ્રકાશન પદ્મશ્રી કે. કા. શાસ્ત્રીના વરદ હસ્તે કરવામાં આવશે.

તારાબેન ર. શાહ સંયોજક

કે. પી. શાહ
પન્નાલાલ ર. શાહ
મંત્રીઓ

ફરચોરી

(પૃષ્ઠ ૧૬૪ થી ચાલુ)

બગાડે છે એ પ્રશ્નની બાબતમાં કોઇ એકને દોષ ન દેતાં પરસ્પર એકબીજાને બગાડે છે એમ કહેવું જ વધુ યોગ્ય ગણાય. તેમ પણ વસ્તુત : આમાં સરકારીતંત્ર પાસેથી વધુ જવાબદારી ભરેલા પ્રામાણિક વર્તનની અપેક્ષા રાખવાનો પ્રજાજનોને હક્ક છે.

આવકવેરો, સંપત્તિવેરો, વારસાવેરો (જે હવે ગયો), વેચાણવેરો, એક્સાઇઝ ડ્યૂટી, ઓક્ટ્રોય ડ્યૂટી, આયાતજકાત વગેરે બધાં જ ક્ષેત્રોમાં કરવેરાની બાબતમાં વ્યાપક પ્રમાણમાં ચોરી થાય છે. સરકારને સરખી આવક થાય અને પ્રજાને કનડગત ન થાય એ રીતે કરવેરાનું માળખું બદલવાની જરૂર છે. વિદેશી હુંડિયામણની બાબતમાં પણ સરકારી કાયદાઓ બહુ જૂના અને વધુ કડક છે. જે ઝડપે આંતરરાષ્ટ્રીય વ્યવહાર વધતો જાય છે તે ઝડપે વિદેશી હુંડિયામણના કાયદાઓ બદલાતા નથી. પરિણામે વિદેશો સાથે વેપાર કરતી ઘણી કંપનીઓને વિદેશી હુંડિયામણની બાબતમાં ગેરરીતિઓ કરવાની ફરજ પડે છે. રીઝર્વ બેન્કના વિદેશી હુંડિયામણના ખાતામાંથી, ખોટી રીતે છતાં કાયદેસર ન પકડાય એ રીતે ઘણા વેપારીઓ મોટી રકમનું હુંડિયામણ મંજૂર કરાવી લાવ્યાનું સાંભળવા મળે છે. તો બીજી બાજુ સરકારને સારું વિદેશી હુંડિયામણ કમાવી આપનાર પ્રામાણિક વેપારીઓને પોતાને જ્યારે વેપારાર્થે હુંડિયામણની જરૂર પડે છે ત્યારે તે મળતું નથી. આવી પરિસ્થિતિમાં કેટલાય વેપારીઓ વિદેશી કંપનીઓમાં કે સગાસંબંધીઓને ત્યાં પોતાનું હુંડિયામણ જમા કરાવી રાખે છે. સરકારી કાયદાઓ અને સરકારી નીતિ-રીતિ એવા હોવા જોઇએ કે જેથી પ્રજાને સરકાર ઉપર વિશ્વાસ રહ્યા કરે અને પોતાની જરૂરિયાતના પ્રસંગે સરકાર તરફથી કાયદેસર રીતે નાણાં મળી રહેશે એવી હૈયાધારણ રહે. એમ થાય તો આવી ગેરરીતિઓનું પ્રમાણ ઘટે.

ભારત દેશ એટલો મોટો છે, ગરીબ સાધારણ પ્રજાની વસતિ એટલી મોટી છે, અને આર્થિક સમસ્યાઓ પણ એટલી બધી છે કે કાયદાની જરાક છૂટછાટ મૂકવા જતાં અસંખ્ય લોકો એનો દુરુપયોગ કર્યા વિના રહે નહિ. આમ છતાં વર્તમાન વાસ્તવિક પરિસ્થિતિને લક્ષમાં રાખીને સરકારે કરવેરાની બાબતમાં ઉદાર નીતિ અપનાવવાની જરૂર રહે છે. સરકાર પ્રત્યેના અવિશ્વાસ, કાળાં નાણાંના વ્યવહાર માટેની લોકલજ્જાનો અભાવ અને રાષ્ટ્રભક્તિ તથા રાષ્ટ્રપ્રીતિની ન્યુનતા એ ત્રણ મહારોગોને દૂર કરવા માટેની કરવેરાની નીતિની નવેસરથી વિચારણા કરવી અનિવાર્ય થઈ પડે છે. બીજી બાજુ પ્રજાએ પણ પોતાનું અનિવાર્ય કર્તવ્ય સમજી, ધનપ્રાપ્તિ માટેની પોતાની નબળાઇઓને ખંખેરી, પૂરી પ્રામાણિકતાથી કરવેરા ભરી સરકારને સહકાર આપવા તત્પર થવું જોઇએ. પોતાના દોષોને માટે બીજા ઉપર જવાબદારી નાખવાની વૃત્તિ દૂર કરી પોતાના દોષો દૂર કરવા માટે પ્રજાએ તથા સરકારે દૃઢસંકલ્પ બનવું ઘટે.

— રમણલાલ ચી. શાહ

સુરતમાં શ્રી શત્રુંજય વિહાર ટ્રસ્ટના ઉપક્રમે જ્ઞાનસત્ર

સંકલન : બલદેવ મોલિયા

સુરતના શ્રી શત્રુંજય વિહાર ટ્રસ્ટ તરફથી તા. ૭ અને ૮ મી ડિસેમ્બર, ૧૯૮૫ના રોજ પાંચમા જ્ઞાનસત્રનો પ્રારંભ થયો હતો. જ્ઞાનસત્રનું ઉદ્‌ઘાટન જાણીતા સર્વોદય અગ્રણી શ્રી નારાયણ દેસાઇએ દીપ પ્રકટાવી કર્યું હતું. આ પ્રસંગે બોલતાં તેમણે જણાવ્યું હતું કે જ્ઞાન સાધન હોઇ શકે એમ સિદ્ધિ પણ હોય શકે.. જો સિદ્ધિ હોય તો જ્ઞાનસત્રની જરૂર રહેતી નથી. જ્ઞાન સાધન છે. એ દૃષ્ટિએ વિચારીએ તો તેની પદ્ધતિ કઇ? તેના ઉપકરણો કયાં! તેનો પણ વિચાર કરવો જોઇએ અને એ વિચારીએ તો જ્ઞાને કઇ દિશામાં જવું જોઇએ તે નક્કી થાય. જ્ઞાન દિશાશૂન્ય બને તો તે નકામું છે એટલું જ નહિ પણ તે હાનિકારક બની રહે છે. જ્ઞાનની દિશા નક્કી થઇ હોઇ તો તે જ્ઞાન વ્યકિતને, સમાજને અને પ્રકૃતિને ઉર્ધ્વ મૂલ્ય તરફ લઇ જઇ શકે.

પ્રથમ બેઠકના મુખ્ય વકતા હતા ડો. નરેન્દ્ર ભાણાવત.. તેમનો વિષય હતો જૈન દર્શનમેં મૈત્રી ઔર સેવાભાવ.' આ વિષય પર બોલતાં તેમણે જણાવ્યું હતું કે દરિદ્રનારાયણની સેવા એ જ ઇશ્વરની સાચી સેવા છે. અંત્યોદયની ભાવનાથી સેવા કરનારની સાથે હું છું એમ ભગવાન કહે છે. માત્ર દેવ મંદિરમાં સેવા કરવી એ સાચી સેવા નથી. દુઃખીની, પીડિતની સેવા ઉપરાંત દુઃખી અને પીડિતોનું સન્માન એ જ સાચી સેવા છે. દુઃખીઓની પીડાને જે પીછાણે તે મહાવીર છે. અને બીજાની પીડાને જે ન જાણે તે કાફીર છે, તે અધમ છે.

શત્રુને જીતે એ મિત્ર એ શત્રુ તે બહારના નહિ પણ આપણી ભીતર જે શત્રુઓ છે, જે શત્રુતા છે તે ભયંકર છે. વારસદમાં દુશ્મનીનું બીજ તો મનમાં પેદા થતું હોય છે. અને તે નાના અંકુરરૂપે બહાર આવતા તેને કામ, ક્રોધ, ઇર્ષા, અહંકાર અને માયારૂપી હવા અને પાણીનું પોષણ મળે છે. અને એ ફાલે છે. અને છેવટે દુશ્મનીરૂપે મોટું વૃક્ષ ઉગી નીકળે છે. જૈન ફીલસુફી તો કહે છે કે બીજાને સુખ આપવા જે મથે તે શત્રુજય, અને એ જ મિત્ર અને મિત્રતા હોય ત્યાં પ્રેમ હોય. પ્રેમ થાય તો મિત્રતા બંધાય. પ્રેમ હોય તો સામાને મિત્ર બનાવાય અને મિત્ર તરીકે રહેવાય.

આ બેઠકના પ્રમુખ શ્રી મુકુન્દભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતું કે જ્ઞાન કે પાંડિત્યની પ્રતિષ્ઠા નથી. જ્ઞાનને સત્તાનું સાધન બનાવો તો પ્રતિષ્ઠા લાંબી નહિ ટકે એનાથી અમૃતની પ્રાપ્તિ નહિ થાય. ન્યુટન જીવનભર નિરાશ જ રહ્યો હતો કારણ કે ન્યુટનને તો પારામાંથી સોનું બનાવવાનું શોધવું હતું અને એ શોધમાં નિષ્ફળતા મળતાં એ નિરાશ થતો જ ગયો. આમ જો જ્ઞાનને સાધન તરીકે જોતા હોઇએ ત્યારે એના ભયસ્થાનો પણ વિચારવા જોઇએ.

સાંજની બેઠકના વકતા હતા શ્રી હરિભાઇ કોઠારી. 'માણસ એક ઊભી રેખા' એ વિષે બોલતા તેમણે જણાવ્યું હતું કે માનવીના મરણ બાદ એનું સ્મરણ થાય તો એ માનવી એના જીવનમાં કંઇ કરી ગયો એમ કહેવાય. માણસ પગ પર ઉભો એક સીધી રેખા જેવો. ઉપલી બાજુએ છેક છેડે મળ્યું છે તો નીચે પગ છે. માણસ પગથી માથા સુધી ઉભો છે. એના જુદા જુદા અવયવો માનવીને જે બોધ આપે છે તે સંભળનારા કેટલા માનવીઓ છે તે સ્વીકાર કરતા !

શ્રી કોઠારીએ જુદા જુદા અંગોનું મહત્વ સમજાવતાં કહ્યું હતું કે એનું દરેકને મહત્વ છે. એની સમજ આપ્યા બાદ જણાવ્યું હતું કે ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બન્યો હોય, ગણાતો હોય એ વાતાવરણમાં માણસ ભોગનો માણસ બનવાને પ્રયત્ન કરે. માથું છેક ઉપર છે. માથામાંથી પ્રકટતા વિચારો ઉર્ધ્વગામી હોવા જોઇએ. બીજુવૃત્તી નીચી રાખો અને એને સળગાવો તો એની જ્યોત ઉપર જ જવાની. ભોગનો માણસ નર્કનું નિર્માણ કરે છે. જ્યારે ભાવનાનો માણસ સ્વર્ગનું નિર્માણ કરે છે.

તા. ૮ ડિસેમ્બરની સવારની બેઠકમાં શ્રી બાબુભાઇ જશભાઇ પટેલે બોલતા જણાવ્યું હતું કે ગુજરાતની ગઇ કાલ, આજ અને આવતીકાલ' આ વિષય પર મારે બોલવાનું છે. આઝાદી પછી ગુજરાતે વિકાસના ક્ષેત્રે હરણફાળ ભરી છે. ગુજરાતનો વિકાસ રસ્તા, વીજળી અને સિંચાઇ પર નિર્ભર છે. એ હકીકત તેમણે વિવિધ પ્રકારના ક્ષેત્રના અને આયોજનના આંકડા અને વિગત આપી સમજાવ્યું અને ઉમેર્યું કે આ માટે ગુજરાતની જીવાદોરી સમી નર્મદા યોજના પાર પાડવાની કામગીરી ઝડપી બનાવવી જોઇએ. સરકારે નર્મદા યોજના પાર પાડવાની આયોજિત મુદતમાં વધારો કર્યો છે એ ચિંતાજનક છે.

ગુજરાત આજે દેખાય છે તેવું ભૂતકાળમા ન હતું. આઝાદી પહેલા અંગ્રેજ હકુમત હેઠળનું ગુજરાત આઠ જિલ્લાઓનું હતું. સરદાર પટેલે દેશના પચર દેશી રાજ્યોનું વિલિનીકરણ કર્યું ત્યાર પછી ગુજરાતના ૧૯ જિલ્લા થયા.

ગુજરાતના વિકાસમાં અવરોધરૂપ હડતાલો, ગોસ્લો, તાળા બંધી, મોરચા અને બસ લાવો લાવો અને આપો આપોની માંગ છે. અનામત વિરોધી, અનામતતરફી રોસ્ટર વિરોધી, અને રોસ્ટરતરફી બનેને હું કહું છું કે ભાઇ, પહેલાં જે અનામત છે તે વાપરો. એ પૂરેપૂરી વપરાય એમ કરો. આજે એ અનામત કયા પુરેપુરી વપરાય છે. ૧૫ ટકા જે બેઠકો નથી વપરાતી તે સવર્ણોને મળે છે. શા માટે સમજ્યા વગર, જાણ્યા વગર લોહી રેડાય છે? જાહેર માલ-મિલકતને નુકસાન શા માટે કરાય છે? અને છતાં ગુજરાતનું ભાવિ ઉજ્જવળ છે. કારણ કે પ્રજામાં પુરુષાર્થ છે, ખુમારી છે.

આ બેઠકના પ્રમુખસ્થાનેથી ડો. આર. આઇ. પટેલે બોલતા જણાવ્યું હતું કે આજે જે શાળામાં કોલેજમાં પ્રવેશ મેળવવા માટે પડાપડી થાય છે એ શાળા કોલેજનું શિક્ષણ કનિષ્ઠ પ્રકારનું થઇ ગયું છે. એક આચાર્યે મને કહ્યું કે

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૧)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જમનાદાસ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૧૮

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૧-૮૬ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

કોમ્પ્યુટર સગાઇ

દુનિયાના કેટલાક દેશોમાં હવે સગાઇ કોમ્પ્યુટર દ્વારા થવા લાગી છે. વિશ્વ એકવીસમી સદી તરફ વેગથી ધસી રહ્યું છે.

વિજ્ઞાનની નવી નવી શોધોનો પ્રભાવ મનુષ્યના સામાજિક, કૌટુંબિક અને વ્યકિતગત જીવન ઉપર ઘણો પડતો જાય છે. રેડિયો, ટી.વી., ટેપરેકોર્ડર, વીડિયો, માઇક્રોપ્રોસેસ્ટ્રોનિક વગેરે સાધનોએ મનુષ્યની વિવિધ પ્રવૃત્તિઓનાં વહેણ બદલી નાખ્યાં છે. સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક ઇત્યાદિ પ્રવૃત્તિઓ ઉપર કેટલીક સારી તો કેટલીક માઠી અસર થઇ છે. દિવસે દિવસે સાંકડા બનતા જતા વિશ્વમાં રૂઢિચુસ્ત મનુષ્યને પણ નવા સંદર્ભમાં વિચાર કરવાની આવશ્યકતા ઊભી થઇ છે.

કોમ્પ્યુટરની શોધે વ્યવહારુ જીવન-પદ્ધતિની કેટલીક કડાકૂટ દૂર કરી નાખી છે. વિદેશોમાં કેટલીય ઓફિસોમાં સેંકડો-હજારો ફાઇલોનું સ્થાન કોમ્પ્યુટરે લઇ લીધું છે. આંગળીના વેઢે હજારો લાખો બાબતો રહી શકે છે એ કોમ્પ્યુટર દ્વારા હવે સિદ્ધ થઇ ગયું છે. 'કાગળી કારવાઇ' ઓફિસોમાંથી ધીમે ધીમે અદૃશ્ય થવા લાગી છે. દુનિયાભરમાં પથરાયેલી પોતાની ઓફિસોને તત્ક્ષણ તમામ માહિતી કોમ્પ્યુટર દ્વારા સુલભ બની શકે છે.

કોમ્પ્યુટરના ઉપયોગ અનેક પ્રકારના છે. એવા ઉપયોગમાં એક નવો ઉપયોગ તે કોમ્પ્યુટર દ્વારા સગાઇનો છે. દુનિયાના કેટલાક દેશોમાં એવી કંપનીઓ નીકળી છે જે કોમ્પ્યુટર દ્વારા સગાઇ કરાવી આપે છે. આ પ્રકારનો ધંધો ધમધોકાર ચાલવા લાગ્યો છે.

કોઇપણ યુવક કે યુવતીને પોતાને યોગ્ય એવો જીવનસાથી મળી રહેવો એ સારા નસીબની વાત છે. દુનિયામાં જેટલાં લગ્ન થાય છે એટલાં બધાં જ લગ્નોમાં યુવક-યુવતી એકબીજાને યોગ્ય જ છે એમ ન કહી શકાય. વળી જીવનનું સ્વરૂપ પણ સંકુલ છે કે એકબીજાને અનુરૂપ અને પરસ્પર પ્રીતિવાળાં પતિપત્ની પણ જીવનના અંત સુધી એકબીજાને એટલાં જ કે વધુ ચાહતાં રહે એવું દરેક બાબતમાં બનતું નથી. પશ્ચિમના દેશોમાં યુવક-યુવતી પરસ્પર પ્રેમમાં પડી લગ્ન કરે છે. અને છતાં છુટાછેડાનું પ્રમાણ ત્યાં ઘણું મોટું છે. એશિયા અને આફ્રિકાના દેશોમાં વડીલોએ ગોઠવેલાં લગ્નની પ્રથા ઘણી વ્યાપક છે, એમ છતાં ત્યાં બધાં દુઃખી જ હોય છે એવું નથી. બેમાંથી કોઇ પણ એક પદ્ધતિ આદર્શ છે એમ ન કહી શકાય.

કજોડાનો પ્રશ્ન સનાતન કાળથી ચાલ્યો આવે છે. ઉંમર, વજન, ઊંચાઇ શિક્ષણ, ધર્મ, સંસ્કાર, હોશિયારી વગેરેની બાબતમાં ઘણા મોટા તફાવતને કારણે શારીરિક કે માનસિક કજોડાં સર્જાય છે. પોતાની કે માતાપિતાની ગરજ કે લાચારીથી પરસ્પર જોડાયેલાં યુવક-યુવતીમાંથી કેટલાંક એ સંબંધને હર્ષથી વધાવી કે નભાવી લે છે, કેટલાંક દુઃખી દુઃખી થઇ જાય છે; કેટલાક આપઘાત કે લગ્નવિચ્છેદ દ્વારા દુઃખમાંથી મુકત થવાનો પ્રયત્ન કરે છે. પરસ્પર યોગ્ય પાત્રોના જીવનમાં પણ સમય જતાં સ્વભાવની વિચિત્રતા, વ્યસનો, આર્થિક ચડતી પડતી, લગ્ન બાહ્ય સંબંધો વગેરેને કારણે પાછલી જિંદગીમાં માનસિક કજોડાં જેવી સ્થિતિ સર્જાય છે. પરસ્પર સુસંવાદી જીવન જીવવું એ લગ્ન જીવનની કઠિન પણ આરાધવા જેવી કળા છે. પ્રેમ, ઉદારતા, ત્યાગ, સ્વાર્પણ, સહિષ્ણુતા વગેરેની ભાવના વિના એવી કળાની આરાધના સરળ નથી. પરસ્પર પ્રતિકૂળ કે વિષમ પ્રકૃતિના હોવા છતાં ઘણાં દંપતી જીવનમાં પ્રેમથી સુમેળ (Adjustment) કરી લેતાં હોય છે.

સગાઇમાં યુવક-યુવતીનાં ઉમ્મર, કુળવણી, ધર્મ, કુટુંબ, સંસ્કાર ઇત્યાદિનો વિચાર કરવાથી લગ્ન જીવન સુખી બનવાની શકયતા વધુ રહે છે. પંચતંત્રમાં કહ્યું છે:

'કુલં ચ શીલં ચ સનાથતા ચ
વિદ્યા ચ વિત્તં ચ વપુર્વયશ્ચ।
એતાન્ ગુણાન્ સપ્ત વિચિન્ત્ય દેયા
કન્યા બુધૈઃ શેષમચિન્તનીયમ્ ॥'

કન્યાની સગાઇ કરતી વખતે પિતાએ ભાવી જમાઇનાં ૧. કુળ, ૨. શીલ, ૩. સનાથતા, ૪. વિદ્યા, ૫. ધન, ૬. શરીરની સ્વસ્થતા અને ૭. ઉમ્મર-એટલાંનો અવશ્ય વિચાર કરવો જોઇએ. એમાં પણ કુળ ઉપર ભારતીય પરંપરામાં વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ચાણકય-નીતિમાં કહ્યું છે: વિવાહ: સદૃશે કુલે' અર્થાત્ સમાન કુળ વચ્ચે થયેલો વિવાહ સંબંધ વધુ સુખદ રહે છે. કુળ ઉપરાંત શીલ ઉપર પણ એટલો જ ભાર મૂકવામાં આવ્યો છે. યોગશાસ્ત્રમાં હેમચંદ્રાચાર્યે કહ્યું છે.

'કુલશીલસમૈઃ સાર્ધં કૃતોદ્વાહોઽન્યગોત્રજૈઃ।'

વર્તમાન સમયમાં આંતરજ્ઞાતીય, આંતરભાષીય, આંતરધર્મીય, આંતરરાષ્ટ્રીય વગેરે પ્રકારનાં લગ્નો ઉત્તરોત્તર વધતાં ચાલ્યા છે.

નિકટ વસવાટ, વ્યવસાય કે અન્ય કારણે આવાં લગ્નોની સંખ્યા વધતી જાય છે. નવી નવી વર્ણસંકર કે સંમિશ્ર પ્રજાઓ ઉત્પન્ન થવા લાગી છે. ભારતના યુવકો યુરોપ-અમેરિકા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, જાપાન જેવા પ્રદેશોમાં લગ્નગ્રન્થિથી જોડાવા લાગ્યા છે. એવી જ રીતે ચીન, કોરિયા, જાપાન, ઇરાન કે તૂર્કસ્તાન જેવા દેશોના યુવકો પણ અમેરિકા, કેનેડા, ઇંગ્લેન્ડ, જર્મની વગેરે દેશોની યુવતીઓ સાથે લગ્ન કરવા લાગ્યા છે. પરસ્પર અનુરાગ કે મોહ ઉત્પન્ન થાય છે ત્યારે કુળ, શીલ ધર્મ ઇત્યાદિનો બહુ વિચાર થતો નથી.

આમ છતાં અનેક યુવક યુવતીઓને માટે જીવનસાથીની પસંદગી એ મોટી સમસ્યા છે. જે સમાજમાં છોકરાઓનું પ્રમાણ વધી જાય તેમાં કેટલાય છોકરાઓને કુંવારા રહેવાનો વખત આવે અને જ્યાં છોકરીઓનું પ્રમાણ વધી જાય ત્યાં કેટલીયે સારી સારી છોકરીઓને માટે એવો જ પ્રશ્ન ઊભો થાય છે. બે પાત્રોને મેળવી આપવા માટે સંનિષ્ઠ યોજકોની સંખ્યા જેમ વધારે તેમ અનેક યુવક-યુવતીઓ પોતાને યોગ્ય જીવનસાથીને મેળવી શકે. સમાજમાં જે લોકો ઘણો બહોળો સંપર્ક ધરાવતા હોય તેવી વ્યકિતઓ આવા કામમાં વધુ ઉપયોગી થઇ શકે. દરેક સમાજમાં થોડાક તો આવા માણસો નીકળવાના જેમણે સગાઇ સંબંધ કરાવી આપવામાં ઘણો રસ પડતો હોય. વિદ્યાર્થીમાં પણ કેટલાંક સ્ત્રીપુરુષો 'Matchmaker' તરીકે જાણીતાં હોય છે. આ પણ લોકસેવાનો એક પ્રકાર છે. એની પણ માણસને ભારોટ તથા આવડત હોવી જોઇએ. વખતોવખત થતા અનુભવોથી કન્યા કે મૂરતિયાનાં માતાપિતા કરતાં પણ તેઓ વધુ ચતુર હોય છે.

મોટા શહેરોમાં કેટલાક માણસો પોતાની આવી પ્રવૃત્તિ જાહેર સેવાભાવી સંસ્થાઓ દ્વારા ચલાવે છે. કેટલાક એને વ્યાવસાયિક ધોરણે વિકસાવે છે છાપામાં જાહેરખબર દ્વારા પણ કેટલાંક લગ્નો થાય છે. અજાણ્યા પૂરી તપાસ ન કરી હોય તો એમાં જોખમ પણ વધુ રહે છે. કેટલાક પોતાનો ભૂતકાળ છૂપો રાખે છે અને પાછળથી ખબર પડતાં છૂટા પડવાનો વખત આવે છે.

નવા યુગમાં સગપણ કરાવી આપનાર સાધન તરીકે હવે કોમ્પ્યુટરો આવી ગયાં છે કોમ્પ્યુટરમાં યુવક કે યુવતીએ પોતાની ઉમ્મર, ઉંચાઇ, વજન, શિક્ષણ. આવક, કુટુંબના સભ્યો, નોકરી કે વ્યવસાય, શોખની પ્રવૃત્તિઓ, સ્વભાવની લાક્ષણિકતાઓ, સીગરેટ, દારૂ, જુગાર વગેરે વ્યસનો પ્રત્યે ગમો કે અણગમો, બ્લડગ્રુપ, ખાન-પાનની રુચિ-અરુચિ, વિજાતીય મૈત્રી, લગ્ન બાહ્ય જાતીય સંબંધો વિષેના વિચારો, માત-પિતા સાથે રહેવા – ન રહેવાના પ્રશ્નો, સંતાનોની સંખ્યા અને તેમના ઉછેર તથા શિક્ષણ વિશેના વિચારો વગેરે લગભગ ૮૦ થી ૧૦૦ જેટલી બાબતો કોમ્પ્યુટરને જણાવવામાં આવે છે. કંપનીઓ આ બધી માહિતી ગુપ્ત રાખે છે. પછી કોમ્પ્યુટર કહે તે પ્રમાણે પોતાને અનુરૂપ કન્યા કે મૂરતિયાનો એકબીજા સાથે મેળાપ કરાવી આપવામાં આવે છે. મેળાપ પહેલાં એકબીજાને ફકત વિગતો બતાવવામાં આવે છે. વિગતો પરસ્પર ગમી જાય તો નામ સરનામાં, વ્યવસાયની કંપનીનાં નામ વગેરે બતાવવામાં આવે છે. તે પરસ્પર ગમે તો ફોટા બતાવવામાં આવે છે. ફોટા પરસ્પર ગમી જાય તો ઘર અને પ્રવૃત્તિઓની વીડિયો બતાવવામાં આવે છે અને તે પરસ્પર ગમ્યા પછી રૂબરૂ મિલન ગોઠવાય છે. રૂબરૂ મળવા છતાં પરસ્પર પસંદગી ન થાય તો ફરી એ પ્રમાણે બીજી વ્યકિત સાથે મેળાપ કરાવાય છે. અને દરેક મેળાપની ફરાવેલી ફી લેવામાં આવે છે. જાપાનમાં વીસેક જુદી જુદી કંપનીઓ આ રીતે કોમ્પ્યુટર દ્વારા જીવન- સાથી મેળવી આપે છે અને પ્રતિવર્ષ હજારો યુવક યુવતીઓ લગ્નગ્રન્થિથી જોડાય છે.

આવી રીતે જોડાયેલાં યુવક-યુવતીઓ વચ્ચે પણ વિચ્છેદ ન થાય એવું નથી, કારણ કે સહજીવન જીવવાની કળા અનોખી છે. વળી કોમ્પ્યુટરને ધરાદાપૂર્વક માહિતી જ ખોટી આપી હોય તો પણ આવું બને છે. પોતે સીગરેટ પીતી નથી એવું કોમ્પ્યૂટરને જણાવીને લગ્નગ્રન્થિથી જોડાયા પછી એકાદ દિવસ સીગરેટ પીતાં પકડાઇ ગયેલી યુવતી સાથે છેતરપિંડીના આરોપસર યુવક છૂટાછેડા લીધા હોય એવા બનાવો પણ બન્યા છે. ઉંમર કે આવક ખોટી બતાવી હોય તો પણ આવા પ્રશ્નો ઊભા થયા છે.

અન્યપક્ષે, યુવક-યુવતી એક બીજાને ગમી ગયાં હોય અને દાંપત્યજીવન સારી રીતે ચાલવા લાગ્યું હોય તો કેટલીક ખોટી માહિતીનો પ્રશ્ન ગૌણ બની જાય છે. વિવાહના કામમાં વ્યવહારદક્ષ એવા કેટલાક માણસો કહે છે કે કન્યા કે મૂરતિયાની બધી જ નબળી બાબતો પહેલેથી કહી ન દેવાય. પરસ્પર અનુરાગ ઉત્પન્ન થાય તો પછી એ વાતો વચ્ચે આવતી નથી.

કોમ્પ્યુટર દ્વારા સગાઇની યુરોપ-અમેરિકા કે ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ કરતાં એશિયાઇ દેશોમાં વધુ જરૂર છે કારણ કે ત્યાં 'arranged marriage' ની પ્રથા વધુ પ્રબળ છે. ભારતમાં આ બાબત વધુ જટિલ છે. લગ્ન એ માત્ર બે વ્યકિત વચ્ચેનો જ સંબંધ નથી, બે કુટુંબ વચ્ચેનો પણ સંબંધ છે. એટલે દીકરા-દીકરીની સગાઇની બાબત માતાપિતા હરતક વધુ રહે છે અને ઘણે અંશે તે ઇષ્ટ પણ છે. એકંદરે ભારતીય માતા-પિતા એ વિશે વધુ સચિંત રહે છે, કારણ કે લગ્ન પછી સંતાનો માતાપિતા સાથે જ રહેવાનું ચાલું કરે છે. ભારતીય દાંપત્યભાવના પણ ઘણી ઊંચી છે. ભારતમાં ધર્મ, ભાષા, જ્ઞાતિ, શાકાહાર-આમિષાહાર વગેરેના ઘણા ભેદો ઉપરાંત આર્થિક સમાનતા-અસમાનતાનો પ્રશ્ન પણ મોટો છે. જ્યોતિષ, વહેમ અને અજ્ઞાન, ધાર્મિક જનૂન અને સંકુચિતતાનું પ્રમાણ પણ વધુ છે. દાયજો, પહેરામણી વગેરેના રિવાજો પણ જમાના જૂના છે. એ બધામાં કોમ્પ્યુટર કેટલું ઉપયોગી થશે એ પ્રશ્ન છે. તો પણ કોમ્પ્યુટરનો પ્રયોગ અવશ્ય કરવા જેવો છે. વસ્તુતઃ મોટા શહેરમાં સગાઇનો પ્રશ્ન અનેક કુટુંબોને મૂંઝવનારો છે. પ્રતિષ્ઠિત વ્યકિતઓ અને પ્રતિષ્ઠિત સંસ્થાઓ વધુ પ્રમાણમાં આ ક્ષેત્રમાં કામ કરે એ આજની જરૂરિયાત છે.

બે વ્યકિતઓનું લગ્ન દ્વારા જોડાણ થયું અને સુખમય જીવન પસાર થયું એ અંતે તો પરસ્પર ઋણાનુબંધ ઉપર આધાર રાખે છે. પરંતુ પતિપત્નીએ પણ પરસ્પર પ્રીતિપાત્ર રહેવા માટે પુરુષાર્થ કરવાની જરૂર તો રહે જ છે. પ્રેમ અને નિષ્ઠાના સિંચન વિના લગ્નની વેલ કયારે કરમાઇ જશે તે કહેવાય નહિ.

—રમણલાલ ચી. શાહ

અમેરિકામાં આદિમ વસાહતીઓનો પ્રવેશ

ડૉ. કે. કા. શાસ્ત્રી

['સંઘ'ના ઉપક્રમે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રમાં આપેલ વ્યાખ્યાન]

પશ્ચિમ ગોળાર્ધમાં લગભગ ઉત્તર ધ્રુવથી લઈ દક્ષિણ ધ્રુવ નજીક હોર્ન ભૂશિર સુધીનો મોટો વિસ્તાર ધરાવતો અમેરિકાનો પ્રદેશ એના આદિ કાળથી લઈને પૂર્વ ગોળાર્ધના વાસીઓને અજ્ઞાત રહેલો તે ઇ. સ. ૧૪૯૨ માં સૌથી પ્રથમ સ્પેનિશ મુસાફર ક્રિસ્ટોફર કોલમ્બસે ૧૨ મી ઓકટોબરે જોયો. બેશક, એણે હજી પ્રવેશ કર્યો નહોતો. એણે તો હજી બહામા ટાપુ સમૂહના એક ગ્વાનાહાની બેટ ઉપર ચરણ મૂક્યું હતું. એણે એની ચોથી સફર ૧૫૦૨-૧૫૦૪ ની કરી તેમાં તા. ૧૪ મી જુલાઇ, ૧૫૦૨ માં એ જમૈકા પહોંચ્યો અને ૧૩ મી મે, ૧૫૦૩ માં પનામા પહોંચ્યો હતો. હકીકતે એણે આમ ઉત્તર અને દક્ષિણ અમેરિકાને સાંધતી પનામાની સંયોગભૂમિ પ્રાપ્ત કરી હતી. આ રીતે વેસ્ટ ઇન્ડીઝ વટાવીને મુખ્ય ભૂ ભાગ સુધી એ પહોંચ્યો હતો. તા. ૧૨ મી સપ્ટેમ્બર ૧૫૦૪ ના દિવસે એ પનામાથી સ્પેન માટે પાછો ફર્યો. સમગ્ર વેસ્ટ ઇન્ડીઝ ટાપુઓ સ્પેનિશ સત્તા નીચે અત્યાર સુધીમાં આવી ગયા હતા.

૧૪૯૯ માં એલોન્ઝો દ ઓજેડા એના સાથીદાર ફ્લોરેન્તાઇન એમેરિગો વેસ્પુક્કીને સાથે લઈ ઓરિનોકો નદીના મુખ્ય ડાર વેનેઝુએલાના કાંઠા સુધી પહોંચ્યો. વેસ્પુક્કીએ ૧૫૦૧-૧૫૦૨ માં ફરી વેનેઝુએલાના કાંઠાનો પ્રદેશ પોર્ચુગીઝ ધ્વજ સાથે ફંફોસ્યો. આ પહેલાં પાદરી આલ્વારીસ કાબ્રાલે ૧૫૦૦ માં બ્રાઝિલનો કાંઠો ફંફોસ્યો હતો. ફ્લોરેન્તાઇન એમેરિગો વેસ્પુક્કીએ દક્ષિણ અમેરિકાના પશ્ચાત કાંઠાના ભૂ ભાગને શોધવાનું માન લીધું અને પરિણામે આ નવા શોધાયેલા, કોલમ્બસ વગેરે માનતા હતા તે પ્રમાણે એશિયાના નહિ, પણ પશ્ચિમ ગોળાર્ધના પ્રદેશને એના નામ ઉપરથી 'અમેરિકા'ની સંજ્ઞા મળી. વેસ્પુક્કીને આ માન આપનાર જર્મન ભૂગોળશાસ્ત્રી માર્ટિન વોલ્ઝેમ્યૂલર હતો, જેણે પોતે તૈયાર કરેલા નકશામાં બ્રાઝિલને 'અમેરિકા' કહેલ. આ નામ વ્યાપક થતું ચાલ્યું અને પછી તો પશ્ચિમ ગોળાર્ધના આ ઉત્તર, મધ્ય અને દક્ષિણના વિશાળ ભૂભાગને માટે એ સંજ્ઞા વ્યાપક બની ગઇ.

'અમેરિકા' સંજ્ઞા પામેલો આ વિશાળ ભૂભાગ સ્પેનિશ અને પોર્ચુગીઝ મુસાફરોએ દક્ષિણ અમેરિકાના ઉત્તર-પશ્ચિમ કાંઠાને પૂરતો કબજે કર્યો ત્યારે તેઓ કોઈ ઉજ્જડ પ્રદેશમાં એ નહોતા પહોંચ્યા; જ્યાં ગયા ત્યાં એમને દેશીઓની સાથે સંઘર્ષમાં આવવાનું થયું. બીજા યુરોપીય સાહસિકો પણ આ નવા શોધાયેલા ભૂખંડ તરફ ખેંચાયા અને ઉત્તર અમેરિકાના વિશાળ પ્રદેશમાં ફેલાઇ ગયા. જ્યાં સર્વત્ર દેશી વસાહતીઓનો મુકાબલો કરવો જ પડયો હતો પરંતુ આ આક્રમકો પાસે અદ્યતન શસ્ત્રો હોવાને કારણે ધીમે ધીમે સમગ્ર પ્રદેશ ઉપર સત્તા જમાવી જેમાં કેનેડા તો અમેરિકાનાં સંયુક્ત રાજ્યોથી વિશાળ, ભલે મોટા ભાગનો ઉજ્જડ, અંગ્રેજોએ હાથ કરી લીધો, જ્યારે સંયુક્ત રાજ્યોમાં અંગ્રેજોએ જમાવટ કર્યા પછી યુરોપના બધા દેશોના સાહસિકો વસી ગયા હતા; ૧૭૭૫માં (૧) સંયુક્ત રાજ્યોનો સંઘ અસ્તિત્વમાં આવ્યો, જેના પહેલા પ્રમુખ તરીકે જ્યોર્જ વોશિંગ્ટન હતા. અલાસ્કા ૧૮૬૭માં અને હવાઇ ટાપુઓ ૧૮૯૮માં કબજે આવતાં આજનો 'સંયુક્ત રાજ્યોનો સંઘ' સ્થિર થઇ ચૂકયો.

કોલમ્બસ જ્યારે ૧૪૯૨ માં વેસ્ટ ઇન્ડિઝમાં પહોંચ્યો ત્યારે ત્યાંના સ્થાનિક નિવાસીઓના સંપર્કમાં આવ્યો. કયાંક સરળતા થઇ, તો કયાંક સંઘર્ષ પણ થયો. એણે જે સ્થાનિક લોકોને જોયા તેઓના શરીરના રંગ રાતા જણાયા હતા. તેથી એ પ્રજાને 'રાતી' કહેવામાં આવી. પાછળથી એ જ કારણે અમેરિકાના જૂના બધા જ લોકોને 'રેડ ઇન્ડિયન્સ' કહેવામાં આવ્યા. કોલમ્બસ એમ જ માનતો હતો કે આ જોવામાં આવેલો દેશ 'ઇન્ડિયા', છે અને તેથી એ દેશના વાસીઓ પણ 'ઇન્ડિયન.' આ માન્યતા એવી દૃઢ થઇ ગઇ છે કે છેલ્લાં ૪૯૦ વર્ષોથી અમેરિકાની બધી જ આદિમ જાતિઓને 'ઇન્ડિયન' કહેવામાં આવે છે, અપવાદ માત્ર મોડેથી સાઇબિરિયામાંથી છેલ્લાં બે'ક હજાર વર્ષથી આવ્યે ગયેલા 'એસ્કિમો' માટે જ રહ્યો છે. બેશક, જાતિગત સામ્યમાં 'એસ્કિમો' પણ રેડ ઇન્ડિયન્સ'થી કોઇ અલગ નથી.

સ્પેનિશ અને પોર્ચુગીઝ યુરોપિયનો દક્ષિણ અમેરિકાના ઉત્તર ભાગ અને પનામાની સંયોગી ભૂમિમાં પહોંચ્યા ત્યારે વેસ્ટ ઇન્ડિઝ અને એમણે જોયેલા પ્રદેશોમાં માત્ર યહિ, સમગ્ર ઉત્તર અને દક્ષિણ અમેરિકામાં કરોડોની સંખ્યામાં આ 'રેડ ઇન્ડિયન્સ' પથરાયેલા પડયા હતા. યુરોપમાંથી આક્રમણકારી યુરોપિયનોનાં ધાડાં અનેક દેશોમાં ધૂસતાં ગયાં ને બળજબરીથી જમીનો દબાવતા ગયાં. ત્યાં ત્યાં સર્વત્ર 'રેડ ઇન્ડિયન્સ' પથરાયેલા પડયા હતા. સંખ્યાબંધ પ્રદેશોમાં સંસ્કૃતિ અને સભ્યતાની પોતપોતાની આગવી રીતે આગળ વધેલા પણ જોવામાં આવ્યા હતા.

સ્પેનીશ અને પોર્ચુગીઝ લોકોએ આ પ્રજાના સંપર્કમાં આવતાં સાથે આવેલા મિશનરીઓ દ્વારા એમને ખ્રિસ્તી બનાવવાના જબ્બર પ્રયત્નો શરૂ કરી તે પ્રમાણે એ લોકોની સંસ્કૃતિ અને સભ્યતાનો અભ્યાસ કરવાનો પણ પ્રયત્ન શરૂ કર્યો. એ લોકોની ઠેર ઠેર જુદી પડતી ભાષાઓ અને બોલીઓનો પણ અભ્યાસ આરંભ્યો. આને પરિણામે છેલ્લાં અઢીસો-ત્રણસો વર્ષોમાં તો પ્રબળ અભ્યાસ થયા અને એમની સંસ્કૃતિ-સભ્યતા ભાષા-ઉદ્યોગો વગેરેના પૂર્વગ્રહ રાહત અભ્યાસ થતા ચાલ્યા અને સંશોધનમૂલક સમર્થ લેખો અને ગ્રન્થો પ્રસિદ્ધ થતા ચાલ્યા. હજી પણ સંશોધન પ્રક્રિયા સતત ચાલુ છે અને અમેરિકામાં સ્થપાયેલી અનેક યુનિવર્સિટીઓ તેમ યુરોપના લગભગ બધા દેશોની યુનિવર્સિટીઓના-મ્યુઝિયમોના સંશોધક વિદ્વાનો લાખો ડોલરોના ખર્ચે અવિરત સંશોધનોનાં ત્યાં ત્યાં સ્થાનો ઉપરનાં ઉત્ખનનો અને બીજી રીતે પણ અભ્યાસના સત્કળ આપ્યે રહ્યાં છે.

'બાઇબલ'માં વર્ણિત પૃથ્વી ઉપરનાં પાણીનાં મોટા પૂર આવેલાં ને ભારે વિનાશ વેર્યો ત્યારે બહુદીઓની દસ જાતો વિનાશને પંથે ગઇ તેઓમાંની એક જાત તે આ 'અમેરિકન ઇન્ડિયન્સ' તો આના અનુસંધાનમાં એક પાદરી ફે દિએગા

[૧ ન્યૂયોર્કના ઉપ-સાગરમાં આવેલા ટાપુને મથાળે 'Statue of Liberty' તાંબાની વિશાળકાય સ્ત્રી-મૂર્તિ સ્વાતંત્ર્યના પ્રતીક તરીકે મૂકેલી છે તેના જમણા ઊંચા હાથમાંની તકતીમાં તા. ૪ જુલાઇ, ૧૭૭૬ છે.]

દુરાગ્રહ એવો મત આપ્યો કે ઇઝરાયલના રાજવી હેરોડાના સમયમાં એસીરિયાનો રાજવી સાલ્મનાસાર યહૂદીઓની જે દસ જાતો (tribes) ને કેદ કરીને એસીરિયામાં કેદી તરીકે લઇ ગયો તેમાંના આ 'અમેરિકન ઇન્ડિયન્સ' છે. આંતરરાષ્ટ્રીય કાયદાનો જન્મદાતા હ્યુગ્ગ દ શ્રુત તો એવું માનતો હતો કે આ અમેરિકન ઇન્ડિયન્સ સ્કેન્ડિનેવિયાના, પેરુવિયાના; ચીનના હતા અને બ્રાઝિલના લોક આફ્રિકાના હતા. આમ છતાં કેટલાક અંગ્રેજ વિદ્વાનો તેઓ યહુદી હોવાના મતને વળગી રહ્યા હતા. હ્યુગ્ગ દ શ્રુતના એક વિરોધી જોહાનેશ દ લાએ તો એની વિરુદ્ધ પડી અમેરિકન ઇન્ડિયન્સને 'સીથિયન' કહ્યા.

ખરેખર એ લોકો કોણ છે અને કયે રસ્તેથી અમેરિકામાં દાખલ થયા હશે એ વિશે વીસમી સદીની પહેલી પચીશીમાં શોધો શરૂ થઇ અને એને પરિણામે ૧૯૨૬ આસપાસ યુ. એસ. નેશનલ મ્યુઝિયમના એલેસ હ્રદલિકકાએ હિમયુગના અંત સમય લગભગમાં એ સમયની બેરિંગની સંયોગી ભૂમિ દ્વારા એશિયામાંથી ખોરાક અને શિકારની શોધમાં અલાસ્કામાં પ્રથમ માનવ દાખલ થયો એવો અભિપ્રાય આપ્યો. ખાવન માઇલની પહોળાઇની આ સંયોગીભૂમિ જ નહિ, પણ અલાસ્કાની પશ્ચિમે પ્રશાંત મહાસાગરમાં એશિયાના પૂર્વ કાંઠા સુધીના લગભગ ૧૨૦૦ માઇલના વિસ્તારમાં ટાપુઓની એક વિશાળ હારમાળા છે તે હિમયુગમાં સળંગ માર્ગ તરીકે ખુલ્લી હતી, જેને કારણે એશિયામાંથી પશુઓ, પક્ષીઓ, વનસ્પતિઓ અને માનવોની સેંકડો વર્ષો સુધી આયાત થયા કરી હતી. જેમ આયાત થઈ હતી તેમ ઘોડા જેવાં પશુઓ એશિયામાં પણ આવ્યાં હતાં. જેમ પૂર્વ પશ્ચિમનો માર્ગ ઉઘાડો હતો તે પ્રમાણે ઉત્તર-દક્ષિણ ૧૩૦૦ માઇલની બેઉ દિશાએ ઢાળવાળી ખુલ્લી જમીન તેમ છીછરો સમુદ્ર પણ હતો. એટલે એશિયા અને અમેરિકાના ઉત્તર બાજુના પ્રદેશ જમીનથી જોડાયા હતા. હિમ યુગના અંત સાથે બરફ ઓગળતો ચાલ્યો અને બેરિંગની સંયોગીભૂમિ ખુદ સરેરાશ ૧૨૦ ફૂટ નીચી છે. તેની નીચે સમુદ્રની સપાટી ૩૦૦ ફૂટ લગભગ નીચે હતી, તે ઉંચે આવવા લાગી. ને સંયોગીભૂમિને પણ દબાવવાતી ચાલી ને આગળ જતાં સમુદ્રની આજની સપાટી સ્થિર થઇ. એશિયામાંથી આવવાનો પેલી ૧૨૦૦ માઇલોનો ટાપુઓ (એ વખતના ડુંગરાઓ)નો માર્ગ વહેલો બંધ થયો અને બેરિંગની સંયોગીભૂમિ પછીના સમયમાં પાણીથી ઢંકાતી આવતા પાણીની સપાટી ઉપર આવતી ગઇ ને સરેરાશ આશરે ૧૨૦ ફૂટ પાણી ધરાવતી બેરિંગની સમુદ્રધુની બની ગઇ.

ઉપર જણાવ્યું તેમ બેરિંગની સામુદ્રધુનીની વધુમાં વધુ ઊંડાઇ ૧૫૦ ફૂટ છે. જો દિવસ ધુમ્મસ વિનાનો ચોખ્ખો હોય તો પ્રિન્સ ઓફ વેલ્સની અલાસ્કામાંની ભૂશિરના મથાળેથી સાખીરિયાની ટ્રેઝનેવ ભૂશિરની જમીન જોઇ શકાય છે. સેન્ટ લોરેન્સ ટાપુ, મોટો ડિયોમીડે ટાપુ, નાનો ડિયોમીડે ટાપુ અને વધુ નાના અનેક ટાપુ પગથિયાં જેવા જોવા મળે છે. સામુદ્રધુનીની દક્ષિણે બેરિંગનો સમુદ્ર છે, જેની સપાટી તદ્દન સપાટ અને સુંવાળી છે, જે દક્ષિણમાં આગળ વધતાં એક માઇલે ૩ કે ૪ ઇંચના ઢાળથી એલ્યુનિઆન્સમાં ઉનિમાક ઘાટથી લઇ એશિયાના પૂર્વ કાંઠે આવેલી નેવારિનની ભૂશિર સુધી જાય છે, જ્યાં પાણીની ઊંડાઈ આજે ૪૫૦ ફુટની છે. અહીંથી આગળ દક્ષિણમાં વધતાં ઊંડાઇ ૧૫૦૦૦ ફુટની થઇ રહે છે. બેરિંગની સામુદ્રધુનીની ઉત્તરે આવેલા ચુકચી સમુદ્રની સપાટી એવી સપાટ અને સુંવાળી નથી. અને ઊંડાઇ ૧૨૦ થી ૧૮૦ ફુટની જોવા મળી છે.

એશિયા અને અમેરિકા વચ્ચે હિમયુગમાં વિસ્તારવાળી જમીનથી જોડાણ હતું ત્યારે હિમયુગ દરમ્યાન પણ શરૂથી લઇ શરીર રુવાંટીવાળા નાનાં પ્રાણીઓ (mammals) એશિયામાંથી અમેરિકામાં આવતાં રહ્યાં હતાં, આમાં નાનાં ઉંદર બિસકોલી જેવાં પ્રાણીઓ પણ. મોટાં પ્રાણીઓ પ્રમાણમાં મોડેથી આવ્યાં હતાં મેસ્ટોડોન અને મેમ્મોથ (ગોળવળના લાંબાં દંતૂશળવાળા પ્રાચીનતમ હાથી), રીંછના પ્રકારના ઘેરાવાળવાળો ખળદ (Musk-ox) આછી રુવાંટીવાળો જંગલી બળદ (bison) સાબરના ઘાટનું એક પ્રાણી (Moose) એનાથી નાની એક જાત (Elk) પહાડી ઘેટાં અને બકરાં, ઊંટ, શિયાળ, રીંછ, વરુ અને ઘોડો આમાંથી મોટા ભાગનાં પ્રાણીઓ પાછળથી નામશેષ થઇ ગયાં. ઉત્તર અમેરિકામાં એ હતા એ તો એવોના મળી આવેલા અસ્મીભૂત અવશેષો (Fossils) જાણવામાં આવ્યું છે. મોટા ભાગનાં આ પ્રાણીઓ ગરમ દેશમાંથી આવેલાં હોય એમ જોવામાં આવ્યું છે. વનસ્પતિ આવી છે એને માટે વનસ્પતિશાસ્ત્રીઓ દૃઢતાથી માની રહ્યા છે કે બેરિંગના એ સમયની સંયોગી ભૂમિ જ માત્ર નહિ, પણ જમીનનો મોટો વિસ્તાર બેઉ ખંડોને જોડનારો પાણીની ઉપર હતો અને એ હિમયુગ દરમ્યાન કયારે એ માનવે નવી દુનિયામાં પ્રવેશ કર્યો અને એ કયા વંશનો યા માનવજાતિનો હતો? આ વિષયમાં સતત સંશોધન હજુ સુધી ચાલુ છે.

યુરોપીય વિદ્વાન સંશોધકોએ ત્યાં ત્યાં મળેલા પથ્થરનાં હથિયારો તેમ પશુઓની અને માનવ અસ્થિભૂત અવશેષોનો અભ્યાસ કરી જુદે જુદે સ્થળે માનવ કયારે અસ્તિત્વમાં હતો એ શોધી કાઢયું છે. અહીં એની એક તારીજ રજુ કરું છું.

ક્લિફોર્નિયાના કલિફ્ટા પહાડના વિસ્તારમાં	ઇ. પૂ.	૫૦,૦૦૦
મેક્સિકો	,,	૪૦,૦૦૦
લૂઇવિલ	,,	૩૮,૦૦૦
દક્ષિણ અમેરિકા	,,	૨૮,૦૦૦
પેરુ	,,	૨૨,૦૦૦
અલાસ્કા-પ્રસ્તર યુગ	,,	૨૦,૦૦૦
વેનેઝુએલા પેદેગાલ નદી	,,	૧૪,૫૦૦
વેસ્ટ ઇન્ડીઝ-બ્રિટિશ કોલમ્બિયા-બ્રાઝિલ	,,	૭,૦૦૦

અલાસ્કામાં ૨૦,૦૦૦ અને કેલિફોર્નિયામાં ૫૦,૦૦૦ આટલો તફાવત શા માટે? પ્રવેશનો માર્ગ તો અલાસ્કા જ હતો! કારણ એ છે કે સમુદ્રની સપાટી જ્યારે ૪૫૦ ફૂટ નીચી હતી ત્યારે જેમ બેરિંગની એ સમયની સંયોગીભૂમિથી અલાસ્કાના આજના સમુદ્ર તટથી પ્રશાંતમાં વધુ વિસ્તારમાં જમીન ઉઘાડી હતી એટલું જ નહિ, એની દક્ષિણના એશિયા અને અલાસ્કા વચ્ચેના આજના ટાપુઓની શૃંખલાના ખચકા પણ ખુલ્લા હતા. એટલે માનવો અને પશુઓને માટે એ માર્ગ પણ ખૂલ્લો હતો. હિમયુગ પૂર્ણ થતાં સમુદ્રના પાણીની સપાટી ૪૫૦ ફૂટ જેટલી આજની સપાટીએ લગભગ આવી ગઇ ત્યારે દક્ષિણ સમુદ્રતટ અને આજના સમુદ્રતટ વચ્ચેની ખુલ્લી જમીન પણ પાણીની નીચે આવી જતાં એ પટ્ટી પરથી સમયના વ્યાપમાં કેલિફોર્નિયા સુધી આગળ વધતા માનવોના અવશેષ પણ પાણીમાં ગરક થઈ ગયા અને નષ્ટ થઇ ગયા. જે અલાસ્કામાં પહોંચ્યા તેઓના અસ્મીભૂત અવશેષ ઇ. પૂ. ૨૦,૦૦૦ વર્ષ ઉપરનાં મળ્યા, કેલિફોર્નિયામાંથી આગળ વધેલા માનવોના અસ્મીભૂત અવશેષ મેક્સિકોમાં ઇ. સ. પૂર્વે ૪૦,૦૦૦ તો પૂર્ણ મધ્યમાં લૂઇવિલમાં, ઇ. સ. પૂર્વે લૂઇવિલમાં ૩૮,૦૦૦ ના, દક્ષિણ અમેરિકામાં ૨૮,૦૦૦ નાથી લઇને ૧૪૫૦૦ થી પણ આ બાજુના તો મધ્ય પૂર્વની સામે આટલાન્ટિકમાંના વેસ્ટ ઇન્ડિઝના ઇ. પૂ. ૭૦૦૦ ના.

(ક્રમશ :)

સ્પર્શાદિ પરિણમન અને ભવ્યાભવ્ય સ્વભાવ

● પં. પનાલાલ જ. ગાંધી

દ્રવ્યમાં ગુણ જાતિભેદ કરે છે અને ગુણ પ્રમાણે કાર્ય થાય છે. પ્રદેશત્વ ગુણને જાળવી રાખે છે. અને ગુણ, દ્રવ્ય (પ્રદેશ પિંડ)ની જાતિ જાળવી રાખે છે પ્રદેશનો આધાર લઈને ગુણ કાર્ય કરી આપે છે. પ્રદેશ એ ગુણની ભૂમિ છે. ભૂમિ એ આધાર છે. આમ પ્રદેશ અને ગુણનું જે તદ્‌રૂપપણું છે, તેનું નામ ભવ્યત્વ છે. પાંચે અસ્તિકાયને આ અપેક્ષાએ ભવ્ય સ્વભાવ છે. ગુણકાર્ય કરવારુપ પરિણમન તે ભવ્યત્વ એ પરિણમન અવસ્થાંતરપણાનું હોઈ શકે છે, અથવા તો સમસ્થિતિમાં રહેવા પૂર્વક પણ પરિણમન હોઈ શકે છે.

ધર્મ – અધર્મ – આકાશ અને સિદ્ધપરમાત્મા, એ ચારે અસ્તિકાયમાં, પોતપોતાના ગુણમાં કોઈ ભેદ પડતો નથી. માટે તે પ્રદેશોનું ગુણ સાથે જે પરિણમન છે, તે તદ્‌રૂપ પરિણમન છે, જેમાં કોઈ પરિવર્તનતા નથી. આ ભવ્ય સ્વભાવ અનુપચરિત છે.

સંસારી જીવ અને પુદ્‌ગલનો સંબંધ, તથા પુદ્‌ગલ અને પુદ્‌ગલનો સંબંધ, જ્યારે એકક્ષેત્રી થાય ત્યારે તેને પણ ભવ્યત્વ કહેવું પડે. સંસારીજીવ અને પુદ્‌ગલનો જે એકક્ષેત્રી સંબંધ થાય તેને **'ઉપચરિત ભવ્યત્વ'** કહેવાય છે. જ્યારે જીવ અને જ્ઞાનનું પરિણમન એ **'અનુપચરિત ભવ્યત્વ** છે.

ઉપચરિત ભવ્યત્વ ધર્મ-અધર્મ-આકાશ અને સિદ્ધ-પરમાત્મામાં નથી. ઉપચરિત ભવ્યત્વ માત્ર સંસારી જીવ અને પુદ્‌ગલના બદ્ધ સંબંધ વિષે જ ઘટે છે.

પાંચે અસ્તિકાયનું, જે સ્પર્શ પરિણમન છે. તે **'સ્પર્શ ભવ્યત્વ'** છે. એ એ એકક્ષેત્રી અવગાહના છે આકાશમાં આકાશ પ્રદેશ સહિતના બધાં ય પાંચે અસ્તિકાયનું ચૌદ રાજલોક પૂરતું એકક્ષેત્રી અસ્તિત્વ છે. જે **'સ્પર્શ પરિણમન ભવ્યત્વ'** છે.

ગુણની અંદર ગુણભેદથી જે પરિણમન છે. તેને પણ ભવ્યત્વ કહેવાય આવું ભવ્યત્વ ધર્મ અધર્મ આકાશ અને સિદ્ધ પરમાત્મામાં નથી. આ ચારેયમાં તેમના ગુણમાં સમરસમાત્રા છે. જ્યારે સંસારીજીવ અને પુદ્‌ગલ દ્રવ્યમાં વિષમરસમાતા છે. પોતાના પ્રદેશોનો આધાર લઈને ગુણ, ભેદરૂપ કાર્યરૂપે પરિણમે છે એટલે એને ઉપચરિત ભવ્યત્વ કહેવાય છે.

આમ ત્રણ પ્રકારના ભવ્યત્વ આપણે જોયાં કે...(૧) સ્પર્શ પરિણમન ભવ્યત્વ (૨) બદ્ધ પરિણમન ભવ્યત્વ અને (૩) તદ્‌રૂપ પરિણમન ભવ્યત્વ.

બદ્ધ પરિણમન માત્ર સંસારી જીવ અને પુદ્‌ગલના સંબંધમાં ઘટે છે. જે અનિત્ય છે. અને એમાં ગુણનું પરિણમન રૂપાંતરતાએ છે જેથી ભિન્ન ભિન્ન છે.

પુદ્‌ગલ દ્રવ્યમાં (૧) પોતાના પ્રદેશનું એકક્ષેત્રી અવકાશમાં રહેલ અવગાહન સ્પર્શ પરિણમન ભવ્યત્વ.

(૨) પોતાના ગુણનું તદ્‌રૂપ પરિણમન ભવ્યત્વ તથા.

(૩) પોતાના ગુણમાં પડતાં ગુણભેદને કારણે રૂપાંતર પરિણમન ભવ્યત્વ છે.

ચારે ય અરૂપી અસ્તિકાયમાં ગુણભેદ, રૂપાંતરતા અને અનિત્યતા નથી પરંતુ કેવલ 'તદ્‌રૂપ પરિણમન' છે.

અચિત પુદ્‌ગલદ્રવ્યનું જે ભવ્યત્વ છે તે ક્રમિક અને વિનાશી ધર્મવાળું છે. કાળાંતરે રૂપરૂપાંતરને પામનારું છે.

પથ્થરનો ધર્મ અદ્રાવ્યત્વ છે. એ કઠોર અને કઠિન છે. સાકરનો ધર્મ દ્રાવ્યત્વ છે. એ મૃદુ છે, દ્રવી જાય છે. ઓગળી જાય છે.

પુદ્‌ગલદ્રવ્ય અનંત રૂપે પરિણમે છે અને સંસાર ચાલે છે. કેમ કે પુદ્‌ગલદ્રવ્ય અનંત રૂપે પણ પાછું ભિન્ન-ભિન્ન ગુણધર્મે અને ભિન્ન-ભિન્ન રૂપે પરિણમે છે.

દરેક દ્રવ્ય, પોતપોતાના ગુણધર્મો સાથે ભવ્ય પરિણમનવાળા છે. અને અન્યના ગુણધર્મોને ન પામવારૂપ અભવ્ય સ્વભાવવાળા છે. આ અસ્તિ-નાસ્તિ જેવું છે.

સંસારી જીવોને ભવિ અને અભવિ એમ બે પ્રકારના જણાવેલ છે. જ્યારે સિદ્ધ પરમાત્મામાં એ રીતે ભવિ-અભવિ ઘટતું નથી.

સંસારી જીવના બે પ્રકારના ભવ્યત્વ લેવાના.....

એક તો (૧) સંસારી જીવનું પુદ્‌ગલદ્રવ્ય સાથે **'બદ્ધ સંબંધરૂપ ભવ્યત્વ'**, અને

બીજું (૨) સંસારી જીવમાં અભ્યંતર **'અધ્યવસાય રૂપ ભવ્યત્વ.'**

અધ્યવસાયના ભેદ એટલે શાસ્ત્રકારોએ બતાવેલા ગુણ સ્થાનકોના ભેદ.

તામસ-રાજસ-અને સાત્વિક એવા શુભાશુભ અધ્યવસાયોના અસંખ્ય ભેદ છે.

તામસભાવ એટલે...'મારું તો મારું જ પણ તારું ય મારું' એવું હિંસા, ચોરી, જૂઠ, આદિ યુકત, અન્યને પરેશાન કરવા પૂર્વકનું અવિવેકી, ઉપદ્રવી જીવન, જે સંપૂર્ણ મિથ્યાત્વ મોહનીયના ઉદયવાળું અર્થાત્ અનંતાનુબંધી કષાયના ઉદયવાળું જીવન હોય છે.

રાજસભાવ એટલે...'મારું એ મારું અને તારું એ તારું મારું હું ભોગવું, તારું તું ભોગવ.' એવાં ભાવવાળુ, અન્યને પરેશાન કર્યા વિનાનું, એશ-આરામ, વૈભવ-વિલાસવાળું ભોગી જીવન હોય છે, જે નિરૂપદ્રવી જીવન છે પણ પરોપકારી નિર્દોષ જીવન નથી.

જ્યારે સાત્વિક ભાવમાં તો 'તારું તો મારે ન જોઈએ પણ મારું પણ મને ન જોઈએ' એવા ભાવ પૂર્વકનું ત્યાગ-વૈરાગ્ય યુકત પરોપકારી નિર્દોષ એવું ક્રમયોગથી લઈને ક્ષપકશ્રેણિ મંડાય ત્યાં સુધીનું તે ઠેઠ દશમા ગુણ સ્થાનકે લોભ મોહનીય જાય ત્યાં સુધીનું સાધક-યોગી જીવન હોય છે.

સંસારીજીવ આ સર્વ તામસ-રાજસ સાત્વિક ભાવો અર્થાત્ અધ્યવસાય સ્થાનકોને પરિણમવાને અધિકારી છે.

અભવિ જીવ તામસ-રાજસ ભાવોના બધાંય અધ્યવસાયોને પામી શકે છે. પરંતુ સાત્વિક ભાવોના બધાં ય અધ્યવસાય સ્થાનકોને પામી શકવા તે સમર્થ નથી. અભવિ જીવો લૌકિક સાત્વિક ભાવોને સ્પર્શી અટકી જાય છે એથી આગળ લોકોત્તર સાત્વિક ભાવોમાં એમનો પ્રવેશ શકય નથી અને તેથી જ તેમનો મોક્ષ થતો નથી. માટે તેમને અભવિ કહેલ છે. છતાં ય, અભવિ જીવ પણ પોતાના જ્ઞાન-દર્શન ગુણ સાથે, તદ્‌રૂપ પરિણમનરૂપ ભવિ તો હોય જ છે.

અભવિ જીવ, સાધના પથ ઉપર, કયારેય પહેલાં ગુણ-

સ્થાનકથી આગળ વધી શકતો નથી. અને મિથ્યાત્વમાંથી સમ્યકત્વને પામતો નથી.

અવિરતિમાંથી, દ્રવ્ય વિરતિમાં આવવા છતાં ભાવ વિરતિને પામી શકતો નથી. કષાયમાંથી વીતરાગતાને પામતો નથી અને તેથી તેનો કયારેય મોક્ષ થતો નથી. માટે તે અપેક્ષાએ એવા જીવોને અભવિ કહેલ છે.

જે જીવો મોક્ષના લક્ષ્યે બધાં ય સાત્વિક ભાવોને પામવાના છે તે સહુ જીવોને 'ભવિ' જીવ કહેલ છે.

આમ પુદ્ગલના જેમ બે ભેદ 'સચિત' અને અચિત' છે. તેમ જીવોના મુખ્ય બે ભેદ છે. 'સંસારી' જીવો અને 'સિદ્ધ'ના જીવો. વળી આગળ સંસારી જીવોના પાછાં બે ભેદ પડે છે 'ભવિ' અને 'અભવિ' જે ઉપર જણાવ્યા મુજબ છે.

ભાવ છે તે જીવ છે અને જીવ છે તેને ભાવ છે. આ ભાવો પહેલાં તો બે પ્રકારના છે 'શુદ્ધ' અને 'અશુદ્ધ'. શુદ્ધ ભાવ પુદ્ગલ નિરપેક્ષ છે જે 'આત્મભાવ' – અર્થાત્ સ્વભાવ' છે જ્યારે અશુદ્ધ ભાવ પુદ્ગલ આશ્રિત ભાવ છે. આ અશુદ્ધભાવના પાછાં બે ભેદ પડે છે, જે 'શુભ ભાવ, અને 'અશુભ ભાવ' કહેવાય છે. અશુભ ભાવો 'તામસ' અને 'રાજસ' પ્રકારના ભાવો છે, જ્યારે શુભ ભાવો 'સાત્વિક' અને 'સમ્યગ્' પ્રકારના ભાવો છે. મોક્ષના લક્ષ્ય પૂર્વકના જે સાત્વિક ભાવો છે, તે લોકોત્તર સાત્વિક ભાવ એટલે કે સમ્યગ્ ભાવ છે.

વૈરાગ્ય ભાવ, એટલે અશુદ્ધભાવ, કારણ કે પુદ્ગલ સાપેક્ષ છે. અને વીતરાગતા આવી નથી. પરંતુ તે અશુદ્ધ છતાં ય વૈરાગ્ય ભાવ છે. માટે તે, સાત્વિક ભાવ કહેવાય. એ વૈરાગ્યભાવ આલોક પરલોક યાને સ્વર્ગના સુખને લક્ષ્યે નહિ પણ અપવર્ગ અર્થાત્ મોક્ષ સુખના લક્ષ્યે હોય તો તે લોકોત્તર સાત્વિક ભાવ અર્થાત્ સમ્યગભાવ કહેવાય છે. વૈરાગ્યની પરાકાષ્ટા વીતરાગતા છે. જે વીતરાગતા શુદ્ધભાવ છે.

ભવ્ય અને અભવ્યના ભેદ સંસારીજીવમાં પડે છે. જ્યારે 'ધર્મ'–'અધર્મ''–'આકાશ' અને 'સિદ્ધ પરમાત્માના જીવો' પોત પોતાના ભાવમાં અર્થાત્ 'સ્વ' ભાવમાં હોવાથી ત્યાં ભવ્ય, અભવ્યનો પ્રશ્ન ઉદ્ભવતો નથી. તેમ પુદ્ગલદ્રવ્યમાં પણ પુદ્ગલદ્રવ્યનો એક પરમાણુ, પુદ્ગલદ્રવ્યના બધાં ય ભાવોને અર્થાત્ પર્યાયોને પામી શકતો હોવાના કારણે, ત્યાં બધાં જ પરમાણુ ભવ્ય છે. એથી પુદ્ગલ વિષે ય ભવ્ય કે અભવ્યનો પ્રશ્ન ઉદ્ભવતો નથી.

પુદ્ગલદ્રવ્યમાં બંધ–મોક્ષ તત્ત્વ નથી. બંધમોક્ષ તત્ત્વ સંસારી જીવને જ હોય છે. કારણ કે 'ઉપચરિત' અને 'અનુપચરિત' માત્ર જીવદ્રવ્યને જ લાગુ પડે છે બદ્ધ સંબંધ કેવલ સંસારી જીવને છે. અને તેથી બંધ તત્ત્વ છે. જે ઉપચરિત ભવ્ય સંબંધ છે. પરંતુ ભવિ જીવો અનુપચરિત ભવ્યતાને પામી શકે છે તેથી જ સંબંધની સામે 'મોક્ષ' તત્ત્વ છે.

સાતમો જૈન સાહિત્ય સમારોહ

અહેવાલ : ગુલાબ દેઢિયા

પ્રાચીન ભારતમાં ઉત્તર ગુજરાત આનર્ત તરીકે ઓળખાતું હતું. ત્યારે ઉત્તર ભારત તથા સ્થંભતીર્થ (ખંભાત) વચ્ચેના વ્યાપારનું પ્રવેશદ્વાર ચંદ્રાવતી હતું. જ્યારે ચંદ્રાવતીની ગાદી પર રાજયોગી ધારાવર્ષદેવ આવ્યો ત્યારે રાજ્યમાં સાહિત્ય, કળા અને વ્યાપારને વિશેષ પ્રોત્સાહન મળ્યુ. તેનો નાનો ભાઇ પ્રહ્લાદનદેવ સાહિત્ય અને કળાનો ભોકતા હતો. તેણે આજના પ્રહલાદનપુર–પાલનપુરની સ્થાપના વિક્રમના ૧૩મા સૈકામાં કરી. જૈન સાધુ પદ્મસાગરજી મહારાજની કૃપાથી તે અઢળક ધન કમાયો અને પ્રહલાદનપુરમાં અનેક વિદ્વાનોને નિમંત્રી ધર્મગ્રંથો લખવાની સગવડ ઊભી કરી આપી. જેની સાક્ષી રૂપે આજે પણ પાલણપુરના જૈન દેરાસરમાં પ્રહલાદન દેવની પ્રતિમા મોજુદ છે. અકબર બાદશાહને બોધ પમાડનાર હીરવિજયસૂરીશ્વરજી મ.સા.ની જન્મભૂમિ પાલનપુર છે. 'હીરવિજય–સૂરિ' રાસ નામની કૃતિમાં પાલનપુરનો ઇતિહાસ આલેખાયો છે. આજે પણ પાલનપુર મશહુર છે ઝવેરીઓ અને ફોટોગ્રાફરો માટે, અત્તર અને શાયરો માટે.

ઐતિહાસિક ગૌરવ ધરાવતા પાલનપુર શહેરમાં સાતમો જૈન સાહિત્ય સમારોહ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે પાલણપુરનો વિવિધલક્ષી વિદ્યા મંદિર, જૈન સંઘો અને શ્રી પાલણપુર સમાજ કેન્દ્રના સહયોગથી તા. ૩, ૪ અને ૫ જાન્યુઆરી ૧૯૮૬ના શિલ્પ, સ્થાપત્ય અને કલાના ઊંડા અભ્યાસી ડો. ઉમાકાન્ત પી. શાહના પ્રમુખપદે યોજાયો હતો.

વિદ્યામંદિરના પ્રાંગણમાં શ્રી પાલનપુર શિશુશાળા, બાલ-મંદિર અને એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો. સત્યવતી–બેન ઝવેરીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું હતું કે, સંસ્કૃતિના બીજ નાબૂદ થતાં નથી.આપણે જાહોજલાલીમાં ભરતી ઓટ આવ્યા કરે છે. પણ સંસ્કૃતિ કયાંક ને કયાંકથી અંકુરિત થતી રહે છે વિદ્યામંદિરના પરિવારે એ ગર્ભિત શકિતને ચેતનવંતી રાખવાનું કાર્ય હાથ ધર્યું છે.

જૈન તત્ત્વજ્ઞાનના જે સિદ્ધાંતો છે તે આજની અનેક સમસ્યાઓને ઉકેલવામાં કઇ કઇ રીતે ભાગ ભજવી શકે છે તે તપાસવા જૈન ધર્મના મૂલ્યોનું અનેક દૃષ્ટિકોણથી મૂલ્યાંકન થવું જોઇએ. જૈન સાહિત્યના અનેક જ્ઞાનભંડારોમા અસંખ્ય પુસ્તકો અને હસ્તપ્રતો વણઉકેલ્યાં છે અને સંશોધન–સંપાદન ક્ષેત્રે કાર્ય થવું જોઇએ. આ સાતમા જૈન સાહિત્ય સમારોહ પ્રસંગે પૂ. સ્વ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના સમુદાયના મુનિ શ્રી ધર્મધુરંધરવિજયજી મહારાજ સાહેબ તૈયાર કરેલ 'જૈન આગમમા વિદ્યા' નામની રત્નકણિકાઓના પુસ્તક પ્રગટ કરી આપની સન્મુખ ધરતા હર્ષના લાગણી અનુભવું છું પાલનપુર જૈન સંશોધનનુ કેન્દ્ર બને તો દરેક પાલનપુરીઓને ગમશે એવા આકાંક્ષા વ્યકત કરું છું.

ત્યાર બાદ જૈન સ્થાનકવાસી સંઘ, જૈન યુવક મંડળ, વિવિધલક્ષી વિદ્યામંદિર અને જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ પાલનપુર તરફથી શ્રી કાન્તિલાલ મહેતાએ સૌનું સ્વાગત કરતાં કહ્યું હતું કે, સાહિત્ય સમારોહ પાલનપુરમાં યોજાઇ રહ્યો છે, એ મોટા ગૌરવ અને આનંદની વાત છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી શ્રી જગજીવનભાઇ પી. શાહે વિદ્યાલયની પ્રવૃત્તિઓની રૂપરેખા આપવાની સાથે કહ્યું હતું કે, વિજય વલ્લભસૂરીશ્વરજી મહારાજસાહેબે ધર્મની સાથે વ્યાવહારિક કેળવણીનું મહત્ત્વ સમજી વિદ્યાર્થીઓ માટે માટે છાત્રાલયની પ્રવૃત્તિને જે વેગ આપ્યો તે પ્રશંસનીય છે.

વિદ્યાલય આગામી વર્ષોમાં કન્યા છાત્રાલય શરૂ કરવા પણ વિચારી રહ્યું છે.

ત્યાર બાદ વિદ્યાલયના બીજા મંત્રી અને સાહિત્ય સમારોહના સંયોજક ડૉ. રમણલાલ ચી. શાહે જૈન સાહિત્ય સમારોહની ભૂમિકા સમજાવી હતી. એમણે કહ્યું હતું કે પ્રથમ સમારોહ વખતે ૪૦ જેટલા વિદ્વાનો અને વીસેક જેટલા નિબંધો આવ્યા હતા જ્યારે હવે ૧૨૫ થી વધુ વિદ્વાનો અને ૬૦ જેટલા નિબંધો આવે છે. પ્રથમ પાંચ સમારોહમાં રજૂ થયેલા નિબંધોમાંથી ચૂંટીને અમુક નિબંધોનો એક ગ્રંથ 'જૈન સાહિત્ય સમારોહ-ગુચ્છ-૧' નામે પ્રગટ થયો છે અને આ સમારોહ પછી ગુચ્છ-૨ પ્રકાશિત કરવા વિદ્યાલયે વિચાર કર્યો છે, સમારોહ નિમિત્તે વિદ્વાનો પોતાના નિબંધ તૈયાર કરવા નવા નવા વિષયોનો અભ્યાસ કરે છે. અહીં પરસ્પર સંપર્ક વધે છે. વિચાર વિનિમય થાય છે. તેથી જૈન સાહિત્ય અને તત્ત્વજ્ઞાનની દિશામાં નવો અભિગમ જન્મે છે પાલણપુરના આ સમારોહ માટે શ્રી ચન્દ્રકાન્ત ગાંધીએ ઘણી જહેમત ઉઠાવી છે. વિદ્યાલયે સાહિત્ય સમારોહ માટે કોઇ ઔપચારિક માળખું ઘડ્યું નથી. સમારોહનું કોઇ બંધારણ નથી. કે તેના સભ્યપદનું કોઇ લવાજમ નથી. આ એક સ્વૈરપણે વિકસતી પ્રવૃત્તિ છે. એમાં કોઇ ફિરકા ભેદ નથી કે જૈન-જૈનેતર એવી સામ્પ્રદાયિક સંકુચિતતા નથી આ આખી પ્રવૃત્તિ વિદ્યાલય, વિદ્વાનો અને નિમંત્રક સંસ્થાઓના સહયોગથી ચાલે છે. જૈન સાહિત્ય સમારોહને આંતર ભારતીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મૂકી શકીએ એ તરફ આપણું લક્ષ્ય છે. આપણાં સૌના પ્રયત્નો એ દિશામાં પ્રેરક બળ બની રહે એવી આશા વ્યકત કરું છું.

સાહિત્ય સમારોહ સમિતિના સભ્યો શ્રી નટવરલાલ શાહે અને શ્રી અમર જરીવાલાએ પ્રાસંગિક વકતવ્યો રજૂ કર્યાં હતાં.

શ્રી અમર જરીવાલાએ એવી શુભેચ્છાઓ વ્યકત કરી હતી કે, આ પ્રવૃત્તિ નિમિત્તે વપરાતું સાત્વિક દાન જરૂર ઊગી નીકળશે. અહીં જે દીપક પ્રગટાવવામાં આવ્યો છે. તેનો પ્રકાશ દૂર દૂર સુધી જશે.

પ્રા. તારાબેન ર. શાહે પાલણપુર શહેરની ભવ્યતાને યાદ કરી હતી. અહીં વિદ્વાનો અને આરાધકો છે. શ્રી કાંતુભાઇ મહેતા, સત્યવતીબેન ઝવેરી, સૂર્યકાન્ત પરીખ, ચંદ્રકાન્ત ગાંધી અને સરોજબેન મહેતા જેવા દ્રષ્ટિસંપન્ન કાર્યકરો છે. હીરવિજયસૂરિના આ જન્મસ્થાનમાં શ્રીમતી વસુબેન, ડૉ. હીરાભાઇ, શ્રી નગીનભાઈ વગેરે ઊંચી કોટીના જ્ઞાની અને આરાધકો હાલ વસે છે એ આપણા માટે ગૌરવની વાત છે. પાલણપુરીઓના હીરાના વ્યવસાય અને વિદ્વાનોના શિક્ષણ વ્યવસાયની સુંદર તુલના કરી કહ્યું હતું કે, બન્નેએ કાચા હીરામાંથી પાણીદાર હીરા સર્જવાના હોય છે.

સમારોહના પ્રમુખ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કલા વિભાગના ભૂતપૂર્વ નિયામક ડૉ. ઉમાકાન્ત પી. શાહે અધ્યક્ષસ્થાનેથી કહ્યું હતું કે, પ્રહલાદનદેવ જેવા સમર્થ સાહિત્યકારની આ ભૂમિ છે. વિદ્યામંદિરના નિયામક શ્રી સૂર્યકાન્ત પરીખ, લોકનિકેતનના સ્થાપક શ્રી હરિભાઇ અને બાલારામ સઘન ક્ષેત્રના સ્થાપક શ્રીમતી વિમળાબહેન મહેતા માત્ર પાલણપુર કે ગુજરાત માટે જ નહિ પણ હિન્દ માટે ગૌરવરૂપ છે.

ધર્મમાં આશાનું તત્ત્વ મહત્ત્વનું છે. જૈન ધર્મ અહિંસા-પ્રધાન છે. પરંતુ અહિંસાને સિદ્ધ કરવા માટે સત્યની શોધ મહત્ત્વની છે. અહિંસા પાછળ સત્ય ન હોય તો અહિંસા પણ ટકતી નથી. બધા જ ધર્મોમાં સત્ય મુખ્ય શકિત રૂપે છે.

આપણે સાહિત્યકારો વાતો કરીએ છીએ, આચરણ કરતા નથી. ધર્મની તત્ત્વચર્ચા અને સાહિત્યચર્ચા આચરણ વગર નકામાં છે. મોક્ષ માટે સતત પુરુષાર્થ કરવો જોઇએ. પંચ મહાવ્રતો અને અણુવ્રતો ઉપર ભાર આપવો જોઇએ. ભાવસિદ્ધિ સત્યથી આવે છે. સત્ય જ સારભૂત છે.

વિદ્યામંદિરના નિયામક શ્રી સૂર્યકાન્ત પરીખે પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે, આધુનિક વિજ્ઞાન સાથે ધર્મને કઇ રીતે સાંકળી શકાય તે ખાસ જોવાનું છે વિજ્ઞાન એકલું કશું નહિ કરી શકે એની પ્રતીતિ વિજ્ઞાનને પણ થઇ ગઇ છે. વિજ્ઞાનને ધર્મ સાથે નિકટનો સંબંધ છે, બન્ને સાથે રહેશે તો સત્યની શોધ થઇ શકશે.

હિંસાથી નાશ છે, અહિંસાથી જીવન છે. આજની પરિસ્થિતિમાં સર્વત્ર બીજા પર આધિપત્ય જમાવવાનું વલણ વધતું જાય છે. જૈન ધર્મનું મૂળ તત્ત્વ સમત્વ છે. શોષણથી નહિ પણ પ્રેમથી સૌને જીતવાના છે.

શનિવાર તા. ૪-૧-'૮૬ ના સવારના તત્ત્વજ્ઞાનની બેઠક પં. પન્નાલાલભાઇ ગાંધીના અધ્યક્ષપદે મળી હતી. પન્નાલાલભાઇ તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી છે. દ્રવ્યાનુયોગના પ્રખર જ્ઞાતા છે. પં. પન્નાલાલભાઇ ગાંધીએ પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે, જૈન સાહિત્ય સમારોહને 'સ્વરૂપ સાહિત્ય સમારોહ' કહેવો જોઇએ. સ્વરૂપ સાહિત્યમાં જ્ઞાન, દર્શન, તપ અને ચારિત્ર બધું જ આવી જાય છે. શાસ્ત્રજ્ઞાન આત્મજ્ઞાન માટે છે. તે તેમાં ન પરિણમે તો પછી અર્થ શો ? અરીસો જોઇ તેમાં મોઢું જોઇએ છીએ. અરીસો તિરોહિત થઇ જાય છે. શાસ્ત્ર અરીસાની જેમ સાધન છે, આત્મા સાધ્ય છે. બુદ્ધિ, શ્રમ, ઇચ્છા અને શ્રદ્ધા વગર જીવી ન શકાય. એ ચારેને દર્શન, જ્ઞાન, તપ અને ચારિત્રમાં લીન કરવાનાં છે. ચાર ભાઇઓ પિતાની મિલકતમાંથી વારસો મેળવવા કોર્ટે ચડે છે. પણ આપણે પરમાત્માનો વારસો મેળવવા કંઇ જ કરતા નથી. સમારોહ' પણ કેવળજ્ઞાન પરનું આરોહણ બની રહે એ જોવાનું છે

આપણો આત્મા અવિનાશી છે. આપણે જીવનમાં બધી વસ્તુઓ અવિનાશી ઇચ્છીએ છીએ. પછી ભલે તે માટલું હોય કે કપડું હોય કે જીવનસાથી હોય. કે સર્વત્ર પૂર્ણતાની માંગ છે. પૂર્ણતાએ જ્ઞાનનું સાચું સ્વરૂપ છે.

તત્ત્વજ્ઞાન વિભાગના પ્રથમ વકતા પં. શાંતિલાલ કેશવલાલ શાહે 'જૈનત્વ' વિશે બોલતાં કહ્યું હતું કે, પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવો એ ગુણીપુરુષને નમસ્કાર કરવા બરાબર છે. એ મોટામાં મોટું ગુણાવલંબન છે, ભાવનમસ્કાર હોવા જોઇએ. કર્મની પરાધીનતામાંથી મુકત થવું એ જ ખરો પુરુષાર્થ છે. એ માટે નમસ્કાર કરવાનો છે જેને પોતાનું આત્મજ્ઞાન થઇ ગયું છે તે વિદ્વાન છે, તે સમ્યક દૃષ્ટિ છે.

પ્રા. તારાબેન ર. શાહે 'ગૌતમ-મહાવીર સંવાદ' વિશેના પોતાના વકતવ્યમાં 'સંવાદ'ના કેટલાંક દ્રષ્ટાંતો આપીને જણાવ્યું હતું કે ગૌતમસ્વામીના જીવનમાં વિનયનું તત્ત્વ કેટલું બધું જોવા મળે છે. એમણે ભગવાનને પૂછેલા કેટલાય પ્રશ્નોના ઉત્તર પોતે તો જાણતા હતા એટલે એમના કેટલાય પ્રશ્નો પોતાને જાણવા માટે નહિ પરંતુ સમવસરણમાં બેઠેલા અનેક જીવોની જિજ્ઞાસા સંતોષાય એ માટે ભગવાનને પૂછવામાં આવેલા.

ભગવાન મહાવીરસ્વામી પણ પ્રશ્નોનો ઉત્તર આપતી વખતે વાત્સલ્યથી 'હે ગોયમ !' એમ સંબોધન કરીને જ આપતા હતા.

ગૌતમ સ્વામી અને મંડારીસ્વામી વચ્ચે થયેલા આ પ્રશ્નોત્તરમાં જૈન ધર્મનો સાર આવી જાય છે.

શ્રી નેમચંદ એમ. ગાલાએ 'જૈન દર્શન અને મનોદૈહિક રોગો' વિશે પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે, આ સૃષ્ટિ સ્નેહથી ચાલે છે, સામર્થ્યથી નહિ, આવેગોથી સંચાલિત છે બુદ્ધિથી નહિ. મનના વિવિધ આવેગો, સંવેદનો, ઊર્મિઓ એટલે કે રાગદ્વેષ જેવી વૃત્તિઓ અને શારીરિક માંદગી વચ્ચેના સંબંધના વૈજ્ઞાનિક અભ્યાસ અને અન્વેષણને 'સાઇકોસોમેટિક' અથવા મનોદૈહિક રોગો કહેવામાં આવે છે. શરીરને માટે સૌથી વધુ હાનિકારક કષાય હોય તો તે છે ક્રોધ. જૈન ધર્મના પાલનથી શારીરિક અને માનસિક સ્વસ્થતા મળે છે.

ડૉ. રમણલાલ ચી. શાહે 'લબ્ધિ' વિશે બોલતાં કહ્યું હતું કે, 'ગૌતમસ્વામીનું આ ૨૫૦૦ મું નિર્વાણ વર્ષ હોવાથી અને ગૌતમસ્વામીને લબ્ધિના ભંડાર તરીકે ઓળખાવવામાં આવે છે એથી લબ્ધિ વિષે જાણવું ઉપયોગી થઇ પડશે. ચમત્કારો જગતમાં ઘણા બને છે. કેટલાક સાચા હોય છે અને કેટલાક બનાવટી હોય છે. જે વ્યક્તિના પવિત્ર જીવનમાં લબ્ધિઓ પ્રગટ થાય છે તેમના જીવનમાં ચમત્કારો બનતા જોવામાં આવે છે. લબ્ધિ એટલે વિશિષ્ટ અસાધારણ શક્તિનો લાભ. મન, વચન અને કાયાના વિશુદ્ધ યોગ વિના એ પ્રાપ્ત ન થાય. લબ્ધિને જ્ઞાના-વરણીય કર્મના ક્ષયોપક્ષમથી પ્રગટ થતી શક્તિ તરીકે ઓળખાવવામાં આવે છે તો વિશિષ્ટ પ્રકારના તપથી પ્રગટતી શક્તિ તરીકે પણ ઓળખાવામાં આવે છે. કેટલીક લબ્ધિઓ મિથ્યાત્વીને પણ હોઇ શકે તો કેટલીક લબ્ધિઓ સમકિતને જ માત્ર હોય છે. જે વ્યકિત પોતાનામાં પ્રગટ થયેલ લબ્ધિઓમાં પ્રસિદ્ધિ મેળવવા જાહેરમાં પ્રયોગો કરવાનું વિચારે છે તેની લબ્ધિ ઘડીકમાં ચાલી જાય છે. જે ભવ્યાત્માઓ લબ્ધિ પોતાનામાં પ્રગટ થઇ લબ્ધિઓમાં મોહવશ થઇ ખેંચાતા નથી તે જ ભવ્યાત્માઓ ઉપરના ગુણસ્થાને જવા શ્રેણી માંડી શકે છે.

ડૉ. નીલેશ દલાલે 'શ્રીમદ્ રાજચન્દ્રના સાહિત્યમાં રહસ્યવાદ' વિશે પોતાનો નિબંધ રજૂ કરતાં કહ્યું હતું કે, શ્રીમદ્નાં લખાણો વાંચતાં ખ્યાલ આવે છે કે, પરમતત્ત્વની વાત કરતાં કરતાં વાક્યો વચ્ચે જ અટકી ગયેલા જણાય છે. શ્રીમદ્ જે અનુભવતા હતા તે શબ્દમાં વ્યકત કરવાનું સંપૂર્ણ રીતે શકય નહોતું.

પ્રા. મલુકચંદ ર. શાહે 'જૈન ધર્મનું વિશિષ્ટ પ્રદાન: ક્ષમાપના' એ વિશે બોલતાં કહ્યું હતું કે, આમ તો ક્ષમા માગવી કઠિન છે. પણ જો સામી વ્યક્તિએ ઉપકાર કર્યો હોય અથવા તે સંત હોય અથવા વિદાય વેળાએ કે વિયોગમાં સરળતાથી ક્ષમાપનાના ભાવ જાગે છે. પર્યુષણ પર્વ જેવા દિવસોમાં પણ ક્ષમા માગવાનું સરળ બને છે. ક્ષમાપનાનો આચાર પરમ મંગળરૂપ છે, જૈન ધર્મનું એ વિશિષ્ટ પ્રદાન છે.

આ ઉપરાંત તત્ત્વજ્ઞાન બેઠકમાં નીચેના વિદ્વાનોએ પોતાના નિબંધો રજૂ કર્યા હતા.

(૧) ગોવિંદજી જીવરાજ લોડાયા-'યોગ માર્ગ અને અર્હંત સાધનાપથ,' (૨) પ્રા. રોહિત શાહ-'સામાયિકઃ સાધના કે સિદ્ધિ?' (૩) હસમુખ શાંતિલાલ શાહ-'નિરર્થક દંડથી બચીએ,' (૪) ડૉ. કોકિલા શાહ 'જૈન દર્શન અને આધુનિક વિજ્ઞાન', (૫) પં. કનૈયાલાલ દક-'જૈન ધર્મના માનવતાવાદી સિદ્ધાંતો. (૬) પ્રા. પ્રીતિ એ. શાહ-'જૈન ધર્મ - સત્ય ધર્મ' (૭) રાજેન્દ્ર સારાભાઈ નવાબ 'નવકાર મંત્રના જાપ, વિજ્ઞાનની કસોટીએ,' (૮) પ્રકાશ પી. વોરા-'જૈન દર્શનમાં કર્મવાદ,' (૯) ડૉ. મનહરલાલ સી. શાહ-'મોક્ષની સમીપ,' (૧૦) પ્રા. નાનક કામદાર-'જૈન દર્શનમાં અવતારના સિદ્ધાંતની પ્રસ્તુતતા,' (૧૧) પ્રા. ઉત્પલા મોદી-'સત્સંગ', (૧૨) વર્ષાબેન મોદી-'સમદૃષ્ટિ',

તત્ત્વજ્ઞાનની આ બેઠકમાં ઉપરના નિબંધો રજૂ થયા હતા. જે વિદ્વાનો સમારોહમાં અનુપસ્થિત હતા તેમના નિબંધો આ પ્રમાણે છે :

(૧) માણેકચંદ નાહર-'જૈન ધર્મ : એક દૃષ્ટિ,' (૨) અલકા આર. ચિકાણી-'બ્રહ્મચર્યની સુવાસ', (૩) દર્શના દિનકર અવલાણે 'જૈન ધર્મ', (૪) શૈલેશકુમાર ભગવાનલાલ મહેતા-'જૈન ધર્મ', (૫) દક્ષાબેન પ્રવીણચન્દ્ર બખાઇ-'જૈન ધર્મ', (૬) રમેશ લાલજી ગાલા-જમાનાની સાથે સાથે, (૭) મોહનલાલ પીપાડા-'આચારાંગ વિશ્લેષણ', (૮) હરેશ અરુણ જોશી-'જૈન દર્શનમાં આત્મા', (૯) મૃણાલ પન્નાલાલ શાહ 'ટુ એચિવ ધ ગ્રેટનેસ ઓફ ગોડ', (૧૦) સુધા પી. ઝવેરી-'લાખ દુઃખોકી એક દવા અપરિગ્રહ,' (૧૧) સરોજ ચન્દ્રકાન્ત લાલકા-'વર્તમાન યુગમાં જૈન ધર્મની જરૂરિયાત' (૧૨) ડૉ. મુગટલાલ બાવીસી-'નમસ્કાર મહામંત્રનું મહત્ત્વ,' (૧૩) પ્રા. જયંતીલાલ એમ. શાહ જૈન-શાસનમાં નવપદજીનાં રહસ્યો,' (૧૪) ડૉ. રમેશભાઇ સી. લાલન 'યોગસાધનાની પૂર્વ તૈયારી,' (૧૫) સુનંદાબહેન વહોરા-'જૈન દર્શનમાં તત્ત્વજ્ઞાન,' (૧૬) ડૉ. પ્રવીણચન્દ્ર પરીખ-'નીતિ-વાક્યામૃતમાં રાજ-પ્રતિબોધ,' (૧૭) ડૉ. એન. આર. દાણી-'વીતરાગની સાધનાનો પાયો: ધ્યાન'. (૧૮) ભાવજી કે. સાવલા-જૈન, દર્શનમાં આશાવાદ.' (ક્રમશઃ)

'પ્રબુદ્ધ જીવન' અંગે

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન અને વાર્ષિક સભ્યો, શુભેચ્છકો, 'પ્રબુદ્ધ જીવન' ના ગ્રાહકો અને ચાહકો, લેખક-મિત્રો અને વિવિધ સંસ્થાઓના કાર્યકર્તાઓને નમ્ર અરજ છે કે-

(૧) 'પ્રબુદ્ધ જીવન' માં કોઇપણ ધંધાદારી પેઢી કે કોઇપણ સામાજિક, ધાર્મિક વગેરે પ્રકારની સંસ્થાઓની કોઇ પણ જાહેર ખબર (Advertisement) લેવામાં આવતી નથી.

(૨) 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સિવાય અન્ય કોઇ સંસ્થાના કાર્યક્રમોની વિગતો કે સમાચાર (Anouncement) લેવામાં આવતા નથી.

(૩) 'પ્રબુદ્ધ જીવન'માં 'સંઘ' સિવાયની અન્ય કોઇ સંસ્થાઓના થઇ ગયેલ કાર્યક્રમોના અહેવાલ પ્રગટ કરવામાં આવતા નથી.

(૪) અન્ય કોઇ પણ સંસ્થાઓ માટેની દાનની અપીલો છાપવામાં આવતી નથી.

(૫) સામાન્ય રીતે કોઇ પણ વ્યક્તિની અંગત સિદ્ધિઓના સમાચાર લેવામાં આવતા નથી. (અપવાદરૂપ સંજોગોમાં કાર્યવાહક સમિતિ તેનો નિર્ણય લઇ શકે છે.)

(૬) 'પ્રબુદ્ધ જીવન'માં ચિંતનાત્મક લેખો આપવામાં આવે છે; એટલે વ્યાખ્યાનો વગેરેના અહેવાલો લેખના સ્વરૂપના હશે અને 'પ્રબુદ્ધ જીવન'ના ધોરણને અનુરૂપ લાગશે તો જ સ્વીકારી શકાશે.

લી. મંત્રીઓ.

(પૃષ્ઠ ૧૮૨ થી ચાલુ)

જીવહત્યાનો ઝંઝાવાત

પ્રજનન માટે મહાસાગરના અમુક ભેટમાં હજારોની સંખ્યામાં એકત્ર થાય છે. ત્યાં ચામડાના શિકારીઓ પહોંચી ગયા, સીલને ગોળી મારવાની જરૂર ન હતી. તેમનાં ટોળાંને શિકારીઓનાં ટોળાં ઘેરી લેતાં અને સીલના માથામાં ધોકા મારી તેમને મારી નાખતાં આમ સીલનું નિકંદન નીકળ્યું.

* * *

હોલંડના ડચ લોકોએ મહાસાગરમાં એક નિર્જન ભેટ જોયો. તેમાં પુષ્કળ ફળદ્રુપ વૃક્ષો હતાં. પાંખ વિનાનાં મોટાં પંખીઓ રહેતાં. નીચે પડેલાં ફળો ખાવા મળતાં તેથી પાંખોનો ઉપયોગ બંધ થયો. પરિણામે કુદરતે તેમની પાંખો લઇ લીધી. ડચ લોકો ભેટમાં પહોંચ્યા અને આ ડોડો નામનાં પંખીઓના માથામાં ધોકા મારીને તેમને હણી નાખ્યાં. આજે એક પણ ડોડોપંખી જીવતું રહ્યું નથી.

* * *

પશ્ચિમ અમેરિકાને કિનારે પ્રશાંત મહાસાગરમાં દરિયાઇ જળબિલાડીઓનાં વિશાળ ટોળાં સમુદ્રજળમાં તરતાં રહેતાં. તેમની રૂંવાટી સુંવાળી હોવાથી તેમના ચામડાની માગ શરૂ થઇ. પરિણામે તેમનો સંહાર શરૂ થયો અને દરિયાઇ જળબિલાડીની આખી જાત નાબૂદ થઇ ગઇ. હમણાં કેનેડાના પશ્ચિમ કિનારે થોડી જળબિલાડીઓ જણાઇ છે અને તેમના રક્ષણના કાયદા થયા છે.

* * *

ઓસ્ટ્રેલિયામાં સાઠ ફીટનો લાંબો કૂદકા મારનાર કાંગારૂ નામનું પ્રાણી થાય છે. તેની ચામડી પણ પોશાક બનાવવામાં વખણાઇ જવાથી તેમનું નિકંદન કાઢવામાં આવ્યું છે. આથી તેમના રક્ષણના કાયદા ઘડાયા છે.

* * *

આફ્રિકાની નદીઓમાં જળઘોડાઓ (હિપોપોટેમસ) હોય છે. તેઓ નદીને તળિયે ચાલતા તેથી તળિયાનો કાદવ ઉખળતો અને પાણી સાથે વહી જતો આથી નદીઓ ઊંડી રહેતી. તેમના શિકારનો એવો સપાટો ચાલ્યો કે જળઘોડાઓ ઘટી ગયા. આથી નદીનો કાદવ તળિએ જ રહેવા લાગ્યો. પરિણામે નદીઓ છીછરી થતી ચાલી અને પૂર આવે ત્યારે કાંઠાઓને તે ખોળવા લાગી, પરિણામે કાંઠાનાં ગામડાંઓ ડૂબવા લાગ્યાં.

* * *

ઓગણીસમી સદીમાં ભારતમાં હિમાલયમાં જે સ્થળે ચાર વાઘ જોવા મળતા ત્યાં વીસમી સદીના પહેલા ચરણમાં એક વાઘ રહ્યો હતો. આજની દશા આથી વધુ સારી નહિ હોય. કદાચ વધુ વણસી હોય.

* * *

એશિયામાં અને ભારતમાં સિંહો માત્ર સોરાષ્ટ્રમાં છે, ભેંસો પાળીને તેમનું ઘી. વેચનાર ફ્રેમને માલધારી કહે છે. માલધારીઓની ભેંસોને ગીરના સિંહો મારતા. સિંહને ટેવ હોય છે કે મારેલો શિકાર ખાવા બીજે દિવસે પણ તે ત્યાં જ આવે આથી માલધારીઓ ધતૂરનો રસ મારેલી ભેંસ ઉપર ચોપડી દેતા. આનું ઝેરી માંસ ખાવાથી સિંહો મરવા લાગ્યા. ઓગણીસમી સદીના અંતમાં તેમની સંખ્યા આંગળીને વેઢે ગણાય તેટલી જ રહી હતી. આથી કાયદા કરીને તેમને રક્ષણ આપવામાં આવ્યું. આજે સિંહોની સંખ્યા ગીરના જંગલમાં બસોની કહેવાય છે.

* * *

બાબર પેશાવરમાં ગેંડાનો શિકાર કરવા જતો તેવી નોંધ ઇતિહાસમાં મળે છે. બાણભટ્ટની કાદંબરીમાં ભીલો શિકાર પાછળ પડતા ત્યારે માદા ગેંડી તેના બચ્ચાંથી વિખૂટી પડતાં ચીસો પાડી તેમને શોધતી તેવો ઉલ્લેખ મળે છે–આજે આ ગેંડાઓ માત્ર આસામમાં જ રહ્યા છે.

* * *

કૌટિલ્યનું અર્થશાસ્ત્ર કહે છે કે પૂર્વ ભારતના હાથીઓ ઉત્તમ, મધ્ય ભારતના મધ્યમ અને સૌરાષ્ટ્રના હાથીઓ કનિષ્ઠ પ્રકારના છે. આજે સૌરાષ્ટ્રમાં એક પણ હાથી નથી. હાથી રોજનું ચારસો રતલ ઘાસ કે ચારો ખાય, હાથીઓનાં ટોળાંને નભાવનાર સૌરાષ્ટ્ર ત્યારે વનસ્પતિથી કેવો ભરપૂર હશે!

ગુજરાતના સુલતાનો પાવાગઢમાં હાથીનો શિકાર કરવા જતા તેની નોંધ ઇતિહાસમાં મળે છે આજે પાવાગઢમાં એક પણ હાથી નથી.

* * *

જહાંગીર અમદાવાદ આવેલો ત્યારે સરખેજના રોજાના દશ્યને ગયેલો: ટુરટુર વાંદરાંનાં ટોળાં જોઇ તેણે બંદૂકથી એક વાંદરું માર્યું. આથી ઘૂરકતાં વાંદરાંઓએ તેની ગાડીનો પીછો પકડ્યો અને સરખેજ સુધી તેની પાછળ પડ્યાં. આજે સાબરમતી જેલથી સાણંદ સુધીની પંદર માઇલની સડક ઉપર એક પણ વાંદરું જોવા નહિ મળે.

* * *

કાયદેસર શિકાર થાય છે તેનાથી દસ ગણો વધારે શિકાર ગેરકાયદે થાય છે. પરિણામે આખા જગતમાંથી જળચરો, સ્થળચરો અને નભચરો નામશેષ થતાં જાય છે. જીવહત્યાનો આ ઝંઝાવાત અટકશે ખરો?

* * *

સાભાર સ્વીકાર

પ્રશ્ન વ્યાકરણ (પન્હાવાગરણં)

લેખક : પૂ. પન્યાસજી, શ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજ (કુમારશ્રમણ)

પૃષ્ઠ : ૬૪૭ * પાકું બાઇન્ડિંગ * મૂલ્ય : ૧૫-૦૦

પ્રકાશક : સંઘવી જગજીવનદાસ કસ્તુરચંદ શાહ, શ્રી વિદ્યાવિજય ગ્રંથમાળા, સાઠંબા (ગુજરાત)

જીવન સુખી કેવી રીતે બને?

લે. પૂ. પંન્યાસ પૂર્ણાનંદવિજયજી મ. (કુમારશ્રમણ)
પૃષ્ઠ : ૫૩

પ્રકાશક : ઉપર મુજબ

જીવહત્યાનો ઝંઝાવાત

તનસુખ ભટ્ટ

અમેરિકામાં યુરોપના લોકોએ વસવાટ કર્યો તેની પહેલાં તે આખો ખંડ જંગલી ભેંસપાડાના અસંખ્ય ટોળાંઓથી ભરેલો હતો, આ જંગલી પશુઓની ચોકકસ સંખ્યા કોઇ જાણતું નથી. અનેસ્ટ થોમ્પસન સેટન નામના પ્રકૃતિશાસ્ત્રીએ ઉત્તર મેકિસિકોથી માંડીને મધ્ય કેનેડા સુધીના પ્રદેશમાં તેમની સંખ્યા સાડા સાત કરોડની હતી એવો અંદાજ કાઢયો છે. અમેરિકામાં ઘોડા ન હતા. તેમને લાવનાર યુરોપિયનો હતા તેમની પાસેથી તે ચોરનાર રેડ ઇન્ડિયનો હતા. આ રેડ ઇન્ડિયનોનો ખોરાક જંગલી ભેંસપાડા હતા. ચોરેલા ઘોડા ઉપર સવાર થઇને તેઓ વધારે શિકાર કરવા સમર્થ થયા. એટલે સાડાસાત કરોડની સંખ્યા અમેરિકામાં ઘોડાના આગમન પહેલાંની જાણવી. જનરલ શેરિડનની એવી ગણતરી છે કે ઇ. સ. ૧૮૬૦ના અરસામાં યુનાઇટેડ સ્ટેટસના માત્ર દક્ષિણ ભાગમાં જ જંગલી ભેંસપાડાની સંખ્યા દસ કરોડની હતી. પરંતુ ઇ. સ. ૧૮૭૦ પછીના એક જ દસકામાં આ વિરાટ ટોળાંઓ ત્યાંની ધરતી પરથી સાવ સાફ થઇ ગયાં. એવા તો ઠંડે કલેજે અને પદ્ધતસરની કામગીરીથી આ પશુઓનું નિકંદન કાઢવામાં આવ્યું કે જગત તેમની તરફ અવાચક બનીને જોઈ જ રહ્યું અમેરિકાના લશ્કરી સિપાઇઓને આ ટોળાં નડતરરૂપ હતાં. રેડ ઇન્ડિયનોનો અમેરિકાની ભૂમિ ઉપરથી ઉચ્છેદ કરવામાં, ક્રૂરતા કાર્યમાં તથા લડાઇમાં પણ આ ટોળાં ચરચે આડાં આવતાં-છતાં અમેરિકન લશ્કરે આ પશુઓનું નિકંદન કાઢયું ન હતું. ગોરા ગોવાળો ગાયોનાં વિશાળ ધણો રાખતાં તેમને માટે વિશાળ વાડા કે ઓક જોઇએ. તે બાંધવામાં આવ્યા. આ પશુઓનાં પડયાં પાથર્યાં રહેતાં. ટોળાં આડાં આવતાં છતાં ગોરા ગોવાળોએ પણ ભેંસ-પાડાઓનું નિકંદન ન કાઢયું. તેમ છતાં આ બાપડાં જંગલી પશુઓનું સત્યાનાશ વાળનારું એક નવું જ અને બળવાન લશ્કર એકાએક ઉભું થયુ. આ લશ્કરના સિપાઇઓ દાઢીવાળા હતા અને દેખાવમાં રોંચા લાગતા. તેઓ પહોળી નાળવાળી, મોટા કદની રાઇફલો રાખતા. તેમને ચાડા બંદૂક કહેતા, સ્થાનિક પહાડી લોકોએ આવા પાડા શિકારીઓને વર્ણવતાં કહ્યું છે કે તેઓ 'અરધા ઘોડા જેવા અને અરધા ઝુંડ જેવા' હતા. પાડાઓના આ શિકારીઓનો જોટો ઇતિહાસમાં કયાંય પણ જડતો નથી, તેમાંના થોડાક અવશ્ય આબરૂદાર અને ઉમદા વ્યકિતત્વ ધરાવનારા હતા. આવા ગૃહસ્થોમાં બિલી ડિકસન, રાઇટ મૂર તથા પેટ ગેરેટનાં નામો મૂકી શકાય પણ તેઓ આંગળીને વેઢે ગણાય તેટલા હતા. બાકીના પાડાશિકારીઓ લગભગ બધા જ ખૂની, મારા, ચોર, લુંટારા, અદાલતના અને જેલના ભાગેડુઓ હતા. જગતને તેમના નામની જાણ નથી. અને તેમનાં નામો અજાણ્યાં જ રહે તેમાં તેમનું હિત હતું. સમાજમાં તેઓ મોં છુપાવનારા હતા. તેઓ દિવસના દુશ્મન અને રાતના રાજા હતા. ઇ. સ. ૧૮૭૪માં ઓડામ્બ વેલ્સ નામના સ્થળે રેડ ઇન્ડિયનોએ એક પાડાશિકારીને મારી નાખેલો. તપાસમાં તે કોઇ બ્રિટિશ ઉમરાવનો વારસદાર નીકળ્યો. તેની જીવનકથા આજ સુધી એક રહસ્ય જ રહી છે.

રેડ ઇન્ડિયનોએ ઘોડા મળ્યા પછી મોટા પ્રમાણમાં શિકારની પ્રવૃત્તિ કરી. ગોરા માંસશિકારીઓ પણ મોટા પ્રમાણમાં શિકાર પ્રવૃત્તિ ચલાવતા. પરંતુ ઇ. સ ૧૮૭૦ માં વ્યાપારી શોધ થઇ કે જંગલી ભેંસપાડાનાં ચામડાં વેપારી દૃષ્ટિએ ઉપયોગી છે. આ શોધ થતાં સુધી પેલાં પશુઓનો ખરેખરો મહાસંહાર શરૂ થયો ન હતો. સ્નાઇડર ગામના રાઇટ મૂર નામના માણસે જગતને જણાવ્યું કે ભેંસપાડાનાં ચામડાં સારો વેપારીમાલ ગણાય તેમ છે. આથી તેની બજાર ગરમાગરમ રહી શકે તેવી છે, આ વેપારી શોધ થતાંવેંત પાડાપ્રલય શરૂ થયો. શોધની વિગતમાં એમ જાણવા મળે છે કે તેણે ન્યૂયોર્કના એક ચર્માલયને એક વહાણ ભરીને ભેંસપાડાનાં ચામડાં મોકલ્યાં. ચર્માલયને માલુમ થયું કે યંત્રોના પટ્ટા તરીકે આ ચામડું બહુ ઉપયોગી છે. આથી ઇ. સ. ૧૮૭૦ પછીની દસકામાં હજારો પાડાશિકારીઓ અચાનક જ ફૂટી નીકળ્યા. અનુભવી શિકારીઓ પાડાબંદૂકથી રોજના દોઢસોથી બસો ભેંસપાડા મારી શકે. આ શિકારીઓની પાછળ જ પશુનું ચામડું ઊતરડી લેનારા ચમારોની જોડી હતી. તેઓ આથી વધુ કામકાજ કરી શકે તેમ ન હોવાથી રોજના શિકારની સંખ્યા આટલા પૂરતી જ મર્યાદિત રહી. હજારો શિકારીઓએ કરેલો આ પાડાસંહાર વર્ણવતાં તે વખતના સ્થાનિક લોકો કહેતા કે જાણે કોઇ સંગ્રામ ચાલી રહ્યો હોય તેમ પ્રભાતના પહોરમાં બંદૂકના સતત અવાજો સંભળાયા કરતા. આ દરેકની પાછળ ચમારોની જોડી રહેતી તે કહેવાઇ ગયું. આ જોડીની પાછળ ઘોડા કે ખચ્ચરોની લાંબી લંગાર લાગતી. મારેલા પાડાના પેટમાં મોટો છરો મારીને પેટથી પગ સુધીનું ચામડું ઊતરડી લેવાતું. પછી તેને સૂકવીને ગાંસડીઓ બાંધીને બંદરોનાં વહાણોમાં આ ગાંસડીઓ ચડાવવામાં આવતી.

અમેરિકા શોધાયો ન હતો ત્યારે ત્યાં લાંબી પૂંછડીવાળાં કબુતરોનાં વિરાટ ટોળાંઓ આકાશમાં ઉડયા કરતાં. કેટલીક વાર તો સવારથી બપોર સુધી આખાં ઊડતાં ટોળાંઓથી આકાશ છવાઇ જતું. ગોરાઓ આવ્યા અને તેમણે ત્રીસ ફીટ લાંબી તથા દસ ફીટ પહોળી અગણિત જાળો બિછાવી. આમાં કરોડો કબુતરો સપડાયાં. આજે અમેરિકામાં સમ ખાવા માટે આખું કબુતર નથી.

ઉત્તર મહાસાગરમાં જૂના જમાનાઓમાં વ્હેલ માછલીઓનો પાર ન હતો. નોર્વેના ખલાસીઓએ તેમનો શિકાર શરૂ કર્યો. ભાલાને છેડે એક માઇલ લાંબી સાંકળ બાંધવામાં આવતી અને આવું ભાલું વ્હેલના શરીરમાં મારવામાં આવતું તેને હારપૂન કહેતા. ઘાયલ વ્હેલ નાસતી પણ એક માઇલ લાંબી સાંકળ તેની પાછળ જતી. એકાદ માઇલ નાઠા પછી વ્હેલ લોહી વહેવાથી તરફડીને મરી જતી. આમ ઉત્તર સમુદ્રમાં વ્હેલનું ઉચ્ચાટન કાઢવાથી ત્યાં તેની સંખ્યા નામની રહી. એટલે આ ખલાસીઓ દક્ષિણ મહાસાગરમાં ગયા અને શિકાર ચાલુ રાખ્યો.

* * *

સીલ નામનું દરિયાઇ જળચર વસંત શરદ ઋતુમાં

(અનુસંધાન પૃષ્ઠ ૧૮૧)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૭૨૮૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૨-૮૬ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

યુસુફ મહેરઅલી સેન્ટર

અમારા શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ. શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહની સ્મૃતિ નિમિત્તે 'સંઘ' તરફથી જે ફંડ એકત્રિત કરવામાં આવ્યું હતું તેમાંથી રૂા. ૫૧૦૦૦/= યુસુફ મહેરઅલી સેન્ટરને સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના નામથી તાલીમ કેન્દ્ર શરૂ કરવા માટે આપવામાં આવ્યા હતા. આ તાલીમ કેન્દ્રના ઉદ્ઘાટનનો કાર્યક્રમ રવિવાર, તા. ૧૯, જાન્યુઆરીએ સવારે યુસુફ મહેરઅલી સેન્ટરમાં યોજાયો હતો, જે પ્રસંગે બંને સંસ્થાઓના પ્રમુખ સહિત શ્રી એસ. એમ. જોશી, શ્રી દીપચંદ ભાઇ ગાર્ડી, ડો. જી. જી. પરીખ, શ્રી વીરેન શાહ, શ્રીમતી જ્યોતિબેન શાહ, શ્રી કે. પી શાહ, શ્રી ચીમનલાલ જે. શાહ, શ્રી અમર જરીવાલા, શ્રી મહીપતભાઇ શાહ વગેરેએ પ્રાસંગિક વકતવ્યો રજૂ કર્યાં હતાં આ પ્રસંગે જુદા જુદા દાતાઓ તરફથી સેન્ટર માટે બધું મળીને લગભગ બે લાખ રૂપિયાના દાનની જાહેરાત થઇ હતી. એક સંનિષ્ઠ સેવા-સંસ્થા માટે આ રીતે પોષણ-સંવર્ધનની અનુમોદનીય પ્રવૃત્તિ થઇ.

યુસુફ મહેરઅલી સેન્ટર મુંબઇથી થોડે દૂર, પનવેલ પાસે 'તારા' નામના ગામની બાજુમાં આવેલું છે. છેલ્લા લગભગ બે દાયકામાં આ સેન્ટરની પ્રવૃત્તિઓનો ઠીક ઠીક વિકાસ થયો છે.

યુસુફ મહેરઅલી એટલે આપણા સ્વાતંત્ર્ય સંગ્રામના એક યુવાન નેતા. મુંબઇના ભૂતપૂર્વ નગરપતિ, બિનસાંપ્રદાયિક ઉદાર-મતવાદી, વિદ્યાવ્યાસંગી, માત્ર રાજદ્વારી સ્વાતંત્ર્ય નહિ, મનુષ્યનો સર્વાંગી વિકાસ થઇ શકે એવા સ્વતંત્ર સમાજવાદી રાષ્ટ્રનું સ્વપ્ન સેવનાર સંવેદનશીલ એવા યુસુફ મહેરઅલીનું ૧૯૫૦માં જ્યારે અવસાન થયું ત્યારે એમના કેટલાક મિત્રો અને સાથી-ઓએ એમની સ્મૃતિ નિમિત્તે એમની ભાવના અનુસાર ગ્રામ-સેવાની કંઇક સંગીન પ્રવૃત્તિઓ કરવાનો સંકલ્પ કર્યો. એ માટે ફંડ એકત્ર થયું અને ઇ. સ. ૧૯૬૧ના પહેલી મેના દિવસે યુસુફ મહેરઅલી સેન્ટરની સ્થાપના થઇ. ઇ. સ ૧૯૬૫ના ઓકટોબરની બીજી તારીખે ભારતના તે સમયના રાષ્ટ્રપતિ ડો. ઝાકિરહુસેનના હસ્તે સેન્ટરનું વિધિપૂરસ્સર ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

વ્યાખ્યાનો, પરિસંવાદ વગેરે દ્વારા સેન્ટરની પ્રવૃત્તિઓનો આરંભ થયો અને પનવેલ પાસે આદિવાસી વિસ્તારના ગામડાં-ઓના લોકો માટે મુંબઇના સેવાભાવી ડોકટરોએ દર રવિવારે તારા નામના ગામે જઇ મફત તબીબી સેવા આપવાનું કામ ચાલુ કર્યું. જે સંખ્યામાં આસપાસનાં ગામડાના લોકો એનો લાભ લેવા લાગ્યા એ જોતાં લોકકલ્યાણની આ પ્રવૃત્તિની ઉપ-યોગિતા અને મહત્તા સહુને સમજાવા લાગી અને સમય જતાં ત્યાં એક નાનું સરખું દવાખાનું ચાલુ કરવામાં આવ્યું કે જેથી દરદીઓ રોજેરોજ તબીબી સારવારનો લાભ મેળવી શકે. ડોકટરોનો, દાતાઓનો, સાથી કાર્યકર્તાઓનો અને ગ્રામજનોનો સહકાર જેમ જેમ વધુ મળતો ગયો તેમ તેમ ત્યાં તબીબી સારવારની પ્રવૃત્તિઓ વધવા લાગી અને એમ કરતાં કરતાં ત્યાં ત્રીસ પથારીવાળી અને ઓપરેશન થીએટર સહિત નાની ઇસ્પિતાલ ચાલુ કરવામાં આવી. દિવસે દિવસે ઇસ્પિતાલની પ્રવૃત્તિનો જેમ વિકાસ થતો ગયો તેમ તેમાં આંખ, નાક, કાન, દાંત વગેરે માટે વિભાગો શરૂ થતા ગયા. પેથોલોજી વિભાગ પણ દાખલ કરાયો.

સેન્ટરની પ્રવૃત્તિ શરૂ થઇ ત્યારે તારા ગામના એક સદ્‌ગૃહસ્થ અને સેન્ટરના સ્થાપક સભ્ય શ્રી ગણપત પાટીલે દવાખાના માટે પોતાની જગ્યા સેન્ટરને ભેટ આપી. પાસેની જગ્યામાં એક ધર્મશાળા ખંડિયેર હાલતમાં હતી. સરકારી માલિકીની એ જગ્યા પંચાયતે સેન્ટરની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઇને ભેટ આપી. શ્રી પુથલી નામના એક સદ્‌ગૃહસ્થે પણ પોતાની બે એકર જેટલી જગ્યા સેન્ટરને ભેટ આપી. આમ સેન્ટરની પ્રવૃત્તિઓનો જેમ જેમ વિસ્તાર થતો ગયો તેમ તેમ તેને વધુને વધુ જગ્યા પણ મળતી ગઇ.

૧૯૭૯ માં સેન્ટર તરફથી પાસે આવેલી પંદર એકર જેટલી જગ્યા વેચાતી ખરીદી લેવામાં આવી.

સમય જતાં, સેન્ટર માટેની આ વિશાળ જગ્યામાં બીજી કેટલીક પ્રવૃત્તિઓ પણ ચાલુ કરવામાં આવી પેન-પનવેલ અને પાતાળગંગા એ ત્રણે ગામોની આસપાસનાં બીજાં પંદરેક ગામોની પસંદગી સમાજ કલ્યાણની પ્રવૃત્તિ માટે કરવામાં આવી. બાળકોના વિદ્યાભ્યાસ માટે બાલવાડી સ્થાપવામાં આવી. કૂવાઓ ખોદવામાં આવ્યા. જુદી જુદી તાલીમ માટેના વર્ગો શરૂ થયા. શિષ્યવૃત્તિઓ અપાવા લાગી. પશુપાલન અને દૂધની ડેરીની પ્રવૃત્તિ શરૂ થઇ. ખેતી વિષયક તાલીમ પણ અપાવા લાગી. તેલની ઘાણી, સુથારીકામ માટે વર્કશોપ, પાંઉ-બિસ્કિટ માટે બેકરી, સાબુ બનાવવા માટેનું કારખાનું, આમ

ગ્રામજનોને વ્યાવસાયિક તાલીમ મળી રહે અને બેકારીનું નિવારણ થાય એવી પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવી. સેન્ટર દ્વારા વૃક્ષારોપણની પ્રવૃત્તિ પણ ઉપાડવામાં આવી અને ત્યાં જુદા જુદા વિસ્તારોમાં અત્યાર સુધીમાં બે લાખથી વધુ વૃક્ષો ઉગાડવામાં આવ્યાં છે. જમીનવિહોણા આદીવાસીઓને ખેતી માટે જમીન અપાવવાનું તથા તેમને રહેવા માટે સારાં ઘર બાંધી આપવાનું કામ પણ ચાલે છે. સ્વચ્છતા, આરોગ્ય, સંતતિ નિયમન ઇત્યાદિ વિષયોમાં ગ્રામજનોને જાણકારી અપાય છે અને તેઓ સ્વાવલંબી બને, શોષણ પ્રત્યે જાગૃત બને તેવા પ્રયત્નો પણ થાય છે. સેન્ટર તરફથી વખતોવખત નેત્રયજ્ઞ યેાજાય છે. અને વર્ષે સરેરાશ ૨૫૦ દરદીઓનાં આંખનાં ઓપરેશન થાય છે. સંતતિ નિયમન માટેનાં પણ આશરે ૨૫૦ ઓપરેશન વર્ષ દરમિયાન થાય છે. ક્ષય, પોલિયો અને રક્તપિત્તના દરદીઓને તથા સાપ કે વીંછી કરડ્યો હોય તેવા દરદીઓને પણ અહીં સારવાર આપવાની સગવડ છે.

સેન્ટરના વિસ્તારમાં આવેલાં નાળાઓ ઉપર માટીના બંધ બાંધવામાં આવ્યા છે, જેથી સેન્ટરને પાણી મળી રહે છે અને કૂવાઓમાં પણ પાણીની સપાટી સારી રહે છે. ગોબર ગેસની યોજના પણ સેન્ટરમાં થઈ ગઈ છે. આસપાસનાં ગામો માટે વીજળી, રસ્તાઓ, બસ સેવા બેંક વગેરેની સગવડો પણ કરાવવામાં આવી રહી છે.

યુસુફ મહેરઅલી સેન્ટરને ધ ગ્રેન્ડની રોયલ કોમનવેલ્થ સોસાયટી તરફથી, જર્મનીના એક ફાઉન્ડેશન તરફથી, ભારતના કેટલાક ઉદ્યોગપતિઓ તરફથી, કેટલાંક ટ્રસ્ટો તરફથી અને અન્ય કેટલીક વ્યક્તિઓ તરફથી સમયે સમયે સારી આર્થિક સહાય મળતી રહી છે, જેના પરિણામે છેલ્લા બે દાયકામાં સેન્ટર તરફથી ગ્રામવિકાસ અને માનવસેવાની પ્રવૃત્તિઓ સારા પ્રમાણમાં વિકસી રહી છે.

એક નાના સરખા વિચારબીજમાંથી શુભ ભાવનાવાળા સાથી કાર્યકરો દ્વારા માનવસેવાની પ્રવૃત્તિ કેટલી બધી પાંગરી શકે છે તેનું યુસુફ મહેરઅલી સેન્ટર એક જવલંત ઉદાહરણ છે. ડૉ. જી. જી. પરીખ અને એમનાં પત્ની મંગળાબહેન, શ્રીમતી જ્યોતિબહેન શાહ, શ્રી દત્ત, શ્રી સાકરઅલી, શ્રી પ્રભુ દેસાઈ, શ્રી અમર જરીવાલા, શ્રી ચંદ્રકાન્ત ગાંધી વગેરે સંનિષ્ઠ કાર્યકર્તાઓ સ્વ. યુસુફ મહેરઅલીના ગ્રામ વિકાસના સ્વપ્નને અહીં સાકાર કરવાનો સ્તુત્ય પ્રયાસ કરી રહ્યા છે. આર્થિક સહાય મળે તો સેન્ટરમાં હજુ ઘણાં વિકાસકાર્યો માટે પુષ્કળ અવકાશ છે.

વિશ્વ જ્યારે વિજ્ઞાન અને ટેકનોલોજીની સહાયથી અવકાશી સંશોધન માટે એકવીસમી સદી તરફ ધસી રહ્યું હોય ત્યારે ભારતમાં અનેક સ્થળે કેટલાયે આદિવાસીઓ હજુ પ્રાગૈતિહાસિક સમયનું પ્રાકૃત જીવન જીવી રહ્યા છે, એ કેટલું બધું શોચનીય છે! જેમની શક્તિના લાભ ઉપર પોતે વિકસી રહ્યાં છે એવાં ધનાઢ્ય શહેરો પોતાનો જ્ઞાનનો પ્રવાહ ગ્રામવિકાસ તરફ પણ વાળે એ એમનું પરમ કર્તવ્ય છે.

—રમણલાલ ચી. શાહ

(પૃષ્ઠ ૧૯૨ થી ચાલુ)

મોઢે સજા સ્વીકારે છે. અને આવા તો દર વર્ષે હજારો યુવાનો નીકળી આવે છે. કેટલાક દેશોમાં લશ્કરી સેવાને બદલે વિકલ્પી કાર્યની છૂટ છે, ઘણાય તે કરે છે. પરંતુ એક વર્ગ તો એવો છે કે જે માને છે કે આવો વિકલ્પ સ્વીકારવો એ પણ રાજ્યનો આ વિષયમાં હકક સ્વીકારવા જેવું થયું ગણાય. તેથી તેઓ માત્ર સજા જ ભોગવી લે છે. આમ રાજ્યની સત્તાને પણ પડકારતા હોવાથી એ લોકો ગાંધીઘેલા તો ઠીક, વિનોબાઘેલા પણ ગણાય!

આ લખાય છે ત્યારે, ૧૦ ડિસેમ્બર થી ૨૨ જાન્યુઆરી સુધી મધ્ય અમેરિકામાં એક લાંબી ૨૦૦૦ કિ.મી.ની પદયાત્રા પણ ચાલી રહી છે. પનામા, કોસ્ટારિકા, નિકારાગુઆ, હોન્ડુરાસ, અલ સાલ્વાડોર અને ગ્વાટેમાલા થઈ મેકિસકો જનાર આ પદયાત્રામાં ૨૫ દેશોના ૩૦૦ લોકો માનવીય હકકો તથા ઉપરોકત દેશોના સ્વનિર્ણયના હકકની વાતો કરશે. અમુક સંદેશો ગામેગામ પહોંચાડવાનો અને લોકોને સંઘર્ષમાં સાથે લેવાનો આ પણ ગાંધીનો જ નુસખો ને? દાંડીયાત્રા પૂર્વે દક્ષિણ આફ્રિકામાં પણ તેમણે એ અપનાવેલો.

આ બધા પરથી ગાંધી પદ્ધતિઓની સામ્પ્રત વ્યાવહારિકતા વિશે તો શંકા રહેતી જ નથી. પ્રશ્ન થાય છે પ્રેરણાનો. આપણી નવી પેઢીમાં ત્યાગ અને સરફરોશીની ભાવના હવે કેમ ઘટતી જાય છે તેની ચર્ચા થાય ત્યારે એક કારણ સ્વાભાવિક મનાય છે કે સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે એક નિશ્ચિત ધ્યેય હતું તેથી ઉચ્ચ ભાવનાઓ જાગૃત કરી શકાઈ પરંતુ આજનો પશ્ચિમી યુવાન પણ બીજા વિશ્વયુદ્ધ પછી જ જન્મ્યો છે અને યુદ્ધ તેને કોઈ તાત્કાલિક પડકાર નથી. છતાં તે આવી સરફરોશી કેમ બતાવે છે? તેથી ઊલટું આપણા યુવાનની સામે તો બિનલોકશાહી મૂલ્યો, નિરક્ષરતા, આર્થિક શોષણ, ભ્રષ્ટાચાર વગેરે દેખાય તેવાં દૂષણો ઊભાં છે. તેને કેમ જીવન ઓળઘોળ કરી નાંખવાની પ્રેરણા નથી મળતી?'

બીજો ઉત્તર અપાય છે, ગાંધીજી જેવા નેતાની જરૂરતનો. એ કંઈક ખરો લાગે છે; પરંતુ ઉપર વર્ણવેલાં ઉદાહરણોના સંદર્ભમાં તે ય જચતો નથી, કોઈ એકછત્ર નેતા વિના, અંદરના અવાજથી ઊભાં થયેલાં જ એ બધાં આંદોલનો છે. તો શું આપણી સંસ્કૃતિ જ કાંઈક નબળી છે તેવું માનવું? પશ્ચિમવાળાઓને ભોગવિલાસી કહેનારા આપણે પોતાની પોટલી દબાવીને સાચવી બેસનારા જબ્બાઈઓ છીએ! થોડો ઘણો દોષ વચ્ચેની પેઢીને આપી શકાય, જેણે ૧૯૪૭ અને ૧૯૮૬ વચ્ચે કરી બનવાનું હતું. પરંતુ એ જુદા લેખનો વિષય છે.

અને હા, આ બધાં છતાં આપણે ગાંધીના નામનું સામ્પ્રત મૂલ્ય છે જ: એટલે તો તે નામ લેવા બધા લલચાતા લાગે છે!

નોંધ: ઉપરની ચર્ચામાં ભારતની સાપેક્ષમાં એક અપવાદ ઉલ્લેખવો જોઈએ. તે છે આસામનાં આંદોલનનો: તેને નજરે નિહાળવા આવેલા ગાંધીવાદીઓએ પણ કબૂલ કર્યું છે કે તે ગાંધીજીના રસ્તે થયેલ ચળવળ હતી.

* સ્નેહ સંમેલન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન અને વાર્ષિક સભ્યોનું એક સ્નેહ સમેલન રવિવાર તા. ૨-૩-૧૯૮૬ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે ઓગસ્ટ ક્રાંતિ માર્ગ પરના તેજપાલ ઓડિટોરિયમમાં યોજવામાં આવ્યું છે. આ અંગેની વધુ વિગતો હવે પછી જણાવવામાં આવશે.

અમેરિકામાં આદિમ વસાહતીઓનો પ્રવેશ

● કે. કા. શાસ્ત્રી

(ગતાંકથી ચાલુ)

(સંઘના ઉપક્રમે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રમાં આપેલ વ્યાખ્યાન]

આ બધાં અંદાજી વર્ષ છે. હિમયુગ પૂરો થવા આવ્યો. એ ગાળામાં અમેરિકામાં પહેલા માણસે કે માણસોની ટોળીએ બેરિંગની એ સમયની ૨૦૦ માઇલથી પણ પહોળી, પેલા ટાપુઓની શૃંખલાઓ ધરાવતી, જમીન સુધીના વિસ્તાર ઉપર થઇ આવન માઇલથી પણ કયાંય વધુ વિસ્તાર વટાવતાં વટાવતાં અલાસ્કાના કાંઠે આવી શિકારની પાછળ પાછળ પૂર્વ અને દક્ષિણ દિશા તરફ આગળ વધતી જ રહી તો જ લૂઇવિલ (કેન્ટકી) નાં પ્રવેશમાં ઇ. સ. પૂ. ૩૮૦૦૦ વર્ષ પૂર્વના અશ્મીભૂત અવશેષ મળી શકે છે.

ઇકવેડોરમાં ઇ. પૂ. ૫૦૦૦ વર્ષ ઉપરના મળેલાં મૃદ્‌ભાંડોનો ઘાટ જાપાનમાંથી એટલા જૂનાં મળતાં મૃદ્‌ભાંડો જેવો છે. આ જો વિચારવામાં આવે તો જાપાનની ભૂમિ ઉપરથી પસાર થનારા મોટેના આગંતુકોનો પ્રવાહ પણ જમીન દ્વારા યા ટાપુઓની શૃંખલાના ખચકાઓમાંનાં હજી છીછરાં હોય તેવાં પાણી ઊંદીને પણ શિકારની પાછળ આવ્યે જતાં હોય.

એક એવો પણ અભિપ્રાય જાણવામાં આવ્યો છે કે શિક્ષિત શિકારીઓ બેરિંગની સંયોગીભૂમિ દ્વારા બારેક હજાર વર્ષ ઉપર અલાસ્કામાં આવ્યા હતા, જ્યારે અશિક્ષિત શિકારીઓ ચાળીસ હજાર વર્ષ પણ પૂર્વે આવ્યા હતા. કેલિફોર્નિયાની દ્વલમાર પાસેની ટોળાવવાળી જમીનમાંથી માનવ હાડપિંજરના અશ્મીભૂત અવશેષ મળ્યા છે. તે ૪૮૦૦૦ વર્ષ જેટલા જૂના છે.

અલાસ્કાની સૂકી સાંકડી ખાડી ૧૧,૦૦૦ વર્ષ જૂની છે અને માનવ તેમ જ પશુઓ આવજા કરી શકે તેવી છે. અમેરિકામાં આવનારા શિકારીઓને આવા માર્ગથી સરળતાથી પ્રવેશ મળ્યો હતો.

બેરિંગની સામુદ્રધુનીના સાઇબીરિયાના પશ્ચિમ પ્રદેશમાંથી હજુ અવશેષો શોધાયા નથી. શોધાય તો વસાહતીઓના વિષયમાં માહિતી મળવાની સંભાવના છે. બાકી એશિયાનો ખુલ્લો કાંઠો પણ પાણીમાં દબાઇ ગયો છે.

એશિયાનો પ્રશાંત સાગરનો કિનારો અને એની નજીકના ટાપુઓ પીતાંગ (મોંગોલોઇડ) પ્રજાથી વસેલો હતો. બેશક, ઇન્ડોનેશિયા (જાવા–સુમાત્રા) માં તો શ્યામાંગ (ઓસ્ત્રાલોઇડ) પ્રજા હતી, જેને પીતાંગોએ વધુ નીચેના ટાપુઓ અને ઓસ્ત્રેલિયામાં ધકેલી મૂકી હતી. એ જ પીતાંગ પ્રજામાંના કેટલાક ખોરાક અને શિકારની શોધમાં ચીનના પૂર્વ કિનારાના મોટે ભાગે તો સમુદ્રનાં પાણીની સપાટીથી ઢંકાયેલા નહોતા તેવા માર્ગ દ્વારા ઉત્તરમાં આગળ વધ્યે જતા હતા, જે સાઇબીરિયામાં પૂર્વ સરહદે આવેલા બેરિંગમાં છેક પહોંચ્યા અને બેરિંગની એ વખતની સંયોગીભૂમિના વિશાળ પટ દ્વારા અલાસ્કાના સમુદ્ર કિનારે પહોંચી સમયના વિશાળ વ્યાપમાં પૂર્વ અને દક્ષિણમાં વિસ્તરતા ચાલ્યા. જે અશ્મીભૂત અવશેષ ત્યાંથી મળ્યા છે તેની ચકાસણીથી મોટાભાગના આ માનવોમાં, ભલે ગમે તેટલો શારીરિક તફાવત માલૂમ પડયો હોય છતાં પીતાંગ (મોંગોલોઇડ) પ્રજાની લાક્ષણિકતાઓ માલૂમ પડી છે. બાકીની સામે તો છેલ્લાં પાંચસો વર્ષમાં યુરોપીય વૈજ્ઞાનિકોએ જોયેલી વિવિધ પ્રકારની આ અમેરિકન પ્રજાનાં શારીરિક લક્ષણોનો અભ્યાસ કરીને ચોકકસ મંતવ્યો પ્રસિદ્ધ કર્યા છે. જેમાં એમને અશ્મીભૂત અવશેષો પણ સહાયભૂત થયા છે. ઉત્તરે આર્કટિક (ઉત્તર) મહાસાગરથી લઇ દક્ષિણ અમેરિકાના છેક નીચેની હોર્નની ભૂશિર સુધીમાં પથરાયેલી 'ઇન્ડિયન' સંજ્ઞાથી સૂચિત થતી પ્રજા શારીરિક લક્ષણોમાં ભારે મોટું વૈવિધ્ય ધરાવે છે. ઉ. ત. અમેરિકાની મધ્ય ભેદની પ્રદેશના 'ઇન્ડિયન' ઊંચા છે અને વળાંકવાળાં, સમડી જેવાં નાક ધરાવનારા એ લોકોનો શરીરનો બાંધો અસામાન્ય છે. કેટલાક 'ઇન્ડિયનો'ના માથાનો ઘાટ લાંબો છે તો બીજાઓનો તદ્દન ગોળ છે. કેટલાકની ઊંચાઈ પાંચ ફૂટ જેટલી, તો કેટલાકની છ ફૂટની પણ જોવા મળે છે. એનાથી કયાંક વધુ ઊંચાઇ, તો કયાંક વધુ વામનઘાટ પણ મળે છે. નાક અને હોઠના ઘાટમાં પણ ઠીક ઠીક વૈવિધ્ય મળે છે. અમેરિકામાં બેરિંગની સામુદ્રધુની દ્વારા છેલ્લાં ૨૦૦૦ વર્ષોમાં સોવિયેત રશિયાની ઇશાનેથી હોડીઓથી આવેલા અને પછીથી કેનેડાના બરફવાળા પ્રદેશમાં વસી ગયેલા એસ્કિમોથી આંખોના વિષયમાં મળતાપણું પ્રમાણમાં ઓછું છે; બેશક લગભગ વાંશિક દષ્ટિએ નજીક લાગતા હોવા છતાં અમેરિકન ઇન્ડિયન્સની ચામડીનો રંગ પીળાશ પડતા ભૂરા રંગથી લઇ રતાશ પડતા ભૂરા રંગ સુધી પરોવાયેલો જોવા મળે છે. શરીરનો રંગ કયાંય પણ રાતો તો નથી જ. રાતો રંગ કહેલો એનું કારણ તો એ હતું કે કોલમ્બસના જોવામાં આવેલા ઇન્ડિયનોના શરીરો ઉપર રાતો રંગ શોભાને માટે લગાડેલ હતો અને તેથી આ લોકોને 'રેડ ઇન્ડિયન્સ' કહેવામાં આવતા હતા. એટલું ખરું છે કે કેટલાક ઇન્ડિયનોની ચામડીનો રંગ તાંબાના રંગને મળતો હતો, રાતો રંગ તો નહિ જ. એમની દાઢી કિંવા હનુવટી (chin) કાંઇક પાછળ ઢળેલી લાગે, પરંતુ ગાલનાં હાડકાં આગળ પડતાં હોવાથી મુખમુદ્રા મોટી અને પહોળી લાગે. એમની આંખો સામાન્ય-રીતે કાળી હોય છે. એમના માથાના વાળ કાંઇક ખરબચડા (Coarse) કાળા અને ઊભા હોય છે. એ માથા ઉપર ખીચોખીચ ઊગે છે, પણ ચહેરા ઉપર અને શરીરો પર નહિ. સામાન્ય રીતે આ ઇન્ડિયનોમાંની થોડી જાતો જ દાઢીમૂછ રાખે છે.

એમની સર્વસામાન્ય શારીરિક લાક્ષણિકતા એશિયાના જપાનીઓ. ચીના, મલાયાવાસીઓ, ઇન્ડોનેશિયાવાસીઓનો ખ્યાલ આપતી જોવા મળે છે. અને એ જાતિના હોય એમ લાગે છે, તેથી પીતાંગ (મોંગોલોઇડ) માનવવંશના સભ્ય હોય એમ કહી શકાય, પરંતુ એમનામાંનો જુદી જુદી જાતોમાં જોવા મળતો તફાવત તેમ એમનામાં જોવા મળતાં અ–પીતાંગ (નોન–મોંગોલોઇડ) લક્ષણોને કારણે એઓ શુદ્ધ પીતાંગ નથી; એઓ વર્તમાન સમયની એશિયાની પીતાંગ જાતિને એકદમ મળતા આવતાં કહી શકાય નહિ. અત્યારે સામાન્ય રીતે સ્વીકારવામાં આવેલા સિદ્ધાંત પ્રમાણે અતિ પ્રાચીન સમયમાં એશિયામાં એક આદ્ય પીતાંગ (પ્રોટો– મોંગોલોઇડ) સમૂહ હતો કે જેમાંથી બે જુદી શાખા વિકસી આવી : ૧. આજના એશિયાવાસી પીતાંગ (મોંગોલોઇડ) અને ૨. અમેરિકાના પ્રદેશમાં રખડતાં રખડતાં આવ્યા અને વર્તમાન અમેરિકન ઇન્ડિયનોમાંના ઘણાના પૂર્વજ હતા તે.

વર્તમાન માનવ જાતિઓના ઘાટ બંધાયા એનાથી પણ ઘણા પ્રાચીન સમયમાં આ બન્યું હશે. આજના પીતાંગોની કેટલીક લાક્ષણિકતાઓ તેથી જ આ લોકોમાં જોવા મળતી નથી. દક્ષિણ અમેરિકાનાં જંગલોમાં તો એવી જાતિઓ પણ છે કે જેઓમાં સીદીઓ (નેગ્રોઇડ) ને મળતા લક્ષણ પણ જોવા મળે છે. આમાંથી ધારણા તો એવી કરી શકાય કે એ પ્રદેશમાં જૂની સદીઓની લાક્ષણિકતા ધરાવતી કોઇ જાતિઓ હોય અને પછી પીતાંગો આવતાં સંમિશ્રણ થયું હોય...મને લાગે છે કે પ્રશાંત મહાસાગરના નીચેના દક્ષિણના ટાપુઓમાં શ્યામાંગ (ઓસ્ત્રાલોઇડ) પ્રજા હતી. તેમાંના કોઇ સાહસિક શિકારીઓ, સમુદ્રના પાણીની સપાટી નીચે હશે ત્યારે દક્ષિણ અમેરિકામાં પહોંચ્યા હોય. જેમનામાં મોડેથી પીતાંગોનું સંમિશ્રણ થયું. આ એક વાત પણ આ પૂર્વે 'આદ્યપીતાંગ' (પ્રોટોમોંગોલોઇડ)ની વાત મૂકી તેમાંથી એક તત્ત્વ તરી આવે કે જે એમનામાં પણ કોઇ સંમિશ્રણની સંભાવના તરફ આપણને દોરી જાય, કારણ કે શારીરિક દૃષ્ટિએ આ અમેરિકન પ્રજામાં શારીરિક એકરૂપતા જોવા મળતી નથી; બેશક, એટલું ખરું છે કે યુરેશિયા અથવા આફ્રિકામાં જોવા પ્રકારનું વૈવિધ્ય જોવા મળે છે તેટલી માત્રાએ તો આ વૈવિધ્ય નથી અને તેથી જ એવું કહી શકાય એમ છે કે અમેરિકામાં પ્રવેશ કર્યા પહેલાં કે પછી અનેક ભિન્ન ભિન્ન આનુવંશિક સમૂહોનું આ લોકોમાં સંમિશ્રણ થયું હતું. લોહીના 'બી' અને એબી' સમૂહનો અભાવ તેમ પીતાંગ-આજની મોંગોલ પ્રજામાં આંખની નીચલી પાંપણ કરતાં ઉપલી પાંપણ જરા આગળ આવીને ચોકકસ ઘાટની વ્યાપક લાક્ષણિકતા ધરાવે છે. તેવી લાક્ષણિકતાની કેટલીક જાતિઓમાં ઊણપ ઉપરના મતને ટેકો આપશે. જેક ડી. ફ્રોન્સ (એના 'નેટિવ અમેરિકન ઓફ કેલિફોર્નિયા અને નેવાડા' પૃ. ૧૧ માં) જણાવે છે એ મને વધુ સ્વાભાવિક લાગે છે કે 'સ્થાનિક અમેરિકનો મોટે ભાગે મૂળભૂત ગૌરાંગ (કોકેસોઇડ) અને પીતાંગ (મોંગોલોઇડ) પ્રજાઓની વચગાળાની પ્રજના વંશજ છે અને કાં તો કેટલીય ગૌરાંગ અને પીતાંગ જાતિઓના સંમિશ્રણને અંતે વિકસી આવેલાના વંશજ છે અથવા તો ગૌરાંગ જાતિ અને પીતાંગ જાતિ ઊતરી આવી તે સમાન જાતિના વંશજ છે.

અમેરિકન ખન્ડિયનોમાં સંમિશ્રણ જરૂર થયેલું છે. એશિયામાંથી બેરિંગની એ સમયની સયોગભૂમિ તેમ એની દક્ષિણે આવેલા ટાપુઓની શૃંખલાં વચ્ચેના ખચકાઓ ઉપર પાણી ફરી વળ્યાં નહિ હોય ત્યારની એ સમયની ૪૫૦ ફૂટ નીચેની ઉત્તર-દક્ષિણની થઇ ૧૩૦૦માઇલની સપાટીના ભૂભાગ ઉપરથી સંભવિત રીતે મનાયું છે તે પ્રમાણે ઇ. પૂ. કે આજના સમયથી ૮૦,૦૦૦ વર્ષથી લઇ હિમયુગના અંત ભાગ ૧૦,૦૦૦ વર્ષ સુધીના લાંબા ગાળામાં એશિયા અને અમેરિકા વચ્ચે જમીનનું જોડાણ હતું ત્યારે એશિયામાંથી સ્થળાંતર કરીને અમેરિકામાં આવેલા વનવાસી વસાહતીઓ જુદે જુદે સમયે વધતા વધતા સમગ્ર પશ્ચિમ ગોળાર્ધમાં ફેલાઇ ગયા. તે તે સ્થાનમાં હવા, પાણી અને જમીનને કારણે એમનાં શરીરોમાં, વર્તનમાં, વ્યવહારમાં બોલાતી ભાષામાં પણ ભારે તફાવતો સરજાયા અને એકબીજા સમૂહોને એકબીજા સાથે કોઇ જ પ્રકારનો સંબંધ નથી એવી પરિસ્થિતિ હજારો વર્ષના વ્યાપમાં સરજાઈ. આમ છતાં પણ મુખાકૃતિઓમાં એક ચોકકસ પ્રકારનું થોડું પણ સામ્ય જોવા મળે છે કે જે એ સમગ્ર પ્રજા એક પ્રાચીનતમ સમૂહ કે સમૂહોમાં ઊતરી આવેલી છે એમ સરળતાથી કહી શકાય.

વાસ્તુ, એશિયાના ચોકકસ કયા ભાગમાંથી આ પ્રજાનો પૂર્વજ અમેરિકામાં આવીને વિસ્તર્યા? આ પ્રશ્નનો જવાબ મુશ્કેલ વિકટ છે. એ મુખ્યત્વે પીતાંગ પ્રજાના અવશેષ છે, જેમાં આ અગાઉ બતાવ્યું તેમ ગૌરાંગ પ્રજાનું પણ સંમિશ્રણ થયું હોય તો એમાં આશ્ચર્ય નથી, એક મૂળ પ્રજામાંથી ગૌરાંગ અને પીતાંગ સમૂહ છૂટા પડયા તે પૂર્વેની એ મૂળ પ્રજાના સીધા અવશેષ છે, એમ કહેવા માટે અતિ અતિ પ્રાચીન સમયમાં જવું પડે એમ છે.

એક વાત સુનિશ્ચિત છે કે પુરાતત્ત્વવિદોએ જેને ગૌરાંગ (કોકેસોઇડ) પ્રજા કહી છે તે પશ્ચિમ એશિયામાં કાસ્પિયન સમુદ્રની પશ્ચિમે આવેલી કોકેસસની ગિરિમાળાની સાથે સંબંધ ધરાવતી પ્રજા છે, પણ એવી સંજ્ઞામાત્રથી એ પ્રજાનો ઉદ્‌ભવ જ કોકેસસ ગિરિમાળાના પ્રદેશમાંથી થયો એમ કેમ કહી શકાય?

અને આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે આ ગૌરાંગ (કોકેસોઇડ) પ્રજાને યુરોપીય વિદ્વાનો 'આર્ય' સંજ્ઞાથી ઓળખે છે. 'આર્ય' સંજ્ઞાથી વ્યવહૃત કરવામાં આવતા આ ગૌરાંગોનું મૂળ સ્થાન કયું એ વિષયમાં અનેક મતો અસ્તિત્વમાં આવ્યા છે. ૧૮૦૬ માં જેનું અવસાન થયું હતું તે, પહેલાં જર્મન ભાષાશાસ્ત્રી, એડલુંગે ગૌરાંગો પૂર્વમાંથી પશ્ચિમમાં આવેલા એવો સૌથી પ્રથમ મત આપેલો. ભાષાશાસ્ત્રી જેક્બ ગ્રિમે પણ ૧૮૪૮ માં એવો મત વ્યકત કરેલો કે 'શેલાઓને શંકા છે કે યુરોપની બધી જ પ્રજાઓ પ્રાચીનતમ સમયમાં એશિયામાંથી આવી રહેલી ... એઓની કૂચ પૂર્વમાંથી પશ્ચિમમાં થઇ...જેનું ખરું કારણ તદ્દન અંધકારમાં છે.' (ધી ઓરિજિન ઓફ ધી આર્યન્સ-આઇઝેક ટેયલર, ૧૮૮૯, પૃ. ૧૧) મેકસ મ્યૂલરે એના 'હિસ્ટરી ઓફ એન્શિયન્ટ સંસ્કૃત લિટરેચર (૧૮૫૯, પૃ. ૧૨) માં-૧૮૫૦ લગભગ શરૂ કરેલા આ ગ્રંથમાં કહેલું કે 'આર્ય' પ્રજાઓનો મૂળ પ્રવાહ હંમેશા વાયવ્ય દિશા તરફ વહ્યો રહ્યો છે.' છેવટે મેકસ મ્યૂલરે પામીરની ગિરિમાળાથી લઇ મધ્ય એશિયામાં કહેવાતા 'આર્ય'-ગૌરાંગોનું મૂળ-સ્થાન હોવાનો મત આપ્યો હતો. આપણે જાણીએ જ છીએ કે સ્વ. લોકમાન્ય તિલક મહારાજે આ આર્ય-ગૌરાંગોનું મૂલસ્થાન ઉત્તર ધ્રુવમાં હોવાનું કહેલું. આપણે ત્યાં પણ આ વિશે વિચારણા થઇ અને યુરોપિય વિદ્વાનોથી સ્વતંત્ર રીતે ડી. એસ. ત્રિવેદે મુલતાનમાં આવેલી દેવિકા નદીના પ્રદેશમાં, પં. લક્ષ્મીધર શાસ્ત્રી કલ્લાએ કાશ્મીર અને હિમાલય પ્રદેશમાં અને ક. મા. મુનશીએ 'સિંધુ પ્રદેશ'માં હોવાનું જણાવ્યું. આ વિશે મારા તરફથી 'આર્ય પ્રજા: મૂળ સ્થાન અને પ્રસાર' (ફરી સુધાર્યા પછી કે. કા. શાસ્ત્રી અભિનંદન ગ્રન્થ-૧, ખંડ ૩: પૃ. ૧૨૦ વગેરે) એ લેખમાં વિસ્તૃત છણાવટ કરવામાં આવી હોઇ અહીં જરા પણ વિસ્તાર કરવા ચાહતો નથી. એટલું જ નોંધવા ચાહું છું કે પં. લક્ષ્મીધર શાસ્ત્રી કલ્લાથી તદ્દન જુદા જ પ્રકારે વિચારીને બંગાળાની હાઇકોર્ટના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ પાર્જિટરે (પોતાના એન્શિયન્ટ ઇન્ડિયન હિસ્ટોરિકલ ટ્રેડિશન, ૧૯૨૬, પૃ. ૨૬૮/૩૦૦ માં) આ આર્ય ગૌરાંગોનું મૂલ સ્થાન મધ્યવર્તી હિમાલય પ્રદેશ (મિડ હિમાલયન) હોવાનું કહ્યું: મેકસ મ્યૂલરના મત પ્રમાણે પામીરથી લઇ મધ્ય એશિયા સુધીમાં, કયાંક કહીએ તો પામીરની ગિરિમાળા અત્યારે પાકિસ્તાનના કબજામાં

રહેલા જમ્મુ-કાશ્મીરના મથાળે અફઘાનિસ્તાનના કબજામાં છે. કહેવાની જરૂર નથી કે આ હિમાલયનો જ છેડો છે. એટલે જ પાર્જિટરે જે મત આપ્યો છે અને એડલૂંગ, જેકબ ગ્રિમ, પં. લક્ષ્મીધર શાસ્ત્રી કલ્લા એ ત્રણે વિદ્વાનોએ કાશ્મીરને મૂલસ્થાન કહ્યું છે એ સંગત થઇ રહે છે.

ગૌરાંગ પ્રજાનું આ મૂલસ્થાન હોય તો 'કૉકેસસ ગિરિમાળા' સુધી ગૌરાંગો સમયના વ્યાપમાં પથરાયા તેને યુરોપીય વિદ્વાનોએ 'કૉકેસાઇડ' સંજ્ઞા આપી. આનાથી એક વાત સ્પષ્ટ થશે કે પંજાબ, કાશ્મીર, અફઘાનિસ્તાન અને ઇરાનમાં આ ગૌરાંગો ભારતીય ગૌરાંગોની વધુ નજીક હતા. ભારતી વેદોની ભાષા અને ઇરાનીઓનાં ગાથા ગ્રન્થની ભાષાની અતિનિકટતા આ પ્રશ્નનો ઉકેલ કરી આપે જ છે. સૌંદર્યની દૃષ્ટિએ પણ આ પ્રદેશોમાં ગૌરાંગ તત્ત્વ સબળ રીતે સચવાઇ રહેલું છે. જેમ જેમ પશ્ચિમ તરફ જઇએ છીએ તેમ તેમ શરીરો વધુ ને વધુ ગૌર બનતાં જાય છે, પણ સૌંદર્ય આકર્ષક હોય એવો અનુભવ થતો નથી.

પીતાંગ પ્રજા આપણને હિમાલયના પૂર્વ બાજુના પ્રદેશોમાં છેક પ્રશાંતના કિનારા સુધી અને ટાપુઓમાં તો અત્યારે તિબેટ સહિત ચીન મોંગોલિયા, મંચૂરિયા, કોરિયા, જાપાન વગેરે પ્રદેશોમાં મળે છે, પણ હિમયુગનો આજથી ૨૫ લાખ વર્ષ ઉપર આરંભ થયો ત્યારથી ૧૦ હજાર વર્ષ સુધીના ગાળામાં ભૂમધ્ય સમુદ્રકાંઠાના પ્રદેશોથી કેટલાક માઇલ ઉત્તરે સમગ્ર યુરોપ, ઇરાન, અફઘાનિસ્તાન અને હિમાલયની ઉત્તરના અને પૂર્વના એશિયાઇ તુર્કસ્તાન, સાઇબીરિયા સહિત રશિયા, ચીન, મોંગોલિયા, મંચૂરિયા એ બધા પ્રદેશ બરફનાં પડો નીચે ઢંકાઈ ગયેલા હતા અને કોઇ પણ પ્રાણીઓ માટે રહી શકાય તેવા ન હતા. માત્ર પ્રશાંત મહાસાગરનો એશિયાનો કિનારો કેટલેક અંશે પ્રાણીઓની હિલચાલને માટે ખુલ્લો હતો. તિબેટ, નેપાળ, ભુતાન, સિક્કિમ, આસામ, બંગાળ, બ્રહ્મદેશ અને પ્રશાંત મહાસાગર સુધીના પ્રદેશો અને ટાપુઓ પીતાંગ પ્રજાનું વસતિસ્થાન હતું, જે આજ દિવસ સુધી રહ્યું જ છે. હોમોસિપિયનના એક પ્રકારના પૂર્વજોનો પત્તો શિવાલિક ગિરિમાળામાંથી મળેલા 'શિવાપિથેકસ'માંથી વિકસેલો જોવા મળે છે. તો બીજા પ્રકારનો ચીનમાંથી મળેલા 'સિનોપિથેકસ'માંથી જોવા મળે છે. ત્રીજો પ્રકાર જાવા-સુમાત્રામાંથી મળેલા 'જાવાપિથેકસ'માંથી મળે છે. આનાથી સ્વતઃ પ્રાપ્ત થાય છે કે 'શિવાપિથેકસ'ના વિકાસમાં ગૌરાંગ (કૉકેસોઇડ કહેવાતો) આર્યસમૂહ, 'સિનોપિથેકસ'માંથી પીતાંગ (મોંગોલોઇડ) સમૂહ અને 'જાવાપિથેકસ'માંથી શ્યામાંગ (ઑસ્ત્રાલોઇડ) સમૂહ આમાંના ગૌરાંગોને 'ચંદ્રવંશ' કહેવામાં આવેલ છે, જ્યારે પીતાંગોને 'સૂર્યવંશ' કહેવામાં આવેલ છે. શ્યામાંગોને ભારતીય સાહિત્યમાં શોધવા હોય તો એમને માટે 'દૈત્ય' કે 'દાનવ' સંજ્ઞા કદાચ આપી શકાય. હકીકતે ભારતીય પરિભાષામાં 'દેવ' 'માનવ' અને 'દાનવ' આ ત્રણ શબ્દ ખૂબ જુના છે. આ ત્રણ સંજ્ઞા મને એમ લાગે છે કે, ગૌરાંગ પ્રજા એ 'દેવ' જેમનો નિવાસ, 'ત્રિવિષ્ટપ' (સ્વર્ગ) હતો; 'માનવ' એ કે જે 'વિવસ્વાન' (સૂર્ય) ના પુત્ર વૈવસ્વત 'મનુ'ના વંશજો એટલે કે 'પીતાંગો' અને દક્ષની પત્ની 'દનુ'ના વંશજો તે દાનવ અને એ શ્યામાંગો. આ સમીકરણ કરવામાં આવે તો ચંદ્રવંશી ગૌરાંગો તે 'કૉકેસોઇડ'. સૂર્યવંશી પીતાંગો તે 'મોંગોલોઇડ' અને દક્ષ પ્રજાપતિની પત્ની 'દનુ'ના શ્યામાંગો તે 'ઑસ્ત્રાલોઇડ,' આપણી પાસે 'નેગ્રોઇડ' યા તો એને રદ કર્યા પછી આફ્રિકાની બે પ્રજાઓ માટેની 'કૂપ્પોઇડ' અને 'કોન્ગોઇડ' સંજ્ઞાઓથી કદાચ દક્ષની પત્ની 'દિતિ'ના વંશજ 'દૈત્ય,' આવું સમાધાન મેળવી શકાય.

એક વાત બેસી જાય કે આજની પ્રજાઓના જે પ્રાચીનતમ પાંચ સમૂહ 'હોમોસેપિયન' તરીકે વિકસી આવ્યા તેઓમાંથી આફ્રિકાના જે બે સમૂહ 'કૂપ્પોઇડ' અને 'કોંગોઇડ,' તેઓનું આફ્રિકામાં સંમિશ્રણ થયું અને એ આફ્રિકામાં જ મુખ્યત્વે રહ્યા જ્યારે ઉત્તર ભારત વર્ષમાં 'કોંગોઇડ' અને 'મોંગોલોઇડ'-સંમિશ્રણ ખૂબ જૂના સમયમાં થયું, અને વિંધ્ય ગિરિમાળાના દક્ષિણ ભાગે સમુદ્ર અને એની દક્ષિણે આજના દ્રવિડ પ્રદેશ હતા. કાલક્રમે પ્રાકૃતિક કારણોથી સમુદ્ર શોષાઇ ગયો ને ભારત વર્ષના આજના ઉત્તર અને દક્ષિણના પ્રદેશ સળંગ જોડાઇ ગયા; પુરાણોએ કહ્યું કે અગસ્ત્ય ઋષિએ સમુદ્રનું પાન કર્યું અને એઓ દક્ષિણમાં આગળ વધ્યા. આમ થવાથી દ્રવિડ પ્રદેશોમાંના શ્યામાંગો (ઑસ્ત્રાલોઇડ)ની સાથે ગૌરાંગો અને પીતાંગોનું સંમિશ્રણ થયું અને પછી ઉત્તર દક્ષિણ ભારતવર્ષના પરસ્પરના આદાનપ્રદાન ચાલુ થયું અને જે પ્રજા ભારતમાં વિકસી તે વૈદિક પ્રજા. 'વર્ણ' શબ્દ તો શરીરોના રંગનો હતો તે ભારતીય સમાજમાં જાતિના અર્થમાં વ્યાપક બન્યો. ઋગ્વેદના મોટાના મંડળોમાં આવેલા 'પુરુષ સૂક્ત' (ઋ. ૧૦-૯૦મું ૧૬ મંત્રોનું સૂક્ત છે તેમાં ૧૨ મા મંત્રમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્ર એ રીતે ચાર વર્ણ જોવા મળે છે. આ ચાર વર્ણ ગીતાના જણાવ્યા પ્રમાણે ગુણ અને કર્મથી સ્થિર થયા. મોટેથી પછી જન્મથી આ ચાર વર્ણ વ્યાપક બન્યા.

કોલિફોર્નિયાની પૂર્વ સરહદે એરિઝોના અને એની પૂર્વે આવેલા ન્યૂ મેક્સિકો તેમ એરિઝોનાની ઉત્તરે આવેલા ઉતાહ પ્રદેશમાં નવાજો કે 'નવીણ' સંજ્ઞાથી જાણીતા અમેરિકન ઇન્ડિયન રહે છે. આ લોકો કેનેડાના નૈઋત્ય ખૂણે આવેલા ભૂભાગમાંથી નીચેના આ પ્રદેશોમાં આવી વસ્યા છે. અલાસ્કાથી આજના કેનેડાના પશ્ચિમ પ્રદેશમાંથી નીચે દક્ષિણમાં આગળ વધી પ્રસર્યા છે. એ જે ભાષા બોલે છે તે 'આથાબાસ્કન' ભાષાકુળની 'આપાચિયન' છે. આ ભાષામાં સામાન્ય રીતે વાક્યમાં કર્તરિ રચના હોય કે કર્મણિ, કર્તા પહેલાં આવે પછી ક્રમ. આ મૂળમાં ભારતીય પદ્ધતિ જેવી છે. એના ઊંડાણમાં અહીં નહિ ઉતરું. મારે જે બતાવવું છે તે એ છે કે આ નવાજો ઇન્ડિયનની ભાષામાં પાણીને માટે Toy (સં તોય) અને માણસને માટે Hastiin (સં હસ્તિન્) શબ્દ છે આમાંનો તોય તો પ્રાથમિક શબ્દ છે અને સંભવ છે કે એશિયામાં પણ એકથી વધુ ભાષાઓમાં એ મળી આવે, પરંતુ Hastiin સં. હસ્તિન્ શબ્દ તો દ્વૈતીયીક છે, એટલે મૂળ શબ્દ હસ્ત ને તદ્હિતનો ઇન્ પ્રત્યય લાગી તૈયાર થયેલો શબ્દ છે. સંસ્કૃતમાં હાથીને માટે હસ્તિન્ શબ્દ રૂઢ થયો છે. હસ્ત=હાથ અને હાથીની સૂંઢ જ્યારે હજી માણસને માટે હસ્તિન્ શબ્દ યૌગરૂઢ હતો ત્યારે આ પ્રજાના પૂર્વજ પ્રાચીનતમ ભારતીય ભાષા બોલનારાઓથી જુદા પડયા. પાછળથી સંસ્કૃત ભાષાના વિકાસમાં માણસને માટે વપરાતો બંધ થયો અને હાથીને માટે યૌગરૂઢ બન્યો.

'દેવો' કે 'પવિત્ર લોકો'ને માટે 'Diyin Dine' શબ્દ છે. જેનો સંબંધ દ્યુ અને દેવ સાથે દેખાય છે. ચેતન પ્રાણી પોતાના અંતરમાં છે એ અર્થ બતાવવા bii ast છે. આમાં

અસ્તિત્વનો અર્થ asti બતાવે છે જે सं अस्ति છે. Saad શબ્દ ભાષા તેમ શબ્દ બન્ને માટે પ્રયોજાય છે. આ Saad નો સંબંધ सं. शब्द સાથે પકડાય છે. પ્રાકૃતમાં सद थઈ ગુજરાતીમાં 'સાદ' મળ્યો જ છે. વળી ate શબ્દનો અર્થ 'છે' થાય છે, જેનો સંબંધ સંસ્કૃત અસ્તિ સાથે સરળતાથી પકડી શકાય એમ છે. 'નવાજો' કે 'નવાહો' સંજ્ઞા આ ઇન્ડિયન્સની કેવી રીતે પડી હશે? વૈદિક ભાષા કે વૈદિક ભાષાનો જે આદિમ ભાષામાંથી વિકાસ થયો છે તે ભાષાનો કોઈ શબ્દ આના મૂળમાં હશે. આ શબ્દ સંજ્ઞામાંનો 'નવ' શબ્દ પ્રાચીનતમ ભારતીય नव શબ્દ હશે. જો नव + आयीत = नवायात હોય હોય તો यज्ज થયે અને त ના લોપે આ શબ્દ મળી શકે? તો શું આ વસાહતીઓ અમેરિકાના પ્રદેશમાં છેલ્લા 'નવા' આવેલા હશે? અને એ આદિમોનો નાનો કે મોટો સમૂહ જ્યાં ભારતીય ભાષા બોલાતી હતી તે પ્રદેશમાંથી ઉત્તરે આગળ વધી બેરિંગની સંયોગીભૂમિના વિશાળ પટ દ્વારા અલાસ્કા અને પછી કેનેડાના વાયવ્ય પ્રદેશમાંથી નીચે ઊતરી ઉતાહ પ્રદેશમાં થતા કેટલાય ત્યાં રોકાયા અને બીજા નીચે એમેઝોનના પ્રદેશમાં પહોંચ્યા જેમાંના જરા પૂર્વ બાજુ વધી ન્યુમેકિસકોમાં પહોંચ્યા. ન્યુમેકિસકોની નીચે દક્ષિણમાં મધ્ય અમેરિકાનો મેક્સિકોનો પ્રદેશ આવેલો છે. ત્યાંના માયાઓની ભાષાનો હજી અભ્યાસ કરવાનો યોગ મળ્યો નથી, પરંતુ એના મને મળેલા વ્યાકરણમાં ભારતીય ભાષાનો નકારવાચી શબ્દ મા જોવા મળ્યો છે.

અમેરિકન ઇન્ડિયનોમાં ગૌરાંગો અને પીતાંગોનું સંમિશ્રણ, એમાં શ્યામાંગો સંમિશ્રિત થયા એ પહેલાનું છે. એટલે કે વેદકાલની પહેલાંની ભારતીય ભાષા બોલનારાઓમાંથી જુદા પડેલા લોક તે આ નવાજો અને માયા છે. અને ઇ. પૂ. ૨૦,૦૦૦ થી ૧૦,૦૦૦ સુધીમાં અમેરિકામાં આવી પહોંચેલા.

થોડા શબ્દોનું સામ્ય આપણને ભારતીય ભાષા બોલનારી પ્રજા સાથેનો અમેરિકન ઇન્ડિયનોનો સંબંધ સૂચવી જાય છે. એટલું જ અત્યારે તો પૂરતું છે. માયાઓનું વ્યાકરણ તો મને મળ્યું છે, પરંતુ એની ગદ્ય વાચનમાળા અને કોશ તથા નવાજોનાં વ્યાકરણ ગદ્ય વાચનમાળા અને કોશ હજી મેળવી શક્યો નથી. ઇન્ડો-યુરોપિયન ભાષાશાસ્ત્રના અઠંગ અભ્યાસી એડવર્ડ સાપિરે નવાજોની ગદ્ય પાઠમાળાનું સંપાદન કર્યું છે. એમણે રસ લીધો છે એટલે જરૂર એમણે પ્રાચીન સંબંધ વિષે લખ્યું હશે. (ક્રમશઃ)

સાતમો જૈન સાહિત્ય સમારોહ

અહેવાલ: ગુલાબ દેઢિયા

(ગતાંકથી પૂર્ણ)

શનિવારે બપોરે સાહિત્ય, ઇતિહાસ, કળા ઇત્યાદિ માટેની, બેઠકના પ્રમુખ પ્રા. જયંત કોઠારી હતા, જેઓ સંનિષ્ઠ અને સંશોધક છે, જૈન સાહિત્યના ઊંડા અભ્યાસી છે.

પ્રા. જયંત કોઠારીએ કહ્યું હતું કે મધ્યકાલીન સાહિત્ય વૈરાગ્યપ્રધાન જ છે એવો એક ખ્યાલ છે. તેથી 'વસંતવિલાસ'ના કર્તા જૈન કે જૈનેતર એવો પ્રશ્ન થાય છે. ખરેખર તો કેટલાક જૈન સાધુકવિઓએ પણ પોતાની કૃતિઓમાં જીવનના ઉલ્લાસને ગાયો છે. અબો અને પ્રેમાનંદ પૂર્વે થઈ ગયેલા જયવંતસૂરિ નામના સાધુ કવિએ 'શૃંગાર મંજરી' નામની કૃતિ રચી છે. જેમાં ૨૫૦૦ કડી અને ૫૧ ઢાળ છે. આરંભે તીર્થંકરવંદનાને બદલે સરસ્વતી-વંદના છે. કૃતિ ભાવચિત્રણપ્રધાન અને સુભાષિતપ્રધાન છે. 'શૃંગાર મંજરી'ની નાયિકા શીલવતીનો શૃંગાર ૧૧૫૦ કડીમાં વર્ણવાયો છે. વર્ષાઋતુને વિરહ દશાના આલંબન તરીકે વર્ણવેલ છે. આઠ પ્રકારની વિરહ દશા વર્ણવે છે.

ત્યાર બાદ સાહિત્ય વિભાગમાં અન્ય વક્તાઓએ પોતાના નિબંધ રજૂ કર્યા હતા. 'ખંભાતની આરસીમાં જૈનોનું સ્થાન' વિશે બોલતાં શ્રી નટવરલાલ એસ. શાહે કહ્યું હતું કે, ગુજરાતનાં પ્રાચીન નગરોમાં ત્રંબાવટી-સ્તંભતીર્થ-ખંભાતની ગણના થાય છે. ખંભાતમાં ત્રણ પ્રાચીન જ્ઞાનભંડારો છે. ભોંયરાપાડામાં આવેલા જ્ઞાન ભંડારમાં પોણા ત્રણસો જેટલી તાડપત્રીય પોથીઓ છે. ખારવાડાના જ્ઞાનભંડારમાં વીસ હજાર હસ્તપ્રતો છે.

'૨૧મી સદીમાં જૈન ધર્મ' વિશે બોલતાં ડો. કુમારપાળ દેસાઈએ ત્યારે વિજ્ઞાનની પ્રગતિ કયાં પહોંચી હશે તેનો ખ્યાલ આપ્યો હતો. યંત્રોની બોલબોલા વધી હશે પણ માણસ વધુ એકલવાયો બની જશે. હજી આપણે જૈન ધર્મની વાતો કરીએ છીએ પણ અહિંસા અને કરુણાનો અભાવ સર્વત્ર દેખાય છે. યુદ્ધના ઓછાયા હેઠળ ફફડતા વિશ્વને અહિંસા, કરુણા અને માનવતાની વધુ જરૂર પડશે.

'જૈન ધર્મની પ્રાચીનતાના એકેડેમિક પુરાવા' વિશે શ્રી નાનાલાલ વસાએ કહ્યું હતું કે, સૌથી પ્રાચીન જૈન અવશેષો મથુરાના કંકાલી ટીલાના છે. તે વખતની મૂર્તિઓમાં લાંછન નથી. ભુવનેશ્વરની હાથી ગુફામાં સમ્રાટ ખારવેલનો મહત્ત્વનો શિલાલેખ ભારતમાં જૈન ધર્મના ફેલાવા પર પ્રકાશ પાડે છે.

'શ્રીમદ્ રાજચન્દ્ર આશ્રમ-અગાસનો હસ્તપ્રતસંગ્રહ' વિશે પ્રા. નલિનાક્ષ પંડ્યાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, અગાસના ઉપરોક્ત સંગ્રહમાં ગુજરાતી ૧૦૬, પ્રાકૃત ૭૯, સંસ્કૃત ૪૭, રાજસ્થાની ૧૧, વ્રજ ૨, પ્રાકૃત-ગુજરાતી ૨૨, સંસ્કૃત-ગુજરાતી ૫ તથા પ્રાકૃત સંસ્કૃત ૮ હસ્તપ્રતો છે. ઇસ્વીસનની ૧૫મીથી ૨૦મી સદી સુધીની હસ્તપ્રતો આ સંગ્રહમાં સચવાઇ છે. અભયચન્દ્ર કૃત 'સ્વરોદય પત્ર' અને 'મહાદેવદ્વાત્રિંશિકા' (સંસ્કૃત) જેવી અજૈન કૃતિઓ પણ અહીં સચવાઇ છે.

'જૈન સ્તોત્ર-રસદર્શન' વિશે ડો. શેખરચન્દ્ર જૈને પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે, સ્તોત્ર એ ભક્તિની તીવ્રતાનો આવિષ્કાર છે. એ ભાવનાનો વિષય છે, બુદ્ધિનો નહિં. ભક્ત કવિએ સ્તોત્ર સર્જન સમયે જે ભાવસમુદ્રમાં ડુબકી લગાવી હોય છે તે અનુવાદ કરનારમાં તે સમયે શી રીતે આવે? એટલે જ સ્તોત્રકાવ્ય માત્ર કવિતા નથી પણ મંત્ર-સંહિતા છે. ભક્તામર સ્તોત્ર કે સૌન્દર્યલહરી જેવાં સ્તોત્રોમાં દરેક પદ્યો કોઇ ને કોઇ વિશિષ્ટ સિદ્ધ પ્રયોગો છે.

'શ્રાદ્ધગુણ વિવરણ' ગ્રંથનો પરિચય આપતાં શ્રી જયેન્દ્ર શાહે કહ્યું હતું કે, વિ. સં. ૧૪૯૮ માં શ્રી જિનમંડનગણિએ આ ગ્રંથની રચના અણહિલપુર પાટણમાં કરી હતી. સંસ્કૃતમાં

લખાયેલા આ ગ્રંથમાં ગૃહસ્થ શ્રાવકના પાંત્રીસ ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ ગુણોને માર્ગાનુસારીના ગુણો તરીકે પણ ઓળખાવવામાં આવ્યા છે. શ્રાવક ગૃહસ્થની સુંદર વ્યાખ્યા આપવામાં આવી છે.

'જૈન સર્જકોના પ્રદાનનું શ્રદ્ધેય અધ્યયન' વિશે બોલતાં ડો. બળવંત જાનીએ પ્રા. જયંત કોઠારીની પુસ્તિકા 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનોનું પ્રદાન'નો પરિચય કરાવ્યો હતો. આ પ્રકાશનથી મધ્યકાલીન ભાષાસાહિત્યના ઇતિહાસને એક બહુ મોટો વળાંક મળે છે. આ પુસ્તિકામાં જૈન સાહિત્યની વિવિધતા, વિપુલતા અને સાહિત્યિક ગુણવત્તાની સૂક્ષ્મ ચર્ચા કરી બરોબર અંદાજ દર્શાવાયો છે. ઇતિહાસમાં પ્રવેશ નહિ પામેલ કંઈ કેટલાય સર્જકો અને કૃતિઓની વિગતો આપી છે. ૧૨મીથી ૧૯મી સદી સુધીના ગુજરાતી ભાષા સાહિત્યના વિકાસનો દશકાવાર ઇતિહાસ જૈન કૃતિઓને લીધે મળે છે. ૨૧૦૦ જેટલા મધ્યકાલીન સર્જકોમાંથી ૧૬૦૦ જેટલા સર્જકો જૈન છે. ત્રણેક હજાર મધ્યકાલીન કૃતિઓમાંથી બેએક હજાર જેટલી રચનાઓ જૈન સર્જકો દ્વારા રચાયેલ છે. ગુજરાતી સાહિત્યની આરંભની કૃતિ 'ભરતેશ્વર બાહુબલિ રાસ' પણ જૈન સર્જક શાલિભદ્રસૂરિ દ્વારા રચાયેલી છે.

જૈન સાહિત્ય, ઇતિહાસ અને કળા વિભાગમાં અન્ય વક્તાઓના નીચે મુજબના નિબંધો રજૂ થયા હતા. 'જૈન સંસ્કૃતિનું રક્ષક સાહિત્ય'–પ્રા. અરુણ જોશી, 'જૈન સ્તોત્ર સાહિત્ય'–ડો. મણિભાઇ ઇ. પ્રજાપતિ, 'સોમદેવસૂરિ'–પ્રા. આર. પી. મહેતા, 'અપ્રકાશિત પ્રાકૃત શતકત્રય એક પરિચય'–ડો. પ્રેમસુમન જૈન, 'પ્રભુ મહાવીરના પ્રથમ ગણધર–શ્રી ગૌતમ સ્વામી મહારાજ'–શ્રી ચીમનલાલ એમ. શાહ–'કલાધર.' 'કન્નડ ભાષામાં જૈન સાહિત્ય'–ડો. કલાબેન શાહ, 'આધુનિક કલામાધ્યમો અને જૈન ધર્મ'–પ્રા. ગુલાબ દેઢિયા.

આ વિભાગ માટે જેમનાં નિબંધ મળ્યા હતા પણ જે વિદ્વાનો ઉપસ્થિત ન રહી શકયા હતા તેમના નિબંધ અને કર્તાના નામ આ પ્રમાણે છે.

'પ્રોગ્રેસ ઓફ પ્રાકૃત એન્ડ જૈનિઝમ'–ડો. વિધાતા મિશ્ર, 'જૈન ધર્મની સ્થાપનાનો સમય'–શ્રી દિનેશચન્દ્ર જેઠાલાલ ખિમસિયા, 'મર્યાદા મહોત્સવ કે સ્થલ ઔર ઉનકા કાલાનુક્રમ–શોધ પરક અધ્યયન'– માણકચંદ નાહર, 'સંસાર દાવાનલ સ્તુતિ'–હંસાબેન સુરેશકુમાર શાહ, 'ધાર્મિક શિક્ષણ–સમસ્યા અને સમાધાન'–કુમારપાળ વિ. શાહ 'હરિયાળી ઉકરડે' અવળવાણી'– પ્રા. કુમુદચન્દ્ર શાહ, 'સમ્રાટનાય સમ્રાટ– જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિ'–પં. છબીલદાસ કે. સંઘવી, 'જૈન કાવ્ય પ્રકાર–સ્તવન' પ્રા.–કવિન શાહ, 'સૂત્ર કૃતાંગની એક ગાથાના પાઠ વિશે ભાષાકીય સમીક્ષા અને આગમોના સંપાદનની જરૂરિયાત'- ડો. કે. આર. ચન્દ્ર, 'જૈન મંદિરમાં સ્થાપત્ય' ડો. પ્રિયબાળા શાહ, 'જૈન સંઘના યશસ્વી સંઘનાયક શ્રી સુધર્મા સ્વામી'-મુનિ શ્રી વાત્સલ્યદીપ.

આ સમારોહના બન્ને વિભાગ માટે ૬૦ જેટલા નિબંધો પ્રાપ્ત થયા હતા જેમાંથી બે બેઠકમાં ૩૩ નિબંધો રજૂ થયા હતા.

રવિવારે સવારે સમારોહનો ઉપસંહાર કરતાં અધ્યક્ષ શ્રી ઉમાકાન્ત પી. શાહે કહ્યું હતું કે, આપણે સૌએ સાંપ્રદાયિક દૃષ્ટિ ઉપર બહુ ભાર ન મૂકવો જોઇએ. ભારતીય સંસ્કૃતિના આપણે અંગ છીએ. વિશાળ દૃષ્ટિ કેળવવાની જરૂર છે. મેં એક વાર બૌદ્ધ સાધુઓને ગાન કરતાં સાંભળ્યા હતા તે વૈદિક ગાનની પદ્ધતિ હતી. સાતમા સૈકામાં ચીનમાં બૌદ્ધ ધર્મ ગયો ત્યારે એ શૈલી પણ સાથે ગઇ હશે. હિન્દુ, બૌદ્ધ અને જૈન શાસ્ત્રોના શ્લોકોનું પઠન કઇ રીતે થતું હશે, ઉત્તરાધ્યયન સૂત્રનું પઠન કઇ રીતે થતું હશે તે જાણી લેવું જોઇએ.

હિન્દુ, જૈન અને બૌદ્ધ ત્રણે ધર્મો સાથે ચાલતા હતા. અને એકમેકમાંથી સારું અપનાવતા હતા. કુંભારિયાના મંદિરની પાછળ જોઇશું તો ગણેશની મૂર્તિ છે. આવાં અનેક પ્રમાણો મળી આવે, આપણી ભારતીય તરીકે એકમેકના ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કરીએ તે માટે આ સમારોહ છે.

સંગોષ્ઠિમાં શ્રી અમર જરીવાલાએ સૂચન કર્યું હતું કે, મોટા શહેરોમાં, ખાસ કરીને મુંબઇમાં રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ સ્થાપીને સ્કોલર્સ તૈયાર કરવા જોઇએ. જ્ઞાનભંડારો વિશે વાતો થાય છે પણ એનો ઉપયોગ થતો નથી.

સંગોષ્ઠિના અન્ય વક્તાઓ સર્વશ્રી કાંતિલાલ મહેતા, મુનિ શ્રી હંસ, પંડિત નગીનભાઇ, ગણપતલાલ ઝવેરી મૃગેન્દ્ર શાહ, બસંતલાલ નરસિંહપુરા અને ચીમનલાલ પાલિતાણાકર હતા.

શ્રી સૂર્યકાન્ત પરીખે શિબિર અને સિમ્પોઝિયમ યોજવાની વાત કરી હતી. એક જ જગ્યાએ બે-ત્રણ દિવસ, શહેરથી દૂર મળી કોઇ ખાસ વિષય પર ચર્ચા થાય એ જરૂરી છે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી 'હેમચન્દ્રાચાર્ય યુનિવર્સિટી' તરીકે ઓળખાવી જોઇએ. એ અંગે માત્ર જૈનો જ નહિ, સર્વે ગુજરાતીઓએ સરકાર સમક્ષ રજુઆત કરવી જોઇએ.

ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં જૈન ચેર સ્થાપવામાં આવે તો સારું એવું અનુદાન પોતે મેળવી આપે એમ શ્રી ચન્દ્રકાન્ત ગાંધીએ જણાવ્યું હતું.

પ્રા. તારાબેન ર. શાહે સૌનો આભાર માન્યો હતો.

સમારોહના પ્રથમ દિવસે પાલનપુર પાસે આવેલી લોક નિકેતન–રતનપુર અને બાલારામ સઘન ક્ષેત્ર–ચિત્રાસણીની મુલાકાતો ગોઠવવામાં આવી હતી. અને વિદ્યા મંદિરની જુદી જુદી સંસ્થાઓની મુલાકાત પણ સૌએ લીધી હતી.

આમ જ્ઞાનવિનિમય, જ્ઞાનવૃદ્ધિ અને મૈત્રીના ક્ષિતિજ વિસ્તાર સાથે સાતમો સાહિત્ય સમારોહ સંપન્ન થયો હતો.

* * *

પ્રગટ થઈ ચુકયું છે–

જાણીતા તત્ત્વચિંતક અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી **સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહે** મુખ્યત્વે ઈ. સ. ૧૯૩૯ થી ૧૯૭૧ સુધીના સમયગાળામાં લખેલા લેખોનું પુસ્તક–

'તત્ત્વવિચાર અને અભિવંદના'

સંપાદકો : **ડો. રમણલાલ ચી. શાહ**
પન્નાલાલ ર. શાહ અને
પ્રો. ગુલાબ દેઢિયા

પાકું બાઇન્ડિંગ, પૃષ્ઠ સંખ્યા ૧૭૬+૮ કિંમત રૂ. ૩૫/૦૦ (ટપાલ ખર્ચ અલગ).

'સંઘ'ના ટ્રસ્ટીઓ અને આજીવન સભ્યોને આ પુસ્તક દસ ટકા કમિશનથી આપવામાં આવશે. આ માટે સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવો.

લિ. મંત્રીઓ

'અમકાર'ના નિબંધો

ડૉ. બળવંત જાની

તાજેતરમાં પ્રગટ થયેલ લબ્ધપ્રતિષ્ઠ સર્જક શ્રી રજનીકુમાર પંડ્યાનો લેખસંગ્રહ 'અમકાર'એ હકીકતે તો અંગત નિબંધો લલિત નિબંધોનો સંચય છે.

નિબંધ એ આત્મલક્ષી સાહિત્ય પ્રકાર છે. આપણે ત્યાંના ગુજરાતી અંગત નિબંધો બહુધા બિનંગત બાબતોને અંગત અનુભૂતિના રૂપમાં અભિવ્યકિત અર્પતા હોય છે. પરિણામે આ નિબંધો ધારદાર, તીવ્ર સંવેદનાનુભવ કરાવનારા કે સ્પર્શંદાયી બની રહેતા નથી. 'અમકાર' એ પ્રકારનો નિબંધસંગ્રહ નથી એવું વિધાન કરી શકાય એવાં ચોકકસ પ્રકારનાં તાકિંક કારણો પણ છે.

પોતાના અનુભવજગતના પ્રસંગોને રજનીકુમાર પંડ્યા જે રીતે કલારૂપ અર્પે છે એમાંથી એમની અંગત નિબંધ-સર્જન કળાશકિતના દર્શન થાય છે.

'અમકાર'માં કુલ ૧૬ નિબંધો છે. બહુધા કોઇ ચરિત્ર આ નિબંધમાં કેન્દ્રસ્થાને હોય છે. પણ એ ચરિત્રને ઉપસાવવા માટે અંગત અનુભવો, અન્ય ચરિત્ર કે પરિસ્થિતિનું સર્જન તેઓ કરે છે અને નિરૂપણ શૈલી એ રીતની હોય છે કે એમાંથી વાર્તા ન સર્જાતાં કે ચરિત્ર-નિબંધો ન સર્જાતાં અંગત નિબંધો-'લલિત નિબંધો' સર્જાય છે.

નિબંધ એ હકીકતનિષ્ઠ સાહિત્ય સ્વરૂપ છે એટલે સ્વાભાવિક છે કે એમાં કલ્પનાપ્રાધાન્ય, વર્ણનપ્રાચુર્ય કે અલંકૃત ગદ્ય આવકાર્ય ન જ બને, કારણ કે સર્જકનો ઉપક્રમ હકીકતોને પ્રસ્તુત કરવાનો હોય છે. પણ અહીં સર્જકની શબ્દચયનની માધુર્યતા – પદાવલિ – સ્પર્શક્ષમ છે જે આખા નિબંધની તથ્યપૂર્ણ સામગ્રીને એક પ્રકારનું કલાકીય રૂપ અર્પવામાં પણ બહુ મોટું કારણભૂત તત્ત્વ બની રહે છે.

માતાની સાથેના ચારેક પ્રસંગોને અનુષંગે માતાની તીવ્ર સ્મૃતિને અભિવ્યકિત અર્પતી સંગ્રહની પ્રથમ રચના 'હું, બા અને અરિથ'માં સર્જકનો ઉપક્રમ માત્ર બાની જ વાત કહેવાનો હોવા છતાં એ કૃતિ બા વિષયક ચરિત્ર-નિબંધ બની જતી નથી. અહીં પિતાની સ્મૃતિ, પોતાનું અનુભવજગત અને માતાનું મૃત્યુ વગેરેને સાંકળી લેતું એક જ સ્થળ અને આખરે એમાંથી ઉપસતું માતાનું ચરિત્ર અને સર્જકનું ભીતરી જગત આપણા આસ્વાદનો વિષય બની રહે છે.

'પાનખરમાં દિવસો વસંતના' માનવીને ટકાવી રાખનારું બળ કેટલું અને કેવું પ્રભાવક છે એની પ્રતીતિ કરાવતો નિબંધ છે. 'ગિન્નોલાણુ' અને 'નૂરજહાંની આંખમાં ચોમાસું' નિબંધો પણ એ કોટિના નિબંધો છે. 'વીસ વર્ષ પછી' માંથી ારલાયન્સવાળા શ્રી ધીરુભાઇ અંબાણીનો અતીત અને લેખકની પ્રકૃતિ એક સાથે ઉપસે છે. 'દીવના દરિયા કિનારે' નિબંધ શુદ્ધ પ્રણયભાવનાનું બળવાન ઉદાહરણ છે.

'સવિતાનું ડૂબવું તે' નિબંધની વિષયસામગ્રી એ સર્જકની સુખ્યાત વાર્તા 'ચંદ્રદાહ'ની પ્રેગનન્ટ મોમેન્ટ છે. આ નિબંધમાં સવિતાબહેન રાણપુરા અને દિલીપ રાણપુરાની સાથે સાથે સર્જકનું ચિત્ત પણ આવિષ્કાર પામ્યું છે. અહીં કમબદ્ધ રીતે કરુણને પરાકોટિએ પહોંચાડયો છે અને એમાંથી ઉપસતી દિલીપભાઇની સ્વસ્થતા સર્જકની નિબંધલેખન કળાનું ઉત્તમ ઉદાહરણ છે. તથ્ય અને સત્યને જાળવીને સામગ્રીને રસકીય પદાર્થરૂપે મૂકવામાં રજનીભાઇ પૂરા સફળ થયા છે. એ નિરૂપણને જ જોઇએ.

'તમારી આંખમાં મને લાગણીના ઓધ દેખાય છે. આ સાડાત્રણ વરસ મે તમારું મૃદુ, વત્સલરૂપ ભરપેટ માણી લીધું છે-હવે મારી અંતિમ ક્ષણે તમારો હાથ મારા હાથ ઉપર રાખજો, જેથી જન્મોજન્મ તમારો જ સાથ રહે.' 'મેં એને કહ્યું, 'તું સુખેથી સિધાવ. ચિંતા ન કર.' એનો હાથ પકડી લીધો, બીજો હાથ એના માથે ફેરવ્યો. બોલ્યો: નસીબ હશે તો જન્માંતરે કયારેક પાછાં મળશું. તું મુકત થઇને જા...જા જીવ, તારો પંથ પ્રકાશથી ઝળહળો. તારો પંથ પ્રકાશમય હો. એણે છેલ્લું ડચકું ખાધું અને ગયો. એના મોમાં મેં પાણી રેડયું, જીભ અંદર લીધી. પોપચાં બંધ કરી દીધા અને જેવો ચાદર તાણીને એનો ચહેરો ઢાંકી દેવા જાઉં છું ત્યાં જ મારી બેબી પારુલ બોલી ઉઠી: 'પપ્પા જુઓ, જુઓ મારી બાનો ચહેરો કેવો સુંદર લાગે છે. પહેલાં હતો એવો જ–નહીં પપ્પા?'

આ સંગ્રહના બીજા પણ અનેક નિબંધો, સંવાદ, કયાંક સીધું કથન (સુંદર પદાવલિ) અને બહુધા પ્રસંગાયોજનથી અંગત નિબંધનું રૂપ ધારણ કરે છે. બહુધા સાંપ્રત સમયની અવસ્થિતિને પ્રગટાવતાં આ નિબંધો એક રીતે દસ્તાવેજી આલેખ પણ બની રહે છે. એ રીતે પણ મારે મન એનું બહુ મોટું મૂલ્ય છે. માનવીય સંવેદનાના ઉદ્‌ગાતા શ્રી રજનીકુમાર પંડ્યાનો આ નિબંધ સંગ્રહ 'અમકાર' કોઇ પણ વ્યકિતએ વાંચવા જેવો છે.

સાભાર સ્વીકાર

ઉત્તરાધ્યયન के सूक्त वचन
લેખક-સંપાદક : પૂ. મુનિશ્રી લલિતપ્રભસાગર મહારાજ
પૃષ્ઠ : ૮૮ મૂલ્ય : ૪-૦૦
પ્રકાશક : જયશ્રી પ્રકાશન
૨૨ એ, બુધુ ઓસ્તાગર લેન, કલકત્તા-૭૦૦૦૦૬

પ્રતીક્ષા (કાવ્યસગ્રહ)
લે. પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગર
પૃષ્ઠ : ૯૮ મૂલ્ય : રા. ૧૦
પ્રકાશક : ઉપર મુજબ

ન ક્રિયતે
લે. પ્રિયદર્શન (પૂ. પં. શ્રી ભદ્રયુપ્તવિજયજી મહારાજ)
પૃષ્ઠ : ૧૧૯ મૂલ્ય : રા ૧૦
પ્રકાશક : શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ, કમ્બોઇ નગરની પાસે, **મહેસાણા** (ઉ. ગુજ.) પીન ૩૮૪૦૦૨

जितवाणी-श्रावक धर्म और समाज संगोष्ठी विशेषांक
સંપાદક : ડૉ. નરેન્દ્ર ભાનાવત
પૃષ્ઠ : ૧૬૦
પ્રકાશક : સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળ, બાપુ બજાર, જયપુર-૩

ठाणांगसुत्त समवायंगसुत्त च
સંપાદક : પૂ. મુનિશ્રી જમ્બુવિજયજી મહારાજ
પૃષ્ઠ : ૭૯૩ * પાકું બાઇન્ડિંગ * મૂલ્ય : રા. ૧૨૦

'સંઘ'ના ઉપક્રમે વિદ્યાસત્ર

સંકલન : ડો. સવેંશ પ્ર. વોરા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સુસંસ્કૃત પ્રણાલીને અનુરૂપ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પદ્મશ્રી કે. કા. શાસ્ત્રીને સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રમાં 'પ્રાચીન અમેરિકન સંસ્કૃતિ પર ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ' એ વિષય પર ત્રિદિવસીય જ્ઞાનસત્ર યોજીને આપણી વિદ્યા સમૃદ્ધિમાં વિશિષ્ટ પ્રદાન કર્યું.

પ્રારંભમાં શ્રીમતી ડાકિલાબેન વકાણીએ પ્રાર્થના રજૂ કર્યા બાદ પ્રા. શ્રીમતી તારાબેન શાહે શ્રી કે. કા. શાસ્ત્રીનો પરિચય કરાવતા કહ્યું કે શ્રી શાસ્ત્રી વિશ્વ કક્ષાએ ભારતનું પ્રતિનિધિત્વ કરી શકે એવા વિદ્વાન છે.

'સંઘ'ના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે શ્રી કે. કા. શાસ્ત્રીને આવકારતાં તેમને એકયાશી વર્ષના યુવાન તરીકે બિરદાવ્યા હતા અને વિદ્યાસત્રના દાતા શ્રી જોરમલભાઇની સંસ્કારપ્રિયતાનું અભિવાદન કર્યું હતું. વિદ્યાસત્રમાં હાજર રહેલ વિદ્વાનો અને જિજ્ઞાસુઓને પણ તેઓએ આવકાર આપ્યો હતો.

વિદ્યાસત્ર જેવા પ્રસંગે સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહના વિવિધ વિષયો પરના ચિંતનલેખોનો સંગ્રહ 'તત્ત્વવિચાર અને અભિવંદના'નું મંગલ પ્રકાશન શ્રી કે કા. શાસ્ત્રીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પુસ્તકનું સંપાદન ડો. રમણલાલ ચી. શાહ, પન્નાલાલ ૨. શાહ અને પ્રા. ગુલાબ દેઢિયાએ કર્યું છે. આ પુસ્તક અંગે ડો. રમણભાઇએ લાક્ષણિક પ્રાસાદિકતાથી સ્વ. ચીમનલાલ ચકુભાઇને સ્મરણાંજલિ અર્પતા કહ્યું કે એમણે લખવા ખાતર કે કેવળ પ્રસિદ્ધ ખાતર કદી લખ્યું ન હતું. 'પ્રબુદ્ધ જીવન'ના તેઓ તંત્રી થયા એટલે એમને નિયમિત લખવાનું થયું. આ રીતે ઇ. સ. ૧૯૭૧ થી એમના દેહોત્સર્ગ સુધીના સમયમાં 'પ્રબુદ્ધ જીવન'માં લખાયેલા લેખોનો 'અવગાહન' અને 'સમયચિંતન' એમ બે પુસ્તકોમાં સંચય થયો છે. 'પ્રબુદ્ધ જીવન'ના પ્રારંભથી એટલે કે ઇ. સ. ૧૯૩૯ થી ઇ. સ. ૧૯૭૧ સુધીમાં એમણે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલાં વ્યાખ્યાનો કે સામાજિક કે અન્ય સમસ્યાઓ પર એમણે લખેલી નોંધ 'પ્રબુદ્ધ જીવન'માં લેખ રૂપે પ્રગટ થઇ હતી તે લેખો હજુ સુધી ગ્રન્થસ્થ થયા ન હતા. ઉપરોકત બે પુસ્તકો ઉપરાંત આ લેખોને ગ્રન્થસ્થ કરવાનો અમારા જૈન યુવક સંઘની કારોબારી સમિતિએ સર્વાનુમતે નિર્ણય કર્યો અને આજે એ પુસ્તક 'તત્ત્વવિચાર અને અભિવંદના'નું પ્રકાશન થયું છે એથી આનંદ થાય છે. સ્વ. ચીમનભાઇની લેખન શૈલી સરળ અને ગાંધીજીની શૈલીનો પ્રતિભાવ જાણે એમાં ઝીલાયો હોય એવું લાગે. એમનાં લખાણોમાં વિશદ ચિંતન અને સ્વસ્થ સરળતા હતી.

શ્રી કે કા. શાસ્ત્રીએ પુસ્તકનું પ્રકાશન કરતાં વર્ષો પહેલાં લાઠીમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ સાથેની પ્રથમ યાદગાર મુલાકાત, ત્યાર બાદ રચાયેલા અવિચ્છિન્ન સંબંધો, ડો. રમણભાઇ સાથેની ગાઢ વિદ્યામૈત્રી અને શ્રી કે. પી. શાહ સાથેના વિદ્યાર્થી વાત્સલ્યના સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો. સ્વ ચીમનભાઇના પુસ્તકના પ્રકાશનની એમને મળેલી તકને એમણે લહાવો જેવો અનુભવ ગણાવ્યો હતો.

શ્રી કે. કા. શાસ્ત્રીએ ત્રણ દિવસ આપેલા વ્યાખ્યાન 'પ્રબુદ્ધ જીવન'માં ક્રમશઃ પ્રગટ થતાં રહ્યાં છે એટલે એમનાં વ્યાખ્યાનોનો અહેવાલ અહીં આપ્યો નથી.

ત્રણ દિવસનાં વિદ્યાસત્રનાં વ્યાખ્યાનોને આવરી લેતા ડો. રમણલાલ ચી. શાહનો ઉપસંહાર-સ્વયં એક કૃતિ બની શકે એવો સંયમિત છતાં આમૂલ-સ્પર્શી હતો. પ્રસ્તુત વિષય માટે શ્રી કે. કા. શાસ્ત્રી જેવા આંતરરાષ્ટ્રીય સ્તરના અધિકારી વિદ્વાન જ યોગ્ય ન્યાય આપી શકે એમ ડો. રમણભાઇએ જણાવ્યું. કેવળ પૂર્વનાં પુરાતત્ત્વનું જ્ઞાન હોય કે કેવળ પશ્ચિમના સંશોધનમાં પ્રભુત્વ હોય તો 'પ્રાચીન અમેરિકન સંસ્કૃતિ પર ભારતીય સંસ્કૃતિની અસર' જેવા વિષયની સમતોલ રજુઆત અધિકાર અને પ્રમાણથી ન થઇ શકે. ડો. રમણભાઇએ પણ જાતે વારંવાર વિશ્વની જ્ઞાન-યાત્રાઓ કરી છે. તેમણે પોતાની અમેરિકાની મુલાકાત આ નિમિત્તે યાદ કરતાં જણાવ્યું કે પેરૂની પ્રજામાં અત્યારે પણ આપણી સૌરાષ્ટ્રની બોલી જેવા લહેકા અને રણકાર અનુભવી શકાય છે. મચ્છુ-પિચ્છુ લીમા વગેરે પ્રજા સૂર્યઘટિકા વાપરતી. તેમણે આર્જેન્ટિનાનાં લા પ્લાટાનાં પુરાતત્ત્વ મ્યૂઝિયમની રસપ્રદ વાત કરતાં જણાવ્યું કે મૃતદેહ સાચવવાની વિદ્યા ઇજિપ્તમાં હતી તે પહેલાં લેટિન અમેરિકામાં હતી. ફારૂકીનની પ્રચલિત આકૃતિને બદલે ઘડા જેવી આકૃતિ રહેતી. જૈનો 'ખમાસણા' કરે, પંચાગ નમસ્કાર કરે એવી મુદ્રામાં શબને રાખવામાં આવે, અને એવાં શબો અત્યારે પણ લા પ્લાટા મ્યૂઝિયમમાં આવ્યા છે.

જૈન યુવક સંઘના મંત્રી શ્રી કે. પી. શાહનાં નમ્ર-મર્મ યુકત મીઠાં આભાર – દર્શન સાથે આ અવિસ્મરણીય જ્ઞાન-સત્ર પૂરું થયું.

રાજકોટમાં અસ્થિ સારવાર કેમ્પ

ઇનર વ્હીલ કલબ, રાજકોટના સહયોગથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે ડો. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાંનાં દરદોની સારવાર માટે તા. ૨૦-૧-'૮૬ થી તા. ૨૩-૧-૮૬ સુધી એમ ચાર દિવસ માટે જૈન ભવન, ૨૧, જગનાથ પ્લોટ, રાજકોટ ખાતે એક કેમ્પ યોજવામાં આવ્યો હતો. સોમવાર, તા. ૨૦-૧-૮૬ ના રોજ બપોરના ૪-૦૦ કલાકે શ્રીમતી લક્ષ્મીદેવી શિવરાજસિંહ જાડેજાએ આ કેમ્પનું ઉદ્ઘાટન કર્યું હતું. ઉદ્ઘાટન સમારંભના પ્રમુખસ્થાને ડો. રમણલાલ ચી. શાહ બિરાજ્યા હતા. જ્યારે અતિથિવિશેષ તરીકે શ્રી શશીકાન્તભાઇ કે. મહેતા અને શ્રી રમણિકલાલ નાગરદાસ શાહ પધાર્યા હતા

આ કેમ્પમાં આશરે ૬૦૦ દરદીઓએ લાભ લીધો હતો. દરરોજ સવારના ૯ થી રાતના ૧૧ વાગ્યા સુધી ડો. જે. પી. પીઠાવાલા દરદીઓને તપાસી માર્ગદર્શન આપતા રહ્યા હતા. આ કેમ્પ માટે મુંબઇથી ડો. રમણલાલ ચી. શાહ, સંયોજક શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહ, સહમંત્રી શ્રીમતી નિરુબેન શાહ, અસ્થિ સારવાર કેન્દ્ર, પાર્લાના સંયોજક શ્રીમતી પન્નાબેન દોશી અને શ્રી ઉષાબેન મહેતાએ આ કેમ્પની સફળતા માટે જહેમત ઉઠાવી હતી. એ જ રીતે ઇનર વ્હીલ કલબની બહેનો શ્રીમતી ભારતીબેન તંબોળી, શ્રી જ્યોતિબેન દોશી અને શ્રી નયનાબેન ઝોઠારી આ કેમ્પ માટે સતત કાર્યશીલ રહ્યાં હતાં.

* અસ્થિ સારવાર કેન્દ્ર, વિલે પાર્લા

'સંઘ'ના ઉપક્રમે ડો. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાંનાં દરદોની સારવારનું વિલે પાર્લામાં કેન્દ્ર શરૂ થયાને એક વર્ષ પૂરું થયું છે. દર મહિનાના છેલ્લા શનિવારે બપોરના ૩.૩૦ થી ૭-૦૦ સુધી ડો. જે. પી. પીઠાવાલા નિયમિત સેવા આપે છે અને દર શનિવારે સરેરાશ ૪૦ દરદીઓ લાભ લે છે. આ કેન્દ્રના સંયોજક તરીકે શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહ અને શ્રીમતી પન્નાબેન દોશી કાર્યરત રહે છે. વિલે પાર્લા ઉપરાંત દર રવિવારે સવારના ૯-૦૦ થી ૧-૦૦ સુધી ડો. જે. પી. પીઠાવાલા 'સંઘ'ના કાર્યાલયમાં પણ સેવા આપે છે.

પશ્ચિમના ગાંધીવેલાઓ

❖ પરેશ ર. વૈદ્ય

આપણે ત્યાં ગાંધીજીનું નામ ચલણી નાણું છે તે વાત બહુ વાર કહેવાઇ છે. તેમાં એટલું ઉમેરવા જેવું છે કે એ પણ ખોટા રૂપિયા જેવું.' ખોટો સિક્કો વ્યવહારમાંથી બહાર ન જાય, પણ ઉલટો જલદી જલદી ફરે. તેને પોતા પાસે કોણ રાખે? તો તો ખોટ જાય. ગાંધીનું એવું જ છે; તે નામ આત્મસાત્ કરવામાં તો દુઃખનો વેપાર છે. માત્ર સમાજના વ્યવહારમાં તેનું નામ રેડ્યા કરો. એવે વટાવનારાઓનાં મનમાં એક શંકા હંમેશાં હોય છે કે આજના યુગમાં એ ડોસાની સંદર્ભ યોગ્યતા (Relevance) ખરી? ગાંધીનું નામ ન લેનારાઓને તો આ બાબત શંકા નથી, ખાતરી જ છે કે પશ્ચિમની સંસ્કૃતિના પ્રવાહમાં વહેતા સમાજમાં ગાંધીની રીતો હવે ન ચાલે. ગાંધીજીનું વર્તમાન સંદર્ભમૂલ્ય છે. તેમ કહેનારા પણ એ તથ્યનો ઉપયોગ માત્ર સેમિનારોમાં કહેવા પૂરતો જ કરે છે.

પરંતુ હમણાં એક તક મળી પશ્ચિમના લોકોને મળવાની. જેઓ ગાંધીની રીતોમાં માને છે અને તેને વ્યવહારમાં પણ અપનાવે છે. પ્રસંગ હતો 'યુદ્ધ વિરોધી આંતરરાષ્ટ્રિય' (War Resisters' International) નામે સંસ્થાનાં ત્રિવાર્ષિક સંમેલનનો. સુરત પાસે વેડછી ખાતે સંપૂર્ણ ક્રાન્તિ વિદ્યાલયના નેજા હેઠળ સ્વરાજ આશ્રમમાં આ નિમિત્તે બારસાં સવા-બસો પશ્ચિમીઓ આવેલાં-ભારત તથા પશ્ચિમના પ્રતિનિધિઓમાં ત્રીજા ભાગના યુવાનો હતા-ત્રીસ વર્ષની આસપાસના.

બધાં આ કોન્ફરન્સ માટે આવેલ તેથી શાંતિચાહકો હતા તે તો ખરું જ; પરંતુ આપણા સંદર્ભની વાત એ છે કે તેઓમાંથી ઘણા એવાં જૂથોના કાર્યકર્તા હતા, જે શાંતિની પ્રાપ્તિ માટે અહિંસક સત્યાગ્રહનો માર્ગ લે છે. ગાંધીનું નામ લઇને કે લીધા વિના જ એ લોકો પશ્ચિમમાં પણ ગાંધીનું સામ્પ્રત સંદર્ભમૂલ્ય છે તેવું પુરવાર કરતા લોકો છે. જર્મનીથી આવેલું એક ચાર ઇંચનું 'સ્ટીકર' મારા હાથમાં છે. તેના ઉપર ગાંધીજીનો ફોટો છે અને જર્મન ભાષામાં તેઓનું એક અવતરણ છે, 'શાંતિનો કોઇ માર્ગ નથી-શાંતિ પોતે જ એક માર્ગ છે.' માત્ર શાંતિ સ્થપાય તો પણ વિશ્વના બીજા કેટલાય પ્રશ્નો ઉકલી જાય તે બાબત એ લોકોની શ્રદ્ધા આમાં વ્યક્ત થાય છે.

યુરોપ અને અમેરિકામાં યુદ્ધના વિરોધનું એક પાસું અત્યારે પરમાણુ શસ્ત્રોનો વિરોધ છે, ખાસ કરીને યુરોપ તો મધ્યમ રેન્જનાં મિસાઇલોનું કેન્દ્ર (શસ્ત્રદોડની ભાષામાં 'થિયેટર') બન્યું છે તેથી આવાં શસ્ત્ર થાણાંઓની સ્થાપના અટકાવવી એ જ ઘણાંય જૂથોનું મુખ્ય કાર્ય છે. આ સામે દેખાવો તો થતા જ રહે છે. એ અહિંસક રસ્તો ખરો પણ તેને કંઈ સત્યાગ્રહ ન ગણાય; અને એની અસરકારકતા પણ ઓછી. ખરું દબાણ તો સત્યાગ્રહથી જ ઓવે. સત્યાગ્રહ એટલે જેમાં ભાગ લેનારની સહન કરવાની ભાવના વ્યક્ત થાય તે. યુરોપના યુવાનો આ માર્ગે ગયા છે. મિસાઇલો લાવતાં વાહનો નીચે સૂઇ જવું, શસ્ત્ર થાણાંની આજુબાજુની જમીન ખરીદી લઇ સરકારને સોંપવાની ના પાડવી (કે જેથી થાણાંનો વિસ્તાર ન થાય) વગેરે પ્રકારો પ્રચલિત છે. આ માટે ભાઇ-બહેનો તાલીમ પણ લે છે; શિબિરો પણ કરે છે. આ પાસું આપણે ત્યાં ચાલતી સર્વોદય પદ્ધતિ જેવું જ ભાસે છે.

જો કે આ પદ્ધતિઓમાં કયારેક પશ્ચિમનો રંગ ભળી જાય ખરો-ખાસ કરીને અમેરિકામાં. ત્યાં 'અહિંસક સત્યાગ્રહ'ની ખાસ તાલીમ અપાય છે-અને તાલિમનો ગાળો week-endના બે દિવસ! ક્રોધ જીતવામાં આખી જિંદગી ઓછી પડે તેવું માનીએ એટલે આપણને આ ઝડપ ગળે ન ઊતરે પરંતુ એ યાદ રાખીએ કે તાલીમ દરમ્યાન એ પ્રેક્ટિસ પણ કરાવાય છે કે પોલીસ તમને મારે ત્યારે સામા ન કેમ થવું! બે દહાડામાં અહિંસા ભલે ગળથૂથીમાં ન ઊતરે પરંતુ અહિંસક રીત ઉપરનો તેઓનો ભરોસો તો વ્યક્ત થાય જ છે. (આ મુજબ સામા ન થવાની વાત ઉપરથી સ્વાભાવિક રીતે જ આપણને ધરાસણાનો સત્યાગ્રહ યાદ આવે. હાથ પણ ઊંચો કર્યા વિના લાડી ખાનારા-ઓની જિગરથી પત્રકાર મિલર ખૂબ પ્રભાવિત થયો હતો-તે અમેરિકન જ હતો!) શાંતિ પર અને અણુશસ્ત્રો વિરુદ્ધ ગીતો પણ જોડાય છે અને તેની પુસ્તિકાઓ વેંચાય છે, એ તત્ત્વ પણ ભારતની ગાંધીવાદી ચળવળની રીતની ઘણું નજીકનું લાગ્યું.

કેટલાક લોકો તો અત્યારે એવી પદ્ધતિઓ શોધવામાં વ્યસ્ત છે કે જે દેશ-દેશ વચ્ચેના ઝઘડાને પણ અહિંસક સંરક્ષણ માર્ગે નીપટાવી શકે. અહિંસા પરનો તેઓનો પૂર્ણ ભરોસો નીચેના ફકરામાંથી વ્યક્ત થાય છે. આ લખાણ ઇન્ગ્લેન્ડથી નીકળતી 'પીસ ન્યૂઝ' નામે પત્રિકાની જાહેરાતમાંથી લીધું છે. '...આપણે આને ક્રાન્તિકારી અહિંસા કહીએ છીએ. વિશ્વને બદલવા માટે આપણે પસંદ કરેલી પદ્ધતિમાં જ આપણને કેવું વિશ્વ જોઇએ છે તેની દૃષ્ટિ વ્યક્ત થઇ જાય છે તેવું અમે માનીએ છીએ. જો હિંસાનાં માળખાંને પહોંચી વળવું હોય તો સંઘર્ષની અહિંસક રીતો જ વિકસાવવી જોઇએ.' બે વાક્યમાં આખા ગાંધીને વ્યક્ત કરી દીધો હોય તેવું ન લાગ્યું?

'જાલિમ સરકાર'ને કર ન ભરવાનાં બેડા – બારડોલીનાં જોમનું જોડીયું તત્ત્વ પણ ત્યાં છે. અમેરિકાની સરકારી આવકના ૬૬ ટકા આવકવેરામાંથી આવે છે. અને એ આવકમાંથી મોટા ભાગ શસ્ત્રો બનાવવામાં, યુદ્ધની તૈયારીમાં જાય છે. માટે યુદ્ધનો વિરોધ કરનાર આવકવેરો ન ભરે તે એક પ્રકારનો સત્યાગ્રહ થયો. એક ભાઇ ચાર્લ્સની મુલાકાત થઇ જેમણે ૯ વર્ષથી કુલ મળી ૨૫ હજાર ડોલરનો આવકવેરો નથી ભર્યો. (આવકવેરો નહીં ભરનારા તો અહીં પણ છે, પણ તેને ગાંડાઘેલા ન કહેવાય, કારણ કે વેરો નહીં ભરવાનાં પરિણામો ભોગવવાની તૈયારી તેઓમાં નથી હોતી.) એક ઇટાલિયન ભાઇનાં પુસ્તકો આ સમય જપ્ત થયાં તો પુસ્તકો પાછળ બજારમાં ગયા-લોકોને એ પુસ્તકો લીલામમાં ન ખરીદવાની વિનંતી કરવા! ૬૦ વર્ષ પછી રાસ-બારડોલી ત્યાં પુનર્જિવિત થયાં હોય તેવું આ સાંભળતાં લાગ્યું.

પોતાનાં પગલાંનાં પરિણામો ભોગવવાની વાતનું સૌથી મોટું સ્વરૂપ તો મિલીટરીમાં ન જોડાવાના સત્યાગ્રહમાં યુરોપમાં લગભગ બધા જ દેશોમાં ફરજિયાત લશ્કરી સેવાનો નિયમ છે. જે લોકો અંતરાત્માના અવાજના કારણે યુદ્ધને અનિષ્ટ માની આવી સેવા આપવા તૈયાર ન થાય તેઓને દંડ અને/અથવા સજાના પણ કાયદા છે. આવા, અંતઃકરણના અવાજને કારણે વિરોધ કરનારાઓની આખી જમાત છે જે હસતે

(અનુસંધાન પૃષ્ઠ ૧૮૪ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૨૦

મુંબઇ તા. ૧૬-૨-૮૬ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

પોપની ભારતની મુલાકાત

રવિવાર, તા. ૯મી ફેબ્રુઆરીએ બપોરે મુંબઇના આર્ચ-બિશપના નિવાસસ્થાનની બાજુમાં આવેલા 'હોલી નેઇમ કેથિડ્રલ'માં ખ્રિસ્તી અને અન્ય ધર્મના કેટલાક નાગરિકો માટે નામદાર પોપને મળવા માટેની એક નાની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં એમના નિમંત્રણથી મારે ઉપસ્થિત રહેવાનું થયું હતું.

પોપ જ્યાં જાય છે ત્યાં માંદા, અશક્ત, અપંગ, વૃદ્ધ એવા માણસોને માથે હાથ મૂકી નિરાંતે ઊભા રહી વાતચીત કરી આશીર્વાદ આપે છે આ સભામાં પણ એમણે જતાં અને આવતાં કેટલાક આમંત્રિતો સાથે હાથ મિલાવવા ઉપરાંત એ પ્રમાણે વૃદ્ધો, માંદાઓ વગેરેને આશીર્વાદ આપ્યા હતા. સભામાં પોતાના ટૂંકા વક્તવ્યમાં એમણે શાંતિ અને માનવતાની વાત દોહરાવી હતી પોપને નજીકથી મળવાનો આ એક વિશિષ્ટ અનુભવ હતો.

પોપે જેમના માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા એવી કેટલીક વ્યક્તિઓની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં. એક ધર્મની સર્વોચ્ચ, પવિત્ર, બાળબ્રહ્મચારી એવી વ્યક્તિનું સાન્નિધ્ય પવિત્ર, શાંત અને પ્રેરક વાતાવરણનું નિર્માણ કરે છે. એવે પ્રસંગે એવી વ્યક્તિના દર્શનથી કોઇને રોમાંચ થાય કે આંખમાં હર્ષાશ્રુ આવે કે જીવનની ધન્યતા અનુભવાય એમ થવું સ્વાભાવિક છે. કેટલાંક વર્ષ પૂર્વે દલાઇ લામાને મળવાનું થયું હતું ત્યારે એમનાં દર્શને આવેલાં એક બહેન દર્શન કરતાં જ ડુસકે ડુસકે રડી પડેલાં એ પ્રસંગનું સ્મરણ તાજું થયું. ગાંધીજીને મળવા આવતી કોઇ કોઇ વ્યક્તિઓ એમને પહેલીવાર રૂબરૂ મળતી ત્યારે તેઓની આંખ ભીની થઇ જતી એવું સાંભળ્યું છે. સાચા મહાપુરુષોનું આ એક કુદરતી લક્ષણ છે. જેમના જીવનમાં જગતના તમામ જીવો માટે પ્રેમ અને કરુણાના ભાવ સતત વહ્યા કરતા હોય તેમના સાન્નિધ્યમાં અપાર શાંતિ અનુભવાય છે. પાતંજલ યોગસૂત્રમાં કહ્યું છે કે એવા મહાન ધર્મપુરુષોના સાન્નિધ્યમાં માત્ર મનુષ્ય જ નહીં, પશુ-પક્ષીઓમાં પણ રહેલું કુદરતી વેર શમી જાય છે.

પોપ જોન પોલ બીજાની ભારતની મુલાકાત ભારત સરકારના નિમંત્રણથી યોજાઇ હતી. બિનસામ્પ્રદાયિક રાષ્ટ્ર કોઇ એક ધર્મના વડાને આ રીતે નિમંત્રણ આપે એ કેટલે અંશે વાજબી છે ? અને નિમંત્રણ આપે તો સરકારે કે તે ધાર્મિક વડાએ પોતાનો કાર્યક્રમ કેવો ગોઠવવો જોઇએ ? એ પ્રશ્નોની ચર્ચામાં અહીં આપણે નહીં ઊતરીએ.

ઇ. સ. ૧૯૬૪માં યુકેરિસ્ટિક કોંગ્રેસ વખતે તે સમયના પોપે ભારતની મુલાકાત લીધી હતી. ત્યાર પછી આ બીજા પોપે ભારતની મુલાકાત લીધી સામાન્ય રીતે અગાઉનાં વર્ષોમાં પોપ વેટિકન શહેરની બહાર ખાસ જતા નહીં. વર્તમાન સમયના પોપ જોન પોલ બીજાએ દુનિયાના ઘણા દેશોની મુલાકાત લીધી છે. બીજા દેશની મુલાકાત લેવાનું એમ સહેલું નથી. સુરક્ષા માટે ઘણી સગવડો કરવી પડે. ક્યારેક જાન પણ જોખમમાં રહે. પોપ જોન પોલ બીજા એ રીતે નિર્ભય છે. અત્યાર સુધીમાં તેમનું ખૂન કરવા માટે ત્રણેક વાર પ્રયાસ થઈ ચૂક્યા છે. એમનું આયુષ્યબળ એટલું લાંબુ છે કે શરીરમાં ગોળી વાગવા છતાં તેઓ બચી ગયા અને પૂરી સ્વસ્થતાથી જીવે છે. તેઓ લોકોના ટોળામાં જઇને દીનદુઃખિયાને માથે હાથ ફેરવતા જરા પણ અચકાતા નથી. મૃત્યુનો તેઓ ડર રાખતા નથી, સુરક્ષા માટે વધુ પડતી વ્યવસ્થા પણ તેમને ગમતી નથી. પોતાનું ખૂન કરવાનો પ્રયત્ન કરનાર ગુનેગાર કેદીને જેલમાં જઇને તેઓ માફી આપી આવ્યા છે. ગુનેગારને કોઇ સજા ન થાય તેવી ભલામણ પણ તેમણે કરેલી. ક્ષમાની ભાવનાને તેમણે જીવનમાં સારી રીતે ઉતારી છે.

ખ્રિસ્તી ધર્મમાં જુદા જુદા પંથોમાં મુખ્ય પંથ રોમન કેથોલિકનો રહ્યો છે. દુનિયાના અનેક દેશોમાં ખ્રિસ્તી ધર્મ પથરાયો છે. લગભગ ૮૦ કરોડ જેટલા લોકો રોમન કેથોલિક ધર્મ પાળે છે. એ ધર્મનું વ્યવસ્થાતંત્ર બહુ સુદ્ધર અને સંગીન છે.

પોપની ચૂંટણી લોકશાહી ઢબે થાય છે. અને સર્વોચ્ચ પદ પોપનું હોવાથી તે એક જ વ્યક્તિની આજ્ઞા બધા લોકો ઉઠાવે છે. એંશી કરોડની પ્રજા ઉપર એક જ ધર્મગુરુની સત્તા ચાલે એવું માત્ર ખ્રિસ્તી રોમન કેથોલિક સંપ્રદાયમાં જ જોવા મળે છે, અન્ય કોઇ ધર્મમાં નહિ દુનિયાના બીજા ઘણા બધા ધર્મોમાં ગુરુની ગાદી માટે બે સમર્થ વ્યક્તિઓ વચ્ચે જ્યારે વિવાદ કે સ્પર્ધા થાય છે ત્યારે ફાંટા પડે છે. સમય જતાં એ ધર્મનું સંગઠન શિથિલ થઇ જાય છે રોમન કેથોલિક સંપ્રદાય સામે રાજ્યસત્તા તરફથી કે બંડખોર જૂથ કે

વ્યક્તિઓ તરફથી આવા ઝંઝાવતો ઊભા નથી થયા એમ નહિ, પરંતુ કાળબળે એ ધર્મસત્તા આજ દિવસ સુધી ટકી રહી છે. એનો અર્થ એ નથી કે એના વ્યવસ્થા-તંત્રમાં જે કંઇ બધું થાય છે તે સંપૂર્ણ અને આદર્શરૂપ છે. વસ્તુતઃ ઇટલીમાં વેટિકન શહેરમાં આ તંત્ર આવેલું છે. અને સૈકાઓ થયા, ઇટાલિયન વ્યક્તિ સિવાય બીજી કોઇ વ્યક્તિ પોપ ન થઇ શકે એવી રીતે વધુમાં વધુ કાર્ડિનલો ઇટલીમાંથી નીમી પોતાની બહુમતી સાચવી રાખવાની કુનેહ આજ દિવસ સુધી ચાલી આવી છે. આ વખતે પહેલી વાર કોઇ ઇટાલિયન કાર્ડિનલને પોપ બનાવવા માટે જરૂરી બહુમતી સધાઇ નહીં, અને પોલેન્ડની એક વ્યક્તિ પોપ બની ઘણાંને આશ્ચર્ય પમાડનારી પરંતુ બાલ જગતને માટે અત્યંત આવકાર્ય એવી આ ઘટના બની છે. ઇટલી બહારની વ્યક્તિ પોપ બની. એનો અર્થ એ થયો કે પોલેન્ડના આ પોપના ચારિત્र્યનો પ્રભાવ ઘણા બધા કાર્ડિનલો ઉપર બહુ મોટો હોવો જોઇએ.

પોપની ચૂંટણી કાર્ડિનલો કરે અને પોપ એક ગોરી વ્યક્તિ હોવી જોઇએ એવા સ્વાભિમાનપૂર્વકના આગ્રહને કારણે લગભગ બીજા વિશ્વયુદ્ધના સમય સુધી કાળી ચામડીવાળા પાદરીને કાર્ડિનલ બનાવવામાં આવતા ન હતા. હવે બિનગોરા કાર્ડિનલોની સંખ્યા વધવા લાગી છે. તો પણ ગોરા કાર્ડિનલોનું બહુમતીપૂર્વકનું વર્ચસ્વ એટલું બધું છે કે નજીકના ભવિષ્યમાં કોઇ હબસી કાર્ડિનલ, ભલે ગમે તેટલી પવિત્ર અને સૌથી સમર્થ વ્યક્તિ હોય તો પણ તે પોપ બને એવું રૂઢિચૂસ્ત યુરોપીય માનસ હજુ સ્વીકારી શકે તેમ નથી.

રોમન કેથોલિક પાદરીઓએ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવાને માટે સૈકાઓથી આખી દુનિયામાં પોતાના મિશનરીઓને મોકલ્યા કર્યા છે. આફ્રિકા અને એશિયાના દેશોમાં નિર્ધન આદિવાસી વિસ્તાર એ એમનું સવિશેષ લક્ષ્ય રહ્યું છે. ગરીબ લોકોને અન્ન, વસ્ત્ર અને રોજીનાં પ્રલોભનો આપીને ધર્માંતર કરાવી લેવાનું કામ જેમ સહેલું નથી તેમ અઘરું પણ નથી. વ્યવસ્થિત સંગઠિત પ્રયાસ અને કયારેક રાજ્યસત્તાનો સહારો–એ બધા ઉપરાંત પોતાના અંગત સુખનો ભોગ આપી અનેક હાડમારીઓ વેઠી ધર્માંતર કરનારાઓ માટે ભરી ખૂટવાની મિશનરી પાદરીઓની તમન્નાને કારણે કારણે એ ધર્મનો પ્રચાર દુનિયામાં બહુ મોટા પાયા ઉપર થયો છે. ઇસ્લામ, હિન્દુ, કે બૌદ્ધ જેવા મોટા ધર્મો પાસે વ્યવસ્થિત એકચક્રી પ્રચારતંત્રનો અભાવ, અંદર અંદરના ઝઘડા અને આધર્મિક બંધુઓ પ્રત્યેની ઉપેક્ષાને કારણે બીજા કોઇક ફાવી જાય તો તેમાં તેમનો વાંક જોવા કરતાં પોતાનો વાંક જોવો એ વધુ વાજબી ગણાય. હિન્દુ ધર્મે વર્ણાશ્રમની વ્યવસ્થા કરી શુદ્રોને ઉપેક્ષાપૂર્વક જે ઘોર અન્યાય અનેક સૈકાઓથી કર્યા કર્યો છે તેનું પરિણામ તેને ભોગવવા માટે તૈયાર રહેવું જોઇએ.

વર્તમાન સમયમાં દુનિયાભરમાં તમામ વર્ગોમાં ધાર્મિક જાગૃતિ આવી છે. એ જોતાં ધર્માન્તરની પ્રચારાત્મક પ્રવૃત્તિ હવે પહેલાં જેટલી જોરદાર તો ન જ ચાલે એ દેખીતું છે. કોઇ વ્યક્તિ સ્વેચ્છાએ ધર્મતત્ત્વનો અભ્યાસ કરી સમજણપૂર્વક ધર્મપરિવર્તન કરે એ જુદી વાત છે. અને નિર્ધન લાચાર લોકોની લાચારીનો ધર્માન્તર માટે લાભ ઉઠાવાય એ જુદી વાત છે. તલવાર કે બંદૂકના જોરે ધર્માન્તર કરાવવાના દિવસો અદૃશ્ય થઇ ગયા. કુટિલ ખટપટો કરી ધર્માન્તર કરાવવાની પ્રવૃત્તિ પણ ઘણી ઓછી થઇ ગઇ છે. વ્યકિત ધર્મપરિવર્તન સ્વેચ્છાએ સમજણપૂર્વક કરે એનો વિરોધ બહુ ન હોય. ધર્માન્તરની પ્રવૃત્તિઓને રાજકીય રૂપ અપાય અને મલિન બંડખોર વૃત્તિને પોષાય તો તે ભયસ્થાન સામે પ્રત્યેક રાષ્ટ્રે જાગૃત રહેવું ઘટે.

નામદાર પોપની ભારતની મુલાકાત રોમન કેથોલિક ચર્ચ પૂરતી જ ઘણુંખરું મર્યાદિત રહી. એ એક દૃષ્ટિએ ઇષ્ટ ગણાય તો અન્ય દૃષ્ટિએ તે બહુ આવકાર્ય ન લેખાય. ભારતના રોમન કેથોલિક દેવળો વચ્ચે મતભેદો ઓછા થાય અને એકતા સ્થપાય એવો એક આશય પણ આ મુલાકાતનો હતો એમ કહેવાય છે. તો પણ અગાઉથી આયોજન કરીને, સરકારે પોતે જ સંમતિ મેળવીને એવાં અન્ય ધર્મસ્થળોની પોપની મુલાકાત ગોઠવી હોત તો પરસ્પર ધાર્મિક સમભાવ પોષવામાં તે સારું નિમિત્ત બની શકત. નામદાર પોપે જાહેરમાં ખ્રિસ્તી ધર્મના ગુણગાન કે ખ્રિસ્તી ધર્મના પ્રચારનાં વાકયો ન ઉચ્ચારતાં, શાંતિ, માનવતા, સંસ્કારિતા અને લોકકલ્યાણની સર્વસ્વીકૃત એવી વાતો ઉચ્ચારી એ ખરેખર ખૂબ આવકારદાયક છે અને એમની પ્રતિષ્ઠાને બઢાવે એવી છે.

દુનિયામાં ધર્મો ઘણા છે અને લગભગ બધા જ ધર્મોમાં એકથી વધુ ફાંટા છે. જીવનને ઉન્નત-બનાવનારું તત્ત્વ તે ધર્મ છે. એટલે ધર્મ પોતે વિસંવાદ, કલહ, સંઘર્ષ, અશાંતિ કે યુદ્ધનું નિમિત્ત ન બનતાં પ્રેમ, ભ્રાતૃભાવ, દયા, માનવતા, સેવા ઇત્યાદિનું નિમિત્ત બની રહે એ વિશ્વની નૈતિક સ્તરની પ્રાથમિક આવશ્યકતા છે. ધર્મ મનુષ્યને આધ્યાત્મિક સ્તરે લઇ જાય એ એથીય વધુ ઇષ્ટ વાત છે. જેમણે પોતાના જીવનમાં ધર્મને સાચી રીતે ઉતાર્યો છે એવા પ્રત્યેક ધર્મના સર્વોચ્ચ ધર્મગુરુઓનું એ પરમ કર્તવ્ય છે.

વર્તમાન સમયમાં રાજ્યસત્તા આગળ ધર્મસત્તા કચડાતી જાય છે. રાજ્યસત્તાઓ પણ બિનસાંપ્રદાયિકતાને નામે અધાર્મિકતા ધર્મવિહીનતાનું વલણ અપનાવે છે. ધર્મસત્તાનો રાજ્યસત્તા ઉપર સરખો પ્રભાવ પડે. રાજ્યસત્તાને યોગ્ય માર્ગદર્શન આપી શકે અને સમય જતાં ધર્મસત્તા અને રાજ્યસત્તા વચ્ચે આદર્શરૂપ એકતા સધાય તો જગતના તમામ લોકો માટે ભૌતિક, નૈતિક અને આધ્યાત્મિક કલ્યાણનું કાર્ય સરળતાથી થઇ શકે.

–રમણલાલ ચી. શાહ

સાભાર–સ્વીકાર

✡ पइण्णयसुत्ताइं

સંપાદક : સ્વર્ગસ્થ પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ તથા પંડિત અમૃતલાલ ભોજક

પૃષ્ઠ : ૫૩૦ * પાકું બાઇન્ડિંગ * મૂલ્ય : ૮૦-૦૦

પ્રકાશક : શ્રી મહાવીર જૈન વિદ્યાલય ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ-૪૦૦૦૩૬

અમેરિકામાં આદિમ વસાહતીઓના પ્રવેશ

(ગતાંકથી પૂર્ણ)

● કે. કા. શાસ્ત્રી

ધાર્મિક માન્યતાઓ :

લગભગ ચાલીશ હજાર વર્ષથી લઇ ઇ. પૂ. સાતમા-આઠમા સૈકા સુધીમાં એક બાજુ દક્ષિણ અમેરિકાની હોર્ન'ની ભૂશિર સુધી, બીજી બાજુ પશ્ચિમના વેસ્ટ ઇન્ડિઝના ટાપુઓમાં અને કેનેડા સહિત ઉત્તર અમેરિકાના આટલાન્ટિક મહાસાગરના કાંઠા સુધીમાં વિસ્તરેલા આ કહેવાતા ઇન્ડિયનોની ધાર્મિક માન્યતાઓ પણ ઘણી બધી વિકસી હતી, જે સ્પેનિશ લોકોએ અને પછી બીજા યુરોપીય દેશોના સાહસિકોએ પોતાની સત્તામાં એમના પ્રદેશ કબજે કર્યાને મોટી સંખ્યામાં ખ્રિસ્તી ધર્મના પણ અનુયાયી બનાવ્યા છતાં પણ આ દેશી ઇન્ડિયનોની અમુક ધાર્મિક માન્યતાઓ અવિચ્છિન્ન જળવાઇ રહી છે. યુરોપીય વિદ્વાનોએ એમની ધાર્મિક માન્યતાઓનો પણ અભ્યાસ કર્યો છે. મુખ્યત્વે મધ્ય અમેરિકાના મેક્સિકોના માયા અને એમના અનુગામી આઝતેકોની તેમ ઉત્તર અમેરિકાનાવાસીઓમાંના નાહુઆ ઇન્ડિયનોની ધાર્મિક માન્યતાઓનો અભ્યાસ થયો છે.

જ્યાં ન હતું આકાશ અને ન હતી પૃથ્વી ત્યારે ઇશ્વરના પ્રથમ શબ્દનો ધ્વનિ ઊઠ્યો અને એણે પોતાના પથ્થરમાંથી પોતાની જાતને છૂટી કરી તથા પોતાની દિવ્યતા જાહેર કરી. જોતજોતામાં શાશ્વતતાની વિશાળતા મોટી ભયાનકતાની સાથે ઝુબી ઊઠી. ઇશ્વરનો એ સમયનો શબ્દ કૃપાનું માપ હતો. ઇશ્વરે પહાડોની કરોડરજ્જુને તોડી નાખી અને ફાડી નાખી ત્યાં કોનો જન્મ થયો ? કોણ ? હે પિતા ! એનો તને ખ્યાલ છે : 'આકાશમાં જે સૂક્ષ્મ તત્ત્વ હતું તે અસ્તિત્વમાં આવ્યું.' આ પ્રકારની માન્યતા માયાઓ અને નાહુઆઓની છે. નિઃશંક રીતે એઓ એકેશ્વરવાદમાં માનનારા હતા. અને સૃષ્ટિને ઉત્પન્ન કરનારા મહાન દેવના ત્રિકાલાબ્ધ સ્વરૂપ સ્વીકારતા હતા. એમની નાશ કે પ્રલયના વિષયમાં પણ એવી માન્યતા હતી કે પ્રલય થતાં સૃષ્ટિ ફરી અસ્તિત્વમાં આવશે. ધાતા યથા પૂર્વમ્‌કલ્પયત્ સર્જકે જેવી પહેલાં હતી તેવી સૃષ્ટિની રચના કરી. 'બધા ચંદ્ર, બધા વર્ષ, બધા દિવસ, બધા વાયુ પૂર્ણ થઇ જશે અને ચાલ્યા જશે. બધું જ લોહી અને શાંતસ્થાને પહોંચી જશે કે જે પ્રમાણે એની સત્તા અને ગાદી પર પહોંચે છે. જેમાં સૂર્યની કૃપાનો માયાળુતાનો અનુભવ થતો હતો તે સમય માપમાં રહેલો હતો. દેવત્રયીની ભવ્યતાના વખાણ કરી શકાય, જેમાં તેઓ સમય માપમાં રહેલો હતો. તારાઓનું મુખ્ય સંચાલક સ્થાન પેલાઓની ઉપર દૃષ્ટિપાત કરી શકે, જેમાં તેવા સમય માપમાં રહેલો હતો. અને એના દ્વારા પોતાની સહીસલામતી ઉપર સંભાળ રાખી શકાય એ રીતે તારાઓમાં વીંટળાઇને રહેલા દેવો તારાઓને વિશે વિચારી શકે.'

આ માન્યતા પ્રમાણે સમય માપમાં રહેલો છે. અને એમાં બધા સમાઇ રહ્યા છે એ બતાવે છે. પ્રધાન એક દેવ હોવા છતાં ત્રણ દેવો (Trinity)ની માન્યતા પણ હતી. આ ત્રણ દેવો કોણ છે એની સ્પષ્ટતા નથી.

એક માન્યતા એ પણ કહી જાય છે કે 'સમગ્ર વિશ્વ કાચબાની – કદાચ ચાર કાચબાઓની પીઠ ઉપર રહેલ છે, જે કાચબા કમ્પાસના બિન્દુઓનો ખ્યાલ આપે છે. અને એ તળાવ ઉપર તરી રહ્યા છે. ભારતીય માન્યતામાં મત્સ્યાવતારની સાથે આને સરખાવી શકાય, કે જે મત્સ્ય સમુદ્રમાંથી ઊભો થયેલ મનાયો હતો.

માનવની ઉત્પત્તિના વિષયમાં એવી એક માન્યતા પ્રવર્તે છે કે એક દિવસે સૂર્યે બાણ ફેંક્યું કે જે ખડક પર ફાટ્યું. એમાંથી એક પુરુષ અને એક સ્ત્રી પ્રગટ થયાં. એ બેઉ અપૂર્ણ હતાં. માથું અને કેડથી ઉપરનું ધડ હતું, કેડની નીચેના અવયવ નહોતા. ચકલીની જેમ એ જમીન ઉપર કૂદ્યાં. એ બેઉ જ્યારે જોડાઇ ગયાં ત્યારે માનવ જાતિના પહેલા પૂર્ણ માનવને જન્મ આપવા શક્તિમાન થયાં. રસિક વાત તો અહીં એ છે કે પ્રાણની દૃષ્ટિએ– આત્માની દૃષ્ટિએ કેડની ઉપરની ભાગમાં રહે છે એને જ્યારે પ્રેમપૂર્વક જગાડવામાં આવે છે ત્યારે ભૌતિક સ્વરૂપમાં દૃઢધારી બની રહે છે.

ઉપનિષદની, પુરુષ અને સ્ત્રીના યુગ્મને આરંભમાં સર્જવાની વાત સાથે આનો થોડો મેળ મળે છે.

જીવાત્માના વિષયમાં કેટલીક માન્યતા જાણવા જેવી છે. ઓઆકસાકાના ચોન્તલ ઇન્ડિયનો કહે છે કે માણસનો આત્મા એના હૃદયમાં અથવા તો શ્વાસમાં રહે છે. અને એને માનવનો આકાર છે. જ્યારે માણસને મૃતાત્માઓ વિશે સ્વપ્ન આવે છે ત્યારે એ પેલાઓના આત્માઓને જુએ છે. સ્વપ્ન દરમ્યાન આત્મા પોતાના દેહનો ત્યાગ કરીને પછી બીજા આત્માઓને મળવા જાય છે. આત્માથી અલગ અને ભૌતિક દેહને ઓછામાં ઓછા બંધાઇને માણસને સમજ અને નિર્ણય છે કે જે માથામાં રહે છે પણ જે પોતાની ઇચ્છા મુજબ આવે છે અને જાય છે. ઉદાહરણ તરીકે વ્યકિત માનસિક રીતે કોઇ એક સ્થળનો વિચાર કરે અને થોડા સમય માટે કલ્પનામાં વિહાર કરે.

મધ્ય મેક્સિકોના મેદાનમાં રહેતા ઓતોમી ઇન્ડિયનો માને છે કે આત્મા દેહની સાથોસાથ મરણ પામે છે, પરંતુ મેક્સિકનો અને આનાહુઆકમા બીજા લોકોનો મત છે કે આત્મા અમર છે. યુદ્ધમાં અવસાન પામેલા સૈનિકો અને બાળકને જન્મ આપતાં મરણ પામેલી સ્ત્રીઓ સૂર્યના નિવાસસ્થાનમાં પહોંચે છે કે જ્યાં એઓ સુખપુર્વક સદાને માટે રહે છે. એ સૈનિકો દરરોજ સૂર્યનો જન્મ ઊજવે છે. જ્યાં એમને પેલી સ્ત્રીઓની મુલાકાત થાય છે. જેઓ સૂર્યને પશ્ચિમમાં અસ્તતા તરફ લઇ જાય છે. ચાર વર્ષો સુધી આ ફરજ બજાવ્યા પછી સૈનિકો અને એ સ્ત્રીઓના આત્મા વાદળાંઓની સપાટી ઉપર નિવાસ કરે છે. એમનું સુંદર પીછાં અને મધુરાં ગાનવાળાં પક્ષીઓમાં રૂપાંતર થાય છે. અને એઓ ફૂલો ઉપર મુકતતાથી ઊડે છે. અને એમાંથી મધ ચૂસે છે. જન્મ ધારણ કર્યા પછી પુણ્યશાળી આત્માઓ પક્ષીઓમાં અથવા ઉચ્ચતર પશુઓમાં નિવાસ કરે છે, પરંતુ સામાન્ય લોકોના આત્મા જીવજંતુઓમાં આવી રહે છે.

મેકરનેકત ઇન્ડિયનો માને છે કે પહાડોના ઊંચા અભેરા વિસ્તારમાંની ગુફા સ્વર્ગનો દરવાજો છે. એમાં એ લોકો પોતાના સંબંધીઓ મૃતાત્માઓના મડદાં દાટે કે જેથી કરી સુખી ભૂમિ

ઉપર એમનો ભાર વધુ સરળ બને. આમ આત્માના વિષયમાં ઇન્ડિયનોમાં વિવિધ માન્યતાઓ પ્રવર્તતી હતી. વ્યક્તિના જીવનમાંના આચરણ ઉપર મૃત્યુ પછીના ભવિષ્યનો આધાર રહે અને માનવ જીવન ફરી મળે કે ન મળે એનો આધાર રહે.

આ ઉપરથી એક વાત સ્પષ્ટ થઇ શકે છે કે અમેરિકાના આ વસાહતીઓ આત્માને અમર માનતા હતા. અને કર્મ પ્રમાણે ફરી દેહ ધારણ કરવો પડે કે ન પડે એવું સ્વીકારતા હતા. આમ કર્મ અને પુનર્જન્મનો સિદ્ધાંત ભારતીય માન્યતામાં છે તે આ પ્રજામાં પણ જોવા મળે છે.

પાંચ સૂર્યોની અનુશ્રુતિ :

નાહુઆ ઇન્ડિયનોની એક માન્યતા છે: પાંચ યુગોમાંના ચાર તો દીર્ઘકાલ ઉપર નાશ પામી ચૂક્યા હતા. અને એઓમાંનો પહેલો બચ્ચો તેને ચિત્તાના ઘાટની અમેરિકન જંગલી બિલાડીનું પ્રતીક આપનામાં આવ્યું. આ પશુઓમાં અને અંધકારમાં રહેલી પ્રેરક શક્તિનું સત્તાકાર્ય હતું. એનો એક પણ માનવ રહેવાસીને નાશનું થવામાંથી બચાવવામાં આવ્યો નહોતો. પેલી જંગલી બિલાડીઓ એ બધાંને ગળી ગઇ હતી. એ પછી પવિત્ર આત્માના યુગરૂપ વાયુનો સૂર્ય આવ્યો, જે એક ચોક્કસ તિથિએ-તારીખે દેહધારી થયો. પરંતુ જરૂરી એવો મુક્ત કરનારો સિદ્ધાંત ક્ષણવાર માટે ગેરહાજર હતો અને એ યુગના માનવોનું વાનરોમાં પરિવર્તન થયું હતું. આના પછી વર્ષનો સૂર્ય, અગ્નિનો સૂર્ય આવ્યો, પરંતુ એનાં પ્રાણી સહીસલામતી માટે ઊડી જવા શક્તિમાન થયાં હતાં. ચાર સૂર્યોમાંનો છેલ્લો પાણીનો સૂર્ય હતો, જેના સમયમાં સમુદ્રમાંનાં માછલાંઓનું સર્જન થયું, પરંતુ આ સૂર્યનો આવેલાં પૂરોને કારણે વિનાશ થયો.

પૃથ્વી, વાયુ, અગ્નિ અને પાણીનાં પ્રાણીઓનાં શક્તિના, આ ચાર સૂર્ય હકીકતે ચાર મૂલ તત્ત્વોનો ખ્યાલ આપે છે. એ પ્રત્યેક જાતે જ નાશ પામનારાં હતાં. એનો જ્યારે પાંચમા સૂર્યનો ઓલિન (ચાર ગતિ) પ્રગટ થયો ત્યારે સર્જનનાં અલગ અલગ તત્ત્વોને માટે એકઠાં થવાનું શક્ય બન્યું અને આજના જીવંત સૂર્યને આકાર મળ્યો. બેશક આપણે કહી શકવાની સ્થિતિમાં નથી કે આ સૂર્ય અમર-અવિનાશી છે. એ તો જો પુનરાગમનની સીડી ઉપર માનવજાત ચડે તો જ અવિનાશી બની શકે. આ સીડીને માયાઓના પંચાંગ પ્રમાણેના ૨૨ દિવસોની સંજ્ઞાઓમાં પ્રતિનિધિત્વ પામી છે. આ પુનઃ સર્જનની પ્રક્રિયાનું પ્રતીક નાહુઓનું પણ હતું. જે સર્જન થવાનો મુખ્ય હેતુ હતો: જો હેતુ સિદ્ધ ન થાય, પાર ન પડે તો વિશ્વનો નાશ થવો જ રહે.

નાહુઆઓની અનુશ્રુતિઓના કેટલાંક મતાંતરોમાં સર્જન પ્રક્રિયાનો ક્રમ બદલાયેલો પણ જોવા મળે છે. પહેલો પાણીનો સુર્ય, પછી વાયુનો, બાદમાં અગ્નિનો અને છેલ્લે પૃથ્વીનો. એક મતાંતર પ્રમાણે-જ્યારે પહેલો સૂર્ય નાશ પામ્યો ત્યારે માનવ દંપતીએ ગુફામાં આશ્રય લીધો અને પૂરમાંથી બચી ગયાં. માણસ અને સ્ત્રી બીજા પૂરમાંથી છૂટવા શક્તિમાન થયાં અને એ બેઉ પોતાની સાથે અગ્નિની સંરક્ષક બક્ષિસ લઇ ગયાં કે વારો આવતાં જે અગ્નિ ત્રીજા સૂર્યનો વિનાશ કરવાનો હતો. જ્યારે ચોથા સૂર્યનો વિનાય થયો ત્યારે માનવે કેટલીક પોષક વનસ્પતિઓને બચાવી લીધી અને પાંચમાં વર્તમાન સૂર્યનાં યુગમાં તાજું જીવન શરૂ કરવાને એ શક્તિમાન થયો.

આ યુગોમાંના એક યુગમાં પરમ ઇશ્વરે 'તાતા' અને 'નેના' નામના માનવ દંપતીને મોકલ્યાં અને એક મોટા વૃક્ષમાં બાકોરું બનાવવાનું અને એમાં છૂપાઇ જવાનું સૂચવ્યું. એમને કહેવામાં આવ્યું કે 'જ્યારે પૂર આવશે ત્યારે તમે બચી જશો. પણ ત્યારે જ કે તમે માત્ર મકાઇનો એક એક ડોડો જ ખાઇ સંતુષ્ટ રહેશો અને વધુની લાલચ નહિ રાખો.' પાણીના પૂર શમ્યાં નહિ ત્યાં સુધી પોતાના બાકોરામાં બેઉ સલામત રહ્યાં. આખરે જ્યારે એ બેઉ બહાર આવ્યાં ત્યારે એમણે એક મત્સ્યને જોયું અને શેકવાને માટે એમણે અગ્નિ પ્રગટાવ્યો. દેવોએ ધુમાડો નીકળતો જોયો અને તેથી ખુબ ગુસ્સે થયા. સજા તરીકે 'તાતા' અને 'નેના'ના માથામાંથી એક ટુકડો કાપ્યો અને એનું કૂતરાઓમાં રૂપાંતર કર્યું", કારણ કે એમણે દેવોની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું હતું. મગજના જે ભાગથી માનવ અને પશુઓ વચ્ચે ભેદ જોવા મળે છે તે ભાગ દેવોએ જપ્ત કરી લીધો હતો.

એક બીજી પણ માન્યતા પ્રચલિત છે કે વિશ્વમાં દિવસ થયો એ પહેલાં સમયાતીત અવકાશ હતો. દેવો એકત્રિત થયા-નવા યુગને પ્રકાશિત કરવાનું કાર્ય કોણ સિદ્ધ કરી આપશે એના વિષયમાં ચર્ચા-વિચારણા કરવા. દેવોની આ સમિતિ માનવોની સમિતિ જેવી હતી. એમનામાંનો એક બડાફી (બડાશ મારનારો) એક સરળ દરખાસ્ત લઇને આગળ આવવા તૈયાર હતો, જેની દરખાસ્તનો અમલ કરવામાં આવે તો એના ઉપર બહુ સાવધાનીપૂર્વક વજન આપવા જેવું ન હોય.

'તેક્કિઝતેકાત્લ' નામનો એક દેવ વિચારવા લાગ્યો કે 'જો હું વિશ્વને પ્રકાશ આપવાને માટેની પ્રથમ નજરે સરળ કામગીરી હાથમાં લઉં તો મને થોડો પણ યશ મળે.' (આ મિક્વિઝલ્લી નામનો મૃત્યુનો દેવ હતો, એ જ પછીથી ચંદ્રદેવ બન્યો.)

પરંતુ બીજા દેવોને સંદેહ હતો કે આવું વિશાળ કાર્ય પૂર્ણ કરવાનું એકથી શક્ય નથી. તેથી બીજા સ્વયંસેવકને પૂછવામાં આવ્યું. આતુરતાથી એક પછી એક તરફ નજર દોડાવી દરેક કાંઈ અને કાંઇ બહાનું બતાવી છટકતો રહ્યો.

એક એવો દેવ બાકી રહ્યો હતો કે જેના તરફ કોઇએ જરા જેટલું પણ ધ્યાન આપ્યું નહોતું. કારણ કે એના શરીર પર ઘા લાગેલા હતા. એ મૂંગો રહ્યો હતો. અચાનક અજવાળું થયું અને એના પર નજર પડતાં સૂચવવામાં આવ્યું કે 'અલ્યા ઘાયલ, વિશ્વને પ્રકાશનારો થા.' બેશક, દેવોએ એને સંમાનપૂર્વક કહ્યું નહોતું. આ 'નાનૌત્ઝિન' નામના દેવે પ્રત્યુત્તર આપ્યો કે આપની કૃપા છે તો એ કાર્ય હું સંભાળી લઇશ. તથાસ્તુ.'

ત્યાર પછી 'તેક્કિઝતેકાત્લ' અને 'નાનૌત્ઝિન' એ બેઉ જણાએ ચાર દિવસ તપશ્ચર્યા કરી અને સજ્જતા પ્રાપ્ત કરી પછી એક ખડક ઉપર એક અગ્નિસ્થાનમાં અગ્નિ પ્રગટાવ્યો. આવા પવિત્ર સમયે કાંઇ બલિદાન આપવું જોઇએ. આ પ્રસંગે એ અગ્નિમાં પોતાની જાતનું બલિદાન આપવાનું હતું તેથી દેવોએ 'તેક્કિઝતેકાત્લ'ને અગ્નિમાં ઝંપલાવવા કહ્યું. એણે બે ત્રણ વાર અગ્નિમાં પડવા પ્રયત્ન કર્યો પણ પૂરતી હિંમત બતાવી શક્યો નહિ. એના ચાર પ્રયત્ન નિષ્ફળ ગયા અને ચારથી વધુ પ્રયત્ન માન્ય નહોતા. તેથી એ ખસી ગયો. ત્યારે 'નાનૌત્ઝિન' ને કહેવામાં આવ્યું. એણે પ્રબળ હિંમત બતાવી અને એણે પહેલે જ પ્રયત્ને આગ્નમાં ઝંપલાવ્યું. 'તેક્કિઝતેકાત્લ' ને શરમ આવી અને એણે પણ અગ્નિમાં

ઝંપલાવ્યું. આ પ્રેમાળ દેવોએ માર્ગ બતાવ્યો અને સૂર્યે પણ એ રીતે સ્વેચ્છાએ યજ્ઞમાં પોતાની જાતની આહુતિ આપી. માણસના હૃદય ચીરીને કાઢવા અને એનો અગ્નિમાં હોમ કરવો એ પ્રથા એ ત્રણેની સ્વેચ્છા આહુતિઓમાંથી વિકસી. આ ધર્મવિધિ પછી શત્રુઓ ઉપર માત્ર કોઇ માનવને યજ્ઞ માટે પકડવા જ યુદ્ધ કરતા અને પકડાયેલાને સારી રીતે પોષણ આપી પછી એનું હૃદય કાઢીને અગ્નિમાં હોમતા. મઝા એ હતી કે એ પુરુષ એ રીતે જાતે જ પોતાનું હૃદય ચીરવાને આપતો હતો. એને પૂરા ૨૨ દિવસ આપવામાં આવતા હતા.

માયા અને નાહુઆનો મુખ્ય દેવ 'કવેત્ઝાલકોઆત્લ' છે. એનું એક સ્વરૂપ 'નાનૌત્ઝિન' ગણાય છે. એ ફેણવાળા સર્પના સ્વરૂપનો છે એના વિશેની ધાર્મિક માન્યતા જાણવા જેવી છે આમાં આ ધર્મવિધિનું તત્ત્વજ્ઞાન જોવા મળે છે.

બધી જ વસ્તુઓ સદાને માટે પરિવર્તનશીલ છે અને બીજાં સ્વરૂપ ધારણ કરે છે, બધું માયિક અને નિરર્થક છે, આમ છતાં સનાતન અને સત્ય છે. મેકિસકો અને મહાન ઊડતો સર્પ, ગુરુ રાજા કવેત્ઝાલકોઆત્લ' સર્વ શક્તિમાન સત્ત્વ તરીકે મધ્ય અમેરિકામાં સ્વીકારવામાં આવેલ છે.

ઇતિહાસમાંની કોઇ એક ચોક્કસ પ્રવૃત્તિમાં જે 'કવેત્ઝાલ્કોત્લે' માનવદેહ ધારણ કર્યાનું ધારવામાં આવ્યું છે તે કાયદો ઘડનાર હતો અને ભાગ્યના ગ્રન્થ પંચાંગને શોધી કાઢનાર હતો એ એવો દયાળુ રાજવી હતો કે જે કોઇ પણ જીવંત પ્રાણીઓને થતી પીડા ભાગ્યે જ ખમી ખાય. શયતાનોએ એને સતત માનવ પ્રાણીઓનો સંહાર કરવા તરફ વાળવા પ્રયત્ન કર્યો પણ એણે કોઇનું ન આપ્યું. કારણ કે એ પોતાની આશ્રિત તોલ્તેક્સ પ્રજાને ચાહતો હતો અને એનો યજ્ઞનો સદા કોચલાવાળાં જંતુઓ, પક્ષીઓ અને પંખાળાં જંતુઓનો જ હતો.

પ્રાચીન સમયમાં 'કવેત્ઝાલ્કોઆત્લ' સંજ્ઞા કોઇ પણ ધર્મગુરુને આપવામાં આવતી હતી કે જે આધ્યાત્મિક રીતે ઉચ્ચ કક્ષા પ્રાપ્ત કરી શક્યો હોય. મકાઇ શોધી આપનાર આ મહાનુભાવ ગણાય છે અને એનું વાવેતર મળેલા પુરાવશેષોની કરેલી કસોટીએ આશરે આઠ થી નવહજાર વર્ષ ઉપર શરૂ થયું મનાય છે.

એક વાત શંકા વિનાની છે કે એક માનવદેહધારી રાજવી અસ્તિત્વમાં હતો કે જે મહાન સંસ્કૃતિ વિધાયક અને કાયદા ઘડનારો હતો. કલાકારીગરી અને રમ્ય પદાર્થોનો પુરસ્કારક હતો. સમજદારી અને નીતિમત્તામાં જે પોતાના સાથીદારોથી ઉપર હતો. એ એવો નીતિમાન હતો કે પાછળથી મેકિસકોમાં માનવ આહુતિ આપવાનો રિવાજ ધર્મવિધિ તરીકે પ્રચલિત બનેલો. તેને મંજૂર રાખ્યો હોય.

ભારતીય માન્યતામાં વિવસ્વાન-સૂર્યના પુત્ર મનુનું જે સ્થાન હતું તેવું આ 'કવેત્ઝાલ્કોઆત્લ'નું છે.

પછીના યુગમાં ગુરુઓની આખી પરંપરામાં દરેક ગુરુ પોતાને 'કવેત્ઝાલ્કોઆત્લ' કહેવડાવતો થયો.

આ ગુરુઓ બધા રીતરિવાજોમાં કર્તવ્યોમાં અને ધર્મસિદ્ધાંતોમાં પૂર્ણ નિષ્ણાત ગણાતા. એઓ બ્રહ્મચર્ય પાળતા, ગુણવાન, નમ્ર અને શાંતિપૂર્વક સાવધાની અને યુક્તિવાળા હતા. એઓ જવાબદારીભર્યા, તપસ્વી, પ્રેમાળ, બધાંના મિત્ર ભક્ત તેમ ઇશ્વરનો ભય રાખનારા હતા. મેકિસકોના ધર્મના ગુરુનો આ આદર્શ હતો. એમના નામે લોહીભૂખ્યો માનવ હૃદયની આહુતિનો રિવાજ ઘણો મોડેથી અમલમાં આવ્યો હોય એમ લાગે છે.

'કવેત્ઝાલ્કોઆત્લ' શબ્દની વ્યુત્પત્તિ જાણવા જેવી છે. 'કવેત્ઝાલ' એ એક દુર્લભ પક્ષીની સંજ્ઞા છે, લીલાં પીછાંવાળા પક્ષીની, જે ચિઆપાસ અને ગ્વાતેમાલાના ઉચ્ચ પ્રદેશોમાં હતું અને ભાગ્યે જ જોવામાં આવતું; એ વૃક્ષોના મથાળે રહેતું. એની ઓળખાણમાં એનાં ચરણોમાં બે અંગૂઠા હતા. અને નહોર હતા જ નહિ. 'કોઆત્લ' એ નાહુઆઓની ભાષાનો શબ્દ છે અને એનો અર્થ 'સર્પ' થાય છે. આ 'કોઆત્લ' શબ્દમાં પણ માયાઓની ભાષાનો 'કો' એ સર્પવાચક શબ્દ છે અને નાહુઆ ભાષાના 'આત્લ'નો અર્થ પાણી થાય છે. આનાથી એક વસ્તુ તરી આવે કે જ્યારે 'કવેત્ઝાલ્કોઆત્લ' શબ્દ અસ્તિત્વમાં આવ્યો ત્યારે ઉત્તરના નાહુઆ અને એની નીચેના મેકિસકોના માયાઓ એકાત્મક હતા. આ શબ્દનો પર્યાય માયાઓની ભાષામાં 'કુકુલ્કાન' જાણવા જેવું છે કે 'કવેત્ઝાલ' પક્ષી નાહુઆના પ્રદેશમાં નથી મળતું, પણ માયાઓના પ્રદેશમાં મળે છે.

આ 'કવેત્ઝાલ્કોઆત્લ' એ પાણી હતો, ફણીધર સર્પ હતો અને પક્ષી પણ હતો. એનો રંગ પણ કિંમતી હીરામાણેક જેવો હતો. એ જ વાયુદેવ હતો અને વળી ઇશ્વરનો દૂત તથા માર્ગશુદ્ધિ કરનારો હતો. એણે 'મકાઇ' શોધી આપી, જેણે માનવના સર્જનમાં મોટો ભાગ ભજવ્યો. એનું હૃદય આતશબાજીએ ઉપયોગમાં લીધું કે જે આતશબાજીને પોતે જ તૈયાર કરી હતી, એ આતશબાજી શુક્રના તારા તરીકે થઇ.

'કવેત્ઝાલ્કોઆત્લ' એ સૃષ્ટિના પદાર્થોના અનેક ક્રમોનું વર્ણન આપતું મિશ્રિત ચિત્ર હતું. મધ્યમાં માનવ છે તે એક પ્રકારની સીડી હતો. એ પશુઓમાં, પાણીમાં અને ખનિજોમાં પણ નીચે ઊતરેલો હતો અને ઊંચે ગ્રહો, સૂર્ય અને સર્જકદેવ સુધી પહોંચેલો હતો. હિન્દુ તત્ત્વજ્ઞાનમાં રહેલ કુદરતી સાત શક્તિઓને ખૂબ મળતો આવે છે

'કવેત્ઝાલ્કોઆત્લા' સાથેનો શુક્રનો સંબંધ ખાસ કરીને ગ્રહ તરીકેનો છે કે જ્યારે નાહુઆઓ જેને પાતાલ અથવા બાહ્ય અંધકાર કહે છે. 'કવેત્ઝાલ્કોઆત્લ' એ અણીશુદ્ધ દૈવત નહોતો કે 'ઓમેતેઓત્લ'-પરાત્પર ઇશ્વર પણ નહિ. પરંતુ થતો આવતો દેવ હતો, જેને હજી નરકમાં જવાનું હતું. અને ત્યાં પરિવર્તન ભોગવવાનું હતું. બાળક તરીકે એ પોતાના અસ્તિત્વ શોધવા એને પાતાલમાં જવું પડ્યું હતું. જ્યાં પૃથ્વી પરનાં પ્રેરણાજનક પશુઓ–વરુ ('કોયો તે') વાઘ ('ઓકેલોત') અને એ 'મોલ' નામના એક પશુની મદદથી અને પોતાની શોધવાની લગનીથી શોધી કાઢવામાં આવ્યા હતા. Eagle પક્ષીએ પણ એને સહાય કરી હતી એવું સૂચવતાં કે 'કવેત્ઝાલ્કોઆત્લ' ફરીથી પાંખો વતી સ્વર્ગમાં પહોંચ્યો. આ હકીકતમાં 'શુક્ર'ના તારાની રૂપાંતરથી વિગત છે.

સૂર્યનાં કિરણોના આંજી દે તેવા પ્રકાશમાં શુક્ર દિવસે જોવામાં નથી આવતો એ એવું બતાવે છે કે એ સૂર્યથી ગળી જવામાં આવ્યો છે અને એ રીતે સૂર્યથી અનન્ય બનતાં ખુદ સૂર્ય બની ગયો છે. બરોબર એ જ રીતે કે જેમ 'કવેત્ઝાલ્કોઆત્લ' સૂર્ય અને શુક્ર એમ બંને સ્વરૂપ છે. આજકેક ધર્મવિધિઓએ માન્યતા અપનાવી છે.

'કવેત્ઝાલ્કોઆત્લ'ના આવા બે ભાર મિશ્રિત કાર્ય છે.

શુક્ર તરીકે એનું યુગ્મ કસોલોલ્લ' કૂતરો છે. ('કસોલોલ્લ'નો અર્થ 'યુગ્મ' અને 'કૂતરો' થાય છે.) સૂર્ય તરીકે એનું જોડકું વાઘ (ઓકલોટ) છે. આગ છતાં પાતાલમાંથી સૂર્ય અને શુક્રનો માર્ગ વાઘથી સૂચિત થાય છે, કૂતરાથી નહિ. વાઘ એ વધુ ઉમદા પશુ છે અને વધુ ઉચ્ચ સ્વરૂપનું પ્રતિનિધિત્વ આપે છે. 'ક્વેત્ઝાલ્કોઆત્લ' જ્યારે સૂર્યનું પ્રતિનિધિત્વ કરે છે તેના કરતા પાતાલમાં પ્રવાસ કરતા શુક્રનું પ્રતિનિધિત્વ કરે છે ત્યારે ઓછો ઉમદા છે. કૂતરો દેહના નીચેના જરૂરી અને શુદ્ધ કરવા જેવા વિચારોનો ખ્યાલ આપે છે, જ્યારે વાઘ કેટલાક વધુ ઊંચા વિચારોનો ખ્યાલ આપે છે. માનવની ઊંડી લાગણીનો કે જેને પાળવામાં કે પરિવર્તન કરવામાં ન આવે તો ઘણી મુશ્કેલીઓ ઊભી કરે છે. તેથી આ ઊંચી લાગણીઓનું પ્રતિનિધિત્વ ધરાવતા વાઘનો ક્વેત્ઝાલ્કોઆત્લની સાથે સંબંધમાં આવવા પાત્ર બને એ પહેલા પાતાલમાંથી પસાર થવાનું રહે છે.

* * *

મૌન

ડૉ. દિલાવરસિંહ જાડેજા

મૌન અને વાણી દેખીતી રીતે એકબીજાને સામે છેડે ગોઠવાયેલાં જણાય. પણ મૌનની ઓળખ વાણીથી કયાં નથી આપાતી ? ઝીણવટથી જોતાં, સભર મૌનમાંથી સજીવ વાણી પાંગરતી હોય છે. મૌનની ભૂમિમાંથી વાણીનો છોડ વિકસે છે. મૌનને કિનારેથી વાણીની સરિતામાં છલાંગ મારવાની મજા કાંઇ અનેરી હોય છે. આપણા કવિએ કહ્યું: 'મારા આ મૌન સરોવરે કોઈ ન ફેંકશો શબ્દ કાંકરી.' મૌનરૂપી સરોવરમાં શબ્દની કાંકરી ફેંકવાની કવિ આપણને ના પાડે છે. પણ જો મૌન આપણી આંતરિક ચેતનાનો સ્વાભાવિક ભાગ બની ગયું હોય તો શબ્દના કાંકરા એમાં ખલેલ પહોંચાડી શકતા નથી.

પરંતુ આ મૌન તે જડતાપૂર્વક, જાત ઉપર જોરાવરી કરી, લાદેલું મૌન નહિ. મૌન એ કેવળ મૂંગાવ્રત નથી. મૂંગાવ્રતમાં ન બોલવાનું પણ લીધું. પરંતુ એમાં બાહ્ય રીતે મૌન જાળવવાની વાત ઉપર ભાર લાગે છે. બહારથી હોઠ બંધ પરંતુ મનમાં અનેક વાતો અને વિચારોનો ગરબડગોટાળો તેમ જ ચોંધાટ ચાલ્યા કરે. જેવું મૂંગાવ્રત પૂરું થયું કે માણસ આઉધરા પ્રાણીની માફક વાણી ઉપર તૂટી પડે છે. મૂંગાવ્રત દરમિયાન પણ પોતાની વાત કહેવાના એના ઉધામા જોવા જેવા હોય છે.

વાણી એ મનુષ્યને કુદરત તરફથી મળેલી એક શક્તિશાળી ભેટ છે. એવી પ્રાણવંત ભેટનો, વાણીનો, આપણે ઘણીવાર બગાડ કરીએ છીએ. વાણીનો, એનો દુર્વ્યય અટકાવવાના એક કારણે તો મૌન તરફ ગતિ થતી હોય છે. મૌનમાં ખરેખર તો આંતરિક શાંતિનો સમાવેશ થાય છે. મૌનના માધ્યમ મારફત અહીં તહીં દોડતા, અથડાતા, કૂટાતા વિચારોનું મારે નિયમન કરવાનું છે. મૌન અને ધ્યાન ત્યાં લગોલગ આવી જાય છે. આત્મની શાંતિ માટે મૌન એક મહત્ત્વનું સાધન છે, જો મૌનને ઓળખતા અને એની સાથે મૈત્રી કેળવતા આવડે તો.

મૌન એટલે આપણા પેલા બાવાજીનું મૂંગાવરત નહિ. એક બાવાજી હતા. બાર વરસ મૌન રહ્યા, એટલે કે મૂંગા રહ્યા. એમનો બોલવાનો સમય આવ્યો. લોકો તો એમની અમૃતવાણી માટે ચાતકના કંઠે તરસી રહ્યા. ત્યારે બાર વરસે બાવાજી બોલ્યા : 'જા બચ્ચા, દુકાળ પડેગા !' હવે આવું ભાખવા માટે બારસનું મૌન જાળવવાનું કષ્ટ લેવાની કોઇ જરૂર નહોતી !

ખરેખર તો બાહ્ય મૌન ચિત્તની આંતરિક પ્રસન્નતા તરફ, અંતરમૌન તરફ, આપણને દોરી જાય. આંતરિક મૌનના પ્રદેશમાં પ્રવેશવાનું દ્વાર તે બાહ્ય મૌન. પરંતુ મૌનનું આવું સ્વરૂપ સમજ્યા વિના જળવાતા ઘોંઘાટિયા બાહ્ય મૌનનો વિશેષ અર્થ નથી. વધારે ઝીણવટથી વિચારીએ તો દિવસ દરમિયાન સિદ્ધ કરેલી વાણીની જરૂરી કરકસર એ પણ મૌનનો એક ભાગ છે. વ્યક્તિએ દિવસના અમુક સમયગાળા માટે જાળવેલા મૌનને જ આપણે સામાન્ય રીતે ઓળખીએ છીએ. પરંતુ દિવસ દરમિયાન કાંઇ નહિ તો કેવળ એક કલાક માટે આપણે તદ્દન જરૂરી હોય તેટલા જ શબ્દો-નહિ વધુ કે ઓછા શબ્દો-પ્રયોજીએ, એ એક કલાક માટે આપણે બોલ્યા શું બોલ્યા, શું ન બોલવા જેવું બોલી બેઠા, એનું નિરીક્ષણ કરીએ તે પણ વાણી તેમ જ મૌનની તપસ્યાનો એક ભાગ ગણાય.

શ્રી અરવિંદે એક સ્થળે કહ્યું છે: કેવળ મૌન અને બે-લગામ વાણી બન્ને આત્યંતિક છેડાઓ છે. બન્ને હિતકર નથી. ખરી જરૂર આત્મપ્રભુત્વ કેળવવાની છે.

આવું આત્મપ્રભુત્વ કેળવવા અર્થે, અંતર્મુખ બનવા માટે, પ્રભુનું શાંત અવસ્થામાં સ્મરણ કરવા વાસ્તે, વાણીને નવપલ્લવિત કરવા માટે મૌનની ઉપાસના આપણે જરૂર કરીએ.

મહિલા વકતૃત્વ તાલીમ વર્ગ

'સંધ'ના ઉપક્રમે શુક્રવાર, તા. ૨૧-૨-૧૯૮૬ થી વકતૃત્વશક્તિની ખીલવણી કરવા બહેનો માટે તાલીમ વર્ગ શરૂ કરવામાં આવશે, જેની વિગત નીચે પ્રમાણે છે.

(૧) સમય દર શુક્રવારે બપોરના ૨-૩૦ થી ૪-૩૦.
(૨) આઠ સપ્તાહનું એક સત્ર રહેશે.
(૩) સત્ર ફી રૂ. ૫૦/- રાખવામાં આવી છે.
(૪) આ વર્ગનું માધ્યમ ગુજરાતી ભાષા રહેશે.
(૫) 'સંધ'ના સભ્યોને પ્રથમ પસંદગી આપવામાં આવશે.
(૬) વર્ગ માટે વહેલો તે પહેલોના ધોરણે વધુમાં વધુ ૨૦ બહેનો લેવામાં આવશે.

સ્થળ : મુંબઇ જૈન યુવક સંઘ, પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા-કો-ઓપ. સોસાયટી, વનિતાવિશ્રામ સામે, પ્રાર્થનાસમાજ, મુંબઇ-૪૦૦૦૦૪

આ રીતે તાલીમ લેવા ઇચ્છનારે 'સંધ'ના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી.

લિ. ભવદીય,
મીરાંબેન ર. મહેતા — કે. પી. શાહ
સંયોજક — પન્નાલાલ ર. શાહ
મંત્રીઓ.

વીતેલાં વર્ષો

ચી. ના. પટેલ

બા અને દાદીના પ્રેમે પછીના મારા જીવનમાં બહારની નજરને દેખાય એવો કશો ભાગ નથી ભજવ્યો, પણ બહેનનો પ્રેમ મારા જીવનની દિશા નક્કી કરનાર એક મુખ્ય નિમિત્ત બન્યો. તે મારાથી બે વર્ષે મોટી હતી અને નિશાળમાં મારાથી એક ધોરણ આગળ હતી. તેની સ્લેટ ભાંગી જાય ત્યારે તેને માટે નવી લાવે તે હું લઇ લેતો અને મારી જૂની તેને આપતો. બહેન દુભાતી, પણ સહન કરી લેતી. હું ઘરમાં બધાંનો માનીતો હતો અને કશી રોકટોક વિના જેમ ઇચ્છા આવે તેમ રમ્યા કરતો, જ્યારે તેને બાની કડક શિસ્ત નીચે ઘરકામમાં જોડાવું પડતું. મને દરરોજ દૂધ મળતું અને તેને ભાગ્યે જ મળતું, પણ આવા કોઇ કારણે તે મારી ઇર્ષ્યા નહોતી કરતી. એ જમાનામાં નાનાં છોકરા-છોકરીઓ ભાઇબહેન હોય તો પણ સાથે રમતાં નહિ, એટલે એકબીજાં ઉપર પક્ષપાત બતાવવાના કે એકબીજાં સાથે ઝઘડવાના પ્રસંગ નહોતા આવતા. એટલે મારા મનમાં એને માટે કેવો ભાવ હતો તે પ્રગટ થવાનો અવકાશ મળતો નહિ. પણ મારા માટે તેને પૂરું હેત હતું. ગોર્યોના દિવસોમાં તેને માટે મેવો લાવે તેમાંથી મને થોડો લેવા દેતી અને તે કોઇવાર મેંદીથી હાથ કે પગ રંગે અને હું પણ તેમ કરવાની ઇચ્છા કરું તો મને તેની સાથે બેસાડતી. કોઇ કારણથી અમારી બેની વચ્ચે મનદુઃખ થયું હોય એવું મને યાદ નથી.

બાના મૃત્યુ પછી ચારેક માસે પિતાએ ફરી લગ્ન કર્યું તે ગાળામાં બહેન બાના જેવા ભાવથી જ, કદાચ તેનાથી વધુ કામળતાથી, મારી કાળજી રાખતી. બા જીવતી હતી ત્યારે તે દરરોજ રવિવારે મને નવડાવતી. અઠવાડિયાના બીજા દિવસોએ પિતા નવડાવતા અને એક બે લોટા આમતેમ પાણી રેડી શરીર લૂછી જવા દેતા. રવિવારે બા સાબુથી ચોળી ચોળીને નવડાવતી (સાબુ એટલે કપડાં ધોવાનો સાબુ), અને શિયાળામાં ચામડી ફાટી જાય ત્યારે નળિયાના સુંવાળી કિનારવાળા કટકા વડે ઘસીઘસીને ચામડી ઉપર બાઝેલા મેલના થર સાફ કરતી. હું ખૂબ રડતો, પણ મને રડતો બંધ રાખવા તે કદી છણકો કે ધોલધપાટ કરતા નહિ. તેના મૃત્યુ પછી મને અવારનવાર ચોળીને નવડાવવાનું કામ બહેન ઉપર આવ્યું. બાની પાસે તો હું રડતો રડતોય નાહતો બહેનને તો બિલકુલ ગાંઠતો નહિ. તે કેટલું મનાવી મનાવીને નવડાવતી! એક દિવસ મને યાદ છે કે મને નવડાવવા માટે તે મને ખુબ મોટા મહોલ્લામાંથી ખોળી લાવી શકી. હું માંડમાંડ નાહવા બેઠો, પણ તેણે સાબુ ચોળવા માંડયો એટલે છેડાઇ ગયો. તુરત ઊભો થઇ ગયો અને બહેન કાલાવાલા કરતી રહી અને હું શરીરે ચોળેલા સાબુ સાથે દોડી ગયો. પછી શું થયું તેનું મને સ્પષ્ટ સ્મરણ નથી, એવું ઝાંખું સ્મરણ છે કે પાણીથી શરીર ધોયા વિના મેં હુવાલથી સાબુ લૂછી નાખ્યો અને કપડાં પહેરી લીધાં.

આમ બાળપણમાં બા અને બહેન બેઉ સાથેના મારા વર્તનમાં લાગણીનો ભાવ નહોતો જણાતો પણ બંને માટે મને પ્રેમ હતો જ. બા ઉપરનો પ્રેમ છેક આ ઉંમરે હૃદયની ગુફા ઉપરનાં આવરણ ભેદીને ફુવારાની જેમ સ્મૃતિચિત્રોરૂપે અવારનવાર ફૂટતો થયો. બહેન ઉપરનો પ્રેમ હું થોડાં વર્ષોમાં જ, પંદર વર્ષની ઉંમરે તેનું લગ્ન થયું ત્યારે, અનુભવતો થયો. તેનો વિવાહ દરિયાપુર મદ્રા ભગતની ખેળમાં, કડવા પાટીદાર જ્ઞાતિમાં શ્રેષ્ઠ કુલીન ગણાતાં આઠ કુટુંબોમાંથી એકમાં કરવામાં આવ્યો હતો. વિવાહ નક્કી કરવા પિતાના વડીલ પિતરાઇ ભાઇ ગયા હતા. તેઓ મનેય સાથે લઇ ગયા હતા. તેમણે વિવાહ માટે રૂા. ૩૦૦૦ નો ચાંલ્લો આપવાનું સ્વીકાર્યું. પણ એવડી મોટી (આજે તેની કિંમત રૂા. ૩૦,૦૦૦ થીય વધુ થાય) ચાલ્લાની રકમ આપવાનું સ્વીકારીનેય તેમને સામા પક્ષ પાસે વિવાહ કબુલ કરાવવા ખૂબ આજીજી કરવી પડી હતી. છેવટે તેમણે લાચારભાવથી માથેથી પોતાના પાઘડી ઉતારી સામા પક્ષના વડીલના પગ આગળ મૂકી હતી. એ દૃશ્ય હજુ મને યાદ છે. ચાંલ્લાની રકમ તે પહેલાંના આંકડાઓથી ઘણી મોટી હતી અને વિવાદાસ્પદ બની હતી. મેં વ થોડા થોડા સુધારાવાદી બનવા માંડેલા માનસની અસરથી મોસી સમક્ષ તેની ટીકા કરી હતી. પણ પિતા નમાયી પુત્રીને સારા ઘેર પરણાવવા ઉત્સુક હતા, અને તેમને અપરમાનો સહકાર હતો. એટલે બહેનનું લગ્ન થયું.

બહેન પરણીને ગઇ તેના બીજા દિવસે તેને થોડા કલાક માટે ઘેર પાછી લઇ આવવા મને મોકલ્યો. ઘેરથી અપરમા અને બીજાં વડીલોએ આગ્રહપૂર્વક કહેલું, જો, બહેનને ઘેર જમવા બેસવાનું નહિ. (કડવા પટેલોમાં જૂનો નિયમ હતો કે ભાઇથી બહેનનું કંઇ લેવાય નહિ, તેના ઘરનું પાણીય પિવાય નહિ.) હું શરમાતો બહેનના ઘેર પહોંચ્યો. બહેનની સાસુ જીવતાં નહોતાં. વડસાસુ હતાં. તે બહુ કડક સ્વભાવનાં ગણાતાં. પણ પહેલે જ દિવસે તેમણે મને ભાવપૂર્વક આવકાર આપ્યો, તેમની સાથે ઓસરીમાં હીંચકા ઉપર બેસાડયો, અને થોડી વાર પછી કહ્યું, જા તારી બહેન કપડાં પહેરીને તૈયાર થાય ત્યાં સુધીમાં ઉપર જઇ જમી લે. મને આપવામાં આવેલી બધી શિખામણ હું ભૂલી ગયો. કશી આનાકાની વિના નીચે મોઢે ઉપર જઇને કંસાર ખાઇ આવ્યો. એ કંસારની મીઠાશ બહેનની સાસરી સાથેના મારા સંબંધમાં જીવનભર રહી, પહેલાં વડસાસુ સાથે અને પછી બનેવી સાથે. વડસાસુ બહેન પાસેથી સમજ્યાં હશે કે હું તેનો લાડકો ભાઈ હતો, એટલે જ્યારે જાઉં ત્યારે મને ભાવપૂર્વક આવકાર આપતાં. હું પણ, પિતા બેડા રહેતા ત્યાંથી જ્યારે જ્યારે અસારવા જાઉં ત્યારે અચૂક બહેનને મળવા જતો. લગ્ન પછી આઠ વર્ષે બહેન મૃત્યુ પામી તે પછીય હું, બહેન બેત્રણ વર્ષના ભાણિયાને મૂકીને ગયેલી અને જેને વડસાસુ પોતાની પાસે રાખતાં, તેની ખબર કાઢવા નિયમિત જતો. એ નિમિત્તે મારો વડસાસુ સાથેનો સંબંધ વધુ મીઠો બન્યો. ભાણિયો જરા મોટો થયો અને હું કોલેજમાં પ્રોફેસર બન્યો તે પછી મારે બનેવી સાથે પરસ્પર માનનો સંબંધ થયો, જે ચારેક વર્ષ ઉપર તેઓ મૃત્યુ પામ્યા ત્યાં સુધી ટકયો.

બહેન ઉપરના મારા પ્રેમની મેં મોટી કિંમત ચૂકવી, કર્તવ્યના ભારથી નહિ પણ ઉમળકાથી, હૃદયના પ્રેમની પ્રેરણાથી. એક બે કસુવાવડ પછી બહેને ૧૯૩૭ માં આજે જીવે છે તે ભાણિયાને જન્મ આપ્યો. તેના જન્મ પછી એકાદ વર્ષમાં

બહેનને ક્ષયની શરૂઆત થઈ. પિતા ત્યારે ગોધરા રહેતા. હું ૧૯૩૮ ના ઉનાળાની રજાઓમાં ગોધરા ગયો ત્યારે બહેન મારી સાથે આવી હતી. ત્યાં તેને ડોકટરને બતાવતાં તેમણે ક્ષયની શરૂઆત થઇ હોવાનું જણાવ્યું. અને દવા શરૂ થઇ. એક દિવસ મેં પિતાને એ વિશે કોઇ મિત્રની સાથે ચર્ચા કરતા સાંભળ્યા, પણ ત્યારે મને ક્ષયની ગંભીરતાનો ખ્યાલ નહિ એટલે મને કશી ચિંતા ન થઇ. પણ તે પછી દશેક મહિને એક દિવસ અચાનક મારી આંખો ઊઘડી ગઇ. તે દિવસે મારા હૃદયે જે આઘાત અનુભવ્યો તેનું સ્મરણ આજે પણ મારા અંતરને ધ્રુજાવે છે. હું જુનિયર બી. એ. ના (આજના બી. એ. ના બીજા) વર્ષમાં હતો. બીજા સત્રને અંતે ફેબ્રુઆરી માસના છેલ્લા અઠવાડિયામાં કોલેજ અવિધિસરની પરીક્ષા લેતી અને તે પછી પહેલી માર્ચથી (૨૦મી જૂન સુધી, સાડાત્રણ માસથી પણ વધુ લાંબી) રજાઓ પડતી. સત્ર દરમિયાન પિતાની પંચમહાલ જિલ્લાના કાલોલ ગામે બદલી થઇ હતી. રજાઓ પડતાં ત્યાં જવા નીકળવા પહેલાં પહેલી માર્ચે હું બહેનને મળવા ગયો. બહેને કહ્યું, ચીમન, આવતી કાલે મારે ભાડિયામાં ડોકટરને મળવા જવાનું છે. તું સાથે આવીશ ? મેં તરત હા કહી. બીજે દિવસે હું કોલેજ હોસ્ટેલમાંથી મિત્રની સાયકલ લઇ ડોકટરને ત્યાં ગયો. બહેન દરિયાપુરથી ચાલીને આવી. ડોકટર જીનવાલા નામે પારસી સજ્જન હતા. બહેન એકલી તેમના ખંડમાં ગઇ. તેને તપાસી ડોકટરે પૂછ્યું, તમારી સાથે કોઇ આવ્યું છે ? બહેને કહ્યું, 'હા, મારો ભાઇ બહાર બેઠો છે, ડોકટરે કહ્યું, તેને અંદર મોકલો. બહેને બહાર આવી મને અંદર જઇ ડોકટરને મળવા કહ્યું. હું આવી રહેલા ભાવિના કોઇ અણસાર વિના અંદર ગયો. ડોકટરે એમની સૌમ્ય પારસી સજ્જનતાથી મને કહ્યું, તમારાં બહેનને ત્રીજા તબકકાનો ક્ષય છે, જે દવા-સારવાર કરવાં હોય તે કરો. રોગ મટશે કે કેમ એમ મેં પૂછ્યું કે નહિ તે મને યાદ નથી, પણ ડોકટરના મોં ઉપરના ભાવથી હું રોગની ગંભીરતા સમજી ગયો. મારા હૃદયમાં ફાડકો પડ્યો. મારા જીવનનો એ સૌથી પહેલો આઘાત હતો. (તે પછીય મેં તેના જેવો તીવ્ર આઘાત કયારેય અનુભવ્યો નથી, મારી પોતાની બેએક વાર મૃત્યુના દ્વારે પહોંચવાનો આભાસ કરાવતી માંદગીઓ વેળા પણ) ડોકટરના ખંડમાંથી બહાર આવીને મેં બહેનને ઘોડાગાડીમાં તેના સાસરે મોકલી દીધી અને કહ્યું કે હું સાંજે ફરી આવીશ.

ભાડિયાથી હું બારોબાર અસારવા ગયો. પિતાના વડીલ પિતરાઇ, જે તેમનો અમદાવાદનો વ્યવહાર સંભાળતા, તેમને મળ્યો. હું ગયો ત્યારે તેઓ માળાજપ કરતા હતા. તેમનો કડક નિયમ હતો કે તેઓ માળા કરતા હોય ત્યારે કોઇએ તેમાં વિક્ષેપ કરવો નહિ. પણ હું વિના સંકોચે નિસરણી ચડી મેડા ઉપર પહોંચી ગયો. કહ્યું, 'દલપાભાપા (તેમનું નામ દલપતરામ હતું, પણ કુટુંબમાં બધાં તેમને દલપાભાપા કહેતા), આજે શાન્તાની સાથે ડોકટરને ત્યાં ગયો હતો. તેમણે કહ્યું કે તેને ત્રીજા તબકકાનો ક્ષય છે.' તેમણે બિલકુલ ક્ષોભ પામ્યા વિના કહ્યું, કશી ચિંતા નહિ, તું તેને અહીં લઇ આવ અને થોડા દિવસ તમારું બધું ઘર ઉઘાડી તારી વહુ સાથે રહે. (પત્નીનું પિયર ગામમાં જ હતું.) બપોરે જઇને હું બહેનને અને તેના સાસુસુને કહી આવ્યો. બીજા દિવસથી અમે ત્રણ-હું પત્ની અને બહેન, અસારવામાં અમારે ઘેર રહ્યાં. બહેનને અમે ડોકટર મોહિલે પાસે લઇ ગયા. તેમણે તપાસી જરૂરી દવાઓ અને ઇંજેકશન લખી આપ્યાં. શરૂઆતમાં અમારો વિચાર અસારવામાં થોડા દિવસ જ રહીશું એવો હતો. પણ ડોકટર મોહિલેને મળ્યા પછી બહેનની સ્થિતિની ગંભીરતા પૂરી સમજાઇ ગઇ અને અમે તેને કાલોલમાં પિતાની પાસે લઇ જવાને બદલે અસારવા રાખી તેની સારવાર કરવાનો નિર્ણય કર્યો. પિતાને મારો નિર્ણય બહુ રુચ્યો નહિ. તેમણે ક્ષય જેવા અસાધ્ય રોગ માટે મોટા ડોકટરની ફી અને દવાઓનો ખર્ચ કરવા માટે મને જરા કડક ઠપકો આપ્યો. પણ બહેન ઉપરનો મારો ભાવ જોઇ તેમણે મને મારી ઇચ્છા પ્રમાણે કરવા દીધું. આમ અમારો, મારો ને પત્નીનો, ઘરસંસાર હું બી. એ. થઇ જાઉં તે પછી શરૂ થવાનો હતો તેને બદલે એક વર્ષ વહેલો શરૂ થઇ ગયો.

બહેન છ માસ પથારીવશ રહી. અમે બેયે, પત્નીએ અને મેં, તેની પૂરી સેવાચાકરી કરી. પત્નીની સેવા જોઇ આખું ગામ છક થઇ ગયું. તેઓ ઘરકામનો બોજો ઊંચકવા ટેવાયેલાં નહોતાં પણ નવી પરિસ્થિતિને અનુકૂળ થઇ ગયાં. મને કંઇક આભાસ છે, તેમની માતાએ શિખામણ આપી હતી: જા દીકરી, નણંદની પૂરી સેવા કરજે. હિંદુ સંસારમાં આ નવાઇની વાત હતી. (કદાચ બધા સંસારમાં એમ હશે). બહેનનો સ્વભાવ આકરો હતો અને તેને કદાચ પત્ની ગમતાં ય નહોતાં. પણ તેમની સેવા જોઇ તે પીગળી. છ માસ પછી તે મૃત્યુ પામી તે પહેલાં તેણે મારી પાસે પોતાનો સંતોષ વ્યકત કર્યો અને પત્નીનો સંસાર સુખી થાય એવા આશીર્વાદ આપ્યા. બહેનનાં વડાસાસુએ પણ પત્નીની પૂરી કદર કરી અને તેઓ તેમને માટે સદ્‌ભાવ રાખતાં થયાં. આમ બહેનની માંદગીએ પત્નીના જીવનની મોટી અનિશ્ચિતતા દૂર કરી. બાઇબલવચન છે કે Out of evil cometh good, તેનું આ એક સચોટ ઉદાહરણ.

હું દરરોજ થોડા કલાક બહેનની પથારી પાસે ગાળતો. ડોકટરે એક વડીલ દ્વારા ચેતવણી કહેવડાવીકે, ચીમનભાઇને કહેજો બહેનની સાથે બહુ ન બેસે, કદાચ તેમનેય ક્ષયનો ચેપ લાગે. પિતાએ સદ્‌ભાવથી પત્રમાં લખ્યું, 'શાન્તાની પાછળ બહુ સમય ગાળવાથી તારા અભ્યાસમાં વિક્ષેપ પડશે અને બી. એ. ની છેલ્લી પરીક્ષામાં તું કદાચ પહેલા વર્ગમાં ન આવે.' મારા હૃદયે એ બાબતોમાંથી એકે ચેતવણી ન ગણકારી. લગભગ છેવટ સુધી હું તેની પાસે સમય ગાળતો રહ્યો. છેલ્લા બેએક અઠવાડિયામાં દરમિયાન તેનું દુઃખ ન જોઇ શકવાથી હું તેના ખંડમાં જવાનું ટાળતો. બહેને આ નોંધ્યું હશે, એટલે તેણે કોઇને પૂછ્યું, કેમ હવે ચીમન મારી ખબર નથી કાઢતો ? પણ તેને મારા ઉપર પૂરો વિશ્વાસ હતો. મૃત્યુ પામી તે પહેલાં થોડા દિવસ અગાઉ તેણે મને બોલાવ્યો અને કહ્યું, 'ભાઇ, મને તારા ઉપર પૂરો વિશ્વાસ છે, દીકરાને મૂકીને જાઉં છું તેના વિશે હું ચિંતા નથી કરતી, તું તેની સંભાળ રાખશે જ. એને તારા બનેવી પાસે જ રહેવા દેજે, પણ જરૂરી વ્યવહાર કરતો રહેજે. તે પછી થોડા દિવસે બહેન ભાદરવા માસની વદ છઠ્ઠે સવારે પાંચ વાગ્યે મૃત્યુ પામી. તત્કાલ તો મને જરા રાહતની લાગણી થઈ હોય એમ લાગ્યું, પણ સવાર થયું અને ટોળે મળી સ્ત્રીઓ આવવા લાગી અને રડવા કૂટવનું શરૂ થયું ત્યારે મારું હૃદય ભાંગી પડ્યું, જ્યારે જ્યારે સ્ત્રીઓનું નવું વૃંદ આવે અને બંધ પડેલું રડવા કૂટવાનું શરૂ થાય ત્યારે સંયમ

રાખવાનો ગમે તેટલો પ્રયત્ન કરું તોય અંદરનો બંધ તૂટી જાય અને આંખોમાંથી ચોધાર આંસુ વરસે. કેટલાય કલાક એમ ચાલ્યું. રડીરડીને આંખો લાલચોળ થઇ ગઇ. મારી જિંદગીમાં હું આ એક જ વાર મન મોકળું મૂકીને રડ્યો છું મારી ૫૧ વર્ષની ઉંમરે પિતા મૃત્યુ પામ્યા ત્યારે તેમના શબ ઉપર માથું મૂકી હું રડ્યો હતો, પણ પાંચ મિનિટમાં એક પિતરાઇ વડીલ મારો હાથ પકડીને દૂર લઈ ગયા અને હું શાંત થઇ ગયો. હવે પછીના હપ્તામાં હું એ પિતા સાથેના મારા સંબંધની વાત લખીશ.

બહેનનો પુત્ર એના જીવનમાં સુખી થયો છે અને મેં બહેનને પ્રેમ આપ્યો હતો તેનો પૂરો બદલો વાળી રહ્યો છે.

રાષ્ટ્રભાષા હિન્દીમાં વિચારગોષ્ઠિ

'સંધ'ના ઉપક્રમે રાષ્ટ્રભાષા હિન્દીમાં વિચારગોષ્ઠિનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો છે, જેનું ઉદ્‌ઘાટન મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર **શ્રી છગન ભુજબળ** કરશે.

આ કાર્યક્રમનું પ્રમુખસ્થાન **ડૉ. રમણલાલ ચી. શાહ** સંભાળશે. જ્યારે અતિથિવિશેષ સ્થાને **શ્રી હુરિશંકર** (અધ્યક્ષ, રાષ્ટ્રીય હિન્દી સંસ્થાન) પધારશે.

વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છેઃ

● **વ્યાખ્યાતા :**
ડૉ. વિનોદ ગોદરે
અધ્યક્ષ, હિન્દી વિભાગ
મુંબઇ યુનિવર્સિટી
વિષય :
મધ્યકાલીન ભક્તિ પ્રવાહ

● **વ્યાખ્યાતા :**
શ્રી વિશ્વનાથ સચદેવ
મુખ્ય ઉપ-સંપાદક
'નવભારત ટાઇમ્સ'
વિષય :
અહિંસા

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ
૬૮૫, સરદાર વી. પી. રોડ, વનિતા વિશ્રામની સામે, બીજે માળે, મુંબઇ-૪૦૦૦૦૪.

સમય : શનિવાર, તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૮૬, સાંજના ૪ કલાકે.

રસ ધરાવતાં ભાઇ - બહેનોને પધારવા જાહેર નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ — **કે. પી. શાહ**
ઉપ-પ્રમુખ — **પન્નાલાલ ૨. શાહ**
બસંતલાલ નરસિંગપુરા — મંત્રીઓ
સંયોજક

વાર્ષિક સ્નેહ-સંમેલન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું વાર્ષિક સ્નેહ સંમેલન **શ્રી વિદ્યાબેન મહાસુખલાલ ખંભાતવાળાના આર્થિક સહયોગથી** રવિવાર, તા. ૨ ૩-૧૯૮૬ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે તેજપાલ સભાગૃહમાં યોજવામાં આવ્યું છે.

આ પ્રસંગે 'મહાવીર વંદના'નો કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. કાર્યક્રમના અંતે બાજુમાં લક્ષ્મીનારાયણ મંદિરમાં ભોજન (બુફે લંચ) રાખેલ છે.

સ્નેહ-સંમેલન માત્ર પેટ્રનો, આજીવન સભ્યો અને વાર્ષિક સામાન્ય સભ્યો પૂરતું મર્યાદિત છે અને ફક્ત પ્રવેશપત્ર ધરાવનારને જ પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશ-પત્રનો ઉપયોગ સભ્યોએ પોતાને માટે જ કરવાનો રહેશે. અન્યને તે આપી શકાશે નહિ.

પ્રવેશપત્ર એક સભ્યને એક જ મળશે. જગ્યાની મર્યાદા હોઇ વિશેષ પ્રવેશપત્રો મળશે નહિ.

કાર્યક્રમ માટે પ્રવેશપત્ર તેમ જ ભોજનકાર્ડ સાથે લાવવું જરૂરી છે. એ બન્ને સંઘના કાર્યાલયમાંથી તા. ૨૪-૨-'૮૬ થી તા. ૨૭-૨-'૮૬ સુધીમાં સવારના ૧૨-૦૦ થી સાંજના ૫-૦૦ કલાક દરમિયાન મંગાવી લેવા સૌ સભ્યોને વિનંતી છે.

લિ. ભવદીય,

જયંતીલાલ ચી. શાહ — **કે. પી. શાહ**
સંયોજક — **પન્નાલાલ ૨. શાહ**
મંત્રીઓ

આધ્યાત્મિક વર્ગ

'સંધ'ના ઉપક્રમે સંઘના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં દર શનિવારે બપોરના ૩-૩૦ થી ૫-૩૦ સુધી આધ્યાત્મિક વર્ગ ચાલે છે. જેનું સંચાલન પં. પનાલાલ જગજીવન ગાંધી કરી રહ્યા છે. આ વર્ગમાં સારી સંખ્યામાં ભાઇ-બહેનો લાભ લઇ રહ્યાં છે.

શ્રી પનાભાઇ ગાંધી પોતાના નિવાસસ્થાને (૬૦૧, શ્રી-પાળનગર, જે. મહેતા રોડ, મુંબઇ-૬.) દર મંગળવારે અને ગુરુવારે બપોરના ત્રણથી ચારના સમયે પણ આધ્યાત્મિક વર્ગો ચલાવે છે. આ પ્રવૃત્તિમાં રસ ધરાવનારાં ભાઇ-બહેનોએ 'સંધ'ના કાર્યાલયમાં સંપર્ક કરવા વિનંતી છે.

યુરોપયાત્રા સ્પોન્સરશિપ યોજના

'સંધ' તરફથી ગયા વર્ષની જેમ આ વર્ષે પણ જૂન-જૂલાઇ મહિનામાં પણ પાંચેક વ્યક્તિઓને સ્પોન્સરશિપ યોજના હેઠળ ઇંગ્લેન્ડ અને યુરોપના પ્રવાસે મોકલવાનું નક્કી કરવામાં આવ્યું છે. દાતાઓ તરફથી મળેલાં વચનો અને નક્કી થયેલી વ્યક્તિઓનાં નામ હવે પછી જાહેર કરવામાં આવશે.

જૈન ધર્મ અને સત્યનિષ્ઠા

● પ્રીતિ શાહ

તમે આકાશ તો જોયું હશે. એ આકાશ ક્યારેક નિરભ્ર હોય છે, તો ક્યારેક વાદળછાયું હોય છે. વાદળાં નવાં હોય કે પછી ઘનઘોર બનેલાં ગાઢ વાદળાં હોય, પણ આકાશ તો એનું એનું એ જ હોય છે. સત્ય એ આકાશ જેવું છે. એ નથી નૂતન કે નથી પુરાતન. એ જન્મતું હોય તો એ પુરાણું હોય. એ સર્જાતું હોય તો એ નૂતન હોય, પરંતુ આ સત્ય તો માનવીની સ્વયંથી શરૂ થતી સ્વયંની શોધ છે. એ સત્યની ખોજમાં કોઈ સાથી કે સંગાથી ન હોય. આથી તો ભગવાન મહાવીરે દેવરાજ ઇન્દ્રની સહાયનો અસ્વીકાર કર્યો હતો. સત્ય કોઈની પાસે માગવાથી મળતું નથી કે પ્રાર્થનાથી પ્રાપ્ત થતું નથી. એ તો 'એકલો જાને રે'ની ઉડાન છે, જેમાં માનવી સમસ્ત તરફ સમર્પણની ભાવનાથી એની શોધમાં નીકળે છે મહાવીરનું જીવન એક સત્યશોધકનું જીવન હતું. સોક્રેટીસનું જીવન સત્યસમર્પકનું જીવન હતું. ગાંધીનું જીવન એક સત્યવીરનું જીવન હતું.

પ્રશ્ન વ્યાકરણ માં કહ્યું છે કે સત્ય એ જ ઈશ્વર છે. આચારાંગ સૂત્ર માં કહ્યું છે કે સત્યની આજ્ઞા પર ઊભેલો બુદ્ધિશાળી મૃત્યુને તરી જાય છે, પણ આ સત્ય એ ખાંડાની ધાર જેવું છે. જ્ઞાની ગૌતમ એ જ સત્યની ઉપાસના માટે શ્રાવક આનંદ પાસે જઈને 'મિચ્છામિ દુક્કડમ્' માગે છે. આ જગત સત્યથી ટકેલું છે. વ્યવહાર અને ધર્મના પાયામાં સત્ય જ પડેલું છે. સત્યના અભાવને તૈત્તરીય ઉપનિષદ કેવી વ્યાપકતાથી આવરી લે છે.

'सत्येन् वायुरावाति । सत्येनादित्यो रोचते दिवि ।
सत्यं वाचः प्रतिष्ठा । सत्ये सर्वं प्रतिष्ठितम् ।
तस्मात्सत्य परमं वदन्ति ।

(સત્ય વડે વાયુ વાય છે, સત્યથી સૂર્ય આકાશમાં પ્રકાશે છે. સત્ય વાણીની પ્રતિષ્ઠા છે. સત્યમાં સર્વ રહ્યું છે. માટે મુનિઓ સત્યને સર્વશ્રેષ્ઠ કહે છે.)

આમ આકાશ જેવું સત્ય એ પાંખો ખોલીને ઊડવાથી મળે છે. મનના પાંજરામાં માનેલી વાતોને વાગોળવાથી સત્ય સાંપડતું નથી. ભગવાન મહાવીરના જીવનમાં કેવી પ્રબળ સત્યનિષ્ઠા જોવા મળે છે! દીક્ષાના તેરમા વર્ષે છંભાણી ગામની બહાર ગોવાળે જ્યારે એમના કાનમાં કઠોરાળ નાખ્યા ત્યારે સત્યશોધક મહાવીરે પોતાનો દ્વેષ જોયો. અગાઉના ભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેડ્યું હતું એનો આ પરિપાક હતો. વેરનું ઝેર વખતસર ઉતારવું જોઈએ.

સત્યનો પહેલો અનુભવ અંતરમાં થાય છે. માનવી બધું જ જુએ છે, માત્ર પોતાને જોઈ શકતો નથી સત્ય એના હૃદયમાં છે માટે નિકટતમ છે અને છતાં એ નિકટતમ હોવાથી ક્યારેક આખી જિંદગી પસાર થઈ જવા છતાં એની ઝાંખી થતી નથી. સત્યની પ્રાપ્તિ માટે માનવીએ અંદરની બાજુએ ચાલવાનું હોય છે. આથી જ ભગવાન મહાવીરે કહ્યું કે, 'પોતાના આત્મા સાથે યુદ્ધ કરો. બહાર યુદ્ધ કરવાથી શું મળે?'

જૈન ધર્મમાં બીજા મહાવ્રત તરીકે સત્યની વાત થઈ છે. પાંચ ભાવનાની આ બીજી ભાવનામાં એમ કહેવાયું છે:

'હું અસત્ય નહિ આચરું, બીજા પાસે નહિ આચરાવું અને આચરતો હોય તેને અનુમતિ નહિ આપું.'

આ ભાવનાની વિગતે છણાવટ કરતાં એમ કહેવામાં આવ્યું છે–

૧. તે નિર્ગ્રંથ વિચારીને બોલે, વગર વિચાર્યું બોલવા જતા જૂઠું બોલાઈ જાય.

૨ તે નિર્ગ્રંથ ક્રોધનો ત્યાગ કરે, કારણ કે ગુસ્સામાં આવી જઈ જૂઠું બોલાઈ જાય.

૩ તે નિર્ગ્રંથ લોભનો ત્યાગ કરે, કારણ કે લોભમાં તણાઈ જૂઠું બોલાઈ જાય.

૪ તે નિર્ગ્રંથ ભયનો ત્યાગ કરે, કારણ કે ભયમાં આવી જઈ અસત્ય બોલાય જાય.

૫ તે નિર્ગ્રંથ હાસ્યનો ત્યાગ કરે, કારણ કે ટીખળ–મશ્કરીમાં અસત્ય બોલાઈ જાય.

આ સત્યનિષ્ઠાનું વિકસિત રૂપ જ અનેકાન્તવાદ છે. જે પૂર્ણ સત્ય સુધી પહોંચવાનો મહામાર્ગ છે. સત્ય અનંત છે. જે જોઈએ છીએ તે સત્યનું પૂર્ણ રૂપ નથી, પણ અનંત સત્યનું સ્કુલ્લિંગ છે. આથી જ ભગવાન મહાવીરે એવું ન કહ્યું કે હું પૂર્ણ જ્ઞાની છું અને તમે મને સ્વીકારો અને મોક્ષ મેળવો. પણ એવું કહ્યું કે દરેક જીવ સાચી સાધના કરે અને તે મોક્ષ-પદને પ્રાપ્ત કરે. મારે શરણે આવશો તો મુક્તિ મળશે. તેમ નહિ, પરંતુ ધર્મનું આચરણ કરશો તો મુક્તિ મળશે.

જૈન ધર્મમાં સત્યની જે મહત્તા વર્ણવવામાં આવી છે તે આજે જોવા મળે છે ખરી? સત્યની ઉપાસના તો દૂર રહી, પણ શોષણથી આપણે અળગા છીએ ખરા? સત્ય-વચન તો દૂર રહ્યું બલ્કે સાચા માર્ગે મેળવેલી સંપત્તિનો દેવ-સ્થાનમાં ઉપયોગ કરીએ છીએ ખરા? ક્રિયા કરીએ છીએ પણ ભાવની સચ્ચાઈને સમજ્યા છીએ ખરા? કે પછી સૂત્રોનું પોપટિયું ઉચ્ચારણ ચાલે છે અને ધર્મભાવના એ જ ચીલા-ચાલુ રીતે બંધિયાર સરોવરની જેમ સ્થગિતતા પર આવીને ઊભી છે? આવે સમયે મકરન્દ દવેની, સત્યના નિરધારને પ્રગટાવતી કવિતાની છેલ્લી પંક્તિઓનું સ્મરણ કરીએ અને એવો નિરધાર પ્રગટે તેવી ખેવના રાખીએ:

'જંપ ક્યાં છે? ચેન ક્યાં છે?
દંભનાં દંગલો તોડ્યા વિના ઠરવું નથી
સાચને પડખે પરાજય હો ભલે,
તે છતાં પાછું હવે ફરવું નથી.'

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૩-૮૬ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

સ્વ. જે. કૃષ્ણમૂર્તિ

વર્તમાન જગતના એક મહાન તત્ત્વચિંતક શ્રી જે. કૃષ્ણમૂર્તિનું સોમવાર, તા. ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૮૬ ના રોજ ભારતીય સમય પ્રમાણે બપોરે ૨-૩૦ કલાકે અમેરિકાના કેલિફોર્નિયામાં ઓજાઇ ખાતે અવસાન થયું. એથી જગતને એક પવિત્ર પ્રાજ્ઞ પુરુષની મોટી ખોટ પડી છે.

નેવું વર્ષની ઉંમરે પણ શ્રી કૃષ્ણમૂર્તિ સતત કાર્યરત હતા. ઘણાં વર્ષોથી તેઓ નિયમિતપણે ડિસેમ્બર-જાન્યુઆરીમાં ભારતમાં આવતા અને મદ્રાસમાં (આડિયાર ખાતે અથવા અન્યત્ર) અને મુંબઇમાં (જે જે. સ્કૂલ ઓફ આર્ટના શાંત, રમણીય કમ્પાઉન્ડમાં) એમનાં પ્રવચનો ગોઠવાતાં. આ વર્ષે પણ શ્રી કૃષ્ણમૂર્તિએ મદ્રાસમાં વ્યાખ્યાન આપ્યું ત્યારે એમ કહ્યું કે હવે આ તેમનું છેલ્લું વ્યાખ્યાન છે. મદ્રાસથી તેઓ મુંબઇ આવ્યા પરંતુ અસ્વસ્થ તબિયતને કારણે તેમનાં વ્યાખ્યાનોનો કાર્યક્રમ ગોઠવી શકાયો નહિ, કારણ કે તેમને થયેલો કેન્સરનો વ્યાધિ વધી ગયો હતો. તેઓ અમેરિકા પાછા ફર્યા. તેમની તબિયત વધુ લથડી અને થોડા દિવસોમાં જ તેમણે સમાધિપૂર્વક નજીક આવી રહેલા મૃત્યુ માટે તેઓ સમતાપૂર્વક સજ્જ હતા. મૃત્યુનો તેમણે કયારેય ડર રાખ્યો ન હતો.

છેલ્લાં કેટલાક વર્ષથી શ્રી કૃષ્ણમૂર્તિને સાંભળવા માટે જે. જે. સ્કૂલ ઓફ આર્ટના ચોગાનમાં હું જતો હતો. ગયા વર્ષે કૃષ્ણમૂર્તિ આવ્યા ત્યારે તેઓ એટલા જ સ્વસ્થ હતા. માત્ર તેમનો અવાજ જરા મંદ થયો હતો, તેથી માઇકમાં બરાબર પકડાતો નહોતો. નેવું વર્ષની ઉંમરે પણ સીધા-ટટ્ટાર તેઓ બેસતા અને દોઢ કલાક સતત બોલતા; ઊઠતાં, બેસતાં કે મંચ ઉપરથી ઊતરતી વખતે બીજા એમને ટેકો આપવા જતાં તો ટેકો લેવાની તેઓ સ્પષ્ટ ના પાડતા. વ્યાખ્યાનમાં તેઓ બિલકુલ નિયમિત રહેતા. ઘડિયાળના ટકોરે તેમનું વ્યાખ્યાન શરૂ થાય અને નિર્ધારિત સમયે પૂરું થાય. વ્યવસ્થાપકોને આગળપાછળની કોઇ ઔપચારિક વિધિ રાખવા દેવામાં આવે નહિ. સાંજનો સમય હોવાથી વૃક્ષો ઉપર પક્ષીઓનો કલરવ ચાલે, પરંતુ એથી વ્યાખ્યાનમાં જરા પણ ખલેલ પડે નહિ, બલ્કે એ નૈસર્ગિક કલરવ વાતાવરણને પોષક બને. એકધારી અસ્ખલિત વાણીમાં 'કૃષ્ણજી'નું વક્તવ્ય વહ્યા કરે. એક શબ્દ પણ આઘોપાછો થાય નહિ; વાકયો બદલવા પડે નહિ. વિષય અને તેની રજૂઆત એટલી ઊંચી બૌદ્ધિક સ્તરની રહે કે સૌ સાંભળનારાઓએ સતત એકાગ્ર ચિત્તે સાંભળવું પડે. એથી વિશાળ મેદની છતાં સભાનપણે શાંતિ જળવાય. નજીકથી એમને જોવા-સાંભળવા મળે એટલા માટે કેટલાક લોકો કલાક વહેલા આવીને બેસી ગયા હોય. નેવું વર્ષની ઉંમરે પણ 'કૃષ્ણજી'ની વિચારશકિત અને સ્મરણશકિત એટલી જ સતેજ જોઇને સાનંદાશ્ચર્ય અનુભવાય.

શ્રી કૃષ્ણમૂર્તિને સાંભળનારો શ્રોતાવર્ગ વિશિષ્ટ કોટિનો રહેતો. જેઓ એક વખત કૃષ્ણમૂર્તિની વાણીથી પ્રભાવિત થયા તેમને પછી બીજું રુચે નહિ. શ્રી કૃષ્ણમૂર્તિના ત્યાગ અને સંયમ પણ ઘણી ઊંચી કોટિના હતાં. તેઓ જે માનતા તે જીવનમાં આચરતા. તેમનું જીવન અત્યંત પવિત્ર, નિર્મળ અને પારદર્શક હતું. તેઓ જ્યાં જાય ત્યાં વાતાવરણમાં એમની પવિત્રતાની સુરભિ પ્રસરી રહેતી.

શ્રી કૃષ્ણમૂર્તિના ઘડતરમાં થિઓસોફિકલ સોસાયટીનો હિસ્સો ઘણો મોટો હતો. વિદેશના મહાનુભાવો શ્રીમતી એની બેસન્ટ અને શ્રી લેડબીટરને જાતજાતના દૈવી અનુભવો થતા હતા. એમાં તેઓને જણાયું કે જગદ્‌ગુરુ-World Master-જેવી કોઇ વ્યકિત જન્મી ચૂકી છે. એવી વ્યકિતને શોધીને થિઓસોફિકલ સોસાયટીમાં અગ્રપદે સ્થાપવા માટે તૈયારી કરવી જોઇએ. એવી વ્યકિતની શોધમાં તેઓ સતત રહેતા હતા.

કૃષ્ણમૂર્તિનો જન્મ ૧૮૯૫ના મે મહિનામાં ૧૧મી તારીખે આંધ્રપ્રદેશના મદનપલ્લી ખાતે થયો હતો. એમના પિતાનું નામ નારાયણૈયા અને માતાનું નામ સંજીવમ્મા હતું. નારાયણૈયાને બાર સંતાનો હતાં અને તેમાં જિદ્દુ (કૃષ્ણમૂર્તિ) આઠમા સંતાન હતા. પત્નીના અવસાન પછી નારાયણૈયા મદ્રાસમાં આડિયાર ખાતે રહેવા આવ્યા ત્યારે પોતાના ચાર સંતાનોને સાથે લઇને આવ્યા હતા, તેમાં ચૌદ વર્ષનો જિદ્દુ પણ હતો. એની બેસન્ટ અને લેડબીટરની નજર જિદ્દુ ઉપર પડી. ભવ્ય તેજસ્વી લલાટ અને અસીમની પાર નિહાળતી તેજસ્વી આંખોવાળું અદ્‌ભુત આકર્ષક વ્યકિતત્વ આ કિશોરમાં તેઓને જોવા મળ્યું. જે વ્યકિતની શોધમાં તેઓ હતા તે વ્યકિત તેઓને મળી ગઇ. તેઓએ નારાયણૈયા પાસેથી એ કિશોરને થિઓસોફિકલ સોસાયટી માટે માંગી લીધો. જેમ બીજા કેટલાક મહાત્માઓની બાબતમાં બન્યું છે તેમ કૃષ્ણમૂર્તિની બાબતમાં પણ બન્યું. આપી દીધા પછી નારાયણૈયાએ કેટલાકની ચઢવણીથી કૃષ્ણમૂર્તિને પાછો મેળવવા કોર્ટનો

આશરો લીધો હતો, પરંતુ છેવટે કૃષ્ણમૂર્તિ એની બેસન્ટ અને લેડબીટર પાસે જ રહ્યા. તેઓએ કૃષ્ણમૂર્તિ અને એમના ભાઇ-ઓને અભ્યાસ કરાવવાને માટે વિદેશમાં મોકલ્યા. થોડાં વર્ષોમાં કૃષ્ણમૂર્તિ અભ્યાસ અને તત્ત્વચિંતન વડે સુસજ્જ થઇ ગયા. એમનાં કાયમી નિવાસસ્થાન માટે ક્રેલિફોર્નિયામાં ઓજાઇ ખાતે પાઇન ક્રોટેજ નામનું રમણીય વિશાળ સ્થાન તૈયાર થયું. બાળ બ્રહ્મચારી એવા આ તેજસ્વી યુવકે યુવાન વયે જ દુનિયાભરમાં ઘણી મોટી નામના મેળવી લીધી. એમને ઓર્ડર ઓફ ધ સ્ટાર ઇન ધ ઇસ્ટ'ના વડા તરીકે સ્થાપવામાં આવ્યા. આદિયારની થિઓસોફિકલ સોસાયટીમાં એ સમયના યુવાન કૃષ્ણમૂર્તિનું રંગીન તૈલચિત્ર છે. એ જોતાં જ એમની મહત્તાની પ્રતીતિ આપણા અંતરમાં વસી જાય છે.

એની બેસન્ટ અને લેડબીટરે પોતાની દૈવી શક્તિના આધારે કરેલી પસંદગી સર્વથા યોગ્ય જ હતી, પરંતુ ભાવિ કંઇક નિરાળું જ હતું. જે વ્યવસ્થામાં World Master તરીકે તેઓ કૃષ્ણમૂર્તિને ગોઠવવા માંગતા હતા તે વ્યવસ્થા કૃષ્ણમૂર્તિને સંમત નહોતી. આખી દુનિયામાં પથરાયેલી થિઓસોફિકલ સોસાયટીમાં જગદ્‌ગુરુ તરીકેનું સર્વોચ્ચ પદ મળતું હોવા છતાં ઇ. સ. ૧૯૨૯માં હોલેન્ડમાં ઓમેનક્રેમ્પ ખાતે શ્રીમતી એની બેસન્ટ અને હજાર જેટલા પ્રતિનિધિઓ સમક્ષ Order of the Starsના વડા તરીકેના પદનો કૃષ્ણ-મૂર્તિએ જાહેરમાં ત્યાગ કર્યો અને એ સંસ્થાને વિખરી નાખી. ૩૪ વર્ષની યુવાન વયે આવડા મોટા પદનો ત્યાગ કરવો એ જેવી તેવી વાત નહોતી. કૃષ્ણમૂર્તિ લોકેષણાથી કેટલા બધા પર હશે, તેની સ્પષ્ટ પ્રતીતિ આ ઐતિહાસિક ઘટના કરાવે છે. કોઇ વિરોધ, વૈમનસ્ય, વિસંવાદ, વિવાદ, સંઘર્ષ, દ્વેષ, અહંકાર કે એવા કોઇ પણ કારણથી નહિ, પરંતુ પરમ સત્યના અન્વેષકની દ્રષ્ટિથી પૂરેપૂરા પ્રેમ અને સદ્‌ભાવથી કૃષ્ણમૂર્તિએ Order of the Starsનું વિસર્જન કર્યું હતું. જગતને એક નિરપેક્ષ, તટસ્થ સત્યશોધકની આ પ્રસંગે સાચી ઝાંખી થઇ. કૃષ્ણમૂર્તિએ થિઓસોફિકલ સોસાયટીનો બંધારણીય દ્રષ્ટિએ ત્યાગ કર્યો, પરંતુ સોસાયટી સાથેના એમના સંબંધો એટલા જ મીઠા રહ્યા.

કૃષ્ણમૂર્તિનું કહેવું છે કે પરમ સત્ય કોઇ સંસ્થાના બંધારણીય માળખાની અંદર સમાઇ ન શકે.સત્ય નિર્બન્ધ છે, પારાવાર છે, અસીમ છે, સનાતન છે, સ્વાયત્ત છે. જેને એની ખોજ કરવી હોય તેણે ધર્મ, સંપ્રદાય, ફિરકા, પંથ, ધર્મગ્રન્થો, ધર્મગુરુઓ ઇત્યાદિના કોઇ પણ સ્થૂલ કે સૂક્ષ્મ બંધનમાં રહે-વાનું પોષાય નહિ. જે ગુરુ કરે છે, કોઇ એક જ ધર્મગ્રન્થને માન્ય રાખે છે. કોઇ એક જ પંથ કે ફિરકાની કંઠી બાંધે છે તે સત્યને તિરોહિત કરે છે. જેને જીવનમુક્ત થવું છે, જેને સત્યોપાસક થવું છે, તેને આ બધાં બંધનોનો ત્યાગ કરવો જ જોઇએ. તત્ત્વના ક્ષેત્રે જ્યાં કોઇ વ્યવસ્થા આવી ત્યાં મર્યાદા આવ્યા વગર રહેવાની નહિ. એથી પૂર્ણ સત્ય સાપેક્ષ સત્ય બની જાય છે. કદાચ અસત્ય સુધી પણ પહોંચી જાય અને માયાચાર પ્રવર્તવા લાગે. એટલા માટે પોતાને પણ કોઇ ધર્મગુરુ ન માને એવું કૃષ્ણમૂર્તિ વારંવાર સ્પષ્ટપણે કહેતા. પોતે વ્યકત કરેલા વિચારોમાં કોઇ અટકી ન જાય એ માટે વખતો વખત એમણે ભારપૂર્વક કહ્યા કર્યું હતું. પોતાના અવસાન પછી પણ પોતાના નામથી કોઇ ધર્મ કે મત કે આશ્રમ ન પ્રવર્તે એ માટે એમણે સ્પષ્ટ સૂચના આપી હતી. કૃષ્ણમૂર્તિ પોતાના જીવનમાં આરંભથી તે અંતકાળ સુધી એક સરખા નિર્મળ, પારદર્શક, સુસંવાદી અને ઉન્નત રહ્યા હતા.

ધર્મગુરુઓ અને ધર્મગ્રન્થોનો કૃષ્ણમૂર્તિનો નિષેધ પરમ સત્યની પ્રાપ્તિની દ્રષ્ટિથી થયો હતો. કોઇ પણ પ્રકારનું ધાર્મિક વળગણ કે ધર્માભિલાષ પરમગતિની પ્રાપ્તિમાં અંતરાય રૂપ થાય છે. (જૈન ધર્મ કહે છે કે મોક્ષપ્રાપ્તિ એ પરમ ધ્યેય છે, પરંતુ આગળ જતાં મોક્ષપ્રાપ્તિની અભિલાષા પણ જીવને ન રહેવી જોઇએ એવી સહજ સ્થિતિએ આત્માએ પહોંચ-વાનું છે.) અલબત્ત નાચેની ક્રેટલીક કક્ષાઓ વટાવીને આગળ નીકળી ચૂકેલાં ઉચ્ચતર આત્માઓ માટેની આ વાત છે. બધા જીવોની એ કક્ષા કે શક્તિ હંમેશાં ન હોઇ શકે. નીચેની કક્ષાના જીવોને ધર્મગુરુ કે ધર્મગ્રન્થનું આલંબન એક અપેક્ષાએ ઇષ્ટ ગણાય. કૃષ્ણમૂર્તિની વાત સૈદ્ધાંતિક દ્રષ્ટિએ, નિશ્ચય દ્રષ્ટિએ સાચી છે. સંસારના ઘણા જીવોને માટે અન્ય દ્રષ્ટિએ વ્યવહાર દ્રષ્ટિએ પણ વિચારવું આવશ્યક થઇ પડે. તત્ત્વ માટેની ખોજની આ એક ખૂબી છે.

કૃષ્ણમૂર્તિના તત્ત્વચિંતનનો પ્રભાવ દુનિયાના ઘણા મહા-પુરુષો ઉપર પડ્યો છે. કૃષ્ણમૂર્તિ ભારતના હતા અને વર્ષોથી ક્રેલિફોર્નિયામાં રહેતા હતા. એમણે માત્ર ભારતના ગણાવીને ગૌરવ લેવામાં એમને અને જગતને અન્યાય કરવા બરોબર થાય. પરમ સત્યના પંથના પ્રવાસી એવા સૌ કોઇના કૃષ્ણમૂર્તિ હતા અને રહેશે એમ કહેવું વધુ યોગ્ય ગણાય.

નિરાસકત, નિર્ભય, નિર્મળ એવા એ બુદ્ધાત્માને કોટિશ: વંદન!

–રમણલાલ ચી. શાહ

'પ્રબુદ્ધ જીવન' અંગે

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન અને વાર્ષિક સભ્યો, શુભેચ્છકો, 'પ્રબુદ્ધ જીવન' ના ગ્રાહકો અને ચાહકો, લેખક–મિત્રો અને વિવિધ સંસ્થાઓના કાર્યકર્તાઓને નમ્ર અરજ છે કે–

(૧) 'પ્રબુદ્ધ જીવન' માં કોઇપણ ધંધાદારી પેઢી કે કોઇ પણ સામાજિક, ધાર્મિક વગેરે પ્રકારની સંસ્થાઓની કોઇ પણ જાહેર ખબર (Advertisement) લેવામાં આવતી નથી.

(૨) 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સિવાય અન્ય કોઇ સંસ્થાના કાર્યક્રમોની વિગતો કે સમાચાર (Anouncement) લેવામાં આવતા નથી.

(૩) 'પ્રબુદ્ધ જીવન'માં 'સંઘ' સિવાયની અન્ય કોઇ સંસ્થાઓના થઇ ગયેલ કાર્યક્રમોના અહેવાલ પ્રગટ કરવામાં આવતા નથી.

(૪) અન્ય કોઇ પણ સંસ્થાઓ માટેની દાનની અપીલો છાપવામાં આવતી નથી.

(૫) સામાન્ય રીતે કોઇ પણ વ્યકિતની અંગત સિદ્ધિઓના સમાચાર લેવામાં આવતા નથી. (અપવાદરૂપ સંજોગોમાં કાર્યવાહક સમિતિ તેનો નિર્ણય લઇ શકે છે.)

(૬) 'પ્રબુદ્ધ જીવન'માં ચિંતનાત્મક લેખો આપવામાં આવે છે; એટલે વ્યાખ્યાનો વગેરેના અહેવાલો લેખના સ્વરૂપના હશે અને 'પ્રબુદ્ધ જીવન'ના ધોરણને અનુરૂપ લાગશે તો જ સ્વીકારી શકાશે.

લી. મંત્રીઓ.

શ્રીમદ્ રાજચન્દ્રની દૃષ્ટિએ 'સત્'

ડૉ. ઉમાકાન્ત પી. શાહ

શ્રીમદ્ રાજચંદ્ર લખે છે :–'મહાત્માઓએ ગમે તે નામે અને ગમે તે આકારે એક 'સત્' ને જ પ્રકાશ્યું છે. તેનું જ જ્ઞાન કરવા યોગ્ય છે, તે જ પ્રતીત કરવા યોગ્ય છે, તે જ અનુભવ-રૂપ છે, અને તે જ પરમપ્રેમે ભજવા યોગ્ય છે. તે 'પરમસત્' ની જ અમો અનન્યપ્રેમે અવિચ્છિન્ન ભક્તિ ઇચ્છીએ છીએ. તે 'પરમસત્' ને પરમજ્ઞાન કહો, ગમે તો પરમપ્રેમ કહો, અને ગમે તો 'સત્-ચિત્-આનંદ-સ્વરૂપ' કહો, ગમે તો 'આત્મા' કહો, ગમે તો 'સર્વાત્મા' કહો, ગમે તો એક કહો, ગમે તો 'અનેક' કહો, ગમે તો 'એકરૂપ' કહો, ગમે તો 'સર્વરૂપ' કહો, પણ 'સત્' તે 'સત્' જ છે, અને તે જ બધે પ્રકારે કહેવા યોગ્ય છે, કહેવાય છે, સર્વ એ જ છે, અન્ય નહીં.

એવું તે પરમતત્ત્વ, પુરુષોત્તમ, હરિ, સિદ્ધ, ઈશ્વર, નિરંજન અલખ, પરબ્રહ્મ, પરમાત્મા, પરમેશ્વર અને ભગવત્ આદિ અનંત નામોએ કહેવાયું છે. અમે જ્યારે પરમતત્ત્વ કહેવા ઇચ્છીએ તેવા કોઇ પણ શબ્દમાં બોલીએ તો તે એ જ છે, બીજું નહિં.'

ઉપરના શ્રીમદ્ રાજચંદ્રજીના શબ્દો ખૂબ મનન કરવા યોગ્ય છે. આ શબ્દો શ્રીમદ્ રાજચંદ્રના વિચારના, સ્વાનુભવના જ્ઞાનના દ્યોતકરૂપ છે. સત્ એટલે જેની હસ્તિ હોય તે. સત્ એટલે હોવું તે, જે કદી હોય અને કદી ના હોય તે સત્ ના હોઇ શકે. જે ત્રણે કાલમાં અવિનાશી છે તે 'સત્' છે. એ જ આત્મા કહો, પરમાત્મા કહો-એ છે Ultimate Reality પરમતત્ત્વ.

શ્રીમદ્ના લખાણમાં સર્વદર્શન પ્રત્યે સમભાવ પણ નીતરે છે. મનુષ્યમાત્રનો પુરુષાર્થ એ પરમ તત્ત્વની પ્રાપ્તિ માટેનો હોવો જોઇએ સર્વ કોઇ, પ્રત્યેક જીવનમાં એ પરમતત્ત્વના અનુભવની પ્રાપ્તિ તરફ ન પ્રગતિ કરે છે એટલે જે સમયે, જે અવસ્થામાં એ જ્યાં સુધીનું દર્શન અને અનુભવ પામે ત્યાં સુધીનું તેટલું જ દર્શન રજૂ કરે છે. એટલે પ્રત્યેક દર્શન પ્રત્યે સમભાવથી, ઉદારભાવથી જોવું જોઇએ. પરમતત્ત્વ 'સત્' એ અનુભવની પરાકાષ્ઠા છે એ પરમસતને સદાચરણથી મેળવાય અસદાચરણથી નહિ.'

સત્-દૃષ્ટિ, સત્-આચાર, સત્-વાણી, સત્-વિચાર વિના કોઇ ગુણ, કોઇ સાધન, ફળતાં નથી. જેનામાં આ 'સત્-દૃષ્ટિ' હોય તે સારાસાર વિવેક કરે છે, અને તે જ 'સમત્વ' ધારણ કરતો હોય છે અને તેથી તે જ સાચો અહિંસક થઇ શકે છે. ગાંધીજીનું બળ એમની સત્ય પ્રત્યેની શ્રદ્ધામાં અને એમના સત્યાચારણમાં હતું અને એ સત્યાચરણના પ્રતાપે જ તેઓ પોતાના જીવનમાં આવી અને આટલી બધી અહિંસા કેળવી શકયા હતા.

શ્રીમદે સંવત ૧૯૪૭ માં મુંબાઇથી લખેલો એક પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ તરફથી ઇસ્વીસન ૧૯૫૧ માં પ્રસિદ્ધ થએલા શ્રીમદ્ રાજચંદ્ર નામક ગ્રન્થમાં, પૃ-૨૭૩–૭૪) માં કહ્યું છે :–

'સર્વાત્મા હરિને નમસ્કાર'

'સત્' સત્ છે, સરળ છે, સુગમ છે, તેની પ્રાપ્તિ સર્વત્ર હોય છે. સત્ છે, કાળથી તેને બાધા નથી. તે સર્વનું અધિષ્ઠાન છે. વાણીથી અકથ્ય છે. તેની પ્રાપ્તિ હોય છે. અને તે પ્રાપ્તિનો ઉપાય છે.

'ગમે તે સંપ્રદાય, દર્શનના મહાત્માઓનો લક્ષ એક 'સત્' જ છે. વાણીથી અકથ્ય હોવાથી મૂંગાની શ્રેણે સમજ્યું છે; જેથી તેઓના કથનમાં કંઇક ભેદ લાગે છે; વાસ્તવિક રીતે ભેદ નથી.

'લોકનું સ્વરૂપ સર્વ કાળ એક સ્થિતિનું નથી; ક્ષણે ક્ષણે તે રૂપાંતર પામ્યા કરે છે; અનેકરૂપ નવાં થાય છે; અનેક સ્થિતિ કરે છે અને અનેક લય પામે છે; એક ક્ષણ પહેલાં જે રૂપ બાહ્ય જ્ઞાને જણાયું નહોતું તે દેખાય છે; અને ક્ષણમાં ઘણાં દીર્ઘવિસ્તારવાળાં રૂપ લય પામ્યા જાય છે. મહાત્માના વિદ્યમાને વર્તતું લોકનું સ્વરૂપ અજ્ઞાનીના અનુગ્રહને અર્થે કંઇક રૂપાન્તરપૂર્વક કહ્યું જાય છે; પણ સર્વકાળ જેની એક સ્થિતિ નથી એવું એ રૂપ 'સત્' નહિં હોવાથી ગમે તે રૂપે વર્ણવી તે કાળે ભ્રાંતિ ટાળી છે, અને એને લીધે સર્વત્ર એ સ્વરૂપ હોય જ એમ નથી, એમ સમજાય છે. બાળજીવ તો તે સ્વરૂપને શાશ્વત માની બહુ ભ્રાંતિમાં પડે છે, પણ કોઇ જોગજીગ એવી અનેકતાની કહેણીથી મૂંઝાઇ જઇ 'સત' તરફ વળે છે. ઘણું કરીને સર્વ મુમુક્ષુઓ એમ જ માર્ગ પામ્યા છે. 'ભ્રાંતિ'નું જ રૂપ એવું આ જગત વારંવાર વર્ણવવાનો મોટા પુરુષનો એજ ઉદ્દેશ છે કે તે સ્વરૂપનો વિચાર કરતાં પ્રાણી ભ્રાંતિ પામે કે ખરું શું ? આમ અનેક પ્રકારે કહ્યું છે, તેમાં શું માનું, અને મને શું કલ્યાણકારક ? એમ વિચારતાં વિચારતાં એને એક ભ્રાંતિનો વિષય જાણી, જ્યાંથી 'સત્'ની પ્રાપ્તિ હોય છે તેવા સંતના શરણ વગર છૂટકો નથી, એમ સમજી તે શોધી શરણાપન્ન થઇ 'સત્' પામી 'સત્' રૂપ હોય છે.'

'જૈનની બાહ્યશૈલી જોતાં તો અમે તીર્થંકરને સંપૂર્ણજ્ઞાન હોય છે, એમ કહેતાં ભ્રાંતિમાં પડીએ છીએ. આનો અર્થ એવો કે જૈનની અંતર્શૈલી બીજી જોઇએ. કારણ કે 'અધિષ્ઠાન' વગર આ જગતને વર્ણવ્યું છે, અને તે વર્ણન અનેક પ્રાણીઓ, વિચક્ષણ આચાર્યોને પણ ભ્રાંતિનું કારણ થયું છે. તથાપિ અમે અમારા અભિપ્રાય પ્રમાણે વિચારીએ છીએ, તો એમ લાગે છે કે તીર્થંકર દેવ તો જ્ઞાની આત્મા હોવા જોઇએ, પણ તે કાળ પરત્વે જગતનું રૂપ વર્ણવ્યું છે, અને લોકો સર્વ કાળ એવું માની બેઠા છે, જેવી ભ્રાંતિમાં પડયા છે. ગમે તેમ હો, પણ આ કાળમાં જૈનમાં તીર્થંકરના માર્ગને જાણવાની આકાંક્ષાવાળો પ્રાણી થવો દુર્લભ સંભવે છે, કારણ કે ખરાબે ચઢેલું વહાણ અને તે પણ જૂનું, એ ભયંકર છે. તેમ જ જૈનની કથની ધસાઇ જઇ, 'અધિષ્ઠાન' વિષયની ભ્રાંતિરૂપ ખરાબે તે વહાણ ચઢયું છે, જેથી સુગમરૂપ થવું સંભવે નહી. આ અમારી વાત પ્રત્યક્ષપણે દેખાશે.'

'તીર્થંકરદેવના સંબંધમાં અમને વારંવાર વિચાર રહ્યા કરે છે કે તેમણે 'અધિષ્ઠાન' વગર આ જગત વર્ણવ્યું છે, તેનું શું કારણ! શું તેને 'અધિષ્ઠાન'નું જ્ઞાન નહીં થયું હોય? અથવા 'અધિષ્ઠાન' નહીં જ હોય? અથવા કોઇ ઉદ્દેશે છુપાવ્યું હશે? અથવા કથનભેદે પરંપરાએ નહીં સમજાયાથી 'અધિષ્ઠાન' વિષેનું કથન લય પામ્યું હશે? આ વિચાર થયા કરે છે. જો કે તીર્થંકરને અમે મોટા પુરુષ માનીએ છીએ, તેને નમસ્કાર કરીએ છીએ, તેના અપૂર્વ ગુણ ઉપર અમારી પરમભક્તિ છે, અને તેથી અમે ધારીએ છીએ કે 'અધિષ્ઠાન' તો તેમણે જાણેલું,

પણ લોકપરંપરાએ માર્ગની ભૂલથી લય કરી નાંખ્યું.'

'જગતનું કોઇ અધિષ્ઠાન' હોવું જોઇએ, એમ ઘણાખરા મહાત્માઓનું કથન છે. અને અમે પણ એમ જ કહીએ છીએ કે 'અધિષ્ઠાન' છે. અને તે 'અધિષ્ઠાન' તે હરિ ભગવાન છે. જેને ફરી ફરી હૃદય દેશમાં જોઇએ છીએ.'

' 'અધિષ્ઠાન' વિષે તેમ જ ઉપલા કથન વિષે સમાગમે અધિક સત્કથા થશે. લેખમાં તેવી આવી શકશે નહીં, માટે આટલેથી અટકું છું.'

'જનક વિદેહી સંસારમાં રહ્યા છતાં વિદેહી રહી શકયા એ જો કે મોટું આશ્ચર્ય છે, મહા મહા વિકટ છે, તથાપિ પરમજ્ઞાનમાં જ જેનો આત્મા તદાકાર છે, તેને જેમ રહે છે, તેમ રહ્યું જાય છે, અને જેમ પ્રારબ્ધ કર્મનો ઉદય તેમ વર્તતાં તેમને બાધ હોતો નથી. દેહસહિતનું જેનું 'અહમ્‌પણું' મરી ગયું છે, એવા તે મહાભાગ્યોનો દેહ પણ આત્મભાવે જ જાણે વર્તતો હતો; તો પછી તેમની દશા ભેદવાળી કર્યાથી હોય?'

'શ્રીકૃષ્ણ એ મહાત્મા હતા, જ્ઞાની છતાં ઉદયભાવે સંસારમાં રહ્યા હતા, એટલું જૈનથી પણ જાણી શકાય છે, અને તે ખરું છે; તથાપિ તેમની ગતિ વિષે જે ભેદ બતાવ્યો છે તેનું જુદું કારણ છે. અને ભાગવતાદિકમાં તો જે શ્રીકૃષ્ણ વર્ણવ્યા છે તે તો પરમાત્મા જ છે. પરમાત્માની લીલાને મહાત્મા કૃષ્ણને નામે ગાઇ છે અને એ ભાગવત અને એ કૃષ્ણ જો મહાપુરુષથી સમજી લે તો જીવ જ્ઞાન પામી જાય એમ છે. આ વાત અમને બહુ પ્રિય છે, અને તમારા સમાગમે હવે તે વિશેષ ચર્ચીશું. લખ્યું જતું નથી.'

'સ્વર્ગનરકાદિની પ્રતીતિનો ઉપાય યોગમાર્ગ છે. તેમાં પણ જેમને દૂરદેશી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તે તેની પ્રતીતિ માટે યોગ્ય છે. સર્વકાળ એ પ્રતીતિ પ્રાણીને દુર્લભ થઇ પડી છે. જ્ઞાન માર્ગમાં એ વિશેષ વાત વર્ણવી નથી, પણ તે બધાં છે, એ જરૂર.

'મોક્ષ જેટલે સ્થળે બતાવ્યો છે તે સત્ય છે. કર્મથી, ભ્રાંતિથી અથવા માયાથી છૂટવું તે મોક્ષ છે. એ મોક્ષની શબ્દ વ્યાખ્યા છે.'

'જીવ એક પણ છે અને અનેક પણ છે. અધિષ્ઠાનથી એક છે. જીવરૂપે અનેક છે. આટલો ખુલાસો લખ્યો છે, તથાપિ તે બહુ અધૂરો રાખ્યો છે, કારણ લખતાં કોઇ તેવા શબ્દો જડ્યા નથી પણ આપ સમજી શકશો, એમ મને નિઃશંકતા છે.

તીર્થંકરદેવને માટે સખત શબ્દો લખાયા છે માટે તેને નમસ્કાર.'

ઉપરનો પત્ર જે ગ્રન્થમાંથી ઉતાર્યો છે, તેમાં જ (શ્રીમદ્ રાજચંદ્ર, પૃ. ૩૦૯) સંવત ૧૯૪૮માં શ્રીમદે લખેલો બીજો એક નાનો પત્ર છપાયો છે તે પણ આ સંદર્ભમાં વિચારવા યોગ્ય છે:

'ભગવતને સમર્પણ કર્યા સિવાય આ કાળમાં જીવનું દેહાભિમાન મટવું સંભવતું નથી. માટે અમે સનાતન ધર્મરૂપ પરમ સત્ય તેનું નિરંતર ધ્યાન કરીએ છીએ. જે સત્યનું ધ્યાન કરે છે, તે સત્ય હોય છે.'

શ્રીમદ્ રાજચંદ્રજીનો સત્યાચરણનો આગ્રહ તેમના નીચેના શબ્દોમાં પ્રગટ થાય છે:-

'ચમત્કાર બતાવી યોગને સિદ્ધ કરવો, એ યોગનું લક્ષણ નથી. સર્વોત્તમ યોગી તો એ છે કે જે સર્વ પ્રકારની સ્પૃહાથી રહિતપણે, સત્યમાં કેવળ અનન્ય નિષ્ઠાએ જે સર્વ પ્રકારે 'સત્' જ આચરે છે, જગત જેને વિસ્મૃત થતું છે, અમે એ જ ઇચ્છીએ છીએ.' (જૈન, ભાવનગર, વર્ષ ૬૬, અંક ૪૪, ૧૮, નવેમ્બર ૧૯૬૭માં આપેલો ઉતારો)

[સાતમા જૈન સાહિત્ય સમારોહમાં આપેલ પ્રમુખીય વ્યાખ્યાનમાંથી]

શિક્ષણ : આજની અસલિયત, ભવિષ્યનું સ્વપ્ન

❁ ચન્દ્રશેખર ધર્માધિકારી
(ન્યાયાધીશ, મુંબઇ હાઇ કોર્ટ)

❁ અનુ: ગુલાબ દેઢિયા

'વિશ્વ વિદ્યાલય' શબ્દ મને 'વિદ્યાપીઠ' કરતાં વધુ પસંદ પડે છે. વિદ્યાપીઠ ક્ષેત્રીય હોય છે છતાં તેની પહોંચ વિશ્વ સુધીની હોય છે. ધરતી પર પગ રાખી ક્ષિતિજ સુધી નજર ફેરવી શકે છે. ઊડવાની તાકાત અને હિમ્મત હોય તો આકાશની શું વિસાત! ક્ષુદ્ર ક્ષેત્રવાદની સીમાઓને ઓળંગી આપણે ઘણું ઘણું સિદ્ધ કર્યું છે.

કાવ્ય અને રમતગમતનાં ક્ષેત્રમાં પણ આપણી પ્રગતિ પ્રશંસાપાત્ર છે. 'કમાઓ અને શીખો' યોજના દ્વારા આપણે જીવન અને શિક્ષણને પરસ્પર નિકટ લાવવાની કોશિશ કરી રહ્યા છીએ.

સામાન્ય માણસ માટે મહાવિદ્યાલય અને વિશ્વવિદ્યાલયના દરવાજા ઉઘડી ગયા છે. એને કારણે બે પ્રક્રિયાઓ એક સાથે શરૂ થઇ છે. એક તો હવે એક નવા વર્ગનું નિર્માણ થઇ રહ્યું છે, ઉચ્ચ ભ્રમ ભરેલા વર્ગનું નિર્માણ. બીજું તે નીચલા તબકકાના સામ્યો શિક્ષણ મેળવી પ્રગતિ કરી રહ્યા છે. આને પરિણામે ઉચ્ચ વર્ગ પોતાની જાતને સુરક્ષિત રાખવામાં પ્રયત્નશીલ છે. નીચલા વર્ગને પોતાની અસ્મિતા અને પોતાના અસ્તિત્વનું ભાન થયું છે. આ જોઇને પણ ઉચ્ચ વર્ગ પોતાની સુરક્ષાનો વિચાર કરવા લાગ્યો છે.

ઉચ્ચ વર્ગ શિક્ષણના ક્ષેત્રમાં પણ સ્તરની બાબતે ચિંતિત છે. એના ખ્યાલ પ્રમાણે શિક્ષણનું સ્તર નીચે જઇ રહ્યું છે. આ ઘણો સંકુચિત દૃષ્ટિકોણ છે. જમી ગયેલા, ધની બેઠેલા લોકો હમેશાં સ્તરની બાબતમાં ચિંતિત રહે છે. એ માની લઇએ કે દસ વ્યકિતઓને માટે બનાવવામાં આવેલ રસોઇ સો વ્યકિતઓને માટે બનાવવામાં આવેલ રસોઇ કરતાં વધુ સ્વાદિષ્ટ હોય છે, પરંતુ એનો અર્થ એ તો નથી કે નેવું વ્યકિતઓ ભૂખ્યા પેટે રહે અને માત્ર દસ વ્યકિતઓ પેટ ભરીને જાય.

કોઇ એ નથી વિચારતું કે આજ સુધી સામાન્ય માનવીને શિક્ષણથી વંચિત રાખનાર એ સંકુચિત શિક્ષિત સમાજનું સ્તર કેવું છે? ખરેખર તો એવા સમાજને કોઇ સ્તર નથી હોતું. 'મમ્મી-ડેડી'નાં બાળકો માટે અલગ શિક્ષણ સંસ્થા અને 'બા-બાપુ'નાં બાળકો માટે અલગ શિક્ષણ સંસ્થા! શિક્ષણના ક્ષેત્રની આ વિષમતા આખરે કયારે દૂર થશે? શું તમને એમ

નથી લાગતું કે બધાને માટે એક સરખું શિક્ષણ હોય?

મૂળ જોવામાં આવે તો આપણે શિક્ષણને સમવર્તી સૂચિમાં દાખલ કર્યું હતું. તે માટે બંધારણમાં સુધારો કર્યો હતો. કારણ કે, આપણે ઇચ્છતા હતા કે આખા દેશમાં બધા માટે સમાન કેળવણી પ્રાપ્ત થાય. છતાં પણ વિષમતા ઓછી નથી થઇ. આચાર્ય વિનોબા ભાવેએ 'પબ્લિક સ્કૂલ'ની વ્યાખ્યા ઘણી મજાની કરી હતી 'પબ્લિક સ્કૂલ એટલે પબ્લિકના પૈસાથી ચાલતી સ્કૂલ, પરંતુ જ્યાં પબ્લિકને પ્રવેશ નથી મળતો.'

આજે થોડે અંશે પણ, શ્રમજીવીઓ અને ખેડૂતોની સગવડતાઓ માટે બુદ્ધિજીવીઓની શક્તિઓનો ઉપયોગ થઇ રહ્યો છે. આ સારી વાત છે, એની પ્રશંસા થવી જોઇએ.

જ્યારે પણ, કયાંય પણ શિક્ષણને નામે અભિપ્રાય આપવામાં આવે છે, ત્યારે મોટા મોટા નેતાઓથી લઇને શિક્ષણશાસ્ત્રીઓ વારંવાર એક જ વાત કરે છે કે આજનું શિક્ષણ કશા કામનું નથી રહ્યું, આજનું શિક્ષણ સમયને અનુરૂપ નથી, આજનું શિક્ષણ અપ્રાસંગિક છે. કેટલાંય વર્ષોથી હું આ વાત સાંભળતો આવ્યો છું. જે લોકોના હાથમાં શિક્ષણ વ્યવસ્થા બદલવાનો અધિકાર છે, તે લોકો જ આવું બોલે છે. જોરશોરથી બોલે છે. શિક્ષણ વ્યવસ્થામાં કોઇ પણ પ્રકારે ફેરફાર નથી થતો. એક તરફ એ જ શિક્ષણ વ્યવસ્થાને ટકાવી રાખતી નવી નવી શિક્ષણ સંસ્થાઓ અને નવી નવી વિશ્વવિદ્યાલયો ખોલવામાં આવે છે, બીજી તરફ એ જ શિક્ષણ વ્યવસ્થાને નિરર્થક અને અપ્રાસંગિક કહી નિંદવામાં આવે છે. વિદ્યાર્થીઓને બરાબર એમ જ કહેવામાં આવે છે કે તેઓ જે ભણી રહ્યા છે, તે કશા કામનું નથી. બસ, વરસોથી આ તાલ ચાલ્યા કરે છે. એટલે કે આપણે શિક્ષણ વ્યવસ્થા બદલીશું નહીં અને વિદ્યાર્થીઓ જે કંઇ ભણી રહ્યા છે, તે પણ આપણે ભણવા નહીં દઇએ. વિદ્યાર્થીઓની જિંદગી સાથે આ રમત ચાલી રહી છે. શિક્ષણ સાથે જોડાયેલા લોકો તો આ રમતની મજા લઇ રહ્યા છે, પણ વિદ્યાર્થીઓ, એમના પાલકો અને અધ્યાપકોનો જીવ જાય છે. વિદ્યાર્થીઓનું ધ્યાન શિક્ષણથી વિચલિત કરવાની આ પ્રવૃત્તિ કયાં સુધી ચાલ્યા કરશે? સાથોસાથ શિક્ષણ જગતમાં ગેરશિસ્તની ફરિયાદો પણ આ લોકો જ કરે છે. અનિશ્ચયની સ્થિતિને કાયમ રાખવાનું આ ષડ્યંત્ર આખર કયાં સુધી ચાલુ રહેશે? એક પાલકને નાતે હું હાથ જોડીને એ લોકોને વિનંતી કરું છું કે હવે આ રમત બંધ કરો.

પરંતુ જ્યાં સુધી વિદ્યાર્થીઓનો સવાલ છે, મારા મત પ્રમાણે કોઇ પણ શિક્ષણ નિરર્થક નથી. દરેક પ્રકારની કેળવણીને એનું પોતાનું મહત્ત્વ હોય છે.

હિન્દુસ્તાનની સ્વાતંત્ર્યની લડાઇ વખતે નેતાઓએ શિક્ષણ માટે એક વિશેષ દૃષ્ટિકોણ અપનાવ્યો હતો. ઇ. સ. ૧૯૦૬માં કલકત્તામાં નેશનલ એજ્યુકેશન કમિટિની સ્થાપના કરવામાં આવી. એના મંત્રી યોગી અરવિંદ હતા. આ સમિતિની રચના, શિક્ષણ પર સરકારી નિયંત્રણ અને રાષ્ટ્રીય શિક્ષણના સ્વરૂપ વિશે વિચારણા કરવા માટે કરવામાં આવી હતી. લોકમાન્ય ટિળકે પણ રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાનની સ્થાપના કરી હતી.

વર્ધા શિક્ષણ યોજનાના પાછળ પણ એ જ ઉદ્દેશ હતો. કેળવણીના આ માધ્યમ દ્વારા સ્વરાજ અને સ્વદેશીની ભાવનાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. વ્યકિત પર સમાજ અને રાષ્ટ્રના જે ઉપકાર હોય છે, એવા ખ્યાલથી જ સમાજ અને રાષ્ટ્રને માટે જીવવાની પ્રેરણા મળે છે.

પ્રજાના નેતાઓ એ જરૂરી સમજતા હતા કે રાષ્ટ્ર અને સમાજના વિકાસના માર્ગમાં આવનારી અડચણોને દૂર કરી, આવનાર વર્ષોમાં દેશને જે સમસ્યાઓનો સામનો કરવો પડશે, એનો વિચાર કરી શિક્ષણનું સ્વરૂપ કંઇક એવું રાખવું જોઇએ કે જેનાથી સમસ્યાઓના ઉકેલ માટે બળ મળી રહે. રાષ્ટ્રીય શિક્ષણ દ્વારા એ પ્રયાસ કરવામાં આવ્યો હતો કે વિદ્યાર્થીઓની માનસિક દુર્બળતા દૂર થાય, તેઓને એમ સમજાય કે આઝાદી આરામ કરતાં મહાન છે અને સુખ કરતાં સ્વતંત્રતા શ્રેષ્ઠ છે. બૌદ્ધિક પરતંત્રતાની જેમ ઔદ્યોગિક પરતંત્રતાનો પણ વિરોધ થયો અને એને માટે સ્વદેશીના પ્રસાર માટે ઔદ્યોગિક શિક્ષણને રાષ્ટ્રીય શિક્ષણનું જ એક અંગ માનવામાં આવ્યું.

'પંજાબ કેસરી' લાલ લજપતરાયે એટલા માટે તો રાષ્ટ્રીય કેળવણી સંબંધી પુસ્તકમાં એક આખું પ્રકરણ ઔદ્યોગિક કેળવણી સંબંધી લખ્યું. એમના કહેવાનો ઉદ્દેશ એ હતો કે જ્યાં સુધી રાષ્ટ્રનું લક્ષ્ય અને શિક્ષણનો ઉદ્દેશ એક ન હોય ત્યાં સુધી રાષ્ટ્રનિર્માણ ન થઇ શકે. શિક્ષણ સંબંધી વિચારને રાષ્ટ્રના પુનર્નિર્માણ સંબંધી વિચારનો જ પર્યાય માનવામાં આવ્યો હતો. ગાંધીજી કહેતા હતા કે, નઇ તાલીમ દેશને મારી સૌથી સુંદર, છેલ્લી ભેટ છે.

ગાંધીજીને શિક્ષણમાં શ્રદ્ધા હતી. તેઓ કહેતા હતા કે શિક્ષણ એવું હોય કે જેમાં લાભ અને ગેરલાભના વિચારને બદલે દેશભકિત અને દેશાભિમાન જગાડવાની શકિત હોય. સોદાબાજીનો વિચાર ન કરવામાં આવે. આ વિચારને સ્પષ્ટ કરતી વખતે આપણા નેતાઓ મુખ્યત્વે બે મુદ્દાઓ ઉપર ભાર મૂકતા હતા. એક તો, રાષ્ટ્રીય કેળવણીનો મતલબ માત્ર શિક્ષણમાં માધ્યમ પરિવર્તન એ નથી. અંગ્રેજની જગ્યાએ દેશી ભાષામાં ગુલામીનાં ગીત ગાવા તેને રાષ્ટ્રીય કેળવણી ન કહી શકાય. રાષ્ટ્રીય કેળવણીનો મતલબ માત્ર વિષય પરિવર્તન, એ પણ નથી. આજે ભણાવવામાં આવતા વિષયોમાં અમુક વિષયો ઉમેરી દેવા કે અમુક બાકાત કરી દેવાથી રાષ્ટ્રીય કેળવણી નહીં બની જાય. કેળવણીનો ઉદ્દેશ મૂળ રૂપથી રાષ્ટ્રીય હોવો જોઇએ. રાષ્ટ્રની આકાંક્ષાઓ અને રાષ્ટ્ર કલ્યાણનો મેળ કરાવવા કટિબદ્ધ રાષ્ટ્રવાદી નાગરિકના નિર્માણનો હેતુ, જે શિક્ષણ પ્રથાથી પૂર્ણ થઇ શકે તે શિક્ષણપ્રણાલીને રાષ્ટ્રીય પ્રણાલી કહી શકાય.

બીજી વાત એ છે કે વીસ વર્ષ પછીના દેશના સ્વરૂપનું, દેશના ભવિષ્યનાં સ્વપ્નોનો આધાર છે વિદ્યાર્થીઓ. એટલા માટે શિક્ષણની દિશા નકકી કરતી વખતે આજની જરૂરિયાતોનો નહિ પરંતુ વીસ વર્ષ પછીની જરૂરિયાતોનો ખ્યાલ કરવો પડશે. કારણ કે, શિક્ષણ રાષ્ટ્ર નિર્માણનું મહત્ત્વપૂર્ણ અને પાયાનું સાધન છે. એટલા માટે આ ક્ષેત્રમાં કાર્ય કરનાર લોકોએ સમય અને સ્થળની જરૂરિયાતોથી ઉપર ઊઠીને આવનારી પેઢીઓ અને તેમની ભાવનાઓ તથા આકાંક્ષાઓનો ખ્યાલ કરવો જોઇએ.

જ્ઞાન અને પરિશ્રમ એક જ સિકકાની બે બાજુ છે. બુદ્ધિ અને શારીરિક શ્રમનો મેળ થાય, પરિશ્રમની પ્રતિષ્ઠા વધે. શિક્ષણના માધ્યમ દ્વારા અખિલ ભારતીયતાનો વિકાસ થવો જોઇએ. ભારતના બંધારણની રચના થતી હતી ત્યારે તે વખતના શિક્ષણ પ્રધાન મૌલાના અબુલ કલામ આઝાદે કહ્યું હતું કે, શિક્ષણનો વિષય રાજ્યોને ન સોંપવામાં આવે, કારણ કે ભારતનો સામાન્ય ભણેલગણેલ માણસ પ્રાંતીય નજરે જોવાનું શરૂ કરશે. તેઓ ઇચ્છતા હતા કે, આખા દેશમાં અખીલ ભારતિયતાની

ભાવનાનું નિર્માણ કરનાર સમાન શિક્ષણપ્રથા બધી જગ્યાએ હોવી જોઇએ.

સમાજવાદમાં મનુષ્યની સભ્યતા આજીવિકાની પ્રણાલિકા પર આધાર રાખે છે. કાર્લ માર્કસની એ વાતને માનવી પડે કે, ઉત્પાદનની પ્રક્રિયા વખતે મનુષ્યની તાકાત, કળા અને સમાજશીલતાનો વિકાસ થાય છે. એનાથી સાબિત થાય છે કે જેવી મનુષ્યની આજીવિકા હોય છે, તેવું તેનું જીવન બને છે. આજે શિક્ષણ બજારુ ચીજ બની ગઇ છે. શિક્ષણ ખરેખર તો માતાના દૂધ જેવી પવિત્ર વસ્તુ છે. જેની કિંમત નહિ પણ મૂલ્ય આંકવાનું હોય.

આચાર્ય વિનોબા ભાવે કહેતા કે આજની વિચિત્ર શિક્ષણ પદ્ધતિથી જીવન બે ખંડમાં વહેંચાઈ જાય છે. મનુષ્ય પોતાના જીવનનાં આરંભના વીસપચીસ વર્ષ માત્ર ભણવામાં જ વિતાવે છે. ત્યાર બાદ ભણતરબણતરને એક બાજુએ મૂકી જીવ્યા કરે છે. શિક્ષણ અને જીવન વચ્ચે કયાંય કોઇ આપસનો સંબંધ નથી રહ્યો.

બેઠ દાયકા પહેલાં ફ્રાન્સમાં જ્યારે વિદ્યાર્થીઓએ એક આંદોલન ઉપાડયું હતું ત્યારે એમણે એક પોસ્ટર લગાડયું હતું. 'બચપણથી જ સ્પર્ધા શીખવનાર આ કેવી શિક્ષણ પ્રથા છે?' વિદ્યાર્થીઓના મતાનુસાર આ શિક્ષણપ્રથા સહજીવન અને સહયોગની પ્રવૃત્તિઓનું નિર્માણ નથી કરતી. એ આંદોલનના નેતા ડેનિયલ કોહન બેંદિ હતા. એમણે કહ્યું હતું કે, આ શિક્ષણપ્રથાથી માત્ર નોકરીનો ઇચ્છુક સમાજ જ પેદા થશે.

મને એ વાતમાં રુચિ નથી કે, કઈ યુનિવર્સિટીમાંથી કેટલા વિદ્યાર્થી ડોકટર બન્યા, કેટલા એન્જિનિયર બન્યા કે કેટલા પ્રશાસકીય સેવાઓમાં આવ્યા. હું તો એ જોવા ઇચ્છું છું કે સ્થાપિત સમાજની સામે વિદ્રોહ જગાડનાર કેટલા સિપાહી અહીંથી તૈયાર થયા છે.

ચૌદ વર્ષની ઉમરે મેં જ્યારે આઝાદીની લડાઇમાં ભાગ લીધો હતો. ત્યારે મારા જેવા કેટકેટલા લોકોએ દેશના ભવિષ્યનાં સુંદર સ્વપ્નો જોયાં હતાં. આજે ભાષા, ધર્મ અને પ્રાંતવાદને લીધે મારા દેશના મારી ભારતમાતાના ટુકડા થઇ રહ્યા છે. ભારતમાતાની મૂર્તિ ખંડિત થઇ રહી છે. ખંડિત મૂર્તિની પૂજા નથી થઇ શકતી. એટલે શિક્ષિત યુવકોએ પોતાના પુરુષાર્થના જોરે ભારતમાતાને અખંડિત રાખવી પડશે. એની અખંડિતતા જાળવવી પડશે. અને એ કામ સહૃદય, બુદ્ધિમાન, ભાવનાશાળી અને માનવનિષ્ઠાથી ભરેલા યુવાનો જ કરી શકશે.

('ધર્મયુગ'માંથી સાભાર-ટૂંકાવીને)

બિહારીની કાવ્યમાધુરી

© પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

નિસર્ગદત્ત પ્રતિભા અને ઊંડા અધ્યયનનો સુભગ સમન્વય સાધી સાહિત્યનાં ઉચ્ચ શિખરો સર કરનાર વ્રજભાષાના મહાકવિ બિહારીની રચનાઓ ભારતમાં જ નહીં, વિદેશોમાં પણ આદરભર્યું સ્થાન પામી છે.

આવી મહાન કીર્તિનો એક માત્ર સ્થંભ ગણાતો એમનો કાવ્યગ્રંથ 'બિહારી સતસઇ,' એક રીતે કહીએ તો મુકતકોનો જ સંગ્રહ છે. આમાં સાતસોથી યે વધુ મુકતકો-ચોકકસ સ્વરૂપે કહીએ તો દુહા-છે જેમાંનો એક એક દુહો હિંદી સાહિત્યનું કીમતી રત્ન ગણાય છે. કહેવાય છે કે એમના એક દુહા પર મુગ્ધ થઇ પ્રસિદ્ધ કવિ રહીમે એમને સુવર્ણ મુદ્રાઓના ઢગલામાં ઢાંકી દીધા હતા. શ્રી રાધાચરણ ગોસ્વામીએ બિહારીની રચનાઓમાં રસતરબોળ થઇ એમને 'પીયૂષવર્ષી' મેઘ'ની ઉપમાથી નવાજ્યા હતા. સંસ્કૃત અને ઉર્દૂમાં પણ એમની રચનાઓના અનુવાદ થયા છે.

બહુમુખી કાવ્ય પ્રતિભા ધરાવનાર આ કવિની રચનાઓમાં અનેરું વૈવિધ્ય હોવા છતાં, સમગ્ર રીતે તો એમાં ઊંડી કૃષ્ણભકિતના નિરંતર વહેતા પ્રવાહીની સતત અનુભૂતિ થતી જ રહે છે. પુષ્ટિમાર્ગી વૈષ્ણવ સંપ્રદાયના ધાર્મિક મહત્ત્વ ધરાવતા ગ્રંથોમાં 'ચોર્યાસી વૈષ્ણવોની વાર્તા' ને 'બસો બાવન વૈષ્ણવોની વાર્તા' પછીનું સ્થાન આ 'સતસઇ' ને જ અપાય છે.

આવા સમર્થ કવિના જીવનકાળમાં આટલી જ રચનાઓ થાય એ માનવું મુશ્કેલ છે; પણ જે-જેટલી પ્રાપ્ત થઇ છે એ પણ એટલી સમર્થ ને સમૃદ્ધ છે કે સંખ્યામાં આટલી સીમિત હોવા છતાં બિહારી સહેજે 'મહાકવિ'નું બિરુદ પામ્યા છે. વ્રજભાષાની સમગ્ર મીઠાશ સમાવી લેતા આ ગ્રંથમાં એક અનોખું 'બિહારીત્વ' ઉપસી આવે છે, જે એમને વ્રજભાષાના કવિઓમાં અનન્ય સ્થાન અપાવે છે.

પ્રકૃતિએ પ્રેમી એવા આ કવિ મુખ્યત્વે શૃંગારરસના કવિ છે. સંયોગ અને વિરહ બંનેને એમની રચનાઓમાં વિશિષ્ઠ સ્થાન મળ્યું છે. સંયોગ-શૃંગારની રચનાઓમાં ઉલ્લાસભર્યા પ્રસંગોના સંકેત દ્વારા એક પ્રકારનું ઔત્સુકય જગાડી કવિએ અનેરી વ્યંજના ચોજી છે:

સખી સિખાવતી માન બિધિ
સૈનનિ બરજતિ બાલ,
હરે કહૈ મો હીય મેં
બસત બિહારીલાલ!

એક સખીએ નાયિકાને, પ્રિયતમ જોડે કેવી રીતે રિસાવું-રિસામણાં કેમ લેવાં-તે સમજાવવા માંડયાં જ નાયિકાએ ઇશારાથી-સંકેત કરીને-એને એમ કરતાં અટકાવી ને કહ્યું: 'ખૂબ જ હળવેથી બોલ! કેમકે મારા પ્રિયતમ તો હમેશાં હૈયામાં જ હોય છે-એ કદાચ સાંભળી જાય તો!'

પણ વિરહ-શૃંગારની રચનાઓમાં કવિ સોળે કળાએ ખીલી ઉઠે છે. વિરહાવસ્થાનું કોઇ પણ એવું પાસું નહીં હોય જેનું બિહારીએ દર્શન નથી કરાવ્યું. જો કે આમ કરવામાં કયારેક અતિશયોકિત થાય છે ખરી, છતાં ઉતુંગ કલ્પના અને પ્રબળ ભાવોમાં ખેંચી જતી કવિની પ્રતિભાનું અદમ્ય આકર્ષણ, એ ભુલાવી દે છે.

તપ્યૌ આંચ અતિ બિરહકી
રહ્યૌ પ્રેમરસ ભીજ,
નૈનનકે મગ જલ બહે
હિયૌ પસીજિ, પસીજિ!

વિરહના અગ્નિથી તપ્ત થઇને તથા પ્રેમરસમાં ભીંજાઇને એનું હૃદય પીગળીને હવે નેત્રોને માર્ગે પાણી રૂપે-આંસુ થઇને વહે છે.

સુનત પથિક-મુંહ માહ-નિસિ
ચલત લુવૈં ઉહિં ગામ

બિનુ બૂઝૈં, બિનુ હી કહૈં
બિયતિ બિચારી બામ!

(એણે) કોઇ પથિકને મુખે સાંભળ્યું કે એના ગામમાં તો માહ મહિનાની રાત્રે પણ લૂ થાય છે, ત્યારે કંથ પણ પૂછ્યા કર્યા વિના પણ એ સમજી ગયો કે એની પ્રિયતમા, આ લાંબી વિરહાવસ્થા પછી પણ હજુ જીવિત છે. (પ્રિયતમાના હૈયામાં પ્રજળતા વિરહાગ્નિ સિવાય તો આવી કડકડતી ઠંડીમાં રાતને સમયે પણ લૂ જેવી સખત ગરમી ક્યાંથી હોય!)

શૃંગારકાવ્યોમાં સૌંદર્ય, સ્વાભાવિક રીતે જ પ્રધાન સ્થાને રહે છે. સૌંદર્યવર્ણનમાં બિહારી અજોડ છે. એની રચનાઓમાંનું, નાયિકાના સૌંદર્યનું વર્ણન હિંદી સાહિત્યનો અણમોલ વારસો ગણાય છે.

માનહુ બિધિ તન-અચ્છ છવિ
સ્વચ્છ રાખિબૈ કાજ
દૃગ પગ – પૌંછન કૌ કરૈ
પાયલ પાયન્દાજ!

(કોઇ સુંદર સ્થાનમાં પ્રવેશતાં પહેલાં આપણે પગલુછણિયા પર પગ સાફ કરી લઇએ છીએ જેથી એ સ્થાન મેલું ન થાય; એ જ રીતે) એના દેહનું અદ્‌ભુત ઉજ્જવલ સૌંદર્ય મેલું ન થાય-નિર્મળ રહે-એવા ઉદ્દેશથી જ જાણે, દર્શકની 'દૃષ્ટિ'નાં ચરણોની ધૂળ સાફ કરવા (જેથી પોતાની દૃષ્ટિ સાફ થાય તે પછી દર્શક જ એના દેહ સૌંદર્યનાં દર્શન કરી શકે) વિધાતાએ પાયલરૂપે-એના ઝાંઝરરૂપી પાયન્દાજ (પગલુછણિયું) બનાવ્યું છે. (દર્શકે પહેલાં ત્યાં દૃષ્ટિ કરી, પછી જ ઊંચે જોવું રહ્યું!)

સૌંદર્યવર્ણનની બિહારીની સુકુમારતા પણ કેવી અનન્ય છે!

જુવતિ જોન્હ મૈં મિલિ ગઇ
નૈકુ ન હોતી લખાઇ,
સૌંધે કૈ ડોરૈ લગી,
અલી, ચલી સંગ જાઇ!

ચાંદની રાત્રે અભિસારે નીકળેલી એ ગૌરાંગી, જ્યોત્સ્નામાં એવી તદ્‌રૂપ થઇ ગઇ છે કે જાણે દેખાતી જ નથી (ગૌરાંગી ચાંદનીમાં જ જાણે ભળી ગઇ છે!) સખીઓ (ને ભમરાઓ) તો એનાં અંગો પરનાં સુગંધી દ્રવ્યોને આધારે જ (સુગંધ રૂપી દોરીથી ખેંચાઇને જ) એની સાથે સાથે જઇ રહ્યાં છે.

સૌંદર્ય વર્ણનમાં ક્યારેક વણાઇ જતી આવી ચમત્કૃતિ પણ કેવી સ-રસ બની જાય છે!

ને આમ કરવામાં ક્યારેક તો કવિ અતિશયોક્તિયે કરી બેસે છે.

પત્રા હી તિથિ પાઇયે
વા ઘર કે ચહું પાસ
નિત પ્રતિ પૂન્યૌ હી રહૈ,
આનન-ઓપ ઉજાસ!

પત્રા એટલે પંચાંગ. આજે કઇ તિથિ છે એ જાણવા માટે એ ઘરમાં તો પંચાંગમાં જ જોવું પડે; કેમ કે એમાં રહેનારી સ્ત્રીનું મુખ એવું તો ઉજ્જવલ ને સુંદર છે કે ધરની ચારે તરફ બારે મહિના ને સોળે તિથિ, પૂનમ જેવું જ લાગ્યા કરે છે.

પણ બિહારી સ્ત્રી-સૌંદર્યમાં જ રાચે છે, એવું નથી. પ્રકૃતિ સૌંદર્યના વર્ણનમાં પણ એનું બિહારીત્વ એવું જ ઝળકી ઊઠે છે.

જેઠની બપોરનાં અસહ્ય તાપનો તો અનુભવ છે ને?–

બૈઠી રહી અતિ સઘનબન
પૈઠી સદન તન માંહ,
દુઝિ દુપહરી જેઠ્ઠ
છાંહી ચાહતિ છાંહ!

જેઠ માસની બપોરે ગરમી કેવી પ્રચંડ હોય છે! ખુદ છાંયો પણ જાણે છાંયડી શોધવા નીકળી પડે છે! કાં તો એ (છાંયો) ગાઢ વનમાં જઇ બેઠો છે ને કાં તો વૃક્ષોરૂપી (પોતાના જ) ઘરમાં પેસી ગયો છે-એટલેસ્તો ક્યાંય છાંયડો દેખાતો નથી!

ભક્તિરસની રચનાઓ બિહારીએ સંખ્યાની દૃષ્ટિએ ભલે ઓછી આપી છે; પણ જેટલી છે તેમાં યે એનું ઊંડાણને એની તીવ્રતા અછતી રહેતી નથી! એનો કૃષ્ણાનુરાગી ભાવ, કેવી અનોખી રીતે વ્યક્ત થાય છે!–

યા અનુરાગી ચિતકી
ગતિ સમુઝૈ નહીં કોઇ
જ્યોં જ્યોં બૂડે સ્યામ રંગ
ત્યોં ત્યોં ઉજ્જલ હોઇ!

પ્રેમમાં આકંઠ ડૂબેલા આ અનુરાગી ચિત્તની ગતિવિધિ અનોખી જ હોય છે-કોઇ સમજી શકતું નથી! 'શ્યામ' (કાળા) રંગમાં ડૂબનાર તે કદી સફેદ (ઉજ્જવળ) થતું હશે! પણ આ શ્યામનો (કૃષ્ણનો) તો 'રંગ' જ એવો છે કે જેમ જેમ એમાં ડૂબતાં જઇએ-ઊંડા ઊતરતાં જઇએ તેમ તેમ વધુ ને વધુ નિર્મળ-પવિત્ર-ઉજ્જવળ થતાં જઇએ છીએ આવી અનુભૂતિ તો સાચા પ્રેમી-અનુરાગી હૃદયને જ થઇ શકે! 'શ્યામ' શબ્દ પરનો શ્લેષ પણ અહીં કેવો સ-રસ થયો છે!

રસ અને ભાવને ક્ષેત્રે આવું પ્રભુત્વ ધરાવનાર, કાવ્યશાસ્ત્રના આ વિદગ્ધ કવિનો એક પણ દુહો અલંકારવિહોણો નથી ને છતાં એનું ઋજુ કવિ-હૃદય એ એવી સરસ રીતે યોજે છે કે ક્યાંય એનો ભાર નથી વરતાતો.

અલ્પ શબ્દોમાં રમણીય પ્રસંગ, કાવ્યકલાનું કૌશલ ભાવનીય તીવ્રતાને મર્મસ્પર્શી ચોટ, કવિની રચનાને ચરમ સીમાએ પહોંચાડે છે-ને આ બધું કવિ દુહા જેવી નાનકડી બચુકડી રચનામાં સમાવે છે! ગાગરમાં સાગર ભરવા જેવું જ છે ને? આ બાબતમાં બિહારી ખરેખર અનન્ય છે. કોઇએ યોગ્ય રીતે જ કહ્યું છે કે–

સતસૈયા કે દોહરે,
જિમિ નાવક કે તીર,
દેખન મેં છોટે લગૈ
ઘાવ કરે ગંભીર!

(નાવક-એક પ્રકારનું તીર જે ખૂબ ઊંડા ઘા કરે છે -ફારસી શબ્દ છે) બિહારીનાં સતસૈયાના દુહા 'નાવક' જેવા સચોટ હોય છે જે દેખાવમાં નાના હોય છે પણ એનો ઘા ઊંડા-જબરો હોય છે.

ગુજરાતી કવયિત્રીઓ

● ડા. હરીશ વ્યાસ

કવિતાએ તો સ્વર્ગનિ નક્ષત્રમાં છીપમાં ઝિલાયેલા શુંદમાંથી નીપજતું મોતી છે ડા. આનન્દશંકર ધ્રુવે કવિતાને 'અમૃતામ્ આત્મનઃ કલામ્' અર્થાત્ આત્માની અમર કલા તરીકે ઓળખાવી છે. જ્યારે આંગ્લકવિ વર્ડઝવર્થે, 'Poetry is a spontaneous overflow of powerful emotions, recollected in tranquility અર્થાત્ કવિતાએ જીવનની શાંત ક્ષણોમાં પ્રગટ થયેલો ઉત્કટ લાગણીઓનો સતત ઊભરો છે, એમ કહીને સંવેદનની ઉત્કટતા અને સતત ઊભરા ઉપર ભાર મૂક્યો છે. કવિના જીવનમાં આવી સર્જનની ક્ષણ આવે છે, જ્યારે તે સામાન્યજન કરતાં, કંઈક વિશેષ થઈ જાય છે. ગુજરાતી કવિતામાં પુરુષોની જેમ સ્ત્રીઓએ પણ આ વિરલ ક્ષણને ઝીલી છે ગુજરાતની ખ્યાતનામ કવયિત્રી શ્રી ગીતા પરીખે ઇ. સ. ૧૯૬૦ થી ૧૯૮૨ દરમ્યાન સિત્તેર જેટલી કવયિત્રીઓએ, ગુજરાતી કવિતા ક્ષેત્રે આપેલા ફાળાને, એમના સંશોધનવિવેચન ગ્રંથ 'સિત્તેર ગુજરાતી કવયિત્રીઓ'માં સારી રીતે મપ્યો છે, જે ગુજરાતી સાહિત્યના સંદર્ભગ્રન્થોમાં મૂલ્યવાન ઉમેરો કરે છે.

આમ તો ગાંધીયુગ દરમિયાન સર્વશ્રી જ્યોત્સ્ના શુકલ, હંસા મહેતા, સુમતિબહેન, જયમનગૌરી પાઠકજી, પુષ્પા વકીલ વગેરે કવયિત્રીઓએ નોંધપાત્ર સર્જન કર્યું છે જેમાં ગાંધી યુગની ભાવનાઓનું આલેખન જોવા મળે છે. પરન્તુ ઉમાશંકર સુન્દરમ્ પછી રાજેન્દ્ર-નિરંજન યુગ શરૂ થતાં, સ્વાતંત્ર્યોત્તર કાળના પ્રથમ તબક્કામાં, 'પૂર્વી', કાવ્યસંગ્રહ લઈને શ્રી ગીતા પરીખ આવે છે વળી એ જ તબક્કામાં શ્રી હીરા રા. પાઠક 'પરલોકે પત્રો' લઈને, એક નૂતન ઉન્મેષ હૃદયસ્પર્શી શૈલી-પ્રશ્નસ્તિરૂપે સરસ રીતે પ્રગટાવે છે. આ તબક્કામાં સર્વશ્રી સવિતાલક્ષ્મી ભુચ, સુરેશા મજમુદાર, પ્રભાવતી મજમુદાર, સુશીલા ઝવેરી, નિર્મળા દાણી, લીના મંગલદાસ એની સરૈયા વગેરેના કાવ્યસંગ્રહો પ્રકાશિત થયેલા છે. જેમાં છંદોબદ્ધ કવિતા ઊર્મિકાવ્યો ગીતો વગેરે પ્રાપ્ત થાય છે. બીજા તબક્કામાં, ઇ. સ. ૧૯૭૮માં શ્રી પન્ના નાયક 'પ્રવેશ' કાવ્યસંગ્રહ સાથે અછાંદસ કવિતા અને અભિનવ ભાવપ્રતીકો લઈને આવે છે. વળી પોતાની મૌલિકતા સાથે શ્રી જ્યા મહેતા પણ એને જ અનુસરે છે. જેમાં ફ્રેંચ ગાડે પ્રવર્તાવેલ અસ્તિત્વવાદ (Existentialism) અને સિમ્બોલના અતિવાસ્તવવાદ (Sur-Realism) અસરો જોવા મળે છે. આ તબક્કામાં જ શ્રી રક્ષા દવેની ભક્તિ ઝરતી કવિતા એક નોખા પ્રકારનું પ્રદાન પ્રસ્તુત કરે છે. ત્રીજા તબક્કામાં, ઇ. સ. ૧૯૮૨ માં 'મારા હાથની વાત' કાવ્યસંગ્રહ સાથે શ્રી સરૂપ ધ્રુવ એક નવો જ વળાંક લે છે. છંદનાં બંધનો કવિતાએ તોડ્યાં હતાં, હવે એમની કવિતા અર્થનાં બંધનો પણ તોડે છે. ક્યારેક તો એમનો વ્યંગ્યાર્થ, વ્યર્થતા અને દુર્બોધતા સુધી પહોંચી જાય છે. તો યે એમની પ્રયોગશીલ માર્મિકતા ધ્યાનાકર્ષક નીવડે છે. આમ જોઈશું તો, ગાંધી યુગ પછીની, અનુ-ગાંધી યુગની કવિતામાં, સિત્તેર જેટલી કવયિત્રીઓએ ફાળો આપ્યો છે, એ ગાંધી યુગના ફાળાની સરખામણીની દૃષ્ટિએ પ્રશસ્ય અને નોંધપાત્ર બાબત છે.

અલબત્ત ! સર્જકને કોઈ જાતિ હોતી નથી. ચાહે શરીર પુરુષનું હોય કે સ્ત્રીનું, તો યે એ સર્જક જ છે. જે વિવિધ પ્રકારના સંવેદનોની અસરોને કવિતામાં અભિવ્યક્ત કરે છે. તો યે પુરુષના કરતાં સ્ત્રીને એક નોખા પ્રકારનો ફાળો પત્ની, માતા પુત્રી, પ્રેયસી યા સખી તરીકે આપવાનો હોય છે. આ ભાગ ભજવતાં ભજવતાં જે અનેકવિધ ચઢાવઉતારો, અનુભવો, માનસિક તનાવો વગેરે તે અનુભવે છે તેને પોતાની લાક્ષણિક ઢબે એ પ્રસ્તુત કરે છે. જેમાં એની સ્ત્રી સહજ વિશેષતાઓ એ પ્રગટ થાય છે, જે કવયિત્રીઓના પ્રદાનનો વિશેષ ગણી શકાય તેમ છે. પુરુષ કવિઓ એ વિશે ગમે એટલી કલ્પનાઓ કરે તો યે, સ્ત્રીઓના અનુભવો તનાવો અને મંથનોની સચ્ચાઈનો રણકાર, જેટલો સ્ત્રી કવિઓ પ્રગટ કરી શકશે તેટલો પુરુષ-કવિઓ ભાગ્યે જ પ્રગટ કરી શકશે

પ્રસ્તુત વિવેચન-સંશોધન ગ્રંથમાં, શ્રી ગીતા પરીખે એકેએક કવયિત્રીનો સરનામા સાથે વિદ્યાકીય અને સાહિત્યલક્ષી પરિચય કરાવ્યો છે, તથા દરેકના વિશિષ્ટ પ્રદાનને વસ્તુલક્ષી ઢબે તટસ્થતાથી મૂલવવા માટે સરસ રીતે સોદાહરણ પ્રયાસ કર્યો છે. જેની તેની કૃતિઓનો નીરક્ષીર વિવેક કરીને, સૌજન્ય પૂર્વક ગુણો સાથે દોષો અને નબળાઈઓ પ્રત્યે ઇંગિત કરીને, તેમણે વિકાસ માટે સૂચનો રૂપે નિર્દેશ પણ કર્યો છે. એમની નિષ્પક્ષતા, સૌંદર્યસ્થાનો અને આર્થિક સ્થાનોને પારખવાની ક્ષમતા, નિર્ભયતા, સૂક્ષ્મતા અને સ્ત્રીસહજ સૌજન્ય દાદ માગી લે તેવાં છે. આ ઉપરાંત જે તે કવયિત્રી પ્રત્યે તેમની સહૃદયતા, ઋજુતા અને હમદર્દી જરૂર પ્રગટ થાય છે. પરંતુ ક્ષતિઓ નબળાઈઓ અને ખામીઓ પ્રત્યે તેઓ સૌમ્યતા અને સદ્‌ભાવ સાથે નિઃસંકોચ ઇશારો કરવાનું ચૂકતાં નથી એ એમની ખાસ વિશેષત છે. દાખલા તરીકે-શ્રી ઇન્દુમતી મહેતાની કવિતાનાં ઉદાહરણો આપીને, છેવટે તેઓ સ્પષ્ટ કહી દે છે, "આમ જુઓ તો વિષયો અને શૈલીની દૃષ્ટિએ આ કાવ્યો પરંપરાથી જરાપણ આગળ ગયાં નથી... થોડી ત્રુટિઓ સાથે પણ ઇન્દુબહેનનો આ નાનકડો કાવ્ય સંગ્રહ રમ્ય અનુભૂતિનો આછેરો સ્વાદ તો લગાડી જ જાય છે.' (પૃ. ૭, ૯,) શ્રી માલતી દલાલની કવિતા વિશે કેવો પ્રેમથી ઇશારો કરે છે!' માલતીને છંદનું જ્ઞાન છે. એટલે એ સાચો છંદ રચવા સારો પ્રયત્ન કરે છે. પણ આવા આયાસની કસરતથી પદ્યરચના બની શકે, કાવ્ય નહીં.' (પૃ. ૨૩) શ્રી હીરા રા. પાઠકના 'પરલોકે પત્રો'ને અવલોકતાં, એક પ્રસંગે એ નિર્ભીકતાથી કહે છે, 'જો કે મારા અભિપ્રાય મુજબ આ પ્રસંગ કવયિત્રી તથા અન્ય વિવેચકોએ ઉપસાવ્યો છે તેટલો અસરકારક ચિરંજીવી છાપ નથી પાડતો.' (પૃ. ૩૭) શ્રી એની સરૈયા વિશે નિઃશંક બનીને તે પોતાનો મત પ્રગટ કરે છે, એની સરૈયાની કવિતામાં ચિરંજીવી કાવ્યતત્ત્વ જોવા મળતું નથી.' (પૃ. ૪૪) ક્યારેક સમીક્ષા કરતાં, તેઓ તુલનાત્મક ચર્ચા યે કરે છે, 'રક્ષા દવે અને સુરેશા મજમુદારમાં, બાળ-ગીતોમાં, જે રીતે બાળક પોતે જ બોલતું લાગે છે, એટલી તદ્રૂપતા સુશીલાબહેન (ઝવેરી) માં નથી.' (પૃ. ૫૨) પોતાનાં અજ્ઞલિકાવ્યે અનેવિચારપ્રધાન કાવ્યોમાં કયાંક કયાંક 'આયા-સજન્ય કૃતકતા' તથા 'લુપ્ત્યા તક' ને જોઇને, જાતથી અલિપ્ત થઇને તે ટીકા કરે છે, 'આ દૃષ્ટિએ તો 'પૂર્વી' ની બીજી આવૃત્તિ થાય, તો ગીતા પોતે જ કેટલાંક કાવ્યો તારવીને કાઢી લેવાનું વિચારે. આ ઉપરાંત 'પૂર્વી"ના મુદ્રણમાં રહેલી અનેક અશુદ્ધિઓ પણ સંમાર્જન માગે છે. આ બાબતમાં એના મુદ્રક તથા સર્જકની ચોકસાઇનો અભાવ અક્ષમ્ય છે.'

ખેર ! આ ગ્રંથની ભાષા અને જોડણીની અક્ષમ્ય ભૂલોને બાદ કરતાં બહેન ગીતાનો અથાગ પરિશ્રમ, કાવ્ય સૂઝ, માર્મિક સ્થાનોની પરખ, ચોકસાઇ, ઝીણવટ, તટસ્થતા અને નિર્ભીકતા એમનામાં રહેલા સંશોધક-વિવેચકને સરસ રીતે નીખારવે છે.

'સંઘ'ના ઉપક્રમે હિન્દીમાં વિચારગોષ્ઠિ કાર્યક્રમ

❁ ચીમનલાલ 'કલાધર'

'સંઘ'ની અનેકવિધ પ્રવૃત્તિઓમાં હવે રાષ્ટ્રભાષા હિન્દીમાં વિચારગોષ્ઠિની પ્રવૃત્તિનો ઉમેરો થયો છે. આ પ્રવૃત્તિના સંયોજક શ્રી વસંતલાલ નરસિંગપુરા છે.

શનિવાર, તા. ૨૨-૨-૮૬ ના સાંજના ચાર વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં હિન્દી ભાષામાં વિચારગોષ્ઠિ કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. કાર્યક્રમનું પ્રમુખસ્થાન શ્રી ચીમનલાલ જે. શાહે સંભાળ્યું હતું જ્યારે અતિથિવિશેષ સ્થાને રાષ્ટ્રીય હિન્દી સંસ્થાનના અધ્યક્ષ શ્રી હરિશંકર હતા. કાર્યક્રમની શરૂઆત શ્રી કમલબેન પીસપાટીની પ્રાર્થનાથી થઇ. મુંબઇના યુવાન મેયર શ્રી છગન ભૂજબળે આ પ્રસંગે ખાસ હાજરી આપી મુંબઇ જૈન યુવક સંઘની પ્રવૃત્તિને બિરદાવતા જણાવ્યું કે 'સેવા' એ સમાજનું સંસ્કારધન છે. 'સેવા'ના મંત્રને જીવનમાં ઉતારવો જરૂરી છે. એક કરોડની વસતીએ પહોંચેલ મુંબઇ શહેરની અનેક સમસ્યાઓ છે. મુંબઇ એક એવું શહેર છે કે જેના માટે દરેક ભારતીયજનો ગૌરવ લઇ શકે. સમસ્યાઓ અને પ્રદુષણથી છવાયેલા મુંબઇને માટે હવે 'મુંબઇ બચાવો, ભારત બચાવો' સૂત્રને સફળ બનાવવું જોઇએ.'

આજના કાર્યક્રમના પ્રથમ વકતા હતા. મુંબઇ યુનિવર્સિટીના હિન્દી વિભાગના અધ્યક્ષ ડો. વિનોદ ગોદરે તેમનો વિષય હતો 'મધ્યકાલીન ભકિત પ્રવાહ' આ વિષય પર બોલતા તેમણે જણાવ્યું હતું કે 'આત્મકલ્યાણની સાથે મોક્ષ કલ્યાણ એ જ ભકિતનું તાત્પર્ય છે, મધ્યકાલીન ભકત કવિઓની રચનાઓ આજે પણ ભકિતની ઉત્કૃષ્ટતા સિદ્ધ કરે છે. પ્રભુભકિત એ એક એવું ધ્રુવ-બિન્દુ છે કે જેના દ્વારા માનવી શુદ્ધ, બુદ્ધ અને મુકત બની શકે. સંત જ્ઞાનદેવ, મીરાં, તુલસી, નરસિંહ મહેતા વગેરે ભકત કવિઓએ પોતાની રચનાઓ દ્વારા પોતાનું કલ્યાણ તો કર્યું જ છે પરંતુ જનતાને પણ એ કલ્યાણ માર્ગે દોરી છે. જીવનમાં ભગવદ્ ભકિતનું અનેરું સ્થાન છે. મનુષ્ય જીવનની સાર્થકતા શ્રદ્ધા, ભકિત અને ભાવના વડે જ થાય છે. ભકિતએ પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની બારી છે.'

આ કાર્યક્રમના બીજા વકતા હતા 'નવભારત ટાઇમ્સ'ના ઉપસંપાદક શ્રી વિશ્વનાથ સચદેવ. તેમણે 'અહિંસા' ઉપર બોલતા જણાવ્યું હતું કે 'અ હિંસા' જેમાં હિંસા નહિ તે. ભગવાન મહાવીરે અહિંસાનો ઉપદેશ આપ્યો અને જગતના જીવ માત્ર પ્રાણી માત્ર તરફ દયા-કરુણા રાખવાની શીખ આપી. મહાત્મા ગાંધીએ 'અહિંસા'નો હથિયાર તરીકે ઉપયોગ કરી અહિંસક સત્યાગ્રહ-આંદોલન દ્વારા બ્રિટિશ સલ્તનને હિન્દુસ્તાનમાંથી હાંકી કાઢી, તો વિનોબાજીએ અહિંસક ક્રાંતિ દ્વારા ભુદાન ચળવળ ઉભી કરીને અહિંસાને નવું પરિમાણ આપ્યું. આજના એટમબોમ્બથી ધ્રુજતા વિશ્વને અહિંસા'ની તાતી જરૂરિયાત છે. જગતમાં શાંતિ, સુખ અને સંતોષની હવા પ્રસરાવવી હોય તો તે કાર્ય માત્ર 'અહિંસા' જ કરી શકે યુદ્ધના આરે ઊભેલી આજની દુનિયા જો આચારમાં અહિંસા' ને અપનાવે તો એક નવા યુગનો પ્રારંભ થાય જે આજના સમયે ખૂબ જ આવકારદાયક કાર્ય ગણાય.

કાર્યક્રમના અતિથિવિશેષ શ્રી હરિશંકરે જણાવ્યું હતું કે ભકિત અને અહિંસા એ બંને વાત માનવ-જીવનમાં સરખો જ હિસ્સો ધરાવે છે. ભકિત દ્વારા માનવી પરમાત્મમય બની શકે, તો અહિંસા વડે તે માનવીય મૂલ્યોની રક્ષા કરી શકે. વર્તમાન સમયે આપણને જેટલી શ્રદ્ધા, ભકિતની જરૂર છે તેટલી જ અહિંસાની જરૂર છે. કોઇ પણ જીવને હણવાનો આપણને અધિકાર નથી. નાનામાં નાના જીવની પણ રક્ષા તે અહિંસા, જ્યારે દુનિયાના તમામ દુઃખો, રાગ-દ્વેષ વગેરે ભૂલીને પ્રભુ-ભકિતમાં આત્મલીન થઇએ એ જ ભકિતનું ઉત્કૃષ્ટ સ્વરૂપ છે અને આવી ઉચ્ચત્તર ભાંકત વડે જ સંસાર સાગર તરી શકાય.

બંને વ્યાખ્યાતાનો અને અતિથિવિશેષનો પરિચય શ્રી વસંતલાલ નરસિંગપુરાએ આપ્યો હતો. શ્રી ચીમનલાલ જે. શાહે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. શ્રી અમર જરીવાલાએ 'સંઘ' નો પરિચય આપ્યો હતો. 'સંઘ' ના મંત્રીશ્રી કે. પી. શાહે તેમની આગવી શૈલીમાં આભાર દર્શન કર્યું હતું.

સાભાર સ્વીકાર

* રોબીનહુડ લે. પ્રેમનાથ મહેતા કિ. ૧૬-૦૦
* કાળ મંત્ર લે. „ „ કિ. ૨૦-૦૦
* ગુફ્તેગો યુવાનો અને પ્રણય લે. ડો. ચંદ્રકાંત મહેતા કિ. ૧૮-૦૦
* „ યુવાનો અને ધર્મ લે. „ કિ. ૧૮-૦૦
* „ યુવાનો અને પરિણય લે. „ કિ. ૧૮-૦૦
* „ યુવાનો અને સમાજ લે. „ કિ. ૧૮-૦૦
* „ યુવાનો અને વ્યકિતત્વ લે „ કિ. ૧૮-૦૦
* સંતાનનું-સંસ્કાર ઘડતર લે. રોહિત શાહ કિ. ૧૮-૦૦
* અમદાવાદ એટલે અમદાવાદ લે. વિનોદ ભટ્ટ કિ. ૧૩-૦૦
* રોમેરોમ લે. ફાધર વાલેસ કિ. ૧૩-૦૦
* જીવનનું વળતર લે. „ કિ. ૧૬-૦૦
* આકાશવાણીના સૌજન્યથી „ કિ. ૧૩-૦૦
* બોલતા પ્રસંગો „ કિ. ૧૫-૦૦
* લાગણીની કેળવણી „ કિ. ૧૯-૦૦

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : ગુજરાત ગ્રંથ રત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧.

પ્રગટ થઈ ચુકયું છે—

જાણીતા તત્ત્વચિંતક અને પ્રબુદ્ધ જીવન'ના તંત્રી **સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહે** મુખ્યત્વે ઇ. સ. ૧૯૩૯ થી ૧૯૭૧ સુધીના સમયગાળામાં લખેલા લેખોનું પુસ્તક -

'તત્ત્વવિચાર અને અભિવંદના'

સંપાદકો : **ડો. રમણલાલ ચી. શાહ**
પન્નાલાલ ૨. શાહ અને
પ્રા. ગુલાબ દેઢિયા

પાકું બાઇન્ડિંગ, પૃષ્ઠ સંખ્યા ૧૭૬+૮ કિંમત રૂ. ૩૫/૦૦ (ટપાલ ખર્ચ અલગ).

'સંઘ'ના પેટ્રનો અને આજીવન સભ્યોને આ પુસ્તક ૬૫ ટકા કમિશનથી આપવામાં આવશે. આ માટે સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવો.

લિ. **મંત્રીઓ**

હિન્દુ જીવનદર્શનની એક બહુમૂલ્ય ભેટ : પ્રાણીદયા

વસંતભાઈ ઝોખાણી

વિશ્વના જુદા જુદા ભૂ ભાગ ઉપર અનેકવિધ સંસ્કૃતિ તેમ જ રાષ્ટ્રોનાં સર્જન અને વિસર્જન થયા છે. કાળના ખપ્પરમાં કેટલીયે સભ્યતાઓ વિલીન થઇ ગઇ. અને કેટલાંય રાષ્ટ્રો માત્ર ઇતિહાસનો વિષય બની ગયાં. પરંતુ હિંદુ રાષ્ટ્ર અને હિન્દુ સંસ્કૃતિ વિશ્વમાં મિર પુરાતન-નિત્ય નૂતનના આવિર્ભાવ સાથે આજે પણ ચોઢી મંદ અવસ્થામાંય જીવંત છે. સંસ્કૃતિની આ શાશ્વતતાનું રહસ્ય તેમાં નિહિત રહેલાં મૂળભૂત તત્ત્વો સાથે છે. આ સંસ્કૃતિના સર્જકો એવા આપણા પૂર્વજોએ સૃષ્ટિના રહસ્યની શોધ કરી. પેઢી દર પેઢીઓના તપ અને તિતિક્ષા દ્વારા શાસ્વત સત્યોનું સંશોધન કર્યું અને તેના આધાર ઉપર વૈયક્તિક તેમ જ સામાજિક જીવનદર્શનનું નિર્માણ કર્યું. આ સનાતન અને શાસ્વત સત્યો ઉપર આધારિત સંસ્કૃતિના તાંતણે ગૂંથાયેલ સમાજ એટલે જ રાષ્ટ્ર અને સંસ્કૃતિ. આ સંસ્કૃતિનાં મૂલ્યો પર આધારિત જીવનની અભિવ્યક્તિ એટલે જ આપણી રાષ્ટ્રીય અસ્મિતા.

સ્વામી વિવેકાનંદજીએ રાષ્ટ્રજીવનની સાચી ઓળખ આપતાં કહ્યું છે કે આધ્યાત્મિકતા એ આપણા હિંદુ રાષ્ટ્રજીવનનું પ્રાણતત્ત્વ છે. આ આધ્યાત્મિક અસ્મિતાનું એક લક્ષણ એટલે આત્મવત્ સર્વ ભૂતેષુ । સઘળા જીવોને પોતા સમાન ગણવા. જીવોની આ ગણનામાં માત્ર મનુષ્યો નહીં પણ જ્યાં જ્યાં ચૈતન્ય તત્ત્વ રહેલું છે તેવા પ્રત્યેક યોનિના જીવો એટલે કે પશુ યા પક્ષી કે જંતુઓ સ્થૂળ અને સૂક્ષ્મ તમામ જીવો પ્રતિ આત્મભાવ એ આપણી સંસ્કૃતિનું પ્રધાન લક્ષણ છે. હિંદુ સમાજમાં ગમે તે ધર્મ, પંથ, ઉપપંથ, સંપ્રદાય, ગચ્છ હોય પણ એ બધામાં પ્રાણીમાત્ર પ્રત્યેની કરુણા અને દયા એક સમાન એવું તત્ત્વ છે. જ્યાં-જ્યાં હિન્દુ જીવનદર્શન છે ત્યાં ત્યાં સર્વત્ર જીવહિંસા સદંતર રીતે વર્જ્ય છે. ધર્મના પ્રત્યક્ષ વ્યવહાર અને આચરણમાં આવેલી અશુદ્ધિ અને વિકૃતિના કારણે કયાંક કયાંક ધર્મના નામે જીવબલિની ઘટનાઓ જોવા મળે છે. પરંતુ, તે સંસ્કૃતિની વિકૃતિ છે, પ્રકૃતિ નથી આવી હિંસાને કયાંય શાસ્ત્રનું કે સંતોનું સમર્થન નથી. જીવમાત્રને અભય વરદાન એ આપણી સંસ્કૃતિનું પ્રાણતત્ત્વ છે. માટે જ પશુ, પક્ષી અને સ્થૂળ-સૂક્ષ્મ જંતુઓ સહિત પ્રાણીમાત્ર તરફની દયા, કરુણા અને મૈત્રી એ આપણી સંસ્કૃતિનું એક આગવું લક્ષણ છે.

જીવમાત્ર સુખને શોધે છે. દુઃખ કોઇને પ્રિય નથી. સર્વ જીવો દુઃખની નિવૃત્તિ ઇચ્છે છે. પરંતુ અન્ય જીવના ભોગે સુખની પ્રાપ્તિનો આપણે ત્યાં નિષેધ છે. ચોરાશી લાખ જીવ યોનિમાં મનુષ્ય જીવન શ્રેષ્ઠ છે. તેનામાં વિચારશીલતા હોઇને ઇતર યોનિના જીવોના સંરક્ષણની જવાબદારી મનુષ્યની છે. જેમ સમસ્ત કુટુંબના પરિપાલન અને યોગક્ષેમની જવાબદારી કુટુંબના સમજુ અને વિચારક વડીલ ઉપર હોય છે. તેમ જીવસૃષ્ટિના પરિપાલનની જવાબદારી મનુષ્યની છે. હિંદુ સંસ્કૃતિમાં આ જવાબદારી વ્યાવહારિક રૂપમાં ચરિતાર્થ થયેલ જોવા મળે છે. માટે જ હિંદુસ્તાનમાં પાંજરાપોળ, ગૌશાળા, ચબૂતરા, રાફડા, કીડીયારાના નિભાવ અને સુરક્ષા માટેના અનેક આયોજનો તથા જળચર જીવો માટે પણ નદી-તળાવમાં લોટની ગોળીઓ નાખવી અને રોજંદા જીવનમાં પણ ગોગ્રાસ કે કૂતરા-બિલાડાના રોટલાની વ્યવસ્થા, સાધુ-અતિથિઓ માટે સદાવ્રત, ઠેર ઠેર ધર્મશાળા, કૂવા, વાવ, અવેડાઓ જીવનનાં હર શુભ-અશુભ પ્રસંગોમાં પણ જીવદયા નિમિત્તોના દાન જેવી કંઇ કેટલીય બાબતો દૃષ્ટિગોચર થાય છે. આ બધી જીવનનાં શ્રેષ્ઠ તત્ત્વોનો આવિષ્કાર કરનારી ઉચ્ચ કોટિની પ્રણાલિકા અને પરંપરા છે જે આપણી રાષ્ટ્રીય અસ્મિતા પણ છે. હિન્દુ જીવનદર્શન સિવાય જગતના સમાજમાં જીવમાત્ર પરત્વેની આવી વિચારણા અને આચરણ જોવા મળતા નથી. વિશ્વના આજનાં તથા કથિત પ્રગતિશીલ રાષ્ટ્રો કે જે પોતાને વધુ શિક્ષિત આધુનિક અને વૈજ્ઞાનિક કહેવડાવે છે તેમની વિચારધારામાં પણ મનુષ્યોની એકતા અને કલ્યાણથી આગળની વિચારણા નથી. તેથી જ માનવતાના નામે કરોડો પશુ-પંખી અને પ્રાણીઓની નિર્દય અને નિર્મમ હત્યા એ આજનો પ્રગતિ-શીલ સમાજ આચરી રહ્યો છે. માણસના સુખ માટે બાકીની તમામ યોનિના જીવોની હિંસા કે હત્યા આજે ક્ષમ્ય ગણાય છે અને પ્રાણીહત્યાની આવી ક્રૂર અને નિર્દય ક્રિયાઓને માનવતાના અંચળા હેઠળ પાળવા પોષવામાં આવે છે. વૈજ્ઞાનિક સંશોધનો, આણુપ્રયોગો, ઝેરી દવાઓના પ્રયોગો અને ભયંકર વિષાણુઓના પરીક્ષણ માટે અને સૌંદર્ય-પ્રસાધનોના ઉત્પાદન માટે લાખો નહીં બલ્કે કરોડોની સંખ્યામાં જીવો ઉપર વિવિધ પ્રકારના ક્રૂર, નિર્દય અને કમકમાટી ઉપજાવે તેવા ધાતકી પ્રયોગો થાય છે અને માનવધર્મના નામે તેને વિભૂષિત કરાય છે તે પણ સમય અને સંજોગોની બલિહારી છે ! આવી સ્વાર્થી, સ્વકેન્દ્રિત, શુદ્ધ અને છીછરી માનવતાવાદી વિચારસરણીવાળા સમાજને રાષ્ટ્રને ઉચ્ચસ્થાન અપી પ્રાણીમાત્રના હિતની ચિંતા કરતા હિન્દુ ધર્મને સંકુચિત અને પ્રાથમિક માનવો એ કેટલી હાસ્યાસ્પદ સ્થિતિ છે

આપણો ધર્મ તો પ્રાથમિક વાતમાં પણ કહે છે કે 'જે પોતાને પ્રતિકૂળ હોય તે અન્ય પ્રતિ ન આચરવું' માટે પ્રાણીઓની હિંસા કે વધ કે તેમના પર માનવ-કલ્યાણના નામે થતા ક્રૂર પ્રયોગોને આપણી જીવનદૃષ્ટિમાં કોઇ સ્થાન નથી. સુખી અને સ્વસ્થ સમાજની નિશાની માત્ર ભૌતિક સુખસામગ્રીના ઢગલાઓ નથી, તંદુરસ્ત અને આનંદી પશુધન, કિલ્લોલ અને કલરવ કરતાં પક્ષીઓ તથા મધુર ગુંજન કરતાં જંતુઓ પણ છે.

પ્રકૃતિ સાથે જેટલું તાદાત્મ્ય સાધી શકાય તેટલા પ્રમાણમાં જીવનની ઉંચાઇ પ્રાપ્ત થઇ શકે છે. હજારો વર્ષોની ગુલામી અને પરતંત્રતાના કારણે હણાયેલ રાષ્ટ્રીય અસ્મિતા અને ગૌરવને પુનઃ જાગૃત કરવા તથા વિકૃતિગ્રસ્ત અને મૃતઃપ્રાય બની રહેલ ભારતીય સંસ્કૃતિ સ્રોતના અભિનવ પુનર્જીવન માટે આ પાયાની વિચારણાની ઉપેક્ષા થઇ નહીં શકે. આપણી ગૌરવપૂર્ણ જીવદયાની વિચારસરણીને જાળવવાની આપણી એક ભારતીય નાગરિક તરીકેની નૈતિક ફરજ છે. આજના મૂલ્યહ્રાસના આ માંદા દિવસોમાં, આવો, આપણે સૌ પ્રત્યેક જીવાત્મા, કે જે આપણા રાષ્ટ્રનું એક અંગ છે એને પ્રત્યે સદ્‌ભાવ રાખવાનું વ્રત લઇએ.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૮૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ — ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૨૬

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૩-૮૬ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

યુનિવર્સિટીઓમાં ભ્રષ્ટાચાર

પ્રજાના સંસ્કાર-ઘડતરમાં જેનો સૌથી વધુ ફાળો હોવો જોઇએ એવા શિક્ષણ-ક્ષેત્રમાં પણ આપણે ત્યાં અસંસ્કારી ભ્રષ્ટતાનું પ્રમાણ ઓછું નથી. એને માટે આપણું અર્થતંત્ર અને રાજ્યતંત્ર સવિશેષપણે જવાબદાર છે.

અંગ્રેજોના શાસનકાળ દરમિયાન ઇ. સ. ૧૮૫૭માં સ્થપાયેલી ત્રણ યુનિવર્સિટીઓ પૈકી મુખ્ય તથા કેળવણી, શિસ્ત, વિદ્યાર્થીઓની સંખ્યા, વિદ્યાશાખાઓ ઇત્યાદિની દૃષ્ટિએ સૌથી ચડિયાતી અને આંતરરાષ્ટ્રીય કેળવણીના ક્ષેત્રે સુવિખ્યાત એવી મુંબઇ યુનિવર્સિટીનો મામલો પરીક્ષાના પરિણામોમાં ગોટાળા કરવાના કારણે કોર્ટ સુધી ગયો. એ ઘણી દુઃખદ અને ધૃણાસ્પદ ઘટના કહેવાય. વર્તમાનપત્રોમાં આ ઘટનાની ચર્ચા જોરશોરથી ચાલી. વાઇસચ્યાન્સેલર કે અદાલત મુખ્ય પ્રધાનની શેહમાં ન દબાયા તે સારું કર્યું. આપણા દેશમાં કેળવણીના તંત્રમાં પણ કેવી અને કેટલી હદે દુર્દશા પ્રવર્તે છે તેનું માપ આવા દાખલા પરથી નીકળી શકે છે. આતો જાહેરમાં ચર્ચાયેલો દાખલો છે. જેની લોકોને ખબર ન પડી હોય એવા તો બીજા અનેક દાખલાઓ છે.

આઝાદી મળ્યા પછી ભારતમાં યુનિવર્સિટીઓની, કોલેજોની, શાળાઓની સંખ્યા બેસુમાર વધી છે. એ વધવા સાથે જેટલો કેળવણીનો વિકાસ થવો જોઇએ તેટલો થયો નથી. કેળવણીના ક્ષેત્રે જેટલી સંગીનતા સધાવી જોઇએ એટલી સધાઇ નથી.

વિદ્યાક્ષેત્રનો વિસ્તાર થતાં શિક્ષકો અને અધ્યાપકોની ઘણી બધી જરૂર રહે, પરંતુ તેને કારણે સમગ્ર ભારતમાં અનેક ઠેકાણે અયોગ્ય, અપાત્ર કે અલ્પપાત્ર એવા માણસો શિક્ષક કે અધ્યાપક તરીકે શિક્ષણના ક્ષેત્રમાં ભરાઇ બેઠાં છે. એવા લોકોનું લક્ષ્ય જ્ઞાનદાનનું નહિ, પરંતુ યેનકેન પ્રકારે અર્થપ્રાપ્તિનું રહ્યું છે. પરિણામે અર્થપ્રાપ્તિ માટે અપ્રામાણિક એવા ઘણા ઉપાયો એવી વ્યક્તિઓ દ્વારા પ્રચારમાં આવ્યા છે.

જ્યાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોય અને કેળવણીની સંસ્થાઓ ઓછી હોય ત્યાં પ્રવેશ માટે દોડાદોડી થાય, લાગવગ લગાડાય, શરતી દાન આપી બેઠક મેળવાય, ટ્રસ્ટોની અનામત બેઠકો આડકતરી રીતે વેચાય કે પછી મોટી રકમની લાંચ પણ અપાય. કેટલાક મોટા શહેરોમાં શાળાઓ કે કોલેજમાં શિક્ષક કે અધ્યાપક તરીકે નોકરી અપાવવા માટે પણ મોટી રકમની લાંચ લેવાય છે. એક બોટા વિદ્યાર્થીને કે બોટા શિક્ષકને સ્થાન મળે એટલે એક સાચા વિદ્યાર્થીને કે સાચા શિક્ષકને અન્યાય થાય. આવી અન્યાયની પરંપરા કેટલાંય વર્ષથી જુદી જુદી સંસ્થાઓમાં ચાલ્યા કરે છે.

આપણે ત્યાં મેડિકલ અને એન્જિનીયરીંગ કોલેજોની સંખ્યા પૂરતા પ્રમાણમાં નથી એટલે પ્રવેશ માટે દોડાદોડી ઘણી રહે છે; વધુ માર્કસ્ મેળવી પ્રવેશ મેળવવો હોય તો સાચી કે બોટી રીતે વધુ માર્કસ્ મેળવવા જોઇએ. પરીક્ષા સારી ન ગઇ હોય એટલે યુનિવર્સિટીના આંટા વધે, કર્લાકોને ફોડવામાં આવે, પરીક્ષકોના નામ મેળવાય, પરીક્ષકોને મોટી લાંચ આપી વધુ માર્કસ મુકાવાય અથવા પરીક્ષકોએ માર્કસ્ આપી દીધા હોય તો કર્લાકો પાસે માર્કસમાં ફેરફાર કરાવાય; આંકડાઓ ઉલટા સુલટા કરાવાય; રજિસ્ટ્રાર કે ઉપકુલપતિથી માંડીને કર્લાકો અને પટાવાળા સુધી ઘણા તેમાં સંડોવાયા હોય. આમ ભારતની ઘણી યુનિવર્સિટીઓમાં પરીક્ષાઓનાં પરિણામોમાં ઓછે-વત્તે અંશે આવી ઘણી ધાલમેલ ચાલ્યા કરે છે. ભારતમાં શિક્ષણક્ષેત્રે આ એક રાજરોગ પ્રવર્તે છે. બોટી રીતે પાસ થયેલા ડોકટરો કે એન્જિનિયરો દ્વારા સમાજને જાનહાનિ સુધીનું નુકશાન પહોંચે છે.

પરંતુ વધુ અફસોસ ત્યારે થાય છે, જ્યારે સુપ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા પોતાના અંગત સ્વાર્થ માટે આવી ધાલમેલ કરાવાય છે. ક્યારેક કોલેજ કે યુનિવર્સિટીમાં ભણાવતા અધ્યાપકો પોતે પોતાની પરિચિત વ્યક્તિને પરીક્ષામાં બોટી રીતે વધુમાં વધુ માર્કસ આપી પ્રથમ નંબરે લાવી ચંદ્રક કે પારિતોષિક અપાવડાવે છે. કેટલાક તો એમ કર્યા પછી અંગત વર્તુળોમાં પોતાની આ બહાદુરીનાં વખાણ પણ કરે છે. જે અધ્યાપકોના હાથે પ્રજાનું સંસ્કારજીવન ઘડાવાનું હોય એ અધ્યાપકો પોતે જ અપ્રામાણિક, અસંસ્કારી હોય તો તેઓ પ્રજાના સંસ્કાર ઘડતરમાં કેટલો ફાળો આપી શકે? પોતાના સંતાનને માટે વેપારી વર્ગ કે સામાન્ય નોકરિયાત વર્ગ પરીક્ષામાં ગેરરીતિ અજમાવા માટે પ્રયત્ન કરે તો તે પણ જો નિંદ્ય ગણાતું હોય, તો શિક્ષકો-પ્રાધ્યાપકોની શી વાત કરવી?

કેટલાંક વર્ષ પહેલાં મુંબઇની હાઇકોર્ટના એક ન્યાયમુર્તિએ પોતાની દીકરીના પરિણામ માટે ઘણી ધાલમેલ કરી હોવાની વાત સાંભળી હતી. પરીક્ષકોના નામ મેળવી, તેમની પાસેથી પ્રશ્ન પત્રો જાણી લેવાં, ઉત્તર પત્રો આવી ગયા પછી પોતાની

[ઇચ્છાનુસાર તેમાં માર્કસ મુકાવવા ઇત્યાદિ કરવા-કરાવવા માટે જાણે જ દોપ્રદ્દાડ કરી હતી. તેઓ કહેતા, 'મને કયો પરીક્ષક ના પાડી શકે એમ છે? ના પાડે તો મારી પાસે રસ્તો છે. સાચો ખોટો આરોપ મૂકી ધરપકડનું વોરંટ કઢાવું તો તરત ઢીલો દસ થઈ જાય!' અનેક લોકોનો ન્યાય તોળવા માટે બેઠેલા હાઈકોર્ટના ન્યાયમૂર્તિ પોતે જ જો આ પ્રમાણે વિચારે અને આચરે તે કેટલું બધું બેદરજનક કહેવાય!

કેટલાક રાજ્યકર્તાઓને પણ સત્તાને બળે ઇચ્છાનુસાર ખોટું કરાવવાની આદત પડી ગઈ હોય. પૈસો અને સત્તા વડે યુનિવર્સિટીઓના પરિણામમાં ધાર્યા ફેરફાર કરાવી શકાય છે એની એમને ખાતરી થઈ ગઈ હોય છે. પ્રધાનો અને મુખ્ય પ્રધાનો પણ આમાં અપવાદરૂપ નથી. બિહાર અને ઉત્તર પ્રદેશમાં તો ઘણા પ્રધાનો વખતો વખત સંડોવાયા છે. પોતાના સંતાનોનો પ્રશ્ન આવે ત્યારે સત્તા અને પ્રતિષ્ઠાના શિખરે બેઠેલો માણસ પણ કેવું અધમ આચરણ કરવા લલચાય છે તે આવાં ઉદાહરણો પરથી સમજાય છે.

ઘણી યુનિવર્સિટીઓમાં કારકુનો અને પટાવાળાઓનાં પગારનાં ધોરણ એટલાં નીચાં છે કે તેઓ માંડ કુટુંબનો નિભાવ કરી શકે. આવા સેંકડો કર્મચારીઓમાંથી કોઈક તો એવા નીકળવાના કે જે પૈસાની લાલચને વશ થઈ પરીક્ષાના પરિણામો સાથે ચેડા કરવામાં સહાયભૂત થાય. યુનિવર્સિટીના અધ્યાપકોના પગારનાં ધોરણ પણ, ખાસ કરીને મોટા શહેરોમાં એટલાં સંતોષકારક ન કહેવાય એટલે માત્ર અર્થપ્રાપ્તિના, આશયથી એ ક્ષેત્રમાં આવેલા માણસોને પૈસાથી લલચાવી શકાય. પ્રશ્નપત્રો કહી દે કે ઉત્તરપત્રોમાં વધુ માર્કસ આપી દે અથવા પરિણામોમાં ફેરફાર કરાવી દે અને તે માટે પૈસા પડાવે તેમ બનવું અઘરું નથી.

કેટલીક યુનિવર્સિટીઓ માટે જુદી જુદી ડીગ્રીની પરીક્ષાઓમાં ફર્સ્ટક્લાસ જોઇતો હોય તો કેટલા રૂપિયા આપવા પડે તેના ભાવ બોલાય. કેટલાક અધ્યાપકો કે કર્મચારીઓ દલાલ તરીકે તેમાં કામ પણ કરે. કેટલીક યુનિવર્સિટીઓની ડિગ્રી પરીક્ષામાં બેઠા વગર માત્ર પૈસા આપીને ખરીદી શકાય છે. કેટલીક યુનિવર્સિટીઓ પ્રશ્નપત્ર ફૂટી ન જાય એટલા માટે ત્રણ-ત્રણ પ્રશ્ન પત્રો કઢાવે અને એમાંથી એક છાપે. પ્રશ્નપત્ર કાઢનારને ત્રણેયના પૈસા મળે. અને છતાં જેને પ્રશ્નપત્ર ફોડવો હોય તે ફોડી શકે. નાણાંનો આટલો બધો દુર્વ્યય અને છતાં ખાતરી નહિ.

મુંબઇની યુનિવર્સિટીના પ્રશ્નપત્રો દિલ્હીમાં છપાવવાં પડે છે. દિલ્હીની એક શૈક્ષણિક સંસ્થાના પ્રશ્નપત્રો મુંબઇમાં છપાય છે. ટપાલમાં વચ્ચેથી પ્રશ્નપત્રો મેળવી લેવાતા હોવાથી કેટલીક યુનિવર્સિટીઓએ પ્રશ્નપત્ર ઉપર પોતાનું કે પરીક્ષાનું નામ છાપવાનું માંડી વાળ્યું છે, આમ છતાં પ્રશ્નપત્રો ફૂટી જાય છે. વિદ્યાર્થી માનસ પણ હવે એનાથી ટેવાઇ ગયું છે. કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ તો એથી પણ આગળ વધી છે. પ્રશ્નપત્ર ફોડાવવાની માથાકૂટ જ શા માટે? જેને જે પ્રશ્નો કાઢવા હોય તે ભલે કાઢે! પરીક્ષાના સેન્ટરમાં બોર્ડ ઉપર બધા પ્રશ્નોના જવાબ બેધડક લખી દેવામાં આવ્યા હોય અને તે પણ કોલેજના આચાર્યની સૂચનાથી!

કોઇ પ્રામાણિક અધ્યાપક વિદ્યાર્થીને પરીક્ષામાં ચોરી કરતો પકડવાની હિંમત ન કરે, કારણ કે વિદ્યાર્થી પેન્સિલ છોલવાને બહાને મોટો છરો પાસે રાખીને પરીક્ષાના ખંડમાં બેઠો હોય. કેટલીક યુનિવર્સિટીઓમાં સુપરવાઇઝરો વિદ્યાર્થીઓને છૂટથી ચોરી કરવા દે, તેમ છતાં સ્વરક્ષણને માટે પાસે રિવોલ્વર રાખે. યુનિવર્સિટીની પરીક્ષાઓમાં ચોરીનું પ્રમાણ એટલું બધું વધી ગયું છે કે વાર્ષિક મેળાવડામાં કોલેજના એક આચાર્યે એવું જાહેર પ્રવચનમાં કહ્યું હતું કે 'અમારા માટે આનંદની એ વાત છે કે આ વર્ષે પરીક્ષામાં ચોરી કર્યા વગર અમારા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની પરીક્ષામાં સારું પરિણામ લાવ્યા છે.' આચાર્યશ્રીને આવું નિવેદન કરવું પડે એ જ કેટલી બધી શોચનીય સ્થિતિ દર્શાવે છે!

પરીક્ષાના કૌભાંડો ઉપરાંત યુનિવર્સિટીઓમાં અને ખુદ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનમાં નાણાંના કૌભાંડો પણ ઘણાં ચાલ્યા કરે છે કેટલીય ખર્ચાળ યોજનાઓ કાગળ ઉપર મોટી દેખાય પણ વાસ્તવમાં કંઈ હોય જ નહિ! કેટલાય અધ્યાપકોના સંશોધન અંગેના પ્રોજેક્ટ માટે લાખો રૂપિયા મંજૂર થાય. પરંતુ કયારેક અગાઉ થઈ ગયેલું સંશોધન નવા નામે રજૂ થાય.મુસાફરી કર્યા વગર મુસાફરી માટેનાં ભથ્થા લેવાય; પુસ્તકો ખરેખર ખરીદ્યા વગર બુકસેલરો પાસેથી બોટા બિલ મેળવીને પૈસા લઈ લેવાય; સાધન સામગ્રી માટેનાં પણ બોટાં બિલ રજૂ થાય. બધા જ જાણતા હોય, અને દરેકનો તેમાં લાગો હોય. પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો દુર્વ્યય યુનિવર્સિટીઓ દ્વારા અને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન દ્વારા થયા કરે છે. ગરીબી અને ઓછા પગારો મુખ્યત્વે આના માટે જવાબદાર છે, પણ વસ્તુતઃ સમગ્રપણે વાતાવરણને જ જવાબદાર ગણી શકાય.

ભારતમાં દરેક ક્ષેત્રે વ્યાપક ભ્રષ્ટાચાર છે. પરંતુ ઉચ્ચ કેળવણીના ક્ષેત્રે પ્રસરેલો ભ્રષ્ટાચાર આપણને વધારે કઠે છે. ભાવિ પ્રજાના સંસ્કાર નિર્માણમાં જેનું સૌથી વધુ યોગદાન હોવું ઘટે તે તંત્ર જ ભ્રષ્ટાચાર અને કુસંસ્કારનું વિતરણ કરે એ કેટલો મોટો વિસંવાદ ગણાય!

અધ્યાપક મંડળોએ પોતાની દૃષ્ટિથી અને સરકારે પોતાની શુદ્ધ નીતિથી આ સમગ્ર પ્રશ્નનો નિરાકરણ કરવું જોઇએ. યુનિવર્સિટીઓ સ્વાયત્ત ગણાય છે, પરંતુ યુનિવર્સિટીઓના ખર્ચની જંગી રકમ સરકાર પાસેથી મેળવવાની રહેવાથી યુનિવર્સિટીઓને સરકારને આધીન રહેવું પડે છે. એનો ગેરલાભ ભ્રષ્ટ, કુટિલ રાજદ્વારી વ્યકિતઓ, ખુદ પ્રધાનો અને મુખ્ય પ્રધાનો વિવિધ રીતે ઉઠાવે છે. યુનિવર્સિટીઓની આ પરાધીનતા જ્યાં સુધી રહેશે અને રાજકારણ જ્યાં સુધી ભ્રષ્ટ રહેશે ત્યાં સુધી આવી ઘટનાઓ વારંવાર બન્યા કરવાની બોટું કામ કરવા માટેની લોક લજ્જા દિવસે દિવસે ઘટતી જાય છે. કોઇને બોટું બતાવવા જેવી સ્થિતિ ન હોય ત્યાં ગુનેગારો અને એના મળતિયાઓ છાતી કાઢીને સમાજમાં ફરતા હોય છે અને સ્વાર્થી સમાજ-સેવકો તેમને જાહેરમાં હારતોરા પહેરાવે છે

આજે જરૂર છે સાચા, સરકારી, સ્વમાની, સંનિષ્ઠ શિક્ષકો, અધ્યાપકોની અને તેમને લાયક એવી સદ્ધર સ્વતંત્ર સ્વાયત્ત શિક્ષણસંસ્થાઓની. ઘણી યુનિવર્સિટીઓમાં ઘણું સારું શિક્ષણકાર્ય ચાલે છે, પરંતુ દિવસે દિવસે કથળતા જતા ધોરણને સચિંત બનીને અટકાવવાની તથા મૂલ્યોના પુનર્સ્થાપનની સવિશેષ જરૂર છે.

—રમણલાલ ચી. શાહ

અક્ક કાવ્યનો, મહેક નાટકની

ચન્દ્રવદન ચી. મહેતા

ત્રીસેક વર્ષ પહેલાં એક ચન્દ્રવદન મહેતા નામે લેખકના છપાયેલા લેખમાંથી એક વાકય ઉપાડી અહીં ગોઠવું છું તે દરગુજર કરશો. શ્રીધરાણીનાં નાટકોમાં 'અક' કાવ્યનો, મહેક નાટકની,' અને એ જ અરસામાં અનાયાસ એ જ મતલબનું મંતવ્ય શ્રી ઉમાશંકર જોશીએ કહ્યું કે, 'કવિતા એમની પ્રેરક શકિત, નાટક સાહસકર્મ; શ્રી શ્રીધરાણીનાં નાટકોમાં એ બે તત્ત્વોનો સુભગ મેળ છે.'

'હુંગળીનો દડો' ઉછાળતાં શ્રી કૃષ્ણલાલ પહેલાં મુંબઇ આવ્યા, ત્યારે એમના એ નાટકનું વાચન ગોઠવાયું રૂટુન્ટસ બ્રધરહુડ હોલમાં, અમારા તે સમયના નેતા યુસુફ મહેરઅલી સમક્ષ; ત્યારથી અમારો સમ્બન્ધ વિકસતો રહ્યો. 'આખા વિશ્વને હું વિમુગ્ધ કરીશ, અને મહાયુદ્ધ મારો શ્વાસ છે.' ચીલાચાલુ રંગભૂમિથી જુદી એવી નાટયોકિતઓ ત્યારના મુંબઇને પચી નહીં. આજે એ ઓપેરાહાઉસ સામેનો બ્રધરહુડનો હોલ નથી, એ જુવાન નેતા યુસુફ મહેરઅલી પણ નથી; પણ તે સમયથી અમારા પાંગરતા સમ્બન્ધમાં સૌથી વધારે યાદ રાખવા જેવો પ્રસંગ તે બેલ્જિયમના ફ્રેન્ચ નાટકકાર કવિ મોરિસ મેટરલિન્કના અવસાન સમયે એમને અંજલિ આપવા આકાશવાણી ઉપર સધાયેલી અમારી બેઠક: ત્યારે મુખ્ય વકતા એ, હું ત્યાંનો નોકરિયાત કર્મચારી, એ દસ મિનિટની અંજલિ માટે એમની લખાવટ, વરતુ ગોઠવણીની એની ચોખવટ, મેટરલિન્કિયન પદ્યનાટકની કલ્પના જેવી મરામત, અને સાંગોપાંગ એ અંજલિમાં તેમની દર્દભરી માવજત, આ આખો પ્રસંગ : વાયુ વિસ્તરણ બાદ એમની સંતોષની 'હાશ', એમની સાથેનાં સૌ મિલનોમાં આ સ્મૃતિ અને મૈત્રી એ હાશની મીઠાશ, હજી આજે યે તરવરતી રહી છે; ત્રણ કલાકનો એ મૈત્રી મહોત્સવ હતો અમારા મિશ્ર સમ્બધના પાયા તે સમયે નંખાયા.

૧૯૩૧–'૩૨માં 'વડલો' લખાયું. ૧૯૩૩થી ૧૯૫૬ના બે દાયકાના ગળામાં એમણે જે દશેક સુંદર નાટકો લખ્યાં એમાં વિશાળ પગથાર પથારીને સૌથી પહેલો લખાયેલો 'વડલો' કાકાસાહેબે સત્કાર્યો : 'પિયોગોરી'ના મેઘાણીએ ભારોભાર વખાણ કરેલાં, ગિજુભાઇએ તો એમનાં બધાં જ નાટકો વખાણેલાં. આવા ત્રણ ત્રણ મહારથીઓના લાડકોડ પામેલાં નાટકો માટે અહીં મોરનાં ઇંડાંને શાં ચિતરવાં? એમનાં સમગ્ર નાટકો વિશે મેં કયાંક વિસ્તારથી લખ્યું પણ છે. અહી પુનરુકિત કરીએ તો પાપ લાગે.

એટલે આજે હું આપને મારા મનની એક ગુપ્ત વાત કહીશ. તમને ગમે તો માનજો નહીં તો આઠ દાયકા ઉપરની જિંદગી બાદ બુદ્ધિમાં ભ્રમ થયો છે એમ ગણજો. કાવ્યમાં નાટક તે રમ્ય જ રમ્ય એવા નાટકમાં રસનિઝરતું કાવ્યતત્ત્વ એટલે સરસ કલાકૃતિ નીપજી કે આપોઆપ મનમાં રસપ્રવાહ ઝરમર ઝરમર ઝરયા જ કરે; લૌકિક નહીં, એવો અલૌકિક આનંદ આપ્યા કરે એવી કલા પ્રાપ્ત કરવામાં ક્રિયાપદનો ફાળો સંગીત, સંવાદકળામાં ક્રિયાપદનું જ મહત્ત્વ એ શબ્દ જ સર્વોપરી, 'ટુ બી ઓર નોટ ટુ બી' બે ક્રિયાપદો થકી શેકસ્પયરે એની એ કૃતિને અમર બનાવી દીધી, કુશળ કલાકાર ધ્વનિ નિયોજવાનો કામિયો બરાબર જાણે. શ્રીધરાણીએ ક્રિયાપદના સદુપયોગ કરી જાણ્યા છે. નાટયલેખન એ મોટેભાગે ક્રિયાપદની જ કલા છે. એમણે એક કુશળ તર્કની મુદ્રાસંપન્ન આંગળીની જેમ ક્રિયાપદોને રમાડયાં છે.

હવે પેલી છૂપી વાત, એ માટે આપણે 'વડલા'ના પગથાર પાસે જવું પડશે કવિ એને શોક પર્યવસાયી નાટક કહે છે. મારા મતે નહીં. 'વડલો' રૂઆબથી લાગણીસભર અનેક રંગ જોતો જોતો લાંબું જીવ્યો છે. વિશ્વના છેવટના નિયમને વશ થઇ એ ઢીંચાઇ ગયો! ભલભલાનાં મૂળિયાં આખરે તો ઉખડી જ જાય છે છતાં જીવતો જાગ્રત એ વડલો પથરાયેલો જ રહ્યો.

ત્યાં જ જમેલો જાગ્યો છે. તે જુઓ. એની છાયામાં કોયલ આવી, પોપટ આવ્યા, મેના અને કાબર આવ્યાં, કિરણો તે અજવાળું લાવ્યો-કાગડાને મન કાબર ભાવી, ઝરણીને મને કિરણ ભાવ્યો, કમલિનીએ શમર પાથરી, એ જાજમ પર સૂરજમુખીએ વાંકા વળીને ચંપાને મધમધ વધાવ્યો. આ મનોરમ સૃષ્ટિમાં ભારોભારની કલ્પના ભરી છે. આ કલ્પના-નીતરતી કૃતિમાં નાટયતત્ત્વથી ભર્યું ભર્યું પાત્ર તો એક જ, એના રસપ્રવાહમાં તણાયા હશો તો તરત એ નામ આપને હોઠે આવશે જ. યાદ કરો.

સેંથડે સિંદુર. આંખમાં આંજણ, નાકમાં નથડી, હાથમાં કડલાં, પગમાં ઝાંઝર, ઘેરવાળો ઘાઘરો, કસુંબલ ચુંદડી, માથે મટુકી અને ભાતની પોટલી, ગોધણ ધણીની તે ભતવારી, એનું એ ગીત જ અનેરું અનોખું છે. વર્ણનાત્મક, રોમાંચક, લલિત ભાવથી ભર્યું ભર્યું લટક મટક શબ્દો થકી લટકાળું, અભિનયના મરોડ થકી ગવાતું સાંભળે અને જુએ તે મનમાં એ ચિરકાળ માટે ગૂંજયા જ કરે! આ થનગનતી ગોધણ ધણીની ભથવારી અનાયાસ પોતાનું વર્ણન કરે છે. નાટયલેખનને મ્હોર મારનારું રંગભૂમિ ઉપર પોતાનું જ પાત્રાલેખન કરનારું એ ગીત છે. નાટકકારનો આ આગવો કસબ છે. પોતીકી જીભતી પીંછીએ ભથવારી પોતાના રંગોને ચીતરી સંગીતમાં બહલાવે છે. ગીત સહસા જ રંગભૂમિનો શણગાર બની ઝળકી રહે છે. રંગીલી, ભારે મદીલી, ગોધણ ધણીની તું ભથવારી! કોણ એના પ્રેમમાં ન પડે. મારા 'રમકડાંની દુકાન' નામે નાટકમાં, મૂળ અહીંના શ્રી જમુભાઇ દાણી-મિત્રે આ ગીત ગરબા રૂપે ઉમેરાવ્યું હતું. ફરી ફરીને આ ગરબો હીંચહલક અને હાવભાવ સાથે ગવાતાં હજી યે મનમાં ઘોળાઇ ઘોળાઇ ગવાયા કરે છે. નાટકલેખકને તો એ ભથવારી ગમી જ છે, પણ એ ભથવારી લહેકભર્યા ગીતથી કંઇકનાં દિલડાં જીતી જાય છે.

વિવિધ પ્રકારના પ્રેમને જાણનારો અને મ્હાણનારો હું આ નાયિકાના પ્રેમમાં પડતાં શી રીતે બચી શકું? એ જ નાટકમાં ભથવારીની સ્પર્ધામાં ઊતરે એવી છે કમલિની. બંનેની ઉકિતઓ લગભગ સરખી. ભથવારી રંગમંચ પર આવે છે મોડી. જાય છે વહેલી. કમલિની વિરહે તપતી દુ:ખીછે, ભથવારી સંતોષી, આનંદી, વ્હાલમના છોગલે ચંબેલી ગૂંથનારી, હૈયાના પ્રેમની કુવારી ઉડાડનારી ચમરાક સન્નારી છે, જીવતીજાગતી જોબનવંતી પ્રેમની કુમારી છે. કહો, કોણ એના પ્રેમમાં ન પડે?

અસલ વાત એક જ છે; શ્રીધરાણીને એનાં નાટકોને બર આવે એવી રંગભૂમિ ન મળી! ભાવનગરમાં 'આળનાટો'ની

શ્રી યશવન્ત પંડ્યાએ તંદુરસ્ત અને સ્વસ્થ પ્રણાલિકા શરૂ કરી આપેલી. એ દોર લંબાવવામાં શ્રીધરાણીનો અવનવી દિશાઓ સર કરનારો બહુ મહત્ત્વનો ફાળો આપ્યો; એની કૃતિઓને લાયક રંગભૂમિ ન સાંપડ્યા.

ભાવનગર પાસેના ઉમરાળા ગામમાં, એમણે પાંચ સાત કલાક ચાલે એવાં નાટકો જોએલાં, એ સમયની જૂની રંગભૂમિ માટે ઉપહાસ અને ઘૃણા પણ પેદા થતાં, સાહિત્ય અને રંગભૂમિ વચ્ચે સનાન-સૂતકનો પણ સંબંધ નહોતો, એવી એમની નોંધ પણ મળે છે. અમલદાર સાહેબો નાટક જોવા આવવાના છે અને એ અડધોએક કલાક મોડા પધારશે, એવા સંદેશાઓ આવે એવી પણ એમને જાણ થઇ જાય છે, એ પણ એમણે નોંધ્યું છે. કોઠે પડેલી કટેવ આજે પણ આપણે અનુભવીએ છીએ. મોડા જવામાં એ સાહેબો મોટાઇ માનવા લાગ્યા છે. વહીવટી અમલની એ અણલખી કલમ યાવત્‌ચન્દ્ર દિવાકરૌ સુધી રહેશે એમ પણ મારા જેવા સિનિકને હવે તો લાગે છે. પણ શું થાય? એ સમયના શ્રી શ્રીધરાણીએ રાષ્ટ્રિય રંગભૂમિનું સ્વપ્નું તારવેલું એ નોંધ પણ આજે મોજૂદ છે. એ જે હો તે હો. એમનાં નાટકોની ગૂંથણી તથા વસ્તુ પ્રમાણી, એ પચાવી, એને લાયક રંગભૂમિ, એને યોગ્ય નાટ્યવૃંદ તૈયાર કરનાર જાણનાર દિગ્દર્શક ન સાંપડ્યો તે નજ સાંપડ્યો. એવા દિગ્દર્શકની ગેરહાજરીને લઇ એમનાં નાટકો ભજવાયા વિનાનાં રહ્યાં, મોટી કારુણિકા તો એ થઇ.

[ભાવનગરમાં સ્વ. શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીના સ્મરણાર્થે યોજાયેલી સભામાં આપેલું પ્રવચન]

ચક્ષુદાન અને કોર્નિયલ ટ્રાન્સપ્લાંટ (નેત્ર પ્રત્યારોપણ)

જશવંત બી. મહેતા

અંધાપો જુદાં જુદાં કારણોથી આવે છે. જેમ કે મોતિયો, નેત્રખીલ, ઝાંમર, આંખની ઓપ્ટિક નસ સુકાઇ જવી અથવા કોર્નિયાને નુકસાન થઇ જવું, વગેરે. કોર્નિયાને નુકસાન મુખ્યત્વે અકસ્માતથી થાય છે. આ આ અકસ્માત ક્રોધપણ કારણસર થઇ શકે છે જેમ કે એસિડ–આલ્કલી જેવો જલદ પદાર્થ પડવો કે ધાતુની કણી આંખમાં જવી અથવા આંખને જોરથી ધક્કો લાગવો. આમ થવાથી પારદર્શક પટલ અપારદર્શક બને છે અને પ્રકાશને જતો અવરોધે છે.

એક અંદાજ પ્રમાણે આપણા દેશમાં લગભગ દસ લાખ જેટલા અંધજનો કોર્નિયાને નુકસાન થવાથી દૃષ્ટિ ગુમાવી બેઠાં છે. કમનસીબે આ પ્રકારના અંધત્વનો મોટો ભાગ નાની ઉંમરના લોકોનો હોય છે. અને તબીબી ક્ષેત્રે થયેલી શોધખોળ મુજબ અપારદર્શક (નુકસાન પામેલ) કોર્નિયાની જગ્યાએ તંદુરસ્ત કોર્નિયા મૂકવાથી દૃષ્ટિ ફરી પ્રાપ્ત થાય છે. જે તંદુરસ્ત કોર્નિયાની જરૂર પડે છે તે કૃત્રિમ રીતે બની શકતો નથી અને તે માનવીનો જ હોવો જરૂરી છે.

ચક્ષુદાનની પ્રવૃત્તિમાં વ્યકિતનું અવસાન થાય ત્યારે મૃત વ્યકિતનો તંદુરસ્ત કોર્નિયા કાઢી લઇ તે જીવંત અંધ વ્યકિતમાં ઓપરેશન કરી બેસાડવા માટે મોકલવામાં આવે છે. આપણે ત્યાં છેલ્લાં પચીસ વર્ષથી ચક્ષુદાનની પ્રવૃત્તિ ચાલી રહી છે. પણ આંકડાઓ જોતાં આ ક્ષેત્રે ઘણું કરવાનું બાકી રહે છે.

પંદરથી વીસ હજાર ચક્ષુદાનની જરૂર

આપણા દેશમાં દર વર્ષે દસથી પંદર હજાર વ્યકિત કોર્નિયાને થતા અકસ્માતથી અંધ બને છે. નવો ઉમેરો થતો અટકાવવો હોય અને જે દસ લાખ અંધજનો કોર્નિયા મેળવવા માટે પ્રતીક્ષા કરી રહ્યા છે તેમને દૃષ્ટિ અપાવવી હોય તો ઓછામાં ઓછી પંદરથી વીસ હજાર જોડ આંખો ચક્ષુદાન દ્વારા મેળવવી જરૂરી રહે છે.

પ્રથમ નજરે જોતાં ભારત જેવો મોટો દેશ, કે જ્યાં દર વર્ષે ૬૦ થી ૭૦ લાખ મૃત્યુ થાય છે ત્યાં ૧૫ થી ૨૦ હજાર ચક્ષુઓ પણ પ્રાપ્ત ન થાય તે જરા માનવામાં ન આવે તેવું છે. પણ આ એક હકીકત છે. અને આ સમસ્યા હલ કરવા માટે આપણે સૌએ કમર કસવી જોઇએ.

સંમતિની જરૂર

મૃત વ્યકિતના શરીરમાંથી આંખો કાઢવા માટે કાં તો તે વ્યકિત જ્યારે જીવંત હોય ત્યારે લીધેલી સંમતિની જરૂર રહે છે અથવા મૃત્યુ પામ્યા પછી તેમના નજીકના વારસની સંમતિની જરૂર રહે છે.

સમય મર્યાદા

મરણ પછી બે થી ત્રણ કલાકની અંદર આંખો કાઢી લેવી જરૂરી છે. આમ હોવાથી દર્દી મૃત્યુ પામે તે પહેલાં જ આ નિર્ણય લેવો જોઇએ. અને મરણ થાય કે તરત જ ચક્ષુબેંકને જાણ કરવી જોઇએ. એકવાર મૃત્યુ પામ્યા પછી જે કરુણ વાતાવરણ છવાઇ જાય છે તેમાં આવો નિર્ણય લેવાનું ઘણું જ કપરું કાર્ય હોય છે. જો દર્દી હોસ્પિટલમાં જ મૃત્ય પામે અને તે જ હોસ્પિટલમાં ચક્ષુ બેંકની સગવડ પ્રાપ્ત હોય તો ચક્ષુ લેવાનું કામ આસાન બને છે. પણ જો ચક્ષુ બેંકની સગવડ સગવડ હોસ્પિટલમાં ન હોય અથવા તો દર્દીનું મૃત્યુ ઘરમાં કે અન્ય સ્થળે થાય તો આ કાર્યમાં મહેનત ઘણી વધારે પડે છે અને સમયની મર્યાદાનો પણ પ્રશ્ન રહે છે.


ગુજરાત તથા મહારાષ્ટ્રનો મોટો ફાળો

ભારતભરમાંથી દર વર્ષે જે ૧૫૦૦ જેટલી જોડ આંખો ચક્ષુદાન દ્વારા પ્રાપ્ત થાય છે તેમાં મોટો ફાળો મહારાષ્ટ્ર તથા ગુજરાતનો છે. મહારાષ્ટ્રમાં, ખાસ કરીને મુંબઇમાં આ પ્રવૃતિ વેગવંત બની રહી છે. મુંબઇમાં સર હરકિસનદાસ હોસ્પિટલની સાથે સંકલિત ડુગન ચક્ષુબેંકે ૧૯૮૩-૮૪ માં બધું મળીને ૪૦૪ જોડ ચક્ષુ મેળવેલ હતા. ઉપરાંત અન્ય હોસ્પિટલો પાસેથી ૩૮૧ ચક્ષુજોડ ભેગા કરી જોઇતી જગ્યાએ પહોંચાડ્યા હતા. હરકિસનદાસ હોસ્પિટલની ચક્ષુબેંકનો ઉલ્લેખ કરતી વખતે સ્વ. ડો. ઝાલાને અંજલિ આપવી જરૂરી છે. તેઓ જ્યારે હરકિસન હોસ્પિટલમાં સુપરિન્ટેન્ડન્ટ હતા ત્યારે તેમણે જાતે ખૂબ જ રસ લઇ આ પ્રવૃત્તિ વિકસાવવામાં નોંધનીય ફાળો આપેલ હતો. તેઓ 'મહારાષ્ટ્ર સોસાયટી ફોર ડોનેશન ઓફ આઇઝ'ના ચેરમેન હતા. ગુજરાતમાં ખાસ ઉલ્લેખનીય કાર્ય ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની ધોળકા શાખાનું ગણાય છે. ગુજરાતમાં આ સંસ્થાના એક બીજા સનિષ્ઠ કાર્યકર શ્રી પ્રભુદાસભાઇ કાપડિયાનું થોડા સમય પહેલાં જ અવસાન થયું છે.

ઠેર ઠેર ચક્ષુબેંક સ્થાપિત કરવામાં અગ્રગણ્ય ફાળો ધોળકા શાખાના કાર્યકરોએ આપેલ છે. ગયે વર્ષે તેઓએ સ્થાપિત

કરેલી ચક્ષુમેંકા તરફથી ૪૫૦ જોડ આંખો સમગ્ર ભારતમાં મોકલવામાં આવી હતી. ધોળકાની કામગીરીમાં તે શાખાના મંત્રી શ્રી ગૌતમ મજમુદારે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેઓની કામગીરીનું એક ખાસ આવકારદાયક અંગ એ છે કે મોટા ભાગના ચક્ષુ ગ્રામ્ય વિસ્તારમાંથી મેળવવામાં આવે છે.

ચક્ષુ કાઢવાની તથા મોકલવાની પ્રક્રિયા



આંખમાં કોર્નિયાનું સ્થાન.

આંખ કાઢતાં પહેલાં તેને જંતુરહિત કરવા એન્ટિબાયોટિક દવા મૂકવામાં આવે છે. આંખના ડોળાને કાઢતી વખતે હાથથી સ્પર્શ ન થવો જોઇએ. આંખ લેવાનાં સાધનોને પણ જંતુરહિત (Sterilize) કરવા જરૂરી રહે છે. આંખો લેવામાં ૧૫-૨૦ મિનિટ લાગે છે. આંખનો ડોળો લીધા પછી તે જગ્યાએ રૂ મૂકી પોપચાં બંધ કરી કાળા દોરાથી ટાંકા લેવામાં આવે છે જેથી ચક્ષુદાતા ભરનિદ્રામાં હોય તેમ દેખાય છે.

આંખો શીશીમાં રાખી બરફની અંદર એન્ટિબાયોટિક દવા નાંખી થર્મોકોલ બોકસમાં રાખવામાં આવે છે. મળેલી આંખો ૪ અંશ સેન્ટિગ્રેડે સાચવવી જરૂરી છે. વિકસિત દેશોમાં કીકાને સાચવી રાખવા માટે ખાસ પ્રકારના પ્રવાહીનો (Media) ઉપયોગ કરવામાં આવે છે. આમ કરવાથી કોર્નિયા વધારે વખત (૫ થી ૩૧ દિવસ સુધી) સાચવી શકાય છે આપણે ત્યાં હજુ આ પ્રકારનું પ્રવાહી મળતું નથી. આ મીડિયાના અભાવે કોર્નિયા વધારેમાં વધારે ૪૮ કલાક સુધી જ સાચવી શકાય છે. આ ૪૮ કલાકમાં મૃત પામેલ વ્યકિતમાંથી આંખ કાઢી તેને અન્ય જે સ્થળે જોઇતી હોય ત્યાં મોકલવી ઘણી વખત અશકય બની જાય છે. જે સ્થળે કોર્નિયા કાઢવામાં આવે તે જ સ્થળે જો તેનું આરોપણ કરવાનું હોય તો ઘણી સરળતા રહે છે. એક અંદાજ પ્રમાણે આપણે ત્યાં ઓછામાં ઓછા પચીસેક ટકા કોર્નિયા બહારગામ મોકલતી વખતે બગડતા હોવાની શકયતા છે. આવા સંજોગોમાં ટ્રાન્સપ્લાન્ટ કાં તો નિષ્ફળ જાય છે અથવા દર્દીને ઘણી ઓછી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

વિકસિત દેશોમાં આપણા કરતાં વાહનવ્યવહાર અને સંદેશાની સગવડ વધારે સારી ઉપલબ્ધ હોવાથી મૃત વ્યકિતના શરીરમાંથી કોર્નિયા કાઢવા પછી મોકલવા અને બેસાડવાનું કામ વધારે ઝડપી થાય છે. કોમ્પ્યુટર દ્વારા સંદેશાની આપ-લે ત્વરિત ગતિએ થાય છે.

એક બાજુ જેવા ચક્ષુ પ્રાપ્ત થાય કે તરત જ બીજી તરફ દર્દીને ટ્રાન્સપ્લાંટ માટે તૈયાર થવાની સૂચના મળી રહે છે. પ્રતિક્ષા – યાદી (Wait List)માં કોનો નંબર છે તે પણ ઘણું જ પહ્રતિસરનું બની રહે છે.

મીડિયાનું સંશોધન

ઉપરનું વાંચ્યા બાદ વાચક મીડીયા (આંખ સાચવવા માટેનું પ્રવાહી) ની અગત્યતા સમજી શકશે. ભારતમાં સર્વપ્રથમ આ મીડિયા ધોળકા રેડક્રોસ વતી ગયે વર્ષે લાવવામાં શ્રી ગૌતમ મજમુદારને સફળતા પ્રાપ્ત થઇ છે. આ મીડીયા પરદેશથી મંગાવવાનો ખર્ચ એક જોડ ચક્ષુ દીઠ રૂ. ૩૦૦ જેટલો થાય છે. (આમાં કસ્ટમ ડયુટી અને અન્ય ખર્ચનો સમાવેશ નથી થતો) શ્રી ગૌતમભાઇના પ્રયાસો બાદ આ મીડિયાને સરકારે જકાતમાંથી માફી આપી છે. હાલ મળેલ ખબર મુજબ દિલ્હીની ડો. રાજેન્દ્રપ્રસાદ સેંટર ફોર ઓપ્થલેમિક સાયન્સ સંસ્થાએ (ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સ) પ્રાયોગિક ધોરણે મીડિયા બનાવવામાં સફળતા પ્રાપ્ત કરી છે. આપણે આશા રાખીએ કે ટૂંક સમયમાં આ મીડિયા આપણે ત્યાં પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થશે.

નેત્રદાન માટે પૂરતી સમજણ આપવાની જરૂર છે. દર્દી જ્યારે ગંભીર હાલતમાં હોય ત્યારે તેને અથવા તેનાં સગાવહાલાંને નેત્રદાન માટે સમજાવવા એ ઘણું જ નાજુક કાર્ય છે. સમાજના મોટા ભાગના લોકોને આ પ્રશ્નની ગંભીરતાનો ખ્યાલ નથી. એ દેખીતું છે કે આ પ્રશ્નની ગંભીરતા સમજાવ્યા પછી નેત્રદાન મેળવવું આસાન બની રહે છે પણ આમ થવા માટે દેશના દરેક મોટાં શહેરોની પ્રત્યેક મોટી હોસ્પિટલોમાં ચક્ષુમેંકની સ્થાપના કરવી જરૂરી છે. અને આવી દરેક હોસ્પિટલોમાં સંચાલકો દ્વારા અથવા તો સામાજિક સંસ્થાઓ દ્વારા દર્દી અને તેનાં સગાંવહાલાને સમજાવવું જરૂરી છે. ઘણીયે વાર તો સગાંવહાલાં જ્યારે દર્દીને બચાવવા માટે દોડાદોડી કરતાં હોય અથવા તો જ્યારે દર્દીના બચવાની કોઈ શકયતા ન હોય ત્યારે અતિશય શોકમાં ડૂબેલા હોય ત્યારે ચક્ષુદાનની વાત છેડવી એ કપરું કાર્ય થઇ પડે છે. ઘણીયેવાર સતત સમજાવટની પણ જરૂર પડે છે. આ બધા પાછળ સતત પરિશ્રમ લેવાય તો જ કાર્ય પાર પડે છે.

કોર્નિયલ ટ્રાન્સપ્લાંટની સગવડ:-

કોર્નિયલ ટ્રાન્સપ્લાંટની સફળતા વધારવા માટે જે સ્થળે આંખો કાઢવામાં આવે તે જ હોસ્પિટલમાં જો ટ્રાન્સપ્લાંટનું ઓપરેશન થઇ શકે તો ઘણું ઉત્તમ થાય આમ થવાથી કોર્નિયા મોકલવામાં વેડફાતો સમય બચી શકે. કમ સે કમ આ પ્રક્રિયા બને ત્યાં સુધી એક જ શહેરમાં થઇ શકે તે ઇચ્છનીય છે. કમનસીબે આપણે ત્યાં ઘણાં શહેરો જ્યાં કોર્નિયલ ટ્રાન્સપ્લાંટની સગવડો ઉપલબ્ધ છે, ત્યાં ચક્ષુમેંકની સગવડ નહિવત્ છે. અને મોટાભાગની આંખો બહારગામથી મંગાવવામાં આવે છે. મુંબઇની જે. જે. હોસ્પિટલમાં આવેલી હુગન આઇ બેંકની સાથે સાથે કોર્નિયલ ટ્રાન્સપ્લાંટની સગવડ પણ ઉપલબ્ધ છે. દર વર્ષે સરેરાશ ૨૫૦ થી ૩૮૦ ટ્રાન્સપ્લાંટ ત્યાં થાય છે. હરકિસનદાસ હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાંટની સગવડ નહીં હોવાથી કોર્નિયા બહાર મોકલવામાં આવે છે.

કોર્નિયલ ટ્રાન્સપ્લાંટના ક્ષેત્રમાં ભારતમાં સૌથી વધારે ઉલ્લેખનીય કામગીરી ધંડારના ડો. ધાંડાએ બજાવી છે. છેલ્લાં ૨૪ વર્ષમાં તેઓએ ૨૦૦૦ થી વધારે ટ્રાન્સપ્લાંટ કર્યાં છે, જે ભારત જ નહીં બલકે એશિયાભરમાં એક વિક્રમ સમાન છે.

એક ટ્રાન્સપ્લાંટનું ઓપરેશન આશરે એક કલાક જેટલો સમય લે છે અને એક વખતે એક જ આંખ ઉપર ઓપરેશન થાય છે. ઓપરેશન પછી દર્દીને હોસ્પિટલમાં લગભગ એક મહિનો રહેવું પડે છે.

આ એક મહિનાના ગાળામાં એ દર્દીના શરીરને નવો કોર્નિયા સાનુકૂળ થઇ જાય તો પછી પાછળથી તેનો અસ્વીકાર થવાનો સંભવ ઘણો ઓછો રહે છે. ટ્રાન્સપ્લાંટનો ખર્ચ રૂ. ૧૫૦૦-૫૦૦૦નો અંદાજવામાં આવે છે.

કૉર્નિયલ ટ્રાન્સપ્લાંટની સફળતા :-

જો કૉર્નિયા બરાબર રીતે સાચવવામાં આવ્યો હોય અને યોગ્ય સંજોગોમાં ઓપરેશન થાય અને દર્દીની શારીરિક સ્થિતિ સારી હોય તો આવા ઓપરેશનની સફળતા ૭૫-૮૦ ટકા ટકા ગણી શકાય.

વિકસિત દેશોમાં યોગ્ય સંજોગોની અનુકૂળતા અને મીડિયાની શોધને હિસાબે ૯૦-૯૫ ટકા ઓપરેશન સફળ થાય છે.

એ કહેવું નોંધવું જરૂરી છે કે અન્ય કોઇ પણ ટ્રાન્સપ્લાંટ હૃદય, કીડની વગેરે કરતાં કૉર્નિયલ ટ્રાન્સપ્લાંટ કૉર્નિયા ઘણું જ ઓછું ખર્ચાળ અને વધારે સફળ રહ્યાં છે. ઉપરાંત કૉર્નિયા હંમેશા મરણ થયેલ વ્યક્તિનો જ વાપરવામાં આવે છે.

કૉર્નિયલ ટ્રાન્સપ્લાંટમાં ખાસ સાધનોમાં સ્લીટ લેંપ અને ઓપરેટીંગ માઇક્રોસ્કોપની જરૂર રહે છે. આ બંને સાધનો Precision Instruments ગણી શકાય. અને આપણા દેશમાં જે પ્રાપ્ય છે તેની ગુણવત્તા વિકસિત દેશો કરતાં ઓછી છે એમ નિષ્ણાતોનું કહેવું છે. ઉપરના બંને સાધનોની કિંમત દરેકની લગભગ રૂ. ૧,૨૫,૦૦૦/- છે. આયાત કરેલા આ સાધનો આપણે ત્યાં ઘણી હોસ્પિટલો, જ્યાં ટ્રાન્સપ્લાંટ થાય છે, ત્યાં ઉપલબ્ધ નથી. આમ થાય તો આપણે ત્યાં થતાં કૉર્નિયલ ટ્રાન્સપ્લાંટ વધારે આસાન અને સફળ નીવડે. એમ નિષ્ણાતોનું કહેવું છે. કૉર્નિયલ ટ્રાન્સપ્લાંટના મુખ્યત્વે બે પ્રકાર છે :

(૧) પેનિટ્રેટીંગ ગ્રાફ્ટ : આની અંદર કૉર્નિયાનો આખો ભાગ સંપૂર્ણ જાડાઇ સુધી અપારદર્શક હોય છે અને તેની જગ્યાએ નવો પારદર્શક કૉર્નિયા મૂકવામાં આવે છે.

(૨) લેમ્પેલર ગ્રાફ્ટ : કૉર્નિયામાં જુદા જુદા કોષોના થરમાંથી અમુક જ પડોમાં અપારદર્શકતા હોય તો તેટલો જ ભાગ દૂર કરી તેની જગ્યાએ પારદર્શક કૉર્નિયાનું પડ બેસાડવામાં આવે છે.

ચક્ષુદાનના સંકલ્પ-પત્રો :

ઘણીયે વાર અમુક કલબો કે સંસ્થાઓ દ્વારા કાર્યક્રમો ગોઠવી મોટી સંખ્યામાં ચક્ષુદાન માટેના સંકલ્પ-પત્રો ભરાવવામાં આવે છે. આવા કાર્યક્રમો દ્વારા ચક્ષુદાન વિશે થોડી ઘણી માહિતી કે સભાનતા (Awareness) જરૂર આવે છે. પણ ચક્ષુદાનની ખરેખરી પ્રાપ્તિમાં બહુ જ ઓછો કે નહિવત્ ફાયદો થાય છે. ચક્ષુદાનનું સંકલ્પ-પત્ર ભરે અને મૃત્યુ થાય તેના વચ્ચેના ગાળામાં આ વસ્તુ તદ્દન વિસરી જવાય છે. પચીસ વર્ષનો યુવક સંકલ્પ-પત્ર ભરે પણ તેનું મોત ચાલીસ-પચાસ વર્ષ બાદ થાય ત્યારે જે બેક પાસે આ સંકલ્પ-પત્ર પડયા હોય તેનો કંઈ અર્થ સરતો નથી. આવા હજારો સંકલ્પ-પત્રો ચક્ષુબેંકની Files માં પડયો હોય છે પણ તેની કંઇ ખાસ ઉપયોગિતા રહેતી નથી. એના કરતાં તો આવી કલબો કે સંસ્થાઓ ખરેખર પાંચ કે દસ નેત્રે મેળવવાનો જ સંકલ્પ કરે તો આ પ્રવૃત્તિને વધારે વેગ મળે.

કેમ્પોમાં થતાં ટ્રાન્સપ્લાંટ અને મોતિયાનાં ઓપરેશન :

નેત્રયજ્ઞ (આંખોના કેમ્પ) વિશે આપણે અવારનવાર વાંચીએ છીએ. આ કેમ્પોમાં બહુધા મોતિયાનાં ઓપરેશનો કરવામાં આવે છે. કોઇ કોઈ વાર ઉત્સાહમાં આવા કેમ્પોમાં કૉર્નિયલ ટ્રાન્સપ્લાંટ પણ થતા હોય છે. પણ મોતિયાના ઓપરેશન કરતાં ટ્રાન્સપ્લાંટમાં ઘણો તફાવત છે અને ટ્રાન્સપ્લાંટમાં ઓપરેશન પછી એક મહિનો દર્દીને સંપૂર્ણ નિરીક્ષણ હેઠળ રાખવો જરૂરી છે. કંઇ પણ ચેપ લાગે કે બીજી કંઇ પણ Complication થાય તો સજ્જને ધ્યાન રાખવું જરૂરી છે. મોતિયાનું ઓપરેશન પ્રમાણમાં ઘણું સહેલું હોય છે અને તેમાં ચેપ લાગવાનો કે બીજો ખતરો થવાની શક્યતા ઘણી ઓછી રહે છે. ટ્રાન્સપ્લાંટ માટે આવું ન કહી શકાય આથી ટ્રાન્સપ્લાંટ હોસ્પિટલમાં જ થવું જરૂરી છે. અને ગરીબ દર્દીઓના ભોગે ફકત આંકડાઓના પ્રચાર અર્થે ટ્રાન્સપ્લાંટ કરવું એ ઘણું ખોટું છે. હકીકતમાં તો ઘણુંયે કેમ્પોમાં મોતિયાનાં ઓપરેશન પછી પણ દર્દીને જે ૩ થી ૪ દિવસ રોજ તપાસીને ધ્યાન રાખવાની આવશ્યકતા ઉપર લક્ષ્ય અપાતું નથી. જે દિવસે કેમ્પ થવાનો હોય ત્યારે કાર્યકરો અને ડોકટરો ઉત્સાહમાં ઓપરેશન કરી નાંખે છે પણ પછી દર્દીઓની તપાસ થતી નથી અને કંઇ પણ Complication થાય તો કોઇ ધ્યાન આપવા હાજર નથી હોતું. એક તો કેમ્પ જે જગ્યાએ થતાં હોય ત્યાં હોસ્પિટલ જેટલી સ્વચ્છતા કે સગવડતા હોવી શકય નથી જેથી દર્દીને ચેપ (Infection) લાગવાની શકયતા વધારે રહે છે. આમ હોવાથી ઓપરેશન પછી દર્દીનું નિરીક્ષણ વધારે ધ્યાનથી કરવું જરૂરી છે. આ લેખકના મત પ્રમાણે નેત્રયજ્ઞનું આયોજન કરનારાઓએ ઓછામાં ઓછા ૩ થી ૪ દિવસ સુધી પૂરા સમય માટે નર્સ અને રોજ ડોકટર દ્વારા દર્દીઓની તપાસ કરવાનો બંદોબસ્ત કરવો જોઇએ. પ્રચાર અર્થે દર્દીઓની સંખ્યા વધારવામાં પણ ઘણી વખત ગર્વ લેવામાં આવે છે, પણ પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી.

ચક્ષુ લેવા/મોકલવાનો ખર્ચ :

ચક્ષુ લેવા માટે ડોકટર તથા અન્ય વ્યકિતઓની સેવા નિઃશુલ્ક પ્રાપ્ત થાય તો પણ ચક્ષુદાતાને ત્યાંથી આંખો લેવા અને તેને અન્ય જગ્યાએ મોકલવામાં ઠીક ઠીક ખર્ચ થાય છે. ચક્ષુ મોકલવા માટે થર્મોકોલ બોકસ, ચક્ષુ રાખવા માટે શીશી, કલેપ્સ, બરફ, વાહન-ખર્ચ અને ચક્ષુ કાઢવા માટે ઓપિરેશન-ટિકસ દવાનો ખર્ચ, આ દરેકનું વિશ્લેષણ નીચે પ્રમાણે થઇ શકે

(૧) થર્મોકોલ બોકસ (જ્યારે ચક્ષુ બહારગામ મોકલવામાં આવે છે ત્યારે બોક્ષ વધારેમાં વધારે બે વખત જ ઉપયોગમાં આવે છે.) એક બોક્ષની કિંમત રૂા. ૪૦-૦૦ (૨) શીશી અને કલેપ્સની કિંમત રૂા. ૬૦-૦૦ થાય છે. અને કોઇ વખત મોકલ્યા પછી તે પાછા આવતા નથી.

(૩) બરફ રૂ. ૨-૫૦

(૪) તાર / ટપાલ / દવા રૂ. ૩૦-૦૦

(૫) ચક્ષુ લેવા દાતાને ઘરે જવું ત્યાંથી તેને એરપોર્ટ પહોંચાડવા. આમાં સરેરાશ રૂા. ૧૦૦-૧૫૦ નો ખર્ચ સહેજે ગણી શકાય.

(૬) આ ઉપરાંત પ્રચાર-સાહિત્ય, વહીવટ વગેરેમાં પણ સારો એવો ખર્ચ લાગે છે. મહારાષ્ટ્ર સોસાયટી ફોર ડોનેશન ઓફ આઇઝ તરફથી 'ચક્ષુદાન' નામક પ્રકાશન દર મહિને બહાર પાડવામાં આવે છે. ઘોળકા રેડક્રોસ તરફથી 'આદર્શદાન' નામનું પ્રકાશન બહાર પાડવામાં આવે છે. આ પ્રકાશન ચક્ષુદાનની પ્રવૃત્તિ પ્રસારણમાં સહાયભૂત થાય છે. હરકિસનદાસ હોસ્પિટલ દ્વારા પણ પરિપત્ર બહાર પાડી દર્દી અને તેનાં સગાંવહાલાંને ચક્ષુદાનની જરૂરિયાત વિશે માહિતી પૂરી પાડવામાં આવે છે.

ઉપરના દરેક ખર્ચ લક્ષ્યમાં લેતા એક ચક્ષુદાન પાછળ સરેરાશ રૂા. ૨૦૦ થી ૩૦૦ નો ખર્ચ આંકી શકાય. આ ખર્ચ ઉપરાંત સેવાની જરૂર પડે છે તે જુદી. એક અંદાજ પ્રમાણે મરજિયાત એક ચક્ષુદાન પાછળ ડોકટર-સ્વયંસેવક વગેરેના મળીને કુલ્લે ૫૦ કલાક થાય છે. બહુધા જો આની કિંમત મૂકવામાં આવે તો આ આંકડો ઘણો જ મોટો થવા પામે.

હાલ મોટા ભાગની ચક્ષુબેંકોને કોઇ પણ સરકારી મદદ મળતી નથી અને લગભગ બધાનગી દાન અને મદદ ઉપર જ નભવું પડે છે.

આંતરપેઢી સંબંધ

● યોગેન્દ્ર પરીખ

ત્રણ પરિવર્તનો

વીસમી સદીના ઉત્તરાર્ધમાં આંતરપેઢી સંબંધોમાં કેટલાંક સૂક્ષ્મ પરિવર્તનો આવવા માંડ્યાં છે. આપણને સૌને પોત-પોતાના પરિવારમાં એ વાતની પ્રતીતિ થતી જણાય છે કે આપણાં કરતાં આપણાં સંતાનો એમની વયના પ્રમાણમાં વધુ બુદ્ધિશાળી છે. એમને વ્યાપક સંદર્ભો વહેલા સમજાય છે. એમનો તરવરાટ આપણા કરતાં વધુ છે અને એમની પરિપક્વતા વહેલી આવે છે. આની સીધી અસર બે પેઢીના સંબંધો પર પડે છે. વય અને પરિપક્વતાના સંબંધો પર પડે છે. વય અને પરિપક્વતાનો સંબંધોનો અચલાંક બદલાઈ ગયો છે. પરિપક્વતાનું સ્વરૂપ પણ બદલાતું જાય છે. એટલે બે જુદા જુદા વયજૂથની પરિપક્વતાનો મેળ ન બેસે ત્યારે આંતરપેઢી સંબંધની સંવાદિતાનો અભાવ સપાટી પર તરી આવે છે.

વિદેશોમાં જૂની પેઢીને નવી પેઢીનો આદરભાવ વધુ વય હોવા માત્રને લીધે નથી મળતો. પરંતુ તાર્કિકતાને લીધે, તેના સહજ સ્વીકારને લીધે મળે છે. જે લોકો નવી પેઢીનો તર્ક સમજે છે તેમને નવી પેઢી સ્વીકારે છે. આવી વ્યક્તિઓ સમાજમાં બે પેઢીઓ વચ્ચેનો સેતુ બની શકે છે.

બીજું પરિવર્તન એ આવ્યું છે કે જે વાત પોતાને ગળે ન ઊતરે તેની સામે બળવો કરવો. વડીલો કહે છે, એટલે તો ન જ માનવું આદર ભાવને નામે બૌદ્ધિક સંકડાશ ભોગવી લેવાની એમની તૈયારી નથી; આત્મવિકાસનો ભોગ આપવાની તૈયારી નથી.

ત્રીજું પરિવર્તન એક બીજાને દખલ ન કરવાનું–Exclusiveness નું–આવ્યું છે.

ઉદારતાપૂર્વક સ્વીકાર

આ ત્રણેય પરિવર્તની જૂની પેઢી મોટું મન રાખીને સ્વીકારી લેતી જ સંસ્થા કે પરિવાર લાંબા સમય સુધી ટકી શકે. સૌને માટે જુદી વ્યવસ્થાની છૂટ આપીને Excleesiveness નો પ્રશ્ન ઉકેલી શકાય સૌથી નાની વ્યક્તિનું વ્યક્તિત્વ સન્માનીને તેની નજીક જવા માટેનો માર્ગ મોકળો કરી શકાય, નવી પેઢીએ બળવો કરવો ન પડે તે માટે આચાર સ્વાતંત્ર્ય આપી શકાય આ ત્રણેય કામ ગાંધીજીએ કર્યાં એટલે આગઝરતા જયપ્રકાશને, મહા મુત્સદ્દી સરદારને, કુશાગ્ર બુદ્ધિના રાજગોપાલાચારીને, તરવરિયા જવાહરને તથા બંડખોર અરુણા અસફઅલીને પોતાના પેટમાં સમાવી શકાયા આવું વિશાળ પેટ રાખવાની જેમની શક્તિ અને હિંમત હોય તેઓ સેતુ. બનવાનું કામ કરી શકશે. એમનું કાર્યક્ષેત્ર પરિવાર હોય કે સંસ્થા હોય એ અગત્યનું નથી. મૂળ વાત ઉદારતાની છે. બેચાર પેઢીને સમાવવા માટે ઘર કે સંસ્થા ભૌતિક કે આર્થિક દૃષ્ટિએ સાંકડાં હશે તો ઉદારતાં વધુ જોઈશે. ભૌતિક અને આર્થિક સગવડ હોવા છતાં પોતાનાથી જુદા મતને સમજવાની, સ્વીકારવાની કે સહન કરવાની ઉદારતા નહિ હોય તો બધું ભાંગી પડશે.

આવી અનુદારતામાંથી પરસ્પરની ટીકાનો આરંભ થાય છે. જે ટીકામાં તેજોદ્વેષ હોય છે તે સામેની વ્યક્તિને તોડી નાંખે છે અને કટુતા વધારે છે, જે ટીકા પ્રમાણિક મતભેદમાંથી જન્મે છે. તે તટસ્થ હોય છે, અને જો એમાં સહૃદયતા હોય તો ટકોરી દેનારી બને છે.

બે પેઢીનું અંતર ઓછું કરવા

આ અંતરને ઓછું કરવા માટે એક બીજાની વાત સાંભળતી અને સમજાવવી જરૂરી બને છે. સાથે બેસીને સમજ વધારીને ઘણા પ્રશ્નો ઉકેલી શકાય છે. આવી પરિપક્વતા શિક્ષણ અને અનુભવથી આવે છે. આમ છતાં જ્યારે 'મારું જ સાચું છે' એમ કોઈ કહે ત્યારે તેમાં પરસ્પરના સંબંધોમાં અકકડપણું આવે છે અને જાણ્યે અજાણ્યે મૌનનો પડદો બે પેઢી વચ્ચે ઊભો થઈ જાય છે. એટલે

* જૂની પેઢીએ ઉદાર–Flexible થવું પડશે.

* નવા–જૂનાની સરખામણી કરવાને બદલે નવા જમાનાને ખુલ્લા મનથી સ્વીકારવો પડશે.

* નવી પેઢીની વહેલી આવેલી પરિપક્વતાને સન્માનવી પડશે. પરિપક્વતાનો સંબંધ નાના, મોટા સાથે કે સ્ત્રી, પુરુષ સાથે નથી. વય અને જાતિને બાદ કરીને જ આપણે પરિપક્વતાને સ્વીકારી શકીશું.

સ્ત્રીનું સ્વતંત્ર વ્યક્તિત્વ ઘરમાં અને બહાર સ્વીકારવું પડશે. મહત્ત્વના નિર્ણયોમાં સ્ત્રીને સામેલ કરવી પડશે. સ્ત્રી હંમેશાં અનુકૂળ થતી આવી છે. એને બદલે બન્ને પરસ્પરને અનુકૂળ થાય એવું વાતાવરણ સ્ત્રી-પુરુષો વચ્ચે ઘરમાં અને બહાર જાગૃતિપૂર્વક સર્જવું પડશે.

નવાં વલણ

નવી પેઢીનું વલણ ઓછું કામ અને વધુ દામ તથા વધુ સુખસગવડ તરફ વધતું જાય છે. એમના જીવનમાં સાધન અને સાધ્યનો સંબંધ ભૂલાતો જાય છે. ઝડપી જીવન અને ઝડપી વ્યવહારને લીધે કોઈને નિરાંતે બેસીને વાંચવા સમજવાની ફુરસદ નથી એટલે નવી પેઢીને નવું દર્શન આપવા માટે વિચારપૂર્વક નવા અનુભવો-exposure–આપવા પડશે. પાયાની વાત એ છે કે જાગૃત-awareness ઊભી કરીને સૌએ પોતાનું રતર સતત બદલાતા રહેવું પડશે. અને આને માટે ધ્યાન–meditation ને માર્ગે વળવું પડશે.

એકલતાનો ઇલાજ

આ કામ જૂની પેઢીને માટે વધુ મુશ્કેલ બની જાય છે. નવી પેઢીને ઉછેરતી વખતે એમના હિતમાં કયાંય અવરોધ ન થાય તેની કાળજી રાખી હોય છતાં બન્ને પક્ષે અહં-સાચું કે મોટું ધવાય છે. સાથે બેસીને સમજપૂર્વક માર્ગ કાઢે છતાં જૂની પેઢીને રસ્તે જઈ શકતી નથી ત્યારે ખરી મુશ્કેલીનો અનુભવ થાય છે. આવે સમયે બન્ને પેઢીને એકલતાનો અનુભવ થાય છે.

વિનોબાજીને એકવાર આવો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે 'આવી પરિસ્થિતિમાં શું કરવું ?' એમણે ઉત્તર આપ્યો.

'સૌની વાત સાંભળવી અને પોતાને જે યોગ્ય લાગે તે કરવું, આવી એકલતાનો કોઈ ઇલાજ નથી. પોતાના તર્ક પ્રમાણે ચાલનારાને એકલતા ભોગવ્યે જ છુટકો મારે પણ એકલતા ભોગવવી પડી છે, હું પણ રડ્યો છું.'

વિજ્ઞાનને ધર્મના આધાર

નવી પેઢી જ્યારે જૂની થાય છે, પુત્ર જ્યારે પિતા બને છે ત્યારે તેણે કેવી રીતે વર્તવું તેનું દર્શન થાય છે. ઉગતી પ્રજાને છોડવાનો સમય આપણે ધારીએ છીએ તે કરતાં ઘણો ઓછો થઇ ગયો છે. હિત વિષેની આપણી અને એમની કલ્પનામાં ઘણો ફેર પડી ગયો છે, કારણ કે જીવનનાં મૂલ્યો જ બદલાઇ ગયાં છે. નવી પેઢી આપણે રસ્તે ચાલશે એમ માની શકાતું નથી. તેઓ આપણી જેમ કઠણ જીવન નહિ જીવે. જીવનમાં એમની અપેક્ષાઓ આપણા કરતાં ઘણી વધારે છે. આમ છતાં તેઓ વિકાસની દિશા પકડી રાખશે. વ્યાપક સંદર્ભમાં વિચારશે. આપણે આવક ચિંતન માટે ધર્મનો આધાર લીધો છે. નવી પેઢી વિજ્ઞાનનો આધાર લે છે. માનવ વિકાસની દિશા સચવાય ત્યાં સુધી કોનો આધાર લેવાય છે તે અગત્યનું નથી. જો કે આજે પરિસ્થિતિ એવી છે કે વિજ્ઞાનને ધર્મના ચિંતનનો આધાર મળી રહ્યાં છે. એલ્વીન ટોફલરનું 'ફ્યુચર શોક' કે 'થર્ડ વેવ' વાંચીએ કાપ્રાતું 'ટાઓ ઓફ ફીઝીકસ' વાંચીએ એટલે આ વાતની પ્રતીતિ થાય છે. નવી પેઢી આ તર્કમાં સમાયેલું સત્ય વહેલું સ્વીકારશે. આમ છતાં નવી પેઢીને સત્ય પામવાની પદ્ધતિ માટેનાં આગ્રહ ગમતો નથી.

સત્યને આગ્રહ કરવા દો

એટલે હવે સત્ય રજૂ કરવું, પણ આપણે તેનો આગ્રહ ન કરવો. આવો આગ્રહ ઇશ્વરને પામવા માટેના ધર્મવિધિના આગ્રહ જેવો અજુગતો લાગે છે, સત્યમાં પૂરતી શકિત છે. સત્યને જ પોતાને માટે આગ્રહ કરવા દો. સત્યને આપણા કોઇના આગ્રહની મદદની જરૂર નથી. સત્યનું જે દર્શન આપણને થયું છે તેવું જ દર્શન આપણને થશે એમ માની ન શકાય. એટલે આપણે અનાગ્રહી બની સત્યની સમજ ખીલે ત્યાં સુધી વાર જોવી અને પ્રાર્થના કરવી રહી.

આવી ધીરજમાંથી રસ્તો જડે છે. નવી પેઢીને આપણી મદદની જરૂર Exposure મેળવવા માટે પડે છે. આપણને પણ આધુનિક સંદર્ભમાં એવા Exposure મેળવવા માટે એમની મદદની જરૂર છે. સવાલ એ છે કે આ મદદ શી રીતે કરવી અને લેવી?

'તું મારી વાત માનશે તો જ તને મદદ કરીશ' એવું વલણ રખાય તો બંને તરફ મદદ લેવા અને આપવાનો રસ્તો બંધ થઇ જાય છે. મદદ લેનાર આપણી એકે વાત ન માને છતાં મદદ કરીએ ત્યારે આપણી ઉદારતાને કારણે મદદ લેનાર જીતાઇ જાય છો અહીં અંતરના સાચા ખોટા અહંની અથડામણ અટકી જાય છે. અને પરસ્પર માટે સદ્‌ભાવનો આરંભ થાય છે. બધા અવરોધો ટળી જાય છે. અને પ્રસન્નત્વ જન્મે છે. જે રસ્તો જડયો છે તે રસ્તે આપણાથી જઇ ન શકાય તો પણ તેનું દુઃખ મનમાંથી ભૂંસાઇ જાય છે કારણ કે કોઇ શરતોનું અસ્તિત્વ નથી. ઉદારતા છે, કરુણા છે. કરુણા એટલે કરવા માટે દોડી જવું તે. નિરપેક્ષ પ્રેમ દાન, કે કરુણાના પ્રવાહમાં, ભકિતભર્યા સમર્પણમાં અહં, અવરોધ બધું જ વહી જાય છે. કશું બાકી રહેતું નથી.

* * *

'સંઘ' નું સ્નેહ સંમેલન

● ચીમનલાલ 'કલાધર'

'સંઘ' ના પેટ્રનો, આજીવન સભ્યો અને વાર્ષિક સભ્યોનું એક સ્નેહ સંમેલન શ્રી વિદ્યાબેન મહાસુખલાલ ખંભાતવાળાના આર્થિક સહયોગથી શ્રી ગોકુલદાસ તેજપાલ ઓડિટોરીઅમમાં રવિવાર, તા. ૨-૩-'૮૬ ના રોજ સવારના દસ વાગે યોજાયું હતું.

કાર્યક્રમનો પ્રારંભ શ્રી નવીન શાહ કૃત 'મહાવીર વંદના'ના દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમથી થયો હતો. શ્રી નવીન શાહના આ કાર્યક્રમમાં ભગવાન મહાવીરના જન્મથી નિર્વાણ સુધીના પ્રેરક પ્રસંગોને રજૂ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે દાતા શ્રી વિદ્યાબેન મહાસુખભાઇ ખંભાતવાલાનું અને શ્રી નવીન શાહનું 'સંઘ'ના પ્રમુખ ડો. રમણભાઇ ચી. શાહના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ડો. રમણભાઇએ આ પ્રસંગે કહ્યું હતું કે સેવાપરાયણ વિદ્યાબેને દોઢ લાખ જેવી માતબર રકમ 'સંઘ'ને અર્પણ કરી છે આ રકમમાંથી પ્રતિવર્ષ સ્નેહ સંમેલન વેળાએ મહાવીર વંદના સાથે સૌને સવારનું ભોજન કરાવવાનો કાર્યક્રમ યોજવામાં આવશે. 'સંઘ'નું એ પુણ્યોદય છે કે તેને કશા જ પ્રયત્નો વિના વગર માગ્યે આટલી મોટી રકમ મળે છે. વળી 'સંઘ'ની વિશિષ્ટતા એ છે કે આવા મોટા દાનો તેને મળે છે તેના માટે 'સંઘ' કોઇની સાથે એક લીટીનું લખાણ પણ કરતું નથી. સીધી સાદી પ્રોસીજરથી આ બધા દાનો સ્વીકારાય છે. છેલ્લા ત્રણ વર્ષથી 'સંઘ' દ્વારા 'સ્નેહ સંમેલન' કાર્યક્રમ યોજાય છે. આપણા 'સંઘ' સાથે જોડાયેલા કેટલાક મિત્રોનું કહેવું હતું કે આવો સરસ સ્નેહ સંમેલનનો કાર્યક્રમ ચાલુ દિવસને બદલે રવિવારના રાખો તો અમે અવશ્ય તેમાં ભાગ લઇ શકીએ. તેમનું આ સૂચન આ વખતે અમે સ્વીકાર્યું છે. આજે આપણે વિશ્વવંદ્ય પ્રભુ શ્રી મહાવીરને યાદ કર્યા છે. ભગવાન મહાવીરનું જીવન સતત પ્રેરક રહ્યું છે. જેમણે જગતમાં કદાપિ માલિકી હકક નથી સેવ્યો એવા પરમોપકારી ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરને અગણિત વંદન હજો.

'સંઘ' ના ઉપ પ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે જણાવ્યું હતું કે આજનો દિવસ આનંદનો દિવસ છે. ભગવાન મહાવીરના જીવન દર્શનના કાર્યક્રમની સાથે આપણે સૌ આજે પરસ્પર હળીશું મળીશું એ મોટા આનંદની વાત છે.

'સંઘ' ના મંત્રીશ્રી કે. પી. શાહે જણાવ્યું હતું કે આજે જાણે હૃદય ભરાઇ આવે તેવો આનંદ ઉપજે છે. આજે જૈન યુવક સંઘની પ્રત્યેક પ્રવૃત્તિમાં જાણે વસંતની મહેક માણવા મળે છે. સમયની સાથે કદમ મિલાવવામાં જૈન યુવક સંઘ સદા અગ્રેસર રહ્યું છે. અહીં પધારનાર સૌ મિત્રોનો, દાતાશ્રી વિદ્યાબેનનો અને શ્રી નવીન શાહનો આ તકે હું આભાર માનું છું.

શ્રી નવીન શાહ અને તેમના સાથી મિત્રોએ આનંદઘનજી, ચંદુલાલ સેજારકા, કનુ રાવળ વગેરે કવિઓના 'મહાવીર' અંગેના સ્તવનો-કાવ્યો રજૂ કરી સૌને ભકિતરસમાં તરબોળ બનાવ્યા હતા.

કાર્યક્રમની સમાપ્તિ બાદ બુફે ભોજન લઇ સૌ છૂટાં પડયાં હતાં.

* * *

ગિરિપ્રવચન

પ્રા. અરુણ જોષી

'પદ્મપુરાણ' ના એક શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે :

મુક્તિકારણધર્મીય પાપનિકૃન્તનાય ચ ।
અવતારઃ કૃતઃ ઋષીણાં મહાદેવ યુગે યુગે ।

અર્થાત્ હે મહાદેવ, મુક્તિના કારણરૂપ ધર્મને માટે, તથા પાપના નાશને માટે યુગે યુગે મહાપુરુષોનો અવતાર થાય છે.

આજથી લગભગ બે હજાર વર્ષ પૂર્વે પેલેસ્ટાઇનની રાજધાની યેરુસલેમ પાસેના બેથલેહેમ નામના એક નાનકડા ગામમાં એક મહામાનવનો આવિર્ભાવ થયો એનું નામ ઇશુ ખ્રિસ્ત. આપણે જેમ રામ તથા કૃષ્ણને અવતાર માનીએ છીએ તેમ તેને પણ અવતાર માનવામાં આવે છે એમની સ્પષ્ટ વાણી એટલે પયગંબરી વાણી. અસામાન્ય દીર્ઘદૃષ્ટિ ધરાવતી એ વાણી સામાન્ય માનવો સમજી શકયા નહીં એટલે ઇશુને ભયંકર યાતના આપી નામશેષ કરવામાં આવ્યા પણ પછી કરોડો માણસો એમના ભકત બન્યા.

સંસારની જ્યોતિરૂપ આ મહાન વિભૂતિએ દુન્યવી જીવનનાં લગભગ ત્રીશ વર્ષ પસાર કરી, ઇશ્વર તથા પોતાના બાંધવોની સેવા કરવા માટે અડગ નિર્ધાર કર્યો. માનવજાતિને મુકિત આપવા માટે તેમનો આવિર્ભાવ થયેલો તેથી તેઓ મુકિતદાતા ગણાયા. એમની દૃષ્ટિએ મોક્ષ એટલે ઇશ્વરની પ્રાપ્તિ અને ઇશ્વર એટલે યથાર્થ જ્યોતિ, શાશ્વત પ્રેમ અથવા સંપૂર્ણ આનંદ

કેપરનાહુમ નામના એક ગામની પાસે એક રમ્ય પહાડ ઉપર બેસી એમણે એમનો પ્રથમ ઉપદેશ આપ્યો જે 'ગિરિ-પ્રવચન' નામે પ્રખ્યાતિ પામેલ છે. આ ઉપદેશ માથ્થીની સુવાર્તાના ૫ થી ૭ અધ્યાયોમાં જોવા મળે છે.

આ ઉપદેશ આપતી વખતે ભગવાન ઇસુએ જણાવ્યું છે કે આત્માથી રંક નિરહંકારી, આત્મ સમર્પણ કરી પ્રભુને ખોળે બેસી જીવનારાઓને ધન્ય છે. આવું આત્મસમર્પણ કરનારાઓ માને છે કે :

મેરા મુજમેં કુંછ નહીં, જો કુછ હૈ સો તેરા, તેરા તુજકો સોંપતે, કયા લાગત હૈ મોર પ્રભુ ઇસુએ જણાવ્યું છે કે ઇશ્વરને પ્રાપ્ત કરવા જેઓ ઇચ્છે છે તેમનામાં તીવ્ર ઝંખના હોવી જરૂરી છે. જેમ પાણી વગર માછલી તરફડે એમ ઇશ્વર વગર બેચેની અનુભવનાર જ સાચો મુમુક્ષુ ગણાય. આવા મુમુક્ષુઓના ઉદ્દેશ્ય તથા ભાવના સંપૂર્ણ રીતે વિશુદ્ધ હોય છે. અને તેઓ જે કંઇ પ્રાર્થના વગેરે કરે તેનો હેતુ પ્રદર્શન કરવાનો હોતો નથી. ઘરમાં, પરિવારમાં અને સમાજમાં શાંતિ, સુલેહ, મેળાપ કરવામાં જે પ્રયત્નશીલ રહે છે તેજ સાચો મુમુક્ષુ છે. ઇશ્વરનો માર્ગ તો શુરાનો છે તેથી ભગવાન ઇસુ જણાવે છે કે મુકિતના માર્ગે જનારને માણસો સતાવશે નિંદશે છતાં તેણે પ્રસન્ન જ રહેવું.

ભગવાન ઇસુએ આ પ્રવચનમાં પોતાના શિષ્યોને ખાસ માર્ગદર્શન આપતાં જણાવ્યું છે કે તમે પૃથ્વીની જ્યોતિ બનજો, સ્વર્ગીય પિતાનો મહિમા સમજી શકાય તે માટે તમે સાત્વિક અને પારદર્શી જીવન જીવીને દૃષ્ટાંત રૂપ બનજો. વળી તમારે પૃથ્વી ઉપર નમકરૂપ થવું અર્થાત્ સમાજને વિકારોથી સડતો અટકાવવો અને માનવોને આનંદ આનંદ આપવો. પોતાના શિષ્યોને આ પ્રવચનમાં તેમણે જણાવ્યું છે કે તમારી જાતને છોડીને સંસા-રનો દરેક માનવ તમારો પડોશી છે. તે મિત્ર હોય કે શત્રુ જેમ તમે તમારું હિત સાચવો છો તેમ તેમનું પણ સાચવજો પ્રેમનો સોનેરી નિયમ વ્યકત કરતાં તેમણે જણાવ્યું છે કે જે કંઇ મનુષ્ય તમારે માટે કરે એમ તમે ઇચ્છતા હો તે તમે પણ એમને માટે કરજો.

એક ગાલ ઉપર તમાચો મારે તેની આગળ બીજો ગાલ પણ ધરવો એમ કહીને પ્રભુ ઇસુએ જણાવ્યું છે કે દુર્જનતાનો પ્રતિકાર સજ્જનતાથી કરવો શિષ્યોને તેમણે જણાવ્યું છે કે તમારાં ધાર્મિક કાર્યોનો દેખાડો ન કરશો, દાન આપો તો પ્રસિદ્ધિ પામવાના હેતુથી ન આપશો. અર્થાત્ દંભ અને આડંબરથી દૂર રહેજો.

અંતમાં ભગવાન ઇશુએ ચેતવણી પણ આપી છે કે જે આ ઉપદેશે તે સમજદાર કહેવાશે અને જે અન્યથા વર્તશે તે તે મુર્ખ કહેવાશે.

ભગવદ્ ગીતાના ઉપદેશ જેવોજ ભવ્ય અને કલ્યાણકારી આ ઉપદેશ એરિક ફ્રોમની દૃષ્ટિએ પયગંબરી છે.

પ્રબુદ્ધ જીવન

(રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ રૂલ્સ ૧૯૫૬ ના અન્વયે)
(ફોર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિનું સ્થળ	:	રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫ સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪
૨. પ્રસિદ્ધિનો ક્રમ	:	દર મહિનાની પહેલી અને સોળમી તારીખ.
૩. મુદ્રકનું નામ	:	ચીમનલાલ જે. શાહ
કયા દેશના	:	ભારતીય
ઠેકાણું	:	રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪
૪. પ્રકાશકનું નામ	:	ચીમનલાલ જે. શાહ
કયા દેશના	:	ભારતીય
ઠેકાણું	:	રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી પી રોડ, મુંબઇ-૪
૫. તંત્રીનું નામ	:	કો. રમણલાલ ચી. શાહ
કયા દેશના	:	ભારતીય
ઠેકાણું	:	રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪
૬. માલિકનું નામ અને સરનામું	:	શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.
તા. ૧૬-૩-'૮૬ રમણલાલ ચી. શાહ

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ

– વસંત વ્યાખ્યાનમાળા –

'સંઘ'ના ઉપક્રમે સોમવાર, તા. ૧૪-૪-'૮૬થી બુધવાર, તા. ૧૬-૪-'૮૬ સુધી ત્રણ દિવસની વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન વાલચંદ હીરાચંદ સભાગૃહ, મુન્ડિયન મરચન્ટસ ચેમ્બર, ચર્ચગેટ ખાતે કરવામાં આવ્યું છે. ત્રણેય દિવસે વ્યાખ્યાનનો સમય સાંજના ૬-૦૦ વાગ્યાનો છે. આ વ્યાખ્યાનમાળાનું ઉદ્ઘાટન **શ્રી નાની પાલખીવાળા** કરશે અને પ્રમુખસ્થાને **શ્રી અમર જરીવાલા** બિરાજશે. આ અંગેની વધુ વિગત આગામી અંકમાં જાહેર કરવામાં આવશે.

લિ. મંત્રીઓ.

પ્રેમ અને મુક્તિ

● મનોજ્ઞા દેસાઈ

હમણાં હમણાં સુંદર ચિત્રો અને લખાણોવાળાં પોસ્ટરો ઘણાં ઘણાં મળે છે હમણાં જ એક સુંદર પંખીના ચિત્રનું પોસ્ટર જોયું'તું-એના પર લખેલું,

If you love something, set it free,
If it comes back, it is yours.
If it does not it never was.'

'જો તમે કોઇ વસ્તુને વ્યક્તિને ચાહતા હો તો એને મુક્ત કરી દો જો એ પાછું આવે તો એ તમારું જ છે જો ન આવે તો એ કયારે ય (તમારું) ન હતું.'

દેવદત્તો પંખી વીંધ્યું સિદ્ધાર્થે એને શાતા આપી દેવદત્તે કહ્યું. 'એ મારું છે 'સિદ્ધાર્થે' શાતા આપી હતી તો ય એમ ન કહ્યું કે, 'મારું છે' માત્ર એમ કહ્યું કે, 'હું નહીં આપું' પછી રાજા એ તોડ કાઢ્યો, 'પંખી જેની પાસે જાય તેનું...' સ્વાભાવિક રીતે પંખી સિદ્ધાર્થ પાસે જ ગયું અને આવા સંજોગોમાં એ પોતાને મારનાર પાસે ન જ જાય પણ સિદ્ધાર્થનું ચરિત્ર જોતાં પંખી દેવદત્ત પાસે પણ ગયું હોત તો ય સિદ્ધાર્થે પંખીનો નિર્ણય સહર્ષ સ્વીકાર્યો હોત.

આપણા પ્રેમમાં Posseriveness માલીકીહકની ભાવના ઘણીવાર હોય છે. ઓછેવતે અંશે આપણે જ્યારે આપણાં નજીકનાં સ્વજનોને 'અનામત' ગણીએ છીએ ત્યારે પણ એમાં સ્વજનને સાચવવા ઉપરાંત એક માલિકીની ભાવનાનો અણસાર છે. કહેવાય છે કે સાસુ-વહુ કે નણંદ-ભોજાઇ વચ્ચેના સામાન્ય રીતે થતા સંઘર્ષોમાં મનોવૈજ્ઞાનિક ભૂમિકા બંનેની પોતાના પુત્ર, પતિ કે ભાઇ માટેની આ ભાવના અને પછી બીજાના આગમનથી એ હક છીનવાઇ જવાનો ભય અથવા 'મારો પુત્ર હવે મારો નહીં રહે...' એવી અસલામતીની લાગણી વગેરે હોય છે. ઘણીવાર પતિ-પત્નીના સંઘર્ષના મૂળમાં પણ આજ ભાવના હોય છે.

માતા-પિતાની સંતાન માટેની આ માલિકીહકની ભાવના ઘણીવાર સંતાનની પ્રગતિમાં પણ આડખીલીરૂપ બને છે. આમાં આસ કરીને માતાની દીકરા માટેની Posseriveness કદાચ સૌથી વધારે હશે કારણ કે દીકરી માટે તો એ જન્મે ત્યારથી માતાના મનમાં એક ખ્યાલ સતત હોય છે કે, 'દીકરી તો વહેલી-મોડી સાસરે જશે...એની બહુ માયા ન રાખવી...'આ બધાં કારણોસર બાળકને માટે ઘણીવાર માતા-પિતાનો પ્રેમ ખૂબ જ બંધનકર્તા બની જાય છે. તેમાં ય જો સંતાન એકનું એક હોય તો એને આ 'પ્રેમ' 'સહન કરવો' પડે છે. જો એ ભણવા કે કમાવા પરદેશ જાય તો માતા-પિતાને ઘણું સહન કરવું પડે છે.

દરેક વ્યક્તિને પોતાના સ્વતંત્ર, અલાયદા અસ્તિત્વનો હક છે. એટલે જ જ્યારે વ્યક્તિ માટે પ્રેમ હોય ત્યારે એ વ્યક્તિને એનું સ્વાતંત્ર્ય અકબંધ રહે એ રીતે ચાહવું જોઇએ પણ પોતાનાં જે પછી તે પતિ, પત્ની, મિત્ર કે યુવાન પુત્ર-પુત્રી કોઇપણ હોય મુક્ત કરી દેવાં અઘરાં છે' પછી એ હાથમાંથી જશે તો! આપણી પાસે પાછાં નહીં આવે તો!' એવો એક ડર આપણાં મનને સતત રહે છે, કારે છે આપણને આપણા જ પ્રેમમાં ઘણીવાર પૂરતી શ્રદ્ધા નથી હોતી.

એક પંખી હોય એને પાંજરામાં પૂરીને પાંજરું આપણી પાસે રાખવાથી પંખી 'આપણું' નથી બની જતું અને પાંજરામાં રાખવા છતાં એ 'આપણું' બની ગયું હશે તો પછી પાંજરાની જરૂર રહેતી નથી કારણ એના વગર પણ 'આપણું' જ રહેશે, આપણી પાસે વારંવાર આવશે અને ગેલ કરશે. પાંજરામાં પૂરેલા પંખી કરતાં તો રોજ દાણા વેરીએ ત્યારે એ ખાવા આવતાં પારેવાં કે હોલાં-ચકલાં વધારે 'આપણાં' હોય છે. રોજ ચણવા આવતું સફેદ કબુતર એક દિવસ ન આવે અને દાણા વેરનાર અસ્વસ્થ થાય તો એ કબુતર કોનું ?

વળી સ્વજનને પોતાને પંથે મુક્ત કર્યા પછી એ આપણી તરફ પાછું વળે ત્યારનો જે આનંદ છે, જે સંતોષ છે એ વ્યક્તિને પોતાની સાથે બંધનમાં રાખવામાં નથી. વેપારી વર્ગમાં કહેવાતું સાંભળ્યું છે કે, 'પૈસો જ પૈસાને ખેંચે છે.' પૈસાને માટે તો એ કેટલું સાચું હશે કોણ જાણે પણ પ્રેમને માટે તો છે જ.

પોતાનો પ્રેમ કે પોતાની માન્યતા લાદવાથી એને સામો પ્રતિસાદ તો નથી જ મળતો પણ સ્વીકૃતિ પણ નથી મળતી.

મુક્તિ અર્પનારા પ્રેમને સ્વીકૃતિનો મળે જ છે. સામાન્ય રીતે પ્રતિસાદ પણ મળે છે. મુક્તિ એ પ્રેમનો ધર્મ છે. એમાં શોકને સ્થાન જ નથી. પંખીને મુક્ત કર્યા પછી આપણી પાસે આવે તો એનો આનંદ તો છે જ પણ જો પાછું ન પણ આવે તો એનું દુઃખ નથી કર્યા તો આપણા પ્રેમમાં એટલી ઊણપ અને આપણા વિશુદ્ધ પ્રેમ છતાં એ પાછું ન આવ્યું તો એની મુક્તિમાં આપણો આનંદ આપણે કંઇ એને ઉડાડતી વખતે એ પાછું આવશે એવી આશાથી ઉડાડયું ન હતું. તો પછી અફસોસ શેનો ?

એવું જ બીજું એક સુંદર ચિત્ર છે. પાણીમાં હંસ અને એનું બચ્ચું છે. ને લખ્યું છે.'

Real love begins where nothing is expected in return' 'સાચો પ્રેમ ત્યાં શરૂ થાય છે જ્યાં કશી અપેક્ષા હોતી નથી.' બહુ અઘરું છે પણ અશક્ય નથી. એકવાર કોલેજ તરફથી એક ટ્રીપ ગઇ'તી. એક છોકરાએ સાથે આવેલા શિક્ષક સાથે દલીલ કરતાં કયું, 'ના સર, તમે કહો છો એવો અપેક્ષા વિનાનો પ્રેમ હોતો જ નથી. મારાં મા-બાપ પણ મારા પર પ્રેમ રાખે છે, જેથી ઘડપણમાં હું એમની સેવા કરું.'

શિક્ષકે જવાબ આપેલો, 'કેમ, કોઇ બાળક ગાંડા કે અપંગ હોય તો મા-બાપ એને નથી ચાહતાં ?'

પ્રેમ અને મુક્તિ, પ્રેમ અને અપેક્ષા, પ્રેમ અને અધિકાર ચર્ચાયેલા વિચારો છે. પણ ઘણા ઊંડા છે. ઘણા સંકુલ છે. અને ઉકેલવા અઘરા પડે એવા અંકોડે એક બીજામાં ગુંથાયેલાં છે.

કોઇ સુંદર વાકયો કે પંકિતઓ વાંચીએ છીએ તો આમાંની કેટલીક ગાંઠ છૂટતી અનુભવાય છે, અંકોડા ઉકેલાતા અનુભવાય છે.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૮૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪

Regd No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૨૩

મુંબઇ તા. ૧-૪-૮૬ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

લોકવિદ્યાલયો

થોડા સમય પહેલાં મારા મિત્ર શ્રી પન્નાલાલ ૨. શાહ અને શ્રી હિંમતભાઇ ગાંધીના નિમંત્રણથી પાલિતાણા પાસે વાળુકડ અને માનપુરનાં લોકવિદ્યાલયોની મુલાકાત લેવાનું પ્રાપ્ત થયું હતું. પાલનપુરના જૈન સાહિત્ય સમારોહ પ્રસંગે રતનપુરના લોકનિકેતનની તથા બાલારામ સધનક્ષેત્રની મુલાકાત લેવાની તક સાંપડી હતી. ધરમપુર તાલુકાના અને પાલઘર તાલુકાના આદિવાસી વિસ્તારોની કેટલીક આશ્રમ શાળાઓ પણ જોવા મળી છે. ચાંભલા, સણોસરા, સુરેન્દ્રનગર, મણાર, જામનગર, વેડછી, ચુંદી, નવસારી વગેરે સ્થળોની સુપ્રસિદ્ધ લોકશાળાઓ સહિત ગુજરાતમાં સો-સવાસો જેટલી જુદી જુદી કક્ષાની છાત્રાલય સાથેની શાળાઓ ચાલે છે. રાજસ્થાન, ઉત્તર ભારત, દક્ષિણ ભારતમાં પણ આવી અનેક વિદ્યાસંસ્થાઓ ચાલી રહી છે.

શિક્ષણનું ક્ષેત્ર એવું છે કે જેમાં વર્તમાન સંદર્ભને લક્ષમાં રાખી સમયે સમયે ફેરફારો કરાય છે, કરવા પડે છે, કરવા જરૂરી બને છે. શિક્ષણનું ક્ષેત્ર સતત વિકાસશીલ છે. શહેરી જીવન કે ગ્રામજીવનને લક્ષમાં રાખી શિક્ષણપદ્ધતિમાં વખતોવખત ફેરફારો વિચારાય છે. વૈજ્ઞાનિક શોધો અને આર્થિક પ્રશ્નોનો પ્રભાવ પણ શિક્ષણની પદ્ધતિ ઉપર પડ્યા વિના રહેતો નથી. આંધળું અનુકરણ શિક્ષણના ક્ષેત્રમાં ન ચાલે.

સ્વતંત્ર ભારતમાં શિક્ષણના ક્ષેત્રે સારાખોટા ઘણા પ્રયોગો થયા છે. એથી કેટલાયે વિદ્યાર્થીઓની કારકિર્દી બગડી છે. ભારતમાં શહેરી વિસ્તારોમાં શિક્ષણપ્રથાના કેટલાક પ્રશ્નો વધુ વિકટ બનતા જાય છે. હડતાલો અને ગેરશિસ્તનું પ્રમાણ શિક્ષણના ક્ષેત્રે, વિદ્યાર્થીઓમાં, અધ્યાપકોમાં તથા વહીવટી કર્મચારીઓમાં ઉત્તરોત્તર વધતું જાય છે.

શહેરોની શાળાઓમાં વર્ગમાં અપાતું શિક્ષણ હવે પૂરતું ગણાતું નથી. વિષયોનો બોજો વધ્યો છે. બીજી બાજુ તેના શિક્ષણની કક્ષા ઊતરતી જાય છે. કેળવણીનો અચાનક ફેલાવો વધતાં દેશમાં ઘણી બધી સમસ્યાઓ ઊભી થઇ છે. પરિણામે શહેરોમાં તથા ગામડાંઓમાં અનેક વિદ્યાર્થીઓ અને અધ્યાપકોના ચહેરા ઉપર શિક્ષણનું તેજ જેટલું ચમકવું જોઇએ તેટલું ચમકતું નથી. રાષ્ટ્રની અને રાજ્યની કક્ષાએ ભાષાના માધ્યમ સહિત, શિક્ષણપદ્ધતિના વખતોવખત થતા પ્રયોગોને પરિણામે કેટલાય વિદ્યાર્થીઓ તેનો ભોગ બનતા રહ્યા છે. આમ છતાં અપવાદરૂપ કયાંક કયાંક કેટલીક શાળાઓમાં ખરેખર સરસ પ્રશંસનીય કાર્ય થઇ રહ્યું છે. ચિત્ર સર્વથા નિરાશજનક નથી.

વિદ્યાર્થીને સુશિક્ષિત બનાવવાની સાથે સાથે સંસ્કારી બનાવવાને માટે શાળા કોલેજો ઉપરાંત છાત્રાવાસ અગત્યનો ભાગ ભજવે છે. ઘરે રહી શાળામાં જઇ અભ્યાસ કરતા વિદ્યાર્થી કરતાં છાત્રાલયમાં બીજા વિદ્યાર્થીઓ સાથે રહીને શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું તેજ અને ખમીર એકંદરે ચડિયાતું હોય છે. ઘરે સગવડ હોય તો પણ જે માબાપે પોતાના સંતાનને ખડતલ, નીડર, સૂઝવાળા, સંસ્કારી, આત્મનિર્ભર બનાવવા ઇચ્છતાં હોય તેમણે થોડો વખત પણ પોતાનાં સંતાનોને આવાં છાત્રાલયોમાં મોકલવાં જોઇએ.

કેળવણીની જે સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો રાતદિવસ સાથે રહે છે, તેમાં વિદ્યાર્થીઓનું ઘડતર ઘણી સારી રીતે થાય છે. મનુષ્યને સમજવા માટે સહવાસ એક મોટામાં મોટું સાધન છે. મનુષ્યની પ્રકૃતિના સારાનરસા અંશો સહવાસ દરમિયાન પ્રથમ થયા વિના રહે નહિ, સહવાસથી જ ત્રુટિઓ નિવારી શકાય છે, દુર્ગુણો દૂર કરી શકાય છે; એ દ્વારા કિશોરાવસ્થામાં આદરભાવ, ભ્રાતૃભાવ, પ્રેમ, સહકાર, ઉદારતા, સહિષ્ણુતા ઇત્યાદિના સારા સંસ્કાર પાડી શકાય છે. શિક્ષકો પણ સાથે જ રહેતા હોવાથી એમનું જીવન પણ પ્રગટ, નિર્ભ્રમ અને વિદ્યાર્થીઓ માટે પ્રેરક તથા અનુકરણીય બને છે. સેવાભાવી સંનિષ્ઠ શિક્ષકોનો પ્રભાવ વિદ્યાર્થીજીવન પર ઘણો મોટો પડે છે. શિક્ષકોનું સાંનિધ્ય સતત ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થીઓના અભ્યાસને લગતા તેમજ ઇતર પ્રવૃત્તિઓને લગતા ઘણા પ્રશ્નોનું નિરાકરણ તરત થઇ જાય છે. વિદ્યાર્થીઓ સતત સાથે રહેતા હોવાના કારણે નિરામય સ્પર્ધાઓને તથા સામુદાયિક પ્રવૃત્તિઓને અવકાશ ઘણો રહે છે. પરસ્પર બંધુત્વ વિકસે છે, ઉત્સાહ વધે છે, એકતાની ભાવના ખીલે છે, આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ પ્રસરે છે. ખુલ્લા આકાશ નીચે નૈસર્ગિક વાતાવરણમાં આવી લોકશાળાઓમાં વિદ્યાર્થીઓ પ્રકૃતિ સાથે જે તાદાત્મ્ય અનુભવી શકે છે તે અન્યત્ર એટલું અનુભવવા મળતું નથી. અભ્યાસક્રમમાં ખેતી, ગોપાલન, સુથારીકામ જેવા ગ્રામોપયોગી વિષયો પણ હોવાથી તેમનો વિકાસ સર્વાંગીણ થાય છે.

આવાં લોકવિદ્યાલયોની મુલાકાત વેળા આસપાસનાં ગામડાંઓમાંથી આવેલા વિદ્યાર્થીઓમાં થયેલા સાંસ્કારિક

વિકાસની તરત પ્રતીતિ થાય છે. ઘરે રહી શાળામાં અભ્યાસ કરતા ગામડાંના વિદ્યાર્થીઓ અને લોકવિદ્યાલયોમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થી વચ્ચેનો તફાવત સ્પષ્ટ તરી આવે તેવો હોય છે.

ગામડાંઓમાં નજીકમાં જ જો લોકવિદ્યાલયની સગવડ ઉપલબ્ધ હોય તો દૂર શહેરોમાં જઈ અભ્યાસ કરવાની અનિવાર્યતા ઓછી થાય. શહેરો ઉપરનો વિદ્યાર્થીઓનો ખોટો ધસારો આ રીતે ખાળી શકાય. શહેરોના દૂષિત વાતાવરણથી અનેક વિદ્યાર્થીઓને આ રીતે બચાવી શકાય. ઉચ્ચતર કેળવણી માટે-ઉચ્ચ ટેકનિકલ કેળવણી માટે દૂર શહેરમાં જવું પડે એ જુદી વાત છે. પરંતુ પ્રાથમિક કે માધ્યમિક શિક્ષણ પોતાની આસપાસના વિસ્તારમાં જ સારી શિક્ષણસંસ્થામાં વિદ્યાર્થીને મળી રહે એ ઘણી મહત્ત્વની વાત છે.

ભારતમાં ક્રમેક્રમે કેળવણીનો પ્રચાર વધતો ગયો છે, અને હજુ પણ વધશે. નાનામાં નાનાં ગામડાં સુધી શિક્ષણને સુલભ કરી આપવા માટે, વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટે, શિસ્તની સમસ્યાઓમાંથી બચવા માટે, સમગ્ર પ્રજાના સાંસ્કારિક નવનિર્માણને માટે, લોકવિદ્યાલયોની આવશ્યકતા અને ઉપયોગિતા ઘણી મોટી છે. લોકવિદ્યાલયોની પ્રવૃત્તિથી એકંદરે સમાજને ઘણો મોટો લાભ થાય છે. ઉત્તરોત્તર વધુ ને વધુ લોકવિદ્યાલયો થાય એ પ્રજાના અને રાજ્યના પોતાના હિતની વાત છે. એ માટે સરકાર તરફથી એવી સંસ્થાઓની સ્થાપનાને પ્રોત્સાહન મળવું જોઈએ. દાતાઓને પણ પોતાના દાનનો કેટલોક પ્રવાહ એ દિશામાં વાળવાની જરૂર છે. વર્તમાન લોકવિદ્યાલયોમાંથી તૈયાર થયેલા એવા વિદ્યાર્થીઓ ભવિષ્યમાં સંનિષ્ઠ અને સેવાભાવી શિક્ષક તરીકે સાંપડી રહેશે. ભાવિ ભારતને સંસ્કારસમૃદ્ધ બનાવવું હશે તો લોકવિદ્યાલયોની પ્રવૃત્તિને પ્રેમ અને આનંદથી બિરદાવવી પડશે. — રમણલાલ ચી. શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

૩૮૫, સરદાર વી. વી. રોડ, વનિતા વિશ્રામ સામે, મુંબઈ-૪૦૦૦૦૪

વાર્ષિક સામાન્ય સભા

'સંઘ'ની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૧૨-૪-'૮૬ના રોજ ૫-૩૦ કલાકે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે, જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વર્ષના વૃત્તાંતને તથા 'સંઘ' તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબોને મંજૂર કરવા.

(૨) નવા વર્ષના અંદાજપત્રો મંજૂર કરવા.

(૩) 'સંઘ'ના અધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી.

(૪) 'સંઘ' તેમજ વાચનાલય-પુસ્તકાલયના ઓડિટરોની નિમણૂક કરવા.

આ વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે 'સંઘ'નો વૃત્તાંત તથા 'સંઘ' તેમજ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો 'સંઘ'ના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૬-૪-૮૬ થી તા. ૧૦-૪-૮૬ સુધીમાં દિવસો દરમિયાન બપોરના ૧ થી ૫ વાગ્યા સુધીમાં કોઈપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઈને પ્રશ્ન પૂછવાની ઇચ્છા હોય તો બે દિવસ અગાઉ સંઘના કાર્યાલયમાં લેખિત મોકલી આપવા વિનંતી.

વાર્ષિક સામાન્ય સભામાં સંઘના આજીવન સભ્યો (૧) શ્રી એ. જે. શાહ, (૨) શ્રી ચંદુલાલ ટી. શાહ અને (૩) શ્રી મોહનલાલ આર. પારેખ વગેરેનું સન્માન કરવામાં આવશે.

વાર્ષિક સામાન્ય સભામાં સૌને ઉપસ્થિત થવા વિનંતી.

લિ. ભવદીય,

ધનવંત તિ. શાહ — કે. પી. શાહ
નિરુબેન એસ. શાહ — પન્નાલાલ ર. શાહ
શૈલેશ એચ. કોઠારી — મંત્રીઓ

આમને દાખલ થવા દઈશું ? (પૃષ્ઠ ૩૪થી ચાલુ)

તારલે વિસ્તરેલું એ અખૂટ આકાશ, ચોમેર છવાયલી નિ:સ્તબ્ધ નિરવતા અને એ નિર્મિત અંધકારમાંથી જ પ્રસવી શકે તેવા અત્યંત સૌમ્ય ઉજાશ! જિ દગીમાં માતો ખોળો કદી વિસરાય નહીં, એ જ રીતે અસીમ સૃષ્ટિ સાથે સેવેલું નિરવ, મૌન એકાંત પણ કદીય ન ભૂંસાનારી ઘટના છે.

પણ એ તો થઈ નિસર્ગની વાત. એકે દિવસ પ્હો ફાટી રહ્યો હતો, ત્યારે અચાનક નજર પડી અને બોલી ઊઠી, 'અરે ગાડીવાન, જો તો ભાઈ, પેલી ભેંસ પર કોઈ ઘોળું ઘોળું દેખાય છે!'

ગાડીવાન ટાઢા કોઠે જવાબ વાળે છે, 'બહેનજી, એ તો ગોવાળિયો સૂતેલો છે ભેંસ પર.'

'પણ આ રીતે?'

'હોય શું કરે? માણસને ભૂખ અને ઊંઘ કોઈ થોડા છોડે? ઇ તો પૂરાં કરવાં જ પડે ને! આ તો મજૂરોનાં છોરાં. એમના માલિક મધરાતે ઢોરાં ચારવા ધકેલી મેલે! ટાઢા પહોરે ઢોર ચરે તો સારું કહેવાય ને! દૂધ ઝાઝું મળે'.

બાલદેવતાને બાળમંદિર ન સહી, દૂધ પણ ન સહી, પણ ઊંઘ પણ ન સહી? અસીમ આકાશ અને લીલીછમ ધરતીના પટ પર મધરાતે સર્જાયેલું મારું કાવ્ય અચાનક ક્યાંક ખોવાઈ ગયું, વિલોપાઈ ગયું...

* * *

આ તો હજુ હમણાંની જ વાત

ઘણા દિવસે કુન્તલ આજે ઘેર ડોકાણી. લગ્ન પછી કદાચ પહેલી જ વાર. પણ કેમ આમ ન્હોં પડી ગયેલું દેખાય છે? પેલી નાચતી-ગાતી-કૂદતી થનગનતી કુન્તલને બદલે જાણે હું કુન્તલના ભૂતને જોઈ રહી છું...

પડદો ઊંચકાય છે ત્યારે ખબર પડે છે કે એ તાજેતરમાં જ એક મોટી ઘાતમાંથી પસાર થઈને આવી છે...હજુ તો એની નોકરી ચાલુ છે, ખૂબ કમાઈ લેવાનાં અને મુક્ત રહી જીવન માણી લેવાનાં સોણલાં હજુ માંડ સિદ્ધ થતાં અનુભવાયાં, ત્યાં અસાવધાની કામ કરી ગઈ અને કુદરત છતી થઈ. એમાંથી એકેયને આટલું વહેલું બાળક કોઈ પણ હિસાબે પોષાય તેમ નહોતું અને કહેવાતા વિજ્ઞાને એમની ચેતનાનાં ચીર હણી લીધાં. પરિણામે શરીર તો નખાઈ જ ગયું, પણ મનથી પણ એ બેહાલ હતી...

હું એને શું આશ્વાસન આપું? તાજેતરમાં જ 'વિજ્ઞાન દર્શન'માં વાંચેલી વાત યાદ આવી ગઈ કે જેવી રીતે કોઈ પણ જીવને કોઈ આઘાત પહોંચે તો એ ચીસ પાડી ઊઠે છે, એ જ રીતે ગર્ભસ્થ શિશુ પર પણ કોઈ આઘાત થાય તો એ ચીસ પાડી ઊઠે છે અને એ ચીસ યંત્ર પર રેકૉર્ડ પણ થાય છે અને ચાખી પણ શકાય છે!...

કુન્તલની વાત ચાખી મારી આંખો સમક્ષ એક દૃશ્ય ઊભું થયું કે ઑપરેશન થિયેટરમાં ટેબલ પર કુન્તલ સૂતી છે અને ડૉક્ટર પોતાના હાથમાં પટ ચીરવા જેવા કાતર ચપ્પુ લે છે, તેવી તરત જ એક ચીસ પડે છે...

'ભગવાન, ભગવાન, મને કોઈ આ પૃથ્વી પર દાખલ કરતું નથી.'

એ જ ક્ષણે ઉદ્ભવેલા બીજા એક વિચારે હું થથરી ઊઠી કે કુન્તલનો આ ગર્ભસ્થ અવાજ બુદ્ધનો, કણનો કે ગાંધી-વિનોબાનો હશે તો?...તો...?

સવાઈ બ્રાહ્મણ આચાર્ય શ્રી નરોત્તમદાસ મહેતા

પન્નાલાલ ર. શાહ

અભ્યાસક્રમના પુસ્તકો ઉપરાંત ઇતર વાંચનના પુસ્તકો પણ હોઇ શકે અને એનું વાંચન પણ એટલું જ બલ્કે એથી વિશેષ જરૂરી છે એવી પહેલવહેલી સમજણ અમને શ્રી નરોત્તમદાસ માસ્તરે આપેલી. જૂની પેઢીના વડીલો એમને માસ્તર તરીકે પિછાને, સંબોધે. પણ ધસાઇ ગયેલા અર્થમાં નહીં. અમારી શાળાના તેઓ સૌ પ્રથમ એચ. એમ. એટલે કે હેડ માસ્તર, ત્યારબાદ આચાર્ય અને નિયામક એથી વિશેષ તેઓ શાળાના બધાં જ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીના કાકા. સૌ તેમને કાકાના હુલામણા નામે જ બોલાવે. તેઓ પણ એવા જ વાત્સલ્યભાવથી, મીઠાશથી 'આવ! દીકરા' કહી પ્રત્યેક વિદ્યાર્થીને બોલાવે. રૂપાની ઘંટડી જેવો એમનો અવાજ સતત સાંભળતા રહીએ એવું મનોમન થાય. બાજુમાં ઊભા હોઇએ તો વાત કરતા જાય અને વહાલથી પીઠ પર હાથ પસવારતા જાય. વિદ્યાર્થી કે ગમે તેવી વ્યકિત ધૂંવાંકૂવાં થતી કેમ ન આવી હોય, એમના હેતથી એ પીગળી જાય.

એમનો પોશાક હંમેશા ઉજળો દૂધ જેવો. સરસ પાટલી વાળેલું ધોતિયું, છપ્પન ઇંચનો લાંબો ડગલો અને માથે ગોળમટોળ કાળી ટોપી. આ પહેરવેશમાં એમની સપ્રમાણ દેહયષ્ટિ શોભી ઊઠે. પહેરવેશ સુતરાઉ કાપડનો પણ ખાદી જેવો, ગામ ધૂળિયું, છતાં ધૂળ પણ એમની-એમના પોશાકની આમન્યા જાળવે. ઘેરથી કાકા શાકભાજી લેવા નીકળે, અન્ય કામ અર્થે કે શાળાએ જતાં-આવતા બજારમાં નીકળે તો એમનો હાથ સતત સલામ ઝીલતી મુદ્રામાં હોય, રસ્તામાં મહાજન મળે કે કે પૃથકજન, સૌ કોઇ એમનું અભિવાદન કરે. એમાં સરસ્વતીને આંગણેથી નાની ઉંમરમાં પાછા વળવું પડયું હોય એવા વિદ્યાર્થીઓ તો ખાસ.

ત્રીજી અંગ્રેજીમાં-એટલે કે આજના સાતમા ધોરણમાં એમની પાસે ભણવાનું મળે તે એક લહાવો હતો. તેઓ આચાર્યપદે હતા એટલે 'રેગ્યુલર ટીચર' તરીકે કોઇના નહીં. એમના વર્ગમાં બધું ય 'એકસ્ટર્નલ.' અમારા અંગ્રેજી ભાષાના શિક્ષક શ્રી નવનીતભાઇ ત્રિવેદી, વર્ગશિક્ષક કે અન્ય વિષયના શિક્ષક ઉપસ્થિત ન હોય તો અમે અમારા આ 'એકસ્ટર્નલ ટીચર,' ને બેંચી લાવતા. સાચા શિક્ષકનો જીવ એટલે એમના હાથે અમારું ભણતર અને ઘડતર સાથોસાથ થતું. અમારા જીવનમાં એમણે અંગ્રેજી વિષયનો પાયો ઊંડો અને મજબૂત નાંખ્યો. અંગ્રેજીના વર્ગમાં જૂની પાડમાળા શીખવે. એ અભ્યાસક્રમ બહારનું એટલે કે એકસ્ટર્નલ પુસ્તક. તેઓ અંગ્રેજી ભણાવવા આવ્યા છે એવી અન્ય વર્ગોના વિદ્યાર્થીઓને ખબર પડે અને પિરિયડ ફ્રી હોય તો એવા 'એકસ્ટર્નલ સ્ટુડન્ટ' અમારા વર્ગમાં દાખલ થઇ જાય! રજાના દિવસોમાં વધારાના વર્ગો લે તો ગામની અન્ય શાળાના વિદ્યાર્થીઓ પણ આવી ચડે. એમના હાથે અમારું વ્યાકરણ પાકું થયું અને ભાષા પણ. આગળ જતાં મુંબઇની કોલેજમાં પ્રવેશ મેળવવામાં એથી અમને તકલીફ ન પડી. જો કે અંગ્રેજી હોય, ગણિત હોય કે ભૂગોળ, બધાયમાં આવા 'એકસ્ટર્નલ કલાસ'ને તેઓ રસ લેતો કરી દેતા. કહો કે આખા વર્ગને જીવંત કરી દેતા.

એ વખતે એટલે કે ઇ. સ. ૧૯૫૨માં સૌરાષ્ટ્રની ધારાસભામાં વિરોધપક્ષની સમ ખાવા પૂરતી એક જ બેઠક સમાજવાદી પક્ષની. (પાછળથી એ પ્રજા-સમાજવાદી પક્ષ બન્યો.) મહુવાની બેઠક પર સમાજવાદી અને ભાવનાશીલ યુવાન નેતા શ્રી જશવંત મહેતા ચૂંટાયા હતા. સૌરાષ્ટ્ર-ગુજરાતના કોંગ્રેસીઓને આ બેઠક આંખના કણાની માફક ખૂંચે. શ્રી જશવંત મહેતાની રાજકીય કારકિર્દીનો પાયો મહુવાની વિદ્યાર્થી-પીઠ. ઇ. સ. ૧૯૫૭ની ચૂંટણીમાં શ્રી જશવંત મહેતા વિરુદ્ધ કોંગ્રેસ તરફથી વિદ્યાર્થી પ્રિય આ કાકાને ઊભા રાખવાના દાવપેચ ખેલાતા હશે. આ વાત કે અફવા વિદ્યાર્થીગણથી છાની રહે? એ દિવસોમાં વિદ્યાર્થીઓમાં એક જ ચર્ચા: 'કોણ જીતે-કાકા કે જસુભાઇ?' એમાં કોઇ કાકાની વિરુદ્ધ મત આપે તો અમે ભાવાવેશમાં શરત લગાવવા કહી દેતા: 'લાગી...? કેટલા કેટલાની?' હમણા મહુવાની એક સામાજિક સંસ્થાની કારોબારી સમિતિમાં એક મુદ્દા પર મતફેર થયો, ત્યારે અમારા એક વડીલે પોતાની વાતનો સ્વીકાર કરાવવા માટે આવેશમાં આવી જઇ કહ્યું: 'લાગી...?' એ સાંભળી મને રમૂજ થયેલી અને મારા અંગેઅંગમાં બાળપણ આંટા મારવા લાગેલું! આપણે ત્યાં લોકશાહી અને વડીલશાહીની સહોપસ્થિતિ છે તે આનું નામ. કહે છે કે વડીલશાહી અને મહાજનશાહીના મૂળ હજુ ઘણા ઊંડા અને મજબૂત છે! અ-તરંગી અને અંતરંગી કાકા તો આ બાબત તદ્દન નિરપેક્ષ રહેલાં. એમણે ચૂંટણીમાં ઝંપલાવ્યું નહીં ને મહુવા શહેર અને તેની આજુબાજુના વિસ્તારોમાં એમનું નિર્વિવાદ, સર્વસ્વીકૃત વ્યકિતત્વ રથપાઇ ગયું. જ્ઞાતિએ તેઓ દસા શ્રીમાળી વણિક. પરંતુ વિદ્યાર્થી અને પ્રજાના પ્રેમને ય વટાવી ખાય એવી વાણિયા-વૃત્તિ એમનામાં બિલકુલ નહીં.

એમણે એક પ્રણાલિકા શરૂ કરેલી. શાળાના દૈનિક જીવનની શરૂઆતમાં પ્રાર્થના સભા થાય. પ્રાર્થના બાદ વિદ્યાર્થી વર્ગમાં અભ્યાસ માટે જાય એ પહેલાં 'Thought for the Day આજના દિવસના સુવિચાર'ની એમણે શરૂલ-સર્વિસ શરૂ કરેલી. પ્રાર્થના બાદ શેલી, શેાપનહોર, શેકસપીઅર, ટેનીસન, ટોલ્સટોય, ટાગોર, મહાત્મા ગાંધી વગેરે ચિંતકોની એકાદ અર્થસભર પંકિત લઇ એનો વિસ્તાર કરે. એના અર્થઘટનમાં મૌલિકતા હોય અને અર્થસંભાર પણ હોય. ગીતા, ઋગ્વેદ, ઉપનિષદ, ભગવાન બુદ્ધ, ભગવાન મહાવીર કે પ્રાચીન ઋષિ મુનિઓની વાણીનું એમના મુખેથી અવતરણ થાય ત્યારે 'અખંડ આનંદ'ના પ્રથમ પૃષ્ઠના વાંચનની અનુભૂતિ સાદૃશ્ય થાય. આવા સંસ્કાર ઘડતરથી મહુવાને પૂ. મોરારીબાપુ જેવા સંતપુરુષ મળ્યા, યશવંત ત્રિવેદી જેવા કવિ-વિવેચક મળ્યા. માટુંગા-મુંબઇની શ્રી અમૂલખ અમીચંદ હાઇસ્કૂલના આચાર્ય અને મહારાષ્ટ્ર સરકારે જેમને 'બેસ્ટ ટીચર' તરીકે પુરસ્કૃત કર્યા છે એવા શ્રી હિંમતભાઇ મહેતા અને સંભવતઃ બાલકથાના ક્ષેત્રે અગ્રણી સર્જક અને હાસ્યલેખક પ્રા. ઇન્દ્રજીત ત્રિવેદી અને શ્રી રામભાઇ ના. કળસારકર એમના શિષ્ય.

એમની એક મર્યાદા મોટીમસ. એમના શરીરમાં દુર્વાસા-કોપનો સંતર અભાવ. બોળક છે, આજે નહિ તો કાલે સમજશે એવી શ્રદ્ધા એમણે ભરકંઠ ગટગટાવેલી. પરંતુ એક વખત કોપે એમના શરીરમાં દુર્વાસા-કોપનું પ્રત્યારોપણ (Transplant) કરેલું એવો મને વહેમ છે. મહુવામાં રથપાનારી

આર્ટ્સ અને સાયન્સ કૉલેજના લાભાર્થે ભંડોળ ઊભું કરવા એક કાર્યક્રમ મુંબઈમાં યોજાયેલો. તેમાં આપણા દેશના અને ગુજરાતના એમ બે અગ્રણી રાજપુરુષો પધારવાના હતા. રાજકીય મોટપ કે પોતાના જ પક્ષમાં બન્ને પ્રતિસ્પર્ધી જૂથના હોવાના ખ્યાલે તેઓ એક મંચ પર ભેગા થવા માંગતા ન હતા. એ દિવસે બહાનું અન્ય રોકાણોનું હતું. હકીકતમાં બન્ને રાજપુરુષોની એ દિવસની ડાયરી અમારી સંસ્થાના સમારંભ સિવાય ખુલ્લી હતી. બન્ને 'મહાનુભાવો' એક જ સમયે હાજર રહે એવા પ્રયત્નોમાં અંતે સફળતા તો સાંપડેલી, પરંતુ એમાં બે દિવસ સતત જ્ઞાનતંતુઓનું યુદ્ધ ખેલાયેલું. રાજપુરુષોના કાવાદાવાઓથી એમને સખત નફરત થયેલી. એમનો પુણ્ય પ્રકોપ પ્રજળી ઊઠેલો. એ વખતે હું હાજર. મને થયેલું કે ભગવાન આજે-અત્યારે ગેરહાજર છે. આ અપવાદ સિવાય એમણે કયારેય તન-મનથી આ પ્રત્યારોપણને સ્વીકાર્યું નથી.

અમે વિદ્યાર્થીઓ એટલે ટીખળ કરવાની તક તો શોધતા જ રહીએ. એ વખતે અમારી શાળાની એક વિદ્યાર્થિનીનું સગપણ અભ્યાસકાળ દરમિયાન થયેલું. એના ભાવિ પતિનું નામ એક વિદ્યાર્થી જાણી લાવેલો. આવી માહિતી મેળવવા માટે વિદ્યાર્થીઓને સમાચાર-સંસ્થા કે સંવાદદાતાની જરૂર ન પડે. એના પતિનું નામ હતું: પુરુષોત્તમ. વર્ગમાં સંસ્કૃતના શિક્ષક આવે એ પહેલાં એક વિદ્યાર્થીને ટીખળ સૂઝયું. એણે સૂચના-ફલક પર લખ્યું: સંધિ છૂટી પાડો: પુરુષોત્તમ, અને પ્રત્યુત્તર પણ એણે લખ્યો: પુરુષ + ઉત્તમ. હવે બન્યું એવું કે સંસ્કૃત ભાષાના શિક્ષક શાસ્ત્રીજી તે દિવસે ગેરહાજર, એટલે એમની બદલીમાં શ્રી એન. એન. મહેતા (એમનું પૂરું નામ શ્રી નરોત્તમદાસ નાથાલાલ મહેતા. એ પરથી એમનું ટૂંકાક્ષરી નામ શ્રી ન. ના. મહેતા કે શ્રી એન. એન. મહેતા.) ભણાવવા આવે છે એવી ખબર પડી કે તુરત જ એક તોફાની વિદ્યાર્થીએ સૂચના-ફલક સાફ કરી નાખ્યું, જાણે કાકાના મરોડદાર અક્ષર માટે એણે ખ્લેક બોર્ડ સ્વચ્છ કર્યું! એમનું આભિજાત્ય એવું કે ભલભલા એમની અદબ જાળવે. એમની હાજરીમાં સંસ્કાર અને સૌજન્યપૂર્ણ વ્યવહાર થાય.

એમના કુશળ અને પ્રામાણિક વહીવટ દરમિયાન અમારી શાળાની પિતૃસંસ્થા – શ્રી મહુવા કેળવણી સહાયક સમાજનો દૃષ્ટિવંત વિકાસ થયો. એમના સેવા-કાળ દરમિયાન કૉમર્સ, ટેકનીકલ અને ખેતીવાડીનો અભ્યાસક્રમ આઠમા ધોરણથી શરૂ થયો. અંતે સ્વતંત્ર હાઇસ્કૂલ તરીકે એ અભ્યાસક્રમો વિકસ્યાં. ઉપરાંત બહેનો માટે હાઉસ-કાફટના વિષયો પણ આઠમા ધોરણથી શીખવવાનું શરૂ કરવામાં આવ્યું. ત્યારબાદ પારેખ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજની પણ સ્થાપના થઈ. બાળમંદિર અને કુમાર મંદિર તો હતા જ. ઈ. સ. ૧૯૫૩-૫૪થી ૧૯૬૮-૬૯ સુધીનો આ વિકાસ ગાળો. એમના શબ્દોમાં કહીએ તો બાળક ઘોડિયેથી ઘોડે ચડે ત્યાં સુધીના વિવિધ હેતુ-લક્ષી શિક્ષણની સુવિધા કરવામાં આવી છે. મહુવાના કેળવણી યુગના વિકાસમાં એમણે પોતાની જાતને નીચોવી દીધી. મહુવા પણ નગુણું નથી. એમનું અભિવાદન કરવા ઈ. સ. ૧૯૭૩માં મુંબઈમાં એક કાર્યક્રમ યોજાયો. એમાં એમને રૂ.૭૫૦૦૦/-ની થેલી આપવામાં આવી. નિર્લેપ એવા કે એ રકમ એમણે અમારી સંસ્થાને સોંપી દીધી. સંસ્થાના કાર્યકરોએ પણ એમનું ગૌરવ કર્યું-એમનું નામ કુમાર મંદિર સાથે જોડીને. થોડા સમય પહેલાં આચાર્ય શ્રી અમૃતલાલ માણેકસાહેબને થેલી અર્પણ કરવામાં આવેલી તે તેમણે લોકભારતીને સોંપી દીધી એનું સ્વાભાવિક અહીં સ્મરણ થાય. આવા તપસ્વી કેળવણીકારથી તો આપણે ઉજળા છીએ.

એમને સંગીતનો ભારે શોખ. એ એમની અંગત મૂડી જેવો. જાહેરમાં કયાંય ગાય નહીં. એમના અંગત શોખને બિનઅંગત કરવા અમે રઢ લીધી. એમના કંઠમાં આગવું માધુર્ય ધણું. કોઈ સિદ્ધહસ્ત સંગીતકાર નહિ, પરંતુ એમણે ગાયેલું ગીત અર્થ-સભર અને કર્ણ-મધુર. શાળાના બધાં બાળકો સમક્ષ એમણે સરસ રીતે ગીત રજૂ કર્યું.

'જેવી કરે જે કરણી, તેવી તુરત ફળે છે
બદલો ભલા બુરાનો, અહીંના અહીં મળે છે.'

શાસ્ત્રીય સંગીતના આરોહ-અવરોહ જાળવીને એમણે આ ગીત ગાયું એ અમારું આજીવન સંભારણું બની ગયું. ભલાઈનો બદલો અહીંનો અહીં મળે છે એવી શ્રદ્ધા હોવા છતાં એમણે અનાસક્તભાવે કેળવણીનું પુણ્યકાર્ય કર્યું. અસ્તુ.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા

'સંધ'ના ઉપક્રમે પ્રતિવર્ષની જેમ આ વર્ષે **વસંત વ્યાખ્યાનમાળા** સોમવાર, તા. ૧૪-૪-'૮૬ થી બુધવાર, તા. ૧૬-૪-'૮૬ સુધી યોજવામાં આવેલ છે, જેનો સવિગત કાર્યક્રમ આ પ્રમાણે છે:

વિષય : **રાજીવ ગાંધીની આર્થિક નીતિ અને ભારતનો સામાન્ય માનવી**

તારીખ	વ્યાખ્યાતાઓ
[] સોમવાર, તા. ૧૪-૪-૮૬	[] શ્રી નાની પાલખીવાળા, મુંબઈ
[] મંગળવાર, તા. ૧૫-૪-૮૬	[] શ્રી કેવલ વર્મા, દિલ્હી તંત્રી 'બિઝનેસ સ્ટાન્ડર્ડ'
[] બુધવાર, તા. ૧૬-૪-૮૬	[] શ્રી દેવેન્દ્રકુમાર ગુપ્તા ડાયરેકટર, સેન્ટર ફોર સાયન્સ ફોર વિલેજીઝ, વર્ધા

પ્રથમ દિવસે **શ્રી નાની પાલખીવાળા** આ વર્ષની વ્યાખ્યાનમાળાનું ઉદ્ઘાટન કરશે, અને પ્રથમ પ્રવચન આપશે.

સમય : દરરોજ સાંજના ૬-૦૦ કલાકે.

સ્થળ : વાલચંદ હીરાચંદ સભાગૃહ, ઈન્ડિયન મરચન્ટ્સ ચેમ્બર, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.

પ્રમુખ : **શ્રી અમર જરીવાલા**

સૌને સમયસર પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

રમણલાલ ચી. શાહ — પ્રમુખ

કે. પી. શાહ, પન્નાલાલ ૨. શાહ — મંત્રીઓ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

તા. ૩૧-૧૨-૧૯૮૫ નાં દિવસનું સરવૈયું :-

૧૯૮૪	ફંડો અને દેવું			૧૯૮૫
	રીઝર્વ ફંડ			
૬૩૭૭૩૫-૧૮	ગયા સરવૈયા મુજબ બાકી		૧૦૧૧૮૭૦-૧૮	
	ઉમેરો :- આજીવન મેમ્બરોના			
૪૭૩૮૫-૦૦	લવાજમ વસુલ	૨૪૬૧૦-૦૦		
૪૭૫૦-૦૦	પેટ્રન મેમ્બરોના લવાજમ	૫૫૦૦-૦૦		
૨૨૦૦૦-૦૦	ભેટના	૭૦૦૦૦-૦૦	૧૦૦૪૧૦-૦૦	૧૧,૧,૨૨૮૦-૧૮
૭૪૧૩૫-૦૦				
૧૦૧૮૭૦-૧૮				
	અન્ય ફંડો :-			
૧૫૦૬૫૫૬-૭૬	પરિશિષ્ટ 'અ' મુજબ,			૧૪૦૦૭૦૦-૬૮
	દેવું :-			
૨૦૨૩૨-૧૩	સ્ટાફ પ્રો. ફંડમાં		૨૨૬૫૪-૩૭	
૧૬૨૦-૦૦	અગાઉથી આવેલ લવાજમ		૭૮૫-૦૦	
૭૪૧૧૨-૩૭	પરચુરણ દેવું.		૧૭૦૮૦૧-૧૨	૧૬૪૫૪૦-૪૬
૬૫૬૧૪-૫૦				
	શ્રી જનરલ ફંડ (આવક ખર્ચ ખાતું)			
૨૦૩૬૬-૬૬	ગયા સરવૈયા મુજબ બાકી		૨૬૨૮૬-૬૦	
૭૧૪૩૦-૧૧	ઉમેરો :-વર્ષ દરમ્યાન ખર્ચ કરતાં આવકનો		૧૪૦૬૮-૩૬	
૬૧૮૩૦-૧૦	વધારો		૪૦૩૫૮-૨૬	
૬૫૫૪૦-૨૦	બાદ :- શ્રી પ્રમુદ્ધ જીવન આવક ખર્ચ ખાતેની ઘટ		૪૬૬૮૭-૨૧	ઉ ૬૩૨૮-૬૫
૨૬૨૮૬-૬૦				
	અમોએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ મુંબઇનું તા. ૩૧-૧૨-૮૫ નાં દિવસનું ઉપરનું સરવૈયું મજકુર સંઘનાં ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે. અને અમારાં ધી મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટ અનુસાર જુદાં રીપોર્ટ આધીન બરાબર છે.			
૨૬૪૩૬૮૧-૩૪	કુલ			૨૭૦૭૫૨૧-૬૫

મુંબઇ તા. ૧૦-૩-૮૬ — ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓડીટર્સ

૧૯૮૪	મિલ્કત અને લેણું :-			૧૯૮૫
	રસધારા કો. ઓ. હા. સો. લી.			
૫૧૨૩૦-૪૦	ગયા સરવૈયા મુજબ			૫૧૨૩૦-૪૦
	ઇન્વેસ્ટમેન્ટસ : (ચોપડા પ્રમાણે)			
	પરિશિષ્ટ બ મુજબ			
૫૬૩૫૦-૦૦	શેરો ત્યા ડીબેન્ચર્સ		૫૬૩૫૦-૦૦	
૧૦૨૦૦૦-૦૦	યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડીયાનાં યુનિટો		૧૦૨૦૦૦-૦૦	
૧૧૪૫૦૦૦-૦૦	ગર્વ. કુાં.માં ડીપોઝીટ		૧૧૭૦૦૦૦-૦૦	
૬૮૭૦૦૦-૦૦	બેંકોમાં ફીક્સ ડીપોઝીટ		૬૮૦૦૦૦-૦૦	૨૩૦૮૩૫૦-૦૦
૨૨૬૦૩૫૦-૦૦				
	ફર્નીચર અને ફીકસ્ચર (ચોપડા પ્રમાણે)			
૧૦૧૬૦-૨૪	ગયા સરવૈયા મુજબ બાકી		૧૦૧૬૦-૨૪	
૫૫૭૩-૨૪	બાદ : કુલ ઘસારાના	૬૦૩૨-૨૪		
૪૫૬-૦૦		૪૧૨૮-૦૦		
૬૦૩૨-૨૪	ઉમેરો વર્ષ દરમ્યાન ખરીદી	૧૩૭૦-૦૦	૫૪૬૮-૦૦	
૪૧૨૮-૦૦	બાદ : વર્ષ દરમ્યાન ઘસારાના		૫૫૦-૦૦	૪૬૪૮-૦૦
	ડીપોઝીટ			
૧૨૫-૦૦	પોસ્ટ ઓફીસમાં		૧૨૫-૦૦	
૬૩૦-૦૦	બી. ઇ. એસ. ટી.		૬૭૫-૦૦	
૩૬૦-૦૦	ટેલીફોન અંગે		૩૬૦-૦૦	૧૪૬૦-૦૦
૧૧૧૫-૦૦				
	લેણું : સન્દર			
૧૧૨૨૩૫-૬૬	શ્રી મ. મો. શાહ સાર્વ. પુસ્તકાલય		૧૪૮૭૪૭-૭૩	
૨૬૦૫૬-૧૬	ઇ ટેક્ષ રીફંડના		૩૮૮૩૪-૧૬	
૭૬૬૩૦-૦૫	ડીબેંચરો તથા ડીપોઝીટ પર લેણુાથયેલ વ્યાજ		૭૬૭૭૪-૪૭	
૨૦૪૬૩-૪૫	સ્ટાફ પાસે		૧૮૫૮૪-૪૫	
૧૦૬૫-૦૦	ખર્ચ અંગે અને પરચુરણ લેણું		૩૬૬૬૫-૦૦	૩૨૨૬૦૫-૮૧
૨૩૬૪૫૦-૬૫				
	રોકડ તથા બેંકબાકી :-			
૬૬૭૪-૭૬	બેંક ઓફ ઇન્ડીયાના ચાલુ ખાતે		૮૬૨૫-૩૦	
૪૭૦૫૨-૮૫	" " " બચત ખાતે		૩૫૧-૨૨	
૬૭૬-૬૫	રોકડ પુરાંત		૧૫-૬૭	૬૨૬૨-૪૬
૫૭૪૦૭-૨૬				૨૭૦૭૫૨૧-૬૫
૨૬૪૩૬૮૧-૩૪			સરવૈયા ફેરના	૬-૦૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ મુંબઇ

તા. ૩૧-૧૨-૧૯૮૫ના રોજ પૂરાં થતાં વર્ષના શ્રી આવક ખર્ચના હિસાબ :-

૧૯૮૪	આવક		૧૯૮૫
	લેટનાં		
૧૦૮૨-૦૦	ચાલુ	૨૪૨૭૭-૫૦	
૧૫૦૦૦-૦૦	પરિસંવાદ માટે	૧૦૦૦૦-૦૦	
૧૫૯૧૪-૦૦	પરમાનંદ કાપડીઆ સ્મારકનિધિ તરફથી પર્યુષણ વ્યાખ્યાન માળાને	૫૫૨૧-૦૦	
૩૬૯૬૬-૦૦	ફંડ	૧૪૦-૦૦	૪૦૦૩૮-૫૦
૪૨૦૦-૦૦	**લવાજમ :-** ૧૯'૮૫ ૪૪૨૫		
	૧૯'૮૪ ૫૦	૪૪૭૫-૦૦	
	બાદ : શ્રી મુંબઇ જૈન યુવક સંઘનાં		
૧૬૦૦-૦૦	સભ્યોને પ્ર. જીવનની પ્રત ફી મોકલી તેનાં	૧૭૫૦-૦૦	૨૭૨૫-૦૦
૨૬૦૦-૦૦			
	વ્યાજનાં અને કમીશન :		
૬૩૮૬-૧૬	ડીબેન્ચરો અને બોન્ડનાં	૬૪૧૩-૭૦	
૯૧૨૬૧-૬૧	બેંક ખાતાઓ પર વ્યાજ	૧૧૦૪૮૬-૭૩	
૧૩૮૪૪૧-૭૮	કું. ડીપોઝીટ પર	૧૭૩૬૪૧-૬૨	
૧૩૦૦૦-૦૦	યુનિટ ટ્રસ્ટનાં યુનિટ પર	૧૩૨૫૦-૦૦	
૨૪૬૧૧૬-૫૫	કું.ની ડીપોઝીટ પર કમિશનનાં	૪૪૫૦-૦૦	
		૩૦૮૫૪૫-૦૫	
	બાદ : આજીવન સભ્યોને		
૧૭૩૭૦-૦૦	પ્રબુદ્ધ જીવનની પ્રત મફત ૧૭૫૫૦-૦૦		૨૭૬૬૦૩-૦૫
૧૦૩૦૦-૦૦	અન્ય અંકિત ફંડોને વ્યાજના ૧૪૩૬૨-૦૦	૩૧૬૪૨-૦૦	
૨૭૬૭૦-૦૦			
૨૨૧૪૪૬-૫૫			
૫૨૧૪-૦૦	ટેલિફોના બોનસ શેરો વેચતાં		
૨૩૪૬ ૦૦	પરમાનંદ કુંવરજી સભાગૃહ લવાજમ		
૨૬૮૩૦૮-૫૫	કુલ રૂા.		૩૨૨૮૩૩-૫૫

મુંબઇ તા. ૧૦-૩-૮૬

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ

૧૯૮૪	વહીવટ ત્યાં વ્યવસ્થા ખર્ચ :-		૧૯૮૫	
૨૨૬૧૮-૦૦	પગાર બોનસ વગેરે		૭૬૭૦૭-૫૦	
૫૭૪૬-૦૪	બ્લોક મેન્ટેનન્સ્ય તથા વિજળી ખર્ચ		૬૦૧૫-૧૪	
૪૩૮૮-૨૫	પ્રિન્ટીંગ અને સ્ટેશનરી રીપેરીંગ તથા રંગરોગાન		૭૪૮૭-૦૦	
૪૩૩૭-૨૦	ટેલીફોન ખર્ચ	૪૭૦૨-૬૦	૬૦૬૬-૩૦	
		૧૩૬૬-૪૦	૪૬૬૨-૬૦	
૬૧૦-૦૦	પોસ્ટેજ		૩૮૮-૦૦	
૧૦૦૦-૦૦	ઓડીટરોને બોનસરીમને ખર્ચના		૧૦૦૦-૦૦	
૧૫૬૭-૦૦	સ્ટાફ પ્રો. ફંડને ફાળાનાં ને વ્યાજનાં		૬૬૭૪-૦૦	
	ગાડીભાડું છત્રી ડ્રેસ અન્ય			
૧૮૨૧૫-૬૫	માઇક રીપેરીંગ તથા પરચુરણ ખર્ચ		૨૪૦૮૩-૪૫	
૩૬-૨૦	બેંક કમીશન		૫-૦૦	
	લોનપર વ્યાજ		૩૨૪૭-૮૫	
૧૭૫-૦૦	પરમાનંદ કાપડીયા સભાગૃહ ખર્ચ		૧૩૫-૦૦	
૨૧૫૬-૦૦	ફેસેટ ખર્ચ		—	
૬૪૬૩-૦૦	મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટ ફંડને ફાળાના		૬૪૬૩-૦૦	
—	સ્ટાફ ઇન્સ્યુરન્સ પ્રિમીયમ		૬૬-૦૦	
૭૦૬૮૧-૬૪	સ્ટાફ બોનીફીટ ખર્ચ (રેલ્વે-પાસનાં)		૪૬૦૮-૦૦	૧૪૮૬૨૧-૮૪
	પ્રકૃતિ અંગે ખર્ચ			
૩૬૦૦૦-૦૦	પુસ્તક પ્રકાશન ખર્ચ		—	
૨૨૪૩૮-૮૦	પરિસંવાદ અંગે		૩૩૪૭૬-૬૫	
—	લંડન સ્પોન્સર		૫૮૬-૨૦	
૫૬૦૫-૦૦	આ વિન્ય વલ્લભ સૂરી સ્મારક વ્યા. શ્રેણી		—	
	નેત્ર યસ ખર્ચના		૧૭૭૮૬-૬૫	
૧૦૬૧ ૨૦	અભ્યાસ વર્તુળ ખર્ચ (મરાઠી)-(૧૫૦)		૧૫૦-૦૦	
—	પુસ્તક પ્રકાશન સહાય		૪૩૭૫-૦૦	
૬૬૨૨-૫૦	વસંત વ્યાખ્યાન માળા ખર્ચ		૧૦૧૬૬-૩૦	
—	વિધાસક પ્રવૃતિ ખર્ચ		૨૩૫૨૮-૦૫	
૬૬૮૫-૫૦	ટેલીફોન મુખ્ય ખર્ચ		૨૮૮૦-૧૫	
૪૩૫૬૨-૮૦	પચુંરણ વ્યાખ્યાન માળા ખર્ચ		૫૩૦૭૮-૫૫	
૧૨૫૭૩૭-૮૦	પર્યટન ખર્ચ		૧૬૦-૩૦	
—	સ્નેહ સંમેલન ખર્ચ		૧૧૭૩૩-૨૦	૧૫૬૪૬૩-૩૫
—	મહીલા વકૃત્વ ખર્ચ		૧૫૧૨-૦૦	૫૫૦-૦૦
૪૫૬-૦૦	ફર્નીચર પર ઘસારો	૩૪૬૭-૦૦		
૧૬૬૮૭૮-૪૪				
૭૧૪૩૦-૧૧	વર્ષ દરમ્યાન ખર્ચ કરતાં આવકનો વધારો			૧૪૦૬૮-૩૬
૨૬૮૩૦૮-૫૫	કુલ રૂા.	૩૨૨૮૩૩-૫૫		૩૨૨૮૩૩-૫૫

ઓડીટર્સ

મુંબઇ તા. ૧૦-૩-૮૬

શ્રી મુંબઈ જન યુવક સંઘ મુંબઈ

તા. ૩૧મી ડીસેમ્બર ૧૯૮૫નાં રોજ પુરાં થતાં વર્ષનો શ્રી પ્રબુદ્ધ જીવનનો આવક ખર્ચનો હિસાબ

૧૯૮૪	આવક :-			૧૯૮૪	ખર્ચ :-			૧૯૮૫
૧૦૪૬૧-૦૦	લવાજમ વસુલ તથા પ્રતોના	૧૨૬૬૬-૦૦		૨૩૪૧૮-૦૦	પગાર તથા બોનસ	૪૮૦૦-૦૦		
૧૬૦૦-૦૦	સભ્યોને પ્ર.જીવનની પ્રત મફત મોકલી તેના	૧૭૫૦-૦૦		૪૦૭૨૫-૮૦	પ્રિન્ટીંગ	૩૬૭૬૫-૭૧		
૧૭૩૭૦-૦૦	આજીવન સભ્યોને પ્ર. જી.ની પ્રત મફત	૧૭૫૫૦-૦૦	૩૧૬૬૬-૦૦	૧૩૨૪૧-૦૦	પેપર	૨૪૭૧૮-૦૦		
	મોકલી તેની હવાલીના			૬૭૨૫-૦૦	પોસ્ટેજ	૭૧૭૫-૪૫		
૨૬૭૩૧-૦૦				૭૩૫૫-૫૦	પુરસ્કાર	૫૩૨૦-૦૦		
૨૨૮૮-૦૦	ભેટ		૮૦૧-૦૦	૧૫૬૭-૦૦	પ્રો. ફંડ ફાળાનાં ને વ્યાજનાં	— —		
૩૨૦૧૬-૦૦				૪૬૬-૦૦	પરચુરણ ખર્ચ	૬૭૫-૦૫		
૬૫૫૪૦-૨૦	વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચને વધારો		૪૬૬૮૭-૨૧	૬૭૫૫૬-૨૦				૮૨૪૮૪-૨૧
૬૭૫૫૬-૨૦	કુલ રૂા.		૮૨૪૮૪-૨૧	૬૭૫૫૬-૨૦	કુલ રૂા.			૮૨૪૮૪-૨૧

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને અમારાંથી મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એકટ અનુસાર જુદાં રીપોર્ટ આધીન બરાબર છે.

મુંબઇ તા. ૧૦-૩-૧૯૮૬

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
ઓડીટર્સ

મુંબઇ તા. ૧૦-૩-૧૯૮૬

ટ્રસ્ટીઓ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈ

તા. ૩૧ મી ડીસેમ્બર ના રોજના સરવૈયામા બતાવ્યા મુજબ અન્ય ફંડોની વિગત દર્શાવતું પરિશિષ્ટ 'અ'

અનુ. નંબર	ફંડની વિગત :-	તા. ૧-૧-૮૫ ના વર્ષ દરમ્યાન રોજ	ભેટ	હુવાલા	વ્યાજના હુવાલા	વર્ષ દરમ્યાન ખર્ચ હુવાલા	તા. ૩૧-૧૨-૮૫નાં રોજ બાકી
૧	શ્રી મકાન ફંડ	૨૪૦૧૯-૧૯	— —	— —	— —	— —	૨૪૦૧૯-૧૯
૨	શ્રી પુસ્તક પ્રકાશન ખાતું	૩૧૮૦-૩૯	૧૬૮૮૪-૦૦	— —	— —	૫૬૫૦-૦૦	૧૪૪૧૪-૩૯
૩	શ્રી માવજત ખાતું	૧૨૬-૪૮	— —	— —	— —	— —	૧૨૬-૪૮
૪	શ્રી પ્રેમળ જ્યોતિ રીઝર્વ ફંડ	૨૨૧૩૦૪-૮૨	૬૪૭૪૫-૦૦	— —	— —	૧૩૪૫૭૨-૨૭	૧૮૧૪૭૭-૫૫
૫	શ્રી પ્રબુદ્ધ જીવન કાયમી ગ્રાહક ફંડ	૨૦૦૦-૦૦	— —	— —	— —	— —	૨૦૦૦-૦૦
૬	દીપચંદ ત્રિ. શાહ ટ્રસ્ટ ફંડ	૬૪૪૧૮-૨૮	૩૬૫૦-૦૦	— —	૬૪૪૧-૦૦	૮૯૬૫-૦૦	૬૫૫૪૪-૨૮
૭	શ્રી વિદ્યાસત્ર પ્રવૃત્તિ ખાતું	ઊ. ૧૬૦૫૪-૩૦	— —	૨૩૫૨૮-૦૫	— —	૪૪૭૩-૭૫	— —
૮	શ્રી જીવન ઘડતર લક્ષી પ્રવૃત્તિ ખાતું	૪૫૧૫-૮૦	— —	(આ. જા. ખાતે)	૪૫૧-૦૦	— —	૪૬૬૬-૮૦
૯	શ્રી વિદ્યાસત્ર પ્રવૃત્તિ ફંડ	૪૫૦૦૫-૦૦	— —	— —	— —	— —	૪૫૦૦૫-૦૦
૧૦	શ્રી ચીમનલાલ ચ. શાહ સ્મારક નિધી ખાતું	૨૬૧૧૬૯-૦૫	— —	— —	— —	૧૧૩૫૧૧-૦૦	૧૦૦૦૦૦-૦૦ ૪૭૬૫૮-૦૫
૧૧	શ્રી રટોલ રીઝર્વ ફંડ	૪૨૭૧૬૦-૦૦	૧૭૫૦૧-૦૦	— —	— —	૧૭૫૩૦૩-૦૦	— — ૨૬૬૩૮૮-૦૦
૧૨	શ્રી દત્તક બાળક પ્રવૃત્તિ રીઝર્વ ફંડ	૫૩૦૦૧-૦૦	— —	— —	— —	— —	— — ૫૩૦૦૧-૦૦
૧૩	શ્રી સેવંતીલાલ કાંન્તીલાલ ટ્રસ્ટ પર્યુષણ વ્યાખ્યાનમાળા ફંડ	૨૫૦૦૦૦-૦૦	— —	— —	— —	— —	— — ૨૫૦૦૦૦-૦૦
૧૪	શ્રી નેત્રયજ્ઞ ખાતું	૨૦૦-૦૦	૨૨૦૨-૦૦	૧૭૭૮૬-૬૫	— —	૧૬૧૮૮-૬૫	— — — —
૧૫	શ્રી ધરમપુર પ્રોજેક્ટ ખાતું	૭૧૬૬૬-૪૫	૬૪૦૦૬-૦૦	(આ. જા. ખાતે)	— —	૧૫૦૦૦૦-૦૦	— — ઊ. ૧૪૩૨૧-૫૫
૧૬	શ્રી સી. સી. શાહ શ્રેષ્ઠ ગુજરાતી પત્રકાર ફંડ	૧૧૦૦૦-૦૦	૪૦૦૦૦-૦૦	૧૦૦૦૦૦-૦૦	— —	— —	— — ૧૫૧૦૦૦-૦૦
૧૭	શ્રી વિજય વલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાન શ્રેણી ખાતું	૭૫૦૦૧-૦૦	— —	— —	૭૫૦૦-૦૦	૫૫૦૮-૦૦	— — ૭૬૬૬૩-૦૦
૧૮	શ્રી પ્રબુદ્ધ જીવન શ્રેષ્ઠ લેખક પારિતોષક ફંડ	૧૧૦૦૦-૦૦	— —	— —	— —	— —	— — ૧૧૦૦૦-૦૦
૧૯	શ્રી શ્રી ટી. બી. દરદી ઍડોપ્ટક ખાતું	૩૫૪૫-૬૦	૨૫૦૦-૦૦	— —	— —	૧૨૩૦-૦૦	— — ૪૮૧૫-૬૦
૨૦	શ્રી મહીલા વકૃત્વ તાલિમ વર્ગ ખાતું	૨૬૫-૦૦	૧૨૦૦-૦૦	૧૫૧૨-૦૦	— —	૨૬૭૭-૦૦	— — — —
૨૧	શ્રી મહીલા વકૃત્વ ખાતું	— —	૧૦૫૦-૦૦	(આ. જા. ખાતે)	— —	— —	— — ૧૦૫૦-૦૦
૨૨	શ્રીમતી ધીરજબેન દીપચંદ શાહ સ્મરણાં ઘર ખાતું	— —	૩૬૮૨૨-૦૦	— —	— —	૧૬૧૭૦-૮૧	— — ૨૦૬૫૧-૧૬
૨૩	શ્રી મહાવીર વંદના સ્નેહ મીલન ખાતુ	— —	૧૫૦૦૦૦-૦૦	— —	— —	— —	— — ૧૫૦૦૦૦-૦૦
૨૪	શ્રી પ્રવાસ ભેટ ખાતું	— —	૧૧૮૩૦-૦૦	— —	— —	૨૭૫૨-૦૦	— — ૬૦૭૮-૦૦
૨૫	શ્રી ફળવણી ફંડ	— —	૫૨૫૧-૦૦	— —	— —	— —	— — ૫૨૫૧-૦૦
૨૬	શ્રી અનાજ રાહત ફંડ	— —	૨૭૬૧૧-૦૦	— —	— —	૩૨૮-૦૦	— — ૨૭૫૮૩-૦૦
		૧૫૦૬૫૫૬-૭૬	૫૦૧૬૧૮-૦૦	૧૪૨૮૨૬-૭૦	૧૪૩૬૨-૦૦	૬૬૭૬૬૨-૪૮	૧૦૦૦૦૦-૦૦ ૧૪૦૦૭૦૦-૬૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુંબઇ

તા. ૩૧-૧૨-૮૫નાં સરવૈયાનાં બતાવ્યા મુજબ ઇન્વેસ્ટમેન્ટના વિગત દર્શાવતું પરિશિષ્ટ 'બ'

૧૯૮૪		૧૯૮૫	૧૯૮૫
	(૧) શેર તથા ડીબેન્ચરો :-		
૫૦૦-૦૦	રસધારા કો-ઓ. હા. સો. લી. નાં શેર ૧૦ દરેક ૫૦નો	૫૦૦-૦૦	
૨૦૦૦૦-૦૦	તાતા ઓઇલ કું. લી. નાં ડીબે. ૨૦૦ દરેક ૧૦૦નો	૨૦૦૦૦-૦૦	
	બોમ્બે ડાઇંગ એન્ડ મેન્યુ. કું. લી. નાં ડીબેન્ચરો		
૧૫૦૦૦-૦૦	૧૫૦ દરેક ૧૦૦ નો	૧૫૦૦૦-૦૦	
૧૫૦૦૦-૦૦	વોલ્ટાઝ લી. ૧૫૦ ડીબે. દરેક ૧૦૦ નો	૧૫૦૦૦-૦૦	
૫૮૫૦-૦૦	તાતા લોકો એન્ડ એન્જી. કું. લી નાં બૌન્ડ	૫૮૫૦-૦૦	૫૬૩૫૦-૦૦
૫૬૩૫૦-૦૦			
	(૨) યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડીયાના		
૧૦૨૦૦૦-૦૦	યુનિટો		૧૦૨૦૦૦-૦૦
	(૩) ગવર્. કું. માં ડીપોઝીટ		
૩૫૦૦૦-૦૦	હીન્દુ. ઝીંક લી.	૩૫૦૦૦-૦૦	
૫૦૦૦૦-૦૦	ઇન્ડીયન ટેલીફોન ઇન્ડ. લી.	૫૦૦૦૦-૦૦	
૫૪૦૦૦૦-૦૦	ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન	૪૬૫૦૦૦-૦૦	
૧૫૦૦૦૦-૦૦	ભારત હેવી ઇલે. કું. લી.	૧૫૦૦૦૦-૦૦	
૨૦૦૦૦૦-૦૦	ભારત પેટ્રો. કોર્પોરેશન	૨૦૦૦૦૦-૦૦	
૬૦૦૦૦-૦૦	રાષ્ટ્રીય કેમી. એન્ડ ફર્ટી. લી.	૬૦૦૦૦-૦૦	
૮૦૦૦૦-૦૦	સ્ટીલ ઓથોરીટી ઓફ ઇ. લી.	૮૦૦૦૦-૦૦૦	
૧૧૪૫૦૦૦-૦૦	મદ્રાસ રીફાઇનરી કું. લી.	૧૦૦૦૦૦-૦૦	૧૧૭૦૦૦૦-૦૦
	બેંકમાં ફીક્સ્ડ ડીપોઝીટો :-		
૪૫૨૦૦૦-૦૦	બેંક ઓફ ઇન્ડીયા	૩૨૫૦૦૦-૦૦	
૧૪૦૦૦૦-૦૦	બેંક ઓફ બરોડા	૧૪૦૦૦૦-૦૦	
૧૨૫૦૦૦-૦૦	યુનિયન બેંક ઓફ ઇન્ડીયા	૧૨૫૦૦૦-૦૦	
૩૦૦૦૦-૦૦	જૈન સહકારી બેંક લી.	૩૦૦૦૦-૦૦	
૬૦૦૦૦-૦૦	કપોળ કો. ઓ. બેંક લી.	૬૦૦૦૦-૦૦	
૬૦૦૦૦-૦૦	માંડવી કો. ઓ. બેંક લી.	૬૦૦૦૦-૦૦	
૬૦૦૦૦-૦૦	બોમ્બે મર્ક. હા. ઓ. બેંક લી.	૬૦૦૦૦-૦૦	
૬૦૦૦૦-૦૦	સારસ્વત કો. ઓ. બેંક લી.	૬૦૦૦૦-૦૦	૬૮૦૦૦૦-૦૦
૬૮૭૦૦૦-૦૦		કુલ રૂા.	૨૩૦૮૩૫૦-૦૦

			૧૯૮૫ ના રોજ	૩૧-૧૨-૮૫ નાં રોજ બાકી
		૧૯૮૪	— —	— —
		૧૯૮૫	૧૫૭૦-૦૦	૭૨૦-૦૦
		૧૯૮૬	૨૫-૦૦	૬૫-૦૦
		૧૯૮૭	૨૫-૦૦	૭૮૫-૦૦
			૧૬૨૦-૦૦	
		અલ્પાહાર ખાતું	૧૬-૩૭	૨૨૫૩-૧૨
		પર્યુષણ વ્યાખ્યાનમાળા પુરસ્કાર અંગે	૧૬૫૦-૦૦	૪૫૦-૦૦
		શાહ મહેતા એન્ડ કું.	૧૦૦૦-૦૦	૧૦૦૦-૦૦
		સૌરાષ્ટ્ર રેલ રાહત ફંડ	૨૬૮૭-૦૦	— —
		દાદર સ્કૂલ અંધ બાળક ખાતું	૧૧૬૪૬-૦૦	૧૮૦૧૮-૦૦
		શ્રી શ્રમમંદિર રક્તપિત ખાતું	૧૦૨૫૩-૦૦	૩-૦૦
		લંડન સ્પોન્સર ખાતું	૩૦૦૦૦-૦૦	— —
		ભોપાલ રાહત ખાતું	૧૬૫૫૭-૦૦	૨૫૩૭૧-૦૦
		શ્રી ચી. ચ. શાહ વીડીયોકેસેટ ખાતું		૧૦૦૦૦-૦૦
		શ્રી સી. યુ. શાહ મેડીકલ એઇડ ફુલ		૮૬૮૫૫-૦૦
		શ્રી યુસુફ મહેરઅલી સેન્ટર રૂા. ૭૪૧૨-૩૭		૨૩૮૫૧-૦૦
				૧૭૦૮૦૧-૧૨
	લેણું :	લંડન સ્પોન્સર ખાતું	૭૦૦૦-૦૦	
	૩૦૦-૦૦	બીરલા ક્રીડા કેન્દ્ર	૩૦૦-૦૦	
	૨૬૫-૦૦	સુમન પ્રકાશન	૨૬૫-૦૦	
	૫૦૦-૦૦	શ્રી ચિકિત્સક સમૂહ શિરોડકર સ્કૂલ	— —	
		શ્રી ઝવેરચંદ ડી. શાહ (ભોપાલ રાહત)	૩૦૦૦૦-૦૦	
	— —	શ્રી આર્ય એજ્યુ. સોસાયટી	૫૦૦-૦૦	
	— —	તેજપાલ હોલ ડીપોઝીટ	૨૦૦-૦૦	
	— —	શ્રી ડી. બી. પટેલ	૨૦૦-૦૦	
	૧૦૬૫-૦૦	લક્ષ્મી નારાયણ ટેમ્પલ ડિપો.	૧૫૦૦-૦૦	૩૬૬૬૫-૦૦
			કુલ રૂા.	
	સ્ટાફ પાસે			
	૫૦૦૩-૬૦	શાંતિલાલ ટી. શેઠ	૨૬૦૩-૬૦	
	૭૨૮૮-૫૫	દીપક ઐન શાહ	૧૦૬૧૩-૫૫	
	૧૦૦૦-૦૦	પ્યુન વિજય	૧૪૫૦-૦૦	
	૨૪૦૦-૦૦	પ્યુન હરીચંદ	૧૩૦૦-૦૦	
	૪૦૦-૦૦	પ્યુન અશોક	— —	
	૪૩૭૧-૩૦	એલ: એમ. મહેતા	૨૬૧૭-૩૦	
	૨૦૪૬૩-૪૫	કુલ રૂા.	૧૮૫૪-૪૫	

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

તા. ૩૧-૧૨-૮૫ ના દિવસનું સરવૈયું

૧૯૮૪	ફંડો અને દેવું :-		
	કાયમી ફંડ :-		
૧૦૭૮૬૪-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી		૧૦૭૮૬૪-૦૦
	શ્રી પુસ્તક ફંડ :-		
૫૫૦૦-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી		૫૫૦૦-૦૦
	શ્રી ફર્નીચર ફંડ :-		
૨૪૦૦-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી		૨૪૦૦-૦૦
	શ્રી રીઝર્વ ફંડ :		
૩૧૬૭૩-૪૨	ગયા સરવૈયા મુજબ બાકી		૩૧૬૭૩-૪૨
૧૪૭૪૧૭-૪૨			૧૪૭૪૧૭-૪૨
	દેવું :-		
૨૩૪૬૬-૦૦	પુસ્તકો અંગે ડીપોઝીટ	૨૦૬૨૧-૦૦	
૧૯૮૪૭-૭૪	સ્ટાફ પ્રોવી.ફંડના ૧૮૩૦-૭૨ + ૩૬૪-૮૦	૨૧૯૫-૫૨	
૧૧૨૨૩૫-૯૬	શ્રી મુંબઇ જૈન યુવક સંઘના	૧૪૮૭૪૭ ૭૩	
૧૦૦૦-૦૦	ખર્ચ અંગે	૧૦૦૦-૦૦	૧૭૨૮૬૪-૨૫
૧૫૬૫૭૯-૭૩			

ઓડીટરોનો રિપોર્ટ :-

અમોએ શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય મુંબઇનું તા. ૩૧-૧૨-૮૫ના રોજનું ઉપરનું સરવૈયું, ભંજકુર સંસ્થાના ચોપડી તથા વાઉચરો સાથે તપાસ્યું છે, અને અમારા ધી મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટ અનુસારનાં જુદાં રીપોર્ટ આધીન બરાબર છે.

૩૦૪૦૪૭-૧૫	કુલ રૂ.	૩૨૦૩૩૧-૬૭

મુંબઇ તા. ૧૦-૩-૧૯૮૬

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
ઓડીટર્સ

૧૯૮૪	મિલકત અને લેણું :-			
	ઇન્વેસ્ટમેન્ટસ :- (ચોપડા પ્રમાણે)			
	ફીક્સ ડીપોઝીટ :-			
૫૦૦૦૦-૦૦	હીન્દુસ્તાન ઓર્ગેનિક કેમિ. લિ.			૫૦૦૦૦-૦૦
	ફર્નીચર (ખરીદ કીંમતે)			
૧૦૬૯૫-૬૩	ગયા સરવૈયા મુજબ બાકી	૧૦૬૯૫ ૬૩		
૧૮૧૭-૬૩	બાદ : કુલ ઘસારાના	૭૨૦૫-૬૩		
			૩૪૯૦-૨૦	
૩૮૮-૦૦	બાદ : વર્ષ દરમિયાન ઘસારાના		૩૪૦-૦૦	
૭૨૦૫-૬૩				૩૧૫૦-૦૦
	પુસ્તકો (ખરીદ કીંમતે)			
૧૪૪૬૧૧-૪૫	ગયા સરવૈયા મુજબ બાકી	૮૮૦૦૦-૦૦		
૧૭૫૩૦-૩૫	**ઉમેરો :** વર્ષ દરમિયાન ખરીદીના	૭૬૧૭-૩૫	૯૫૨૧૭-૩૫	
૧૬૬૧૪૧-૮૦	**બાદ :** વર્ષ દરમિયાન ઘસારાના		૧૩૨૦૦-૦૦	
૭૪૧૪૧-૮૦				૮૨૦૧૭-૩૫
૮૮૦૦૦-૦૦				
	લેણું :-			
૧૦૪-૦૦	ઇન્કમટેક્ષ રીફંડના			
	મ્યુનિસિપાલિટી ગ્રાંટના		૧૦૦૦૦-૦૦	
	સ્ટાફ પાસે		૧૦-૦૦	૧૦૦૧૦-૦૦
૧૨૨૨૧-૯૫	બેંક ઓફ ઇ. ખાતે		૧૨૭૯-૧૪	
૩૫૬-૮૪	રોકડ પુરાંત		૬૫-૦૪	૧૩૪૪-૧૮
	શ્રી આવક ખર્ચ ખાતું :-			
૧૧૯૬૫૧-૧૪	ગયા સરવૈયા મુજબ બાકી	૧૪૯૮૭૪-૩૬		
	બાદ :-મ્યુનિસિપાલિટી ગ્રાંટના	૧૦૦૦૦-૦૦		
		૧૩૯૮૭૪-૩૬		
૪૫૨૨૪-૨૨	**ઉમેરો :-**વર્ષ દરમિયાન			
૧૪૯૮૭૪-૩૬	આવક કરતાં ખર્ચનો વધારો	૩૪૯૩૫-૭૮		૧૭૩૮૧૦-૧૪
૩૦૪૦૪૭-૧૫				૩૨૦૩૩૧-૬૭

શ્રી મણિલાલ મોકમચંદ શાહ વાંચનાલય અને પુસ્તકાલય મુંબઇ

તા. ૩૧-૧૨-૮૫ના રોજ પુરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

૧૯૮૪	આવક				૧૯૮૪	ખર્ચ			
	વ્યાજના અને કમિશન					વહીવટ તથા વ્યવસ્થા ખર્ચ			
૮૪૩-૭૩	બેંકના વ્યાજના		૨૧૨-૬૪		૪૬૭૮-૨૦	પેપર લવાજમ		૫૫૪૬-૬૫	
	કંપની ડીપોઝીટ પર કમીશન		૫૦૦-૦૦		૪૩૫૬૫-૦૦	પગાર તથા બોનસ વગેરે		૩૪૪૩૭-૦૦	
૧૮૦૪૧-૧૦	ગવ. કંપનીઓની ફીક્ષ ડીપોઝીટનું		૬૬૩-૮૩		૧૫૩૨-૫૦	બુક બાઇડીંગ		૧૧૬૨-૫૦	
૧૮૮૭૪-૮૩				૭૪૦૬-૭૭	૪૩૬૦-૨૦	પ્રો. ફંડ ફાળાના તથા તેના પર વ્યાજના		૬૨૫-૮૦	
	ભેટના :-				૬૧૫-૦૦	વિમા પ્રિમીયમ		૬૧૫-૦૦	
૧૫૦૦૦-૦૦	અજ્ઞાત ટ્રસ્ટો તરફથી (પરમાનંદ કાપડીયા ટ્રસ્ટથી)		૧૦૦૦૦-૦૦		૫૪૦૩૦-૬૦				૪૨૭૧૬-૬૫
૫૪૧-૦૦	ભેટના		૧૦૦૧-૦૦			વ્યવસ્થા ખર્ચ			
૮૬૦૦-૦૦	પુસ્તક લવાજમના		૭૮૬૦-૦૦	૧૮૮૬૧-૦૦	૧૪૫૦-૦૦	ઓડિટરોને ઓનેરીયમને પ્રોફેશનલ ફી ખર્ચના		૧૦૦૦-૦૦	
૨૪૧૪૧-૦૦					૧૪૪૭૭-૪૦	સ્ટાફને રહા રેલ્વે પાસ છત્રી અને સાફ સફાઇ તથા પરચુરણ ખર્ચ		૬૨૦૨-૬૦	
	ઇન્કમટેક્ષ રીફંડના (નેટ)			૪૬૯ ૦૦	૩૦૨૧-૫૦	પ્રીન્ટીંગ તથા સ્ટેશનરી		૧૦૬૪-૫૦	
	પરચુરણ આવક :-				૫૦-૦૦	પ્રોફેશનલ ટેક્ષ		૫૦-૦૦	
૫૦૧-૭૦	પસ્તી વેચાણના		૬૧૫-૦૦		૦-૦૫	સરવૈયા ફેરના			
૧૩૬-૨૦	પાસબુક વેચાણના – દાખલ ફી		૪૫૫-૦૦		૧૮૬૬૮-૬૫				૧૧૩૪૭-૧૦
	(૧૦ વર્ષથી જુની) ડીપોઝીટો નહિ માંગતાં માંડી વાળી		૫૫૭૫-૦૦			ઘસારાનાં :-			
૧૪૩-૨૫	લેઇટ ફીના		૨૮૬-૫૦		૩૮૮-૦૦	ફર્નીચર પર ઘસારાના ૧૦ ટકા		૩૪૦-૦૦	
૭૮૪-૧૫				૬૬૩૬-૫૦	૧૫૬૦૫-૩૫	પુસ્તક પર ૧૫ ટકા		૧૩૨૦૦-૦૦	
૪૫૨૨૩-૨૨	વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો			૩૩૬૩૫-૭૮	૧૫૬૬૩-૩૫				૧૩૫૪૦-૦૦
૮૬૦૨૩-૨૦	કુલ રૂા.			૬૭૬૦૪-૦૫	૮૬૦૨૩-૨૦				૬૭૬૦૪-૦૫

અમોએ ઉપરનો હીસાબ તપાસ્યો છે, અને બરાબર છે.
મુંબઇ
તા. ૧૦-૩-૧૯૮૬

શાહ એન્ડ એન્ડરસન
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ

આમને દાખલ થવા દઈશું ?

મીરાં-અરુણ

'દાદાજી, મને કોઇ દાખલ કરતું નથી.'

–અઢી-ત્રણ વર્ષની નાનકડી પાયલ રવૈચ્છિક મૃત્યુશય્યા પર સૂતેલા પોતાના દાદા આત્મારામભાઇના દરબારમાં પોતાની ફરિયાદ રજૂ કરે છે. દાદાજીને રોજ તાજું ફૂલ આપવાનો એનો નિયમ, આજે એ ફૂલ સાથે એ આ નાનકડું વાક્ય પણ બેત્રણ વખત બોલી ગઈ.

દાદાજી પહેલાં તો કાંઇ સમજી ન શકયા, પણ પછી ખુલાસો થયો કે પાયલ હવે બાળમંદિરે દાખલ થવા જેવડી થઇ ગઇ છે, શહેરનાં સારાં બાળમંદિરોમાં પ્રવેશ મળે તે માટે પ્રયત્નો ચાલે છે, પણ એને કયાંય પ્રવેશ મળતો નથી. હા, કાંઇક દાન-ફાળાની વાત ચાલે તો વળી એક નહીં, અનેક બારણાં ખૂલી જાય તેમ છે. પરંતુ નાનકડી પાયલને એ બધી દુનિયાદારીની કાંઈ સમજ નથી. એના બાળ-માનસમાં તો અત્યારે આ એક જ વાત ઘૂંટાઇ ઘૂંટાઇને દૃઢ થઇ રહી છે કે 'મને કોઇ દાખલ કરતું નથી.'

° ° ° °

વાત છે એક ગામડાની. થોડાક જુવાનિયાઓને સાથે લઇને ત્યાં એક શિબિર કરવા ગયા છીએ. સવારે કોઇ 'બેઠક' કરવાનો નહીં, પણ 'ઊભડક' રહેવાનો નિર્ણય સૌ યુવાનોએ લીધો છે અને ગામને પાદર બંધાતા રસ્તા પરના શ્રમકાર્યમાં જોડાવું અને ચાર કલાકની જે મજૂરી મળે તે મજૂરોમાં વહેંચી દેવાનું આયોજન થયું છે.

શિબિર આયોજક અરુણભાઇના ભાગે કામ કરવાની જે ચોકડી આવી, તેમાં મુખ્ય મજૂરોમાં છે એક જોડું. કાનાભાઇ અને રૂડીબહેન માંડ પચ્ચીસીએ પહોંચ્યા હશે. રોજ દહાડી પર આવે અને રોજનો રોટલો રોજ રળી લે. પહેલા દિવસે 'શહેરમાંથી આવેલા ઉજળિયાત'ની ગ્રંથિએ મન મોકળાં ન થવા દીધાં, પણ ધીરે ધીરે ભીંતો ભાંગતી જાય છે અને પરસ્પર પરિચય વધતો જાય છે. વાતવાતમાં જાણ પડે છે કે એમને બે બાળકો છે.

'ક્યાં ?'

'બોરડે જ રાખ્યાં છે.'

'ત્યાં છે કોઇ એમને સાચવનારું ?'

'ના રે ભાઇ, અહીં પારકા પરદેશમાં કોણ હોય ? પણ મોટી' છે ને, ઇ 'નાનકા'ને સંભાળે !'...

શ્રમકાર્ય પછી શિબિરાર્થીઓ તો મુકામે જઇને રોટલા ટોળે થાય, પણ મજૂરોને તો ખાવા જેટલો પહોરો મળે, આઘે જવાની વાત કેવી ?

તે દિવસે શ્રમ પછી સૌ નહાવા ગયા પણ 'હમણાં આવું છું' કહી અરુણભાઈ પહોંચી ગયા કાનાભાઇના બોરડે. દૂરથી જ એક નાનકડા બાળકનો રડવાનો અવાજ સંભળાતો હતો. પહોંચીને જોયું તો બારણું અંદરથી બંધ. પણ બોરડાનાં બારણાં કેવાં હોય ? ફાટમાંથીય બધું દેખાય અને સાંકળ પણ ઢીલીઢસ્સ ! જોયું તો ઘોડિયામાં એક નાનકડું બાળક ચીસાચીસ કરીને ગામ ગજવે છે અને એક છોડી 'લે હુઇ જા, ભઇલા, હુઇ જા'...કરીને લહેકા કાઢી બરાડતી જાય છે. પણ જેમ જેમ એનો ઘાંટો મોટો થતો જાય છે, તેમ તેમ પેલા ભાઇલાનો અવાજ પણ તીણો થતો જાય છે.

'છોડી, બારણું ખોલ'...અજાણ્યો અવાજ સાંભળી છોકરી થોડી ગભરાઇ જાય છે. પણ 'ખોલ, મેન, ખોલ, કાનાભાઇએ મને મોકલ્યો છે' એમ સાંભળ્યું ત્યારે બારણાં ખૂલ્યાં.

અને સામે ઊભી છે એ 'મોટી,' જે માંડ અઢી વરસની થઇ હશે. નાકમાંથી વહેતી ધારા અને વાળ તો જાણે સૂવરીનો માળો ! રડું રડું થતો ચહેરો...

'બચલો બહુ રડે છે ? એને દૂધ-બુધ પાયું કે નહીં ?'

ખોડિયામાંથી જ ભાઇની પડખે પડેલી શીશી એ લાવે છે. એમાં છે દૂધને બદલે, દૂધિયું પાણી !

'દૂધ લઈ આવ.'

'ઇ તો ચારનું ખજાસ થઇ ગયું. કુવે પટલે મારે તો ધરવું પડે ને ! પસે હું કરું ? પાણી જ ભરવું પડે ને !'.....

હજુ તો બપોરાં થયાં હતાં, રૂડીબહેન તો છેક દિ' આથમે ઘેર પહોંચવાનાં. ત્યાં સુધી ?...?

'થોભજે. હમણાં હું આવું છું'– કહીને થોડી વારે દૂધ લઇ આવી 'મોટી'ને સોંપ્યું, 'જો, એને બબ્બે કલાકે આપજે. બધું એકસામટું પીવડાવી ના દઇશ.'

'મોટી'ની મોટી મોટી આંખોમાં એ 'બબ્બે કલાક'નો કાંઇ હિસાબ બેઠો કે નહીં, એ તો પ્રભુ જાણે, પણ એણે માથું ધૂણાવ્યું. દૂધે ભરેલી શીશી મોઢે મંડાણી એટલે ઘડીકમાં બચ...બચ...બચ પૂરું કરી 'ભઇલો' તો ઘોંટી ગયો.

બીજા દિવસે ચોકડીમાં પાછા મળ્યાં ત્યારે રૂડીબહેને જ શરૂ કર્યું, 'ભાઇ, તમે અહીં કેટલા દિ' ? અમારે તો આ રોજનું થયું !'

'પણ બહેન, બાળકોને તમે અહીં લઇ આવો તો નજર સામે એ રહે સચવાય અને ભૂખ્યાં થાય ત્યારે ધ્યાન પણ રહે ને ! અહીં કેમ લાવતાં નથી ?'

રૂડીબહેન તો ચૂપચાપ તગારાં સારતાં રહ્યાં. ફરી પ્રશ્ન પૂછાયો એટલે કાનાભાઇને બોલવું પડ્યું. 'તમે કીધું એ જ કારણે ભાઇ, એમને અહીં નથી લાવતાં. અમારી નજર સામે એ સચવાય નહીં, પણ અમારે નજર સામે એમને ટટળતાં જોવાં પડે. ઘડી ઘડીમાં દૂધ કયાંથી પોષાય ? એટલે નજરથી આઘાં રહે ઇ જ સારું. ધીરે ધીરે ભૂખથી ટેવાતાં જાય, પછી વાંધો ન આવે.'

* * *

પ્રદેશ ભલે દૂરનો, પણ ભારતનો જ એક ભાગ. બિહારના સહર્ષા જિલ્લાનો છાતાપુર તાલુકો. ભૂદાનના બિક્ષા-કટ્ટા-અભિયાન દરમ્યાન ત્યાં ત્રણ મહિના રહેવાનું થયું. ખૂબ પછાત વિસ્તાર. તાલુકા મથકેય પહોંચવા બસ ન મળે, તો અંદરનાં ગામડાંની તો વાત જ કયાં ! પગપાળા જ બધે પહોંચવું પડે, ખાસ સંજોગોમાં 'બૈલ-ગાડી'નો લાભ મળે.

મોબિકને સમયસર ગાડું પાછું મળી જાય એટલે બીજે ગામ જવા માટે મધરાતે અઢી-ત્રણ વાગે જ ગાડાની યાત્રા શરૂ કરી દેવી પડે. માંહ્યલો તો આથી ખૂબ રાજી રહે. અગણિત

(અનુસંધાન પૃષ્ઠ ૨૨૪ પર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૮૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૭ અંક : ૨૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૪-૮૬ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી.મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

સમવસરણ

મહાવીર જયંતીનો ઉત્સવ આવે એટલે એ દિવસે ભગવાન મહાવીરના જીવનના અનેક પ્રસંગોનું સ્મરણ થાય. એમાં સમવસરણમાં બેસી દેશના આપતા તીર્થંકર પરમાત્માનું દૃશ્ય શ્રદ્ધા ભક્તિ યુક્ત જનોને હર્ષથી રોમાંચિત કરે એવું હોય છે.

તીર્થંકરોનું જીવન ચોત્રીસ અતિશયોથી યુક્ત હોય છે. અતિશય એટલે સામાન્ય રીતે ન બનતી એવી ચમત્કારયુક્ત ઘટના. મનુષ્ય જીવનમાં બધી જ ઘટનાઓ તર્કયુક્ત કે વૈજ્ઞાનિક રીતે પુરવાર કરી શકાય એવી નથી હોતી. તીર્થંકર પરમાત્માના વિષયમાં તો કેટકેટલી ઘટનાઓ એવી બને છે કે જે વર્તમાન સમયમાં સામાન્ય માણસોને ચમત્કારરૂપ અને તરત ન માની શકાય એવી લાગે છે. પોતાના સમયના કેટલાક મહાપુરુષોના કે અન્ય લોકોના જીવનમાં કોઇ અસામાન્ય, ચમત્કારરૂપ ઘટના જ્યારે કોઇએ નજરે જોઈ હોય છે ત્યારે એવી વ્યક્તિને કેટલીક ચમત્કારિક ઘટનાઓમાં વિશ્વાસ બેસે છે, એટલે જ શ્રદ્ધા સ્વાનુભવથી સવિશેષ દૃઢ થાય છે.

જૈન ધર્મમાં તીર્થંકર ભગવાનનું સ્વરૂપ જે રીતે વર્ણવાયું છે અને એમના જે જુદાજુદા અતિશયો બતાવવામાં આવ્યા છે તે એક શ્રદ્ધાનો વિષય છે. એમાં ભગવાનના સમવસરણની વાત પણ એટલા માટે શ્રદ્ધાનો જ વિષય છે. જેઓ કેવળ તર્ક અને દલીલ સિવાય આગળ વધી શકતા નથી અને વર્તમાન કાળની દૃશ્યમાન સૃષ્ટિ જ માત્ર જેમની સીમા છે તેવા માણસોને માટે સમવસરણનો વિષય ગમ્ય નથી. જેઓ ત્રિકાલિક તત્ત્વને પામવાને માટે શ્રુતજ્ઞાનની આરાધના કરે છે તેઓને ચમત્કારયુક્ત સમવસરણની વાત અંતરપ્રતીતિ થઇ શકે છે. શાસ્ત્રકારોએ કહ્યું છે કે ભગવાન જ્યારે સાક્ષાત વિચરતા હોય તેવા સમયે પણ સંશયવાળા મિથ્યાદૃષ્ટિ જીવો સમવસરણમાં પ્રવેશી શકતા નથી તો પછી વર્તમાન સમયમાં તેવા પ્રકારના જીવોને આવા વિષયોમાં રસ કે શ્રદ્ધા ઉત્પન્ન ન થાય એમાં શી નવાઇ !

'સમોવસરણ' શબ્દના 'એકત્ર મળવું,' 'મિલન,' 'સમુદાય,' 'સંચય,' 'રાશી,' 'સમવાય,' 'સમૂહ' એવા જુદાજુદા અર્થ થાય છે. ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે સમોસરણ નિવ્વય ડવ્વચય ચ્ચ ય ગુમ્મે ય વાસી ય' 'આગમન', 'પધારવું', 'અન્ય દાર્શનિકોનો સમુદાય, 'ધર્મવિચાર' આગમ વિચાર' એવા અર્થ પણ સમોસરણના થાય છે.

'સમવસરણ' અથવા 'સમોસરણ' એ જૈન ધર્મનો પારિભાષિક શબ્દ છે. તીર્થંકર પરમાત્માની દેશના ભૂમિને માટે અથવા એમની પર્ષદા માટે 'સમવસરણ' શબ્દ વપરાય છે.

'સમવસરણ' શબ્દ 'સમવસૃત' શબ્દ પરથી વ્યુત્પન્ન કરવામાં આવે છે. સૂત્રકૃતાંગ ચૂર્ણિમાં કહ્યું છે:

'સમવસરંતિ જેસુ દરિસણાણિ દિક્ષીઓ વા તાણિ સમોસરણાણિ ।'

જ્યાં અનેક દર્શન-દૃષ્ટિઓ સમવસૃત થાય છે તેને 'સમવસરણ' કહે છે.

'સમવસરણ'માં 'અવસર' શબ્દ આવે છે, એ ઉપરથી જેમાં બધા સુર, અસુર આવીને ભગવાનના દિવ્ય ધ્વનિના અવસરની પ્રતીક્ષા કરે છે તે 'સમવસરણ' એવો અર્થ પણ કરાય છે.

સૂત્રકૃતાંગ, સમવાયાંગ, આવશ્યક ચૂર્ણિ, વિશેષ આવશ્યક ભાષ્ય, કલ્પસૂત્ર, લલિતવિસ્તરા, કુવલયમાળા, ચૌપન્ન-મહાપુરિસ ચરિયમ્, હરિવંશપુરાણ, તિલોયપણણત્તિ, અભિધાન ચિંતામણિ (સ્વોપજ્ઞ ટીકા), 'વીતરાગસ્તવ' લોકપ્રકાશ વગેરે ઘણા ગ્રન્થોમાં 'સમવસરણ'નું સવિગત વર્ણન જોવા મળે છે.

સાધનાકાળ પૂર્ણ થતાં, ચાર ઘાતિ કર્મોનો સંપૂર્ણ ક્ષય થતાં, જે સમયે ભગવાનને કેવળજ્ઞાન થાય છે તે જ સમયે પૂર્વના ત્રીજા ભવમાં બાંધેલું તીર્થંકર નામકર્મ ઉદયમાં આવે છે. એમ થતાં જ ઇન્દ્રોનાં આસન કંપાયમાન થાય છે. ઉપયોગ મૂકીને જોતાં તેમને જણાય છે કે ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે, ભગવાન હવે તીર્થંકર થયા છે. એટલે તેઓ પોતાના પરિવાર સહિત તે સ્થળે આવી આઠ પ્રાતિહાર્યયુક્ત સમવસરણની રચના કરે છે.

વળી તીર્થંકર ભગવાન ત્યારપછી પણ જ્યારે જ્યારે દેશના આપવાના હોય છે ત્યારે ત્યારે પણ દેવો સમવવસરણની રચના આઠ પ્રાતિહાર્ય સહિત કરે છે. એ આઠ પ્રાતિહાર્ય આ પ્રમાણે છે.

(૧) અશોકવૃક્ષ (૨) પુષ્પવૃષ્ટિ (૩) દિવ્ય ધ્વનિ (૪) ચામર (૫) સિંહાસન (૬) ભામંડલ (૭) દુંદુભિ અને (૮) ત્રણ છત્ર.

વર્તમાન સમયમાં જેમ હજારો-લાખો લોકોને સંબોધવા માટે રાષ્ટ્રની સર્વોચ્ચ વ્યક્તિ પધારવાની હોય ત્યારે મંચ, માંડપ, મેદની, વાહન વ્યવહાર, માણસોની અવરજવર વગેરે માટે દૃષ્ટિપૂર્વક આયોજન સરકારના માણસો દ્વારા કરવામાં આવે છે તેમ

તીર્થંકર પરમાત્મા જ્યારે દેશના માટે પધારવાના હોય ત્યારે દેવો એમને અનુરૂપ એવું આયોજન, પોતાની વૈક્રિયાદિ લબ્ધિનો ઉપયોગ કરીને સમવસરણ માટે કરે છે.

સમવસરણની રચના કરતી વખતે સૌ પ્રથમ વાયુકુમાર દેવતાઓ એક યોજન પ્રમાણ ભૂમિને, કચરો, કાંટા વગેરે કાઢી નાખીને એકદમ શુદ્ધ કરે છે. પછી મેઘકુમાર દેવો સુગંધી જળનો છંટકાવ કરે છે. જેથી ઊડતી રજ બેસી જાય. પછી છ ઋતુના અધિષ્ઠાયક દેવો પંચવર્ણ પુષ્પની વૃષ્ટિ કરે છે, તે પછી વ્યંતર દેવતાઓ ત્યાં એક પીઠની રચના કરે છે. આ પીઠ જમીનથી સવા કોશ ઊંચી હોય છે અને સુવર્ણ તથા રત્નોથી ખચિત હોય છે.

એ પીઠ ઉપર ભુવનપતિ દેવતાઓ ચાંદીનો ગઢ બનાવે છે. દસ હજાર પગથિયા ઊંચો એવો આ ગઢ હોય છે. એ ગઢ ઉપર ચારેબાજુ પચાસ ધનુષ્ય પ્રમાણ જેટલી સમતલ ભૂમિ હોય એને પ્રતર કહેવામાં આવે છે. પ્રતર પછી જ્યોતિષી દેવતાઓ સુવર્ણના ગઢની રચના કરે છે. એ ગઢનાં પાંચ હજાર પગથિયાં હોય છે.

આ બીજા ગઢમાં ચારેબાજુ પાંચસો ધનુષ્ય પ્રમાણ સમતલ ભૂમિ હોય છે. આ પ્રતરને અંતે ત્રીજો રત્નનો ગઢ હોય છે. વૈમાનિક દેવો એની રચના કરે છે. એ ગઢનાં પગથિયાં પાંચ હજાર હોય છે. (આમ ત્રણે ગઢના મળી કુલ વીસ હજાર પગથિયાં થાય છે.) દરેક પગથિયું એક હાથ પહોળું અને એક હાથ ઊંચું હોય છે. (અન્ય તીર્થંકરોના સમવસરણમાં તેના માપ જુદાં જુદાં હોય છે.)

ત્રીજા ગઢની ઉપર ચારે બાજુ એક ગાઉ અને છસો ધનુષ્ય લાંબી એવી સમતલ ભૂમિ (પ્રતર અથવા પીઠ) હોય છે. તેના મધ્યભાગમાં ભગવાન માટે સિંહાસન યુક્ત દેવરછંદો બનાવવામાં આવે છે.

દરેક ગઢની ભીંતો પાંચસો ધનુષ્ય ઊંચી હોય છે, દરેક ગઢને ચાર દરવાજા હોય છે અને દરેક દરવાજે ઉપર ચડવાનાં ત્રણે ગઢનાં મળી વીસ હજાર પગથિયા હોય છે. ચાર દરવાજાનાં મળીને કુલ એંસી હજાર પગથિયાં હોય છે.) દરેક દરવાજા ઉપર મણિમય તોરણો હોય છે. તદુપરાંત ધ્વજાઓ, પુષ્પમાળાઓ, કળશો, વેદિકાઓ, પુતળીઓ, અષ્ટમંગલ, ધૂપઘટી ઇત્યાદિની સુશોભિત રચનાઓ હોય છે.

દરેક ગઢમાં દરેક દિશામાં દ્વારપાળ કે દ્વારપાલિકા તરીકે દેવ-દેવીઓ હોય છે.

પ્રથમ ગઢમાં પૂર્વના દ્વાર ઉપર તુંબરુ નામનો દેવ હોય છે. દક્ષિણ દિશામાં ખટ્વાંગી નામનો દેવ, પશ્ચિમ દિશામાં કપાલિ નામનો દેવ અને ઉત્તર દિશામાં જટામુકુટધારી નામનો દેવ હોય છે.

બીજા ગઢમાં પૂર્વ દ્વારમાં જયા નામની બે દેવીઓ, દક્ષિણ દિશામાં વિજયા નામની બે દેવીઓ, પશ્ચિમ દિશામાં અજિતા નામની બે દેવીઓ અને ઉત્તર દિશામાં અપરાજિતા નામની બે દેવીઓ દ્વારપાલિકા તરીકે હોય છે.

ત્રીજા ગઢમાં પૂર્વ દિશાના દ્વારમાં સોમ નામનો વૈમાનિક દેવ, દક્ષિણ દિશામાં યમ નામનો વ્યંતર દેવ, પશ્ચિમ દિશામાં વરુણ નામનો જ્યોતિષીદેવ અને ઉત્તર દિશામાં ધનદ નામનો ભુવનપતિ દેવ દ્વારપાળ તરીકે હોય છે.

પહેલા ગઢના પ્રતરમાં વાહનો માટેની વ્યવસ્થા હોય છે. બીજા ગઢના પ્રતરમાં સિંહ, વાઘ, બકરી, હરણ, મોર વગેરે તિર્યંચોને બેસવાની વ્યવસ્થા હોય છે. ત્રીજા ગઢના પ્રતરમાં મનુષ્યો અને દેવદેવીઓને માટે વ્યવસ્થા હોય છે.

ત્રીજા ગઢની ઉપર, સમભૂતલ પીઠની મધ્યમાં એક યોજન વિસ્તારવાળુ અશોક વૃક્ષ હોય છે. તે ભગવાનના શરીરથી બાર ગણું ઊંચું હોય છે. ધ્વજો, પતાકાઓ, તોરણો અને છત્રથી અશોકવૃક્ષ શોભે છે.

અશોકવૃક્ષના મૂળમાં દેવો ભગવાનને ઉપદેશ આપવા માટે ચાર દિશામાં ચાર સિંહાસનની રચના પાદપીઠ સહિત કરે છે. આ સિંહાસનો અને પાદપીઠ સોનાથી બનાવેલાં અને રત્નોથી જડેલાં હોય છે.

આવા દિવ્ય સમોવસરણમાં ભગવાન સૂર્યોદય સમયે દેવતાઓ સાથે, સુવર્ણકમળ ઉપર પગ મૂકીને ચાલતા પૂર્વ દ્વારમાંથી પ્રવેશે છે. તે વખતે દેવતાઓ સિંહનાદ વડે જયજયકાર કરે છે.

સમવસરણમાં ભગવાનના પ્રવેશ પછી પૂર્વ દિશાના દ્વારથી પ્રવેશ કરીને અગ્નિ દિશામાં પહેલાં ગણધરો, ત્યારપછી કેવલીઓ અને એમ અનુક્રમે મનઃપર્યવજ્ઞાનીઓ, અવધિજ્ઞાનીઓ, ચૌદ પૂર્વધરો અને અન્ય સાધુઓ, ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દઈને બેસે છે. તેમની પાછળ કલ્પવાસી દેવીઓ અને સાધ્વીઓ ઊભાં રહે છે. દક્ષિણ દિશાના દ્વારથી પ્રવેશીને નૈઋત્ય દિશામાં ભુવનપતિ, જ્યોતિષી, તથા વ્યંતર દેવોની દેવીઓ આવીને ઊભી રહે છે. પશ્ચિમ દિશાના દ્વારથી પ્રવેશીને વાયવ્ય દિશામાં ભુવનપતિ, જ્યોતિષી, વ્યંતર દેવો પોતાનું સ્થાન લે છે. વૈમાનિક દેવો તથા મનુષ્ય સ્ત્રી-પુરુષો ઇશાન દિશામાં બેસે છે. ચોસઠ ઇન્દ્રો ભગવાનની સન્મુખ હાથ જોડીને ઊભા રહે છે.

સમવસરણમાં સ્ત્રી પુરુષો, દેવ દેવીઓ કે તિર્યંચ ગતિના વિવિધ જીવો ભગવાનની દેશના સાંભળવા આવે છે. ભગવાનના સાનિધ્યમાં સર્વ જીવો પોતાનો પરસ્પર જન્મગત કુદરતી વેરભાવ ભૂલી જાય છે. વાઘ-બકરી કે ઉંદર બિલાડી સાથે પ્રેમથી બેસે છે.

તીર્થંકર પરમાત્માના સમવસરણની ભૂમિનો વિસ્તાર એક યોજન જેટલો હોય છે પરંતુ એટલા વિસ્તારમાં કરોડો દેવતાઓ, મનુષ્યો અને તિર્યંચો આવીને બેસે છે. આટલા વિસ્તારમાં આટલા બધા લોકોનો સમાવેશ કેવી રીતે થાય એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે, પરંતુ એ બધાનો સમાવેશ થઇ જાય છે. એ પણ ભગવાનનો જ એક અતિશય ગણાય છે. આટલા બધાનો સમાવેશ થતો હોવા છતાં કોઇને સંકોચાઇને બેસવું પડતું નથી કે કોઇને એક બીજાને અડીને બેસવું પડતું નથી. સૌ કોઇ પૂરી અનુકૂળતા સાથે બાધારહિત પણે, સુખેથી બેસી શકે છે એ પણ ભગવાનનો અતિશય મનાય છે.

દરેક સિંહાસનની બંને બાજુ બે ચામરધારી દેવતાઓ હોય છે. દરેક સિંહાસનના આગળના ભાગમાં સુવર્ણકમળ ઉપર ધર્મચક્ર હોય છે. ચારે દિશામાં એક એક મહાધ્વજ હોય છે. ધંટાઓ અને પતાકાઓથી શોભતા આ મહાધ્વજો એક હજાર યોજન ઊંચા હોય છે. એ ધ્વજ અનુક્રમે પૂર્વ દિશામાં ધર્મધ્વજ, દક્ષિણ દિશામાં માન ધ્વજ, પશ્ચિમ દિશામાં ગજધ્વજ અને ઉત્તર દિશામાં સિંહ ધ્વજ હોય છે.

ભગવાન જ્યારે વિહરતા હોય છે ત્યારે ઉપર આકાશમાં દેવો અશોક વૃક્ષની રચના કરે છે, જે ભગવાનની સાથે સાથે ચાલે છે અને ભગવાનને છાયો આપે છે. ભગવાન જ્યારે સમોવસરણમાં બિરાજમાન થાય છે ત્યારે આ અશોકવૃક્ષ સમુચિત રીતે ભગવાનની ઉપર ગોઠવાઇ જાય છે. એ અશોકવૃક્ષ

(અનુસંધાન પૃષ્ઠ ૨૪૬ પર)

વીતેલાં વર્ષો

ઇ ચી. ના. પટેલ

(વીતેલાં વર્ષોનાં સ્મરણોમાં મારી બા વિશેના આ લેખનું સ્થાન તા. ૧-૧-૧૯૮૬ના 'પ્રબુદ્ધ જીવન'માં છપાયેલા આ તથા દાદી વિશેના લેખની પૂર્વેનું છે. ટપાલમાં ગેરવલ્લે જવાથી એ એના ક્રમમાં છપાવાનો રહી ગયો હતો.)

આપણામાં કહેવત છે કે પુત્રનાં લક્ષણ પારણામાંથી. ઘોડિયામાં મારાં કેવાં લક્ષણ હતાં એ કહી શકે એવાં બા કે દાદી બેમાંથી કોઇ હયાત નથી. બા મારી નવ વર્ષની ઉંમરે ગઇ, અને તે પછી દશ મહિને દાદી. પિતા હું ૫૧ વર્ષનો થયો ત્યાં સુધી જીવ્યા હતા, પણ તેમને મારા કે એમના ભૂતકાળની વાત કરવામાં બહુ રસ નહોતો. એટલે મારા બાળપણનાં પહેલાં ચારપાંચ વર્ષોમાં હું કેવો હતો તે વિશે મને કશું જાણવા મળ્યું નહિ. પણ તે પછીનાં વર્ષોનું હું મારી કલ્પનામાં સજીવ ચિત્ર પ્રત્યક્ષ કરી શકું છું. એ ચિત્રમાં હું કવિ વર્ડઝવર્થની The Child is father of the man એ જાણીતી કાવ્ય પંક્તિનું પૂરું સત્ય અનુભવું છું. જીવનભર શારીરની અને બીજી ઘણી મુસ્કેલીઓ વચ્ચે અંતરમાં મારો જીવનરસ વહેતો રહ્યો છે, અને છેલ્લાં પંદરેક વર્ષથી તેમાં આનંદ-ભરતીના તરંગો ઊછળતા રહ્યા છે, એ ચમત્કારનું મૂળ હું મારા બાળપણમાં જોઉં છું. હું વાર્તા-લેખક હોત તો બાળપણના મારા એ અંતરજીવનની idyllic, કલ્પનારમ્ય, વાર્તા લખી શકત. પણ જેવી આવડશે એવી લખી સંતોષ માનીશ.

મારી બાળવાર્તામાં પાંચ પાત્રો હતાં, હું, માતા, દાદી, પિતા અને મારાથી બે વર્ષ મોટી બહેન. મહોલ્લાનાં બીજાં બાળકો સાથે હું છૂટથી રમતો (એટલું બધું કે સવારે બાપને નિશાળે જવાનો વખત થાય ત્યારે પિતા મને મહોલ્લામાં ચારે બાજુ શોધવા નીકળતા, અને નિશાળ છૂટે એટલે નિશાળના ઓટલે બેસી લેશન લખી નાંખી ઘેર આવી દફ્તર કોઇ ખૂણામાં નાખી રમવા જતો રહેતો, તે રાત્રે આઠેક વાગ્યે જમવાના સમયે આવતો પણ કોઇ બાળકની સાથે મને રમવાનું બહુ ગમે એવો મૈત્રી – સંબંધ નહોતો થયો. પિતાને બે ત્રણ પેઢીના સગાં ચાર પિતરાઇ ભાઇઓ હતા અને અમારું પાંચ ઘરનું કુટુંબ કહેવાતું પણ એ મોટા કુટુંબના કોઇ કાકા-કાકી (પાંચ પિતરાઇઓમાં પિતા સૌથી નાના હતા એટલે હું અને મારી બહેન એ વડીલોને બાપા અને ભાભુ અને પિતાને કાકા કહેતાં) કે તેમનાં સંતાનો સાથે પણ મારે નજીકનો સંબંધ નહોતો થયો. મારું બાળહૃદય મારા પોતાના ઘરના સંબંધોથી જ ધરાયું હતું. ગાંધીજી ઉપર Gandhi's Truth નામનું બહુ જાણીતું બનેલું પુસ્તક લખનાર અમેરિકન મનોવૈજ્ઞાનિક Erik Eriksonના બીજા કોઇ પુસ્તકમાં મેં એનો અભિપ્રાય વાંચ્યો છે કે જે બાળકને તેની ઉંમરના પહેલા વર્ષમાં માતાનો પૂર્ણ પ્રેમ મળે છે તે મોટી વયે કયારેય નિરાશાવશ થતું નથી. મને પહેલા વર્ષ દરમિયાન માતાનો કેટલો પ્રેમ મળ્યો હતો તે કહેવું તો અશક્ય છે, પણ બાળપણનાં મને યાદ છે તે બધાં વર્ષ દરમિયાન મને માત્ર માતાનો નહિ પણ માતા, પિતા, દાદી અને બહેન એ ચારેયનો પૂરો પ્રેમ મળ્યો હતો, એટલો બધો કે તેણે મને જીવનભર ચાલે એટલું અંતરના આનંદનું ભાથું બંધાવી આપ્યું. એ ચારમાંથી મેં બહેન અને પિતાના પ્રેમનું ઋણ મારી શક્તિ પ્રમાણે ચૂકવ્યું છે. માતા ને દાદીનું ઋણ ચૂકવવાની તક ન મળી તેનો મને કયારેક ઊંડો અફસોસ થાય છે.

ચારમાં સૌથી મોટો પ્રેમ માતાનો હતો. (અમે એને બા કહેતાં અને હું એનો એ શબ્દથી જ ઉલ્લેખ કરીશ.) બાના હૃદયમાં પ્રેમનું અમૃત પ્રેરે એવું એના બાહ્ય સંયોગોમાં કશું નહોતું. ઊલટું, બાહ્ય દૃષ્ટિએ એનું જીવન દુઃખને કલેશથી ભરેલું હતું. દાદી કજિયાળાં હતાં અને બાને નિમિત્તે વારેવારે પિતાની સાથે ઝઘડો કરતાં પિતા બેયને ન્યાય કરવાનો પ્રયત્ન કરતા અને કયારેક બાને તો કયારેક દાદીને ધમકાવતા. બા રિસાળ હતી. મને યાદ છે કે એક દિવસ માથે કપડાંનું પોટલું મૂકી પિયર જવા ચાલી નીકળી હતી (જો કે એની માતા મૃત્યુ પામી હતી એટલે પિયરમાં તેને કૂંકૂ મળે એવું કશું નહોતું) અને પિતા તેની પાછળ જઇને તેને મનાવી લાવ્યા હતા. મારે એક સગાં માશી હતાં (બહુ મોટી ઉંમર સુધી મને ખબર નહોતી કે એ બાનાં સગાં કે ઓરમાન બહેન હતાં) તેમનું લગ્ન અમારા મહોલ્લામાં જ એક કુટુંબમાં જ થયું હતું. તેમની પાસેથી મેં સાંભળેલું કે એક સુવાવડના દિવસોમાં દાદીએ બાને કંઇક મહેણું માર્યું હશે, એટલે જૂના રિવાજ પ્રમાણે સુવાવડમાં સ્ત્રીઓ શીરો ખાતી તે બા લેતી નહોતી અને પિતાએ માશીને જઇને કહેલું, તારી બહેનને મનાવને કંઇક ખાય, નહિ તો મરી જશે.

બાનું સૌથી મોટું દુઃખ મારા સિવાય તેને જે પુત્રો જન્મ્યા (પાંચ જન્મ્યા હતા એમ કહેવાતું) તેમાંથી કોઇ જીવ્યો કે જીવતો નહોતો એ હતું. મને તેમાંના બેનું સ્મરણ છે. પહેલું મારી પછી જન્મેલા ભાઇને લગતા એક પ્રસંગનું. હું અમારા પડોશી કુટુંબના આંગણામાં મૂકેલી એક મોટી પાટ ઉપર ઊભો રહી પાટ આગળ ઊગેલા લીમડાના ઝાડની ડાળે લંગર નાખતો હતો, અને મારી પાછળ ભાઇ (એને બોટિયો કહેતા) ઊભા રહેવાનો પ્રયત્ન કરતો હતો. તે કયારે અને કયા રોગથી મરી ગયો તેનું મને બિલકુલ સ્મરણ નથી. બીજું સ્મરણ હું છ વર્ષનો હતો ત્યારે જન્મેલા અને જન્મ પછી થોડા માસમાં મૃત્યુ પામેલા ભાઇનું છે. મારા બાળપણનું મને એ એકમાત્ર દુઃખદ અને કરુણ સ્મરણ છે. એ ભાઇને રિકેટનો રોગ હશે, એટલે તેને નડિયાદની મિશન હોસ્પિટલમાં લઇ જઇને છાતીએ લાકડાની ખપાટો મૂકી પાટો બાંધાવેલો. એક રાત્રે તેને શ્વાસ ચડવો શરૂ થયો. બાએ પિતાને જગાડયા અને પિતાએ કાતર લઇ પાટો કાપી નાખ્યો. હું જાગી ગયો હતો અને પાટો કાપતા પિતાનું મારી સ્મૃતિમાં સ્પષ્ટ ચિત્ર છે.) બીજે દિવસે બપોરે ભાઇના છેલ્લા શ્વાસ શરૂ થયા. બા તેને ખોળામાં લઇ પૂર્વ તરફની દીવાલ ઉપર ગણપતિની આકૃતિ દોરેલી હતી તેની સામે જોઇ અને આખા શરીરે ધ્રુજતી આક્રંદ કરી માતાને આજીજી કરવા લાગી. મા, હું તારે શરણે છું, આ તારો દીકરો છે, તેને બચાવ. (તેનું આક્રંદ ચાલતું હતું ત્યાં તેના ઉપર ખૂબ વહાલ રાખતા તેના મામા કેળિયા વાસણાથી આવ્યા. બાએ સાન કરી તેમને પુરત પાછા જવાનું સૂચવી દીધું.) માતાએ બાની આજીજી ન સાંભળી અને એના પુત્રને પોતાનામાં સમાવી લીધો.

બાના દુઃખનો પાર ન રહ્યો. તે દિવસે તે ખૂબ રડીકૂટી, પુત્રનો

ભાઈના બાળકદેહને લઈ ગયા તેમની પાછળ બીજી સ્ત્રીઓની સાથે ચકલા સુધી જઈને બધાંની સાથે ઘેર પાછી આવી તે પછીય આંગણામાં બેસી તેણે રડવા ફૂટવાનું ચાલુ રાખ્યું. અને પછી તેને માતા આવ્યાં. છૂટા વાળે તેણે ઘૂણવાનું શરૂ કર્યું અને માતાનો વાણી પ્રવાહ શરૂ થયો. 'આજે મારો પવિત્ર દિવસ (એ ધનતેરસનો દિવસ હતો એવું મને સ્મરણ છે). તું કેમ આજે રડીકૂટી ? મારો દીકરો હતો અને હું લઈ ગઈ.' ભેગી થયેલી સ્ત્રીઓએ માતાને મનાવ્યાં. 'મા, આવતી દેવદિવાળીએ તમારા ગરબાની માંડવી મુકાવીશું. તમારી દીકરીને ક્ષમા કરો અને હવે જાઓ.' (સ્ત્રીઓએ માતાને આપેલા વચન પ્રમાણે અમારા પડોશીના ઘર આગળ માંડવીના ગરબા રાખ્યા હતા તે દિવસનું મને સ્પષ્ટ સ્મરણ છે. મારી આંખો દુખવા આવી હતી અને પિતા મને ખોળામાં લઈ પેલીપાર, જેની ઉપર ઊભો રહી હું લંગર નાખતો હતો, તેની ઉપર બેઠો હતો અને મને રાજી રાખવાનો પ્રયત્ન કરતા હતા.) થોડા સમય પછી માતા મનાયાં અને ગયાં. બા શાંત થઈ, હું બધું જોઈ અને સાંભળી રહ્યો હતો. એ સમયે તો મારું મન ક્ષુબ્ધ થયું હોય કે હું બીને ગભરાઈ ગયો હોઉં મને કશું સ્મરણ નથી. પણ આજે આ લખતી વેળા આખી ઘટના મારા સ્મૃતિપટ ઉપર જીવતી થાય છે. અને ઊંડે ઊંડે મારું ચિત્રતંત્ર ધ્રુજી ઊઠે છે તથા આંખ જરા ભીની થાય છે. એ દુઃખી બા માટે મારા હૃદયમાં કરુણાની ભરતી ઊભરાય છે. ચારપાંચ પુત્રોને મૃત્યુના મોમાં જતા જોયાનું કેટલું દુઃખ એના હૃદયમાં ભેગું થયું હશે, જે એ દિવસે ધક્કો મારીને બહાર નીકળી આવ્યું ? તે પછી એક વર્ષે તેને એક વધુ, મરેલો, પુત્ર જન્મ્યો, અને તે દિવસે તેય ગઈ. રાત્રિએ તે મૃત્યુ પામી ત્યારે હું ઊંઘતો હતો. સવારે જાગીને જાણ્યું ત્યારે મને કંઈ દુઃખ નહોતું થયું. એવા દૃષ્ટીતી રીતે લાગણી વિનાના મારા મનમાં આજે બા માટે કેમ કરુણા ઊભરાય છે એ કોણ કહી શકે ? ઉપનિષદ કહે છે, અને આજનું મનોવિજ્ઞાન સમર્થન કરે છે, તેમ માણસનું મન ગુફાની અંદર ગુફા જેવું છે.

આવાં દુઃખ અને કલેશ વચ્ચેય બાનો જીવનરસ અને મારા ઉપર વહેતો તેના હૃદયનો પ્રેમપ્રવાહ અંત સુધી સુકાયા નહોતા. તેનું એક કારણ એ હશે કે તેને પિતા ઉપર ખૂબ પ્રેમ હતો. તે તેમની સાથે લડતી ઝઘડતી, રડતી, રિસાતી, પણ તેમના વિશે કયારેય તેના મોમાંથી કડવા કે અપમાનના શબ્દો નીકળતાં મેં સાંભળ્યા નહોતા. તે સામાન્ય બેડૂતની, મા વિનાની, નિરક્ષર, સાસરે આવ્યા પછી બે અક્ષર લખતાં શીખેલી પુત્રી, તેને પિતા જેવો ભણેલો (પિતા અમારી કડવા પાટીદાર જ્ઞાતિમાં બીજા બી. એ. થનાર યુવક હતા). અને તે સમયે પ્રતિષ્ઠાવાળી ગણાતી એવી સરકારી કારકુનની (કમિશ્નરની ઓફિસમાં) નોકરી કરતો પતિ મળ્યો હતો તેને તે પોતાનું ધનભાગ્ય માનતી હશે. એ વિશે તે બોલતી નહિ, પણ પિતા પ્રત્યેનો તેનો અહોભાવ હું સ્પષ્ટ અનુભવતો. પિતા કયારેક ત્રણ લોટા ગોદડી અમને ભાઈબહેનને (ખાસ તો મને, પણ બહેનેય તે જોવા બેસતી) સૂર્યગ્રહણ ને ચંદ્રગ્રહણ કેવી રીતે થાય તે સમજાવતા, ત્યારે બા ય રસોડાનું કામકાજ બાજુ મુખભાવે કુતૂહલથી જોઈ રહેતી. પિતા સમજાવે અને થોડા દિવસમાં હું ભૂલી જાઉં એટલે પિતાને હું ફરી સમજાવવાનું કહું, એટલે ફરી એ જ રમત અને બાને બાળકના જેવું કુતૂહલ.

પિતાને નોકરી મળી પછી એકાદ વર્ષ માટે, મારા જન્મ પહેલાં, તેમની બદલી થયેલી. હું માનું છું કે એ વર્ષ બાના જીવનનો સૌથી સુખી સમય હશે. સાસુથી અને બીજા સગાંઓથી દૂર રહેવાનું, પોતાની ઇચ્છા પ્રમાણે ઘર વસાવવાનું અને ગોઠવવાનું, લાજ કાઢયા વિના છૂટથી આડોશીપાડોશીઓમાં હળવામળવાનું, કોઈ સરકારી કુટુંબ સાથે ય પરિચયમાં આવવાનું (એવું એક પંડ્યા નામના ડોકટરનું બ્રાહ્મણ કુટુંબ પિતાની બેડા બદલી થઈ ત્યારે ત્યાં હતું અને હું અવારનવાર જરૂર પડયે પાટાપટ્ટી કરાવવા તે ડોકટર પાસે જતો), એ સદ્‌ભાગ્યનું બાને સુખી સ્મરણ રહ્યું હતું, અને ફરી વળી પિતાની અમદાવાદ બહાર બદલી થશે એવી તે આશા રાખી રહી હતી. તેની એ આશા પૂરી ન થઈ. (પિતાની ૧૯૨૯ના એપ્રિલમાં બેડા કલેકટરના ચિટનીસ તરીકે બદલી થઈ તેના એક વર્ષ અને પાંચ મહિના પહેલાં તે મૃત્યુ પામી હતી. એ દિવસ જોવા તે જીવી હોત તો આનંદઘેલી થઈ જાત અને વર્ષો સુધી સહન કરેલાં બધાં દુઃખ અને કલેશ ભૂલી જાત.) પણ તેને એનો અસંતોષ નહોતો. તેને અમદાવાદની બહાર રહેવાનું સુખ ન મળ્યું તો તેના બદલામાં નવું ઘર બંધાયેલું જોવાનો સંતોષ મળ્યો. મહોલ્લામાં કેટલાંક અમારા એ નવા ઘરથી મોટાં અને સારાં ઘર હતાં. પણ તે બધાં જૂની રીત પ્રમાણે માટીથી બાંધેલાં હતાં. પિતાએ મહોલ્લામાં એકાદ અપવાદ સિવાય કદાચ આખા ગામમાં, પહેલું ચૂનાનું ઘર બંધાવ્યું. તે બંધાતું હતું ત્યારે બાને એટલો ઉત્સાહ હતો કે પોતે જાતે મજૂરો સાથે માથે તગારાં ઊંચકતી અને કડિયાને ઈંટો ને ચૂનો પહોંચાડવામાં જોડાતી. એક દિવસ માથેથી પગ ઉપર ઈંટ પડી હતી અને પગે પાટો બાંધ્યો હતો, પણ બાની સ્વૈચ્છિક મજૂરી અટકી નહોતી. (મને હંમેશાં શરીરશ્રમનું આકર્ષણ રહ્યું છે તે બા તરફથી વારસામાં મળ્યું હશે ?)

પિતાય દાદી ને બા વચ્ચે અથડામણના પ્રસંગો સિવાય બીજી રીતે બાને સહજ દાક્ષિણ્યભાવે રાખતા. તે પિયરથી પોતાને માટે જ્ઞાતિના સામાન્ય રિવાજ પ્રમાણે કંઈ લાવતી રહે એવો આગ્રહ રાખતા નહિ. (દાદીના અસંતોષનું મુખ્ય કારણ કદાચ આ હશે.) મારા દાદાજી (માતામહ) જીભે તોછડા હતા અને શહેરીઓ, જમાઈઓ અને ભાણિયાંને કયારેક વાગે એવાં શબ્દતીર મારતા. પણ પિતા તેમની સાથે પૂરા વિવેકથી વર્તતા. રસોઈમાં બાને દરરોજનાં રોટલી-રોટલો, દાળભાત ને બટાકા, રિંગણ, દૂધી કે કારેલાં જેવાં સાદાં શાક અને ખીચડી-કઢી સિવાય બીજું કંઈ કરવાનું ફાવતું નહિ (અપવાદમાં વેઢમી-દર અઠવાડિયે શનિવારે મને પ્રેમથી ખવડાવતી). એટલે કોઈ પ્રસંગે કે ઉત્સવના દિવસે શીરો કે દૂધપાક કે શીખંડ-પાસુંદી કરવાનાં હોય ત્યારે પિતા પોતે પ્રાઇમસ સ્ટવ કે મોટો ચૂલો લઈ બેસી જતા. (મનેય શીખંડ બનાવતાં શિખવાડેલું એટલે કોઈ વાર એ કામ મને સોંપતા.) સામાન્ય દિવસેય વખત હોય ત્યારે શાક સમારવા બેસતા. શિયાળો આવે ત્યારે સાલમપાક ને આમળાંનો મુરબ્બો બનાવતા. બાને તેમણે થોડું વાંચવા લખવાનું શીખવેલું, અને શિયાળામાં તેઓ કમિશ્નરની સાથે જિલ્લાઓ ફરવા નીકળે ત્યારે તે તેમને ઘરના સમાચાર આપતા ટૂંકા પત્રો લખતી. તેને કંઈક સંસ્કારશિક્ષણ મળે તે ઉદ્દેશથી પિતાએ ગિરધરકૃત રામાયણ વસાવ્યું હતું. (મોટી ઉંમરે મારો રામાયણપ્રેમ જોઈ પિતાએ મને કહ્યાનું

સ્મરણ છે કે હું ગર્ભમાં હતો ત્યારે આખે તે વંચેલું. પણ તેણે તે વાંચ્યું હશે કે નહિ, હું વાંચતો થયો તે પછી વારેવારે તેમાંથી રાગડા કાઢીને કંઈક વાંચતો.) અને છેલ્લી સુવાવડ વેળા તેને પ્રસૂતિની મુશ્કેલી થઈ ત્યારે પિતા મધરાતે શહેરમાં જઈ કોઈ અનુભવી નર્સને બોલાવી લાવ્યા હતા. મેં સાંભળ્યું હતું કે એ નર્સને પિતાએ ફીના રૂા. ૭૫ આપ્યા હતા. ખરીદ શક્તિની ગણતરીએ તે આજના લગભગ ૧૫૦૦ રૂપિયા જેટલા થાય. કોઈ પટેલ પતિ પત્નીનો જીવ બચાવવા એક રાતમાં એવડી મોટી રકમ ખર્ચે એ તે સમયે નવાઈની વાત હતી. મને આભાસ છે કે પિતાનું ગાંડપણ, કે ઉદારતા, ગામમાં ચર્ચાનો વિષય બની હતી.

આવા પતિ ઉપર આને કેટલો પ્રેમ હતો તેની સાબિતી આપતો એક પ્રસંગ મને ખૂબ યાદ રહી ગયો છે. અમારું નવું ઘર બંધાયા પછી એક દિવસ બપોરના સમયે પિતા જૂના ઘરની ઓસરીમાં બેસી સ્ટવ ઉપર પાણી ગરમ કરતા હતા. (શા માટે તે મને યાદ નથી.) અચાનક ગરમ પાણીની તપેલી ઊંધી વળી અને પાણી પિતાના હાથ ઉપર પડ્યું. પિતા બેભાન થઈને ઢળી પડ્યા. બા પાસે જ બેઠી હતી. તેણે આખું ગામ સાંભળે એવી રડારોળ કરી મૂકી. પિતાના એક પિતરાઈ ભાઈ તે તે સાંભળી દોડી આવ્યા. તેઓ ગામમાંથી અધકચરું ભણેલા કોઈ ડોક્ટરને બોલાવી લાવ્યા. અને સમયસર સારવાર મળતાં હોસ્પિટલમાં ગયા વિના પિતા બચી ગયા. બાની રડારોળ હજુ મને સંભળાય છે. એમાં એનો પિતા માટે કેટલો પ્રેમ પ્રગટ થયો હતો એ વિશે મારા મનમાં કોઈ શંકા નથી.

પતિને આવો પ્રેમ આપી શકતી બા એ પતિના એકના એક જીવતા રહેલા પુત્રને કેટલું પ્રેમઅમૃત પાતી તે હું છેક આ ઉંમરે સમજતો થયો. એ અમૃત પીતો હતો ત્યારે મને એની કશી કિંમત નહોતી. તેના બદલામાં હું બાને ક્યારેય વહાલ નહોતો કરતો. જઈને એના બોળામાં નહોતો બેસતો કે એના સાલ્લાના છેડે કે આંગળીએ નહોતો વળગતો. એને ક્યારેય વાર્તા કહેવાનો આગ્રહ કરતો નહિ (દાદીને કરતો), એની પાસે નવા નવા રમકડા કે નવી નવી ખાવાની વસ્તુઓ માગતો નહિ અને એને કંઈ કામમાં મદદ કરતો નહિ. (જોકે એ મને કંઈ કામ બતાવતી જ નહિ. પણ બતાવતી હોત તો હું ડહ્યો થઈને પ્રેમથી કરતો હોત કે કામ એની મને પૂરી શંકા છે. પિતા બતાવતા અને હું કરતો, પણ આપણા સમાજમાં કોણ જાણે કેવી રીતે બાળક માતા અને પિતા પ્રત્યેના વર્તનમાં ભેદ કરતાં શીખે છે તેમ હું પણ શીખ્યો હોઈશ.) બા મૃત્યુ પામી પછી એક દિવસે ય તેને યાદ કરી હું દિલગીર થયો હોઉં એમ મને યાદ નથી. તેના મૃત્યુ પછી ચાર માસે પિતાએ ફરી લગ્ન કર્યું ત્યારે લગ્નના બીજા દિવસે સવારે ઊઠીને હું નવી આવેલી બાના બોળામાં બેસી ગયો હતો (તે જોઈને પિતાના મોં ઉપર આનંદનું સ્મિત ફેલાયું હતું તે હું આજે ય જોઈ શકું છું). અને તે પછી ક્યારેય મને હું મા વિનાનો છું એવા ભાવનું દુઃખ થયું નથી.

અપરમાતા સાથે મારો બીજાંઓને આશ્ચર્ય થાય એવો સંબંધ રહ્યો છે. શરૂઆતમાં હું એમને બા કહેતો અને 'તું' કહી બોલાવતો, પણ પિતાની બેડા બદલી થઈ ત્યાં પડોશમાં એક ગરીબ મુસલમાન પિંજારાનું કુટુંબ રહેતું તેની બીબીએ એક દિવસ મને એમ બોલતો સાંભળીને ટોકયો, છોકરા, ઓરમાન માને 'તું' નહિ 'તમે' કહેવાય, અને એ દિવસથી હું તેમને 'તમે' કહેતો અને તેમના નામે 'ચંદનબેન' કહી બોલાવતો થયો. (છેક હમણાં સુધી એમ ચાલ્યું. પણ હવે હું બીજાંઓની સાથે વાતચીતમાં તેમનો ઉલ્લેખ કરતાં તેમને બા કહું છું.) તેઓ પુત્રો સાથે અસારવા રહે છે. ત્યાં ૧૯૮૫ના ઉનાળા સુધી વર્ષ દરમિયાન કોઈવાર મળવા જતો ત્યારે તેમની સાથે હીંચકા ઉપર બેસી જૂની ને નવી વાતો કરતો, અને કોઈ વાર અમે સાથે મહોલ્લામાં નીકળતાં ત્યારે મારો લાકડી વિનાનો ડાબો હાથ તેમના ખભે મૂકીને ચાલતો તે મહોલ્લામાં બધાં જોઈ રહેતાં. વચ્ચેનાં વર્ષોમાં, સંસારમાં બને છે તેમ, અમારી વચ્ચે મતભેદ થયા હતા અને અમને એક બીજા સાથે મનદુઃખ થયું હતું, પણ એ ગાળામાંય અમારું એકબીજા સાથેનું વર્તન વિવેકી રહ્યું હતું, મારી બા સાથેના વર્તનમાં આવા ડહાપણનો કશો અંશ નહોતો. પણ ઊંડે ઊંડે મારું હૃદય બા પ્રેમ-અમૃત પાતી હતી તે સંધરતું જતું હતું, અને આજે એમાંથી અવારનવાર મધુર, અતિમધુર, સ્મૃતિચિત્રો સ્ફુરે છે અને વૃદ્ધાવસ્થાના મારા બીજા બાળપણને પહેલા બાળપણના સ્વર્ગીય આનંદથી ભરી દે છે.

ઉમરાવસભાના સભ્ય પણ હાડ આમસભાનું

● પન્નાલાલ ૨. શાહ

સ્વ. પરમાનંદ કાપડિયા એટલે સતત ઉહાપોહના, ચળવળના અને આંદોલનના આશક. ધર્મના નામે થતાં ધતિંગ, આડંબર, કપટ વગેરે એમની ગરુડ-દૃષ્ટિથી અછતાં ન રહે. બાહ્ય દેખાદેખીથી થતાં ખર્ચનો એમને ભારે રોષ. સમાજના ક્ષેમકુશળ માટે એને ભરડો લેવાની અજગર-વૃત્તિ તુરત જ એમનામાં સળવળી ઊઠે. અયોગ્ય દિક્ષા, બાળ લગ્નો અને લગ્નમાં થતાં કુજોડાં સામે એ જમાનામાં એમણે સત્યાગ્રહ આદરેલો. એની સીમા મુંબઈ-મહારાષ્ટ્રથી છેક રાજસ્થાન સુધી વિસ્તરેલી.

એક રીતે જોઈએ તો કુંઠિત થતાં સમાજ-જીવનમાંથી એમણે કાંકરા વીણીવીણીને સમાજને સાફ – સુથરો રાખવાનું સતત સત્કર્મ કરેલું. એમના પિતા સ્વ. કુંવરજી આણંદજી કાપડિયા જૈન ધર્મ અને શાસ્ત્રજ્ઞાનમાં નિપુણ. ભલભલા ધર્માચાર્યોં એની શાખ પૂરે. પરમાનંદભાઈએ એ આખોહવા બાલ્યકાળમાં ઝીલેલી, પણ જરા જુદી રીતે. એમના પિતા કરતાં એમની તાસીર જુદી. શાસ્ત્રજ્ઞાનમાં નિપુણતા એટલે એમના પિતાનો વારસો. એમાં એમનું આગવું વ્યક્તિત્વ ન ખીલે. રૂઢિચુસ્ત સમાજના નિભાડાનાં એમનો લડાયક જીવ પાકો થયેલો. એમણે પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ વિકસાવેલું. આ બધું સભાનપણે નહીં, પણ સહજભાવે થતું આવેલું. સમાજજીવનમાં બાળલગ્નો, વિધવા-વિવાહનો પ્રશ્ન, વયોવૃદ્ધ સાથે કળી જેવી યુવાન કન્યાના થતાં લગ્નથી એમનું અંતર ખળભળી ઊઠેલું. એવી કેટલીય સામાજિક સમસ્યાઓ સામે જેહાદ જગાવવામાં એમને એમનું જીવન સાર્થક થતું લાગેલું. માનસશાસ્ત્રની પરિભાષામાં એમ કહી શકાય કે પિતાની શાસ્ત્રનિપુણતા

અને ઘરમાં ધર્મના સતત વાતાવરણની એમનામાં થયેલી પ્રતિક્રિયાથી એમનું આવું મનોવલણ બંધાયેલું. પરંતુ એ એકાંગી કહી શકાય. સર્વાંગી દૃષ્ટિએ જોઈએ તો ધર્મ અને સમાજમાં જે દૂષણો અને મર્યાદા હતી તેને ઓળંગી જઈ સર્વાંગ સુંદર સમાજ સર્જવો એવી એમને મહેચ્છા રહેલી. એ રીતે એમના પિતાના કાર્યમાં તેઓ પૂરક બનેલા.

પરમાનંદભાઈ શિસ્તના દૃઢ આગ્રહી. ઈ. સ. ૧૯૬૯ ના અરસામાં ભારતીય રાજકારણ ખળભળી ઊઠેલું. એ વખતે પક્ષાંતર જાણે રોજિંદી ઘટના બની ગયેલી. દેશના વિરોધ પક્ષના એક અગ્રણી રાજપુરુષે એ વખતે પક્ષાંતર કરેલું. એ વિષે 'પ્રબુદ્ધ જીવન'માં એમણે સૂચક રીતે ટકોર કરેલી કે જે પક્ષના કાર્યક્રમ હેઠળ તેઓ ચૂંટાયા એથી વિરુદ્ધ નીતિ ધરાવતા પક્ષમાં જોડાવું એ મતદારોનો દ્રોહ ગણાય. એટલે સૌ પ્રથમ એમણે ધારાસભ્ય તરીકે રાજીનામું આપવું જોઈએ અને નવા પક્ષની નીતિ માટે લોકસભાની બેઠકની પુનઃ ચૂંટણી લડી મતદારોનો વિશ્વાસ સંપાદન કરવો જોઈએ. એમની આ વિચારસરણીના મૂળ એમના જીવનમાં જોવા મળે છે. ચાલીશીના દાયકામાં એમની દીકરીની સગાઈ એમની જ્ઞાતિના વતુંળ બહાર કરવાનો એમને પ્રસંગ પડેલો. એ વખતે જ્ઞાતિ બંધન-ચુસ્ત. એટલે પોતાની દીકરીની સગાઈ જ્ઞાતિ બહાર કરતાં પહેલાં એમણે જ્ઞાતિના સામાન્ય સભ્યપદેથી રાજીનામું આપેલું. એ કારણથી કે જ્ઞાતિના જે નિયમો હોય એને પોતે સમર્થન આપતા ન હોય તો જ્ઞાતિમાં રહીને એનો ભંગ કરવો એમાં એમને નૈતિક ઉણપ જણાયેલી. જ્ઞાતિ સંસ્થા એટલે વ્યક્તિના સર્વાંગી વિકાસને રુંધનારું પરિબળ એવી એમને પ્રતીતિ થયેલી. એ જમાનામાં જ્ઞાતિ સંસ્થા સામે માથું ઉચકનાર પરમાનંદ-ભાઈ જેવા હિંમતબાજ જવલ્લે જ જોવા મળે. એ યુગમાં દરિયાપાર જવું એ પણ જ્ઞાતિના નિયમોથી વિરુદ્ધ ગણાતું. એટલે પરમાનંદભાઈની જેમ સ્વ. વીરચંદ પાનાચંદ શાહે પણ એમની જ્ઞાતિના સામાન્ય સભ્યપદેથી રાજીનામું આપેલું. દૃષ્ટાંતોજ મૂલ્ય ધરાવતા બન્નેના રાજીનામાના પત્રો જૈન યુવક સંઘના એ વખતના મુખપત્ર 'તરુણ જૈન'માં છપાયેલાં.

એમણે જોઈ લીધેલું કે રૂઢિગ્રસ્ત સમાજના વિશાળ વર્ગમાં નૈતિક હિંમતનો અભાવ છે. એથી વિશેષ એમને પરંપરાગત જીવનમાંથી બહાર લાવવા અને ન્યાયસંગત જીવન જીવવા માટે વૈચારિક ભૂમિકાનો સમાજમાં અભાવ જણાયેલો. એટલે જાનવીને વિચારવંત કરીએ, સમાજમાં વિચારજાગૃતિ લાવીએ અને વ્યક્તિને વિચાર કરવાની પ્રેરણા આપીએ તો વ્યક્તિમાં અને અંતે સમાજમાં આપોઆપ પરિવર્તન થાય. આ માટે વૈચારિક સંસ્થા સ્થાપવી, એ દ્વારા વિચાર જાગૃતિ અને વિચાર-પરિવર્તન લાવનારી પ્રવૃત્તિઓ કરવી એ એમનું જીવનકાર્ય બની ગયેલું. ઈ. સ. ૧૯૨૮માં અને ૧૯૨૯માં અનુક્રમે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને શ્રી જૈન યુથ લીગ, મુંબઈની સ્થાપના થયેલી. બન્નેમાં તેઓ સ્થાપક-સભ્ય. બન્નેનો ઉદ્દેશ સમાન. એટલે બન્ને સંસ્થાનું એકીકરણ કરવામાં તેઓ નિમિત્ત બનેલાં.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સ્થાપના કાળથી એનું મુખપત્ર હોવું જોઈએ એવી એમણે દૃષ્ટિ રાખેલી. કારણ કે લોહિયાળ ક્રાંતિ અને ગાડરિયા-વૃત્તિ એ બંને આત્યંતિક માર્ગો છે. એથી પ્રજા અને આગેવાનો નીચા પડે છે. એટલે એમણે સંસ્થાનાં મુખપત્રો દ્વારા વિચાર વિનિમયના મધ્યમ માર્ગને પુરસ્કૃત કર્યો. આ મધ્યમ માર્ગને પ્રજા જેટલી નિર્ભયતાથી ગ્રહણ કરે તેટલી તેની શક્તિ વધે. પાયાની આ વાતને લક્ષમાં રાખી જૈન યુવક સંઘે પ્રારંભમાં 'મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા' ત્યાર બાદ 'તરુણ જૈન', 'પ્રબુદ્ધ જૈન' અને છેલ્લે 'પ્રબુદ્ધ જીવન' જેવાં સાપ્તાહિક-પાક્ષિક મુખપત્રો શરૂ કર્યાં. છેક ઈ. સ. ૧૯૨૯ થી વચ્ચેના થોડાંક વર્ષો બાદ કરતાં એમણે આ મુખપત્રોનું તંત્રીપદ આજીવન સંભાળેલું. વિચાર જાગૃતિ અને વિચાર પરિવર્તન માટે જૈન યુવક સંઘ દ્વારા પર્યુષણ વ્યાખ્યાનમાળા, સાપ્તાહિક વાચનાલય અને પુસ્તકાલય તેમ જ વસંત વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિ શરૂ થઈ તેમાં અન્ય કાર્યકરોની સાથે એમનું પ્રદાન મહત્ત્વનું રહેલું.

અનુભવોથી ઘડાતાં એમની દૃષ્ટિ ઉત્તરોત્તર વિશાળ બનેલી. જૈન યુવક સંઘની સ્થાપનાના એક દાયકા જેટલી સમય બાદ એટલે કે ઈ. સ. ૧૯૩૬માં જૈન યુવક સંઘે એના દ્વાર જૈનોના બધાં ફિરકાના સભ્યો માટે ખોલી નાખેલાં. પરિણામે ચીમનલાલ ચકુભાઈ શાહ પણ આ સંસ્થામાં જોડાયા. ઈ. સ. ૧૯૩૬ થી તેઓ પર્યુષણ વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતા. એટલે પરમાનંદ-ભાઈ એમના સંપર્કમાં ખરા. પરંતુ સંસ્થામાં એમના જોડાવાથી પરમાનંદભાઈ અને એમનો સંબંધ વિશેષ ગાઢ થયેલો. ત્યાર બાદ દૃષ્ટિની નવી ક્ષિતિજ ઊઘડી ઈ. સ. ૧૯૫૩ માં, જ્યારે સંસ્થાનું સભ્યપદ સૌ કોઈને માટે ખૂલ્લું મૂકવામાં આવ્યું અને 'પ્રબુદ્ધ જૈન'નું 'પ્રબુદ્ધ જીવન' તરીકે નવસંસ્કરણ કરવામાં આવ્યું.

અહિંસક આંદોલન અને સત્યાગ્રહની ચળવળથી ભારતમાં પરિવર્તનની આબોહવા બંધાયેલી સ્વ. પરમાનંદ-ભાઈએ જૈન સમાજમાં ક્રાંતિની મશાલ સળગાવેલી એટલે જૈન સમાજમાં પણ પરિવર્તનનું કાઠું બંધાતું જતું હતું એ સ્વ. ચીમનભાઈએ જોઈ લીધેલું. એ આબોહવાનું સમાજહિતમાં રીએરીંગ કરવામાં આવે તો સમાજને સાથે રાખીને બે ડગલાં આગળ લઈ જઈ શકાય એવી સ્વ. ચીમનભાઈએ ગણતરી કરેલી. સ્વ. પરમાનંદભાઈ મૂર્તિપૂજક જૈન અને સ્વ. ચીમનભાઈ સ્થાનકવાસી. મૂર્તિપૂજક સમાજમાં જે પ્રશ્નો હતા એવા પ્રશ્નો સ્થાનકવાસી સમાજમાં ન હતા. સ્વ. ચીમનભાઈએ સમાજને સાથે રાખીને સ્થાનકવાસી જૈન ઉપાશ્રયના પટાંગણમાં જૈન કલીનીકની શરૂઆત કરાવી, જે આજે હોસ્પિટલમાં રૂપાંતરિત થયું છે. મુંબઈના સ્થાનકવાસી સમાજને સાથે રાખીને એમણે માનવસેવાના અનેક કાર્યો કરાવ્યાં. બંનેની તુલના અહીં અપેક્ષિત નથી, છતાં એમ કહી શકાય કે સ્વ. પરમાનંદભાઈ ક્રાંતિના પ્રખર પુરસ્કર્તા હતા અને સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ સમાજને સાથે લઈને બે ડગલાં આગળ જવાના, સુધારાના હિમાયતી હતા.

જૈન યુવક સંઘના ઇતિહાસમાં 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે પરમાનંદભાઈએ યુગકાર્ય કર્યું. એના સંચાલનમાં જેટલો સમય તેઓ આપતા તેટલો સમય તેઓ પોતાના વ્યવસાયમાં આપતા નહિ. એક રીતે એમણે વ્રત લીધા વિના પરિગ્રહનું પરિમાણ બાંધેલું. એમણે કેટલાંય નવોદિત લેખકોને પ્રોત્સાહન આપેલું. આજના અગ્રણી સાહિત્યકારોને એમણે 'પ્રબુદ્ધ જીવન'ના પારણે ઝુલાવેલા. એમના વિકાસની પ્રથમ લિપિનો અણસાર અહીં ઉકેલી શકાય છે. મારે પણ 'પ્રબુદ્ધ જીવન' નિમિત્તે એમના અંગત સંપર્કમાં આવવાનું થયેલું.

ઈ. સ. ૧૯૧૪નું વર્ષ સ્વ. વીરચંદ ગાંધીની જન્મ-

શતાબ્દીનું વર્ષ હતું. ઇ. સ ૧૮૯૩માં શિકાગોમાં ભરાયેલી વિશ્વધર્મ પરિષદમાં જૈન સ્વામી વિવેકાનંદ હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે હાજર રહેલાં તેમ સ્વ. વીરચંદ રાઘવજી ગાંધી જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત થયેલા સ્વામી વિવેકાનંદ અને વીરચંદ ગાંધીનું કાર્યક્ષેત્ર એક એટલે એ બન્નેની તુલના કરતો એક લેખ મેં 'પ્રબુદ્ધ જીવન' માટે મોકલેલો, જે પરમાનંદભાઇને સ્વીકારવા યોગ્ય જણાયેલો નહીં. એટલે જૈન યુવક સંઘના કાર્યાલયમંત્રી શ્રી શાંતિલાલ ટી. શેઠ મારફત એ લેખ મને પરત મોકલેલો અને સૂચના આપેલી કે અનુકૂળતાએ મારે તેમને મળવું. તેમની સૂચના મુજબ હું એમને મળેલો ત્યારે મારા લેખ વિષે એમણે કહેલું કે સ્વામી વિવેકાનંદ સન્યાસી હતા. એની સાથે સ્વ. વીરચંદ ગાંધીની તુલના થઇ શકે નહિ. મેં મારું દૃષ્ટિબિંદુ રજૂ કરેલું કે વીરચંદ ગાંધી જૈન ધર્મના પ્રતિનિધિ હતા પરંતુ સાથે સાથે ષડદર્શનના પણ અભ્યાસી હતા. વિદેશમાં એમણે હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિ વિષે પ્રવચનો આપેલાં. વિશ્વધર્મ પરિષદમાં લંડનના એક પાદરીએ હિન્દુ ધર્મની અણછાજતી ટીકા કરેલી ત્યારે સ્વ. વીરચંદભાઇએ વિશ્વધર્મ પરિષદના ગૌરવને છાજે એવો પ્રત્યુત્તર પણ આપેલો અને એમણે માનવસેવાના પણ કાર્યો કરેલાં વગેરે. આમ છતાં હું પરમાનંદભાઇને મારા દૃષ્ટિબિંદુની પ્રતીતિ કરાવી શકેલો નહીં. હું જોઇ શકયો કે સ્વ. પરમાનંદભાઇના મનમાં સ્વામી વિવેકાનંદની ઊંચી પ્રતિષ્ઠા હતી.

આ પ્રસંગમાં મુખ્ય અને મહત્ત્વની વાત એ છે કે લેખના સ્વીકાર-અસ્વીકારનો નિર્ણય કરવાનો સામયિકના તંત્રીને અબાધિત [અધિકાર છે] અને લેખકને તેનાં કારણો આપવાની જરૂરત રહેતી નથી. એવી કાર્યવાહીમાં તંત્રી પડે તો એમનો પુષ્કળ સમય વેડફાઇ જાય. આમ છતાં સ્વ. પરમાનંદભાઇ આવા અબાધિત અધિકારના ભોગવટાના મતના ન હતા. પોતાનો લેખકમિત્ર-પછી તે ગમે તેટલો મોટો કે નાનો હોય તો પણ એમને રૂબરૂ કે પત્રવ્યવહારથી પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવતા. એમાં માનવીય સ્પર્શ હતો. નવોદિત લેખકોની સાથે તેઓ આ રીતે આત્મીયતા કેળવતા. એમને માનવીય સંબંધોમાં જીવંત રસ હતો.

પરમાનંદભાઇને પ્રવાસ-પર્યટનનો ભારે શોખ. પરમાનંદભાઇ જૈન યુવક સંઘના સભ્યોનું વખતોવખત પર્યટન ગોઠવે. કુદરતના સૌંદર્ય અને સાન્નિધ્યને માણે, સાથીદારોની મીઠી મજાક કરે. જૈન યુવક સંઘની કારોબારી સમિતિના એક સભ્યની પત્નીનું નામ શ્રીમતી વિદ્યાબેન. એટલે એમના પતિને 'વિદ્યા-પતિ' તરીકે સંબોધે. એવી નિર્દોષ મીઠી મજાક, પ્રવાસનો સંવેદન પ્રવાહ, અકુંઠિત નિખાલસ વ્યક્તિત્વથી રસાઇને આવતા એમના કે સાથીદારો દ્વારા આવતા યાત્રાવૃત્તાંત 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો રસથી માણતા.

'પ્રબુદ્ધ જીવન' કે જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળા કે ક્રાંતિનો પિંડ બાંધતા બાંધતા એમને પં. સુખલાલજી, પં. બેચરદાસ, કાકાસાહેબ કાલેલકર, મુનિ જિનવિજય, ચીમનલાલ ચકુભાઇ વગેરે વિદ્વાનો અને ચિંતકોનો સથવારો મળ્યો. આવા ઉત્તમ કોટિના વિચારકોની ઉમરાવ-સભાના તેઓ સભ્ય હતા. આમ છતાં એમનું હાડ આમ સંભાનું હતું. એટલે સર્જનાત્મક કૃતિ કરતાં સમાજની સમસ્યા અને સામાન્ય લોકોના પ્રશ્નો તરફ એમનો ઝોક અને ગતિ વિશેષ રહેતી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: વાર્ષિક વૃત્તાંત

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓનું પ્રેરકબળ છે.- વિચાર જાગૃતિ અને વિચાર પરિવર્તન. માનવીને વિચારવંત કરવો અને તેનામાં સારાસાર વિવેક જાગૃત કરવો એ તેનું લક્ષ્ય રહ્યું છે. આ ધ્યેયને અનુલક્ષીને હાથ ધરાતી પ્રવૃત્તિઓના કારણે સાડા પાંચ દાયકાના અંતે આ સંસ્થા વિચારલક્ષી પ્રવૃત્તિનું સમાજ માટે મુખ્ય પરિબળ બની રહી છે.

'સંઘ' એના ૫૭મા વર્ષની યાત્રા હવે પૂરી કરે છે, ત્યારે વીતેલાં વર્ષની વિવિધ પ્રવૃત્તિઓનું અહીં દિગ્દર્શન કરાવતાં અમે આનંદ અનુભવીએ છીએ. વર્ષ દરમિયાન હાથ ધરાયેલી મોટા ભાગની પ્રવૃત્તિઓનો સવિગત અહેવાલ 'પ્રબુદ્ધ જીવન'માં અગાઉ પ્રગટ થયેલ છે. એટલે અહીં એ પ્રવૃત્તિઓ પર ઊડતી નજરે અવલોકન કરીશું.

વહીવટી અને આર્થિક દૃષ્ટિએ આ અહેવાલ તા. ૧-૧-'૮૫ થી તા. ૩૧-૧૨-'૮૫ સુધીનો અને કાર્યવાહીની દૃષ્ટિએ છેલ્લી વાર્ષિક સામાન્ય સભા તા. ૩૦-૪-'૮૫ રોજ મળી ત્યાર સુધીનો, એટલે કે તા. ૧૨-૪-'૮૬ સુધીનો છે.

'સંઘ'ના સભ્યો

'સંઘ'ના સભ્યોની સંખ્યા હાલ આ પ્રમાણે છે: પેટ્રન સભ્યો-૧૨૧, આજીવન સભ્યો-૧૧૬૭ સામાન્ય સભ્યો-૧૪૨ અને 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો-૪૬૦.

'પ્રબુદ્ધ જીવન'

'પ્રબુદ્ધ જીવન' શ્રી જૈન યુવક સંઘનું મુખપત્ર છે, તેમ એક વૈચારિક સામયિક પણ છે. યથાશક્ય નિયમિતપણે પ્રગટ કરવા માટે અમે સતત પ્રયત્નશીલ રહીએ છીએ. સુપ્રતિષ્ઠિત વિદ્વાન લેખકોનો અમને સારો સહકાર સતત સાંપડતો રહ્યો છે, જે માટે અમે તેમના ખૂબ આભારી છીએ. સાહિત્ય, શિક્ષણ, ધર્મ, રાજકારણ, વિજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજસેવા ઇત્યાદિ વિવિધ ક્ષેત્રોના વિવિધ વિષયો પર લેખો છાપીને 'પ્રબુદ્ધ જીવન'માં વૈવિધ્ય જાળવવા પ્રયત્ન કરીએ છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના હિસાબો પ્રગટ કર્યા છે, તે અનુસાર વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો રૂા. ૪૬,૬૮૭/૨૧ થયો છે. વહીવટી ખર્ચમાં વધારો અને વધતા જતા કાગળના અને છાપકામના ભાવોને લક્ષમાં રાખી 'પ્રબુદ્ધ જીવન'નું લવાજમ રૂા. ૨૦/- હતું તે તા. ૧-૧-૧૯૮૫થી વધારીને રૂા. ૩૦/- કરવામાં આવ્યું છે.

'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતા લેખોને અન્ય દૈનિકો અને સામયિકો ઉધ્ધૃત કરે છે એ આપણા માટે ગૌરવની બાબત છે.

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય.

પુસ્તકાલયમાં વર્ષ દરમિયાન રૂ. ૭૨૧૩/૩૫નાં પુસ્તકો વસાવવામાં આવ્યાં. વર્ષ આખરે આશરે ૧૩૦૦૦ પુસ્તકો છે.

વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો રૂ. ૪૩,૯૩૫/૭૮ થયો. તેમાંથી બૃહદ મુંબઇ મહાનગરપાલિકા તરફથી મળેલ ગ્રાન્ટના રૂ. ૧૦,૦૦૦/- બાદ જતા એકંદર ખાધ રૂ. ૩૩,૯૩૫/૭૮ ની રહી છે.

વાચનાલયમાં ૧૫ દૈનિકો, ૩૦ સાપ્તાહિકો, ૧૪ પાક્ષિકો, ૪૧ માસિકો અને ૯ વાર્ષિક સહિત ૧૦૯ સામયિકો આવે છે. ભાષાકીય દૃષ્ટિએ ૯૧ ગુજરાતી, ૯ હિન્દી, ૭ અંગ્રેજી અને ૨ મરાઠી સામયિક આવે છે.

વાચનાલય અને પુસ્તકાલય સમિતિના સભ્યો અને મંત્રી શ્રી હરિભાઈ ગુલાબચંદ શાહનો તેમજ બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનનો અમે આભાર માનીએ છીએ. બૃહદ મુંબઈ મહાનગરપાલિકા તરફથી પુસ્તકાલયને અનુદાન મળે એ માટે શ્રી હરિભાઈ વિશેષ જહેમત લ્યે છે એનો અમને આનંદ છે.

પ્રેમળજ્યોતિ

'સંઘ' સંચાલિત અને ખંભાતનિવાસી શ્રી મહાસુખભાઈ પ્રેરિત 'પ્રેમળજ્યોતિ'ના ઉપક્રમે વર્ષ દરમિયાન નીચે મુજબ કાર્યક્રમો યોજાયા હતા. જુદા જુદા સ્થળે નીચે મુજબ ટેલિફોન બૂથો અપાયાં હતાં.

* તા. ૪-૧-૮૫ના ભાયંદર ખાતે
* તા. ૫-૨-૮૫ના સાયનમાં
* તા. ૧૮-૩-૮૫ના કાંદિવલી ખાતે
* તા. ૧૫-૮-૮૫ના મલાડમાં
* તા. ૧૮-૧૦-૮૫ના અંધેરી, પાશ્ચિમમા
* તા. ૬-૧૨-૮૫ના મલાડ, સુંદરનગર ખાતે આ ઉપરાંત તા. ૨૫-૧-૮૬ના વરલી ખાતે 'નેબ'માં બાવીસ હજારના સિલાઈ મશીનો અપાયાં.

'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે એકયુપ્રેશર પદ્ધતિ દ્વારા શારીરિક રોગોની સારવાર કરવાની તાલીમ આપવાના વર્ગો છેલ્લા ત્રણ વર્ષથી નિયમિત ચાલે છે. તેમાં સારી એવી સંખ્યામાં ભાઈઓ અને બહેનો ભાગ લઈ રહ્યા છે. આ તાલીમ વર્ગના સંચાલક શ્રી જગમોહનભાઈ દાસાણી માનાર્હ સેવા આપે છે તેમના અમે ઋણી છીએ.

'પ્રેમળ જ્યોતિ'નાં સંયોજકો શ્રીમતી નિરુબેન શાહ અને શ્રીમતી કમલબેન પીસપાટીની જાત દેખરેખ હેઠળ 'પ્રેમળ-જ્યોતિ'ની પ્રવૃત્તિઓ સુપેરે ચાલી રહી છે, એ માટે તેમના અને અન્ય કાર્યકર બહેનોના અમે આભારી છીએ.

વિલે પાર્લેની 'પ્રેમળ જ્યોતિ'ની શાખા

મંગળવાર, તા. ૨-૧૦-'૮૪ના રોજ 'પ્રેમળ જ્યોતિ'ની વિલે પાર્લે શાખાનો પ્રારંભ થયો હતો. આ શાખાની બહેનો દર ગુરુવારે વિલે પાર્લેની નાણાવટી હોસ્પિટલના દર્દીઓને આર્થિક સહાય આપે છે. આ શાખાનાં સંયોજકો તરીકે શ્રીમતી રિમતાબેન કામદાર અને શ્રીમતી સુલીબેન હીરાણી સેવા આપે છે તેની સાભાર નોંધ લઈએ છીએ.

અસ્થિ સારવાર કેન્દ્ર, મુંબઈ

'સંઘ'ના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં તા. ૩૧-૭-૧૯૮૩થી અસ્થિ સારવાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રમાં હાડકાંનાં દરદોના નિષ્ણાત ડૉ. જે. પી. પીઠાવાળા દર રવિવારે ૯-૦૦ થી ૧-૧૦ દરમિયાન સ્લીપ ડીસ્ક, મણકાની તકલીફ, ઘૂંટણનો સોજો, પગની એડી અને કોણીનો દુખાવો, ખભાનું જામ થઈ જવું કે વારંવાર ઊતરી જવું, બેન ટી. બી., શરઆતનો પોલિયો, રપ્યોન્ડીલેસિસ આદિ રોગોની સેવાભાવે સારવાર કરે છે. દવાનો ખર્ચ દરદીઓએ આપવાનો રહે છે. તેમાં પણ યોગ્ય દરદીને રાહત આપવામાં આવે છે. આ કેન્દ્રના સંયોજક તરીકે કારોબારી સમિતિના સભ્ય શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ દર રવિવારે અચૂક હાજર રહી સેવા આપી રહ્યા છે એમના અને ડૉ. પીઠાવાલાના અમે ઋણી છીએ.

વિલે પાર્લેમાં અસ્થિ સારવાર કેન્દ્ર

શનિવાર, તા. ૨૬-૧-'૮૫ના રોજ શરૂ થયેલા આ કેન્દ્રમાં દર મહિનાના છેલ્લા શનિવારે બપોરના ૩-૩૦ થી ૭-૦૦ દરમિયાન અસ્થિ નિષ્ણાત ડૉ. જે. પી. પીઠાવાલા સેવા આપે છે. આ કેન્દ્રના સંયોજકો તરીકે શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ અને શ્રીમતી પણ્ણલેખાબેન દોશી સેવા આપે છે. તેઓ સૌનો અમે હાર્દિક આભાર માનીએ છીએ.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા

'સંઘ'ના ઉપક્રમે ઉપરોકત વ્યાખ્યાનમાળા તા. ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મી એપ્રિલ, ૧૯૮૫ એમ ચાર દિવસ માટે ઇન્ડિયન મરચન્ટ ચેમ્બરમાં રોજ સાંજના ૬/૧૫ કલાકે યોજાઈ હતી. વિષય હતો 'સમાજવાદી સમાજરચનાથી દેશની પ્રગતિ થઈ છે ખરી?' ચારેય દિવસના વ્યાખ્યાતા અનુક્રમે સંસદ સભ્ય પ્રા. મધુ દંડવતે, નહેરુ યુનિવર્સિટી, દિલ્હીના પ્રા. એમ. એલ. સેઠી, મુંબઈ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. પી. આર. બ્રહ્માનંદ અને ડી. એ. વી. કોલેજ, દિલ્હીના વાઇસ પ્રિન્સીપાલ ડૉ. ભાઈ મહાવીરે આ વિષય ઉપર રસપ્રદ પ્રવચનો આપ્યાં હતાં. આ વ્યાખ્યાન-શ્રેણીનું પ્રમુખસ્થાન શ્રી અમર જરીવાળાએ લીધું હતું તે માટે અમે તેમના આભારી છીએ.

ભકિત-સંગીત અને પ્રવચનો

'સંઘ'ના ઉપક્રમે રવિવાર, તા. ૫-૫-'૮૫ના રોજ ૯-૩૦ કલાકે ભારતીય વિદ્યા ભવનમાં પ્રા. તારાબેન ર. શાહના 'માતૃદેવો ભવ' અને ડૉ. રમણલાલ ચી. શાહના 'અરિહંતદેવ' એ વિષય પર મનનીય પ્રવચનો યોજાયાં હતાં. કાર્યક્રમના પ્રારંભમાં કુ. ઇન્દુબેન ધાનકે અધ્યાત્મિક ગીતો-ભજનો દ્વારા શ્રોતાઓને પ્રભાવિત કર્યા હતા. શ્રી ચીમનલાલ જે. શાહે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. શ્રી રજનીભાઈ વોરાના સહયોગથી આ કાર્યક્રમ આનંદ સંપન્ન થયો હતો.

'શ્રી ધીરજબેન દીપચંદ શાહ રમકડા ઘર'નું ઉદ્ઘાટન

'સંઘ'ના ઉપક્રમે બાળકો માટેની આ વિશિષ્ટ પ્રવૃત્તિનો પ્રારંભ થયો. રવિવાર, તા. ૫-૫-૮૫ના રોજ સાંજના ચાર વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી અક્ષય રાજેન્દ્ર શાહ (ઉ. વ. ૧૦)ના વરદ હસ્તે 'રમકડા ઘર'ની પ્રવૃત્તિને ખૂલ્લી મૂકવામાં આવી હતી. આ સમારોહના પ્રમુખસ્થાને કુ. પ્રાચી ધનવંત શાહ (ઉ. વ. ૧૦) અને અતિથિવિશેષપદે કુ. નિશ્ચિતા નીતિનભાઈ શાહ (ઉ. વ. ૮) હતાં. સંઘના આ કાર્યક્રમમાં પ્રમુખ, અતિથિવિશેષ અને ઉદ્ઘાટક બાળકોએ બાળ શૈલીમાં સુંદર વકતવ્યો કર્યાં હતાં. શ્રીમતી કોકીલાબેને વકાણીએ બાળગીતો રજૂ કર્યાં હતા. આ પ્રસંગે શ્રી જે. આર. શાહ, શ્રી કે. પી. શાહ, શ્રી શૈલેશભાઈ ડોઠારી, પ્રા. તારાબેન શાહ, ડૉ. અમૂલ શાહ અને ડૉ. રમણભાઈ શાહે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. શ્રી ચીમનલાલ જે. શાહે કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું. આ પ્રવૃત્તિના સંયોજક ડૉ. અમૂલ શાહનો અમે આ તકે આભાર માનીએ છીએ.

વિદેશ પ્રવાસે જનારાઓને શુભેચ્છા

'સંઘ'ના આશ્રયે જૈન સમાજના વિવિધ ક્ષેત્રોની તેજસ્વી વ્યકિતઓને વિદેશ પ્રવાસે મોકલવાનું નકકી થતાં જૈન સમાજના

અગ્રણી શ્રી જે. આર. શાહ ના પ્રમુખસ્થાને શુભેચ્છા-વિદાય આપવાનો એક સમારંભ બિરલા ક્રિડા કેન્દ્રમાં સોમવાર, તા. ૧-૫-૮૬ ના સાંજના સાત વાગે યોજાયો હતો. વિદેશ પ્રવાસે જનારાઓમાં (૧) શ્રી શાંતિલાલ ટી. શેઠ (૨) શ્રી અચુભાઇ પી. દોશી (૩) પ્રા. ચુલાબ દેઢિયા (૪) શ્રી નેમચંદ ગાલા (૫) શ્રી બંસીલાલ શાહ, ખંભાતવાળા (૬) શ્રી જયેન્દ્ર એમ. શાહ (૭) ડો. (પ્રા.) કલાબેન શાહ અને (૮) શ્રી દેવચંદ ગાલાનો સમાવેશ થતો હતો. ડો. રમણુલાલ શાહે આ યોજના પાછળનો ઉદ્દેશ સમજાવ્યો હતો. 'સંઘ'ના મંત્રીશ્રી કે. પી. શાહે વિદેશ જનાર વ્યકિતઓનો પરિચય આપ્યો હતો. શ્રી ચીમનલાલ જે. શાહે વિદેશ પ્રવાસની આ યોજનાની રૂપરેખા આપી હતી. પ્રા. તારાબેન શાહ, વસનજી લખમશી શાહ અને સમારંભના પ્રમુખશ્રીએ વિદેશ જતી વ્યકિતઓને શુભેચ્છા પાઠવી હતી. 'સંઘ'ના કોષાધ્યક્ષ શ્રી પ્રવીણભાઇ કે. શાહે આભાર માન્યો હતો.

યુરોપનો પ્રવાસ ખેડી પાછા ફરેલા જૈન મિત્રોનું અભિવાદન

'સંઘ'ની સ્પોન્સરશીપ યોજના હેઠળ વિદેશ ગયેલી વ્યકિતઓ પાછી ફરતાં તેમનું અભિવાદન કરવા માટેનો એક કાર્યક્રમ શ્રી જે. આર. શાહના પ્રમુખસ્થાને શનિવાર, તા. ૧૩-૭-૮૫ના સાંજના ૬-૧૫ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યો હતો. વિદેશ ગયેલી આઠેય વ્યકિતઓએ પોતાની વિદેશયાત્રાના અનુભવો રજૂ કર્યા હતા.

સંઘના ઉપપ્રમુખ શ્રી રસિકલાલ મો. ઝવેરીનું નિધન : શ્રદ્ધાંજલિ સભા

'સંઘ'ના ઉપપ્રમુખ શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરીનું મુંબઇમાં તેમના નિવાસસ્થાને મંગળવાર, તા. ૧૮-૬-૮૫ના રોજ અવસાન થતાં 'સંઘ'ને એક સક્રિય, સેવાભાવી સજ્જનની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. સદ્‌ગતશ્રીને શ્રદ્ધાંજલિ અર્પવા સ્વ. રસિકભાઇનાં સ્વજનો, મિત્રો અને શુભેચ્છકોની એક સભા શનિવાર, તા. ૨૨-૬-૮૫ના રોજ પરમાનંદ કાપડિયા સભાગૃહમાં સાંજના ૫-૦૦ કલાકે ડો. રમણુલાલ ચી. શાહના પ્રમુખસ્થાને મળી હતી.

આ સભાના પ્રારંભે શ્રીમતી કોકીલાબેન વકાણીએ ભજનો રજૂ કર્યાં હતાં. 'સંઘ'ના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહ, શ્રી વાડીભાઇ ડગલી, શ્રી રામુ પંડિત, શ્રી સુબોધભાઇ એમ. શાહ, શ્રી ગણપતભાઇ ઝવેરી, પ્રા. તારાબેન શાહ, શ્રી અમરભાઇ જરીવાલા, શ્રી કે. પી. શાહ, શ્રીમતી નિરુબેન શાહ, શ્રી શૈલેશભાઇ કોઠારી અને ડો. રમણુભાઇ શાહે સદ્‌ગતશ્રીને અંજલિ આપતા પ્રાસંગિક વકતવ્યો કર્યાં હતાં.

સંઘના નવા ઉપપ્રમુખ અને મંત્રી

'સંઘ'ની શનિવાર, તા. ૨૨-૬-૧૯૮૫ના રોજ મળેલી કાર્યવાહક સમિતિની સભામાં 'સંઘ'ના નવા ઉપપ્રમુખ શ્રી રસિકલાલ મો. ઝવેરીનું અવસાન થવાથી તેમની ખાલી પડેલી જગ્યા પર શ્રી ચીમનલાલ જે. શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

'સંઘ'ના મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહની ઉપપ્રમુખ તરીકે વરણી થતાં તેમની ખાલી પડેલી જગ્યાએ શ્રી પન્નાલાલ ૨. શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ટ્રસ્ટીઓ તરીકે શ્રી કે. પી. શાહ અને શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

રાજકોટમાં હાડકાંનાં દરદોની સારવારનો કેમ્પ

'સંઘ'ના ઉપક્રમે રાજકોટમાં તા. ૨૯, ૩૦, ૩૧ મી જુલાઇ અને તા. ૧લી ઓગસ્ટ, ૧૯૮૫ સુધી એમ ચાર દિવસ માટેનો અસ્થિ સારવાર કેમ્પ યોજાયો હતો. આ કેમ્પનું ઉદ્‌ઘાટન શ્રી શશિકાન્ત મહેતાએ કર્યું હતું. સમારંભના પ્રમુખસ્થાને શ્રી સી. એન. સંઘવી હતા. અતિથિવિશેષ તરીકે શ્રી કે. એસ. ત્રિવેદી પધાર્યા હતા. આ કેમ્પમાં ડો. પીઠાવાલાએ ૬૦૦ થી વધારે દરદીઓને સારવાર આપી હતી.

એ જ રીતે ઇનર વ્હીલ કલબ, રાજકોટના સહયોગથી રાજકોટમાં સોમવાર, મંગળવાર, બુધવાર અને ગુરુવાર, તા. ૨૦, ૨૧, ૨૨ અને ૨૩મી જાન્યુઆરી, ૧૯૮૬ એમ ચાર દિવસ માટે હાડકાંનાં દરદોની સારવાર માટેનો 'સંઘ' દ્વારા બીજો કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પનું ઉદ્‌ઘાટન શ્રીમતી લક્ષ્મીદેવી શિવરાજસિંહ જાડેજાએ કર્યું હતું. પ્રમુખસ્થાને ડો. રમણુલાલ ચી. શાહ હતા જ્યારે અતિથિવિશેષ તરીકે શ્રી શશિકાન્ત મહેતા અને શ્રી રમણિકલાલ નાગરદાસ પધાર્યા હતા. અસ્થિ ચિકિત્સક ડો. જે. પી. પીઠાવાલાએ આ કેમ્પમાં વિના મૂલ્યે સારવાર આપી હતી.

મરાઠી ચર્ચા સભા: 'घरकुळ आणि व्यक्तित्व'

'સંઘ'ના ઉપક્રમે શનિવાર, તા ૨૪-૮-૮૫ના સાંજના પાંચ વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રીમતી મૃણાલિની દેસાઇ દ્વારા 'घरकुळ आणि व्यक्तित्व' એ વિષય પર મરાઠીમાં વાર્તાલાપ રાખ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સંયોજક શ્રીમતી કમલબેન પીસપાટીએ ભારે જહેમત ઉઠાવી હતી. તેમનો આ તકે આભાર માનીએ છીએ.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

'સંઘ'ના ઉપક્રમે બુધવાર, તા. ૧૧-૯-૮૫થી તા. ૧૮-૯-૮૫ સુધી એમ આઠ દિવસની વ્યાખ્યાનમાળા ભારતીય વિદ્યા ભવન, કાનજી ખેતશી સભાગૃહ, કુલપતિ ક. મા. મુનશી માર્ગ, ચોપાટી, મુંબઇ-૪૦૦૦૦૭ ખાતે યોજવામાં આવી હતી. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડો. રમણુલાલ ચી. શાહે શોભાવ્યું હતું. ગત વર્ષની માફક આ વર્ષે પણ કોલેજ સરકીટ ટી. વી. ની વ્યવસ્થા રાખવામાં આવી હતી. વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ અને વિષયોની વિગતો આ પ્રમાણે છે:

વ્યાખ્યાતા	વિષય
શ્રી શશિકાન્ત મહેતા	કલ્પસૂત્ર
પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ	આંખનું મૌન
પં. રૂપચંદજી ભણશાલી	જૈન આચાર ક્રિયાઓનો શારીરિક પ્રભાવ
પૂ. મુનિશ્રી ધર્મધુરંધરવિજયજી	પશ્ચાતાપ
શ્રી હરિભાઇ કોઠારી	માનવી તો છે બીબી રેખા !
ડો. સાગરમલજી જૈન	જૈન ધર્મ મેં ધાર્મિક સહિષ્ણુતા
ડો. રમણુલાલ ચી. શાહ	પ્રાંતકમણ
ડો. કાંતિલાલ કાલાણી	આધ્યાત્મિક માર્ગની ખોજ
ડો. રામજીસિંહ	ગાંધી વિચાર પર જૈનધર્મનો પ્રભાવ
ડો. ગુણવંત શાહ	શ્રીકૃષ્ણનું જીવન-સંગીત
ડો. શેખરચંદ્ર જૈન	ધર્મ : માનવતા કે વિકાસનો સાધન
પ્રા. ચી. ના. પટેલ	ધર્મશ્રદ્ધાની કટોકટી

શ્રી વસંતભાઇ ઝોખાણી ધાર્મિક જીવનનું અધિષ્ઠાન : ત્યાગ અને વૈરાગ્ય

પૂ. મુનિશ્રી નિત્યાનંદવિજયજી સાધનાકાળ માપદંડ : સમતા

પ્રા. તારાબેન ર. શાહ ધર્મનું મૂળ–વિનય

પૂ. મોરારીબાપુ રામાયણમાં ભક્તિનો મહિમા

ઇ. સ. ૧૯૮૨ માં પર્યુષણ વ્યાખ્યાનમાળાના ખર્ચની ચિંતા ન રહે તે માટે મે. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ તરફથી રૂા. ૧, ૫૦,૦૦૯/– નો આર્થિક સહયોગ મળ્યો હતો. ત્યારબાદ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં કલેાઝ સરકિટ ટી. વી. ની વ્યવસ્થા કરવામાં આવે છે. પરિણામે પર્યુષણ પર્યુષણ વ્યાખ્યાનમાળાનો ખર્ચ વધ્યો. આ રીતે વધેલા ખર્ચની જવાબદારી સંઘને ભોગવવી ન પડે એ રીતનું આર્થિક આયોજન મે. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના પ્રતિનિધિ શ્રી જયંતીલાલ પી. શાહ અને ભાઇઓએ સ્વયંસ્ફુરણાથી કર્યું અને બીજા રૂ. ૧,૦૦,૦૦૦/–નું દાન સંઘને એ રીતે મળ્યું. આવી ઉદાર ભાવના માટે અમે તેઓનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

અધ્યાત્મ વર્ગ

'સંઘ' દ્વારા શનિવાર, તા. ૨૧–૬–૮૫ના શુભ દિને અધ્યાત્મ વર્ગનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અધ્યાત્મ વર્ગનું સંચાલન પં. શ્રી પનાલાલ જગજીવન ગાંધી કરી રહ્યા છે. દર શનિવારે બપોરે ૪–૦૦ થી ૫–૩૦ સુધી પરમાનંદ કાપડિયા હોલમાં આ વર્ગ ચાલે છે. ૩૦ જેટલા ભાઇઓ–બહેનો આ વર્ગમાં ભાગ લઈ રહ્યાં છે. અમે આ તકે પં. પનાભાઇ ગાંધીનો અને આ વર્ગના સંયોજક શ્રી તરુણાબેન બિપિનભાઇ શાહનો આભાર માનીએ છીએ.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાન શ્રેણી

'સંઘ'ના ઉપક્રમે શ્રી આત્માનંદ જૈન સભા પ્રેરિત ઉપરોકત વ્યાખ્યાન શ્રેણીનું ગયા વર્ષથી આયોજન કરવામાં આવે છે, તે મુજબ આ વર્ષે ગુરુવાર, તા. ૧૦–૧૦–૧૯૮૫ના સવારના ૯–૦૦ વાગે શ્રી શશિકાન્ત મહેતાનું 'જિનભકિત' અને પૂ. મુનિશ્રી નિત્યાનંદ વિજયજી મ. સાહેબનું 'સાધર્મિક ભકિત' એ વિષય પર વ્યાખ્યાન થયેલ હતું આ કાર્યક્રમને સફળ બનાવનાર સંયોજકો શ્રી શૈલેશભાઇ ડોકટારી અને શ્રી પનાલાલભાઇ છેડાનો અમે આ તકે આભાર માનીએ છીએ.

સરદાર વલ્લભભાઇ પટેલ સ્મૃતિ વ્યાખ્યાન

'સંઘ'ના ઉપક્રમે સરદાર વલ્લભભાઇ પટેલની જન્મ જયંતી નિમિત્તે ગુરુવાર, તા. ૩૧–૧૦–૮૫ ના સાંજના ૬–૦૦ કલાકે વાલચંદ હીરાચંદ સભાગૃહમાં 'સરદાર વલ્લભભાઇ પટેલ : ભારતની એકતાના વિધાતા, એ વિષય પર શ્રી અટલ બિહારી બાજપાઇનું પ્રવચન રાખવામાં આવેલ હતું. આ પ્રસંગે સરદારશ્રીના જીવન અંગેની તસવીરોનું અને ભારતના નામી–અનામી ક્રાંતિવીરની તસવીરોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું ઉદ્ઘાટન શ્રી અટલ બિહારી બાજપાઇએ કર્યું હતું.

પરિસંવાદ

'સંઘ'ના ઉપક્રમે શ્રી પરમાનંદ કાપડિયા સ્મારકનિધિના આર્થિક સહયોગથી શુક્રવાર, શનિવાર અને રવિવાર અનુક્રમે તા. ૧, ૨, અને ૩ નવેમ્બર, ૧૯૮૬ના રોજ વાલચંદ હીરાચંદ સભાગૃહમાં ક્રાંતિવીરો વિષે એક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો.

આ પરિસંવાદનું ઉદ્ઘાટન જસ્ટીસ ચંદ્રશેખર ધર્માધિકારીએ કર્યું હતું, જ્યારે પ્રમુખસ્થાને ડો. રમણલાલ ચી. શાહ હતા. પ્રથમ દિવસે 'વિશ્વના ક્રાંતિવીરો' વિષે કલકત્તા યુનિ. ના હિન્દી વિભાગના અધ્યક્ષ પ્રા. વિષ્ણુકાન્ત શાસ્ત્રીએ, બીજા દિવસે 'ભારતના ક્રાંતિકારીઓ'એ વિષય પર પ્રખર સમાજવાદી શ્રી એન. જી. ગોરેએ અને ત્રીજા દિવસે 'ગુજરાતના ક્રાંતિકારો' એ વિષે 'લોકસત્તા'ના જનરલ એડિટર શ્રી વિષ્ણુભાઇ પંડ્યાએ પ્રવચનો આપ્યાં હતાં. પરિષદના ત્રીજા દિવસે કાર્યક્રમના અંતે શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય અને દક્ષેશ ધ્રુવ વૃન્દે સ્વાતંત્ર્ય વેળાનાં ગીતોનો સુંદર કાર્યક્રમ આપ્યો હતો. આ પરિસંવાદના સંયોજકો શ્રી અમર જરીવાળા, ડો. ધનવંત શાહ અને પન્નાલાલ શાહનો અમે અત્રે આભાર માનીએ છીએ.

સંઘ દ્વારા નેત્રયજ્ઞ

'સંઘ'ના ઉપક્રમે શ્રી વિશ્વ વત્સલ ઔષધાલય, સર્વોદય આશ્રમ, ગુંદીના સહયોગથી રવિવાર, તા. ૧–૧૨–૮૫ ના રોજ ધંધુકા તાલુકાના ગાંફ ગામે એક નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના પ્રમુખસ્થાને શ્રી રસિકલાલ લહેરચંદ શાહ હતા. ઉદ્ઘાટન ડો. રમણલાલ ચી. શાહે કર્યું હતું. 'સંઘ' દ્વારા આ બીજો નેત્રયજ્ઞ હતો. અગાઉ રાણપુર અને ઉપરોકત બંને સંસ્થાના સંયુકત ઉપક્રમે નેત્રયજ્ઞ યોજવામાં આવેલ હતો.

વિદ્યાસત્ર

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રનું તા. ૮, ૯, અને ૧૦ જાન્યુઆરી, ૧૯૮૬ના રોજ ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં ડો. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાતા પદ્મશ્રી કે. કા. શાસ્ત્રીએ 'પ્રાચીન અમેરિકન સંસ્કૃતિ પર ભારતીય સંસ્કારનો પ્રભાવ' એ વિષય પર ત્રણ વ્યાખ્યાનો આપ્યાં હતાં. વ્યાખ્યાતા શ્રી કે. કા. શાસ્ત્રીનો અને વિદ્યાસત્રના સંયોજક પ્રા. તારાબેન ર. શાહનો અમે આભાર માનીએ છીએ.

'તત્ત્વવિચાર અને અભિવંદના'નું પ્રકાશન

'સંઘ'ના સ્વ. પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહે મુખ્યત્વે ઇ. સ. ૧૯૩૯ થી ૧૯૭૧ સુધીના સમયગાળામાં લખેલા લેખોનું પુસ્તક 'તત્ત્વવિચાર અને અભિવંદનાન'નું પ્રકાશન ગુરુવાર તા. ૮–૧–'૮૬ના સાંજના ૬–૦૦ વાગે શ્રી વાલચંદ હીરાચંદ સભાગૃહમાં પદ્મશ્રી કે. કા. શાસ્ત્રીના વરદ હસ્તે થયું હતું. આ પુસ્તકનું સંપાદન ડો. રમણલાલ ચી. શાહ, શ્રી પન્નાલાલ ર. શાહ અને પ્રા. ગુલાબ દેઢિયાએ કર્યું છે.

ધરમપુર ક્ષેત્રે

ધરમપુર આદિવાસી વિસ્તારમાં 'સંઘ' તરફથી અનાડે ફાઉન્ડેશન દ્વારા તબીબી અને કેળવણીનાં સેવા–કાર્યો છેલ્લાં ત્રણ વર્ષથી સારી રીતે ચાલે છે. તા. ૧૯–૧૧–૮૫ના રોજ અનાડે ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી કપૂરભાઇ ચંદ્રરિયાને રૂપિયા એક લાખનો ચેક ધરમપુર કોલેજને માટે આપવામાં આવ્યો હતો.

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ તાલીમ કેન્દ્રનું ઉદ્ઘાટન

પનવેલ નજીક તારા ગામે મુસ્તફ મહેરઅલી સેન્ટરના તાલીમ કેન્દ્રને સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહનું નામ આપવાની શરતે 'સંઘ' તરફથી રૂ. ૫૧,૦૦૦/ નું દાન આપેલ છે. આ નામ કરણવિધિ સમારંભ રવિવાર, તા. ૧૯–૧–૮૬ના સવારના ૧૦–૩૦ વાગે યોજવામાં આવ્યો હતો. આ સમારોહના પ્રમુખ-

રથાને યુસુફ મહેરઅલી સેન્ટરના પ્રમુખ શ્રી સાદઅલી હતા. તાલીમ કેન્દ્રનું ઉદ્‌ઘાટન જૈન સમાજના અગ્રણી શ્રી દીપચંદ એસ. ગાર્ડીએ કરેલ. અતિથિવિશેષ તરીકે શ્રી વસનજી લખમશી શાહ, શ્રી દામજીભાઇ એન્કરવાલા અને શ્રી મહિપતભાઇ જાદવજી શાહ પધાર્યા હતા. સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહની તસ્વીરની અનાવરણવિધિ જાણીતા ઉદ્યોગપતિ શ્રી વીરેન શાહે કરી હતી.

મહિલા વકતૃત્વ તાલીમ વર્ગ

'સંઘ'ના ઉપક્રમે ગત વર્ષની જેમ આ વર્ષે પણ પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શુક્રવાર, તા. ૨૧-૨-૮૬ થી બહેનો માટેનો એક વકતૃત્વ તાલીમ વર્ગ શરૂ કરવામાં આવ્યો છે. આ વર્ગનું સફળ સંચાલન કરનાર પ્રા. ધીરેન્દ્ર રેલિયાનો તથા સંયોજક શ્રી મીરાબેન મહેતાનો અમે આભાર માનીએ છીએ.

રાષ્ટ્રભાષા હિન્દીમાં વિચારગોષ્ઠિ

'સંઘ'ના ઉપક્રમે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શનિવાર, તા. ૨૨-૨-૮૬ ના સાંજના ૪-૦૦ કલાકે રાષ્ટ્રભાષા હિન્દીમાં વિચાર ગોષ્ઠિનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેનું ઉદ્‌ઘાટન મેયરશ્રી છગન ભૂજબળે કર્યું હતું. આ કાર્યક્રમમાં ડો. વિનોદ ગોદરેએ 'મધ્યકાલીન ભકિત પ્રવાહ' એ વિષે અને શ્રી વિશ્વનાથ સચદેવે 'અહિંસા' પર મનનીય વ્યાખ્યાનો આપ્યાં હતાં. અતિથિસ્થાનેથી શ્રી હરિશંકરે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમના સંયોજક શ્રી ખસંતલાલ નરસિંગપુરાએ આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત લીધી હતી તે બદલ અમે તેમના આભારી છીએ.

વાર્ષિક સ્નેહ સંમેલન

'સંઘ'ના ઉપક્રમે અને શ્રી વિદ્યાબેન મહાસુખલાલ ખંભાતવાળાના આર્થિક સહયોગથી રવિવાર, તા. ૨-૮-૮૬ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે તેજપાલ સભાગૃહમાં 'સંઘ'ના પેટ્રનો, આજીવન સભ્યો અને વાર્ષિક સભ્યોનું એક સ્નેહ સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી નવીન શાહ કૃત 'મહાવીર વંદના'નો દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમ અને તેમના વૃન્દ દ્વારા ભકિત સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. દાતાશ્રી વિદ્યાબેનનો અને આ પ્રવૃત્તિના સંયોજક શ્રી જયંતીલાલ પી. શાહનો અમે આભાર માનીએ છીએ.

સી. યુ. શાહ મેડીકલ એઇડ ફંડ

અત્યાર સુધી 'પ્રેમળ જ્યોતિ' દ્વારા જુદા જુદા દરદીઓને દવાના રૂપમાં જે સહાય કરવામાં આવતી હતી અને વિકસાવવા શ્રી સી. યુ. શાહ તરફથી રૂપિયા એક લાખના દાનનું વચન મળેલ છે વર્ષ દરમ્યાન રૂપિયા ૫૦૦૦૭ તેઓશ્રી તરફથી અને રૂા. ૩૯૮૫૫ જુદા જુદા મહાનુભાવો તરફથી મળેલ છે એ માટે અમે સૌના આભારી છીએ. આ ફંડ શ્રી સી. યુ. શાહ મેડીકલ એઇડ ફંડ તરીકે ઓળખાશે.

જે. વી. મહેતા અનાજ રાહત ફંડ

શ્રી જે. વી. મહેતાના કુટુંબીજનો તરફથી રૂા. ૨૫૦૦૭ અનાજ રાહત ફંડમાં મળતા જરૂરિયાતવાળાઓને રાહત દરે અનાજ અપાવવામાં આવે છે.

આ ફંડમાં ઉદારદિલે મહાનુભાવોને વિશેષ રકમ માટે અમે વિનંતી કરીએ છીએ.

આભાર

* વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની સાત સભા મળી હતી. કારોબારી સમિતિ, સહયોગ સમિતિ અને કારોબારી સમિતિના નિમંત્રિત સભ્યોનો દિલ અને ઉમંગથી સહકાર મળે છે એનો અમને આનંદ છે.

* 'સંઘ'ની પ્રવૃત્તિને લોકો સુધી પહોંચાડનારું માધ્યમ છે પ્રેસ. ચોથી જાગીરનાં ગુજરાતી, હિન્દી, મરાઠી, અને અંગ્રેજી ભાષાનાં મોતબર દૈનિકો અને સામયિકોએ 'સંઘ'ની દરેક પ્રવૃત્તિના અહેવાલ યોગ્ય રીતે પ્રગટ કરી સંઘને સમાજમાં નવું પરિમાણ આપ્યું છે. તો દરેક વર્તમાનપત્રો કે સામયિકોનો અત્રે આભાર માનીએ છીએ.

* ચોકકસ પ્રવૃત્તિ માટે મળેલા મોતબર રકમનાં દાન ઉપરાંત પણ વ્યાખ્યાનમાળા પ્રસંગે કે વર્ષ દરમિયાન 'સંઘ'ની વિવિધ પ્રવૃત્તિઓ માટે અવારનવાર અર્થ સિંચન કરનાર દાતાઓ તો કેમ ભૂલાય ? સર્વ દાતાઓનો આ તકે હાર્દિક આભાર માનીએ છીએ.

* આપણી વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો અને વ્યાખ્યાન શ્રેણી કે વાર્તાલાપના વિદ્વાન વકતાઓ તો આપણી પ્રવૃત્તિનું અંગ છે. એમના સહકાર માટે અમે દરેક વ્યાખ્યાતાનો આભાર માનીએ છીએ.

* 'સંઘ'નો કર્મચારીગણ પણ આપણી પ્રવૃત્તિમાં એટલો જ ઉપયોગી રહ્યો છે. એમની ચીવટ અને ખંતની નોંધ લેતાં અમને આનંદ થાય છે.

અમને આશા, વિશ્વાસ અને શ્રદ્ધા છે કે આવો જ ઉમંગ-ભર્યો સહકાર ભવિષ્યમાં 'સંઘ'ને મળતો રહેશે અને એથી સંઘની અવિરત વિકાસયાત્રા ચાલુ રહેશે.

નિ. ભવદીય,
કે. પી. શાહ
પન્નાલાલ ૨. શાહ
મંત્રીઓ

૦ કારોબારી સમિતિએ મંજૂર કર્યો તા. ૨૪-૩-'૮૬
૦ વાર્ષિક સામાન્ય સભાએ મંજૂર કર્યો તા. ૧૨-૪-'૮૬

(પૃષ્ઠ ૨૪૬ થી ચાલુ)

ધ્યાન ધરવું હોય તો તેમાં સમવસરણમાં બિરાજમાન ભગવાનના ચતુર્મુખ સ્વરૂપનું ધ્યાન ધરવું વિશેષ લાભકારક છે. સમવસરણને વિષય બનાવીને આ રીતે જે ધ્યાન ધરાય છે તેને 'સમવસરણ ધ્યાન' કહેવામાં આવે છે. હેમચંદ્રાચાર્ય કૃત 'યોગશાસ્ત્ર', દેવભદ્રાચાર્ય કૃત 'સિરિપાસનાહ ચરિય' વગેરે ગ્રન્થોમાં 'સમવસરણ ધ્યાન'ની પ્રક્રિયા સમજાવવામાં આવી છે. સર્વ પ્રકારના કર્મક્ષયને માટે, વિશેષત : ભારે અંતરાય કર્મના ત્વરિત ક્ષય માટે 'સમવસરણ ધ્યાન' ઘણું ઉપકારક છે. 'સમવસરણ ધ્યાન'ની પ્રક્રિયા કેટલાક શાસ્ત્ર ગ્રન્થોમાં જોવામાં જોવા મળે છે.

તીર્થંકર પરમાત્મા જ્યાં દેશના આપે છે એ સમવસરણનું સ્વરૂપ એવું દિવ્ય છે કે એની આરાધના માટે શાસ્ત્રકારોએ તપ-જપ-ધ્યાન ઇત્યાદિની ધર્મક્રિયા પણ દર્શાવેલી છે.

દર ચૌદશના દિવસે, એવી રીતે બાર મહિનામાં કુલ ચોવીસ દિવસ માટે સમવસરણને નિમિત્તે ઉપવાસ કરવાના વ્રતને 'સમવસરણ વ્રત' કહેવામાં આવે છે. સમવસરણ વ્રત દરમિયાન ॐ ह्रीं जगदाद्यद्वितीयाय सकलगुणकरण्डाय श्री सर्वज्ञाय अर्हत्परमेष्ठिने नमः નો ત્રિકાલ જાપ કરવામાં આવે છે.

આમ, તીર્થંકર ભગવાનના સમવસરણનો મહિમા જૈન ધર્મમાં અપાર છે.

રમણલાલ ચી. શાહ

(પૃષ્ઠ ૨૩૬ થી ચાલુ)

ઉપર સર્વ ઋતુઓનાં સર્વોત્તમ પુષ્પો હોય છે. વળી તેના ઉપર ત્રણ છત્ર, ધજાઓ, ઘંટાઓ, પતાકાઓ વગેરેની રચના પણ દેવો કરે છે.

આ અશોકવૃક્ષની ઉંચાઇ દરેક તીર્થંકરની ઉંચાઇ કરતાં બાર ગણી હોય છે.

અશોકવૃક્ષની ઉપર ચૈત્યવૃક્ષની રચના દેવો કરે છે. દરેક તીર્થંકરને કેવળજ્ઞાન કોઇક એક વૃક્ષ નીચે થાય છે. એટલા માટે એ વૃક્ષને ચૈત્યવૃક્ષ કહેવામાં આવે છે. ભગવાન ઋષભદેવથી શરૂ કરીને ભગવાન મહાવીરસ્વામી સુધીના ૨૪ તીર્થંકરોને જે વૃક્ષ નીચે કેવળજ્ઞાન થયું હતું તે ચૈત્યવૃક્ષોનાં નામ અનુક્રમે આ પ્રમાણે છે. (૧) ન્યગ્રોધ (૨) સપ્તપર્ણ (૩) સાલ (૪) પ્રિયક (૫) પ્રિયંગુ (૬) છત્રાધ (૭) સરસિ નાગવૃક્ષ (૮) માલીક (૧૦) પીલક્ષુ (૧૧) તિંદુગ (૧૨) પાડલ (૧૩) જંબુ (૧૪) અશ્વત્થ (૧૫) દધિપર્ણ (૧૬) નંદી (૧૭) તિલક (૧૮) આંબ (૧૯) અશોક (૨૦) ચંપક (૨૧) બકુલ (૨૨) વેડસ (૨૩) ધવ અને (૨૪) સાલ.

પ્રવેશ કર્યા પછી અશોક વૃક્ષને (તે દ્વારા ચૈત્ય વૃક્ષને) ત્રણ પ્રદક્ષિણા કરે છે. પછી ભગવાન પૂર્વ દિશાના સિંહાસન ઉપર એક અથવા ચરણ ટેકવે છે.

ભગવાન પોતે પુર્વ દિશામાં સિંહાસન ઉપર બેસે છે અને બાકીની ત્રણે દિશામાં વ્યંતર દેવતાઓ ભગવાનની ત્રણ પ્રતિકૃતિ (સિંહાસન અને પાદપીઠ સહિત) કરે છે. આ પ્રતિકૃતિ ભગવાનના પ્રભાવથી જ થાય છે અને તે સાક્ષાત્ ભગવાન જેવી જ લાગે છે. એમ થાય છે તે ભગવાનનો જ અતિશય છે.

સમવસરણમાં ભગવાન દેવતાઓની દિવ્ય રચનાને કારણે ચતુર્મુખ હોય છે, છતાં દરેક જીવને ભગવાનનું એક જ મુખ દેખાય છે. કોઇપણ જીવને એક કરતાં વધારે, બે કે ત્રણ કે ચાર મુખ દેખાતાં નથી આ પણ ભગવાનનો જ અતિશય છે. પૂર્વ દિશામાં ભગવાન સાક્ષાત્ બેઠા હોય છે અને બાકીની ત્રણે દિશામાં ભગવાનની પ્રતિકૃતિ હોય છે, તેમ છતાં બાકીની ત્રણે દિશાના કોઇપણ જીવને તેવો આભાસ થતો નથી કે આ ભગવાનની પ્રતિકૃતિ છે. દરેક જીવને ભગવાન એક સરખા જ દેખાય છે, વળી પૂર્વ દિશામાં રહેલા ભગવાનના મુખમાંથી જે વાણી પ્રગટે છે અને એમના મુખ ઉપર જેવા ભાવો હોય છે તેજ વાણી અને તેવા જ ભાવો, તેજ સમયે અન્ય દિશાની પ્રતિકૃતિઓમાં પણ જોવાય છે. દરેક જીવને ભગવાન પોતાની સન્મુખ છે, એવું લાગે છે, ભગવાન કયારેય કોઇપણ જીવને માટે પરાંગ મુખ હોતા નથી. 'વીતરાગ સ્તવ'ની અવચૂરિમાં કહ્યું છે કે 'तीर्थंकरा हि सर्वत: सन्मुखा एव, न तु पराङ्मुखा: कदापि।'

સમવસરણમાં બિરાજમાન થયાં પછી, દેશના આપતાં તીર્થંકર ભગવાન સર્વ પ્રથમ 'नमो तीथस्स' એમ કહી તીર્થને નમસ્કાર કરે છે. તીર્થ એટલે ચતુર્વિધ સંઘ. ભગવાન સર્વ પ્રથમ સંઘને નમસ્કાર કરે છે. પોતે તીર્થંકરપણું પ્રાપ્ત કરેલું હોવા છતાં સર્વ જીવોએ પૂજનીય વસ્તુની પૂજા કરવી જોઇએ એવો આદર્શ બતાવવા ભગવાન સંઘને નમસ્કાર કરે છે. એમાં એમનો વિનય રહેલો છે, અને સંઘનું મહાત્મ્ય રહેલું છે.

તીર્થનો એક અર્થ શ્રુતજ્ઞાન પણ છે. શ્રુતજ્ઞાનની આરાધનાથી જ અરિહંતપણું પ્રાપ્ત થાય છે. એટલે શ્રુતજ્ઞાન પ્રત્યેની પોતાની કૃતજ્ઞતા દર્શાવવા માટે પણ ભગવાન 'તીર્થ'ને નમસ્કાર કરે છે.

ભગવાન જ્યારે દેશના આપે છે ત્યારે ૩૫ ગુણથી યુક્ત પુષ્કર મેઘ સમાન ગંભીર એવી ભગવાનની વાણી સર્વ જીવોને પોતપોતાની ભાષામાં સમજાય છે, કારણ કે તે દિવ્યધ્વનિમય હોય છે. ભગવાન જે દેશના આપે છે તે માલકોશાદિ રાગમાં હોય છે, એથી સર્વજીવોને તે કર્ણમધુર, અમૃતતુલ્ય પ્રિય લાગે છે. વળી દિવ્ય ધ્વનિ યુક્ત ભગવાનની આ દેશનાને દેવો પોતાના વાજિંત્રો વડે વધારે પ્રિય બનાવે છે. ભગવાનની વાણી ચારેબાજુ એક યોજન સુધીના વિસ્તારમાં સાંભળી શકાય છે. એ સાંભળીને સર્વ જીવો અપાર હર્ષ અને શાંતિ અનુભવે છે. ભવભ્રમણનો તાપ ટાળનારી ભગવાનની વાણી કેટલાયે જીવોને તો તે જ જન્મમાં મુક્તિ અપાવનારી નીવડે છે.

પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવથી ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીરસ્વામી સુધીના સર્વ તીર્થંકરોએ જ્યારે જ્યારે દેશના આપી છે ત્યારે દેવોએ ત્યાં સમવસરણની રચના કરી છે, પરંતુ બધા તીર્થંકરોના સમવસરણની રચના એક જ માપની નથી હોતી. તીર્થંકરોના દેહમાન અનુસાર સમવસરણની રચના કરાય છે. ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના જીવનની સૌથી વધુ વિગતો આપણને મળે છે અને એમના સમવસરણની રચના અનુસાર ઘણી વિગતો અને માપ દર્શાવાય છે.

સમવસરણની રચના જુદા જુદા દેવો મળીને કરે છે, પરંતુ કોઇ એક જ દેવ સમગ્ર સમવસરણની રચના કરવા પણ શકિતમાન હોય છે

સમવસરણની રચના સામાન્ય રીતે વર્તુળાકાર હોય છે, પરંતુ કયારેક ચોરસ રચના પણ કરાય છે.

સમવસરણની રચનાની જુદી જુદી ભૂમિકા અથવા કોઠામાં કરવામાં આવે છે, જે મિથ્યા દૃષ્ટિ અભવ્ય જીવો હોય છે તેઓ સમવસરણની બાહ્ય કેટલીક રચનાઓ જોઇ શકે છે, તેનાથી અંજાઇ જાય છે, પરંતુ તેઓ સાક્ષાત ભગવાનને જોઇ શકતા નથી. જે જીવો સંદેહ કે સંશયવાળા હોય, ધર્મવિમુખ હોય કે વિપરીત અધ્યવસાયવાળા હોય, ભગવાનના દર્શન કરવાને અપાત્ર હોય તેવા જીવો પણ સમવસરણમાં ભગવાનના દર્શન કરી શકતા નથી, કરવા જાય તો ભગવાનના અને સમવસરણના દેદિપ્યમાન સ્વરૂપના પ્રકાશથી એમના નેત્ર એવા અંજાઇ જાય છે કે એમને કશું દેખાતું નથી. તેઓ અંધ જેવા થઇ જાય છે. જિજ્ઞાસારૂપી સંશય જેમના મનમાં હોય છે અથવા જેમના મનમાં જાગૃતાની ખંતેજારીથી પ્રશ્નો ઊઠે છે એવા જીવોના મનનું સમાધાન સમવસરણમાં ભગવાનનાં દર્શનથી કે દેશના શ્રવણથી થઇ જાય છે.

સમવસરણમાં તીર્થંકર ભગવાનનાં ચાર દિશામાં ચાર સરખાં રૂપ હોય છે, પરંતુ દરેક જીવોને પોતાની સન્મુખ એક જ રૂપ દેખાય છે. પરંતુ સમવસરણનો આપણે વિચાર કરીએ છીએ ત્યારે ત્યારે દિશામાં રહેલા ભગવાનના ચારે રૂપનો તરત વિચાર આવે છે. પદસ્થ, પિંડસ્થ રૂપસ્થ, અને રૂપાતીત એવા ચાર પ્રકારના ધ્યાનમાંથી તીર્થંકર ભગવાનનું રૂપસ્થ

(અનુસંધાન પૃષ્ઠ ૨૪૫ પર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪, રે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૫-૮૬ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી

મારા મિત્ર શ્રી નેમચંદ ગાલાએ લખેલા 'શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી' નામના પુસ્તકનો પ્રકાશન સમારોહ થોડા દિવસ પહેલાં થયો. એમણે ખૂબ પરિશ્રમ લઇને, ઘણી માહિતી એકઠી કરીને આ પુસ્તક તૈયાર કર્યું છે. 'શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી' વિષે અગાઉ નાની પુસ્તિકા રૂપે અથવા કોઇ ગ્રન્થના પ્રકરણ રૂપે કેટલુંક લેખનકા[illegible] થયું છે. આ પુસ્તક એ દિશામાં એક વધુ સવિગત સબળ [illegible]સ છે. શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજીના તુલનાત્મક અધ્યયન માટે ઘણો અવકાશ છે. કારણ કે શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી એ બંને એવી મહાન વિભૂતિઓ છે. તેમના વિષે વખતોવખત અભિગમથી અધ્યયન થયા કરશે.

શ્રીમદ્ રાજચંદ્ર વિષે ગાંધીજીએ પોતાની આત્મકથામાં અને અન્ય લખાણોમાં બહુમાનપૂર્વક નિર્દેશ કર્યો છે. પોતાના જીવન ઉપર અતિશય પ્રભાવ પાડનારી જે ત્રણ વ્યક્તિઓ એમણે ગણાવી છે તેમાં ટોલ્સ્ટોય કે રસ્કિન કરતાં મહત્ત્વની વ્યક્તિ તે રાજચંદ્ર-રાયચંદભાઇ છે. ગાંધીજી યુવાન વયે જ તેમના પ્રત્યક્ષ ગાઢ સંપર્કમાં આવ્યા હતા, અને ત્યાર પછી બંને વચ્ચે પત્રવ્યવહાર પણ થયો હતો. એ સમયે ગાંધીજી ઉપર રાજચંદ્રે લખેલા કેટલાક પત્રો જો ગુમ ન થઇ ગયા હોત તો બીજી અનેક બાબતો ઉપર સારો પ્રકાશ પાડત.

ઇંગ્લેન્ડથી ભારત પાછા ફર્યા તે જ દિવસે ગાંધીજી મુંબઇમાં ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને ત્યાં ઊતર્યા હતા. તે જ દિવસે એમને ત્યાં ગાંધીજીને રાજચંદ્રનો પરિચય થયો હતો. રાજચંદ્રનો જન્મ વિ. સં. ૧૯૨૪ના કાર્તિક પૂર્ણિમાના દિવસે થયો હતો અને ગાંધીજીનો જન્મ વિ. સં. ૧૯૨૫ના ભાદરવા વદ ૧૨ના રોજ થયો હતો. એટલે કે ગાંધીજી કરતાં રાજચંદ્ર લગભગ પોણા બે વર્ષ મોટા હતા. લગભગ ૨૨ વર્ષની ઉંમરે ગાંધીજી રાજચંદ્રના સંપર્કમાં આવ્યા. આટલી યુવાન વયે, ઇંગ્લેન્ડ જઇ બેરિસ્ટર થઇ આવેલા યુવાન ગાંધીજી, જેમણે શાળાનો મેટ્રિક સુધીનો કે કૉલેજનો અભ્યાસ કર્યો ન હતો અને જેમને અંગ્રેજી ભાષા આવડતી ન હતી એવા રાજચંદ્રથી પ્રભાવિત થઇ ગયા એ ઘટના જ બતાવે છે કે આ બંને મહાન વિભૂતિઓ પ્રથમ મિલન વખતે પણ કોઇ ભૌતિક નહિ પણ આધિભૌતિક સ્તર પર બિરાજતી હોવી જોઇએ. પરસ્પરના ઋણાનુબંધ પણ મહાન હોવા જોઇએ. આટલી નાની યુવાન વયે ગાંધીજી રાજચંદ્રને પોતાના આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે સ્વીકારે એ ઘટના પણ ગાંધીજી અને રાજચંદ્ર બંને પ્રત્યે માન પ્રેરે એવી છે. યુવાન વયે માણસને જ્યારે અનેક સ્વપ્ન હોય, તરંગ હોય, તમન્નાઓ હોય, પોતાની શક્તિ ઉપર અખૂટ વિશ્વાસ હોય ત્યારે પોતાની લગભગ સમકક્ષ વ્યક્તિને ઉચ્ચાસને સ્થાપવી, માર્ગદર્શક તરીકે સ્વીકારવી એમાં ગાંધીજીની નમ્રતા, સરળતા, નિખાલસતા અને ગુણગ્રાહકતા કેટલી બધી હતી તેની પ્રતીતિ કરાવે છે.

ગાંધીજી રાજચંદ્ર પ્રત્યે મુગ્ધ હતા. પોતે વિચક્ષણ પણ હતા. રાજચંદ્રની સાથે કોઇ પણ બાબત વિષે ગાંધીજીને મતભેદ થયેલો જણાયો નથી, થવાનું કારણ પણ પણ નથી, કારણ કે રાજચંદ્રનું તમામ ઉદ્બોધન સ્વાર્થરહિત, અંગત અપેક્ષા રહિત, કેવળ સ્વ'ના આત્મિક કલ્યાણના અર્થે હતું. ગાંધીજી પણ એ જાણતા હતા કે રાજચંદ્ર સ્વાર્થી આશયથી તેમને કશું કહેશે કે લખશે નહિ કે જાણી જોઇને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરશે નહિ. તટસ્થતા અને સમભાવ એ રાજચંદ્રના સ્વભાવનાં લક્ષણોની ગાંધીજીને પૂરી પ્રતીતિ થઇ ગઇ હતી. એટલા માટે જ રાજચંદ્રને પોતાના આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે સ્વીકારી તેઓ તેમનું માર્ગદર્શન મેળવતા હતા.

પ્રથમ મુલાકાતે રાજચંદ્રથી પ્રભાવિત થયા પછી ગાંધીજી ઉત્તરોત્તર વધુ અને વધુ પ્રભાવિત થતા રહ્યા હતા. આફ્રિકામાં ધર્માન્તર કરવાના પ્રસંગે એમણે બીજા કોઇને નહિ પણ રાજચંદ્રને સંભાર્યા. કેટલાક મહત્ત્વના પ્રશ્નો પુછાવ્યા. અને એના ઉત્તરથી સંતોષ પામી ધર્માન્તર કરતાં અટકી ગયા. આમ રાજચંદ્રનું ગાંધીજી ઉપર અને તે દ્વારા આપણા રાષ્ટ્ર ઉપર ઘણું મોટું ઋણ છે એમ કહી શકાય. ધારો કે ગાંધીજીએ રાજચંદ્રને પ્રશ્નો ન પુછાવ્યા હોત અને ધર્માન્તર કરી લીધું હોત અને ભારતમાં આવ્યા પછી ભારતને આઝાદ કરવાની ઝુંબેશ ઉપાડી હોત તો સમગ્ર પ્રજા ઉપર એમનો કેટલો પ્રભાવ પડ્યો હોત તે વિચારણીય પ્રશ્ન છે.

દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા આવ્યા ત્યારે ગાંધીજી પાસે ભારતને સ્વતંત્ર કરવાનું એક જીવન સ્વપ્ન પડ્યું હતું. જીવનનાં તમામ વર્ષો એમણે એ કાર્યો માટે આપ્યાં અને પોતાના જીવનકાળ દરમિયાન એ સ્વપ્ન તેમણે સિદ્ધ કરી બતાવ્યું. ધારો કે ગાંધીજી ઇંગ્લેન્ડથી કે આફ્રિકાથી પાછા આવ્યા ત્યારે ભારત સ્વતંત્ર થઇ ગયેલું હોત અથવા ગાંધીજીના જન્મ વખતે ભારત સ્વતંત્ર હોત અને

સ્વતંત્ર ભારતમાં ગાંધીજી અને રાજચંદ્ર એકબીજાના ઘનિષ્ઠ સંબંધમાં આવ્યા હોત તો પરિસ્થિતિ કેવી નિર્માઇ હોત? ગાંધીજી એક ધર્મપુરુષ હતા, અને ભારતના રાજકારણમાં પણ તેમણે એક ધર્મપુરુષ તરીકે જ કાર્ય કર્યું. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રતને જીવનમાં ઉતારનાર ગાંધીજી રાજચંદ્રના સંપર્કથી ભારતના એક મહાન ધર્મપુરુષ બન્યા હોત અથવા રાજચંદ્રની જેમ જ તેઓ એક આત્માર્થી મુમુક્ષુ પુરુષ બન્યા હોત એમ કહી શકાય? એ વિષે ઘણાં અનુમાનો કરી શકાય.

પવિત્ર વ્યક્તિઓની પવિત્રતાની અસર આસપાસની વ્યક્તિઓ ઉપર પડ્યા વગર રહેતી નથી, સત્સંગનો મહિમા એટલા માટે જ દર્શાવાય છે. યુવાન વયે રાજચંદ્રના સંપર્કમાં આવ્યા પછી એમના જેવું પવિત્ર જીવન જીવવાની ભાવના ગાંધીજીને થઇ હતી. ગાંધીજીએ યુવાનવયે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું. એમાં પણ રાજચંદ્રની પ્રેરણા હતી એ વાતનો સ્વીકાર તેમણે પોતાની આત્મકથામાં કરતાં લખ્યું છે કે:

"સ્વ-સ્ત્રી પ્રત્યે પણ બ્રહ્મચર્યનું પાલન કરવું એ મને દક્ષિણ આફ્રિકામાં સ્પષ્ટ સમજાયું. કયા પ્રસંગથી અથવા અથવા કયા પુસ્તકના પ્રભાવથી એ વિચાર મને ઉદ્‌ભવ્યો એ અત્યારે મને ચોક્કસ યાદ નથી આવતું. એટલું સ્મરણ છે કે એમાં રાયચંદભાઇની અસરનું પ્રાધાન્ય છે."

ગાંધીજીએ પોતાના જીવનમાં યુવાન વયે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરી અને પોતાના સંપર્કમાં આવનાર અનેક વ્યક્તિઓને બ્રહ્મચર્ય તરફ વાળી. ભારતના તત્કાલીન નેતાઓની નામાવલી જોઇએ છીએ ત્યારે કેટલા બધા મોટા મોટા નેતાઓએ પોતાના જીવનમાં, ગાંધીજીના પ્રભાવથી બ્રહ્મચર્ય વ્રત સ્વીકારી લીધું હતું તેની માહિતી સાંપડે છે. એક રીતે કહીએ તો ભારતને ગાંધીજીએ બ્રહ્મચર્ય વ્રતથી, એક પ્રકારની આકરી તપશ્ચર્યાથી આઝાદી અપાવી એમ માની શકાય.

પોતાના કાળમાં રાજચંદ્ર અને ગાંધીજી જે જીવન જીવ્યા તેમાં બંનેના ધ્યેયમાં એક મહત્ત્વનો પાયાનો ફરક હતો. સત્યની ખોજ એ ગાંધીજીનું એક ધ્યેય હતું. પરંતુ તેમની મુખ્ય પ્રવૃત્તિ તો ભારતને આઝાદ બનાવવાની રહી હતી. એ માટે ગોખલેની સલાહ અનુસાર લોકસંપર્કને માટે ગાંધીજી આખા ભારતમાં ઘૂમી વળ્યા હતા. વળી સમગ્ર ભારતના જુદા જુદા પ્રદેશોની પ્રતિષ્ઠિત કે નામાંકિત વ્યક્તિઓનો સંપર્ક, પોતાના કાર્યમાં મદદ લેવા માટે એમણે સાધ્યો હતો. લોકકલ્યાણની પ્રવૃત્તિ અને સતત લોકસંપર્ક એ ગાંધીજીના જીવનનું એક મહત્ત્વનું લક્ષણ હતું. બીજી બાજુ, રાજચંદ્રનો વિચાર કરીએ છીએ ત્યારે યુવાન વયે વેપારમાંથી નિવૃત્તિ, ઓછામાં ઓછો પરિગ્રહ, અહિંસાદિ મહાવ્રતો જીવનમાં ઉતારવા માટેનો પુરુષાર્થ, નિઃસંગ બનવા માટેની ધગશ, એકાંત સેવન માટેની લગની, અન્ય વ્યક્તિઓનો શક્ય તેટલો ઓછો સંપર્ક, જંગલ કે ગુફાઓમાં જઇ ધ્યાનમાં નિમગ્ન બનવું ઇત્યાદિ પ્રવૃત્તિઓ આત્મ-કલ્યાણની સાધના માટે આરંભી હતી. રાજચંદ્ર સતત અંતર્મુખ હતા. ગાંધીજી સતત બહિર્મુખ હતા. ગાંધીજી અને રાજચંદ્રની પ્રવૃત્તિઓ પરસ્પર વિભિન્ન પ્રકૃતિની હતી. 'આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન' એ રાજચંદ્રનો જીવનમંત્ર હતો. ભારતની સ્વતંત્રતા અને લોકોનું કલ્યાણ એ ગાંધીજીનો જીવનમંત્ર હતો. રાજચંદ્રમાં લોકકલ્યાણની ભાવના નહોતી એમ ન કહી શકાય, પરંતુ તે લોકોના આત્મકલ્યાણરૂપી સૂક્ષ્મ સ્વરૂપે હતી. ગાંધીજીમાં આત્મકલ્યાણની ભાવના નહોતી એમ ન કહી શકાય, પરંતુ તે રાજચંદ્રની જેમ ત્યારે એટલી સ્પષ્ટ અને ઉન્મીલિત થઈ નહોતી.

ગાંધીજી રાજચંદ્રથી અત્યંત પ્રભાવિત થયા હોવા છતાં એમના સમયમાં કેટલાક લોકો રાજચંદ્રને માટે અત્યુક્તિ ભરેલાં જે વિધાનો કરતા તેની સાથે ગાંધીજી સંમત ન હતા. એ સમયે કેટલાક લોકો રાજચંદ્રને સાક્ષાત્ તીર્થંકર તરીકે ઓળખાવવા લલચાયા હતા. પરંતુ ગાંધીજી રાજચંદ્રને તીર્થંકર માનવા તૈયાર નહોતા. એમણે પોતે એ વાતનો પોતાના લખાણમાં ખુલાસો પણ કર્યો છે. 'ગાંધીનાં સંસ્મરણો' નામનું સ્વામી આનંદનું એક પુસ્તક હમણાં પ્રગટ થયું છે. એમાં પણ સ્વામી આનંદ નીચે પ્રમાણે લખે છે:

'ધીરુભાઇની તબિયત પૂછીને ગાંધીજીએ રેવાશંકરભાઈ જોડે શ્રીમદ્ રાજચંદ્ર વિષે વાતો કરી શ્રીમદ્‌ના પુસ્તક સારુ ગાંધીજીએ પ્રસ્તાવના લખી આપેલી. તેમાં લખેલું કે પોતે શ્રીમદ્‌ને તીર્થંકર નથી માનતા કારણ, દાખલા તરીકે શ્રીમદ્‌નું માથું હંમેશ દુખતું. ગાંધીજીની દલીલ એ હતી કે જે તીર્થંકર હોય તેનું માથું ન દુખે.'

રેવાશંકરભાઇએ કહ્યું તમે આવું લખ્યું કેઃ છે તેથી હું જરા કફોડી સ્થિતિમાં મુકાઇ ગયો છું!

પાછળથી મેં સાંભળેલું કે ચોપડી ગાંધીજીની પ્રસ્તાવના વગર જ છપાયેલી! (પૃષ્ઠ ૧૩).

ધારો કે શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી એકબીજાના સંપર્કમાં બિલકુલ આવ્યા ન હોત તો પણ રાજચંદ્ર આજે પણ પોતાનાં લખાણો દ્વારા અને પોતાના આત્માર્થી જીવન દ્વારા એટલા જ મહત્ત્વના માર્ગદર્શક પુરુષ રહ્યા હોત. વસ્તુતઃ ગાંધીજીનાં લખાણોમાં રાજચંદ્રનો જેટલો ઉલ્લેખ આવે છે એટલો ઉલ્લેખ રાજચંદ્રનાં લખાણોમાં ગાંધીજીના વ્યક્તિત્વ વિશે આવતો નથી. અલબત્ત, રાજચંદ્રનાં લખાણોમાં એવી કોઇ અપેક્ષા પણ રહેતી નથી. વળી રાજચંદ્રે જ્યારે દેહ છોડ્યો ત્યારે ગાંધીજી એટલા પ્રસિદ્ધ પણ નહોતા. રાજચંદ્ર પોતે આત્માર્થી હતા, એટલે પણ આવા લૌકિક સંબંધોનું મૂલ્ય એમને મન ખાસ ન હતું.

આ બે મહાન વિભૂતિઓ વિશે જ્યારે જ્યારે વિચારીએ છીએ ત્યારે અનેક લોકોના ભૌતિક અને આધ્યાત્મિક કલ્યાણ માટે મહાત્માઓ પોતાના જીવનનો કેટલો બધો ભોગ આપે છે તે જોવા મળે છે. એમનું જીવન એમની હયાતી દરમિયાન અને ત્યાર પછી પણ અનેક વર્ષ સુધી અનેક લોકોને માટે પ્રેરણારૂપ બની રહે છે.

રમણલાલ ચી. શાહ

સંઘ સમાચાર

શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક

'પ્રબુદ્ધ જીવન'ના ૧૯૮૫ના વર્ષ દરમિયાન જે લેખકના લેખોનું સમગ્રપણે શ્રેષ્ઠ પ્રદાન હોય તેને રૂા. ૧૦૦૧નું શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક જાહેર કરવામાં આવ્યું હતું. તે અનુસાર આ પારિતોષિક પ્રા. ચી. ના. પટેલને એમના લેખો માટે આપવામાં આવ્યું છે. આ માટે અમે લેખકને ધન્યવાદ આપીએ છીએ અને નિર્ણાયક સમિતિના સભ્યો (૧) ડો. રમણલાલ ચી. શાહ (૨) શ્રી હરીન્દ્ર દવે (૩) શ્રી કૃષ્ણવીર દિક્ષિત (૪) શ્રી ઘનશ્યામભાઇ દેસાઇ અને (૫) શ્રી પન્નાલાલ ૨. શાહનો અમે આભાર માનીએ છીએ. **લી. મંત્રીઓ,**

પે – એહેડ – ડીગ્રી

ચંદ્રવદન ચી. મહેતા

તા. ૧૬-૩-'૮૬ના 'પ્રબુદ્ધ જીવન' માં તંત્રીશ્રીનો 'યુનિવર્સિટીઓમાં ભ્રષ્ટાચાર' ઉપરનો લેખ તટસ્થ ભાવે પરિસ્થિતિનો સાચો ખ્યાલ આપનારો નીવડ્યો, એક બે છાપા પત્રોમાં એ શબ્દેશબ્દ પ્રગટ પણ થયો, એ એક આનંદની વાત થઈ, કારણ સામાન્ય પ્રજાને આવી પરિસ્થિતિનો ખ્યાલ ન આવે, એમને પણ ભ્રષ્ટાચાર વિવિધ ક્ષેત્રોમાં કયાં કયાં કેટલો પ્રવેશ્યો છે, એનો અંદાજ આવે. જેલમાંથી કેદીઓ તો ન્હાસે, શિવાજી ઔરંગઝેબને હાથતાળી આપી નાઠેલા, વીર સાવરકરે જિંદગીને જોખમે સાગરમાં ભૂસકો મારેલો, વીર રાવ ચાલતી ટ્રેને ડબ્બામાંથી કુદકો મારી ભાગેલા, એ અપવાદ જેવા દાખલાઓ, અને તે કોઇ સારા હેતુથી, શુદ્ધ પ્રયોજનને લઇ આ નાસભાગ કરેલી, પણ હવે રીઢા ખૂની ગુનેગારો-ખૂન, લૂંટ, ચોરી, બળાત્કાર જેવા ગુના કરનારાઓ પણ ન્હાસી છુટે છે. એ પરિસ્થિતિમાં યુનિવર્સિઓમાં ચાલતી બેઇમાની ગુનાખોરી, ધનલોલુપતા પણ હવે હદ કુદાવતી રહી છે. એ જાણી કલેશ થાય એ જાણી કલેશ થાય એ સ્વાભાવિક છે.

ભાઇ રમણુલાલે એક વાઇસ ચાન્સેલરનો દાખલો આપ્યો છે. તે બેશરમીની હદ કુદાવનારો છે. અમારી જાણના મુંબઇના સર ચિમનલાલ સેતલવડ વાઇસ ચાન્સેલર હતા ત્યારે એમના ચિરંજીવી ફકત એક જ માર્ક માટે નાપાસ થતા હતા, તે પ્રસંગે પરીક્ષક બીતાં બીતાં વાઇસ ચાન્સેલરને પૂછ્યું કે એક માર્ક ગ્રેસ કરી શકાય, તે અમે કરીએ, અને સર ચિમનલાલે એમને તેમ કરવા ના પાડી, પોતે રાજીનામું આપશે એવી ધમકી આપી હતી, એવા દાખલા મુંબઇની ફેલોશિપ હાયરકૂનના પ્રિન્સીપાલ અને બીજા સહ પરીક્ષકો માટે છાપામાં યા સેનેટમાં કયાંક શંકા આવી એની ચર્ચા થતાં, એ મુંબઈ ઊતર્યા ત્યાં એમનું હૃદય બંધ પડવાથી આઘાતથી મૃત્યુ થયું, એ જાણીતી વાત છે. પાછળથી તપાસમાં એ નિર્દોષ જ નીકળ્યા હતા. જાણીતા ઉદ્યોગપતિ નરોત્તમ મોરારજીએ બંગલાના ધાટમાં પડતું મૂકી આપઘાત કર્યો હતો. એમનાથી એક નજીવી રકમ કદાચ ભરી નહીં શકાય એ ભયે, એવા એવા પોતાના ચારિત્ર્ય માટે કેવળ શંકા આપતાં પ્રતિષ્ઠા આબરૂને ખાતર આવા દાખલા ૧૯૧૦ થી ૧૯૪૫ સુધીમાં કંઇક નોંધાયેલા જાણવામાં છે.

ભાઇ રમણુલાલ શાહના લેખમાં એક નવી વાત હવે ઉમેરવી ઘટે છે. તે પી એચ. ડી.ની પરીક્ષા પદવી માટે મહાનિબંધ તૈયાર કરનારાઓ વિદ્યાર્થી પાસે હવે એમના કેટલાક વિદ્વાન 'ગાઇડો' રૂપિયા બે હજારથી પાંચ હજારની માંગણી કરનારા જાણ્યા છે, જાણવામાં આવ્યા છે. આ બાજુ ડોકટરો તો દયાહીન, બહુ ફી લે, વકીલો નિર્દય બહુ ફી લે એવી વાતો જાણી, સાંભળી છે, પણ હવે પી એચ. ડી. પદવી માટે પણ ઠીક ઠીક રકમો માંગવામાં આવે તો ડોકટર, વકીલ અને વિદ્વાન પ્રોફેસરો પણ આ કસાઇ વર્ગમાં દાખલ થયા છે, એ જાણી ડોકટર, વકીલો જરા રાહતનો દમ ખેંચે તો નવાઇ નહીં.

શાળામાં બાળકને દાખલ કરાવવાની પણ 'ફી' છે. દાન આપવાની પ્રથા થઇ પડી છે. અમુક રકમ ભરવાની ઉઘાડે ચોક રીત તો ઘણા સમય ચાલુ જ છે. પણ આ એક નવી દિશા ખૂલે છે, એ એ પ્રજા જાણી લે તો પછી બળાપા કરવાનો સમય નહીં આવે. આ કયાં અટકશે એ સવાલ તો હવે ઊભો કરવો નકામો છે. અટકશે માટે નહિ, પણ આવી નવી દિશાઓ ઉઘડતી રહે એની નોંધણી કરી, આપણી સંસ્કૃતિમાં કેટકેટલા ગાબડા પડે છે, પડશે એની નોંધ રાખવી સામાન્ય માણસને સુગમ પડશે.

—: ઉત્પાદ – વ્યય – ધ્રુવ :—

પન્નાલાલ જગજીવનદાસ ગાંધી

દ્રવ્ય-ગુણ-પર્યાયમાં દ્રવ્ય એ મુલાધાર છે. ગુણ અને પર્યાય આધેય છે. ગુણ પર્યાયમાં ગુણનો પર્યાય (અવસ્થા) છે. ટૂંકમાં દ્રવ્યના આધારે ગુણ-પર્યાય છે.

જે પણ કાંઇ ઉત્પાદ-વ્યય થાય છે તે દ્રવ્ય અર્થાત્ પ્રદેશપિંડના આધારે થાય છે. તેમાંય દ્રવ્યના જે સહભાવી ગુણો છે એનો ઉત્પાદ-વ્યય થતો નથી. પરંતુ દ્રવ્યની જે અવસ્થા છે અર્થાત્ પર્યાય છે એમાં ઉત્પાદ-વ્યય થાય છે. આધેય બે પ્રકારના છે એક તો (૧) સહભાવી ગુણ આધેય અને બીજો (૨) પર્યાય આધેય.

કર્તા-ભોકતા ભાવની અપેક્ષાએ અનુભવ-વેદન-કે ભોગ પર્યાયનો છે, આધાર ભલે દ્રવ્ય એટલે કે પ્રદેશપિંડનો હોય.

પાંચે અસ્તિકાયમાં 'ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્' એ સૂત્રને લાગુ પાડવું જોઇએ અર્થાત્ ઘટાવવું જોઇએ. જડ, ચેતન વિષે જેમ એ સૂત્રને લાગુ પાડીએ છીએ. એમ રૂપી, અરૂપીને વિષે પણ લાગુ પાડવું જોઇએ.

દ્રવ્યસ્વયંભૂ, અનુત્પન્ન, અવિનાશી, અનાદિ અનંત હોય છે. અને સાથે સાથે સહભાવી ગુણ યુકત (ગુણ સંપન્ન) હોય છે.

ઉત્પાદ-વ્યય છે. એટલે સર્જન-વિસર્જન અને સંયોગ છે. ઉત્પાદ-વ્યય એ સાદિ-સાન્ત અને ઉપયરિત સત્ છે, જે વ્યવહારિક સત્ છે.

ઉપર્યુકત 'ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુકત' સત્'માં જે ધ્રુવ કહેલ છે તે ધ્રુવ તત્વ પ્રદેશપિંડ (દ્રવ્ય) છે. એ આધાર છે કે જે આધારના આધારે રહેલ (પર્યાય) આધેયમાં ઉત્પાદ-વ્યય થયાં કરે છે. આધેય એવો પર્યાય વિનાશી કે ઉત્પાદ-વ્યયવાળો છે જ્યારે આધાર એવું દ્રવ્ય ધ્રુવ છે અર્થાત્ સ્થિર છે અને અવિનાશી-નિત્ય છે.

આ ઉત્પાદ-વ્યયને રૂપી અને અરૂપી એવા ઉભય પ્રકારના દ્રવ્યમાં ઘટાવવું જોઇએ. રૂપી પદાર્થ પુદ્ગલ છે. જ્યારે ધર્મ-અધર્મ-આકાશ અને સિદ્ધ પરમાત્માઓ અરૂપી છે. આ જે

ચારેય] અરૂપી દ્રવ્યો છે. તેના અગુરુલઘુગુણમાં ઉત્પાદ-વ્યય હોવા છતાં ય તેમના પોતાના સ્વભાવગુણમાં લેશ માત્ર વિકાર નથી. અને તે સર્વ અરૂપી દ્રવ્યો અન્યોન્ય તેમ જ બીજા રૂપી દ્રવ્યો પરત્વે અવ્યાબાધ રૂપ છે.

જ્યારે રૂપી એવાં પુદ્ગલદ્રવ્યમાં અનંતા ઉત્પાદ-વ્યય તેના પ્રત્યેક ગુણ વર્ણ-રૂપ-ગંધ-રસ-સ્પર્શમાં થયા કરે છે. જે વિભાવ પર્યાયને પામે છે પરંતુ એમાં વેદન તત્ત્વ ન હોવાને લઇને એને પોતાને અર્થાત્ પુદ્ગલને એની કોઇ બાધા (અસર) નથી પરંતુ તે પુદ્ગલ તત્ત્વના જે ભોગ્ય પર્યાયો છે તે સંસારી જીવોને સુખ-દુઃખમાં નિમિત્તરૂપ બને છે. સંસારી જીવ પોતાના રૂપીપણાને પુદ્ગલસંગે પામે છે અને પોતાના અસંખ્ય અધ્યવસાયરૂપ ઉત્પાદ-વ્યયને પામીને વિભાવદશાને પામે છે. પોતાના સ્વભાવગુણ અર્થાત્ સ્વરૂપગુણમાં વિકારીતાને પામીને દુઃખને પામે છે. અને તેથી જ તો જીવે દુઃખરહિત થવા માટે અવિકારી અર્થાત્ વીતરાગ બનવું જરૂરી છે.

જ્યાં દ્રવ્ય દ્વૈત છે અને પર્યાય દ્વૈત છે ત્યાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુકત સત્ની વ્યાખ્યા બંધબેસતી છે. જ્યાં ઉત્પાદ અને વ્યય હોય ત્યાં તે દ્રવ્ય સત્ નહિ પણ અસત્ અર્થાત્ વિનાશી ઠરે છે. આ માત્ર સંસારી જીવને અને પુદ્ગલદ્રવ્યને લાગુ પડે છે.

જ્યારે જ્યાં દ્રવ્ય અદ્વૈત છે અને પર્યાય પણ અદ્વૈત છે તેવાં ધર્મ-અધર્મ-આકાશ અને સિદ્ધ પરમાત્મા કે જ્યાં ઉત્પાદ-વ્યય નથી ત્યાં તે ઘટાવવું હોય તો તે અગુરુ લઘુ ગુણના બાર બાર ગુણના બાર ભાવોમાં જ ઘટાવી શકાય.

'અર્થ ક્રિયાકારી સત્' એ સૂત્ર 'ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુકત સત્' એ સૂત્રમાં ઉમેરી પછી પાંચે અસ્તિકાયમાં તે ઘટાવવું જોઇએ. જે જે દ્રવ્યમાં જે જે ગુણો છે તે તે ગુણો પ્રમાણેનું તેનું કાર્ય હોય છે. ગુણકાર્યને અર્થક્રિયાકારી સત્ કહેવાય.

પુદ્ગલદ્રવ્યમાં ઉત્પાદ-વ્યયનો અર્થ ક્રમિકતા કે ક્રમિકકાળ કરીએ છીએ તેવો અર્થ 'અર્થ ક્રિયાકારી સત્' સૂત્રમાં ન લેવો. અહીં તો જે પદાર્થ-દ્રવ્ય એનું સ્વગુણ કાર્ય કરે છે, તે કાર્યને કે તથા પ્રકારની કાર્યશીલતાને ઉત્પાદ-વ્યય તરીકે ગણવું જોઇએ. યાદ રહે કે આ ક્રિયાશીલતામાં વિનાશીપણું અગર ક્રમિક અર્થ ન કરવો. તો જ 'અર્થ ક્રિયાકારી સત્' એ સૂત્રથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુકત સત્ પાંચે ય અસ્તિકાયમાં ઘટાવી શકાશે.

(૧) રૂપી પુદ્ગલ દ્રવ્યમાં ક્રમિક ઉત્પાદ-વ્યય લેવું.

(૨) અરૂપી દ્રવ્યમાં ક્રિયાત્મક ઉત્પાદ-વ્યયનો અર્થ લેવો. 'અર્થ ક્રિયાકારી સત્' અર્થ અહીં લેવો. અરૂપી દ્રવ્યમાં ક્રમિક ઉત્પાદ-વ્યય નથી હોતો.

(૩) રૂપી-પુદ્ગલ દ્રવ્યમાં પણ 'અર્થ ક્રિયાકારી સત્' અર્થ ક્રિયાત્મક ઉત્પાદ-વ્યયના સંદર્ભમાં તેમજ ક્રમિક ઉત્પાદ-વ્યય સંદર્ભમાં એમ ઉભય પ્રકારે ઘટે છે.

આમ પાંચેય અસ્તિકાયમાં અર્થક્રિયાકારી સત્ Potential Power)ના અર્થથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુકત સત્ સૂત્ર ઘટાવી શકાય છે.

જ્ઞેય પદાર્થો તેમજ સંસારી જીવન કર્તા-ભોકતા ભાવ ભલે ઉત્પાદ-વ્યય સિદ્ધ કરવામાં આવે પરંતુ આત્માના સિદ્ધપણામાં અર્થાત્ સિદ્ધ પરમાત્માઓમાં ઉત્પાદ-વ્યય ઘટાવી શકાતા નથી, સિવાય કે અગુરુલઘુ ગુણમાં ક્રમક્ષયથી પ્રગટ થયેલાં બાકીના બીજા ક્ષાયિક ગુણોમાં [ઉત્પાદ-વ્યય સિદ્ધ] પરમાત્મામાં ઘટાવી શકાય નહિ.

પદાર્થ પરત્વે દૃષ્ટિ ભાવ વર્તે તો પદાર્થ પરત્વે રાગ થાય છે. જે સંયોગો પ્રમાણે, અવસ્થા પ્રમાણે અને ભાવ પ્રમાણે થાય છે. વળી તે પદાર્થ પરત્વેના સંયોગો, અવસ્થા કે ભાવ બદલાય તો અનિષ્ટ દૃષ્ટિ પણ થાય તો દ્વેષ થાય છે. માટે જેમ પદાર્થ પરત્વે ઉત્પાદન-વ્યય-ધ્રુવ ઘટાવીએ છીએ તેમ તેના છદ્મસ્થ સંસારી દ્રષ્ટામાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું સાથે સાથે ઘટાવવું જોઇએ.

દ્રષ્ટાની દૃષ્ટિ એટલે કે એનું દર્શન પદાર્થ પ્રત્યે કર્તા-ભોકતા ભાવે કેવાં પ્રકારનું છે તે ખાસ જોવું જોઇએ. દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ સમજવાની છે. અધ્યાત્મ તત્ત્વનું પ્રયોજન તો સાધકને સાધન દ્વારા સાધ્ય તત્ત્વ સાથે એકમેક બનાવવાનું છે. દૃશ્ય પદાર્થો સાથે તો એકમેક બનાવવાનું છે જ નહિ. આમ ઉત્પાદ-વ્યય-ધ્રુવને સાધનામાં તો ઉત્પાદ-વ્યય જેમાં છે તેને વિનાશી-અસત્ સમજીને જે સત્ છે તે ધ્રુવ તત્ત્વને આધારે ઉત્પાદ-વ્યય થાય છે એ પ્રતિ દૃષ્ટિ રાખી ઉત્પાદ-વ્યય પરત્વે વૈરાગ્ય કેળવતાં જવાનું છે અને સત-અવિનાશી-ધ્રુવ-નિત્ય એવાં આત્મતત્ત્વનું લક્ષ્ય કરવાનું છે. એથી જ પર્યાયદ્રષ્ટિ ત્યજી દ્રવ્ય-દ્રષ્ટિ કેળવવા ફરમાવેલ છે.

જૈન દર્શનના મતે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એ ત્રણે All at a time એક સમયે સાથે જ પ્રતિ સમયે દ્રવ્યમાં ચાલુ હોય છે. ઉત્પાદ કાળે પણ ધ્રુવ તો હોય જ છે અને વ્યયકાળે પણ ધ્રુવ તો હોય જ છે.

રૂપી એવાં પુદ્ગલનું લક્ષણ ઉત્પાદ-વ્યય રૂપ છે. ઉત્પાદ જેનો થાય છે તે વ્યયને પામે જ છે. ઉત્પાદ અને વ્યય પદાર્થનું એકદેશીયપણું જ છે. અને તે અપૂર્ણરૂપ છે.

પરંતુ અરૂપી એવાં ધર્મ-અધર્મ-આકાશ અને સિદ્ધ પરમાત્મામાં ઉત્પાદ-વ્યય માત્ર અગુરુલઘુગુણમાં લાગુ પડે છે. બીજા પર્યાયોમાં લાગુ પડતું નથી.

ઉત્પાદ-વ્યય જે પ્રતિ સમયે થાય છે. એને જ એક સમય કહેલ છે. સમય જેવી વસ્તુ નથી. કાળ તો ઉપચરિત દ્રવ્ય છે.

એક પ્રદેશ એ મૂળ છે. એમ ઉત્પાદ-વ્યય સમકાળ છે. એ મૂળ છે. આ વિષય કેવલજ્ઞાની ભગવંતોનો છે. છદ્મસ્થ જ્ઞાનનો એ વિષય નથી છદ્મસ્થજ્ઞાનીની એવી તાકાત નથી કે એક પ્રદેશ અને એક સમય કે પરમાણુને જાણી શકે. ઉત્પાદ અને વ્યય તથા વ્યય અને ઉત્પાદ એ અભેદ છે કાળાંતરે નથી. એ સમકાલીન ઘટના છે. વ્યવહાર ચલાવવા કાળનો ઉપચાર કરેલ છે. કાળ એ આપણે ઉભી કરેલી કાલ્પનિક વસ્તુ, છે. જે વસ્તુ કાલ્પનિક ઉભી કરેલ હોય. એ ભિન્ન કાળે ભિન્ન હોય અને ભિન્ન ક્ષેત્રે પણ ભિન્ન હોય. એ વ્યવહાર ચલાવવા પૂરતું હોય જેમ કે ચલણી નાણું. સમય-કાળ પણ દેશે દેશના (દરેક ખંડના-ક્ષેત્રના) જુદા જુદા હોય છે.

એક કાર્ય થવામાં કેટલાંય પર્યાયોની પરંપરા યાને કે હારમાળા-Chain-of events ચાલે છે. જે ગણિતથી અસંખ્ય પ્રમાણ હોય છે. એમાં પ્રત્યેક પર્યાયમાં પ્રતિ સમયે ઉત્પાદ-વ્યય હોય છે.

આયુષ્ય કર્મો પ્રતિ સમયે ઉદયમાં આવે છે. અને બંધમાં પણ પ્રતિ સમયે એક માત્ર આયુષ્યકર્મ સિવાય સાતે ય કર્મોનો થાય છે. આયુષ્યકર્મનો બંધ પડે તે સમય પૂરતો જ આઠે ય કર્મોનો બંધ હોય છે. આયુષ્યકર્મનો સત્તાકાળ અંતર્મુહૂર્તથી લઇને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમનો કાળ હોય છે. ઉદયકાળે આઠે ય કર્મના એક જ સમયે પ્રકૃતિ અને રસ ચૂસાય છે. અને બીજા સમયે બીજા દળિયાના પ્રકૃતિ અને રસ ચૂસાય છે. જેમ કે ઘીના દીવામાં પ્રત્યેક સમયે નવા અને નવા ઘીના બુંદનું તેજ હોય છે.

પ્રતિ સમયે જે આ પ્રમાણે ઉત્પાદ-વ્યયની હારમાળા ચાલે છે-Chain of action-તે અતિ સૂક્ષ્મ છે, કાળથી તે અતિ સૂક્ષ્મ એવી ઘટનાને કેવલ એક માત્ર કેવલજ્ઞાનીઓ જ જોઇ શકે છે. છદ્મસ્થજ્ઞાનીની તાકાત બહારનો એ વિષય છે.

પાંચે ય અસ્તિકાયોમાં જો ધ્રુવ-નિત્ય તત્ત્વ હોય તો પ્રત્યેક અસ્તિકાયનું પ્રદેશપિંડત્વ છે અને બીજું પ્રત્યેક અસ્તિકાયનું જ્ઞાતિત્વ છે.

ઉત્પાદ બે પ્રકારના છે પ્રયોગજા અને વિશ્રસા. પ્રયોગજા ઉત્પાદ એટલે જેમાં સંસારી જીવો કર્તા-ભોક્તા ભાવે પુદ્ગલ સ્કંધોમાં આકાર આપે છે તે પ્રક્રિયા. આવા ઉત્પાદને પ્રયોગજા ઉત્પાદ કહે છે. જ્યારે વિશ્રસા ઉત્પાદ એટલે સ્વાભાવિક સહજ જ ઉત્પાદ કે જેમાં જીવનો કર્તા-ભોક્તા ભાવ હોતો નથી ઉદાહરણ તરીકે મેઘધનુષ્ય વાવાઝોડા-સંધ્યાના રંગો આદિ અરૂપી દ્રવ્યોમાં આ ઉભયમાંનો એકે ય ઉત્પાદ હોતો નથી.

આર્જવ એટલે સરળતા, સમતા, સાદગી

✍ આચાર્ય મુનિ વિદ્યાનંદ ✍ અનુ : ગુલાબ દેઢિયા

આર્જવ એટલે ઋજુતા. આર્જવમાં કુટિલતાના અભાવનું સૂચન છે. કુટિલતા માયાચારને ઉત્પન્ન કરે છે. જીવનની સર્વોત્તમ ઉપલબ્ધિ આત્મબોધ છે. આત્મબોધ માટે ધર્મ સાધનરૂપ છે. ધર્મને ક્ષમામય, મૃદુતા અને ઋજુતાથી સંપન્ન બતાવવામાં આવ્યો છે. એટલે કે, આર્જવ ધર્મ આત્માના સરળ, નિષ્કપટ ભાવને દર્શાવે છે.

આત્મામાં સરળતા આવે ત્યારે જ એમાં ધર્મનો પ્રવેશ શક્ય બને છે. આજે આર્જવના દર્શન દુર્લભ થઇ ગયાં છે. જો કોઇ આર્જવ દેખાડતો દેખાય તો સમજાઇ જાય છે કે, કોઇ વિશેષ કારણસર તે તેમ કરી રહ્યો છે. ગરજ પ્રમાણે સરળતા કે મૃદુતા ધારણ કરવી એ ધર્મની સાથે છળ છે. જે વ્યક્તિ આર્જવને મન, વચન અને કાયાથી સ્વીકારે છે તે જ મનથી શાંત, પ્રસન્ન અને સ્થિરમતિ હોય છે. પ્રકૃતિના 'સત્ત્વ' ગુણનું સાહચર્ય આર્જવ પાળનારને જ પ્રાપ્ત થાય છે. બધા ઋજુતાનો આદર કરે છે અને કુટિલતાથી દૂર ભાગે છે. સરળતાથી ગુણની પાત્રતા આવે છે. સરળતાને અપનાવતાં બીજા અનેક સદ્‌ગુણ આપોઆપ ખેંચાઇ આવશે. પાત્રત્વે ક્રિયતાં યત્નઃ પાત્રમાયાન્તિ સમ્પદઃ (જાતને પાત્ર બનાવો, સંપત્તિ આપ મેળે આવી મળશે) આર્જવ સમત્વની ભૂમિનું નિર્માણ કરે છે. જે પ્રદેશ સમથળ અને સરળ હોય છે, ત્યાં સૂર્યકિરણો સીધાં પડે છે અને પ્રકાશ લાંબો વખત સુધી રહે છે. ઊંચી નીચી ભૂમિ ઉપર પ્રકાશ પણ વાંકોચૂંકો પડે છે. સરળતામાં પ્રકાશને સ્થિર રાખવાની ઘણી ક્ષમતા છે. ધર્મપ્રકાશ મેળવવા માટે આર્જવની જરૂર છે. સોયના બારીક છિદ્રમાં 'ઋજુ' બનીને જ દોરો પ્રવેશી શકે છે. સંસ્કૃતમાં 'ઋજુ' ધાતુ ગતિનો અર્થ દર્શાવે છે. ગતિનો અર્થ જ્ઞાન, ગમન અને પ્રાપ્તિ છે.

જે 'ઋજુ' યુકત છે એટલે કે જે જ્ઞાન, ગમન અને પ્રાપ્તિથી જોડાયેલ છે તે ઋજુતા છે,

ગુરુ પાસે ઉપદેશગ્રહણ કરવા જનારમાં આર્જવ (સરળતા)નું હોવું સૌ પ્રથમ જરૂરી છે. આર્જવ જ્ઞાનપ્રાપ્તિમાં મદદગાર બને છે. આર્જવમાં ભક્તિભાવનું સૂચન છે. ખેડૂત વાવણી કરતાં પહેલાં તે જમીન પર હળ ચલાવી વિષમતા દૂર કરે છે. ચાસવ ઉતારને સરખા કરે છે. આવી સમથળ જમીન સીંચેલા પાણીને સમભાવથી બધે પહોંચાડવામાં સહાયક બને છે. એ પ્રમાણે આર્જવથી મનુષ્યમાં સરળતા જ આવે છે એટલું નહિ પરંતુ 'જીવો અને જીવવા દો'ની સમત્વપૂર્ણ ભૂમિનું નિર્માણ પણ થાય છે.

આર્જવમાં પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિ હોય છે. સરળ મનુષ્ય કંઇ ને કંઇ ઉત્તમ સંગ્રહ કરે છે. ભગવાન પ્રત્યેની વિનયભક્તિ આર્જવ ધર્મ છે.

'આર્જવ' શબ્દનો 'આ' ઉપસર્ગ આદાન સૂચવે છે કોઇ ઉત્તમ આચરણને ગ્રહણ કરવું તે આર્જવ છે. ઋજુતામાં વેતસ (નેતર) ગુણ છે. નેતર નદીના પ્રવાહમાં સુરક્ષિત રહે છે. નમનશીલ હોવાથી તે પ્રવાહની સાથે ઝુકી જાય છે. નદીનો વેગ ઓછો થતાં ફરીથી ઉપર આવી જાય છે. આ વેતસવૃત્તિ નેતરની જેમ નમી જવા છતાં સ્થિતિસ્થાપક રહેવાની વૃત્તિને આર્જવ કહે છે. પરિસ્થિતિ જોઇ નમ્રતા ધારણ કરવી અને અનુકૂળ પરિસ્થિતિમાં સ્થિર રહેવું એ આર્જવ ગુણ છે. ચારિત્રનું પાલન ઋજુવૃત્તિથી જ થઇ શકે છે.

વિનમ્રતા, સદ્‌વ્યવહાર, પરસ્પર પ્રીતિમય મધુર સંબંધોની સ્થાપના કપટ, અનીતિનો અભાવ આર્જવથી જ શક્ય બને છે. માતા જેમ પ્રીતિવાત્સલ્યથી પુત્રનું લાલનપાલન કરે છે, તેમ આર્જવ મનુષ્યના બધા સદ્‌ગુણોનું રક્ષણ કરે છે. જે આર્જવયુકત છે તે જ ધર્મ તરફ સાચો શ્રદ્ધાળુ છે.

('તીર્થંકર'માંથી સાભાર-ટુંકાવીને)

'સંઘ સમાચાર'

એકયુપ્રેશરનો તાલીમ વર્ગ

'સંઘ'ના ઉપક્રમે એકયુપ્રેશર પદ્ધતિ દ્વારા સારવાર માટેનો નિઃશુલ્ક તાલીમ વર્ગ અંગ્રેજી ભાષામાં સોમવાર, તા. ૨૮ મી એપ્રિલ, ૧૯૮૬ થી પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો. ઓપ સોસાયટી, બીજે માળે, મુંબઇ-૪૦૦૦૦૪, (ફોન: ૩૫૦૨૬૬) ખાતે શરૂ થયા છે. દર સોમવારે બપોરના ૨-૦૦ થી ૪-૦૦ સુધી ચાલતા આ વર્ગનું સંચાલન શ્રી જગમોહનભાઇ દાસાણી કરી રહ્યા છે, આ વર્ગમાં જોડાયા ન હોય તેઓ હજુ પણ આ વર્ગમાં જોડાઇ શકે છે, આ માટે 'સંઘ'ના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી છે.

અંતરનાં અંતર વધ્યાં....

❁ મનોજ્ઞા દેસાઈ

પેડર રોડ પર લેવાયેલા એક ફ્લેટના સુશોભન માટે ઈન્ટિરીયર ડેકોરેટરને બોલાવ્યો છે. ડેકોરેટર ડીઝાઇન આપે છે. ક્યાં પલંગો, ક્યાં ખુરશી, ટી. વી., સોફા...

'પણ ભાઇ, પલંગો જ પેટી જેવા બનાવડાવીએ તો ? નહીં તો વધારાનાં ગાદલાં કયાં રાખવાં ?' ઘરનાં મુખ્ય સન્નારીને પ્રશ્ન થયો.

'તમારે ચાર જણાંને વધારાના ગાદલાંની શી જરૂર ? કાઢી નાંખો' ડેકોરેટરે સામે પ્રશ્ન કર્યો.

'પણ કોઇ મહેમાન બહેમાન આવે ત્યારે તો જોઇએ ને !'

'હવે એવો જમાનો જ નથી રહ્યો' ડેકોરેટરે સાંકડી જગ્યાઓમાં કામ કરી કરીને થઇ ગયેલી સાંકડી મનોવૃત્તિ શબ્દોમાં વ્યકત કરી, કે મહેમાનો ઘેર ઊતરે એ લોકોને હોટેલનો રસ્તો જ બતાવી દેવાનો.'

સુખવંતરાયને પાંચ દીકરીઓ. સૌથી નાની મીનાને વળાવી ત્યારે સુખવંતરાય જરા ઢીલા થઇ ગયેલા. હવે તો રિટાયર્ડ હતા. મીનાની પાસે રહેતી બહેનપણી સુધાને કહ્યું"તું કે, 'તું વચ્ચે વચ્ચે આવ્યા કરજે, જરા સારું લાગશે.'

સુધા એની મા સાથે બજારમાં જતી'તી સામેથી સુખવંતરાયને જોયા ને રસ્તો બદલ્યો, 'બહુ કટકટિયા છે. એક વાર ચોંટશે તો પાછી ઉખડશે જ નહીં.'

બહુ નાનપણમાં કોઇ સ્મિત કરે ને ઋતા સામે એટલું જ મીઠું સ્મિત કરે. પણ સામેનું માણસ જતું રહે પછી પણ થોડી વાર ઋતાના મુખ પર સ્મિતની છાયા પથરાયલી રહેતી. એક દિવસ એણે જોયું કે બે જણે એકબીજા સામે સ્મિત કર્યું" અને જેવાં બંને ફર્યાં કે એકબીજા માટે મોં મચકોડ્યું ત્યારે જ ઋતાને ખ્યાલ આવ્યો કે આ સ્મિત ઘણીવાર માત્ર અભિનય હોય છે.

એક કવિની પંકિતઓ છે,

'અંતરનાં અંતર વધ્યાં જળથળ ઘટિયાં ભાઇ,
દુનિયા બનતી સાંકડી અરરર ! એ જ નવાઇ.'

ચોવીસ કલાકમાં ભારતથી અમેરિકા પહોંચાય છે, દુનિયાના કોઇપણ ખૂણામાંથી કોઇપણ ભાગમાં સીધી વાત કરી શકાય એમ છે ઓસ્ટ્રેલિયામાં રમાતી મેચ આપણે જીવંત પ્રસારણ દ્વારા જોઇ શકીએ છીએ. વિજ્ઞાને પોતાનું કામ કર્યું છે, કરી રહ્યું છે, પૂરા ઝડપથી એનો ઉપયોગ 'માનવતા'એ કરવાનો છે. વિજ્ઞાને આપેલી સગવડોની સારામાં સારી વ્યવસ્થા આપણાં હાથમાં છે.

એક માનવનો બીજા માનવ સાથેનો સંબંધ સમજવાનો આ સમય છે. કહેવાય છે કે વીસમી સદીના અંત સુધીમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી આપણે દરેક માણસને એની ઓછામાં ઓછી જરૂરિયાત પૂરતું આપી શકીએ એમ છે.

જે અંતર-અંતર વચ્ચેનું વધેલું અંતર વ્યકિતગત સ્તરે છે એ જ મહદ્ રૂપે સામાજિક, રાજકીય અને રાષ્ટ્રીય ક્ષેત્રે વિસ્તરીને વ્યાપેલું છે. રાજકીય કે રાષ્ટ્રીય ક્ષેત્રે કંઇ કરવું આપણા હાથમાં નથી પણ વ્યકિતગત રૂપે બે હૃદય વચ્ચેના અંતર ઓછાં કરવાનું આપણાં હાથમાં છે.

અમારા ઘર પાસે એક વાર એક ગરીબ માણસ બેભાન જેવો પડ્યો તો 'પીને પડ્યો હશે' એવી એક સામાન્ય ધારણા બાંધીને એની બાજુમાંથી પસાર થઇને હું ખરીદી કરવા ગઇ. પાછી આવી ત્યારે પણ હજી ત્યાં જ પડ્યો'તો ને કંઇ બોલતો'તો ધ્યાનથી સાંભળ્યાં, પાની...પાની ..' બોલતો'તો. પાણી આપ્યું, ખાવાનું આપ્યું કારણ પૂછતાં જણાયું કે શિવરીની કોઇ મિલમાં કામ કરતો'તો. સાન્તાક્રુઝ રહેતો હતો તે દિવસે જમ્યો ન હતો. અને બસના પૈસા પણ ન હતા એટલે ચાલતો આવેલો. ખાર સુધી ચાલ્યો. ત્યાં તાપને લીધે ચકકર આવ્યા ને બેભાન થઇ ગયો. એને ઘેર પહોંચવાના પૈસા આવતાં થયું કે આની ખબર પડી બાકી કેટલાંય લોકોને આપણે બોદું ધારી લઇને અન્યાય કરતાં હોઇશું !

શા માટે ? શા માટે આપણે એકબીજાને વિશ્વાસની નજરથી ન જોઇ શકીએ ? શા માટે શંકાની દૃષ્ટિથી જ શરૂ કરવું ?

એક દરવેશ હતાં. એમની પાસે એક પાણીદાર ઘોડો હતો. એક માણસે માંગ્યો. દરવેશે ન આપ્યો.

થોડા દિવસ પછી દરવેશ જતા હતા. રસ્તામાં એક માંદો ભિખારી પડ્યો'તો. દરવેશે ઘોડા પરથી ઉતરીને એને ખાવાનું આપ્યું. સારવાર માટે લઇ જવા માટે એને ઉંચકીને ઘોડા પર નાંખ્યો. માંદો ભિખારી બીજો કોઇ નહીં પણ ઘોડો માંગનાર ધુતારો જ હતો. ઘોડા પર ચડતાંની સાથે એણે ઘોડો મારી મૂકયો. દરવેશ સમજી ગયા. એમણે બૂમ પાડીને કહ્યું, 'મારે ઘોડો નહીં જોઇએ પણ મારી એક વાત સાંભળી લે. તેં માંદા ભિખારીના વેશમાં આમ કર્યું છે તે કોઇને ના કહીશ, નહીં તો લોકો માંદા ભિખારીઓને મદદ કરતા બંધ થઈ જશે' કહેવાય છે કે દરવેશનાં આ વાકયો સાંભળીને પેલો ધુતારો ઘોડો પાછો આપી ગયો.

ઘોડાની કિંમત કરતાં માનવના માનવીમાં વિશ્વાસની કિંમત અનેકગણી વધુ છે. વિશ્વાસનું પોતાનું, એના અસ્તિત્વનું એક આગવું મહત્ત્વ છે. એ મહત્ત્વ પરિણામલક્ષી નથી. દરવેશને માનવ-માનવ વચ્ચેના વિશ્વાસ વિશે કહેતી વખતે ખબર ન હતી કે એનો ઘોડો પાછો મળશે. વિશ્વાસ રાખીને ન છેતરાવું એ આદર્શ સામાજિક પરિસ્થિતિ છે તો ય વિશ્વાસ રાખીને છેતરાવું એ કદાચ બિલકુલ વિશ્વાસ ન મૂકવા કરતાં સારી સ્થિતિ કહેવાય.

પરસ્પરની હૂંફ, એકબીજા માટે લાગણી, સહાનુભૂતિ, વિશ્વાસ આટલું વિચારીશું અને આચરીશું તો જેમ જળ-સ્થળના અંતર ઘટાડ્યાં એમ બે હૃદયો વચ્ચેનાં અંતર ઘટાડી શકીશું. ઘસાતાં જતાં આપણાં માનવીય મૂલ્યો પાછાં લાવી શકીશું. સાંકડી બનતી જતી દુનિયાને વિસ્તૃત બનાવી શકીશું.

પણ એને માટે મહેમાનો માટેનાં ગાંદલાં માટે પેટી કરાવવી પડશે. કટકટિયા સુખવંતરાયની કટકટ સહૃદયતાથી સાંભળવા થોડો સમય ફાળવવો પડશે કોઇ પણ માણસ વિશે ખોટો નિર્ણય લેતાં પહેલાં એને એક તક-benefit of doubt આપવો પડશે. પથ્થર ફેંકતાં પહેલાં સામાનો ન્યાય કરવાની સ્થિતિમાં આપણે પોતે છીએ કે કેમ તે વિચારવું પડશે. માનવતાના હ્રાસ અટકાવનારા પ્રસંગો પર દૃષ્ટિ કેંદ્રિત કરવી પડશે.

વીસમી સદીના વિજ્ઞાન અને ટેકનોલોજીએ આપેલું અને એકવીસમી સદીના ગર્ભમાં રહેલી શકયતાઓને જો સાચી દિશા આપવી હશે તો બે દૂર દૂર સરી રહેલાં અંતરને એકબીજાની નજીક લાવવાં પડશે. ઋતાનું સ્મિત કદાચ એ કરી શકશે.

ધૂમકેતુઓ સામેના આક્ષેપોમાં તથ્ય શું છે?

● વિજયગુપ્ત મૌર્ય

ધૂમકેતુઓ પૃથ્વી ઉપર યુદ્ધ, દુકાળ, રોગ અને કુદરતી આફતો વરસાવે છે? આવી માન્યતાઓ વિવિધ પ્રજાઓમાં હજારો વર્ષોથી પ્રચલિત છે. બધા ધૂમકેતુઓમાં હેલીનો ધૂમકેતુ સૌથી વધુ જાણીતો છે. અને તે સૌથી વધુ આફત આણે છે એવી માન્યતા અત્યારનાં અનિષ્ટ બનાવોથી દૃઢ બની છે. ઇન્દિરા ગાંધીની હત્યા અને પંજાબમાં શીખોના કોમવાદી અને દેશદ્રોહી શીખો દ્વારા થઇ રહેલા રક્તપાત કરતાં બીજે વધુ અનિષ્ટ બનાવ શો હોઇ શકે?

હેલીનો ધૂમકેતુ ૧૯૧૦ માં, મારા જન્મના આગલા વર્ષમાં દેખાયો હતો. મારી મા તેનું વર્ણન કરતી હતી ત્યારે બાળવયે હું તેનાથી પ્રભાવિત થતો. પૂંછડીયા તારા તરીકે તેનું વર્ણન સાંભળીને મને કુતૂહલ થતું હતું કે તે શું હશે? અંગ્રેજી વાંચતાં શીખ્યો ત્યારે ધૂમકેતુનો પરિચય થયો મને એટલું બધું કુતૂહલ થયું કે હવે ૧૯૮૬ માં હેલીનો ધુમકેતુ પાછો આવે ત્યાં સુધી હું જીવતો રહું તો તેને જોવાને ભાગ્યશાળી થાઉં. મેં એવી અપેક્ષા રાખી હતી કે હેલીનો ધૂમકેતુ મધ્યઆકાશમાં રોજ રાતે ઝળહળતો દેખાશે, પરંતુ તે કપટી નીવડ્યો, તે પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધ પરથી પસાર થયો જેથી ઉત્તર ગોળાર્ધમાંથી જોઇ શકાય નહીં.

હવે આપણે જોઇએ કે કંઇ નહીં તો જગતના ૨૬૦૦ વર્ષના ઇતિહાસ દરમ્યાન તેણે જગતની વિવિધ પ્રજાઓ ઉપર ભય, વહેમ અજ્ઞાન અને આશ્રયનો કેવો પ્રભાવ પાડ્યો છે. અહીં કહેવું જોઇએ કે તેની ઉપર અપશુકન, અમંગળ અને અનિષ્ટતાના જે આરોપ મૂકવામાં આવ્યા છે. તે તદ્દન ખોટા છે. ધૂમકેતુ હેલીનો હોય કે હજારો અદૃશ્ય ધૂમકેતુઓ પૈકી બીજો કોઇ ધૂમકેતુ હોય, તે બધા નિર્દોષ છે. દોષ હોય તો માણસના પોતાના છે. તેમ છતાં કેટલાક વૈજ્ઞાનિકોએ પણ પૂર્વગ્રહોથી કે અજ્ઞાનથી પ્રેરાઇને ધૂમકેતુઓ ઉપર દોષારોપણ કરેલ છે.

ઇ. સ. પૂર્વે ૬૧૩ માં ચીનના ખગોળશાસ્ત્રીઓએ 'વાળ-વાળા તારા'નો ઉલ્લેખ કર્યો હતો. તેઓ એમ માનતા હતા કે આકાશમાંથી દુષ્ટ તત્ત્વોને ઝાડુ વડે ઝાડી નાખવા માટે દેવતાઓએ આવા તેજસ્વી ઝાડુ બનાવ્યાં છે. તેથી એ દુષ્ટ તત્ત્વો પૃથ્વી પર પડે છે અને ત્યાં વિગ્રહો, દુકાળ, પૂર અને બીજા અનર્થ થાય છે. ગ્રીસનો પહેલો વિજ્ઞાની અને સિકંદરનો ગુરુ અરિસ્ટોટલ માનતો હતો કે ધૂમકેતુ પૃથ્વીના નિશ્વાસ છે. અને તેના વાયુ સળગી ઊઠીને અંધારી રાતમાં પ્રકાશે છે. તેઓ પૃથ્વી ઉપર વંટોળિયા, દુકાળ, વગેરે આફતો લાવે છે. આમ અરિસ્ટોટલ જેવા વિદ્વાને પણ ધૂમકેતુ પરનાં કલંક ચાલુ રાખ્યાં.

ઇ. સ. ૬૬ માં હેલીનો ધૂમકેતુ દેખાયો હતો તેનું વર્ણન યહૂદી ઇતિહાસકાર ફ્લાવિઅસ જોસેફસે કર્યું હતું. તેણે લખ્યું કે આ ધૂમકેતુ આકાશમાં તલવારની જેમ લટકતો હતો. અને ઇ. સ. ૭૦ માં જેરુસાલેમનું પતન થવાનું હતું તેની આગાહી આપતો હતો.

ઇ. સ. ૪૫૧ માં હેલીનો ધૂમકેતુ આવ્યો ત્યારે કોઇ દુર્ઘટનાને બદલે સારા શુકન લાવ્યો હતો. હૂણ લોકોના કુર સરદાર અત્તિલાનો લડાઇમાં પરાજય થયો.

ધૂમકેતુ દેખાય ત્યારે કોઇ રાજા કે મહાપુરુષ મરી જાય એમ માનવામાં આવતું હતું અને હજી માનવામાં આવે છે. હેલીનો ધૂમકેતુ હજી દૂર હતો અને શક્તિશાળી દૂરબીન વડે જ દેખાતો હતો, ત્યારે જ ઇન્દિરા ગાંધીની હત્યા થઇ ગઇ. અને પૃથ્વી માથે આવ્યો ત્યારે પંજાબમાં રોજ હત્યાઓ થવા માંડી, પરંતુ ઇ. સ. ૧૮૧૪ માં પશ્ચિમ યુરોપનો સમ્રાટ શાર્લમાન મરી ગયો ત્યારે કોઇ ધૂમકેતુ દેખાયો ન હતો. તેથી ઇતિહાસકારોએ માની લીધું કે ધૂમકેતુ હોવો જોઇએ પણ દેખાયો નથી!

ઇ. સ. ૧૦૬૬ માં હેલીનો ધૂમકેતુ દેખાયો ત્યારે તેની આકૃતિને સ્મરણમાં રાખવા તેના આકારની ટેપેસ્ટ્રી બનાવવામાં આવી, જે હજી બાયોટેપેસ્ટ્રી તરીકે પ્રખ્યાત છે. તે વખતે તેને ચીપીયા આકારની બે પૂંછડી હતી. તેમાં એવા શબ્દો ગૂંથવામાં આવ્યા કે અમે આ તારાથી પ્રભાવિત થયા છીએ. તે સમયે બ્રિટનના ઇતિહાસમાં સેક્સન લોકો હાર્યા તેથી તેમણે હેલીના ધૂમકેતુને પોતાના પરાજય માટે દોષ દીધો, ત્યારે વિલિયમ ધી કોન્કરર જીત્યો, તેણે પોતાના વિજય માટે હેલીના ધૂમકેતુને શુકનવંતો ગણ્યો.

ઇ. સ. ૧૩૦૧માં હેલીનો ધૂમકેતુ આવ્યો ત્યારે ખ્રિસ્તી ધર્મ સારી રીતે ફેલાયો હતો. તેથી ઇટાલીયન કલાકાર જિઓત્તોએ ચિતરી નાખ્યું કે બેથલેહેમમાં જે તારો દેખાયો હતો આ તે ધૂમકેતુ હતો.

ઇ. સ. ૧૪૫૬માં હેલીનો ધૂમકેતુ ખ્રિસ્તીઓ માટે અપશુકનિયાળ અને તુર્કો માટે શુકનિયાળ ગણાયો. તુર્કોએ ખ્રિસ્તીઓ પાસેથી બેલગ્રેડ નગર જીતી લીધું. એક ગાયને બે માથાવાળું વાછરડું જન્મ્યું તે અપશુકન માટે હેલીના ધૂમકેતુને દોષિત ગણવામાં આવ્યો.

ધૂમકેતુઓ પ્રત્યેના વહેમ અને પૂર્વગ્રહોથી સાહિત્યકારો પણ મુક્ત રહ્યા નથી. જુલિયસ સીઝરના નાટકમાં શેકસપીઅરે લખ્યું છે કે સમ્રાટની પત્ની ધૂમકેતુ જોઇને ધ્રુજી ઊઠી અને રોમનોને ચેતવણી આપી કે જ્યારે કોઇ ભિખારી મરી જાય છે ત્યારે ધૂમકેતુ દેખાતો નથી, પરંતુ રાજકુટુંબમાં મૃત્યુ થાય છે ત્યારે આકાશ ભભૂકી ઊઠે છે. પરંતુ આજ નાટકમાં શેકસપીઅરે લખ્યું છે કે જ્યારે કેસિઅસ અને બ્રુટસ સિઝરનું ખૂન કરવાનું કાવતરું ઘડે છે ત્યારે કેસીઅસ કહે છે. 'વહાલા બ્રુટસ! દોષ આપણાં તારાઓનો નથી પણ આપણો પોતાનો છે.

યુરોપી વસાહતીઓ પોતાના વહેમ, જ્ઞાન અને અજ્ઞાન પોતાની સાથે અમેરિકા લઇ ગયા હતા. બોસ્ટન બંદરમાં ઇ.સ. ૧૬૮૨ માં પ્યુરિટન પંથી ધર્મગુરુ ઇનક્રિઝ મથેર હેલીનો ધૂમકેતુ જોઇને આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગયો. તેણે પોતાના ભક્તોને પૂછ્યું કે ઇશ્વર તમારાં દુષ્કૃત્યોથી કોપાયમાન થઇને પોતાના બાણ આકાશમાંથી તમારી ઉપર વરસાવે ત્યાં સુધી શું તમારાં દુષ્કૃત્યો ચાલુ રાખશો? તો તમે તમારી કબર ભેગા થઇ જશો.

હેલીના ધૂમકેતુએ ધર્મગુરુઓને પણ આવા પ્રભાવિત કર્યા હતા. ૨૦ મી સદી વિજ્ઞાનના વિકાસની સદી હોવા છતાં લોકો વહેમ અને અંધશ્રદ્ધામાંથી મુક્ત થયા હતા. અમેરિકામાં શિકાગોના કેટલાક નાગરિકો એવી માન્યતા ધરાવતા હતા કે જ્યારે પૃથ્વી હેલીના ધૂમકેતુની પૂંછડીના વાયુમાંથી પસાર થશે

ત્યારે આપણે જીવતા નહીં રહીએ તેથી તેમણે સાધનોજન ગેસ વડે અગાઉથી ભરી જવાની તૈયારી કરી રાખી.

૧૯૭૦ માં અગ્નિએશિયામાં ભેનેટનો ધૂમકેતુ દેખાયો હતો. તેં જોઇને વિયેટનામી ખેડૂતોમાં ગભરાટ ફેલાયો હતો.

૨૦ મી સદીમાં પણ ધૂમકેતુઓ પ્રત્યે વહેમ અને ભય પ્રવર્તતા હોય તે આશ્ચર્યની વાત છે. પણ આવી ભૂલ જ્યારે વિજ્ઞાનશાસ્ત્રીઓ કરે ત્યારે આપણને વધુ આશ્ચર્ય થાય છે ચંદ્રવિક્રમ અને બ્રિટિશ વિદ્વાની ફ્રેડ હોયલે લખ્યું છે કે કરોડો વર્ષ દરમ્યાન કદાચ ધૂમકેતુઓમાં કોષ વિકસ્યા હોય અને તેમણે પૃથ્વીને જીવના પ્રથમ કોષ આપ્યા હોય એવું બન્યું હોય એ રીતે પૃથ્વીને ડી.એન.એ. મોલેકયુલ મળ્યા હોય. આવું અધકચરું સેન્દ્રિય રસાયણવિદ્યાની લેસ્સી ઓરોગેલે પણ લખ્યું છે. વિવિધ ક્ષેત્રના વિજ્ઞાનીઓ પોતાના વિચારો દર્શાવતા આવે છે. તે હંમેશા સાચા નથી હોતા. રશિયાના સાઇબિરિયામાં તુંગુસ્કા નદીના પ્રદેશમાં એક મહાતેજરવી અગ્નિપુંજ પટકાઇ પડયો હતો. તે શું હતો તેના વિશે વિવિધ વિજ્ઞાનીઓ વચ્ચે વિવિધ મત પ્રવર્તે છે. તેણે ૨૦૦ ચોરસ માઇલના વિસ્તારમાં બધાં ઝાડ ધરાશાયી બનાવી દીધાં હતાં. ૪૦ માઇલ દૂર રહેતા માણસો પણ પટકાઇ પડયા હતા.

ભૌતિકવિજ્ઞાની લુઇ આલ્વારેઝ એવો સિદ્ધાંત રજૂ કરે છે કે આડા છ કરોડ વર્ષ પહેલાં એક પ્રચંડ ધૂમકેતુ અથવા એક લઘુગ્રહ પૃથ્વી સાથે પછડાઇ પડયો હતો. તેણે પૃથ્વીના એક વિશાળ પ્રદેશને ભુક્કા બનાવી દીધો અને તેનો ભંગાર એટલો બધો ઊડયો કે વાતાવરણમાં તે ઊડતો રહેવાથી મહિનાઓ સુધી આકાશ અંધારું રહ્યું, ઉષ્ણતામાન ઘણું ઘટી ગયું અને મોટા ભાગના મહાકાય ડીનોસૌર પ્રાણીઓ નાશ પામ્યાં. પૃથ્વી ઉપરથી બીજાં પણ ઘણાં પ્રાણીઓ નાશ પામ્યાં. તેથી ટચુકડાં સસ્તન પ્રાણીઓને આગળ આવી વિકાસ પામવાની તક મળી. મહાકાય સરીસૃપોએ ખાલી કરેલી જગ્યા તેમણે મેળવી. આ સસ્તન પ્રાણીઓમાંથી છેવટે માનવ વિકસ્યો ભૂતકાળમાં બીજા પ્રસંગોએ પણ ધૂમકેતુઓ પૃથ્વી પર પટકાઇ પડવાથી કેટલીક જીવસૃષ્ટિનો વિનાશ થયો. હશે. લુઇ આલ્વારેઝના આ મંતવ્યને વધુને વધુ વિજ્ઞાનીઓનો ટેકો મળતો જાય છે. તેઓ માને છે કે આવું ફરીથી પણ બને.

એક જ દે ચિનગારી

● નેમચંદ એમ. ગાલા

બુદ્ધિનું એક કામ એ પણ છે કે બુદ્ધિની મર્યાદા સમજવી– બુદ્ધિ એક ઉપયોગી સાધન છે, અને બુદ્ધિ વડે બુદ્ધિને ઓળંગી પેલે પાર જઇ શકાય છે!

જીવન બુદ્ધિવડે નથી ચાલતું. એ ચાલે છે આવેગ, વૃત્તિ અને કામનાઓ વડે પછી તે શુભ હોય કે અશુભ. ઉપદેશ, બોધ અને સૂત્રો વડે, વિદ્વત્તાનો ભંડાર ભરાય છે, મગજ ભારેખમ થાય છે, અહં ફૂલેફાલે છે, પણ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. એકલાં પુસ્તકોથી જ્ઞાન થાય નહિ – પુસ્તકથી જ્ઞાન થતું હોય તો પુસ્તકનો મોક્ષ થાય.

અને આવા કહેવાતો 'જ્ઞાન'માં ઉછીના વિચારો, ઉછીની વ્યાખ્યાઓ અને પરંપરાગત ચાલ્યા આવતા સિદ્ધાંતો હોય છે! આપણે જેટલી આસાનીથી સડેલી વસ્તુ ફેંકી દઇ શકીએ છીએ જેટલી આસાનીથી સરળતાથી અન્યના વિચારો ગ્રહણ કરી લઇએ છીએ નિઃસંકોચ...આનાથી દેખીતો એક ફાયદો થાય છે. આપણે ચિંતન અને મંથનમાંથી બચી જઇએ છીએ અને મગજ કસવાની મહેનતમાંથી છટકી જઇએ છીએ બધાં દારિદ્રયો કરતાં વિચારોનું દારિદ્રય સૌથી વધારે નુકસાનકારક છે. તમામ પ્રાણી સૃષ્ટિમાં વિચારશક્તિ ધરાવતા માનવીનાં માનવીય ગૌરવનો હ્રાસ છે.

માનવીનાં અગાધ ચેતનસ્રોતને વેડફવા કરતાં સંયમબદ્ધ વહેવડાવી શકાય તો એમાંથી વીજળીની જેમ અમાપ ઉર્જા પેદા કરી શકાય...!

આપણે જે ચિંતવીએ છીએ, એકાંતમાં પોતાની સાથે જે વાર્તાલાપ કરીએ છીએ, તેથી જ આપણું જીવન ઘડાય છે. આવિષ્કાર પામે છે. પરંતુ આપણે નિરર્થક વિચાર વિલાસમાં જ કિંમતી સમય 'પ્રમાદ'માં જ ગુમાવી દઇએ છીએ.

આપણે પોતે શું છીએ તેનો અણસાર પણ આપણને મળતો નથી. વર્ષોના વર્ષો આપણે જાત સાથે રહીએ પણ પરિચય કેળવ્યા વગર અજાણ રીતે જીવી જઇએ છીએ...સમાપ્ત થઇ એના જઇએ. છીએ. જેવી શૂન્યતા...કરુણતા બીજી શી હોઇ શકે!

સ્થળ દ્રષ્ટિએ લાંબું, જણાતું જીવન પણ ખૂબ ટૂંકું છે. એક નજરથી દીર્ઘ ભાસે છે, પરંતુ સૂક્ષ્મદૃષ્ટિથી અલ્પ છે. અને નાનાં નાનાં ક્ષુલ્લક કલેશ કંકાસ કે વેર અને દ્વેષભાવમાં રચ્યા પચ્યા રહી વેડફી દેવા જેવું નથી. ઝીણી ઝીણી બાબતોમાં જીવનને ગૂંચવી દેવાને બદલે એને સીધું અને સરળ બનાવવું જોઇએ. જીવન પાસેથી ઘણી બધી અપેક્ષાઓ રાખવી પણ યથાર્થ નથી. માનવીએ ઘડેલા કોઇ નિયમોને આધીન જીવન વર્તતું નથી અને અન્ય પાસેથી પણ નિયમો–આધીન વર્તનની આશા રાખવી જોઇએ નહિ. પુરુષાર્થનું ફળ ઘણી વખત એજ સંદર્ભમાં અપેક્ષિત રીતે નથી મળતું પણ અન્ય સ્વરૂપે અન્ય પરિમાણમાં પ્રાપ્ત થાય છે.

જીવન પોતે જ એક રહસ્યમય ઘટના છે. (Life is not a straight line, but a curved line). જીવન જટિલ છે. જીવન એકમાર્ગી છે. વન – વે – સ્ટ્રીટ જેવું છે. વર્ષો એકધારી ગતિએ ઊભી રેળમાં વહી જાય છે. છતાં પણ એ કંઇ ભૂમિતિની સીધી લીટી નથી કે જેના પર પરપેન્ડીકયુલરની સીધી લીટી દોરી સરખા અંશના કાટખૂણા બનાવી શકાય...જીવનની ગતિ પણ એક સરખી નથી. તેમ જ પ્રશ્નો પણ બધો સમય એકસરખાં નથી રહેતાં–કયા માણસનાં જીવનમાં કયે વખતે કેવા પ્રશ્નો ઉભા થશે, પરિસ્થિતિ કેવો પલ્ટો લેશે એની ત્રિરાશી કોઇ માંડી શકયું નથી. અને એવું ગણિત કોઇમાં આવતું નથી. એવા દાખલા ગણનારા ગણિતશાસ્ત્રીઓને કદી સાચો જવાબ સાંપડયો નથી. જીવન જીવવાની કોઇ સનાતન ફોર્મ્યુલા કે ફોર્મ્યુલા હજી શોધાયું નથી. જીવનનો મહેનતમ કાયદો ઉકેલવાનો કોઇ મંત્ર શોધાયો નથી. ઉત્ક્રાંતિના સિદ્ધાંત અનુસાર જીવન ગતિશીલ વિકાસશીલ અને પરિવર્તનશીલ છે. માનવીજીવન એક વિકાસની પ્રક્રિયા છે. અહીં વિરામ

નથી. માનવીનો વિકાસ, એ માનસનો વિકાસ, વિચારોનું પોષણ અને સુષુપ્ત શક્તિઓનાં ઉત્થાનની પ્રક્રિયા છે. સામર્થ્યની ક્ષિતિજ વિસ્તારવાનો ઉપાય છે. આપણામાં ટુંટિયું વાળી બેઠેલી ગ્રંથિઓની ગાંઠો છોડવાનો ઈશ્વરદત્ત અવસર છે.

જીવનને યોગ વડે સિદ્ધ કરવાનું નથી પણ જીવનને જ યોગ બનાવવાનું છે. અને આ અંતરયાત્રા દરેકે પોતાના પુરુષાર્થે પગપાળા જ કરવાની છે. કોઈને ખભે ચડી આ યાત્રા થઇ શકતી નથી. અને આને માટે કોઇ ઉગ્ર-કઠોર તપશ્ચર્યા કરવાની આવશ્યકતા નથી. અંધકાર ક્રમે ક્રમે ઓગળતો નથી...એક નાનકડું કોડિયું ક્ષણભરમાં હજારો વર્ષોના અંધકારને વિલીન કરી દે છે. અને આ એક પળમાં થઇ શકે છે. જરૂર છે માત્ર સદ્ધ ચિત્ત વૃત્તિ અને સતત જાગરૂકતાની.

અન્યથા એવું બને છે કે આપણે લાગણી, ભાવના, ઊર્મિ, તર્ક બધાની અસંગત અને અસંબદ્ધ રીતે સેળભેળ કરી નાખીએ છીએ, એથી મનમાં હરહંમેશ ધુમ્મસ જેવું ધૂંધળું વાતાવરણ જામેલું હોય છે. મનનું સાફપણું (Clarity of Mind) નથી હોતું કોઇ પણ ક્રિયા પાછળ કાર્ય કારણની કોઇ ખોજ નથી હોતી...વિવેકબુદ્ધિની કસોટીએ કશું પારખવાની વૃત્તિ નથી હોતી. જિજ્ઞાસા નથી હોતી...મુમુક્ષુત્વ પ્રગટતું નથી.

દરેક વૃત્તિ, વિચાર, ભાવ, પ્રતિભાવ, પડઘા, આપણા ચિન્ત પર સૂક્ષ્મ છાપ મૂકી જાય છે. નિર્દોષ અને નજીવી દેખાતી વૃત્તિઓ ચિત્તમાં ઘૂમરાયા કરે છે. આપણે એને નગણ્ય સમજી લક્ષમાં લેતાં નથી. જે જતે દહાડે એવી ચિનગારી સાબિત થાય છે, જેમાંથી ભડકો થઇ ઉઠે...આ બધા પર કડક સંયમ રાખી જાગૃત રહેવાની જરૂર હોય છે...

આપણને ચિનગારીની જરૂર છે, પણ તે કોડિયું ચેતાવવા માટે...વિસ્ફોટથી ભસ્મીભૂત કરી દેવા માટે નહિં...!

* * *

સાભાર સ્વીકાર

*** યૌવનનું પ્રભાત**

સંપાદક : મનુ પંડિત
પૃષ્ઠ : ૩૨૦ પાકુ બાઇન્ડીંગ
કિ. : રૂ. ૪૦=૦૦
પ્રકાશક : જીવન સ્મૃતિ સ્વાધ્યાય મંદિર, વસંતનગર, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.

*** પ્રવચન પુષ્પો**

પ્રવચનકાર : પૂ. લીલાવંતીબાઇ મહાસતીજી; પૃષ્ઠ ૬૬૮ પાકુ બાઇન્ડિંગ; કિ. રૂા. ૬-૦૦

પ્રકાશક : જયંતીલાલ ચંદુલાલ સંઘવી, શ્રી રથાનકવાસી જૈન સંઘ, રથા. જૈન સોસાયટી, નારણપુરા, રેલ્વે ક્રોસિંગ પાસે અમદાવાદ-૩૮૦૦ ૧૩.

૦ કેળવણી અને માનવીય મૂલ્યો

લેખક : મૂળશંકર મો. ભટ્ટ
પૃષ્ઠ ૨૦૩, કિ. રૂ. ૨૨/-
પ્રકાશક : વિક્રમ મૂ. ભટ્ટ
'રેવા', ૧૫૫૮, દીપક સોસાયટી, ભાવનગર-૩૬૪૦૦૧

(પૃષ્ઠ ૨૫૬ થી ચાલુ)

વ્યવહારો બદલાયા છે. નવા સંદર્ભોમાં ઇશ્વર-ભક્તિ કરવાની રીતો પણ બદલાવી જોઇએ આપણી પાસે ગ્રંથ-પાઠ અને ગુણાનુવાદનો સમય નથી. ચારે બાજુ વ્યસ્તતા અને અશાંતિ છે. આવા ગજરાટમાં મન કોઇ સબળનો સહારો શોધે છે. ભૌતિક સુખ અને પૈસા માટે આપણે ભાવનાઓનો સોદો કરીએ છીએ. આપણી આત્મીયતા વેચીએ છીએ આવા અવિશ્વાસ ભર્યા વાતાવરણમાં જો આપણા અહમને મીટાવીને પરમ સત્તાનું શરણું સ્વીકારી લઇએ તો એમાં શું ખોટું છે? એને જ પોતાનો આત્મીય મિત્ર કે પ્રિય માનીને જીવીએ તો જીવનનો આ કઠીન પ્રવાસ કેટલો સરળ બની જાય. ? મનની બધી જ ગાંઠો એની સામે નિ:સંકોચ ખોલી શકાય છે. ભાવનાઓની મધુરતા ભરપૂર લૂંટાવી શકાય છે. સંબંધ કોઈ પણ હોય, એ દિવ્યતામાં મગન બની શકાય છે. આસપાસના પ્રત્યેક સંબંધમાં એનું રૂપ શોધી શકાય છે.

પરંતુ એ માટે મીરાં જેવી નિષ્ઠા જોઇએ. સૂરદાસની જેમ દર્શનની લાલસા જોઇએ. ગોરખનાથની જેમ રામમાં ડૂબેલી મસ્તી જોઇએ, ચૈતન્યની જેમ ધન, જન અને સુંદરીથી દૂર રહીને જગદીશનો સાથ જોઇએ. તાણાવાણાં ગૂંથના કબીરે પરમ સત્યને ઓળખ્યું. રૈદાસે જોડા સીવતાં સીવતાં બધાં જ ધર્મ સ્થાનોનો મર્મ પરખી લીધો. નાનક દુકાને આવતા ગ્રાહકોમાં રામ શોધતા રહ્યા. તુલસીએ સમગ્ર સમાજ માટે રામ સુલભ બનાવી દીધા. મીરાંનાં ગીતોએ અનેકને દિવ્ય પ્રેમની મધુરતા થી તરબોળ કરી દીધા.

આવી ઉત્કૃષ્ટ ભક્તિ અને જન્મોના પ્રયત્નોના પરિણામ સ્વરૂપ હોય છે. આપણે પણ એવો પ્રયત્ન કરી શકીએ છીએ. જીવનના દરેક વ્યવહારમાં રામને સાથે રાખીને ચાલી શકાય છે. જતાં આવતાં, ઉઠતાં-બેસતાં કામ કરતાં એને સાથે રખી શકાય છે.

કોઇએ કહ્યું છે- 'જેતા ચલું તેતી પર દખિના, જો કુછ કરું સો પૂજા-' માત્ર આટલું જ આપણાં દરેક વિચાર અને કાર્યને પવિત્રતા આપવા માટે પૂરતું છે.

સંઘ સમાચાર

અસ્થિ સારવાર કેન્દ્ર

'સંઘ'ના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક ડો. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાનાં રોગોની નિ:શુલ્ક સારવાર દર રવિવારે સવારના ૯-૦૦ થી ૧-૩૦ સુધી પરમાનંદ કાપડિયા સદ્ગૃહ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો-ઓપ. સોસાયટી, બીજે માળે, પ્રાર્થના સમાજ, (ફોન : ૩૫૦૨૬૬) મુંબઇ-૪૦૦૦૦૪ ખાતે આપવામાં આવે છે

આ ઉપરાંત 'સંઘ'ના ઉપક્રમે દર મહિનાના છેલ્લા શનિવારે બપોરના ૩-૩૦ થી ૬-૩૦ સુધી મુંબઇ ઉપનગર સેવા મંડળ, રાષ્ટ્રીય શાળા રોડ, ગાંધી ચોક, વિલેપાર્લા (પશ્ચિમ)માં ડો. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોક્ત સારવાર વિના મૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

મંત્રીઓ.

જો કરું સો પૂજા

• અનવર આગેવાન

એક વ્યક્તિ ઘરબાર છોડીને ઈશ્વરને મેળવવાની ઇચ્છાથી એક સૂફી સંત પાસે પહોંચી. સંતે આગમનનું કારણ જાણ્યા પછી એને પ્રથમ પ્રશ્ન પૂછ્યો તે કયારેય કોઇને પ્રેમ કર્યો છે? જો "ના" તો એના વગર ઈશ્વરને પામવાનું મુશ્કેલ બનશે.'

આત્મીયતા વગર જીવન નિરસ લાગે છે. જીવનનું ધ્યેય રસ પામવાનો છે. સત્યને શોધવાનો છે. બીજું કંઇ નહીં તો ઓછામાં ઓછું પોતાના આત્મા માટે જીવવાનો છે. આ આત્માના આનંદ માટે પ્રેમ જોઇએ. આસ પાસ સહયોગભર્યું વાતાવરણ જોઇએ. બીજાઓને સુખી કરવા માટે કોઇ ઇચ્છા જોઇએ. જો આટલું હોય તો જીવન જીવવા લાયક લાગવા માંડે છે. અને જો આ આત્મીયતા ઈશ્વર સાથે જોડાઇ જાય તો એ પરમાનંદની અવસ્થા સુધી પહોંચાડી છે.

આજે આપણે બે વિરોધી વિચારધારાઓમાં વહી રહ્યા છીએ. એક તરફ વિશ્વ-બંધુત્વનો આદર્શ અને બીજી બાજુ વિશ્વયુદ્ધનો ભય. લાગે છે કે માનવતાના વંશ-વૃક્ષને મૂળના બદલે બંદૂકોથી સીંચવામાં આવી રહ્યું છે. આ ધરતી અને આસમાન સત્ય લાગે છે. આ શરીર અત્યંત પ્રિય લાગે છે. પરંતુ એના ઘડનારનો આપણને વિચાર સુધ્ધાં પણ આવતો નથી. આ ખામી જ આપણાં સમગ્ર દુઃખોનું મૂળ છે.

આ શરીરની સાથે આત્મા પણ છે. એની પોતાની જરૂરિયાતો છે. શારીરિક સુખનાં સાધન નિરંતર વધી રહ્યાં છે. પરંતુ આત્માની તુષ્ટિ માટેનું કોઇ આયોજન આપણી પાસે નથી. ધર્મ અને સંસ્કૃતિના નામે કેટલીક પરિપાટીઓનું પાલન કરીએ છીએ એ પણ આડંબર ખાતર જ્યારે શરીર થાકી જાય છે ત્યારે સ્વર્ગનાં સુખોની આશામાં અને લોક પ્રતિષ્ઠા માટે દાન પુણ્ય અને તીર્થયાત્રા કરીએ છીએ. આ શક્તિ-સંપન્ન માનવ શરીર પામીને પણ હંમેશા ભિખારી રૂપે જ ઇશ્વર સમક્ષ હાજર થયો. શું એની સાથે આપણને કોઇ આત્મીયતા નથી? જે સુખ માટે આપણે આટલા તલપાપડ છીએ એમાં કેટલું સ્થાયિત્વ છે. નાશવંત શરીરના સુખ માટે આ અમૂલ્ય જીવન આપણે ફ્રેગટમાં ગુમાવી રહ્યા છીએ. જો આનંદ જોઇતો હોય તો એ આત્માની તૃપ્તિમાં છે. એનો કયારેય નાશ થતો નથી. જીવનનાં શુભ કર્મ અને બીજાઓ પ્રત્યેની આત્મીયતાથી જ અદ્વૈતનો અર્થ સમજી શકાય છે. પ્રેમ જ સાચો આધ્યાત્મ છે.

મનુષ્ય જન્મ લે છે, કુટુંબ સ્નેહમાં ઉછરે છે. અને આ પરિતોષ જીવનભર બાંધી દે છે. વય વધવા સાથે આત્મીયતાનું વર્તુળ વધતું જાય છે. પ્રેમ અને આત્મીયતા સીડી ચડવા માંડે છે

પરંતુ ક્ષણભંગુર વસ્તુનો પ્રેમ દુઃખદાયી સિદ્ધ થાય છે. સમયની સાથે એ ઘટે-વધે અને બદલાય પણ છે. જીવનના આ કડવા-મીઠા અનુભવ આનંદને વિષાદમાં બદલી નાખે છે. મન વિચારવા વિવશ બને છે. સમગ્ર સુખનાં સાધનો પણ અરુચિકર લાગવા માંડે છે એક શૂન્યતા અને નિરુદ્દેશ્યતાથી જીવન ભરાઇ જાય છે. સંપૂર્ણ વૃત્તિઓ ચિર-શાંતિ અને સ્થાયી પ્રેમને ઝંખે છે. ત્યારે પ્રેમ પામવા અને આપવાની આ લાગણી તીવ્ર બને છે.

જો ભાવનાને એ અવિનાશી સાથે જોડી દઇએ તો આ દુઃખદ મન : સ્થિતિમાંથી મુક્ત થઇ જઇએ. એ દિવ્ય આનંદમાં ખોવાઇને સંસારનાં બધાં જ સુખ નિઃસાર લાગવા માંડે છે. એટલું જ નહિં સાચો ભક્ત તો મોક્ષની પણ ઇચ્છા કરતો નથી. આત્માની નિકટતાથી ઉત્તમ બીજું કયું સુખ છે. આ સ્થિતિમાં સંપૂર્ણ જગત ઇશ્વરમય લાગવા માંડે છે.

પરંતુ આવી દૃઢ નિષ્ઠા અને આસ્થા કોઇ વિરલ વ્યક્તિ જ પામે છે. સદીઓમાં આવી ગણી-ગાંઠી વ્યક્તિ જન્મ લે છે. આવા ભક્તોની હાજરીથી ધરતી ધન્યતા અનુભવે છે. સંપૂર્ણ દેશ પવિત્ર બની જાય છે. ભટકતી માનવતાને આવા મહામાનવ જ યોગ્ય દિશા ચીંધે છે. ગીતામાં કૃષ્ણે કહ્યું છે–'જ્યારે જ્યારે ધર્મનો ક્ષય થશે ત્યારે ત્યારે હું આવીશ.' કદાચ આજ રૂપે એ અવારનવાર ધરતી પર આવે છે. એટલે ભક્તને ભગવત સ્વરૂપ કહ્યા છે. એ કોઇ ધર્મ, જાતિ અને દેશની સીમમાં બંધાયેલા નથી. એની આત્મીયતા સત્તા સાથે જોડાઇ જાય છે

આ દિવ્ય જ્ઞાન ભારે મુશ્કેલ છે. એ તરફ અગ્રસર હર કદમ અદ્ભુત અનુભુતિ અર્પે છે. નિરંતર ઉન્નતિ તરફ લઇ જાય છે. એના માટે સંસાર છોડવો જરૂરી નથી. શાસ્ત્રોની ગૂંચવણમાં પડવાની કે કલાકો સુધી નાક દબાવીને બેસવાની પણ જરૂર નથી.

ગીતામાં આશ્વાસન છે: 'જે અનન્ય ભાવથી મને ભજે છે, એનો ભાર હું ઉઠાવું છું.' 'જે મારા માટે જીવિત છે, એ પરમાનંદ અને સુખ પામે છે.' 'જે બધાંજ કર્મ મને સોંપી દે છે, એને હું જીવન મુક્ત કરી દઉં છું.' 'મારો ભક્ત પોતાના આનુવાંશિક ગુણોની સીમા છોડીને બ્રહ્મમય બની જાય છે.' એમનો આગ્રહ છે 'તું મારા શરણે આવ, મારો પ્રિય છો. એટલે કહું છું.' 'તું મારા માટે જ બધું કર, મને જરૂર પ્રાપ્ત કરીશ.' 'શોક કર નહિ, બધું જ ત્યાગી મારી પાસે આવી જા હું તને બધાં પાપથી મુક્ત કરીશ' આવો વિશ્વાસ પરમ પિતા સિવાય બીજું કોણ આપી શકે?

આવો વિશ્વાસ આપનાર કૃષ્ણ હોય કે રામ કે એનું જ અન્ય કોઇ સ્વરૂપ, સૃષ્ટિના કણ કણમાં એનો વાસ છે. કેવળ જોવાની દૃષ્ટિ જોઇએ અને અનુભવ કરવાની ભાવના. આજે ઇશ્વરને મૂર્તિમાં શોધવાનો સમય નથી. મંદિરમાં કીર્તન ભજનનો પણ અવકાશ નથી. ધર્મશાસ્ત્રોમાં વર્ણવેલી નવધા ભક્તિ શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં પાદ સેવનમ અર્ચનામ વંદનં દાસ્યંસખ્યા માત્મ નિવેદમ' માટે પણ સમય નથી. કેવળ પીડીત માનવતા પાસે જ એને શોધી શકાય છે. પરિસ્થિતિ અનુસાર જીવનના

(અનુસંધાન પૃષ્ઠ ૨૫૫ પર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૮૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૮ અંક : ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૫-૮૬ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

સ્વ. મેડમ સોફિયા વાડિયા

સુપ્રસિદ્ધ થિઓસોફિસ્ટ મેડમ સોફિયા વાડિયાનું ૮૪ વર્ષની વયે મુંબઇમાં અવસાન થયું. એમના અવસાનથી ભારતે જ નહિ બલ્કે સમગ્ર જગતે એક તેજસ્વી નારીરત્ન ગુમાવ્યું છે.

મેડમ સોફિયા વાડિયાના અંગત પરિચયમાં આવવાનું મારે લેખકોની આંતરરાષ્ટ્રીય સંસ્થા પી. ઇ. એન.ના નિમિત્તે બન્યું હતું. એ પહેલાં મેડમ વાડિયાને કોઈ કોઇ પ્રસંગે સાંભળેલાં. એમના ઉમદા વકતવ્યથી અને વ્યક્તિત્વથી હું પ્રભાવિત થયો હતો.

મેડમ વાડિયા ન્યૂ મરિન લાઇન્સ ખાતે આવેલા થિઓસોફી હોલના મકાનમાં ઉપરના માળે રહેતાં. બીજે માળે એમની ઓફિસ. આખું મકાન એમની સુવાસનું પરિણામ. એમના કાર્ય અને કાર્યક્ષેત્ર માટે દેશ-પરદેશના થિઓસોફિસ્ટ મિત્રોએ મોટી રકમ આપીને આ મકાન તૈયાર કરાવેલું.

પી. ઇ. એન. ની ભારતની શાખાની સ્થાપના મેડમ વાડિયાએ કરેલી. એની વાર્ષિક સામાન્ય સભા થિયોસોફી હોલના મકાનમાં દર વર્ષે મળે. સભા પૂરી થયા બાદ મેડમ વાડિયાના ઘરે ચા-પાણી માટે જવાનું નિમંત્રણ પણ દર વર્ષે મળતું. એક નાની મંડળી જામે. ચા-પાણીની સાથે કોઇકની કવિતા કે વાર્તાના વાંચનનો કાર્યક્રમ પણ યોજાયો હોય. વાર્ષિક સામાન્ય સભા ઉપરાંત વખતોવખત વિદેશથી આવતા કવિ-લેખકો કે મુંબઇ તથા મુંબઇ બહારના ભારતીય કવિ-લેખકો સાથે ઔપચારિક કે અનૌપચારિક મિલનના કાર્યક્રમો જ્યારે ગોઠવાયા હોય ત્યારે પણ મેડમ વાડિયાને ત્યાં ચા-પાણી પણ રાખવામાં આવ્યાં હોય. એ વખતે મેડમનો વિશેષ પરિચય થાય. તેઓ ઉદાર અને અતિથિવત્સલ હતાં. કાર્યક્રમમાં જેટલું ધ્યાન રાખે તેટલું જ વ્યવસ્થામાં પણ તેઓ ધ્યાન રાખે.

એક વિદેશી નારી ભારતીય જીવન અને સંસ્કારને કેટલા બધાં આત્મસાત કરી શકે તેનું જવલંત ઉદાહરણ એટલે મેડમ વાડિયા. વિદેશમાં જન્મેલાં, વિદેશમાં ઊછરેલાં, ચહેરો પણ વિદેશી, છતાં ભારતીય જેવાં લાગે એવાં ગૌરવર્ણનાં તેજસ્વી મેડમ વાડિયા પાશ્ચાત્ય અને પૌરસ્ત્ય સંસ્કૃતિના સમન્વયના ઉત્તમ ઉદાહરણરૂપ દેખાય. કપાળમાં મોટો લાલ ચાંલ્લો, સેંથો પાડીને ઓળેલા વાળ, ઘણું ખરું પીળા કે કેસરી રંગની સાડી, ભારતીય ભાવનાભર્યા હાવભાવ, શાંત પ્રસન્ન મુખમુદ્રા, સ્મિત-ભરી મધુરી વાણી વગેરેની છાપ પ્રથમ દર્શને અત્યંત સચોટ પડે.

મેડમ હંમેશાં સતત કાર્યરત જણાય. પોતાને માટે સમય-પાલનના ચુસ્ત આગ્રહી. બોટી વાતોમાં સમય ન બગાડે. દેશ પરદેશના અનેક મહાનુભાવો સાથે ઘનિષ્ઠ મૈત્રી. તેઓની સાથે સતત સંપર્કમાં રહે. તે બધાની સાથે નિયમિત પત્રવ્યવહાર ચાલતો હોય છતાં એમની વાતચીતમાં કયાંય અભિમાનનો રણકો નહિ. એમના વર્તનમાં કયંય આડંબર જણાય નહિ.

એમની ઓફિસનું વાતાવરણ પણ શાંત અને પ્રેરક. સહુ કોઇ મૃદુ સ્વરે વાત કરે. મેડમની ચેમ્બરમાં સંદેશો પહોંચે એટલે બીજાં કામ પડતાં મૂકીને મળવા આવનારને તરત જ તેઓ બોલાવે. એમને મળવું એ પણ એક આનંદનો વિશિષ્ટ અનુભવ

૧૯૭૭માં યોજાયેલી પી. ઇ. એન. ની સીડનીની આંતર-રાષ્ટ્રીય કોંગ્રેસને નિમિતે અને ૧૯૭૮માં રીઓ ડી જનેરોની આંતરરાષ્ટ્રીય કોંગ્રેસને નિમિતે મારે મેડમ વાડિયાને અનેક વાર મળવાનું થયું હતું. ત્યારે એમનો અંગતપરિચય સવિશેષ થયો. એમની પાસે જતાં એક માતાતુલ્ય અપાર વાત્સલ્યનો અનુભવ થયો. જ્યારે એમને મળું ત્યારે તેઓ અત્યંત સ્વસ્થ અને પ્રસન્ન હોય. બીજાની કોઇ પણ વાત કે મુશ્કેલી તરત સમજે કંઇ પણ કામ હોય તો સ્ટાફને તાબડતોબ સૂચનાઓ અપાઇ ગઇ હોય અને નિર્ધારિત સમયે એ કામ અવશ્ય પાર પડયું જ હોય.

એક વખત મેડમ વાડિયાને એમની ઓફિસે હું મળવા ગયો હતો. તરત પાણી લાવવા માટે નોકરને સૂચના અપાઇ નોકર પાણી લઇને આવ્યો. પરંતુ ડોર કલોઝરને કારણે બારણું કંઇક ઝડપથી વસાયું. નોકરના હાથને ધક્કો લાગ્યો. પાણીનો ગ્લાસ નીચે પડી ગયો અને કાચના ટુકડા ચારે બાજુ ઊડયા. ટેબલ પરની ચોપડીઓ અને ફાગળ પર પાણી ઊડયું. પરંતુ એ વખતે મેડમે નોકરને કંઇ ઠપકો આપ્યો નહિ. એમના ચહેરા ઉપર જરા પણ વ્યગ્રતા દેખાઇ નહિ. એવાં જ સ્વસ્થ અને શાંત. દસેક મિનિટ હું એમની પાસે બેઠો હોઇશ. દરમિયાન નોકરે આવી બધું સાફ કરી નાખ્યું. તે તરફ વારંવાર મારું ધ્યાન જતું હતું, પરંતુ મેં જોયું કે જાણે કશું બન્યું જ નથી એવી રીતે મેડમ મારી સાથે વાતો કરતાં રહ્યાં. વિપરીત

પ્રસંગે પણ સમતા ન ગુમાવે એવી સ્વસ્થતા મેડમમાં ત્યારે જોવા મળી.

મેડમ વાડિયાએ યુવાન વયે પેરિસની સોર્બોન યુનિવર્સિટી, ન્યુયોર્કની યુનિવર્સિટી અને લંડનની સ્કૂલ ઓફ ઓરિએન્ટલ સ્ટડીઝમાં અભ્યાસ કર્યો હતો. ૧૯૨૦ થી ૧૯૨૯ સુધી યુરોપ અને અમેરિકામાં તેઓ રહ્યાં હતાં. ઇંગ્લીશ, ફ્રેન્ચ અને સ્પેનીશ ભાષા ઉપર એમનું અસાધારણ પ્રભુત્વ હતું. તે દરેકમાં એમનું વકતૃત્વ છટાદાર. ૧૯૩૦ માં તેઓ ભારતમાં આવ્યાં. તે સમયથી 'ધી આર્યન' પથ' નામના સામયિકનું તંત્રીપદ એમણે સ્વીકાર્યું હતું. ૫૦ વર્ષથી અધિક સમય એમણે આ સામયિકને પોતાની સેવા આપી.

એમની બીજી મોટી સેવા તે ભારતમાં આવીને એમણે પી. ઇ. એન. ના અખિલ ભારતીય કેન્દ્રની સ્થાપના કરી તે છે. એમણે 'ધ ઇન્ડિયન પી. ઇ. એન' નામનું સામયિક ચાલુ કર્યું. એ માટે પણ એમણે પોતાના જીવનનો ઘણો અમૂલ્ય સમય આપ્યો.

મેડમ વાડિયાએ થિયોસોફીની, પી. ઇ. એન. ની અને ઇતર વિષયની ઘણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિષદોમાં હાજરી આપી હતી. પ્રથમ દર્શને જ તેજસ્વી, જાજવલ્ય માન વ્યકિતત્વ અને અસરકારક વાકછટાને કારણે મેડમ વાડિયા જે કોઇ આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લે ત્યાં બધામાં જાણીતાં બની જતાં. એકવાર મળ્યાં કે જોયાં પછી વર્ષો સુધી વિવિધ પરિષદના પ્રતિનિધિઓ ભારતમાં કે વિદેશોમાં તેમને સતત યાદ કરતા રહ્યા છે.

મેડમ વાડિયા સાચા થિયોસોફિસ્ટ હતાં. બધા ધર્મ પ્રત્યે, બધા દેશોની પ્રજાઓ પ્રત્યે તેમને હૃદયથી પુરો સમભાવ, પ્રેમભાવ, આદરભાવ રહેતો. તેઓ અત્યંત નિસ્પૃહ અને નિરાસકત રહેતાં. એક વખત એક પુસ્તકમાં છપાવવા માટે મેં એમની પાસે એમના ફોટાની માંગણી કરી ત્યારે જાણવા મળ્યું કે તેઓ કયારેય ફોટો પડાવતાં નથી અને છાપવા માટે કયાંય ફોટો આપતાં નથી. કોઇ કાર્યક્રમમાં એમનો ફોટો લેવાય તો તેમને ગમે નહિં. અને છાપામાં છપાય તો નારાજ થાય. પોતાનો ફોટો ન લેવાય અને ન છપાય એ માટે અગાઉથી સહજ રીતે કયારેક તેઓ કાર્યક્રમના આયોજકોને સૂચના પણ આપતા.

મેડમ વાડિયાના ઘરે એમના નોકરો પણ સૌની સાથે પ્રેમથી વર્તે. કુટુંબના જાણે સભ્ય હોય એવો સદ્‌ભાવ મેડમ એમના પ્રત્યે રાખે. પોતે એકલાં હતાં. એમના પતિ સુપ્રસિદ્ધ થિયોસોફિસ્ટ શ્રી વાડિયાનું વર્ષો પહેલાં અવસાન થયું. ત્યાર પછી મેડમ એકલાં રહેતાં હતાં. પરંતુ નોકરોને પોતાના સ્વજનની જેમ સાચવતાં. બે વર્ષ પહેલાં એક બહુ જૂના નોકરનું અવસાન થયું ત્યારે એક સ્વજન ગુમાવ્યા જેટલું દુઃખ તેમણે અનુભવ્યું હતું.

છેલ્લા કેટલાક મહિનાથી મેડમને મળવાનું મારે થયું ન હતું. એમને મળવાનો વિચાર કરતો અને કંઇક કારણ આવી પડતું અથવા ગયો હોઉં ત્યારે મેડમ ઓફિસમાં હોય નહિ. ચારેક મહિના પહેલાં શ્રી ઉમાશંકર જોશી સાથે પ્રવાસમાં હતો ત્યારે પી. ઇ. એન. ની નબળી આર્થિક સ્થિતિની વાત નીકળી અને આંતરરાષ્ટ્રીય હેડકવાર્ટર્સમાં ચૂકવવાની બાકી રહેલી મોટી રકમની પણ વાત થઇ. એ અંગે શું કરી શકાય તેનો વિચારવિનિમય કરવા માટે મેડમને મળવાની ઉમાશંકરભાઇએ ભલામણ કરી હતી. પરંતુ હું તમને મળું તે પહેલાં તો મેડમ વિદાય થયાં. મેડમને મળવાની ઇચ્છા મનમાં જ રહી ગઇ.

મેડમ સોફિયા વાડિયા બહુ લોકસંપર્કમાં આવતાં નહોતાં. સાચા જિજ્ઞાસુ, થિઓસોફિસ્ટ કે લેખકોને તો તેઓ જરૂર મળતાં, પરંતુ સદા અનાસકત રહેતાં. એમના અવસાનથી મારા જેવા કેટલાયે એક વત્સલ માતાનો પ્રેમ ગુમાવ્યા જેવી લાગણી અનુભવી હશે!

–રમણલાલ ચી. શાહ

સંઘ સમાચાર

સ્વ. યશવંતભાઇ દાદભાવાળાની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે શ્રીમતી ધીરજબેન દાદભાવાળા તરફથી એક વ્હીલ ચેર અને એક અપંગને પગભર કરવા મશીનની કિંમતનું એમના તરફથી દાન મળેલ છે.

'પ્રબુદ્ધ જીવન' અંગે સૂચનાઓ

* 'પ્રબુદ્ધ જીવન'માં સામાન્ય રીત કાવ્ય, વાર્તા અને નાટક ઇત્યાદિ લવાતાં નથી. ધર્મ, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, સમાજ, રાજકારણ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, આદિ જીવનનાં વિવિધ ક્ષેત્રો અને વિષયો પરના લેખોને આ પત્રના ધોરણ અનુસાર સ્થાન અપાય છે.

* પ્રગટ થતા લેખોને યોગ્ય પુરસ્કાર આપવામાં આવે છે.

* લખાણ સારા અક્ષરે ફૂલસ્કેપ કાગળ પર શાહીથી એક બાજુ લખાયેલું હોવું જરૂરી છે. અસ્વીકૃત લખાણ પાછું મોકલાતું નથી. તેથી લેખકોએ લેખની એક નકલ પોતાની પાસે રાખવી. ટપાલમાં કે અન્ય કારણે ગુમ થયેલ લેખ માટે અમે જવાબદાર નથી.

* વિષયોનું વૈવિધ્ય અને પૃષ્ઠ સંખ્યાની મર્યાદા જાળવીને લેખો પ્રગટ કરવામાં આવે છે. લેખ કયારે પ્રગટ થઇ શકશે તે ચોકકસ જણાવવાનું મુશ્કેલ છે.

* 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતાં લેખોમાં રજૂ થતા વિચારો તે તે લેખકોના છે. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીની કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની તે વિચારો સાથે સહમતી હોવાની જવાબદારી રહેશે નહિ.

* લેખ મોકલવાથી માંડીને વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર 'સંઘ'ના કાર્યાલયના સરનામા પર કરવા વિનંતિ.

–તંત્રી

સંઘ સમાચાર

શ્રીમતી અહલ્યા રાંગણેકર (માજી સંસદસભ્ય) શનિવાર, તા. ૨૪-૫-'૮૬ ના સાંજના ૫-૦૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહ (૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો. ઓપ. સોસાયટી, બીજે માળે, પ્રાર્થના સમાજ, મુંબઇ-૪૦૦૦૦૪) માં **'સામાજિક સાંપ્રત પ્રવાહો'** વિશે મરાઠીમાં વાર્તાલાપ આપશે. તો આ કાર્યક્રમમાં પધારવા સૌને હાર્દિક નિમંત્રણ છે.

–મંત્રીઓ

વીતેલાં વર્ષો

ચી. ના. પટેલ

મા, દાદી ને બહેનની જેમ પિતાએ પણ મને ખૂબ પ્રેમ આપ્યો, પણ એમના પ્રેમનું ફળ જુદું હતું. તેમાંથી મને સદ્‌બુદ્ધિના સંસ્કાર મળ્યા. સામાન્ય રીતે માતા બાળકને પ્રેમ આપે છે અને પિતા તેનામાં સંયમ ને શિસ્ત કેળવવાનો પ્રયત્ન કરે છે. પણ બાળકના મન ઉપર ઉપદેશ કે શિખામણની બહુ અસર થતી નથી. શિસ્ત દ્વારા તેનામાં કેટલાક ઉપયોગી ટેવો કેળવી શકાય, પણ તેથી તેનું હૃદય નથી કેળવાતું. હૃદય સ્નિગ્ધ સાથે પ્રેમ ભળે તો જ કેળવાય. પિતાએ મને એવો, મારામાં સદ્‌બુદ્ધી પ્રેરે એવો, પ્રેમ આપ્યો. તેઓ ક્યારેક મને હળવી શિખામણ આપતા, પણ મને લાભ કર્યો તેમના પ્રેમે તેઓ લાડ કરતા નહિ, મને ખોળામાં બેસાડતા કે રમાડતા નહીં (એક વાર હું એમ બેસવા ગયો. ત્યારે તેમણે જરા છણકો કરીને મને દૂર કરેલો) મને રમકડાં લાવી આપતા નહિ, સારાં વસ્ત્રો સિવડાવતા નહિ કે મારે માટે બજારમાંથી કંઈ સારું ખાવાનું લાવતા નહિ. અને છતાં મારું હૃદય એમનો પ્રેમ સમજતું અને એમને માટે ઉમળકો અનુભવતું. એ પ્રેમના આનંદે મેં એમના વર્તનમાંથી અને તેઓ મને ક્યારેક કંઈક સમજાવતા તેમાંથી અને તેઓ મને ક્યારેક કંઈક સમજાવતા તેમાંથી મારી બુદ્ધિ પ્રમાણે ગ્રહણ કર્યું.

પિતાના સ્વભાવમાં જે દેખાઈ આવે એવા ગુણો હતા, નિર્વ્યાજ સત્યશીલતા અને નિર્દોષી હૃદય. એમનું સત્ય પ્રયત્નપૂર્વક કેળવેલી સિદ્ધાન્તનિષ્ઠાનું નહિ પણ સ્વભાવની સહજવૃત્તિનું (દલપત રામના જેવું) હતું અને તેથી નમ્ર હતું. પોતાને સત્યવાદી કે સિદ્ધાન્તનિષ્ઠ માની તેઓ બીજાંઓ પ્રત્યે તુચ્છકાર અનુભવતા નહિ. ક્યારેક તેઓ કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ કે ક્રોધની ઈર્ષ્યા કરતા નહિ, તેમને નુકસાન કર્યું હોય એવી વ્યક્તિઓ પ્રત્યે પણ નહિ. સ્વભાવની આ નિર્મળતાએ તેમને એક પ્રકારની સ્વસ્થતા આપી હતી. અવારનવાર બા અને દાદીનાં વાસણ ખખડતાં તેથી તેમને ક્લેશ થતો પણ તેને કારણે તેઓ દુઃખી નહોતા રહેતા. તેમને શરીરની ઉપાધિ પણ હતી. નાની ઉંમરથી કમજિયાત રહેતી (કહેવાતું કે બાળપણમાં તેમને ઊંઘતા ને શાંત રાખવા દાદી અફીણના પાસવાળી ગોળીઓ આપતાં તેમાંથી આ થયું હતું) અને મધ્ય વયથી દુઝતા હરસ શરૂ થયા હતા પણ તેઓ એ અકળાયા વિના સહન કરતા અને સામાન્ય રીતે આનંદમાં રહેતા. કોઈ વાર એમના મોં ઉપર અને એમની આંખોમાં બાળકના જેવા નિર્દોષ આનંદનો ભાવ દેખાતો તે હું આજે પણ જોઈ શકું છું. હું માનું છું કે તે એમની સત્યશીલતા અને નિર્દોષતાનો પ્રસાદ હતો.

મને એ પ્રસાદનું ફળ મળ્યું. મારા બાળકહૃદયે એમના એ ચારિત્ર્ય ગુણોની સુંદરતા અનુભવી અને એ સંસ્કારનાં ફળ રૂપે યુવાન વયે હું ગાંધીજીનાં સત્ય અને અહિંસા પ્રત્યે આકર્ષાયો. મારા જીવનનું આ સૌથી મોટું સદ્‌ભાગ્ય નીવડ્યું. તેથી મને બૌદ્ધિક અને નૈતિક બંને દૃષ્ટિએ લાભ થયો. બૌદ્ધિક લાભ એ કે હું બીજા અધ્યાપકોને રસ પડે એવી આંગ્રેજી સાહિત્યના શિક્ષણની કામગીરી છોડી ભારત સરકારના 'કલેકટેડ વર્કસ' ઓફ મહાત્મા ગાંધી'માં ગાંધીજીનાં લખાણોનાં અનુવાદ-સંપાદન કાર્યમાં જોડાવા લલચાયો, અને મારું શરીર ભાગ્યાં પછી પણ તે કામમાં ચાલુ રહી શકયો. તથા વયમર્યાદાના નિયમ પ્રમાણે નિવૃત્ત થયા પછી લગભગ આઠ વર્ષ મુખ્ય સંપાદકશ્રીના માનાર્હ સલાહકાર તરીકે એ કામ સાથે જોડાયેલો રહ્યો. તે કામ માટે ભારત સરકાર તરફથી મળતું માનદ વેતન ગુજરાત સરકાર તરફથી મળતા પેન્શનની ઉપરાંત હતું. એટલે સરવાળે મારી નોકરી મારી ઉંમરનાં છાસઠ વર્ષ ને ત્રણ માસ ચાલુ રહી, (સરકારી નોકરીમાં બહુ ઓછા લોકોને. રાજકીય લાગવગ ન હોય તો આવું સદ્‌ભાગ્ય મળે છે.) 'કલેકટેડ વર્કસ ઓવ મહાત્મા ગાંધી'માં ન જોડાયો હોત અને શિક્ષણકાર્યમાં ચાલુ રહ્યો હોત તો મારે શરીરની સ્થિતિની કારણે પચાસ વર્ષની ઉંમર પહેલાં નિવૃત્ત થવું પડ્યું હોત અને હું ભારે આર્થિક મૂંઝવણમાં મુકાઈ ગયો હોત. ગાંધીજી પ્રત્યેના આકર્ષણમાંથી મને નૈતિક લાભ થયો તે એ કે ગાંધીજીનાં લખાણો વાંચતાં હું મનુષ્ય જીવનમાં સત્ય ને અહિંસાનાં મૂલ્યો વિશે વિચારતો થયો, હું ગાંધીજીની સૌંદર્યદૃષ્ટિ પણ સમજતો થયો. એ સમજ મારા અંગ્રેજી-સંસ્કૃતિ – ગુજરાતી સાહિત્યના અભ્યાસવાંચનના સંસ્કાર સાથે ભળતાં મને સત્ય, પ્રેમ ને સૌંદર્યના જીવનઅમૃતની મારી કલ્પનાને ઊંડી તૃપ્તિ કરાવતી આંખી થઈ અને એમાંથી મને મેં જેને સૌંદર્યયોગ કહ્યો છે તેનો વિચાર સ્ફુર્યો. પિતાનો સાત્ત્વિક પ્રેમ મને આમ અણુકલ્પી રીતે ફળ્યો.

એ પ્રેમનાં સ્મરણો, પિતાને મૃત્યુ પામ્યાને પંદર વર્ષ વતી ગયાં છતાં, હજુ મને તેમની સાથે બાંધી રહ્યાં છે હૃદયના એટલા ઊંડા સ્તરે કે પંદર વર્ષમાં મેં તેમને અનેકવાર સ્વપ્નમાં જોયા છે, અને થોડા માસ ઉપર છેલ્લા એમ જોયા ત્યારે હું સ્વપ્નમાં એક મિત્રની સાથે વાત કરી રહ્યો હતો તેમની મે ઓળખાણ આપી ત્યારે તેમના મોં ઉપર એવા પ્રસન્ન આનંદનો ભાવ ઝળકયો હતો કે એ જોઈને મારાં શરીર ને મન, જાણે મને કંઈ કષ્ટ, દુઃખ કે ક્લેશ હોય જ નહિ, એમ સંપૂર્ણ આરોગ્યના સુખભાવથી પુલકિત થઈ ઊઠ્યાં હતાં). મારી પચીસેક વર્ષની ઉંમરે અમારી બેની વચ્ચે મનદુઃખ થયું અને તે દશેક વર્ષ રહ્યું, પણ એ ગાળામાંય એમની સાથેનું મારું પ્રેમબંધન તૂટ્યું નહોતું બલકે તે એટલું જીવતું રહ્યું હતું કે પિતાને મનદુઃખ થાય ત્યારે સામાન્ય રીતે પુત્રને થાય તે કરતાં મને ઘણો વધુ ક્લેશ થયો હતો-હું માનું છું કે પિતાને પણ એટલો જ થયો હતો. પણ આજે હવે મને એ કલેશની લેશમાત્ર દુઃખદ સ્મૃતિ રહી નથી અને એ વર્ષોનાં સ્મરણે મારું મન, ઊંચા સાહિત્યગુણની ટ્રેજિડીમાં બને છે તેમ, કવિ મિલ્ટનના શબ્દોમાં calm of mind all passion spent એવી શાંતિનો અનુભવ કરે છે. એ માત્ર દુઃખ કે રોષ શમી ગયાની અભાવાત્મક શાંતિ નથી હોતી. તેમાં અમારા સંબંધનાં સુખી વર્ષો દરમિયાન પિતાએ અને આપેલા પ્રેમ માટે ઊંડી કૃતજ્ઞતાનો ભાવ પણ ભળે છે. કૃતજ્ઞતા એટલા માટે કે તેમણે મને પ્રેમ આપી મારા હૃદયને તૃપ્ત કર્યું, પણ એ પ્રેમના બળે તેમણે મારા મનને બાંધવાનો પ્રયત્ન ન કર્યો એમના પ્રેમે મને પાંગળો જ બનાવ્યો. અને મારા સ્વતંત્ર અંતરવિકાસને ન રુંધ્યો. શાસ્ત્રમાં (મનુસ્મૃતિમાં?) કહ્યું છે કે પાંચ વર્ષ સુધી પુત્રને

લાડ કરવાં, પાંચથી સોળ વર્ષ સુધી જરૂર પડયે શિક્ષા કરી પુત્રને કેળવવો અને તેની સોળ વર્ષની ઉંમર થતાં તેને મિત્ર ગણવો. પિતાએ મને લાડ ન કર્યાં કે શિક્ષા કરી મારું ચારિત્ર્ય કેળવવાનો પ્રયત્ન ન કર્યો. બાળપણથી જ તેમણે હું પુખ્ત ઉમરનો સમજુ પુત્ર હોઉં એવી રીતે મારી સાથે વર્તન કર્યું. અર્વાચીન શિક્ષણશાસ્ત્ર વિશે પિતાએ કશું સાંભળ્યું કે વાંચ્યું નહોતું, પણ પોતાની સ્વભાવવૃત્તિને અનુસરી તેમણે જે વર્તન રાખ્યું તે મોન્ટેસરી દૃષ્ટિના કોઇ શિક્ષકનો આદર પામે એવું હતું.

બાળપણમાં મને મારી સ્વભાવવૃત્તિઓને અનુસરવા દેવાની પિતાની રીતમાં એક બે ઉદાહરણ આજનાં માતાપિતાને સાહસ જેવાં લાગે. હું પાંચેક વર્ષની ઉંમરનો હતો ત્યારે અમારું નવું ઘર બંધાતું હતું. તેના છેવટના દિવસોમાં બાકી રહેલું કામ પૂરું કરવા મેત્રણ સુતાર મિસ્ત્રીઓ રાતપાળી કરતા. તેમને રાત્રે એકબે વાગ્યે ચા બનાવી આપવાની હતી મેં એ કામ માથે લીધું. દરરોજ નક્કી કરેલા સમયે ઊઠતો અને પ્રાયમસ સ્ટવ સળગાવી ચા બનાવી આપતો (પિતાએ મને ચા બનાવવાની, પાણી ઉકળે પછી તપેલી નીચે ઉતારીને જ તેમાં ચાની પત્તી નખાય એ અંગ્રેજી રીત શીખવી હતી; બાવીસ વર્ષની ઉંમરે હું ચા પીતો થયો ત્યારથી એ રીતે બનાવેલી ચા જ પી શકું છું અને ઉકાળેલી ચા પ્રત્યે એટલો અણગમો અનુભવું છું કે બનતાં સુધી ઘર બહાર કર્યાય ચા પીવાનું ટાળું છું) એ વર્ષોમાં પ્રાયમસ સ્ટવ અમારા ગામમાં નવી વસ્તુ હતી. અમારા મહોલ્લામાં ફકત અમારા ઘેર જ હતો. બીજા મહોલ્લાઓમાં પણ ભાગ્યે જ એક બે ઘેર હશે. સામાન્ય રીતે પિતા જ તે સળગાવતા. બા કયારેક સળગાવતી, પણ મને સ્મરણ છે કે તે મૂંઝાતી. હું તે સળગાવતાં શીખી ગયો અને મોટા માણસની જેમ મિસ્ત્રીઓને ચા બનાવી આપવાનું ગૌરવ લેવા લાગ્યો. એ ગૌરવનું મને પ્રિય સ્મરણ રહ્યું છે.

બીજું સાહસ પિતા મને પતંગ ઉડાવવા ઘરના પતરાંના છાપરે ચઢવા દેતા એ હતું. હું છાપરે ચઢતો તેમાં અસાધારણ કશું નહોતું. ઘણાં બાળકો ઉત્તરાયણના દિવસોમાં એવું અને એવાં બીજાં સાહસ કરે છે, પણ તે વડીલોની અવજ્ઞા કરીને. પિતા તો પોતે ય છાપરે ચઢતા. નિસરણી જેવા કોઇ સાધન વિના સરળતાથી છાપરે ચઢી શકાય તે સારુ પિતાએ ઘર બંધાતું હતું ત્યારે અગાશીની એક બાજુએ મોકથી છાપરા સુધી પહોંચતી હાથ ટેકવીને ચડાય-ઊતરાય એવી દીવાલ બનાવી હતી. પિતાને પતંગ ચગાવવાનો શોખ હતો. એટલે પોતાની સરળતા માટે એમણે એ દીવાલ બનાવરાવી હશે, પણ હું તેનો લાભ લેતો અને પિતા મને રોકતા નહિ. ઉત્તરાયણનો દિવસ અમારે બંને માટે ઉત્સવ બની રહેતો. વહેલી સવારથી હું છાપરે ચઢી જતો. એકાદ કલાક પછી ચાપાણી કરી નાહી ધોઇ પિતા આવતા અને પતંગ પોતે હાથમાં લઇ મને ફીરકી પકડવા આપતા. એમ સવારે બે કલાક અમે સહિયારી ઉત્તરાયણ ઊજવતા. જમીને વળી હું એકલો ચઢતો અને ચારેક વાગ્યા સુધી આવડે એવો પતંગ-વિહાર કરતો. તે પછી એકાદ કલાક માટે પિતા ફરી જોડાતા. આજનું બાળમનોવિજ્ઞાન કહે છે કે માતાપિતાએ અને બીજાં વડીલોએ બાળકો સાથે રમવું જોઇએ. પણ એવી રમતોમાં કૃત્રિમતા આવે છે. પિતા પોતાના શોખથી જ પતંગ ચગાવતા અને મને એમનો સાથીદાર બનાવતા. વડીલો ઉત્તે જન આપે તો બાળકોને તેમની સાથે કામ કરવું ગમતું હોય છે. મને ઘરકામમાં નહિ પણ રમતમાં પિતાના સાથીદાર બનવાનો આનંદ મળ્યો. એવી જ રીતે દિવાળીના દિવસોમાં પિતા મારી સાથે દારૂખાનું ફોડવા જોડાતા. તેમને ફૂલઝણીઓ ઉપર પક્ષપાત હતો. તેઓ માનતા કે તેની ધૂણીથી હવા સ્વચ્છ થાય છે. ઉમળકાથી તેઓ મને ફૂલઝણી ધરી રાખવાનું શીખવતા.

સંઘ સમાચાર

યુરોપ સ્પોન્સરશિપ યોજના

ગત વર્ષની જેમ આ વર્ષે પણ 'સંઘ' તરફથી યુરોપ સ્પોન્સરશિપ યોજના કરવામાં આવી છે અને તે અનુસાર નીચે પ્રમાણેની રકમ અમને મળી છે.

(૧) સ્વ. હિંમતલાલ ડાહ્યાભાઇ કોઠારી ટ્રસ્ટ તરફથી રૂા. ૧૮૦૦૦/- શ્રી શૂન્ય પાલનપુરી (મુંબઇ સમાચાર) માટે.

(૨) સ્વ. શા. ભાલજી વેલજી એન્ડરવાળાના પરિવાર તરફથી રૂા ૧૮૦૦૦/- શ્રી રમણલાલ શેઠ (જન્મભૂમિ) માટે.

(૩) શ્રી મોહનલાલ કસ્તુરચંદ ઝવેરીના પરિવાર તરફથી તથા શ્રી કાન્તાબેન ડાહ્યાભાઇ કોઠારીના પરિવાર તરફથી રૂા. ૧૮૦૦૦/- શ્રી મનુભાઇ શેઠ (ભાવનગરના સામાજિક કાર્યકર્તા) માટે.

યુરોપ સ્પોન્સરશિપનો કાર્યક્રમ જુન મહિનાના બીજા-ત્રીજા અઠવાડિયામાં યોજાશે.

આ પ્રસંગે અમે દાતાઓના પ્રેમભર્યા સહયોગ બદલ આભાર માનીએ છીએ અને યુરોપની યાત્રાએ જનારને હાર્દિક શુભેચ્છા પાઠવીએ છીએ.

આંતરરાષ્ટ્રીય વ્યાખ્યાનમાળાઓ

ઇંગ્લેન્ડ-યુરોપ, અમેરિકા, આફ્રિકા, સિંગાપોર, હોંગકોંગ, જાપાન વગેરે દેશોમાં આવતા પાંચ વર્ષમાં જૈન ધર્મ, ભારતીય સંસ્કૃતિ અને સાહિત્ય વિષે આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાખ્યાનો યોજવાને માટે ચંદેરિયા હસ્તક 'સંઘ'ને રૂપિયા બે લાખનું દાન આપવાનું જાહેર કરવામાં આવ્યું છે. આ યોજના અનુસાર વિદેશોમાં વ્યાખ્યાનો આપવા માટે 'સંઘ' તરફથી જે વ્યકિતને મોકલવામાં આવે તે વ્યકિત માટેનું આંતરરાષ્ટ્રીય વિમાન પ્રવાસનું ભાડું તથા ભારતમાં થયેલ ખર્ચની રકમ ચંદેરિયા ફાઉન્ડેશન તરફથી 'સંઘ' દ્વારા આપવામાં આવશે. વ્યાખ્યાનોના આયોજન માટે સ્થાનિક જે કંઇ ખર્ચ થાય તે વ્યાખ્યાનો યોજનાર વિદેશની સંસ્થાએ ભોગવવાનું રહેશે.

જે કોઇ સંસ્થા પોતાને ત્યાં આ રીતે વ્યાખ્યાનો યોજવા ઇચ્છતી હોય તે સંસ્થાએ જૈન યુવક સંઘનો સંપર્ક સાધવો.

જુલાઇ-ઓગસ્ટ, ૧૯૮૬ માટે અમેરિકા અને કેનેડામાં વ્યાખ્યાનો યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. અને તે માટે ચંદેરિયા ચેરિટેબલ ફાઉન્ડેશનની ભલામણ અનુસાર 'સંઘ'ના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડો. રમણલાલ ચી. શાહ અને એમનાં ધર્મપત્ની પ્રો. તારાબેન ર. શાહને મોકલવાનું ઠરાવવામાં આવ્યું છે.

અમેરિકા-કેનેડાની જે સંસ્થાઓ આ યોજના હેઠળ વ્યાખ્યાનો યોજવાનું ઇચ્છતી હોય તે સંસ્થાઓએ વહેલી તકે 'સંઘ'નો સંપર્ક સાધવો.

-મંત્રીઓ

બૌદ્ધ સંસ્કૃતિમાં 'જાતકકથાઓ'

● પ્રવીણચંદ્ર જી. રૂપારેલ

'જાતક કથા' એટલે બૌદ્ધ કથાઓ, એટલું તો હવે લગભગ બધાં જ શિક્ષિતો ને વિદ્યાર્થીઓ પણ જાણે છે. પણ હકીકતમાં આ કથાઓના આવા નામનો એથી યે કંઈક વિશેષ અર્થ અને સંદર્ભ છે.

વિશ્વવ્યાપી બૌદ્ધ ધર્મના સ્થાપક શાક્યમુનિ ગૌતમ, જેમને આપણે કપિલવસ્તુના રાજકુમાર તરીકે સિદ્ધાર્થ નામે અને એમને જ્ઞાન થયું-બોધ થયો-તે પછી 'બુદ્ધને'ને નામે ઓળખીએ છીએ. તેમના ધર્મજીવનનું એક મહત્ત્વનું પાસું, આ કથાઓ છે. આ કથાઓ આવા નામે શા માટે ઓળખાય છે એ જાણવા જેવું છે.

કર્મનું મહત્ત્વ

બુદ્ધ બાહ્ય કર્મકાંડ વિરુદ્ધ તો હતા જ; પણ પણ જીવનમાં કર્મને એ અત્યંત ઊંચું મહત્ત્વ આપતા. પુનર્જન્મમાં એ અવશ્ય માનતા; એટલું જ નહીં પૂર્વ જન્મોમાં કર્મોનાં ફળ પછીના જન્મમાં મળે જ છે કે ભોગવવાં જ પડે છે એ એમની દૃઢ માન્યતા હતી.

વિકાસયાત્રા

કોઈ સામાન્ય ફૂલ કે ફળને પણ એનું વર્તમાન સ્વરૂપ પામવા માટે સેંકડો-હજારો વર્ષોના અનેક તબક્કાઓના વિકાસક્રમમાંથી પસાર થવું પડયું હોય છે; તો કોઈ એક જીવને આત્માને એક જ જન્મના ૫૦, ૬૦ કે ૧૦૦ વર્ષના આયુષ્યમાં, બુદ્ધત્વ જેવી ચરમ સ્થિતિ પ્રાપ્ત થઇ જાય, એવું તો શી રીતે બની શકે?

યુવરાજ સિદ્ધાર્થ શાક્યમુનિ ગૌતમ બુદ્ધત્વ પામ્યા તે પહેલાં અનેક ભિન્ન ભિન્ન યોનિઓમાં જન્મ લઇ, ઉત્તરોત્તર વિકાસ સાધવા, જ્ઞાનમય બોધમય સ્થિતિ પામવા માટે સતત આગળ વધવા પ્રયત્નશીલ રહ્યા અને અંતે સિદ્ધાર્થ રૂપે જન્મી આ વિકાસયાત્રા પૂર્ણ કરીને બુદ્ધત્વ પામ્યા.

પૂર્વજન્મની કથાઓ

શાક્ય મુનિ ગૌતમ અર્હંતપદ પામ્યા ત્યારે એમને એમના પુર્વજન્મોનું પણ જ્ઞાન થયું હતું (બૌદ્ધ શાસ્ત્રો અનુસાર) પોતાના આ પુર્વજન્મોનો મેળ બેસાડી, એ બધા જન્મોની વાતો-કથાઓ એમણે સ્વમુખે શિષ્યોને કહી હતી.

આ બધી કથાઓ 'જાતક કથા' ને નામે ઓળખાય છે. 'જાતક' એટલે જન્મ સંબંધી, જન્મને લગતું, જન્મેલું, આમ ભગવાન બુદ્ધના પુર્વ અવતારો પૂર્વ'જન્મો' ને લગતી એટલે કે પૂર્વજન્મોની કથાઓ તે જાતકકથાઓ.

બોધિસત્ત્વ

આ બધી જ કથાઓમાં નાયક કે કોઈ ગૌણ પાત્ર તરીકે બુદ્ધ, તો હોય જ, એ તો દેખીતું છે; પણ આ કથાઓમાં એમને 'બોધિસત્ત્વ'રૂપે ઓળખાવાયા છે એ ધ્યાનમાં રાખવાનું છે. 'બોધિ' એટલે બોધીશીલ, બોધવાળું, ચેતનામય; અને 'સત્ત્વ' એટલે અસ્તિત્વ ધરાવતું તત્ત્વ-જીવન-આત્મા! આમ 'બોધિસત્ત્વ' એટલે બોધમય, જ્ઞાનમય સ્થિતિ પામવા માટે સતત પ્રયત્નશીલ રહેતો જીવ-આત્મા.

આમ જાતકકથાઓ એટલે જન્મ-જન્માંતરોથી જ્ઞાનમય-બોધમય સ્થિતિ પામવા અનેક જન્મોમાં સતત પ્રયત્નશીલ રહેલા ભગવાન બુદ્ધની પૂર્વજન્મોની કથાઓ. આવી અત્યારે પ્રાપ્ય જાતકકથાઓ લગભગ ૫૫૦ જેટલી છે; મૂળ એ કેટલી હતી એ ચોકકસ કહી શકાય એમ નથી.

જાતકકથાઓ-ધર્મકથાઓ

સ્વયં ભગવાન બુદ્ધને મુખે કહેવાયેલી આ કથાઓ બૌદ્ધ ધર્મ અને બૌદ્ધ સાહિત્યમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. બૌદ્ધ ધર્મશાસ્ત્રમાં એ ધર્મકથાઓ કહેવાય છે.

ભગવાન બુદ્ધના મહાનિર્વાણ પછી આ બધી કથાઓનો વ્યવસ્થિત સંગ્રહ કરવામાં આવ્યો અને તે પર ટીકાઓ પણ લખાઇ. મહાન અશોકનો પુત્ર મહેન્દ્ર ધર્મપ્રચાર માટે સિંહલ દેશ ગયો ત્યારે જોડે પાલિભાષામાં લખાયેલી આ સટીક જાતક કથાઓ પણ ત્યાં લઇ ગયો હતો ત્યાં પછી તેનું સિંહાલી ભાષામાં ભાષાંતર થયું એવી વાત પ્રચલિત છે.

મહાવંશમાંના એક ઉલ્લેખ પરથી લાગે છે કે આ પછી ત્યાં કે અહીં પાલિભાષામાં એની કોઇ જ નકલ પ્રાપ્ય નહીં રહી હોય. આ મહાવંશમાં જણાવ્યા પ્રમાણે, પાંચમી સદીમાં આચાર્ય બુદ્ધઘોષ ભારતમાંથી સિંહલદેશ ગયા હતા. ત્યાં અનુરાધાપુરનાં મહાવિહારમાં મહાસ્થવિર સંઘપાલની સંમતિ મેળવીને એમણે સિંહલ ભાષામાંથી એનું પાલિભાષામાં ભાષાંતર કર્યું અને તે અહીં લઇ આવ્યા.

જાતકકથાઓનું મહત્વ

બૌદ્ધ પાલિસાહિત્યમાં તિપિટક-એટલે કે ત્રિપિટક-એ ત્રણ વિભાગોનો-પિટકોનો-સમૂહ છે; એ ત્રણ પિટકો છે-સુત્તપિટક, વિનયપિટક અને અભિધમ્મપિટક; આ મુખ્ય વિભાગો પાછા અનેક વિભાગો ને પ્રવિભાગોમાં વહેંચાયેલા છે. આમાંના સુત્તપિટકમાંના ખુદ્દકનિકાયમાં જે પંદર ગ્રંથોનો સમાવેશ થયો છે તેમાંનો એક ગ્રંથ તે આ 'જાતક'!

આ તિપિટકમાં બુદ્ધવચનોનું એક પ્રાચીનત્તર વર્ગીકરણ પણ મળે છે. આમાંના નવ વિભાગોમાં આ 'જાતક'ને પણ સ્થાન આપવામાં આવ્યું છે, જે તેની પ્રાચીનતા અને તેના વિશિષ્ટ મહત્ત્વનું સૂચક છે.

બૌદ્ધ સંસ્કૃતિનાં અનેક પ્રાચીન સ્થળોએ ચિત્ર, શિલ્પ વગેરેમાં આ કથાઓનાં પ્રસંગો અંકિત થયેલા મળી આવે છે. સાંચી, ભરહુત વગેરેનાં અતિ પ્રાચીન સ્તૂપોની વેષ્ટની પર અંકિત થયેલા તથા સાંચીના તોરણો એટલે કે દ્વારો, અજંતાનાં ભીંતચિત્રોને અમરાવતી ઉપરાંત જાવામાં બોરોબુદુર, બ્રહ્મદેશ, સિયામ વિગેરે સ્થળોએ પણ નયન મનોહર કલાકૃતિઓમાં અંકિત થયેલા આ કથાઓના પ્રસંગો પણ બૌદ્ધ સંસ્કૃતિમાં જાતકકથાઓના વિશિષ્ટ મહત્ત્વનું સમર્થન કરે છે.

અટ્ઠકથાઓ

ત્રિપિટકમાં ઉલ્લેખાયેલા જાતકગ્રંથ જોડે એમની અટ્ઠકથાઓ પણ સંકળાયેલી છે. મૂળ જાતક તો ધમ્મપદની જેમ ગાથા સ્વરૂપમાં જ છે. આ અટ્ઠકથાઓના ભાષ્ય જેવી જ છે. આ અટ્ઠકથાઓ વિનાનું જાતક સાહિત્ય આપણે માટે, કદાચ પૂરું ગણાય એવું નથી. અધૂરું લાગે એવું છે.

આ અટ્ઠકથાઓમાંથી મળતી વિગતો પ્રમાણે 'જાતક'માંની પોણા ભાગની કથાઓ જેતવન વિહારમાં કહેવાયેલી છે, જ્યારે બાકીની કથાઓ રાજગૃહ, કૌસામ્બી વૈશાલી વગેરે સ્થળોએ કહેવાયેલી છે.

અનેક પૂર્વજન્મોનાં સત્કર્મોના ફળ રૂપે જ રાજકુમાર સિદ્ધાર્થ આ જન્મમાં બુદ્ધત્વ પામ્યા, એવી આ કથાઓ દ્વારા બુદ્ધ ભગવાન બુદ્ધે જ કરેલી રજૂઆત, જીવનમાં કર્મના આવા મહત્ત્વની એમની દૃઢ શ્રદ્ધાનું જ જવલંત ઉદાહરણ છે.

૦ ૦ ૦

વિશિષ્ટ સ્વરૂપ

આ જાતકકથાઓના પ્રારંભ ખાસ ધ્યાન ખેંચે એવા હોય છે. સામાન્ય રીતે આપણી વાર્તાઓ જેમ–'એક હતો રાજા!' એ રીતે શરૂ થાય છે કે અંગ્રેજીમાં–'વન્સ અપોને ટાઇમ–' થી શરૂ થાય છે, તેમ મોટા ભાગની જાતકકથાઓનો પ્રારંભ–'પ્રાચીનકાળમાં, વારાણસીમાં બ્રહ્મદત્ત નામનો રાજા રાજ કરતો હતો'–એવા વાક્યથી થાય છે. સેંકડો વર્ષોથી લોકકથાઓ જેવી બની ગયેલી આ કથાઓએ પણ, અન્ય કથાઓની જેમ, આવા પ્રકારની કથાઓએ પણ, અન્ય કથાઓની જેમ, આવા પ્રકારનો કથા–પ્રારંભ અપનાવી લીધો હોય, એવું લાગે છે. બાકી અનેક જન્મોની કથાઓમાં એકનો એક જ રાજા બ્રહ્મદત્ત, વારાણસીમાં રાજ કર્યા જ કરતો હોય, એવું તો શી રીતે બને? સિવાય કે 'બ્રહ્મદત્ત' એ કોઇ રાજાનું વિશેષનામ નહીં પણ વારાણસીના બધા જ રાજાઓએ અપનાવેલું કોઇ વિશેષ ઇલકાબ જેવું–'ટાઇટલ' જેવું–નામ હોય! –આવો પણ એક મત, આ બાબતમાં પ્રચલિત છે, ખરો!

સામાન્ય રીતે લાંબા કાળથી પ્રચલિત રહેલી લોકકથાઓમાં, કલ્પનાના અસંયત વિહારને લઇને, ક્યારેક ક્યાંક ગ્રામ્યતા કે અશ્લીલતા પ્રવેશવાનો જે ભય રહે છે તેનાથી આ કથાઓ અસ્પૃષ્ટ રહી છે એ ખાસ નોંધવા જેવી બાબત છે! આ કથાઓ ધર્મને ગાળણે ગળાયેલી છે, એ જ કદાચ આમ થવાનું મુખ્ય ને મહત્ત્વનું કારણ હોય.

મુખ્ય સ્રોત

આમાંની ઘણી કથાઓ આપણને પંચતંત્ર, હિતોપદેશ, બસપ કથાઓ વગેરેની યાદ અપાવે એવી છે. આ બધામાં મૂળ કથાઓ–પ્રાચીનતમ કથાઓ કઈ, એ ઠીક ઠીક વાદવિવાદનો વિષય થઇ પડયો છે! આમ છતાં એકંદરે, આ સૌ કથાઓમાં જાતક કથાઓ સૌથી પ્રાચીન હોવાનું તથા અન્ય સૌ કથાઓનો આજ મુખ્ય સ્રોત હોવાનું, હવે મોટા ભાગના વિદ્વાનો સ્વીકારતા થયા છે, એ પણ નોંધવું જોઇએ.

માનવજીવન

આ કથાઓની શૈલી પદ્ધતિ પણ ખાસ નોંધવા જેવી છે. નિરાડંબરી સરળ શૈલીમાં આલેખાયેલી આ કથાઓમાં સીધી ને આડકતરી રીતે પણ માનવ જીવનનાં કેટલાં બધાં પાસાં આવરી લેવાયાં છે!

કિંમતી ઐતિહાસિક સામગ્રી

મનોરંજન અને ઉપદેશનાં તત્ત્વો તો આમાં છે જ! પણ તે ઉપરાંત, પ્રાચીનકાળના રોજે રોજના જીવનની રહેણીકરણી, કલા-કારીગરી, વેપાર–રોજગાર, સમાજ વ્યવસ્થા, વ્યવહાર–નીતિ, અર્થકારણ વગેરેની-ભલે છૂટક–તૂટક, છતાં માતબર કહી શકાય એવી ને એટલી વિગતો આ કથાઓમાં સમાયેલી છે.

આ વિગતો પ્રાચીન રાજનૈતિક, સામાજિક તથા નૈતિક પરિસ્થિતિ તથા મૂલ્યોનું જે સમૃદ્ધ તાદૃશ ચિત્ર ઉપસાવે છે તે તત્કાલીન ઇતિહાસના આલેખન માટે પ્રચૂર માત્રામાં અત્યંત મૂલ્યવાન સામગ્રી પૂરી પાડે છે.

શૈક્ષણિક સંસ્થાઓમાં ગેરશિસ્ત વાસ્તવિક દૃષ્ટિએ

'સત્સંગી'

ઘણા સમયથી શૈક્ષણિક સંસ્થાઓમાં શિસ્તનું વાતાવરણ શિક્ષણક્ષેત્રને વગોવનારું રહ્યું છે. પરંતુ આમાં માત્ર વિદ્યાર્થીઓનો જ દોષ કાઢવો એ ન્યાયપૂર્ણ નથી. વિદ્યાર્થીઓ શિક્ષણ-સંસ્થાના કેટલાંક ઘટકોમાંનું એક ઘટક માત્ર છે. શિસ્ત અંગે અન્ય ઘટકોની કોઇ જ જવાબદારી નથી એમ કહી શકાય નહીં બલ્કે આ ઘટકોનો ફાળો શિક્ષણ સંસ્થાની ગેરશિસ્ત માટે કેટલીક વખત તો ઘણો મોટો પણ બની રહે.

અંગ્રેજોના સમયના ટપાલી કે પ્રાથમિક શાળાના શિક્ષકને પોતાના વ્યવસાયમાં જેટલાં રસ અને ગૌરવ હતાં તેટલાં રસ અને ગૌરવ સ્વતંત્ર ભારતની શિક્ષણ સંસ્થાઓના વડાઓના, તેમના વ્યવસાયમાં હશે કે કેમ એ પ્રશ્ન છે. તેમનો જીવનરસ નૌકાર્યનાં પ્રતિબિંબસમ હોય છે, અર્થાત્ તેમણે તેમનાં શિક્ષણ અને અનુભવ નથી તો આત્મસાત્ કર્યાં હોતાં કે નથી તો કોઇ સ્વપ્નસૃષ્ટિ નિર્માણ કરી હોતી. પરિણામે, તેમનો વહીવટ કાર્યાલયના અગ્રગણ્ય કર્મચારીઓ તથા શિક્ષણ સંસ્થાના અગ્રગણ્ય અધ્યાપકો–પ્રાધ્યાપકોના અભિપ્રાય કે સૂચન પ્રમાણે ચાલતો હોય છે. આમાં શિક્ષણસંસ્થા સરસ્વતી મંદિર બને તેવો ધ્વનિ ભારતની સ્વતંત્રતા બાદ તો વિલીન થતો રહ્યો છે. સંસ્થાના વડાઓની તો માત્ર સહી જ કાગળો પર હોય છે એ સિવાય તેમનાં વ્યક્તિત્વનો પરિચય શૂન્યવત્ હોય છે. આ પરિસ્થિતિમાં ગેરશિસ્ત જ શક્ય બને.

અધ્યાપકો–પ્રાધ્યાપકો સુશિક્ષિત હોવા છતાં તેમનાં જીવનમાં સરસ્વતીની આરાધનાને બદલે લક્ષ્મીની આરાધના સવિશેષ બનતી રહે છે. વિદ્યાર્થીઓ પર તેમનો પ્રભાવ વિદ્યા પ્રેમી તરીકે પડતો નથી, જે શિસ્ત માટે મોટું વિઘ્ન ગણાય. તદુપરાંત અધ્યાપક-પ્રાધ્યાપકનાં વર્તુળમાં જૂથબંધી થઇ જતી જ હોય છે, પછી ભલે તમે તેને મિત્ર-વર્તુળનું રૂપાળું નામ આપો. અધ્યાપકગણમાં સમગ્ર રીતે સુમેળ હોતો નથી, પરંતુ આ સુમેળ તેમના નાના વર્તુળોમાં થોડો રહે છે. પરિણામે અધ્યાપકગણમાં જે વાતચીત થાય તેમાં જુદાં જુદાં વર્તુળ-જૂથનો ધ્વનિ રહેતો હોય છે. આમાં કયા અધ્યાપકને અયોગ્ય હોય તો પણ યોગ્ય ગણવા અને કયા અધ્યાપકને યોગ્ય હોય તો પણ અયોગ્ય ગણવા એવા ધ્વનિનું વાતાવરણ અધ્યાપક ખંડમાં રહેતું હોય છે. આની ગંધ વિદ્યાર્થીઓ સુધી પહોંચતી હોય છે.

અધ્યાપકનું માનસ તેમનાં કાર્યક્ષેત્રમાં વિશેષ હોય છે. તેથી કોઇ અધ્યાપક અન્ય અધ્યાપકની લોકપ્રિયતા સહન કરી શકતો નથી વિદ્યાર્થીઓમાં લોકપ્રિય બનવા માટે પ્રત્યેક અધ્યાપક અન્ય અધ્યાપકોનો અનંદુરસ્ત રપર્ધક બની રહેતો હોય છે. અધ્યાપકો વિદ્યાર્થીઓ સાથે વધુ પડતા હળતામળતા હોય છે. આ મિલનોમાં કયો અધ્યાપક માનને પાત્ર છે. અને કયા તેવા નથી એવા ધ્વનિનું વાતાવરણ વાતચીત દરમ્યાન

રહેતું હોય છે. આ છૂટથી થતી વાતચીત દરમ્યાન સંસ્થાના વડાનું સારું ન દેખાય તે યોગ્ય છે એવું સૂચન કેટલાક અધ્યાપકો કરી દેતા હોય છે. તેવી જ રીતે સંસ્થાના વડાને વિદ્યાર્થીઓ સાથે મળવાનું અવશ્ય બને ત્યારે વાતચીત દરમ્યાન તેઓશ્રી કોઈ કોઈ અધ્યાપકો પ્રત્યેનું વલણ નાટકીય ઢબથી દાખવી દેતા હોય છે. આ સમગ્ર પરિસ્થિતિનો પ્રભાવ વર્ગમાં પિરિઅડો દરમ્યાન પડતો હોય છે.

નહિતર અધ્યાપકો અને વિદ્યાર્થીઓ હળેમળે તે દ્વારા આત્મીયતાના સંબંધો સ્થપાય તો ગેરશિસ્ત ન રહે. પરંતુ આજનાં આ મિલનોમાં જ્ઞાનપિપાસા કે જીવન ઊર્ધ્વગામી બને તેવી પિપાસાને બદલે લાભપિપાસા કે લાગવગપિપાસા મુખ્ય હોય છે જેમાં અધ્યાપકો પોતાનું સ્વમાન પણ ભૂલી જતા હોય છે.

અત્યારની પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓનું હિત થાય અને સંસ્થાનું નામ ઉજ્જવળ બને એવી ભાવના કોઈને પક્ષે ખાસ હોતી નથી પોતાનો પગાર અને નોકરીના અન્ય લાભો મળે એટલી જ મર્યાદિત દૃષ્ટિ હોય છે. વિદ્યાર્થીઓ દ્વારા પણ કંઈ ને કંઈ લાભ મળે તેવી અપેક્ષા સૌ કોઈ રાખતા હોય છે તેથી પણ અંદરોઅંદર ચડસાચડસી વધતી રહે છે. વિદ્યાર્થીઓ સૌ કોઈનાં આવા વલણને સમજી લેતા હોય છે. સંસ્થાના વડાનો પગાર ધડીભર ખૂબ સારો હોય તો પણ તેમને વિદ્યાર્થીઓ તેમ જ અધ્યાપકો પાસેથી કંઈને કંઈ અપેક્ષા રહેતી હોય છે. આ અપેક્ષાનાં વલણથી સંસ્થાના વડાની પ્રતિમા અસરકારક ન બને એ દેખીતું છે.

જે સંસ્થામાં છોકરાછોકરીઓ સાથે ભણતાં હોય ત્યાં છોકરાઓ પોતે કંઈક છે એવું સ્થાપિત કરવા પ્રવૃત્ત રહેતા હોય છે જે તદ્દન સ્વાભાવિક બાબત છે. સદ્‌ગુણોથી છોકરીઓનું માન મળશે એવો ખ્યાલ બહુ થોડા વિદ્યાર્થીઓનો જ હોય છે. તેથી ગેરશિસ્ત દ્વારા છોકરીઓનું ધ્યાન ખેંચાય એમાં છોકરાઓને આનંદની લાગણી થતી હોય છે. છોકરીઓ ભલે શાંત ગણાતી હોય, પરંતુ કેટલીક વખત છોકરાઓના ગેરશિસ્તને તેઓ ઉત્તેજન પણ આપતી હોય છે. તેવી જ રીતે સંસ્થાના વડા તથા અધ્યાપકો છોકરીઓ પ્રત્યે અવારનવાર પક્ષપાત દાખવતા હોય છે તેથી છોકરાઓ ખિન્ન, નિરાશ અને ઉશ્કેરાયેલા પણ રહેતા હોય છે.

સ્વતંત્ર ભારતમાં રાજકારણ અર્થાત્ મતો મેળવવાનું વાતાવરણ રહે એ સ્વાભાવિક બાબત બની ગઇ છે. તેથી સંસ્થાની સમગ્ર ચિત્રમાં રાજકારણીય વળાંક દેખીતી રીતે કે ગુપ્ત રીતે ક્રિયાશીલ રહે છે. ભિન્ન ભિન્ન મંતવ્યો ધરાવતાં છોકરા છોકરીઓને રાજકારણીય વાતાવરણ પ્રત્યે એકંદરે સૂગ રહેતી હોય છે. સંસ્થાના વડા તેમ જ અધ્યાપકગણ વચ્ચે પણ રાજકારણ અંગે મતભેદો પ્રવર્તતા હોય. સંસ્થાના સમગ્ર સંચાલન પાછળ નાના મોટા રાજકીય નેતાઓ રસ લેતા હોય એવું બનતું હોય છે. આ રાજકીય નેતાઓના હસ્તક્ષેપની જ્યારે સ્પષ્ટ ગંધ આવે છે ત્યારે અધ્યાપકો વિદ્યાર્થીઓને પોતાની જૂથબંધી પ્રમાણે પોતાની રીતે વળાંક આપવાનું ચૂકતા હોતા નથી. સંસ્થા સાથે સંકળાએલા સૌ કોઇ પોતાનાં સ્થાન અને માન માટે પ્રયત્નશીલ રહે છે, આમાં સ્થાન તો નિયમ પ્રમાણે જે રીતે રહે તેમ રહેતું હશે પરંતુ માનના અધિકારી તો ભાગ્યે જ કોઇ બને છે. પરિણામે, જે વાતાવરણ થાય છે, તેમાં સુમેળ, સંવાદિતા અને પરસ્પર સદ્‌ભાવને બદલે નાના મોટા કલહો અને દ્વેષ પ્રધાન સ્થાન ધરાવે છે.

નિંદારસ અને ઇર્ષા સંસ્થાની ગેરશિસ્ત માટેનાં ઊંડા કારણો છે. વિદ્યાર્થીઓનાં હિત માટે સંસ્થામાં સૌ સાથે મળે છે, જ્યારે વાસ્તવમાં વિદ્યાર્થીઓ ખોજારૂપ બને છે. સંસ્થાના વડા અધ્યાપકોના નેતા બની શકતા નથી. તેઓ પોતાનાં શિક્ષણકાર્ય અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા જીવન જીવવા જેવું છે અને સનાતન મૂલ્યો સુખશાંતિ બક્ષનારાં છે એવી પ્રેરણા આપી શકતા નથી. વિદ્યાનું તેજ ગૌરવયુક્ત છે અને જીવનને ઉન્નત માર્ગ પર લઈ જનાર છે એવા ધ્વનિનું નિર્માણ તેઓ કરી શકતા નથી. પોતાનાં ઉદાહરણ દ્વારા તેઓ અભય, સત્ય, અહિંસા, સાદાઇ, ત્યાગ વગેરે જેવા અમૂલ્ય સદ્‌ગુણોનું સૂચન કરી શકતા નથી. આ પરિસ્થિતિમાં વિધાયક માર્ગદર્શનના અભાવે વિદ્યાર્થીઓનો તરવરાટ ગેરશિસ્તમાં ન પરિણમે તો આશ્ચર્ય ગણાય.

કેન્સર : મનોદૈહિક રોગ !

❖ ચન્દ્રલાલ ૨. શાહ

થોડા સમય પહેલાં મુનિશ્રી અમરેન્દ્રવિજયજી મહારાજશ્રીનું 'અચિંત ચિંતામણિ નવકાર' પુસ્તક વાંચવા મળ્યું. નમસ્કાર મહામંત્રના સતત જપથી શ્રી ગુલાબચંદભાઇ ખીમચંદ ભારતરનો કેન્સરનો વ્યાધિ કેવી રીતે મટ્યો, એનું આલેખન પ્રસ્તુત પુસ્તકમાં કરવામાં આવ્યું છે. મરણને શરણ થાય એવી ગંભીર અને આખરી સ્થિતિમાંથી તેઓ ઉભા થયા અને એ વાતને આજે આડત્રીસ વર્ષ થયાં. આ બાબતની ખાતરી માટે તાતા મેમોરિયલ હોસ્પિટલના કેસ-પેપરની પ્રતિકૃતિ પણ આપી છે. એ એ જ રીતે સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહને કેન્સર હોવાનું નિદાન આજથી ૨૬ વર્ષ પહેલાં થયું હતું. કોઇ પણ જાતની દવા કે સારવાર વિના માત્ર મક્કમ મનોબળથી એમને સારું થયું હતું એ આપણી નજર સામેની ઘટના છે. આ અંગે તાતા મેમોરિયલ હોસ્પિટલના ડો. જે. જે. બ્યાસ સાથે મારે વિચાર વિનિમય થયો હતો. એમણે એ બાબતને સમર્થન આપ્યું કે દૃઢ મનોબળ; અને આત્મવિશ્વાસથી કે કેન્સર જેવા જીવલેણ રોગો પર કાબુ મેળવી શકાય છે, અને પુનઃ તંદુરસ્તી પ્રાપ્ત થાય છે. આ અંગે બીજા અંતિમ પર જતાં મારું તારણ એ છે કે નબળાં મનોબળ ધરાવતી વ્યક્તિ કે પોતાની જાતને ગુનાહિત માનતી અને અપરાધ ભાવ ધરાવતી પણ જાહેરમાં પ્રતિષ્ઠાના ભયથી કે અન્ય કારણોસર એ વાત સ્વીકારી ન શકતી વ્યક્તિ કે સ્વ-પરપીડન વૃત્તિ ધરાવતી વ્યક્તિને આવો રોગ થવાની વિશેષ સંભાવના છે. ડો. જે. જે. બ્યાસને મેં એની પાછળની ભૂમિકા આપી અને એની ન્યાયસંગત રજૂઆત કરી. એમણે આ બાબતને સમર્થન આપ્યું છે.

* * *

બ્રિટનની 'કેન્સર સંશોધન ઝુંબેશ' નામની સંસ્થા નિષેધાત્મક વિચારધારા અને મનોબળને રવરથ અને શક્તિશાળી બનાવવા પર ભાર મૂકે છે. કેન્સર પર કાબૂ મેળવવા આ

બાબત પથાની છે. સુવિખ્યાત અમેરિકન લેખક નોર્મન કઝીન્સે માત્ર મનોબળના આધારે એક ખતરનાક રોગ પર કેવી રીતે વિજય મેળવ્યો એ વાત તો હવે આપણે એમના પુસ્તક 'જીવવાનો ચાન્સ, ૫૦માં એક' દ્વારા જાણીએ છીએ. ડૉ. મેંટસે નોંધ્યું છે કે જો કુટુંબમાં ગમખ્વાર અવસાન બને અને એ પછી તીવ્ર માનસિક દુઃખ અનુભવાય તો એવા સમયે એવી તીવ્ર સંવેદના અનુભવતી વ્યક્તિના શરીરમાં કેન્સર દેખા દે છે. આ વાત ઘણા દાક્તરોએ ડૉ. મેટસને કહી છે. સીએટલના કેન્સર નિષ્ણાત ડૉ. વેરમોન રીલીએ આ અંગે ઉંદરો પણ પ્રયોગ કર્યો હતો. રેકર્ડ પ્લેયર પર થોડાક ઉંદરોને મૂકી, ધૂપ ગોળ ગોળ ફેરવ્યા. પરિણામે આ ઉંદરોમાં ગભરાટ અને તાણ ઉત્પન્ન થઇ. આ ઉંદરો અને બીજા સરસ હાલતમાં રહેતાં ઉંદરોનાં શરીરમાં એમણે કેન્સરના સેલ દાખલ કર્યા. ગભરાટ અને માનસિક તાણ અનુભવતા ઉંદરો કેન્સરથી મરી ગયા અને સ્વસ્થ ઉંદરો બચી ગયા. ડૉ. રીલીએ તારણ કાઢ્યું છે કે માનસિક તાણને લીધે આપણા શરીરમાં 'કોર-ટિકોસ્ટેરોન' નામનું રસાયણ પેદા થાય છે. આ રસાયણથી શરીરના તંદુરસ્ત અને સંરક્ષણાત્મક કોષો જોખમાય છે અને કેન્સરના સેલ વિજયી નીવડે છે.

ડૉ. સ્ટીફન ગીઅરે થોડાં વર્ષ પહેલાં એક પ્રયોગ કર્યો હતો. લંડનની કિંગ કોલેજ હોસ્પિટલમાં છાતીમાં ગાંઠ લઇને આવતી સ્ત્રી-દર્દીઓને એમણે એક ફોર્મ ભરવા આપ્યું. આ ગાંઠ કેન્સરની છે કે નહિ એની જાણ ન હતી. ચકાસણી બાદ તારણ એ આવ્યું કે નબળાં મનોબળવાળી કે એક યા બીજા કારણોસર અસ્વસ્થ સ્ત્રીઓની ગાંઠ કેન્સરની હતી, જ્યારે બીજી સ્ત્રીઓની ગાંઠ નિર્દોષ હતી. ડૉ. ગીઅરે આ અભ્યાસ આગળ વધાર્યો. એ અભ્યાસ પરથી એ સ્પષ્ટ થયું કે જે સ્ત્રીઓ કેન્સરને લડત આપવાના મિજાજની હતી અને 'મને કેન્સર છે જ નહિ, હું સારી થઇને જ રહીશ, એવી ભાવના જે સ્ત્રીઓએ કેળવી હતી, એમને તાત્કાલિક સારું થયું હતું. એથી ઊલટું 'કેન્સર અસાધ્ય છે, હવે હું નહિ બચું' એવું નિરાશાજનક વલણ ધરાવનાર સ્ત્રીઓ પર આ રોગ માટે કરેલાં ઉપચારો નિષ્ફળ નીવડ્યાં હતાં. પરદેશના સંશોધનોની આ વિગતો મુંબઇના દૈનિક 'પ્રવાસી'માં શ્રી કૂપમંડુકે તા. ૨૨-૧-૧૯૮૨ના અંકમાં આપી હતી. એ લેખનો વસ્તુ-એોછે અંશે મેં અહીં આધાર લીધો છે. એનો હું અહીં ઋણ-સ્વીકાર કરું છું.

આપણે ઘણીવાર જોઇએ છીએ કે સ્વાસ્થ્ય અંગેના નિયમો જાળવતી વ્યક્તિને પણ કેન્સર થાય છે. જિંદગીમાં કદી પણ ધૂમ્રપાન કર્યું ન હોય કે અન્ય વ્યસન ન હોય, ગામડામાં કુદરતી વિશુદ્ધ વાતાવરણ વચ્ચે રહેતા હોય, શુદ્ધ અને સાત્વિક ખાદ્યસામગ્રી મળતી હોય, દિવસભર શારીરિક પરિશ્રમ પણ થતો હોય, જૈન સાધુની માફક ખુલ્લે પગે વિચરતા હોય અને પાણી સુધ્ધાં ગરમ કરીને પીતા હોય, આખી જિંદગી આ રીતે વીતાવી હોય અને મનોબળ પણ મજબૂત હોય: આમ છતાં આવી વ્યક્તિને પણ કેન્સર થાય છે. એનું શું કારણ? એ કારણ સમજવા આપણે મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા સમજવી જોઇએ.

આપણે ત્યાં આત્મનિરીક્ષણ, ક્ષમાયાચના અને ક્ષમાના ઔદાર્યનું ઘણું મહત્ત્વ છે. એ વાજબી અને આવકાર્ય છે. દુનિયાના બીજા ધર્મો પણ આ બાબતને વત્તે ઓછે અંશે મહત્ત્વ આપે છે. ખ્રિસ્તી ધર્મના Confessions અને મુસ્લિમ ધર્મની કયામતના દિવસે હિસાબ આપવાની વિભાવના પણ આ બાબતનું મહત્ત્વ સમજાવે છે. 'મનુષ્ય માત્ર ભૂલને પાત્ર' એ ન્યાયે ભૂલ થાય એ સહજ ગણી એના સ્વીકાર અને પ્રશ્ચાતાપ દ્વારા આધ્યાત્મિક દ્રષ્ટિએ વિકાસશીલ આત્માને એથી મુક્ત થવાની તક આપવામાં આવી છે. આત્મા અને ગુરુની સાક્ષીએ પોતાની ભૂલનો સ્વીકાર, પોતાનાં પાપકર્મો કે અપકૃત્યોનો સ્વીકાર અને એ અંગે ક્ષમા યાચવાની અને ક્ષમા આપવાનું ઔદાર્ય જબરી હિંમત માંગી લે એવું કાર્ય છે. સામાજિક પ્રતિષ્ઠા, લોકનિંદાનો ભય આદિ ઘણાં કારણોસર અંતરાત્મા ડંખતો હોવા છતાં, માનવી ક્ષમા યાચના કરી શકતો નથી. પોતાનાં અપકૃત્યોનો સ્વીકાર કરી શકતો નથી. મનુષ્યની સ્વભાવગત આ નિર્બળતા છે, અલબત્ત, સ્વભાવગત આવી નિર્બળતાનો બચાવ કરવાનો અહીં કોઇ આશય નથી.

મનોવિજ્ઞાન માનવીના મનના બે ભાગ કલ્પે છે: એક જ્ઞાત મન અને બીજું અજ્ઞાત મન. જ્ઞાત અથવા બાહ્ય મનનો આવો અનુભવ અજ્ઞાત અથવા આંતર મનમાં ધકેલાઇ જાય છે અને એ બહાર ન આવે એ રીતે જ્ઞાત મન એના પર ચોકી કરવાનું કામ કરે છે. પરંતુ અંતરાત્માના અવાજને એમ દબાવી દેવો એ સહેલું કાર્ય નથી. અલબત્ત, એ અવાજ એવો પ્રબળ નથી હોતો કે જેથી માનવી આત્મા અને ગુરુની સાક્ષીએ પોતાની નિંદા કરી પ્રાયશ્ચિત્ત કરી શકે. એટલે પોતાના દુષ્કૃત્યથી અપરાધભાવ અનુભવતો માનવીને એનો અંતરાત્મા સતત ડંખે છે. સ્વ-પર પીડન વૃત્તિ ધરાવનાર વ્યક્તિની પણ આવી દશા કયારેક હોય છે, આ પ્રકારનું માનસ ધરાવતી વ્યક્તિ અંતરાત્માના અવાજની તીવ્રતાની ક્ષણે ખાનગીમાં પોતાની જાતને પીડે છે. શારીરિક રીતે પણ પોતાને ઇજા થાય એટલી હદે સ્વપીડનવૃત્તિ દાખવે છે એ રીતે જાણે કે એવી વ્યક્તિ એનાં અપરાધભાવનું પ્રાયશ્ચિત્ત કરી લેતી ન હોય! કયારેક પોતાના જેવી ભૂલો કોઇ વ્યક્તિ કરે તો એની શી આલોચણા હોય એ ગુરુ પાસેથી જાણી, કેટલીક વ્યક્તિઓ પોતે એવી આલોચણા સ્વીકારી હોય એ મુજબ વર્તે છે. આ બાબત પણ અંતરાત્માના અવાજને દબાવી ન શકતી પણ એને જાહેર કર્યા વિના દોષને અનુરૂપ પ્રાયશ્ચિત સ્વીકાર્યાનો સંતોષ લેતી સ્વપીડનવૃત્તિનો નમૂનો છે. આ રીતના પ્રાયશ્ચિત્તથી દોષશુદ્ધિ થતી નથી એવું શાસ્ત્રો કહે છે.

આ બધામાં શારીરિક રીતે સ્વપીડન ન કરી શકે એવી વ્યક્તિનો અંતરાત્મા ડંખે તો છે જ. એ ડંખ છે, પરંતુ એ ડંખ કયાં લાગે છે એ આપણે સમજી શકતા નથી. અપરાધ, અપરાધભાવની તરતમતા, અપરાધનું વાહન બની શકે એવા રોગરૂપે, પ્રતીક તરીકે આપણે એ બાબતની અભિવ્યક્તિ જોઇ શકીએ. અંતરાત્માનો એ ડંખ કોષવૃદ્ધિ દ્વારા અંતે કેન્સરમાં પરિણમે પણ ખરો. એ ડંખ અન્ય મનોદૈહિક રોગોમાં પણ પરિણામે એ રીતે અજ્ઞાત મનમાં ધકેલાયેલી-દબાયેલી બાબત પ્રતીકરૂપે બહાર આવે છે. કેન્સરના રોગના કારણમાં આ એક શકયતા છે. હું એક અપર-માનો કિસ્સો જાણું છું. પોતાની પુત્રેચ્છાને પૂરી કરવા સાવકા પુત્રનું બલિદાન આપવાની તૈયારી એક મંત્ર-તંત્ર દ્વારા-ધાગા કરતાં લેભાગુ સ્વામીના માર્ગદર્શન હેઠળ થઇ હતી. સદ્‌ભાગ્યે એવું બની શકયું નહિ. બન્યું હોત તો કેન્સરનું પ્રસરણ કદાચ જલદી થાત. પરંતુ એ ન બન્યું તો પણ એની તૈયારીનો ડંખ તો અજ્ઞાત મનમાં

રહ્યો જ, એટલે આ બનાવ પછી કેટલાંક વર્ષે એ સ્ત્રીને કેન્સર થયું. અજ્ઞાતમનમાં ધકેલાયેલી બાબત ધીરે ધીરે ડંખતી રહી હોય અને લાંબે ગાળે એ કેન્સરમાં પરિણમી હોય એવું અહીં અનુમાન છે. એ સ્ત્રી ગામડાંના વિશુદ્ધ વાતાવરણમાં અને વર્ષોથી ચારેક દાયકાથી ઉકાળેલું પાણી પીએ છે અને આરોગ્યના નિયમો જાળવે છે, એટલે વ્યસનાદિના કારણો વિના થયેલાં આ રોગના કારણ માટે આ રીતે મનોવિશ્લેષણ દ્વારા આવું અનુમાન બાંધ્યું છે.

એક સ્પષ્ટીકરણ આવશ્યક છે: ધર્મનો સિદ્ધાંત કયાંય ખોટો નથી ખોટી છે માનવીની ભિરુવૃત્તિ અને દંભ. એને બદલે ઋજુતા અને સરળતાથી, સહજભાવે વ્યક્તિ અને સમાજ 'મનુષ્ય માત્ર, ભૂલને પાત્ર' એ ન્યાય સ્વીકારે તો આવા ગૂંચવણભર્યા પ્રશ્નો ઉભા ન થાય. પ્રતિષ્ઠા અંગેના માપદંડમાં સામાજિક કક્ષાએ પરિવર્તન લાવવું જોઇએ એ આપણે વહેલી તકે સમજવું જોઇશે. અલબત્ત, વ્યક્તિગત કક્ષાએ ધાર્મિક સિદ્ધાંતો સ્વીકાર્ય હોય એણે ગાંધીજીની માફક પોતાની નાની શી ભૂલને હિમાલય જેવી ભૂલ તરીકે ઓળખાવતાં કદી અચકાવું જોઇએ નહિ. કારણ, આત્મ-સાધકને બાહ્ય જગતની એષણાઓ અને વાસનાઓ વર્જ્ય છે. અધ્યાત્મની સાધનાને પંથે ચડેલાં જીવને એનું કશું મૂલ્ય હોતું નથી, હોવું પણ ન જોઇએ. * * *

(પાંચમા જૈન સાહિત્ય સમારોહમાં રજૂ થયેલ નિબંધ.)

(પૃષ્ઠ ૨૬૬ થી ચાલુ)

થયા વગર રહે નહિ.

રંભાબહેન અને મનમોહનભાઇનું દાંપત્યજીવન અત્યંત ઊભાભર્યું; સંતાન નહિ છતાંય ક્યારેય સંતાનની ખોટ જણાય નહિ. ગ્રન્થોરૂપી માનસ સંતાનથી રંભાબહેનને ઘણો સંતોષ. નાટિકાઓ, વાર્તાઓ, લેખો, ટુચકાઓને લગતા સંખ્યાબંધ પુસ્તકો રંભાબહેનનાં પ્રગટ થયાં છે, છેલ્લા એક વર્ષમાં દસ જેટલાં એમના પુસ્તકો પ્રકાશિત થયાં હતાં. મનમોહનભાઇએ ચીવટપૂર્વક એ કાર્ય રંભાબહેનની હાજરીમાં જ પાર પાડી આપ્યું. રંભાબહેનની સાહિત્યિક પ્રતિભાના પોષણમાં મનમોહનભાઇનો ફાળો ઘણો મોટો જુદાં જુદાં પુસ્તકાલયોમાંથી નવાં નવાં અંગ્રેજી-ગુજરાતી પુસ્તકો તેઓ લઇ આવ્યા જ હોય. અને એના વાંચનથી રંભાબહેનને અનેક નવા નવા મૌલિક વિચારો સ્ફૂરે. રંભાબહેને કયું પુસ્તક વાંચ્યું છે અને કયું નથી વાંચ્યું એની નોંધ મનમોહનભાઇ પ્રત્યેક પુસ્તકમાં એવી ગુપ્ત નિશાની રૂપે કરી રાખે કે પુસ્તકાલયમાંથી પુસ્તક હાથમાં લેતાં ફક્ત એમને જ ખબર પડે કે એ પુસ્તક રંભાબહેનને અગાઉ વાંચ્યું છે કે નહિ. આર્થિક દૃષ્ટિએ સંપન્ન એવું રંભાબહેનનું ઘર પુસ્તકો અને સામયિકોથી ઉભરાતું. છતાં અત્યંત સ્વચ્છ, સુઘડ અને વ્યવસ્થિત. મનમોહનભાઈ પણ એમાં મદદ કરે. નિવૃત્ત જીવન એટલે મનમોહનભાઇ ઘણો સમય મિત્રોને પત્રો લખવામાં અંગ્રેજીમાં કવિતા લખવામાં, ઘરને વ્યવસ્થિત રાખવામાં, ટેનિસ ક્લબમાં રમવામાં કે હેંગિંગ ગાર્ડનમાં નિયમિત ફરવામાં પસાર કરે.

હેંગિંગ ગાર્ડનમાં રંભાબહેન અને મનમોહનભાઇ અનેકવાર મળ્યા હશે. બંનેના ચહેરા ઉપર તરવરાટ અને ચાલવામાં સ્ફૂર્તિ જોવા મળે. બંને ઉત્સાહભર્યાં સક્રિય જીવનથી ધબકતાં જોવા મળે.

આવા આપણાં એક વડીલ સન્નારીએ સન્મુખ આવી રહેલા મૃત્યુનો જે વિરલ હિંમતથી સ્વીકાર કર્યો હતો તે ઘટના બીજાને અનેકને માટે પ્રેરક બને એવી છે. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પો!

લંગર

❁ પ્રા. અરુણ જોપી

પ્રાચીન ભારતીય શિષ્ટાચાર મુજબ રિક્ત: પાણિ: ન गच्छेत् राजानाम् देवतां गुरूम्। એટલે કે રાજા, દેવ કે ગુરુ પાસે ખાલી હાથે ન જવાય. તેમના ચરણે ભક્તિભાવપૂર્વક કંઇક ધરવું જોઇએ. ભક્તિથી લાવવામાં આવેલ પત્ર, પુષ્પ કે ફળ ભગવાનને પણ પ્રિય છે એમ ભગવદ્‌ગીતા દ્વારા પણ જાણવા મળે છે. દેવ કે ગુરુ પાસે લાવવામાં આવેલ શ્રદ્ધાપૂર્વકની ભેટમાં ધન ઉપરાંત ધાન્યનો પણ સમાવેશ થાય છે. આ ધાન્યનો યોગ્ય વિનિયોગ કરવાની સુંદર વ્યવસ્થા ગુરુ નાનકે વિચારી કાઢી હતી અને તે અનુસાર શીખ ગુરુદ્વારાઓમાં તથા ભારતનાં અનેક તીર્થસ્થાનોમાં લંગરને અનોખું મહત્વ સાંપડ્યું છે.

સદાવ્રત કહો, લંગર કહો કે ભંડારો કહો, આ બધામાં અન્નનું દાન કરવામાં આવે છે. બાઇબલ મુજબ આશા, વિશ્વાસ અને દાન એ ત્રણ સદ્‌ગુણોમાં દાનનું મહત્ત્વ સહુથી વધુ અંકાયું છે દાનમાં પણ અન્નદાન ચઢિયાતું છે કારણ કે તે કોઇકને જીવંત રાખવામાં નિમિત્ત બને છે. 'Live and let live'ની ભાવના વ્યક્ત કરનાર સદાવ્રત વગેરે કરતાં લંગર પાછળ રહેલી ભાવના અનેક પ્રયોજનો સિદ્ધ કરનારી છે.

શીખ સંપ્રદાયના ગુરુઓ પોતાની પાસે લાવવામાં આવેલા ધન ધાન્યનો વિનિયોગ બીજાને ભોજન આપવામાં કરે છે. પોતા માટે કંઇ રાખતા નથી. तेन त्यक्तेन भुंजीथा: નું આથી વિશેષ સારું કયું ઉદાહરણ હોય? આમ લંગર સાથે ત્યાગની ભાવના તો મૂળમાંથી જ ભળેલી છે.

દેવ કે ગુરુ પાસે લાવવામાં આવેલી વસ્તુઓ શુદ્ધ તથા સાત્ત્વિક પ્રકારની હોય એ સ્વાભાવિક છે. તેથી લંગર દ્વારા પ્રાપ્ત થતું ભોજન પોષણક્ષમ અને સાત્ત્વિક પ્રકારનું છે.

લંગરની પ્રથા સમાજવાદની નીતિને પણ અનુસરે છે. પૈસાદારો પાસેથી પ્રાપ્ત થતા દ્રવ્યને આ પ્રથા ગરીબ સુધી પહોંચાડે છે. ભગવાન કોઇને ભૂખ્યા પોઢાડતા નથી એ શ્રદ્ધા આ પ્રથા દ્વારા ચરિતાર્થ થાય છે. 'સહુ પ્રથમ લંગરમાં જોડાઓ અને પછી અમારી પાસે આવો' એવું ગુરુવચન 'भूख्यां भजन न थाय' એ વાતને અનુમોદન આપે છે.

લંગર સાથે જોડાયેલ બીજી એક વિશિષ્ટતા જાતમહેનતની છે. ભોજન તૈયાર કરવા માટે ભાડૂતી માણસો રાખવામાં આવતા નથી પણ ભક્તો જ જાતે ભોજન તૈયાર કરે છે. આને કર સેવાનું એક અંગ માનવામાં આવે છે. ભોજન પીરસવાનું કામ પણ ભક્તો જ કરે છે. વળી, લંગર અથવા પ્રસાદ આપવાની આ પ્રક્રિયા ઊંચનીચના ભેદ ટાળવામાં પણ સહાયક નીવડે છે. જ્ઞાતિ પ્રથાનાં જડ બંધનો કાપવામાં આ પ્રથા મદદરૂપ નીવડી છે. શીખ ગુરુદ્વારાઓમાં ઊંચનીચ એક સાથે જ ભોજન લેવા માટે બેસે છે અને દરેક પોતાનાં વાસણો પણ જાતે જ સાફ કરે છે. આમ તન, મન અને ધનની સેવા લંગર સાથે જોડાયેલી છે.

આ લંગર અથવા પ્રસાદ પ્રભુ કૃપાનું એટલે કે પ્રભુના દિવ્ય પ્રસાદનું એક સ્થૂળ રૂપ જ છે. પ્રભુપ્રસાદ પ્રાપ્ત થતાં બધાં જ દુઃખ નષ્ટ થાય છે એમ ભગવદ્‌ગીતામાં કહેવામાં આવ્યું છે. આ લંગરની ભાવના ગરીબોનું દુઃખ ટાળવામાં તો મદદરૂપ થાય જ છે પણ વિશાળ અર્થમાં જનહિતાય અનેક પ્રકારનો સુખ-સંપનો વધારો કરવાનો બોધ પણ પ્રચ્છન્ન રીતે આપે છે.

સ્વ. સોપાન અને સ્વ. રંભાબહેન ગાંધી

રમણલાલ ચી. શાહ

શ્રી મોહનલાલ મહેતા 'સોપાન'નું ૭૪ વર્ષની વયે વડોદરામાં અવસાન થયું. એમના અવસાનથી આપણને એક સ્વાતંત્ર્ય સેનાની, નીડર પત્રકાર, સંસ્કારલક્ષી સારસ્વત, રાજદ્વારી સમીક્ષક અને સંવેદનશીલ ચિંતકની ખોટ પડી છે.

સ્વ. સોપાનની કેટલીક નવલકથાઓ કૉલેજના અભ્યાસકાળ દરમિયાન મે વાંચી હતી. સ્વાતંત્ર્ય સંગ્રામ ત્યારે ચાલુ હતો. સ્વતંત્રતા અને રાષ્ટ્રીય ભાવનાને પોષક એવું લખાણ વાંચવું ત્યારે સૌ કોઇને ગમતું. સોપાન પ્રત્યે ત્યારથી મનમાં આદર બંધાયો હતો. ૧૯૪૮માં બી. એ. ની પરીક્ષા આપીને તરત હું 'સાંજ વર્તમાન' નામના દૈનિકમાં પત્રકાર તરીકે જોડાયો હતો. એ સમય દરમિયાન પત્રકારત્વના નાતે સોપાનને કેટલીકવાર મળવાનું થતું. પરંતુ તે ઘણું ખરું ઔપચારિક મિલન રહેતું.

સ્વ. સોપાન અને લાભુબહેન સાથે ઘનિષ્ઠ પરિચય થયો ૧૯૫૫ પછી. પત્રકારત્વનું ક્ષેત્ર છોડી સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે હું જોડાયો ત્યારે સોપાનની ત્રણે પુત્રીઓ-વર્ષા ગીતા અને રૂપા ઝેવિયર્સ કૉલેજમાં ભણવા આવી.. સોપાનને ઘેર કોઇ પ્રસંગ હોય ત્યારે પોતાની દીકરીઓના પ્રોફેસર તરીકે અચૂક મને સંભારતા, નિમંત્રણ મોકલાવતા, ટેલિફોન પણ કરતા. ત્યારથી અમારો અંગત પરિચય વધ્યો.

સોપાન 'જન્મભૂમિ'માંથી નિવૃત્ત થયા. ઉંમરને કારણે પત્રકારત્વના ક્ષેત્રની કેટલીક પ્રવૃત્તિઓ એમણે ઓછી કરી નાખી. તે દરમિયાન તેઓ રોજ સાંજે નિયમિતપણે લાભુબહેનની સાથે મરીન ડ્રાઇવ ઉપર ફરવા આવતા. હું પણ મારાં પત્ની સાથે ફરવા નીકળ્યો હોઉં એટલે સોપાન દંપતીને અનેકવાર મરીન ડ્રાઇવ ઉપર મળવાનું થતું. સાથે ફરતાં ફરતાં સાહિત્ય, પત્રકારત્વ, રાજકારણ કે મુંબઇના જૈન જગતની પ્રવૃત્તિઓ વિષે ઘણી વાતો નીકળતી. સોપાન જેવા પીઢ અને અનુભવી લેખક-પત્રકાર પાસેથી ત્યારે એમની પ્રસંગસભર અનુભવવાણી સાંભળવા મળતી. તથા યથાયોગ્ય માર્ગદર્શન મળતું.

યુવાનવયે જ 'જન્મભૂમિ' જેવા દૈનિકનું તંત્રીપદ મળતાં પોતાની બાહોશી, સમજણ, સ્વતંત્ર વિચારશક્તિ, નીડર અને નિખાલસ અભિવ્યક્તિ ઇત્યાદિને કારણે સોપાનને રાજદ્વારી, સાહિત્યિક વગેરે ક્ષેત્રોની અનેક નામાંકિત વ્યક્તિઓના પરિચયમાં આવવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું હતું. એમની સાથેની વાતચીત પરથી આ વાતની તરત પ્રતીતિ થતી.

નિવૃત્તિનાં વર્ષોને સોપાને મધમધતાં બનાવ્યાં હતાં. લેખન પ્રવૃત્તિ તો ચાલુ જ હતી. પણ અનેક વ્યક્તિઓ સાથેના મૃદુ, મમતાભર્યા સંબંધોને લીધે તેમનું પશ્ચાત્ જીવન પણ ભર્યું ભર્યું બન્યું હતું. એમની એક દીકરી દિલ્હીમાં રહે અને બે દીકરીઓ વડોદરામાં રહે એટલે દિલ્હી અને વડોદરાની એમની અવરજવર ઘણી વધી હતી. દીકરીઓ પણ માતા-પિતાની પૂરી સંભાળ રાખે. વડોદરાની બંને દીકરીઓ સાથે વધુ સમય ગાળી શકાય એટલા માટે વડોદરામાં જુદું ઘર પણ રાખ્યું.

સોપાન અને લાભુબહેનનું દાંપત્ય જીવન બીજાને પ્રેરણા લેવાનું મન થાય એવું. બંને એકબીજાની સંભાળ રાખે. સોપાન જ્યારે લાભુબહેનની વાત કરે ત્યારે ખૂબ ઉમળકાથી માનભર્યા શબ્દો બોલે.

છેલ્લાં કેટલાંક વર્ષથી હૃદયરોગની બીમારીના કારણે સોપાનની તબિયત બગડી હતી. એમનું શરીર લથડ્યું હતું, પણ મન ઘણું મજબૂત હતું. લાકડીના ટેકે તેઓ એકલા બહાર જતાં અને ધીમે ડગલે ચાલતા. કોઇક વખત એમના નિવાસસ્થાન પાસે ઘોળીતલાવ ઉપર કે પ્રિન્સેસ સ્ટ્રીટની શાકમાર્કેટ પાસે તેઓ મને મળી જતા ત્યારે ઊભા રહીને નિરાંતે વાત કરે.

કેટલાક મહિના પહેલાં એમને હૃદયરોગનો હુમલો થયો ત્યારે ભાટિયા હોસ્પિટમાં તેમને જોવા અમે ગયાં હતા, ત્યારે પણ તેઓ મનથી સ્વસ્થ હતા, અને કહેતા 'કે આ જીવન-યાત્રા હવે પૂરી થવામાં છે. એને માટે હું મનથી સજ્જ થઇને બેઠો છું.'

સોપાને જીવનને સક્રિયપણે ભર્યું ભર્યું માણ્યું છે. સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રે એમની સિદ્ધિઓ ઘણી મોટી છે. આવા આપણા એક સમર્થ, તેજસ્વી સારસ્વતને આપણી શ્રદ્ધાંજલિ છે!

* * *

આપણાં સુપ્રતિષ્ઠિત લેખિકા શ્રીમતી રંભાબહેન ગાંધીનું થોડા સમય પહેલાં ૭૪ વર્ષની વયે અવસાન થયું. એમને કેન્સરનો વ્યાધિ થયો હતો. એમનો જીવનદીપ બુઝાઇ ગયો. એમની ઇચ્છાનુસાર એમના દેહનું હોસ્પિટલને દાન કરવામાં આવ્યું હતું; સ્મશાનયાત્રા કાઢવામાં આવી નહોતી.

કેન્સરનો વ્યાધિ થયો હોવા છતાં રંભાબહેન જ્યારે મળવા માટે અમે જઇએ ત્યારે એમના બુલંદ અવાજમાં જરાપણ ઓછપ વરતાય નહિ. મળવા આવનારને પોતે જ કહી દેતા કે પોતાને કેન્સરનો વ્યાધિ થયો છે. અને હવે મોડી વહેલી એક દિવસ પોતાની જીવનલીલા પૂરી થશે. એમના પતિ મનમોહન-ભાઇ ગાંધીએ જીવનની અંતિમ ક્ષણ સુધી રંભાબહેનની સ્વસ્થતાપૂર્વક સારી ચાકરી કરી. વાસ્તવિક પરિસ્થિતિનો બંનેએ સમજપૂર્વક, સજ્જતાપૂર્વક સ્વીકાર કર્યો હતો.

રંભાબહેનમાં જેવી લેખનશક્તિ હતી એવી જ વાકપટુતા હતી. રંભાબહેન બોલે એટલે નીડરતાથી બોલે. કોઇની શેહમાં તણાય નહિ. જે સાચું લાગે તે જરા પણ સંકોચ રાખ્યા વગર, સ્પષ્ટ શબ્દોમાં કહી દે. ચર્ચાસભાનો વિષય ગંભીર હોય કે હળવો, બંનેમાં રંભાબહેન બોલે. એમના બુલંદ અવાજમાં નમ્રમમ'નો જુદો રણકો સંભળાય.

રંભાબહેન ઘણાં પ્રેમાળ. એમના સ્નેહની હૂંફનો સરસ અનુભવ તો જે એમના નિકટના સંપર્કમાં આવ્યાં હોય તેમને

(અનુસંધાન પૃષ્ઠ ૨૬૫ પર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૮૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૮ અંક : ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૬-૮૬ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

આપણાં સામયિકો

'સંસ્કૃતિ' અને 'નિરીક્ષક' બંધ પડ્યાં. 'ગ્રન્થ' પણ એ જ માર્ગે છે. 'કુમાર' કયારનું ડચકાં ખાય છે. આપણાં સમર્થ સામયિકોનો જાણે એક યુગ આથમવા આવ્યો. હેલીનો ધૂમકેતુની માફી અસર જાણે ગુજરાતી સાહિત્યના ક્ષેત્રે સામયિકો ઉપર પડી લાગે છે! પ્રજાનું સંસ્કારપોષણ કરનારાં ઉત્તમ સામયિકો ચાલુ નથી રહી શકતાં એ શોચનીય સ્થિતિ છે. આર્થિક મુશ્કેલીનો પ્રશ્ન તો ખરો જ, લેખનસામગ્રીનો પ્રશ્ન પણ કેટલેક અંશે કદાચ હશે, તો પણ સારાં સામયિકોને માટે ટકવાનું દિવસે દિવસે અઘરું થતું જાય છે. બીજી બાજુ જ્ઞાતિઓની, સંસ્થાઓની અને ઇતર પ્રકારની કેટલીય એવી નિઃસત્ત્વ પત્રિકાઓ છપાયે જાય છે એની પાછળ જે મુદ્રણખર્ચ થાય છે તેનો વિચાર કરીએ ત્યારે આ વાસ્તવિક પરિસ્થિતિ વધુ ખેદજનક બને છે.

કોઇ પણ સામયિકનું આયુષ્ય યાવદ્ચંદ્ર જેટલું ન હોઇ શકે. સમય અને પરિસ્થિતિ બદલાતાં મોડું કે વહેલું તે બંધ પડવાનું. 'Life' જેવું આખી દુનિયામાં પ્રચાર પામેલું સામયિક પણ બંધ કરવાનો વખત આવ્યો. કેટલાક તંત્રીઓને પોતાનું સામયિક બંધ પડવાનાં એંધાણ વહેલાં જણાય છે. કોઇક વિરલ તંત્રીઓ પોતાની હયાતીમાં જ પોતાના સામયિકના પ્રકાશનને બંધ કરી દેવાનું ઉચિત સમજે છે, જેથી પોતાની હયાતી બાદ કોઇ અયોગ્ય, અનધિકારી વ્યક્તિના હાથમાં તે જાય નહિ અને પોતાની પ્રતિષ્ઠાને ઝાંખપ લગાડે નહિ. કોઇક તંત્રી પોતાની હયાતી પછી પણ પોતાનું સામયિક લાંબા સમય સુધી ચાલ્યા કરે અને પોતાની પ્રતિષ્ઠાને ઉત્તરોત્તર વધારે એવી આકાંક્ષા સેવતા હોય છે. પોતાનું સામયિક બંધ પડે ત્યારે કોઇક તંત્રીઓ પ્રસન્ન અને સ્વસ્થ હોય છે; કોઇક સ્થિતિપ્રજ્ઞ રહે છે; કોઇક શોકવિમગ્ન થાય છે; કોઇક ઉદાસીન બની જાય છે. વાચકોની પણ એવી જ વિવિધ મનોદશા સામયિક બંધ પડે ત્યારે પ્રવર્તે છે. કોઇક વિરલ તંત્રીઓ સર્જનની જેમ વિસર્જનનો આનંદ પણ માણી શકે છે. પરંતુ એકંદરે તો સારું સામયિક બંધ થવાની વાત આવે તો ઊહાપોહ થાય છે, એને જીવાડવાનો પ્રયત્ન થાય છે. દુઃખી થયેલા કેટલાક વાચકો દોડાદોડ કરી મૂકે છે. કેટલાંક સામયિકની જીવાદોરી આર્થિક પ્રાણવાયુના આધારે થોડો સમય લંબાય છે. કોઇ પણ સામયિક બંધ થાય ત્યારે દરેક વખતે વાચકોને, ગ્રાહકોને, જાહેરખબર આપનારી પેઢીઓને, ટ્રસ્ટો અને અન્ય સંસ્થાઓ કે સરકારને દોષ દેવા પણ હોતું નથી. જે ઉપયોગી છે અને સમાજના વિશાળ હિતમાં છે તે ટકયા વગર રહેતું નથી. જે પરિમિત વાચકવર્ગના રસાનંદનો વિષય છે તેના અસ્તિત્વનો પ્રશ્ન વખતોવખત ઊભો થવાનો. દરેક નવી પેઢીને પોતાનાં નવાં સામયિકો ચાલુ કરવાની હકપૂર્વકની મહત્ત્વાકાંક્ષા રહેવાની.

જેમ જેમ સમય બદલાય અને નવાં પ્રસારમાધ્યમો આવવા લાગે તેમ તેમ દૈનિકો-સામયિકોમાં પણ ભરતીઓટ ચાલ્યા કરે. કયારેક પરસ્પર સ્પર્ધા વધે ત્યારે પણ કોઇકને ઝુકવું પડે, એની પાત્રતા વધુ સારી હોય તો પણ, કારણ કે આવા પ્રકારની સ્પર્ધામાં વિજયી થવા માટે એકલી ગુણવત્તા જ કામની નથી. સાચી-ખોટી પ્રચારપદ્ધતિઓ પણ એમાં ભાગ ભજવે છે.

રેડિયોના આગમન પછી દૈનિક છાપાંઓ ઉપર થોડીક અસર પડી. ટી.વી.ના આગમન પછી રેડિયોના કાર્યક્રમોનું આકર્ષણ ઘટયું. ચલચિત્રોના આગમન પછી જૂની રંગભૂમિ ઉપર ભજવાતાં નાટકોની પ્રવૃત્તિ ઘટી. વિડિયોના આગમન પછી સિનેમાગૃહો પર અસર પડી. પાશ્ચાત્યદેશોમાં હવે અનેક સુશિક્ષિત કુટુમ્બોમાં પણ છાપું લેવાતું નથી, કારણ કે ટી.વી.એ જીવનક્રમ બદલાવી નાખ્યો છે. જેમ છાપાંની બાબતમાં તેમ સાહિત્યિક સામયિકોની બાબતમાં પણ પાશ્ચાત્યદેશોમાં બનવા લાગ્યું છે. છાપું કે સામયિક એ ઘરે નહિ પણ રસ્તામાં વાંચવાનું, સમય પસાર કરવાનું સાધન બનવા લાગ્યું છે.

ત્રણ-ચાર દાયકા પૂર્વે સાહિત્યના વિષયો અને સાહિત્યિક પ્રવૃત્તિઓનો પ્રચાર લોકોમાં વધુ હતો તેવે વખતે તેવાં સામયિકોને પણ પ્રજાનો ટેકો અનાયાસ મળી રહેતો. ત્યારે સામયિકો ગરજવાન કવિલેખકોનું ઘણું શોષણ કરતાં. સમય જતાં રાજકારણ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર વગેરે અનેક વિષયોમાં લોકો રસ લેતા થયા છે. એટલે કે લોકોના રસ અને રુચિ એક જ ક્ષેત્રને હવે વરેલાં રહ્યાં નથી. આથી પણ સાહિત્યિક સામયિકોની પ્રવૃત્તિમાં ઓટ વર્તાય છે એ દેખીતું છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતી દૈનિકોની વૈવિધ્યસભર સાપ્તાહિક પૂર્તિઓએ અને કેટલાંક સાપ્તાહિકોએ ગુજરાતના વાચકવર્ગમાં સારું જોર જમાવ્યું છે. ગામેગામના એજન્ટોનો આવાં સાપ્તાહિકોના પ્રચારમાં મોટો ફાળો છે. એમાં તેઓ સારી કમાણી કરી શકે છે. દૈનિક-સાપ્તાહિકને ઘેર ઘેર પહોંચાડનારું એક મોટું વ્યવસ્થાતંત્ર આમાં સારું કામ કરે છે. રેલવેના સ્ટૉલ

પણ આમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તત્કાલીન ઘટનાઓ ઉપર સારો પ્રકાશ પાડનારી શોધમૂલક સામગ્રી સહુ કોઇને વાંચવી ગમે છે. સરળ ભાષા, મનોરંજક શૈલી અને તાદૃશ્ય તસવીરોને કારણે લોકો, મન પર કશો બોજ વિના, એવું સાહિત્ય વાંચવા લલચાય છે. તત્કાલીન જીવનને સ્પર્શતી, પ્રગટ થાય ત્યારે તાજી એવી સામગ્રી એમાં વધુ પીરસાય છે. આથી સાપ્તાહિકોના વધેલા પ્રચારની અસર અન્ય સામયિકો ઉપર પણ મોટી પડી છે. દૈનિકો સાપ્તાહિકો વધુ સારો પુરસ્કાર આપતાં હોવાને કારણે સારા, તેજસ્વી, સમર્થ લેખકો તેના તરફ ખેંચાય એ સ્વાભાવિક છે. પોતાના લેખો લખાયા પછી તરત જ વિશાળ વાચકવર્ગ સુધી પહોંચી શકે એ એક મોટો લાભ લેખકને પડ્યે છે. લેખકોનો સારો સહકાર મેળવી કેટલાંક સાપ્તાહિકોએ પોતાની કક્ષા અને ગુણવત્તા ઘણી સુધારી દીધી છે. એમનું મુદ્રણકાર્ય પણ સુઘડ અને આકર્ષક બન્યું છે. સ્પર્ધામાં આવાં સાપ્તાહિકો માસિકો વગેરેને પાછળ પાડી દે એ સ્વાભાવિક છે.

કોઈ એક નવું સામયિક પ્રગટ કરવું એ બહુ અઘરી વાત નથી, પરંતુ દીર્ઘકાળ સુધી તેને ચલાવી રાખવું એ ઘણી અઘરી વાત છે. તંત્રી બનવાની મહેચ્છા સંતોષવા કેટલીક વ્યકિતઓ અતિ ઉત્સાહમાં એકાદ નવું સામયિક શરૂ કરી દે છે, પરંતુ પછીથી તેને વધુ સમય ચલાવી શકતી નથી. આપણા દેશમાં સામયિકોની બાબતમાં બાળમરણનું પ્રમાણ જેટલું મોટું છે તેટલું અન્ય કોઇ દેશમાં ભાગ્યે જ હશે. આપણી ગુજરાતી ભાષામાં અત્યાર સુધીમાં પ્રગટ થયેલાં સામયિકોના સત્તાવાર આંકડા જો તપાસવામાં આવે તો કેટલાં બધાં સામયિકો પ્રગટ થયાં પછી એક વર્ષમાં બંધ પડી ગયાં છે તેનો ખ્યાલ આવે.

કોલેજમાં હું ભણતો હતો ત્યારે મારા એક કવિમિત્રને એક સામયિક કાઢવાની હોંશ થઇ. મારો અભિપ્રાય પૂછ્યો. મેં કહ્યું, 'આ કામ ધારીએ તેટલું સહેલું નથી. મહેનત કરીને થાકી જશો અને પૈસે ખુવાર થશો.' એમણે સામયિક પ્રગટ કર્યું. બે અંકની સામગ્રી તો હતી ત્રીજા અંક માટે સામગ્રી મેળવવા મુંબઇના પ્રતિષ્ઠિત લેખકોના ઘરે ઘણા આંટા માર્યા, પરંતુ બહુ સફળતા મળી નહિ. પ્રેસનાં બિલ પણ એમની અપેક્ષા કરતાં વધુ આવ્યાં અને ચૂકવવાના પૈસા ન રહ્યા. જવાબજમ ભરવા માટે મિત્રો, સગાંસંબંધીઓ, ઓળખીતાઓના ઘરે, રકૂલોમાં, કોલેજોમાં, પુસ્તકાલયમાં ઘણા આંટા માર્યા પણ તેમાં નિરાશા જ સાંપડી. જાહેરખબરનાં વચનો ઘણાં મળ્યાં હતાં, પરંતુ ત્રણ અંક સુધી એક પણ જાહેરખબર છાપવા માટે મળી નહિ. ત્રીજા અંક પછી સામયિક બંધ પડ્યું. 'ગુજરાતી પ્રજા કદરહીન છે,' 'લેખકો પોતાનું વચન પાળતા નથી,' 'મિત્રો - સગાંસંબંધીઓ સહકાર આપતા નથી,' 'વેપારી કંપનીઓ જાહેરખબર માટે ધક્કાઓ ખવરાવતા શરમાતી નથી'-એવાં એવાં વચનો ઉચ્ચારતા તેઓ ઘણાંબધાંને ધિક્કારતા થઇ ગયા. પ્રેસવાળો બિલની ઉઘરાણી કરવા આવે અને પૈસા હોય નહિ એટલે તેઓ ભાગાભાગ કર્યા કરે. થોડા વખતમાં એમને એટલો બધો નિર્વેદ થયો કે સાહિત્યમાં રસ લેવો પણ એમણે છોડી દીધો. કવિતાની સરવાણી અદૃશ્ય થઈ ગઇ.

આપણા કેટલાક લેખકો પોતાની શકિત ઉપર વધુ પડતો વિશ્વાસ રાખી, લોકમાનસનો ખ્યાલ રાખ્યા વગર, લેખન-સામગ્રી અને પ્રકાશનખર્ચના સરખા આયોજન વગર સામયિક પ્રગટ કરવાનું આંધળું સાહસ કરી બેસે છે, પછી પરતાપ છે અને લોકોને ખોટો દોષ દઇ ધિક્કારે છે. અત્યાર સુધીમાં મારા કેટલાક મિત્રોએ પોતાના પૈસે જ્યારે પણ નવું સામયિક શરૂ કરવાની વાત કરી છે ત્યારે મેં એમને ઓછામાં ઓછા પાંચ - છ અંકની લેખનસામગ્રી અને બે વર્ષના ખર્ચની વ્યવસ્થા હોય તો જ સામયિક શરૂ કરવાની સલાહ આપી છે. પરંતુ તેમ છતાં અતિ ઉત્સાહમાં જે જે મિત્રોએ આયોજન વિના સામયિક શરૂ કર્યું છે તેઓ તેને બાર મહિના સુધી પણ ચલાવી શકયા નથી

સામયિક શરૂ કરતી વખતે એના તંત્રી, સંપાદક, પ્રકાશકના મનમાં એનું ધ્યેય સ્પષ્ટ હોવું જોઇએ એકાદબે વર્ષ ખોટમાં ચાલે તો પણ નભી શકે એટલી નાણાંની વ્યવસ્થા હોવી જોઇએ. કવિ-લેખકોનો સારો સહકાર મળી રહે એવો બહોળો સંપર્ક હોવો જોઇએ. પત્રકારત્વનું ક્ષેત્ર કેટલેક અંશે અપયશનું ક્ષેત્ર પણ છે. તંત્રીનો સ્વભાવ એવો ન હોવો જોઇએ કે પોતાના હાથમાં પત્ર આવ્યું એટલે અભિમાનથી બધાની સાથે ઝગડે. તેમ તંત્રીનો સ્વભાવ એવો ન હોવો જોઇએ કે જે કંઈ કાચીપાકી સામગ્રી આવી તે સંઘરો અને મીઠાશ વધારવા છાપી નાખે. તુચ્છ લેખન-સામગ્રીનો અસ્વીકાર કરતાં તંત્રીએ જરા પણ અચકાવું ન જોઇએ. 'કુમાર'ના તંત્રી બચુભાઇ રાવતે કહેલું કે બળવંતરાય ઠાકોરનું એક કાવ્ય એમણે પાછું મોકલાવ્યું ત્યારથી બળવંતરાયે 'કુમાર'ને કાવ્યો મોકલવાનાં બંધ કરેલાં. ત્યારપછી બીજા કેટલાક કવિઓની બાબતમાં પણ આવું બનેલું. કવિ-લેખકોની લેખનસામગ્રી પાછી મોકલતાં બચુભાઇ રાવત જરા પણ અચકાતા નહિ. તેઓ કહેતા કે કોઇ પણ લેખકની એક પણ કૃતિ બે વર્ષ સુધી પોતાને ન મળે તો પણ એકલે હાથે લેખનસામગ્રી તૈયાર કરીને બે-ચાર વર્ષ 'કુમાર' ચલાવવાની શકિત અને આત્મવિશ્વાસ પોતાનામાં છે. સામયિકના તંત્રીઓમાં આવી સજ્જતા એ એની એક મોટી મૂડી છે.

કોઇ પણ નવું સામયિક પ્રગટ કરતાં પહેલાં એની ઉપયોગિતા કેટલી છે તેનો વિચાર કરવો ઘટે. જેમ સામયિકની ઉપયોગિતા મર્યાદિત વર્ગ પૂરતી તેમ એને પગભર થવા માટે વધુ પ્રયાસ કરવાની અપેક્ષા રહે. સમાજના વિશાળ વર્ગની જરૂરિયાતનો અભ્યાસ કરીને તથા એને લક્ષમાં રાખીને જે સામયિકો પ્રગટ થાય છે તેને બહુ વાંધો આવતો નથી

કોઇ પણ સમાજનાં રસ અને રુચિ હંમેશને માટે એક-સરખાં ઊંચાં અથવા નીચાં ન રહે. વખતોવખત એમાં પરિવર્તન થયા કરે. પ્રજાનાં શિક્ષણ, રાજકારણ, રહેણીકરણી, મનોરંજનની દૃષ્ટિ, આર્થિક ક્ષમતા વગેરે ઉપર એનો ઘણો આધાર રહે છે. બીજા વિશ્વયુદ્ધ પછી સમગ્ર વિશ્વની જીવનપદ્ધતિમાં ઘણા મોટા ફેરફારો થઇ ગયા છે જેમ ટેલિફોનની સગવડ પછી માણસની પત્ર લખવાની ટેવ ઓછી થતી ગઇ છે તેમ ટી. વી.ની સગવડ પછી માણસની વાંચવાની ટેવ પણ ઓછી થવા લાગી છે. એને પરિણામે પુસ્તકપ્રકાશનની સામયિકોની પ્રવૃત્તિ ઉપર અસર થઇ છે.

જે ભાષામાં સામયિક છપાય તેનો ફેલાવો તે ભાષા બોલનારી વસતિની સંખ્યા ઉપર તથા તેના શિક્ષણ - સંસ્કાર ઉપર પણ આધાર રાખે છે. અંગ્રેજી ભાષામાં પ્રગટ થતાં સામયિકો 'ટાઇમ', 'ન્યૂઝવીક', 'રીડર્સ ડાઇજેસ્ટ' વગેરેને માટે આખી દુનિયામાં અવકાશ છે. સ્વાહિલી, સિંહાલી, ઉડિયા,

(અનુસંધાન પૃષ્ઠ ૨૯ ઉપર)

વીતેલાં વર્ષો

● ચી. ના. પટેલ

મારામાં આત્મવિશ્વાસ કેળવાય એવાં બે કામ પણ પિતા મને સોંપતા અને તે કરવાં મને ગમતાં. આઠ-દશ દિવસે તેઓ મને અસારવાની પાસે આવેલા હરિપુરા ગામમાં ઘાંચીની ઘાણી હતી ત્યાંથી તલનું તેલ લઇ આવવા તપેલી ને આઠ આના આપી મોકલતા. મને સ્મરણ છે કે કયારેક તેલ પણ સાથે લઇ જતો (મારી સ્મૃતિ સાચી હોય તો મહિને દિવસે અમારાં ત્રણ મોટાં અને બે બાળકો એમ પાંચના કુટુંબ માટે દોઢ-બે રૂપિયાનું તેલ બસ થતું. તેની સાથે આજે તેલ માટે થતું ખર્ચ સરખાવતાં તમ્મર આવે એવું થાય છે!) ઘાંચીનું ઘર અમારા ઘરથી દોઢેક ફર્લાંગના અંતરે હતું. ત્યાંથી તપેલીમાં તેલ છલકાય કે ઢળે નહિ અથવા પગ લપસે નહિ એવી રીતે સાવધાનીથી હું તપેલી પકડીને ઘેર આવતો. કોઇ દિવસ અકસ્માત થયો નહોતો. બીજું કામ મારા બાળકમનને વધુ ગૌરવભર્યું લાગતું. સરકારી નોકરીમાં પિતાના એક સાથીદાર-મિત્ર કાળુપુર ટાવર પાસે કોઇ પોળમાં રહેતા તેમનું નામ ગોપાળદાસ હતું એવું મને સ્મરણ છે. પોળનું નામ ચોક્કસ યાદ નથી રહ્યું, પણ કદાચ ભાંડેરી પોળ હશે. દર વર્ષે દિવાળીના દિવસોમાં અને કયારેક કોઇ બીજા સારા પ્રસંગે પિતા મને તેમને ઘેર મીઠાઇ આપી આવવા મોકલતા. સાતથી દશ વર્ષની ઉંમરે હું એકલો અસારવાથી કાળુપુર એક માઇલ એકલો ચાલીને જતો અને મીઠાઇ આપી આવતો. પિતાના મિત્રનું ઘર ખોળતાં હું કયારેય મૂંઝવણ અનુભવતો નહિ કે ભૂલો પડતો નહિ.

એક બીજી રીતે મને પિતાની સોબત મળતી તેનો પણ મને એવો જ આનંદ થતો. પિતા અવારનવાર શહેરમાં ખરીદી કરવા જતા અને વર્ષમાં એકાદબે વાર મને સાથે લઇ જતા. અસારવાથી દરવાજા ગેઇટ, બિલાડી બાગ, દરિયાપુર અને રતનપોળના રસ્તે છેક માણેકચોક સુધી અમે ચાલતા જતા. પાછા વળતાં રિચી રોડ ઉપર નવીનવી બસ સર્વિસ શરૂ થઇ હતી તેમાં પિતા મને ફતાસા પોળથી સ્ટેશન સુધી બેસવાનો આનંદ અપાવતા, અને સ્ટેશનથી અસારવા વળી ચાલવાનું. કુલ ચારેક માઇલ ચાલવાનું થતું હશે અને હું થાકી જતો, પણ પિતા સાથે જવાના ઉત્સાહમાં થાકની ફરિયાદ કરતો નહિ. એકબે પ્રસંગે પિતાએ મને માણેક ચોકમાં દુકાનેથી નવી ચંપલો અપાવી હતી તે મેં દુકાનેથી જ પહેરી લીધી હતી. ઘેર પહોંચતાં પહેલાં તે અંગુઠા ને પાસેની આંગળી વચ્ચે લોહી નીકળે એટલી ડંખી હતી અને છેવટનું અંતર જરા લંગડાતા ચાલવું પડેલું. પણ પિતાને મેં એ વેદના બિલકુલ જણાવા દીધી નહોતી.

આમ પિતાના મૈત્રીસહવાસથી મારા બાળકમનમાં આત્મવિશ્વાસ કેળવાતો તેનો આનંદ હું એ ઉંમરેય અનુભવતો. મારું અજ્ઞાત મન સમજતું હશે કે પિતા મને જીવનસાહસ માટે તૈયાર કરતા હતા. એમની સ્વસ્થ પ્રેમની રીતથી મને એક બીજો લાભ પણ થયો તેની કિંમત હું મોટી ઉંમરે સમજ્યો અને તે માટે હું હંમેશાં તેમનો કૃતજ્ઞ રહ્યો છું. તેમણે મારી અભ્યાસશકિતને એની પોતાની સહજ ગતિએ વિકસવા દીધી. એ શકિત સર્વ કોઇ જોઇ શકે એવી અસાધારણ હતી. બહેન મારાથી બે વર્ષ મોટી હતી ને નિશાળે જતી તેની પાસે હું, નિશાળે જતો થયો તે પહેલાં, રસ લઇ કક્કો બારાખડી ને આંક શીખતો. પણ તે ઉપરથી પિતાએ મને નિશાળે મોકલવાની ઉતાવળ ન કરી, બલકે મને દોઢ વર્ષ મોડો નિશાળમાં દાખલ કરાવ્યો. સામાન્ય રીતે પાંચ વર્ષની ઉંમરે બાળકો નિશાળે મોકલાતાં. પરંતુ મારું શરીર નિર્બળ રહેતું એટલે હું એ સમયના શિક્ષકોની કડક શિસ્ત સહન નહિ કરી શકું એમ પિતાએ વિચાર્યું હશે અને મને પૂરાં સાડાછ વર્ષની ઉંમરે નિશાળે મૂકયો અને બાળપોથી વર્ગમાં દાખલ કરાવ્યો. મને નિશાળે મૂકયો તે દિવસનો તેમનો ઉત્સાહ કોઇ ઉત્સવના દિવસ જેવો હતો. તેમને જ્યોતિષની માન્યતાઓમાં ખૂબ શ્રદ્ધા હતી. એટલે તેમણે શાળા ઉનાળાની રજાને કારણે બંધ હતી છતાં વર્ગશિક્ષકની સાથે વ્યવસ્થા કરી અખાત્રીજના શુભ ગણાતા દિવસે મને નિશાળે મૂકયો. તે દિવસે ગામનાં બીજાં ત્રણ બાળકોનાં વાલીઓ પણ તેમને નિશાળમાં દાખલ કરાવવા તૈયાર થયાં. પરંતુ પિતાને ચારની બેકી સંખ્યા અપશુકનિયાળ લાગી એટલે તેમણે ગામમાં તપાસ કરી ભાગોળે રહેતા એક પ્રજાપતિભાઇને તેના બાળકને તે દિવસે નિશાળે મોકલવા તૈયાર કર્યા. અમને પાંચે બાળકોને વરઘોડાની જેમ ધામધૂમથી ગામમાં ફેરવી સાથે નિશાળ સુધી લઇ જવામાં આવ્યાં. મને ટોપી પહેરાવી હતી, કપાળે ચાંલ્લો કર્યો હતો અને હાથમાં પૂજેલું નાળિયેર પકડાવ્યું હતું એ બધું યાદ છે. મને એ નાળિયેર ફળ્યું અને રખડતા-આખડતા મારા સંઘને જીવનનાં છેલ્લાં વર્ષોમાં કાશીએ પહોંચાડી તેણે મને સ્વર્ગના આનંદનો આછોપાતળો સ્વાદ કરાવ્યો. એક બીજો બાળક પણ બી. એ. સુધી ભણ્યો અને સરકારી નોકરીમાં રેવન્યૂ ખાતામાં જોડાયો. કોઇ વાર તેને કયાંક ભેટી જવાય છે. બાકીનાં ત્રણ બાળકોને અખાત્રીજનું શુભ મુહૂર્ત અને શુકનનું નાળિયેર કેવાં ફળ્યાં તે હું નથી જાણતો.

સારા દિવસે મને નિશાળે બેસાડી પિતાએ મારા અભ્યાસ અંગે પોતાનું કર્તવ્ય પૂરું માન્યું. હું નિયમિત લેસન કરું છું કે નહિ અને નિશાળમાં મારી પ્રગતિ કેવી રહે છે તે વિશે તેઓ કયારેય કશું પૂછતા નહિ. માત્ર હું ઇચ્છું ત્યારે તેઓ મને ગણિતના દાખલા શીખવતા. હું હંમેશાં પહેલા નંબરે કે પ્રથમ વર્ગમાં પાસ થતો તેનો તેમને આનંદ થતો હશે, પણ તે તેઓ બતાવતા નહિ અને પરીક્ષામાં મારી સફળતાને નિમિત્તે કશી ઉજવણી કરતા નહિ. એક વર્ષ પરીક્ષા પછી ઊઘડતી રજાએ મેં નવા ધોરણનાં પુસ્તકો માટે પૈસા માગ્યા ત્યારે તેમણે પૂછેલું, કયા ધોરણમાં આવ્યો? અંગ્રેજી પહેલા અને બીજા (આજના પાંચમા અને છઠ્ઠા) ધોરણમાં મારી પ્રગતિ એટલી સારી હતી અને બંને ધોરણની વાર્ષિક પરીક્ષાઓમાં પરિણામ એવું સારું આવ્યું હતું કે મારા ઉપર સદ્‌ભાવ રાખતા એક શિક્ષકે બીજા ધોરણની પરીક્ષા પછી મને રજાઓમાં ત્રીજા ધોરણના વિષયો તૈયાર કરી ઊઘડતી રજાએ પરીક્ષા આપી ચોથા ધોરણમાં બેસવાની સૂચના કરી. મેં પિતાને વાત કરી તે ઉપરથી તેમણે એજ્યુકેશન ઇન્સ્પેકટરને પત્ર લખી મને એમ

કરવા દેવાની રજા મગાવી. હું પરીક્ષામાં પાસ થયો અને ચોથા ધોરણમાં બેઠો. મારું એક વર્ષ બચ્યું અને મને એક વર્ષ નિશાળે મોડો બેસાડ્યો હતો તે ખોટ પુરાઇ ગઇ. એ પ્રસંગે પણ પિતાએ કંઇ ઉજવણી નહોતી કરી અને કંઇ વિશેષ આનંદની વાત બની હોય એમ ઘરમાં કે મિત્રોમાં દેખાવા નહોતું દીધું. કદાચ એમના કોઇ મિત્રોએ એ વાત જાણી પણ નહિ હોય.

જૂની પેઢીમાં આવી નમ્રતા શિષ્ટ ગણાતી અને પિતામાં તે સ્વભાવસહજ હતી. એમની પોતાની વિદ્યાર્થી તરીકેની કારકિર્દી એમના સંયોગોમાં તેજસ્વી ગણાય એવી હતી. મેટ્રિકની પરીક્ષામાં તેઓ અમદાવાદ કેન્દ્રમાં ચોથા આવ્યા હતા. તેમની આગળના ત્રણ નંબરોમાં પાછળથી સરકારી વકીલ અને ખાનબહાદુર બનેલા ચાહેવાલા, ગુજરાત કોલેજના વિદ્યાર્થીપ્રિય અંગ્રેજીના પ્રોફેસર ફ્રિરોઝ દાવર અને ગુજરાત કોલેજના ગણિતના પ્રોફેસર અને વર્ષો સુધી અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના મંત્રી રહેલા સાંકળચંદ શાહ હતા. પણ પિતા કયારેય પોતાની સફળતાની આ વાત કરતા નહિ. મને પણ તેમણે મોટી ઉંમરે એક જ વાર એનો નિર્દેશ કરેલો. મારામાં પિતાના જેવી નમ્રતા નહોતી અને હજુ કેળવાઇ નથી. પણ મારામાં બૌદ્ધિક ગર્વનાં બીજ હશે તેને પિતાની નમ્રતાએ સંયમમાં રાખ્યાં. બી.એ.ની પરીક્ષાના અપવાદ સિવાય બધી પરીક્ષાઓમાં મારી સફળતા તેજસ્વી હતી (બી એ ના અભ્યાસમાં બહેનની માંદગીને કારણે વિક્ષેપ પડયો હતો), પણ મેં કયારેય તેનો અણછાજતો ગર્વ કર્યો નથી. મારી એ સફળતાઓએ મારામાં મારી બુદ્ધિશક્તિ વિશે આત્મવિશ્વાસ પ્રેર્યો અને હું દરેક વિષય ઉપર સ્વતંત્ર વિચાર કરતો થયો. પણ હું હમેશાં મારી બૌદ્ધિક શક્તિની અને મારા જ્ઞાનની મર્યાદાઓ સમજ્યો છું અને તે સ્વીકારતાં મને કયારેય સંકોચ નથી થયો કે થતો. આમ પિતાની નમ્રતાના સંસ્કારે હું મારી કે બીજા કોઇની કિંમત બુદ્ધિશક્તિની તેજસ્વિતા ઉપરથી ન કરવાનું શીખ્યો. આ જૂની નમ્રતા આજે ઘસાતી જતી જણાય છે. મને લાગે છે કે આપણી આજની સંસ્કારિતાની એ મોટી ઊણપ છે. કદાચ આજના હરીફાઇના વાતાવરણમાં આ પરિણામ અનિવાર્ય હશે. મારાં પોતાનાં પુત્ર-પુત્રીને મેં તેમના અભ્યાસમાં પૂરો રસ ન લીધો એવો અસંતોષ થયો હતો. પુત્રીમાં તે હજુ થોડો રહી ગયો છે અને કયારેક નમ્રતાથી ને કયારેક અકળાઇને તે મને મારી ભૂલ સમજાવવા પ્રયત્ન કરે છે. તેની દૃષ્ટિએ હું મારી ભૂલ સમજું છું, પણ હવે તેનો ઉપાય નથી.

પિતાને મન બુદ્ધિશક્તિ કરતાં ચારિત્ર્યગુણોની વિશેષ કિંમત હતી. પણ મારામાં તે કેળવવા તેઓ કડક શબ્દોમાં ઉપદેશ આપતા નહિ. બાળપણમાં મારાં બધાં વર્ષોમાં તેમણે એક જ વાર મને શિક્ષા કરી હતી. એક દિવસ શ્રાવણ માસમાં દાદી સાથે સવારે નદીએ જવા તૈયાર થયો ત્યારે પિતાએ મને જતાં પહેલાં થોડું ખાઇ લેવાનું કહ્યું. મેં કહ્યું, મારે નથી ખાવું. પિતામાં જૂના સંસ્કારનો વહેમ હતો કે કર્યાય બહાર જતી વેળા કોઇ ખાવાનું કે પાણી પીવાનું પૂછે તો ના કહેવાથી અપશુકન થાય, એટલે તેમણે મને આગ્રહ કર્યો. પણ હું હઠે ચઢયો. છેવટે પિતાએ મને માત્ર ત્રણ કોળિયા ખાવાનું કહ્યું. મેં એક પણ નહિ ખાવાની હઠ કરી. રોષે ભરાઇ પિતાએ મને ત્રણચાર તમાચા માર્યા. વાત આગળ ચાલત, પણ તેવામાં પિતાના સરકારી નોકરીમાં એક જૂના મિત્ર, કોચરબના દવાલભાઇ પટેલ આવ્યા. તેમણે મને છોડાવ્યો. તે પહેલાં પિતાએ પરાણે મારા મોંમાં એક કોળિયો મૂકયો હતો. તમાચા ખાતાં હું ખૂબ રડયો હતો, પણ બધું પતી ગયા પછી દાદીની સાથે નદીએ ચાલ્યો ત્યારે મારા મનમાં તેનું કશું દુઃખ નહોતું. તે પછી પણ એ પ્રસંગના સ્મરણે મને અંતરમાં લેશમાત્ર દુઃખ કે રોષનો ભાવ નથી થયો. ઊલટું, મારી હઠ માટે મને જરા શરમ આવે છે.

પિતાની શિક્ષા હું આમ સહજભાવે સહન કરી શકયો કારણ કે મારું બાળહૃદય તેમનો મારા ઉપરનો પ્રેમ સમજતું. એ પ્રેમ કેવો હતો તેનું મને એક બહુ મીઠું સ્મરણ છે. રાતપાળી કરતા સુતાર મિસ્ત્રીઓ માટે હું ચા બનાવતો તે દિવસોમાં એક વાર પિતાએ મિત્રો સાથે અમાજી જવાનું ગોઠવ્યું. રાત્રે નવેક વાગ્યે તેઓ નીકળવા તૈયાર થયા. મેં સાથે જવાની હઠ કરી, તેમણે મને શાંતિથી સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ મેં ન માન્યું. એમ લગભગ અર્ધો કલાક ચાલ્યું. સ્ટેશને પહોંચવાનો સમય નજીક આવતો હતો એટલે પિતા મિત્રોને આગળ જવાનું કહી આવ્યા અને વળી પાછા મને શાંત કરવા પ્રેમ ને ધીરજથી સમજાવવા લાગ્યા. એમ એક કલાક મને રડતો બંધ રાખી શાંત કરીને જ તેઓ ગયા. એ બધા સમયમાં તેમણે મને એક છણકો સરખોય નહોતો કર્યો. એ પ્રસંગ યાદ આવે છે ત્યારે મારી સાથે એટલી ધીરજથી કામ લેવા બદલ પિતા માટે મારું હૃદય કૃતજ્ઞતાના ઉમળકાથી ઊભરાય છે.

પિતાની ધીરજમાં એક બીજો પ્રસંગ ઢળવો છે, પણ તે દુઃખદ બની શકયો હોત. એક વર્ષે તેમણે ઉત્તરાયણ માટે પાયેલી દોરીની ફીરકી ભરીને કબાટમાં મૂકી રાખી હતી. એક દિવસ તેઓ ઓફિસ ગયા હતા ત્યારે મેં કબાટમાંથી ફીરકી કાઢી અને તેની સાથે કંઇક રમત કરવા માંડી. દોરી ગૂંચવાઇ ગઇ. ગૂંચ ઉકેલવા મેં એક કલાક મહેનત કરી, પણ ઉકેલવાને બદલે તે વધતી ગઇ. પિતાને ઘેર આવવાનો સમય નજીક આવતો જતો હતો અને હું બેચેની અનુભવવા લાગ્યો. પિતાએ આપીને મારું પરાક્રમ જોયું. પણ મને ઠપકાનો એક શબ્દેય કહ્યા વિના તેમણે ગૂંચ ઉકેલી ફીરકી દોકાણે મૂકી દીધી. વાત નજીવી છે. પણ સંતાનો ઉપર બહુ પ્રેમ રાખનાર માતાપિતા પણ આવા પ્રસંગોએ જરા અકળાઇ જાય છે અને બાળકને રોષથી ઠપકો આપી કે શિક્ષા કરી શરમિંદા બનાવે છે. બાળકના સંવેદનશીલ ચિત્ત તંત્ર ઉપર વડીલોનાં એવાં વાણીવર્તનની માઠી અસર થાય છે અને તેનું ચારિત્ર્ય ઘડવામાં અવળી અસર કરે છે. પિતાની પ્રેમભરી સ્વસ્થતાએ મને એવો કશો ભાવ ન થવા દીધો. હું પિતાનો એ ગુણ નથી કેળવી શકયો, પણ કદાચ તેથી જ મને એની સવિશેષ કિંમત છે.

આવા પ્રેમથી સિંચાઇને પિતાના સત્યનું બીજ મારી રાજસિક અંતરભૂમિમાં પડયું ત્યાં તે લીંબુડી જેવા કાંટાળા છોડરૂપે ઊગ્યું અને તેની ઉપર લીંબુ જેવાં ખાટાં પણ પરિણામે ગુણકારી ફળ આવ્યાં. તેની વાત હવે પછી.

* * *

સાભાર સ્વીકાર

શ્રી મહાવીર જૈન વિદ્યાલય : સિત્તેરમો વાર્ષિક રિપોર્ટ. પ્રકાશક : શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ-૪૦૦ ૦૩૬

—: મોક્ષ :—

● પં. પનાલાલ જગજીવનદાસ ગાંધી

આપણું જીવન ત્રણ પ્રકારના વ્યવહારથી ચાલે છે. વ્યવહારમાં કેટલુંક સાંભળીને ચલાવીએ છીએ, કેટલુંક નજરે જોઇને ચલાવીએ છીએ. તો કેટલુંક અનુભવમાં આણીને જાણીએ છીએ. વાસ્તવિક જ્ઞાનનો ક્રમ એ જ પ્રમાણે છે. પ્રથમ શ્રુત, પછી દૃષ્ટ અને અંતે અનુભૂત. કયાં તત્ત્વો શ્રુત સુધી કામ લાગે, કયાં તત્ત્વો શ્રુત પછી દૃષ્ટ પણ કરવાં પડે અને કયાં તત્ત્વો શ્રુત અને દૃષ્ટ થયા બાદ અનુભૂતિમાં લાવવાં પડે એ વિચારવું પડશે

મુક્તિ એટલે મોક્ષનો પણ આ રીતે વિચાર કરવો જોઇશે. આપણે સહુ ભગવાન! ભગવાન! બોલીએ છીએ. પરમાત્મા! બોલીએ છીએ અને મોક્ષની વાતો કરીએ છીએ પણ શું આપણે ભગવાન જોયા? પરમાત્માનો સાક્ષાત્કાર થયો? મોક્ષ જોયો? વ્યાકરણશાસ્ત્રના નિયમ પ્રમાણે મોક્ષની સિદ્ધિ કરવી જોઇએ. માત્ર શાસ્ત્રના કહ્યાથી મોક્ષ માનીએ તો કેમ ચાલે! આપણા જીવનથી મોક્ષની સિદ્ધિ કરવી જોઇએ.

શાસ્ત્રમાં મોક્ષ વાંચી–સાંભળી શકાય છે. પણ સાંભળીને મોક્ષ દેખાડી શકાય એવી ચીજ નથી. પ્રભુને કેવલજ્ઞાન થયું તે શાસ્ત્ર દ્વારા સાંભળીને જાણી શકાય. પરંતુ તે કેવલજ્ઞાન તત્ત્વ કેવું છે તે દેખાડી ન શકાય. હા! એનો અનુભવ જરૂર કરી શકાય.

વિશ્વમાં જે જે પદાર્થ અસ્તિત્વ ધરાવે છે તે સઘળાય પદાર્થ વ્યવહાર્ય છે એનાં નામ છે, અને જેનાં નામ હોય તે સઘળાય પદાર્થરૂપી–દૃષ્ટ હોય કે અરૂપી અદૃષ્ટ હોય. આપણે તેના નામોચ્ચારથી શબ્દ દ્વારા સાંભળી–જાણી શકીએ, જણાવી શકીએ ને એનો ખ્યાલ આપી શકીએ.

તો હવે આપણે કહીશું કે મોક્ષ અમે સાંભળ્યો છે પણ જોયો નથી. વાત બરોબર છે. પણ ભાઇ! મોક્ષ એ જોવાની ચીજ નથી. એ તો અવસ્થા છે–હાલત છે. મુકતાવસ્થા એ જીવની અવસ્થા છે. એ અનુભવદશા છે!

મોક્ષ છે કે નહિ? એ પૂછનાર અને કહેનાર જીવ હોય. જડ પુદ્‌ગલ પદાર્થને કયારેય આવો પ્રશ્ન થાય નહિ અને પૃચ્છા કરે નહિ કે મોક્ષ છે કે નહિ. તો જો મોક્ષ દેખાડી શકાતો નહિ હોય તો પ્રશ્નકર્તાને મોક્ષની સિદ્ધિ કેમ કરીને કરાવશે?

વ્યાકરણશાસ્ત્રનો નિયમ છે કે જેટલા જેટલા શબ્દો છે તેની ઉત્પત્તિ ક્રિયાપદ ધાતુમાંથી થાય છે. સંસ્કૃત ભાષામાં ૨૪૦૦ ધાતુ છે અને ઉપસર્ગ ૧૩ છે. જેવાં કે આ, વિ, પ્ર, અવ, અનુ ઇત્યાદિ. ઉપસર્ગનો અર્થ શું? ક્રાય શું? ધાતુના મૂળ અર્થને ઉલટાવવાનું કે ફેરવવાનું કાર્ય ઉપસર્ગનું છે. જેમકે 'રમ્' (રમવું–To Play) ધાતુને 'વિ' ઉપસર્ગ લાગતાં 'વિરમ્' (અટકવું) થાય. તેમ 'ગચ્છ' (જવું–To Go) ધાતુને 'અનુ' ઉપસર્ગ લાગતાં 'અનુગચ્છ' એટલે કે 'પાછળ જવું' (To Follow) એવો અર્થ થાય અને 'ગચ્છ'ને 'અવ' ઉપસર્ગ લાગતાં 'અવગચ્છ' એટલે કે 'જાણવું' એવો અર્થ થાય. વળી પાછાં આ ધાતુમાંથી વર્તમાન ભૂતકૃદંત શબ્દ પણ બને જેમકે 'ગમ્' (જવું) ઉપરથી 'ગમન' જે ક્રિયાપદ નથી.

વ્યાકરણશાસ્ત્રનો ધર્મશાસ્ત્ર સાથે સંબંધ છે. ધર્મશાસ્ત્રને વ્યાકરણશાસ્ત્ર તથા ન્યાયશાસ્ત્ર (તર્કશાસ્ત્ર) વિના ન ચાલે. ભાવ આપવા માટે શબ્દો જોઇએ જે વ્યાકરણશાસ્ત્રથી નકકી કરવા રહે છે. જ્યારે આપેલ શબ્દને બુદ્ધિગમ્ય બનાવવા કે શ્રોતાએ બુદ્ધિથી ગ્રહણ કરવા ન્યાયશાસ્ત્રની જરૂર રહે છે. છતાં એ યાદ રાખવું કે વ્યાકરણશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્ર એ અધ્યયન–ક્ષેત્રના ને અધ્યાપનશાસ્ત્રનાં સાધન છે જે સ્વંત્ર નથી. એનો માત્ર ઉપયોગ કરીને અધ્યાત્મની સાધના કરવાની હોય છે. વ્યાકરણશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રથી શબ્દ અને અર્થ બુદ્ધિગમ્ય થઈ જાય–તર્કસંગત થાય એટલે કે બુદ્ધિમાં ઊતરી જાય પછી તો સાધના જ કરવાની રહે છે.

તો હવે વ્યાકરણશાસ્ત્રથી 'મોક્ષ' શબ્દને સમજીએ 'મોક્ષ' શબ્દ મુંચ મુંચ (To Release–મુકત કરવું–મુકત થવું) ધાતુમાંથી નીકળેલ છે. શબ્દ હોય ત્યાં પદાર્થ હોય. એકથી અધિક અર્થાત્ બે કે તેથી વધુ શબ્દોથી અર્થ નીકળતો હોય પણ પદાર્થ હોય કે ન હોય. જેમકે 'વંધ્યાપુત્ર', 'આકાશકુસુમ' ઇત્યાદિ. વંધ્યાપુત્રનો અર્થ છે વંધ્યાનો પુત્ર અને આકાશકુસુમનો અર્થ છે આકાશમાંનું પુષ્પ. પણ પદાર્થ તરીકે વંધ્યાપુત્ર કે આકાશકુસુમ શકય નથી. તેમ 'રાજપુરુષ' રાજા પુરુષ હોય પરંતુ પુરુષ રાજા હોય કે ન પણ હોય. આમ 'મોક્ષ' મુંચ ધાતુમાંથી નીકળેલ એક જ શબ્દ છે તેથી તે પદાર્થ હોય જ! હવે એની સિદ્ધિ કરવી જોઇએ.

જીવ માત્ર જીવન જીવે છે. એના જીવનથી એની માંગ નકકી થાય છે. મોક્ષને ન માનનાર અને ન સમજનાર તથા પરમાત્માને ન માનનાર, ન સ્વીકારનાર કે ન સમજનારની પણ માંગ જો તપાસીશું તો જણાશે કે જીવ માત્રની માંગ તો મોક્ષની જ છે– પરમાત્મ તત્ત્વની જ છે. કેવું આશ્ચર્ય છે નહિ! પોતે જીવન જીવતો હોય અને ન માને એનું જ નામ અજ્ઞાન! અજ્ઞાનનું આશ્ચર્ય આવું જ હોય!

અજ્ઞાનનો અર્થ અધ્યાત્મ ક્ષેત્રે ભણ્યો નથી એટલે કે અભણ–નિરક્ષર એવો ન થાય. એમ હોત તો આપણા મુનિ–મહાત્મા–સંતો અજ્ઞાની જ ઠરત. તેઓ રેડિયો–ટીવી–ટેલિફોન કે મોટર મીકેનિક બની શકે? આપણે હજુય કદાચ બની શકીએ. અજ્ઞાનનો અર્થ એવો નથી. અજ્ઞાનનો અર્થ એ છે કે જે જીવન જીવીએ છીએ એનું સ્વરૂપ નથી જાણતાં.

જીવનું લક્ષણ શું? જ્ઞાન! જ્ઞાનનું સાચું સ્વરૂપ શું? જ્ઞાનની પૂર્ણતા, સ્વાધીનતા, સર્વજ્ઞતા, અવિકારીતા, અખંડિતતા એ જ્ઞાનનું સાચું સ્વરૂપ છે.

કાપડનું સાચું સ્વરૂપ (મૂલ્ય) શું? કપડું સીવડાવીએ અને અંગ ઉપર વસ્ત્ર બનીને આવે તે કાપડનું સાચું સ્વરૂપ–મૂલ્ય છે. કોઠારમાંના અનાજનું પણ તે પ્રમાણે સાચું મૂલ્ય ત્યારે કે જ્યારે રસોડામાં જાય, રસોઇ તૈયાર થાય અને આપણે આરોગીએ.

જ્ઞાનનું સાચું સ્વરૂપ છે એ જ જીવની માંગ છે. એવો કયો જીવ છે કે જેની માંગ ચૈતન્યતાની–સ્ફૂર્તિની–સ્વાધીનતાની–નિત્યતાની– અખંડિતતાની– અવિકારીતાની– પૂર્ણતાની– સત્યમ્–શિવમ્– સુન્દરમની નથી?

કોઇપણ જીવને જડતા–પરાધીનતા–અનિત્યતા (વિનાશીતા) અને દુઃખ ઇચ્છનીય નથી. જીવ માત્રને પૂછીશું કે ઇચ્છા શાની છે? તો જવાબ સહુનો એ જ મળશે કે સુખની ઇચ્છા છે. દુઃખની કોઇ ઇચ્છા કરતું નથી અને દુઃખ કોઇને ગમતું નથી. જ્ઞાન (જીવ) સુખનું વેદન ઇચ્છે છે.

દૂધપાક-શ્રીખંડ આદિ ઇષ્ટ પદાર્થ કેમ ઇચ્છીએ છીએ? કારણ એમાં આપણને સુખ લાગે છે. કોઈને દૂધપાકની મીઠાશ ઇષ્ટ હોય, કોઇને શ્રીખંડની મધુરી ખટાશ ઇષ્ટ હોય, ઇષ્ટ છે એમાં સુખ છે. પછી તે દૂધપાક હોય, શ્રીખંડ હોય કે અન્ય પદાર્થ હોય. ઇષ્ટ રસ કોને કહેવાય? જીભને જે ઇષ્ટ લાગે તે ઇષ્ટ રસ. ઇન્દ્રિયોના વિષયો સારા કયારે? જે વિષય ઇન્દ્રિયને સુખવેદન કરાવે તે સારા. પાંચમાંની કોઇપણ ઇન્દ્રિયના ભોગ વિષે વિચારીશું તો જણાશે કે અંતે તેનું વેદનમાં રૂપાંતર થશે અને એ વેદન જો સુખરૂપ હશે તો ગમશે અને દુઃખરૂપ હશે તો કઠશે.

આપણને સુખ કયું ગમે? સ્વાધીન કે પરાધીન? પૂર્ણ કે અપૂર્ણ? શુદ્ધ – અવિકારી કે અશુદ્ધ – વિકારી? વિનાશી કે અવિનાશી?

દૂધપાક કે શ્રીખંડ એક ચમચી માત્ર આપે તો આપણું સુખ અધૂરું – અપૂર્ણ. દૂધપાક ઢોળી નાખે અને ચાટવાનું કહે અથવા તો ભેળસેળિયો આપે-સીંગોડાના લોટમિશ્રિત શ્રીખંડ આપે તો તે વિકારી થયેલ ન ગમે. દૂધપાક હાથમાં આપે. કલઇ વગરના વાસણમાં આપે અને રૂપાંતરમાં ફાટી જાય કે બગડી જાય તો તેવો વિનાશી નહિ ગમે. દૂધપાક હાથમાં રાખી માત્ર બતાડે પણ આપે નહિ તો તેવો પરાધીન પણ નહિ ગમે. સ્ત્રીઓ કુંભારને ત્યાં માટલા ખરીદવા જાય છે એ પણ ટકોરાબંધ આખું, પાણી ભરતાં તૂટી ન જનારું, બરોબર પાકેલું અને રંગેરૂપે સુંદર પરિપૂર્ણ એવું જોઈ તપાસી-ચકાસીને લે છે. એમ કાપડિયાને ત્યાંથી કપડું ખરીદનાર પણ ડાઘદુધ વગરનું, ફસકી ન ગયેલું, તાણેવાણે પૂર્ણ, રંગેરૂપે સુંદર અને ટકાઉ જોઇને ખરીદે છે.

આ જ બતાવે છે કે આપણા સહુની માંગ સ્વાધીનતાની, પૂર્ણતાની, શુદ્ધતા-અવિકારીતાની, અવિનાશીતાની, સત્યમ્-શિવમ્-સુન્દરમ્ની છે.

હવે પ્રશ્ન એ રહે છે કે આપણી માંગ મુજબનો અવિકારી, અવિનાશી, અખંડ, પૂર્ણ, સ્વાધીન પદાર્થ વિશ્વમાં છે કે નહિ? જો વિશ્વમાં આપણી માંગ મુજબનો પદાર્થ હોય તો તેનું સંશોધન કરવાનું રહે. વસ્તુનું અસ્તિત્વ હોય તો તેની માંગ સાચી.

પૂર્ણતાની સામે તેનું વિરોધી અપૂર્ણ-અધૂરું; સ્વાધીનતાની સામે પરાધીનતા; અવિકારીની સામે વિકારી; અવિનાશીની સામે વિનાશી અને ચૈતન્યની સામે જડ શબ્દનો વિચાર કરીશું અને જીવનમાં તપાસીશું તો વર્તમાનકાળનું આપણું જીવન કેવું છે એ જાણી શકીશું. શું આપણું જીવન પૂર્ણ છે?- અવિનાશી છે કે વિનાશી? આપણું વર્તમાનકાળનું જીવન અપૂર્ણ, વિનાશી, વિકારી, જડ અને પરાધીન છે જ્યારે આપણી માંગ આપણા પ્રત્યેક વ્યવહારમાં, પૂર્ણની, અવિનાશીની, અવિકારીની, સ્વાધીનતાની અને ચૈતન્યતાની છે, જીવનવ્યવહારની કોઇપણ ઘટના લ્યો અને માંગ તપાસો. દરજીને સીવવા આપેલ ખમીસની એકાદ બાંય ન હશે કે એકાદું બટન ટાંકવું રહ્યું હશે તો સ્વીકાર નહીં કરીએ. આપણી પાસે વર્તમાનકાળનું આપણું જીવન અને મળેલા પદાર્થો વિનાશી, વિકારી અને અપૂર્ણ છે. એની સામે અવિનાશી, અવિકારી, પૂર્ણ પદાર્થો હોય જ અને તે પદાર્થનું-તે તત્ત્વનું સંશોધન કરવાનું છે.

આવું સંશોધન તે જ વેદાંતમાં સાધનાના પ્રથમ તબક્કામાં જણાવેલ વિવેક છે. વેદાંતના સાધના ચતુષ્ટયમાં વિવેક-વૈરાગ્ય-ષટસંપતિ અને મુમુક્ષુતા એવાં સાધનાના ચાર સોપાન બતાડેલ છે. જેમ વિદ્યાર્થીને સ્નાતક થતાં પહેલાં બાળમંદિર, પ્રાથમિક-શાળા, માધ્યમિકશાળા અને વિદ્યાપીઠના અધ્યયનના તબક્કા પસાર કરવા પડે છે એમ સાધનામાં પણ સિદ્ધિ હાંસલ કરતાં પહેલાં સાધનાનાં જુદાં જુદાં સ્તરમાંથી પસાર થવું પડે છે.

આ વિવેક એટલે આપણા જીવનવ્યવહારનો 'આવો ભેસો પીએ પાણી ત્રણે વસ્તુ મફત આણી' એવો વ્યવહાર-વિવેક નહિ. અધ્યાત્મક્ષેત્રે વિવેક એટલે સત્-અસત્; વિનાશી-અવિનાશી, નિત્ય-અનિત્ય, વિકારી-અવિકારી, પૂર્ણ-અપૂર્ણ તત્ત્વનું સંશોધન જૈનદર્શનમાં જણાવેલ હેય-જ્ઞેય-ઉપાદેયમાં તત્ત્વની વહેંચણી.

સંસારનાં સુખસાહ્યબી છોડીને કયાં તો આપણે ચાલી જવાનું છે અથવા કયાં તો સુખસાહ્યબી આપણને છોડીને ચાલી જનાર છે. આ તો આપણા સહુના જીવન-અનુભવની વાત છે પ્રાપ્ત પદાર્થ નિત્ય છે કે અનિત્ય છે એનો વિવેક કરવો જોઇશે. આપણે હયાત અને પદાર્થ ગાયબ. કેરી લાવ્યાં અને બગડી ગઈ. ઉપભોગના કામમાં નહિ આવે આમ વિયોગમાં અનિત્ય, વિકારમાં અનિત્ય અને સંગમાં અનિત્યનો આપણને પાકો અનુભવ છે. આમ જીવનવ્યવહારમાં નિત્યાનિત્યનો વિવેક કરવો તે ધર્મનું હાર્દ છે. વિવેક આવ્યા બાદ વૈરાગ્ય અને લક્ષ્ય અનાદિકાળથી અનિત્ય પ્રતિ વૈરાગ્ય અને નિત્યનું લક્ષ્ય અનાદિકાળથી અનિત્યની વચ્ચે, અનિત્યના સંગે અને અનિત્યના લક્ષ્યે અનિત્યને જ નિત્ય માની આપણે વ્યવહાર કરતાં આવ્યાં છીએ. નિત્યનું જ્ઞાન જ નથી તો પછી નિત્યનું ભાન અને નિત્યનું લક્ષ્ય તો કયાંથી હોય?

આપણું શરીર નિત્ય છે કે અનિત્ય? શરીર અનિત્ય! છતાં શરીર પરનો રાગ કેટલો બધો છે! શરીર વિનાશી હોવાથી જાણ્યું જાય છે અને છતાં તે શરીર ઉપરનો રાગ તો ઊભો જ રહે છે. સગાંસંબંધીનો દેહાંત થવા છતાં તેના ઉપરનો રાગ તો ઊભો જ રહે છે. જો વસ્તુના નાશ સાથે વસ્તુ પ્રતિના રાગનો પણ નાશ થતો હોત તો મોક્ષ માટે કોઇ પુરુષાર્થની જરૂર ન રહેત. આ વિચારણામાં રાગની વ્યાખ્યા પણ સ્પષ્ટ થઈ ગઈ. 'અનિત્યમાં નિત્યબુદ્ધિથી સુખપ્રાપ્તિનો ભાવ તે જ રાગ.' એથી વિરુદ્ધ નિત્યમાં નિત્યબુદ્ધિથી એની પ્રાપ્તિની વૃત્તિ એ શુદ્ધ લક્ષ્ય કહેવાય. એને અનુરાગ કહેવાય પણ રાગ ન કહેવાય. રાગની વ્યાખ્યા કરતાં ન આવડે તો ગૂંચવાડો થઇ જાય, મૂંઝવણમાં મુકાઇ જઇએ. રાગ એ જરૂર વિકલ્પ છે પરંતુ બધાય વિકલ્પ રાગ નથી.

આપણી માંગ નિત્યની છે. પરંતુ 'હું નિત્ય છું કે અનિત્ય?' એ આપણે વિચાર્યું? હું મરે છે ત્યારે કોણ મરે છે? જીવ કે શરીર? ત્યાં જ મુશ્કેલી આવે છે અને મૂંઝવણ થાય છે. શરીર અને આત્માનો ખીચડો થઇ ગયો છે. જે દેહમાં આત્મા હતો એ દેહ આત્માનો એક વિગતિ પર્યાય (અવસ્થા-હાલત) હતો. તે દેહપર્યાય ગયો પણ વ્યક્તિ રૂપે-દ્રવ્યરૂપે નિત્ય એવો આત્મા નિત્ય રહે છે. એ મરતો નથી પણ નવો પર્યાય – નવો દેહ ધારણ કરે છે – 'હું' શરીર પણ નથી' અને 'હું વર્તમાનમાં સિદ્ધાત્મા-પરમાત્મા પણ નથી,' શરીર જડ છે અને વિનાશી છે માટે શરીર એ 'હું' નથી. અને વર્તમાનમાં સિદ્ધાવસ્થાનું સચ્ચિદાનંદ સ્વરૂપનું વેદન નથી એટલે "હું" પરમાત્મા નથી. 'હું સિદ્ધ છું' 'હું પરમાત્મા છું'

'अहं ब्रह्माऽस्मि' એ વિકલ્પ છે જે કહેવા શરીર અને જીવ જોઇએ. સિદ્ધ પરમાત્માનો આત્મા દ્રવ્યથી પણ નિત્ય છે અને સિદ્ધાવસ્થાના પર્યાયથી પણ નિત્ય છે. જ્યારે વર્તમાનકાળનો આપણો આત્મા દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય હોવાથી તેને નિત્યાનિત્ય કહેવાય. ઉદાહરણ તરીકે ગઈ કાલે મંગળવાર હતો. આજે બુધવાર છે અને આવતી કાલે ગુરુવાર હશે. બુધવાર આવતી કાલે જશે અને ગુરુવાર આવશે. પરંતુ આજે બુધવાર નષ્ટ નથી થયો તે આપણે જાણીએ છીએ અને બુધવાર નષ્ટ થતાં ગુરુવારે આપણે હશું તે નિશ્ચિત છે. છતાં મંગળવારે હતાં અને મંગળવાર નષ્ટ થયાં છતાં બુધવારે છીએ. એટલે કે આત્મદ્રવ્ય નિત્ય છે. આપણી જાગૃત-સ્વપ્ન-નિદ્રાવસ્થાથી પણ આત્મદ્રવ્યની નિત્યતા સમજી શકાય એમ છે. જાગૃતદશા પછી નિદ્રાવસ્થા આવી. આપણે નિદ્રામાં રહ્યાં કે ગયાં? અને નિદ્રાવસ્થામાંથી સ્વપ્નાવસ્થા (જે બંધ આંખની જાગતી દુનિયા)માં સરકી ગયાં તો ત્યારે રહ્યાં કે ગયાં? અને સ્વપ્નાવસ્થામાં ઉઘાડી આંખની દેખતી દુનિયામાં એટલે કે જાગૃતાવસ્થામાં આવ્યા તો આપણે, આપણે જ છીએ કે નહિ! આપણે બધી અવસ્થામાં રહ્યાં. બાલ્યાવસ્થા, કિશોરાવ્યસ્થા-યુવાવસ્થા-પ્રૌઢાવસ્થા-વૃદ્ધાવસ્થા આદિ અવસ્થા-હાલત-પર્યાય બદલાય છે. વ્યકિત તેની તે જ રહે છે. એ આત્મદ્રવ્યની નિત્યતાની સિદ્ધિ કરે છે. અને પર્યાયની અનિત્યતાની સાબિતી કરે છે. જાગૃતિ ગઇ અને નિદ્રા આવી. પણ જો 'હું' આત્મા અર્થાત્ આધારસ્થંભ (અધિષ્ઠાન) ન હોઉં તો જાગૃતિ-નિદ્રા-સ્વપ્નાવસ્થા કોના આધારે? આત્મદ્રવ્ય એવા અધિષ્ઠાનના આધારે અવસ્થા-પર્યાય છે.

આમ આધ્યાત્મ-આત્મસ્વરૂપને સમજવાં ષડસ્થાનક છે: (૧) આત્મા છે (૨) આત્મા નિત્ય છે (૩) આત્મા કર્મનો કર્તા છે (૪) આત્મા કર્મનો ભોકતા છે (૫) આત્માનો મોક્ષ છે અને (૬) આત્માના મોક્ષના ઉપાયો છે. એ ષડસ્થાનકમાંથી આત્મા છે અને આત્મા નિત્ય છે એ જોયું. વિશ્વમાં માત્ર જડ પદાર્થ જ નથી. જડની સામે ચેતન એવો આત્મા પણ છે. જે જડ નથી પણ ચેતક છે-વેદક છે અને જ્ઞાયક છે. વળી જેમ જડ એટલે કે પુદ્ગલ એના પરમાણુદ્રવ્યથી નિત્ય છે એમ આત્મા પણ દ્રવ્યથી અગાઉ જણાવ્યા મુજબ નિત્ય છે. પરંતુ અવસ્થા (હાલત-પર્યાય)થી અનિત્ય છે આત્મા ચારેય ગતિ (દેવ-મનુષ્ય-તિર્યંચ-નારક)માં ભમતો ભમતો નીતનવી અવસ્થાને પામતો રહે છે. પણ આત્મદ્રવ્ય તરીકે તો આત્મા નિત્ય જ રહે છે-અવિનાશી જ રહે છે. આમ મૂળ અધિષ્ઠાન એવો આત્મા અવિનાશી છે. અને એથી જ એની માંગ અવિનાશીની છે. આપણે સહુ અમરત્વને વાંછીએ છીએ. અવિનાશીતાને માગીએ છીએ. પરંતુ આપણી અવળી દૃષ્ટિ જે મિથ્યા દૃષ્ટિ છે તેને કારણે વિનાશી પદાર્થમાં અવિનાશીને શોધીએ છીએ-માગીએ છીએ. અર્થાત્ અનિત્યમાં નિત્ય બુદ્ધિ સ્થાપીને વર્તીએ છીએ. આ જે દૃષ્ટિ આત્માની છે તે તેની ખોટી દૃષ્ટિ છે. વિનાશીને વિનાશી રૂપે જોઇએ અને તે પ્રતિ વૈરાગ્ય થાય ત્યારે તે દૃષ્ટિ સાચી દૃષ્ટિ-સમ્યગ્ દૃષ્ટિ કહેવાય. સમકિત પ્રાપ્ત થયું કહેવાય. સમકિત માત્ર બૌધિક નથી પણ ભાવગત્ હાર્દિક અને આત્મિક છે.

સમ્યગ્જ્ઞાન એ Connection-જોડાણ-છે અને સમ્યગ્ દર્શન એ Relation-સંધાણ-છે. ભાષાપ્રયોગથી અનિત્યને અનિત્ય કહેવું એ માત્ર સમ્યગ્જ્ઞાન છે. જે Connection છે. જ્યારે અનિત્યને અનિત્ય જાણી એનાથી છૂટતાં જવું-એ પ્રતિ વૈરાગ્યભાવના જાગવી અને જે નિત્ય છે તેને નિત્ય જાણી તેનાથી જોડાઇ જવું તે સમ્યગ્ દર્શન છે, જે Relation છે. અનિત્યમાં નિત્યબુદ્ધિ એ રાગ અને અજ્ઞાન છે.

અનિત્યની અનિત્યતા સહજ જ તેના વિનાશી સ્વરૂપે જાણી શકાય છે. એ સહુના અનુભવની વાત છે. મુશ્કેલી હોય તો નિત્યની નિત્યતાને પીછાનવામાં છે, જે આપણા સહુની માંગ છે.

નિત્યતાને કયાં શોધવી? નિત્યતા આપણામાં જ છે. આપણી અવસ્થા ફરતી છે. ફરતી એ બાલ્યાવસ્થા-કિશોરાવસ્થા-યુવાવસ્થા-પ્રૌઢાવસ્થા-વૃદ્ધાવસ્થાને જાણનારા આપણે છીએ. જેનારા જે જાણનારા જે દૃશ્ય છે અને જે જણાય છે તેનાથી અલગ એટલે કે જુદો હોય છે. લુહારની એરણ એની એ જ રહે છે જેના આધારે લુહાર લોઢાને જુદા જુદા આકાર આપે છે. એમ નિત્ય એવા આત્માના આધારે અવસ્થાનું આવાગમન થયા કરે છે. માટે જ આત્માને કૂટસ્થ કહ્યો છે. ધગધગતા લોઢાના ગોળામાંની આગ અને લોઢું જુદાં છે એમ આત્મા અને શરીર જુદાં છે. આત્મા આધાર છે. અધિષ્ઠાન છે જેના આધારે અવસ્થા બદલાયા કરે છે. અવસ્થા આધેય છે. અધ્યસ્થ છે. આત્માનો જો નાશ થતો હોત તો પછી મોક્ષનો પ્રશ્ન જ ન હોત. પરંતુ જે આધારભૂત છે તેનો નાશ કદી થતો નથી. દ્રવ્ય છે તે આધાર છે. જે અનાદિ-અનંત, અનુત્પન્ન, અવિનાશી અને સ્વયંભૂ હોય છે. આમ અધિષ્ઠાન એવા આત્મદ્રવ્યનો તો કદી નાશ થતો જ ન હોવાથી તે નિત્ય છે- અવિનાશી છે. જ્યારે એની ઉપર એના આધારે એની અવસ્થા-પર્યાય બદલાયા કરે છે. એના પર્યાયનો વિનાશ થયા કરે છે. અવિનાશીને વિનાશીપણું ગમતું નથી. માટે જેમ અવિનાશીએ જેમ તે પોતે દ્રવ્યથી અવિનાશી છે એમ એના પર્યાયથી અવિનાશી બની રહેવા એણે એના પર્યાયને સ્થિર નિત્ય-અને અવિનાશી બનાવવો રહ્યો. આપણી માંગ નિત્યની છે તે જ સૂચવે છે કે આપણે વર્તમાનમાં નિત્ય નથી. જેણે નિત્યાવસ્થામાં-અવિનાશીત્વની પ્રાપ્તિ કરી લીધી છે તે સિદ્ધ છે-સિદ્ધ પરમાત્મા છે. સિદ્ધ પરમાત્મા કે કેવલિભગવંતને નિત્યની માંગ હોતી નથી કારણ કે નિત્યની પ્રાપ્તિ અને તૃપ્તિ પછી ઇચ્છા કે માંગ રહેતી નથી. જેની માંગ હોય છે તેનો માગનારને અભાવ હોય છે. આ જ સૂચવે છે કે આપણી વર્તમાન દશા અનિત્ય છે અને નિત્ય જેવી કોઇ ચીજ છે તેની માંગ છે એટલું જ નહિ, અનિત્ય હંમેશાં નિત્યમાંથી જ નીકળે. ઉત્પન્ન હંમેશા અનુત્પન્નના જ આધારે ઉત્પન્ન થાય. ઉત્પાદનો વ્યય થાય તો હંમેશાં અવ્યયમાં એટલે કે ધ્રુવમાં સમાય. દરિયાની ભરતી અને દરિયાની ઓટ દરિયાના આધારે હોય. દરિયાને આધારે ઉત્પન્ન થાય અને દરિયામાં પાછી વિલીન થાય. ઉત્પાદ કે વ્યય હંમેશા અવ્યય અર્થાત્ ધ્રુવ (નિત્ય)ના આધારે જ હોય.

જેને માંગ છે તેને તેની અપ્રાપ્તિ છે એ પ્રથમ સિદ્ધ થાય. ભોજનની ઇચ્છા છે, એ ભૂખ્યો છે અને તંદુરસ્તીની ઇચ્છા રાખનારો નાદુરસ્ત છે એમ પ્રથમ સિદ્ધ થાય. ભોજન લીધા બાદ તૃપ્તિ થઇ જાય પછી ભોજનની ઇચ્છા ન રહે. કેવલિભગવંતને કેવલજ્ઞાનના પ્રાગટ્ય બાદ અવિનાશીની ઇચ્છા કે માંગ હોય? ન જ હોય કેમકે સ્વયં અવિનાશી થયેલ છે.

વર્તમાનમાં આપણું દ્રવ્ય-આત્મા નિત્ય છે અને પર્યાય અર્થાત્ આત્માની અવસ્થા અનિત્ય છે. તો નિત્ય અવસ્થા કઇ

એને શોધવી કયાં? જે પદાર્થમાં ઉત્પાદ કે વ્યય નથી, જે વિનાશી નથી, જેમાં પરિવર્તન નથી કે જેને પરિભ્રમણ નથી, અને જેમાં વિકાર નથી તે નિત્ય છે. આપણું સદ્‌ભાગ્ય છે કે આપણને જૈનદર્શન મળેલ છે. આપણને જે દેવ મળેલ છે તે દેવ પૂર્ણ, નિત્ય અવિનાશી, અવિકારી, વીતરાગ છે. આપણે લોગસ્સ સૂત્ર દ્વારા જે ચોવીસે તીર્થંકરનું નામસ્મરણ કરીએ છીએ તે ચોવીસે તીર્થંકરો આવી નિત્ય, નિર્વિકારી, પૂર્ણ, વીતરાગ વ્યક્તિઓ છે. તેઓ વિનાશી દશામાંથી છૂટી ગયા છે. એટલે કે મુક્ત થઇ ગયા છે. તીર્થંકર પરમાત્માઓ તીર્થંકર સ્વરૂપે ભૂમિતલ ઉપર વિચરે છે. ત્યાં સુધી એમને દેહ છે જે વિનાશી છે; પરંતુ એમનું કેવલજ્ઞાન અવિનાશી છે. પ્રથમ મન અને મતિજ્ઞાન (બુદ્ધિ)નું અવિનાશી ભાવમાં સંક્રમણ કરાય છે, જે પૂર્ણજ્ઞાન કેવલજ્ઞાન-સર્વજ્ઞરૂપે પરિણમે છે. અને પછી મન અને મતિ-અર્થાત્ ઉપયોગ જેના આધારે રહેલ છે એ આત્મપ્રદેશ જે અવિનાશી તો છે જ પણ તે દેહમાં પૂરાયેલ-બંધાયેલ છે તે રૂપી થયેલ છે એ મુક્ત થાય છે અને અરૂપી બને છે.

મન (ઇચ્છા) અને મતિ (બુદ્ધિ)ની ઉત્પત્તિનું મૂળ કેવલજ્ઞાન અને આત્મપ્રદેશ છે. આપણી પાસે સત્તામાં રહેલ કેવલજ્ઞાનના આધારે જ મતિ-શ્રુત-અવધિ અને મનઃપર્યવ જ્ઞાન ઉદ્‌ભવે છે. આમ આપણી પાસે આપણા નિત્ય વિભાગ બે છે. એક તો આત્મપ્રદેશ (આત્મદ્રવ્ય) અને બીજું કેવલજ્ઞાન. જે વસ્તુ સ્વયંભૂ ન હોય તેનો સર્વથા અભાવ કરી શકાય પણ જે સ્વયંભૂ છે તેને દબાવી શકાય કે આવરી શકાય પરંતુ તેનો સર્વથા અભાવ તો કોઇ કાળે શક્ય નથી. આને આપણે સૂર્ય અને વાદળના ઉદાહરણથી સમજી શકીએ. જો કે તે પણ સ્થૂળ ઉદાહરણ છે. જે વાદળની ઉત્પત્તિમાં સૂર્ય-સૂર્યની ગરમી છે તે જ વાદળ સૂર્યને આવરે છે છુપાવે છે પણ એ વાદળ સૂર્યનો અભાવ નથી કરી શકતા બલકે સૂર્ય વાદળ વિખેરી નાખે છે.

જીવના આત્મપ્રદેશ, શુભાશુભ ભાવ અને કાર્મણવર્ગણા મળી કર્મ થાય છે. એ કર્મ જે સ્વયંભૂ નથી તેનો વિયોગ-નાશ-અભાવ કરી શકાય છે અને કર્મમુક્ત બની શકાય છે. પરંતુ આત્મપ્રદેશ કે કાર્મણવર્ગણા (જે પુદ્‌ગલ પરમાણુ છે)નો કયારેય નાશ ન કરી શકાય. પુદ્‌ગલદ્રવ્યમાંના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ અને શબ્દ એ પુદ્‌ગલ દ્રવ્યના સ્વાભાવિક ગુણ છે જેનો પુદ્‌ગલદ્રવ્યમાંથી સર્વથા અભાવ ન કરી શકાય. આપણામાં અર્થાત્ આત્મામાં અનિત્યતા પુદ્‌ગલનૈમિત્તિક સાંયોગિક છે. જ્યારે પુદ્‌ગલની અનિત્યતા સ્વાભાવિક છે. પુદ્‌ગલદ્રવ્ય અને અનિત્યતા આધાર-આધેય છે.

આમ આપણી અનિત્યતા જે પુદ્‌ગલ નૈમિત્તિક છે તે પુદ્‌ગલના નિમિત્તને ટાળીને તેનો સર્વથા અભાવ કરી શકાય છે. આ પ્રમાણે ટાળેલી અનિત્યતાને અંતે જે અવસ્થા રહી જાય છે તે નિત્યાવસ્થા-નિત્ય પર્યાય! એ નિત્યપર્યાય આત્મદ્રવ્યના આધારે છે. આત્મદ્રવ્ય તો નિત્ય છે જ પણ આત્માની અવસ્થા જે નિત્ય બની ગઇ એનું જ નામ મોક્ષ! અવસ્થા (હાલત-પર્યાય)ની અનિત્યતા એ જ દુઃખ, સંસાર અને બંધન છે.

જે પદ એક છે તે વિશ્વમાં હોય જ એવી પદની પ્રરૂપણાથી વ્યાકરણશાસ્ત્રની અપેક્ષાએ 'મોક્ષ'ની સિદ્ધિ કરી. વ્યાકરણશાસ્ત્ર કરતાંય આપણા જીવનનું દર્શન કરીશું તો પણ 'મોક્ષતત્ત્વ'ની સિદ્ધિ સહજ થઇ શકશે જે સ્વાનુભૂતિ છે.

શું આપણને બંધન ગમે છે? બંધનનો અર્થ શો? બંધન કોઇને કયારેય ગમતું નથી. આપણે જે દુઃખ વેઠીએ છીએ તેના કારણમાં-મૂળમાં બંધન છે. સુખવેદન જેમ તત્ત્વ છે તેમ દુઃખવેદન પણ તત્ત્વ છે. દુઃખ અનિષ્ટ છે માટે બંધન છે. દુઃખનો સર્વથા નાશ એટલે બંધનનો સર્વથા નાશ. અર્થાત્ મોક્ષ!

કદાચ કોઇ કહેશે કે તે બંધનને માનતો નથી. એટલે તેને માટે મુક્તિનો કોઇ પ્રશ્ન જ રહેતો નથી. એવી વ્યક્તિને આપણે પૂછીએ કે ભાઇ! બંધનની વાત બાજુ પર રાખ અને દુઃખનું વેદન છે કે નહિ તે કહે. જવાબ મળશે કે..."દુઃખ છે અને તે દુઃખનું હું વેદન કરું છું." હવે દુઃખનું કારણ તપાસીશું તો એના મૂળમાં કાંઇક ભૂલ જણાશે. આપણો જીવન-વ્યવહાર છે કે જે ભૂલ કરે તે બંધીખાનામાં-જેલખાનામાં-કેદમાં જાય. અર્થાત્ બંધી બને અને જેલમાં બંધનનું દુઃખ ભોગવે.

ભૂલ અને દુઃખનો ક્રમ પાડવાની જરૂર છે. વ્યકિત દુઃખ અને સુખને અવશ્ય અનુભવે છે, અને જાણે છે તેમ માણે છે. સુખ અને દુઃખ ન દેખાતાં હોવા છતાં સહુ માને છે કેમકે એ નિજ અનુભવની વાત છે. પણ દુઃખના કારણમાં પાપ અર્થાત્ દોષસેવન (ભૂલ) અને સુખના કારણમાં પુણ્ય અર્થાત્ ગુણસેવન (સદ્‌ભાવ-સત્કાર્ય) રહેલ છે એને જીવ જોતો નથી અને માનતો નથી. અને છતાંય આશ્ચર્યની વાત તો એ છે કે પ્રત્યેકે પ્રત્યેક વ્યકિત સર્વથા દુઃખથી મુકિત તથા અનંત-અક્ષય-અખંડ-અવ્યાબાધ એવાં સ્વાધીન ને પૂર્ણ સુખની ઇચ્છા રાખે છે. જીવની આ ઇચ્છા તે જ તેની મોક્ષની ઇચ્છા થઇ. આમ જીવ મોક્ષને માનતો નથી પણ મોક્ષના ભાવને તો ઇચ્છે જ છે. વળી જીવ પરમાત્મવ્યકિત કે પરમાત્મ તત્ત્વ-પરમાત્મ સ્વરૂપને માનતો નથી પરંતુ પરમાત્મ વ્યકિત જેવી નિત્યાવસ્થા-પરમભાવની માંગ તો રાખે જ છે. આ જ જીવનું અજ્ઞાન છે અને મોહ કહો કે મૂઢતા (મૂર્ખતા) તે છે જે જીવનો રાગ છે.

જ્યાં રાગ પડયો છે, જ્યાં ઊંધો રાગ પડયો છે ત્યાં વૈરાગ્ય કરવાનો છે. જે વસ્તુ અનિત્ય છે, બંધનરૂપ છે અને બંધન વડે દુઃખ છે ત્યાં વૈરાગ્ય કરવાનો છે અને નહિ કે દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે. દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે રાગ હોય તો તે પ્રીતિની ભકિત કહેવાય. દેવ-ગુરુ-ધર્મના સંબંધથી-સંગથી કાંઇ ભોગસુખ વૃત્તિ જાગૃત થતી નથી અને ત્યાં ભોગસુખ તૃપ્તિ છે નહિ માટે તે દેવ-ગુરુ ધર્મ પ્રતિની જે ભાવના છે તે ભકિત કે અનુરાગ કહેવાય.

આસકિત છે ત્યાં રાગ છે-આ રાગને વૈરાગ્યથી કાઢી વીતરાગ થવાનું છે. વીતરાગતા સાધ્ય છે અને વૈરાગ્ય સાધન છે જ્યારે રાગ એ આત્માના મૂળ વીતરાગ સ્વભાવની વિકૃતિ છે.

વિનાશી પદાર્થમાં અવિનાશીની બુદ્ધિ કરીએ તેટલી મૂઢતા અને તેટલો રાગ. વિનાશી પદાર્થ પ્રાપ્ત વિનાશી બુદ્ધિ સાચી ત્યારે કહેવાય જ્યારે વિનાશી પ્રદાર્થ પ્રતિ વૈરાગ્ય થાય અને અરુચિ થાય. અરુચિ કરીએ તે સાચી ત્યારે કે જ્યારે જેની પ્રતિ અરુચિ થઇ હોય, એ વિનાશી પદાર્થની ઉત્પત્તિને બંધ કરીએ એટલે કે આરંભને બંધ કરીએ પછી આરંભ દ્વારા જે પરિગ્રહ ઊભો કર્યો હોય એનું દાન કરીએ અને જે કાંઇ થોડું આવશ્યક રાખીએ તેનો ઉપયોગ ભોગ માટે નહિ પણ યોગ માટે વૈરાગ્યપૂર્વક કરીએ. આ પ્રમાણેનો મોક્ષપ્રાપ્તિની સાધનાનો ક્રમ છે.

રાગ છૂટી ગયો અને વૈરાગ્ય થઇ ગયો તેટલા માત્રથી વાત પતી જતી નથી. વિનાશી પ્રતિ અરુચિ થઇ પણ અવિનાશીની પ્રાપ્તિ અવિનાશી વ્યક્તિની પ્રીતિ-સ્મૃતિ એને ભક્તિ વિના શક્ય નથી. વૈરાગ્યની સાથે સાથે અવિનાશીપદનું લક્ષ્ય રાખવાનું છે અને અવિનાશી એવી વ્યક્તિના શરણે જઇ તેના આદર-સત્કાર-સન્માન-બહુમાન ભક્તિ કરવાના છે એને સર્વસ્વ ગણી એમાં ઓતપ્રોત થઇ જવાનું છે. અવિનાશી વ્યક્તિને પકડયા સિવાય અવિનાશી અર્થાત્ સ્વરૂપની વાત કે પ્રાપ્તિ થઇ શકતી નથી.

અવિનાશી વ્યક્તિને પકડવી તે ભક્તિયોગ છે. જ્યારે સ્વરૂપપદનું જે લક્ષ્ય છે તે જ્ઞાનયોગ છે. અને વિનાશી પ્રતિની અરુચિ વૈરાગ્ય ભાવના છે એ ત્યાગપૂર્વક કર્મયોગ છે. આ ભક્તિયોગ જ્ઞાનયોગ-અને કર્મયોગ એ ત્રણે મોક્ષપ્રાપ્તિની સાધનાના પાયા છે. ત્રણમાંથી એક હોય તો તે બીજા બેને ખેંચી લાવે છે અગર તો ત્રણમાંથી એક હોય અને બીજા બે ન હોય તો જે એક હોય તો તેય ટકે નહિ. ત્રણમાં કોઇ એકબીજાની અપેક્ષાએ ગૌણપ્રધાન હોય પણ ત્રણેય હોય ત્યારે જ વિનાશીથી છૂટેલો, અવિનાશીથી જોડાયેલો-અવિનાશીના લક્ષ્યે સ્વયં અવિનાશી બની સર્વથા બંધનમુક્ત થઇ શકે.

સાંભળવું, જોવું અને અનુભવવું એ જીવ માત્રનો વ્યવહાર અને ચાલ છે. છેવટે અનુભવમાં અર્થાત વેદનમાં સહુ સરખા છે માટે અનુભવતત્ત્વને લઇને મોક્ષની સિદ્ધિ સહજ છે કારણ કે બંધન અને દુઃખ સર્વને પ્રત્યક્ષ છે. એની સામે મુક્તિ અને અનંતસુખ સહજ સિદ્ધ છે.

જીવ માત્રની માંગ સાચી છે પણ માર્ગ ખોટો છે.
જીવ માત્રની માંગ સાચી છે પણ મથામણ ખોટી છે.

ચાલો ત્યારે અવળી ચાલથી સતને અસત્ સાથે અને ચિદ્ને અચિદ્ સાથે જોડી આનંદને સુખ:દુખ રૂપે પરિણમાવ્યો છે તેને સવળી ચાલે ચાલી ચિદ્ને સત્ સાથે જોડી સુખ-દુઃખના ચક્રવાને ભેદીને સચ્ચિદાનંદ સ્વરૂપને આપણે સહુ પ્રાપ્ત કરીએ !

સંકલનકાર : **સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી**

સાભાર સ્વીકાર

* **મને કેમ વીસરે રે ?**
  લે. નારાયણ દેસાઇ : ડેમી સાઇઝ પૃષ્ઠ-૨૪૦ કિં. રૂ. ૪૦/-
* **ગ્રામ નવરચના**
  લે. મોહન પરીખ : ડેમી સાઇઝ-પૃષ્ઠ-૨૨૦ કિં. રૂ. ૩૦/-
* **ગ્રામવિકાસની ટેક્નોલોજી**
  લે. મોહન પરીખ : ડેમીસાઇઝ-પૃષ્ઠ-૨૩૨ કિં. રૂ. ૩૦/-
* **બાલવાડી ભાગ-૧લો અને ૨ જો**
  લે. જગતરામ દવે
  ડેમી સાઇઝ. પૃષ્ઠ ૨૩૬+૨૫૨
  બંનેની કિંમત રૂ. ૬૦/-
* ઉપરનાં બધાં જ પુસ્તકોની પ્રકાશક સંસ્થા-
  બાલગોવિંદ પ્રકાશન
  ગાંધી માર્ગ, બાલાહનુમાન પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧.

આપણાં સામયિકો

(પૃષ્ઠ ૨૨ થી ચાલુ)

બર્મા વગેરે ઘણીબધી ભાષાઓનાં સામયિકો માટેનો અવકાશ તેની પ્રજા પૂરતો મર્યાદિત રહે છે. ભારતમાં અંગ્રેજી કે હિન્દીમાં પ્રગટ થતાં સામયિકો કરતાં ગુજરાતી સામયિકોને અવકાશ ઘણો ઓછો રહેવાનો તે દેખીતું છે. નાની પણ સંપન્ન અને રસિક પ્રજા હોય તો તેટલે અંશે તેમાં વધુ અવકાશ અલબત્ત જરૂર રહે.

પોતાનાં રસ અને રુચિને લગતાં ઘણાંબધાં સામયિકો પ્રગટ થતાં હોય ત્યારે સારા અને સંપન્ન વાચકે પણ તેમાંથી પસંદગી કરવાની રહે છે. વાંચવા માટેનો કુલ સમય અને લવાજમોની કુલ રકમ પોતાને કેટલાં પોષાય છે તે વૈયક્તિક ધોરણે જ નક્કી થાય. પોષાય છતાં સમય ન હોય અથવા સમય હોય છતાં પોષાય નહિ એમ પણ બને. કેટલાકને માટે સમય પણ ન હોય અને પોષાય પણ નહિ એવી સ્થિતિ હોય છે. સમય હોય, પોષાય એમ હોય અને છતાં પ્રમાદને કારણે પણ કેટલાક લોકો સામયિક તરફ અભિમુખ બનતા નથી. ગંભીર અને વિદ્વદ્ભોગ્ય સામયિકો તો દુનિયામાં બધે જ ઓછાં વંચાવાનાં. સાહિત્યિક ગંભીર સામયિકો વાંચનારા સાહિત્યકારો, અધ્યાપકો, શિક્ષકો કે અન્ય કેટલાક સાહિત્યરસિકોની આપણા દેશમાં વર્તમાન સમયમાં એવી આર્થિક સ્થિતિ નથી કે તેઓ બધાં સામયિકો માટે પૈસા ખર્ચી શકે. એટલે પુસ્તકાલયમાં જઇ વાંચી લેવાની અથવા ભેટ નકલ મેળવવાની વૃત્તિ વિશેષપણે પ્રવર્તે એ દેખીતું છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી કાગળના ભાવ તથા મુદ્રણખર્ચ ઝડપથી વધતાં જાય છે. લેખકોને આપવાના પુરસ્કારની રકમ વધતી ચાલી છે. (સદ્ભાગ્યે પુરસ્કારની અપેક્ષા વગર લખનાર લેખકોની સંખ્યા હજુ ગુજરાતમાં ઠીક ઠીક છે.) અન્ય પક્ષે સામયિકોનાં લવાજમો, લેખકોના ખિસ્સાને પોષાય એથી વધુ રાખવાનું પરવડે તેમ નથી. જાહેરખબરો પણ સારી લાગવગ વગર સહેલાઇથી મળતી નથી, કારણ કે સામયિકોનો ફેલાવો દૈનિકો કે સાપ્તાહિકો જેટલો હોતો નથી. પરિણામે આર્થિક વ્યવસ્થાની સમસ્યા એ બધાં સામયિકોની એક મોટી સમસ્યા હોય છે. એ એની જીવાદોરી છે. એ ટકે ત્યાં સુધી સામયિક ટકી શકે.

માત્ર ગ્રાહકોનાં લવાજમ ઉપર આર્થિક દૃષ્ટિએ પગભર થવાનું કે કમાણી કરવાનું સામયિકો માટે સરળ નથી. દૈનિક માટે પણ જો એ અઘરું હોય તો સામયિકોની તો વાત જ શી કરવી ? સરખું લવાજમ હોય અને પાંચ-પંદર હજારની ગ્રાહકસંખ્યા હોય તો કદાચ કોઇક સામયિક જાહેરખબર વગર ટકી શકે તો ટકી શકે. પરંતુ તેમ બનવું પણ બહુ સરળ નથી. વાચકોને ઓછા લવાજમની ટેવ પાડી દેવામાં આવી છે એવી ફરિયાદમાં પણ કેટલું સત્ય છે તે પ્રશ્ન છે. વાસ્તવિક આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ કરવાથી એ વિશે સાચું તારણ કાઢી શકાય.

કેટલાંક સામયિકો પાસે આર્થિક વ્યવસ્થા સારી હોય છે, પણ લેખનસામગ્રીની ખેંચ એને દરેક અંકે પડે છે. એવાં સામયિકો પછી જૂનું-નવું છાપે રાખે છે. અન્ય સામયિકોમાંથી ઋણસ્વીકાર વિના ઉતારી લે છે. ક્યારેક તો, બને ગુજરાતી

મથાને બે-ત્રણ દાયકા થઈ ગયા હોય એવા લેખકોની કૃતિઓ પણ જાણે નવી લખેલી હોય તેમ છાપે છે. લેખકના નામ આગળ 'સ્વર્ગસ્થ' જેવો શબ્દ પણ હેતુપૂર્વક મુકાતો નથી કે જેથી અજાણ્યા વાચકોને ખબર પડી જાય કે આ જૂની કૃતિ છે. પરંતુ આવી રીતે જૂની મૂડી ઉપર વ્યાપાર લાંબો સમય ચાલી શકતો નથી. જે સામયિક પ્રત્યેક અંકે નવી રસિક, ઉચ્ચ ગુણવત્તાવાળી મૌલિક સામગ્રી આપવાનો પુરુષાર્થ કરે છે એ સામયિક આર્થિક ટેકો મોટો હોય તો સારું નભી શકે છે, લોકોમાં સારું સ્થાન જમાવી શકે છે.

જે સામયિકો વિશિષ્ટ વર્ગને માટે વિદ્વત્તાપૂર્ણ, અધરા પારિભાષિક લેખો છાપતું હોય તેનો ફેલાવો બહોળો ન હોય તે સ્વાભાવિક છે. એવાં સામયિકો યુનિવર્સિટીઓ, સંશોધનકેન્દ્રો કે અન્ય સંસ્થાઓ દ્વારા ચાલે તો જ નભી શકે. એવાં સામયિકો જનસામાન્ય સુધી પહોંચવાની અપેક્ષા રાખે અને બહોળી ન પહોંચે ત્યારે લોકોનો દ્વેષ કાઢે તો તે યોગ્ય નથી.

જાહેરખબર કે દાન લીધા વગર સામયિક ચલાવવું એ આદર્શ સ્થિતિ છે. એથી પોષણ કરનારાઓનો સીધો કે આડકતરો પ્રભાવ એના તંત્રીઓની વિચારસરણી ઉપર પડવાનો ક્યારેય સંભવ ન રહે. સરકારી સહાયથી કે સરકારી જાહેરખબરોના ટેકાથી ચાલતાં સામયિકો સરકાર વિરુદ્ધ લખવાનું સાહસ બહુ ન કરી શકે. પ્રામાણિક વિચારો વ્યક્ત કરવામાં કયારેક તેને જોખમ લાગે. ધર્માચાર્યોની સહાયથી કે કેટલાંક ટ્રસ્ટો કે શ્રેષ્ઠિઓની સહાયથી ચાલતાં સામયિકો તેમની વિરુદ્ધ લખવાની બહુ હિમ્મત ન કરે. પરંતુ પત્રકારનાં વાણી-સ્વાતંત્ર્ય ઉપર એથી તરાપ પડે છે. બીજી બાજુ જાહેરખબર વગર સામયિક ચલાવવું લગભગ દુષ્કર જેવું ગણાય છે. મોટાભાગનાં સામયિકો જાહેરખબરના ટેકે ચાલતાં હોય છે. આદર્શ નહિ પણ મધ્યમ માર્ગ અપનાવીને તેઓ નભતાં હોય છે. કયારેક તેમાં પોષણ કરનારાઓ પ્રત્યેની ખુશામતભરી દૃષ્ટિ પણ દેખાઈ આવે છે. જાહેરખબર વિના એકલા વાચકવર્ગના સહકારથી અર્થાત્ લવાજમની ઘણી ઓછી રકમથી સામયિક ચલાવવું અત્યંત મુશ્કેલ છે. પ્રયોગો કરવાથી તેનાં પરિણામો જોઈ શકાય છે. ગ્રાહકો મેળવવા માટે પણ પછી વલખાં મારવા પડે છે અને લવાજમ મેળવવા માટે ગ્રાહકોની ખુશામત કરવાનો વખત આવે છે. શેરહોલ્ડરની જેમ ગ્રાહકો ત્યારે જ પોતાના સામયિકને નભાવે, જ્યારે એની વ્યવસ્થામાં અને લેખનસામગ્રીમાં તેમનો અવાજ કાયદેસર પહોંચતો હોય. પરંતુ એવી પરિસ્થિતિનું નિર્માણ સરળ નથી.

જે સામયિકો કોઈકને કોઈ સંસ્થાના ઉપક્રમે પ્રગટ થતાં હોય છે તે સામયિકો સંસ્થાની આર્થિક સદ્ધરતા હોય ત્યાં સુધી પ્રગટ થયા કરે છે. સમયે સમયે એનું તંત્રીમંડળ બદલાય છે. એવાં સામયિકો સાજાં-માંદાં રહે છે, તો પણ તેની આવરદા મોટી હોય છે. આર્થિક સદ્ધરતા હોય તો એને ચલાવનારા કોઈકને કોઈક મળી રહે છે. એની ગ્રાહકસંખ્યા ઝાઝી ઓછી હોય તો પણ એને આંચ આવતી નથી.

'બુદ્ધિ પ્રકાશ', 'ફાર્બસ ત્રૈમાસિક', 'પ્રબુદ્ધ જીવન' વગેરે હજુ પણ ચાલ્યા કરે છે. આવાં સામયિકોને પોતાની સંસ્થાકીય મર્યાદા તો રહેવાની જ.

ગુજરાતી પ્રજા પ્રમાણમાં સમૃદ્ધ હોવા છતાં ગુજરાતી સામયિકો માટે, વિશેષત : સાહિત્યક સામયિકો માટે બહુ પ્રોત્સાહક વાતાવરણ નથી. એનાં ઘણાં કારણો છે. સારાં સામયિક નથી ચાલતાં એનાં અન્ય કેટલાંક કારણો સાયયિકને પક્ષે પણ છે. બદલાતી જતી પરિસ્થિતિમાં સૌ કોઈએ વાસ્તવિકતાનો સહજપણે સ્વીકાર કરવા સાથે વધુ જાગૃત થવાની જરૂર છે.

નિષ્ઠાપૂર્વક કરેલાં સારાં કાર્યો એળે જતાં નથી; જાય તો આત્મસંશોધન કરવું જોઈએ.

–રમણલાલ ચી. શાહ

સંઘ સમાચાર

આંતરરાષ્ટ્રીય વ્યાખ્યાનમાળા

સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહ અને એમનાં પત્ની પ્રો. તારાબહેન શાહનો જુલાઈ-ઓગસ્ટનો અમેરિકા-કેનેડાનો આંતરરાષ્ટ્રીય વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ ઓકટોબર-નવેમ્બર અથવા ૧૯૮૭ના એપ્રિલ-મે-જૂન ઉપર મુલતવી રહેવા સંભવ છે. મંત્રીઓ

* * *

'હરદ્વાર-કુંભદર્શન' અંગેનો વાર્તાલાપ

'સંઘ'ના ઉપક્રમે શનિવાર, તા. ૭મી જૂન, ૧૯૮૬ના સાંજના પાંચ વાગે **શ્રી શૈલેશભાઈ મહાદેવીયાનો 'હરદ્વાર-કુંભદર્શન, ૧૯૮૬'** અંગેનો વાર્તાલાપ પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો. ઓપ. સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે, મુંબઈ-૪૦૦૦૦૪ મધ્યે યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે કુંભમેળાનો તાદૃશ ચિતાર આપતી ૧૦૦ જેટલી રંગીન સ્લાઈડો પણ બતાવવામાં આવશે. પ્રવચન પછી પ્રશ્નોત્તરી પણ રહેશે.

સૌને સમયસર પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

સુબોધભાઈ એમ. શાહ — કે. પી. શાહ

સંયોજક — પન્નાલાલ ર. શાહ

મંત્રીઓ

* આકૃતનો યુગ *

(પૃષ્ઠ ૩૧થી ચાલુ)

લીધો છે. આપણે ત્યાં શીખ આતંકવાદીઓ જે માગણી માટે જેવું આંદોલન ચલાવે છે તેવું જ શ્રીલંકામાં તમિળ ત્રાસવાદીઓ કરી રહ્યા છે. ખાલિસ્તાન અને તમિળ ઇલ્લમમાં ખાસ ફરક તફાવત નથી. આ ત્રાસવાદીઓ સામે શ્રીલંકાની સરકારે શરૂ કરેલી લશ્કરી કારવાઈમાં અનેક નિર્દોષ તમિળોએ જાનમાલની તારાજી વેઠવી પડશે તે ખરું છે. પણ ગમે તેટલી શાંતિ-સબૂરી જાળવ્યા છતાં આપણે પણ છેવટે લશ્કરી પગલાં ભરવાં પડ્યાં હતાં તે ભૂલવા જેવું નથી. અલબત્ત, આવી સંકુલ સમસ્યાઓ કેવળ લશ્કરી કારવાઈથી ઉકલી શકતી નથી અને છેવટે રાજકીય સમાધાન સાધવું જ પડે છે; પણ પ્રાથમિક પગલાં તરીકે બળપ્રયોગ કરવાનું જરૂરી દેખાતું હોય તો કરવામાં કશું ખોટું કે ખરાબ થયું ગણાય નહીં.

(અનુસંધાન પૃષ્ઠ ૩૨થી ચાલુ)

આફ્રતનો યુગ

અને ૧૯૬૬ની જેમ આ વખતે પણ આ સવાલ ઊભો કરવામાં મરાઠીભાષીઓએ આગેવાની લીધી છે. કોલ્હાપુરમાં મળેલી વિરોધ પક્ષોની પરિષદમાં બેલગાંવ-નીપાણીને મહારાષ્ટ્રમાં ખેંચી આણવા માટે આ જ (પહેલી જૂન)થી સત્યાગ્રહનો આરંભ કરવાનો ઠરાવ થયો છે. આ સત્યાગ્રહ મોકૂફ રાખવા માટે કર્ણાટકના મુખ્ય પ્રધાન શ્રી રામકૃષ્ણ હેગડેની વિનંતી ઠોકરે મારવામાં આવી છે. મહારાષ્ટ્રીય સમાજની લાગણી આ બાબતમાં ઘણી આળી છે. પણ તેમનો દાવો જોઇએ તેવો સદ્ધર નથી. બેલગાંવ અને તેની આસપાસનાં ગામડાંઓમાં મરાઠીભાષી લોકોની સંખ્યા ઠીકઠીક મોટી છે અને આવતા વરસથી મરાઠી શાળાઓમાં કન્નડ ભાષાનું શિક્ષણ ફરજિયાત બનાવવામાં આવ્યું છે તેની સામે લોકો ઉકળી ઊઠ્યા છે. પણ મહારાષ્ટ્રમાં પણ બિન-મરાઠી વિદ્યાર્થીઓએ મરાઠી ફરજિયાત ભણવાનું હોય છે ભાષાકીય રાજ્યરચનાનું આ અનિવાર્ય પરિણામ છે. કન્નડ સમિતિના પુત્તપ્પા જેવે બેલગાંવ મ્યુનિસિપાલિટીના સભાસદોએ જે વર્તાવ કર્યો તે કોઇ રીતે વાજબી ઠરાવી શકાય તેવું નથી.

બેલગાંવનો પ્રશ્ન ૧૯૫૬માં ઊભો થયો. જૂના મુંબઈ રાજ્યનો આ વિસ્તાર કર્ણાટકને સોંપવા માટે રાજ્ય પુનર્રચના સમિતિ (S.R.C.)એ ઠરાવ કર્યો. ૧૯૫૬ પછી આ સવાલ સતત ઉકળતો રહ્યો અને ચર્ચાઓ સત્યાગ્રહો આંદોલનો ચાલ્યાં હતાં. છેવટે મહારાષ્ટ્રીય આગેવાનોના અતિ આગ્રહના કારણે અને કર્ણાટકના આગેવાનોના સખત વિરોધ છતાં મહાજન પંચની નિમણૂક કરવામાં આવી. આ પંચ જે કંઇ ચુકાદો આપશે તે બંને પક્ષો વિનાવિરોધે પૂરેપૂરો સ્વીકારી લેશે તેવી આગોતરી કબૂલાત નિજલિંગપ્પાએ કરાવી લીધી હતી. ફેંસલો મહારાષ્ટ્રની વિરુદ્ધમાં આવ્યો. હવે આ કબૂલાત ફોક કરીને ફરી ઝઘડો શરૂ કરવો તે વાજબી નથી અને મહારાષ્ટ્રના હિતમાં પણ નથી બંને પક્ષકારોની સંમતિ વગર આ ઝઘડો ફરી ઉપાડવાનો કોઇ પાયો જ રહ્યો નથી અને કર્ણાટક તો આ બાબતમાં વાત કરવા પણ તૈયાર નથી. અમે મહારાષ્ટ્રમાંથી કાનડી શાળાઓ બંધ કરી દઇશું અને કન્નડભાષીઓને હાંકી કાઢશું તેવી ધમકીઓ કેટલાક ઉગ્રપંથી દળોએ આપી છે; પણ આવું કરવામાં તો મહારાષ્ટ્રનો પોતાનો જ પગ કપાઇ જાય અને બેલગાંવ તો છે ત્યાંનું ત્યાં જ રહે. વળી ત્રીસ વરસના આંજૂના ઝઘડામાં મરાઠી યુવાપેઢીને ખાસ કશો રસ રહ્યો હોય તેવું દેખાતું નથી. આપણે ત્યાં દરેક રાજ્યમાં ભાષાકીય લઘુમતીઓ હોય જ છે તેથી કર્ણાટકમાં મરાઠીભાષીઓની લઘુમતી હોય તેનાથી અસ્વસ્થ થઇ જવાનું કારણ નથી. મહારાષ્ટ્રમાં ગુજરાતીઓ લઘુમતી તરીકે જીવે છે અને પોતાની આવડતથી તાગડધિન્ના કરે છે.

* * *

ઓકટ્રોયનાબૂદી અંગે સરકાર પર દબાણ લાવવામાં ગુજરાતના વ્યાપારીઓને મળેલી સફળતાથી પ્રેરાઇને મહારાષ્ટ્ર-ભરમાં સંખ્યાબંધ વ્યાપારી સંઘોએ પાડેલી હડતાળે જબરદસ્ત સફળતા મેળવી છે.

આ આંદોલન મહદ્અંશે વાજબી છે. સરકાર (મ્યુનિસિપાલિટી)ને કરવેરા ઉઘરાવ્યા સિવાય ચાલે નહીં. અને વધારે સેવા-સવલતો જોઇતી હોય તો વધારે કરવેરા ભરવા માટે નાગરિકોએ સજ્જ રહેવું જોઇએ, પણ ઓકટ્રોય સામેનું આંદોલન કરવેરા સામેનું આંદોલન નથી, પણ અમુક પ્રકારના કરવેરાનો વિરોધ છે. કરવેરા ઉઘરાવવા માટે અર્થશાસ્ત્રીઓએ કેટલાક નિયમો ઠરાવ્યા છે. વેરો વાજબી હોવો જોઇએ, તેની ઉઘરાણી કે વસૂલાતમાં કરદાતાઓને ઓછામાં ઓછી અગવડ પડવી જોઇએ અને જેટલો વેરો ઉઘરાવવાનો હોય તેમાંથી ઘણોખરો સરકારી કે મ્યુનિસિપાલિટીની તિજોરીમાં પહોંચવો જોઇએ. ઓકટ્રોય ભરવામાં સમય અને શક્તિની જબરદસ્ત બરબાદી થાય છે અને છૂટાછવાયાં પથરાયેલાં સંખ્યાબંધ વસૂલાત કેન્દ્રો પર દેખરેખ રાખવાનું શક્ય નથી. લોકોએ જેટલો ખર્ચ કરવો પડે છે તેના પ્રમાણમાં બહુ ઓછાં નાણાં સરકારી કોચેરીમાં પહોંચી જાય છે. આકાશમાં ઊડતાં પંખીઓ કે જળમાં તરતી માછલીઓનાં પગેરાં મળતાં નથી, તેમ ઓકટ્રોયનાં ઉઘરાવેલાં નાણાંનાં પગલાં થઇ જાય ત્યારે જોઇ પણ શકાતાં નથી.

ઓકટ્રોયનાબૂદીનું આંદોલન વાજબી છે, પણ નકારાત્મક હોવાથી એકાંગી-અધૂરું છે પાણી-સફાઇ-વાહન – વીજળી જેવી અતિ આવશ્યક સેવા આપનાર મ્યુનિસિપાલિટી-પંચાયતો પાસે આવકનાં સાધનો અતિશય ટાંચાં છે. ઓકટ્રોય લોકો માટે અગવડકારક અને ઉઘરાવનાર માટે બિન-નફાનો ધંધો છે તેથી ઓકટ્રોય અવૈજ્ઞાનિક છે; પણ તેની અવેજીમાં લગભગ આટલી જ રકમ આપતા અન્ય વેરાનાં સૂચન પણ વ્યાપારીઓએ જ સરકાર સમક્ષ રજૂ કરવાં ઘટે છે.

* * *

ભારતની જેમ દુનિયામાં પણ અનેક સમસ્યાઓ ઉકેલાઇ ચૂકી છે તેમાં દક્ષિણ આફ્રિકા અને શ્રીલંકા જોડે આપણે આડકતરી કે સીધી રીતે સંકળાયેલા છીએ. દક્ષિણ આફ્રિકાના આર્થિક તથા રાજકીય જીવન પર પકડ જમાવી બેઠેલા દોઢેક ટકા જેટલા ગોરા વસાહતીઓ નેવું ટકાના સ્થાનિક આફ્રિકાવાસીઓને નરકની આગમાં શેકી રહ્યા છે. આવા શોષણ અને અન્યાયો સામે સશસ્ત્ર પ્રતિકાર કરવા માટે સ્થપાયેલી આફ્રિકન નેશનલ કોંગ્રેસનાં મથકો પાડોશી રાજ્યો-ઝાંબિયા, ઝિમ્બાબ્વે, બોટ્સવાના-માં સ્થપાયાં છે. તેના પર દક્ષિણ આફ્રિકાએ હવાઇ તથા લશ્કરી ધાડ પાડીને તારાજી ફેલાવી છે. દક્ષિણ આફ્રિકાની સરકાર સામે દુનિયાભરમાં રોષ અને તિરસ્કારની લાગણી ફેલાયેલી છે. પણ આર્થિક નાકાબંધી કરીને તેની સાન ઠેકાણે લાવવાની રાજકીય ગાંધીની હાકલ અવ્યવહારુ છે. યુરોપ-અમેરિકાના ગોરાઓ જાતે જ ઓછાવધતા પ્રમાણમાં રંગદ્વેષી છે અને દક્ષિણ આફ્રિકાની અઢળક ખનિજસંપત્તિનો લાભ લીધા વગર તેમને ચાલવાનું નથી. હુમલાનો ભોગ બનેલાં રાષ્ટ્રો પ્રત્યે આપણને ખરેખર સહાનુભૂતિ હોય અને દક્ષિણ આફ્રિકાની સરકારની સાન ઠેકાણે લાવવી હોય તો આ લડત ચલાવી રહેલા લોકોને શસ્ત્રસહાય આપવી જોઇએ. આપણે ગયા વરસથી હથિયારોની નિકાસ કરતા થયા છીએ તેથી આવી મદદ આપવાનું આપણા માટે અશક્ય નથી.

પણ શ્રીલંકાના ગૂંચવાયેલા સમાજમાં આવી મદદ આપવાનું શક્ય નથી. તમિળઇલમની સ્થાપના માટે લડી રહેલા તમિળભાષીઓ ભારતીય હોવાના કારણે આપણને તેમના પ્રત્યે સહાનુભૂતિ હોય તે સ્વાભાવિક છે. પણ શ્રીલંકા જેવા ટચૂકડા રાષ્ટ્રના ટુકડા થાય તેવી આ માગણી બહુ વાજબી નથી. વળી આંદોલનકારીઓએ લાંબા સમયથી ત્રાસવાદનો આશરો

(વધુ માટે જુઓ પૃષ્ઠ ૩૰ ઉપર)

આફતનો યુગ

● નગીનદાસ સંઘવી

માણસની જેમ રાષ્ટ્રની જિંદગીમાં પણ એવા આફતયોગ આવતા હોય છે કે જ્યારે આખું આકાશ સામટું તૂટી પડતું હોય અને ભોંયમાંથી ભાલાં ઊઠે તેમ નજર નાખીએ ત્યાં આફત અને આફતનો મહાસાગર જ ઘૂઘવતો દેખાય. ભારત માટે અત્યારે આવો કોઈ આફતયોગ ચાલતો હોવો જોઈએ; પણ આવા કસોટીકાળે જે રાષ્ટ્ર ધીરજ અને હિંમતથી પરિસ્થિતિનો સામનો કરે તે જીતી જાય છે.

આપણી સૌથી મોટી અને કદીકદીક જૂની કહી શકાય તેવી સમસ્યા પંજાબની છે. છેલ્લાં ચાર વરસથી સતત સળગી રહેલો આ દાવાનળ હજુ ઠર્યો નથી એટલું જ નહીં પણ ઠરવાની નિશાનીઓ પણ દેખાતી નથી. થોડા વખત માટે શમી ગયેલી લાગે તેવી આતંકવાદી પ્રવૃત્તિઓ ફરીફરીને ભભૂકી ઊઠે છે અને અનેક નિર્દોષ માણસો મોતના મોઢામાં ઓરાઈ જાય છે. આ ચાર વરસમાં પંજાબીઓ અને આપણે સૌ એવા રીઢા થઈ ગયા છીએ કે હવે ખૂનામરકી અને લૂંટફાટના સમાચારો પર કેવળ નજર ફેરવી લઈને પૂરું વાંચવા માટે અટકયા વગર આગળ ચાલતા થઈએ છીએ.

પંજાબનાં સર્વોચ્ચ પોલીસ અધિકારી જુલિયસ રિબેરોએ તાજેતરમાં કહ્યું છે તેમ, આતંકવાદને સમૂળો ભૂંસી નાખવાનું કામ ચપટી વગાડતામાં બજાવી શકાય તેવું સરળ હોતું નથી અને કેવળ પોલીસપગલાંથી ત્રાસવાદ ડામી શકાતો નથી. છતાં જે ઝડપથી ત્રાસવાદીઓ ઝડપાતા જાય છે અને ઠાર થતા જાય છે તે જોતાં આતંકવાદને બહુધા નાથી લેવામાં લાંબો સમય લાગવાનો નથી તેવું લાગે છે.

બરનાલાજીએ જૂતા સાફ કરવાનું પ્રાયશ્ચિત કરવું પડ્યું તો બિન-શીખો માટે એટલું ચોંકાવનારું છે કે તેના નાનામોટા ફોટા દેશનાં તમામ અખબારોમાં પ્રગટ થતા રહે છે. માસ્તર તારાસિંઘે અને સંત ફતેહસિંઘે પણ લંગારનાં ઠામઠાં ઘસવા બેઠ્યાં હતાં. આવા કામથી શીખ સમાજમાં આગેવાનોનું માન ઘટતું નથી, પણ ઊલટું વધે છે. મોગલ જમાનાથી શીખ સંપ્રદાય સરકારવિરોધી પરંપરામાં પોષાયો છે અને ધર્મસ્થાનોમાં સરકારી દખલગીરી સામે શહીદીની પ્રણાલી છે. શીખ તરીકે અંગત રીતે શિક્ષા ભોગવીને પણ બરનાલાજીએ પોતાની સરકારી ફરજ બજાવી છે અને બજાવવા માટે પંથની મંજૂરી પણ મેળવી લીધી છે. સુવર્ણમંદિરમાંથી તથા અન્ય અનેક ગુરુદ્વારાઓમાંથી આતંકવાદીઓને હાંકી કાઢવામાં આવ્યા છે એટલું જ નહીં પણ હવે તમામ ગુરુદ્વારાઓમાં પોલીસ બેરોકટોક આવનજાવન કરી શકે તેવું વાતાવરણ પેદા થયું છે. જૂની માણસોની વાત જુદી છે, પણ સામાન્ય શીખ આજે આ પગલાનું વાજબીપણું સ્વીકારતો થયો છે. તેથી ૧૯૮૪માં ઓપરેશન બ્લ્યુ સ્ટાર વખતે જે થયું તે ૧૯૮૬ના એપ્રિલના પોલીસપ્રવેશ વખતે થયું નથી. હવે પોલીસ દખલગીરીનો દ્વેષ સરકાર નહીં પણ આતંકવાદીઓ પર ઠાલવવામાં આવે છે. ગુરુદ્વારાઓમાંથી આશ્રય અને જ્ઞાનલાભ મળતા બંધ થાય તો આતંકવાદીઓ માટે ટકી રહેવાનું વધારે મુશ્કેલ બની જાય.

રિબેરો સાહેબની આવડત અને બરનાલાજીની રાજકીય પકડનાં સંમિશ્રણથી પંજાબનો પ્રશ્ન ચુનાખોરીની સમસ્યા મટીને રાજકારણનો પ્રશ્ન બની ગયો છે અને ધાર્મિક જનૂનનો લાભ લઈને બરનાલાજીને ઉથલાવી પાડવાના પ્રયાસો ચાલી રહ્યા છે. અકાલી દળના ધારાસભ્યોમાં અને કાર્યવાહક સમિતિમાં બહુમતી બરનાલાજીની બાજુએ હોવાથી તેમને ઉથલાવી પાડવાનું શક્ય નથી. પોતાના બહુમતી ટેકેદારોને હોદ્દાના ચુંદરથી બરનાલાજીએ ખુરશી જોડે એવા સજ્જડ ચીટકાડી દીધા છે કે તેઓ સામી બાજુએ જવા માટે ચસકે તેમ નથી. ધારાસભ્યોમાં ફૂટ પડી છે અને "૭૩ અકાલી ધારાસભ્યોમાંથી ૨૭ અમારી જોડે છે" તેવો દાવો પ્રકાશસિંઘ બાદલ અને અમરીંદરસિંઘે કર્યો છે. પક્ષપલટાવિરોધી કાયદા પ્રમાણે એક તૃતીયાંશ અકાલી દળના ૭૩માંથી ૨૫ ધારાસભ્યો છૂટા પડે તો ટકી શકે. પણ આમાંથી એક પણ ઓછો થાય તો તેમણે બધાએ ધારાસભાની બેઠક ચુમાવવી પડશે. બીજી રીતે કહીએ તો પ્રકાશસિંઘજીનો આધાર ત્રણ ધારાસભ્યો પર છે અને બરનાલા ગમે તેમ કરીને તેમને ખેંચી જાય તો બાદલ સાહેબ તીનપત્તીનો આ જુગાર હારી જાય. બલવંતસિંઘે તો જાહેર કર્યું છે કે આ સત્તાવીસમાંથી સાત અમારી જોડે આવી ગયા છે. સામસામી ગાળાગાળી ચાલે છે; પણ ખરાખરીનો ફેંસલો આવતી કાલે (બીજી જૂને) મળી રહેલી વિધાનસભાની બેઠકમાં થઈ જશે. બરનાલાજીના પક્ષમાં માત્ર ૪૬ સભાસદો હોવા છતાં તેમને ઉથલાવી શકાય તેમ નથી કારણ કે વિરોધ પક્ષે ભેગુલા ૩૨ કોંગ્રેસી સભ્યો તેમને ટેકો આપી રહ્યા છે. આ બેઠકમાં સ્પીકર રવિંદર સિંઘનો ઘડોલાડવો થઈ જવાનો છે કારણ કે તેમની હકાલપટ્ટી માટેનો ઠરાવ મુકાઈ ગયો છે અને બહુમતી ધારાસભ્યોએ તેમને હાંકી કાઢવાનું ઠરાવી લીધું છે.

અકાલી દળમાં ફૂટ પડે કે ન પડે, પંજાબી સમાજમાં તો ફૂટ પડી જ ગઈ છે. મારફાડ અને લૂંટફાટથી વાજ આવી ગયેલા અને દહેશતથી સતત ફફડી રહેનાર લગભગ ૨૪૦૦ જેટલા પંજાબી હિંદુઓ હિજરત કરીને હરિયાણામાં ચાલ્યા ગયા છે. આ હિજરત કામચલાઉ છે કે કાયમી છે તે બાબતમાં ઊલટાસૂલટા હેવાલો મળે છે; પણ તેમને પાછા આણવા માટે મુખ્ય પ્રધાન પ્રયાસો કરી રહ્યા છે. પંજાબનો ઝઘડો અકાલીઓ અને સરકાર વચ્ચે મર્યાદિત રહે ત્યાં સુધી જોખમી નથી. પણ આ ટક્કર શીખો-હિંદુઓ વચ્ચે કોમી ટક્કર બની જાય તો પંજાબી સમાજ વેરણછેરણ થઈ જાય. અલગ ધર્મો હોવા છતાં ગુજરાતમાં જૈનો અને હિંદુઓ રોટી-બેટી અને ધંધા-ધાપાના સંબંધોથી સજ્જડ સંકળાયેલા છે તેવું જ પંજાબમાં શીખો અને હિંદુઓ વચ્ચે છે.

* * *

કબરમાંથી બત્રીસ ઊભો થાય તેમ બેલગામનો સવાલ દફનાવી દેવાયા પછી વીસ વરસે ફરી ધૂબકારા કરવા લાગ્યો છે.

(અનુસંધાન પૃષ્ઠ ૩૧ ઉપર)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૮ અંક : ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૬-૮૬ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

કાળાં નાણાંનો કકળાટ

આપણા દેશમાં શિક્ષણના ક્ષેત્રમાં કે ધર્મના ક્ષેત્રમાં કાળાં નાણાંનો વ્યવહાર થાય છે તે સામે યુવાવર્ગનો આક્રોશ વખતોવખત પ્રગટ થાય છે.

દુનિયાના તમામ દેશોમાંથી કુલ રકમના આંકડાઓ તથા રકાવારીની દૃષ્ટિએ કાળા નાણાંનો સૌથી વધુ વ્યવહાર આપણા ભારત દેશમાં થાય છે. પાકિસ્તાન, બંગલાદેશ, નેપાળ, કેટલાક આફ્રિકી દેશો, ઇરાન, ઇરાક વગેરેમાં પણ કાળાં નાણાંનો વ્યવહાર ઘણો થાય છે. પરંતુ ભારતમાં તો એણે માઝા મૂકી દીધી છે.

બીજા વિશ્વયુદ્ધના સમયથી ચીજવસ્તુઓની અછત અને અંકુશો તથા નિયમનોને કારણે વધુ પ્રચલિત બનેલી કાળાં નાણાંની પ્રણાલિકા સ્વતંત્ર ભારતમાં બંધ થવાને બદલે વધુ બહેકી. ગાંધીજીની વિદાય પછી તો ક્રમે ક્રમે એની શરમ પણ ઓછી થઇ ગઇ. કાળાં નાણાંનું લગભગ સમાન્તર અર્થતંત્ર થઇ ગયું. જ્યાં આભ ફાટયા જેવી સ્થિતિ છે, ત્યાં કાળાં નાણાં માટેનો યુવાનોનો આક્રોશ અરણ્યરુદન જેવો બની જાય છે.

યુવાનોનો આક્રોશ સાચો છે, જરૂરી છે; પણ તે શિક્ષણ અને ધર્મના ક્ષેત્ર પૂરતો મર્યાદિત ન રહેવો જોઇએ. શિક્ષણ અને ધર્મનાં ક્ષેત્રો પવિત્ર છે માટે એને કાળાં નાણાંથી ન અભડાવવા જોઇએ, એ વાત તદ્દન સાચી છે. પણ મર્યાદિત છે. કાળાં નાણાં અપવિત્ર છે અને જીવન પોતે પવિત્ર છે માટે જીવનને કાળાં નાણાંથી ન અભડાવવું જોઇએ એવું સ્પષ્ટ વિશાળ દર્શન ન હોય અને તેવો આગ્રહ ન હોય તો એકાંગી આક્રોશ બહુ સક્રિય નહિ બની શકે.

વળી જેમની પાસે કરપાત્ર આવક નથી હોતી એવા કેટલાક ભાવનાશીલ યુવાનોનો આક્રોશ આવી બાબતમાં વધુ સતેજ હોય છે, પરંતુ કરપાત્ર આવક થતાં અને વધતાં અનેક યુવાનો વાસ્તવિક પરિસ્થિતિ સામે ઝુકી જાય છે. આઝાદી વખતે ઘર – કુટુંબનો ભોગ આપનાર, જેલ જીવન ગુજારનાર, આજીવન ખાદી પહેરવાની પ્રતિજ્ઞા લેનાર અસંખ્ય યુવાનોએ પછીથી વ્યવસાયમાં ઝંપલાવતાં કાળાં નાણાંનો વ્યવહાર નિઃસંકોચ કર્યે રાખ્યો છે. ઠેઠ જવાહરલાલજીના જ સમયથી વર્તમાન સમય સુધી ખુદ સરકારે જ પ્રધાનો, અમલદારો, કર્મચારીઓ વગેરે કાયદાઓ અને અંકુશો દ્વારા, લાંચ રુશ્વતો દ્વારા પરિસ્થિતિ એટલી વિષમ કરી નાખી છે. કેટલાયે પ્રામાણિક માણસોને માટે પોતાનું અસ્તિત્વ કેવી રીતે ટકાવવું એ મોટો પ્રશ્ન થઇ પડયો. સદ્‌ભાગ્યે આપણા દેશમાં હજુ પણ એવા અસંખ્ય માણસો છે જે વધુ કમાવવાની લાલચમાં ન પડતાં પોતાનું સાદું, પવિત્ર, પ્રમાણિક જીવન જીવે છે.

આજના આક્રોશ કરનાર યુવાનોએ જાતને પ્રશ્ન કરવો જોઇએ કે પોતાના ઘર કુટુંબમાં તો કાળાં નાણાંનો વ્યવહાર નથી થતો ને? પોતાના પિતા કે દાદાએ કરચોરી દ્વારા કે દાણચોરીની વસ્તુઓની લેવડદેવડ દ્વારા કે જુગાર, સટ્ટો મટકા કે અન્ય ગેરકાયદે વેપાર દ્વારા મેળવેલી સંપત્તિના પોતે વારસદાર કે ભાગીદાર બન્યા નથી ને? જ્યાં પોતાનો પ્રભાવ પડે એમ છે એવા મિત્રો, સગાંસંબંધીઓને તેઓ કેટલું સમજાવી શકે છે? ભવિષ્યમાં પોતાને ગરજ પડશે ત્યારે અથવા લાચારી ભોગવવી પડશે ત્યારે અથવા તક મળશે ત્યારે કાળાં નાણાં સામે તેઓ કેટલું ઝઝુમી શકશે? પોતે break થવાનું પસંદ કરશે, bend નહિ થાય એમ કસોટીની પળે કેટલા કહી શકશે? યુવાનોના આક્રોશને ઉતારી પાડવાનો અહીં આશય નથી, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિની વિષમતા કેટલી બધી ગંભીર છે તે તરફ ઇશારો કરવાનો ઉદ્દેશ છે.

કેટલાક અર્થશાસ્ત્રીઓના અંદાજ પ્રમાણે ભારતમાં રોજ પચાસ કરોડ રૂપિયાથી વધુ નાણાં કાળાં નાણાં તરીકે ઉત્પન્ન થાય છે. આવકવેરાની ચોરી, આયાત અને નિકાસનાં ઇન્વોઇસમાં વધુ ઓછી રકમ દર્શાવી કરાતી વિદેશી હુંડિયામણ ચોરી વગેરે સૌથી વધુ વ્યાપક છે, પ્રધાનો, અમલદારો, અભિનેતાઓ, દાકતરો, વકીલો ઉદ્યોગપતિઓ, વેપારીઓ, જમીનો અને મકાનોના માલિકો, બિલ્ડરો, પોલીસો, કોર્પોરેટરો એમ સમાજના ઘણા બધા વર્ગોમાં કાળાં નાણાંની લેવડદેવડ મોટા પાયા ઉપર ચાલે છે. માત્ર કરચોરીનાં નાણાંને કાળાં નાણાં કહેવાં એ અધૂરી વ્યાખ્યા છે. જ્યાં જ્યાં પૈસાનો ગેરકાયદે વ્યવહાર થાય છે તે તમામ કાળું નાણું છે. એથી આગળ જઇને એમ કહી શકાય કે અનૈતિક રીતે મેળવેલું તમામ ધન કાળું નાણું છે. આવી વ્યાખ્યા બાંધ્યા પછી જેની પાસે ધન છે એવી કેટલી વ્યકિતઓ હકપૂર્વક કહી શકે કે પોતે સંપૂર્ણપણે શુદ્ધ છે? કાજળની કોટડી કે કોલસાની વખારમાં

કામ કરીને ચોખ્ખા રહેવા જેટલું એ અઘરું છે.

પોતે જે જીવન જીવે છે એમાં સીધો કે આડકતરો અનીતિ કે ભ્રષ્ટતાનો અંશ આવતો નથી એમ પ્રામાણિકપણે કેટલા લોકો કહી શકશે? રસ્તા પર પડેલું છાણ રાજ્યની માલિકીનું ગણાય. એવું છાણ લાવી પત્ની એના છાણાં બનાવી, ચૂલામાં સળગાવી રસોઇ કરવામાં વાપરે પરંતુ તે રસોઇ ખાધા પછી પુણિયા શ્રાવકને સામાયિકમાં અસમાધિ થાય એવી અસમાધિ આજે કેટલાને થાય છે?

કાળું નાણું ભારતમાં સર્વત્ર વ્યાપી ગયું છે, એટલે કોઇ એક વર્ગ કે વ્યક્તિને આંગળી ચીંધીને દોષ દેવાનો અર્થ કેટલો તે એક મોટો પ્રશ્ન છે. આંગળી ચીંધનાર પોતે એનાથી પર છે કે કેમ તે એણે પોતાની જાતને જ પૂછવું જોઇએ. કદાચ એક રીતે એક બાબતમાં એણે અનીતિ નહિ કરી હોય તો બીજી રીતે બીજી બાબતમાં અનીતિ કરી હશે. માણસની વાસનાઓને, ઇચ્છાઓને કોઇ અંત નથી. ધન, ધાન્ય કે સુખસગવડની ચીજવસ્તુઓ બીજાના ભોગે પણ માણસ વધુ એકત્ર કરવા ઝલચાય છે. વેપાર ધંધામાં ઉત્તરોત્તર વધુ કમાણી કેમ કરવી અને પોતાની બે ચાર પેઢીનાં સંતાનોને નિશ્ચિંત કેમ કરી દેવા એ માણસનું સહજ લક્ષણ છે. પરિગ્રહવાદી મનુષ્યો એ માટે બીજાને અન્યાય કરતાં અચકાતા નથી. સરખી અર્થવ્યવસ્થા વગર રાજ્ય વ્યવસ્થા ટકી ન શકે. માણસે આ બંને વ્યવસ્થાને આધીન રહી પોતાની જીવન-વ્યવસ્થા ગોઠવવી પડે છે. રાજ્ય ચલાવવા માટે સૈનિકો, પોલીસતંત્ર, ન્યાયતંત્ર, કરવેરા ઉઘરાવનાર તંત્ર વગેરે માટે સરકારને પૂરતા પ્રમાણમાં પૈસાની જરૂર રહે. રાજ્યના અંગરૂપ લોકો-નાગરિકો-સ્વેચ્છાએ સામેથી વગર માગ્યે સરકારને પૈસા આપી જાય અને તે પૂરતા પ્રમાણમાં હોય એવી મનુષ્યની પ્રકૃતિ નથી. માટે કરવેરાના કડક કાયદા કરવા પડે છે. કાયદા વધુ પડતા કડક થાય એટલે માણસ તેમાંથી છટકવાનો વિચાર કરે. જેમ છટકવાના વધુ બનાવો બને તેમ કરવેરાના કાયદાઓ વધુ કડક બને. કરવેરાની મળેલી રકમ સરકાર કયારેય ધરાય નહીં. જન જીવનની પ્રગતિ માટે ગમે તેટલા નાણાં ઓછાં પડે. નવી નવી વૈજ્ઞાનિક શોધો દ્વારા થતી પ્રગતિનો કયારેય અંત આવે નહીં એટલે કે પ્રતિ વર્ષ વધુ ને વધુ કરવેરા નાખવા એ દુનિયાની બધી સરકારોનું એક સામાન્ય લક્ષણ છે.

કરવેરાની રકમ છૂપાવવાની ઘટના દુનિયાનાં બધાં જ રાષ્ટ્રોમાં ઓછેવત્તે અંશે બને છે. નિર્ધન મનના મનુષ્યો દરેક દેશોમાં હોવાના. ભારતમાં કરચોરીનો આ રોગ વ્યાપક પ્રમાણમાં ફેલાયો છે. મોટા ભાગની ગરીબ પ્રજા પગભર થવા અને સમૃદ્ધ બનવા એક સાથે દોટ મૂકે તો આવાં પરિણામો સર્જાયા વગર રહે નહિ. મનુષ્યની પ્રકૃતિને લક્ષમાં લીધા વિના ઘડાયેલી અવાસ્તવિક અર્થનીતિએ ત્રણ – ચાર દાયકામાં તો આખા દેશને ચોર જેવો બનાવી દીધો છે. વેપારીઓ અને ઉદ્યોગપતિઓ સહિત રાષ્ટ્રના પ્રધાનોથી માંડીને ધારાસભ્ય કે મ્યુનિસિપલ કોર્પોરેટર કે પંચાયત પ્રમુખ જેવા સુધી કોઇ આ કાળાં નાણાંથી બચી શકયું નથી. સરકારી કે અર્ધ સરકારી તમામ કચેરીઓમાં ઓછાવત્તા પ્રમાણમાં લાંચ રૂશ્વત ચાલે છે. જેના હાથમાં તેના મોમાં એ રૂઢ પ્રયોગ પ્રમાણે પરિસ્થિતિએ લગભગ સૌને ખાતાં કરી દીધા. ભ્રષ્ટાચાર વધતો વધતો કેળવણી અને ધર્મના ક્ષેત્રે પણ વ્યાપી ગયો. શાળા-કોલેજોમાં પ્રવેશમાં પરીક્ષાના પરિણામમાં, પાઠય પુસ્તકો દાખલ કરાવવામાં, મંદિરો, મસ્જિદો, ધર્મસ્થાનકો બાંધવામાં એમ સર્વત્ર કોઇ ક્ષેત્ર એવું ન રહ્યું કે જ્યાં કાળાં નાણાં ન વપરાતાં હોય.

આ પરિસ્થિતિ શું આમ જ ચાલ્યા કરશે? શું એનો અંત નહિ આવે?– એવો પ્રશ્ન થાય એ સ્વભાવિક છે. મોટા ભાગની પ્રજા જ્યાં સુધી ગરીબ છે અને રહેશે ત્યાં સુધી ભ્રષ્ટાચારને દૂર કરી શકાશે નહિ. ગરીબી અને લાચારી એક પક્ષે અને અન્ય પક્ષે સત્તાની અને વધુ ધનવૈભવની લાલસા જ્યાં સુધી હશે ત્યાં સુધી એક નહિ તો અન્ય પ્રકારે અનૈતિક નાણાંનો વ્યવહાર ચાલ્યા કરવાનો. બીજાં પચાસ-સો વર્ષે પણ પરિસ્થિતિ બહુ સુધરી નહિ હોય એમ અત્યારના સંજોગો જોતાં લાગે છે. કાળાં નાણાં અને ભ્રષ્ટાચાર ભારતના લોકોમાં રગરગમાં વ્યાપી ગયેલ છે એને રાતોરાત કાઢવાનું સરળ નથી.

કાળું નાણું એ હવે રોજનો વ્યવહાર થઇ ગયો છે. એનું ક્ષેત્ર એટલું વ્યાપક બની ગયું છે કે કાળાં નાણાંની વાત કરતાં કે એનો વ્યવહાર કરતાં હવે કોઇને શરમ આવતી નથી. મુંબઇ, દિલ્હી, મદ્રાસ, કલકત્તા, હૈદ્રાબાદ, બેંગલોર, અમદાવાદ વગેરે મોટાં શહેરોના કેટલાય પ્રતિષ્ઠિત વેપારીઓ અને ઉદ્યોગપતિઓને ત્યાં આવકવેરા, વેચાણવેરા, કસ્ટમ્સ, ઓક્ટ્રોઇ, એકસાઇઝ વગેરે ખાતાંઓની વખતોવખત એટલી બધી ધાડ પડેલી છે કે હવે પોતાને ત્યાં ધાડ પડે તે શરમ કે સંકોચનો વિષય રહ્યો નથી, બલકે કેટલાકને માટે તો તે ગૌરવનો વિષય બની ગયો છે. કાળાં નાણાં માટે સરકારે વખતોવખત જાહેર કરેલી સ્વૈચ્છિક યોજનાઓનો હજારો કે લાખો શ્રીમંતોએ લાભ લીધો છે. કાળાં નાણાંનું સમાંતર અર્થતંત્ર એકાદ યોજનાથી સમાપ્ત થાય એવું નથી. પ્રતિ સમય, પ્રતિક્ષણ કાળાં નાણાંનું ઉત્પાદન ચાલ્યા જ કરે છે. સરકારના કડક કાયદાઓ સામે કાળાં નાણાંને સફેદ કેમ કરવા એની કાયદેસરની યુક્તિઓ વકીલો શોધી આપે છે. આમ પણ સરેરાશ ભારતીય માણસનું ભેજું યુક્તિ-પ્રયુક્તિ શોધવામાં પહેલેથી ફળદ્રુપ રહેતું આવ્યું છે. પરિસ્થિતિ જ્યારે આવી અધમ કોટિએ પહોંચી હોય ત્યારે કાયદાથી જેટલું કામ થાય તેના કરતાં શિક્ષણ અને સંસ્કારથી વધુ કામ થઇ શકે. એટલે એના તરફ સમાજે વધુ લક્ષ આપવાની જરૂર છે.

જ્યાં કાળાં નાણાંનો વ્યવહાર અતિ વ્યાપકપણે ચાલતો હોય ત્યાં એકલદોકલ કોઇ વ્યક્તિને દોષ દેવાથી શું વળે? સામસામા કાદવ ઉડાવવાથી જાગૃતિ ન આવે, બલકે મલિનતા વધે. પોતાના ઘરમાં અનીતિનું કશું જ આવ્યું નથી એવો શુદ્ધિનો પ્રામાણિક દાવો વર્તમાન સમયમાં કેટલા કરી શકશે? ઘર ઘરેણું અને ઇતર સંપત્તિની બાબતમાં દેશમાં કેટલાં કાળાં ધોળાં છેલ્લા ત્રણ-ચાર દાયકામાં થયાં છે તેનો હિસાબ કોણ માંડી શકે? આવી વિષમ પરિસ્થિતિમાં બીજાને દોષ દેવા કરતાં આદર્શ ધરેલી કે ભાવનાશીલ વ્યક્તિઓએ પોતાનાથી જ શરૂઆત કરવી જોઇએ. પેલી ચીની પ્રાર્થનાની જેમ કહેવું જોઇએ– 'Oh God! Reform thy world, beginning with me.'

આ ઘોર પરિસ્થિતિમાં શું કોઇ ઉપાય નહિ હોય? સરકારે પ્રજાની આર્થિક સ્થિતિ અને પ્રજાના માનસનો વિચાર કરી એવા કાયદાઓ ઘડવા જોઇએ કે જેનું પાલન સરળતાથી થાય, અધિકારીઓને સત્તાનો દુરપયોગ કરવામાં બહુ લાભ ન

(અનુસંધાન પૃષ્ઠ ૪૧ ઉપર)

એક હજાર વર્ષ પહેલાં વસેલું સૂરત

● જગદીશ ૨. શાહ

અત્યાર સુધીના પ્રચલિત ખ્યાલ અને પ્રાપ્ત માહિતીથી બંધાયેલા મત પ્રમાણે સૂરત પાંચસો વરસ જૂનું શહેર છે. પરંતુ શહેરનાં વિધ વિધ જિનમંદિરોનાં પ્રતિમા લેખો, તેના જ્ઞાન ભંડારોમાં પડેલા દુર્લભ એવા ગ્રન્થો અને હસ્તપ્રતોમાં તો તો સૂરત એક હજાર વર્ષથીયે જૂનું શહેર હોવાનો પ્રમાણભૂત અને કડીબદ્ધ ઇતિહાસ સાંપડે છે. ગોપીપુરાના પ્રખ્યાત સૂરજ મંડણ પાર્શ્વનાથ જિન મંદિરના થઇ રહેલા અને હવે પૂર્ણતાને આરે આવેલા જીર્ણોદ્ધાર દરમ્યાન ઉપલબ્ધ થયેલી કેટલીક ઇતિહાસ-વિગતો આનું સમર્થન કરે છે. સૂરજમંડણ પાર્શ્વનાથ-મૂળ નાયકના ભોંયરામાંના જીર્ણોદ્ધાર દરમ્યાન પ્રાપ્ત થયેલી સંપૂર્ણતયા ગૌ છાણથી પિંડ બંધાયેલી એવી પ્રતિમાના આ લેખ પરથી પણ આવો જ પ્રમાણભૂત ઉલ્લેખ સાંપડે છે. એ પ્રતિમા-જિન બિંબને હવે ચાંદીના પતરાથી મઢી દેવાઇ છે, જેથી તેની શાશ્વતી ટકી રહે અને એનું પ્રાચીન મૂલ્ય નાશ ન પામે.

ગોપીપુરામાં હાથીવાળા દહેરાંની શેરી તરીકે ઓળખાતી ગલીમાં આવેલ સૂરજમંડનના પાર્શ્વનાથ અથવા હાથીની અંબાડીવાળા જિનમંદિરના સ્થાપના-વિકાસ સાથે આ મંદિર વિશે પ્રાપ્ત ઇતિહાસ નોંધો એટલી તો સકળાયેલી છે કે એના પરથી સૂરત શહેરનો કડીબદ્ધ ઇતિહાસ પણ મળી રહે વિક્રમ સંવતના છેક બારમા સૈકાના પ્રારંભ સુધીના ભૂતકાળમાં લઇ જતી આ નોંધો પરથી સૂરતના સ્થાપના-વિકાસ તો ઠીક, પરંતુ એના અર્થગૌરવનો પણ એક વિસ્તૃત ખ્યાલ આવી રહે છે. સૂરતના બધાં શ્વેતાંબર અને દિગંબર જૈનમંદિરોના, તેની અંતર્ગત રહેલી પોષાણ અને ધાતુની પ્રતિમાઓના લેખોના, ત્યાંના જ્ઞાન-ભંડારોની હસ્તપ્રતોની વર્ણનાત્મક સૂચિઓ, તેના જૈન નગરશેઠ તેમજ બીજા અગ્રણીઓના વંશવૃક્ષો અને ચરિત્રોની નોંધો, તેમણે બંધાવેલા મંદિરો અને ધર્મસ્થાનો વગેરેની અલબત્ત, હજુ ઘણી શોધખોળો બાકી છે પરંતુ જૈન શ્રેષ્ઠી શ્રી કેશરીચંદ હીરાચંદ ઝવેરીના સૂર્યપુરનો સુવર્ણયુગ' અને 'સૂરતનો જૈન ઇતિહાસ' નામના ગ્રન્થ તેમજ સ્વ. ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલના સુરતની ઉત્પત્તિ સાથે જેનું નામ બહુ જ રીતે સંકળાયેલું છે તે ગોપીના પૂર્વજોનું 'વંશવર્ણન' નામના સંસ્કૃત શ્લોકબદ્ધ કાવ્ય, ગોપી કોણ હતો ?' એવા શીર્ષક હેઠળના તેમના અંગ્રેજી લેખ 'ધી બોમ્બે ગેઝેટીયર મિસેલ્લેની, સંવત ૧૭૩૭ માં જૈન મુનિશ્રી વિનયવિજયજી મહારાજે રચેલા સંસ્કૃત ખંડકાવ્ય 'ઇન્દુદૂતમ', 'નમંગઘ' વગેરે પરથી આ ઇતિહાસ અનુક્રમ સળંગ બની રહે છે.

સૂરત શહેરની ઉત્પત્તિ સંબંધે અનેક લોકવદન્તીઓ છે. ઘણા ખરા લોકો તો માને છે કે સૂરત શહેર કોઇ રામજનીએ વસાવેલું છે. એક વાયકા પ્રમાણે વડનગરના નાગર જમીનદારની વિધવા પોતાના સગીર પુત્ર ગોપીને લઇને આ પ્રદેશમાં આવી અને તે વખતે સૂરજ નામની કંચની ત્યાં મકકે જવા આવી. અને તેની સાથે ગોપીની માતાનો પરિચય થતાં-વધતાં સૂરજ પોતાનું કિંમતી ઝવેરાત આપી મક્કા જઇ પાછી આવીને મરણ સમયે બધો માલ બક્ષિસ આપી ગઇ. તે દ્રવ્યમાંથી ગોપીએ 'હવેલી વાડી' બાંધી વેપાર કરવા માંડયો બીજી વસતિ વધી. પછી ગોપીએ તેનું નામ પોતાનો ઉદય જોના થકી થયો તે રામજની સૂરજ પરથી સૂર્યપુર, સૂરજપુર, સૂરજ રાખવું એમ નવાબને સૂચવતાં નવાબે સૂરજના 'જ' ને 'ત'માં ફેરવી સૂરત રાખ્યું. ઇ. સ. ૧૫૨૧ ની આ વાત. વળી એક દંતકથા પ્રમાણે રાંદેરના કોઇ જમીનદારથી સૂરજ નામની કન્યાનું પેટ વધવાથી તે સૂરત આવી રહેલી અને તેને પુત્ર થયો તે ગોપી. ત્રીજી દંતકથા પ્રમાણે ગોપીએ દિલ્હી જઇ ત્યાંના બાદશાહને ખુશ કરી જાગીરો મેળવી સૂરતમાં આવી હવેલી આદિથી તેને સુશોભિત કર્યું. વળી તે અકબરનો કારભારી હતો અને તેનો સમય ઇ. સ. ૧૫૧૬ થી ૧૫૨૧ હતો. તેવી પણ એક નોંધ છે. કોઇ વળી તેને નાગર નહિ પરંતુ 'અનાવલો' તરીકે ઓળખાવે છે. પણ પ્રસિદ્ધ પુરુષ થઇ ગયો એ તેના નામથી ઓળખાતા સુરતના ગોપીપરું, ગોપી તળાવ, વગેરે પરથી સિદ્ધ થાય છે. તેથી ગોપી અને સુરત વચ્ચે જનકજન્ય ભાવ લોકો ધરાવે છે.

જૈન સાક્ષરવર્ય સ્વ. ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલના 'ગોપી-વંશવર્ણન' પ્રમાણે તેના એક પૂર્વજ રામ મંત્રીએ સૂર્યપુર (સુરત) સમુદ્ર તીરે બાંધ્યું કે જે સમુદ્રમાં તાપી નદી મળતી હતી. રામ મંત્રીના પુત્ર ભાલણ મંત્રી, તેનો પુત્ર દામોદર, તેનો ગોવિંદ, તેનો માધવ, તેનો કીકરાજ. તેણે તાપી સમુદ્રને મળે છે ત્યાં નીલકંઠનું મંદિર, નીસરણી, પોતસેતુ' (વહાણોનો પુલ), વગેરે બંધાવ્યા. આ કીકરાજને પત્ની રણુદેવીથી બે પુત્રો ગોપીશ્વર-ગોપીનાથ અને મુકુન્દ થયા. ગોપીનાથને બે પત્નીઓ નાગલા અને ગૌરી હતી તે વિદ્વાન વાગ્મી અને સંગીતકાર હતો. આ ગોપીનાથે દુકાળ પીડિત લોકોને દાન આપી તેમના દુઃખ નિવારવા દ્રવ્યનો ઉપયોગ કર્યો. અને મફત જમાડયા, વિષ્ણુ, શંકર, સૂર્ય અને પાર્વતી માટે સુવર્ણમુકુટો-છત્ર કરાવ્યા, એક કારાગાર અને મોટું સરોવર બંધાવ્યા વગેરે ઉલ્લેખ છે.

તો વળી 'મિરાતે સિકંદરી' પરથી મુઝફ્ફરશાહનો પ્રધાન મલિક ગોપિ ગોલિ બ્રાહ્મણ હતો અને મહમદ બેગડાની કૃપાથી સત્તાશાળી બન્યો હતો. ઇ. સ. ૧૫૧૪ની આ વિગત પ્રમાણે ગોપીએ નાગર બ્રાહ્મણ હતો. અને તેના પૂર્વજો વડનગરના હતા અને તેની સાતમી પેઢીએ થયેલા રામમંત્રીએ સૂરત સ્થાપ્યું હતુ. પ્રા. કમીસરીઅરે તેમના 'સ્ટડીઝ ઇન ધ હિસ્ટરી ઓફ ગુજરાત' પુસ્તકમાં પણ આવો જ ઉલ્લેખ કર્યો છે.

પરંતુ આ ગોપી અને હાથીવાળાની શેરીના સૂરજમંડણ પાર્શ્વનાથ જિનાલય વચ્ચેનો સંબંધ જૈન મુનિશ્રી દીપ વિજયના 'સોહમકુલ - પટ્ટાવલી' રાસના ગદ્યમાંથી મળે છે. એ એના મૂળ ઉલ્લેખમાં જ જોઇએ : સં. ૧૫૦૦ મધ્યે સૂરતનો કિલ્લો ફરંગીઇ કરાવ્યો. તિંહા થોડા લોક વશતા એહવે સં. ૧૬૨૪ માં જહાંગારસા પાતસાર રાંનેર આવ્યો. રાંનેરવાસી કોટિધ્વજ નાકુદો (નાખુદો). તેણે રાંનેરથી તે વરિયાવ ૩ ગાઉ સુધી ક્રમખાળ (કિનખાબ)નાં પાથરણાં પાથરીને સેહરમે પાનસાહને પધરાવ્યા. સાહિ પ્રસન્ન થયો. માંગ, 'માંગે' તિવારે થોડે હાથણીનો સંજોગ જોવાનું માંગ્યું.

સાહે ના કહી. જે હાથીનીનો સંજોગ જોતાં તારો દ્રવ્ય જાસે.' માન્યું નહીં. સંજોગ જોયો. તે નાકુદાની લક્ષ્મી નાશ પામી. પાતસાહે જહાંગીરપુર વાસ્યો. એ પાતસાહની પાતર નામે સૂરજ તિણે પાતસાહની રજથી સં. ૧૬૨૫ માં સૂરત વસાવ્યું. અને ઓસવાલ ગોપીસા શ્રાવક. તિણે ગોપીપુર વાસ્યું. ગોપી તલાવ અને ચૌમુખીવાવ કરાવી અને સં. ૧૬૭૯ ના વર્ષે સૂરજમંડન પારસનાથજીની સેનસૂરિજી પાસે પ્રતિષ્ઠા કરાવી. સૂરજમંડણજીની ત્રણ પલાંઠી તથા પાછળ તે લખ્યું છે એહ જ વરસમાં કાવી ગામમેં સાસુ-વહુના દેહરાની પ્રતિષ્ઠા થઇ.'

જો કે આ વિધાન પણ દંતકથાના આશરા જેવું જ છે. કેમકે જહાંગીર બાદશાહ સં. ૧૬૨૪ માં થયો ન હતો. તે સં. ૧૬૬૧ - ૬૨ માં ગાદીએ બેઠો. તેની પાતર સૂરજ ન હતી. ગોપીપરું, ગોપી તલાવ અને વાવનો સ્થાપક ગોપી ઓસવાલ શ્રાવક ન હતો. વળી સૂરજમંડન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા ૧૬૭૯ માં સેન (વિજયસેન) સૂરિ પાસે કરાવ્યાનો ઉલ્લેખ પણ હકીકત-દોષ છે. કેમકે સેનસૂરિ સં. ૧૬૭૧ માં કાળધર્મ પામ્યા હતા. કાવીના જિનમંદિરોની પ્રતિષ્ઠા સં. ૧૬૪૯ માં થઇ હતી. સૂરજમંડન પાર્શ્વનાથના લેખમાં દર્શાવેલા શ્રાવકનું નામ ગોપીસા-ગોપીદાસ હોય તો તે ગોપીતળાવ કરાવનાર ગોપીનાથથી ભિન્ન હોઇ શકે. જો કે સૂરજમંડણના લેખમાં પણ ગોપીસા નહિ પરંતુ 'સાહીદાસ' છે. આમ છતાં ગોપીના સમયથી પણ જૂનું સૂરત શહેર છે અને એ સંબંધના જૈન પુસ્તકો અને ક્ષેત્રોમાં તેનો ઉલ્લેખ 'સૂર્યપુર', અકર્કપુર' એવા સંસ્કૃત શબ્દોથી અને 'સુમતિ', સૂરત' એવા લોકભાષાના પ્રચલિત શબ્દોથી કરવામાં આવ્યો છે.

સૂરત સંબંધી જૂનામાં જૂના ઉલ્લેખ વિક્રમના સોળમા શતકના, ૧૫૧૩ ના શ્રી શીતલનાથ જિનબિંબ, ૧૫૨૯ ના શ્રી વિમલનાથ જિનબિમ્બ, ૧૫૩૪ ના શ્રી સુમતિનાથ જિનબિમ્બ તથા ૧૫૩૯ ના અંચલગચ્છ શ્રી જયકેસરસૂરિના ઉપદેશથી સ્થપાયેલા શ્રી વિમલનાથ જિનબિમ્બ, એમ ચાર પ્રતિમા લેખોમાં પણ મળી આવે છે. આ ચારે લેખો ગોપીનાથના સમયના છે. જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવવામાં ઘણા દ્રવ્યનો ઉપયોગ થાય છે. તેથી ઉપરની ચાર પ્રતિષ્ઠા કરાવનાર શ્રાવકો શ્રીમંત હોવા જોઇએ અને માત્ર છવીસ વર્ષમાં ઓછામાં ઓછી ચાર પ્રતિષ્ઠા થઇ એ પરથી સૂર્યપુર-સુરત તે વખતે વૈભવશાળી સમૃદ્ધ શહેર હોવું જોઇએ એવું પણ માની શકાય. વળી, આ ચારે પ્રતિમા લેખો જૈનોના તપાગચ્છ, વૃદ્ધ (બૃહત) તપાગચ્છ અને અંચલગચ્છના આચાર્યોના ઉપદેશોથી થયા એટલે કે ખરતર-ગચ્છનો તે સદીમાં ત્યાં પ્રવેશ થયો ન હતો તેમ માની શકાય.

વિક્રમના પંદરમા શતક કે તેથી પહેલાંના સમયમાં સૂરતની ઉત્પત્તિ વિશેના આ ઉલ્લેખો પછી એના વિકાસનો ઇતિહાસ સત્તરમાં સૈકાના જિન મંદિરોના ધાતુના પ્રતિમા-લેખોમાંથી મળે છે. આવો એક ઉલ્લેખ સં. ૧૬૭૬માં જેઠ સુદિ પૂનમે તપાગચ્છના વિજયદેવસૂરિના શિષ્ય ધર્મદાસે રચેલા 'હીર વિજય' સ્તવનમાં છે કે સૂરતના નિજામપુરામાં ઉપાધ્યાય નેમિસાગરે 'હીર વિહાર' બંધાવવાનું મંડાણ કરાવ્યું અને બીજા વર્ષે તે તૈયાર થતાં પોષ વદિ પાંચમે ગુરુવારે પં. લાભ સાગરે તેની પ્રતિષ્ઠા કરી 'હીરવિહાર' નામ સ્થાપી તેમાં હીરવિજયસૂરિની પાદુકા સ્થાપી. આ 'હીરવિહાર'ની કોતરણી રાણકપુરનાં પ્રસિદ્ધ જિનમંદિર જેવી છે. બિકાનેર (રાજસ્થાન)ના જયચંદ્રજી ભંડારમાંની પોથીમાંથી સચવાયેલી તપાગચ્છના ઉપાધ્યાય મુનિ રત્નચંદ્ર ઉપાધ્યાયે સૂરતમાં મુનિ સુંદરસૂરિ કૃત 'શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ' ગ્રન્થ પર લખેલી 'કલ્પલતા' સંસ્કૃત ટીકા (સં. ૧૬૭૪) અને સં. ૧૬૭૬ ના પોષ સુદ-૧૩ના દિને 'સમ્યકત્વ સપ્તતિ' પર ગુજરાતીમાં લખેલ 'સમ્યકત્વ સપ્તતિ' પર ગુજરાતીમાં લખેલ 'સમ્યકત્વ રત્ન-પ્રકાશ' નામના લેખોમાં પણ આ સૂરજમંડણ પ્રાર્શ્વ-નાથની પ્રતિષ્ઠા (સં. ૧૬૭૮) તથા સૂરત વિશેના ઉલ્લેખો છે. સં. ૧૬૮૭માં સૂરતમાં વિહાર કરતાં પધારેલા તપગચ્છનાયક વિજય દેવસૂરિએ મીરમોની નામના નવાબની રાજસભામાં સૂરતના સંબંધના 'સાગર' પક્ષિકનાં કેટલાક મંતવ્યો સંબંધી વાદ થતાં તેનું નિરાકરણ કર્યું હતું. તે તથા સં. ૧૬૮૯ માં પ્રસિદ્ધ ઉપાધ્યાય વિનય વિજયજીએ પાર્શ્વનાથ સહિત ૧૧ પ્રધાન જિનમંદિરોનો ઉલ્લેખ કર્યો છે, જે પણ એ વખતના શહેરના શ્રાવકોની વિપુલ સમૃદ્ધિ સૂચવે છે.

આ સૂરજમંડણ પાર્શ્વનાથ જિનાલય અને સૂરતની વિકાસ-ગાથાનું વિશેષ ઉલ્લેખ સંકલન સંવત ૧૭૧૩ માં સૂરતમાં બિરાજમાન તપાગચ્છનાયક વિજય દેવસૂરિના અનુગામી ગચ્છ-નાયક વિજયપ્રભસૂરિને જોધપુરથી એમનાથી જુદા પડેલા વિનય-વિજય ઉપાધ્યાયજીએ તેમને ત્યાં પધારવા વિજ્ઞપ્તિરૂપે કાલીદાસના સંસ્કૃત-નાટક 'મેઘદૂત'ના અનુકરણરૂપે 'ઇન્દુદૂતમ્' નામનું ૧૩૧ શ્લોકોનું ખંડકાવ્ય લખી મોકલ્યું. આ કાવ્યમાં જોધપુર, સુવર્ણાંચલ, કંચનગિરિ, જલંધરપુર (જાલોર) સિરોહી, આબુ, સિદ્ધપુર, અમદાવાદ, વડોદરા, ભરુચ અને છેવટે સૂરતનો ઉલ્લેખ છે, પરંતુ સૂરત સંબંધે શ્લોક ૩૧, ૩૨ અને ૮૭ થી ૧૦૭ માં સુંદર આલંકારિક ભાષામાં વર્ણન છે.

આ ખંડકાવ્યમાં નાયક વિનયવિજયજી મહારાજને એકદા એકાંતાવસ્થામાં ભૂતકાળનું સ્મરણ થતાં પોતાના જ સંપ્રદાયના વિજયપ્રભસૂરિને અપાયેલા આચાર્યપદ વિશે તેણે ટાણે થયેલા સંશય વિશે પસ્તાવો થાય છે અને એ પાપશ્ચિત-ક્ષમાયાચનના અને જોધપુર પધારવાની વિજ્ઞપ્તિ કેવી રીતે પાઠવવી તેના વિચારમણકા ચાલતા હતા. ત્યારે પૂર્વાકાશમાં ઉગેલા પૂર્ણિમાના ચંદ્રે તેની વ્યગ્રતા જોઇ. તેમને પૂછતાં વિનયવિજયજીએ પોતાનો સંદેશો સૂરત પહોંચાડવા તેને વિનંતી કરી અને જોધપુરથી સૂરત સુધીના માર્ગનો, સુરત શહેરનો અને આચાર્ય વિજયપ્રભસૂરિ જ્યાં બિરાજમાન હતા તે ગોપીપુરાના હાથીવાળા દહેરાંના સભાખંડ તથા તે વિશેના વાતાવરણમાં અત્યંત રસિક વર્ણન કર્યું છે.

ઇન્દુ (ચંદ્ર)ને સંબોધીને તેઓ કહે છે: 'હે ઇન્દુ, તારે તપન, એટલે કે સૂર્યની પુત્રી (એટલે તાપી નદી)ના તીરને કાંઠે જવું. ત્યાં સૂર્યદુર્ગ એટલે સૂરજકોટ (સૂરત) કે જેણે ગુરુના ચરણયુગ્મના સ્પર્શથી આનંદ પ્રાપ્ત કરેલો છે. તે આવશે ત્યારે જઇને જેના ચરણ કમલની સેવા લોકોનું ધ્યેય છે એવા ભાગ્યવાન તપગચ્છાધિપતિના દર્શન કરવા.

-તે સૂરતનો માર્ગ પુષ્કળ ફળના વનોથી સુંદર અને સ્થાને સ્થાને અનેક સમુદ્ર પુત્રી એટલે નદીઓથી ખેદ દૂર થાય એવા પ્રદેશવાળો છે. તેમાં થઇને હે ઇન્દુ, લોકો સીધા માર્ગે એકદમ મારા અભીષ્ટ સ્થાને-ગચ્છનાયકના સ્થાને જાય છે.

(ક્રમશ:)

ક્ષમાભાવ અને લાચારી

● જયંત કોઠારી

એક મિત્રને પોતે જ્યાં નોકરી કરતા હતા એ સંસ્થા સાથે સંઘર્ષનું કારણ ઊભું થયું. સવાલ એમને થતા અન્યાયનો ને એમની થતી ઉપેક્ષાનો હતો. મિત્ર તો લડી લેવાના મિજાજમાં હતા. પણ શુભેચ્છકોએ એમનું ધ્યાન ખેંચ્યું કે એમની જગ્યા કાયદાની દૃષ્ટિએ પૂરેપૂરી સુરક્ષિત ન પણ હોય. લડવું હોય તો સંસ્થા એમને છૂટા કરવા સુધી જાય ને નોકરી છોડવી પડે એવી તૈયારી સાથે લડવું જોઇએ, જેથી પછીથી અણધારી હતાશા ને આઘાતનો અનુભવ ન કરવો પડે. એક દિવસે મિત્રે નમતું આપી દીધું, 'ગઇ કાલે આખી રાત ઊંઘ્યો નથી. એમ થયું કે સત્ય ને ન્યાય આપણે પક્ષે હોય તો હારવાનું શાનું હોય. આપણે લડી લેવું જ જોઇએ. પણ સવારે બગીચામાં બેઠો હતો, ત્યારે પુષ્પોને જોતાં જોતાં જુદા જ વિચારો મનમાં આવ્યા. એ લોકો મને પજવે છે એમ માની હું દુઃખી થાઉં છું એને બદલે એમની આ એક પ્રકારની નબળાઇ છે અને એમને હું માફ કરું છું એવો મનોભાવ હું કેમ ન કેળવી શકું?' જાણે એમનો આ મનોભાવનું પરિણામ હોય એમ મિત્રનો પ્રશ્ન તો તરત ઉકલી ગયો. પણ મિત્ર વિચારશીલ હતા, આત્મ-નિરીક્ષણ કરનાર હતા. તેથી બે દિવસ રહીને તેમણે પાછું મને કહ્યું: 'મેં નમતું આપ્યું તે કેટલું ખરેખરા ક્ષમાભાવથી ને કેટલું લાચારીથી તે નક્કી કરવું મુશ્કેલ છે. મને ભય નહોતો લાગ્યો ને બધાં પરિણામો સહન કરવાની મારી તૈયારી હતી એમ હું નથી કહી શકતો.'

ક્ષમાભાવ કેળવવાના કે જતું કરવાના આવા પ્રસંગો જિંદગીમાં ઘણીવાર આવતા હોય છે. જતું કર્યા વિના તો જીવી જ ન શકાય. કુટુંબમાં, આડોશપડોશમાં, સમાજમાં રોજ રોજ એવી નાની મોટી ઘટનાઓ બન્યા કરતી હોય છે કે એમાં સાચા ખોટાની, યોગ્યાયોગ્યની ચિંતા આપણે ઝાઝી કરતા નથી ન્યાય-અન્યાય, માન-અપમાનની ગાંઠ બાંધીને કરતા નથી. એમ કરનારા દુઃખી જ થતાં હોય છે. આપણા સુખની આપણને દરકાર હોય તો ઘણુંયે જતું કરવું પડતું હોય છે. કદાચ આપણે જતું કરીએ છીએ તેથી સામાજિક શાંતિમાં પણ આપણે ફાળો આપીએ છીએ. સંસારમાં જાત ભાતના લોક, એમની સાથે સંઘર્ષ નોતરવા બેસીએ તો છેડો જ ન આવે. જતું કરવું ને હળીમળીને ચાલવું એ જ સુખનો માર્ગ, સંઘર્ષ ન નોતરવાની, કન્નિયાનું મોં કાળું કરવાની આ વાણિયાશાઇ વૃત્તિ છે, પણ એ ડહાપણભરેલી છે એમાં શંકા નથી, ગુજ-રાતની આજ સુધીની શાંતિ-સમૃદ્ધિમાં આ વણિકવૃત્તિનો ઓછો ફાળો નથી.

આ સમાધાનવૃત્તિમાં સત્યનો આગ્રહ જરૂર મોળો પડતો હશે, પરંતુ કશુંક મેળવવા માટે કશુંક જતું કરવું પડતું હોય છે. એ માનવ જીવનની કરુણતા છે.

પણ સંઘર્ષ ટાળવાની નિર્દોષ વૃત્તિથી જતું કરીએ અને લાચારીથી જતું કરીએ એ બે જુદી વસ્તુ છે. આપણી નિર્બળતા વ્યક્ત થાય છે ને આપણા સ્વાર્થને હાનિ થશે એવો ડર આપણને લાગે છે ને આપણે અન્યાયને, અસત્યને સહન કરી લઇએ છીએ. લાચારીની જેમ લાલચથી પણ આપણે આવું વર્તન કરીએ છીએ. સત્તાધીશ નેતાઓ, ધનિકો, સત્તાસ્થાને બેઠેલી વ્યક્તિઓના દોષો તરફ, એમનાં ખૂંચે એવા વર્તનો તરફ આપણે આંખમીંચામણાં નથી કરતા? હા, લાચારી ને લાલચ માણસને ઉદાર પણ બનાવે છે!

પણ સાચો ક્ષમાભાવ આપી જતું કરવાની સામાન્ય વૃત્તિથી કે લાચારીથી જ ઘણી ઊંચી વસ્તુ છે. अशक्तिमान् भवेत् साधुः એ સાચો ક્ષમાભાવ નથી. ક્ષમા એ વીરનું ભૂષણ છે. જેનામાં બીજાને હાનિ કરવાની, શિક્ષા કરવાની શક્તિ હોય તો જ ક્ષમા આપે ને? જેનામાં શિક્ષા કરવાની શક્તિ જ નથી એ ક્ષમા આપે કેવી રીતે? કાયરને, આથી જ, ક્ષમા આપવાપણું હોતું નથી. વીરપુરુષ ક્ષમા આપે ત્યારે એણે પોતાની દંડશક્તિ નીચે મૂકવાની હોય છે, પોતાના અહંને ઓગાળવાનું હોય છે, માટે એની ક્ષમાની જ મહત્તા છે. આપણે, જ્યાં આપણી દંડશક્તિ છે ત્યાં ક્ષમા આપીએ છીએ ખરા?

આ મુદ્દાની ચર્ચા શ્રી ચી. ના. પટેલ સાથે થઇ ત્યારે એમણે મને કહ્યું 'લાચારીથી ક્ષમા અપાય ત્યારે પણ હૃદયમાં એનો ડંખ ન રહે તો એ ક્ષમા સાર્થક છે.' વાત સાચી છે, ક્ષમા એ અંતે મનોભાવ છે, નિર્વૈર થવાની કેળવણી છે. નિર્વૈરભાવે લડી પણ શકાય, જેમ ગાંધીજી લડતા હતા. કશું દેખાડી આપવાને માટે નહીં, સત્યની અને ન્યાયની સ્થાપનાને માટે લડતા હતા, સહન કરીને લડતા હતા. સામાનું પણ અકલ્યાણ એ વાંછતા નહોતા. પણ આવી રીતે લડવું, અહંને ઓગાળીને લડવું ઘણું અઘરું છે. પોતાનાં સ્વજનોને સામે લડવાનું અર્જુન માટે કેટલું અઘરું હતું! એક આખી ગીતાની એને જરૂર પડી. અહીં તો સ્વજનભાવ રાખીને લડવાનું છે. એ તો એથીયે અઘરું બને. તેટલું જ અઘરું છે લાચારી અનુભવવા છતાં હૃદયમાં ક્ષમાભાવ કેળવવાનું. માણસના અહં પર ઘા થાય ને એના હૃદયમાં કડવાશનું બીજ ન રહે એ બને ખરું? શ્રી ચી. ના. પટેલ માને છે કે બને.

બને પણ એ ઘણી જાગરૂકતા ને આત્મસાધના માગે. બધાં માણસો પરિસ્થિતિવશ વર્તે છે ને એમાં એમનું કર્તૃત્વ આપણે ધારી લઇએ છીએ એટલું નથી હોતું. એનો વિચાર કરીએ તો આપણે લાચારીની મનોદશામાંથી નીકળી જઇએ અને સામા પક્ષ પ્રત્યે અવૈરભાવે પણ જોઇ શકીએ. એક ખ્રિસ્તી સંત પુરુષે કહ્યું છેઃ 'To understand all is to forgive all' પણ આવું તટસ્થ સમજદારી ભરેલું દર્શન કેટલું દુર્લભ હોય છે!

પણ બીજી બાજુથી બધી વસ્તુને ક્ષમાભાવથી જોવા જતાં સત્ય-અસત્યનો વિવેક ભૂંસાઇ જવાનો ભય રહે છે, અસત્યને પણ ચલાવી લેવાની સ્થિતિ ઊભી થાય છે, ને ક્ષમાભાવ અર્થહીન બની જાય છે. એક ખ્રિસ્તી વિચારકે કહ્યું છે તે સાચું છે કે 'To give forgive all is to forgive nothing' એટલે છેવટે સવાલ સત્યનિષ્ઠા, આત્મગૌરવ ને અહિંસાભાવનાનો સામંજસ્યનો આવીને ઊભો રહે છે. સત્ય જેટલે અંશે ખોઇએ એટલે અંશે આત્મગૌરવ ખોયાનો ભાવ થાય ને મનમાં કટુતા જન્મે. સત્યનો આગ્રહ રાખવા જઇએ તો સંઘર્ષ નોતરવો પડે ને સામે પક્ષે કડવાશ જન્મે. સત્ય અને અહિંસા એ બે વ્રતોને સાથે મૂકનારે માણસ માટે ખરેખરી કસોટી મૂકી આપી છે. આત્મહિંસાને પરહિંસા વિના સત્યનો માર્ગ ખોળવાની મથામણ એ જ મનુષ્ય જીવનની સૌથી મોટી સાધના હોવાની. જતું કરવાની સામાન્ય વૃત્તિ, લાચારી ને સાચો ક્ષમાભાવ એનો વિવેક કરતાં કરતાં આપણું લક્ષ સતત આ સાધના તરફ રહે એ જ ધ્યેય.

કલાકૃતિનું સર્જન અને વિવેક

પન્નાલાલ ર. શાહ

રઘુવંશમાં દિલીપ રાજાની મહત્તા દર્શાવતો એક શ્લોક આ પ્રમાણે છે:

પ્રજાનાં વિનયાધાનરક્ષણાદ્ ભરણાદપિ
સ પિતા પિતરસ્તાસાં કેવલં જન્મહેતવઃ ॥

અહીં કવિ કાલિદાસ પ્રજાજનોના ઉત્કૃષ્ટ પિતા તરીકે દિલીપ રાજાનું મૂલ્યાંકન કરે છે. તેમ કરવા જતાં શ્લોકના છેલ્લા ચરણમાં 'पितरस्तासां केवलम् जन्महेतवः ।' કહ્યું છે તે યોગ્ય જણાતું નથી. કાવ્યની દૃષ્ટિએ આ શ્લોકમાં અતિ-શયોક્તિ અલંકાર ઉપકારક છે. કવિ રાજાને પ્રજાના પિતા તરીકે ઓળખાવે છે ત્યાં અતિશયોક્તિ ભૂષણરૂપ છે. એમાં રાજાનો આદર્શ સિદ્ધ થાય છે અને પ્રજાનું ગૌરવ જળવાય છે. પરંતુ કવિ જ્યારે પ્રજાને સન્માર્ગે દોરતાં અને એનું ભરણ-પોષણ કરતાં રાજાને પ્રજાના એક માત્ર પિતા તરીકે ઓળખાવે છે અને પ્રજાના મા-બાપ તો કેવળ જન્મના કારણરૂપ જણાવે છે ત્યારે એમાં ઉભયપક્ષનું ગૌરવ જળવાતું નથી. સંતાનોના જન્મદાતા મા-બાપ તેને પાળે, પોષે, ઉછેરે, એનામાં શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરે એ સ્વાભાવિક છે. એવી સ્વભાવિક વૃત્તિ કે પ્રકૃતિનો અભાવ થયો એવું લેખીએ તો એ પ્રજા કેવી? પ્રજા એનો મૂળભૂત ધર્મ વિસરી જાય એવું રાજ્ય રાજા દિલીપે કર્યું એવું અર્થઘટન કરીએ તો પ્રજાના સ્વભાવિક વાત્સલ્યભાવને ઉચ્છેદે એ રાજા કેવો? આમ બન્ને અંતિમોથી તપાસતાં શ્લોકનું છેલ્લું ચરણ, કાવ્ય દૃષ્ટિએ યોગ્ય હોય તો પણ, ઉભય પ્રકારની કલ્પનામાં બને પક્ષની માનહાનિ હોવાથી, ગૌરવપ્રદ નથી, અલબત્ત, એમાં પ્રજાને ઉતારી પાડવાનો હેતુ નથી, પરંતુ સર્જક ક્યારેય કોઇની સ્તુતિ કરવા પ્રેરાય ત્યારે એણે ભૂતકાળથી યે અન્ય કોઇની અવહેલના, ઉપેક્ષા કે માનહાનિ ન થાય એ અંગે જાગૃત રહેવું જોઇએ, સાવચેત રહેવું જોઇએ. સ્વ. સુકુન્નાય વિ. પારાશર્યે 'આલેખનની ઓળખ'ની પ્રસ્તાવનામાં આ બાબત વિગતે નોંધી છે.

* * *

થોડા સમય પહેલાં આપણા એક સાપ્તાહિકમાં એક પ્રસંગનું આલેખન થયું હતું. લેખકના મિત્ર બહારગામ જવાના હતા. એમની સાથે એ લેખકના મિત્ર સ્ટેશન પર જાય છે. ટિકિટ લેવાની હતી. એ માટે લાંબી કતાર હતી. ક્રમાનુસાર ટિકિટ લેવામાં ગાડી ચૂકી જવાય એવી પરિસ્થિતિ હતી. આ સંજોગોમાં આ પ્રસંગના આલેખક મિત્રે બહારગામ જવા ઇચ્છતા મિત્રને એક સૂચન કર્યું. પરંતુ એ મિત્ર શિસ્ત અને સિદ્ધાંતપાલનના ભારે આગ્રહી હતા. એમણે લેખક મિત્રનું સૂચન નકાર્યું. પરિણામે તેઓ ગાડી ચૂકી ગયા. નિર્ધારિત ધંધાનું ને આર્થિક દૃષ્ટિએ સારા એવા લાભનું કામ તેમના હાથમાંથી ગયું. આ અંગે ટીકા ટિપ્પણ કરતાં એ લેખક મિત્રે લખ્યું: 'વાસ્તવિક થવાને બદલે 'વેદિયા' થવાનો અને સિદ્ધાંતને જડપણે વળગી રહેવાનો કોઇ અર્થ ખરો?'

આવા પ્રસંગો તો જીવનમાં અવારનવાર બને છે અને આપણે પણ પેલા લેખક મિત્રે સૂચવ્યો તેવો જ રસ્તો અપનાવતા હોઇએ છીએ એટલે આવા પ્રસંગના આલેખનમાં લેખકની વાત વાજબી લાગે. પરંતુ એમાં વિચારદોષ છે. સૌ પ્રથમ તો લેખકના પ્રવાસી મિત્રનું કામ સહેજ થાત જ અને એમાં વધતા-ઓછા પ્રમાણમાં અર્થોપાર્જન થાત જ એવી પૂર્વ-ધારણા છે. એવું પણ બને કે બહારગામ જઇને કરેલાં ધંધાકીય કામમાં, પાછળથી ભાવની વધઘટના કારણે કે અન્ય કારણથી નુકસાની થવા સંભવ હોય અને ગાડી ચૂકી જવામાં એવી નુકસાનીમાંથી બચી જવાનો કુદરતી સંકેત હોય! એવા વાહનોને પાછળથી થતાં અકસ્માતથી આ રીતે ગાડી ચૂકી જનાર બચી જાય એવું ઘણી વાર બનતું હોવાનું આપણે જાણીએ છીએ. એને કુદરતી સંકેત તરીકે આપણે ઘટાવીએ છીએ. બીજું પોતાના ક્રમની પહેલાં ટિકિટ મેળવી લેવાથી, આપણી પહેલાં હરોળમાં ઉભેલી કોઇ એકાદ વ્યક્તિ તો વિના કારણ ગાડી ચૂકી જવાની, એના કામ કે હિતનું આપણા કામ કરતાં ઓછું મહત્ત્વ આંકવાનું કોઇ કારણ નથી. બીજું અશિસ્ત આચરવી અને એને વાસ્તવિક ભૂમિકાના નામે યોગ્ય ઠેરવવી એ નરી આત્મવંચના છે. માનસશાસ્ત્રની પરિભાષામાં એમ કહી શકાય કે આપણા અયોગ્ય વર્તનને વાજબી ઠેરવવા (Justify) આપણું મન કેવા કેવા તર્ક કરે છે અને આપણને છેતરે છે એની આપણને ખબર પડતી નથી! આ પ્રસંગ એનું વેધક ઉદાહરણ છે. સિદ્ધાંત, શિસ્તપાલન અને એ દ્વારા સ્થાપિત સમાજ વ્યવસ્થાને જાળવવા ઉત્સુક અને સક્રિય વ્યક્તિને સિદ્ધાંત જડતાને નામે એને 'વેદિયા'માં ખપાવવાની ધૃષ્ટતા કરવી એ કેટલે અંશે વાજબી છે? વળી, વાસ્તવિકતાને નામે અશિસ્તને પોષનારું આચરણ કરવાની અન્યને પ્રેરણા આપવી અને એવા પ્રસંગના આલેખનને પ્રજા સમક્ષ મૂકવું એ લેખક અને સામયિકના તંત્રી કે સંપાદક માટે કેટલે અંશે યોગ્ય ગણાય? અશિસ્તને પોષીએ એટલે નિર્ધારિત વ્યવસ્થા તો જળવાય નહિ જ. એક બાજુ ચાલાકીથી આવું થાય છે તો બીજી બાજુ વગ અને લાંચ રૂશ્વતથી પણ આવું થાય છે. એટલે એવી અવ્યવસ્થાનું પરિણામ આજે બીજાને તો આવતી કાલે આપણે પણ ભોગવવાનું તો આવે જ. વર્તમાનમાં પ્રત્યેક ક્ષેત્રે નજરે પડતી અરાજકતાના મૂળ આપણા કોઇને કોઇ વર્તનમાં પડેલાં છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હશે.

* * *

અહીં રજૂ કરેલાં ઉદાહરણો અને એના પરની ટીકા ટિપ્પણ પરથી સાહિત્ય, કલા અને સર્જનમાં જીવન મૂલ્યોની માવજત થવી જોઇએ, એનું જતન થવું જોઇએ, સર્જનમાં કેવો વિવેક જાળવવો જોઇએ એ સ્પષ્ટ થાય છે.

'કંઠીબદ્ધ સાહિત્ય અને લોકશાહી' વિષે લખતાં શ્રી યશવંત દોશીએ એક સ-રસ વાત કરી છે, એમણે કહ્યું છે: 'સર્જકનો હેતુ અતિ સૂક્ષ્મ, અતિ અસ્પષ્ટ હોય છે, એના સર્જનનો હેતુ શો છે કે શો હોવો જોઇએ તે કહેવાનો અધિકારી એ પોતે જ છે. કદાચ એવું બને કે સર્જક પોતે પણ પોતાનો હેતુ સ્પષ્ટતાથી બતાવી ન શકે. માનવીનું મન એવું જટીલ છે કે એના કાર્ય પાછળના હેતુ પકડવા એ હવાને પકડવા જેવું મુશ્કેલ કામ છે. પરંતુ અભ્યાસી, વિવેચક, વિચારક જ્યારે સર્જનનું મૂલ્યાંકન કરે ત્યારે એનો હેતુ વધુ સ્પષ્ટ હોય છે.' એમાં એટલું ઉમેરી શકાય કે ક્યારેક તો સર્જકને અભિપ્રેત

ન હોય એવું અર્થઘટન કે એવા હેતુનું પણ વિવેચક આરોપણ કરે છે.

જીવનમાં સ્વીકૃત મૂલ્યોની માવજત માટે સાહિત્યકલાને ચોકકસ બીબાંમાં ઢાળવી કે એની પાસે 'દાસીપણું' કરાવવું એ અંતે તો સાહિત્ય, કલા અને જીવનને રૂંધે છે. સાહિત્ય-કલાનું પ્રયોજન સમજાવનાર એટલેસ્તો વળી વળીને એના નિરતિશય આનંદ તરફ વળે છે. 'काव्यं यशसेऽर्थकृते व्यवहारविदे शिवेतरक्षतये सद्यः परनिर्वृतये कान्तासंमतितयोपदेशयुजे' એમ કહેનાર મમ્મટ પણ આખરે કહે છેઃ 'सकल प्रयोजनमौलिभूतम् समनन्तरमेव रसास्वादसमुद् भूतम् विगलितवेद्यांतरमानंदम् ।' આ બાબતમાં શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે નોંધે છે તેમ 'ખરેખર તો આગળ જે એને પ્રયોજન તરીકે ગણાવ્યાં તે તો સર્જન-પ્રવૃત્તિ થઈ રહ્યા પછી સર્જનમાંથી સંજોગોવશાત્ આવી મળતાં પરિણામો છે

અહીં એક પ્રશ્ન જરૂર થાયઃ વાસ્તવિક જગતમાં બધા લોકો આદર્શને અનુસરનારા થોડા હોય છે? માનવીની પ્રકૃતિ, ઘડતર, વાતાવરણ અને અન્ય કેટલીય બાબતો એના વર્તન સાથે સંકળાયેલી હોય છે. મહાભારતના કાળમાં પણ આવી વિષમતા કયાં ન હતી? એનું આલેખન, જિવાતા જીવનનું પ્રતિબંબ સાહિત્ય અને કલાકૃતિઓમાં કેમ ન થાય?

વર્તમાનમાં વાસ્તવિકતાના નિરૂપણનું, જેવી પરિસ્થિતિ છે એવા આલેખનનું વલણ સર્જકોમાં છે, એટલે સર્જન પ્રગટપણે હેતુલક્ષી ન પણ હોય. એની પાછળનો ઉદ્દેશ વાચકને ચોકકસ ધ્યેય તરફ દોરી જવાને બદલે, ભાવકને પોતાને જ એવી પરિસ્થિતિમાં-કૃતિ દ્વારા નિરૂપાયેલી પરિસ્થિતિમાં પોતાનું ન્યાય-યુકત વલણ કે તર્કસંગત આચરણ કેવું હોવું જોઈએ એ વિચારવાનું અને એ અંગે નિર્ણય કરવાનું એની પર છોડવાનો છે. કોઈ ચોકકસ કે તૈયાર Formula આપવાને બદલે ભાવકની વિવેકશકિત પર મદાર બાંધવામાં આવે છે. એની વિવેકશકિત પર વિશ્વાસ મૂકવામાં આવે છે.

સામયિકોનો હેતુ લોકોને વિચારવંત કરવાનો હોય છે, એટલે સંપાદક કે તંત્રી મૂલ્યો અંગે સ્વીકૃત માપદંડથી કૃતિની ચકાસણી કરવાને બદલે કૃતિને પ્રગટ કરે છે. એવા હેતુથી કે જાગૃત વાચકો એવી કૃતિમાં રહેલ વિચારદોષ કે રજૂ થયેલા વિચારની બીજી બાજુ અંગે ધ્યાન ખેંચશે જ. પરિણામે વિચારવિનિમયની ભૂમિકા ખુલ્લી રહે અને એ પ્રકિયામાં સારાસારનું નવનીત તારવી શકાય. તંત્રી કે સંપાદક પ્રચલિત માન્યતા કે નીતિ-અનીતિ અને જીવનમૂલ્યો અંગેના ખ્યાલો કૃતિના પ્રકાશનની વચ્ચે લાવવાની જરૂર નથી. એટલા માટે કે જે કાંઈ રજૂ થાય એનું ભાવક પોતાની સમજ, યોગ્યતા અને વિવેકશકિતના આધારે મૂલ્યાંકન કરશે અને એને અયોગ્ય લાગતી બાબત અંગે ભાવક તર્કશુદ્ધ અને ન્યાયયુકત પ્રતિભાવ આપશે એવું ગૃહિત છે. એ એના વિકાસની પૂર્વ-શરત છે. વ્યકિતના વૈચારિક વિકાસની દૃષ્ટિએ આ પ્રકિયા આવશ્યક છે. આપણા સમાજશાસ્ત્રીઓએ પણ આ પ્રશ્નની છણાવટ આ રીતે કરી છે.

પરંતુ આ બન્ને બાબતોને યોગ્ય પરિમાણ મળ્યું છે ખરું? ભાવકને કોઈ ચોકકસ બિંદુ પર લઈ જવાને બદલે માત્ર વાસ્તવિકતાના આલેખનથી દુનિયા આવી જ હોય એવી માન્યતા ભાવકમાં દૃઢ થતી જાય છે. એમાંય વર્તમાન જગતમાં ઘરના વાતાવરણથી માંડીને શાળા, કોલેજ, વ્યવહાર વ્યાપાર કે જીવનનાં અન્ય ક્ષેત્રોમાં જીવનમૂલ્યોની માવજત અને પ્રતિષ્ઠાના બદલે કોઈ પણ ભોગે સ્વાર્થ સાધવાનું વલણ હોય ત્યાં કલાકૃતિઓમાં આવતા વાસ્તવિકતાના આવા આલેખનથી એવા સંસ્કાર દૃઢ થાય. ચલચિત્રોની આ પ્રકારની કેવી વ્યાપક અસર આજની યુવાન-પેઢી પર પડી છે એ આ બાબતનું સમર્થ ઉદાહરણ છે. વર્તમાન જગતના પ્રવાહોના સંદર્ભમાં માનવીના અંતસ્તત્ત્વને ઉન્નત કરવાની બાબત સર્જનના, સાહિત્ય-કલાના સંદર્ભમાં નવેસરથી વિચારવી પડે એવી સ્થિતિ છે.

જીવન અને સાહિત્યનો સંબંધ સ્પષ્ટ કરતાં શ્રી રામનારાયણ પાઠકે જીવનને વૃક્ષ અને સાહિત્યને એ વૃક્ષ પર આવેલાં ફૂલ સાથે સરખાવ્યું છે. આ સાદૃશ્યને લંબાવીને શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે લખ્યું છેઃ 'એ પણ એટલું જ સાચું છે કે અત્તરની ગંધ અને પુષ્પની ગંધ એકસરખી નહિ પણ તદ્દન ભિન્ન હોય છે. અનેક ક્રિયા-પ્રકિયાઓમાં એનું પરિવર્તન-Transformation થતું હોય છે.' જિવાતા જીવનનું સીધેસીધું પ્રતિબિંબ સાહિત્ય-કલામાં કદાચ એટલે જ પડતું નથી. પરંતુ એ પરિવર્તન પામીને સાહિત્યમાં આવે છે. એ. સી. ગ્રેડલીએ કહ્યું છે તેમ જીવન અને સાહિત્યને સંબંધ છે ખરો પણ એ ગર્ભિત-Undergroundછે. એટલે જીવનનાં સ્વીકૃત મૂલ્યોનો તાળો કદાચ સર્જનમાં ન મળે. મૂળ વાત એટલી કે સર્જક પોતાની કૃતિનું સર્જન કશીક નિર્બિડ અનુભૂતિથી ઝંકૃત થયેલી સંવેદના એને ફરજ પાડે ત્યારે એને વશ વર્તીને કરે છે; વિવેચક કે ભાવક પોતાના દૃષ્ટિબિંદુ અને પોતાનામાં રહેલી વિવેકશકિતના આધારે એનું મૂલ્યાંકન કરે છે, એ મૂલ્યાંકન માત્ર સાહિત્યિક મૂલ્યોના આધારે જ નહિ, પરંતુ સમગ્ર જીવનને વ્યાપકપણે લક્ષમાં રાખીને કરે છે. સર્જક પણ, એની ઝંકૃત સંવેદનાએ એની વિશિષ્ઠ અનુભૂતિને જે ઘાટ આપવા તેને પ્રેર્યો તેનો આસ્વાદ કરતાં એ એનો આનંદ માણે ત્યારે એ પણ ભાવકની સ્થિતિમાં આવી જાય છે. એ રીતે પોતાની કૃતિનું તટસ્થ અને વિવેકબુદ્ધિના આધારે મૂલ્યાંકન કરતાં એ કૃતિમાં જીવનમૂલ્યોની માવજત નહિ થતી હોય તો એનું પ્રકાશન અટકાવશે. જૂની-નવી પેઢીના કેટલાય સર્જકોનું સાહિત્ય કદાચ આ કારણથી અપ્રગટ રહ્યું છે અને અંતે લુપ્ત પણ થયું છે, થતું રહ્યું છે.

સંઘ સમાચાર

સ્વ. રસિકભાઈ ઝવેરીની સ્મૃતિમાં...

સ્વ. રસિકલાલ મો. ઝવેરીની પુણ્યતિથિ નિમિત્તે પ્રેમળ જ્યોતિને સ્વ. શ્રી રસિકભાઇના એક મિત્ર તરફથી રૂ. ૫૦૦૦/- મળ્યા છે. જે માટે અમે આ મિત્રના ખૂબ આભારી છીએ. સ્વ. શ્રી રસિકભાઇએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની તન, મન, અને ધનથી વર્ષો સુધી સેવા કરી હતી. આજે અમે તેઓશ્રીને યાદ કરી ભાવાંજલિ અર્પીએ છીએ.

-મંત્રીઓ

* * *

સુધારો

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૫-'૮૬ના અંકમાં 'કેન્સર : એક મનોદૈહિક રોગ?' નામના લેખમાં જણાવાયું છે કે સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહને કેન્સરનો રોગ હતો તે સરતચૂક છે. એમને કેન્સર હોવાની શંકા હતી પરંતુ કેન્સર હતું નહિ.

'હરદ્વાર–કુંભ દર્શન–૧૯૮૬' વિષે વાર્તાલાપ

● ચીમનલાલ 'કલાધર'

'સંઘ'ના ઉપક્રમે શ્રી શૈલેશભાઇ મહાદેવિયાનો 'હરદ્વાર-કુંભ દર્શન-૧૯૮૬' અંગેનો વાર્તાલાપ શનિવાર, તા. ૭મી જૂન, ૧૯૮૬ના સાંજના પાંચ વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યો હતો.

શ્રી શૈલેષભાઇ મહાદેવિયાએ જણાવ્યું હતું કે સોમવાર, તા. ૧૪ મી એપ્રિલ, ૧૯૮૬ ના સવારના બે અને ૭ મિનિટે કુંભ રાશિમાં બૃહસ્પતિ પ્રવેશ્યો. સૂર્ય અને મેષની યુતિ થઇ અને ઉત્તર પ્રદેશના હિન્દુ તીર્થધામ હરિદ્વારમાં કુંભમેળાનો પ્રારંભ થયો. હિન્દુ ધર્મના આ અતિ પવિત્ર પ્રસંગ કુંભમેળાનો લાભ લેવા આ વર્ષે સાડા૬ લાખથી વધુ લોકો હરદ્વારમાં આવ્યા હતાં. બે હજાર પાંચસો કિલોમિટર વિસ્તારને પાવન કરનારી પવિત્ર ગંગા નદી આ શહેરને સ્પર્શ કરતી વહી રહી છે. કુંભમેળા પ્રસંગે ગંગાસ્નાન મૂળ જ મહત્ત્વનું છે. અહીં દર સાત મિનિટે ત્રીસ હજાર લોકો ગંગા-સ્નાન કરતા હતા. અનેક સાધુ-સંતો અને ભાવિકોથી ઉભરાતા આ તીર્થસ્થાનમાં રાત દિવસ ભગવાનના નામસ્મરણનો મહિમા ગવાતો રહ્યો હતો.

કુંભ મેળાના માહાત્મ્યની કથા એવી છે કે પ્રાચીન કાળમાં દુર્વાસા મુનિ થઇ ગયા. દુર્વાસા એટલે ક્રોધના અવતાર. દુર્વાસા મુનિ સવારનું સ્નાન કરી પોતાની કુટિરે આવી રહ્યા હતા, ત્યાં માર્ગમાં તેમને દેવોના રાજા ઇન્દ્ર મળ્યા. દુર્વાસા મુનિ અત્યંત ખુશ થઇ ઇન્દ્રને પુષ્પની માળા અર્પણ કરે છે. ઇન્દ્ર તે માળા પોતાના મહાવતને આપે છે. અને મહાવત તે માળા હાથીને આપે છે, હાથી તે માળા પોતાના પગ નીચે ચગદી નાખે છે. આથી દુર્વાસા મુનિ ક્રોધિત થઇને ઇન્દ્રને શાપ આપે છે કે તારી સમૃદ્ધિ અને શાસન નાશ પામશે. ઇન્દ્રને પોતાની ભૂલ સમજાતાં ક્ષમા માગે છે. બીજો કોઇ ઉપાય ન રહેતાં ઇન્દ્ર બ્રહ્મા પાસે જાય છે અને બ્રહ્મા તેને વિષ્ણુ ભગવાનની સ્તુતિ કરવાનું કહે છે. વિષ્ણુ ભગવાન આ શાપના નિવારણનો ઉપાય સૂચવે છે કે તમે બધાં દેવો દાનવોનો સહકાર લઇ સમુદ્રમંથન કરો અને તેમાંથી અમૃત નીકળે તેનું પાન કરો. દેવો અને દાનવો ભેગા મળી સમુદ્રમંથન કરે છે. એમ કરતાં એક દેવના હાથમાં અમૃત કળશ હાથ આવે છે, દાનવો તે ઝુંટવી લેશે તે ભયથી તે દેવ બીજા દેવો સાથે નાસે છે. પાછળ દાનવો પડે છે. અને આ ઝુંટાઝુંટમાં પૃથ્વી પર તેનાં ચાર ટીપાં પ્રયાગ, હરદ્વાર, નાસિક-ત્રંબક અને ઉજ્જૈનમાં પડે છે. આથી આ ચારેય સ્થળોનો મહિમા છે.

દર બાર વર્ષે ભરાતા આ કુંભમેળાનું અનેરું માહાત્મ્ય છે. લાખો લોકો શ્રદ્ધા અને ભક્તિથી ગંગાસ્નાન કરી પુણ્ય હાંસલ કરે છે. આઠ દિવસના આ કુંભમેળામાં ઠેર ઠેર રામલીલા, કૃષ્ણલીલા, ભજનો, ધાર્મિક નાટકો વગેરે થતાં રહે છે. કેટલીયે જગ્યાએ અન્નક્ષેત્રો ચાલે છે. હરદ્વાર શહેરના લોકો આવેલ યાત્રિક વર્ગને સ્વચ્છ પીવાનું પાણી સેવાભાવે આપે છે. લાખો લોકો ગંગામાં નાહવા છતાં, ગંગા પ્રદૂષિત થતી નથી. તેના કારણમાં ગંગા જે જે શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાંથી પસાર થાય છે, ત્યાં સરકાર તરફથી સેનેટરી પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યા છે અને તેનાથી ગંગાનું પાણી સ્વચ્છ રહે છે.

કાર્યક્રમનો પ્રારંભ શ્રીમતી કોકીલાબેન વકાણીની પ્રાર્થનાથી થયો હતો. સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે સૌનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના સંયોજક શ્રી સુબોધભાઇ એમ. શાહે કાર્યક્રમની રૂપરેખા સમજાવી હતી. સંઘના મંત્રીશ્રી કે. પી. શાહે આભાર માન્યો હતો. આ પ્રસંગે કુંભમેળાનો તાદશ ચિતાર આપતી ૧૦૦ જેટલી રંગીન સ્લાઇડ પણ બતાવવામાં આવી હતી.

સાભાર સ્વીકાર

* **શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી**
લે. શ્રી નેમચંદ ગાલા
પૃષ્ઠ-૬૨-ડેમી સાઇઝ-મૂલ્ય રૂ. ૧૦
પ્રકાશક : શ્રી જયેશ કલ્યાણજી શાહ ઓમ્બે બિલ્ડર, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (પશ્ચિમ) મુંબઇ-૪૦૦ ૦૫૪

* **સમાજ સેવાના પ્રેરક પ્રસંગો**
લે. શ્રી અમૃતલાલ યાજ્ઞિક
પૃષ્ઠ-૧૦૪ મૂલ્ય રૂ. ૫/૦૦
પ્રાપ્તિ સ્થાન : લીબર્ટી સ્ટોર્સ, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (પશ્ચિમ) મુંબઇ-૪૦૦૦૫૪

* **મહેક** (ચરિત્ર લેખન)
લે. પ્રા. મહેબૂબ દેસાઇ
પૃષ્ઠ-૬૪ મૂલ્ય-જણાવ્યું નથી
પ્રકાશક: પ્રા. મહેબૂબ યુ દેસાઇ રૂવાપરી રોડ, સાંઢીયાવાડ નાકા સામે. ભાવનગર (સૌરાષ્ટ્ર) પીન : ૩૬૪૦૦૧.

* **અમરજ** (ગઝલ સંગ્રહ)
લે, અગમ પાલનપુરી
પૃષ્ઠ ૧૭૬, ડેમી સાઇઝ કિ. રૂા. ૨૫
પ્રકાશક : અગમ પાલનપુરી
'પરકોટા' દિલખુશાલ માર્ગ, પાલનપુર (ઉ. ગુજ.)
પીન – ૩૮૫૦૦૧

* **સાધકની વાસરી** (રોજનીશી)
લે. તથાગત સંપાદન : ડો. સુભાષ મ. દવે
પૃષ્ઠ-૨૧૧ કિ. રૂા. ૩૫/-
પ્રકાશક : બોધિ ફાઉન્ડેશન, ૮, ચેતન સોસાયટી, અકોટા રોડ, વડોદરા. (ગુજરાત) પીન : ૩૯૦૦૦૫

* **Business Bible**
G. P. Sangoye, Truthful Co.
44, Kennet Road, P. B. No. 34,
MADRAS-625010.

* **શતાયું કેમ થવાય ?**
લેખક : લૂઇગી કોરનેટ
અનુવાદક : રઘુનાથજી નાયક
પૃષ્ઠ-૧૦૪-કિંમત રૂ. ૫-૦૦.
પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, હુઝરાત પાગા, વડોદરા-૩૯૦૦૦૧

કાળાં નાણાંનો કકળાટ

(પૃષ્ઠ ૩૪થી ચાલુ)

જણાય અને લોકોને રૂબરૂત આપવાનો કે કરચોરી કરવાનો વખત ન આવે. શિક્ષણશાસ્ત્રીઓએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની કક્ષાથી જ પ્રામાણિકતાના સંસ્કારના સિંચન માટે વધુ પ્રયત્નશીલ થવાની જરૂર છે. સમાજ સેવકોએ સામાજિક પ્રતિષ્ઠાનો ઊંચો નૈતિક આદર્શ સમાજ સમક્ષ ધરવો જોઇએ ધર્માચાર્યોએ કુટિલ શ્રીમંતોની ખુશામત ન કરવી જોઇએ કે જાહેરમાં પ્રશંસા ન કરવી જોઉએ. ન્યાયનીતિનો પ્રચાર એ એમનું પરમ કર્તવ્ય છે એ ભૂલવું ન જોઇએ. અને સૌથી વધુ જરૂર છે સુધરવાની રાજદ્વારી પુરુષોએ. જ્યાં સુધી તેઓ નહિ સુધરે ત્યાં સુધી અન્ય વર્ગ સુધરેલા હશે તો પણ બગડવાનો વધુ સંભવ છે. જ્યાં સુધી દેશમાં મોટા ભાગની પ્રજા ગરીબ છે ત્યાં સુધી તે રાજદ્વારી સત્તાધીશો તરફ વધુ મીટ માંડશે કારણ કે તેમનું આર્થિક ભાવિ સત્તાધીશોના હાથમાં છે. ભ્રષ્ટ સત્તાધીશો પોતાના અંગત સ્વાર્થ ખાતર દીર્ઘકાળ સુધી દેશને સુધરવા નહિ દે. ભારતની પ્રજાનું નાણાંની બાબતમાં નૈતિક અધઃપતન ઘણું થઇ ગયું છે. વ્યક્તિએ, સમાજે કે રાષ્ટ્રે આજે નહિ તો ભવિષ્યમાં તેનાં ખરાબ પરિણામો ભોગવવાં પડશે. દેશ આ બાબતમાં જેટલો વહેલો શુદ્ધ થશે તેટલો વહેલો સુખી અને ગૌરવશાળી બનશે.

જે સાચા ત્યાગી. સંયમી મહાત્માઓ છે તેઓ પોતાના અનુયાયી વર્ગને વખતો વખત નાણાંના વ્યવહારમાં શુદ્ધ રહેવા તેઓ બોધ આપે છે પરંતુ આવો પ્રચાર મોટા પ્રમાણમાં ફેર ઠેર થવાની જરૂર છે. ઊગતી પેઢીમાં ક્રમાણીની બાબતમાં ન્યાય નીતિના ભૂંસાતા જતા સંસ્કાર પુનર્જીવિત કરવાની ખૂબ જ જરૂર છે. જૈન શાસ્ત્રકારોએ ગૃહસ્થને માટે માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ બતાવ્યા છે. એમાંનો સૌથી પહેલો ગુણ છે 'ન્યાયસંપન્ન વિભવ,' અર્થાત્ ન્યાયથી મેળવેલી ધનસંપત્તિ. સાચા જૈન બનવા માટે આ પ્રથમ ગુણને જીવનમાં ઉતારવાની સૌથી વધુ જરૂર છે. આ કોઇ સાંપ્રદાયિક ગુણ નથી એટલે માત્ર જૈનોના જ નહિ પ્રત્યેક નાગરિકનો મહત્વનો ગુણ હોવો જોઇએ 'ન્યાયસંપન્ન વિભવ.' એનો આ ગુણ એનું ભૂષણ બની રહેવો જોઇએ.

–રમણલાલ ચી. શાહ

પ્રગટ થઇ ચૂક્યું છે–

જાણીતા તત્ત્વચિંતક અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહે મુખ્યત્વે ઇ. સ. ૧૯૩૯ થી ૧૯૭૧ સુધીના સમયગાળામાં લખેલા લેખોનું પુસ્તક–

'તત્ત્વવિચાર અને અભિવંદના'

સંપાદકો : ડો. રમણલાલ ચી. શાહ
પન્નાલાલ ૨. શાહ અને
પ્રા. ગુલાબ દેઢિયા

ડેમી સાઇઝ, પાકું બાઇન્ડિંગ, પૃષ્ઠ સંખ્યા ૧૭૬+૮ કિંમત રૂ. ૩૫/૦૦ (ટપાલ ખર્ચ અલગ).

'સંઘ'ના પેટ્રનો અને આજીવન સભ્યોને આ પુસ્તક દસ ટકા કમિશનથી આપવામાં આવશે. આ માટે સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવો.

લિ. મંત્રીઓ

આસામનો ઉત્પાત

(પૃષ્ઠ ૪૨ થી ચાલુ)

હિંદુ–મુસલમાન–બંગાળીઓ, બિહારીઓ પણ મોટી સંખ્યામાં છે અને આદિવાસીઓની સંખ્યા પણ ઓછી નથી. ઘૂસણખોરી સામે ઉગ્ર આંદોલન ચલાવનાર આસોમ ગણ પરિષદે વિધાનસભાની ચૂંટણીમાં બહુમતી મેળવી છે, પણ માત્ર બેની જ બહુમતી છે. (૬૪ બેઠકો) અને ચૂંટણી જીત્યા પછી આસોમ ગણ પરિષદના કાર્યકરોએ ઘણો ઉત્પાત મચાવ્યો હતો અને વિરોધી પક્ષો, ખાસ કરીને કોંગ્રેસનાં કાર્યકરોને ધાતકી મારફાણ કરી હતી. મુસલમાનોની આગેવાનીમાં સ્થપાયેલા સંયુકત લઘુમતી પક્ષે આસામમાં કોઇ ઘૂસણખોર હોવાની વાત નકારી કાઢી છે અને એક પણ માણસની હકાલપટ્ટી થાય તો આંદોલન ઉદ્ભાવવાની ધમકી આપી છે. આ મુલક અમારો છે અને બાંગ્લા દેશીઓની માફક ભારતીય હિંદુઓ પણ ઘૂસણખોરો છે તેવો નાદ જગાવનાર આદિવાસી કાઉન્સીલે તમામ ભારતવાસીઓને પણ હાંકી કાઢવાની માગણી કરી છે. આદિવાસીઓનો ઉશ્કેરાટ ઘણો ઉગ્ર હોય છે આંદોલન ચાલતું હતું ત્યારે બિન આદિવાસીઓ પર હલ્લો કરીને નેલ્લી નામના એક ગામડામાં એક રાતમાં બે હજાર જેટલાં સ્ત્રીઓ–બાળકો–પુરુષોને રહેસી નાખવામાં આવ્યા હતા. નેલ્લી જેવો હત્યાકાંડ ભારતમાં બીજો થયો નથી.

આસોમ ગણ પરિષદે આ બાબતમાં ઘી હોળ્યું છે. આસામનાં તમામ રહેવાસીઓ માટે આસામી ભાષાનું શિક્ષણ ફરજિયાત બનાવવામાં આવ્યું છે એટલું જ નહીં પણ લઘુમતીઓની ભાષાને સ્વીકૃતિ આપવાનો ઇન્કાર કરવામાં આવ્યો છે. આસામી સરકારનાં આ નિર્ણય સામે બાંગ્લાદેશીઓ, બંગાળીઓ, મુસલમાનો, બિહારીઓ, નેપાળીઓ, આદિવાસીઓ ઉકળી ઉઠયા છે. ભાષાકીય ઝનૂન કેટલું ઉગ્ર હોય છે અને તેનાં પરિણામો કેવાં આવી શકે છે તે મુંબઇગરા ગુજરાતીઓને કહેવા–સમજાવવાની જરૂર હોય નહીં. એટલે અત્યારે તો આસામમાં જે નવો ઉત્પાત આકાર ધારણ કરી રહ્યો છે તે ઘૂસણખોરોનો નહીં પણ આંતરિક ઝઘડાખોરોનો છે અને તેમાં આનુષાંગિક કે આંતરરાષ્ટ્રીય નહીં પણ ભાષાકીય ઝનૂનના ઇંધણા હોમાઇ રહ્યાં છે, આસામની અઢી કરોડની વસતિનાં પાંત્રીસ ભાષાઓ બોલાય છે તે ધ્યાનમાં રાખીએ તો આ ઝઘડાની ગૂંચવણનો ખ્યાલ આવશે.

ડો. પદ્મનાભ જૈની સાથે વાર્તાલાપ

'સંઘ' સંચાલિત 'જ્ઞાનગોષ્ઠિ'ના ઉપક્રમે ગુરુવાર, તા. ૨૬મી જૂન, ૧૯૮૬ના સાંજના ૬–૧૫ કલાકે જૈનશાસ્ત્રોના પ્રખર અભ્યાસી કેલિફોર્નિયા યુનિવર્સિટી, અમેરિકામાં જૈનીઝમ અને બુદ્ધિઝમના પ્રોફેસર તરીકે કામ કરતાં ડો. પદ્મનાભ જૈનીનો એક વાર્તાલાપ પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો. ઓપ. સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે, મુંબઇ–૪૦૦૦૦૪ મધ્યે યોજવામાં આવ્યો છે. રસ ધરાવતાં ભાઇ–બહેનોને આ કાર્યક્રમમાં પધારવા ભાવભર્યું નિમંત્રણ છે

સુબોધભાઇ એમ. શાહ
સંયોજક

કે. પી. શાહ
પન્નાલાલ ૨. શાહ
મંત્રીઓ

આસામનો ઉત્પાત

✍ નગીનદાસ સંઘવી

લોહી બગડયું હોય ત્યારે જેમ શરીરમાં ઠેરઠેર ગડયુમડ ફૂટી નીકળે છે તેમ ભારતીય સમાજમાં રાષ્ટ્રભાવનાના અભાવના મૂળ રોગના કારણે દેશના જુદાજુદા પ્રદેશોમાં પ્રસંગોપાત્ત ભાતભાતની સમસ્યાઓ અને તોફાનો ખદબદી ઉઠે છે ભારત જેવા પ્રચંડ અને સંકુલ સમાજની સમસ્યાઓ પણ રફોટક અને ગૂંચવાયેલી હોય તેમાં નવાઇ નથી. ભારત અંગેની સારી કે નરસી કોઇ વાત નાની કે નબળી હોઇ શકે નહીં. આપણો દેશ મોટો, આપણી જનસંખ્યા અફાટ, આપણાં સાધનો અગણિત, આપણી સંપત્તિ અઢળક, તેમ આપણી તકલીફો પણ મોટી. આપણી નબળાઇઓ પણ જીવલેણ અને આપણી સમસ્યાઓ પણ અટપટી. મોટા પ્રાણીનાં બધાં અંગ મોટાં હોય તેમ ભારતને લગતી બધી જ વાતો મોટા માપની હોય તેમાં નવાઇ નથી.

પણ આપણી ખરી મુશ્કેલી એ છે કે સમસ્યા ઊભી થાય ત્યારે તેને સમજવાને બદલે આપણે હાય હાય કરવામાં વધારે સમય બગાડીએ છીએ અને ભડકો થોડો ઠંડો પડે કે તરત જ એ વાતને ભૂલી જઇને બીજા કામમાં લાગી જઇએ છીએ. આનું પરિણામ એવું આવે છે કે આપણે ઘાણીના બળદની જેમ ગોળગોળ ફરીએ છીએ અને કોઇ દિશામાં આગળ કે પાછળ ચાલતા નથી. ચરર ચાલતા ચકડોળની માફક એકની એક સમસ્યા ફરી ફરીને આપણી સામે આવીને ઊભે છે.

પંજાબનું ભડકું ઉકેલાયું તો નથી. પણ ઉકેલનો આરંભ જરૂર થયો છે. બિન શરતે અને બેરોકટોક ચંદીગઢ પંજાબને સોંપી દેવાની જાહેરાત અકાલી દલ માટે જબરજસ્ત વિજય સમાન છે અને તેમની મુખ્ય માંગણી સંતોષાઇ જવાના કારણે આંતકવાદીઓ અને તેના નવા સાથી બાદલ જૂથના કુળમાંથી હવા નીકળી ગઇ છે.

પણ પંજાબનું હજુ પત્યું નથી ત્યાં આસામનો ઉત્પાત શરૂ થયો છે. આશોમ ગણ પરિષદે સિંહાસને બેસાડેલા

નવા નિશાળિયાના આગેવાન મુખ્ય પ્રધાન પ્રફુલ્લ મહંતે રાજીવ ગાંધીની રૂબરૂ મુલાકાત લઇને વિનંતીના સૂરે ધમકી આપી છે. આસામ સમજૂતી થયાને નવ મહિના વીતી ગયા છે અને આંદોલનકારીઓએ સત્તા કબજે કર્યા પછીના છ મહિને પણ સમાધાનના અમલની દિશામાં એક પણ કદમ ભરાયું નથી. પરદેશીઓની ચકાસણી માટે સવાસો જેટલી ટ્રીબ્યુનલ નીમવાની હતી. હજુ એક પણ નીમવામાં આવી નથી. પરદેશીઓની હકાલપટ્ટીની વાત તો વેગળી રહી, પણ હજુ તેમની ચકાસણી પણ શરૂ થઇ નથી. આ સમજુતીનો તાબડતોબ અમલ કરવામાં નહીં આવે તો જૂનું આંદોલન ફરી શરૂ કરવામાં આવશે તેવી ધમકી અખિલ આસામ વિદ્યાર્થી સંઘની કારોબારીએ ઉચ્ચારી છે.

આસામની સમસ્યા અતિશય ગંભીર છે. અને આ રોગ બહુ જીવલેણ છે. તેમાં નુકસાન માત્ર આસામને જ નહીં પણ આખા રાષ્ટ્રને થઇ રહ્યું છે. છેલ્લાં ત્રીસ વરસથી પડોશનાં બાંગ્લાદેશમાંથી હિંદુ મુસલમાન-ખાસ કરીને મુસલમાન નિરાશ્રિતોનાં ધાડા ને ધાડામાં આસામમાં ધૂસી આવ્યા છે. આ આ ઘૂસણખોરોની સંખ્યા કેટલી છે તે બાબતમાં તીવ્ર મત ભેદ છે. સંઘ સરકારનાં કહેવા મુજબ ઘૂસણખોરો ત્રણ-ચાર લાખથી વધારે નથી. આંદોલનકારીઓ ત્રીસ લાખ ગણાવે છે, બાંગ્લાદેશની સરકાર તો કહે છે કે અમારે ત્યાંથી કોઇ ભારતમાં ગયું જ નથી. આ ઘૂસણખોરોએ આસામનાં રાજકીય અને આર્થિક જીવન પર પોતાની પકડ જમાવી લીધી છે. અને તેમાંથી કેટલાક દાયકાઓથી ઠરીઠામ થયાં હોવાના કારણે તેમનાં બાળબચ્ચાં ભારતમાં જન્મ્યાં છે. આપણે ત્યાં નાગરિકત્વ જન્મજાતના ધોરણે આપવાનો કાયદો હોવાથી પરદેશી ઘૂસણખોરનાં ભારતમાં જન્મેલાં બાળકો ભારતીય નાગરિકો તરીકેના હકક ધરાવે છે. આ બાળકો વસવાટ કરવાના હકકદાર હોવાથી તેમનાં માબાપો ઘૂસણખોર હોય તો પણ તેમણે કેવી રીતે કાઢી શકાય? વળી બાંગલાદેશની સરકારે હાથ ધોઇ નાખ્યા હોવાથી આ ઘૂસણખોરોને કયાં કાઢવા? તેમને દેશની બહાર હડસેલી મૂકવા જોઇએ તેમ કહેવું બહુ સહેલું છે પણ ત્રણ-ચાર કે ત્રીસ લાખ પુરુષો, સ્ત્રીઓ, બાળકોને હોડીએ ચડાવીને ઊંડા દરિયે હડસેલી મૂકવાનું કામ તો કોઇ સંરકારી સમાજ કે રાજય કરી શકે નહીં.

આ બાબતમાં આપણે ઊંધતા ઝડપાયા છીએ. ત્રીશ વરસે આપણી ઊંઘ ઊડી, પણ હજુ વચ્ચે વચ્ચે ઝોકા તો ખાધા જ કરીએ છીએ અને તેથી ઘૂસણખોરો હજુ પણ આવ્યે જ જાય છે. આસામના વડા પ્રધાનની પહેલી માગણી એ છે કે ભારત-બાંગ્લા દેશની સરહદે કાંટાળા તારની વાડ બાંધવાની યોજના ભારત સરકારે મંજૂર કરી છે તે વાડ બાંધકામ તાબડતોબ શરૂ થવું જોઇએ.

આ વાડ બાંધવાની વાત ભારત સરકારની બેવકુફીનો નમૂનો છે, કારણ કે બે હજાર કિલોમીટરનાં લાંબાલચક વિસ્તારમાં અસંખ્ય નદી નાળાં ઊભરાય છે. અને મોટા ભાગમાં ઘૂસણખોરો હોડકામાં બેસી આવે છે. નદીની આડે તો તારની વાડ બંધાશે નહીં, બંધાય તો ટકે નહીં વળી ઉજ્જડ સરહદી વિસ્તારમાં આવી વાડ બંધાશે તો આસપાસના ગરીબ કે માથા ભારે લોકો તાર કાઢીને ભંગારવાળાને વેચી નાખવામાં પાછી-પાની કરે નહીં. તેથી વાડની વાત તો કહેતલબી દિવાના અને સુણતલ ભી દિવાના જેવી છે.

ઘૂસણખોરીનો રોગ ખતરનાક છે, પણ અનેક એવા ખતરનાક રોગ હોય છે કે જેના ઇલાજો હોતા નથી અને જેને થાય તેણે તે ભોગવી લેવો પડે છે.

પણ આસામની સમસ્યા થોડી અવળચંડી છે અને આંતરિક રાજકારણમાં તેનાં પરિણામો બહુ દૂરગામી આવ્યાં છે. કારણ કે આસામ લઘુમતીઓનો પ્રદેશ છે અને તેમાં ધાર્મિક ભાષાકીય આનુવાંશિક લઘુમતીઓના તાંતણા અવળાસવળા ગૂંથાઇ ગયા છે. આસામનો સમાજ અતિશય સંકુલ સમાજ છે. હિંદુ-મુસલમાન બાંગ્લાદેશી ઘૂસણખોરો ઉપરાંત આસામમાં

(અનુસંધાન પૃષ્ઠ ૪૧ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૯૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૮ અંક : ૫

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૭-૮૬ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

સ્વ. પૂ. આત્મારામજી મહારાજ

જેઠ સુદ આઠમને રવિવારનો દિવસ સ્વ. પ. પૂ. મહાન જૈનાચાર્ય ન્યાયાંભોનિધિ શ્રી આત્મારામજી મહારાજ એટલે કે શ્રી વિજય આનંદસૂરિ મહારાજની પુણ્યતિથિનો દિવસ. એ દિવસે દિલ્હીમાં પ. પૂ. મહત્તરા સાધ્વી શ્રી મૃગાવતી-શ્રીજીની નિશ્રામાં પૂ. આત્મારામજી મહારાજના ગુણાનુવાદનો એક કાર્યક્રમ, સંક્રાંતિના કાર્યક્રમ સાથે યોજવામાં આવ્યો હતો. એ પ્રસંગે મારે ત્યાં ઉપસ્થિત રહેવાનું તથા પૂ. આત્મારામજી વિશે બોલવાનું પ્રાપ્ત થયું હતું. આ પુણ્યતિથિ નિમિતે આપણા એ દિવંગત મહાન જૈનાચાર્યના જીવન અને કાર્યનું સ્મરણ કરવાનો એક સુંદર અવસર સાંપડયો હતો.

આજે પંજાબમાં જ્યારે રાજદ્વારી પુરુષોના કાવાદાવાને કારણે સંપથી રહેતી શીખ અને હિન્દુ કોમ વચ્ચે ધાર્મિક વૈરભાવનાનો દાવાનળ જગાવવામાં આવ્યો છે ત્યારે પંજાબની શીખ પરંપરાનુસારી કોમ તરફથી જૈન ધર્મને મળેલી બે મહાન વ્યકિતઓની ભેટનો ઋણ-સ્વીકાર અવશ્ય કરવો જોઇએ. જો કદાચ પોતાની પરંપરામાં રહ્યા હોત તો જેઓ કદાચ મહાન શીખ ધર્મગુરુ બન્યા હોત તે બે મહાત્માઓ સંજોગાનુસાર મહાન જૈનાચાર્ય બન્યા. તેમનું પ્રેરક ક્રાંતિકારી જીવન નિહાળવા જેવું છે. એ બે મહાત્માઓ તે સ્વ. પૂજ્ય શ્રી બુટેરાયજી મહારાજ અને એમના શિષ્ય સ્વ. પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજ.

પૂ. આત્મારામજી મહારાજના જીવનનાં સંસ્મરણો એટલે આજથી સવાસો - દોઢસો વર્ષ પહેલાંની પંજાબની ધરતી ઉપર જૈન ધર્મના ક્ષેત્રે જે થોડો ખળભળાટ મચ્યો તેનાં ઐતિહાસિક સંસ્મરણો.

આત્મારામજી મહારાજના ગુરુનું નામ હતું બુટેરાયજી મહારાજ. તેઓ જન્મે શીખ હતા. એમનો જન્મ વિ. સં. ૧૮૬૩માં લુધિયાના નજીક દુલવા ગામમાં થયો હતો. એમનું નામ બુટ્ટાસિંહ હતું. એમની માતાનું નામ કર્મોદિ અને પિતાનું નામ ટેકસિંહ હતું. બાલ્યાવસ્થાથી જ એમને સંન્યાસ લેવાની તીવ્ર ભાવના થયા કરતી હતી. એકનો એક પુત્ર હોવાના કારણે માતા - પિતાની મરજી બુટ્ટાસિંહને સંન્યાસ લેવા દેવાની ન હતી. પરંતુ બુટ્ટાસિંહ પોતાના નિર્ણયમાં અચલ હતા.

સંન્યાસ કોની પાસે લેવો ? બુટ્ટાસિંહનું મન શીખ ધર્મ ગુરુઓ કરતાં તે વખતે તે બાજુ વિચરતા જૈન સ્થાનકવાસી સાધુઓ તરફ ખેંચાયું હતું. પંદર વર્ષની વયે એટલે કે વિક્રમ સં. ૧૮૮૮માં દિલ્હીમાં આવી એમણે સ્થાનકવાસી સાધુ મહારાજ પાસે દીક્ષા લીધી, અને એમનું નામ બુટેરાયજી રાખવામાં આવ્યું.

બુટેરાયજી તેજસ્વી સાધુ હતા; ક્રિયાકાંડમાં ચુસ્ત હતા, અભ્યાસ કરવામાં નિપુણ હતા. એમણે સંસ્કૃત અને અર્ધમાગધી ભાષાનો ઘણો ઊંડો અભ્યાસ કર્યો. શાસ્ત્રોનું અધ્યયન કર્યું. સ્થાનકવાસી સંપ્રદાયને માન્ય એવાં બત્રીસ આગમોનું ઝીણવટપૂર્વક વારંવાર પરિશીલન કર્યું, પરિણામે વર્ષો કરેલા આગમોના અધ્યયનને કારણે મૂર્તિપૂજનનો વિરોધ એમના મનમાંથી નીકળી ગયો. જેમ જેમ શાસ્ત્રના મૂળ પાઠોનું વધુને વધુ ચિંતવન તેઓ કરતા ગયા તેમ તેમ મૂર્તિપૂજામાં તેમની શ્રદ્ધા વધુને વધુ દૃઢ થતી ગઇ. અને એક દિવસ, વિ. સં. ૧૯૧૨માં એમણે અમદાવાદ આવીને મણિવિજયજી મહારાજ પાસે નવેસરથી સંવેગી દીક્ષા ધારણ કરી. એમનું નામ બુદ્ધિવિજયજી રાખવામાં આવ્યું, પરંતુ બુદ્ધિવિજયજી કરતાં બુટેરાયજી મહારાજ તરીકે જ તેઓ વધુ જાણીતા રહ્યા.

પંજાબથી તેઓ ગુજરાતમાં આવ્યા ત્યારે પોતાના બે પંજાબી શિષ્યોને પણ લઇને આવ્યા હતાં. (૧) મૂલચંદજી મહારાજ અને (૨) વૃદ્ધિચંદ્રજી મહારાજ. તેઓ બંનેએ પણ મૂર્તિપૂજક સમુદાયમાં ફરીથી દીક્ષા ધારણ કરી અને તેઓનાં નામ અનુક્રમે મુકિતવિજય અને વૃદ્ધિવિજય રાખવામાં આવ્યાં. પરંતુ એમના ગુરુની જેમ તેઓ પણ પોતાનાં મૂળ નામથી 'મૂલચંદજી મહારાજ' અને 'વૃદ્ધિચંદ્રજી મહારાજ' તરીકે વધુ જાણીતા રહ્યા. પોતાના ગુરુ મહારાજ સાથે તેઓ ગુજરાતમાં વિચરતા રહ્યા.

પોતાના માર્ગે ભવિષ્યમાં આત્મારામજી નામના એક સમર્થ પંજાબી સાધુ મહારાજ આવશે એવી ત્યારે એમને સ્વપ્નમાં પણ કલ્પના નહોતી.

આત્મારામજી મહારાજ જન્મે કપૂર ક્ષત્રિય જાતિના હતા. એમનો જન્મ વિ. સં. ૧૮૯૨ના ચૈત્ર સુદ-૧ને મંગળવારના રોજ પંજાબના જીરાનગર નજદીક લહેરા નામના ગામમાં થયો હતો. એમનું નામ દિત્તારામ રાખવામાં આવ્યું હતું. એમના પિતાનું નામ હતું ગણેશચંદ્ર

અને માતાનું નામ રૂપાદેવી. એમનો પરંપરાથી પ્રાપ્ત થયેલો કુલધર્મ તે શીખધર્મ હતો. નાનામોટા રાજ્યોની સત્તા માટેની ઉથલપાથલનો એ જમાનો હતો. અંગ્રેજ સલ્તનત પણ દેશી રાજ્યોને લડાવવામાં જાતજાતના કાવાદાવા કરતી હતી. નાનપણમાં માતા-પિતા ગુમાવનાર અશકત ગણેશચંદ્રે થાણેદાર તરીકે નોકરી કરી. ત્યાર પછી મહારાજા રણજિતસિંહના સૈનિક તરીકે કામ કર્યું. લહેરાના જાગીરદાર અત્તરસિંધ શીખ ધર્મગુરુ હતા. ગણેશચંદ્રના, જોતાં જ મનમાં વસી જાય એવા પુત્ર દિત્તાને શીખ ધર્મગુરુ બનાવવા તેઓ ઇચ્છતા હતા. પરંતુ પોતાના પુત્રને ધર્મગુરુ બનાવવાની ઇચ્છા ગણેશચંદ્રની ન હતી. અત્તરસિંધને એ વાતની ગંધ આવતાં ગણેશચંદ્રને કેદમાં પૂર્યા તો પણ ગણેશચંદ્રે દિત્તાને સોંપવાનું કબૂલ કર્યું નહિ. એક દિવસ જેલમાંથી ભાગી જઇ અત્તરસિંધ સામે તેઓ બહારવટે ચડયા. એમ કરવામાં અંગ્રેજ કંપની સરકાર સાથે પણ સંઘર્ષમાં આવ્યા; પકડાયા; દસ વર્ષની જેલ થઇ. આગ્રાની જેલમાં રાખવામાં આવ્યા. એક વખત ઉપરીઓ સાથેની બંદૂકની ઝપાઝપીમાં ગોળી વાગવાથી તેઓ મૃત્યુ પામ્યા. એક બહાદુર સરદાર ગણેશચન્દ્રના જીવનનો આમ કરુણ અંત આવ્યો.

એક બ્રહ્મક્ષત્રિય બંડખોર યોદ્ધાનો પુત્ર દિત્તારામ (અથવા દેવીદાસ અથવા આત્મારામ) તે જ આપણા આત્મારામજી મહારાજ. પિતા કેદમાં જતાં પિતાના મિત્ર જોધમલ ઓસવાલને ત્યાં દિત્તાનો ઉછેર થયો. જોધમલના એક ભાઇનું નામ દિત્તામલ હતું એટલે નામમાં ગોટાળો ન થાય માટે દિત્તાનું નામ દેવીદાસ રાખવામાં આવ્યું. જોધમલને ઘરે જૈન સાધુઓ આવતા હતા. એમના સતત સંપર્કને કારણે સામાયિક-પ્રતિક્રમણ વગેરે ધર્મક્રિયાઓ કરવી અને સૂત્રો કંઠસ્થ કરવાં ઇત્યાદિ પ્રકારના સંસ્કાર બાળક દિત્તાના મન ઉપર પડયા. એ દિવસોમાં લહેરામાં આવેલા બે સ્થાનકવાસી સાધુઓ ગંગારામજી મહારાજ અને જીવનરામજી મહારાજની છાપ દિત્તાના મન ઉપર ઘણી મોટી પડી. એણે એની પાસે દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. પોતાના પુત્રની જેમ ઉછેરનાર જોધમલને પણ, નામરજી છતાં દિત્તાને દીક્ષા માટે છેવટે સંમતિ આપવી પડી. દિત્તાએ વિ. સં. ૧૯૧૦ માં અઢાર વર્ષની વયે માલેરકોટલામાં દીક્ષા લીધી. અને જીવણરામજી મહારાજના એ શિષ્ય બન્યા. એમનું નામ આત્મારામજી રાખવામાં આવ્યું.

આત્મારામજી મહારાજને જોતાં જ કોઇ કહી શકે કે આ તેજસ્વી નવયુવાન સાધુ છે. એમની મુખમુદ્રા એવી પ્રતાપી હતી. એમની ગ્રહણશકિત અને સ્મરણશકિત અજોડ હતી. રોજની ત્રણસો ગાથાઓ તેઓ કંઠસ્થ કરી શકતા. ભાષા ઉપર તેમનું અસાધારણ પ્રભુત્વ હતું. પોતાના ગુરુ મહારાજ સાથે તેમણે પંજાબ, રાજસ્થાન અને ઉત્તર ભારતમાં જયપુર, પાલી, હોંશિયારપુર, જીરા, લુધીઆના, દિલ્હી, આગ્રા વગેરે સ્થળે વિહાર કર્યો હતો. અર્ધ માગધી ઉપરાંત સંસ્કૃત ભાષા શીખવા માટેની તેમને ઘણી લગની હતી. જેમ જેમ સંસ્કૃત ભાષા અને વ્યાકરણનો અભ્યાસ થતો ગયો તેમ તેમ આગમનના કેટલાક પાઠોના ખોટા અર્થ વિશે તેમનાં મનમાં સંશય થવા લાગ્યો. એમને પોતાના સમ્પ્રદાયની જે પોથીઓ વાંચવા મળતી તેમાં કેટલીક જગ્યાએ હરતાલ (પીળા રંગનુ દ્રવ્ય) લગાડી શબ્દો ભૂંસી નાખવામાં આવ્યા હતા. આથી એમની શંકા ઊલટી વધતી હતી.

આત્મારામજી મહારાજની અધ્યયન ભૂખ ઘણી મોટી હતી. તીવ્ર ગ્રહણશકિત અને સ્મરણશકિતને લીધે કોઇ પણ ગ્રન્થ તેઓ ઝડપથી વાંચી લેતા. ત્યારે છાપેલા ગ્રન્થો ભાગ્યે જ મળતા. હસ્તપ્રત – પોથીઓરૂપે ગ્રંથો મળતા. તે વાંચતાં તેમાંની બધી વિગતો એમને યાદ રહી જતી. તેમણે જૈન આગમ ગ્રન્થો ઉપરાંત વેદો, ઉપનિષદો, પુરાણો, ભગવદ્ગીતા, રામાયણ, મહાભારત, ભાગવત, શાંકરભાષ્ય ઇત્યાદિ હિન્દુ ધર્મના પણ ઘણા બધા ગ્રન્થો વાંચી લીધા હતા. કુરાન અને બાઇબલનો અભ્યાસ પણ તેમણે કરી લીધો હતો. જૈન ધર્મનાં આગમો અને તેની ચૂર્ણિ, ભાષ્ય, ટીકા વગેરે ગ્રન્થો ઉપરાંત બીજા ઘણા ગ્રન્થોનું એમણે પરિશીલન કર્યું હતું. એથી પ્રતિમા પૂજન તથા અન્ય બાબતો વિશે તેમના મનમાં કેટલાક પ્રશ્નો ઊઠતા હતા, પરંતુ તેમના મનનું સમાધાન કરાવી શકે તેવી સમર્થ જ્ઞાની એવી કોઇ વ્યકિત દેખાતી ન હતી.

ઇ. સ. ૧૯૨૦માં આગ્રામાં એમણે ચાતુર્માસ કર્યું તે વખતે સ્થાનકવાસી સમાજના વૃદ્ધ પંડિત, વ્યાકરણશાસ્ત્રના નિષ્ણાત રત્નચંદ્રજી મહારાજનો તેમને મેળાપ થયો. પોતાની શંકાઓનું સમાધાન કરાવી શકે એવી સમર્થ વ્યકિતનો આ મેળાપ હતો. આત્મારામજી મહારાજના પ્રશ્નો અને સત્યશોધનની સાચી લગની જોઇને રત્નચંદ્રજી મહારાજને પણ થયું કે પોતે ખોટા અર્થો કરી ખોટે માર્ગે આત્મારામજીને દોરવા ન જોઇએ. એટલે એમણે મૂર્તિપૂજા અને મુહપતિ વિષે આત્મારામજી મહારાજના મનનું સાચું સામાધન કરાવ્યું. અને કહ્યું, ભાઇ આપણે સ્થાનકવાસી સાધુ ભલે રહ્યા, પણ જિનપ્રતિમાની પૂજાની તું કયારેય નિંદા કરતો નહિ.' આત્મારામજીએ રત્નચંદ્રજીને વચન આપ્યું અને એમનો ઘણો ઉપકાર માન્યો.

શાસ્ત્રોનું અધ્યયન-મનન આ સંદર્ભમાં ફરી એકવાર તેઓ ઝીણી નજરે કરી ગયા. એવામાં એમને શીલાંકાચાર્ય વિરચિત 'શ્રી આચારાંગ સૂત્ર વૃત્તિ' નામની એક પોથી એક યતિના સંગ્રહમાંથી મળી આવી. એ વાંચતાં એમની બધી શંકાઓનું બરાબર સમાધાન થઇ ગયું. મૂર્તિપૂજા અને મુહપત્તિ વિષે સ્પષ્ટ માર્ગદર્શન એમને મળી ગયું. જેમ જેમ સ્થાનકવાસી સમુદાયમાં અન્ય સાધુઓ સાથે તેઓ આ વિષે નિખાલસ ચર્ચા કરતા ગયા તેમ તેમ તે તે સાધુઓ એમની સાથે સહમત થતા ગયા. પરંતુ તે સમયના પંજાબના મુખ્ય સ્થાનકવાસી સાધુ અમરસિંધજીને ભય પેઠો કે રખેને આત્મારામજી જેવા તેજસ્વી મહારાજ બુટેરાયજીની જેમ સંપ્રદાય છોડીને ચાલ્યા જાય. ખળભળાટ તો ચારે બાજુ ચાલતો હતો અને ઉત્તરોત્તર આત્મારામજી સાથે સહમત થાય એવા સાધુની સંખ્યા વધતી જતી હતી.

પોતાને જે સત્યનું દર્શન થયું તે અનુસાર પોતે ધર્મ-જીવન જીવવું જોઇએ એમ સમજી આત્મારામજી મહારાજ બીજા સત્તર સાધુઓ સાથે પંજાબથી વિહાર કરી ગુજરાતમાં અમદાવાદમાં પધાર્યા. ત્યાં બુટેરાયજી મહારાજને મળ્યા અને પોતાની સંવેગ પક્ષની દીક્ષા ધારણ કરવાની ઇચ્છા વ્યકત કરી. સ્થાનકવાસી સમ્પ્રદાયના બાવીસ વર્ષના દીક્ષા પર્યાય પછી એમણે ફરીથી સંવેગ પક્ષની દીક્ષા બુટેરાયજી મહારાજ પાસે લીધી. એમનું નામ આનંદવિજય રાખવામાં આવ્યું. એમની સાથે આવેલા બીજા ૧૭ સાધુઓએ પણ નવેસરથી દીક્ષા લીધી. એ જમાનામાં આ એક મહાન ઐતિહાસિક ઘટના બની.

(અનુસંધાન પૃષ્ઠ ૪૯ ઉપર)

એક હજાર વર્ષ પહેલાં વસેલું સૂરત

❖ જગદીશ ૨. શાહ

(ગતાંકથી પૂર્ણ)

હવે સૂરતનું આલંકારિક વર્ણન જોઇએ.

'–ત્યાં રહીને, નર્મદામાં રહીને ભૃગુપુર–ભરૂચ–ના મહાન કિલ્લાની બારી પાસે તારી પુત્રી નામે નર્મદાનાં દોડતાં, ઊછળતાં મોજા જોઇને આનંદિત થયેલ તું તરણિ એટલે સૂર્યના નગર એટલે સૂરતની હદ પાસેના સ્વચ્છ ભૂમિ પ્રદેશમાં જા...ત્યાં ખજુરીઓ તેમ જ વનનાં વૃક્ષોમાં ઊંચા એવાં તાડનાં ઝાડોની શ્રેણી તપન તનમાં એટલે તાપી નદીના કાંઠાની ભૂમિ પર સવિશેષ ઊગી છે અને મન્દ મન્દ શીતજ પવનથી કંપિત થયેલી તે પોતાના શિખરના કંપથી આ લોકાન્તર નગરથી પ્રલાઘ્ય અન્તરમાં ઉપજાવે છે–ત્યાં તાપી નામની નદી જાણે સ્વર્ગંગા હોય નહિ તેમ છે. જેમ સ્વર્ગંગામાં તીરે તરતાં વિમાનો હોય છે તેમ તાપીમાં જહાજોની હાર તરતી હોય છે. સ્વર્ગંગામાં દેવ–દેવીઓ સ્નાન કરે છે. તેમ તાપીમાં નાગર નાગરીઓ ન્હાય છે. જેનામાં સ્વાદિષ્ટ, સ્વચ્છ અને સ્ફટિક જેવા શોભતાં જલથી ભરેલા તરંગો છે. સમુદ્ર એ નદીને હંમેશા બે ત્રણ વખત અતિ જબરા સૌભાગ્યથી, એક કામી વશ થઇને કામિનીને ભેટે તેમ, ભેટે છે. તે બંનેના યોગ-કાલે તું પણ વાદળાથી ઢંકાઇને છૂપાઇ જજે. કારણ કે માતાપિતાના સંયોગ જોઇ કયો જન પણ લજ્જા નહિ પામે?

દરેક પગલે સોનાનાં આભૂષણોથી જેની કમર નમી ગયેલી છે. એવી, શ્રીમંતોની સ્ત્રીઓ જેવી, ત્યાં ફળોની લૂમોના સમૂહથી નમી ગયેલી કદલી–કેળો છે અને સ્નિગ્ધ છાયા, મધુર ફળોનો સમૂહ દ્રાક્ષોના માંડવાઓ અને ફૂલોના ઘરોવાળાં ગામો હોય નહિ એવા સુંદર વનના સીમાડા છે.

ત્યાં ઉદ્યાનમાં ચંપાઓની શ્રેણી અવિરલ પત્રોવાળી અને પુષ્પોથી દીપતી છે. અને ફૂલ અને પલ્લવથી જોવાયેલી તે સોનાના ઘંટોવાળા અને મુખમાંથી રસ ઝરતા એવા હાથીઓની શ્રેણી સાથે તુલના કરે છે. નગરની ચારે બાજુ ઉદ્યાનોની પરંપરા, નાના પ્રકારનાં વૃક્ષોથી લાખો વિશ્વવિધ પુષ્પોથી અને ખીચોખીચ લતાઓથી તેમ જ ત્યાં આવેલા ઉચિત ફળગૃહોમાં દંપતીઓ ક્રીડા કરે છે. તેથી, બાળને ઘરો બાંધે છે તેથી, ત્યાં ક્રીડાગૃહો છે, સરોવર છે, કૂવા છે અને વાવો છે તેથી શોભે છે.

ત્યાંનો દુર્ગ એટલે કિલ્લો કેવો છે? આ જગતમાં ઊંચી ડોક રાખેલ એવું શિવનું ઉજ્જવલ શરીર હોય નહિ તેવો, જાણે એક સુંદર ઇમારત કે જેમાં મોતીનાં છત્રવાળી ટોચ પર એક ચન્દ્રશાલા હોય તેવો, જુદાં જુદાં અંગ-આયુધોવાળો, યુદ્ધમાં સજ્જ કરવાના ઉગ્ર શસ્ત્રોવાળા છે અને તે સુખીઓને અને ધૈર્ય તથા વીર્યવાળા ક્ષત્રિય પુરુષોને આશ્રય આપે છે.

અહીં ગોપી નામનું તળાવ છે. તેના મહત્ત્વનું શું વર્ણન કરું? (અવર્ણનીય છે.) કે જે ક્ષીર સમુદ્રનું મંથન કરીને તેમાંથી નીકળેલી એક કળા હોય નહિ તેમ લાગે છે. અથવા તો દુઃખમાં ખૂબ ધવાયેલો મેરુ હોય યા મંથનના ત્રાસથી અહીં આવેલ સાગરનો વીચિક્ષોભ–તરંગોનો ક્ષોભ હોય ન હોય તેમ લાગે છે.

રૂપું, સુવર્ણના સમૂહને ઘડવાથી ઊભા થતા ટંકશાળની અંદરના સેંકડો અવાજોથી અને મોટા ટીપવાના ટંકારથી દુષ્ટ દુર્ગતિરૂપી ભૂત કર્યાય જન્મતો નથી એટલે કે ત્યાં દરિદ્રતાનું નામ નથી, જેમ ઉપશાન વિધિમાં મંત્રના સારરૂપ ટંકાર ક્ષુદ્રતાને સાફ કરી નાંખે છે તેમ.

જ્યાં શ્રાવકો સારા મનવાળા, લોકમાન્ય મિષ્ટભાષી સખીહૃદયી, અસંખ્ય અમાપ વૈભવવાળા, ગમે ત્યાંથી આપવામાં પહેલ કરનારા પ્રૌઢ, શાખા-પ્રશાખાવાળા, કલ્પવૃક્ષ જેવા ઊભેલા, તપાગચ્છ નાયકના પ્રૌઢ પુણ્યના પ્રભાવથી પ્રાદુર્ભાવ પામ્યા છે.

ત્યાંનાં મંદિરો કેવાં છે? શિલ્પીઓએ રચેલા વિવિધ અનેક વિજ્ઞાનોથી હૃદયને ગમે તેવાં, હિંગુલ આદિથી સોનું જડેલ છે એવાં વર્ણકોથી વર્ણનીય સહૃદયને આનંદ આપનારાં, ચિત્રોથી ચિત્રિત અર્હદ્‌ગૃહો અને જિનમંદિરોના વૃન્દને જોઇને કયો મનુષ્ય અંતરમાં આશ્ચર્ય પામતો નથી?

તે શહેરની મધ્યમાં ગોપીપરું છે ને તેમાં જાણે કૈલાસ પર્વતનો સામનો કરનાર હોય નહિ તેવો પૌઢ લક્ષ્મીનો ભંડાર એવો મોટો શ્રાવકનો ઉપાશ્રય છે કે જેની અંદર અર્હંતમૂ જૈન ધર્મના ગુરુના પૌઢ તેજથી ઉત્પન્ન થતી જ્યોતિ મધ્યે રહેલ ઇન્દ્રના સ્વર્ગની ઉપમાને યોગ્ય છે.

સૂરજ મંડણ પાર્શ્વનાથ (હાથીવાળા દહેરાં) નો ઉલ્લેખ કરતા પદ્યખંડમાં જે વર્ણન કરાયું છે, તે પણ અલૌકિક ભાત પાડનારું છે.

તે ઉપાશ્રયના દરવાજાની આંગણાની ભૂમિ પર સ્થિરતા ધારીને જોતો જોતો શ્રાવકોને, સાક્ષાત્ દેવોએ મનુષ્યરૂપ ધારેલ હોય તેવાનું જોશે, કે જે શ્રાવકો પૈકી કેટલાક હાથી પર આરૂઢ થઇને કોઇ રથમાં બેસીને, કોઇ ઘોડા પર અસ્વાર થઇને રસિક હૃદયવાળા ઉતાવળથી ઉપાશ્રયે વ્યાખ્યાન સાંભળવા આવે છે–તે દ્વારના આંગણાની ભૂમિ રસ ઝરતા હાથી અને અશ્વોના આગમનથી તેમ જ માણસોની ભરચક ગદ્દીથી ભરાયેલી હોવાથી મૂંઝવણ કરાવે છે. તેને પવનથી ચાલતાં તોરણો પ્રેમથી આશ્વાસન આપે છે–તે શ્રમણ વસતિ-ઉપાશ્રયની મધ્યે વ્યાખ્યાન મંડપ રહેલો છે, કે જે પોતાની કાન્તિથી સોધર્મ ઇન્દ્રની સભાની બરોબરી કરે છે. ચંદ્રોદયના પરિચિત કરાવનાર સુવર્ણ–માણેકની શોભાની પરંપરાથી દીપી રહેલ અને વિવિધ રચનાથી શોભિત સ્તંભોથી શોભાયમાન છે તે મંડપની વચ્ચે (વ્યાખ્યાનકાર માટે) અનુપમ સિંહાસન છે કે જે ઇન્દ્રાસનોની શોભાવાળું છે અને તે મનોહર કાવ્યની પેઠે સત્પુરુષોના ચિત્તને સુખ આપે છે. કારણ કે તે અલંકારવાળું, સુઘટિત મહાસંધિના બંધવાળું, સુવર્ણ (સારા અક્ષરો–રંગોવાળું) સ્વચ્છ છાયાવાળું અને સુલલિત ચારપદવાળી શોભાવાળું છે. (આ બધાં વિશેષણો સારા કાવ્ય અને સિંહાસન બંનેને લાગુ પડે છે તેથી બંનેને સરખાવ્યાં જણાય છે.)

સૂરત અને રાંદેરમાં આ 'ઇન્દ્રદૂતમ્' સંસ્કૃત ખંડકાવ્યના કર્તા ઉપાધ્યાય મુનિ શ્રી વિનયવિજયજી મહારાજે ઘણાં ચોમાસાં કરેલાં એટલે તે શહેરથી તેઓ પૂર્ણ પરિચિત હતા. 'સૂર્યપૂર ચૈત્ય પરિપાટી' લખીને તેમણે સૂરતનાં જિનમંદિરોનો સુન્દર ખ્યાલ કરાવ્યો છે. તે સમયે 'સૂરત સોનાની મુરત' જેવું જ હતું.

આ જ રહતી સૂરતે પણ તે પોતાની ભવ્યતા જાળવી રહ્યું છે કે જાળવવા મથી રહ્યું છે. ચડતી-પડતીના ઘણા જુવાળ-ઓટ સૂરતે અનુભવ્યા છે.

આજે મુંબઇની જે સ્થતિ છે તે એક વખત સૂરતની હતી. સત્તરમાં સૈકામાં ત્યાં ૨૫૦ જિન મંદિરો હતાં. ચાર હજાર જિન બિમ્બો હતાં ચંદ્રને ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજ તે સૂરતનો, ગોપીપુરાનો, ત્યાંના શ્રાવકોનો પરિચય આપી, સૂરજ મંડણ પાર્શ્વનાથ જિન મંદિરમાંના ઉપાશ્રયમાં વ્યાખ્યાન આપતા ગુરુમહારાજનું ભક્તિભીનું વર્ણન કરી છેવટે વંદન સંદેશ સંભળાવે છે. અને કૃપાદૃષ્ટિ રાખવા માટેની વિનંતી કરવા સૂચવે છે, તે સાથે એ ખંડકાવ્યની પૂર્ણાહુતિ થાય છે.

આમ, સૂરતના ઉત્પત્તિ, વિકાસ અને સમૃદ્ધિના જુવાળ-ઓટ સાથે જ ઇતિહાસથી સંકળાયેલા 'હાથીવાળાં દહેરાં' તરીકે ઓળખાતાં સૂરજ મંડણ પાર્શ્વનાથ જિનમંદિરનો ઉલ્લેખ અચલગચ્છના ગુજરાતી કવિ મુનિ નિત્યલાભના 'સંદેવંત સાવળિંગા' રાસમાં તથા મુનિ ન્યાયસાગર રચિત 'જૈન ગુજરાતી કવિઓ'માં 'સૂરત મંડન પાર્શ્વસ્તવન'માં પણ છે કે–

'સૂરતિ – મંડન મુરતિ પ્યારી,
મોં મનિં અતિ હિ સુહાય;
નયનાં દર્શન ઉમ્હ હે,
મિલવેકુ ચાહે કામ.

આવાં જ સ્તવનો વિક્રમના અઢારમા શતકના અંતે પ્રસિદ્ધ 'ચંદરાસ'ના કર્તા કવિ-મુનિ મોહનવિજયજી અને ઓગણીસમા શતકના પ્રારંભે મુનિ જયસાગરે રચેલ તીર્થમાલામાં છે. આ સ્તવનોમાં સૂરજમંડણ પાર્શ્વનાથ પ્રભુની દિવ્ય પ્રતિમાનો મહિમા ગવાયો છે કે–

'સૂરત મંડણ સુંદર મુરત,
મુખહું તે ઝાકમઝોલ રે.'
૦ ૦ ૦ ૦
'સૂરત મંડણ કલીં કંહુ,
વળી ભાખો ધૃતકલ્લોલ ભવિયણ;
જગવલ્લભ ને સહસફણો,
જહારો નિસા પોલ ભવિયણ.'

વળી, ૧૮૦૪માં મૂળ અમદાવાદના પણ સૂરત આવી વસેલા પ્રેમચંદ મોદી તેં સંઘવી પ્રેમચંદ લવજીએ શેત્રુંજય તીર્થ (પાલિતાણા)થી સૂરત સુધી કાઢેલા છ'રિ પાળતા (પદયાત્રી) સંઘનો અને એ સંઘના આચાર્ય વિજય જિનેન્દ્રસૂરિનું સામૈયું કરવા ગયેલા સૂરતના નવાબનો પણ ઉલ્લેખ છે અને સંઘ ચૈત્ય પરિપાટીમાં સૂરજ મંડળના દર્શનાર્થે પણ ગયો હતો તેવો ઉલ્લેખ છે તે પણ આ ઇતિહાસ-સંકલનની પ્રતીતિ કરાવે છે કર્નલ ટોડના 'ટ્રાવેલ્સ ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા'માં પણ આવો જ ઉલ્લેખ છે.

'સૂરત જૈન પરિપાટી' ગ્રંથમાં જૈન દહેરાસરોમાં તીર્થંકરોની પ્રતિમાઓની પ્રતિષ્ઠાના જે ઉલ્લેખો છે તે પરથી સંવત ૧૨૧૫ (નાણાવટ, તાળાવાળાની પોળ) ૧૩૩૩ (તાપી-ઓવારા કાંઠો), ૧૩૯૨ (નાણાવટ, નગરશેઠની પોળ) ૧૪૬૪ અને ૧૪૭૫ (નાણાવટ, હનુમાનની પોળ), વગેરે સાલોમાં જિનબિંબોની પ્રતિષ્ઠાના લેખો પરથી પણ તારવી શકાય કે સૂરત એક હજાર વર્ષ ઉપરનું પુરાણું શહેર છે.

હવે આ ઇતિહાસ અવલોકન જેને નિમિત્તે શક્ય બન્યું છે તે સૂરજ મંડણ પાર્શ્વનાથ જિનપ્રતિમાની અલૌકિકતા વિશેની એક ઇતિહાસ-નોંધનો પણ ઉલ્લેખ કરી લઇએ. મુંબઇના દૈનિક 'મુંબઇ સમાચાર' ના તા. ૨૭-૬-૧૯૩૬ના અંકમાં શ્રી ધનસિંગ ઠાકોરસિંગ ઠાકોરે લખેલા એક લેખમાં તેની પૂર્તિ મળી રહે છે.

સૂરતના ગોપીપુરામાં શ્રી દેવસુર ગચ્છના પ્રાચીન શ્રી ધર્મનાથજીના મંદિરમાં નીચે ભોંયરામાં અતિ ચમત્કારી પ્રતિમાજી (જેના ઉલ્લેખથી આ લેખનો પ્રારંભ કર્યો) છે જે સૂરત મંડન, સૂરજ મંડન અગર સૂર્યપુર મંડન તરીકે મશહૂર છે. આ પ્રતિમા સન્મુખ રાજસાગરસુનિએ એક શ્રી શાંતિદાસ આસકરણ શેઠને માટે ચિંતામણિ મંત્રની આરાધના કરી હતી. તેમના વંશજો હાલ સૂરત તથા અમદાવાદમાં વસે છે. જે પ્રતિમાજી સમક્ષ આ સાધના થઇ હતી તે હજુય ત્યાં (ગુપ્તમાં) ભોંયરામાં વિદ્યમાન છે અને અતિ ચમત્કારી છે.

'જૈન રાસમાલા'માં જણાવ્યા પ્રમાણે ચિંતામણિ મંત્રની સાધના જેમના માટે થતી હતી તે શાંતિદાસ શેઠ સૂરતના હતા પણ જેના કર્મયોગ બળવાન હોય તે બીજા માટેનું નિમિત્ત પણ પોતે લઇ જાય છે. તેમ આ મંત્ર સાધનાનું ફળ અમદાવાદના શાંતિદાસ શેઠ લઇ ગયા. સૂરતના શાંતિદાસ શેઠ 'શાંતિદાસ મણિયા'ના નામે પ્રખ્યાત હતા તો કંઇ ન પામ્યા. જો કે ચિંતામણી મંત્રની સાધના પછી તે સધાવી કોણે તે રાસમાંથી સ્પષ્ટ થતું નથી. પરંતુ તેમાં નેમસાગર અને મુક્તિસાગરનું ચોમાસું હતું તેવો ઉલ્લેખ છે. સામાન્ય કથા પ્રમાણે મંત્ર સાધના રાજસાગરસૂરિએ કરાવી હતી અને તેથી જ તેમને છેવટે સૂરિપદ અપાયું અને પોતાનું ઋણ થોડે અંશે પણ સારી રીતે વાળવું તેઓ નિશ્ચય શેઠે કરીને પાળ્યો હતો.

લેખકનો ઋણ સ્વીકાર :– આ ઇતિહાસ સંકલન તૈયાર કરવામાં સૂરતના શ્રી નવાપુરા જૈન ઉપાશ્રયના શ્રી શાંતિનેમિ જ્ઞાન-ભંડારના લેખમાં ઉલ્લેખ કરેલા બધા જ ગ્રંથો, સૂરજ-મંડણ પાર્શ્વનાથ જિનાલયના જિનબિમ્બોના પ્રતિમા લેખોનો, સૂરતના અન્ય પ્રાચીન જિન મંદિરોના બિમ્બલેખોનો આધાર લીધો છે તે જ રીતે જૈનાચાર્ય શ્રી વિજય ચંદ્રોદય સૂરીશ્વરજી મહારાજનું વત્સલ માર્ગદર્શન સાંપડયું છે.

સાભાર સ્વીકાર

* **ગુજરાતી ગ્રન્થરત્ન કાર્યાલય,** રતનપોળ નાકા સામે ગાંધીમાર્ગ, અમદાવાદના પ્રકાશનો

* **માપ વિનાનું મન**
લે. જે. કૃષ્ણમૂર્તિ અનુવાદક : શિવલાલ મોદી કિ. રૂ. ૩૫

* **જીવન મીમાંસા**
લે. જે. કૃષ્ણમૂર્તિ, અનુવાદક : હિરાલાલ ખક્ષી કિ. રૂ. ૬૦

* **કરણઘેલો**
લે. નંદશંકર તુળજાશંકર મહેતા મૂલ્ય રા. ૫૫/–

* **હસો અને હસાવો ભાગ. ૧–૨**
સંપાદક : અચ્યુત મહેતા કિ, રા. ૮ + ૮ = રૂ. ૧૬

* **સોટી અને પોઠી ભાગ ૧/૨/૩**
લે. ધનંજય શાહ દરેકની કિ. રા. ૭–૫૦

બ્રજ ભાષામાં

વર્ષા – વૈભવ

પ્રવીણચંદ્ર જી. રૂપારેલ

બ્રજભાષા આમ છે તો હિંદી ભાષાના વિકાસક્રાળની એક અવાન્તર કડી; છતાં હિંદીના અર્વાચીન કાળ સુધીમાં એણે એને ગજબની સમૃદ્ધિ સમર્પી છે. બ્રજ ભાષાના આવા અનેરા વિકાસનું મૂળ પ્રેરકબળ છે કૃષ્ણભક્તિ, જેને લઈને એના સાહિત્યમાં ભક્તિ ને શૃંગારનો અદ્‌ભુત સમન્વય સધાયો છે. આ ભાવોને પ્રકૃતિની વિશેષતાઓમાં વણી લેતી એની રચનાઓમાં પણ ઋતુ સૌંદર્ય તો બ્રજ સાહિત્યનું આગવું પાસું છે જ!–ને એમાં યે વર્ષા-વર્ણનમાં છલકાતો એનો વૈભવ તો સારા યે ભારતીય સાહિત્યમાં અનોખું સ્થાન ધરાવે છે.

એમાં, ઉત્તુંગ કલ્પનાને પણ કવિ રસરાજ કેવી સહજ રીતે વ્યક્ત કરે છે,–જુઓ :

સાવન સઘન ઘન, બરસત સઘન બૂંદ
ચહૂં ઓર નાલ, તાલ, ખાલ સબ ભર ગયે,
ઝિલ્લી ઝંકાર, પિક દાદુર પુકાર
હંસ-મોર કલકંકારન ઉદાર છબ ભર ગયે;
હરિ હરિ ભુમ્મિ પર ઇન્દ્રવધૂ ફૈલ ઉઠી
ઉપમા હૈ તાકિ 'રસરાજ' ચિત્ત હર ગયે,
સબ જ બનાત પર માનો મૈન જૌહરી કી
ગાંઠતે ઉછટ પૂંજ મોતક બિખર ગયે!

શ્રાવણના સઘન વાદળોની હેલીએ, ચારે તરફનાં નાળાં, તળાવો ને ખાબોચિયાં ઊભરાવી દીધાં છે, તમારાં, કોયલ, દેડકાં, હંસ, અને મોરનાં ઉલ્લાસભર્યાં સ્વરથી વાતાવરણ ભર્યું ભર્યું થયું છે, ઇન્દ્રવધૂ એટલે વર્ષા-ઋતુમાં નીકળી પડતાં ઘેરા લાલ રંગના જીવ-આપણી ગોકળગાય જ સમજો ને! લીલીછમ્મ ભૂમિ પર બધે આવી લાલચટક ઇન્દ્રવધૂ ફેલાઈ ગઈ છે! આ દૃશ્ય કેવું લાગે છે? આ તો જાણે લીલીછમ જાજમ પર મૈન-એટલે કે કામદેવ રૂપી ઝવેરીની ઓટીમાંથી-કમર પરની ગાંઠમાંથી–મોતીકના ઢગલે ઢગલા વેરાઈ પડ્યા છે ને શું?

મિલનની આરત જગાડતી વર્ષા, વિરહીજનો માટે કેવી વ્યથારૂપ થઈ પડે છે–

શ્યામ ઘટા ઉત હૈ, અલકૈ ઇત,
ચાપ, ઇતૈ ભ્રુવ અંક ધરી,
ઉત દામિની, દંત ઇતૈ દમકૈ,
અગ પાંતિ ઉતૈ, ઇત મોતી લરી;
ઉત ચાતક પીઉ હી પીઉ રટૈ,
બિસરૈ ન ઇતૈ પીઉ એક ઘરી,
ઉત બૂંદ અખંડ ઇતૈ અંસુઆં,
બરસાબિરહીન સોં હોડ પરી!

આકાશમાં શ્યામ ઘટા ઘેરાઈ છે ને અહીં ગોરીના કાળા ભમ્મર કેશની લટો વિખરાઈ છે; ત્યાં મેઘધનુષ ખેંચાયું છે ને અહીં ગોરીના ભ્રુ-ભંગની ભંકિમા પણ કંઈ ફિક્કી નથી! ત્યાં દમકતી દામિની–એટલે કે વીજળી ચમકે છે તો અહીં છે ગોરીની ઉજ્જવલ ધવલ દંતાવલિ; ત્યાં બગલાઓની હાર ઊડતી દેખાય છે તો અહીં પાણીદાર મોતીને સેર ઝુલે છે; ત્યાં ચાતકનું 'પિયુ'નું સતત રટણ છે તો અહીં? અહીં તો 'પિયુ'ની પળભર માટે પણ વિસ્મૃતિ નથી! ત્યાં સતત વર્ષાની વારિધારા છે ને અહીં સતત વહેતી અશ્રુધારા છે; વર્ષા ને વિરહિણીમાં દેખાતા આ બાહ્ય સાદૃશ્ય છતાં અનુભૂતિની ભિન્નતા કેવા સચોટ ભાવ સર્જે છે! વર્ષાની વિરહિણી જોઈને આ તે કેવી અજબ હોડ છે!

કૃષ્ણ વિરહમાં ઝુરતી ગોપીઓને સમજાવવા એમના મનનું સમાધાન કરવા આવેલા ઉદ્ધવ, વર્ષામાં અનુભવાતી ગોપીઓની ઊંડી અકળામણ શી રીતે સમજે? કવિ પદ્માકર ગોપીઓને મુખે, એને કહે છે.

બરસત મેહ, નેહ સરસત અંગ અંગ
જરસત દેહ, જૈસે જરત જવાસો હૈ;
કહે પદ્માકર, કાલિન્દી કે કદમ્બન પૈ
મધુપન કિયો આય, મહદ મવાસો હૈ;
ઉધૌ! યે ઉધમ બતાય દીજે, મોહન કો
બ્રજ સો સુવાસો, ભયો અગન અવા-સો હૈ;
પાતકી પપિહા, જલપાન કૌ ન પ્યાસૌ
કાહૂ બિથિત બિયોગિન કે પ્રાનન કો પ્યાસૌ હૈ!

મેહુલો વરસે છે ને અંગેઅંગમાં કામના ઊભરાય છે; 'જવાસો' એક છોડનું નામ છે; એ ઉનાળામાં લીલોછમ રહે છે ને વરસાદ પડતાં જ બળી જાય છે. વિયોગિની પણ આ જવાસાની જેમ, વર્ષાની હેલીઓ વચ્ચે પણ જાણે અગ્નિસ્નાન કરી રહી છે. કાલિન્દી નદીને કિનારે ઊભેલાં કદમ્બ વૃક્ષોને મધુકર એટલે કે ભમરા વીંટળાઈ વળ્યાં છે. આવું ભર્યું ભર્યું વાતાવરણ છે, છતાં ઉદ્ધવ! અમારી અહીંની અકળામણની વાત કનૈયાને જણાવીને કહેજો કે એક વખતનું સુખદાયક બ્રજ–તમારા વિરહમાં–આજે તો અમારે માટે અગ્નિની ભઠ્ઠી જેવું થઈ પડ્યું છે! અહીં વર્ષામાં 'પિયુ-પિયુ' પોકારતો પાપી પપૈયો કંઈ પાણીનો તરસ્યો નથી, પણ કોઈ વ્યથિત વિયોગિનીના પ્રાણનો તરસ્યો છે, જે 'પિયુ-પિયુ' પોકારી, સતત પ્રિયતમની યાદ અપાવી, વિ-રહિણીનો પ્રાણ ચૂસી રહ્યો છે.

અને આ છે, મેઘદૂતની શ્લોક માળા જોડે સહેજે સમાન પટ્ટે સ્થાન પામી શકે તેવી, કવિ ઘનાનંદની રચના–

પરકાજ હિ દેહકાં ધારૈ ફિરૌ
'પરજન્ય' જથારથ હૈ દરસૌ,
નિધિ-નીર સુધા કે સમાન કરૌ
સબ હી બિધિ સજ્જનતા સરસૌ;
ઘન આનંદ! જીવન-દાયક હૈ
કછુ મેરી ઔ પીર હિયૈં પરસૌ,
કબહૂ વા બિસાસી 'સુજ્જન' કે આંગન
મોં અંસુવાનિ કો લૈ બરસૌ!

પરકાજ–એટલે કે અન્યને કાજે દેહ ધારણ કરનારા ઓ વાદળ! તારું 'પરજન્ય' નામ ખરેખર સાર્થક છે ('પરજન્ય'–એટલે બીજાને માટે) સાગરનું ખારું પાણી લઈને પણ તું એને અમૃત જેવું મીઠું કરીને વરસાવે છે. આમ, સજ્જનતાના સર્વગુણો ધરાવનાર ઓ જીવન દાયક! 'જીવન' શબ્દ પરનો શ્લેષ અહીં ધ્યાનમાં લેવાનો છે. 'જીવન' એટલે પાણી ને 'જીવન' એટલે પ્રાણ-બંને થાય! આમ, આમ જીવનદાયક એટલે પાણી

આપનાર વાદળ, એ 'જીવન' એટલે કે પ્રાણનો પણ આધાર છે ને! પાણી ન હોય તો પ્રાણ શી રીતે ટકે? એટલે કવિ 'ઘનાનંદ' કહે છે હે જીવનદાયક, હે પ્રાણાધાર! તને મારા હૈયાની વ્યથા જરા જેટલી યે સ્પર્શતી હોય તો, વિરહ વ્યથાનાં આ મારાં આંસુ લઇ, મારી વિયોગિની પ્રિયતમાને આંગણે-અલબત્ત, મીઠાં કરીને-એકવાર તો વરસાવી આવ! 'સુજ્જન' એમની પ્રિયતમાનું નામ છે.

દરિયાનાં ખારાં પાણી, મીઠાં કરી અન્યત્ર વરસાવનાર વાદળને પોતાનાં વ્યથા સભર ખારાં આંસુ પણ મીઠાં કરી, પ્રિયતમાને જરાય દુઃખ ન પહોંચે એ રીતે પોતાની મીઠડી યાદ અપાવવાની આ આરઝુ કેવી મુગ્ધકર છે!

વર્ષાની ઊંડી ને અચૂક અસરની પ્રતીતિ કવિ પ્રતાપ નારાયણ અહીં કેવી સચોટ રીતે રજૂ કરે છે, જુઓ–

અનિ બૈઠી હૈ માન કી મૂરતિ-સી
મુખ ખોલત બોલે ન 'નાહી' ન 'હાં'!
તુમ હિ મનુહારિ કૈ હારિ પરૈ
સખિયાન કી કૌન ચલાઇ તહાં
બરખા હૈ, પ્રતાપજૂ ધીર ધરૌ,
અબ લૌં મન કૌં સમુઝાયો જહાં
પલ ધ્યારિ તબૈ બદલૈગી કછૂ,
પપીહા જબ પૂછિ હૈ-'પીવ કહાં?'

રિસાયેલી રાધાને મનાવવા કનૈયાએ ઘણા પ્રયત્નો કર્યા, પણ વ્યર્થ! આખરે એમણે એક ગોપી દૂતીને મોકલી. દૂતીએ પાછા આવીને કહ્યું–રાધા તો જાણે મૂર્તિમંત રિસાણું થઇને બેઠી છે. 'ના' કે 'હા' કહેવા જેટલું યે મોં ખોલાતી જ નથી ને! કનૈયા! તમે જ એને મનાવી લેવામાં જ્યાં પાછા પડ્યા છો, ત્યાં અમારું સખીઓનું તો કયાંથી જ કંઇ ઉપજે! એમ કરો–અત્યાર સુધી મન મનાવીને રાહ જોઇ જ છે, તો થોડી વધુ વાર ધીરજ ધરો! વરસાદ આવવા દો ને! વરસાદ આવશે ને બપૈયો 'પિયુ-પિયુ' પોકારવા માંડશે કે તરત જ એના મગજમાં ભરાયેલી હવા (બ્યારી એટલે હવા) નીકળી જશે-ને એ જતે જ, સામેથી તમારી પાસે દોડી આવશે!

વ્રજ ભાષાનાં વર્ષા-વર્ણનોમાં વિરહી જનોની વ્યથા જ વર્ણાઇ છે એવું નથી. સંયોગીજનોનાં સુખસુહાગનાં મનહર ને મનભર ચિત્રોનું પણ એમાં સુરેખ આલેખન થયું છે.

કવિ રઘુરાજનું આવું એક ચિત્ર જોઇએ–

બરસ્પરને રિઝવવા કાજે, બનીઠનીને બંને યમુના નદીને તીરે જઇને બેઠાં! હસી હસીને વાતો કરતાં કોકિલના કૂજનમાં મન પરોવાયું; ત્યાં તો-

એ તે રઘુરાજ ઘનઘટા ઘહરાય આઇ
બરસન લાગ્યો નન્હીં બૂંદન કે ઠટ સોં;
જો લૌં પ્યારી પ્યારૌ, કો ઉઢાયો યહિ પીત પટ
તો લૌં પ્યારી પ્યારૌ ઢાંપ લીન્હોં નીલ પટ સોં!

ત્યાં તો અચાનક ઘૂંઘવતી ઘનઘટા આકાશમાં છવાઇ ગઈ ને ઝરમર ઝરમર મેહુલો વરસવા લાગ્યો; પ્રિયતમ પ્રિયતમાને પોતાનું પીળા રંગનું વસ્ત્ર ઓઢાવવા ગયા એટલામાં તો યે પ્રિયતમાએ પોતાના નીલરંગી વસ્ત્ર હેઠળ પિયુને ઢાંકી સોડમાં લઇ લીધો! કેવી રોમાંચક ક્ષણો સર્જાઇ ગઇ!

વ્રજ ભાષાના વર્ષા-વૈભવનાં આ તો થોડાં છાંટણાં જ થયાં! એની હેલી માણવી હોય તો એનો વધુ નિકટનો પરિચય આપવો જ રહ્યો!

'તુમ સભ્ય જંગલી હો'

❀ ગુલાબ દેઢિયા

ગઈ કાલે સાંજે તો ઓર મજા આવી ગઇ. ત્રણ દિવસથી વરસતા વરસાદની સાથે સૂર્ય-પ્રકાશે પણ જુગલબંદી કરી, અચાનક જ વાદળ વચ્ચેથી સૂર્યે ડોકિયું કર્યું અને પછી પશ્ચિમ બારીએથી એ ખસ્યો જ નહિ. એક તરફ સૂર્ય-પ્રકાશ અને બીજી તરફ ધારે ધારે વર્ષા. બચપણમાં આવા વરસાદને અમે 'આંધળો વરસાદ' કહેતા, એટલા માટે કે, સૂર્યની હાજરીમાં તે વરસાતું હશે! તો પછી ઘનઘોર મેઘાડંબરનું શું? વરસાદે આ વખતે એક શરત કરી હતી, પ્રકાશવા દઉં પણ ઉગ્રતા વગર. ઉનાળામાં ખૂબ તાપ વરસાવી ચૂકેલ સૂર્યે હા ભણી હતી. પ્રકાશમાં શીતળતા હતી પણ ચાંદની જેવી ઘનતા નહોતી.

વૃક્ષો આ નવો તાલ જોઇ મરકતાં હતાં. નાહ્યાનું પુણ્ય કમાઇ ચૂકેલા કાગડાઓ ટી. વી. એન્ટેના પર બેસી વાતે વળ્યા હતા. સાંજનાં સૂર્યકિરણોને રોજ સામેના ઊંચા મકાનની બારીઓ હોંકારો દેતી હોય જ્યારે આજે રથળે રથળે ભરાયેલ પાણીએ પ્રતિસાદ આપી અજવાળું વધારી દીધું હતું.

સવારે શહેર હજી એના સ્વરૂપમાં આવ્યું ન હતું. રસ્તાઓ પર અવરજવર મંદ હતી. રાતે વીડિયો જોવાનો થાક આંખમાં આંજી બાળકો શાળાએ જતાં હતાં.

રસ્તાના ખૂણા પરના એક વૃક્ષની ઝુકી આવેલી ડાળીને વરસતા વરસાદમાં મ્યુનિસિપાલિટીવાળા કાપી રહ્યા હતા. કુટલીય આંખો એ જોયું ન જોયું કરી નજર ફેરવી લેતી હતી. નગરમાં વૃક્ષહત્યા હવે પાપ નથી.

એ માણસો રસ્તાની સંભાળ રાખવા વૃક્ષોને કહે છે, વૃક્ષારોપણ કે વૃક્ષસંવર્ધન એમની ફરજ કે એમના સ્વભાવમાં નથી.

એ ઝુકી ગયેલી શાખા પર હજી પીળાં ફૂલો ખિલ ખિલ હસી રહ્યાં હતાં કદાચ...એમને પેલી વાતની ખબર ન હોય અને કદાચ ખબર હોય પણ ખરી તેથી શું? ભલે વિચ્છેદ થયો, તેથી સ્વભાવ કંઇ બદલાય. એ રિમતમાં જીવનનો સંદેશ હતો. કોઇ કુહાડી એને મોતનો ઘાટ ઉતારી શકે તેમ ન હતી.

ચાર વર્ષના દીકરાને અડધી ઊંઘમાં જ બાલમંદિર ભણી લઇ જતો હતો. વરસતા વરસાદની વાત કરવાને બદલે મોઢું થશે એ ભય સામો કરી હું એને જલદી પગ ઉપાડવા સમજાવી રહ્યો હતો. બાળકને નવા રેઇનકોટથી ખુશી મળી ગઇ હતી.

એ કચવાતે મને પોતાના વર્ગમાં દાખલ થાય છે. થોડાં બાળકો આવી ગયાં છે. બાલમંદિરની શિક્ષિકા સવારમાં જ કશાક કાગળોમાં ખૂંપી ગઇ છે. બાળક બારણાં તરફ નજર ફેરવી ફેરવીને પ્રવેશે છે. હું બહારની બારીમાંથી ઊંચો થઇ બાળકોની પીઠ જોઇ રહું છું. મને થયું સવારે બાળકોને આવકારવા શિક્ષિકા બારણે ઊભી હોય તો કેવું સારું! કોઇક બાળકને પ્રેમથી તેડી લે તો!

પછી થયું આ બધું વધુ પડતું કહેવાય. આમેય આવકાર હવે ઓર હોસ્ટેસ અને રિસેપ્શનિસ્ટના રિમત પૂરતો મર્યાદિત થઇ ગયો છે.

દીકરાને મનોમન વિદાય આપી હું બારી પાસેથી ખસતો હતો ત્યાં શિક્ષિકાનો ઊંચો સાદ સંભળાયો. 'તુમ સભ્ય જંગલી હો, કલાસમેં ગુડ મોનિંગ ટીચર કહોં નહિ બોલતે.'

બાળકો શું બોલે?

શબ્દોના આઘાતની કળ વળતાં થયું, એણે જો જંગલીને બદલે 'તુમ સભ્ય નાગરિક હો' એમ કહ્યું હોત તો ઠીક થાત.

જંગલી હોત તો તો સારું થાત! વર્ષા ઋતુમાં વૃક્ષોનો ઉચ્છેદ ન કરત અને ખુશનુમા સવારે બાળકો સાથે તોછડાઇથી વર્તાવ ન કરત.

(પૃષ્ઠ ૪૪ થી ચાલુ)

સ્વ. પૂ. આત્મારામજી મહારાજ

વિ. સં. ૧૯૩૨માં સંવેગી દીક્ષા ધારણ કર્યા પછી એક ચાતુર્માસ એમણે ભાવનગરમાં કર્યું. ત્યાર પછી તેમણે રાજસ્થાનમાં જોધપુરમાં ચોમાસુ કરી પંજાબ તરફ વિહાર કર્યો. વિહારમાં એમને ઘણી તકલીફ પડતી, વિરોધીઓ તરફથી ઉપદ્રવ થતા, પરંતુ તેઓ હંમેશા સમતાભાવ રાખતા. પાંચ વર્ષ પંજાબમાં લુધિયાના, ઝંડિયાલાગુરુ, ગુજરાંનવાલા, હોંશિયારપુર અને અંબાલામાં ચતુર્માસ કરી એમણે સનાતન શુદ્ધ જૈન ધર્મનો ડંકો વગાડ્યો.

પંજાબમાં પાંચ વર્ષ વિચર્યા પછી આત્મારામજી મહારાજે ગુજરાતમાં અમદાવાદ, સૂરત, પાલીતાણા, રાધનપુર અને મહેસાણામાં ચાતુર્માસ કર્યા: આ વખતના એમના આગમનથી આ પ્રખર મેધાવી પંજાબી જૈનાચાર્યને નજરે નિહાળવા અને એમની ઉપદેશ – વાણી સાંભળવા ગામેગામ હજારો લોકો એકત્રિત થતાં. ઠેર ઠેર બહુ મોટા પાયા ઉપર એમનું શાનદાર સ્વાગત થતું. સંઘના, મહાજનના આગેવાનો પાંચ દસ માઇલ સામે પગે ચાલીને એમનું સ્વાગત કરવા જતા. પાલીતાણામાં એમને આચાર્યની પદવી આપવામાં આવી ત્યારે પ્રવાસનાં અલ્પતમ સાધનોના એ જમાનામાં ગુજરાત, રાજસ્થાન અને પંજાબમાંથી પાંત્રીસ હજારથી વધુ માણસો એકત્ર થયા હતા.

પાંચ વર્ષ ગુજરાતમાં વિચર્યા પછી આત્મારામજીએ રાજસ્થાનમાં જોધપુરમાં ચોમાસુ કર્યું. ત્યાંથી ફરી પાછા પંજાબ પધાર્યા. અમદાવાદના શ્રેષ્ઠિઓ સાથે વાત થઈ હતી તે મુજબ પૂ. મહારાજશ્રીની ભાવના અનુસાર આણંદજી કલ્યાણજીની પેઢીએ અમદાવાદથી અને પાલીતાણાથી દોઢસોથી વધુ જિનપ્રતિમાઓ પંજાબનાં જિન મંદિરોના નિર્માણ માટે મોકલી આપી પંજાબનાં કેટલાંક મુખ્ય નગરોમાં એમના હસ્તે જિન પ્રતિમાની પ્રતિષ્ઠા થઇ. પંજાબમાં આનંદોલ્લાસનું એક મોજું ફરી વળ્યું.

વિ. સ. ૧૯૪૭ થી ૧૯૫૩ સુધીનાં સાત વર્ષમાં પંજાબમાં તેઓ વિચર્યા અને લોકોના ધાર્મિક તેમજ સામાજિક જીવનમાં ઘણી જાગૃતિ આણી. આત્મારામજી ઉદાર દૃષ્ટિના હતા, સર્વ જીવો પ્રત્યે સમભાવ ધારણ કરનારા હતા. એટલે એમણે પંજાબમાં મૂર્તિપૂજક અને સ્થાનકવાસી સમુદાય વચ્ચેના વિખવાદને દૂર કર્યો. એટલું જ નહિ જૈન, હિન્દુ, મુસલમાન અને શીખ એ ચારે ધર્મના લોકો વચ્ચે પણ પ્રેમ અને બંધુત્વ, સંપ અને સહકારની ભાવના ઠેરઠેર વિકસાવી. પરિણામે એમના ભક્તજનોમાં માત્ર જૈનો જ હતા. હિન્દુ, મુસલમાન અને શીખ કોમના કેટલાય માણસો એમના ચુસ્ત અનુયાયી બન્યા હતા.

પંજાબ અને રાજસ્થાનમાં એ દિવસોમાં જૈન સાધુઓ કરતાં જૈન યતિઓનું જોર ઘણું મોટું હતું. ગ્રહસ્થાશ્રમી યતિઓ જુદાં જુદાં રાજ્યોમાં આશ્રય પામવાને કારણે જ્યોતિષ, આયુર્વેદ, મંત્ર-તંત્ર ઇત્યાદિ વડે રાજાઓના મન જીતી લઇને એમની પાસે ઘાયું કરાવતા. કેટલાક નગરોમાં યતિઓની આજ્ઞા વગર સાધુઓથી ચાતુર્માસ થઇ શકતું નહિ. યતિઓના નિવાસસ્થાન પાસેથી પસાર થતાં સાધુઓએ યતિઓને વંદન કરવા જવું પડતું. સામૈયા કે ઉજમણાના પ્રસંગો માટે પણ યતિઓની આજ્ઞા મેળવવી પડતી અથવા રાજની આજ્ઞા યતિઓની સમ્મતિ મળ્યા પછી જ મળતી. આત્મારામજી મહારાજે પોતાની પ્રકાંડ વિદ્વત્તાથી, નીડરતાથી, લોકોના પ્રેમભર્યા સહકારથી; અને રાજાઓની સમ્મતિથી યતિઓનો સામનો કરી એમનું જોર ઘણું નરમ કરી નાખ્યું હતું. સાધુઓને માથે ચડી બેઠેલી યતિ-સંસ્થાના પાયા આત્મારામજીએ હચમચાવી નાખ્યા હતા. આ પણ એમની જેવી તેવી સિદ્ધિ નહોતી.

આત્મારામજી મહારાજનો વિનયનો ગુણ કેટલો મોટો હતો. તે વિષે ભાવનગરના તે સમયના સુપ્રતિષ્ઠિત ધર્માનુરાગી શ્રાવક શ્રી કુંવરજી આણંદજી કાપડિયાએ ત્રણેક પ્રસંગો નોંધ્યા છે. બુટેરામજી મહારાજ પાસે સંવેગી દીક્ષા લેતી વખતે બુટેરાયજીના શિષ્ય મૂલચંદજી મહારાજના શિષ્ય થવાની ઇચ્છા આત્મારામજીએ વ્યક્ત કરી. પરંતુ મૂલચંદજી મહારાજનો પણ વિનય ગુણ એટલો મોટો હતો. આત્મારામજી બુટેરાયજીના જ શિષ્ય થાય તે વધુ યોગ્ય છે એવો આગ્રહ એમણે રાખ્યો હતો. આથી મૂલચંદજી મહારાજ એમના ગુરુ નહિ પણ વડીલ ગુરુબંધુ થયા. પંજાબમાં પોતાની તબિયત બગડી તે વખતે આત્મારામજીને બેશુદ્ધ અવસ્થામાં લુધિયાનાથી અંબાલા લઇ જવામાં આવ્યા ત્યારે શુદ્ધિ આવતાં તેમણે શાસ્ત્રજ્ઞાતા હોવા છતાં, મૂલચંદજી મહારાજને પત્ર લખીને એમની પાસે આલોયણા મંગાવી.

બીજો પ્રસંગ ગુરુબંધુ વૃદ્ધિચંદ્રજી મહારાજ સાથેનો છે. શારીરિક અશક્તિને કારણે વૃદ્ધિચંદ્રજી ભાવનગરમાં સ્થિરવાસ કરીને રહ્યા હતા. ત્યારે તેમને મળવા, વંદન કરવા આત્મારામજી ગયા હતા. તે સમયે તેઓ પોતે પાટ ઉપર બેઠા નહિ. સામે નીચે બેસી ગયા. પરંતુ વૃદ્ધિચંદ્રજીએ આજ્ઞા કરી ત્યારે જ પાટ ઉપર બેઠા અને એમની આજ્ઞા થતાં તેમણે લોકોને માંગલિક સંભળાવ્યું.

આત્મારામજીના વિનય ગુણના પ્રસંગો એમના શિષ્યો–પ્રશિષ્યોએ પણ નોંધ્યા છે. પોતાનાથી દીક્ષા પર્યાયમાં જે કોઇ મોટા હોય (પછી ભલે પદવીમાં નાના હોય) તો પણ આત્મારામજીએ તેમને વંદન કરતા. સામી વ્યક્તિ વંદન કરવાને ના પાડે તો પણ પોતે વંદન કર્યા વગર રહેતા નહિ. આત્મારામજી મહારાજ સમયપાલનના ચુસ્ત આગ્રહી હતા. સાઠ વર્ષના જીવનકાળમાં તેઓ આટલું બધું કાર્ય કરી શકયા તેનું કારણ એમણે એક પળ પણ નકામી જવા દીધી નહિ તે છે, સ્વ. સુરચંદ્ર બદામીએ સુરતના ચાતુર્માસના સમયનો એક પ્રસંગ વર્ણવતાં લખ્યું છે કે સંવત્સરી પ્રતિક્રમણ નિર્ધારિત સમયે ચાલુ કરવામાં વિલંબ થતાં મહારાજશ્રીએ સંઘના આગેવાનોને કહી દીધું કે હવે જો મોડું થશે તો અમે અમારું પ્રતિક્રમણ કરી લઇશું. તમે તમારું પ્રતિક્રમણ તમારી મેળે કરી લેજો.' મહારાજશ્રીની આ ચેતવણી પછી પ્રતિક્રમણ રોજ નિશ્ચિત સમયે જ ચાલુ થઈ જતું.

પૂ. મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજીની શિષ્યા પૂ. સાધ્વીશ્રીજી સુવ્રતાશ્રીજીએ આત્મારામજી મહારાજ વિષે કહેલો આ એક પ્રસંગ પણ સરસ છે. આત્મારામજી એક સરદાર યોદ્ધાના પુત્ર હતા. એટલે એમનો દેહ કદાવર, સશક્ત, ખડતલ, ઊંચો, ભરાવદાર હતો. દેખાવે તેઓ પહેલવાન જેવા, મલ્લ જેવા લાગતા હતા. એક વખત તેઓ એક ગામમાં કોઇ એક અખાડા પાસેથી પસાર થતા હતા ત્યારે તેમને જોઇને એક કુસ્તીબાજે બીજા કુસ્તીબાજને કહ્યું, 'આજે આપણા અખાડા તરફ આ

કોઈ એક નવો કુસ્તીબાજ આવી રહ્યો છે,' આત્મારામજીએ એ મજાક સાંભળી. તેઓ પણ નિર્દોષ મજાક કરવામાં નિપુણ હતા. એમણે હસતાં એને કહ્યું, 'ભાઈ, હું કુસ્તીબાજ છું એ વાત સાચી છે. પરંતુ હું દેહ સાથે નહિં, પણ ઇન્દ્રિયો સાથે કુસ્તી લડી રહ્યો છું, અને તેમાં વિજય મેળવવાની મારી આકાંક્ષા છે. સાચી કુસ્તી એ છે.'

આત્મારામજીનો જવાબ સાંભળી પેલો કુસ્તીબાજ શરમિંદો બની ગયો.

ઇ. સ. ૧૮૯૩માં અમેરિકાના ચિકાગો (શિકાગો) શહેરમાં વિશ્વ ધર્મ પરિષદ ભરાવાની હતી. એમાં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે ભાગ લેવાને આત્મારામજી મહારાજને નિમંત્રણ મળ્યું હતું. કારણ કે તેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા થયા હતા. પરંતુ જૈન સાધુઓ સમુદ્ર પાર જતા ન હોવાથી આત્મારામજી મહારાજે એ પરિષદમાં મોકલવા માટે મહુવાના યુવાન બૅરિસ્ટર શ્રી વીરચંદ રાઘવજી ગાંધીને તૈયાર કર્યા. વીરચંદ રાઘવજીએ પરિષદમાં મહત્ત્વનો ભાગ લીધો, એટલું જ નહિ અમેરિકામાં બીજાં અનેક સ્થળોએ જૈન ધર્મ વિષે મનનીય વ્યાખ્યાનો આપ્યાં.

શિકાગો પરિષદ નિમિત્તે 'શિકાગો પ્રશ્નોત્તર' નામનો ગ્રન્થ આત્મારામજીએ તૈયાર કર્યો હતો. અને એમાં ઈશ્વર સંબંધી જૈન ધર્મની માન્યતા બીજા ધર્મોની માન્યતા કરતાં કેવી રીતે અને શા માટે જુદી પડે છે તે સમર્થ દલીલો સાથે સમજાવ્યું છે.

પૂ. આત્મારામજી મહારાજના સમયમાં એમના જેટલો શાસ્ત્રાભ્યાસ અને એમના જેટલી વિદ્વત્તા અને તર્કપટુતા ભાગ્યે જ કોઈની હશે. જૈન, હિંદુ વગેરે ગ્રન્થોના હજારો શ્લોક એમને કંઠસ્થ હતા. પાશ્ચાત્ય વિદ્વાનો પણ જૈન ધર્મ વિષે કંઈ જાણવું હોય તો અથવા કંઈ શંકાનું સમાધાન મેળવવું હોય તો એમની પાસે આવતા. રૂડોલ્ફ હર્નલ નામના પાશ્ચાત્ય વિદ્વાને પોતાનો ગ્રન્થ આત્મારામજી મહારાજને અર્પણ કર્યો છે અને એની અર્પણ પત્રિકા સંસ્કૃત ભાષામાં શ્લોક રચના કરીને મૂકી છે.

આત્મારામજી મહારાજે સંવેગી દીક્ષા લીધા પછી પંજાબમાં જુદે જુદે સ્થળે જે વિહાર કર્યો અને શુદ્ધ સનાતન જૈન ધર્મનો બોધ આપ્યો તેના પરિણામે પંજાબના જૈનોમાં મૂર્તિપૂજનનો વિરોધ ઘણો ઘટી ગયો. સ્થાનકવાસી અને મૂર્તિપૂજક સમુદાય વચ્ચે સુમેળ સ્થપાયો. તે સમયે રાજસ્થાનમાં આર્ય સમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતી પધાર્યા હતા. કેટલાક લોકો એમ ઇચ્છતા હતા કે સમકાલીન, સમવયસ્ક જેવા, દેખાવે પણ એક બીજાને મળતા આવે તેવા આ બંને મહાપુરુષો એકબીજાને મળે તો સારું. આત્મારામજીએ દયાનંદ સરસ્વતીને જોધપુરમાં મળવાનો સમય આપ્યો. તેઓ વિહાર કરીને જોધપુર પહોંચ્યા, પરંતુ ત્યાં તો સમાચાર આવ્યા કે દયાનંદ સરસ્વતીનું અકાળ અવસાન થયું છે. આમ આ બંને મહાપુરુષો મળવાની ઇચ્છા હોવા છતાં એક બીજાને મળી શકયા નહિ. જૈન ધર્મ ઉપરાંત હિન્દુ ધર્મશાસ્ત્રોમાં પણ પારંગત એવા આત્મારામજીને દયાનંદ સરસ્વતી મળ્યા હોત તો કદાચ કંઈક જુદું જ પરિણામ આવ્યું હોત.

આત્મારામજી મહારાજે પંજાબ, રાજસ્થાન અને ગુજરાતમાં ઉગ્ર વિહાર કર્યો. વ્યાખ્યાન પ્રવૃત્તિ ઉપરાંત અનેક ધાર્મિક, સામાજિક પ્રવૃત્તિઓ થતી. અનેક વ્યકિતઓ વંદન, દર્શન કે મુલાકાત માટે આવતી. પોતાની દૈનિક ધાર્મિક ક્રિયાઓ કરવા ઉપરાંત અને પોતાના શિષ્યોને રોજ નિયમિત તેઓ શાસ્ત્રાભ્યાસ કરાવતા. શિષ્યોને પણ સંસ્કૃત ભાષામાં એટલા સરસ તૈયાર કર્યા હતા કે કેટલીક વખત તેઓ બધા સંસ્કૃતમાં જ ચર્ચા કરતા. આટલી બધી પ્રવૃત્તિઓ છતાં તેઓ સમય કાઢીને પોતાનું લેખન કાર્ય પણ કરતા રહ્યા હતા. સંસ્કૃત અને અર્ધમાગધી ભાષા ઉપર એમનું એવું અસાધારણ પ્રભુત્વ હતું કે પોતે ધાર્યું હોત તો પોતાના બધા ગ્રન્થો સંસ્કૃત કે અર્ધમાગધી પ્રાકૃતમાં લખી શકયા હોત. પરંતુ પોતાના વિચારોને લોકો સુધી પહોંચાડવાની ભાવનાને લક્ષમાં રાખી એમણે પોતાના ગ્રન્થો હિન્દી ભાષામાં લખ્યા હતા.

એમણે લખેલા ગ્રન્થો આ પ્રમાણે છે: જૈન તત્ત્વાદર્શ, અજ્ઞાનતિમિરભાસ્કર, તત્ત્વનિર્ણયપ્રાસાદ, સમ્યકત્વશલ્યોદ્ધાર, શ્રી ધર્મવિષયક પ્રશ્નોત્તર, નવતત્ત્વ તથા ઉપદેશ બાવની, જૈન મતવૃક્ષ, ચિકાગો પ્રશ્નોત્તર, જૈન મતકા સ્વરૂપ, ઇસાઇમત સમીક્ષા, ચતુર્થસ્તુતિનિર્ણય: ભા. ૧લો અને ૨જો. આ ઉપરાંત તેઓએ સ્નાત્રપૂજા, અષ્ટપ્રકારી પૂજા, વીશસ્થાનક પદ પૂજા, સત્તરભેદી પૂજા, નવપદ પૂજા તેમ જ સંખ્યાબંધ સ્તવનો, પદો અને સજ્ઝાયોની રચના કરી છે.

આ બધા ગ્રન્થોમાં એમણે જૈનધર્મ અને તત્ત્વદર્શનનાં વિવિધ પાસાંઓની ઘણી વિગતે છણાવટ કરી છે. 'જૈન તત્ત્વાદર્શ' નામનો એમનો માત્ર એક દળદાર ગ્રન્થ વાંચીએ તો પણ જૈનધર્મનો સમગ્ર સાર એમાં આવી ગયેલો જણાશે. આત્મારામજી મહારાજે જૈન ધર્મની અન્ય ધર્મો સાથે પણ તટસ્થ, તુલનાત્મક સમીક્ષા કરીને જૈન ધર્મની વિશેષતા શી છે તે દર્શાવી છે. 'સમ્યકત્વ શલ્યોદ્ધાર' નામના ગ્રન્થમાં જૈન ધર્મ મૂર્તિપૂજામાં શા માટે માને છે તે એમણે આગમગ્રન્થો અને ઇતિહાસમાંથી પુરાવા આપી સિદ્ધ કરી બતાવ્યું છે. તેઓ કવિ હતા, એટલે એમણે વિવિધ પૂજાઓ અને સ્તવનોની રચના હિન્દી ભાષામાં કાવ્યમાં કરી છે. આ પ્રકારનું પૂજા-સાહિત્ય હિન્દી ભાષામાં સૌ પ્રથમ તેમના તરફથી આપણને સાંપડે છે. આત્મારામજી મહારાજે જે સાહિત્યનું નિર્માણ કર્યું છે તે સાહિત્ય દ્વારા પણ તેમણે જૈનશાસનની બજાવેલી અનન્ય સેવાની સુવાસ અનેક વર્ષો સુધી મહેકતી રહેશે.

આત્મારામજી પંજાબમાં વિચરતા હતા. હવે તેમની ઇચ્છા રાજસ્થાન અને ગુજરાત તરફ વિચરવાની હતી. પરંતુ વિ. સં. ૧૯૫૩નું ચાતુર્માસ ગુજરાનવાલા (જે હાલ પાકિસ્તાનમાં છે)માં નકકી થયું હતું. તેઓ વિહાર કરતાં ગુજરાનવાલા આવી પહોંચ્યા. પરંતુ માર્ગમાં એમની તબિયત બગડવા લાગી હતી. પહેલાં જેટલો ઉગ્ર વિહાર એમનાથી હવે થતો ન હતો. તરત થાક લાગી જતો; હાંફ ચઢતો. ગુજરાનવાળામાં ૧૯૫૩ના જેઠ સુદી સાતમના રોજ સાંજે પ્રતિક્રમણ કર્યા પછી રાત્રે તેઓને એકદમ શ્વાસ ચડયો. એમની નિદ્રા ઊડી ગઇ. તેઓ આસન ઉપર બેઠા. તેમના શિષ્યો અને ભકતો એમની પાસે દોડી આવ્યા. આસન પર બેસી અર્હન્, અર્હન્, અર્હન્ એમ ત્રણવાર મંત્રોચ્ચાર કરી તેઓ બોલ્યા: 'લ્યો ભાઇ, અબ હમ ચલતે હૈ, સબકો ખમાતે હૈ' આટલું વાકય બોલી તેમણે આંખ મીચી દીધી. થોડીક ક્ષણોમાં તેમના ભવ્યાત્માએ દેહ છોડી દીધો. એમના કાળધર્મના સમાચાર સમગ્ર ભારતમાં સેંકડો તાર દ્વારા પ્રસરી ગયા.

આત્મારામજી મહારાજના બધા શિષ્યોમાં પૂ. વલ્લભસૂરિ મહારાજનું નામ સૌથી મહત્ત્વનું છે. વડોદરાના આ છગન નામના કિશોરને રાધનપુરમાં દીક્ષા આપ્યા પછી વલ્લભવિજય

એવું નામ રાખવામાં આવ્યું. ગુરુએ એમની કુશાગ્રબુદ્ધિ, દૃઢ ચારિત્રપાલન તથા વ્યવહારદક્ષતા પારખી શિષ્યને શાસ્ત્રાભ્યાસમાં સારી રીતે તૈયાર કર્યા. અને એમની સમજશક્તિ, જવાબદારી વહન કરવાની શક્તિ, સમુદાયને જાળવવાની આવડત વગેરે જોઇને આત્મારામજી મહારાજે પોતાના સમુદાયની ધૂરા વલ્લભસૂરિને સોંપી. 'મારી પાછળ વલ્લભ પંજાબને સંભાળશે' એવા એમના કથનને વલ્લભસૂરિએ પંજાબમાં ઘણાં વર્ષ વિહાર કરીને અનેક ધાર્મિક તેમજ સમાજોપયોગી કાર્યો કરીને સર્વ રીતે સાર્થક કરી બતાવ્યું. એમણે પોતાના ગુરુ આત્મારામજીનું નામ અનેક રીતે રોશન કર્યું.

સાઠ વર્ષના આયુષ્યકાળમાં આત્મારામજીએ અનેક ભગીરથ કાર્યો કર્યાં. લોકોમાં અદ્‌ભુત જાગૃતિ આણી. શિક્ષણ અને સંસ્કારનાં ક્ષેત્રે પણ અનેક સામાજોપયોગી કાર્યો તેમણે કર્યાં. પોતે જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં કેટલીયે વ્યક્તિઓ, કુટુંબો, સંસ્થાઓ સંઘો વગેરેના વ્યક્તિગત કે સામૂહિક પ્રશ્નોનાં નિરાકરણ કરાવી આપ્યાં. અનેક શુભ કાર્યો. માટે લોકોને તેમણે પ્રેરણા આપી. પરિણામે એમની હયાતી દરમિયાન અને એમના કાળધર્મ પછી પંજાબ, રાજસ્થાન, ગુજરાત અને અન્યત્ર એમના નામથી અનેક સંસ્થાઓ સ્થપાઈ. 'આત્મારામજી' અને 'વિજય આનંદસૂરિ' એ બંને નામોનો સમન્વય કરી 'આત્માનંદ'ના નામથી શાળાઓ, કોલેજો, પાઠશાળાઓ, પુસ્તકાલયો, દવાખાનાઓ, ધર્મશાળાઓ વગેરેની સ્થાપના થઇ. પંજાબમાં તો જ્યાં જઇએ ત્યાં આત્માનંદનું નામ ગુંજતું હોય. એમના નામ અને જીવનકાર્યને બિરદાવતાં અનેક પદો, ભજનો કવિઓએ લખ્યાં છે, જે આજે પણ પંજાબમાં ઉલટભેર ગવાય છે. જૈન સમાજ ઉપર, વિશેષત: પંજાબના લોકો ઉપર આત્મારામજી મહારાજનો ઉપકાર ઘણો મોટો રહ્યો છે.

આત્મારામજી મહારાજ જેવી મહાન જૈનપ્રતિભા છેલ્લા દોઢ-બે સૈકામાં બીજી કોઇ જોવા નહિ મળે. ગુજરાત રાજસ્થાન અને પંજાબ ઉપર એમનો પ્રભાવ ઘણો મોટો રહ્યો છે. એમના કાળધર્મ પછી એમની પ્રતિમાની કે પાદુકાની સ્થાપના અનેક સ્થળે કરવામાં આવી છે. શત્રુંજય તીર્થ અને ગિરનાર તીર્થ ઉપર પણ એમની પ્રતિમાની સ્થાપના કરવાનું એ સમયના ભક્તોએ નક્કી કર્યું એ એમના તરફની લોકભક્તિ કેટલી બધી દૃઢ અને મોટી હતી તેની પ્રતીતિ કરાવે છે.

છેલ્લા બે સૈકામાં થયેલા બહુશ્રુત પ્રભાવક આચાર્યોમાં આત્મારામજી મહારાજનું સ્થાન મુખ્ય છે. એમને અંજલિ આપતાં પંડિત સુખલાલજીએ લખ્યું છે, 'આત્મારામજી પરમ બુદ્ધિશાળી હતા, શક્તિસંપન્ન હતા અને તત્ત્વપરીક્ષક પણ હતા. પરંતુ એ બધાં કરતાં વિશેષ તો એ છે કે તેઓ ક્રાન્તિકાર પણ હતા. એમણે સંપ્રદાયબદ્ધતાની કાંચળી ફેંકી દેવાનું સાહસ કર્યું હતું તે જ બતાવે છે કે તે શાંત ક્રાન્તિકાર હતા. ક્રાન્તિકારની પ્રેરણાએ જ એમને જૂના ચીલે ચાલવાની ના પાડી. રૂઢિના ચીલા એમણે ભૂંસ્યા ત્રીસેક વર્ષ વધુ જીવ્યા હોત તો ક્ષત્રિયોચિત ક્રાન્તિવૃત્તિ એમને કઇ ભૂમિકાએ લઇ જાત તે નથી કલ્પાતું.'

–રમણલાલ ચી. શાહ

સુવહીવટ

● 'સત્સંગી'

સંસ્થાનાં સંચાલનમાં પ્રામાણિકતાનો પૂરો આગ્રહ રાખવો. દાન આપનારને ખાતરી હોવી જોઇએ કે તેનું દાન ઊગી નીકળશે, અનેકગણું થશે. પોતાને કાંઈજ છુપાવવાનું ન હોય, કોઇ ખોટો લાભ ઉઠાવ્યો ન હોય, કયાંય પક્ષપાત કર્યો ન હોય, માત્ર સંસ્થાનાં હિતમાં જ નિર્ણયો કર્યા હોય તો કોઇનો ડર રાખવાની જરૂર ન રહે.

–ચીમનભાઇ ચકુભાઈ શાહ

દરેક યુવાનને જગતમાં કંઇક કરી દેખાડવાની પ્રબળ ઇચ્છા હોય છે. યુવાન માત્રમાં સ્રોત રહેલો જ હોય છે. તેને વહીવટી ક્ષેત્ર આકર્ષક લાગે છે. અને તેમાં તેને તેની સુંદર કારકિર્દીનું ઉજ્જવળ ભાવિ જણાય છે. ઓફિસ કે નાની મોટી સંસ્થાનાં સંચાલન દ્વારા પોતાની શક્તિઓનો આવિર્ભાવ થાય એવી તૃપ્તિ અનુભવવા તે ઇચ્છે છે. તેને જગત છે તેના કરતાં વધારે સારું બનાવવાની અદમ્ય ધગશ હોય છે. ખરેખર વહીવટી કાર્ય – સંચાલન કાર્ય માણસની શક્તિની કસોટી કરે છે, તેમ તે આહ્લાદક પણ છે. વહીવટી ક્ષેત્રનું કાર્ય ધરેડિયું અને મર્યાદિત અવકાશવાળું છે એમ માનવું ઉચિત નથી. વહીવટી કાર્યમાં ચૈતન્ય અર્પવાની આવશ્યકતા છે અને તેમ જો થાય, તો જે ક્ષેત્રનો વહીવટ કરવામાં આવે તે ક્ષેત્રનું કાર્ય સુંદર થાય અને તેથી સમાજ માટે તે લાભદાયી નીવડે. તેમ જ તે ક્ષેત્રમાં સંકળાયેલા કાર્યકર્તાઓને તેમના જીવન વિકાસ સાથે પોતાનું જીવન ભર્યું ભર્યું લાગે અને તેઓ કંઇક મહત્ત્વનું કાર્ય કરી રહ્યા છે એવી તંદુરસ્ત લાગણી અનુભવે એટલું તે જીવંત અને અમર્યાદિત ક્ષેત્ર છે.

આજે આપણા દેશમાં કોઇ બૂમ વારંવાર કાને અથડાતી હોય, તો તે 'અયોગ્ય વહીવટ'ની છે; પછી ભલે તે નાની ઓફિસ, પેઢી, કે સંસ્થા હોય કે મોટા પાયા પરનું સંચાલન હોય, વહીવટી કાર્ય માટેના તાલીમી અભ્યાસક્રમો થતા રહ્યા છે, પરંતુ ખુરશી પર બેસીને રીતસરનું વહીવટી કાર્ય કરવામાં આવે ત્યારે કોઇ કોઇને પ્રેમભર્યું માર્ગદર્શન ભાગ્યે જ આપે એવી દુ:ખદ પરિસ્થિતિ આદેશમાં જોવા મળે છે. એવું પણ બનતું હોય છે કે જે માર્ગદર્શન અપાય તે કેટલીકવાર ગેરમાર્ગે દોરનારું પણ સાબિત થાય. પરિણામે વહીવટી ક્ષેત્ર અટપટું, ગૂંચવાડા ભર્યું અને કોઇ ચોકકસ અને સંગીન કાર્ય ન થતું હોય એવી લાગણીના અનુભવવાળું રહ્યું છે. તેથી સુવહીવટની પકડ માટે કેટલાંક મૂળભૂત મનોવૈજ્ઞાનિક અને નૈતિક સત્યો આત્મસાત્ કરવાની જરૂર છે.

વહીવટકર્તાએ પોતાનાં ઉચ્ચ સ્થાનને મહત્ત્વ આપવાને બદલે પોતાનાં ક્ષેત્રનાં ધ્યેયની સ્પષ્ટતા નજર સમક્ષ રાખવી એ વધારે મહત્ત્વનું છે. આ ધ્યેય પોતાના સહકાર્યકરોના સહકારથી પાર પાડવાનું છે. તે માટે વહીવટકર્તાએ ઉપરીપણાને બદલે 'પ્રેમ'નું નૈતિક દૃષ્ટિબિંદુ અપનાવવું અનિવાર્ય છે. જે કાર્ય

પ્રેમનાં નૈતિક વાતાવરણમાં થાય છે તે ઉપરીપણાનાં વાતાવરણમાં થતું નથી પ્રત્યેક કાર્યકર તમારી સાથે ૬ થી ૮ કલાક રહે છે અને તે સમય દરમ્યાન કડકાઇ, દબાણ અને બીકનું વાતાવરણ હોય, તો કામને બદલે 'વેઠ' થાય એ દેખીતું છે શિસ્ત પ્રેમમાંથી જન્મે છે, ધાકધમકી કે સખતાઇમાંથી નહીં. પ્રેમનાં વાતાવરણ સાથે પ્રેમભર્યાં માર્ગદર્શનની એટલી જ જરૂર છે તાલીમ પામેલા કાર્યકરો હોય તો પણ તેમની ભૂલ થવાની શકયતા રહેલી જ છે પ્રત્યેક કાર્યકર પોતાની શકિતનો વિકાસ કેમ સાધે, પોતાનાં કાર્યમાં શી રીતે જીવંત રસ લેતો થાય અને પોતાની કાર્યક્ષમતા અને સર્જનાત્મક કાર્યમાં ફાળો આપવાના સંતોષથી પોતાનું સમગ્ર જીવન આનંદસભર શી રીતે અનુભવે એવી વિશાળ નૈતિક દૃષ્ટિ સાથે વહીવટકર્તા પોતાના સહકાર્યકરોને પ્રેમ, હૂંફ અને પ્રેમભર્યું માર્ગદર્શન આપે એ આજના સમયની માંગ છે.

આ પ્રકારની પાયાની ભૂમિકા સાથે વહીવટકર્તાએ કેટલાક ગુણો કેળવવા અનિવાર્ય છે. આજે અયોગ્ય વહીવટની જે બૂમ છે તેમાં જનસમુદાય અપ્રમાણિકતાથી ખૂબ વ્યથિત છે. તેથી સુવહીવટ માટે પ્રામાણિકતાનો ગુણ વહીવટકર્તા માટે અનિવાર્ય છે. પ્રામાણિકતા વિના અંધાધૂંધી સર્જાય એ દેખીતું જ છે. મહાત્મા ગાંધીજીની પરિભાષામાં વહીવટકર્તાએ સેવક બનવાનું હોય છે. વહીવટી કાર્યનું ધ્યેય મુખ્ય છે, જ્યારે અંગત જીવન ગૌણ છે, એવી દૃષ્ટિ કેળવવી જ ઘટે. ધ્યેયનિષ્ઠા રાખવાથી પ્રમાણિકતા કેળવી શકાય છે. સાદા જીવન સાથે નિષ્ઠ પૂર્વક કાર્યરત રહેવું એ જીવનની ખરી શોભા છે અને આવો વહીવટકર્તા જ અસરકારક બની શકે એ સ્પષ્ટ છે.

વહીવટકર્તા માટે બીજો ગુણ શરીર અને મનનાં સ્વાસ્થ્યનો જરૂરી છે. સંચાલનની જવાબદારી સંભાળનારને વિશેષ કાર્ય કરવું પડે તેમજ સાવચ-alert-રહેવું પડે જે શરીરનાં સારાં સ્વાસ્થ્ય વિના શકય નથી. તંદુરસ્ત શરીર વિના માનસિક અસ્વસ્થતા પણ રહેતી હોય છે. વહીવટકર્તા વાતવાતમાં ચિડાઇ જાય કે સહકાર્યકરો પ્રત્યે વધુ પડતી શંકાથી જુએ તો તે સારું માનસિક સ્વાસ્થ્ય ન ગણાય અને તેથી તે સંચાલનની યોગ્ય રીતે અદા કરી શકે નહિ. તેમ જ પોતાનામાં આત્મવિશ્વાસનો અભાવ હોય કે લઘુતાગ્રંથિ હોય તો આ માનસિક નબળાઇઓ તેના સુવહીવટમાં વિઘ્નરૂપ બને.

ત્રીજો ગુણ બુદ્ધિનો છે. બુદ્ધિ તો સૌ કોઇને મળેલી હોય છે. જે પ્રશ્ન છે તે તેને કેળવવાનો છે. વહીવટી ક્ષેત્રમાં વાચનની જરૂર નથી એ માન્યતા ખોટી છે. ખરી રીતે તો વહીવટી ક્ષેત્રમાં જુદા જુદા વિષયોનું જ્ઞાન હોવું જરૂરી છે માત્ર અનુભવને જ સર્વસ્વ ગણાય નહિ. વાચન દ્વારા કેળવાયેલી બુદ્ધિ સંચાલનમાં ખૂબ ઉપયોગી બને છે. વાચનથી પોતાનો વિકાસ સધાય છે, યોગ્ય દૃષ્ટિ કેળવાય છે; માણસો પાસેથી કામ શી રીતે લેવું, તેમના યોગ્ય વિકાસ માટે કેવા પ્રયત્ન રાખવા, પોતાની કાર્યક્ષમતા શી રીતે વધે તે અંગેની સમજ પ્રાપ્ત થાય છે. પોતાનાં ક્ષેત્રના વિષયનું જ્ઞાન મેળવવું તેમ જ ફરજો અને નિયમોનો અભ્યાસ સાચા દિલથી કરવો ઘટે. છે.

વહીવટકર્તાને માનુષી પ્રશ્ન હલ કરવાના હોય છે. સૌ કોઇ વહીવટકર્તા આગળ જાતજાતની રજૂઆત કરતા હોય છે. આ રજૂઆતમાં વધુ પડતી મીઠાશ પણ હોય. વહીવટકર્તા ભલે સાંભળે બધું, પરંતુ તેણે યાદ રાખવું જોઇએ, પ્રિય વાણી બોલનારા અનેક મળતા હોય છે, પરંતુ અપ્રિય પણ હિતકારી વાણી બોલનારા કે સાંભળનારા સહેલાઇથી મળતા હોતા નથી.' સારાસારના વિવેક માટે આ સત્ય વહીવટકર્તાને સારું સંચાલન કરવામાં ખૂબ મદદરૂપ નીવડે તેવું છે માણસમાં અન્ય લોકોની આવીપાછી કરવાની ખાસિયત હોય છે. તેથી વહીવટકર્તાએ હંમેશા પૂર્વગ્રહરહિત તટસ્થ અને સમતોલ વલણ રાખવું જોઇએ. નિર્ણય લેતી વખતે પોતાનાં કાર્યક્ષેત્રનું ધ્યેય જળવાય, કાર્યકરોનું હિત થાય અને જનસમુદાય પર સારી-યોગ્ય-અસરો ઉદ્ભવે એવી વિશાળ દૃષ્ટિ વહીવટકર્તાએ રાખવી ઘટે.

વહીવટકર્તાને નિર્ણયો અને જરૂરી પગલાં લેવાં પડતાં હોય છે, તે માટે હિંમતનો ગુણ અનિવાર્ય છે. બીકણ માનસ નિર્ણય અને જરૂરી પગલાં માટે વિઘ્નરૂપ બને છે. પરિસ્થિતિનાં અનુસંધાનમાં નિર્ણય લેવાનો હોય છે. તેમાં કાયરતા ન ચાલે. સંચાલનની જવાબદારી હિંમત વિના સફળ બને નહિ વહીવટકર્તાની હિંમત કાર્યકરોમાં પણ હિંમત પ્રેરશે.

વહીવટકર્તા માટે ન્યાય આપવાની વાત તેના સફળ સંચાલનની મહત્ત્વની બાબત છે. માણસ ન્યાય માટે ખૂબ આતુર હોય છે. ન્યાય ન મળતાં માણસ જબ્બર આઘાત અનુભવે છે અને તેનાં માનસ પર પ્રતિકૂળ અસરો થતી હોય છે. વહીવટકર્તાનું પક્ષપાતી વલણ, નિર્ણય સાથે સંકળાયેલા ઘણા લોકોમાં હતાશાની લાગણી જન્માવે છે. અલબત્ત પ્રત્યેક વ્યકિતને ખુશ કરવી તો અશકય છે. ન્યાય આપવામાં થોડી વ્યકિતઓ નારાજ પણ થાય. જ્યાં પ્રામાણિકતા હોય અને સૌ કોઇ પ્રત્યે પ્રેમભાવ હોય ત્યાં ન્યાયની દૃષ્ટિ જરૂર સર્વમાન્ય બનવા પામે. વહીવટકર્તાએ સસ્તી લોકપ્રિયતાનાં પ્રલોભન પર વિજય મેળવવો જ જોઇએ. શુભ હેતુ અને શુભ સાધનો મહત્ત્વનાં છે જેમાં અંગત જીવન ગૌણ છે એ દૃષ્ટિ વહીવટકર્તાની કાર્યક્ષમતા અને સફળતા માટે મહત્ત્વપૂર્ણ છે.

જે ક્ષેત્રનો વહીવટ કરવાનો છે તેના તમામ કાર્યકરોમાં સમૂહ-body માટે આદર હોવો અનિવાર્ય છે. તમામ કાર્યકરોને આ 'સમૂહ' પ્રત્યે માન અને વફાદારીની ભાવના હોવી જ ઘટે. આ ભાવનાથી તમામ કાર્યકરોમાં ઉત્સાહથી કાર્ય કરવાની શકિત ઉદ્ભવતી હોય છે. પરિણામે 'વેઠ' ને બદલે જીવંત કાર્ય થવા લાગે છે અને વ્યકિતને કંઇક મહત્ત્વનું કાર્ય કર્યાનો અનેરો સંતોષ મળે છે જે તેના વિકાસમાં ફાળો આપે છે. વહીવટકર્તા આ 'સમૂહ'નો નેતા છે એ ખરું, પણ તેને આ 'સમૂહ'ના સભ્યો પોતાના લાગવા જોઇએ એટલું જ નહિ, પરંતુ પોતે આ 'સમૂહ'નો નેતા હોવા બદલ તેને ગૌરવ થવું જોઇએ. વહીવટકર્તાની આ ભાવના 'સમૂહ'ના સભ્યોમાં 'સમૂહ' પ્રત્યેની ભાવના જન્માવી શકે છે અને કાર્યકરો 'સમૂહ' માટે કાર્ય કરે છે એવી સંતોષપ્રદ લાગણી સાથે કાર્યરત બને છે. વહીવટકર્તા આ 'સમૂહ'ના કાર્યકરોને યંત્રના ભાગો તરીકે ન જ લેખે, પરંતુ પ્રત્યેક કાર્યકર ચૈતન્યપૂર્ણ તણખો છે એમ સમજે તો જ સફળ સંચાલન માટે 'સમૂહ ભાવના' નિર્માણ થાય. તેથી પ્રત્યેક કાર્યકરનાં સુખદુઃખની નૈતિક જવાબદારી વહીવટકર્તાની બની રહે છે. તે કાર્યકરોના, કાર્યક્ષેત્ર ઉપરાંતના, આર્થિક, માનસિક અને સામાજિક પ્રશ્નો પ્રત્યે હંમેશાં સહાનુભૂતિપૂર્વક વિચારશે. બીજા શબ્દોમાં કહીએ તો તે કાર્યકરોનો મિત્ર, તત્ત્વજ્ઞાની અને માર્ગદર્શક-Friend, Philosopher & Guide-બની રહેશે.

વહીવટકર્તાનું ક્ષેત્ર તદ્દન સામાન્ય હોય કે જટિલ અને વિશાળ હોય, પરંતુ કર્તવ્યપાલન યજ્ઞ છે એ ગીતાનું વચન છે. તેથી પોતે કંઈ ખાસ કરી શકતો નથી એવા અસંતોષને સ્થાન રહેતું નથી. સમગ્ર 'સમૂહ' આ 'કાર્યયજ્ઞ' માટે પોતાની શક્તિની આહુતિ અર્પે છે એવી સભાનતાથી જે કાર્ય થાય તે સત્કર્મ, ભગવાનની ભક્તિ, દેશભક્તિ, સમષ્ટિ માટેનું કલ્યાણકાર્ય, માનવજાત પ્રત્યેનો પ્રેમ જે નામ આપો તે બની રહે છે. અહીં જોઇ શકાય છે કે વહીવટી કાર્યનું ક્ષેત્ર ઘરેડિયાં કાર્યથી માંડીને વ્યક્તિના ઉચ્ચતમ વિકાસ સુધી રહેલું છે.

અલબત્ત આ કાર્ય ઘણું કઠિન છે, પણ તે છે, પણ તે ખરેખર રસપ્રદ અને કરવા લાયક છે. આ કાર્ય દેખીતી રીતે નીરસ અને જડ પણ લાગે પરંતુ તે ખરેખર ઉષ્માપૂર્ણ, ચૈતન્યભર્યું અને સર્જનાત્મક-રચનાત્મક છે. જો માનવીને અને તેના વિકાસને યોગ્ય અર્થમાં સમજવામાં આવે તો મહાત્મા ગાંધીજી કોઇપણ જાતના હોદ્દા વિના પણ દેશના અદ્‌ભુત સર્જક રહ્યા. યુવાનો ગાંધીજીનાં જીવન અને તેમની દૃષ્ટિમાંથી પ્રેરણા મેળવીને સંચાલનના સૂત્રધાર બનીને પરહિતવાદી સર્જકો થાય એવી શુભ ભાવના.

કોંગ્રેસની યાદવાસ્થળી

(પૃષ્ઠ ૫૪થી ચાલુ)

મોભીઓને તોડી નાખ્યા અને પોતાનું એકચક્રી શાસન સ્થાપ્યું. રાજીવ ગાંધી અત્યારે આ પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યા છે. પ્રણવ મુખરજી જેવા નબળા અને મૂળ વગરનાં માણસને ફગાવી દઇને તેમણે ધાક જમાવવાની મહેનત કરી છે. 'વાઘને ડરાવવો હોય તો તમારા કૂતરાને ટીપવા માંડો' એવી અંગ્રેજી કહેવત તેમણે અમલમાં મૂકી છે, નહેરુ-દાંત ગુમાવી બેઠેલા ધરડાં સિંહ જેવા કમલાપતિજીને ઓઠાં તરીકે બેસાડી રાખીને રાજીવે બીજો દાવ ખેલ્યો છે.

પણ ઇન્દિરાજી અને રાજીવ ગાંધીની ચાલબાજી વચ્ચેનો તફાવત અહીં દેખાય છે. ખખડધજ વડલા તોડવા માટે ઇન્દિરાજીએ કુહાડાના હાથા તરીકે યશવંતરાય ચવ્હાણ, મોહનલાલ સુખડિયા, કર્ણાટકનાં વીરેન્દ્ર પાટીલ, કમલાપતિ ત્રિપાઠી, બહુગુણા જેવા બીજી કક્ષાના કોંગ્રેસી આગેવાનોનો ઉપયોગ કર્યો હતો. રાજીવ પાસે આવા આગેવાનો નથી. એટલું જ નહીં પણ બીજી કક્ષાના આગેવાનો-ગુંડુરાવ, માધવસિંહ સોલંકી, જગન્નાથ મિશ્ર-ને તેમણે નારાજ કર્યા છે. ઉદ્દેશ બંનેનો એકનો એક છે, પણ પદ્ધતિ જુદી છે. ઇન્દિરાજીએ જૂના જોગીઓ સામે લડવાનું હતું, રાજીવ ગાંધીએ ખુદ પોતાની માતાના ચાકરો સામે જેહાદ જગાવવાની છે. વળી સંઘર્ષમાં ઉછરેલા ઇંદિરાજીમાં તેટલી આવડત હોય તેટલી આસાયેશમાં ઉછરેલા રાજીવ ગાંધીમાં હોવાનો સંભવ નથી. સુખ અને સમૃદ્ધિ બહુ સગવડકારક હોય છે. પણ માણસનું ઘડતર તો મુશ્કેલીઓ અને અછતના અનુભવે જ થાય છે.

સુખ'રૂ હોતા હૈ ઇન્સાન, આફ્રત સહને કે બાદ
રંગ લાતી હૈ હીના પથ્થર સે પીસ જાને કે બાદ

મેંદીનો રંગ તો પથ્થરથી ઘૂંટાયા પછી જ ઉઘડે છે, તેથી જે ઉથલપાથલ અને ઝંઝાવાતોમાં ઇન્દિરા ગાંધી રહી શક્યાં તેટલા પ્રમાણમાં ટકી રહેવાની તાકાત રાજીવ ગાંધીમાં હોય તેવું દેખાતું નથી.

કોંગ્રેસની આજની યાદવાસ્થળીને ભૂતકાળના પરિપ્રેક્ષ્યમાં મૂકીને જોઇએ તો છાપ એમાં જે છપાય છે તેનું અધૂરાપણું નજરે ચડ્યા સિવાય રહે નહીં. રાજીવ ગાંધીની વહીવટી ગેર-કાબેલિયત વિષે ઘણું કહેવાય છે. પણ ઇન્દિરાજીનો વહીવટ બહુ વધારે કામિયાબ હતો, તેવું માની લેવાનું કારણ નથી. ૧૯૭૧/૭૨ની ચૂંટણીઓમાં પ્રચંડ વિજય મેળવ્યા પછીનાં ત્રણ વરસમાં વહીવટીતંત્ર એવું ખાડે ગયું કે તેની મરામત કરવા માટે કટોકટીનો આશરો લેવો પડ્યો અને ભારતની લોકશાહીને મેશનું ટીલું લાગે તેવી રસમો અપનાવી લેવામાં આવી.

આ કટોકટીના પરિણામો દેશનાં નાગરિકોએ તે કાળે ભોગવી લીધાં છે. પણ તેનાં રાજકીય પરિણામો રાજીવ ગાંધીએ અત્યારે ભોગવવા પડે છે. કટોકટીનો અંત આવ્યો ત્યારે ચૂંટણીમાં લોકોએ ઇંદિરાજીને અને કોંગ્રેસ પક્ષને ખૂણામાં ફગાવી દીધાં, અને ઇન્દિરાજી પર વેર વાળવા તલપી રહેલાં કોંગ્રેસી જૂથે ઇન્દિરાજીને હાંકી કાઢ્યાં, યશવંતરાવ ચવ્હાણ, સિદ્ધાર્થ-શંકર રે, વસંતદાદા પાટીલ, જેવા લોકોથી તરછોડાયેલા ઇન્દિરા-નિષ્ઠોએ ઉભા કરેલા પક્ષને ફરી પ્રસ્થાપિત કરવામાં જનતા-પક્ષની જૂથબાજીએ મુખ્ય ભાગ ભજવ્યો અને ઇન્દિરાજીનો સૂરજ ફરી આકાશમાં ચમકયો આ ઇન્દિરાનિષ્ઠોએ પોતાની વફાદારીની પૂરી કિમત કરી લીધી છે અને હજુ પણ પોતાને પ્રાધાન્ય મળવું જોઇએ તેવો આગ્રહ સેવી રહ્યા છે કોંગ્રેસી સંગઠનમાં આજે ચાલી રહેલી યાદવાસ્થળી ઇન્દિરાનિષ્ઠોને હાંકી કાઢ્યાની પ્રક્રિયા સામેનો વિરોધ છે તેવું કહેવાય છે.

જૂના ખડુસોને હાંકી કાઢીને તેમની જગાએ નવા નકોર પડિકાબંધ નેતાઓને બેસાડવામાં આવે છે અને યુવાન પેઢી. નવા લોહીને તક આપવા માટે આ બધું કરવામાં આવે છે.

જુનું જાય અને નવું આવે તે દુનિયાની રસમ છે. મોટી ઉંમરે મોટા ભાગનાં માણસો રૂઢિચુસ્ત થઇ જાય છે, નવી વાત કે નવી પેઢીને સમજવાની શક્તિ તેઓ ગુમાવી બેસે છે અને શારીરિક અને સામાજિક રીતે તેમની નિવૃત્તિ બહુ ઇચ્છવા યોગ્ય છે. પણ દરેક વૃદ્ધ માણસ વિચારહીન જ હોય અને યુવાનો પ્રગતિશીલ હોય એવું સમીકરણ મૂકી શકાય નહીં. યુવાનોને ભારતના એક છેડાથી બીજા છેડે ઘૂમાવતા બાબા આમટે વધારે પ્રગતિશીલ કહીએ કે ગુરુઆણીનો પોપટપાઠ કરનાર નવયુવાન ભીંદરાવાલે નવા જમાનાના પ્રહરી ગણાય?

વળી આપ મેળે વિકાસ કરીને આગળ આવનાર આગેવાનો લોકશાહીમાં હંમેશા વૃદ્ધ જ હોય. કારણ કે વિકાસ સાધવામાં નીચેથી સીડીઓ ચડતાં ઉપર પહોંચવામાં વરસો લાગી જાય છે. નવ યુવાન રાજગાદી પર બેસી શકે તેવો સંભવ તો કેવળ રાજાશાહીમાં જ શકય બને અથવા લશ્કરી દમદાટી કરીને સિંહાસને ચડી બેસાય તેવા તંત્રમાં શકય હોય. રાજીવ ગાંધી સીધા છેક ટોચે બેઠાં તેમાં આપણી લોકશાહીની સિદ્ધિ નથી, આપણી નબળાઇ છે. કોંગ્રેસ પક્ષ સજાગ અને સક્રિય હોત તો ઇન્દિરા ગાંધીની ગાદીએ બેસવા લાયક અનેક આગેવાનો તેમાં મળી આવ્યા હોત. આઝાદી મળી ત્યારે વડાપ્રધાનનું પદ શોભાવે તેવા અસંખ્ય નેતાઓ સરદાર પટેલ, રાજગોપાલાચારી, રાજેન્દ્રપ્રસાદ, મૌલાના આઝાદ, કોંગ્રેસ પાસે હતા. આજે ઉજ્જડ દેશમાં એરંડો પણ મોટું ઝાડ ગણાય, તેવી સ્થિતિ આવી પડી છે.

કૉંગ્રેસની યાદવાસ્થળી

● નગીનદાસ સંઘવી

રાજકીય પક્ષોમાં સત્તા માટે ઝઘડતાં જૂથોની સાડાબારી ન હોય. આખો પક્ષ ધ્યેયનિષ્ઠ અને સેવાપરાયણ હોય. સિદ્ધાંત અને આદર્શ દરેક આગેવાનનાં એક માત્ર ઉદ્દેશ હોય તેવી કલ્પના ગમે તેટલી આકર્ષક દેખાય, પણ તે વ્યવહારમાં શક્ય નથી, એટલું જ નહીં પણ તે નુકસાનકારક છે. ચર્ચીલ સાહેબે કહ્યું છે તેમ મતભેદ તંદુરસ્તીની નિશાની છે. પક્ષમાં મતભેદો હોય છે અને હોવા જોઈએ. કારણ કે રાજકીય પક્ષ અધ્યાત્મ સાધના માટેની ભજન મંડળી નથી, પણ સત્તા મેળવવા અને ભોગવવા માટે એકઠાં મળેલા મહત્વાકાંક્ષી માણસોનો સમૂહ છે.

મતભેદો, જૂથો અને જૂથબાજી સ્વાભાવિક હોવાં છતાં તેમાં પ્રમાણ બહારનો વધારો ઘટાડો થાય તો તે જોખમી ગણાય છે. જીવતા પ્રાણીમાં ગરમાવો હોય છે પણ આ ગરમાવાનું પ્રમાણ બેહદ વધે તેને તાવ આવ્યો કહીને રોગ કે રોગની નિશાની લેખીએ છીએ, તેમ આંતરિક ઝગડાખોરીની માત્રા પ્રમાણ વટાવી જાય ત્યારે તે પક્ષ માટે હાનિકારક નીવડે છે.

કૉંગ્રેસ પક્ષ આપણા દેશનાં અનેક પક્ષોમાંનો કેવળ એક પક્ષ છે, પણ સૌથી જૂનો સૌથી વધારે સંગઠિત અને સૌથી વધારે પ્રભાવશાળી પક્ષ છે. ભારતમાં રાષ્ટ્રીય ભાવના જોડે આ પક્ષનો જન્મ થયો છે અને આઝાદીના આંદોલનનો રોમાંચક ઇતિહાસ મોટા ભાગે કૉંગ્રેસની કથા છે. પ્રસંગોપાત બનાવે જતા તેના આગેવાનો અને નીતિરીતિ જોડે ગમે તેટલાં ઉગ્ર મતભેદ હોય છતાં આ પક્ષની ઉપેક્ષા કરવાનું ભારતીય રાજકારણના અભ્યાસીઓને પાલવે તેવું નથી.

કૉંગ્રેસ પક્ષમાં જૂથબાજી નવી નથી. અને તેમાં તૂટફૂટ પણ અનેક વખત પડેલી છે પણ અત્યારે જે યાદવાસ્થળી ચાલે છે તે અનેક દૃષ્ટિએ અનોખી છે.

ગાંધીજીના પ્રદાન અને આઝાદીની લડતમાં ઘડાયેલી નેતાગીરીના કારણે અસંખ્ય મતભેદોથી ઊભરાતા કૉંગ્રેસ પક્ષની એકતા આઝાદી પછીની આખી પેઢી સુધી ટકી રહી. આચાર્ય કૃપલાણીજી, ચક્રવર્તી રાજગોપાલાચારી, કનૈયાલાલ મુન્શી જેવા અડીખમ થાંભલાઓ ખસી ગયા છતાં કૉંગ્રેસનો માંચડો ડોલ ડોલ થવા છતાં ટકી રહ્યો. પણ જૂની પેઢીના નેતાઓના છેલ્લા પ્રતિનિધિ જેવા જવાહરલાલજીની તંદુરસ્તી ભાંગવા માંડી ત્યારથી ૧૯૬૩થી કૉંગ્રેસ પક્ષમાં સત્તાની હોડ શરૂ થઈ અને હોદ્દા માટેનો સૌથી વાજબી હકક ધરાવનાર મોરારજીભાઈને પછાડવા માટે પાંચ વરિષ્ઠ નેતાઓએ સિન્ડીકેટની રચના કરી. તલીમનાડુના કામરાજ, કર્ણાટકના નિજલીંગપ્પા, આંધ્રના સંજીવ રેડ્ડી, મહારાષ્ટ્રના સદોબા પાટીલ અને બંગાળાનાં અતુલ્ય ઘોષ-પોતપોતાના પ્રદેશમાં એકચક્રી અને એકહથ્થુ સત્તા ભોગવતા હતા. અને આ મજબૂત પાયાના આધારે તેમણે મોરારજીભાઈને એક વખત નહીં પણ બે વખત પછાડયા. નહેરુના અવસાન પછી તેમણે લાલબહાદુર શાસ્ત્રીની વરણી કરી. આ પસંદગી સર્વાનુમતે હોવાં છતાં ગેરવાજબી હતી તેવું કહી શકાય નહીં. આપણે ત્યાં નહેરુ વંશની વાતો કરનાર લોકો ભૂલી જાય છે કે ઇન્દિરાજી નહેરુના વારસદાર નથી, પણ શાસ્ત્રીજીના અનુગામી છે. કમનસીબે શાસ્ત્રીજી બહુ ઓછું જીવ્યા અને પોતાની શક્તિના પ્રમાણમાં વધારે પડતું માન ખાટીને ગયા. લાલબહાદુરજીની સુજનતા માટે બે મત નથી, કદાચ તેમનામાં શક્તિ પણ હશે. પણ આ શક્તિને પ્રગટ થવાનો અવસર આવ્યો નહીં. ભારત-પાકની લડાઈમાં પાકિસ્તાનને શિકસ્ત મળી તેનો જશ શાસ્ત્રીજીને ખોટી રીતે મળ્યો, પરદેશી શસ્ત્રો પર આધાર રાખવાને બદલે ઘર આંગણે તમામ સાધન સામગ્રી પેદા કરવાનો આગ્રહ સેવનાર અને તેનો અમલ કરનાર શ્રી કૃષ્ણ મેનન આ યશનાં સાચા અધિકારી છે. સેબરજેટ સામે લડનાર મરુતરિયા-નેટ વિમાનો-અને બોમ્બ કરણમાં પેટન ટેંકોનો ખુરદો કરી નાખનાર વિજયંત ટેંકો મેનનની રાજનીતિની પેદાશ છે.

પણ શાસ્ત્રીજી ગુજરી ગયા પછી મોરારજી દેસાઇ સામે મૂકી શકાય તેવો કોઇ આગેવાન દેખાતો ન હતો. પણ પોતાની તાકાત પર મુસ્તાક સિન્ડીકેટે તદ્દન બિન-અનુભવી અને પક્ષમાં અજાણ્યા ઇન્દિરાજીને મેદાનમાં ઉતાર્યાં અને બેતૃતિયાંશ બહુમતી મેળવીને તેમને જીતાડયા પણ ખરા. ઇન્દિરાજી પાછળથી બહુ મોટા ગજના આગેવાન નીવડયાં અને દેશની અખંડિતતા ટકાવી રાખવા માટે શહીદ થયાં એ વાત બધી સાચી પણ ૧૯૬૬ માં તો ઇન્દિરાજી કૉંગ્રેસમાં જામેલી જૂથબાજીની કઠપુતળી હતાં. અત્યારે રાજીવ ગાંધી વિષે જે કહેવાય છે તેવી તમામ ટીકાઓ તેમના માટે પણ થતી હતી. અને રાજીવ ગાંધી કરતાં પણ વધારે મોટા છત્રધરોએ તેમણે વાળ્યા હતા. અને રાજીવ ગાંધી કરતાં પરિસ્થિતિ જુદી હોવાનાં કારણે પહેલી ચૂંટણીમાં કૉંગ્રેસ પક્ષે સખત માર ખાધો હતો (૧૯૬૭) સરકારી છત્રધરાઓ અને જૂથબાજીથી કંટાળેલા લોકોએ સિન્ડીકેટનાં તમામ આગેવાનો-કામરાજ, સંજીવ રેડ્ડી, પાટીલને ફગાવી દીધા. બાકીના બે ચૂંટણીમાં ઊભા ન હોવાથી આબરૂ જળવાઇ રહી.

જામેલા આગેવાનો આપ મેળે ઊથલી પડયા હોવાથી ઇન્દિરાજીને મોકળું મેદાન મળી ગયું. રાજીવ ગાંધીને આ લાભ મળ્યો નથી. કારણ કે ૧૯૮૪ની ચૂંટણીની જીત થઇ છે. ઇન્દિરા ગાંધી પક્ષની અવગણના કરે છે, નિષ્ઠાવાન કૉંગ્રેસીઓને બાજુએ ખસેડે છે, અંગત ટેકેદારોને પડખામાં અને પથારીમાં પણ સાથે રાખે છે તેવા ભાતભાતના આક્ષેપો આ કાળે અખબારોનાં મથાળે રોજબરોજ ગાજતા હતા. આગેવાનો બધા પુરુષો, ઇન્દિરાજી વિધવા અને ઉંમર પણ ખાસ મોટી નહીં તેથી ગંદી મનોવૃત્તિવાળા લોકોએ વ્યભિચારની વાતો પણ ચગાવેલી. રાજીવ માટે આવું કહેવાની સગવડ નથી.

સત્તામાં ટકી રહેવું હોય તેણે તંત્રમાં, પક્ષમાં, સમાજમાં પોતાનું જૂથ જમાવવું પડે છે. તેમ ઇન્દિરાજીએ જમાવવા માંડયું. અને તેથી તેમને ઉથલાવી પાડવાની પેરવી શરૂ થઇ. તેમાં મોરારજી દેસાઇ અને યશવંતરાવ ચવ્હાણ જેવા સિન્ડીકેટ શત્રુઓ પણ સામેલ થયા અને રાષ્ટ્રપતિ ઝાકીરહુસેનની લાશની આસપાસ પેંતરાઓ રચાયા. એકાએક ફટકા મારીને ગાફેલ શત્રુને પછાડી દેવાની કુનેહ દર્શાવીને ઇન્દિરાજીએ તમામ

(અનુસંધાન પૃષ્ઠ ૫૩ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૮ અંક : ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૭-૮૬ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

એઇડ્સ નો હાઉ

પાશ્ચાત્ય દેશોના નવા જીવલેણ ચેપી રોગ એઇડસના આઠ દસ કિસ્સા ભારતમાં પણ નોંધાયા છે. એમાંના કેટલાક ચોંકાવનારા છે.

છાપાંઓએ આવા કિસ્સાઓને ઘણી પ્રસિદ્ધિ આપી છે. આ ચેપી રોગને અટકાવવા માટે સાવચેતીનાં કયાં કયાં પગલાં લેવાં જોઇએ તેની સૂચનાઓ રેડિયો અને ટી. વી. ઉપર સરકાર દ્વારા વારંવાર અપાય છે. કેન્દ્ર અને રાજ્ય સરકારનાં આરોગ્ય ખાતાંઓએ આ ચેપી રોગની ઘણી ગંભીર નોંધ લીધી છે, અને સાવચેતી રૂપે કડક પગલાં લેવા માટે પોતે પોતાનાં ખાતાંઓને સૂચનાઓ આપી છે. કેટલીક સરકારી અને અન્ય હોસ્પિટલોએ એઇડ્સ વિષેના સંશોધન માટે પોતાને ત્યાં જુદા વિભાગની સ્થાપના કરવાની અને તે માટે જુદાં નાણાં ફાળવવાની જાહેરાત કરી છે. સરકારને પક્ષે આ વિષયમાં જે જાગૃતિ દાખવવામાં આવી છે તે ધન્યવાદને પાત્ર છે.

એઇડ્સ એ પાશ્ચાત્ય દેશોનો આધુનિક ચેપી રોગ છે. લોહીના કેન્સર કે ક્ષય જેવો આ રોગ કેન્સર પણ નથી અને ક્ષય પણ નથી. પ્રતિકારની શકિતના અભાવે જન્મતો આ રોગ છે અને જીવાણુઓ દ્વારા ફેલાતો તે રોગ ચેપી છે એવું તબીબી વિજ્ઞાને શોધી કાઢયું છે. અલબત્ત એ ચેપી રોગ બીજાને ન થાય એવી પૂર્વ સાવચેતી માટે કોઇ દવા, રસી કે ઇન્જેકશનની શોધ હજુ થઇ નથી. તેમજ રોગની જાણ થયા પછી તરત તેને કાબૂમાં લાવવા માટે અસરકારક દવાઓની શોધ પણ હજુ પૂરી થઇ નથી. પ્રતિકાર શકિતના અભાવે જન્મતો આ રોગ છે. એ રોગનું નામ પણ એ રીતે જ આપવામાં આવ્યું છે. Aids એટલે Acquired Immune Deficiency Syndrome.

પાશ્ચાત્ય દેશોમાં, ખાસ કરીને અમેરિકામાં આ રોગના કિસ્સા ઘણા નોંધાયા છે. જેને આ રોગ થાય તે વ્યકિતનું અચાનક જ વજન ઘટવા લાગે, ઉધરસ સતત ચાલુ રહે, શરીરમાં ઝીણો તાવ રહે, લોહી ફિકકું પડી જાય, આંખોની નીચે મોટાં કાળાં ચકરડાં થઇ જાય, વાળ અચાનક ધોળા થવા માંડે; ચહેરો નિસ્તેજ બની જાય. જરાક શ્રમ કરતાં હાંફ ચડવા માંડે અને થોડાક મહિનામાં માણસનું અકાળ મૃત્યુ થાય. લોહીના કેન્સર જેવો આ જીવલેણ રોગ ચેપી છે. માટે એનાથી વધુ ચેતવાની જરૂર છે.

આ રોગ કેવી રીતે થાય છે? અનેક કિસ્સાઓનાં અવલોકન અને અભ્યાસ પરથી નિષ્ણાતોએ મત આપ્યો છે કે આ કિસ્સાઓ પુરુષોમાં વિશેષ જોવા મળે છે. જાતીય સંબંધને કારણે આવા કિસ્સા થાય છે. તેમાં પણ સજાતીય (Homo-sexual) સંબંધવાળી વ્યકિતઓમાં આવા કિસ્સા વધુ જોવા મળે છે. એઇડ્સના દર્દીઓમાં પંચોતેર ટકા દર્દીઓ આવી ટેવવાળા છે જેને રોગ થયો હોય એવી વ્યકિત સાથે જાતીય સંબંધ બાંધનાર સ્ત્રી કે પુરુષને આ રોગનો ચેપ લાગવાનો સંભવ વધુ રહે છે. તેવી જ રીતે જેને રોગ થયો હોય એવી વ્યકિતનું લોહી બ્લડ બેન્કમાં લેવામાં આવ્યું હોય અને પછી તે લોહી કોઈ દર્દીને આપવામાં આવ્યું હોય તો તેને પણ ચેપ લાગવાનો સંભવ છે. એવા લોહીનાં ઇન્જેકશનની સિરિંજ પણ જો બરાબર સાફ ન કરવામાં આવી હોય અને તે સિરિંજ બીજા કોઇ દર્દી માટે વપરાય તો પણ આ ચેપ લાગવાનું જોખમ રહે છે. અલબત્ત, એવા કિસ્સાનું પ્રમાણ હજુ ઓછું છે.

એ ચેપી રોગનાં કારણો જોતાં સ્પષ્ટ થાય છે કે મુખ્યત્વે તે ઉગ્ર જાતીયવૃત્તિ ધરાવનાર અને અનેક વ્યકિતઓ સાથે તેવો સંસર્ગ રાખનાર વ્યકિતઓને તે વધુ થવાનો સંભવ છે. પાશ્ચાત્ય દેશોમાં બીજા વિશ્વયુદ્ધ પછી સજાતીય સંબંધનું પ્રમાણ વધ્યું છે. અમેરિકામાં છેલ્લાં કેટલાંક વર્ષોથી તો એક ફેશન તરીકે પણ ગણાય છે.

પાશ્ચાત્ય દેશોમાં આ રોગની શોધની નોંધ બહુ ગંભીર રીતે લેવાઇ છે. કારણ કે ત્યાં અકાળ મૃત્યુના કિસ્સા પ્રમાણમાં ઓછા છે. સારો પોષક ખોરાક, સારી આબોહવા, સ્વચ્છ પાણી, સરસ રહેણીકરણી, આધુનિક તબીબી સગવડો અને સરકાર દ્વારા તબીબી કારણોને માટે લોકોને અપાતી આર્થિક મદદ વગેરે કારણોને લીધે પાશ્ચાત્ય દેશોમાં એકંદરે લોકોનું જીવન સગવડભર્યું તથા શરીર તંદુરસ્ત અને નિરોગી હોય છે. લોકોનું સરેરાશ આયુષ્ય પણ ૭૦-૭૫ વર્ષથી વધુ છે.

ઘણા ખરા પાશ્ચાત્ય દેશોમાં સામાન્ય રીતે ક્ષય રોગના ચેપથી હવે માણસો મરતા નથી. અપવાદરૂપ કોઇ કિસ્સા હોય તો તે જુદી વાત છે. તેવી જ રીતે કમળો, કોલેરા, ટાઇફોઇડ, મેલેરિયા, ઇન્ફલ્યુએન્ઝા વગેરે ચેપી રોગોનું પ્રમાણ લગભગ નહિ જેવું જ છે. કેન્સર અને હૃદયરોગ માટે પણ ઘણી બધી શોધ થઇ રહી છે. એટલે ચેપી રોગથી અકાળ મૃત્યુ

થાય એ પશ્ચિમની પ્રજાને માટે ઘણી મોટી ચિંતાનો વિષય છે. એઇડ્સ એ ચેપીરોગ છે એમ સાબિત થયું એટલે પશ્ચિમની પ્રજા, ખાસ કરીને અમેરિકાની પ્રજા ઘણી ખળભળી ઊઠી છે. ચેપનું જ્યાં નામ ન સાંભળ્યું હોય ત્યાં અચાનક કોઇ ચેપી રોગ થાય તો ત્યાંના લોકોને માટે એ ચિંતાનો વિષય બની જાય એ સ્વાભાવિક છે. પરંતુ કમળો, કોલેરા, મેલેરિયા (અથવા જૂના રોગોમાં ચેપ જેટલા વ્યાપક પ્રમાણમાં હવા અને પાણી દ્વારા ફેલાઇ જાય છે તેવો ફેલાવાવાળો આ એઇડ્સનો રોગ નથી. ઘરમાં એક વ્યક્તિને એઇડ્સનો રોગ થયો હોય અને તેની સાથે જાતીય સંબંધમાં બીજી કોઇ વ્યક્તિ ન આવે ત્યાં સુધી ઘરના બીજા કોઇ સભ્યોને આ ચેપ લાગવાનો સંભવ પ્રમાણમાં ઓછો છે. એઇડ્સ એ મુખ્યત્વે વ્યભિચારીઓનો રોગ છે, અને જે દેશમાં કુદરતી કે અકુદરતી વ્યભિચારનું પ્રમાણ વધારે ત્યાં આ રોગનો ચેપ ફેલાવાનું જોખમ વધારે.

આપણા ભારતમાં (અને આપણા જેવા અન્ય દેશોમાં પણ) દર વર્ષે હજારો માણસો ઓછા પોષક ખોરાકને કારણે, ગરીબી અને ભૂખમરાને કારણે મૃત્યુ પામે છે. ક્ષય, કમળો, ટાઇફોઇડ, કોલેરા, ગેસ્ટ્રો, મેલેરિયા વગેરે ચેપી રોગોનો ઉપદ્રવ વારંવાર જુદા જુદા વિસ્તારોમાં કેટલીયે વાર થયા કરે છે. અને સેંકડો-હજારો માણસો પ્રતિ વર્ષ અકાળ મૃત્યુ પામે છે. ઓછી તબીબી સુવિધા હોવાને કારણે બાળ મરણનું પ્રમાણ પણ હજુ ઘણું મોટું છે. પોષણના અભાવે બાળકોમાં અંધત્વનું પ્રમાણ ઠીક ઠીક રહ્યું છે. શહેરો અને ગામડાંઓમાં અતિશય ગંદકીને લીધે ચેપી રોગો ઝડપથી પ્રસરી જાય છે. આ ગંદકીનું પ્રમાણ જેટલું ઘટવું જોઇએ તેટલું ઘટયું નથી. કેટલીયે સરકારી અને બીનસરકારી હોસ્પિટલોમાં પણ ઠીક ઠીક ગંદકી હોય છે. કેટલાક ચેપી રોગો હોસ્પિટલોમાંથી ફેલાય છે.

મોટાં શહેરોમાં તો દિવસે દિવસે ગંદકીનું પ્રમાણ વધતું જાય છે. સરકાર અને જુદી જુદી કક્ષાના સત્તાવાળાઓએ એ તરફ જેટલું લક્ષ આપવું જોઇએ તેટલું અપાતું નથી.

વળી, અકાળ મૃત્યુની વાત કરીએ તો સાપ કરડવાના કારણે પણ ભારતમાં દર વર્ષે કેટલા બધા માણસો જાન ગુમાવે છે! વાસી કે જીવજંતુવાળા ખોરાકને કારણે (ફુડ પોઇઝનિંગના કારણે) તથા ખોટી ભેળસેળવાળી દવાઓના કારણે પણ ભારતમાં કેટલાં બધાં માણસોનો ભોગ લેવાય છે.

અને અકાળ મૃત્યુની વાત કરીએ તો ભારતમાં રસ્તા પરના ટ્રક મોટરના અકસ્માતોના કારણે, તથા રેલવેના અકસ્માતોને કારણે દર વર્ષે સેંકડો માણસો મૃત્યુ પામે છે. મકાનો પડવાના કારણે, સગડી સાવચેતી ન લેવાઇ હોવાથી આગ લાગવાને કારણે, હોડી ઊંધી વળવાને કારણે, કે પૂલો તૂટી પડવાના કારણે પ્રતિ વર્ષ કેટલા બધા માણસો આકસ્મિક અકાળ મૃત્યુ પામે છે. પ્રતિ વર્ષ અકાળ મૃત્યુનો આંક ઘટતો જાય એ માટે આપણાં સરકારી તંત્રોએ સાવચેતીનાં કેટલાં પગલાં લીધાં છે? એ માટે લોકપ્રચાર કેટલો કરવામાં આવે છે? જે બાબતમાં સરકારને વધુ જાગૃત બનવાની જરૂર છે તે બાબતમાં સરકાર હજુ પણ એટલી જ શિથિલ અને ઉદાસીન રહી છે. નિર્દોષ માણસો અચાનક મૃત્યુ પામે એ સરકારી તંત્ર માટે ક્ષોભનો વિષય રહ્યો નથી.

અકાળ મૃત્યુની નવાઇ ભારતને જરા પણ નથી. અકાળ મૃત્યુ અને તે પણ ચેપી રોગ દ્વારા થાય તો તેનો ઉહાપોહ પાશ્ચાત્ય દેશોમાં ઘણો થાય એ સ્વાભાવિક છે. આપણા દેશમાં ચેપી રોગો ઢગલાબંધ છે. એ આપણને કોઠે પડી ગયા છે. એટલે એની આપણને બીક લાગતી નથી. આપણી એંશી કરોડની વસતીમાં એઇડ્સના આઠ – દસ કિસ્સા થાય તેમાં સરકાર આટલી બધી સજાગ બની ગઇ છે તે આશ્ચર્ય ઉપજાવે છે. પશ્ચિમના દેશો જેટલા જ આપણે સજાગ અને અદ્યતન છીએ એવું ગૌરવ જરૂર લઇ શકાય. એઇડ્સનો પ્રતિકાર ન થવો જોઇએ એવું નથી, ગંદી કુટેવોવાળા વ્યભિચારીઓની જિંદગી ન બચાવવી જોઇએ એવું નથી. સરકારની જાગૃતિની કદર ન કરવી જોઇએ એવું ય નથી. પણ અકાળ મૃત્યુને અટકાવવું એ જ જો સરકારનું લક્ષ્ય હોય તો તેને માટે એટલું બધું મોટું ક્ષેત્ર આપણે ત્યાં પડયું છે તે તરફ વધુ લક્ષ્ય આપવાની જરૂર છે એમ લાગે છે.

એઇડ્સની શોધ એ તબીબીવિજ્ઞાનની નવી સિદ્ધિ છે. હવે એના ઉપર વિજય મેળવીને તબીબીવિજ્ઞાન વધુ સિદ્ધિ મેળવશે. અત્યારે તો એનો હાઉ છે તે કરતાં વધુ ખોટો બતાવવામાં આવે છે. આંકડાશાસ્ત્રીઓ ૧૯૯૦ સુધીમાં અને ઇ. સ. ૨૦૦૧ સુધીમાં કેટલા લાખ માણસો મૃત્યુ પામશે તેનો અંદાજ આપવા લાગ્યા છે. એક દૃષ્ટિએ આ ભયથી લાભ જ થયો છે. અનૈતિક યૌન સંબંધોનું, વ્યભિચારનું, વેશ્યાવ્યવસાયનું પ્રમાણ એથી ઘટશે. પશ્ચિમના વિલાસી અને છૂટછાટવાળા દેશોમાં એનું જેટલું પ્રમાણ છે તેટલું પ્રમાણ ભારતમાં, એની સાંસ્કારિક પરંપરાને કારણે, સંયમના મહિમાને કારણે રહ્યું નથી. અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઓસ્ટ્રેલિયામાં એઇડ્સના ઘણા કિસ્સા નોંધાયા છે, પરંતુ રશિયામાં-સોવિયેત યુનિયનમાં હજુ એક કિસ્સો નોંધાયો નથી કારણ કે ત્યાં વેશ્યાવ્યવસાય નથી અને સજાતીય સંબંધના ગુના માટે ઘણી ભારે શિક્ષા છે.

'Prevention is better than cure' એ સૂત્ર અપનાવવામાં જ માનવજાતનું વધુ કલ્યાણ રહ્યું છે.

-રમણલાલ ચી. શાહ

સંઘ સમાચાર

ગુજરાતના દુષ્કાળ રાહત માટે મળેલી સહાય

૨૫૦૦-૦૦ શ્રી રામજી તેજશી ગાલા તથા લાખાણીબેન્ધ ચેરીટેબલ ટ્રસ્ટ હ: શ્રી હુંગરશી રામજી ગાલા
૧૦૦૦-૦૦ શ્રી ચીમનલાલ જે. શાહ
૧૦૦૦ ૦૦ ,, રસિકલાલ લહેરચંદ શાહ
૧૦૦૦-૦૦ ,, શૈલેષભાઇ ઠાકોરી
૧૦૦૦-૦૦ ,, પ્રવીણચંદ્ર ટી. શાહ
૫૦૦-૦૦ ,, રમણલાલ સી. શાહ
૫૦૦-૦૦ ,, કે. પી. શાહ
૫૦૦-૦૦ ,, પ્રવીણચંદ્ર કે. શાહ
૫૦૦-૦૦ ,, નિર્મળાબેન ગણપતભાઇ ઝવેરી

૮૫૦૦-૦૦

આ રીતે મળેલી રકમ સુરેન્દ્રનગર જિલ્લા સંકટ નિવારણ સમિતિને મોકલી આપી છે.

'પ્રેમળ જ્યોતિ'ને ભેટ

૧૦,૦૦૦-૦૦ શ્રી તારાચંદ મહેતા ચેરીટી ટ્રસ્ટ હ: શ્રી તારાચંદ ધનજી મહેતા તરફથી 'પ્રેમળ જ્યોતિ'ને ભેટ મળેલ છે.

ગુજરાતી કવિતામાં પંખીઓ

તનસુખ ભટ્ટ

કવિ ભાષા-શક્તિ ધરાવતું સમર્થ માનવપ્રાણી હોઇને તેના ચિત્ત ઉપર પ્રકૃતિની તાત્કાલિક અસર થાય છે. આ બાહ્ય પ્રકૃતિ તેના અંતરમાં સ્પંદનો ઉપજાવી નવાં સંવેદનો ઉત્પન્ન કરે છે, આમ બાહ્ય પ્રકૃતિ અને તજજન્ય આંતર સંવેદનો વડે સૌન્દર્યવીચિઓ સરજાય છે અને કાવ્યનો પ્રાદુર્ભાવ થાય છે.

કવિના વ્યક્તિજીવનના વિકાસ સાથે તેની સર્જનાત્મક કવિતાનો પણ વિકાસ થાય છે. પ્રારંભ દશાનો કવિ બાહ્ય પ્રકૃતિના દર્શનમાત્રથી જ પ્રસન્ન થઇ જાય છે, પરંતુ તેના વ્યક્તિત્વનો વિકાસ થતાં તેનું આંતરચક્ષુ ઊઘડે છે તથા તેનું વૃદ્ધિગત થતું વ્યક્તિત્વ કાવ્યમાં બાહ્ય પ્રકૃતિનું તેમ જ આંતર પ્રકૃતિનું સૌન્દર્ય સમર્પે છે. પ્રાથમિક દશામાં પ્રકૃતિદર્શન શૃંગારરસનું સંવર્ધન કરે છે. પરંતુ કવિત્વનો વિકાસ થતાં પ્રકૃતિમાં અન્ય ભાવો તથા રસો પણ દેખાય છે, ઉત્તરમેઘના આરંભે યક્ષ મેઘને કહે છે કે :-

विद्युत्वन्तं ललितवनिताः ।

[તારી પત્ની વીજળી છે તો અલકાપુરીના મહેલો પણ સૌન્દર્યવતી વનિતાઓથી ભરેલા છે]

પરંતુ 'સુદરમ્' કહે છે :-

'આષાઢસ્ય પ્રથમ રજની નીતરે નૌતમાંગી;
આવી રાત્રે જગત જીવનાં અંતરો લે ઉછાળા'.

છતાં-

'આજે જૂની પ્રણયરજની, માણવાની અમારે
કારાગારે અમ તન પડયાં, શૃંખલાના પથારે
રૌદ્ર લીલા અવર પ્રગટે, મર્દના જંગાણાં
ઊઠે ગાજી જનજન તણાં અંતરોનાં ઉંડાણે
જ્યારે બારે ઘન ઉલટતા જિંદગીને નવાણે'

લોકકવિ કહે છે :

'કુંભાથળ વાઈ કસી, જોગારી જમદઢ્ઢ
જાણુ અષાઢી વીજળી, કાળે વાદળ કઢ્ઢ',

[જોગા નામના વીરે હાથીના કુંભસ્થળમાં કટાર કેવી ઝીંકી દીધી ! જાણે કે કાળી વાદળીમાંથી ઓચિંતી વીજળી ઝબકીને પાછી કાળાં વાદળાંમાં સમાઇ ગઇ હોય !]

આમ કાલિદાસના પ્રારંભિક શૃંગાર કરતાં અન્ય કવિઓ ચડે છે.

કવિનો સૌન્દર્યાનુરાગી આત્મા સૌન્દર્યમય પ્રકૃતિ તરફ સ્વાભાવિક રીતે જ આકર્ષાય છે ને પ્રકૃતિનો આસ્વાદ લેવા ખેંચાય છે. માત્ર આટલું જ નથી. પ્રકૃતિ સૌન્દર્ય કવિઓને સરજાવે છે એમ કહેવામાં પણ અત્યુક્તિ નથી. આદિકવિ વાલ્મીકિ અને પછીથી વ્યાસના કાળમાં આખો ભારતવર્ષ અરણ્યોથી ભરેલો હતો. તેમાં નગરો તો સમુદ્રમાં દ્વીપોની જેમ કયાંક કયાંક જ હતાં, આથી તેમનાં મહાકાવ્યોમાં કાવ્યનાયકો ૧૪ વર્ષ અને ૧૨ વર્ષ અરણ્યોમાં જ વિતાવે છે, પરિણામે તેમનાં કાવ્યોમાં પ્રકૃતિવર્ણનોનો પાર નથી; કારણ કે વાલ્મીકિ ભીલની સંગતે અરણ્યમાં ઉછરેલા વ્યાસનું તો નામ જ કૃષ્ણદ્વૈપાયન છે અર્થાત્ તેઓ દ્વીપમાં જ જન્મેલા હોવાથી દ્વૈપાયન કહેવાયા (તેઓ ભીને વાને-યુરોપથી આવતા આર્યોના જમાનામાં-હોવાથી કૃષ્ણદ્વૈપાયન કહેવાયા). શિષ્ટ સંસ્કૃત સાહિત્યના જમાનામાં આવીએ તો કાશ્મીરે કાલિદાસ આપ્યા અને બંગાળે જયદેવ આપ્યા, ઇંગ્લેંડના સરોવરપ્રદેશે સરોવર કવિઓ (Lake-Poets) આપ્યા અને અંગ્રેજી રોમેન્ટિક કવિતાને સમૃદ્ધ કરી.

ગુજરાતી કવિતામાં પ્રકૃતિદર્શનમાં ગિરનારની તળેટીમાં ઉછરેલા આદિકવિ નરસિંહને જ આપણે લઇએ. સીતાને રામનું નામ પ્રિય છે. એટલે કોઇને કોઇ મિષે તે એ નામ લે છે, પોપટને પઢાવવાનું એક સારું નિમિત્ત તેમને મળી ગયું, સીતાનો આ રતિભાવ કે ભક્તિભાવ વર્ણવતાં નરસિંહ પોપટ ઉપર એક આખું કાવ્ય જ રચી નાખે છે. તેઓ લખે છે :-

'પઢો રે પોપટ રાજા રામના, સતી સીતા પઢાવે
પાસે રે બંધાવી પોપટ પાંજરું, મુખે રામ જપાવે.
પોપટ તારે કારણે, લીલા વાંસ વેડાવું
તેનું રે બંધાવું પોપટ પાંજરું, હીરે રતને જડાવું.
પોપટ તારે કારણે, શી શી રસોઈ બનાવું.
સાકરનાં કરી ચુરમાં, ઉપર ઘી પિરસાવું.
પાંખ લીલી ને પગ, પાંડુરા, કોટે કાંઠલો કાળો
નરસિંહના સ્વામીને ભજો, રાગ તાણી રૂપાળો,

* * *

દાદર મોર, બપૈયા બોલે, મધુરી શી બોલે કેલાયડી

* * *

ગરુડે ચડીને ગોવિંદ આવિયા, આવ્યા અંતરજામી

મીરાનું જે કાવ્ય અહીં મૂક્યું છે તે રસકવિ રઘુનાથ ભટ્ટનું રચેલું છે એમ સાંભળ્યું છે, કાવ્યકર્તૃત્વનો ઝગડો સંશોધકો માટે રહેવા દઇને આપણે માત્ર રસપાન કરીશું. મીરાં કહે છે :-

'રાધે ! તારા કુંગરિયા પર બોલે જીણા મોર
મોર જ બોલે, બપૈયા બોલે, કોયલ કરે કલશોર

* * *

પપૈયા રે ! પિવ કી બાની ન બોલ

* * *

પ્રીતમ કો પતિયાં લિખુ, કૌવા ! તું લે જાય
જાઇ પ્રીતમ સૂં યૂં કહે, થારી વિરહિણી ધાન ન ખાય,

મીરાંએ આ દોહામાં કાકદૂતની કલ્પના કરી છે, આવી કલ્પના અન્યત્ર પણ આવશે. મીરાં રાણાને ઉદ્દેશીને કહે છે :-

કોયલ ને કાગ રાણા ! એક જ વરણાં રે
કડવી લાગે છે કાગવાણી – મેવાડા રાણા !

એક તો રાજસ્થાનની ક્ષત્રિયાણી અને વળી કૃષ્ણભક્ત હોઇને મીરાં રાણાને કાગડો કહેતાં શા માટે અચકાય ?

અખાભગત વેદાંતના રંગે નખશિખ રંગાયેલા જ્ઞાની છે. તેમને બ્રહ્મવિદ્યા વિના અન્ય વિષયમાં રસ નથી, બ્રહ્મવિદ્યાની કવિતા રચતાં તેઓ અલંકારોને અવશ્ય આવકારે છે. પંખણીના

માતૃત્વની મહત્તા ગાતાં તેઓ કહે છે :

'જયમ કૂંજી મૂકે ઈંડાં, તે દૂર જઈ ચારો કરે
તેહની સૂરત સરખી રહે માંહે, અપત્ય ત્યાંથી ઊછરે,'

બે સુંદર અલંકારો પ્રયોજતાં તેઓ કહે છે :

ગરુડ આગળ જેમ કુરરી, સાગર આગળ જેમ કૂપ
મેઘ આગળ યથા ઝાકળ, કયાં હાં તેલ ને કયાં તૂપ ?'

અખા ભગત સૌન્દર્યદર્શી છે એટલી હકીકત ઉપલી પંક્તિઓમાંથી અવશ્ય સમજાય છે પરંતુ તેમની છાપ પ્રહારક તરીકેની જ પડી ગઈ છે, આનું કારણ તેમની સચોટ, જ્વેમભરી, આક્રમક વાણી જ જણાય છે. સમાજમાં પ્રવર્તમાન દંભ તથા પાખંડ ઉપર પ્રહાર કરતાં પાખંડીઓને ધ્રુવડનું રૂપક આપીને તેઓ સંભળાવે છે :-

'જ્યાં જોઈએ ત્યાં કૂડેકૂડ, સામેસામાં બેઠાં ઘૂડ
કોઈ આવી વાત સૂરજની કરે, તે આગળ લાઈને ચાંચ જ ધરે
અમારે હજાર વર્ષ અંધારે ગયાં,

કવિતામાં કેટલીક પરંપરાપ્રાપ્ત રૂઢિઓ હોય છે, તેને કવિસંકેત કે કાવ્યસંકેત કહે છે, જેમ કે ચાતક આકાશમાંથી પડતા વરસાદનું જળ જ પીએ, ધરતી ઉપરનું જળ ન પીએ, હંસ મિશ્રણ કરેલા નીર-ક્ષીરને જુદાં પાડી માત્ર ક્ષીર પીએ અને નીર પાત્રમાં પડયું રહે, અનળપક્ષી સદૈવ આકાશમાં જ ઊડે અને મરીને પડે ત્યારે તેની ભસ્મમાંથી જ બચ્ચું જન્મે-અને તે પણ આકાશમાં જ. મોર નૃત્ય કરે ત્યારે તેની આંખમાંથી હર્ષાશ્રુ ઝરે અને તે પીતાં જ ઢેલને ગર્ભ રહે. કાગડા ઋષિ છે અને અમર છે. ટીટોડી સુએ ત્યારે પગ આકાશ તરફ ઊંચા રાખીને જ સુએ-રખેને આકાશ પડે તો ઝીલી લેવાય તે બીકે. આવા કવિસંકેતોનો ઉપયોગ તે તે પક્ષીઓને જોવા વિના પણ કવિતામાં પ્રયોજી શકાય છે. પરંતુ આનો અર્થ એવો નથી કે બધા જ કવિસંકેતના પ્રયોજકો પક્ષી-જગતથી અજાણ છે. અખા ભગત આવા કવિસંકેત અને પ્રત્યક્ષ પક્ષી દર્શન બંને પ્રયોજે છે. તેઓ કહે છે.

'જયમ અન્ય પંખી અતિ ઊંચો ચડે
અખા અનલદર્શન નવ કરે.'

* * *

'છે હુમાયુપંખીની પઠે, કોય હેતુવાદ કરશો મા હઠે.'
(હુમાયુપંખી એટલે અનલપંખી)

* * *

અગ્નિ કાષ્ઠ મેલીને પંખ ઉપર, ઉડ્ડી નાખે નસંક
નિજ ઈચ્છાએ બાળે કાય, સ્વાંતબિંદુ ફરી પરગટ થાય'

(અનળપંખી અગ્નિમાં બળી મરી સ્વાતિ બિન્દુ થાય છે. પછી વરસીને મોતી બને છે એવી કલ્પના છે.)

'અનળપંખીનો ઈંડવો રે, ભૂલ્યો ન આવે લોમ
અણછતો અખો ઓચરે, જેને વાસ વસાવો વ્યોમ
'વણ સમજ્યે સૂડો નિત કહે, સામું કહપિંજરમાં રહે,

* * *

બ્રહ્મ, કર્મ ઉલેથા ભ્રષ્ટ, જેમ અધછેદ્યા કુકકુટને કષ્ટ'

* * *

જેમ કોયલસુતને પાળે કાગ, વસંતઋતુએ ઊડીજાયે જાગ'

'જયમ મોરપત્ની પડતું બિંદુ ધરે,
તેનો તદ્ભત બહીં થઈ પરવરે
પડયું ગ્રહે તેની થાયે ઢેલ, ગુરુશિષ્યનો અખા આ ખેલ.'

* * *

છુટા શા પણ બાંધા નેટ, જેમ શકરાને દોરો પેટ,
ઊડે ખરો પણ આંધ્યો નવ જાય, પેટે બાંધ્યો દોરો તણાય'

* * *

કલા જાણ્યા વિના ક્ષીર જયમ પશુ બંધાણો પાશ
તે પાંખ કાતરી પારધી, ત્યારે જ્ઞાન પામ્યો નાશ'

* * *

ચકોરની પ્રીતિ ચંદ્ર શું રે અગ્નિ પ્રાશે અંગાર

* * *

પ્રેમાનંદ ગુજરાતી ભાષાના મહાન કવિ છે, તેઓ વડોદરાના નિવાસી હતા, સુરત જતા આવતા હતા અને નંદરબારમાં પણ રહ્યા હતા. ('વીરક્ષેત્ર વડોદરૂં ગુજરાત મધ્યે ગામ' તથા 'ઉદર કાજ નંદરબાર સેવ્યું') આમ તેઓ નગરવાસી હતા છતાં પક્ષી-જગતનો ઉલ્લેખ તેઓ કરી શકે છે. દેવકી વિલાપ કરતાં કહે છે :-

'કીડી ચાંચે ને તીતર ખાએ, તેમ થયું આ જ મહારે
એક રાતની હું નહિ માતા, પરઘેર પુત્ર પધારે

કોયલ કાગડી પાસે પોતાનાં ઈંડાં સેવરાવે છે એટલું જ નહિ પણ બચ્ચાં યે ઉછેરાવે છે, એવો એક કવિસંકેત છે એમ ગણાતું હતું, પરંતુ પ્રકૃતિનિરીક્ષણકારોએ આ સત્ય હકીકત છે એમ સિદ્ધ કર્યું છે, મહાકવિ કાલિદાસ કહે છે :-

प्रागंतरिक्षगमनात्स्वमपत्यजातम्
अन्यैर्द्विजै : परभृत : खलु पोषयन्ति ।

[આકાશમાં ઊડતાં થાય તેની પહેલાં પોતાનાં બચ્ચાંઓને બીજાં પક્ષીઓ પાસે કોયલ પોષાવે છે.]

પ્રેમાનંદ આ સત્ય વર્ણવતાં કહે છે :-

કાક ઉછરે રે કોકિલા-બાળને કહું કામિની !
વય પામ્યે ઊડી જાય, ભોળી ભામિની !
પક્ષી સેવે કલ્પવૃક્ષને, સુણ કામિની !
જ્યાં લગણ ફળની આશ, ભોળી ભામિની !
ફળ ઘટયે કુમને પરહરે, સુણ કામિની !
અન્ય સ્થાનક પૂરે વાસ, ભોળી ભામિની !

* * *

કપોત, કોકિલા, સૂડા સારસ, ચક્રવાક ને મોર
મરાળ, મધુકર, ને ટીટોડી, ચાતક, ચાસ, ચકોર,

ઉપર વર્ણવેલો કવિસંકેત પ્રયોજતાં પ્રીતમ કહે છે :-

'પ્રીત જુઓ પંખી તણી, જળ ચાતક ચાંચ ન ઝોળે રે
અંબુ પીએ આકાશનું, અવનીનું નીર, ન ડોળે રે'

ધીરા ભક્તકવિ છે, નરસિંહની જેમ એક પદ આખું તે પંખીઓ માટે રચી નાખે છે. હોલો હોલીનો શિકારી ઝાડ નીચે છે અને બચ્ચાં માળામાં છે, હવે પોતે ઝાડ ઠોકવું કે નહિ ? આ ભીડ વર્ણવતાં તે લખે છે :-

'હોલો હોલી કહે છે રે, પ્રભુજી મારી વહારે ચડો
બચ્ચાં મારાં માંહે રે, તળે આવીને ભીલ ઝાડો

બાણ તાણીને ઊભો પારધી, ઉપર આવ્યો બાજ
પોલારમાંથી સર્પ નિસરિયો, તેણે તો સરી ગયાં કાજ
ગરુડનો ગામી રે, હરિ બિરદ્ધાર બડો–
વિનતિ સુણી વિઠ્ઠલ પરવરિયા, સાથ માંહી નિરવાણ
બિલને ઠેસતાં પારધીના, તત્ક્ષણ લીધા પ્રાણ
બાણ ત્યાંથી છૂટ્યું રે, બાજ આવી હેઠો પડ્યો.”

* * *

“જેને રામ રાખે રે, તેને કુણ મારી શકે?
અવર નહીં દેખું રે, બીજો કોઈ પ્રભુ પખે!
નીંભાડાથી બળતાં રાખ્યાં, માંજારીનાં બાળ
ટીંટોડીના ઇંડાં ઉગાર્યાં, એવા છો રાજન રખવાળ
અંત વેળા આવો રે, પ્રભુ! તમે તેની તકે–
બાણ તાણીને ઊભો પારધી સીંચાણો કરે તકાવ
પારધીને પગે સર્પ જ ડસિયો, સીંચાણા શિર મહીં ઘાવ
બાજ પડ્યો હેઠો રે, પંખી ઊડી ગયાં સુખે

ભોજા ભગત સિદ્ધ પુરુષ હતા. તેઓ એક તરફ અગમ-નિગમની વાતો કરે છે તો બીજી તરફથી પાખંડીઓ ઉપર ભારે પ્રહારો કરે છે. અખો જેમ પાંખડીઓને હથોડે ટીપે છે તેમ ભોજો તેમને ચાબખે ફટકારે છે, પાખંડીઓ વિષે તેઓ લખે છે :-

“બગલો થઈને આરે બેઠો, ચાંચ કરી પહોળી
આરેથી કાંઇ આર મળ્યો નહિ, દરિયો દીધો ડોળી.”

* * *

‘આ છે પંખીડાનો મેળો રે, ભવોભવ નહીં રહે ભેળો’

પંખીઓના ઉલ્લેખો માટે લોકસાહિત્યનો દરિયો ડોળવા જેવો ખરો! લોકજીવન કુદરત તરફ નગરજીવનની જેમ છટકબારીની દૃષ્ટિએ નથી જોતું, ખેતી અને પશુપાલનને અંગે ગ્રામીણોને અરધી જિંદગી કુદરતમાં જ ગાળવી પડતી હોઇ કુદરતની તેમને મન નવાઇ નથી. કયારેક કુદરતી જીવન તેમને ત્રાસરૂપ પણ લાગે છે, છતાં કુદરત તેમના શ્વાસોચ્છ્વાસમાં છે. આથી તેમની કાવ્યરચનામાં તે અનાયાસે, અજાણતાં આવી જાય છે, મીરાંએ કોયલ અને કાગડાની સરખામણી કરીને કહ્યું કે ‘કડવી છે કાગવાણી’ આજ વાત લોકકવિઓ કહે છે :-

દાદૂ ચારણ કહે છે

સવરણ કવરણનો’ ય, કવરણ ઘર ઊજ્યો કરણ,
કોયલ કસદ ન હોય, દહરે પાળી દાદવા!

સોરઠિયો કહે છે :-

‘કોયલડી ને કાગ, વાને વરતાયે નહિ
(પણ) જીભદિયે છ જવાબ, સાચું સોરઠિયો ભણે,’

સોરઠિયાનું જ વક્તવ્ય ઉચ્ચારતાં રાજો ગાય છે :-

‘ઉપજાવે અનુરાગ, કોયલ મન હર્ષિત કરે.’
(પણ) કડવો લાગે કાગ, રસનાના ગુણ રાજિયા!

બાળગીતકાર કાગડાનો ઉપહાસ આમ કરે છે :-

‘જુઓ જુઓ પંખીની આ ટોળી
તેમાં કબૂતરોની જાત ભોળી;
તેમાં લુચ્ચામાં લુચ્ચા કાગડા છે.
સહુ પંખીમાં એ તો નાગડા છે.’

મીરાંની જેમ લોકકાવ્યમાં પણ કાકદૂતની કલ્પના છે. રાણો નામનો પ્રેમી કુંવર નામની પ્રેમિકાને સાણા નામના દક્ષિણ ગીરના ડુંગરામાંથી કાગડા દ્વારા વેદનાભર્યો સંદેશો મોકલાવતાં ગાય છે :-

‘ગયું લાગી, ગુડા ગળ્યા, પેટે વધ્યો પિયો
કાગા! કે, જે કુંવરને, રાણો સાણે રિયો!’

મોર ભારતનું રાષ્ટ્રીય પક્ષી છે, ગીરના અરણ્યનો તે શણગાર છે. એક સમસ્યામાં લોકકવિ કહે છે :-

‘પાંખાળો, પરઊડણો, ગયમાં એનું ગામ
વર પહેલો તોરણ ચડે, એનું અમારે કામ.’
(ઉત્તર : મોર)

ગામડાંની જાનડીઓ જાનમાં જાય છે, કોઇ પણ ગામ પાસે આવતાં તેઓ સીમ ગજાવે તેવા ઊંચા અને તીણા કામળ સૂરે ગાડાંમાંથી લગ્ન-ગીતોની સુગવણી લલકારે છે :-

‘મોર! જાજે ઊગમણે દેશ, મોર જાજે આથમણે દેશ
વળતાં જાજે વેવાઇને માંડવે–
મોર! તારે સોનાની ચાંચ, મોર! તારે રૂપાની પાંખ
વળતાં જાજે વેવાઇને માંડવે–

સાસરે જનારી પુત્રીનો વિરહ માતાપિતાને અગાઉથી વરતાય છે. પિતાની આંખમાંથી આંસુ ઝરતાં દેખી કોડીલી કન્યા આશ્વસન આપે છે:-

‘ઓ દાદા! રે દાદા!
તમે શીદ આંસુડાં ઢાળો?
હું નહિ જાઉં રે નહિ જાઉં
સોનાની ચરક નહિ જાઉં
રૂપાના મોર બોલે!’

રૂપાના મોર બોલે છે. અર્થાત્ મારા વરનો ટહુકો સંભળાય છે. છતાં થે તમને રડતાં જોઇને હું વિદાય વિચાર માંડી વાળું છું.

ભજનમાં એક ભક્ત કવિ મોરલાનું રૂપક આપીને ગાય છે :-

‘મોર! તું તો અવડાં તે રૂપ કયાંથી લાવ્યો રે!
મોરલો મરતલોકમાં આવ્યો’

‘ચાંચાળો ચાંચે લિયે આવત ભુંહ અષાડ’
જેવો શેડયુમાં સ્વાદ, (તેવો) દોણેનો હોય દાદવા!’

મોરની સાથે બપૈયાની જોડી હોય જ. કવિસંકેતનો ઉપયોગ કરીને લોકકવિ લલકારે :-

આ જ કવિસંકેત અન્યત્ર મળે છે :-

‘બાપૈયો બીજે, પાલર વણ પીવે નહિ
સમદર ભરિયો છે, (તોય) જળ નો બોટે જેઠવા!’

વળી કહે છે :-

‘મે મે કરતાં અમે, બાપૈયા ઘોડયે બોલિયે
નજર વિનાનો ને (હ) બાપે નહિ બરડા–ધણી!’

કાગડો આવતા અતિથિની એંધાણી આપતાં ‘કા, કા’ ઉચ્ચાર કરે છે એમ મનાય છે–તેની સાથે તે મૃત્યુદૂત પણ મનાય છે–ઉજ્જડ સ્થાનમાં જ કાગડા ઊડે તેથી તે સર્વનાશનું પ્રતીક છે. હતાશ પ્રેમિકા પોતાના છેહ દેનાર પ્રેમીને શાપ આપતાં ઉચ્ચારે છે:-

‘કળ કળ કરશે કાગ, ધુમલીનો ધુમટ જશે
લાગો વધતી આગ, રાણા! તારા રાજમાં!’

કાગડાની જેમ ચીબરી (ભેરવ) પણ અપશુકનિયાળ પક્ષી ગણાય છે. લોકકવિ કહે છે :-

'ડાબી ભેરવ કળકળે, જમણું જાંગળ થાય
લોઢણ ખંભાતણ ધંમ ભણે, સંધ દ્વારકા ન જાય'

તેતર પક્ષી ડાબી બાજુ ઊતરે તે પણ અપશુકન છે, મરણ પામેલા પ્રેમીને જોઇને હતાશ પ્રેમિકા કહે છે :-

'અવળે શકને આવિયાં, ડાબો ગણેશ થિયો
મેરીપરને મારગે, રાવલિયો રણમાં રિયો'

મેઘદૂત અને કાકદૂતની જેમ શુકદૂતની કલ્પના પણ છે :-

'પીળી પાંખરા પોપટા ! જઈ ઢોલાને કહે
મારૂં મન ઊંચું કિયું, છાયા કાંઉ ન દેહ ?'

મોરને ઉપાલંભ આપતાં કહે છે :-

'મત તું બોલે મોરલા ! ઊડી મ બેસ ખજૂર
થાને જળથળ ઢૂંકડો, માને વાલ્યમ દૂર'

રાણકદેવી પણ આવો જ ઉપાલંભ મોરને આપે છે :-

'કાં ટૌકે ગરજ છ મોર ! ગોબે ગરવાને ચડી ?
કાપી કાળજ-કોર, પીંજર દાઝ્યો પાણીએ !'

જેઠ-અષાડમાં જ્યારે વાદળાં આકાશમાં જામવા માંડે ત્યારે લીટીના આકારમાં કે ઊંધા અંગ્રેજી અક્ષર V ના આકારમાં પક્ષીઓ શ્રેણીબદ્ધ બની ઉડ્ડયન કરે છે, સૌરાષ્ટ્રમાં આ દૃશ્ય ઘેર ઘેર વરસે જોવા મળે છે, આ પક્ષીઓ ઊડતી વેળાએ સારસની જેવો અવાજ કરે છે, તેમને કુંજ કે કુંજડાં કહે છે, વિરહિણી કુંજદૂતની કલ્પના કરીને કહે છે :-

'કુંજલડી રે સંદેશો અમારો, જઇ વાલમને કે'જે જી રે !'

આ કુંજ પક્ષી રાતે સૂતાં સૂતાં પણ સુખની નિદ્રાનો ટહુકાર કરે છે, તેની ઉપમા આપીને મૃત સ્ત્રી વિષે કવિ પોરસા નામના વિધુરને કહે છે :-

સૂતલ સખ કરે, કણુકણુતું કુંજાં જી,
આયું મધરાતે, પાદર તારે પોરસા !'

આજ વિખૂટી જોડીને રાતભરનાં વિજોગી ચકલા-ચકલીની ઉપમા આપીને લોકકવિ ગાય છે :-

ઉડી મન આંબર ચડે, ચકવાં જી સદાય
(ત્યાં તો) કકરી રાત કળાય, પોહ ન ફાટે પોરસા !'

કૂકડો પ્રભાતનો અગ્રદૂત ગણાય છે. રાતનો એક પહોર બાકી હોય ત્યારે પહેલો કૂકડો બોલે છે. કવિ કૂકડાને પૂછે છે કે તને નીંદર કેમ નથી આવતી ? તને વાઘો નામનો વીર સાંભર્યો ?

'કયું કુરલાયો કૂકડા ! ગળતી માંઝલ જોગ
વિહંગ થાને વીંટિયો, વાઘા તણો વિજોગ ?'

લોકકવિ માત્ર સુંદર પંખીઓને જ વર્ણવે છે તેમ નથી. અન્ય કવિઓ જ્યારે જ યાદ કરે તેવાં ગીધ-સમળાને પણ તે યુદ્ધના અનુષંગમાં વર્ણવે છે, નાગને દેવ અને કાગડાને શ્રાદ્ધ જમનાર પિતૃ ગણવામાં આવે છે તેમ ગીધ-સમળામાં પણ દૈવી શક્તિની કલ્પના કરીને લોકકવિ તેમની પાસે આગમવાણી ઉચ્ચરાવે છે. ભૂચર મોરી નામે ઓળખાતું યુદ્ધ ચાલતી હોય ત્યારે ગીધ આવશે એવી વાત પંખી યુગલ કરે છે.

અને ઢોર ચારતો એક રજપૂત જુવાન તે સાંભળે છે એવી કલ્પના રજૂ કરતાં કવિ વર્ણવે છે :-

'પરચર પંખણીજી કે બાતાં યૂં કરે
ભય તમ ભૂચરીજી કે આગમ ઓચરે;
પર એક સમયે ક્રોળ પાદર, ધાર જેજન પાધર
રજપૂત એકહ નામ ભૂચર, ચાય રહ હે ઘણ ચર,
સોય થંભ ચત તણુ આય સાથી, પરખ સુરભિ રખ પરે
પરચર પંખણીજી કે બાતાં યૂં કરે'

ગિરનાર ઉપર ગરુડો ઊડે છે તેને ગ્રામીણો અને લોકકવિઓ ગીધ (ગરજાં-ગરજાણુ) માની લે છે, ગિરનારની તળેટીમાં બહાઉદ્દીન કોલેજમાં ભણનાર 'ધૂમકેતુ' જેવા પણ ગરુડને યાદ કરવું હોય ત્યારે ઇટાલિયન ગરુડ (આલ્પ્સનું ગરુડ) તરફ નજર દોડાવતા હોય ત્યાં લોકકવિઓને શો ડખો આપવો ? રણક્ષેત્રમાં માંસથી ધરવનાર વીર ગયો તેથી ગિરનારમાં ગીધો ઉડીને આબુ ગયાં તેવી કલ્પના કરતાં લોકકવિ ગાય છે.

ગરવરનાં ગરજાણુ, ઊડી આબુ પર ગિયાં
માંસ-ધ્રવતલ મેરાણુ, ઢળિયો જેતાણા-ધણી'

યુદ્ધ અને ગીધના સાહચર્યનું બીજું દૃષ્ટાંત :-

ઓ ! ઉડે ગરજાણુ, (જેને) ગોકીરે ગજબ થિયો
હૌયાં ! હાલ્ય મેરાણુ, રણ જોવા રાખાશનું'

સમળાનું રૂપ લઈને મહાકાવી શકિત માંસનું ભક્ષ્ય લેવા આવી છે પણ વીર તો પોઢી ગયો છે ! તેથી તેની ચિતા ઉપર પાંખો પછાડીને તે અગ્નિ ઓલવવા પ્રયત્ન કરે છે એવી કલ્પના મૂકતાં કવિ મૃત વીરને અંજલિ અર્પે છે :-

'ચે માથે શકત્યું તણા પાંખાંના પરહાર
ભ્રમ લેવા આવી ભમે, માટી તારી માણસી !'

તેતર નામનું કાબરચિતરા વર્ણનું કૂકડી જેવડું વનપંખી સૌરાષ્ટ્રમાં ખાંથલિયા થોરની વાડેવાડે સંતાતું ચાલે છે-ઉપરથી બાજ ઝડપી ન લે તે બીકે. તેમનો શિકાર કરનારાઓનો ઉપહાસ કરતાં લોકકવિ લલકારે છે :-

લાવર, તેતર, લાર, હરકોઈ હાંકો કરે
(પણ) સાવજના શિકાર, રમવા મુશકિલ રાજિયા !

શિબિ રાજા પાસે બાજની પકડમાંથી છટકતો હોલો શરણ માટે આવ્યો હતો એવી એક પુરાણકથા છે, પરંતુ સૌરાષ્ટ્રમાં તો એક તેતર ખરેખર શરણ લેવા આવ્યો અને શિબિરાજાની જેમ જ પોતાની કાયા અરપીને તેને જીવનદાતાએ શરણ આપ્યું એવી ઐતિહાસિક ઘટના બનેલી છે. આ એક તેતરને કારણે લગભગ સાડા છસો વીરો કપાઇ ગયા હતા. લોકકવિ વર્ણવે છે :-

'જંગલ તેતર ઊડિયો, આવ્યો રાજદુવાર;
ચભાડ સહુ ઘોડે ચડ્યા, બાંધી ઊભા બાર.
મૂંજા ! તેતર માહરો, માગે દુજણ સાર;
ગરવભર્યા ગુરજરધણી, આપે નહિ અણુવાર,
પડ્યા ચભાડહ પાંચસે, સોઢાં વીસું સાત;
એક તેતરને કારણે, અલ રાખી અખિયાંત'

(ક્રમશ :)

ધ્યા ન નું ર હ સ્ય

● અનવર આગેવાન

આપણને મળેલું જીવન ઈશ્વરે આપેલું એક દિવ્ય વરદાન છે. તે અદ્‌ભુત વિશેષતાઓ અને શક્યતાઓથી ભરપૂર છે. જાણે એક નાનકડું શક્તિથી ભર્યું ભર્યું બ્રહ્માંડ છે. આ વરદાનનો ઉપયોગ પરમ લક્ષ્ય માટે કરવાનો છે, સુખ અને વિલાસિતા માટે નહિં. આ શરીર સૌન્દર્ય પ્રદર્શન માટે મળ્યું છે. ભીતર બેઠેલા આત્માનું એ વાહન છે. એ દ્વારા મંજિલ સુધી પહોંચવાનું છે. નાની-નાની આકાંક્ષાઓ અને પ્રાપ્તિઓની પાછળ આપણે એનો વ્યર્થ ઉપયોગ કરી રહ્યા છીએ. આ રીતે એક દિવસ આપણા શ્વાસ પૂર્ણ થઈ જશે, ત્યારે આ બધું મેળવેલું અહીં જ રહી જશે.

આપણે આપણી સુખ-સમૃદ્ધતાઓ પામવા માટે આભ-ધરતી એક કરી નાખ્યા અને હવે અન્ય લોકના ગ્રહો સુધી પહોંચવાની તૈયારી કરી રહ્યા છીએ. જ્યાં ક્યાંયથી જે મળ્યું એનો ખૂબ ઉપયોગ કર્યો. તોય આપણા અભાવો, આપણા અસંતોષો દૂર થયા નહીં. પરંતુ આ બધામાં જો આપણે પહેલાં આપણી જાતને ખોળી કાઢી હોત તો ? સદીઓના આટલા સંઘર્ષ અને શ્રમથી જે મળ્યું એનાથી અનેક ગણું આપણી પાસે હોત.

ખોજની આ પ્રક્રિયા જ ધ્યાન છે. આપણે જ્યારે એ ક્ષણ આંખો બંધ કરીને ખોવાયેલી વસ્તુ કે ભુલાયેલી વાતનું સ્મરણ કરીએ છીએ ત્યારે એ આપણને આપણી સમક્ષ દેખાવા માંડે છે. આ જ ધ્યાનનું સ્વરૂપ છે. આપણા ઋષી-મુનિઓએ સૃષ્ટિનાં રહસ્યોને ધ્યાનની અવસ્થામાં જ ઉકેલ્યા હતા. એમની પાસે આજનાં જેવાં યંત્રો નહોતાં, પરંતુ ગ્રહો-ના અંતર અને ગતિની એમને માહિતી હતી.

પોતાની જાતને શોધવાનું આનાથી સરળ કોઈ સાધન નથી. અત્યાર સુધી આપણે બહાર જે કંઈ જોયું એની પાછળ એટલા ભાવરા બની ગયા કે અંદર જોવાનું ભાન જ ના રહ્યું. જો આપણે જગતની ભીડમાં આપણી જાતની શોધ કરીશું તો ઈશ્વર કલ્પનાતીત લાગશે નહીં. ઈશ્વર પ્રાપ્તિ જ જીવનની સૌથી મોટી પ્રાપ્તિ છે. એ માટે અંતર્મુખી બનવું જરૂરી છે. એને પામવાની અન્ય રીતોમાં સૌથી ઉત્તમ સાધન યોગ જ છે. ધ્યાન એનું જ એક અંગ છે. ધ્યાનની સફળતા પછી જ સમાધિની સ્થિતિ આવે છે.

ધર્મશાસ્ત્રો અને પુરાણોના આખ્યાન આપણને વિશ્વસનીય લાગતા નથી. ભાગીરથ પોતાના પૂર્વજોના ઉદ્ધાર માટે સ્વર્ગની ગંગાને ધરતી પર કેવી રીતે ઉતારી લાવ્યા ? અગસ્ત્ય મુનિ દરિયાની ઈર્ષાના રક્ષણ માટે આખો સમુદ્ર જ પી ગયા ? દેવતાઓએ પ્રાર્થના કરતાં વિંધ્યાચળ પર્વતના પૂરને રોકી રાખ્યું ? અનેક સંતોએ લોકહિત માટે પોતાની દિવ્ય શક્તિઓનો કેવો સદુપયોગ કર્યો ? ભારતની દિવ્યતાની શોધમાં અમેરિકાથી અહીં આવેલા પોલ બ્રન્ટનને નિરાશ પાછા ફરતાં જોઈ મહર્ષિ રમણે એને પોતાના આશ્રમમાં બોલાવ્યો અને કોઈ પણ પૂર્વભૂમિકા જાણ્યા વગર જ આ બધા પ્રશ્નોનું નિરાકરણ કરી દીધું. કહે છે કે ભારતની પવિત્રભૂમિ કયારેય સંતોવિહોણી બની નથી. શક્ય છે કે આજે પણ ગિરી-કંદરાઓમાં આ દેશને પતનમાંથી બચાવવા અને એના નવનિર્માણ માટે અજાણ્યા સંતો દ્વારા ઉત્તમ પ્રયત્નો થઈ રહ્યા હોય !

ધ્યાનની સફળતા માટે એને અનુરૂપ મનોભૂમિ જોઈએ. ઉપનિષદોમાં એ માટે આઠ ક્રમ નિશ્ચિત કર્યા છે. યમ, નિયમ આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણ, ધ્યાન અને સમાધિ. આ બધાની આવશ્યકતા મનને લક્ષ્ય પર કેન્દ્રિત કરવા પૂરતી છે. જો ઈચ્છાશક્તિ દૃઢ હોય તો બધા વગર પણ એકાગ્રતા સાધી શકાય. આ પ્રક્રિયામાં મન ધીરે ધીરે શરીર તેમ જ પ્રાણોથી પર થઈને ઊંડે સ્વયંમાં પ્રવેશે અને પછી સમાધિની સ્થિતિ આપોઆપ સધાય છે.

ધ્યાનના બે પ્રકાર ગણ્યા છે. સાકાર અને નિરાકાર. બીજા શબ્દોમાં કહીએ તો પ્રભુ સમર્પણ કે આત્મા-શોધન. ઈશ્વરના કોઈ પણ સ્વરૂપનું ચિંતન અથવા કોઈ મૂર્તિ કે ચિત્રના માધ્યમથી ધ્યાન ધરવું. એની સાથે આત્મીયતા સાધવી એ સાચું ધ્યાન છે. દિવ્ય ઉપનિષદમાં આવા ધ્યાન માટે કહ્યું છે-'જે એ માનીને ચાલે છે કે, ધ્યાન જ બ્રહ્મ છે, તો એની ગતિ બ્રહ્મ જેવી વિસ્તૃત બની જાય છે.' ધ્યાનનો આ પ્રકાર અત્યંત સરળ છે. એનો અભ્યાસ વધારવાથી કેટલાંક ચમત્કારોનો અનુભવ પણ થવા લાગે છે. અણિમા, લઘિમા વગેરે વગેરે આઠેય સિદ્ધિઓ સુલભ બની જાય છે. અદૃશ્યને જોવું, અનુભવ કરવો અને પ્રાપ્ત કરી લેવું. શરીરનું ઘટાડવું-વધારવું વ્યક્તિ અને સ્થિતિ પર નિયંત્રણ વગેરે દુર્લભ સિદ્ધિઓ મળવા લાગે છે. સર્વે સાંસારિક સુખો આપવામાં આ સિદ્ધિ સમર્થ છે. પરંતુ એના ઉપભોગથી સાધક પોતાના મૂળ લક્ષ્યથી દૂર ખસવા માંડે છે. ઇન્દ્રિયોથી સર્વ સુખોના ઉપભોગને કારણે સાધક પથભ્રષ્ટ બની જાય છે. વિલાસિતામાં રહેલી બધી જ વિકૃતિઓ એ તેનામાં પ્રવેશે છે. મહર્ષિ પતંજલિએ યોગ દર્શનમાં કહ્યું છે. 'તદ્વૈરાગ્ય દ્વોષ બીજ ક્ષયે કૈવલ્યમ.' સિદ્ધિઓથી મન હટાવવાથી જ દોષ દૂર થાય છે, ત્યારે જ મોક્ષ મળે છે.

આપણી બંને ભ્રમર વચ્ચે આજ્ઞાચક્ર આવેલું છે. આંખ મીંચીને એ જ સ્થાન પર પ્રકાશનું ધ્યાન ધરવાનું છે. એથી અંગપ્રત્યંગમાં એ પ્રકાશનો અનુભવ થાય છે. શિવની જેમ આપણામાં પણ ત્રીજું નેત્ર છે. ચિકિત્સાશાસ્ત્રમાં જેને પિચ્યુટરી ગ્રંથિ કહે છે.

ધ્યાન માટે વાતાવરણ અનુકૂળ હોવું જરૂરી છે. સ્વચ્છ સમતળ જમીન, કુશા, મૃગચર્મ અને એકાંત આવશ્યક છે. પરંતુ જો એ શક્ય ન હોય તો રાત્રિની નીરવતામાં ઘરના કોઈ પણ ખૂણામાં આ પ્રયત્ન કરી શકાય છે. અને કંઈ પણ શક્ય ન હોય તો આખા દિવસમાં ગમે ત્યારે, ગમે ત્યાં થોડો સમય એના માટે કાઢી શકાય છે. કોઈ બાહ્ય સાધન-ઉપકરણ જરૂરી નથી. માત્ર થોડી ક્ષણો મનને કેન્દ્રિત કરવાની જ જરૂર છે. 'ધ્યાન નિર્વિષયં મન.' મનને વિષય વિકારોથી દૂર રાખવું એ ધ્યાન છે.

ધ્યાનની સિદ્ધિ વિશે કહ્યું છે કે, 'ધ્યાન'થી વ્યક્તિ પંચ-મહાભૂતો અગ્નિ, જળ, વાયુ, આકાશ અને પૃથ્વી પર અધિકાર મેળવી શકે છે. રોગ, જરા અને મૃત્યુ એના રહે છે.

શરીરનાં સર્વ પાપ નષ્ટ થાય છે. શારીરિક બળ તથા બૌદ્ધિક તેજસ્વિતા વૃદ્ધિ પામે છે. આપણા ઋષિઓ કયાંય ભટકતા નહોતા પોતાની સમસ્યાનું સમાધાન એમણે પોતાની જાતે જ મેળવ્યું છે. અખંડ-ધ્યાનમાં એમણે જે કંઈ મેળવ્યું એ જીવનભર વહેંચવા છતાં ખૂટયું નહિં. ધ્યાન દ્વારા આપણી વિચાર શક્તિ, ચિંતન શક્તિ ગંગાના પ્રવાહની જેમ નિર્મળ ઉજ્જવળ અને પ્રવાહમય બને છે એમાં ડૂબકી મારવાથી ઘણી સમસ્યાઓનો અંત આવે છે, જો તમે તમારા વ્યસ્ત સમયમાંથી કેટલીક ક્ષણો ફાળવી શકશો તો...

'અલક્ષ્ય'

★ અરુણ જોષી

અલક્ષ્ય અથવા અલક્ષ એટલે બ્રહ્મ. તેની ચર્ચા વિશદ રીતે ઉપનિષદ ગ્રંથોમાં જોવા મળે છે બ્રહ્મ એવું તત્ત્વ છે કે જેને વાણી, શ્રોત્ર, ચક્ષુ, પ્રાણ અને મન યથાર્થ રૂપે જાણી શકે નહિ. તે તત્ત્વ એવું છે કે જેનો અંત પામી શકાતો નથી. તે માત્ર વિશ્વવ્યાપક નહિ પણ વિશ્વથીયે વધુ વ્યાપક છે. તે મહત્તમ છે અને તેને પોતાના સિવાય બીજું કોઇ તત્ત્વ આપી શકાતું નથી. તેને માટે પરમ ચૈતન્ય, પરમ આત્મા, વિભુ એવા અનેક શબ્દો પ્રયોજવામાં આવે છે. તે અલક્ષ્ય તત્ત્વ નિરંજન છે અર્થાત્ ખામીરહિત છે. વળી તે ગુણરહિત પણ છે. ઉપનિષદોમાં તેને ઉપાધિશૂન્ય, શાંત, અનંત, એક અને અદ્વિતીય તેમજ નિત્ય, માનવામાં આવેલ છે 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ' એમ કહીને નરસિંહ મહેતાએ તેનું નિરૂપણ કર્યું છે તો અખાએ તેને અમળ, પૂરણ, અખંડિત, અવિનાશી, અજર, અનામ, પૂરણ જ્યોતિ એવાં વિશેષણોથી નિરૂપવા પ્રયાસ કર્યો છે સાપેક્ષ અનુભવની કક્ષાએ નિર્ગુણ બ્રહ્મ ઉપરાંત ઈશ્વરરૂપ સગુણ બ્રહ્મ પણ કલ્પવામાં આવ્યું છે. બ્રહ્મ જગતથી અસ્પૃષ્ટ પણ રહે છે અને છતાં, જગતનું નિયમન પણ કરે છે, એમ દર્શાવવા માટે વેદાન્તમાં પણ તેનાં નિર્ગુણ અને સગુણ એવાં બે પાસાંને માન્ય રાખવામાં આવ્યાં છે. બ્રહ્મ અને જગત એક છે છતાં માયાને કારણે જુદાં ભાસે છે એમ ગણીને માયા શબ્દ દ્વારા આપણે આપણું અજ્ઞાન ઢાંકીએ છીએ એમ શ્રી રાધાકૃષ્ણનનું મંતવ્ય છે. બ્રહ્મની સરખામણીમાં જગત મિથ્યા અથવા તુચ્છ છે. ઐન્દ્રજાલિકની જેમ અથવા કોઇ મહાયોગીની જેમ સગુણ બ્રહ્મ અથવા ઈશ્વર પોતાની ઇચ્છા વડે જગતનું વિજૃંભણ કરતો રહે છે. શંકરાચાર્યે જગતને મિથ્યા ગણ્યું, રામાનુજાચાર્યે તેને જડ ગણ્યું તો વલ્લભાચાર્યે પ્રભુરચિત જગતને સત્ય માન્યું પણ જીવરચિત સંસારને મિથ્યા માન્યો.

સંસાર પ્રત્યેના આચાર્યોના આ પ્રકારના દૃષ્ટિકોણથી સંસારની ઉપેક્ષા કરવાની, તેમાંથી ભાગી છૂટવાની મનોવૃત્તિ આકાર લેવા માંડી અને માયાવાદમાં માનવાથી સમસ્યાઓ સામે ઝઝૂમવાની વૃત્તિનો નાશ થયો. પરિણામે અકર્મણ્યતાનું સામ્રાજ્ય વૃદ્ધિ પામવા લાગ્યું. જ્યારે પશ્ચિમના દેશોમાં તો પ્રવૃત્તિ માર્ગને કારણે ઐહિક અભ્યુદય થતો રહ્યો. આ જોઇને 'સરસ્વતીચંદ્ર' નામની મહાન નવલકથાના લેખક અને આર્ષ દૃષ્ટા એવા શ્રી ગોવર્ધનરામે ભારતની પ્રજામાં ઉદ્યમ અને પ્રવૃત્તિ-પરાયણતા સ્થાપવા માટે એક સ્પષ્ટ સંદેશ આપ્યો અને તેની ભૂમિકા 'લક્ષ્યાલક્ષ્ય' પ્રકરણમાં નિરૂપી.

તેમણે જણાવ્યું કે બ્રહ્મનો રાગી અને જગતનો દ્વેષી એવો વિરકત મનવાળો મહાત્મા ખરેખર તો દ્વૈતમાં માનતો હોવાથી અદ્વૈતસિદ્ધિ પામી શકે નહિ. લક્ષ્યાલક્ષ્ય સિદ્ધાંતમાં તો નિષ્કામ ભાવે કામ કરવાનો બોધ આપવામાં આવ્યો છે. બ્રહ્મર્પણ બુદ્ધિથી કર્મ કરનાર બ્રહ્મ જ બને છે. લક્ષ્ય ધર્મોનો તિરસ્કાર નહિ પણ આદર કરીને, લક્ષ્ય ધર્મોને અલક્ષ્યની વિભૂતિ ગણીને કર્મો કરનાર જ્યારે કર્મોને ઈશ્વરાર્પણ કરે છે ત્યારે કર્મો પોતાના કારણ એવા બ્રહ્મને જ પ્રાપ્ત કરે છે.

શ્રી ગોવર્ધનરામના મતે, અલક્ષ્ય એવું બ્રહ્મ એ તો તદ્વાર છે. તેની વિભૂતિ એવું લક્ષ્ય તત્ત્વ જ્યાન છે. જીવ નામનો પદાર્થ બ્રહ્મથી ભિન્ન નથી પણ તે સ્ફુલિંગ તરીકે રહેલો છે. સુદીપ્ત પાવક એટલે બ્રહ્મ અને તેનો તણખો એટલે જીવ.

સંસારી માનવો અવિદ્યાને લીધે, સીમિત દૃષ્ટિને બ્રહ્મને ભૂલી જાય છે અને તેના પ્રત્યે ઉપેક્ષા કરે છે. તેઓ લક્ષ્ય પદાર્થ એવા સંસારમાં જ રચ્યાપચ્યા રહે છે. તેમને અલક્ષ્યનો પ્રબોધ કરવો એનું નામ જ અલખ જગાડવો. શ્રી ગોવર્ધનરામે રજૂ કરેલ આ દર્શન લક્ષ્ય ધર્મની આવશ્યકતા ઉપર ભાર મૂકે છે. આ રજુઆત કરતી વખતે તેમણે મુંડક, માંડુક્ય વગેરે ઉપનિષદ-વાક્યોનો આધાર અલબત્ત લીધો જ છે. અને ભગવદ્ગીતાનો અનાસક્તિ રાખીને કર્મ કરવાનો ઉપદેશ પણ ધ્યાનમાં રાખ્યો જ છે. આ સંદેશમાં કહ્યા મુજબ કર્મયોગ જ શ્રેષ્ઠ છે એમ માની સરસ્વતીચંદ્ર ધારણ કરેલી કંથા છોડી પાછો મુંબઇ આવે છે અને દેશસેવા માટે પોતાની શક્તિનો વિનિયોગ કરે છે.

આ નવા સંદેશની આજે પણ આપણા યુગને જરૂર છે.

સાભાર સ્વીકાર

[] ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય (રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ)ના પ્રકાશનો

* **અનોખી પ્રતિજ્ઞા**
  લે. રોહિત શાહ, ક્રાઉન સોળપેજી, પૃષ્ઠ ૪૮ મૂલ્ય ૫-૦૦
* **પ્રભુનાં સંતાન**
  લે. રોહિત શાહ, ક્રાઉન સોળપેજી, પૃષ્ઠ ૪૮ મૂલ્ય ૫-૦૦
* **કોઈ અડે નહીં અભડાવું !**
  લે. રોહિત શાહ, ક્રાઉન સોળપેજી, પૃષ્ઠ ૪૮ મૂલ્ય ૫-૦૦
* **કોણ છૂત કોણ અછૂત**
  લે. જિજુભાઇ; સોળ પેજી, પૃષ્ઠ ૪૮ મૂલ્ય ૫-૦૦
* **સુવિચાર પારિજાત**
  સંપા. રોહિત શાહ, ક્રાઉન સોળપેજી પૃષ્ઠ ૮૦
  મૂલ્ય ૧૦-૦૦
* **સુવિચાર બિન્દુ**
  સંપા. રોહિત શાહ, ક્રાઉન સોળપેજી, પૃષ્ઠ ૮૦
  મૂલ્ય ૧૦-૦૦
* **સુવિચાર સૌરભ**
  સંપા. રોહિત શાહ, ક્રાઉન સોળપેળ, પૃષ્ઠ ૮૦
  મૂલ્ય ૧૦-૦૦

સુવિચાર સાગર
સંપા. રોહિત શાહ, ક્રાઉન સોળપેજી, પૃષ્ઠ ૮૦
મૂલ્ય ૧૦-૦૦

ઉત્તમ સામયિકો અંગે

● સૂર્યકાન્ત પરીખ

જૂનના અંકમાં : 'આપણાં સામયિકો'વાળો લેખ વિચારણીય છે, અને જેઓ સમાજજીવનની ચિંતા કરે છે તેઓ માટે તે ગંભીર વિચારણા ઊભી કરે છે. છેલ્લાં ૫૦ વર્ષના આપણા દેશના ઇતિહાસમાં આપણે જોયું છે કે, આઝાદીની લડતને કારણે અને ગાંધીજીની મૂલ્યનિષ્ઠ રાજકીય પ્રવૃત્તિઓને કારણે ઘણા મોટા પ્રમાણમાં આપણા સાહિત્યનો વિકાસ થયો. આપણું વાર્તા સાહિત્ય પણ પાયાનાં મૂલ્યોના પ્રભાવ નીચે આવ્યું.

સમાજમાં પિતા-પુત્ર, ભાઈ-બહેન, પતિ-પત્ની, સ્ત્રી-પુરુષની મૈત્રી વગેરે સંબંધોમાં અમુક રીતે જ વર્તાય તો જ તે રુચિકર લાગે એવું એક વાતાવરણ ગાંધીજી, ટિળક, રાજા રામમોહનરાય વગેરેની અસરથી ઊભું થયું. તેમાં પણ ત્યાગ, બલિદાન, એકબીજા માટે કાંઈક કરી છૂટવાની ભાવના વગેરે મૂલ્યો ઉપસી આવ્યાં. આની અસર એ પણ થઈ કે, ભાવનાશાળી યુવક-યુવતીઓએ ગાંધીજી અને અનેક દેશનેતાઓની દોરવણી નીચે શરૂ થયેલી આઝાદીની લડતમાં ભાગ લીધો, જેલોમાં ગયાં, અને ત્યાગની એક ભાવના ઊભી થઈ. સાહિત્યજગત-પછી તે આઝાદીનું સાહિત્ય હોય કે પ્રેમનું હોય કે આધ્યાત્મિક હોય, બધામાં એની છાંટ આવી, અને કેટલાક સારાં માસિકો, પખવાડિકો પ્રકાશમાં આવ્યાં અને લોકોએ તેને સારો આવકાર આપ્યો. લગભગ ૧૯૦૦ થી ૧૯૪૦-૭૦ સુધી આ મૂલ્યનિષ્ઠ પ્રકાશનો, ભારે ઝંઝાવાત અને આંધી વચ્ચે પણ ટકી રહ્યાં.

પરંતુ દેશના રાજકારણસરમાં ૧૯૭૦ પછી જે હવા બગડતી ગઈ તેને પરિણામે મૂલ્યનિષ્ઠ રાજકારણ સાફ થઈ ગયું. અને બેઇમાની, ભ્રષ્ટાચાર, દગો વગેરેની બોલબાલા ઊભી થઈ, તેની ભારે મોટી અસર શુદ્ધ દૃષ્ટિથી ચાલતાં સામયિકો પર પડી. યુવાન પેઢીને મન જીવનમાં સફળતા મેળવવા માટે આવાં મૂલ્યનિષ્ઠ સામયિકોની કોઈ કિંમત જ ન રહી, અને તેઓ પણ જીવનમાં ધન કેમ કમાવું, આગળ વધવા માટે બીન-ધંધાકીય આવડત કેમ અપનાવવી તેમાં જ તેઓનો રસ વધતો ગયો. હિંસા, દગાખોરી, લૂંટફાટ વગેરેની કલ્પનાવાળા તથા વિચારોવાળા સાહિત્યની માંગ વધી તેમ તેમ ગંભીર અને જીવનમાં નવી દૃષ્ટિ આપે એવાં સામયિકોની ગણના લગભગ બંધ થઈ.

દૈનિકપત્રોવાળાં પણ એવાં સામયિકો કાઢતા થયા કે, તેની નકલો હજારોમાં ખપવા માંડી, અને ગુજરાતી ભાષામાં પણ આજે લગભગ ૧૫ જેટલાં સાપ્તાહિકો એવાં છે કે જેની નકલો ૨૦ હજારથી માંડીને એક લાખ સુધી ખપે છે. આ સાપ્તાહિકોમાં જીવનને ઊંચે લઈ જવા માટે કાંઈક વિચારણા આપે તેવું કશું જ નથી હોતું, પરંતુ મનની લાલચ, લોભ, ક્રોધ, માયા, હિંસા વગેરેને જ પોષણ મળે એવું આવે છે. નાનાથી માંડીને મોટાં બધાં એવું સાહિત્ય વાંચે છે.

'પ્રબુદ્ધ જીવન' પણ આજે ટકયું છે કારણ કે, એક ગ્રુપ તેને ચીવટપૂર્વક વળગી રહ્યું છે, અને તેઓ જોઈતી આર્થિક સગવડ પણ ઊભી કરી શકે છે. પર્યુષણ વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિએ પણ તેને ઘણો મોટો ટેકો કર્યો છે. પરંતુ આજથી પાંચ-દસ વર્ષ પછી આવનારી યુવાન પેઢી તેને કેટલું સ્વીકારશે તે એક પ્રશ્ન છે.

આપણા દેશની આ દુર્દશા છે. કારણ કે, જે સમાજમાં સદ્‌ગુણોના વિકાસ માટે પરિશ્રમ નથી થતો, જ્યાં ત્યાગ અને બલિદાનનું ચિંતન ઓછું થતું જાય છે, અને જ્યાં ફકત પૈસાની જ બોલબાલા વધતી જાય છે તે સમાજનો સાચી રીતે વિકાસ કેવી રીતે થાય? પરંતુ ઉપર ઉપરથી દેખાવની રીતે જ તે વિકાસ થતો હોય છે.

જૈન ધર્મનો મૂળ સિદ્ધાંત ભૌતિકવાદને ઓછો કરી અપરિગ્રહ વૃત્તિ તરફ આગળ વધવાનો છે, કારણ કે, જીવનની પરમ શાંતિ તેમાંથી જ પ્રાપ્ત થાય છે. તે માપે આજના સમાજને માપી શકાય તેમ નથી, કારણ કે, આજે ઊલટી ગંગા વહે છે એટલે મને લાગે છે કે જેઓ મૂલ્યનિષ્ઠ સમાજ માટે ચિંતા કરે છે તેવા મિત્રોએ સારાં સાહિત્યપત્રોને ટેકો આપીને પણ ઊભા રાખવા જોઈએ.

ગુજરાતના 'ભૂમિપુત્ર'ને કટોકટીમાં અને ત્યાર બાદ પ્રયત્નપૂર્વક જે જે મિત્રોએ મદદ કરીને ટેકો કર્યો છે તેની થોડીઘણી સુવાસ ગુજરાતમાં છે. હું ઇચ્છું કે પ્રબુદ્ધ જીવન' સાથે અને મુંબઈ જૈન યુવક સંઘ સાથે સંકળાયેલ મિત્રો ગુજરાતી ભાષાનાં ઉત્તમ સામયિકોને બે-પાંચ વર્ષે પૂરતો પણ ટેકો મળે અને તેવાં સામયિકો દરેક શાળા કે હાઇસ્કૂલોમાં પહોંચતાં થાય એવી આર્થિક મદદ પણ કરે તો બહુ મોટો ઉપકાર સમાજ પર થશે.

દંભનો પ્રશ્ન

(પાના નં. ૬૪ થી ચાલુ)

કરાવી દેવું તે પણ વાજબી નથી વ્યવહારમાં અથવા વાસ્તવિક જીવનમાં સત્યનો વિજય થતો હોય કે ન થતો હોય, પણ સત્યનો વિજય થવાનો જ છે. આખરે સાચ ઉપર તરી જ આવવાનું છે તેવી શ્રદ્ધા માણસને અને સમાજને ખડતલ અને ખમીરવંત બનાવે છે. સત્યનો વિજય થાય, સાચે રસ્તે ચાલનારને ફત્તેહ મળે, સંપત્તિ મળે, પ્રતિષ્ઠા મળે તેવા કારણસર આપણે સત્યને વળગી રહીએ તો લાંબા ગાળે નકારાત્મક ધંધામાં રોકાણ કરનાર જેવી જ આપણી મનોદશા ગણાય. લાભ થવાનો નથી, છતાં પણ સત્યને ધર્મ માનીને ફરજ માનીને વળગી રહે તો જ સમાજનું રાજકીય અને આર્થિક જીવન વધારે સમૃદ્ધ, વધારે ઓજસ્વી બને. મહાભારત-માં કુંતિની પાસે કહેવડાવ્યું છે તેમ સત્ય કે ધર્મ એ કંઈ ભૌતિક લાભના પ્રદેશમાં પહોંચવાનો પુલ નથી. એ તો સાધના છે, પોતાની જાતને મઠારવાની, ઘડવાની લાંબી, અધરી, જોખમી પ્રક્રિયા છે, સત્યનું પાલન કરવા મહેનત કરનાર માણસ અનેક વખત પછડાટ ખાય, કોઈવાર ગલત રસ્તે પણ ચડી જાય તેમાં કશું બગડતું નથી. સત્યપાલનથી મળતો આંતરિક આનંદ જ તેનો એક માત્ર લાભ છે. બાહ્ય જીવનમાં સત્યનો વિજય થતો હોય કે ન થતો હોય પણ માણસનું વ્યકિતત્વ તેનાથી ઉજળું બને છે. અને તેથી સત્યના વિજયમાં નહીં, ખુદ સત્યમાં જ શ્રદ્ધા રાખવી જરૂરી બની જાય છે.

'સત્ય મેવ જયતે' એ સૂત્ર બદલાવી શકાતું હોય તો બદલી કાઢવા જેવું છે. કારણ કે તેના કારણે નાહક ગેરસમજૂતિ ઊભી થાય છે અને ખોટી લાલચ પણ જાગે છે. શ્રી જગજીવનરામજીનું જીવન આ સૂત્રથી જુદું છે. તેમને મળેલી ફત્તેહમાં, પ્રતિષ્ઠામાં, સત્તામાં સત્યે ખાસ કશો ભાગ ભજવ્યો નથી. પણ તંદુરસ્ત રહેવાના ઉપાયો શોધનાર ડાકતરોએ રોગીઓની, બિન-તંદુરસ્ત લોકોની સતત ચકાસણી, અભ્યાસ કરવો પડે છે. ભારતીય રાજકારણના અભ્યાસીને આજે સૌથી મોટો લાભ એ મળે છે કે આવા સંખ્યાબંધ રાજરોગીઓ-રાજકારણનાં રોગીઓ અને રાજકારણનાં કારણે થયેલા રોગીઓ-નો સહવાસ ઘણી સહેલાઈથી સતત પ્રાપ્ત થયા કરે છે.

દંભનો પ્રદેશ

નગીનદાસ સંઘવી

આપણા પીઢ અને વયોવૃદ્ધ રાજનેતા શ્રી જગજીવનરામના અવસાન અંગે છાપાંઓમાં અને આગેવાનોનાં પ્રવચનોમાં જે લખાયું-કહેવાયું છે તેમાં વિવેકના સામાડા વટાવીને સહુ કોઇએ દંભના પ્રદેશમાં પ્રવેશ કર્યો છે. વિવેક અને દંભ વચ્ચેની ભેદ રેખા એટલી સૂક્ષ્મ હોય છે કે આ બે વચ્ચેનો આંતરો પારખવાનું કામ ભલભલા માટે મુશ્કેલ હોય છે. રાજકારણમાં તો વિવેક એ કેવળ દંભનું જ ઠાવકું મહોરું હોય છે કારણ કે સત્તાની હુંસાતુસીના કારણે રાજકીય આગેવાનો અરસપરસ વિવેક જાળવી શકતાં નથી. જાહેર જીવનમાં પડેલાં લોકોને આવો દંભ વારંવાર આચરવાની કુટેવ એટલી રૂઢ થઈ જાય છે કે પછી વગર કારણે, કેવળ આદત સે મજબૂર થઇને આગેવાનો દંભનું આચરણ કરતાં રહે છે.

બાબુ જગજીવનરામ કેન્દ્રીય પ્રધાનમંડળમાં સ્થાન પામ્યા તેમાં તેમની આવડત કરતાં વધારે તો તેમની કોમનો લાભ તેમને મળ્યો. પ્રધાનમંડળમાં તેઓશ્રી સતત ટકી રહ્યાં કારણ કે તેમની હાજરી કોઇને કશી નડતરરૂપ કે જોખમપ્રદ ન હતી. ત્રીસ વરસ પ્રધાનમંડળમાં સતત બેઠા છતાં તેમના નામે કોઇ નોંધપાત્ર સિદ્ધિ જમા થઇ નથી. ૧૯૭૯માં તેમનું નામ દેશભરમાં ગાજેલું કારણ કે તેમણે દસ વરસથી આવક-વેરો ભર્યો નથી તેવી જાહેરાત શ્રી મોરારજીભાઇએ કરી હતી. સામાન્ય નાગરિકના હાથે આવી ભૂલ થઈ હોય તો આવકવેરાના અધિકારીઓ ચડેલી રકમ કમરતોડ દંડ સાથે વસૂલ કરે છે. જગજીવનબાબુએ આવકવેરો તો ભરવો પડ્યો પણ તેમનો દંડ માફ કરવામાં આવ્યો કારણ કે તેઓશ્રી આ કર ભરવાનું ભૂલી ગયા હતા. આવી ભૂલ થયાનો બચાવ અન્ય કોઇ નાગરિક રજૂ કરી શકતો નથી.

તેમનું નામ ફરી વખત વધારે જોરશોરથી ગાજી ઉઠ્યું ૧૯૭૭માં, કારણ કે ઇન્દિરા ગાંધીના ટેકામાં રહેલાં નાવડામાંથી તેમણે ફારગતી લીધી તેમના આ પગલાના કારણે જ જનતા પક્ષને વિજય મળ્યો છે તેવું ઠસાવવાની અને તેનો લાભ ઉઠાવવાની તેમણે સખત જહેમત ઉઠાવી પણ ભારતનાં વડા પ્રધાન બનવાની તેમની મનની વાત મનમાં જ રહી અને મોરારજીભાઇની વરણી થઇ. 'આ કમબખ્ત દેશમાં ચમાર કદી પણ પ્રધાન થઇ શકે નહીં' તેવું જે વાક્ય છાપાંવાળાઓએ ચરણસિંઘના નામે ચડાવી દીધું છે તે વાક્ય ખરી રીતે તો જગજીવનરામજીએ પોતાનો બળાપો ઠાલવવા માટે કહ્યું હતું. ચરણસિંઘજી પણ હવે તો આસન્ન મરણ છે અને તેમના બીજા હજાર વાંક હશે પણ હરિજન દ્વેષ તેમના મનમાં કે ઘરમાં નથી. અનેક દાયકાઓ સુધી તેમના ઘરમાં રસોઇ બનાવવાનું કામ હરિજનભાઇ કરતા હતા નિષ્ફળતા મળે ત્યારે પોતાની નબળાઇ કે અણઆવડત સમજવાને બદલે પોતાની જાત કે કોમને વગોવવાની રસમ આપણે ત્યાં ઘણી વ્યાપક છે. ૧૯૮૦માં ઇન્દિરાજીનો ફરી ઉદય થયા પછી તો જગજીવન રાજકારણમાંથી સાવ તર ફેંકાઇ ગયા. બીજે કશે ચાંચ ખૂંચે તેમ ન હોવાથી આગેવાની સાચવવા માટે તેમણે પક્ષનું અલગ ઠાંઇયું ઉભું કર્યું પણ તેમના દેહથી આ પક્ષ અલગ ન હતો.

તેમના પુત્ર શ્રી સુરેશરામના સ્ત્રો-પરાક્રમે છાપાંઓને અને વાંચકોને પણ ઘણો મસાલો પૂરો પાડેલો પણ તેમને સમજવા જાણવા માટે તેનો હિસાબ માંડવો બરાબર ન ગણાય. આપણે ત્યાં સંખ્યાબંધ રાજકારણીઓના પુત્રરત્નો વડીલો માટે ભેજાદુઃખણ બન્યા છે. જીવતાં કોઇએ જાણ્યા નહીં અને મરણ પછી ધડાપીટ. તેમને તેમના ગુણગાન ગવાયા તેમના માનમાં રજા પાડીને સરકારે લોકોને મોજમજા કરવાની સગવડ કરી આપી અને ત્રણ દિવસ શોક પાળીને સંખ્યાબંધ સારાં કામો ખોરંભે નાખ્યાં.

આપણો દેશ અને સમાજ આટલા દંભી કેમ હશે? 'ભારતવાસીઓમાં નીતિ કે પ્રમાણિકતા હોતી નથી અને લોકો સોગંદ ખાઇને પણ ખોટી સાક્ષીઓ આપે છે' તેવું અંગ્રેજ અધિકારીઓ અને ન્યાયાધીશો વારંવાર કહેતા તે સાચું હશે? 'ભારતવાસીઓમાં સત્યનિષ્ઠા હોતી નથી.' તેવું કર્ઝનનું વાક્ય આપણી છાતી ફાડી નાંખે તેટલું ઘાતક હોવા છતાં આ સાચું હશે? લાંબા વખતની ગરીબી-શોષણ અને ગુલામી પ્રજાનું હીર ચૂસી નાખે છે તેમ તેની નીતિમત્તાને પણ ભાંગી નાખે છે અને લાંબા વખતની ગુલામીએ પેદા કરેલી મનોદશા આપણી નબળાઇ માટે જવાબદાર હોઇ શકે છે. આપણી ચારે તરફ રાજકીય-આર્થિક અને બૌદ્ધિક નીતિમત્તાનાં ધોરણો કથળી ગયાં છે અને આગલી પેઢીનાં ધોરણો અતિશય ઉચ્ચ અને પ્રખર હતાં તેવું કહેવાય છે તેમાં અતિશયોક્તિ અને અજ્ઞાનનું પ્રમાણ ઘણું વધારે છે. અંગ્રેજ રાજકર્તાઓની પ્રામાણિકતા અને કાર્યક્ષમતા વિષે વધારે પડતું ગૌરવ દાખવનાર માણસ એ જમાનાથી બિલકુલ બિનવાકેફ છે તેવું કહેવું જોઇએ. આજના અમલદારો અને રાજકીય આગેવાનો અંગે ઘણું ખરાબ કહી શકાય પણ એ જમાનાની સરખામણીએ આજના સત્તાધારીઓ અનેકગણાં ચડિયાતા છે તેવું કબૂલ કર્યા સિવાય ચાલે નહીં. આઝાદીના આગેવાનો તે જમાનામાં વિરોધ પક્ષના આગેવાનો હતાં અને તેથી લોભ-લાલચથી બચ્યાં હતાં.

પણ આપણે આપણા રાષ્ટ્રીય આદર્શોથી ઘણા વેગળા છીએ અને આપણને પોતાને આ આદર્શોમાં શ્રદ્ધા નથી. 'સત્ય મેવ જયતે' એ આપણું રાજસૂત્ર ખોટું છે 'સત્યનો વિજય થાય છે' તેવું કોણ કહી શકે? રોજિંદો અનુભવ તો એવો છે કે સત્ય હંમેશા પરાસ્ત થાય છે અને સાચો માણસ વધારે ત્રાસ-પછડાટ ભોગવે છે. છેવટે-લાંબા ગાળે, આખરી ક્ષણે સત્યનો વિજય થાય છે, તેમ ઠસાવવાની મહેનત કરવામાં આવે છે. આ છેવટની, લાંબા ગાળાની આખરની ક્ષણ એટલી દૂર હોય છે કે ત્યાં પહોંચ્યા પછી સત્ય જીતે કે હારે તેનું મહત્ત્વ રહેતું નથી. એક અંગ્રેજ કવિએ કહ્યું છે તેમ આખરે જે થશે તે કદાચ આપણે જાણી શકવાના નથી. કારણ કે આખરે તો આપણે સહુ જગુબાબુની માફક વિસ્મૃતિમાં વિલીન થઇ જવાના છીએ.

છતાં આ સૂત્ર 'સત્યમેવ જયતે'ને નકામું સમજવું અને

(અનુસંધાન પાના ૬૩ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. 350252 : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૮ અંક : ૭

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૮-૮૬ છુટક નકલ રૂા. ૧-૫૦
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

સ્વ. પૂ. મહત્તરા સાધ્વીરત્ન શ્રી મૃગાવતીશ્રીજી



પ. પૂ. જૈન ભારતી, મહત્તરા સાધ્વીરત્ન શ્રી મૃગાવતીશ્રીજી શુક્રવાર, તા. ૧૮ મી જુલાઇ, ૧૯૮૬ ના રોજ દિલ્હીમાં વલ્લભ સ્મારકના સ્થાનમાં સવારે આઠ વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં. આગલા દિવસથી જ એમને પોતાની અંતિમ ઘડીનો અણસાર આવી ગયો હતો. એ સમયે ત્યાં એકત્રિત થયેલા લોકોમાંથી કેટલાયને વ્યક્તિગત નામ દઇને એમણે ક્ષમાપના કરી લીધી અને પછી આત્મ-સમાધિમાં લીન થઇ ગયાં. બીજે દિવસે સવારે ૬૧ વર્ષની ઉંમરે તેઓ કાળધર્મ પામ્યા, તેર વર્ષની ઉંમરે દીક્ષા લઇ અડતાલીસ વર્ષના દીક્ષા પર્યાય દરમિયાન એમણે શાસનોન્નતિના ઘણાં મહાન કાર્યો કર્યાં. એમના કાળધર્મથી એક તેજસ્વી સાધ્વીરત્નની આપણને ખોટ પડી છે.

તેમના કાળધર્મના સમાચાર દિલ્હીમાં અને ભારતભરમાં રેડિયો, ટી. વી. અને તાર દ્વારા ઝડપથી પ્રસરી ગયા. એમની અંતિમ યાત્રા માટે ગામેગામથી અનેક લોકો આવી પહોંચ્યા. એમના પાર્થિવ દેહને વલ્લભ સ્મારક ખાતે જ અગ્નિ-સંસ્કાર કરવામાં આવ્યો.

એક મહાન જ્યોતિ સ્થૂળ સ્વરૂપે ભૂતકાળમાં વિલીન થઇ ગઇ; સૂક્ષ્મરૂપે એ જ્યોતિ અનેકનાં હૈયામાં ચિરકાળ પર્યંત પ્રકાશતી રહેશે !

પૂ. શ્રી મૃગાવતીશ્રીજી એટલે વર્તમાન સમયના સાધ્વી-ગણોમાં એક પરમ તેજસ્વી પ્રતિભા. સૈકાઓમાં કયારેક જોવા મળે એવી એમની અનોખી વિરલ પ્રતિભા હતી. અંગત સંપર્કમાં આવ્યા હોઇએ તો એની સવિશેષ પ્રતીતિ થાય.

એક સાધ્વીજી મહારાજ પોતાના એકસઠ વર્ષ જેટલા જીવન-કાળ દરમિયાન, આટલાં બધાં મોટાં મોટાં કાર્યો કરી, કરાવી શકે એ જેવી તેવી સિદ્ધિ નથી. પરિશુદ્ધ ચારિત્ર-પાલન, અનન્ય પ્રભુભક્તિ, દૃઢ આત્મવિશ્વાસ, વિશદ વિચારશક્તિ, અડગ શ્રદ્ધા, પરમ ગુરુભક્તિ, બીજાના હૃદયને જીતવાની સહજ સાધ્ય ધર્મકળા, અપાર વાત્સલ્ય, નિરંતર પ્રસન્નતા, ઊંડી સમજ-શક્તિ, અનોખી દીર્ઘદૃષ્ટિ, તાજગીભરી સ્મૃતિ શક્તિ, આવશ્યક વ્યવહારદક્ષતા, પાત્રાનુસાર સદુપદેશ વગેરે જોતાં એમનામાં વ્યાવહારિક અને આધ્યાત્મિક એવા અનેક ઉચ્ચ સદ્‌ગુણોનો સુભગ સમન્વય થયો હતો. એને લીધે જ એમના કાળધર્મથી અનેક લોકોએ એક માતાતુલ્ય સ્વજન ગુમાવ્યા જેવી લાગણી અનુભવી છે.

પૂજ્યશ્રી મૃગાવતીશ્રીજી ગૃહસ્થાશ્રમમાં રાજકોટ પાસેના સરધાર ગામનાં વતની હતાં. એમનો જન્મ વિ. સં. ૧૯૮૨ ના ચૈત્ર સુદ-૭ ના દિવસે સરધારમાં થયો હતો. એમના પિતાનું નામ હુંગરશીભાઇ. એમની માતાનું નામ શિવકુંવરબેન એમનું પોતાનું નામ ભાનુમતી હતું. એમના પિતા હુંગરશી-ભાઇ મુંબઇમાં કાપડનો વેપાર કરતા. એમને બે દીકરા અને બે દીકરી હતાં તેમાં સૌથી નાનાં તે ભાનુમતી. બે વર્ષની ઉમરે એમણે પિતાનું સુખ ગુમાવ્યું હતું.

શિવકુંવરબહેનના જીવનમાં સ્વજન ગુમાવ્યાના આઘાતો ઉપરાઉપરી આવ્યા હતા પહેલાં મોટા પુત્રનું અને પછી મોટી પુત્રીનું અવસાન થયું. ત્યાર પછી વિ. સં. ૧૯૮૪ માં એમના પતિ હુંગરશીભાઇનું અવસાન થયું. નિરાધાર બનેલાં શિવકુંવરબહેન એક પુત્ર અને એક પુત્રીને લઇને સરધાર આવીને રહ્યાં. થોડા સમયમાં એમનો સોળ વર્ષનો બીજો પુત્ર પણ અવસાન પામ્યો. હવે કુટુંબમાં માત્ર પોતે અને પોતાની દીકરી ભાનુમતી એમ બે જ રહ્યાં.

સ્વજનોનો વિયોગ, વૈધવ્ય અને આર્થિક ચિંતા એવા ત્રિવિધ તાપમાં એમનું જીવન વ્યતીત થતું હતું.

મન ધીમે ધીમે ત્યાગ અને વૈરાગ્ય તરફ વળતું જતું હતું. ધર્મનું શરણ સાંત્વન આપવા લાગ્યું હતું. શત્રુંજયની યાત્રાએ મા-દીકરી ગયાં ત્યારે દીક્ષા લેવાના અનેરા ભાવ જાગ્યા અને વિ. સં. ૧૯૯૫માં પાલિતાણામાં સિદ્ધગિરિની પવિત્ર છાયામાં પ. પૂ. વલ્લભસૂરિ મહારાજના હસ્તે દીક્ષા લીધી.

શિવકુંવરબહેનનું નામ રાખવામાં આવ્યું સાધ્વીશ્રી શીલવતીશ્રીજી અને ભાનુમતીનું નામ રાખવામાં આવ્યું મૃગાવતીશ્રીજી. પૂ. મૃગાવતીશ્રીજી શીલવતીશ્રીજીનાં શિષ્યા બન્યાં. માતા-પુત્રી હવે સંયમના માર્ગે ગુરુણી-શિષ્યા થયાં.

પૂ. શીલવતીશ્રીજી વિનમ્રતા, અને વાત્સલ્યનાં મૂર્તિસમાં હતાં. પોતાની પુત્રી સાધ્વી-શિષ્યા મૃગાવતીશ્રીજીને જ્ઞાન અને ચારિત્રની આરાધનામાં સુસજ્જ કરીને આત્મસાધનાના ઉજ્જવળ પંથ તરફ દોરી જવાની એમની ભાવના હતી. એ માટે એમણે સતત લક્ષ આપ્યું. પોતાની માતા પૂ. શીલવતીશ્રીજીના સાંસ્કારિક અને આધ્યાત્મિક વારસાને પૂ. મૃગાવતીશ્રીજીએ સવાયો સમૃદ્ધ કરીને દીપાવ્યો.

પૂ. મૃગાવતીશ્રીજીની વિચક્ષણતા, વિદગ્ધતા તેજસ્વિતા અને બુદ્ધિગ્રાહ્યતા જોઈને એમના જેવી સાધ્વીને માટે જ્ઞાન સંપન્ન કરવાની વ્યવસ્થા કરવાનું પૂ. વલ્લભસૂરિજી, પૂ. સમુદ્રસૂરિજી, પૂ. શીલવતીશ્રીજી અને સંઘના શ્રેષ્ઠિઓએ વિચાર્યું. એ માટે અનુકૂળ સ્થળ અમદાવાદ જણાયું. પૂ. મૃગાવતીજીએ અમદાવાદમાં ત્રણ વર્ષ રહી પૂ. પુણ્યવિજયજી મહારાજ, પં. સુખલાલજી, પં. બેચરદાસજી, પં. છોટેલાલ શાસ્ત્રી, પં. દલસુખભાઇ માલવણિયા વગેરે પાસે ભાષા વ્યાકરણ, કોષ, આગમ ગ્રન્થો અને પૂર્વાચાર્યોના અન્ય મહાન ગ્રન્થોના પરિશીલન ઉપરાંત અન્ય ધર્મના મહત્ત્વના ગ્રન્થોનું પણ અધ્યયન કર્યું. આ અધ્યયનને પરિણામે મૃગાવતીજીની વિદ્વા પ્રતિભા ઘણી ખીલી ઉઠી. એમની એ પ્રકારની પારંગતતા જોઈને કલકત્તામાં ચાતુર્માસ દરમિયાન પૂ. વલ્લભસૂરિજીએ એમને વ્યાખ્યાન આપવાની અનુમતિ આપી. એથી પૂ. મૃગાવતીજીની વ્યાખ્યાનશક્તિ ખીલી ઉઠી. ગુજરાત બહાર, વિશેષત: પંજાબમાં વિચરવાનું થતાં, વ્યાખ્યાન માટે ગુજરાતી અને હિંદી એમ બંને ભાષા ઉપર તેમણે પ્રભુત્વ મેળવી લીધું. તેમનાં વ્યાખ્યાનોની શ્રોતાઓ ઉપર ઊંડી અસર થતી કારણ કે એમની શાસ્ત્રસંગત વાણી હૃદયના ઉંડાણમાંથી પ્રગટ થતી.

લગભગ બે દાયકા પહેલાં પૂ. શીલવતીશ્રીજી અને પૂ. મૃગાવતીશ્રીજી જ્યારે મુંબઇમાં હતાં ત્યારે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ડાયરેકટર મુ. શ્રી કાંતિલાલ કોરાએ મને તેમનો પરિચય કરાવ્યો હતો. ત્યાર પછી મુંબઇમાં કેટલીકવાર એમને મળવાનું થયું હતું. પૂ શીલવતીશ્રીજી અપાર વાત્સલ્યથી સભર હતાં એવું એમને મળતાં જ પ્રતીત થતું. એક વખત હું એમને વંદન કરવા ગયો ત્યારે પાછો ફરતો હતો ત્યારે તેઓ એટલું બોલ્યાં, 'ભાઇ, દાદરમાં અંધારું છે. જરા સાચવીને જજો.' એ વાક્યમાં વાત્સલ્યનો એવો અભૂતપૂર્વ રણકો મને સંભળાયો કે આ જ દિવસસુધી એ વાક્ય હજુ કાનમાં ગૂંજ્યા કરે છે. પૂ. શીલવતીશ્રીજી સં. ૨૦૨૪ માં મુંબઇમાં કાળધર્મ પામ્યાં. એમણે પૂ. મૃગાવતીજીને એવાં તૈયાર કર્યાં હતાં કે એમનામાં એમની માતા ગુરુણી પૂ. શીલવતીજીનાં દર્શન થતાં.

પૂ. મૃગાવતીજીએ પોતાનાં ગુરુણી-માતા શીલવતીશ્રીજી સાથે વિ. સં. ૨૦૨૪ સુધી એટલે કે લગભગ ત્રણ દાયકા સુધી ગુજરાત, રાજસ્થાન પંજાબમાં વિહાર કર્યો ત્યાર પછી છેલ્લાં અઢાર વર્ષમાં તેમને પોતાની શિષ્યાઓ સાથે ગુજરાત, મહારાષ્ટ્ર કર્ણાટક, બિહાર, બંગાળ, ઉત્તર પ્રદેશ, દિલ્હી, પંજાબ, હિમાચલ પ્રદેશ વગેરે સ્થળોએ લગભગ સાઠ હજાર માઇલ જેટલો પાદવિહાર કરીને સ્થળે સ્થળે ધર્મની પ્રભાવના કરી હતી. તેમણે સં. ૨૦૦૯ માં કલકત્તામાં-શાંતિનિકેતનમાં સર્વ ધર્મ પરિષદમાં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હતો. સં. ૨૦૧૦ માં પાવાપુરીમાં ભારત સેવક સમાજ તરફથી યોજાયેલી શિબિરમાં તેમણે ભાગ લીધો હતો. સં. ૨૦૧૬ માં લુધિયાણામાં જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું ૨૧ મું અધિવેશન પૂ. વિજયસમુદ્રસૂરિજીની નિશ્રામાં યોજાયું ત્યારે પૂ. મૃગાવતીશ્રીજીનાં પ્રવચનોથી પ્રેરાઇને 'વિજયવલ્લભ હાઇસ્કૂલ' માટે અનેક બહેનોએ પોતાના ઘરેણાં ઉતારી આપ્યાં હતાં. આજરે ૬૭૦૦ વિદ્યાર્થીઓ ધરાવતી લુધિયાણાની આ હાઇસ્કુલ તે મૃગાવતીશ્રીજીની પ્રેરણાનું પરિણામ છે. એમની પ્રેરણાથી સ. ૨૦૧૦માં અંબાલામાં 'વલ્લભવિહાર' નામના સમાધિ મંદિરનું નિર્માણ થયું હતું. એમના ઉપદેશથી જરિયા, લહેરા વગેરે વિવિધ સ્થળે જિનાલય, ઉપાશ્રય, ગુરુ મંદિર, કીર્તિ સ્થંભ, હોસ્પિટલ, હાઇસ્કુલ વગેરે થયાં છે. એમની પ્રેરણાથી દિલ્હીમાં વલ્લભસ્મારકનું નિર્માણ થયું. વળી એ સ્મારકમાં 'ભોગીલાલ લહેરચંદ જૈન ઓફરેમી ઓફ ઇન્ડોલોજિકલ સ્ટડીઝ'ની સ્થાપના કરવામાં આવી છે.

પૂજ્ય મૃગાવતીશ્રીજી સ્વ. પૂ. આત્મારામજી મહારાજ અને સ્વ. પૂ વિજયવલ્લભસૂરિ મહારાજના સમુદાયનાં હતાં, પરંતુ તેમનામાં સાંપ્રદાયિક સંકુચિતતા નહોતી. ઉદાર દૃષ્ટિથી જીવનમાં અનેકાન્તને ચરિતાર્થ કરનારાં તેઓ હતાં. દક્ષિણ ભારતના વિહાર દરમિયાન દિગમ્બર તીર્થ મૂળબિદ્રીની યાત્રાએ તેઓ ગયાં હતાં અને એ તીર્થના જીર્ણોદ્ધાર માટે તેમણે અનેક લોકોને ઉપદેશ આપ્યો હતો. મૂર્તિપૂજક કીરકાના હોવા છતાં, સ્થાનકવાસી કે તેરાપંથી સ્થાનકોમાં, કાર્યક્રમોમાં તેઓ ઉપસ્થિત રહેતાં અને તે તે સમુદાયના સાધુ સાધ્વીઓને ઉદારતાથી સામેથી મળવા જતાં. ચંદીગઢમાં હતાં ત્યારે દિગમ્બર ઉપાશ્રયમાં રહી ચાતુર્માસ કર્યું હતું. અને દિગમ્બરોને પણ એમની વિધિ અનુસાર એમના પર્યુષણ પર્વની – દસલક્ષણી પર્વની – આરાધના કરાવી હતી. પોતે તપગચ્છનાં હતાં છતાં ખરતર ગચ્છ, અચલ ગચ્છના ધાર્મિક પ્રસંગો, શિબિરોમાં હાજરી આપતાં. આવા તો અનેક પ્રસંગો એમના જીવનમાં જોવા મળે છે. એમના અનુયાયીઓમાં પંજાબના કેટલાય હિન્દુઓ પણ છે. એમની પ્રેરણાથી એવા કેટલાય પંજાબી હિન્દુઓએ રહેણીકરણીમાં માંસ-મદીરા છોડી જૈન ધર્મના આચાર અપનાવ્યા છે પંજાબમાં દહેજ વગેરેના કુરિવાજોને તિલાંજલિ આપવા માટે એમને અનેક લોકોને ઉપદેશ આપ્યો હતો.

પૂ. મૃગાવતીજી પોતે ગુજરાત-સૌરાષ્ટ્રનાં વતની, પરંતુ ભારતીય પરંપરામાં સાધુ-સાધ્વીઓના હૃદયમાં પ્રદેશ-ભેદ હોતો નથી. પ્રદેશ, ભાષા, જાતિ ઇત્યાદિના ભેદોને તેઓ સહજ રીતે અતિક્રમી જાય છે. પૂ. આત્મારામજી મહારાજ પંજાબના વતની

(અનુસંધાન પૃષ્ઠ ૭૧)

ગુજરાતી કવિતામાં પંખીઓ

● તનસુખ ભટ્ટ

(ગતાંકથી પૂર્ણ)

સારસ પક્ષી બહુ રળિયામણું હોય છે. ડોક આગળ તે આશરે ફીટ ઊંચું હશે. નીલમ જેવો દેહ, રાતી ચાંચ, અને મીઠો દીર્ઘ નિનાદ કરતું તે પક્ષી જોતાં જ મન હરી લે છે. નદી-સરોવરોને કાંઠે તે દેખાય છે તેમ જ સમુદ્ર તટે પણ તેનાં ટોળાં જોવા મળે છે. તેના દાંપત્ય અને સૌન્દર્યથી લોકકવિ તો ઠીક પણ મહર્ષિ વાલ્મીકિ જેવા પણ તેની ઉપર પ્રસન્ન હતા તથા તેની હત્યાથી કળકળી ઊઠીને તેવા સ્થિતપ્રજ્ઞ મુનિ શાપ દઇ બેઠેલા ! પાંચાળ પ્રદેશ વર્ણવતાં કવિ તેને સ્મરે છે :-

'આછાં પાણી વીરડે, ધરતી લાંપડિયાળ
સરભર્યા, સારસ લવે, પડ જોવો પાંચાળ,'

તેના દાંપત્ય વિષે કવિ કહે છે :-

'સારસ સાજી રાત્ય, વલ્લખે વાલમ જયું
રહોને આજી રાત્ય, જોડ વછોડો મા જોગડા !''

સારસ જેવું જ બીજું રમણીય પક્ષી સુરખાબ છે, સુરખાબ અરબી શબ્દ છે. અંગ્રેજીમાં તેને માટે Flamingo શબ્દ છે, આફ્રિકાથી દર વરસે તે કચ્છના રણમાં આવે છે અને વેંત વેંત સમુદ્રજળમાંથી ચાંચ વડે રેતી કાઢી તેના ઢગલા બનાવી તેની ઉપર ઇંડાં મૂકે છે. ગુલાબી રંગ અને ત્રણ કટકે વળતી ચમણી ડોકનો ત્રિભંગ જોનારને મુગ્ધ કરે છે, બાળકવિએ અધરાં નામો મૂકીને તેને માટે 'રાતાં બગનાં' એવું નામ આપ્યું, જોડકણાં અને વરત-ઉખાણામાં પુછાય છે કે 'લંકાથી લોટ લાવી દો.' ઉત્તરમાં આ કડી બાળકવિ ઉચ્ચારે છે:-

'રાતાં બંગલાં રણે ચડયાં, પાણી દેખી પાછાં વળ્યાં
એક બગલાનો ભાંગ્યો હોઠ, લાવ્યા રે લંકાથી લોટ'

ગંગાનું સ્તવન કરતાં એક લોકકવિ સુંદર કલ્પના મૂકે છે, 'હે માતા ! તારી ઉપરથી ઊડતા પંખી પણ પાવન થાય છે. કારણ કે તેમના પડછાયાનો તારા પવિત્ર જળ સાથે સ્પર્શ થાય છે.' ગંગા સ્તુતિના એક કાવ્યમાં કવિ કહે છે :-

'ઉપર ઊતરિયાં, પંખી તે પાવન થિયાં
માંહી મંજન કિયાં, ભૂત ન સરજે ભાગીરથી !'

અર્વાચીન કવિતાના આદ્યકવિ દલપતરામ એક બાળ-કાવ્યમાં કાગડાને વર્ણવે છે :-

'બેઠો માળો બાંધવા, ભાળો કાળો કાગ
બે પાંખાળો બોલતો, નહિ રૂપાળો રાગ'

વિચાર પ્રેરક દૃષ્ટાન્ત આપતાં તેઓ કહે છે :-

'પ્રજા જુઓ પોપટ ઘેર પાળે, સુખે સુઇ ધૂડ શકે ન માળે
ઉચારનું કારણ એજ જાણી, વિચારીને વીર ઉચાર વાણી'

ઉપદેશાત્મક કવિતાને ઉતારી પાડનારા રસિકોને ઉપલી પંક્તિઓ નહિ ગમે; કારણ કે Didactic poetry ઉત્તમ કવિતા નથી એમ આપણે અંગ્રેજ વિવેચકો પાસેથી શીખ્યા છીએ. પરંતુ હવે દુનિયામાં અમેરિકાની બોલબોલા છે. એક અમેરિકન કવિવેચકે એમ કહ્યાનું સાંભળ્યું છે કે Poetry begins with emotion and it ends in wisdom એટલે હવે આ ઉપદેશ-પ્રધાન કવિતા ઉપર અમેરિકન મંજુરીની મહોર પડવાથી તે આલા ગણાશે ખરી.

જુદી જુદી જ્ઞાતિઓના જુદા જુદા લત્તાઓ જૂના કાળમાં રહેતા. વાણિયાવાડાનું વર્ણન કરતાં દલપતરામ કહે છે :-કદાચ આ કાવ્ય ભવાઇનું પણ હોય)

'નાનકડી નાર ને નાકમાં મોતી
પિયુ પરદેશ ને વાટડી જોતી;
ઉડાડતી કાગ ને ગણતી દા'ડા,
એ એંધાણીએ વાણિયાવાડા

વર્ષા ઋતુના આગમનનાં ચિહ્નો વર્ણવતાં કવિ નર્મદાશંકર લખે છે :-

'ફડ ફડ ફફડાવે ધુળમાં ચલિલ પાંખ
પસરિજ બગ બેસે પાંખ પોતાને સાફ;
અરણવથિ કિનારે આવતાં પાંખે ભાળ્યાં
સકળ જન કહે એ વૃષ્ટિના થાય ચાળા'

નરસિંહરાવ સંસ્કૃત ભાષા સાહિત્યના ઊંડા અભ્યાસી છે. પરંતુ તેમની કવિતાને દેશી છંદ-ઢાળો વધારે અનુકુળ આવે છે. કોયલ વિષે તેઓ કહે છે :-

'વ્હાલી ! સાંભળ્ય પેલી કોયલડી તરુ વૃંદમાં રે
ટુહૂ ટુહૂ કરી જે ફરી આવ્યો
મીઠો રવ અમીરસ જો લાવ્યો
કોયલડી રહી છૂપી ઝાડના ઝંડમાં રે,-

નરસિંહની અને ધીરાની જેમ 'કલાપી' પણ પંખી ઉપર એક આખું કાવ્ય લખે છે. એક તોફાની બાળકે પથરાનો ગમે ત્યાં ઘા કરી નાખ્યો. કાકતાલીય ન્યાયે પથરો પંખીને વાગ્યો ને પંખી નીચે પડયું. અજાણ્યું પંખી હોત તો ય જરાક દિલાસો મળત પરંતુ આ પોતાનું જ પાળેલું, લાડ લડાવેલું પંખી !

કવિ સરળ ભાષામાં ગહન વ્યથા આલેખતાં કહે છે :-

'તે પંખીની, ઉપર પથરો, ફેંકતાં ફેંકિ દીધો.
છૂટયો, તેને, અરરર પડી, કાળ હૈયા મહીં તો
રે ! રે ! લાગ્યો, દિલ પર અને શ્વાસ રુધાઈ જાતાં
નીચે આવ્યું, તરુ ઉપરથી, પાંખ ઢીલી થતામાં,
મેં પાળ્યું તે, તરફડિ મરે, હસ્ત મારા જ થી આ
પાણી છાંટયું, દિલ ધડકતે, તો ય ઊડી શકયું ના;
કયાંથી ઊડે ? જખમ દિલનો, ક્રૂર હસ્તે કરેલો
કયાંથી ઊડે ? હૃદય કુમળું છેક તેનુ અહોહો !

આ કાવ્યમાં ભાવવિહ્વળ કવિ પંખીનું નામ આપવાનું ભૂલી ગયા છે અને આપણને પણ તે પૂછવાનું સૂઝયું નથી. નામ જાણવાથી કરુણતા કાંઇ ઓછી થવાની હતી ? કલાપી ઘણીવાર પોપટનો ઉલ્લેખ કરે છે. આ હકીકત દર્શાવે છે કે તેમણે જે જોયું, જાણ્યું, અનુભવ્યું તેને જ તેઓ આલેખે છે. 'શુકો ઉડે ગીત હજાર ગાઈ, સહુ સ્થળે છે ભરપૂર શાંતિ'

* * *

જે 'ઉત્સાહ થકી ઉડી શુક બધા, ગાતા ગીઠાં ગીતડાં', શુક સાથે અન્ય પંખી કે નાના જીવોને પણ તેઓ વર્ણવે છે. કલાપી ગાય છે–

'મીઠા દીર્ઘ ધ્વનિ વતી વન બધું, હર્ષે ભરે કોકિલા
ક્રીણી વાંસળી શા સ્વરો સુખભર્યા, ચંડોળ આલાપતાં,
ખિસ્કોલી તરુના મહાન વિટપે, ઝુકી રહી ત્યાં કુદે
ને રંગીન શુકો ઘણા મધુરવા આકાશ ઊડી રહે'

આંસુ અને દર્દના કવિ સારસને યાદ ન કરે એ તો બને જ કેમ ? સારસી વિષે તેઓ કહે છે :–

ગંભીર નાદ કરતી સરિતા વહે છે
સીંચી જલે પુલિન શીતલ એ કરે છે.
ત્યાં દીન સારસી ઉભી જલપૂર નેત્રે
સૂની અરે ! શિર નમાવી રહી રડે એ,'

'કલાપી' સૌન્દર્યના ભોકતા છે, આ સૌન્દર્ય સ્થૂળ કે શારીરિક નથી પરંતુ માનસિક છે. ક્ષત્રિય જાતિના આ કવિ કોઇ ઋષિમુનિના કંઠને શોભે તેવી વાણીમાં ઉપદેશ આપતાં કહે છે :–

'તીરથી પામવા પક્ષી, વ્યર્થ આ કુરતા મથે
તીરથી પક્ષી તો ના, કિંતુ સ્થૂળ મળી શકે,
પક્ષીને પામવાને તો, છાનો તું સુણ ગીતને
પક્ષી તેના પ્રભુ સાથે હૈયામાં મળશે તને,'

'કલાપી' નિસર્ગને જડ દશ્ય નહિ પણ ચૈતન્યનું પ્રતીક કે આવિર્ભાવ ગણતા હતા. તેઓ નિસર્ગોપાસનાની સલાહ આપતાં ઉચ્ચરે છે :–

'તરૂ પક્ષીમાંથી, જરૂર મળશે કાંઇ કીમિયા
જશે આંધાપો આ, તુજ હૃદયનો ત્યાં વિહરતાં,
ઝુલતાં વૃક્ષોથી, અમર રસનાં બિંદુ ઝરશે
વળી દૈવી વાતો ચકલી મૃગલી ત્યાં કહી જશે,'

'ક્રાન્ત'ની કવિતામાં પંખીઓનો સ્વતંત્ર ઉલ્લેખ મળતો નથી, જે મળે છે તે સંસ્કૃત સાહિત્યનો કવિસંકેત-ચકવા-ચકવીનો રજની વિરહ, સ્વભાવોકિત અલંકારની એક સુંદર કડી જોઇએ :–

'શાખાઓમાં, તરૂવર તણી, ચક્રવાકી છુપાતી
શોધી કાઢે, દયિત નયનો, જોઇને હૃષ્ટ થાતી;
ચંચૂ ચંચૂ, મહિં લઈ પછી, પક્ષને પક્ષમાં લે
ક્રીડા એવી, કંઈ કંઈકરે મૌગ્ધ્યમાં દંપતી તે.'

રમણભાઇ નીલકંઠ વિવેચક તરીકે પ્રસિદ્ધ છે, 'રાઇનો પર્વત' નાટકમાં સારા શ્લોકો પણ તેમણે લખ્યા છે. પરંતુ કોઇ કુશળ કવિની જેમ તેઓ ચોટ મારતાં કહે છે :–
'અહુ ગૂઢ તરૂમાં બેસીને, જે ગાય મીઠું કોયલ
ચાલે ઘડી તે એક ને, પછી બંધ તે અદ્‌ભુત સ્વર,
ગાનારના દેખાય ને, તે જાય સઘળું સ્વપ્ન શું
એ એક ક્ષણનું મંજુ ગાયન,ના સુણ્યું તે ના સુણ્યું,'

મહાકવિ ન્હાનાલાલની કૃતિઓનો દરિયો ડોળવાનું કાર્ય અતિ કઠિન છે, સદ્‌ભાગ્યે એક રાસમાંથી મને મોરમપૈયા સાંપડ્યા છે, કવિ રાસ ચગાવે છે :–

'વનમાં બપૈયો પેલો પિયુ પિયુ બોલે
ટહુકે મયૂર કેરી વેણું રે !'

આતિથ્યશીલ કવિ પંખીઓને અગાસીમાં આવકારતાં ઉચ્ચારે છે :–

'પધારો પંખીડાં ! પરદેશવાસી હો !
પધારો મોકલી છે અમ અગાશી હો !'

લોકકવિને પગલે પગલે ગીધ અને યુદ્ધનો સંબંધ વર્ણવતાં મહાકવિ ભાખે છે :–

'ગીધ સરીખડાં વિમાનો
વાતાવરણ લેદ્દી ઊડી રહ્યાં'

કાગડો બોલે એટલે અતિથિનું આગમન થવાનું જ એવી લોકમાન્યતાનો ઉપયોગ કરીને કવિ ખબરદાર નિરાશા આલેખતાં વદે છે :–

'કાગા બોલો બારણે ને દોડી જાઉં ઓવારણે
ઊના રે ધખતા ત્યાં સૂના ઓટલા !'

કૃષ્ણલાલ શ્રીધરાણીનું વતન ભાવનગર પાસેનું ઉમરાળા ગામ હતું અને મોસાળ જૂનાગઢ હતું, જૂનાગઢમાં ગિરનાર સમીપમાં બાલ્યાવસ્થામાં તેમણે ખૂબ ખૂબ કુદરત માણી છે. એક બાળગીતમાં ખેતરની રખવાળી કરતો માણસ આકૃતિને નિર્જીવ ચાડિયો કહે છે :–

'ઊડો કાબર, ઊડો ચકલાં, ઊડો મેના પોપટ મોર
હું આ ખેતરનો રખવાળો, સઘળાં પેઠાં કયાંથી ચોર ?'

કુકડો છાતી ફુલાવીને આત્મપરિચય આપતાં કહે છે :

'અમે તો સૂરજના છૂંદીદાર
અમે તો પ્રભાતના પોકાર !'

રાતની વેળાએ ઘુવડનો અવાજ સાંભળી કવિ 'સાચેસાચું' બોલી નાખે છે તે માટે તેમને ધન્યવાદ આપવાનું મન થાય છે, કૃષ્ણલાલ જાહેર કરે છે :–

'ચિત્કાર શો ઘુવડનો હું સાંભળું
અંગાંગ માંહી જરી હું ધ્રુજી જતો.'

કોકિલના સંગીતને વર્ણવતાં તેઓ કહે છે :–

'સમીરની વાય સુગંધ – બંસરી
વને વને કોકિલ ગાય માધુરી.'

ભાવનગરમાં કંચનલાલ નામે એક પક્ષીપ્રેમી નાગર સદ્‌ગૃહસ્થ હતા. કૃષ્ણલાલે તેમને 'કંચનમામા' બનાવેલા. અમે તેમનું પક્ષીસંગ્રહાલય જોવા એકવાર ગયેલા ત્યારે અનેક પંખીઓ ત્યાં જોવા મળેલાં. તેમાં શ્યામો નામનું એક ગાયક પંખી પણ અમે જોયેલું, આ પંખી ગુજરાત–સૌરાષ્ટ્રમાં થતું નથી, આણમાં છે. ખરું, કંચનલાલે મારો વિશ્વાસ કરેલો પણ મેં મારો કક્કો જ ઘૂંટેલો. આ પક્ષી વિરક્ષાદની સહાયતાથી કવિને નામ અને સ્વરની ઓળખાણ થઇ. પછી શાંતિનિકેતનમાંથી તેઓ નેપાળના પ્રવાસે ગયા. ત્યાં જૂનાં સ્મરણો તાજાં થયાં, કૃષ્ણલાલ સંગીતના રાગનું નામ દઇને કાવ્યમાં અદકું સૌન્દર્ય અર્પતાં સુંદર વર્ણન કરે છે :–

'મધુસ્વરે સોહિની ગાય શ્યામો
નિખિડથી નીલમ દેવદારની.'

શારદાની વીણામાંથી ઝરતા ઝંકારને

આદિપંખી ઝીલે છે તેવી કલ્પના કૃષ્ણલાલ કરે છે. એટલું જ નહિ પણ કવિ માત્ર તે આદિપંખીના વારસદાર છે એવું પણ વિધાન તેઓ કરે છે, કવિનું અને કવિતાનું ગૌરવ ગાતાં શ્રીધરાણી લલકારે છે :–

અખિલ બ્રહ્માંડના પ્રથમ સર્જન દિને
શારદાની વીણા શબ્દ સાધે;
એકલો ઊડતો આભથી ઊતરી
આદિપંખી ત્યહીં ગીત લાધે
પુત્ર વારસ અમે આદિપંખી તણા.'
શબ્દ શાશ્વત કવી વિશ્વ ભરતા

'કાન્ત' ચકવાકને જેમ દંપત્યનું પ્રતીક ગણ્યું તેમ 'સુન્દરમ્' ગરુડને મહેચ્છા તથા પરાક્રમનું પ્રતીક ગણીને કવન કરે છે :–

'ઊંડાં તે આકાશે
દિગન્તોની પાસે, ગિરિવર તણાં ઉચ્ચ શિખરે
અહો જેને રહેવાં, ઉડાણ કરવાં, નિત્ય ભમવું;
મહા વેગે તીણા, સ્વરથી સઘળું વિશ્વ દમવું,
મદોન્મત્તો એવો ગરુડ જગમાં કેમ વિહરે ?

બીજું પ્રતીક ચકવાનું લઈએ. ચકવાને ચકવીથી રાત્રિ-વિરહનો શાપ છે તેવો કવિ-સંકેત છે, કવિ કહે છે :–
'હે ચકવા ! મતરોય, તુંથી હું દુખિયેા ઘણેા
(પણ) આંસુ આંખ ન જોય, મર ફાટે આખું હૃદય'

શ્રીધરાણીના ચાડિયાના બાળકાવ્યને સ્મરાવતા એક કાવ્યમાં ઉમાશંકર બગલાને વિષે કહે છે :–

'જાણે હારબંધ બગલાંની પાંખેા
એ તેા ચેારી લઇ જાય મારી આંખેા'

ઝવેરચંદ મેઘાણીને અંજલિ સમર્પતાં તેમને મેારનું રૂપક આપી કવિ કવે છે :–

'ઘડી ગરવાને માથડે, નાચ્યેા કળાયેલ મેાર,
ગળકું કરે, પડઘા પડે, ડુંગરે મચેલેા શેાર,'

પરંતુ સ્વાભાવિકપણે 'અંતરની' સ્ફુર્ત કવિતાનેા પડઘેા પાડતી પંક્તિઓ સારસને વર્ણવે છે :–

'ત્યાં તેા મીઠેા બેવડ નાદ તીણેા
કાને પડે સારસ બેલડીનેા'

'સુન્દરમ્' – ઉમાશંકરની સરખામણીમાં જેમનું નામ પછીથી લેવાય છે તેવા મનસુખલાલ ઝવેરી પક્ષીઓનું વૈવિધ્ય વર્ણવતાં સહેજે ખીલે છે, કોયલ-કાગડાના ઉછેર-કાર્ય વિષે અન્ય કવિઓ મૂશારો કરીને અટકી જાય છે ત્યારે મનસુખલાલે એક આખું કાવ્ય જ લખીને નરસિંહ, ધીરા, 'કલાપી' 'કાન્ત', અને 'સુન્દરમ્'ની નાતમાં પંખી-કવિ તરીકે પેાતા'નું આસન ગ્રહણ કરે છે. તેઓ કવે છે :–

'કૂ કૂ કરી કેાયલનું કિલ્લોલત, ઊડી ગયું બાચકું કાગડાના
માળા મહીંથી; કકળાટ કાળેા, મચી રહ્યો ત્યાં
કુલ કાગડાને,'

વિનોદપ્રેરક ગાયન શિક્ષણના પરિણામને ગાયા પછીથી તેઓ બાજનેા શિકાર વર્ણવે છે :–

'સીંચાણા સૂસવી આવે. સહસા કયાંકથી અને
ઊડી જાય ગ્રહી ચાંચે, ફફડંત વિહંગને,'

ગાયક પક્ષીઓને વર્ણવે છે :–

'પારેવાનાં, શુકગણ તણા, કે કિલાના, કપેાતેા
કેરા કંઠે, કયમ ખળકતું, ગીત દૂમેા ભરાતાં ?'

સારસાનેા ઉલ્લેખ કરતાં પૂછે છે :–
'એ સારસની જોડ વિષે ઊડે છે કેાની ઝંખન ફાળ ?'

બાલમુકુંદ દવે મેારનું અંગસૌન્દર્ય' તથા નાદમાધુર્ય વર્ણવતાં કવન કરે છે :–

'રચત મેાહક અંગત્રિભંગ શા
ગણકતા મયુરેા ગિરિ ગેાખમાં'

પેાપટ અને સૂડા ખેતરેામાં પડીને અનાજ ખાઈ જાય છે, તેમની ચેાકી વિષે તેઓ કહે છે :–

સૂડલા ટેાવા જાતાં હેા હેાલાણી, સૂડલા ટેાવા જાતાં રે લેાલ'

પ્રભાત કાળે પંખીનેા કલરવ આમ વર્ણવે છે :–
'માળામાં પંખી જાગે, મધુર રણકતી, ઘંટડી દૂર વાગે
ટૌકેા ઊંડેા ગજાવે, ગગનપટ ભરી, ફૂટડી કૌંચ જોડી.'

બધા ગુજરાતી કવિઓના કાવ્યસંગ્રહેા મારી પાસે નથી તેમ તે હું મેળવી શકું એવું યે નથી, છતાં મારી પાસે જે કાંઇ અલ્પ કાવ્યસામગ્રી પડી છે. તેમાંથી પંખી – જગત વિષે આટલા ઉલ્લેખેા હું ધરું છું. આ અભ્યાસમાંથી બે – ત્રણ વાતેા તરત ધ્યાનમાં આવે છે.

પહેલી વાત તેા એ કે ભક્ત કવિઓ અન્ય કવિઓ જેટલા જ સંવેદનશીલ હેાવા છતાં તેઓ સૌન્દર્યને ખાતર સૌન્દર્યનું આલેખન કરતા નથી, સ્મરણભક્તિ વિષે લખતાં નરસિંહ પેાપટ વિષે પદ લખે છે, પ્રભુનિષ્ઠા વિષે લખતાં ધીરા હેલા વિષે પદ રચે છે, 'કલાપી' હૃદયનું દર્દ વહાવવા એક કાવ્ય સરજે છે. 'કાન્ત' પક્ષીજગતનું નિરીક્ષણ કરીને લખે છે એમ કહેવું યેાગ્ય નહિ ગણાય. કવિ સંકેતનેા લાભ લઇને તેઓ માનવ હૃદયની અતૃપ્ત પ્રણય ઝંખના અને ભેાગેચ્છાનું કથન કરે છે, ચકવાક મિથુન તેા તેમાં સાધનમાત્ર છે. મનસુખલાલ ઝવેરી વિષે કવિસંકેતનેા લાભ લેવાનેા 'આરેાપ' નહિ મૂકી શકાય; કારણ કે કેાયલ કાગડાના માળા-ઉછેરની વાત કવિસંકેત નહિ પણ પક્ષીશાસ્ત્રની સત્ય હકીકત છે.

અન્ય કવિઓ વસંત ઋતુમાં કેાયલનેા અને વર્ષાઋતુમાં મેાર-બપૈયાનેા ઉલ્લેખ છૂટથી કરે છે. એવેા ઉલ્લેખની જાણે એક રૂઢિ જ પડી ગઇ છે. જ્યાં તેમ નથી ત્યાં કેાઇ પક્ષીને રૂપક તરીકે લઇને અન્ય લક્ષ્ય સિદ્ધ કરેલું હેાય છે. આમ લખવામાં કવિની નિખાલસ વૃત્તિ ઉપર ટંકાર નથી પરંતુ પક્ષી જગતનું તેમનું નિરીક્ષણ મર્યાદિત છે એટલું જ વિવક્ષિત છે.

આમાં અપવાદરૂપ હેાય તેા તે લેાકકવિઓ. કેાયલ, મેાર ને બપૈયા તેા તેમનાં કાવ્યેામાં હેાય જ, પરંતુ કુંજ, કૂકડાં, ગીધ, તેતર, અને લાવરી જેવાં પ્રમાણમાં ઓછાં જાણીતાં પંખીઓ તેમણે કાવ્યેામાં વર્ણવ્યાં છે.

સ્થૂળ નિસર્ગ-સૌન્દર્યને તેા કવિઓ વર્ણવે જ છે. ચૈતન્યપૂર્ણ પ્રકૃતિસૌન્દર્ય પક્ષીજગતની જેટલું મળવું બીજે દુર્લભ છે. તેવા સૌન્દર્યનું પાન કરાવનારા સુશિક્ષિત તેમ જ લેાકકવિઓનેા રસિકેા ઉપકાર માને તેટલેા ઓછેા છે,

અહંની સમસ્યા

● યોગેન્દ્ર પરીખ

અહંનું વૈવિધ્ય

અહંની સમસ્યા માનવજાત માટે સનાતન છે. આ સમસ્યા સૌને નડે છે. તેથી તે સર્વ સંઘર્ષનું મૂળ છે. મનુષ્ય જીવે છે. ત્યાં સુધી અહં રહેવાનું જ છે. જો એ જીવતે જીવત દૂર થાય તો મનુષ્યનું જીવન પણ તે જ ક્ષણે પૂરું થાય.

આ અહંનો ઉપયોગ કેવી રીતે કરવો એ મુખ્ય પ્રશ્ન છે. માનવ જીવનની વિવિધ કક્ષાએ અહં વિવિધ સ્વરૂપે પ્રકટ થાય છે. એ સ્વાર્થાભિમુખ હોય છે. એટલે સંસારીઓને અનુકૂળ છે. પરંતુ નર્યો સ્વાર્થ મનુષ્યની પ્રતિષ્ઠા ખગાડે છે. એટલે તેમાં પરાર્થનું તત્ત્વ ભળે છે. ત્યારે આ અહં સમાજાભિમુખ બને છે. આવો અહં સમાજસેવકોને કામ લાગે છે. પણ જ્યારે આ અહં ઈશ્વરાભિમુખ બને છે, ત્યારે સાધુ સંતોને કામ લાગે છે.

અહંનું ઉર્ધ્વીકરણ

અહંની સ્વાર્થપરાયણતાની અવસ્થામાંથી પરમાર્થપરાયણતાની અવસ્થામાં રૂપાંતર થવાની પ્રક્રિયાને ઉર્ધ્વીકરણ (Sublimation) કહે છે. આવું ઉર્ધ્વીકરણ એ આપણા જીવનમાં આદરેલા પુરુષાર્થોની અંતિમ ફલશ્રુતિ છે. આપણે જે કામ કરીએ છીએ તેની અસરથી આપણાં બુદ્ધિ, હૃદય ઈશ્વરાભિમુખ બનતાં હોય તો તે કામ આપણા જીવનનું અનિવાર્ય અંગ બની જાય છે. આપણાં બધાં કામથી આપણા આંતરિક પરિવર્તન અને ઉર્ધ્વીકરણનો વેગ વધવો જોઈએ દરેક. વ્યક્તિએ જાતે જ સતત જાગૃતિથી પોતાના જીવનનું નિરીક્ષણ કર્યા કરવું પડે છે. આ નિરીક્ષણ દરમ્યાન જ સમજાય છે કે આપણે સૌ પોતાની મર્યાદાઓના દાસ બની ગયા છીએ. આ દાસત્વમાંથી મુક્તિ મેળવતા જઈશું તેમ તેમ અહંના ઉર્ધ્વીકરણ માટે અનુકૂળ ભૂમિકા ઊભી થશે.

દાસત્વમાંથી મુક્તિ

શ્રી માતાજી કહે છે.

'સ્ત્રીઓ પોતે પોતાને મુક્ત નહિ કરે તો કોઈ પણ કાયદો તેમને મુક્તિ આપી શકવાનો નથી. સ્ત્રીને ગુલામ બનાવતી વસ્તુઓ આ છે :

(૧) પુરુષ પ્રત્યે અને પુરુષના બળ પ્રત્યે આકર્ષણ

(૨) ગૃહજીવન અને ગૃહજીવનમાં રહેલ સલામતીની ઇચ્છા

(૩) માતૃત્વની આસક્તિ.

સ્ત્રીઓ જો આ ત્રણ ગુલામીમાંથી છૂટી શકે તો તેઓ સાચે જ પુરુષની સમાન થઈ શકશે.

પુરુષોને ત્રણ પ્રકારની ગુલામી છે :

(૧) સ્વામીત્વની ભાવના, શક્તિ અને સત્તાની આસક્તિ,

(૨) સ્ત્રી સાથે જાતીય સંબંધની ઇચ્છા.

(૩) પરિણીત જીવનની નાની નાની સુખ સગવડોની આસક્તિ.

પુરુષો જો આ ત્રણ ગુલામીમાંથી નીકળી જઈ શકે તો તેઓ પણ સાચે જ સ્ત્રીના સમાન થઈ શકશે.'

વ્યાપક સંદર્ભ

આ દાસત્વમાંથી મુક્તિ મેળવવી એ અહંના ઉર્ધ્વીકરણનું પ્રથમ અધિષ્ઠાન-આધાર છે. આ અધિષ્ઠાન નિશ્ચિત થયા બાદ અથવા તે દરમ્યાન અહંના વિલય માટેની બીજી ભૂમિકા માનસિક દૃષ્ટિથી ઊભી કરવી જરૂરી છે. આ ભૂમિકા પર મનને એકાગ્ર કરવા માટે પોતાની જાતને વ્યાપક સંદર્ભમાં મૂકીને જોવી જરૂરી બને છે. એકવાર એવું બન્યું કે–

નકશો

ગેલેક્સીનો લાખને વિશ્વનો
નકશો હું આજે એક,
છાતી ફૂલાવી શોધ્યો
નકશામાં મારો દેશ.
પેન્સિલ ઉપાડી આંકી
રેખા આ રાજ્યની,
જિલ્લામાં શોધ્યું ગામ
નાનું શું એવું છેક.
રસ્તાની સૂક્ષ્મ રેખા ને
ઘરે ય મળ્યું નહિ,
જીવતો છું તો ય મારું
કશું ય મળ્યું નહિ.
આશ્ચર્યવત્ નિહાળ્યું
અવકાશ શૂન્ય મેં,
શોધ્યું અહં મારું
બ્રહ્માંડ હસી રહ્યું !

વિરાટની સ્મૃતિ

વ્યક્તિ આકાશ તળે સૂઈને આ વિરાટ વિશ્વમાં પોતાની ક્ષુલ્લકતાને અંતરથી અનુભવે છે ત્યારે અહં ભાષામાં વિચારવાનું અને જીવવાનું છૂટતું જાય છે. ચિંતનના કેન્દ્રમાંથી વ્યક્તિ પોતાની જાતને દૂર કરે છે અને તેને સ્થાને સમષ્ટિ-સમાજ આવવા માંડે છે. ચિંતનના કેન્દ્રમાં વ્યક્તિગત ચેતનાને બદલે સમષ્ટિનું ચૈતન્ય આવવા માંડે છે, આને પરિણામે વ્યક્તિગત આશા-અપેક્ષા, ઈર્ષ્યા, સ્પર્ધા, લાભ, મમત્વ, ઈત્યાદિ સહજ રીતે 'ઘટતાં જાય' છે.

વિલયમાંથી સંવાદ

આ અહંની સાર્થકતા વ્યાપકતામાં વિલીન થવામાં છે એવી સમજનો પાયો બંધાયા પછી જીવન પ્રત્યે જોવાની દૃષ્ટિ જ બદલાઈ જાય છે. જીવન પ્રત્યેનો અભિગમ વિધાયક બને છે. એટલે વિરોધાભાસ ભાતીગળ (Colourful Contradictions) લાગે છે! મન વિવાદથી વિમુખ બને છે. અને સંવાદ તરફ ઢળે છે. આવી વ્યક્તિ પોતાની સાથે પોતાના વ્યક્તિત્વથી સર્જાયેલું પ્રબળ વાતાવરણ લઈને ફરે છે. અને તેનો ચેપ લગાડે છે. વ્યાપકતામાં નિમગ્ન થયેલા વ્યક્તિત્વની ઉપસ્થિતિમાં કોઈ સંઘર્ષ ટકતા નથી.

ઉદારતાનો ઉદય

આનો અર્થ એ થયો કે સમાજને સુધારવા ઇચ્છનારે પ્રથમ પોતાના વ્યક્તિત્વને સુધારવું જોઈએ. કુટુંબમાં કે સમાજમાં દેખાતા દોષો આપણામાં રહેલા સૂક્ષ્મ દોષોનું બહુગુણિત પ્રતિબિંબ

(multiplied image) છે એ વાત સમજાયા પછી આપણે વધુ અંતર્મુખ થઈશું. આવી અંતર્મુખતા ધ્યાનથી કેળવાય છે. સતત જાગૃતિ (maditation awareness)થી પોતાની જાતને બધા ગુણદોષોથી સહિત નગ્ન સ્વરૂપે જોવાની છે. આ કામ ઘણી હિંમત માગી લે છે. પોતાની પ્રત્યે કડક બનવાની અને અન્ય પ્રત્યે ઉદાર બનવાની વૃત્તિ આ જાગૃતિમાંથી જન્મે છે. સમાજમાં દેખાતો એક દોષ મારામાં છૂપાયેલા ત્રણ સૂક્ષ્મ દોષોનું પરિણામ છે એવા ભાવથી અહંજન્ય માન્યતાઓનો પાયો જ ઉખડી જાય છે. 'હું જ સાચો છું' એવું વલણ બદલાઈને 'બીજા પણ સાચા છે.' માં પરિણમે છે. અહંનો પડદો ખસી જવાથી બુદ્ધિનાં બારણાં ખુલી જાય છે અને હૃદય વિશાળ બને છે.

"મારું"માંથી "તારું" સુધીનો પ્રવાસ

આપણી ધીરજ અને અને અંતની દીર્ઘકાલીન અગ્નિ-પરીક્ષા કરનારા આ કસરતને બદલે 'इदं न मम' આ મારું નથી-એમ કહી બધું છોડતા જવું અને ભગવાનને ચરણે અર્પણ કરવું ! બધું ભગવાનનું છે એમ માની માત્ર ખપ પૂરતું જ પોતાની પાસે રાખવું અને 'तेरा तुझको अर्पण' નો ભાવ કેળવવો અને જીવનમાં ચરિતાર્થ કરવો એ વધુ સહેલો છે.

આમ કરવાથી અહંનો છેદ ઉડતો નથી. પણ તે વ્યાપક બનવાને લીધે મંદ (Dilute) થઈ જાય છે. અને મંદ થયેલો અહં પણ ભગવાનનું કામ કરતાં કરતાં ઈશ્વરાભિમુખ બને છે, ત્યારે લગભગ ઓગળી જાય છે.

આદિવાસી વિદ્યાર્થિનીઓને સહાય

'સંઘ' તરફથી સમાજના વિભિન્ન વર્ગ માટે આર્થિક સહાયની જુદી જુદી યોજના વખતોવખત કરવામાં આવે છે. નેશનલ એસોસીએશન ફોર ધ બ્લાઇન્ડ, નાસિકોહ. એનાર્ડ ફાઉન્ડેશન (ધરમપુર આદિવાસી વિસ્તાર), યુસુફ મહેરઅલી સેન્ટર, સર્વોદય આશ્રમ, ગુંદી (નેત્રયજ્ઞ માટે) દાદર રફુલ ફોર ધ બ્લાઇન્ડ વગેરે જુદી જુદી સંસ્થાઓની યોજનાઓ માટે સંઘ તરફથી નિધિ એકત્ર કરવામાં આવ્યો હતો. આ વર્ષે ઋતંભરા વિદ્યાપીઠ (સાપુતારા)ની આદિવાસી વિદ્યાર્થિનીઓને સહાય કરવાનું, શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસા સાથે વિચારવિનિમય કરીને, સંઘે ઠરાવ્યું છે. એ મુજબ ઋતંભરાની આશરે ૨૫૦ જેટલી આદિવાસી વિદ્યાર્થિનીઓને વિદ્યાર્થિની દીઠ રૂા. ૫૦૦ લેખે સહાય કરવામાં આવશે. જેમાંથી આશરે અડધી રકમની તેમને ઉપયોગી એવી ચીજવસ્તુઓ ઘરે લઈ જવા માટે આપવામાં આવશે અને બાકીની આશરે અડધી રકમ સંસ્થા માટે કેટલીક ઉપયોગી ચીજવસ્તુઓ વસાવી આપવામાં વાપરવામાં આવશે.

જે દાતાઓને આ યોજનામાં સહાય કરવાની ભાવના હોય તેઓએ વિદ્યાર્થિની દીઠ રૂ. ૫૦૦/- લેખેની રકમ (જેટલી વિદ્યાર્થિનીઓ માટે તેઓ આપવા ઇચ્છતા હોય તે અનુસાર તેટલી રકમ) 'સંઘ'ને રોકડા અથવા ચેકથી મોકલી આપવા નમ્ર અરજ છે.

૨૫૦ કરતાં વધુ વિદ્યાર્થિની માટે રકમ એકત્ર થશે તો વધારાની રકમ ધરમપુર આદિવાસી વિસ્તારના વિદ્યાર્થિ-વિદ્યાર્થિનીઓ માટે વાપરવામાં આવશે.

-મંત્રીઓ

(પૃષ્ઠ ૬૬ થી ચાલુ)

સ્વ. પૂ. મહત્તરા

સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી

હતા. છતાં જ્યારે તેઓ ગુજરાતમાં વિચર્યા ત્યારે ગુજરાતના થઈ ગયા. પૂ. વલ્લભસૂરિ મહારાજ વડોદરાના વતની, પરંતુ વિશેષપણે પંજાબમાં વિચર્યા. અને પંજાબીઓ સાથે એમની આત્મીયતા સધાઈ ગઈ હતી. પોતાના ગુરુવર્યને અનુસરીને મૃગાવતીજીએ પણ પંજાબ અને દિલ્હીને પોતાનાં બનાવી દીધાં હતાં. એમનાં એક શિષ્યા સુજ્યેષ્ઠાશ્રીજી ગુજરાતી હતાં જે થોડા સમય પહેલાં કાળ-ધર્મ પામ્યાં. એમનાં બીજા શિષ્યા સુવ્રતાશ્રીજી પંજાબનાં, ત્રીજા શિષ્યા સુયશાશ્રીજી કચ્છનાં અને ચોથાં શિષ્યા સુપ્રજ્ઞાશ્રીજી પંજાબનાં. આ ચારેય શિષ્યાઓ સાથે મૃગાવતીજીને નિહાળીએ ત્યારે ભાષા કે પ્રદેશના બધા જ ભેદો વિગલિત થઈ ગયા હોય એવી સરસ આદર્શરૂપ એકતા, એકરૂપતા એ બધામાં જોવા મળે. જૈન ધર્મની હજારો વર્ષથી ચાલતી આવેલી આ એક વિશિષ્ટ ખાસિયત છે. અન્ય આચાર્ય ભગવંતોના સમુદાયમાં અને અન્ય ધર્મોમાં પણ આ પ્રમાણે જોવા મળશે. આધ્યાત્મિક માર્ગે ગયેલો માણસ નિમ્ન કક્ષાના ભેદ-પ્રભેદથી કેટલો અલિપ્ત અને ઉચ્ચ રહી શકે છે, થઈ શકે છે તેનું આ એક અનુપમ ઉદાત્ત નિદર્શન છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી પૂ. મૃગાવતીશ્રીજીનો વિહાર પંજાબમાં રહ્યો હતો. પૂ. આત્મારામજી મહારાજ અને પૂ. વલ્લભસૂરિ મહારાજશ્રીનું મુખ્ય કાર્યક્ષેત્ર પંજાબ રહ્યું હતું. એથી એમના સમુદાયની એક મુખ્ય સાધ્વી પૂ. મૃગાવતીજીનું કાર્યક્ષેત્ર પણ વિશેષપણે પંજાબ રહે એ સ્વાભાવિક છે. લુધિયાણા, જલંધર, અંબાલા, હોશિયારપુર, ચંદીગઢ, લહરા, માલેરકોટલા જેવાં મુખ્ય નગરો ઉપરાંત માર્ગનાં બીજા નાનાં ગામોમાં પણ અનેક જૈન કુટુંબો સાથે પૂ. મૃગાવતીજીનો સંપર્ક અત્યંત ગાઢ રહ્યો હતો. પૂ. મૃગાવતીજીની એક વિશિષ્ટતા એ હતી કે તેઓ નાનાં મોટાં સૌને નામથી ઓળખે. એક વખત મળે એટલે એમના સ્મૃતિપટ ઉપર એ વ્યક્તિનું નામ અંકિત થઈ જાય. કેટલાંક કુટુંબોમાં બાર-પંદર સભ્યો હોય તો તે બધાને મૃગાવતીજી નામથી ઓળખે અને એમાંની એકાદ વ્યક્તિ કદાચ એમને વંદન કરવા જાય તો તેઓ આખા કુટુંબનાં બધા સભ્યોનાં નામ દઈને બધાની ખબરઅંતર પૂછે અને બધાને ધર્મલાભ કહેવડાવે. એમાં વયોવૃદ્ધ-વડીલોનાં નામ પણ હોય અને બે-ચાર વર્ષનાં નાનાં બાળકોનાં નામ પણ હોય. આથી જ પંજાબમાં કેટલાંયે કુટુંબોના સભ્યોને પૂ. મૃગાવતીજી પાસે વારંવાર દોડી જવાનું મન થાય. મળીને વંદન કરે ત્યારે એટલી જ આત્મીયતા અનુભવાય પૂ. મૃગાવતીજીને જાહેર કાર્યોમાં પોતાને ધાર્યા કરતાં ઘણી વધારે સફળતા મળતી તેનું કારણ અનેકાનેક વ્યક્તિઓ સાથેની આ તેમની નિઃસ્વાર્થ પ્રેમપરાયણ-આત્મીયતા હતી.

કાંગડામાં ચાતુર્માસ હતાં ત્યારે હું મારાં પત્ની અને દીકરી ચિ. શૈલજા સાથે ત્યાં ગયો હતો. અમારી દીકરીને એમને પહેલી વાર પરિચય થયો, છતાં ત્યાર પછી જ્યારે જ્યારે મળ્યો છું, ત્યારે ચિ. શૈલજાને એનું નામ દઈને અચૂક યાદ કરે. અમારો પુત્ર ચિ. અમિતાભ અમેરિકામાં અભ્યાસ કરે છે અને એમને ક્યારેય મળ્યો નથી. છતાં દરેક વખતે એમે પણ એના નામ સાથે યાદ કરે. પત્રમાં

પણ નામોનો ઉલ્લેખ કરે. મળી હોય કે ન મળી હોય એવી અનેક વ્યક્તિઓનાં નામ યાદ રાખવાની એમની પાસે ગજબની શક્તિ હતી. એમની સ્મૃતિ એવી હતી કે એમને લગભગ સાડ હજાર જેટલી ગાથાઓ કંઠસ્થ હતી.

પૂ. મૃગાવતીજીના પવિત્ર જીવનનો એવો પ્રભાવ હતો કે ઊપાધિવાળા કેટલાક લોકો એમના સાન્નિધ્યમાં શાંતિ અનુભવતા. કંઈક આપત્તિ આવી પડી હોય, કંઈક વ્યક્તિગત કે કૌટુમ્બિક પ્રશ્નો હોય અને એમની પાસે જઈને માણસ વાસક્ષેપ નંખાવે અને માંગલિક સાંભળી આવે તો પોતાના પ્રશ્નો ઉકલી જાય એવા અનુભવની વાતો ઘણા પાસેથી સાંભળવા મળી છે.

પૂ. મૃગાવતીજીએ એક ચાતુર્માસ હિમાલયમાં કાંગડા તીર્થમાં કર્યું. કાંગડામાં આદીશ્વર ભગવાનનાં પ્રાચીન પ્રતિમાજી છે. પ્રાચીન અવશેષ તરીકે સરકારના કબજામાં એ પ્રતિમાજી હતાં; અપૂજ રહેતાં હતાં. મૃગાવતીશ્રીજીએ કાંગડામાં ચાતુર્માસ કરી એવી એક સરસ હવા જમાવી કે જેથી અનેક લોકો કાંગડા આવવા લાગ્યા. પરિણામે લોકલાગણીને માન આપી સરકારે એ પ્રતિમાજીના પૂજન માટેની છૂટ આપી. મૃગાવતીજીએ કાંગડામાં ચાતુર્માસ ન કર્યું હોત તો કદાચ આ કાર્ય સિદ્ધ થયું હોત કે કેમ તે સવાલ છે. એમના ચાતુર્માસના કારણે કાંગડા તીર્થમાં ધર્મશાળા વગેરેની સગવડ ચાલુ થઈ પરિણામે અનેક લોકોનો પ્રવાહ હિમાલયના એ કાંગડા તીર્થની યાત્રા માટે હવે ચાલુ થઈ ગયો. પોતે જે એક ધર્મકાર્ય કરવા ધાર્યું હોય તે તેઓ ઘણા બધા લોકોનો સહકાર મેળવી સિદ્ધ કરી શકતા.

એ જ રીતે ગુજરાનવાલા (પાકિસ્તાનમાં) કે જ્યાં પૂ. આત્મારામજી મહારાજ કાળધર્મ પામ્યાં હતા અને જ્યાં સુંદર સમાધિ મંદિર બંધાવવામાં આવ્યું હતું ત્યાં હિન્દુસ્તાન-પાકિસ્તાનના વિભાજન પછી જૈનો જઈ શકતા ન હતા. શીખોને પાકિસ્તાનમાં આવેલા પોતાનાં ગુરુદ્વારાઓમાં જવા માટે પાકિસ્તાનની સરકાર સમાંતર ધોરણે જેમ છૂટ આપતી હતી તે જ રીતે જૈનો માટે પણ ગુજરાનવાલાની છૂટ ઉચ્ચ કક્ષાની સરકારી વ્યક્તિઓ સુધી પોતાની વાત પહોંચાડીને મૃગાવતીજીએ મેળવી આપવાનું કાર્ય કર્યું હતું. પાકિસ્તાનના ગુજરાનવાલામાં અને અન્યત્ર જૈન જ્ઞાનભંડારોમાં કેટલીય હસ્તપ્રતો રહી ગઈ હતી. પાકિસ્તાનની સરકાર પાસેથી એમાંની છ હજાર જેટલી જૈન હસ્તપ્રતો મૃગાવતીજીએ પાછી મેળવી લાવવા માટેનું પોતાના આચાર્ય ભગવંતોની પ્રેરણા અને સહકારથી ભગીરથ કાર્ય કર્યું. જૈન-જૈનેતર શ્રેષ્ઠીઓ, અગ્રણીઓ, ધારાસભ્યો, સંસદસભ્યો, પ્રધાનો તેમનું કાર્ય કરવા તત્પર રહેતા.

સ્વર્ગસ્થ પૂ. ગુરુદેવ શ્રી વિજયવલ્લભસૂરિજી માટે યોગ્ય સ્મારક કરવાની યોજના વિચારાતી હતી, પરંતુ વર્ષો પસાર થવા છતાં સાકાર થતી નહોતી. વડોદરામાં પૂ. વિજયસમુદ્રસૂરિજીએ આ કાર્યની જવાબદારી ઉપાડી લેવા માટે પૂ. મૃગાવતીશ્રીજીને આજ્ઞા કરી. આજ્ઞા થતાં મૃગાવતીજી ઉગ્ર વિહાર કરી દિલ્હી પહોંચ્યાં. દિલ્હી, અંબાલા, લુધિયાણા, જલંધર, હોશિયારપુર વગેરે સ્થળોના શ્રેષ્ઠિઓ સાથે વિચાર વિનિમય કર્યો અને તે માટે જરૂરી વિહાર કર્યો. તેઓ અંબાલાથી દિલ્હી વિહાર કરતાં હતાં ત્યારે વિસામો લેવા રસ્તા પરના એક એતરમાં એક વૃક્ષ નીચે બેઠાં હતાં એ વખતે એ સ્થળ અને એનું વાતાવરણ એમને એટલાં બધાં ગમી ગયાં અને જાણે કોઈ દિવ્ય પ્રેરણા મળતી હોય તેમ મનમાં ભાવના થઈ કે 'આ જ સ્થળે વલ્લભ સ્મારક કરવામાં આવે તો કેવું સારું !' જાણે વલ્લભ સ્મારકને ત્યાં સાકાર થતું મનોમન તેઓ નિહાળી રહ્યાં. દિલ્હી આવી સંઘના આગેવાનોને વાત કરી. દિલ્હીથી ૧૮-૨૦ કિલોમિટર દૂર એ નિર્જન સ્થળે કોણ જાય અને ત્યાં કેવી રીતે કામ થાય? વળી તેની ઉપયોગિતા કેટલી?– તેવા પ્રશ્નો કદાચ કેટલાકને ત્યારે થયા હશે. પરંતુ સમગ્ર રીતે જોતાં સંઘના આગેવાનોને લાગ્યું કે આજે ભલે એ સ્થળ દૂર હોય, પરંતુ હાઇવે પર આવેલી એ વિશાળ, રમણીય જગ્યા ભવ્ય સ્મારક માટે બધી જ રીતે અનુકૂળ છે. સમય જતાં દિલ્હી શહેરનો વિસ્તાર થશે ત્યારે એ સ્થળ દૂર નહીં લાગે. એ પ્રમાણે નિર્ણય લેવાયો અને એ જ સ્થળે ભવ્ય સ્મારક માટેની યોજના થઈ. હજારોની જનમેદની વચ્ચે મહોત્સવપૂર્વક લાલા ખૈરાતીલાલ જૈનના હાથે શિલાન્યાસનો કાર્યક્રમ થયો. ત્યારથી દાનનો પ્રવાહ વધુ વેગથી વહેવા લાગ્યો. આજ દિવસ સુધીમાં બે કરોડથી વધુ રૂપિયા ત્યાં ખર્ચાઈ ચૂક્યા છે અને હજુ પણ દાનનો પ્રવાહ તો એ વિશાળ યોજના માટે વહેતો જ રહ્યો છે. તબિયત અસ્વસ્થ છતાં પૂ. મૃગાવતીશ્રીજીની ઉપસ્થિતિમાં, વિશેષતઃ સંક્રાન્તિ દિનની ઊજવણી વખતે છેલ્લા થોડાક મહિનાઓમાં જ બોતેર લાખ જેટલા રૂપિયાનાં વચનો મળી ચૂક્યાં છે. પૂ. મૃગાવતીજીની આ એક વિશિષ્ટ લબ્ધિ હતી.

પૂ. મૃગાવતીશ્રીજીને હંમેશાં ખાદી પહેરવાનો નિયમ હતો. આ નિયમને તેઓ ચુસ્તપણે પાળતાં હતાં. એમની બધી શિષ્યાઓ પણ ખાદી જ ધારણ કરે. વળી એમનો એવો પણ પણ નિયમ હતો કે જે વ્યક્તિ જાતે ખાદી પહેરતી હોય તેની પાસેથી જ ખાદીનું કાપડ વહોરવું. એમની ત્યાગ અને સાદાઈની ભાવના કેટલી ઊંચી હતી તે આ નિયમ પરથી જોઈ શકાય છે.

કેટલાક સમય પહેલાં માંદગી આવી ત્યારે પૂ. મૃગાવતીશ્રીજીને લોહી ચડાવવાનો પ્રશ્નો આવ્યો. લોહી લેવાથી તબિયત જલદી સુધરે એમ હતી, પરંતુ એમણે દાક્તરને કહ્યું કે શરીરનું જે થવાનું હશે તે થશે, પણ મારા શરીરમાં અન્ય પુરુષ કે સ્ત્રીનું લોહી ન જ જવું જોઈએ. સંયમ અને ચારિત્ર્યપાલનની કેટલી નિશ્ચલ અને ઉદાત્ત ભાવના!

રવિવાર, તા. ૧૫મી જૂન, ૧૯૮૬ના રોજ દિલ્હીમાં સંક્રાંતિના દિવસ નિમિત્તે તેમજ સ્વ. પૂ. આત્મારામજી મહારાજની પુણ્યતિથિ નિમિત્તે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તે પ્રસંગે મારા મિત્ર શ્રી શૈલેશ ઝવેરી સાથે ત્યાં મારે ઉપસ્થિત રહેવાનું થયું હતું. એ પ્રસંગે બે દિવસ પૂ. મૃગાવતીશ્રીજી પાસે બેસવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું. પોતાને કેન્સરનો વ્યાધિ થયો છે અને દિવસે દિવસે આયુષ્ય ક્ષીણ થતું જાય છે એ વિષે પોતે સ્વસ્થતાપૂર્વક, સમતાપૂર્વક સભાન હતાં એ એમની વાતચીત પરથી સ્પષ્ટ થતું હતું. કેન્સરની વ્યાધિના કારણે શારીરિક પીડા અસહ્ય રહેતી. થોડુંક બોલતાં હાંફ ચડી જતો. પંદર-પચીસ મિનિટથી વધારે બેસી શકાતું નહિ. તરત સૂઈ જવું પડતું. વળી પાછી સ્વસ્થતા આવે એટલે બેઠાં થાય. વાતચીત કરે. કાને ઓછું સંભળાતું એટલે બીજાઓને મોટેથી બોલવા કહેતાં એ પણ બરાબર ન સમજાય એટલે એમની શિષ્યાઓ એમના કાન પાસે મોટેથી ફરીથી તે તે વાક્યો બોલે અને મૃગાવતીજી તે પ્રમાણે પ્રસન્ન વદને ઉત્તર પણ આપે. એમની શારીરિક અસ્વ-

સ્થતા આટલી બધી હોવા છતાં એમનું આત્મિક બળ ઘણું મોટું હતું. આગલે દિવસે બહારગામથી પધારેલા ઘણાં બધાંની સાથે સતત વાતચીત કરવાનો પરિશ્રમ થયો હતો. સંક્રાતિના દિવસે એમની નિશ્રામાં સ્મારક પરનાં જિન મંદિરોની જિન પ્રતિમાઓની બોલી બોલવાનો કાર્યક્રમ હતો. એટલે એ દિવસે સભામાં પાંચ-છ કલાક સતત બેસવું પડે એમ હતું. પૂ. મૃગાવતીશ્રીજીનું આત્મબળ એટલું મોટું હતું કે સતત પાંચ છ કલાક સુધી તેઓ સ્વસ્થતાપૂર્વક બેઠાં અને કાર્યક્રમ દરમિયાન પ્રાસંગિક વક્તવ્ય પણ હજુ કર્યું. એ જ દિવસે બપોરે આત્માનંદ જૈન સભાના કાર્યકર્તાઓ અને પ્રતિનિધિઓની સભા હતી. તેમાં પણ લગભગ અઢી કલાક તેઓ સ્વસ્થતાપૂર્વક બેઠાં હતા અને દોરવણી આપતાં રહ્યાં હતાં. એ પ્રસંગે શરીરની અંદરની અસહ્ય પીડા છતાં પ્રસન્ન અને સસ્મિત વદને બધી કાર્યવાહીમાં એમણે ભાગ લેતાં જોયાં ત્યારે એમની આ આત્મિક શક્તિની સવિશેષ પ્રતીતિ થઇ હતી.

પૂ. મૃગાવતીજીના પાર્થિવ દેહનો અગ્નિ સંસ્કાર વલ્લભ-સ્મારકના સ્થાનમાં થયો એમાં પણ કોઇ દૈવી સંકેત હશે! એ પ્રસંગે એમની સ્મૃતિ માટે વીસેક લાખ રૂપિયા જેટલું ફંડ થોડા કલાકમાં જ થયું એ પણ જેવી તેવી વાત નથી.

પૂ. મૃગાવતીજીના હૈયામાં સર્વ જીવો પ્રત્યે પ્રેમનો, કલ્યાણનો સ્રોત એટલો બધો વહેતો રહ્યો હતો કે અગ્નિ સંસ્કાર વખતે સિત્તેર એંશીની ઉંમરના માણસો પણ બોલતાં હતાં કે 'આજે અમે જાણે અમારી માતાને ગુમાવ્યાનું દુઃખ અનુભવીએ છીએ.' પૂ. મૃગાવતીજીને આથી વધુ સુંદર અંજલિ કયા શબ્દોમાં હોઇ શકે?

રમણલાલ ચી. શાહ

(પૃષ્ઠ ૭૪ થી ચાલુ)

ભાષાની ભૂતાવળ

ભાષાની બાબતમાં જોઇએ તો આપણા દેશમાં એ અરસ-પરસ સંકળાયેલા પ્રશ્નોનો ગુંચવાડો થયો છે. દેશનું ભાવનાત્મક અને વૈચારિક ઐક્ય જાળવી રાખવા માટે દેશનાં ખૂણે-ખૂણામાં પડેલો અદનો નાગરિક પણ આખા રાષ્ટ્રની વાત સમજી શકે, અને પોતાના વિચારો બધા સમક્ષ રજૂ કરી શકે તેવી એક રાષ્ટ્ર વ્યાપી ભાષાની આપણને તીવ્ર અને તાકીદની જરૂરિયાત છે. આપણા દેશમાં આવી કોઇ એક ભાષા નથી તે હકીકત છે પરદેશી શાસનના કારણે અંગ્રેજી ભાષાએ દેશભરનાં શિક્ષિત લોકોમાં વૈચારિક અને ભાવનાત્મક એકતા સ્થાપવામાં અતિશય મહત્વનો ભાગ ભજવ્યો છે. પણ આ ભાષા તદ્દન વેગળી છે અને આટલા વરસની સતત મથામણ પછી આજે પણ દેશમાં એકાદ ટકા કે બે ટકાથી વધારે માણસો આ ભાષા વાંચી કે લખી શકતાં નથી.

આ રાષ્ટ્રભાષાની સમસ્યાનો ઉકેલ જે આવવો હોય તે આવે. પણ લોકોએ જેની જોડે રોજબરોજ કામ પાડવાનું છે તે વહીવટીતંત્ર લોકભાષામાં ચાલવું જોઇએ, આ હેતુથી ભાષાકીય રાજ્યો સ્થપાયાં છે અને તેથી દરેક રાજ્ય પોત-પોતાના વિસ્તારમાં પોતાની ભાષાનું શિક્ષણ ફરજિયાત બનાવે તેમાં વિરોધ કરી શકાય નહીં. કારણ કે ભાષાકીય રાજ્યોની સ્થાપના જ આ ઉદ્દેશથી કરવામાં આવી છે, ભાષાની સમસ્યાનાં બે અંગમાંથી અડધાનો ઉકેલ ભાષાકીય રાજ્ય રચનાથી આવ્યો પણ બાકીના અર્ધાનો ઉકેલ આપણને સાંપડતો નથી અને આ દિશામાં છેલ્લાં ચાલીસ વરસથી ફાંફાં મારવા છતાં તેના ઉકેલની દિશા પણ આપણને દેખાતી નથી.

આઝાદીની લડત દરમિયાન હિંદી ભાષાને રાષ્ટ્ર ભાષા લેખવામાં આવી હતી. અને દેશમાં ઘણાંખરાં લોકો આ ભાષા બોલે છે, અગર સહેલાઇથી સમજી-બોલી શકે છે. હિંદીભાષાની લિપિ, ઘણી કઠંગી છે અને માથે નકામી લીટી દોરવામાં ઘણો સમય બગડે છે. છતાં કાશ્મીરથી માંડીને મહારાષ્ટ્ર સુધી અને ગુજરાતથી-આસામ સુધીમાં વસનારી ભારતની ૬૫-૬૬ ટકા વસતી માટે હિંદીને રાષ્ટ્રભાષા તરીકે અપનાવી લેવામાં બહુ મુશ્કેલી પડે તેવું નથી, પણ દક્ષિણ ભારતની દ્રવિડકુળની ભાષા બોલનાર કરોડો લોકો માટે હિંદી તદ્દન પરદેશી જેવી ભાષા છે, દેશનાં દરેક ખૂણામાં પહોચી ગયેલાં સિનેમાએ હિંદી ભાષાના ફેલાવામાં અતિશય મહત્વનો ફાળો આપ્યો છે. પણ આ પ્રદેશોમાં હિંદી સામેનો ઉગ્ર વિરોધ હજુ અત્યારે પણ ઉગ્ર જ રહ્યો છે.

આ સવાલનું નિરાકરણ આપણને જડતું નથી. કારણ કે આપણે ખોટી બાજુએ શોધીએ છીએ. યુરોપનાં દેશોની આબેહૂબ નકલ કરીને આપણે આખા દેશ માટે એક જ રાષ્ટ્ર ભાષા રાખવાનો આગ્રહ લઇને બેઠા છીએ. ફ્રાંસ, સ્પેન, ઇટાલી, ઇંગ્લેંડ જેવા દેશોમાં એક ભાષી બની શકે તેટલાં ટચૂકડા છે. આપણાં પ્રચંડ દેશમાં આવી, એક ભાષા હોઇ શકે જ નહીં. રાષ્ટ્રભાષા જરૂર જોઇએ જ પણ રાષ્ટ્રભાષા એક જ શા માટે રાખવી? એકથી વધારે રાષ્ટ્રભાષાઓ કેમ ન હોય? સ્વીટઝર્લેંડ જેવા ટચૂકડા દેશને ચાર રાષ્ટ્ર ભાષા છે, બેલ્જિયમમાં બે ભાષા છે, કેનેડામાં બે ભાષા છે, નોર્વેમાં ત્રણ રાષ્ટ્ર ભાષાઓ છે. તમામ દસ્તાવેજો, સરકારી કામકાજ આમાંથી કોઇપણ ભાષામાં કરી શકાય છે. અને શાળાનાં બાળકો આ બધી ભાષાઓ ભણવું કાઢે છે. આપણે ત્યાં વેપારીઓ, યાત્રિકો, સંન્યાસીઓ રાજકીય આગેવાનો બહુભાષિક હોય જ છે. મુંબઇમાં વસતો દરેક ગુજરાતી ત્રણ ભાષાઓ-ગુજરાતી, હિંદી, મરાઠી જાણે જ છે. અને ઉપરાંત અંગ્રેજી પણ જાણતો હોય છે.

'એક નવી ભાષા શીખીએ તો એક નવો આત્મા મળે છે.' તેવી રૂમાનિયન કહેવતમાં ઘણું તથ્ય છે ઝનૂન છોડીને બુદ્ધિનિષ્ઠ વિચાર કરીએ તો 'રાષ્ટ્રભાષાઓ'નો ખ્યાલ પહેલી નજરે દેખાય તેટલો વિચિત્ર દેખાશે નહીં. વળી જે દેશોનાં દાખલાઓ નોંધ્યા છે તે આપણી સરખામણી એ ટચૂકડા હોવા છતાં તેમનું વહીવટી કામ ટકોરાબંધ ચાલે છે અને તેમની રાષ્ટ્ર-ભક્તિમાં કોઇ જાતની કચાશ દેખાતી નથી. આ વિચાર દિશા આપણા દેશમાં હજુ અણખેડાયેલી છે, તેથી આપણે અટકી પડવાનું કારણ નથી. આખરે નવી પેઢી, નવો જમાનો નવા પ્રયોગો માગી લે છે.

આગામી અંક

'પ્રબુદ્ધ જીવન'નો આગામી અંક તા. ૧૬મી ઓગસ્ટ અને તા. ૧લી સપ્ટેમ્બરના સંયુકત અંક તરીકે-પર્યુષણ અંક તરીકે પ્રગટ થશે. આ અંક તા. ૨૦મી ઓગસ્ટની આસપાસ પ્રગટ થવા સંભવ છે.

-તંત્રી

ભાષાની ભૂતાવળ

નગીનદાસ સંઘવી

છેલ્લાં ત્રીસ વરસથી ભારતીય રાજકારણના માથા પર ભાષાનું ભૂત ચડી બેઠું છે અને ટાણે-કટાણે આખા દેશને ધૂણાવ્યા કરે છે. સ્થાનિક લોકોને જરા પણ રસ ન હોવા છતાં મહારાષ્ટ્રનાં કેટલાક ભાષાઝનૂની આગેવાનોએ બેલગાંવની બાબતમાં જે ધાંધલ મચાવી અને છેવટે કશું જ સિદ્ધ કે સાબિત કર્યા વગર નિર્માણાં મોંએ ગુપચુપ નીચે બેઠાં, તેવું જ કંઈક અંશે ગોવામાં થઈ રહ્યું છે. સંઘ પ્રદેશ ગોવાની વહીવટી ભાષા તરીકે કોંકણી ભાષાનો સ્વીકાર કરવા માટેનો ખરડો વિધાનસભામાં પેશ કરવામાં આવ્યો છે આ બાબતમાં પણ આગેવાનો ઉશ્કેરણી કરવા માટે આગઝરતા ભાષણો ઝુડે છે. 'ગોવાવાસીઓની લાડકી માતૃભાષા મરાઠીને ઘરનાં ઠામડા ઘસતી નોકરાણી બનાવી દેવામાં આવે તે અમે સાંખવાના નથી' તેવા શ્રી રમાકાંત ખાલપના પ્રતિપાદનમાં જેટલો આવેશ છે તેટલી વાહિયાતતા પણ છે. મરાઠી ભાષા રાજ્યભાષા ન હોય તેથી નોકરાણી થઈ? મહારાષ્ટ્રમાં મુંબઈમાં ગુજરાતી ભાષા રાજભાષા નથી તેથી ગુજરાતીઓ બધા પાયમાલ થઈ ગયા? બોલચાલની ભાષા રાજકાજ વહીવટમાં વપરાતી હોય તો સામાન્ય લોકોને સગવડ થાય તે ખરું છે. પણ તેવી સગવડ ન હોય તો ઉશ્કેરાઈને છેલ્લે પાટલે બેસવાની જરૂર નથી.

જેવું મહારાષ્ટ્રમાં છે તેવું જ સામે છેડે આસામમાં શરૂ થયું છે. ગોવામાં મરાઠી ભાષા નથી તેનાં તોફાન થયા તેમ આસામમાં અસમીયા ભાષા ફરજિયાત દાખલ કરવા સામે બંગાળીઓ અને મુસલમાનો આદિવાસીઓનો પ્રચંડ વિરોધ છે. આ વિરોધ દર્શાવવા માટેના નિદર્શનો એટલાં ઝંઝાવાતી હતા કે પહેલા જ દીવસે (૨૧/૭) ૬ માણસોની હત્યા થઈ અને ૩૫ ઘાયલ થયા.

કર્ણાટક-ગોવા-આસામનાં તોફાનો એવું દર્શાવે છે કે ભાષાકીય રાજ્ય રચનાનો મુદ્દો કાં તો આપણને સમજાયો નથી કાં તો આપણને મંજુર નથી, આ તોફાનો અને તંગદિલીના કારણે કંટાળેલા સંખ્યાબંધ લોકો ભાષાકીય રાજ્યો નાબૂદ કરવાની હિમાયત કરવા લાગ્યા છે અને ભાષાભેદ ઉવેખીને દેશનાં વહીવટી એકમ સ્થાપવાની માગણી કરવા લાગ્યા છે, ભાષાકીય રાજ્યો તાણુદ કરી શકાય તેમ નથી, પણ પોતે અંગત રીતે ભાષાકીય રાજ્યો અને એકમોની તરફેણમાં નથી તેવું વડાપ્રધાન રાજીવ ગાંધીએ ખુલ્લી રીતે કહ્યું અને કબૂલ્યું છે.

ભાષાની ભૂતાવળને કાયમ માટે શમાવી દીધા સિવાય આપણને ચાલવાનું નથી અને તેને દફન કરવા માટે આ સમસ્યાનું સ્વરૂપ ભારતના સંદર્ભમાં ફરી સ્પષ્ટતાપૂર્વક સમજી લેવું જરૂરી છે. ભાષાનું ગઠબંધન અતિશય પ્રબળ અને જીવંત પરિબળ છે. ભાષામાત્ર લોકવ્યવહારનું સાધન નથી. ભાષા વગર માણસ વિચાર રજૂ કરી શકે નહીં તેટલું નહીં, પણ એ વિચાર જ કરી શકે નહીં, માણસમાંથી ભાષા કાઢી લઈએ તો એ તદ્દન નિર્બુદ્ધ પશુ જ થઈ જાય છે. આવો એક પ્રયોગ અકબરે કર્યો હતો, તેવું અબુલ ફઝલે નોંધ્યું છે. નાનાં બાળકોને સમાજની ભાષા ન શીખવીએ તો તેઓ કુદરતી ભાષા ઈશ્વરદત્ત ભાષા બોલતા. સમજતા થશે તેવા ખ્યાલથી તેણે ચારસો જેટલાં છોકરાંઓને તદ્દન અળગા પાડી નાખતા. દસ બાર વરસે પ્રયોગનું પરિણામ એ આવ્યું કે આ કમનસીબ બાળકો માત્ર પશુ અવાજો કાઢી સમજી શકતા હતા. વિચાર ઉપરાંત લાગણીનાં વહન-વહેવાર પણ ભાષા થકી જ થાય છે. તેથી ભાષા માનવસમાજને એક-સૂત્રે બાંધી આપે છે, આપણી ભાષા બોલનાર માણસ મળે ત્યારે કેટલો અનોખો આનંદ થાય છે એ તો પરદેશમાં વરસો પછી જ સમજાય યુરોપમાં જે રાષ્ટ્રો ઊભા થયાં છે તે બધાં કેવળ ભાષાકીય ધોરણે જ ઊભા થયાં છે, ધર્મ-અર્થકારણ વેશ પહેરવેશ એક હોવાં છતાં ભાષા રાષ્ટ્રનિર્માણનું સાધન બની છે.

આપણે ત્યાં આ થયું નથી. ભારત જેવા વિસ્તીર્ણ અને વૈવિધ્યપૂર્ણ પ્રદેશમાં એક જ ભાષા હોય તેવી અપેક્ષા પણ રાખી શકાય નહીં. આપણા દેશમાં ત્રેવીસસો કરતાં વધારે ભાષાઓ બોલાય છે આ આંકડો સાંભળીને હબકી જવાનું કારણ નથી. આમાંથી ઘણી ખરી ભાષાઓ આદિવાસીઓનાં ટચૂકડા સમૂહોમાં બોલાય છે. આવી ભાષાઓ કેવળ બોલીઓ છે તેમને પોતાની લિપિ નથી. તેમનું સાહિત્ય મૌખિક અગર પર લિપિમાં લખાયેલું છે. પણ આ ભાષાઓને પૂર્ણ વિકસિત ભાષાઓ કહી શકાય નહીં.

પૂર્ણ વિકસિત ભાષાઓ પણ આપણે ત્યાં પચીસેક જેટલી છે, (આ સંખ્યા બાબતમાં થોડો પણ અતિશય તીવ્ર મતભેદ છે. તમીળનાડનાં ધાંધલિયા પ્રધાન શ્રી કાલીમુથુએ ગયા અઠવાડિયે કહ્યું તેમ હિંદી જેવી કોઈ ભાષા જ નથી, પોતાનું સંખ્યાબળ વધારે દર્શાવવા માટે ઉત્તમ ભારતીય લોકોએ લુચ્ચાઈ કરી છે અને ૮૧ જેટલી જુદી જુદી બોલીઓને સામૂહિક રીતે હિંદી તરીકે ટોકી બેસાડી છે) અને તેમાંથી કેટલીક તો યુરોપીય ભાષાઓ કરતાં પણ વધારે વિકસિત છે અને વધારે મોટા સમૂહોમાં બોલાય છે. નોંધ-પાત્ર બાબત એ છે કે યુરોપમાં રાષ્ટ્રીય વિખવાદ પેદા કરી શકયું તે ભાષાકીય ઝનૂન હજુ આપણે ત્યાં પ્રાદેશિકત્વથી આગળ વધી શકયું નથી. ભાષાવાદની સમસ્યા છે જ નહીં તેમ કહીને તેનું અસ્તિત્વ ભૂંસી નાખી શકાય તેમ નથી, પણ આ સમસ્યાનાં પરિમાણોમાં અતિશયોક્તિ કરવાનો અર્થ નથી.

ભાષાકીય રાજ્યો ભાષાવાદી ઝનૂનને ઉત્તેજન આપે છે. અને તેમને ખતમ કરી નાખવામાં આવે તો ભાષાવાદની ભૂતાવળ શમી જશે તેવું કહેનાર માણસો ભારતના વીસમી સદીના ઇતિહાસથી અજાણ્યા છે. ભાષાવાદ પ્રખર હોવાથી અને પોતાનો વહીવટ પોતાની લોકભાષામાં ચાલવો જોઈએ તેવી વાજબી માગણીના કારણે જ ભાષાકીય રાજ્યોની રચના કરવામાં આવી છે. ભાષાવાદની સમસ્યા છે જ પણ તેના કારણે ભાષાકીય રાજ્યોને ભૂંસી નાખવા તે માથું દુખતું મટાડવા માટે માથું કાપી નાખવા જેવો ઉપાય થયો.

(અનુસંધાન પૃષ્ઠ ૭૩)

આલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૮-૯

મુંબઇ તા. ૧૬-૮-'૮૬ અને તા. ૧-૯-'૮૬
દ્વિમાસિક લવાજમ રૂા. ૩૦/- છુટક નકલ રૂા. ૩-૦૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

ઉપસર્ગ

"ઉપસર્ગ" શબ્દ જૈનોમાં વિશેષપણે વપરાય છે.

"ઉપસર્ગ" શબ્દ સંસ્કૃત ભાષાનો છે. એના જુદા જુદા અર્થ થાય છે, જેમ કે (૧) ભાંગી, વ્યાધિ (૨) દુર્ભાગ્ય (૩) ઇજા અથવા હાનિ (૪) ગ્રહણ (૫) ભૂતપ્રેતાદિનો વળગાડ (૬) મૃત્યુ આવવાની નિશાની અથવા આગાહી (૭) અપશુકન (૮) મરણનો ભય (૯) આફત (૧૦) વ્યાકરણમાં અવ્યયનો એક પ્રકાર-ધાતુની આગળ અથવા ધાતુ પરથી બનેલા નામની આગળ જોડાતો શબ્દ (૧૧) મહાકાવ્યનો એક નાનો ખંડ (૧૨) દૈવ, મનુષ્ય વગેરે તરફથી થતી કનડગત.

જૈનોમાં 'ઉપસર્ગ' શબ્દ એક વિશિષ્ટ લાક્ષણિક પારિભાષિક અર્થમાં વપરાય છે. સંસ્કૃત 'ઉપસર્ગ' ઉપરથી આવેલો પ્રાકૃત-અર્ધમાગધી શબ્દ 'उवसग्ग' પણ વપરાય છે. 'सूयगडांग' (સૂત્રકૃતાંગ) નામના આગમ ગ્રન્થમાં 'उवसग्ग' ઉપર એક અધ્યયન પણ આપેલું છે. 'उवसग्गहरम्' નામનું સ્તોત્ર જૈનોમાં સુવિખ્યાત છે. અનેક ધાર્મિક તથા અન્ય પ્રસંગોએ એ સૂત્રનું પઠન થાય છે. નીચેનો શ્લોક મંગલ સ્તુતિ-માંગલિક તરીકે બોલવા સંભળાવવાની પરંપરા પણ જૈનોમાંપ્રચલિત છે.

'उपसर्गा : क्षयं यान्ति.
छिद्यन्ते विघ्नवल्लय : ।
मन : प्रसन्नतानेति,
पूज्यमाने जिनेश्वरे ॥'

જૈન પરંપરામાં ઉપસર્ગનો અર્થ થાય છે આવી પડેલું ભયંકર કષ્ટ કયારેક એ મારણાન્તિક પણ હોય છે.

જૈન શાસ્ત્રકારોએ 'ઉપસર્ગ-उवसग्ग'ની વ્યાખ્યા નીચે મુજબ આપી છે :

(૧) उप+सृज् = જોડાવું.
જીવ उपसृज्यते सम्बध्यते...
पीडादिभिनी : सह यस्मात्
तत् उपसर्ग : ।

જેના વડે જીવ પીડા વગેરે સાથે સંબંધોવાળો થાય છે તે ઉપસર્ગ કહેવાય છે.)

(૨) उप=सामीप्ये, सृग्-विसर्गे
उतसरंतीति उपसग्गा ।

(જે પાસે આવે છે અને પીડિત કરે છે તે)

(૩) उवसृजन्ति वा अनेन-उपसर्गा : ।

(જે (કષ્ટનું) ઉપસર્જન કરે છે, એટલે કે જે કષ્ટને ઉત્પન્ન કરે છે તે ઉપસર્ગ.)

(૪) उपसृज्यते— भ्रंश्यते च्याव्यते
प्राणी धर्म दिभिरित्युपसर्गा : ।

(જે પ્રાણીને ધર્મથી ખેંચી લે છે, ચ્યુત કરે છે તે ઉપસર્ગ.)

(૫) उपसर्ग : उपद्रव : ।

(હેમચંદ્રાચાર્ય 'અભિધાન ચિંતામણિ' નામના કોશમાં કહે છે કે ઉપસર્ગ એટલે ઉપદ્રવ.)

(૬) उपसर्गान् देवादिकृतान् उपद्रवान् ।

(દેવો વગેરે કરેલો ઉપદ્રવ તે ઉપસર્ગ)

ઉપસર્ગના મુખ્ય ત્રણ પ્રકારો છે. (૧) દેવતાકૃત (૨) મનુષ્યકૃત અને (૩) તિર્યંચકૃત.

ઉત્તરાધ્યયન સૂત્રના ૩૧માં અધ્યયનમાં કહ્યું છે કે :

'दिव्वे य जे उवसग्गे,
तहा तिरिच्छ माणुस्से ।
जे भिक्खू सहइ निच्च,
से न अच्छइ मण्डले ॥'

જે ભિક્ષુ દેવતા, તિર્યંચ અને મનુષ્યે કરેલા 'ઉપસર્ગો'ને નિત્ય સહન કરે છે, તે મંડલમાં રહેતો નથી. અર્થાત્ તેને આ સંસાર રૂપી મંડલમાં પરિભ્રમણ કરવું પડતું નથી.

કેટલીકવાર માણસને માથે આવી પડેલ કષ્ટનું સંકટનું વ્યાવહારિક બુદ્ધિગમ્ય નિરાકરણ થઇ શકતું નથી. કોઇક અતીન્દ્રિય શક્તિ એમાં કામ કરી ગઇ છે એવું લાગે છે. શ્રદ્ધાળુ લોકો માને છે કે ભૂત, પ્રેત, પિશાચ, વ્યંતર, શાકિની, ડાકિની ઇત્યાદિ કોઇ દેવ-દેવી ઇરાદાપૂર્વક એ કષ્ટ આપે છે. જૈન માન્યતા અનુસાર કેટલાક દેવો અદૃશ્ય રહીને વ્યકિતને ત્રાસ આપવા અથવા સાધનમાંથી ચલિત કરવા, બિહામણાં દૃશ્યોરૂપી ઉપસર્ગો કરે છે. સંગમદેવે ભગવાન મહાવીર ઉપર ઉપસર્ગો કર્યાની વાત જાણીતી છે. આવા ઉપસર્ગો દૈવકૃત મનાય છે.

માણસો વેર લેવાને માટે અથવા પોતાનો એવો રોષ પ્રગટ કરવાને માટે, ગુનાની શિક્ષા કરવા માટે અથવા કેવળ પોતાના સ્થૂળ, નિકૃષ્ટ આનંદમાં રાચવા માટે બીજાને ભયંકર કષ્ટો આપે છે. એવાં કષ્ટોને પરિણામે કેટલીકવાર માણસ મૃત્યુ પામે છે. કયારેક માણસ બીજા ઉપર વેર લેવાને માટે મંત્ર-તંત્ર વગેરેના પ્રયોગો પણ કરે છે. આ પ્રકારના ઉપસર્ગો તે મનુષ્યકૃત ઉપસર્ગો છે.

ભયંકર હિંસક પ્રાણીઓ માણસને મારી નાખે છે અથવા ફરીને ઘણું અસહ્ય કષ્ટ પહોંચાડે છે. વાઘ-સિંહ ગાંડા હાથી, મગર, સાપ, વીંછી, ગરુડ વગેરે તરફથી થતા ઉપસર્ગોને તિર્યંચકૃત ઉપસર્ગ કહેવામાં આવે છે.

આ ત્રણ પ્રકારના મુખ્ય ઉપસર્ગો ઉપરાંત 'આત્મસંવેદનીય' નામનો ચોથો પ્રકાર પણ બતાવવામાં આવે છે. 'અર્થ-કલ્પલતા'માં લખ્યું છે કે–

'उपसर्गा : दिव्य–मानुष तैर
श्चाऽऽत्मसवेदनीयमेदाच्चतुर्विधा : ।'

(चउव्विहा उवसग्गा पण्ण-ता तं जहा दिव्वा माणुसा तिरिक्खजोणिया आयसंचेयणिज्जा)

આત્મસંવેદનીય એટલે અશાતાવેદનીય કર્મના ઉદયથી શરીરને ભોગવવી પડતી અસહ્ય વેદના. આ વેદના કષ્ટ, દુઃખ, આત્માને માટે ઉપસર્ગ સમાન બને છે. આવે પ્રસંગે દેવ, મનુષ્ય કે તિર્યંચ કૃત ઉપસર્ગ નથી હોતો, પરંતુ પોતાનાં પૂર્વસંચિત તીવ્ર અશુભ કર્મોનો ભારે ઉદય ઉપસર્ગ સમાન બને છે.

સાધુઓએ મનુષ્ય, દેવતા વગેરેએ કરેલા આવા બધા ઉપસર્ગો સમતાથી સહન કરવા જોઇએ. એ વખતે મનમાં જરા પણ ક્રોધ કે ક્લેશ ન આણવો જોઇએ. સાચા મુમુક્ષુ સાધુઓએ દુઃખ કે કષ્ટ આવી પડે ત્યારે પણ સમતામય જીવન જીવવું જોઇએ.

શાસ્ત્રકારે આ ચાર મુખ્ય પ્રકારના ઉપસર્ગના સોળ પેટા પ્રકાર નીચે પ્રમાણે કહ્યા છે :

(૧) **દેવકૃત** :–૧. રાગથી અથવા હાસ્યથી, ૨. દ્વેષથી, ૩ વિમર્શથી અથવા પરીક્ષાથી (વેદના હસન કરી શકે છે. કે નહિ તે દૃઢતા જોવા માટે પરીક્ષા કરવી તે) ૪. પૃથકવિમાત્રા (ધર્મની ધુર્યા આદિને અંગે વૈક્રિય શરીર કરીને ઉપસર્ગ કરે છે તે.)

(૨) **મનુષ્યકૃત** :– ૧. રાગથી અથવા હાસ્યથી, ૨ દ્વેષથી, ૩. વિમર્શથી, ૪. કુશીલથી (૩. ત. બ્રહ્મચારીથી પુત્ર થાય તે બળવાન હોય છે એમ ધારીને કોઇ સ્ત્રી ધર્મવાસના વિનાના સાધુને બ્રહ્મચર્યથી ચળાવવા અનુકૂળ ઉપસર્ગ કરે તે.)

(૩) **તિર્યંચકૃત** :–૧, ભયથી (મનુષ્યને જોઇને તે મને મારશે એમ ધારીને સામું ધસે તે) ૨. દ્વેષથી, ૩. આહાર માટે (ભૂખ લાગ્યાથી તેનું નિવારણ કરવા માટે વાઘ, શિયાળ, ગરુડ વગેરે ઉપસર્ગ કરે તે) અને ૪. પોતાના સંરક્ષણ નિમિત્તે સામો પ્રહાર કરે તે

(૪) **આત્મકૃત અથવા આત્મસંવેદનીય** :

૧. વાતથી, ૨. પિત્તથી, ૩, કફથી અને ૪. સંનિપાતથી થતા ભયંકર રોગરૂપી ઉપસર્ગ આ ચાર પ્રકાર બીજી રીતે પણ ગણાવવામાં આવે છે, જેમ કે (૧) નેત્રમાં પડેલું કણું વગેરે ખૂંચવું (૨) અંગોનું રતબ્ધિત થવું (૩) ખાડા વગેરેમાં ઉપરથી પડી જવું અને (૪) બાહુ વગેરે અંગોનું પરસ્પર અથડાવું.

મનુષ્ય જીવનમાં વિવિધ પ્રકારની આપત્તિઓ, જાત જાતના ઉપદ્રવો અચાનક આવી પડે છે. એ વખતે સામાન્ય માણસ મૂંઝાય છે, કાયર થઈ જાય છે, દેવ-દેવીનું શરણું લે છે, બાધા-આખડી માને છે.

શ્રદ્ધાળુ માણસો માટે સંકટોથી બચાવનાર દેવ–દેવીઓની સ્તુતિઓ પણ લખાઇ છે. 'નવરત્નમાલા'માં એક સ્તુતિમાં વિજયા–જયા દેવીને ઉદ્બોધન કરવામાં આવ્યું છે કે હે દેવી! તું લોકોનું નીચેના ભયો તથા ઉપદ્રવોમાંથી રક્ષણ કર :–

(૧) અતિવૃષ્ટિ, પાણીનાં પૂર કે બીજી કોઇ પણ રીતે ઉત્પન્ન થતો 'જલ ભય.' (૨) અચાનક આગ ફાટી નીકળવી, દવ પ્રકટવો કે બીજી કોઇ પણ રીતે ઉત્પન્ન થતો 'અગ્નિ-ભય' (૩) સ્થાવર કે જંગમ 'વિષ–ભય' (૪) જુદી જુદી જાતના સાપો તરફથી થતો 'વિષધર-ભય.' (૫) ગોચરમાં વિશિષ્ટ સ્થાને પડેલા ગ્રહો તરફથી થતો 'ગ્રહચાર-ભય' (૬) જુદાં જુદાં અનેક કારણોથી ઉત્પન્ન થતો 'રાજભય' (૭) જુદાં જુદાં કારણોથી ઉત્પન્ન થતો-'રોગ-ભય' (૮) લડાઇ કે યુદ્ધનો ભય (૯) રાક્ષસનો ભય (૧૦) શત્રુ-સમૂહનો ભય (૧૧) મરકી કે અન્ય જીવલેણ રોગ ફાટી નીકળવાથી ઉત્પન્ન થતો ઉપદ્રવ. (૧૨) ચોર-ડાકુ તથા ધાડપાડુ વગેરેનો ઉપદ્રવ (૧૩) ઉંદર, તીડ, વગેરે સાત પ્રકારની ઇતિઓથી ઉત્પન્ન થતો ઉપદ્રવ (૧૪) સિંહ, વાઘ, વરુ, રીંછ વગેરે શિકારી પશુઓથી ઉત્પન્ન થતો ઉપદ્રવ અને (૧૫–૧૬) ભૂત, પિશાચ વગેરે હલકા દેવો તથા શાકિની, ડાકિની વગેરેનો ઉપદ્રવ.

'ઋષિમંડળ સ્તોત્ર'માં સિંહ, હાથી, પન્નગ, વૃશ્ચિક, રાક્ષસ, કુગ્રહ, તસ્કર, દુર્જન, શત્રુ, ડાકિની, શાકિની, વ્યંતરી વગેરે અડતાલીસ પ્રકારના ભય સામે રક્ષણ માગવામાં આવ્યું છે.

લોક પ્રચલિત ઉપદ્રવો કેવા કેવા હોય છે તેનો ખ્યાલ આના ઉપરથી આવે છે. દેશકાળ અનુસાર કેટલાક ઉપદ્રવો અલ્પ કે લુપ્ત થઇ જાય છે તો કેટલાક નવા પ્રકારના ઉપદ્રવો અસ્તિત્વમાં આવે છે. રોગ, ધરતીકંપ, જ્વાળામુખીનું ફાટવું, બોમ્બનો વિસ્ફોટ થવો વગેરે પ્રકારના કુદરતી કે માનવસર્જિત ઉપદ્રવો હોય છે. અલબત્ત એ બધા વ્યક્તિલક્ષી નથી હોતા, સર્વસામાન્ય હોય છે, પરંતુ તે અનેકના જીવનનો અંત આણે છે. ઘાતક શસ્ત્રોના પ્રચાર પછી બીજાનો જીવ લેવાનું સરળ થઇ ગયું છે. માણસને ખબર ન પડે એવી રીતે ક્ષણવારમાં એના પ્રાણ હણાઇ જાય છે, એમાં શારીરિક કષ્ટ કે વેદનાને ખાસ અવકાશ હોતો નથી. આવા પ્રકારના ઉપદ્રવોમાંથી કર્મક્ષયની દૃષ્ટિએ ઉપકારક એવા ઉપસર્ગો કેટલા તે વિચારણીય વિષય છે.

ઉપસર્ગના નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની દૃષ્ટિએ છ પ્રકાર દર્શાવવામાં આવ્યા છે.

ઉપસર્ગના પ્રતિલોમ અને અનુલોમ એવા બે મુખ્ય પ્રકાર પણ દર્શાવવામાં આવ્યા છે. પ્રતિલોમ એટલે પ્રતિકૂળ અર્થાત્ શરીરને અતિશય કષ્ટ આપનારા ઉપસર્ગો જે સાધકોમાં સ્થિરતા, અચલતા આવી નથી હોતી તેવા કાયર સાધકો ઉપસર્ગ સહન કરવાની વાતો શરવીરતાપૂર્વક કરે છે, પરંતુ ખરેખર ઉપસર્ગ આવી પડે છે ત્યારે ડરી જાય છે, ડગી જાય છે, સાધનાથી ભ્રષ્ટ થઇ જાય છે. જે સાધકો સંયમ સાધનામાં અડગ હોય છે તે સાધકો ભયંકર ઉપસર્ગોમાં પણ ડગી જતા નથી. ગજસુકુમાલ, અવંતીસુકુમાલ, ખંધક મુનિ, મેતાર્ય મુનિ, વિગેરે સાધકોએ પ્રતિકૂળ ઉપસર્ગો ઉપર વિજય મેળવ્યો હતો.

અનુલોમ ઉપસર્ગ એટલે અનુકૂળ ઉપસર્ગ કરતાં પણ કયારેક અનુકૂળ ઉપસર્ગ ઉપર વિજય મેળવવાનું કઠિન છે. સાધક પોતાની સંયમ સાધનામાં મગ્ન હોય તેવે વખતે માતા, પિતા, ભાઇ,બહેન, પત્ની, પુત્ર ઇત્યાદિ સ્વજનો તરફથી અથવા કુશીલ સ્ત્રીઓ તરફથી આનપાન ઇત્યાદિની વધુ પડતી સંભાળ રાખવામાં આવે, વિવિધ પ્રકારની ભોગ સામગ્રી માટે લલચાવવામાં આવે, રુદન વગેરે કરી આર્ત બનાવે તે વખતે મમતાના ભાવથી સાધક ડગી જાય તેથી ભોગસામગ્રી સ્વીકારવાવશ બની જાય છે અને પરિણામે

(અનુસંધાન પૃષ્ઠ ૯૩ પર)

બહિરાત્મા—અંતરાત્મા—પરમાત્મા

પં. પનાલાલ જગજીવન ગાંધી

સમગ્ર ચૌદ રાજલોક (બ્રહ્માંડ-(Universe) પાંચ દ્રવ્યો અર્થાત્ પાંચ અસ્તિકાય (અસ્ત=પ્રદેશ અને કાય=સમૂહ)નું બનેલ છે. આ પાંચ અસ્તિકાય (૧)આકાશાસ્તિકાય (૨) ધર્માસ્તિકાય (૩) અધર્માસ્તિકાય (૪) પુદ્ગલાસ્તિકાય અને (૫) જીવાસ્તિકાય છે. એમાં ય જે કાંઇ વિશ્વનિર્માણ અર્થાત્ વિશ્વરમત છે તે તો કેવલ પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાયની જ છે.

આખા ય ચૌદરાજલોકની જીવ-અજીવ, નિત્ય-અનિત્ય, વિનાશી-અવિનાશી, રૂપી-અરૂપી, તથા દ્વૈત-અદ્વૈતમાં જેમ વહેંચણી થઇ શકે છે તેમ સઘળાંય જીવની બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એમ ત્રણ પ્રકારમાં વહેંચણી થઇ શકે છે.

એકમાત્ર જીવ (સંસારી) સિવાય ચૌદ રાજલોકના બધાં જ દ્રવ્યો નિયમ પ્રમાણે કાર્ય કરે છે. માટે જ જીવને નિયમમાં આવવા સંયમની આવશ્યકતા છે. તેથી જ આચારાંગસૂત્ર-નિયમસાર જેવા ગ્રંથોનું પૂર્વાચાર્યોએ નિર્માણ કર્યું છે.

કસ્તુરી મૃગ પોતાની સુગંધને બહાર શોધતો ફરે છે, એ પ્રમાણે જે જીવ પોતામાંથી નીકળતાં પોતાના સુખને બહાર શોધતો ફરે છે અને પુદ્ગલમાં સુખબુદ્ધિને ભોગવૃત્તિ સ્થાપી એમાંથી જ સુખ મળે છે એવી ભ્રાંતિમાં જે રાચે છે તે જીવ બહિરાત્મા છે.

આતમબુદ્ધે કાયાદિક ગ્રહી બહિરાતમ અવર સુજ્ઞાની... સુમતિનાથ ભગવાનના સ્તવનની આ કડી દ્વારા શ્રી આનંદઘનજી મહારાજે આ જ વાત કહી છે.

આવા બહિર્મુખી જીવો પુદ્ગલાભિનંદી એટલે કે ભૌતિકવાદી કહેવાય છે. જેઓ કેવળ દેહભાવથી જીવનારા દેહાધ્યાસમાં જ રચ્યાપચ્યા હોય છે. તથા મનથી શરીરને જ જોનારા અને સર્વસ્વ માનનારા હોય છે. ગુણસ્થાનકની દૃષ્ટિએ વિચારીએ તો તેઓ પહેલાં ગુણસ્થાનકના મિથ્યાદૃષ્ટિ અજ્ઞજનો છે. તેઓ શરીર સહિત શરીરના કામમાં આવતી સઘળી બાહ્ય સામગ્રીને પોતાના સ્વરૂપે માને છે, અને રાગભાવે વર્તે છે, જેમાંથી જ બધાં દોષોની ઉત્પત્તિ થાય છે, જેને અધર્મ કહેવાય છે. પરમાં સ્વવત્-દૃષ્ટિ કરી એઓ પર નૈમિત્તિક સુખને માણનારા છે. જે સુખની અગાઉ અને પાછળ દુઃખ હોય છે, તે અસત્, વિનાશી, અનિત્ય અવસ્થા છે. એમાં આસક્તિ છે, મોહ છે, વાસના છે, તૃષ્ણા છે મૂઢતા છે, અજ્ઞાન છે. અને તેથી રાગ અને દ્વેષ છે. આ મોહ અને અજ્ઞાનવશ આત્માનું દેહ પ્રત્યેનું મારાપણું એટલે કે દેહભાવ-દેહમમત્વ છે તે જ બહિરાત્મપણું છે. અથવા જો જીવ પોતાની સ્વરૂપ અજ્ઞાનતાએ પર એવાં પુદ્ગલમાં સ્વરૂપ બુદ્ધિથી-સચ્ચિદાનંદ બુદ્ધિથી-સત્યમ્-શિવમ્-સુન્દરમ્ બુદ્ધિથી પુદ્ગલ (ભૌતિક પદાર્થો) દ્વારા સુખ મેળવે છે તે જ તેનું બહિરાત્મપણું છે. જે સંસાર છે કહ્યો એમાં સચ્વાપણું છે. સરતિ પ્રતિ સંસાર! એક વસ્તુ પરથી બીજી વસ્તુ પર, એક વ્યક્તિ પરથી બીજી વ્યક્તિ પર, એક ઇચ્છામાંથી બીજી ઇચ્છામાં, એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં. અને એક ભવમાંથી બીજા ભવમાં જીવ સર્યા કરે છે. એમ વારંવાર સર્યા કરે છે તેથી તેને સંસાર કહે છે. એમાં આત્મા, મન અને શરીરનું એકક્ષેત્રી એકીકરણ છે. તેમાં કર્મના ઉદયની આધીનતા છે. જે ઔદયિક ભાવ છે તેને ગુણ સર્વથા-આવરાયેલો હોય અને અંશે પણ ખુલ્લો ન હોય તેને ઔદયિકભાવ કહેવાય છે.) એવાં જીવો પરમાત્માથી પણ વિમુખ છે અને પોતાના સ્વરૂપથી પણ વિમુખ છે. તેમ જ આધિ-વ્યાધિને ઉપાધિના ત્રિવિધ તાપથી ગ્રસ્ત છે. અહીં આધિ એટલે અધ્યાત્મિક (માનસિક) દુઃખ, વ્યાધિ એટલે કાયિક દુઃખ (રોગ) અને ઉપાધિ એટલે બાહ્ય પ્રતિકૂળ સંયોગ છે એઓ દૃષ્ટિને દૃશ્ય સમાવે છે. અને જ્ઞેયને જાણીને જ્ઞેયને ચોંટે છે. એમને નથી કોઇ સાધ્ય કે નથી કોઇ ધ્યેય એટલે સાધનાનો પ્રશ્ન છે જ નહિ. તેઓ અસાધક છે. એઓમાં ગતિ છે પણ પ્રગતિ નથી. ઘાણીના બેલની જેમ સંસારમાં ચકરાવા લીધા કરે છે. સંસારમાં ભ્રમણ ચાલુ ને ચાલુ જ રહે છે. પરિધ ઉપર ઘૂમ્યા કરે છે પણ ધરી તરફ કેન્દ્ર તરફ તેમનું ગમન હોતું નથી.

આવા પુદ્ગલાભિનંદી-ભૌતિકવાદી જીવ જ્યારે સુખ દુઃખના ચકરાવાથી થાકે છે, સુખ મેળવવા જતાં દુઃખી થાય છે ત્યારે આંતરખોજ કરે છે. અથવા તો કોઇ સંતના સમાગમમાં આવે છે ત્યારે કે પછી અધ્યાત્મગ્રંથના વાચનથી પોતાની ઝાંઝવાના જળ-મૃગજળ પાછળની પરિણામવિહીન દોટને પીછાને છે ત્યારે અંતરમુખી થાય છે. આંતરનિરીક્ષણ કરે છે અને આંતરદોષોને જોતો થાય છે. પોતાના સ્વરૂપનું ત્યારે એને ભાન થાય છે. અને બહિરાત્મપણામાંથી અંતરાત્મપણા તરફ વળે છે. આ બહિરાત્મપણાનું અંતરાત્મપણામાં રૂપાંતર કરવું તે સત્યાગ્રહ છે. એ દુર્જનમાંથી જન બને છે. અને જનમાંથી સજ્જન બને છે. આગળ વધે છે. સાધુ થાય છે. સંત-મુનિ-મહાત્મા-ધર્માત્મા બને છે. એથીય આગળ વિકાસ સાધતો નિર્ગ્રંથ, જીતેન્દ્રિય, અણગાર થઇ અંતે પોતાના પરમ આત્મ-સ્વરૂપનું પ્રાગટીકરણ કરી પરમાત્મા બની કૃતકૃત્ય થાય છે.

જેમ પુદ્ગલના સૂક્ષ્મ અને બાદર એવાં બે ભેદ છે તેમ પુદ્ગલના સચિત એટલે કે જીવયુક્ત પુદ્ગલ અને અચિત એટલે કે જીવ રહિત પુદ્ગલ એવાં બે ભેદ છે. એ જ પ્રમાણે જીવના સંસારી અને સિદ્ધ એવા બે ભેદ છે. સંસારી જીવો છે તે પુદ્ગલ સહિતના દેહધારી જીવો છે જ્યારે સિદ્ધના જીવો પુદ્ગલ રહિત, પુદ્ગલમુક્ત એવાં શુદ્ધ આત્મસ્વરૂપી, સિદ્ધ સ્વરૂપી અરૂપી જીવો છે. જેઓ સહજાનંદી અને યોગાતીત છે. તેઓ દેહાતીત એવાં અદેહી, અશરીરી, અક્રિય, પોતાના પરમ સ્થિરત્વને પ્રાપ્ત કરી ચૂકેલ પરમાત્મા છે. એવાં આ પરમાત્મા પોતાના અદેહીપણાને પ્રાપ્ત કરવા અગાઉ દેહધારી હોય છે અને ભૂમિતલ ઉપર, ભવ્યજીવો પર યોગાનુયોગ ઉપકાર કરતાં વિચરતાં હોય છે. એવા પરમાત્મા જેઓ તીર્થની સ્થાપના કરનારા છે તે તીર્થંકર પરમાત્મા અથવા અરિહંત પરમાત્મા તરીકે ઓળખાય છે. અને જેઓ તીર્થની સ્થાપના નથી કરતાં એઓ સામાન્ય કેવલિ ભગવંત તરીકે ઓળખાય છે. ઉભય દેહધારી હોય છે. તેઓ વીતરાગ, સર્વજ્ઞ અને નિર્વિકલ્પક હોય છે. દેહ હોવાના કારણે અને યોગવ્યાપાર હોવાથી તેઓ સંયોગી કેવલિ કહેવાય છે. અને યોગ સક્રિય હોય છે. જૈન દર્શનના સાધના સોપાન જે ગુણ સ્થાનક કહેવાય છે તેની દૃષ્ટિએ તેઓ તેરમા ગુણસ્થાનકે હોય છે. પરંતુ દેહ હોવા છતાં તેઓ દેહાતીત હોય છે અર્થાત્ વિદેહી હોય છે. એટલે કે

દેહભાવનો સદંતર અભાવ હોય છે એ વિદેહી કેવલિ ભગવંતો જ્યારે આયુષ્ય કાળ પૂર્ણ થવાં આવે છે. ત્યારે સિદ્ધાત્મા બનતાં પહેલાં પોતાના આત્માની પરમસ્થિરતા, પરમ અક્રિયતાને પ્રાપ્ત કરવા પૂર્વે સઘળાં ય યોગવ્યાપારનો નિરોધ કરવાની શૈલેશી-કરણની જે પ્રક્રિયા અલ્પકાલીન કરે છે તેને ચૌદમું ગુણસ્થાનક અર્થાત્ અયોગી કેવલિ ગુણસ્થાનક કહે છે. ત્યાં અયોગી કહેતાં યોગ અભાવ નથી હોતો પરંતુ યોગવ્યાપાર એટલે કે યોગક્રિયા અભાવ હોય છે. સદંતર અક્રિય યોગી હોય છે. એના અંતે દેહત્યાગ કરી તેઓ વિદેહી અવસ્થામાંથી અદેહી અવસ્થામાં ચાલી જઇ, કૃતકૃત્ય થઇ સિદ્ધ પરમાત્મા બની જાય છે.

આવી આ પરમાત્મા-સિદ્ધાત્મા થવાની સાધના જે જીવો અંતરમુખી થઇને કરે છે તે સહુ અંતરાત્મા છે. આ અંતરમુખી બનેલ સાધક આત્મા સાધનાના - ગુણસ્થાનકના ક્રમમાં ચોથા ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનકની અંદર હોય છે.

બહિર્મુખી જીવ, અંતરમુખી જીવ બનતાં પૂર્વે પોતાના તામસભાવ અર્થાત્ દુષ્ટભાવ ત્યજી રાજસભાવમાં આવે છે. જ્યાં દુર્જનતા નથી હોતી પણ વિલાસીતા અને ભોગવૃત્તિ હોય છે. તામસભાવમાં દુર્જનતા હોય છે, લૂંટી ખાવાની વૃત્તિ હોય છે. એમાં 'મારું' એ તો 'મારું' જ ના ભાવની સાથે 'તારું' એ પણ 'મારું'નો ભાવ હોય છે. જ્યારે રાજસભાવમાં, 'તારું' ભલે 'તારું' રહ્યું-'તારું' મારે ન જોઇએ, પણ 'મારું' એ 'મારું' છે. હું એનો હકદાર છું અને એનો ભોગવટો હું કરીશ. આવા આ તામસ અને રાજસભાવ જે દુર્ભાવ છે. એમાંથી બહાર નીકળી આત્મા બીજાનો પણ વિચાર કરતો થાય છે. અન્યના દુઃખનો પણ ખ્યાલ કરે છે. અને ત્યારે પોતાના હકનો પણ બીજાના દુઃખ દૂર કરવા યા તો બીજાને સુખી કરવા ત્યાગ કરે છે જે જીવનો સાત્વિક ભાવ છે એ ભાવમાં 'તારું' તો 'તારું' જ છે પણ 'મારું' જે છે એનો ખપ હોય તો જ લઇ જા એ 'તારું' જ છે, એવી ત્યાગવૃત્તિ હોય છે. આવો આ સાત્વિક ભાવ તામસ અને રાજસને દબાવે છે. અને છેવટે એનો નાશ કરે છે. છતાં એ પહેલું મિથ્યાત્વ ગુણસ્થાનક જ હોય છે. ત્યાં કષાયોની મંદતા હોય છે. જેને લઇને તેને મંદ મિથ્યાત્વ કહે છે. અહીં દ્વેષ પ્રતિ દ્વેષ દૃષ્ટિ હોય છે. અને ગુણનો ખપ હોય છે. દયા, દાન, સેવા, પરોપકાર, ત્યાગ, અહિંસા, ક્ષમા, સંતોષ, સહિષ્ણુતાના ગુણો હોય છે. ત્યાં તેજો, પદ્મ અને શુક્લ રૂપ શુભ લેશ્યા હોય છે. (લેશ્યા એટલે આત્માના અધ્યવસાયના સારા નરસા રંગ. જેમ પુદ્ગલના સારા નરસા રંગ હોય છે એમ અધ્યવસાયના-ભાવના પણ રંગ હોય છે જે આજનું વિજ્ઞાન પણ માન્ય રાખે છે.) આ અધ્યાત્મનું સંધિ સ્થાન છે. છતાં ય ત્યાં આત્માના સ્વ-રૂપનું અજ્ઞાન હોય છે. સ્વરૂપ અભાનદશા હોય છે. પરંતુ શુભ-સાત્વિક ભાવ હોય છે જેના સથવારે સત્સંગથી, સદ્-વાચનથી કે ચિંતન-મનન-મંથનથી ઉઘાડ થાય છે. અને 'જગત મિથ્યા બ્રહ્મ સત્યં'નું અર્થાત્ સંસારની અસારતાનું ભાન થાય છે. નિત્યાનિત્ય, ભેદાભેદ, દ્વૈતાદ્વૈતનો વિચાર આવે આત્માની અવિનાશીતા અને દેહની ક્ષણભંગુરતાનું ભાન થા દેહાત્મબુદ્ધિ માંથી દેહ અને આત્માની ભિન્નતાને સમજતો થા અવિનાશીનું લક્ષ્ય થાય છે. મોક્ષસુખની, પૂર્ણસુખની, શાશ્વતની ખેવના થાય છે. નશ્વર-ક્ષણિક-આભાસી એવાં ભૌતિકસુખ વૈરાગ્ય જાગે છે. સાથે સાથે અવિનાશી એવી પરમાત્મ તથા પરમાર્થ વ્યક્તિના ચાહક અને વાહક એવાં સંત સંન્યાસી-મુનિ-મહાત્મા-ગુરુદેવો પ્રતિ ભક્તિભાવ જાગે છે પરમાત્મ વ્યક્તિ એવાં અરિહંત પરમાત્મા-તીર્થંકર પરમાત્મા કથિત મોક્ષમાર્ગ-અધ્યાત્મમાર્ગ કે જે ધર્મ છે તેના પ્રતિ પ્રીતિ થાય છે. આમ દેવ-ગુરુ-ધર્મ પ્રતિ પ્રીતિ અને ભક્તિ જાગે છે. આ સાધનાનું ચોથું સોપાન એટલે કે ચોથું ગુણસ્થાનક છે. જે દૃષ્ટિ પરિવર્તન છે. સાધનાના આ ગુણસ્થાન કે અભિપ્રાય, મંતવ્ય બદ-લાય છે. દૃષ્ટિ ફરે છે. ખોટી મિથ્યા દૃષ્ટિનું સાચી સમ્યગ્ દૃષ્ટિમાં પરિવર્તન થાય છે. દેહાત્મબુદ્ધિ ટળે છે. ભેદદૃષ્ટિ ખૂલે છે. છતાં ત્યાગ હોતો નથી. તેથી તેને સમ્યગ્દૃષ્ટિ અવિરતિ કહે છે. આ તબક્કે અનંતાનુબંધી કષાયમાં સુધારો થાય છે. અહીં ધર્મ પ્રવેશ્યો છે પણ ધર્મક્રિયા નથી. માંગમાં વિવેક છે પણ મર્યાદા નથી. ભોગમાં વિવેક છે પણ મર્યાદા નથી. આગળ ઉપર સમ્યગદૃષ્ટિ સાધકમાં ત્યાગવૃત્તિની સાથે ત્યાગપ્રવૃત્તિની શરૂઆત થાય છે. ગૃહસ્થાવાસમાં રહેવા છતાં આંશિક પણ ત્યાગ-પચ્ચખ્ખાણ ચાલુ થાય છે. સત્સંગનું પ્રમાણ વધે છે. અને ત્યારે તે સમ્યગદૃષ્ટિ દેશવિરતિ કહેવાય છે. જે પાંચમું ગુણસ્થાનક છે. જે દૃષ્ટિ પરિવર્તન થયું હોય છે તેની જાળવણી-રક્ષા અને વૃદ્ધિ તથા શુદ્ધિ વિરતિથી એટલે કે ત્યાગ પચ્ચખ્ખાણાદિના કારણે જ થાય છે. અહીં આરંભ, પરિગ્રહ અને ભોગનો આંશિક ત્યાગ હોય છે. છતાં ય આ દેશવિરતિમાં પણ ગૃહસ્થાવાસના કારણે પતનનાં બાહ્ય નિમિત્તોનો સર્વથા ત્યાગ હોતો નથી અને અસદ્ આરંભ સમારંભની અર્થ-કામની પ્રવૃત્તિ ચાલુ હોય છે. એટલું છે કે અહીં ભોગ અને ભોગમાં મર્યાદા હોય છે. દેશવિરતિના સ્વાદે વિકાસના આગળના તબક્કામાં આરંભ-પરિગ્રહ અને ભોગના સર્વથા ત્યાગે એટલે કે ગૃહસ્થાવાસ્થાના ત્યાગથી અને સંન્યાસ્થાવસ્થાના સ્વીકારથી સર્વવિરતિ એવાં છઠ્ઠા ગુણસ્થાનકે પદાર્પણ થાય છે. આ સાધુ અવસ્થા, મુનિ અવસ્થા છે. અહીં પ્રાપ્તનો ત્યાગ છે અને અપ્રાપ્તની ઇચ્છાનો પણ ત્યાગ છે. દેહાવશ્યક વસ્તુની પણ માલિકી ભાવનાનો ત્યાગ છે. દેશવિરતિ એવાં પાંચમા ગુણસ્થાનક સાધકને પરવશતા અને પરાધીનતા ઊભી હોય છે જ્યારે છઠ્ઠા ગુણસ્થાનકે રહેલ સર્વવિરતિધર સાધક-સાધુ ભગવંતો સ્વાધીન અને સ્વાવલંબી હોય છે. પતનના બહારનાં નિમિત્તોનો અભાવ હોય છે અને સમકિતની પૂર્ણ જાળવણી, રક્ષા, વૃદ્ધિ અને શુદ્ધિને અનુકૂળ પરિસ્થિતિ હોય છે. સાધકને આ કક્ષાએ પહોંચ્યા બાદ કાંઇ જોઇતું હોતું નથી સિવાય કે આત્માનુભૂતિ, આત્મસાક્ષાત્કાર, શાશ્વત-નિત્ય-અવિનાશી મોક્ષસુખ.

'આત્મવશ્યમ્ સુખમ સર્વમ્ પરવશમ્ દુઃખમ્ સર્વમ્' એ સાધના સૂત્રની અહીં પૂર્ણ પ્રાપ્તિ થાય છે. આ સાધનાનું પરમ નિર્દોષ અને બળવાન છે. છતાંય આ સાધકનું સાધ્ય સૂત્ર તો....

'યો વૈ ભૂમા તત્ સુખમ' છે.

એટલે કે ખરેખર તો જે જ્ઞાનની પૂર્ણતા છે તે જ સુખ છે. જ્ઞાનની પૂર્ણતા એટલે વીતરાગ જ્ઞાન, નિર્વિકલ્પકજ્ઞાન અને સર્વજ્ઞ જ્ઞાન આ સ્થિતિમાં સર્વથા દુઃખ મુક્તિ છે અને અનંત સુખની પ્રાપ્તિ હોય છે જે સ્થિતિને જીવ માત્ર અનાદિકાળથી પોતાની અજ્ઞાન અવસ્થામાં પણ જાણે અજાણે ય ઝંખી રહ્યો છે.

આ સાધ્ય સૂત્રના લક્ષે પૂર્ણતા પ્રતિની જાગૃતિમાં વૃદ્ધિ થાય છે. અને સાધક અપ્રમત્ત બને છે. સૈનિક જેમ યુદ્ધના મોરચે હરપળ સાવધ, જાગૃત અને ચોકકર રહે છે એમ અહીં આ કક્ષાએ સાધનામાં અત્યંત સાવધાન રહે છે. -જે આપણને ગૌતમસ્વામીના જીવનવૃત્તાંતમાં જોવા

મળે છે. પળે પળે ગૌતમસ્વામીને કેવલજ્ઞાન પ્રાપ્તિની ઝંખના હોય છે. આ ગુણસ્થાનકને સાતમું સર્વવિરતિ અપ્રમત્ત ગુણ સ્થાનક કહે છે. જ્યાં સાધકને આત્મ સાક્ષાત્કાર, આત્મસુખ, બ્રહ્મસુખ, પૂર્ણતાના સુખની ક્ષણિક પણ ઝાંખી થાય છે. ઝલક પ્રાપ્ત થાય છે. છઠ્ઠાથી સાતમે અને સાતમાથી છઠ્ઠા ગુણસ્થાન કે આવનજાવન ચાલુ રહે છે. એમ કરતાં સાતમા ગુણસ્થાનક અધ્યવસાયનો કાળ અને રસ વધતાં સાધનાનો છેલ્લો તબક્કો જેને ક્ષપકશ્રેણી કહેવાય છે તેની શરૂઆત થાય છે. અહીં જે છેવટનો સંજ્વલના કષાય (કષાયની રસમંદતા) રહ્યો હોય છે તેનો તથા સર્વ ઘાતિ કર્મો [આત્માના સ્વરૂપ-(જ્ઞાન)ના સ્વરૂપ (કેવલજ્ઞાન)નો ઘાત-નાશ કરનારાં કર્મો] ના ક્ષય (નાશ)ની શરૂઆત થાય છે. અને આઠમા, નવમા, દશમા ગુણસ્થાનકે આરૂઢ થાય છે. જ્યાં દશમા ગુણસ્થાનકના અંતે વીતરાગતાની પ્રાપ્તિએ મોહનીયકર્મનો સર્વથા નાશ કરે છે. અને બારમા ગુણસ્થાનકે પ્રવેશ થાય છે. અહીં મતિજ્ઞાન સંપૂર્ણ અવિકારી બને છે. આ કક્ષાએ મોહમુક્તિ છે પરંતુ જ્ઞાન ઉપરનું આવરણ હજુ હટેલ નથી. વીતરાગતા તે આવરણને, દર્શનાવરણીયકર્મ, જ્ઞાનાવરણીયકર્મ અને અંતરાયકર્મ એમ ત્રણ ઘાતિકર્મોનો નાશ કરીને, હટાવે છે. પછી જે અવસ્થા પ્રાપ્ત થાય છે તેને સંયોગી કેવલિ અવસ્થા કહેવાય છે અને તે તેરમું ગુણસ્થાનક છે. અહીં આ કક્ષાએ જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તે સર્વ આવરણથી રહિત, રાગદ્વેષથી રહિત સર્વ વિકલ્પથી રહિત એવું સર્વ ક્ષેત્રના સર્વકાળના સર્વ દ્રવ્યના સર્વ ગુણ અને પર્યાયનું જ્ઞાન હોય છે તેથી તે જ્ઞાન, વીતરાગ જ્ઞાન, નિર્વિકલ્પ જ્ઞાન અને સર્વજ્ઞ જ્ઞાન કહેવાય છે. જેને ટૂંકમાં કેવલજ્ઞાન કહે છે. સાધનાની આ ચરમ સીમાએ જીવનો ઉપયોગ અવિકારી અને અવિનાશી બને છે. (ઉપયોગ એટલે જીવનું જ્ઞાન અને દર્શન અથવા જોવા ને જાણવાની શકિત), જ્ઞાન ક્રમિક હતું તે અક્રમિક થાય છે અને ઉપયોગવંત દશાની પ્રાપ્તિ થાય છે. આ અવસ્થા સયોગી-સદેહી પરમાત્મ અવસ્થા છે, સાધકની સાધનાની અહીં સમાપ્તિ થાય છે શુદ્ધભાવ-સ્વભાવદશાની પ્રાપ્તિ થાય છે. આ દશામાં એ પરમાત્માવસ્થામાં, જ્યાં સુધી આયુષ્યકાળ પૂર્ણ ન થાય ત્યાં સુધી યોગાનુયોગ ઉપકાર કરતાં ભૂમિતલ ઉપર વિચરે છે. અંતે આયુષ્યકાળ પૂર્ણાહુતિ પૂર્વ અર્થાત્ નિર્વાણ સમયે સર્વ યોગ વ્યાપાર-યોગક્રિયાનું થિરિકરણ કરે છે. જેને શૈલેશીકરણ કહે છે. એ ચૌદમું ગુણસ્થાનક છે. જે અત્યંત અલ્પકાલીન છે. પરાકાષ્ઠાની આ અંતિમ અલ્પ કાલીન પ્રક્રિયા દ્વારા દેહના બંધનમાંથી પણ આત્મપ્રદેશને એટલે કે આત્માને મુકત કરે છે અને નિરંજન, નિરાકાર સિદ્ધપરમાત્મા બની રૂપાતીત થાય છે આને પ્રદેશમુકિત કહેવાય. આમ અઘાતિકર્મનો ક્ષય એટલે પ્રદેશમુકિત અને ઘાતિકર્મનો ક્ષય એટલે ઉપયોગ મુકિત. આ પ્રમાણે બે ભેદે મુકિત ઘટાવી શકાય કેમકે કર્મના ક્ષયનો ક્રમ જ એ પ્રમાણે છે.

સાધનાની આ સોપાન શ્રેણિમાં પહેલાં ગુણ સ્થાનકે રહેલ સાત્ત્વિક ભાવવાળા જીવો સજ્જન છે. અને ચોથાથી બારમા ગુણસ્થાનકે રહેલ જીવો અંતરાત્મા છે જ્યારે તેરમા તથા ચૌદમા ગુણસ્થાનકે રહેલ જીવો સયોગી (સાકાર) પરમાત્મા છે અને સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરી ચૂકેલ સિદ્ધ પરમાત્મા યોગાતીત-રૂપાતીત (નિરાકાર) પરમાત્મા છે.

અંતરાત્માને આપણે આપણા જીવન વ્યવહારમાં તેમની જુદી જુદી કક્ષા પ્રમાણે જુદાં જુદાં નામે ઓળખીએ છે એમની એ આંતરદશા ભાવાવસ્થા છે જેની ઓળખ આ સાથેની [illegible] થાય છે.

સંત :-

(૧) શાંત જીવન જીવે છે તે સંત છે.

(૨) સર્વ સાદિ-સાન્ત (વિનાશી) ભાવોનો અંત ભાવનારૂપે જે રત છે તે સંત છે.

(૩) સંસારનો અંત આણવા સિવાયની વૃત્તિ કે પ્રવૃત્તિ જેને નથી તે સંત છે.

(૪) જે કોઇને ડરાવતો નથી તેમ સ્વયં ડરતો ય નથી અને ડગતો ય નથી તે સંત છે.

(૫) સ્વયં જે આનંદને વેદે છે અને એની પાસે આવનારને ય સત્ (અવિનાશી) સુખ જ બતાડે છે, ચખાડે છે કે મેળવવામાં સહાય કરે છે તે સંત છે.

(૬) જે સ્વયં અસત્ (મિથ્યા-વિનાશી) મુકત છે અને અન્યને અસતની અસરથી મુકત થવામાં સહાયક છે. તથા સ્વયં સત્ બનવા ઉદ્યમી છે તે સંત છે.

સાધુ :-

(૧) સહન કરે તે સાધુ છે.

(૨) સાધના કરે તે સાધુ છે.

(૩) સાધનામાં સહાયક થાય તે સાધુ છે.

(૪) નિર્દોષ સાદું જીવન જીવે તે સાધુ છે.

(૫) સદાચારી છે તે સાધુ છે.

(૬) યમ નિયમ યુકત સંયમી જીવન જીવે છે તે સાધુ છે.

(૭) જે સાધ્ય અને સાધનથી યુકત થઇ સાધના કરે છે અને સાધનામાં સાધ્યની પ્રાપ્તિ માટે સાવધાન છે તે સાધુ છે.

(૮) મોહ સાથે ઝઘડે છે અને મોક્ષ માટે ઝુરે છે તે સાધુ છે.

(૯) જે સ્વાવલંબી અને સ્વાધીન છે તે સાધુ છે.

(૧૦) આધિ (મન સુધી દુઃખની અસર-માનસિક ક્લેશ), વ્યાધિ (શારીરિક રોગ) અને ઉપાધિ (બાહ્ય પ્રતિકુળ સયોગ) નો જેને અસર ન થાય તે સાધુ છે.

(૧૧) ઉપાધિ કે વ્યાધિ જેને અસાધ રૂપે ન પરિણમે અર્થાત્ જે સદા સમ + આધિ એટલે કે સમાધિમાં રહે છે તે સાધુ છે.

(૧૨) મરણનો જેને ભય નથી, ઉચ્ચ-નીચનો જેને ભેદ નથી, નામકર્મની પુણ્યપ્રકૃતિ યશ-કીર્તિ આદિમાં જે મૂંઝાતો નથી. શાતાને જે શોધતો નથી અને અશાતામાં જે ડરતો નથી એવો ચારે અઘાતિકર્મો આયુષ્યકર્મ, ગોત્રકર્મ નામકર્મ અને વેદનીયકર્મની પુણ્યપ્રકૃતિની લાલસાનો જે ત્યાગી છે તે સાધુ છે.

(૧૩) જેણે રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવ ઉપર વિજય મેળવ્યો છે સાધુ છે.

સંન્યાસી :-

જેણે પોતાના માટે કાંઇ જ ન રાખતાં પોતાનું બધું જ દુનિયાને દઇ દીધું છે તે સંન્યાસી છે.

મુનિ :-

(૧) મન-વચન-કાયાના ત્રણે યોગને અક્રિય બનાવવાની સાધનામાં જે મગ્ન છે તે મુનિ છે. જે માટે યદને તે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરે છે.

(૨) મુનિ એટલે મૌન અક્રિયતાનો સાધક.

(૩) પાપ-વૃત્તિ અને પાપ-પ્રવૃત્તિમાં જે મૌન છે તે મુનિ છે.

(૪) મન (અસદ્-ખોટી ઇચ્છા) નથી તે મુનિ છે.

જીતેન્દ્રિય :-

(૧) શરીરમાં રહેલ ઇન્દ્રિયોનું ભાન હોય એટલે શરીરનું ભાન હોય ઇન્દ્રિયોના સુખ-દુઃખનું લેશ માત્ર ભાન ન રહે તો ઇન્દ્રિયો અને દેહનું ભાન ભૂલાય. જીતેન્દ્રિયતા આવે એટલે દેહાતીતા આવી કહેવાય.

માત્ર રસાસ્વાદ નહિ પરંતુ પાંચે ઇન્દ્રિયોના વિષય સુખના આકર્ષણને જીતવું તે જીતેન્દ્રિયતા છે.

(૨) ઇન્દ્રિયો જીતી લીધી છે એવો કે જેનું ઇન્દ્રિયો કહ્યું કરે છે અને જે ઇન્દ્રિયોનું કહ્યું કરતો નથી તે ઇન્દ્રિય વિજેતા જીતેન્દ્રિય છે

(૩) ઇન્દ્રિયોને જે બહિરમુખીતામાંથી અંતરમુખી બનાવે છે તે જીતેન્દ્રિય છે.

નિર્ગ્રંથ :-

(૧) આપણો જ્ઞાનાદિ ઉપયોગ પ્રતિ સમયે પાંચ ઇન્દ્રિયો અને એનાં સુખસાધનોમાં કે દુઃખમાં વર્તી રહ્યો છે તે જ એની રાગ-દ્વેષ રૂપી ગ્રંથી (ગાંઠ) છે. એ ગાંઠથી જીવ ઇન્દ્રિયો સાથે બંધાયેલ છે. આ ગ્રંથી તોડવી એટલે નિર્ગ્રંથ થવું.

(૨) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું બંધન નથી અર્થાત્ ગ્રંથિ નથી તે નિર્ગ્રંથ છે.

(૩) દ્રવ્યાતીત, ક્ષેત્રાતીત, કાળાતીત થવાના લક્ષ્યે જે સમભાવે જીવન જીવે છે તે નિર્ગ્રંથ છે.

(૪) ગ્રંથિભેદ કરી સમ્યક્ત્વ પ્રાપ્ત કરી લીધું છે અને જેને કોઇ ગ્રંથિ રહી નથી તે નિર્ગ્રંથ છે.

અણગાર :-

(૧) વ્યવહારથી અણગાર તે છે જેના દેહને આવશ્યક હોવા માટે રહેવા અંગેનું માલિકીનું કોઇ મકાન (આગાર) કે ઘર નથી. ઝાડને એટલે કે ઝાડની છાયાને ય રહેવા માટેનું માનતા નથી તે અણગાર છે.

(૨) આગળ વધતાં નિશ્ચયથી અણગાર તે છે કે જે સ્વયં પોતાના દેહને પણ આત્મા માટે રહેવાનું ઘર માનતા નથી.

દિગમ્બરત્વ :-

ક્ષપયોગ (જ્ઞાન-દર્શન)માં રાગ-મોહાદિના જે ભાવો છે તે ઉપયોગ ઉપરનાં વસ્ત્રો છે. જ્યારે આત્મપ્રદેશોએ દેહરૂપી વસ્ત્ર ઓઢેલ છે. માટે દિગમ્બરપણાથી દેહ ઉપરનાં વસ્ત્રો કે તે ઉપરનું આવરણ તો છોડવાનું છે પણ આત્મપ્રદેશો ઉપરના દેહરૂપી વસ્ત્રો ય છોડવાનાં છે. અને દેહરહિતતા (અદેહી અવસ્થા) પ્રાપ્ત કરવાની છે. એ શક્ય ત્યારે જ બને કે જ્યારે જ્ઞાનાદિ ઉપયોગ ઉપરના રાગ અને મોહ રૂપ વસ્ત્ર છૂટે. એ વસ્ત્રો વીતરાગતાથી અને નિર્વિકલ્પકતાથી છૂટે છે.

શબ્દ વ્યુત્પત્તિથી વિચારીએ તો દિક્ એટલે દિશા અને અમ્બર એટલે વસ્ત્ર. દિશા જેનું અંબર (વસ્ત્રો) છે તે દિગમ્બર એ રીતે નિશ્ચયથી દિગમ્બર સિદ્ધ ભગવંતો-સિદ્ધપરમાત્મા છે.

સર્વવિરતિ :-

સર્વ વિરતિ એટલે જોઇએ જ નહિં. મળેલું ય નહિં, અને ના મળેલું ય નહિં. મળેલાં (પ્રાપ્ત-ગ્રહિત) નો સર્વથા ત્યાગ અને ન મળેલાંનો અર્થાત્ અગ્રહિત (અપ્રાપ્ત) ની લેશ માત્ર ઇચ્છા નહિં. સર્વવિરતિ એટલે સર્વથા વિરક્ત ભાવ.

જ્યારે દેશવિરતિ (આંશિક વિરક્ત ભાવ) ને જોઇતું હોય છે જે જોઇએ છે એ અમર્યાદિત નહિં પણ મર્યાદિત.

મહાત્મા :-

(૧) મહાત્મા તેમના યોગ અને આત્માથી મહાન છે. તેથી મહાત્મા કહેવાય છે. યોગથી અન્ય જીવો ઉપર ખૂબ ખૂબ ઉપકાર કર્યા હોય છે અને 'પોતાના જ તે મન-વચન કાયાના યોગથી પરમાત્માની ખૂબ ખૂબ ભક્તિ-સાધના કર્યા હોય છે.

(૨) જે આત્મા ઉદયકાળે સમતા રાખે છે. અને સ્વરૂપ ભાવમાં વર્તે છે. તેને બધાં મહાત્મા કહે છે.

(૩) જે અનંતા ભૂતકાળ અને અનંતા ભવિષ્યકાળ એટલે કે દીર્ઘકાળ ઉપર વિજય મેળવે છે. તે મહાત્મા છે. એનું કારણ એ છે કે કાળ એ મહાન તત્ત્વ છે. એની ઉપર વિજય મેળવે તે મહાન ક્ષેત્ર વિજેતા રાજા છે. જ્યારે કાળ વિજેતા મહારાજા છે.

આવા આ અણગાર, નિર્ગ્રંથ, જીતેન્દ્રિય, સર્વ વિરતિધર સાધુ, સંત, સંન્યાસી, મુનિ મહાત્માઓ પરમાત્મા બનવાની ઇચ્છાવાળા છે. પરમાત્મા થવાની સાધના કરનારા સાધકો છે. પરમાત્મા કથિત અને પરમાત્મા પ્રણિત તત્ત્વોનું વહન કરનારા પરમાત્માના ચાહક છે. આમ તેઓ પરમાત્મતત્ત્વના ચાહક અને વાહક એવા પરમાત્માની ગેરહાજરીમાં પરમાત્માના પ્રતિનિધિ છે. દૂતના દૂત છે. દૂતના પ્રતિનિધિ છે. તેથી તેઓ ગુરુ છે. આવા આ ગુરુ કેવા હોય એની ય ઓળખ કેટલીક વ્યાખ્યાઓથી સ્પષ્ટ થાય છે તે હવે જોઇએ.

-: ગુરુ :-

(૧) સિદ્ધ પરમાત્માના સ્વરૂપને કહેનારાં બે વિશેષણો ગુણાતીત અને રૂપાતીત છે. એના પ્રથમાક્ષર 'ગુ' અને 'રૂ' શબ્દ બન્યો છે. એ પરમાત્માના ચાહક અને વાહકનું નામકરણ છે. આમ ગુરુ શબ્દના સંદર્ભમાં જે ગુણાતીત અને રૂપાતીત થવાની સ્વયં સાધના કરે છે અને અન્યને ગુણાતીત અને રૂપાતીત થવામાં સહાય કરે છે, નિમિત્ત બને છે તે ગુરુ છે, અહીં ગુણાતીત એટલે તામસ, રાજસ અને સાત્વિક ભાવથી પર અને રૂપાતીત એટલે અદેહી-અરૂપી.

(૨) જે 'ગુ' એટલે કે અંધકાર મંથી 'રૂ' એટલે પ્રકાશમાં લઇ જનાર છે તે ગુરુ છે.

(૩) પરમાત્મા સાથે સંબંધ સ્થાપી, પરમાત્મા જેવું ઊંચું જીવન જીવનારા છે અને શરણે આવેલાંને ઊંચે લઇ જનારા છે તે ગુરુ છે.

(૪) જે સંસારના તાપ-સંતાપ કઢાવી નાંખીને નિરૂપાધિક શાંતિ આપનારા છે તેને ગુરુ કહેવાય છે.

(૫) હું બહિરાત્મા છું પણ હજુ અંતરાત્મા નથી એવું ભાન કરાવનારા સદ્ગુરુ ભગવંત છે.

(૬) સત્ની સમજણ અને સત્ના દર્શનને પ્રાપ્ત કરીને સમતાપૂર્વક સ્વાધીન જીવન જીવતાં જીવતાં આશ્રયે આવનારને પણ નિઃસ્વાર્થભાવે, અસંગભાવે જે સત્ની સમજણ આપે છે એ સદ્ગુરુદેવ છે.

(૭) જે પૂર્ણ છે, વીતરાગ છે. સર્વજ્ઞ છે. નિર્વિકલ્પ છે તે દેવ છે. એવાં દેવ અને ગુરુ ઉભય છે. તેઓ જગદ્ગુરુ, જગન્નાથ, જગતપિતા છે. એવાં વીતરાગ દેવગુરુ ભગવંતોને સમર્પિત થઇને રહે છે અને સત્તત્ત્વનું સ્વરૂપ સમજીને સત્તત્ત્વમાં રમણતા કરતાં હોય છે, સત્તત્ત્વનું અનુભવન વેદન કરતાં હોય છે તથા જગતના લોકોને સત્તત્ત્વ આપતાં હોય છે તેને સદ્ગુરુ કહેવાય છે.

(૮) જે (બ્રહ્મશ્રોત્રિય) શ્રુતકેવલિ છે અને જે (બ્રહ્મનિષ્ઠ) આત્મનિષ્ઠ છે તે સદ્ગુરુ છે.

(૯) જે સત્તત્ત્વને બતાડે છે અને સત્ વડે સાધના કરાવી આપે છે તે સદ્‌ગુરુ છે.

(૧૦) જે જ્ઞાની ભગવંતોએ અહમ્ જીત્યો હોય અહમ્‌રહિત હોય, અને નિરાભિમાન થયા હોય તેઓ ધર્મ ચલાવવાને, ધર્મ આપવાને અને ગુરુપદે સ્થાપવાને યોગ્ય છે.

(જે પોતાના અહમ્‌માં અને પોતાના વિકલ્પમાં રાચતા હોય તેઓ સાચો ધર્મ ચલાવવાને યોગ્ય ન કહેવાય.

સાદિ-સાન્ત તત્ત્વના સિદ્ધાંતો દ્વૈત તત્ત્વના છે અને તેમાં આગ્રહ રાખનાર કયાંક ભૂલ કરતાં જ હોય છે.)

અંતરાત્મા અને ગુરુની ઓળખ બાદ જે આપણું સાધ્ય છે તે પરમાત્મ કેવા હોય એની જાણ નીચેની વ્યાખ્યાઓથી કરીશું.

—: પરમાત્મા :—

(૧) જેણે ધર્મ પૂર્ણ કરી લીધો છે અને હવે ધર્મ-સાધના કરવાની રહેતી નથી તે સાધ્યથી અભેદ થયેલ છે એ પરમાત્મા છે.

(૨) પરમાત્મા પૃથ્વી જેવાં સ્થિર છે, જલ જેવાં પ્રસન્ન છે. પવન (વાયુ) જેવાં નિઃસંગ છે, અગ્નિ જેવાં ભોગભાવને કર્મને ભસ્મિભૂત કરનારા છે અથવા તો જ્યોતિ જેવાં પ્રકાશ સ્વરૂપ છે. અને આકાશ જેવાં સર્વ વ્યાપક છે.

(૩) જેના જ્ઞાન અને વેદન અભેદ થઈ ગયાં છે તે પરમાત્મા છે.

(૪) જે સર્વકાળે છે, સર્વત્ર છે, સર્વ સમર્થ છે અને સર્વના છે તે પરમાત્મા છે.

(૫) જે પોતાના સ્વરૂપમાં તન્મય છે અથવા તો સ્વરૂપથી તદ્‌રૂપ છે અને સિદ્ધિને પ્રાપ્ત કરી ચૂકયા છે તે પરમાત્મા છે.

(૬) જે પોતાના સ્વરૂપને પૂરેપૂરું જાણે છે અને સંસારી-ઓના પણ બધાં જ સ્વરૂપ અને વિરૂપને પૂરેપૂરાં જાણે છે તે પરમાત્મા છે.

(૭) જે જ્ઞાનસ્વરૂપ (ચેતનતત્ત્વ) છે, જે જ્ઞાનેશ્વર (કેવલજ્ઞાન સર્વજ્ઞતાની શક્તિરૂપે) છે. અને જે જ્ઞાનાનંદ (આનંદવેદન ગુણથી) છે તે પરમાત્મા છે.

(૮) જે સાદિ-અનંત ભાંગે સ્થિર છે, અરૂપી, છે, નિત્ય છે તે પરમાત્મા છે.

બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માની ઓળખ કર્યા બાદ હવે એનો તુલનાત્મક અભ્યાસ કરીએ.

(૧) બહિરાત્મા, એટલે પહેલાં ગુણસ્થાનકનો મિથ્યાદૃષ્ટિ અજ્ઞજન. અંતરાત્મા એટલે ચોથાથી બારમાં ગુણસ્થાનકનો મુમુક્ષુ સાધક એવો સમકિતિ વિવેકી આત્મા.

જ્યારે પરમાત્મા એટલે તેરમા અને ચૌદમા ગુણસ્થાનકે રહેલ સાકાર સયોગી અને અયોગી (યોગક્રિયા અભાવ) અરિહંત ભગવંતો, તીર્થંકર ભગવંતો તથા સામાન્ય કેવલિ ભગવંતો તેમજ સિદ્ધશીલા સ્થિત, સિદ્ધ સ્વરૂપી, શુદ્ધ સ્વરૂપી, આત્મા સ્વરૂપી, અશરીરી, અરૂપી એવાં નિરંજન, નિરાકાર સિદ્ધપરમાત્મા! સિદ્ધ ભગવંત!

(૨) રાગ ભાવ એટલે બહિરાત્મા! વિરાગ ભાવ એટલે અંતરાત્મા! અને વીતરાગતા એટલે પરમાત્મા!

(૩) અધર્મ આચરે છે તે બહિરાત્મા! ધર્મ આચરે છે તો અંતરાત્મા! જ્યારે જેણે ધર્મ પૂર્ણ કરી લીધો છે. અને હવે ધર્મ કરવાનો રહેતો નથી તે પરમાત્મા છે.

(૪) કર્મના ઉદયને આધીન થાય છે તે બહિરાત્મા છે. કર્મના ઉદયનો આત્મબળ (પુરુષાર્થ)થી ક્ષયોપશમ (સુધારો) કરી કર્મને જે આધીન કરે છે તે અંતરાત્મા છે. જ્યારે કર્મ અને તેય ખાસ કરીને ઘાતિકર્મના ઉદયનો સર્વથા ખાતમો બોલાવે છે. ક્ષય (નાશ) કરે છે તે પરમાત્મા છે.

(૫) બહિરાત્મા છે તે ઉપદેશ ઝીલનાર શ્રોતા છે. શ્રાવક-શિષ્ય કે ભકત છે જે દેશનું દેશતત્ત્વ છે.

અંતરાત્મા છે તે પરમાત્માના પ્રતિનિધિ જેવાં પરમાત્માના વાહક અને વાહક ઉપદેશ (દેશના) દેનારા ગુરુ ભગવંતો છે જે દેશતત્ત્વ છે.

જ્યારે પરમાત્મા તો દેવ અને ગુરુ ઉભય એવાં સર્વ તત્ત્વ છે. અદ્વૈત તત્ત્વ છે. પૂર્ણ છે. જે બહિરાત્મા અને અંતરાત્માનું લક્ષ્ય (સાધ્ય) છે.

(૬) જેણે મોહને સર્વથા હણી નાંખ્યો છે તે વીતરાગી પરમાત્મા છે. જે મોહને હણી રહ્યો છે તે વૈરાગી અંતરાત્મા છે. જ્યારે જે મોહથી હણાયેલ છે તે રાગી બહિરાત્મા છે.

(૭) બહિરાત્મા અસાધક છે. અંતરાત્મા સાધક છે. અને પરમાત્મા સિદ્ધ છે.

(૮) પરમાત્મા પોતાના સ્વરૂપને પૂરેપૂરું જાણે છે અને સંસારીઓના ય બધાં જ સ્વરૂપ અને વિરૂપને પૂરેપૂરાં જાણે છે.

જ્યારે સંસારી અજ્ઞાની જીવો પરમાત્માના સ્વરૂપને ય પૂરે પૂરું જાણતાં નથી અને પોતાના ય સ્વરૂપ કે વિરૂપ કે વિરૂપને જાણતા નથી.

એ તો માતા અને એના સંતાન જેવું છે. માતા પોતાનું જીવન જીવી જાણે છે. અને પોતાના સંતાનને ય જિવાડી જાણે છે. જ્યારે બાળક (સંતાન) ન તો પોતાનું જીવન જીવવા સ્વયં શકિતમાન છે કે ન તો માતાને જિવાડવાનું જ્ઞાન કે શકિત તેનામાં છે.

(૯) પરમાત્માથી વિમુખ છે અને પોતાના સ્વરૂપથી ય જે વિમુખ છે તે બહિરાત્મા છે. જે બહિરાત્માથી વિમુખ છે અને પરમાત્મા તથા પોતાની સિદ્ધિની જે સન્મુખ છે તે અંતરાત્મા છે.

જે પોતાના સ્વરૂપમાં તન્મય છે અને સિદ્ધિને પ્રાપ્ત કરી ચૂકયા છે તે સિદ્ધાત્મા પરમાત્મા છે.

(૧૦) બહિરાત્મા-અંતરાત્મા એવાં આપણે વર્તમાન કાળમાં રસોદયથી રસ વેદીએ છીએ અને જ્ઞાનથી જાણીએ છીએ. પછી રસવેદન ચાલી જાય છે અને જ્ઞાતૃત્વ (સ્મૃતિ) ઉભું રહે છે. જ્યારે પરમાત્માને સ્વક્ષેત્રના જ્ઞાન અને વેદન અભેદ બની જાય છે.

(૧૧) સિદ્ધ પરમાત્મા દેહાતીત એટલે કે દેહરહિત અશરીરી પરમાત્મા છે. અરિહન્ત પરમાત્મા વિદેહી છે. નવો દેહ હવે ધારણ કરનાર નથી એ અપેક્ષાએ તેઓ દેહત્યાગી છે.

સાધુ ભગવંત દેહભાવ રહિત છે અને દેહને માટે માલિ-કીની કોઈ ચીજ રાખેલ નથી તેમ જ દેહને આવશ્યક ચીજ ભીક્ષામાં મળે તો સંયમવૃદ્ધિ અને ન મળે તો તપોવૃદ્ધિ સમજે છે તેથી દેહત્યાગી છે.

સંયમલક્ષી, સમ્યગદૃષ્ટિ શ્રાવકે સમજણથી દૃષ્ટિમાંથી દેહભાવ-દેહમમત્વ ત્યાગેલ છે અને દેહભાન ભૂલી વિદેહી, દેહા-તીત થવાની ધન્યભાવનાવાળો છે તથા અંશે પણ ત્યાગી છે તેથી એ અપેક્ષાએ દેહત્યાગી છે. જ્યારે સમ્યગદૃષ્ટિ અવિરતિ માત્ર જ્ઞાનથી-મંતવ્યથી દેહત્યાગી છે. તેની સામે સાધુ ભગવંતો જ્ઞાન અને ક્રિયા ઉભયથી દેહત્યાગી છે.

દેહ અન્નમાંથી બનેલ છે અને અન્ન વડે તે પોષાય છે, ટકે છે અને વૃદ્ધિ પામે છે-(વિકસે છે.)

પુદ્ગલમાં શીત-ઉષ્ણ ગુણ હોવાથી પુદ્ગલના બનેલા દેહને વસ્ત્રોની આવશ્યકતા રહે છે. અને એથી જ શીત ઉષ્ણ (ખાણી-પીણી) ખોરાકની પણ જરૂર પડે છે.

બહારની શીત-ઉષ્ણતાની અસર આખાય શરીર ઉપર પડે છે. વળી બહારના શીત કે ઉષ્ણ એવા ઉષ્ણતામાનની અસર પણ દેહ ઉપર પડે છે. તેથી વસતિ એટલે કે રહેઠાણ અને વસ્ત્ર એટલે કે કપડાંની આવશ્યકતા દેહધારીને રહે છે. એજ શીત-ઉષ્ણની વિષમતા અંદરમાંના કફ-પિત્ત-વાયુની વિષમતાનું કારણ બને છે જેને સમ (સરખા) રાખવા ઔષધિની ગરજ પડે છે.

આમ દેહ પુદ્ગલનો બનેલ હોવાથી અને પુદ્ગલ વડે ટકતો હોવાના કારણે અન્ન-આચ્છાદાન (વસ્ત્ર)-આશ્રય (રહેઠાણ) અને ઔષધિની દેહ ટકાવવા દેહ હોય છે ત્યાં સુધી ઓછાવત્તે અંશે ગરજ પડે છે, માટે જ સાધુ-સંન્યાસીને આવશ્યકતાની ભિક્ષાનો હક છે. અને એનું દાન કરવું એ આપણું કર્તવ્ય છે.

(૧૨) અન્ય સંયોગી જ્યાં લગી આત્મા રે સંસારી કહેવાય..પદ્મપ્રભુ સ્તવન આનંદઘનજી મહા) સંસારી ત્રણ પ્રકારે છે. દેહ સંસારી મોહસંસારી અને પરિગ્રહ સંસારી એમાંથી તીર્થંકર પરમાત્મા-અરિહન્ત પરમાત્મા-સામાન્ય કેવલિ ભગવંત પરમાત્મા દેહસંસારી છે. પણ મોહસંસારી અને પરિગ્રહ સંસારી નથી.

સાધુ ભગવંતો પણ મોહનો નાશ કરવા માટે સાધના કરે છે. અને જ્યાં સુધી મોહનો સર્વથા નાશ નથી કર્યો ત્યાં સુધી મોહ છે અને સિદ્ધ થયાં નથી તેથી તેઓ દેહસંસારી અને મોહસંસારી છે પણ પરિગ્રહ સંસારી નથી.

જ્યારે બહિરાત્મા ગૃહસ્થી સંસારી છે જ. એ ત્રણે ભેદે સંસારી છે દેહ છે એટલે દેહસંસારી. મોહ છે માટે મોહસંસારી અને મોહ રમવાના રમકડાં પરિગ્રહ છે. તેથી પરિગ્રહ સંસારી.

સિદ્ધ પરમાત્મા અદેહી છે તેથી એકે ભેદે સંસારી નથી.

(૧૩) બહિરાત્મા સંસારી જીવ એટલે આત્મા + મન + શરીરનું એક ક્ષેત્રે એકીકરણ. જ્યારે સિદ્ધ પરમાત્મા એટલે માત્ર આત્મા ! અને કેવલિ ભગવંત અરિહંત પરમાત્મા એટલે માત્ર આત્મા અને શરીર ! પણ દશા ગગડિયા નાળિયેર જેવી. મન (ઇચ્છા) તો તેમને છે જ નહિ એટલે સંસાર નથી. માત્ર દેહ છે ત્યાં સુધી દેહનો કલ્યાણ વ્યવહાર છે.

(૧૪) સંસારી જીવ-બહિરાત્મા એટલે શરીર + મન + આત્માનું બંડલ (સમૂહ) જેમાં શરીર એ પંચભૂત + પાંચ પ્રાણ + પાંચ ઇન્દ્રિયો + સાત ધાતુનું બંડલ છે. તેમાં વળી મન એ ઇચ્છા + રાગ + વિકલ્પ (વિચાર) + વાસનાનું બંડલ છે. જ્યારે આત્મા એ જ્ઞાન + દર્શન + ચારિત્ર + તપ + વીર્ય + ઉપયોગનો સમૂહ છે. (જેમ શરીરની સાત ધાતુ રસ, રુધિર, માંસ, મેદ, મજ્જા, અસ્થિ અને શુક્ર છે એમ આત્માની આ પાંચ ધાતુ છે.)

અરહન્ત પરમાત્મા...શરીર અને જેના જ્ઞાન+દર્શન+ ચારિત્ર+તપ+વીર્ય ઉપયોગ પૂર્ણ છે એવાં આત્માનો સમૂહ છે.

સિદ્ધ પરમાત્મા...માત્ર આત્મા છે કે જેના જ્ઞાન+દર્શન+ ચારિત્ર+તપ+વીર્ય+ઉપયોગ પૂર્ણ છે.

(૧૫) બહિરાત્માનું આવરણ ગાઢ છે અને તેથી અપારદર્શક છે. અંતરાત્માનું આવરણ અલ્પ છે અને તેથી અર્ધ પારદર્શક છે.

જ્યારે પરમાત્મા આવરણરહિત છે અને તેથી સ્વ પર પ્રકાશક છે.

(૧૬) બાહ્યદૃષ્ટિ એ બાહ્યદૃષ્ટિ છે. આંતરદૃષ્ટિ એ અધ્યાત્મ (પર્યાપ્ત) દૃષ્ટિ છે. જ્યારે સમદૃષ્ટિ એ બ્રહ્મદૃષ્ટિ છે.

(૧૭) જ્ઞેયને જાણીને જ્ઞેયને ચોંટે તે બહિરાત્મા છે. જ્ઞેયને જાણીને જ્ઞાન અર્થાત્ સ્વ (આત્મા)માં સમાય તે અંતરાત્મા છે. જ્યારે જ્ઞેય જેના જ્ઞાનમાં જણાય છે એટલે કે પ્રતિબિંબિત થાય છે તે કેવલજ્ઞાન છે. એવા કેવલજ્ઞાની પરમાત્મા છે.

દૃષ્ટિને દૃશ્યમાં સમાવવી તે બહિરાત્મ ભાવ છે, જ્યારે દૃષ્ટિને દ્રષ્ટામાં સમાવવી તે અંતરાત્મ ભાવ છે.

અધ્યાત્મ દૃષ્ટિ એટલે સર્વાંગી દૃષ્ટિ આરપાર જોવું. એ પરમાત્મ દૃષ્ટિ છે. એ સમ્યક્ દર્શન છે.

બહિરાત્મ દૃષ્ટિ એટલે માત્ર બહારનું જોવું અને અંદરનું જોવું જ નહિ.

(૧૮) જે જીવ પોતામાં રહેલી અશુદ્ધતા (દ્વેષ-મોહ-ના વિકાર)ને ન જાણે અને પોતામાં રહેલી શુદ્ધતાને ય ન જાણે તે અજ્ઞાની છે. એ બહિરાત્મા છે.

જે સત્તામાં રહેલી પોતાની શુદ્ધતાને અને પોતાની વર્તમાન અશુદ્ધતાને જાણે છે એ જ્ઞાની છે અર્થાત્ અંતરાત્મા છે. અને જે પોતાની શુદ્ધતાને વેદે છે અને અન્ય સર્વની શુદ્ધતા અને અશુદ્ધતાને સંપૂર્ણપણે જાણે છે તે પરમાત્મા છે.

(૧૯) જીવ કર્મના ઉદયે કર્મનો ભોકતા હોવા છતાંય નિશ્ચયથી તો જીવ પોતાના અજ્ઞાન અને મોહાદિ અશુદ્ધ સ્વભાવને જ વેદે છે-ભોગવે છે. અશુદ્ધ આનંદ જે સુખદુઃખ રૂપે પરિણમેલ છે, એને વેદે છે. અશુદ્ધ જ્ઞાનને વેદે છે.

અંતરાત્મા એમ વિચારે છે કે હું કર્મ નૈમિત્તિક મારા અશુદ્ધ આનંદને અજ્ઞાનને-મોહાદિભાવોને વેદું છું.

જ્યારે બહિરાત્મા એમ માને છે કે હું કર્મને અર્થાત્ ઇન્દ્રિય અનુકૂળ બાહ્ય ભોગસામગ્રીને વેદું છું. પરંતુ નિશ્ચયથી તો પોતે પોતાના અશુદ્ધ આનંદને વેદે છે એવી સમજણ એને હોતી નથી.

(૨૦) ક્રોધનું ય બુરું ન ઇચ્છવું, ક્રોધનું ય બુરું ન કરવું એ માનવતા છે. પોતાના સાધન અને શક્તિનો સદુપયોગ કરી બીજાંઓનું ભલું કરવું એ સજ્જનતા છે. જ્યારે પોતાની સર્વ સુખસગવડનો ત્યાગ કરી બીજાં જીવોને સુખી કરવા અને પોતાને ક્રોધ દુઃખ આપે તો સહન કરવું તે સાધુતા છે. સાધુ દુઃખ દેનારને-ઉપસર્ગ કરનારને ક્ષમા આપે છે. જ્યારે સજ્જન પોતાના સુખનો ત્યાગ નથી કરતો. આવશ્યક હોય તો દુર્જનને દંડ પણ દે છે અને વખત આવે ક્ષમા પણ આપે છે.

મરણાંત ઉપસર્ગ કરનાર પરત્વે ક્ષમાભાવ ધારણ કરીને પોતાના દેહનું પણ બલિદાન દેવું પડે તો દઈ દે છે એ સાધુતાની ચરમાવસ્થા, સાધનની પરાકાષ્ઠા છે. એ મહાન સાધુતા છે.

(૨૧) જે ક્રોધને ડરાવતો નથી તે સજ્જન છે. પણ જે ક્રોધને ડરાવતો નથી અને ડરતો પણ નથી કે ડગતો ય નથી તે સંત છે.

(૨૨) સુખ જ ઇચ્છનારો અને દુઃખથી ડરનારો એ જન છે જે પાપાત્મા છે. સુખ ઇચ્છતો નથી અને દુઃખથી ડરતો નથી એ જૈન છે, ધર્માત્મા છે. જે સુખને છોડનારો છે અને દુઃખને આવકારનારો છે એ મુનિ (જતિ) મહાત્મા છે, સુખ

અને દુઃખથી પર સહજાનંદમાં-સ્વરૂપાનંદમાં મસ્ત રહેનારા છે એ જિન છે જે પરમાત્મા છે.

(૨૩) વેદાંતની પરિભાષામાં કહીએ તો બ્રહ્મવિદ્ એટલે સમ્યક્ત્વ ! બ્રહ્મવિદ્વર એટલે દેશવિરતિ-સર્વવિરતિ ! બ્રહ્મવિદ્ વરિષ્ઠ એટલે ક્ષપકશ્રેણીથી લઈ (આઠમા ગુ. સ્થા.) બારમા ગુણસ્થાનકની અવસ્થા !

બ્રહ્મવિદ્ વરિયાન એટલે કેવલજ્ઞાન અવસ્થા.

બ્રહ્મવિદ્ વરિયાન પરમાત્મા છે જ્યારે બાકીના અંતરાત્મા છે.

(૨૪) દયા-દાન સેવા-પરોપકાર વૃત્તિ-કરુણા અને વિષયમાં ઓછી આસક્તિ એ પ્રાથમિક ભૂમિકામાં રહેલ સાધકની અવસ્થા છે. વિષયમાં અનાસક્તિ છતાં જીવનમરણમાં ક્ષોભવૃત્તિ છે એ સાધનામાં પ્રથમ ભૂમિકાઓથી આગળ વધેલ સાધકની અવસ્થા છે. જીવન મરણમાં ભેદ નથી કે લેશ પણ તે અંગે ક્ષોભવૃત્તિ નથી. તે સાધ્યપ્રાપ્તિની સમીપ રહેલ સાધકની અવસ્થા છે. જે શ્રેષ્ઠ સાધકાવસ્થા છે.

(૨૫) કર્મ-મોહ અને દેહ પરમાત્માને નથી તેથી પરમાત્મા શુદ્ધ, શ્રેષ્ઠ અને ઉત્તમ છે. જ્યારે આપણને કર્મ-મોહ-અને દેહ છે તેથી આપણે અશુદ્ધ-કનિષ્ઠ અને અધમ છીએ.

(૨૬) સંસાર અવસ્થા રૂપ આત્મા છે તે બહિરાત્મા છે. તેમ મોક્ષ સાધક (મુમુક્ષુ) અવસ્થા રૂપ છે તે પણ એ જ આત્મા છે જે બહિર્મુખી મટી અંતરમુખી થવાના કારણે અંતરાત્મા કહેવાય છે.

(૨૭) સંસારક્ષેત્રે આપણે આપણા સિવાયના સઘળાંને બાદ કરીને આપણને જ સભારીએ છીએ. આપણે જ ફાયદો-સ્વાર્થ જોઇએ છીએ અને આપણા જ ગુણગાન ગાઇએ છીએ. જ્યારે ધર્મક્ષેત્રે એથી વિપરીત આપણે આપણી જાતને બાદ કરીને બીજાં બધાંના જ ગુણદોષ જોઇએ છીએ. આ ઉભય બહિર્ભાવ છે અને બહિરાત્મપણું છે.

પોતામાં રહેલ મોહાદિભાવને જોઇને જે પીડા પામે છે અને તે મોહાદિભાવના નાશની પ્રવૃત્તિ કરે છે તથા સ્વરૂપનું જે સતત લક્ષ રાખે છે તે અંતરાત્મા છે.

અંતમાં હવે આ વિચારણામાંથી નિષ્પન્ન થતી સાધનાનો વિચાર કરીશું.

જેવું સાધ્યનું સ્વરૂપ હોય તેવાં ભાવ અને તેવી સ્થિતિ સાધનામાં જે ઉતારે એને સાચો સાધક કહેવાય.

પરંતુ જે બાહ્ય ઉપકરણ આદિ સાધનના ભેદમાં જ રાચે તેને સાધક કહેવાય કે કેમ તે વિકટ પ્રશ્ન છે.

(૧) મનથી શરીરને જોઇએ તે હિરાત્મ ભાવ છે. મનથી મનને જોતાં થઇએ તો દિશા અને દશા ઉભય બદલાય જાય. એ આંતરનિરીક્ષણ હોવાથી અંતરાત્મ ભાવ છે.

(૨) ઉચ્ચતમ એવાં પરમાત્મા સાથે સંબંધ કરી એવું ઉત્તમ નિર્દોષ જીવન જીવનાર ઉચ્ચતમ પરમાત્માવસ્થાને પ્રાપ્ત કરી શકે છે.

(૩) પ્રેમ-કરુણા અને વાત્સલ્ય સહ સમગ્ર વિશ્વના જીવોની દ્રવ્યદયા અને ભાવદયા ચિંતવવાથી પરમાત્મા, પરમાત્મા બનેલ છે. એમનું અનુસરન કરીને વિશ્વવના જીવોની યથાશક્તિ દ્રવ્યદયા કરવા વડે અને સર્વ જીવોની ભાવદયાની ચિંતવનાથી પરમાત્મા થઇ શકાય.

(૪) આત્માના સ્વરૂપને આવરનાર દોષોનું દર્શન કરવું અને તેની પીડા થવી તે આત્મદશા છે.

(૫) આત્મા જ્યાં છે ત્યાં જોવું, આત્મા જેવો છે તેવો જોવો અને આત્માનું સ્વરૂપ જેવું છે એવું એનું જ્ઞાન-ભાન-ભાન કરવું એનું નામ અંતરાત્મપણું અર્થાત્ આંતરદશા.

(૬) આત્મા બે પ્રકારના છે. શુદ્ધ અને અશુદ્ધ અર્થાત્ નિરાવરણ અને સાવરણ.

સિદ્ધ પરમાત્મા છે તે પ્રદેશથી અને ઉપયોગથી શુદ્ધ આત્મા છે. જે અજન્મા, અમર, અષ્ટકર્મમુક્ત, અદેહી, નિરંજન, નિરાકાર અને નિરાવરણ પરમાત્મા છે.

કેવલિ ભગવંત ઉપયોગથી શુદ્ધ પરમાત્મા છે. પરંતુ આત્મ પ્રદેશો અઘાતિકર્મથી ઘેરાયેલાં છે ત્યાં સુધી પ્રદેશ અશુદ્ધિ છે. એઓ ચાર ઘાતિકર્મરહિત સયોગી પરમાત્મા છે.

જ્યારે સાવરણ આત્મા, સત્તાગત પરમાત્મ સ્વરૂપ હોવા છતાં વર્તમાનમાં મોહનીયના વિકારી ભાવને વેદતો હોવાથી એ સંસારી આત્મા છે,

દરેક જીવમાં સત્તાગત પરમાત્મ તત્ત્વનું અસ્તિત્વ છે જેને આવરણ હઠાવીને નિરાવરણ બનાવી પ્રગટ કરી શકાય છે.

તેથી જ સર્વ પ્રતિ પરમાત્મ દ્રષ્ટિ કેળવવાથી દુર્ભાવ ઘટે છે, સદ્ભાવ જાગે છે. અને તેથી સદ્ વ્યવહાર થાય છે. જેના પરિણામે લઘુકર્મી થવાય છે. આ દ્રષ્ટિને કર્મ ઉપાધિ નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થી નય કહે છે.

(૭) પ્રતિ સમયે સ્વદોષ દર્શન કરવું અને દોષરહિત થતાં જવું એ નિષેધાત્મક (Negative) અંતરાત્મપણું છે.

તેમ પ્રભુપણે પ્રભુને ઓળખીએ અને પરમાત્માના ગુણગાન ગાઇએ તે સ્વરૂપ લક્ષ્યે વિધેયાત્મક Positive) અંતરાત્મપણું છે.

(૮) દેશરૂપ ઉદ્ગ્રસ્થ વ્યક્તિ પાસે દેશભાવ મળે પરંતુ સર્વભાવ નહિ મળે. સર્વરૂપ તો સિદ્ધ પરમાત્મા – અશરીરી પરમાત્મા છે. જે એકરૂપ છે તે પરમાત્મા છે એમાં શ્રદ્ધા રાખવાની છે. જેના અનેકરૂપ છે-જે બહુરૂપી છે (પુદ્ગલ) એમાં વિશ્વાસ રાખવા જેવો નથી. કારણ કે સ્વયં નાશ પામે તો આપણે વિશ્વાસ કયાં ઉભો રહે.

(૯) જે આત્મા ઉદયકાળે સમતા રાખે છે. સ્વરૂપ ભાવમાં વર્તે છે, તેને બધાં મહાત્મા કહે છે.

જે ક્ષમા રાખે છે. અને સમતા રાખે છે તે જીવ કર્મગ્રંથિ તોડી શકે છે અને એની કર્મબંધની પરંપરા અટકે છે.

(૧૦) જેનું ચિદ્ (જ્ઞાન) સત્ થયેલ છે અને આનંદ સ્વરૂપ છે તે ચિદ્ (જ્ઞાન અર્થાત્ આત્મા સચ્ચિદાનંદ છે. પરમાત્મતત્ત્વ એટલે સચ્ચિદાનંદ !

સચ્ચિદાનંદને સ્વક્ષેત્રે એટલે કે આત્મક્ષેત્રે શોધે અને પામે તે અંતરાત્મા છે. જે અનુક્રમે પરમાત્મા બની શકે છે. આમ સચ્ચિદાનંદની અર્થાત્ પરમાત્મ તત્ત્વની અંતરક્રિયા સ્વક્ષેત્રે કરવી તેનું જ નામ અંતરપણું અને મોક્ષમાર્ગ.

(૧૧) જે સમયથી જીવ પોતાના બહિરાત્મભાવને જોઇ શકે થશે તે સમયથી જીવ અંતરાત્મા બનશે.

(૧૨) બહિરાત્મા માટે જેટલાં મોક્ષના લક્ષણ

અંતરાત્મા છે તે ગુરુ છે અને જેટલાં પરમાત્મા છે તેટલાં દેવ છે.

(૧૩) સમજુ માણસો સુખમાં દુઃખને જુએ છે, અને દુઃખનો અંત આણે છે. દુઃખમાંથી જ જન્મનાર અને દુઃખમાં જ અંત પામનાર એવાં સુખની પાછળ સજ્જનો દોડતાં નથી.

(૧૪) જીવ સજ્જન હોય કે દુર્જન, ગમે એવો હોય ભગવાને એને અનાદિથી જે આશ્રવ-બંધ-સંવર પ્રમાણે ફળ મળે એ જે પ્રકૃતિ આપેલ છે તે ઘટે કામ-ક્રોધ-લોભાદિ દુર્ગુણો છે તેથી દુર્જનો છે. સામે ત્યાગ ક્ષમા નમ્રતા-નિર્મોહ-સંતોષ આદિ સદ્ ગુણો છે તેથી સજ્જનો પણ છે.

અશુભ ભાવ છે તેમ શુભ ભાવ પણ છે. એ શુભ ભાવ ભાવનાથી અને શુભ ભાવથી શુભ વર્તન-સદ્વર્તનથી શુભ આવિ બને છે.

(૧૫) જેની દૃષ્ટિ પૂર્ણ છે તેવાં વીતરાગ પરમાત્માઓના કોઈ વિરોધી નથી જ્યારે જેની દૃષ્ટિ અપૂર્ણ છે તેના કોઈ ને કોઈ વિરોધી બહારથી પણ છે અને અંદરમાં તે છદ્મસ્થ પોતે પણ પોતાનો વિરોધી છે.

દૃષ્ટિ એ જ્ઞાન છે. જ્યારે ભાવ એ લાગણી અર્થાત્ સુખ-દુઃખ-આનંદ છે. દૃશ્ય અને સાધનસામગ્રીના પરિવર્તનથી અનુકૂળયોગ કે પ્રતિકુળયોગમાં, સંયોગમાં કે વિયોગમાં ઉત્પાદ કે વ્યયમાં, સાતા કે અશાતામાં આપણો ભાવ અને દૃષ્ટિ સમ રાખવાના છે.

સમ્યગ્દર્શન, જૈન દર્શન, સ્યાદ્વાદ દર્શન, આત્મદર્શન, સ્વદર્શન એ બધાં દર્શનના વિશેષણો છે. પણ દૃશ્યના નથી. તેથી એમ સિદ્ધ થાય છે કે દર્શનને સુધારવાનું છે. માત્ર દૃશ્યને નહિ, અધિકરણ, ઉપકરણ, કરણ એ દૃશ્ય કોટિના છે. માટે આપણાને તેમાં ન હોમાય.

દૃશ્ય એ મૂળપદાર્થ નથી. પરંતુ દૃષ્ટિ અને ભાવ મૂળભૂત પદાર્થ છે. જેવી દૃષ્ટિ કરીતું એવાં ભાવને-સુખ કે દુઃખને વેદીશું. માટે હવેથી એટલો નિર્ણય તો કરવો જોઈએ કે...

(અ) સુખ ન અપાય તો કાંઈ નહિં પણ કોઈને દુઃખ તો ના જ પહોંચાડવું. આનાથી દુર્જનતા ટળે અને માનવતા આવે.

(બ) આગળ વધી દુઃખ તો નં પહોંચાડવું પણ મારાથી બને તે કરી છૂટી સામેનાને હું સુખી કરવાનો પ્રયત્ન કરું. આનાથી માનવતા મહોરી ઉઠે છે સજ્જનતામાં.

(ક) ઉપરોક્ત બે ગુણ કેળવવાની સાથે સ્વયં કદી હું કોઈની લાલસા રાખું નહિં આને પ્રતિકુળતામાં કદી દુઃખી થાઉં નહિં. આનાથી માર્ગમાં ટકી રહેવાશે અને સિદ્ધિ તરફ આગળ વધાશે. પરિણામે આત્મસુખ અને સિદ્ધ સ્વરૂપ સાંપડશે.

(ડ) સુખ વેદવું તો આત્માનું જ સુખ વેદવું. અને નિત્ય-શાશ્વત એવાં આત્મસુખમાં-સ્વરૂપમાં-નિજાનંદમાં મસ્ત રહેવું. આત્માનું સ્વભાવ દશામાં રહેવું.

આમાં પહેલું માનવતાનું, બીજું સજ્જનતાનું, ત્રીજું સાધુ-સંત-અંતરાત્માનું અને ચોથું સિદ્ધસ્વરૂપ-પરમાત્મ સ્વરૂપનું લક્ષણ અને સ્વભાવ છે.

માનવ દુઃખી હોઇ શકે, સજ્જન પણ દુઃખી હોઇ શકે, કદાચ સાધુ-સંતને દુઃખ હોય પણ તે દુઃખ તેમને દુઃખી ન કરી શકે.

જ્યારે અરિહન્ત પરમાત્મા સિદ્ધ પરમાત્મા તો ન સુખી હોય કે ન દુઃખી હોય. તેઓ તો સદા સર્વદા સ્વભાવદશામાં સચ્ચિદાનંદ સ્વરૂપમાં નિમગ્ન હોય.

સંકલન : સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી

મહિલા વકતૃત્વ તાલીમ વર્ગ

'સંઘ'ના ઉપક્રમે શુક્રવાર, તા. ૨૬-૯-૧૯૮૬ થી વકતૃત્વ શક્તિની ખીલવણી કરવા બહેનો માટે તાલીમ વર્ગ 'સંઘ'ના કાર્યાલયમાં શરૂ કરવામાં આવશે. જેની વિગત નીચે પ્રમાણે છે.

(૧) આઠ સપ્તાહનું આ સત્ર રહેશે. (૨) સમય દર શુક્રવારે બપોરના ૨-૩૦ થી ૪-૩૦ સુધીનો રહેશે. (૩) સત્ર ફી રૂ. ૫૦/ રાખવામાં આવી છે. (૪) આ વર્ગનું માધ્યમ ગુજરાતી ભાષા રહેશે. (૫) 'સંઘ'ના સભ્યોને પ્રથમ પસંદગી આપવામાં આવશે. (૬) વર્ગ માટે 'વહેલો તે પહેલો'ના ધોરણે વધુમાં વધુ ૨૦ બહેનો લેવામાં આવશે.

આ રીતે તાલીમ લેવા ઇચ્છનારે 'સંઘ'ના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી.

જ્યોતિબેન પ્રમોદચંદ્ર શાહ — કે. પી. શાહ
સંયોજક — પન્નાલાલ ૨. શાહ
મંત્રીઓ

આચાર્યશ્રી વિજય વલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાન શ્રેણી

'સંઘ'ના ઉપક્રમે શ્રી આત્માનંદ જૈન સભા પ્રેરિત ઉપરોકત વ્યાખ્યાન-શ્રેણીનું આયોજન સોમવાર, તા. ૨૯-૧૦ ૧૯૮૬ના સવારના ૯-૦૦ કલાકે ભારતીય વિદ્યા ભવન, ચોપાટી, મુંબઇ-૪૦૦૦૦૭ ખાતે કરવામાં આવ્યું છે. વ્યાખ્યાતા અને વિષયની વિગતો હવે પછી જાહેર કરવામાં આવશે.

-મંત્રીઓ

સાભાર સ્વીકાર

* **યજ્ઞ પ્રકાશન**, (હુઝરાતપાગા, વડોદરા-૩૯૦૦૦૧)નાં પ્રકાશનો

* **તહેાબતનામું**
  લેખક : વિનોબા ભાવે
  પૃષ્ઠ-૩૨-કિંમત રૂ. ૨/૦૦

* **અણુ વિદ્યુત મથકો શા માટે નહિ ?**
  લે. ક્રાન્તિ શાહ
  પૃષ્ઠ-૩૦ કિંમત રૂ. ૧/૫૦

* **ડા. ધ. ૨. ગાલા 'ધનાલાલ'નાં પુસ્તકો**
  [] મેઘરાજ થંભી ગયા — કિ. રૂ. ૧૭-૦૦
  [] વખત સારો આવ્યો છે — ,, રૂ. ૪ ૦૦
  [] સ્વર્ગના અધિકારી — ,, રૂ. ૮-૦૦
  [] ગ્રીન કાર્ડ ધરાવે છે — ,, રૂ. ૧૭-૦૦
  [] ધુરંધરો અચકાતા નથી — , રૂા. ૫-૦૦
  [] પાકે ઘડે કાંઠલા — ,, રૂા ૨૫-૦૦

  પ્રકાશક : સંજય ગાલા, સંજય પ્રકાશન ૨/૨૪, વિજય ચેમ્બર્સ, પદમજી માર્ગ, મુંબઇ ૪૦૦૦૦૪.

ભગવાન મહાવીરનો ઉપદેશ ધર્મ

❖ વસંતભાઇ ખોખાણી

ભગવાન મહાવીર જૈન ધર્મની વર્તમાન ચોવીસીના છેલ્લા તીર્થંકર હતા. જૈન ધર્મનું વર્તમાન સ્વરૂપ એ ભગવાન મહાવીરે પ્રસ્થાપિત કરેલ પાંચ મહાવ્રતોવાળું જૈનશાસન છે. જૈનદર્શન માને છે કે જીવનું સાચું અને સહજ સ્વરૂપ એ તેણે ધારણ કરેલ ભૌતિકદેહ નથી પરંતુ પ્રાણીમાત્રમાં રહેલ આત્મસ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ છે. પ્રત્યેક જીવે પોતાના આ સહજ સ્વરૂપમાં લીન થવું એ જ મોક્ષ અને એ જ નિર્વાણ છે. જૈન તીર્થંકરોએ પ્રણિત કરેલ ધર્મ તે આત્મધર્મ છે. આત્માની ઓળખમાં જ સાચું સુખ સમાયેલું છે. પોતે પોતાને ઓળખવું એ જ જ્ઞાન અને પોતાના સ્વરૂપને ભુલી જવું એ જ અજ્ઞાન-જે અજ્ઞાનની મૂર્છામાંથી જાગૃત થયેલ છે તેને માટે જીવન સ્વપ્ન નહીં પણ સત્ય બની જાય છે. જ્યાં જ્ઞાન છે ત્યાં જ જાગૃતિ છે. જાગૃતિ એટલે ઉપયોગ અને જ્યાં ઉપયોગ ત્યાં ધર્મ, જાગૃતિપૂર્વકની પ્રત્યેક ક્રિયા એ સમ્યકક્રિયા જેનું મોક્ષનું કારણ છે. મોક્ષનો માર્ગ બહાર નથી પણ આત્મામાં છે. માર્ગને પામેલો જ માર્ગ પમાડી શકશે. પ્રાણીમાત્રના શાશ્વત સુખના કારણરૂપ આ મોક્ષમાર્ગને પામવા સિદ્ધાર્થપુત્ર મહાવીરે રાજપાટ, કુટુંબ પરિવાર, ધન-દૌલત અને વૈભવલક્ષ્મી આદિ સાંસારિક સુખના કારણભૂત સર્વ પદાર્થોનો ત્યાગ કરી ૩૦ વર્ષની યુવાન વયે શ્રમણ જીવન અંગીકાર કર્યું. સત્યની પ્રાપ્તિ માટે સાડા બાર વર્ષ સુધી તેમણે ઘોર તપશ્ચર્યાપૂર્વક સંયમની કઠોર સાધના કરી ૧૨॥ વર્ષ જેવા દીર્ઘ કાલખંડ દરમ્યાન શ્રમણ ભગવંત મહાવીરે માત્ર ૩૪૯ વખત આહાર લીધો જે તેમની ઉગ્રતમ કઠિન સાધના સુચવે છે. સંયમથી આ સાધના દરમ્યાન તેમણે અનેકવિધ દુઃખ, કષ્ટ, પરિસહ અને ઉપસર્ગો સહન કર્યા. મહિનાઓ સુધી નિરાહારપણું સંગમદેવ દ્વારા કરાયેલ ઉપસર્ગો, ચંડકૌશિક જેવા દૃષ્ટિવિષ મહાસર્પ દ્વારા દંશ, શૂલપાણિ યક્ષ દ્વારા ભયંકર ઉપદ્રવો, અજ્ઞાની ગોવાળો દ્વારા ભગવાન મહાવીરના પગનો ચુલો બનાવી ખીર રાંધવી તેમજ અણુતા કાનમાં ખીલા ઠોકવા આદિ વિવિધ પ્રકારના મહા કષ્ટદાયી અને પીડાકારક પરિસહો તેમની સાધનામાં બાધક બન્યા હતાં. પણ એ તો હતા શ્રમણ ભગવંત મહાવીર, આત્મધર્મના અખંડ આરાધક, વીતરાગ માર્ગના અનન્ય ઉપાસક અને નિર્ગ્રંથ પંથના અથક પ્રવાસી. દેહદુઃખ અને પીડા કષ્ટના આવા ઘોર ઉપસર્ગોથી તેઓ લેશમાત્ર પણ ભયભીત ન થયા કે ન પોતાના સમાધિ ભાવથી ચલિત થયા ભગવાન મહાવીરનું શ્રમણ જીવન એ સંયમ અને સમતાની સમગ્ર સાધના હતી.

આખરે ૧૨॥ વર્ષની દીર્ઘ, કઠોર અને ઉગ્ર સાધનાની સિદ્ધિરૂપે ઋજુવાલુકા નદીના કિનારે ૪૨ વર્ષની ઉંમરે ભગવાન મહાવીરને મોક્ષ માર્ગના હેતુરૂપ કેવલ જ્ઞાનની પ્રાપ્તિ થઇ આત્મધર્મનો સાક્ષાત્કાર થયો. મહાજ્ઞાન દીપ પ્રગટયો. સંસારની કોઇ ગૂંચ કે કોઇ ગ્રંથી એમને ન રહી. આત્મયોગી શ્રમણ ભગવંત મહાવીર હવે નિર્ગ્રંથ, સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા. સ્વર્ગમાંથી દેવોએ આવી પ્રભુની ધર્મસભાનું આયોજન કર્યું. સર્વજ્ઞ પ્રભુએ ધર્મદેશના આપી. અમૃતની એ વર્ષા હતી પણ સ્વર્ગસુખમાં પ્રમત્ત એના દેવોને એ અમૃતવેળા શા કામની? જીવનમાં જ્યારે સત્યધર્મનો આવિર્ભાવ થાય છે ત્યારે જીવન સમર્પણથી નહીં પણ સંકલ્પથી બંધાય છે. સર્વજ્ઞ ભગવાન મહાવીરે પણ હવે જગતનાં સંસારી જીવોને દુઃખથી મુક્ત કરવા ધર્મ-તીર્થ પ્રવર્તાવવાનો સંકલ્પ કર્યો. કેવળ જ્ઞાનની પ્રાપ્તિના બીજે દિવસે અપાપા નગરીના મહાસેન વનમાં સમવસરણમાં બેસી પ્રભુએ ધર્મદેશના શરૂ કરી.

ભગવાન મહાવીરની ધર્મોપદેશનાની વિશેષતા એ હતી કે તે લોકોની તે સમયની લોકભાષા અર્ધમાગધી ભાષામાં હતી. આજસુધી જ્ઞાનની વાતો પંડિતોની સંસ્કૃત ભાષામાં જ થતી હતી. ભગવાન મહાવીરે ભાષાની મહાન ક્રાંતિ કરી. તેમણે કહ્યું જ્ઞાન પંડિતો માટે નથી પણ સાધારણ જન માટે છે. લોકો સમજી શકે તે રીતે લોકભાષામાં જ બોલવું ઘટે.

તેમણે પોતાની દિવ્ય ધર્મોપદેશના દ્વારા પાંચ મહાવ્રતવાળા ધર્મની સ્થાપના કરી. આ પાંચ મહાવ્રત એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ. અહિંસા કોઇ જીવને મારો નહીં કે તેને સતાવો નહિં.

સત્ય -જૂઠું ન બોલો, વચનપાલક બનો.

અસ્તેય -ચોરી ન કરો, અણુહકકનું લેવાની વૃત્તિનો ત્યાગ કરો.

બ્રહ્મચર્ય -શીલવાન બનો, સ્ત્રી તરફ સન્માન દૃષ્ટિ રાખો.

અપરિગ્રહ-પદાર્થોનો સંગ્રહ ન કરો. સંપત્તિ અને સાધનોની વહેચણી થવા દો.

આત્માની મુક્તિના એકમેવ સાધનરૂપ એવા અમૂલ્ય મનુષ્ય-ભવની સાર્થકતા સમજાવતાં ભગવાને કહ્યું કે દેવ ભલે મોટો હોય, ગમે તેવું તેવું સ્વર્ગ હોય પણ માણસથી મોટું કોઇ નહીં. માણસ માનવતા રાખે તો દેવ પણ એના ચરણમાં રહે. આ-માટે માણસે સત્ય અને પ્રેમનો આગ્રહ રાખવો જોઇએ. પ્રત્યેક જીવ પોતાના કર્મ અને પુરુષાર્થથી મહાન થઇ શકે છે એ માટે ઉચ્ચ જાતિ, વંશ કે કુળમાં જન્મ લેવો જરૂરી નથી. તે જમાનાની સ્થિતિને લક્ષમાં લઇ ભગવાન મહાવીરે ઉપદેશ કર્યો કે યજ્ઞયાગાદિતમાં પશુઓની હિંસા ન કરો, ધર્મશાસ્ત્રોને લોકોથી છુપાવો નહીં. સ્ત્રી અને શુદ્રોનો તિરસ્કાર કરો નહીં.

ભગવાન મહાવીરની અનુપમ ધર્મદેશનાથી મગધના રાજકુમાર મેઘકુમાર તથા નંદિષેણ, કૌશાંબીની રાજકન્યા જયંતિ, રાજગૃહી નગરીના શ્રેષ્ઠિવર્ય ધન્યશેઠ તથા શેઠ શાલિભદ્ર, રાજર્ષિ ઉદાયન તથા રાજપુત્ર જમાલિ અને આર્દ્રકકુમાર જેવા અનેક ભવ્યજીવોએ ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી શ્રમણ ધર્મ સ્વીકાર્યો.

જગતના સંસારી જીવો પ્રત્યેની નિષ્કારણ કરુણાથી પ્રેરાઇને ભગવાને ઉપદેશ કર્યો કે ધર્મ સાધુ માટે છે અને ગૃહસ્થીઓએ લીલાલહેર કરવાના છે તે માન્યતા ભૂલભરેલી છે. સાધુની જેમ સંસારી ગૃહસ્થીનાં પણ ધર્મ છે. ગૃહસ્થીએ પણ આત્મકલ્યાણ સાધવા વ્રત નિયમો પાળવા જોઇએ. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અને અપરીગ્રહનો સાધુ સર્વાંશે અને સૂક્ષ્મ રીતે પાળે ગૃહસ્થી મન, વચન અને કાયાથી સ્થૂળ રીતે તેનું પાલન કરે. આ પાંચ અણુવ્રત ઉપરાંત ગૃહસ્થી માટે દિશા, ક્ષેત્રે, ભોગ, વ્યાપાર, કાળ, તિથિ અને દાનના પરિમાણ જેવા ત્રણ ગુણવ્રત અને શિક્ષાવ્રતની આજ્ઞા કરી બાર સમ્યક વ્રતવાળા શ્રાવકધર્મની વીર

પ્રભુએ દેશના કરી. ભગવાન મહાવીર દ્વારા પ્રણિત બાર વ્રતવાળા શ્રાવક ધર્મનો અંગિકાર કરી ગૃહપતિ આનંદ, કામદેવ, શ્રાવક, રાજા શ્રેણિક મહાશતક, સોમિલ, શંખ, મહુક, કુંડકોલિક આદિ અસંખ્ય ગૃહસ્થીઓ મુક્તિમાર્ગને પામ્યા.

પ્રથમ ધર્મોપદેશના સમયે જ પોતાના પટ્ટશિષ્ય ઇંદ્રભૂતિ ગૌતમ, અગ્નિભૂતિ, વાયુભૂતિ આદિ દીક્ષિત થયેલ અગિયાર પ્રકાંડ પંડિતોને ભગવાને ગણધર પદે સ્થાપી શ્રમણ સંઘની રચના કરી. કૌશાંબીનગરમાં દાસીપણાથી મુક્ત થયેલ મહાસતી ચંદનાને દીક્ષા આપી સાધ્વી સમુદાયની સ્થાપના કરી. જેઓ સાધુધર્મ ન સ્વીકારી શકે એવાં અસંખ્ય ગૃહસ્થી નરનારીઓને શ્રમણોપાસક તરીકે શ્રાવક-શ્રાવિકાના રૂપમાં ભગવાને પોતાના સંઘમાં સમાવી લીધા. આમ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા સહિત ચતુર્વિધ સંઘની સ્થાપના કરી ભગવાન મહાવીરે ધર્મ તીર્થનું પ્રવર્તન કર્યું અને તીર્થંકર થયા. પ્રવર્તાવેલ પાંચ મહાવ્રતોવાળા જૈન શાસનનું સુકાન ચતુર્વિધ સંઘને સોંપ્યું.

શ્રવણ ધર્મના પાંચ મહાવ્રતો અને શ્રાવક ધર્મના બાર વ્રતો ઉપરાંત ભગવાન મહાવીરનો બીજો ધર્મ સંદેશ છે. અનેકાંત-જીવનની સર્વદૃષ્ટિને સમાવતું અનેકાંત દર્શન એ વીતરાગ પ્રભુ મહાવીરની જગતને અમૂલ્ય દેન છે. અહિંસાના ભાવમાંથી જન્મેલ અનેકાન્ત દૃષ્ટિ સમજાવતાં પ્રભુએ કહ્યું કે એકબીજાને સમજો તમે નીરખ્યું એ જ સત્ય એવો એકાન્ત આગ્રહ કરી ન સેવો. સત્ય શાશ્વત અને સનાતન છે. તેમ છતાં સાપેક્ષ છે. અન્યની વાત અને કથનમાં પણ અપેક્ષાએ સત્ય સમાયેલું છે તમારી નજરનું જે સત્ય છે તેના પર શ્રદ્ધા રાખો. બીજાની નજરનું જે સત્ય છે તેના પર વિચારણા કરો સર્વત્ર રહેલા આંશિક અને અપેક્ષિત સત્યનું શોધન અને પરિશીલન કરી તેનો સ્વીકાર કરો અને સંપૂર્ણ સત્યને પ્રાપ્ત કરો.

ગૃહસ્થનો વ્યવહારધર્મ પણ આત્મધર્મનો આરાધક અને મોક્ષમાર્ગનો ઉપાસક બને તે હેતુથી શ્રાવકધર્મના બાર વ્રત ઉપરાંત ભગવાન મહાવીરે અમૂલ્ય એવી ચાર ભાવનાની દેશના આપી. આ ચાર ભાવના એટલે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થતા મૈત્રી-જગતના સર્વજીવો પ્રત્યે પ્રેમ, નિર્વેરબુદ્ધિ રાખવી, પ્રમોદ-અંશમાત્ર પણ કોઇના ગુણ દેખીને પ્રસન્ન થવું. ઉલ્લાસિત થવું. કરુણા-જગતના કોઇપણ જીવનું દુઃખ દેખી અનુકંપા સેવવી, દયા કરવી. માધ્યસ્થતા અપકારી કે નિર્ગુણી જીવો પ્રત્યે પણ ઉપેક્ષાભાવ કે સમતાભાવ કેળવવો.

ભગવાન મહાવીરનું ચિંતન પુરુષાર્થ પર આધારિત હતું. તેમની સાધના વિજયની સાધના હતી. ઇન્દ્રિયોના કષાયને જીતનાર તેઓ જીતેન્દ્રિ કહેવાયા. તેમનું પૌરુષ જીવનથી પલાયન થવાનું નહીં પણ જીવનની અન્તર્નિહિત શક્તિઓના સ્ફુરણ માટેનું હતું. આથી જ જ્યારે તેમની સાધક અનવસ્થામાં ઉપસર્ગો અને પરિસહો સામે રક્ષણ આપવા દેવોને તેમની સેવામાં રાખવા ઇન્દ્રમહારાજે જણાવ્યું ત્યારે ભગવાને કહ્યું કે આત્માની મુક્તિ તેના ઉદ્યમ, બલ અને પરાક્રમથી થાય છે. પ્રત્યેક જીવ પોતાના પુરુષાર્થ દ્વારા જ સિદ્ધ બની શકે છે તેમણે ક્યારેય પણ ક્રોધપણ પ્રકારનો પરાજય કે બંધનનો સ્વીકાર ન કર્યો. શરીર અને મનની પરતંત્રતાને પણ તેમણે ફેંકી દીધી. પોતાનાં જ શિષ્ય પણ પાછળથી ચમત્કાર અને લબ્ધિના મોહમાં તાપસ બનીને આજીવક મતના પ્રવર્તક મંખલિપુત્ર ગોશાલકના નિયતિવાદના તેમણે પ્રતિવાદ કરી પોલાસપુરના ધનાઢ્ય કુંભાર સદ્દાલપુત્રને આત્માની મુક્તિ માટે પુરુષાર્થ ધર્મનો બોધ કર્યો. જીવના આત્યંતિક શત્રુ તેના રાગ, દ્વેષ આદિ કષાયો છે. તે સમજાવી તેમણે વૈશાલીના યુદ્ધપિપાસુ ક્ષત્રિયોને કહ્યું કે બહાર યુદ્ધ કરવા જેવું કંઇ નથી. અંદર યુદ્ધ કરો જેને તમે હણવા માગો છો તે તમે જ છો અને જેને તમે પરિતાપ આપવા માગો છો તે પણ તમે જ છો. તમે પોતાને ઓળખો અને રાગદ્વેષનો ત્યાગ કરો. દુઃખ જ જેમાંથી જન્મે છે, એવા રાગદ્વેષ આદિ દોષની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય સંભવતી નથી. આત્મામાંથી રાગદ્વેષ ગયે જ્ઞાન પ્રગટે. ગમે ત્યાં બેઠા અને ગમે તે સ્થિતિમાં મોક્ષ થાય જો રાગદ્વેષ જાય તો.

વિતરાગ થયા વિના સિદ્ધ થવાતું નથી. મોક્ષગતિના સાચા માર્ગની દેશના કરતાં સર્વજ્ઞદેવ પ્રભુ મહાવીરે જણાવ્યું કે વસ્તુ સ્વરૂપને યથ સ્વરૂપમાં જાણનારા જિનેશ્વર દેવોએ જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય અને તપને મોક્ષમાર્ગ કહ્યો છે. જીવ-અજીવ વગેરે દ્રવ્યોની યથાર્થ સમજણ એટલે જ્ઞાન, સર્વજ્ઞ કેવળી ભગવંતના જ્ઞાનમાં ભાસ્યમાન તત્ત્વોની સમ્યક્ પ્રતીતિ થવી કે તેના ઉપર અવિરલ શ્રદ્ધા થવી તે દર્શન. તે તત્ત્વને ઉપયોગમાં રાખી વ્યવહારમાં રિયર થવું તે ચારિત્ર્ય. સાચી શ્રદ્ધા વિના ચારિત્ર્ય સંભવી શકાતું નથી. જ્ઞાનથી મનુષ્યો તત્ત્વોને જાણે છે, દર્શનથી તેમાં શ્રદ્ધા કે પ્રતીતિ કરે છે, ચારિત્રથી પોતાની જાતનો નિગ્રહ કરે છે અને તપથી વિશુદ્ધ થાય છે. કેવળ જ્ઞાનની પ્રાપ્તિ પછી ૩૦ વર્ષ સુધી સતત વિહાર કરી પ્રભુએ ધર્મદેશનાનો બોધ વહાવ્યો અને સંસારના તેમજ ધર્મનાં ગૂઢ રહસ્યો પ્રગટ કર્યાં. ભગવાનના નિર્વાણ કલ્યાણકને અઢી હજાર વર્ષો વીતી ગયાં છે. તો પણ તેમના પ્રતિબોધિત ધર્મતત્ત્વો આજે પણ એટલા જ ઉપયુક્ત અને સામયિક છે. આજે પણ હિંસા, જડ, ચોરી, અનાચાર અને સંઘરાખોરી સામે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહના પાંચ મહાવ્રતો તેમ જ મતાગ્રહના કારણે વૈમનસ્યપૂર્ણ એકાંતિક દર્શનના સ્થાને કરુણામૂર્તિ ભગવાન મહાવીરનું સામંજસ્યપૂર્ણ અનેકાંત દર્શન જગતના તમામ જીવોના હિત અને કલ્યાણ માટે આવશ્યક જ નહીં તો ઉપયુક્ત પણ છે.

સતપુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

સાહિત્ય અને સામાજિક ઉત્તરદાયિત્વ

● ડૉ. હસમુખ દોશી

સાહિત્ય અને સાહિત્યિક સામયિકો જ્યારે લોકપ્રિય કે સમાજાભિમુખ બની શકતાં નથી ત્યારે તેનાં કારણોનું સંશોધન કરવાની પ્રવૃત્તિ શરૂ થાય છે. આ માટે કેટલાક લેખકો અને સંપાદકો પોતાને પક્ષે કોઈ દોષ નથી અને જે કંઈ દોષ છે તો પ્રજાની રસરુચિનો દોષ છે એમ ઠસાવવા મથે છે. અમારા જોડે અમુક પ્રત્યાઘાતી લેખકો ખોટો પ્રચાર કરીને પ્રયોગશીલ કે

પ્રગતિશીલ સાહિત્યને વગોવે છે એવો આક્ષેપ કરવામાં આવે છે. દેશમાં થઇ રહેલી ઔદ્યોગિક ક્રાન્તિ, વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ, ભૌતિક સુખો પાછળ લોકોની આંધળી દોટ, અસહ્ય અને ક્રારમી મોંઘવારી સાહિત્યને દઢ પ્રતિષ્ઠ થતાં અવરોધે છે એવું પણ કહેવામાં આવે છે. સસ્તાં લોકપ્રિય-ચિત્રપટોનો વિરાટ્ટ લોકોને આરામદાયક મનોરંજન પીરસે છે અને ટેલિવિઝન, વીડિયો કેસેટ કે ટેપરેકોર્ડર જેવાં સાધનોએ સાહિત્યની અને સાહિત્યિક સામયિકોની લોકપ્રિયતા પર ફટકો માર્યો છે એવી ગણતરી પણ મૂકવામાં આવે છે. માહિતી પ્રધાન હળવાં સાપ્તાહિકો અને વાર્તા માસિકોનું થઇ રહેલું વિરમયજનક વિસ્તરણ પણ તેમાં ઉમેરી શકાય છે.

આપણાં સામયિકો આજે નથી ચાલતાં તેમાં શું ફકત લોકોનો જ દોષ છે? સર્જનાત્મક, ચિંતનાત્મક કે રસાળ સાહિત્ય પ્રસિદ્ધ કરવાને બદલે આપણાં સામયિકો મુખ્યત્વે અમુક લેખકોના સાહિત્યનું વ્યવસ્થિત પ્રચારતંત્ર બની જતાં હોય છે સામયિકનો તંત્રી જો સર્જક હોય તો તેનાં સર્જનો સંબંધે અથવા તો તેના અનુયાયીઓ કે મિત્રોનાં સર્જનો સંબંધે જ તેમાં લખાતું હોય છે. તેની સામે કંઇ વિરોધ થાય તો તંત્રી પોતાના અનુયાયીઓ પાસે લેખો લખાવીને પ્રતિકાર કરે છે. સામાન્ય પ્રજાને તેમાં કંઇ રસ હોતો નથી. તેમાંય અનેક હાડમારીઓ વચ્ચે જીવન પસાર કરતો આજનો સામાન્ય વાચક આવાં લખાણોમાં શું રસ લઇ શકે? વિદ્વાનો વાદવિવાદ કરે તે સામાન્ય વાચકોને ત્યારે જ ગમે છે જ્યારે એ વિવાદ સર્વસ્પર્શી હોય, 'સંસ્કૃતિ' બંધ પડયું કે 'એતદ્' ન ચાલતું હોય એમાં લોકોને શો દોષ દેવો? પોતાની જ કે પોતાના અનુયાયીઓની પ્રતિભા ઉપસાવવા માટે જે સામયિકોનું નિર્માણ થતું હોય એ કેટલું ટકી શકે? સંશોધન-લેખોમાં સત્યાન્વેષને બદલે અનુમાનો કે તર્ક પ્રવેશે અને વિવેચન લેખોમાં એકપક્ષી હિંસક અભદ્ર આક્રમણો જ થતાં હોય એવાં સામયિકો પ્રજાને શો સંસ્કાર-વારસો આપી શકે? પ્રજા સમગ્રની ચેતનાને ઢંઢોળવાને બદલે આવાં સામયિકો અમુક લેખકોની ભૂમિકાઓને પંપાળ્યા કરે અને અન્ય લેખકોની લાગણીઓને આમળ્યા કરે ત્યારે બીજું શું પરિણામ આવે? રાગદ્વેષને ગાળી નાંખીને ઉત્તમ જીવન મૂલ્યોનું પ્રદાન કરવાને બદલે રજોગુણી કે તમોગુણી સાહિત્યનો આવિર્ભાવ કરતાં સામયિકો પ્રજાની શી સેવા કરી શકે?

સંકુચિત અને એકાંગી દૃષ્ટિના અમુક 'વિદ્વાનો' એવું પણ આશ્વાસન લેતાં હોય છે કે સર્જનું સાહિત્ય હંમેશાં આરંભમાં દુર્બોધ જ હોય છે. જેમ કે પંડિત યુગનું સાહિત્ય પોતાના જમાનામાં દુર્બોધ જ ગણાતું હતું. પરંતુ પંડિત યુગમાં દલપતરામની કવિતા દુર્બોધ ગણાતી હતી, બાકી ગોવર્ધનરામ, રમણભાઇ, ક્રાન્ત, કલાપી, ન્હાનાલાલ જેવા અગ્રિમ સર્જકોનું પ્રજાહૃદયમાં ઉચ્ચ સ્થાન અંકિત થયેલું હતું. અને સમગ્ર ગાંધીયુગ-દલપતશાહી કવિતાને બાદ કરતાં-લોકપ્રિય હતો.

મહાન સાહિત્ય હંમેશાં જેમ વિદ્વદ્ભોગ્ય હોય છે તેમ લોકભોગ્ય પણ હોય છે. શેકસ્પિયર જેવો આધુનિક જેમ વિદ્વદ્ભોગ્ય છે તેમ લોકભોગ્ય પણ છે. શેકસ્પિયરને રેસ્ટોરાંમાં નાસ્તો કરવા જવું હોય તો પણ તકલીફ પડતી, કેમ કે લોકોનાં ટોળેટોળાં તેને ફરી વળતાં હતાં! અને શેકસ્પિયર જેવા એલ્સાઇના એક મહત્ત્વના પ્રવર્તકને કેવળ લોકપ્રિય ગણવાનું સાહસ તો આજનું વિવેચન પણ નહિ કરે. એટલે ઉત્તમ કે મહાન સાહિત્ય હંમેશાં દુર્બોધ જ હોય અને લોકપ્રિયતા તો શ્રેષ્ઠ સાહિત્યની કબર મણાય તેવા ખ્યાલો ભ્રામક અને સત્યથી વેગળા જતા લાગે છે.

સાચો સાહિત્યકાર આત્મનિષ્ઠ હોય છે. એ જ્યારે લખે છે ત્યારે અંતરના અવાજ સિવાય કોઇને માન્યતા આપતો નથી, તેનું સાહિત્ય વિદ્વદ્ભોગ્ય બને કે લોકભોગ્ય ન બને તેની તેને બહુ ખેવના રહેતી નથી. એલિયટે નોબેલ પારિતોષિકનો સ્વીકાર કરતાં કહ્યું હતું કે ઉત્તમ સર્જક પોતાને ગમે તે સર્જે છે અને કોઇ પણ લૌકિક પ્રયોજનથી એ પર હોય છે. એલિયટના આ વિચારો બહુ સુંદર છે. પરંતુ આવો આત્મનિષ્ઠ સર્જકનું સાહિત્ય દુર્બોધ બને અને પ્રજા તેને ફેંકી દે તો પછી તેણે પ્રજાનો કે લોકોની રસરુચિનો તિરસ્કાર ન કરવો જોઇએ. અથવા તો ઉત્તમ સાહિત્ય આરંભમાં હમેશાં દુર્બોધ જ હોય છે એવા ગૃહિતને કાયમી બનાવવાની કોશિશ કરવી ન જોઇએ.

સાહિત્યિક સામયિકોને પણ આ જ વાત લાગુ પડે છે. અમુક સામયિકો સાથે અમુક લેખકો જ સંકળાયેલા રહે એ તો ઠીક, પણ એ લોકો એ સામયિકોને પોતાની મંડળીનાં મુખપત્રો બનાવી દે ત્યારે એ પ્રજાનાં સામયિકો રહેતાં નથી. એ જ રીતે અમુક માસિકો ફકત ટેકનિકલ બની રહે અર્થાત્ ફકત વિવેચન, કવિતા વિવેચન કે વાદવિવાદનાં જ બની રહે ત્યારે તેને ચલાવવાની જવાબદારી પ્રજાની રહેતી નથી. જે લેખકો તેવાં પત્રો સાથે સંકળાયેલા હોય તેમની જ જવાબદારી રહે છે, ગુજરાતમાં આજે ઘણા સમયથી અધ્યાપકોનાં બાકોર ચોકકસ માસિકો પ્રસિદ્ધ થાય છે. તેમાં મહદ અંશે શિક્ષણચર્ચા અને અધ્યાપનના કે પછી અધ્યાપકોના પ્રશ્નોની ચર્ચા થતી હોય છે. શિક્ષણ એ પ્રજાસમગ્રનો પ્રશ્ન હોવા છતાં આવાં માસિકો ચલાવવાનું દાયિત્વ પ્રજાનું રહેતું નથી? એ છતાં અધ્યાપકો પોતે જ ગ્રાહકો બનીને એ માસિકો ચલાવે છે. પ્રજાનું ઉત્તરદાયિત્વ તો તેવાં જ માસિકો કે સામયિકો પરત્વે છે જે જનતા સમગ્રનું સંસ્કાર ઘડતર કે જીવન ઘડતર કરી શકે. બધાં જ સાહિત્યિક સામયિકો આવો દાવો કરી શકે એમ નથી.

પંડિત યુગમાં લોકો સાહિત્યાભિમુખ કેમ નહોતા એના પ્રશ્નનો જવાબ સહેલાઇથી મળી શકયો નહોતા. આજે જો તેનો ઉત્તર ઘણી સહેલાઇથી મળી શકે છે. આ લેખના આરંભમાં જે કારણો દર્શાવ્યાં છે એ બધાં પણ સર્જકોનાં સાહિત્યે પોતાનું સાચું દાયિત્વ ખંખેરી નાંખ્યું એટલે જોર કરી ગયેલાં પરિબળો છે એમ કહી શકાય.-જે રીતે હતાશ કે નિરાશ થયેલો મનુષ્ય કેફી દ્રવ્યો તરફ વળે છે તેમ આજનો માનવી સાચું સાહિત્ય પ્રાપ્ત ન કરી શકતાં કેફી દ્રવ્યો રૂપ લૌકિક સાધનો કે માહિતીપ્રધાન હળવાં સામયિકો પરત્વે વળ્યો હોય તો તે ઘણું સ્વાભાવિક કહી શકાશે.

કમનસીબે આજના સાહિત્યે અને કહેવાતાં સાહિત્યિક સામયિકોએ જીવન પ્રત્યેનું દાયિત્વ જ ગાળી નાંખ્યું છે, જે સાહિત્યમાં જીવનની ગૌરવશીલ પ્રતિષ્ઠા થવાને બદલે તમોગુણી કે રજોગુણી જીવનની જ પ્રતિષ્ઠા થતી હોય અને જે શબ્દલેખમાં મનુષ્યના આર્થિક, સામાજિક જીવન સંઘર્ષને કવિકર્મની બહારનો પ્રદેશ ગણવામાં આવતો હોય એવું સાહિત્ય આમ લોકોને કેમ આકર્ષી શકે? અને જો લોકોને આવું સાહિત્ય ખપતું ન હોય તો તેને ચલાવવાની જવાબદારી તેમની કેમ રહે?

કેશ–લોચ

રમણલાલ ચી. શાહ

પર્યુષણ પર્વ આવે એટલે અનેક જૈન સાધુ–સાધ્વીઓ કેશલોચ કરશે એટલે કે પોતાના મુખ–મસ્તક પરના વાળ ખેંચીને કાઢી નાખશે.

કેશ એટલે વાળ. સંસ્કૃતમાં જે કેટલાક એકાક્ષરી શબ્દો છે તેમાં 'ક' શબ્દના પણ જુદા જુદા અર્થ થાય છે. 'ક'નો એક અર્થ થાય છે માથું. 'કેશ' એટલે માથા પર રહેલા વાળ 'के शेरति इति केशाः ।' એમ કહેવાય છે. લોચ સંસ્કૃત શબ્દ છે. 'લુંચ્' ધાતુ પરથી તે આવેલો છે. 'લુંચ્' એટલે તોડવું, ઉખાડી નાખવું, ખેંચી કાઢવું. 'કેશલોચ' એટલે મુખ અને મસ્તક પરના વાળ ખેંચીને ઉખાડી નાખવાની ક્રિયા. એ માટે કૃકત 'લોચ' શબ્દ પણ રૂઢ થયો છે.

મનુષ્યના શરીરમાં વાળનું અનોખું સ્થાન છે. વાળ સતત વૃદ્ધિ પામે છે. એની વૃદ્ધિ નખની વૃદ્ધિ જેવી વરવી લાગતી નથી. વાળ શરીરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. વાળથી આચ્છાદિત હોય તેના કરતાં વધુ દેખાવડો લાગે છે. વાળ મુખનું આભૂષણ છે. સુસંસ્કૃત માનવજાતે 'કેશગૂંફણ'ની અને કેશકર્તનની કલા ઘણી વિકસાવી છે. વાળના લાંબા કે ટૂંકા કદ દ્વારા વિવિધ કલા બતાવી શકાય છે. સ્ત્રીઓના લાંબા–ટૂંકા વાળ દ્વારા કેશકલાપનો ઘણો વિસ્તાર થયો છે. કુદરતી વાળવાળી વિગ (Wig)ની સગવડ પછી તો એક વ્યક્તિના વાળ બીજી વ્યક્તિને કેવા કામ લાગે છે અને માણસ પોતાનું કુદરતીરૂપ અને કૃત્રિમ કેવી રીતે કરી શકે છે તે જોવા મળે છે. એટલે જ કૃકત વાળના પણ વિવિધ વ્યવસાયો વિકસ્યા છે. વાળ કાઢી નાખવા, વધતા અટકાવવા, વધારવા, વાળના રંગ બદલવા, વાળથી થતા રોગો નિવારવા–એમ વાળની માવજત માટે પાશ્ચાત્ય દેશોમાં બ્યૂટીપાર્લરોમાં સંશોધનો થતાં રહે છે. મનુષ્ય અને પ્રાણીઓના વાળનો ઔષધ તરીકે પણ ઉપયોગ થાય છે.

મનુષ્યના શરીરમાં મસ્તક પરના વાળ સૌથી વધુ વધે છે. નાનું બાળક જન્મે છે ત્યારે મસ્તક ઉપર વાળ સાથે જન્મે છે, અથવા જન્મ્યા પછી તરત એના માથાના વાળ વધે છે. બાળકના શરીરના અન્ય ભાગો ઉપર વાળ હોતા નથી. સમય જતાં શરીર પર રૂંવાટી આવે છે. કિશોરાવસ્થામાં મૂંછ–દાઢી વગેરે વાળ ઊગે છે, પણ તે બધામાં મસ્તક પરના વાળનું વધવું ઝડપી હોય છે.

વાળ દેહલાવણ્યનું અંગ છે. વિવિધ પ્રસાધનો વડે અને વિવિધ પદ્ધતિએ વાળનું ગુંફન કરીને એ લાવણ્ય વધારી શકાય છે. પુરુષ કરતાં સ્ત્રી વાળથી વધુ આકર્ષક દેખાય છે.

સાધુ–સાધ્વીએ પોતાના શરીરનું આકર્ષકપણું ટાળવાનું હોય છે એટલા માટે મસ્તક–મુંડનની પ્રણાલિકા હિન્દુ, જૈન, બૌદ્ધ ધર્મમાં, ભારતીય સંત પરંપરામાં જોવા મળે છે. મસ્તક ઉપર વાળ ન હોય અને જે હોય તેની જરા પણ માવજત કરવામાં ન આવી હોય તો લાવણ્યની દૃષ્ટિએ સાધુ સાધ્વીમાંથી કુરૂપ જીવન જેવું આકર્ષકપણું નીકળી જાય છે.' કેશનું મંડન, ગુંફન, પુષ્પાદિ અલંકારોથી સુશોભન રાગ જન્માવે છે, ચિત્તમાં વિકાર આણે છે. સ્વમુખનું પ્રતિબિંબ જોવાની લાલસા જાગે છે. કેશના અમંડનથી કે મુંડનથી ચિત્તમાં ક્રમે ક્રમે નિર્વિકારતા આવે છે. આ નિર્વિકારતા બ્રહ્મચર્યના પાલનમાં સહાયરૂપ થાય છે. મુંડિત મસ્તક એ સંયમની શોભા છે. પરંતુ કેશ લોચ દ્વારા મુંડિત થયેલું મસ્તક ઇન્દ્રિયો અને ચિત્તને વિશેષ પણે વશ રાખે છે. અહિંસા ધર્મના અને સંયમના પાલન માટે હેતુરૂપ થવા ઉપરાંત કર્મની નિર્જરાના હેતુરૂપ તે બને છે.

ભારતીય સંસ્કૃતિમાં અત્યંત પ્રાચીન સમયથી શરીર પરના વાળ ન કાપવાની પરંપરા ચાલી આવે છે. તાપસો પોતાના મસ્તક પરના વાળ જેટલા વધે એટલા વધવા દેતા અને લાંબા વાળની જટા બાંધતા. સામાન્ય ગૃહસ્થો કરતાં પોતે ભિન્ન છે અને કેશ–સુશોભનમાં પોતે રાચતા નથી એ એમની આ જટા પરથી દેખાઈ આવતું. આજે પણ ઘણા સાધુ સંન્યાસીઓ જટા રાખે છે, પરંતુ જટા રાખનારે માથામાં જૂ, લીખ, ખોડો વગેરે ન થાય એની સતત કાળજી રાખવી પડે છે. સ્ત્રીઓ (શીખોમાં તો પુરુષો સુધ્ધાં) લાંબા વાળ રાખે છે; ચોટલો, અંબોડો ગુંથે છે, પરંતુ તેમને પણ બહુ સાવધ રહેવું પડે છે. એ માટે તેલ, સાબુ, શેમ્પુનો ઉપયોગ પણ વખતોવખત કરવો પડે છે.

સાધુ જો લાંબા વાળ રાખે તો વાળની વખતોવખત માવજત કરવાની જરૂર પડે. એ માટે સ્નાન કરવું પડે; તેલ–સાબુ વગેરેનો ઉપયોગ પણ જરૂરી બને. વળી માથામાં જૂ કે લીખ પડે અને તીવ્ર ખંજવાળ દિવસમાં ઘણીવાર આવે તો ચીડ, કંટાળો, ઉદ્વેગ, ગુસ્સો વગેરે અશુભ ભાવો અને સંક્લેશ પરિણામો રહ્યા કરે. વળી વારંવાર માથામાં ખંજવાળવાના કારણે સ્થૂલ, સૂક્ષ્મ જીવહિંસા પણ થયા કરે. અહિંસાનું મહાવ્રત આચરનારા, સ્નાનાદિ ક્રિયા ન કરનારા જૈન સાધુઓ એટલા માટે જ જટા રાખતા નથી, અને સમયે સમયે વાળનો લોચ કરે છે.

કેશલોચની પ્રથા દુનિયામાં એક માત્ર જૈન ધર્મમાં જ જોવા મળે છે. વ્યક્તિગત રીતે કોઇપણ ધર્મની કોઇ કોઇ વ્યક્તિ કેશલોચ કરતી હોય તે જુદી વાત છે, પણ શાસ્ત્રની આજ્ઞા કે ધાર્મિક પરંપરા અનુસાર બધા જ સાધુ–સાધ્વીઓ કેશલોચ કરતા હોય તેવું માત્ર જૈન ધર્મમાં જ જોવા મળે છે. અસ્ત્રા કે કાતરથી મુંડન કરવાની પ્રથા વિભિન્ન નિમિત્તે કેટલાક ધર્મોમાં જોવા મળે છે. કેટલાક સંન્યાસીઓ નિયમિત મુંડન કરાવે છે. એશિયાના કેટલાક દેશોમાં બૌદ્ધ ભિક્ષુઓ પણ મુંડન કરાવે છે. પણ પોતાના મસ્તક અને ચહેરા પરના વાળ આંગળીઓ વડે ખેંચીને કાઢી નાખવાની લોચની પદ્ધતિનો મહિમા અનોખો છે. સ્વાનુભવથી એની વિશેષ પ્રતિતી થાય છે.

શું સંયમ ધારણ કરવા માટે અર્થાત્ સાધુ બનવા માટે મસ્તક મુંડાવવાની જરૂર ખરી? મસ્તકનું મુંડન ન કરાવ્યું હોય છતાં માણસમાં સાધુના ગુણો ન હોઇ શકે? હોઇ શકે. ભગવાન મહાવીરે કહ્યું છે કે મસ્તક મુંડાવવાથી માણસ મુનિ થઇ જતો નથી, પણ મુનિએ મસ્તક ન જ મુંડાવું જોઇએ એવું ભગવાને કહ્યું નથી. જેમ મસ્તક મુંડન તેમ વેશની બાબતમાં પણ કહી શકાય. સાધુનો વેશ ધારણ કરવાથી સાધુ થઇ જવાતું નથી અને વેશ ધારણ ન કર્યો હોય તેવી વ્યક્તિમાં સાધુના ગુણો હોઇ શકે છે. તેમ છતાં સાધુનો

બાહ્ય વેશ અને મુંડન દ્વારા બાહ્ય દેખાવ] સાધુજીવનને અવશ્ય ઉપકારક થાય છે. આંતર અને બાહ્ય દેખાવની એટલે કે સમગ્ર જીવનની એકરૂપતા હોવી તે ઘણી અઘરી વાત છે. છતાં જેઓ એ સિદ્ધિ મેળવે છે તેઓના પતન માટે ભયસ્થાનો ઓછાં રહે છે. બાહ્ય વેશ અંતરના તેવા ભાવોને પોષણ આપે છે. અને ન હોય તો તેવા ભાવો જગાડે છે. અનેક વ્યક્તિઓના, સૈકાઓ સુધીના અનુભવ પરથી પરંપરા સર્જાય છે. ભારતીય સંસ્કૃતિમા મસ્તક મુંડનની પરંપરા સાધુઓ માટે એટલે જ ઇષ્ટ ગણવામાં આવી છે. જૈન સાધુઓના કેશલોચનું મહત્ત્વ તો એથી પણ વિશેષ છે. સંયમ પાલન અને અહિંસા ધર્મની દૃષ્ટિ લક્ષમાં લેતાં એ મહત્ત્વ સમજાય એવું છે.

લોચ ત્રણ પ્રકારના બતાવવામાં આવ્યા છે. (૧) ઉત્તમ (૨) મધ્યમ અને (૩) કનિષ્ઠ.

(૧) દર બે મહિને એટલે કે વર્ષમાં કુલ છ વખત લોચ કરવામાં આવે તો તેને ઉત્તમ લોચ કહેવામાં આવે છે. કારણ કે બે મહિના જેટલા સમયમાં માણસના મસ્તકના વાળ ગોલોમ જેટલા, ગાયની રૂંવાટી જેટલા (એક બે ઇંચ જેટલા) વધી જાય છે.

(૨) દર ત્રણ મહિને લોચ કરવામાં આવે તેને મધ્યમ લોચ કહેવામાં આવે છે.

(૩) દર ચાર મહિને લોચ કરવામાં આવે તેને કનિષ્ઠ લોચ કહેવામાં આવે છે,

દિગમ્બર સાધુઓમાં દર બે, ત્રણ કે ચાર મહિને લોચ કરવાની પરંપરા ચુસ્તપણે ચાલી આવે છે. શ્વેતામ્બરોમાં દર ચાતુર્માસે અથવા દર બાર મહિને, પર્યુષણ પર્વ પહેલાં લોચ કરવાની પરંપરા ચાલી આવે છે.

સામાન્ય રીતે કેશ-લોચ કરવાના દિવસે સાધુએ ઉપવાસ કરવાનો રહે છે. કેશ લોચની ક્રિયા દિવસ દરમિયાન કરવાની હોય છે. કોઇના વાળ આંગળીમાં તરત ન આવે કે છટકી જાય એવા હોય તો તે માટે ભસ્મ અથવા રાખનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવે છે. વાળ ખેંચતી વખતે મસ્તકની ત્વચામાંથી લોહીની ટસર ફૂટે તો તે અટકાવવા ને મટાડવા માટે પણ ભસ્મ ઉપયોગી બને છે.

કેશ-લોચ મન ફાવે તેમ જમણી કે ડાબી બાજુ, આગળ કે પાછળ, ગમે ત્યાંથી કરાતો નથી. નિયમ પ્રમાણે કપાળની ઉપરના મધ્ય ભાગથી શરૂ કરી જમણી બાજુથી ડાબી બાજુ એમ નજીક નજીકના વાળના લોચ આવર્ત પ્રમાણે કરાય છે. જે જગ્યાએ વાળનો લોચ થઇ ગયો હોય તેની આજુબાજુમાં મસ્તકની ત્વચામાં એવી સંવેદના રહે છે કે જેથી ત્યાંથી લોચ કરવાનું સરળ પડે છે. વારંવાર લોચ કરવાથી મસ્તકની ચામડી એવી થઇ જાય છે કે જેથી સમય જતાં લોચની વેદના ઓછી રહે છે.

શ્વેતામ્બર પરંપરા પ્રમાણે જૈનોના સાધુના નીચે પ્રમાણે ૨૭ ગુણ બતાવવામાં આવે છે :

પાંચ વ્રતોને – પાળનાર ૫, રાત્રિ ભોજનનો ત્યાગ– ૧, છકાય જીવની રક્ષા–૬, પાંચ ઇન્દ્રિયો ઉપર સંયમ–૫, ત્રણ ગુપ્તિનું પાલન–૩, લોભ રાખે નહિ–૧, ક્ષમા ધારણ કરે–૧, ચિત્તને નિર્મળ રાખે–૧, પડિલેહણ કરે–૧,સંયમમાં રહે–૧. પરીષહો સહન કરે–૧, ઉપસર્ગ સહે–૧.

શ્વેતામ્બર પરંપરામાં કેશ-લોચને સાધુના મૂળ ગુણમાં ગણવામાં આવ્યો નથી. દિગમ્બર પરંપરા પ્રમાણે સાધુના અઠ્ઠાવીસ ગુણ ગણવામાં આવે છે, અને કેશ-લોચનો સમાવેશ સાધુના મૂલગુણમાં કરવામાં આવેલ છે. સાધુના અઠ્ઠાવીસ મૂલ ગુણ આ પ્રમાણે બતાવવામાં આવ્યા છે : પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઇન્દ્રિયોનો નિરોધ, છ આવશ્યક, કેશ-લોચ, અચેલકત્વ, અસ્નાન, ભૂમિશયન, અદંતધાવન, ઊભા ઊભા આહાર અને ૨૪ કલાકમાં એક વખત આહાર.

આમ શ્વેતામ્બર પરંપરા કરતાં દિગમ્બર પરંપરાગના સાધુઓમાં કેશ-લોચનું મહત્ત્વ ઘણું વધારે છે. તેઓ કેશ-લોચ જાહેરમાં અને કેટલીક વાર ઉત્સવપૂર્વક કરે છે.

કોઇપણ વ્યક્તિ દીક્ષિત થઇ જૈન સાધુ બને છે ત્યારે એનું મસ્તક મુંડવામાં આવે છે. અને ત્યાર પછી એને સાધુના વસ્ત્ર પહેરાવવામાં આવે છે. એ વખતે મસ્તક મુંડન હાથથી લોચ દ્વારા કરાય તો તે ઉત્તમ છે. કેટલેક ઠેકાણે તે પ્રમાણે જ કરાય છે, પરંતુ સમય અને સંજોગોનુસાર વ્યવહાર દૃષ્ટિએ ક્ષાતર કે અસ્ત્રાથી પણ મુંડન કરાય છે. દીક્ષા લેતી વખતે વ્યક્તિનું ધૈર્ય ઓછું હોય તો લોચના કષ્ટથી પહેલા દિવસે જ દીક્ષા પ્રતિ અભાવ થઇ જવાનો સંભવ રહે છે.

લોચની વેદના જેવી તેવી નથી. મસ્તક કરતાં મૂછ દાઢીના વાળ ખેંચવામાં વધુ વેદના થાય છે એથી મોઢા ઉપર સોજો આવી જાય કે ચુમડાં થાય છે. સ્વેચ્છાએ એ વેદના સહન કરવાની છે. વેદના જે પ્રમાણે સહન થાય તે ગતિએ લોચ કરાય છે. ક્યારેક પોતાને હાથે ન ફાવે તો સાધુઓ એક બીજા પાસે પણ લોચ કરાવી લે છે. ક્યારેક લોચની વેદના અતિશય વધી જાય તો સાધુ કે સાધ્વીને તમ્મર પણ આવી જાય છે. કેટલાક દૃઢ મનના અને સહિષ્ણુ ચિત્તવાળા સાધુ-સાધ્વીઓ તમ્મર આવી ગયા પછી પાછા જેવા સ્વસ્થ થાય કે તરત પોતાના લોચની ક્રિયા ચાલુ રખાવે છે. એટલા માટે જ કેશ-લોચની ક્રિયા એ જૈન ધર્મની મહિમાવંતી અદ્વિતીય ક્રિયા ગણાય છે.

લોચ કરવાને બદલે વાળ જેમ વધતા જાય તેમ તેમ ક્ષાતર કે અસ્ત્રાથી હજામ દ્વારા અથવા જાતે કાપી નાખવામાં આવે તો તેમાં શો વાંધો છે? એવો પ્રશ્ન કદાચ કોઇકને થાય. એનો ઉત્તર એ છે કે જૈન સાધુઓ અપરિગ્રહી, અકિંચન હોય છે. હજામ દ્વારા મુંડનમાં પૈસાનો વ્યવહાર આવે છે. જે સ્વીકાર્ય નથી. સાધુઓ અલ્પતમ એવા અનિવાર્ય ઉપકરણો પોતાની પાસે રાખે છે. ક્ષાતર કે અસ્ત્રાની એવી અનિવાર્યતા નથી. પોતાની પાસે ક્ષાતર-અસ્ત્રો ન રાખે પણ જરૂર પડે ત્યારે કોઇક જ પાસે મંગાવીને વાપરે તેમાં શો વાંધો ? એનો ઉત્તર એ છે કે ઘરબાર અને બધું જ ત્યાગ કરનાર-સર્વ વિરતિવાળા સાધુઓને તેમ કરવા જતાં આ બાબતમાં પરાધીન રહેવું પડે. માગવાનો અને પાછા આપવાનો વ્યવહાર વખતોવખત કરવો પડે. સાચા જૈન સાધુઓ તો અયાચક વૃત્તિવાળા હોય છે, એટલે લોચ કરવાથી સ્વાધીનપણાની ભાવનાને અને અયાચકવૃત્તિને પોષણ મળે છે. વળી ક્ષાતર- અસ્ત્રો વાપરવાથી વાળ સરખા કાપવાનો અને સારા દેખાવાનો ભાવ જાગવાનો સંભવ છે. સાધુને જ્યાં અરીસામાં મોઢું જોવાનું વર્જ્ય છે ત્યાં ક્ષાતર-અસ્ત્રા વાપરવા કરતાં લોચની ક્રિયા જ એમને માટે ઉત્તમ, સંયમપોષક છે.

ઉંમર, રોગ, વેદના સહન કરવાની અશક્તિ ઇત્યાદિને કારણે અપવાદરૂપ સંયોગોમાં કેશ-લોચને બદલે 'ક્ષુરમુંડન' (અસ્ત્રાથી મુંડન) અથવા 'કર્તરી મુંડન' (કાતરથી મુંડન) ની છુટ આપવામાં આવે છે. પરંતુ જેઓ ક્ષુર મુંડન કરતા હોય તેમણે દર મહિને અને કર્તરીમુંડન કરતા હોય તેમણે દર પંદર દિવસે મુંડન કરાવવું જોઇએ. ટૂંકામાં વાળ ગોલોમ કરતાં ન વધવા જોઇએ. જે સાધુઓના વાળ ઝડપથી વધી જતા હોય તેમણે વચ્ચે વચ્ચે પણ લોચ કરવાનું કહેવામાં આવ્યું છે.

તીર્થંકર પરમાત્મા જ્યારે ગૃહવાસ છોડીને, ઉપવનમાં જઇને સ્વયંદીક્ષિત થાય છે, ત્યારે તે પોતાને હાથે જ પોતાના મુખ અને મસ્તક ઉપરના વાળનો લોચ કરે છે. એ આરામાં એમનું શરીરબળ એટલું મોટું હોય છે કે એક સાથે ઘણા બધા વાળ મૂઠીમાં લઇ એક ઝાટકે ખેંચીને તેઓ કાઢી નાખે છે: ભગવાન મહાવીરે પંચ મુષ્ટિ લોચ કર્યો હતો. એટલે કે મુખ અને મસ્તક પરના તમામ વાળ પાંચ વખત મુઠ્ઠીમાં ભરાવીને એમણે ખેંચી કાઢયા હતા. ભગવાન ઋષભદેવે ચતુર્મુષ્ટિ લોચ કર્યો હતો. ભગવાન ઋષભદેવ માટે એમ કહેવાય છે કે એમણે ચાર મુષ્ટિ લોચ કર્યો, તે પછી ઇન્દ્ર મહારાજે તેમને બાકીનો એક મુષ્ટિ લોચ ન કરવા વિનંતી કરી. ભગવાને એમની વિનંતી માન્ય રાખી. એટલે એમના બાકીના વાળ બભા અને પીઠ ઉપર ઝુલતા રહ્યા હતા. આથી જ ઋષભદેવ ભગવાનની કેટલીક પ્રાચીન પ્રતિમાઓમાં બભા ઉપર વાળની લટ કોતરેલી જોવા મળે છે.

જૈન ધર્મની માન્યતા અનુસાર તીર્થંકર પરમાત્માના જે અતિશયો બતાવવામાં આવે છે તેમાં દેવકૃત અતિશય અનુસાર તેમના વાળ અને નખ વધતાં નથી. એક માન્યતા અનુસાર તીર્થંકર ભગવાન ગૃહવાસ છોડીને ઉપવનમાં જઇ ચતુર્મુષ્ટિ કે પંચમુષ્ટિ લોચ કરે તે પછી એમના વાળ વધતા નથી, કારણ કે ઇન્દ્ર એમના મસ્તક ઉપર વજ્ર ફેરવે છે.

વાળ એ શરીરની એક પ્રક્રિયાનો ભાગ છે. કેટલાક માણસોના શરીરમાં એવા ફેરફારો થાય છે કે જેથી અકાળે વાળ ખરી પડે છે, આગે માથે ટાલ પડે છે અને ફરી કયારેય વાળ ઊગતા નથી. બ્રહ્મચર્યના સંનિષ્ઠ પાલનથી શરીરમાં એવી આંતરિક પ્રક્રિયા થાય છે કે જેથી વાળની વૃદ્ધિ ઓછી થઇ જાય છે, અટકી જાય છે. કેટલીક વખત કેશ લોચ કર્યા પછી ફરી ત્યાં વાળ નહિ જેવા જ ઊગે છે. આ સૂક્ષ્મ આંતરિક પ્રક્રિયા બધાની એકસરખી હોતી નથી. તીર્થંકર પરમાત્માના પરમ ઔદારિક દેહમાં એવી અતિશયયુકત પ્રક્રિયા થતી હશે કે જેથી એમના વાળ વધતા નથી.

કેશ લોચમાં કષ્ટ સહન કરવાનું હોય છે, પરંતુ એનો સમાવેશ બાવીસ પ્રકારના પરીષહમાં કરવામાં આવ્યો નથી, કારણ કે પરીષહ એટલે આવી પડેલી પરિસ્થિતિમાં મનથી સહન કરવાનું કષ્ટ. જ્યારે કેશ લોચમાં તો પોતે પોતાની ઇચ્છા-અનુકુળતાનુસાર સ્વેચ્છાએ કષ્ટ ભોગવવાનું હોય છે.

માથા ઉપરના વાળ હાથે તોડવાથી કષ્ટ અનુભવાય છે. શરીરને સ્વેચ્છાએ આપેલું કષ્ટ એક પ્રકારની તપશ્ચર્યા બની જાય છે. એટલા માટે કેશલોચનો સમાવેશ કાયકલેશ નામની તપશ્ચર્યામાં કરવામાં આવે છે, સાધુ પોતે પોતાની ઇચ્છાનુસાર નિશ્ચય કરીને કેશ લોચ કરે છે. માટે આ કાયકલેશ નામની તપશ્ચર્યા કર્મની નિર્જરાનું કારણ બને છે.

કેશ લોચથી કષ્ટ સહન કરવાનો અભ્યાસ થાય છે. સહિષ્ણુતા વધે છે. ઇન્દ્રિય સુખમાંથી આસકિત નીકળી જાય છે; દેહાભિમાન ઓગળી જાય છે; દેહની મમતા દૂર થાય છે; સારા દેખાવાની વાસના ચાલી જાય છે; સરળતા, સ્વાભાવિકતા અને નિર્દોષતાના ગુણો ખીલે છે; સંયમપાલનમાં દૃઢતા આવે છે; આત્માને સ્વવશ કરી શકાય છે; કર્મની નિર્જરા થાય છે; અને સૂક્ષ્મ જીવોની પણ હિંસા ન થાય એટલી કોટિ સુધી અહિંસાના મહાવ્રતનું પાલન થાય છે.

એટલે જ કેશ-લોચનો મહિમા જૈન ધર્મમાં ઘણો મોટો છે.

સાધ્વીસંઘ અંગે વિનંતી

સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી

ભગવાન મહાવીરસ્વામીનો સાધ્વીસંઘ ત્યારે અને આજે કેટલો વિશાળ હતો અને છે! આજે તો સાધ્વીસંઘમાં નાની નાની ઉંમરના સાધ્વીજી મહારાજોને જોઇ, તેઓનો ત્યાગ જોઇ લોકોના મસ્તક નમી જાય છે. નાની ઉંમરમાં યુવાવસ્થામાં અને તે પણ આજના ભૌતિકયુગમાં ત્યાગ કરવો એ કાંઇ નાનીસૂની વાત નથી. સાધુપણું લેવું, ત્યાગ કરવો તેમાં મુખ્ય આશય તો આત્મકલ્યાણનો જ છે. આત્મકલ્યાણ કરવા માટે સમતા, સંયમ, સરળતા, નમ્રતા, વિવેક, અકિંચનતા, આચારવિચાર આ બધા જ ગુણોની આવશ્યકતા છે. આત્માર્થી સાધુતાની કસોટી પણ આજ છે. વિદ્વત્તા, અને વકતૃત્વ એ કાંઇ આત્માર્થી સાધુતાની કસોટી નથી. આ હકીકત છે. આવી આત્માર્થી સાધુતામાં સ્વકલ્યાણ રહેલું છે. આવા સ્વકલ્યાણેચ્છુઓનાં હાથથી જ સંઘ, સમાજ, દેશ અને રાષ્ટ્રનું કલ્યાણ થવાનું છે એ નિર્વિવાદ છે. પરંતુ આવો વર્ગ શિક્ષિત હોય તો કાર્ય ઘણી આસાનીથી થઇ શકે!

આજે સમય એવો આવ્યો છે કે લોકોમાં વ્યવહારિક શિક્ષણ વધી રહ્યું છે. શૈક્ષણિક ક્ષેત્રમાં જ્ઞાન અને વિજ્ઞાનની ક્ષેત્રમાં દુનિયા ખૂબ જ આગળ જઇ રહી છે. લોકોને આજના વિલાસી વાતાવરણમાં આધ્યાત્મિક ભૂખ પણ જાગી છે. ભાષા-બહેનોમાં પણ ઊંડે ઊંડે આસ્તિકતા રહેલી છે. ધાર્મિક ભાવના પણ જોવામાં આવે છે. 'ઝુકનેવાલા કોઈ હો તો ઝુકનેવાલી દુનિયા હૈ' આ કથનાનુસાર લોકોને ધર્મ માર્ગમાં રુચિ ઉત્પન્ન કરવી, વ્યસનોથી મુકત કરવા, આચારવિચારની તથા ખાનપાનની શુદ્ધિ તરફ વાળવા, સાદાઇ અને શ્રમની પ્રતિષ્ઠા સમજાવવી, આદર્શ ગૃહસ્થાશ્રમ રચવા પ્રેરવા, સમાજને નબળો બનાવતી કુપ્રથાઓ અને આડંબરો ઓછા કરી સંઘ, સમાજ, દેશની ઉન્નતિમાં પોતાનો ફાળો આપવાની ભાવના જગાડવી. ત્યાગને અપનાવી આધ્યાત્મિક ઉન્નતિ તરફ જવાની પ્રેરણા આપવી. સાંપ્રદાયિક સંકુચિતતાનો ત્યાગ કરી વ્યાપક વિશાળ ઉદાર ભાવના કેળવવાનું મહત્ત્વ સમજાવવું અને એ રીતે પ્રભુના શાસનની સાચી સેવા કરવાનું પ્રેમપૂર્વક સમજાવવામાં આવે તો એથી વ્યકિત અને સમાજ બન્નેને ઘણો લાભ થાય. આ કાર્ય માતૃશકિત દ્વારા સરલતા

પૂર્વક થઈ શકે છે.

પૂજ્ય પંજાબ કેશરી યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ ઘણીવાર કહેતાં કે 'આજ સુધી ધર્મની રક્ષા બહેનોએ કરી છે. અને બહેનો જ કરશે.' મહાત્મા ગાંધીજીએ પણ કહ્યું છે કે 'જીવનમાં જે કાંઇ પવિત્ર કે ધાર્મિક જેવું છે તેનું બહેનોએ વિશેષ સંરક્ષણ કર્યું છે.' આ ઉપર્યુક્ત વાતો વિચારતાં સહેજે ખ્યાલ આવે છે કે તેમાં પણ ત્યાગની મૂર્તિઓ સતી સાધ્વીઓ કેટલું બધું કાર્ય કરી શકે! આ સાધ્વી વર્ગ જ્યારે વિદ્યા અને જ્ઞાનના ક્ષેત્રમાં ખૂબ આગળ વધે. ચારિત્રબળ સાથે એમને જ્ઞાન વિદ્યાનું બળ મળે તો એમનામાં કેવું તેજ પ્રગટે? સાધ્વીઓમાં અભ્યાસ વધશે તો જ્ઞાન વધશે. સાચું જ્ઞાન અને સમજ વધશે તો લોકોપકારનું કાર્ય, સંઘ અને સમાજની ઉન્નતિનું કાર્ય તેઓ ઘણું ઘણું કરી શકશે. સમાજના મોવડીઓ, સંઘના આગેવાનોએ આ દિશામાં ખૂબ વિચારવાનું છે, ઘણું કરવાનું છે, ઘણું કરી શકે તેમ છે. પૂજ્ય આચાર્ય ભગવંતોનાં ચરણોમાં નમ્ર વિનંતી છે કે તેઓ ઉદારતાપૂર્વક આ માટે આજ્ઞા આપે. પૂ. સાધ્વીગુરુણીજી મહારાજો પણ પોતાના શિષ્યા-પ્રશિષ્યા સાધ્વીજી મહારાજોને આગળ વધારવા અભ્યાસી બનાવવા નિશ્ચય કરે. તેજસ્વી સાધ્વીજી મહારાજો પણ સ્વકલ્યાણાર્થે પ. ગુરુદેવો અને ગુરુણીજી મહારાજઓના ચરણોમાં નમ્ર ભાવે આ માટે વિજ્ઞપ્તિ કરે અને સાધ્વી સંઘ સ્વયંમેવ સ્વોન્નતિના શિખરે પહોંચવાની હિંમત અને ભાવના કેળવે!

આપણા સાધ્વીસંઘમાં તેજસ્વી અને વિદુષી સાધ્વીઓ સેંકડોની સંખ્યામાં તૈયાર થાય તેવી શક્યતા છે. જરૂર કેવલ તે દિશામાં સમજણ પૂર્વક પ્રયત્ન કરવાની છે.

અમુક સાધ્વીજી મહારાજોમાં તો અભ્યાસની, વિદ્યાપ્રાપ્તિની લગન અને શાસ્ત્રાભ્યાસની, તીવ્ર ઇચ્છા પણ જોવામાં આવે છે, પરંતુ તેઓને એ માટે અનુકૂળતા મળતી નથી. આ માટે શ્રી સંઘે ખાસ વ્યવસ્થા, વિશેષ સગવડ વહેલી તકે ઉભી કરવાની અતિ અત્યાવશ્યકતા છે.

ભારતની રાજધાની દિલ્હીની નજીક શહેરથી દૂર પ્રશાન્ત-વાતાવરણમાં ખેતરોની હરિયાળી વચ્ચે પ્રકૃતિના સાંનિધ્યમાં પૂજ્ય યુગદ્રષ્ટા અજ્ઞાનતિમિરતરણી આચાર્યશ્રી વિજયવલ્લભ-સૂરિશ્વરજી મહારાજનું મહાપાવન સ્મારક બની રહ્યું છે. જ્યાં શ્રી ભોગીલાલ લહેરચંદ નામથી એક શોધપીઠ પણ ચાલે છે. તેમાં ઉચ્ચ અભ્યાસીઓ સંશોધન સંપાદનનું કામ કરી રહ્યા છે. બાકી નાના નાના સાધ્વીજી તથા દીક્ષાર્થિ બહેનો માટે સંસ્કૃત, પ્રાકૃત, વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, ન્યાય આદિ જૈનું ધાર્મિક અભ્યાસની પૂર્ણ સગવડતા કરવામાં આવી છે. દીક્ષાર્થિ બહેનો માટે ઓછામાં ઓછા ત્રણ વર્ષ અને વિશેષ અભ્યાસ માટે પાંચ વર્ષનો અભ્યાસક્રમ નિયત કરવામાં આવ્યો. આગમોના અભ્યાસમાં શ્રી દશવૈકાલિકસૂત્ર, નંદીસૂત્ર, અનુયોગ-દ્વારસૂત્ર. શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર તેમજ આયારંગસૂત્ર સૂય-ગડાંગસૂત્ર છે આદિ અંગોના, દર્શનશાસ્ત્રનો યોગના ગ્રંથોનો કાવ્ય, સાહિત્ય વ્યાકરણનો સંસ્કૃત-પ્રાકૃત આદિ વિષયોનો તે તે વિષયના નિષ્ણાત પંડિતોને રાખીને અભ્યાસની વ્યવસ્થા થાય તો ન ધારેલું એવું સુંદર પરિણામ આવે. આ માટે વિદ્વાન શ્રાવકોની એક કમિટી જે સાધ્વીજી મહારાજોના અભ્યાસની પ્રગતિની તપાસ કરાવતી રહે, અને એક કુશળ સુત્રશ્રાવકની એવી બનાવવી જોઇએ જે સાધ્વીજી મહારાજો સંયમયાત્રા સાથે સ્વસ્થતાપૂર્વક જ્ઞાનાભ્યાસ કરી શકે તે વિષે જરૂરી વ્યવસ્થા કરે.

આપણે ત્યાં પૈસાની કમી નથી, ઉત્સવો અને બીજાં કાર્યોમાં ઉદારતાથી દ્રવ્ય વપરાય છે. ધર્મકાર્યો યોગ્યકાળે યોગ્ય-ક્ષેત્રે ભલે થતાં રહે, પરંતુ આ કાર્ય અતિમહત્વનું છે. આ દિશામાં સ્થાનકવાસી શ્રી સંઘે મુંબઇ ઘાટકોપરમાં શ્રમણીવિદ્યા-પીઠની સ્થાપનાનું ઘણું સુંદર કાર્ય કર્યું છે, તે સરાહનીય, અભીનંદનીય છે.

ગૃહસ્થો પોતાનાં વ્હાલાં બાળકોને ભણાવવા માટે બેડિંગમાં, પાઠશાળા અને વિદ્યાલયોમાં છેક પરદેશ સુધી મોકલે છે તો પૂજ્ય સાધ્વીજી મહારાજઓ પોતાના શિષ્યાઓને વિદુષીઓ બનાવવા ૨૦-૨૫ યા ૫૦-૧૦૦ માઇલ કેમ ન મોકલે? જરૂર મોકલે જેથી તેઓનું જીવન મહાન અને સંઘનું હિત સધાય અને દેશને ધર્મપ્રચારના ઉપકારનો લાભ મળે, અભ્યાસાર્થિ સાધ્વી સંઘના ગુરુણીજી મહારાજોને આથી વધારે શું વિનંતી કરું?

ધરમપુર આદિવાસી વિસ્તારનું સેવાકાર્ય

ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના આદિવાસી વિસ્તારમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સહયોગથી અનાડે ફાઉન્ડેશન દ્વારા છેલ્લાં થોડાં વર્ષથી સેવાકાર્ય ચાલી રહ્યું છે.

આ આદિવાસી વિસ્તારમાં ૨૫ થી ૩૦ કિ. મિ. સુધી જ્યાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નથી તેવા ૩૦ જેટલાં ગામોમાં હેલ્થ વર્કરો રાખી તેને તાલીમ આપી દરેક ગામમાં ઘર બેઠાં દવા મળી રહે તેવી વ્યવસ્થા શરૂ કરાવી છે. અત્યાર સુધીમાં ૧૮ થી ૨૦ માસમાં ૪૦ હજાર જેટલા દર્દીઓને દવા આપી છે. તેમાં લગભગ રૂા. ૭૫,૫૫૮/-જેટલો ખર્ચ કર્યો છે.

આ ઉપરાંત જંગલના ઊંડાણનાં વિસ્તારમાં જઇને ૨૦ જેટલા જનરલ મેડિકલ કેમ્પો ગોઠવ્યા હતા. આવા કેમ્પોમાં અત્યાર સુધીમાં કુલ ૪૭૦૪ જેટલા દરદીઓને સંપૂર્ણ સારવાર આપી હતી. આ કાર્યમાં ગુજરાત સરકારના આરોગ્ય ખાતાનો, ટ્રાયબલ સબપ્લાન અને જંગલ મંડળીઓનો પણ સહકાર મળ્યો હતો. ધરમપુર અને વલસાડના નિષ્ણાત ડોકટરોએ આ કાર્યમાં પુરો સહયોગ આપ્યો હતો.

મુંગા પશુઓમાં થતાં સરણગાંડ, તણછ, લકવો, ખરવાસ, મોહવાસ વગેરે રોગો માટેનાં ૧૪ જેટલા નિદાન અને સારવારના કેમ્પમાં કુલ ૨૭૬૪ જેટલાં ઢોરોને સારવાર આપી છે.

આ વિસ્તારમાં અપૂરતા પોષણના અભાવે લેપ્રસી, ટી. બી. ચામડીના રોગો વ્યાપક પ્રમાણમાં થાય છે. તે માટેની સારવારના આઠ જેટલા કેમ્પોમાં ૪૩૫ જેટલા દરદીઓને સંપૂર્ણ ફ્રી સારવાર અપાઇ છે.

અહીં મોટી ડોલર સામે ગરીબ કોળચા જાતના લોકો જે કુમામાં રહેતા હતા તેમના માટે સરકારશ્રી ગામલોકોના સહકાર મેળવી ઝુંપડા બાંધી આપવાનું કાર્ય આપણે કર્યું છે.

કેટલાક આદિવાસી વિસ્તારમાં અગાઉ સરકારશ્રી તરફથી પીવાના પાણી માટે બોરીંગ કરાવી હેન્ડપમ્પ બેસાડેલા તે લાંબા સમયના વપરાશથી કામ કરતા બંધ થતાં લોકોને પાણી માટે મુશ્કેલી પડતાં આવા પમ્પોને આપણે રીપેરીંગ કરાવી આપવાનું કાર્ય હાથ ધરી રશાળા વગેરે ગામોની પાણીની તકલીફ દૂર કરી છે.

આમ આ આદિવાસી વિસ્તારમાં 'સંધ' અને એનાડે ફાઉન્ડેશનના સંયુક્ત સહકારથી તબીબી અને કેળવણી ક્ષેત્રે એટલું સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું છે. 'સંધ'ના પ્રમુખ ડો. રમણલાલ સી. શાહ અને 'સંધની' કાર્યવાહક સમિતિ વિસ્તારોના આ વિસ્તારોની મૂલાકાત લઇ થયેલા કાર્યનું નિરીક્ષણ કરી નવા કાર્યોને પ્રોત્સાહન આપે છે. અનાડે ફાઉન્ડેશનના શ્રી કપૂરભાઇ ચંદેરિયા, શ્રી ભૂપતભાઇ ત્રિવેદી અને ધરમપુર વિસ્તારના સાથી મિત્રો માનવસેવાના આ અત્યંત મહત્ત્વના કાર્યમાં જાતે રસ લઇ, આ વિસ્તારોમાં ફરી આ સેવાકાર્યને નવું પરિમાણ બક્ષે છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

દાતાઓ તરફથી આવેલી રકમની યાદી

૧૦૦૦-૦૦ નવનીત પ્રકાશન
૧૦૦૦-૦૦ શ્રી શૈલેષભાઇ ઠાકોરી
૧૦૦૦-૦૦ ,, માણેકલાલભાઇ સવાણી
૧૦૦૦-૦૦ ,, વસનજી લખમશી શાહ
૧૦૦૦-૦૦ ,, જયંતિલાલ પી. શાહ
૧૦૦૦-૦૦ ,, શ્રી કપૂરચંદ ચંદેરિયા
૧૦૦૦-૦૦ ,, રસિકલાલ લહેરચંદ શાહ
૧૦૦૦-૦૦ ,, સી. એન. સંઘવી
૧૦૦૦-૦૦ ,, રજનીભાઇ વોરા
૧૦૦૦-૦૦ ,, એ. જે શાહ
૧૦૦૦-૦૦ ,, જ્યોત્સનાબેન શેઠ
૧૦૦૦-૦૦ ,, રમણલાલ સી. શાહ
૧૦૦૦-૦૦ ,, ચીમનલાલ જે. શાહ
૧૦૦૦-૦૦ ,, કે. પી. શાહ
૧૦૦૦-૦૦ ,, પ્રવીણચંદ્ર કે. શાહ
૧૦૦૦-૦૦ ,, ધનવંત ટી. શાહ
૧૦૦૦-૦૦ ,, ગણપતભાઇ મ. ઝવેરી
૧૦૦૦-૦૦ ,, જયંતિલાલ ફત્તેહચંદ શાહ
૧૦૦૦-૦૦ ,, બીપીનભાઇ જૈન
૧૦૦૦-૦૦ ,, સરબીબેન ભણશાળી
૧૦૦૦-૦૦ ,, સુશીબેન હીરાણી
૧૦૦૦-૦૦ ,, ગુલાબચંદ કરમચંદ
૧૦૦૦-૦૦ ,, જ્યોતિબેન પી. શાહ
૧૦૦૦-૦૦ ,, સુબોધભાઇ એમ. શાહ
૧૦૦૦-૦૦ ,, મફતલાલ ભીખાચંદ શાહ
૧૦૦૦-૦૦ ,, ચંદ્રકુમાર જે. શાહ
૧૦૦૦-૦૦ ,, રિમતાબેન કામદાર
૧૦૦૦-૦૦ ,, રૂપચંદજી ભણશાળી
૧૦૦૦-૦૦ ,, અરુણભાઇ પરીખ
૧૦૦૦-૦૦ ,, અરવિંદભાઇ ચોકસી
૧૦૦૧-૦૦ ,, પન્નાલાલ ર. શાહ
૧૦૦૧-૦૦ ,, જયાબેન ટી. શાહ
૧૦૦૧-૦૦ ,, ધીરજલાલ કુલચંદ શાહ
૧૦૦૧-૦૦ ,, ઉષાબેન મહેતા
૧૦૦૧-૦૦ ,, તરુણાબેન બીપીનભાઇ શાહ
૧૦૦૧-૦૦ ,, રમાબેન મહેતા
૧૦૦૧-૦૦ ,, કમલાબેન પીસપાટી
૧૦૦૧-૦૦ ,, પુષ્પાબેન પરીખ
૧૦૦૧-૦૦ ,, પણ્ણલેખાબેન દોશી
૨૫૧-૦૦ ,, હરિલાલ ગુલાબચંદ શાહ
૨૫૧-૦૦ ,, પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ
૨૫૧-૦૦ ,, બસંતલાલ ડી. નરસિંહપુરા
૨૫૧-૦૦ ,, જગમોહનદાસ દાસાણી
૨૦૧-૦૦ ,, ચંપકભાઇ અજમેરા

૧૧,૨૧૪-૦૦

ઋતંભરા વિદ્યાપીઠની વિદ્યાર્થિનીઓ માટે આપેલી સહાયની રકમ

૩૦૦૦-૦૦ શ્રી શૈલેષભાઇ ઠાકોરી
૧૫૦૦-૦૦ ,, પ્રવીણચંદ્ર કે. શાહ
૧૦૦૦-૦૦ ,, રસિકલાલ લહેરચંદ શાહ
૫૦૦-૦૦ ,, ચીમનલાલ જે. શાહ
૫૦૦-૦૦ ,, ગણપતભાઇ મ ઝવેરી
૫૦૦-૦૦ ,, ધનવંતભાઇ ટી. શાહ
૫૦૦-૦૦ ,, ચંદ્રકુમાર જે. શાહ
૫૦૦-૦૦ ,, જ્યોતિબેન પ્રમોદભાઇ
૫૦૦-૦૦ ,, રમણલાલ ચી. શાહ
૫૦૦-૦૦ ,, તરુણાબેન બિપિનભાઇ
૫૦૦-૦૦ ,, પુષ્પાબેન પરીખ
૫૦૦-૦૦ ,, રમાબેન મહેતા
૫૦૦-૦૦ ,, સુશિબેન હિરાણી
૫૦૦-૦૦ ,, જયાબેન વીરા
૫૦૦-૦૦ ,, જયંતિલાલ ફત્તેહચંદ શાહ
૫૦૦-૦૦ ,, રિમતાબેન કામદાર
૫૦૦-૦૦ ,, રૂપચંદજી ભણશાળી
૫૦૦-૦૦ ,, ઉષાબેન મહેતા
૫૦૦-૦૦ ,, સુબોધભાઇ એમ. શાહ
૫૦૦-૦૦ ,, નીરબેન શાહ
૫૦૦-૦૦ ,, મફતલાલ ભીખાચંદ શાહ

૧૪,૦૦૦-૦૦

પ્રગટ થઇ ચૂકયું છે—

જાણીતા તત્ત્વચિંતક અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી **સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહે** મુખ્યત્વે ઇ. સ. ૧૯૩૯થી ૧૯૭૧ સુધીના સમયગાળામાં લખેલા લેખોનું પુસ્તક-

'તત્ત્વવિચાર અને અભિવંદના'

સંપાદકો : ડો. રમણલાલ ચી. શાહ
પન્નાલાલ ર. શાહ અને
પ્રા. ગુલાબ દેઢિયા

ડેમી સાઇઝ, પાકું બાઇન્ડિંગ, પૃષ્ઠ સંખ્યા ૧૭૬+૮ કિંમત રૂ. ૩૫/૦૦ (ટપાલ ખર્ચ અલગ).

'સંઘ'ના પેટ્રનો અને આજીવન સભ્યોને આ પુસ્તક દસ ટકા કમિશનથી આપવામાં આવશે. આ માટે સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવો.

લિ. મંત્રીઓ

ઉપસર્ગ

(પૃષ્ઠ ૭૬થી ચાલુ)

સાધનામાંથી ચ્યુત થઈ જાય છે. જે સાચા મુમુક્ષુ સાધકો હોય છે તેઓ આવા અનુકૂળ ઉપસર્ગ વખતે પણ સજાગ રહે છે. પ્રલોભનોથી આકર્ષાઈને સંયમથી પતિત થતા નથી. એટલા માટે 'સૂત્રકૃતાંગ'માં કહ્યું છે :

संजाय पेसलं धम्मं दिट्ठिमं परिनिव्वुडे ।
उवसग्गे नियामित्ता आमाक्खाए परिव्वएज्जासि

ઉપસર્ગથી અસહ્ય પીડાતો; અશાતાનો અનુભવ થાય છે. એ અશાતા જ્યારે અનુભવાય છે. ત્યારે ચિત્ત સ્વસ્થ રહેવું એ ઘણી અઘરી વાત છે. અશાતા વખતે આશાતા કરનાર પ્રત્યે ક્રોધ, વેરભાવ, તેનો નાશ કરી નાખવાની વૃત્તિ વગેરે અશુભ આવેગો અનુભવાય છે અને તેથી નવું અશુભ કર્મ બંધાય છે. અશાતાના અનુભવ વખતે ચિત્તમાં જો સમતા અને સ્વસ્થતા રહ્યા કરે તો કર્મની ભારે નિર્જરા થાય અને નવું કર્મ બંધાય નહિ. પરંતુ એવી સ્થિતિએ તો કોઈ વિરલ મહાત્માઓ જ પહોંચી શકે.

'જ્ઞાનસાર'ના એક અષ્ટકમાં ઉપાધ્યાય યશોવિજયજી કહે છે :

विषं विषस्य वह्नेश्च वह्निरेव यदौषधम् ।
तत्सत्यं भवभीतानामुपसर्गेऽपि योजनम् ॥

વિષનું ઔષધ વિષ છે. અને અગ્નિનું ઔષધ અગ્નિ છે એ સાચું છે, કારણ કે ભવથી (સંસારથી) ભય પામેલાને ઉપસર્ગો પ્રાપ્ત થાય તો પણ ભય હોતો નથી.

મન, વચન અને કાયા એ ત્રણ દ્વારા શુભાશુભ કાર્યો બંધાય છે ઓછાં કાર્યો બંધાય એટલા માટે સાધુઓએ પાંચ મહાવ્રતના પાલન પાલન સાથે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું (મન ગુપ્તિ, વચન ગુપ્તિ અને કાય ગુપ્તિ એ ત્રણ ગુપ્તિનું) પાલન કરવાનું હોય છે. એમાં કાયગુપ્તિના બે પ્રકાર બતાવવામાં આવ્યા છે. (૧) ચેષ્ટા-નિવૃત્તિ રૂપ કાયગુપ્તિ અને (૨) યથાસૂત્ર ચેષ્ટા-નિયમિની કાયગુપ્તિ.

ઘોર ઉપસર્ગો વગેરે થવા છતાં જે મહાત્માઓ પોતાની કાયાને જરાય ચલાયમાન થવા નથી દેતા તે એમની ચેષ્ટાનિવૃત્તિરૂપ કાયગુપ્તિ છે. (કેવલી ભગવંતો ચૌદમા ગુણસ્થાનકે યોગ નિરોધ કરે છે તે પણ ચેષ્ટા નિવૃત્તિરૂપ કાયગુપ્તિ કહેવાય છે.) શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે કાયાનું મર્યાદિત સંયમિત. હલનચલન-ગમનાગમન કરવું તે યથાસૂત્ર ચેષ્ટાની નિયમિની કાયગુપ્તિ કહેવાય છે.

આથી જેમ જેમ કાયગુપ્તિનો અભ્યાસ થતો જાય તેમ તેમ ઉપસર્ગો સહન કરવાની, ઉપસર્ગ વખતે દૃઢ સમતા ધારણ કરવાની શક્તિ આવે છે. જે મહાત્માઓ દેહાતીતપણાના ભાવમાં મગ્ન હોય છે તેમને તો પોતાને ઉપસર્ગ થયાનો ખ્યાલ પણ નથી હોતો.

શ્રીમદ્ રાજચંદ્રે 'અપૂર્વ અવસર'માં કહ્યું છે :

'આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની, મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો; ઘોર પરીષહ કે ઉપસર્ગ ભયે કરી, આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો.'

ઉપસર્ગ અને કાયક્લેશ વચ્ચે તફાવત છે. ઉપસર્ગમાં આવી પડેલું કષ્ટ હોય છે. કાયક્લેશ નામની તપશ્ચર્યામાં સ્વેચ્છાએ હર્ષપૂર્વક કાયાને કષ્ટ આપવાનું હોય છે. એટલા માટે કાયાક્લેશની ગણના બાહ્ય તપના એક પ્રકાર તરીકે થાય છે. ગૃહસ્થ કરતાં સાધુ સંન્યાસીઓ આવું તપ વિશેષ કરતા હોય છે. ખીલા ઉપર સૂઈ જવું, અંગારા ઉપર ચાલવું, સૂર્ય સામે એકીટશે જોયા કરવું, હાથે પગે બેડીઓ પહેરી રાખવી, શરીરે ચાબખાનો માર મારવો ઇત્યાદિ પ્રકારની ક્રિયાઓ કાયક્લેશના પ્રકારો ગણાય છે એથી કર્મની નિર્જરા થાય છે, પરંતુ એમાં સાધક સામેથી હર્ષ કે સ્વેચ્છાપૂર્વક એવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે એટલે એને ઉપસર્ગ કહી શકાય નહિ.

પરીષહ અને ઉપસર્ગ વચ્ચે તાત્ત્વિક ભેદ એ છે કે પરીષહ સામાન્ય રીતે સહ્ય હોય છે. એમાં તાત્કાલિક મૃત્યુનો ડર નથી હોતો. ઉપસર્ગ વધુ ભયંકર હોય છે. કેટલાક ઉપસર્ગો સામે માણસ ટકી શકે છે, તો કેટલાક ઉપસર્ગો મરણાન્ત હોય છે. પરીષહ કરતાં ઉપસર્ગમાં માણસની વધુ કસોટી થાય છે. ભગવાન પાર્શ્વનાથ, ભગવાન મહાવીર તીર્થંકરોના જીવનમાં પણ ઉપસર્ગોની ઘટના બની છે, પરંતુ તેઓ ઉપસર્ગથી ચલિત થયા નથી. તીર્થંકરો ઉપસર્ગને નમાવનારા હોય છે. માટે તેઓ નમસ્કારને યોગ્ય હોય છે. એટલા માટે કહેવાયું છે :

रागदोसकसाइ इंदियाणि अ पंच वि ।
परिसहे उवसग्गे नामयंता नमोऽरिहा ॥

(રાગ, દ્વેષ, કષાય, પાંચ ઇન્દ્રિયો, પરીષહ અને ઉપસર્ગને નમાવનાર અરિહંતોને નમસ્કાર હો.)

इंदियविसय कसाये परिसहे वेयणा उवसग्गे ।
एए अरिणो हन्ता अरिहंता तेण वुच्चंति ॥

(ઇન્દ્રિય, વિષય, કષાય, પરીષહ વેદના, એ એ દુશ્મનોને હણનાર હોવાથી તેઓ અરિહંત કહેવાય છે.)

તીર્થંકર પરમાત્માઓ પણ ઉપસર્ગથી મુકત નથી હોતા. પૂર્વે કરેલાં ભારે નિકાચિત કર્મોનો ઉદય થાય ત્યારે તે ભોગવવા જ પડે છે. ભગવાન મહાવીરે જ્યારે સંસારત્યાગ કર્યો ત્યારે ઇન્દ્રો એમને પ્રાર્થના કરી હતી કે 'હે પ્રભુ! આપને ઉપસર્ગો ઘણા છે, માટે બાર વર્ષ સુધી હું આપનું રક્ષણ કરવા, આપની વૈયાવચ્ચ કરવા આપની સાથે રહું. પરંતુ ઇન્દ્રની એ સેવાનો પ્રભુએ અસ્વીકાર કર્યો હતો. કારણ કે પ્રભુ તો પોતાનાં ભારે કર્મો ખપાવવા માટે ઘોર ઉપસર્ગો સહન કરવા તૈયાર હતા. પોતાના કર્મો ખપે એટલા માટે તો તેઓ સ્વેચ્છાએ જાણી જોઈને લાઢ પ્રદેશમાં, અનાર્ય પ્રદેશમાં ગયા હતા.

ઘાતી કર્મોના ક્ષય થયા પછી, એટલે કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તીર્થંકરો જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં બધી દિશાઓમાં મળી કુલ સવાસો યોજન જેટલા વિસ્તારમાં રોગ, વેર, ઉંદર, તીડ વગેરેનો ઉપદ્રવ. મરકી અતિવૃષ્ટિ, અવૃષ્ટિ, દુકાળ, રમખાણો, બળવો, વિદેશી સત્તા સાથે યુદ્ધ ઇત્યાદિ પ્રકારના ઉપસર્ગો થતા નથી તીર્થંકર પરમાત્માઓના જીવનમાં ઘાતી કર્મોના ક્ષયને કારણે જે અતિશયો થાય છે. તેને પરિણામે પોતે જ્યાં વિચરતા હોય ત્યાં સવાસો યોજનના વિસ્તારમાં આવા ઉપસર્ગોનો અભાવ હોય છે.

ઉપસર્ગો દ્વારા ઘોર ઘાતી કર્મોનો ક્ષય થાય છે. સાધક મહાત્મા પોતાના જીવનમાં જ્યારે આવા ઉપસર્ગો આવી પડે છે ત્યારે તેનાથી બચવાનો પ્રયત્ન કરવાને બદલે પોતાનાં કર્મક્ષયને માટે આ અપૂર્વ અવસર છે એમ સમજીને સમતા ભાવથી તે ઉપસર્ગોને સહન કરી લે છે. તેઓ ઉપસર્ગ કરનાર અને ક્ષુદ્ર ઉપસર્ગો પ્રત્યે પણ મૈત્રી ભાવ રાખે છે. એક મહાત્માએ તો ઉપસર્ગોને સંબોધીને કહ્યું છે કે 'હે ઉપસર્ગો! તમારો મારા ઉપર કેટલો બધો ઉપકાર છે! તમે જો આ સંસારમાં ન હો તો નિકાચિત ભયંકર ઘાતી કર્મોનો ક્ષય કરવામાં મને બીજું કોણ મદદ કરત. તમે છો એટલે જ અનેક મહાત્માઓ પોતાના ઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય કરીને મુક્તિપંથગામી બની શક્યા છે.'

મૃત્યુને આણનારા બિહામણા ઉપસર્ગો પ્રત્યે પણ કેવી સરસ સવળી તાત્ત્વિક દૃષ્ટિ જૈન ધર્મમાં પ્રવર્તે છે!

—રમણલાલ ચી. શાહ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી રવિવાર તા. ૩૧-૮-'૮૬ થી સોમવાર, તા. ૮-૯-'૮૬ સુધી એમ નવ દિવસની વ્યાખ્યાનસભાઓ બિરલા ક્રીડા કેન્દ્ર ચોપાટી, મુંબઇ-૪૦૦૦૦૭ મધ્યે યોજવામાં આવી છે. આ નવે ય દિવસની વ્યાખ્યાન સભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૯-૩૦ થી ૯-૨૦ અને ૯-૩૦ થી ૧૦-૨૦ એમ રોજ બે વ્યાખ્યાનો રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :-

દિવસ		વ્યાખ્યાતા	વિષય
રવિવાર,	૩૧-૮-'૮૬	૧. શ્રી શશિકાન્ત મહેતા	જૈનં જયતિ શાસનમ્
		૨. પૂ. રાકેશ મુનિ	ધર્મ – જીનેકી કલા
સોમવાર,	૧-૯-'૮૬	૧. શ્રી નેમચંદ ગાલા	શ્રીમદ્ રાજચંદ્ર
		૨. પૂ. દેવેન્દ્રકીર્તિ ભટ્ટારક	દક્ષિણ ભારતમેં જૈન સંસ્કૃતિ
મંગળવાર,	૨-૯-'૮૬	૧. શ્રી વિશ્વનાથ સચદે	માનવ મૂલ્ય
		૨. પ્રો. કિશોરભાઈ દવે	સ્યાદ્વાદ અને ગીતા
બુધવાર,	૩-૯-'૮૬	૧. ડૉ. ચીનુભાઇ નાયક	પથ્થર લઇ કહો કેમ તરીએ ?
		૨. શ્રી અજિત શેઠ	રવીન્દ્ર-સાહિત્યમાં નારી
		(ગાન-શ્રીમતી નિરુપમા શેઠ)	
ગુરુવાર,	૪-૯-'૮૬	૧. ડૉ. રમણલાલ ચી. શાહ	પ્રભાવના (દર્શનાચાર)
		૨. પૂ. મોરારી બાપુ	ધર્મ અને સમાજ
શુક્રવાર,	૫-૯-'૮૬	૧. શ્રી રામુ પંડિત	ઉત્તમતા માટેની ખોજ
		૨. પ્રો. રમેશભાઈ દવે	ગુરુ – અધ્યાત્મ માર્ગની આવશ્યકતા
શનિવાર,	૬-૯ ૮૬	૧. ડૉ. શેખરચંદ્ર જૈન	અહિંસાકી સાધના હી ધર્મસાધના
		૨. શ્રી જયેન્દ્ર ત્રિવેદી	મૈથિલીશરણ ગુપ્ત
રવિવાર,	૭-૯-'૮૬	૧. ડૉ. સાગરમલજી જૈન	ભગવાન પાર્શ્વનાથ ઔર ઉનકી પરંપરા
		૨. શ્રી સત્યનારાયણ ગોયન્કા	વિપશ્યના સાધના
સોમવાર,	૮-૯-'૮૬	૧. પ્રો. તારાબેન ર. શાહ	ગુરુ ગૌતમસ્વામી
		૨. શ્રી ભંવરલાલ નાહટા	અપરિગ્રહ

વ્યાખ્યાનમાળાની શરૂઆતમાં દરરોજ પ્રાર્થના અને ભજનો રજૂ કરશે અનુક્રમે શ્રી સંજય શાહ, કુમારી તેજલ દોશી અને શ્રીમતી બસંતી રાજ, શ્રીમતી મીનળબહેન દફ્તરી, શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી, શ્રીમતી અરુણિકાબહેન શેઠ, શ્રી મનમોહન સહગલ, શ્રી ભરતભાઈ પાઠક અને શ્રીમતી શારદાબહેન ઠક્કર, શ્રીમતી બેરોઝ ચેટરજી, શ્રીમતી શોભાબહેન સંઘવી

આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, શુભેચ્છકો તથા મિત્રોને પ્રેમભર્યું નિમંત્રણ છે.

લિ.

કે. પી. શાહ

પન્નાલાલ ર. શાહ

મંત્રીઓ

પ્રકાશક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૧૦

મુંબઇ તા. ૧૬-૬-'૮૬ અને તા.
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છુટકનકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

પ્રભાવના

'પ્રભાવના' શબ્દ જૈનોમાં વિશેષ પ્રચલિત છે. મંદિરોમાં, ઉપાશ્રયોમાં કેટલીકવાર 'પ્રભાવના' વહેંચવામાં આવે છે. દેરાસરમાં સ્નાત્ર પૂજા કે કોઇ મોટી પૂજા પછી કે અન્ય કોઇ ધાર્મિક અનુષ્ઠાન પ્રસંગે એમાં ભાગ લેનારા કે ઉપસ્થિત રહેનારા સૌ કોઇને પતાસાં, શ્રીફળ, લાડુ, રોકડ નાણું, સિક્કા કે એવી કોઇ ચીજ વસ્તુઓ ભેટ તરીકે આપવામાં આવે છે. ઉપાશ્રયમાં વ્યાખ્યાન પછી, જાપ પછી, પ્રતિક્રમણ પછી કે એવી કોઇ સામુદાયિક ધાર્મિક વિધિ પછી કેટલીકવાર સૌ કોઇને કોઇ ચીજવસ્તુની ભેટ આપવામાં આવે છે. કોઇ ગૃહસ્થના ઘરે તપશ્ચર્યા વગેરેના કોઇ મંગલ પ્રસંગે કે ભક્તિ સંગીતના પ્રસંગે પણ ભેટ અપાય છે. ધર્મના ક્ષેત્રે, ધર્મના પ્રસંગે, ધર્મના નિમિત્તે અપાતી ભેટ કે લ્હાણી માટે જૈનોમાં 'પ્રભાવના' શબ્દ સુપ્રચલિત છે. જેનાથી ધર્મનો પ્રભાવ વધે, અર્થાત્ જેનાથી ધર્મ પ્રત્યે લોકોની પ્રીતિ કે રુચિ વધે, ધર્મ પ્રત્યે આકર્ષણ થાય એવા નિમિત્તને માટે અપાતી વસ્તુ માટે 'પ્રભાવના' શબ્દ સ્થૂલ અર્થમાં રૂઢ થઇ ગયો છે. બાલ જીવોને લક્ષમાં રાખી આવો શબ્દ પ્રયોજાયેલો છે. પણ 'પ્રભાવના'નો આ સ્થૂલ અર્થ છે. એનો સૂક્ષ્મ અર્થ એથી પણ વધુ મહત્ત્વનો છે.

પ્રભાવના શબ્દ 'પ્ર + ભાવના' એ રીતે આવેલો છે. પ્ર. એટલે વિશેષ. પ્રભાવના એટલે વિશેષપણે પ્રવર્તતી ભાવના. વ્યવહારથી કેટલાક એવો અર્થ કરે છે કે ભાવના એટલે પોતાનામાં રહેલી શુભ ભાવના અને પ્રભાવના એટલે પોતાનામાં તથા અન્યમાં પ્રવર્તાવાતી શુભ ભાવના. 'પ્રભાવના' શબ્દ અન્યને લક્ષીને વિશેષ પ્રયોજાય છે.

પ્રભાવના શબ્દ 'પ્રભા ઉપરથી આવેલો પણ મનાય છે. 'પ્રભા' એટલે વિશિષ્ટ તેજ અથવા પ્રકાશ. પ્રભાવ એટલે વિશિષ્ટ અસર. જે ક્રિયાથી આત્માનું તેજ વધે તે ક્રિયાને 'પ્રભાવના' કહી શકાય.

પ્રભાવનાના નિશ્ચય પ્રભાવના અને વ્યવહાર પ્રભાવના એવા બે પ્રકાર બતાવવામાં આવે છે. નિશ્ચય પ્રભાવનાની સમજણ આપતાં કહેવાયું છે :

सम्यग्दर्शनज्ञानचारित्ररत्नत्रयप्रभावेन आत्मन :
प्रकाशनं प्रभावनम् ।

સમ્યગ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી રત્નત્રયના પ્રભાવથી આત્માને પ્રકાશમાન કરવો એનું નામ પ્રભાવના છે.

विज्जारहमारूढो मणोरहपहेसु भमइ जो चेदा ।
सो जिणणाणपहावी सम्मदिट्ठी मुणेयव्वो ॥

જે આત્મા વિદ્યારૂપી રથ ઉપર આરુઢ થઇને જ્ઞાનરૂપી રથના માર્ગમાં ભ્રમણ કરે છે તે જિનેશ્વર ભગવાનના જ્ઞાનની પ્રભાવના કરનાર સમ્યગદૃષ્ટિ જીવ છે એમ કહેવાય છે.

मोहारितिक्षते : शुद्ध : शुद्धाच्छुद्धतरस्तत : ।
जीवं : शुद्धतम : कश्चिदस्तीत्यात्मप्रभावना ॥

મોહરૂપી શત્રુનો નાશ કરતા જઇ શુદ્ધમાંથી શુદ્ધતર અને શુદ્ધતરમાંથી શુદ્ધતમ ભૂમિકા ઉપર પહોંચવાનો પુરુષાર્થ તે આત્મ પ્રભાવના છે:

વળી કહેવાયું છે કે વ્યવહારરૂપી પ્રભાવનાના ગુણથી મિથ્યાત્વ તથા વિષય-કષાય વગેરેનાં વિભાવનો નાશ કરીને શુદ્ધોપયોગ દ્વારા પોતાના શુદ્ધાત્માને પ્રકાશમાન કરવો એનું નામ પ્રભાવના છે.

આમ પ્રભાવના એટલે પ્રગટ કરવું, પ્રકાશિત કરવું, ઉદ્યોત કરવું. આ પ્રમાણે પોતાના જ્ઞાનને નિરંતર વધારતા જવું એને નિશ્ચય દૃષ્ટિએ પ્રભાવના કહેવામાં આવે છે.

વ્યવહાર પ્રભાવના એટલે એવી ધર્મક્રિયા કે જેનાથી ધર્મનો પ્રભાવ વધે. અર્થાત્ ઘણાં લોકો ધર્મ પ્રત્યે આકર્ષાય. ધર્મનો પ્રભાવ ઘણી જુદી જુદી રીતે થઇ શકે છે. એટલે પ્રભાવનાના જુદા જુદા પ્રકાર દર્શાવવામાં આવે છે.

સંસારમાં તરણતારણની દૃષ્ટિએ ચાર પ્રકારના જીવો બતાવવામાં આવે છે. કેટલાક એવા જીવો હોય છે કે જે પોતાના આત્માનું કલ્યાણ કરી શકે છે, પણ બીજા કોઇનું કલ્યાણ કરતા નથી. જિનકલ્પી સાધુઓ એ પ્રકારના હોય છે. કેટલાક એવા જીવો હોય છે, જે બીજાનું કલ્યાણ કરી શકે છે. પરંતુ ખુદ પોતાનું આત્મકલ્યાણ કરી શકતા નથી, કારણ કે પોતે જે ઉપદેશ આપે છે તે ઉપદેશમાં પોતાને જ શ્રદ્ધા હોતી નથી. અભવ્ય જીવો આ પ્રકારના હોય છે. કેટલાક જીવો એવા હોય છે કે જે બીજા અનેક જીવોને ધર્મના કલ્યાણ-પંથે વાળે છે. અને પોતાનું પણ આત્મકલ્યાણ બરાબર કરે છે. તીર્થંકરોના જીવો આ પ્રકારના હોય છે. તદુપરાંત કેટલાક સમ્યગ દૃષ્ટિ આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓ વગેરે આ પ્રકારના હોય છે. કેટલાક જીવો એવા હોય છે કે જે પોતાનું

કલ્યાણ કરી શકતા નથી અને બીજા કોઇનું કલ્યાણ કરવાને સમર્થ નથી હોતા. મિથ્યા દૃષ્ટિ સામાન્ય જીવો આ પ્રકારના હોય છે.

જે જીવો સ્વકલ્યાણ સાધવા સાથે અનેક જીવોને ધર્મના પંથે વાળી શકે છે તેઓ ધર્મની પ્રભાવના વિશેષપણે કરી શકે છે. જે વ્યક્તિને ધર્મતત્ત્વમાં રુચિ અને શ્રદ્ધા હોય અને તેની સહજ સાચી પ્રતીતિ અનુભવી હોય તે જ વ્યક્તિ પોતાની વિશિષ્ટ શક્તિ વડે બીજાની પાસે ધર્મની વાત વધુ અસરકારક રીતે રજૂ કરી શકે. જેને પોતાને જ ધર્મમાં શ્રદ્ધા ન હોય તેવી વ્યક્તિ બીજાની પાસે ધર્મની વાત અસરકારક રીતે મૂકી ન શકે; પોતાની વાચાળ શક્તિથી કદાચ મૂકે તો પણ એની અસર ઝાઝો સમય ટકે નહિ.

આમ ધર્મની પ્રભાવના કરવા માટે ધર્મમાં સાચી સમજણપૂર્વકની ઊંડી શ્રદ્ધાની પ્રથમ આવશ્યકતા છે. સમ્યગ દૃષ્ટિ વ્યક્તિ જ ધર્મની સારી પ્રભાવના કરી શકે. એટલા માટે પ્રભાવનાને સમ્યગ દર્શન સાથે ગાઢ સંબંધ છે એટલા માટે પ્રભાવના એ દર્શનાચારનો વિષય છે.

જૈન ધર્મ આચારપ્રધાન ધર્મ છે. દરેકે દરેક વિષયમાં શું શું કરવા યોગ્ય છે અને શું શું ન કરવા જેવું છે તેની વિગતે છણાવટ જૈનધર્મમાં કરવામાં આવી છે. મોક્ષમાર્ગમાં સહાયરૂપ ત્રણ મુખ્ય તત્ત્વ છે : સમ્યગદર્શન. સમ્યગજ્ઞાન અને સમ્યગચારિત્ર. એ ત્રણેને પુષ્ટિ આપવા માટે તપ અને વીર્ય ઉપર પણ એટલો જ ભાર મૂકવામાં આવ્યો છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પંચાચારની નિરતિચાર શુદ્ધિ વૃદ્ધિ માટે કેટલાક આચારો દર્શાવવામાં આવ્યા છે. (૧) વિધિપૂર્વક દોષરહિત થઇને જ્ઞાન ગ્રહણ કરવું તે જ્ઞાનાચાર છે. (૨) શંકા વગેરે દોષોનો ત્યાગ કરીને શુદ્ધ સમ્યક્ત્વની સાચી આરાધના કરવી તે દર્શનાચાર છે. (૩) પાંચ પ્રકારની સમિતિ અને ત્રણ પ્રકારની ગુપ્તિનું શુદ્ધ પાલન કરવું તે ચારિત્રાચાર છે. (૪) આત્મકલ્યાણને માટે બાર પ્રકારનું તપ યથાશક્તિ કરતા રહીને કર્મની નિર્જરા કરવી તે તપાચાર છે. (૫) ધર્મકરણીમાં શક્ય તેટલી શક્તિ સ્ફૂરાવવી તે વીર્યાચાર છે.

દર્શનાચારના આઠ પ્રકાર શાસ્ત્રકારોએ નીચે પ્રમાણે બતાવ્યા છે :

નિસ્સંકિય નિક્કંખિય,
નિવ્વતિગિચ્છા અમૂઢ દિટ્ઠિય;
ઉવવૂહ થિરીકરણે,
વચ્છલ પભાવણે અટ્ઠ.'

(૧) નિઃશંકિત - જિનવચનમાં સંશય ન રાખવો (૨) નિઃકાંક્ષિત-અન્ય મિથ્યા દર્શનોની આકાંક્ષા ન કરવી (૩) નિર્વિચિકિત્સા-સાધુઓનાં મલિન વસ્ત્ર જોઇ દુર્ગંછા ન કરવી, જુગુપ્સા ન કરવી અથવા ધર્મના ફળ વિશે સંશય ન કરવો. (૪) અમૂઢતા-વિદ્યાવંત કુતીર્થિકની ઋદ્ધિ કે ઠાઠમાઠ દેખીને ચલિત ન થઇ જવું (૫) ઉપબૃંહણા-સાધર્મિક જીવોના દાનશીલાદિ સદ્‌ગુણોની પ્રશંસા, અનુમોદના કરવી અને તેના સદ્‌ગુણોની વૃદ્ધિ થાય તેમ કરવું (૬) સ્થિરી કરણ-ધર્મમાંથી ચલિત થવા જતા જીવોને ધર્મ માર્ગમાં પુનઃ સ્થિર કરવા (૭) વાત્સલ્ય-સાધર્મિકોની ભોજન-વસ્ત્રાદિ દ્વારા બહુમાનપૂર્વક ભક્તિ કરવી અને તેમનું વત્સલતાથી હિત ચિંતવવું (૮) પ્રભાવના -પ્રવચન, ધર્મકથા, વાદી વિજય, દુષ્કર તપ, વગેરે કરવા દ્વારા ધર્મનો પ્રભાવ વધારવો. એવાં કાર્યો કરવા કે જેથી અન્ય લોકો પણ ધર્મની પ્રશંસા, અનુમોદન કરે કે ધર્મ સ્વીકારવા પ્રેરાય.

ધર્મની પ્રભાવના સર્વોત્તમ રીતે તો તીર્થંકર પરમાત્મા જ કરતા હોય છે. એમની અનુપસ્થિતિમાં પ્રભાવક આચાર્ય ભગવંતો, પ્રભાવક ઉપાધ્યાય ભગવંતો, પ્રભાવક સાધુ ભગવંતો વગેરે ધર્મનો ઘણો સારો પ્રભાવ કરે છે. પ્રભાવનાનો સમ્યક્ત્વ સાથે સંબંધ છે સમકિતના સડસઠ બોલમાં પ્રભાવનાનો નિર્દેશ એ વખત કરવામાં આવ્યો છે. સમકિતના પાંચ ભૂષણમાંનું એક ભૂષણ તે પ્રભાવના છે. આ દર્શાવે છે કે સ્વ-પર ઉપકારક એવી પ્રભાવનાનું મહત્ત્વ કેટલું બધું છે. પ્રભાવના એટલા માટે તીર્થંકર નામકર્મના કારણરૂપ મનાય છે.

'જો હોવે મુજ શક્તિ ઇસી,
સવિ જીવ કરું શાસનરસી.'

-એવી ભાવદયા દ્વારા તીર્થંકર નામકર્મની નિકાચના થાય છે. જે ધર્મ-પ્રભાવનાના મૂળમાં રહેલી છે.

પોત પોતાના ધર્મનો પ્રચાર કરવાનું સૌ કોઇને ગમે. પોતાના ધર્મમાં અન્ય લોકોને રસ લેતાં જોઇને અથવા પોતાનો ધર્મ સ્વીકારતા આચરતા જોઇને સૌ કોઇને આનંદ થાય એ સ્વાભાવિક છે. દુનિયામાં બધા જ ધર્મો સમાન, એકસરખા છે એમ કહેવું તત્ત્વની દૃષ્ટિએ વાજબી નથી. દરેક ધર્મને પોતાની કંઇક વિશેષતા હશે. તો પણ માત્ર વ્યાવહારિક સદાચારની ભૂમિકા ઉપરથી ઊંડા આત્મતત્ત્વની વિચારણા સુધી જનારા ધર્મો ઘણા ઓછા છે. તેમાં પણ સમગ્ર જીવસૃષ્ટિને આવરી લેનાર, સંસારની સમગ્ર ઘટનાઓનો સકારણ પ્રતીતિકર ખુલાસો આપનાર, આત્મતત્ત્વની ગહન વિચારણા કરનાર ધર્મ વિરલ છે.

ધર્મનો પ્રચાર થાય એ ગમતી વાત છે, પરંતુ 'પ્રચાર' શબ્દ બીજા વિશ્વયુદ્ધ પછી વર્તમાન સમયમાં કંઇક વગોવાયેલો છે. અસત્યનું વારંવાર પુનરુચ્ચારણ કરવાથી તે સત્ય જેવું ભાસે છે એવી યુદ્ધનીતિ જાણીતી છે.

જગતમાં કેટલાક ધર્મોનો ફેલાવો તલવારના જોરે કે બંદૂકની અણીએ થયો છે. બળજબરીથી ધર્મની વટાળ પ્રવૃત્તિ ઇતિહાસે જોઇ છે. અન્ય ધર્મીઓની જ્યારે સામુદાયિક કતલ કરવામાં આવી છે ત્યારે પોતાના પ્રાણ બચાવવાને માટે માણસે ધર્માંતર કર્યું છે. કયારેક રાજાનો ધર્મ પ્રજાએ સ્વીકાર્યો છે અને રાજા ધર્માન્તર કરે ત્યારે પ્રજા પણ ધર્માન્તર કરે એવી ઘટનાઓ પણ બની છે. ગરીબ, અજ્ઞાન લોકોને પૈસા અને ચીજ વસ્તુઓ દ્વારા લલચાવીને તેમની પાસે ધર્માન્તર કરાવવામાં આવ્યું ધર્મ પ્રચારમાં અસત્યનો, અનીતિનો, લાલચનો, છેતરપિંડીનો, ત્રાસવાદનો આશ્રય પણ કેટલીકવાર લેવાયો છે. આવી રીતે થતો ધર્મપ્રચાર વ્યાપક ભલે ગમે તેટલો થાય પરંતુ તેમાં ઉંડાણ નથી હોતું એ આચરનારા લોકો પણ સપાટી પરનું ધર્માચરણ કરતા હોય છે.

પોતાના ધર્મનો પ્રચાર પ્રામાણિકતાથી કરવામાં આવે એને માટે 'પ્રચાર' શબ્દ કરતાં 'પ્રસાર' શબ્દ વધુ યોગ્ય છે. પરંતુ કયારેક એમાં સંખ્યા વધારવાની લાલચમાં ધર્મના મૂળભૂત સિદ્ધાંતોનો ભોગ અપાય છે. અનેક લોકો પ્રેમથી ધર્મ સ્વીકારે છે, પરંતુ એના હાર્દ સુધી કોણ લોકો પહોંચે છે. રાજ્યસત્તાના આશ્રયે અથવા પુષ્કળ નાણાં ખર્ચીને, ભાડૂતી ધર્મ પ્રચારકો રોકીને ધર્મનો પ્રચાર કરાવાય છે. એવા

(અનુસંધાન પૃષ્ઠ ૧૦૫ ઉપર)

ભ્રષ્ટાચારનો આંતરરાષ્ટ્રીય વ્યાપ

વિજયગુપ્ત મૌર્ય

દેશના જાહેરજીવનમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર તરફ જ્યારે શ્રીમતી ઇન્દિરા ગાંધીનું ધ્યાન ખેંચવામાં આવતું હતું ત્યારે તેઓ કહેતાં હતાં કે હા, ભ્રષ્ટાચાર તો છે પરંતુ ટીકાકારો કહે છે એટલો બધો નહિ છતાં તે દૂર કરવાના પ્રયાસો થતા રહે છે.

આ આશ્વાસન ગળે ઊતરે તેવું નથી. તે પછી તો ભ્રષ્ટાચાર એટલો બધો વધી ગયો છે કે કેટલીક મહિલા અધિકારીઓ પણ લાંચ લેવા લાગી છે. બીજા દેશોમાં પણ ભ્રષ્ટાચાર છે તેમ કહીને આપણે મિથ્યાસંતોષ માનવો નથી માગતા, પરંતુ બીજા કેટલાક દેશોમાં જે ભ્રષ્ટાચાર છે તેની સરખામણીમાં આપણા ભ્રષ્ટાચારીઓ ઊભા રહી શકે નહિ; આપણા પડોશીઓની વાત કરીએ તો પાકિસ્તાન વિષે તો જેટલું કહીએ તેટલું ઓછું છે. જ્યાં લશ્કરી કાયદો હોય અને પ્રમુખ પોતે લશ્કરી સેનાપતિ હોય ત્યાં રાજકર્તાઓની દાનત સાફ હોય તો સમાજમાં અને સરકારી તંત્રમાં ઘણા સુધારા કરીને રાજ્યને તથા સમાજને આદર્શ બનાવી શકાય. પરંતુ પાકિસ્તાનમાં એવી આશા કોણ રાખી શકે? તેથી આપણે બીજા એક પડોશી ઇન્ડોનેશિયાની મુલાકાતે જઇએ. ઇન્ડોનેશિયાને સ્વતંત્રતા મેળવવામાં ભારતે તેના નેતાઓને સહાય કરી હતી. સ્વતંત્ર થયા પછી ડો. સુકર્ણ પંડિત નહેરુના અને ભારતના મિત્ર મટીને ચીનના મિત્ર બન્યા. સામ્યવાદી ચીન સુકર્ણને સાધીને ઇન્ડોનેશિયાને સામ્યવાદી બનવા માગતું હતું, પરંતુ જનરલ સુહર્તે બળવો કરીને સત્તા કબજે કરી અને સુકર્ણને પદભ્રષ્ટ કર્યા અને નજરકેદમાં રાખ્યા.

સુહર્તના શાસનમાં ઇન્ડોનેશિયાનું કલ્યાણ થશે એમ માનનારા નિરાશ થયા છે. તેમનાં પત્ની, કુટુંબીઓ અને મિત્રો સુહર્તના મોભાનો અને સત્તાનો દુરુપયોગ કરીને ચોંકાવી દે એવો ભ્રષ્ટાચાર તેઓ કરી રહ્યા છે. આ રીતે સુહર્તનાં કુટુંબીઓ અને મિત્રોએ બે અબજથી ત્રણ અબજ ડોલર જેટલી કમાણી કરે છે. ઇન્ડોનેશિયામાં ખનિજ તેલ અને વાયુ નીકળે છે. જ્યારે આંતરરાષ્ટ્રીય ભાવ ધરતી પરથી આકાશમાં ચડી ગયા હતા ત્યારે તેલ નિકાસ કરતા ઇન્ડોનેશિયાને મબલખ કમાણી થતી હતી, પરંતુ તે બધી કમાણી રાજ્યની તિજોરીમાં નહોતી જતી, અને હવે તેમના આંતરરાષ્ટ્રીય ભાવ થોડાક ઘટી ગયા છે ત્યારે પણ આ રજવાડી ટોળીને આંચ નથી આવી. ગયે મહિને ઇન્ડોનેશિયાના રાજકર્તાઓ સામે ખાસ કરીને પ્રમુખ સુહર્તની પત્ની અને સંતાનો સામે ચોંકાવનારા આક્ષેપો કર્યા હતા. તેથી પ્રમુખ સુહર્તે તે અખબાર માટે ઇન્ડોનેશિયાના દરવાજા બંધ કરી દીધા. સુહર્તની સરકાર લોકશાહીના વાઘા ધરાવે છે. પરંતુ ઇન્ડોનેશિયામાં જેમણે સુખી અને ધનવાન થવું હોય તેમણે સુહર્તને જ મત અને ટેકો આપવા જોઇએ. પોતાના સગાને, મિત્રોને અને ટેકો આપનારાઓને કરોડપતિ બનાવી દેવા માટે પ્રમુખ સુહર્ત પાસે ઘણાં સાધનો છે. ઇન્ડોનેશિયામાં સૌથી મોટો વેપારી અને કમિશન એજન્ટ સુહર્તની પત્ની હતિંના છે. એક અમેરિકન સાપ્તાહિકે લખ્યું હતું કે સરકાર તરફથી અપાતા કોન્ટ્રેક્ટમાં દસ ટકા હતિંનાના હાથમાં જાય છે.

વસતિ વધારાથી ચીનમાંથી ઊભરાઇને આવેલા ચીનાઓ ઇન્ડોનેશિયામાં બળવાન લઘુમતિ કોમ છે. વેપાર અને વાણિજ્યમાં ચીનાઓ પાસે ઇન્ડોનેશિયનો કશી બિસાતમાં નથી. ઇન્ડોનેશિયાનું અર્થતંત્ર ચીનાઓના હાથમાં છે. સુહર્તે સુકર્ણ સામે લશ્કરી બળવો કર્યો હતો ત્યારે ઇન્ડોનેશિયનોએ અગણિત ચીનાઓને મારી નાખ્યા હતા તેમ છતાં ઇન્ડોનેશિયામાંથી ચીનાઓનો પ્રભાવ ઘટ્યો નથી. ચીનાઓ ઇન્ડોનેશિયાના રાજકર્તાઓને ભોગ ધરીને કામ કરાવી લેવામાં નિપુણ છે.

ફિલિપાઇન્સના સરમુખત્યાર માર્કોસ અને તેની પત્નીએ અબજો ડોલરની ઉચાપત કર્યા પછી પોતાની સત્તા ટકાવી રાખવા હરીફનું ખૂન પણ કરાવ્યું પણ પછી પ્રજાએ તેમને ભાગી જવાની ફરજ પાડી. સુહર્તનો બચાવ કરતાં તેમના માહિતી પ્રધાન હમીબીએ કહ્યું છે કે ઇન્ડોનેશિયામાં શ્રીમતી હતિંના ઉપરાંત બીજા ઘણા ધનવાન છે.

લાંચરુશ્વત દ્વારા અને બીજા ભ્રષ્ટાચાર દ્વારા જે ધન મળે તેમાં સુહર્તનાં કુટુંબનાં બાળકોનો પણ ભાગ હોય છે. ઇન્ડોનેશિયામાં કોઇ એવો કમાઉ ધંધો નથી કે જે સુહર્તનાં કુટુંબના હાથમાં ન હોય. જીવન જરૂરિયાતની ચીજો, આયાત-નિકાસ, બેન્કિંગ, ઉદ્યોગો, ખનિજો વગેરે બધાં ક્ષેત્રોમાં પ્રમુખ સુહર્તની પત્ની પુત્રો, પુત્રીઓ, સાવકા ભાઇઓ વગેરેનો સિંહ ભાગ હોય છે. આ ભ્રષ્ટાચાર એટલો ખુલ્લો હોય હોય છે કે હવે તેમાં કોઇને આશ્ચર્ય થતું નથી. અમેરિકાની દૃષ્ટિમાં ભ્રષ્ટાચાર નથી દેખાતો પણ સુહર્તની સરકાર સ્થિર અને મક્કમ છે તેથી પાકિસ્તાનના જનરલ ઝીયાની જેમ ઇન્ડોનેશિયાના પ્રમુખ સુહર્ત પણ અમેરિકાનો ટેકો ધરાવે છે.

ફિલિપાઇન્સના પદભ્રષ્ટ થયેલા પ્રમુખ માર્કોસ અને તેમની પત્ની વર્ષોથી રાજ્યોનાં નાણાંની એટલી બધી ઉચાપત કરતા હતા કે જે સ્વીસ બેંકોમાં આ અબજો ડોલર નાણું અને ઝવેરાત ડિપોઝીટ રહે છે. તે બેંકોએ આ ધન માર્કોસનું ગણાય કે ફિલિપાઇન્સની પ્રજાનું ગણાય તે નક્કી ન થાય ત્યાં સુધી ન દેવાની જાહેરાત કરી છે.

સરમુખત્યારો રાજ્યની સંપત્તિ પોતાની ગણે એવા રાજાઓ આપણા દેશમાં ઘણા હતા અને અત્યારે જ્યાં જગતમાં સરમુખત્યારો છે ત્યાં તેવું બને છે. આફ્રિકાના ઝૈરેનો દાખલો લઇએ તો ખનિજથી ખૂબ સમૃદ્ધ આ દેશના સરમુખત્યાર મુબુતુ, ધાતુઓની નિકાસમાંથી રાજ્યોને થતી કમાણીનો કેટલોક ભાગ નિયમિતરૂપે વિદેશી બેંકોમાં પોતાના ખાતામાં જમે કરાવતા રહે છે.

ભ્રષ્ટાચારથી અમેરિકા પણ મુક્ત નથી. ત્યાં વિમાનવાહક જહાજો અને સબમરીનોથી માંડીને બંદુકની ગોળીઓ સુધીનાં શસ્ત્રો ખાનગી ક્ષેત્રોમાં ઉત્પન્ન થાય છે. સરકારને જે શસ્ત્રો જોઇએ તેમનો ઓર્ડર ટેન્ડર દ્વારા આપવામાં આવે છે, પછી લશ્કરી અફસરો સુધારા સૂચવ્યા કરે તે પ્રમાણે તેમની કિંમત વધ્યા કરે. સૈન્યની ત્રણે પાંખો માટે લાખો પ્રકારના છૂટા ભાગ જોઇએ, જેમની કિંમત ૫-૧૦ ગણી ચડાવવામાં આવે છે. અમેરિકાનાં અર્થતંત્રમાં શસ્ત્ર ઉદ્યોગ બહુ મોટો ભાગ ભજવે છે તેથી શસ્ત્રો ઘટાડવામાં અમેરિકાને કશો રસ નથી. જગતમાં સૌથી વધારે અને વૈવિધ્યપૂર્ણ શસ્ત્રો અને તેમનાં ઉત્પાદનનો ઉદ્યોગ અમેરિકામાં છે અને એણે ભ્રષ્ટાચાર માટે બેડોળી તકો આપી છે.

આ લેખ લખાતો હતો ત્યારે એક સમાચાર આવ્યા કે રશિયામાં એક સ્ત્રીએ કેટરીનના ધંધામાં થોડાક લાખ રૂબલ ગેરકાયદે એકઠા કર્યા હતા. એ અપરાધ માટે તેને બંદુકની ગોળીએ ઠાર કરવા મોતની સજા ફરમાવવામાં આવી છે. તેનો અર્થ એ નથી કે ત્યાં ભ્રષ્ટાચાર નથી. તેનો અર્થ એ પણ નથી કે સામ્યવાદી તંત્ર સારુ ગણાય, પરંતુ રશિયા અને અમેરિકા વચ્ચે સરખામણી કરવા જેવી તો ખરી.

'આપવું એક અદ્‌ભુત કલા'

મનુષ્ય જીવન એ પરમાત્માની એક મહામૂલી બક્ષિસ છે. એને આવકારીએ અને માણીએ પણ, એકલા નહીં. આમાં બીજાઓને પણ સહભાગી બનાવીએ. આ સહભાજનની ક્રિયા દ્વારા આપણું બાહ્ય અને આંતરિક જીવન ભર્યું ભર્યું બનશે, શ્રેય અને પ્રેય બન્ને સંધાશે, જીવન સાર્થક થશે અને આ પરમેશ્વરદત્ત ભેટ દીપી ઉઠશે.

મૂલ્યત : જેવું આપણું ભાવજગત, તેવો આપણો ઉપહાર. કોઈ પારદર્શક કાચની કૂલદાનીમાંથી પ્રતિબિંબિત થતા પુષ્પ-ગુચ્છ જેવું આપણું ચિંતન સ્પષ્ટ હોય તો આપણે આપેલી ભેટ પણ સુરેખ હશે. ભૌતિક બક્ષિસ કરતાં વૈચારિક બક્ષિસનું પ્રદાન વધું મૂલ્યવાન છે. ઝવેરાત કે સુવર્ણ અલંકારોની અપાતી ભેટ એ લૌકિક આડંબર છે, બક્ષિસનું બહાનું માત્ર છે. ખરેખર, બક્ષિસ એટલે આપણા અસ્તિત્વનો જ એક ભાગ. અંતરની ભેટ એ જ ઉત્તમ ભેટ આપવું એટલે સહજ કર્તવ્ય મહાકવિ શેક્સપિયરના સુપ્રસિદ્ધ નાટક 'મર્ચન્ટ ઓફ વેનિસ'માં બોલાતી આ પંક્તિઓ ઉપર્યુક્ત વિચાર બોધ સાથે કેવી સુસંગત છે?

'અનુકંપા પ્રેરિત આપવાની ક્રિયા એ તો આકાશમાંથી ધરતી પર વરસતી મેઘધારા જેવી મૃદુ અને સ્વયંભૂ છે એ આપનાર અને લેનાર બન્નેને કૃતાર્થ કરે છે.'

આ જ પ્રમાણે વેદની આ ઋચા સાથે બક્ષિસના કેન્દ્રસ્થ ભાવ સાથે કેટલું બધું સામ્ય છે! तेन त्यक्तेन भूंजीथा : । ત્યાગ કરીને ભોગવ' વળી, જૈન દર્શનમાં પણ આ વિચારધારાને અનુરૂપ' 'પરિમાણ પરિગ્રહ' સૂત્રનું પણ ઘણું મહત્ત્વ સ્વીકારાયું છે. અર્થાત્ મર્યાદિત રીતે સંચય કરવો : મતલબ કે. ઓછામાં ઓછી જરૂરિયાત પૂરતું જ પાસે રાખવું. શેષ બધું આપી દેવું; વહેંચી દેવું. આવું વિભાજન એ જ સર્વોદય છે. સતર્કતા એ રાખવાની છે કે આપતી વખતે મોટાઈ અહંકાર અથવા ઉપકાર કર્યાનો આવિર્ભાવ ન હોય પણ, ઋણમુક્તિ, કર્તવ્ય અને વિનમ્રતાને ભાવ હોય.

આપણા હૃદયમાંથી પ્રેમ, દયાભાવ, આનંદ, સમજણ, સહાનુભૂતિ, સહિષ્ણુતા અને ક્ષમાભાવનાં ઉમદા તત્ત્વો ઉદ્‌ભવે અને આ બધું બીજાઓને આપીએ એજ ખરી બક્ષિશ કહેવાય આપણા અસ્તિત્વમાંથી પ્રગટ થતાં મૂલ્યોની ભેટ આપવી, જેમાં, સુવિચારો કલ્પનાઓ ઉદ્દેશો, આદર્શો, સિદ્ધાંતો, સંશોધનો, પરિયોજનાઓ, કાવ્યો ઇત્યાદિનું સંકલન થયેલું હોય, એજ ખરી ભેટ. તદનુસાર, આંતરિકશક્તિ, પ્રાર્થના, સૌંદર્ય, આકાંક્ષા, શાંતિ અને શ્રદ્ધાની નવાજેશ કરીને બીજાઓને સમૃદ્ધ બનાવવા એજ ખરી બક્ષિશ એ જ ખરું પ્રદાન. અન્યના ઉત્કર્ષ માટે આપણાં સમયને શક્તિનો સદુપ્યય કરવો, એને ઉત્તેજન, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવાં આને જ યથાર્થપણે બક્ષિસ કહી શકાય.

બક્ષિસ આપવી એ સ્થૂલક્રિયા છે, પણ એ જીવંત કલા પણ છે. કલાત્મક રીતે ભેટ આપવી એ મોટો ગુણ છે, લહાવો છે.

'આપવાની ક્રિયા' સૂર્ય પ્રકાશ જેવી તેજોમય હોય, ઉષ્માભરી હોય, અને અગ્નિશિખા જેવી પવિત્ર અને દેદિપ્ય-માન હોય. એવી આ મહત્તા છે, સાર્થકતા છે.

કેવળ આપી દેવાની ક્રિયા પૂરતી જ આપણી જવાબદારી પૂર્ણ થતી નથી; અથવા નથી વિરમતું આપણું ઉત્તરદાયિત્વ.

આપણે સમાજ માટે એક ચારિત્ર્યશીલ વ્યક્તિનું નિર્માણ કરવાનું છે. તથા કુટુંબ માટે એક સન્નિષ્ઠ પતિ અને પિતાનું, દેશ માટે એવું રાષ્ટ્રભક્ત નાગરિકનું અને વિશ્વને એક ઊર્ધ્વગામી દિવ્ય શક્તિનું પ્રદાન કરવાનું છે.

અંતે, રચનાત્મક, સર્જનાત્મક અને કલાત્મક રીતે જીવન જીવવું અને બીજાઓને આવી પ્રેરણા આપવી એ જ આ યુગની અને આ કાળની શ્રેષ્ઠ માનનીય બક્ષિસ છે.

તો ચાલો આપણે–

કલાત્મક રીતે જીવીએ
આપીએ અને પામીએ
વહેંચીએ અને હળવા થઈએ

'અંગ્રેજી'માંથી ભાવાનુવાદ

● ગણપતલાલ મ. ઝવેરી

મહિલા વકતૃત્વ તાલીમ વર્ગ

'સંઘના ઉપક્રમે શુક્રવાર, તા. ૨૬-૯-૧૯૮૬ થી] વકતૃત્વ શક્તિની બીલવણી કરવા બહેનો માટે તાલીમ વર્ગ 'સંઘ'ના કાર્યાલયમાં શરૂ કરવામાં આવશે. જેની વિગત નીચે પ્રમાણે છે.

(૧) આઠ સપ્તાહનું આ સત્ર રહેશે. (૨) સમય દર શુક્રવારે બપોરના ૨–૩૦ થી ૪–૩૦ સુધીનો રહેશે. (૩) સત્ર ફી રૂ. ૫૦] રાખવામાં આવી છે. (૪) આ વર્ગનું માધ્યમ ગુજરાતી ભાષા રહેશે. (૫) 'સંઘ'ના સભ્યોને પ્રથમ પસંદગી આપવામાં આવશે. (૬) વર્ગ માટે 'વહેલો તે પહેલો'ના ધોરણે વધુમાં વધુ ૨૦ બહેનો લેવામાં આવશે.

આ રીતે તાલીમ લેવા ઇચ્છનારે 'સંઘ'ના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી.

જ્યોતિબેન પ્રમોદચંદ્ર શાહ — કે. પી. શાહ
સંયોજક — પન્નાલાલ ૨. શાહ
મંત્રીઓ

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણી

'સંઘ'ના ઉપક્રમે શ્રી આત્માનંદ જૈન સભા પ્રેરિત ઉપરોકત વ્યાખ્યાનશ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો સવિગત કાર્યક્રમ આ પ્રમાણે છે :

વ્યાખ્યાતા	વિષય
શ્રી શશિકાન્ત મહેતા	આપણી આવશ્યક ક્રિયાઓનું રહસ્ય

સમય : સોમવાર, તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૬ સવારના ૯–૦૦ કલાકે

સ્થળ : ભારતીય વિદ્યા ભવન, ચોપાટી, મુંબઈ–૪૦૦૦૦૭.

સૌને સમયસર ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ છે.

નિ. ભવદીય,

શૈલેશભાઈ એચ. કોઠારી — કે. પી. શાહ
સંયોજક — પન્નાલાલ ૨. શાહ
મંત્રીઓ

પર્યુષણ પર્વ દરમિયાન સંઘને મળેલો આર્થિક સહયોગ

સંઘને ભેટ

૫૪૭૧૪ ગતાંક મુજબ
૫૫૦૦ મે. નલિનકાંત એન્ડ કું.
૫૫૦૦ મે. રાસેશ ફ્રામશિંયલ ફ્રાપેરિશન
૫૦૦૧ શ્રી લાલજી કેશવજી ભેદા
૫૦૦૧ મે.એન. ચીમનલાલ શાહ એન્ડ કું
૫૦૦૦ મે. વિનોદ ફ્રાપેરિશન
૩૦૦૦ શ્રી જીતેન્દ્ર સી. શાહ
૨૫૦૦ ,, ચિનુભાઇ છગનલાલ
૨૫૦૧ ,, પ્રભુદાસ હેમાણી ચેરીટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ ,, પ્રભુદાસ લીલાધર
૧૦૦૧ ,, વિદ્યાબેન મહાસુખભાઇ
૧૦૦૦ ,, ચંદ્રકાંત દીપચંદ શાહ
૧૦૦૦ ,, મહેન્દ્રભાઇ કોલસાવાળા
૧૦૦૧ ,, અરૂણાબેન અજિતભાઇ ચોકસી
૧૦૦૧ ,, ઉષાબેન એચ. શાહ
૧૦૦૦ ,, પરફેકટ મશીન ટુલ્સ કું. લિ.
૧૦૦૧ ,, કલિનદાસ જગમોહનદાસ એન્ડ સન્સ
૧૦૦૦ ન્યુ કેમી ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.
૧૦૦૦ મે. ગુજરાત કૃષિ કેમી. ફ્રાપેરિશન
૧૦૦૦ સ્વ. જેશીંગલાલ લલ્લુભાઇ શાહ
૧૦૦૦ શ્રી મગનલાલ ડ્રેસવાળા
૫૦૦ શ્રી અમર જરીવાળા
૫૦૦ એન. અશ્વિનકુમાર એન્ડ કું.
૫૦૦ શ્રી કુંજબાળા અને રમેશભાઇ
૩૦૧ ,, સુવર્ણાબેન દલાલ
૨૫૧ ,, કેશવલાલ એમ. શાહ
૨૫૧ ,, પી. વી. શાહ
૨૫૧ શ્રી ચંપાબેન શેઠ
૨૫૧ ,, વિજયાબેન તથા દુલભજીભાઇ
૨૫૧ મે આર આર શ્રોફ એન્ડ કું
૨૫૧ શ્રી સુધાબેન દલાલ
૨૦૧ શ્રી તારાબેન શ્રોફ
૨૦૧ શ્રી પુષ્પાબેન ભણુશાળી
૨૦૧ ,, સુમિત્રાબેન વિકમભાઇ દલાલ
૧૫૧ શ્રી હસમુખભાઇ હરખચંદ દોઢીવાળા
૧૫૧ ,, મૂળચંદ નાનાલાલ શાહ
૧૨૫ ,, ચંદ્રાબેન હરસુખભાઇ
૧૦૧ ,, હેમલત્તાબેન લક્ષ્મીચંદ શાહ
૧૦૧ ,, લક્ષ્મીચંદ કે. શાહ
૧૦૧ ,, રમાબેન ઝવેરી
૧૦૧ ,, સુખલાલ એમ. મહેતા
૧૦૦ ,, મોહનલાલ નગીનદાસ જરીવાળા
૧૦૧ ,, હરસી દેવશી
૧૦૧ ,, કુસુમબેન ઝવેરી
૧૦૧ ,, સી. જે. મહેતા એન્ડ કું.
૧૦૧ ,, સુશિલાબેન ચંદ્રકાંત મહેતા
૧૦૦ ,, નીરત તથા મનાલી મોદી
૫૧ ,, જયંતિલાલ સુખલાલ તુરખીયા
૫૦ ,, મિતાબેન તથા પ્રકાશભાઇ
૧૧ ,, શાંતિલાલ મારતર

૧૦૬૬૭

પ્રેમળ જ્યોતિ

૨૫૦૦ મે. કે એન. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ વિજય ફ્રાપેરિશન
૨૦૦૦ મે. શાંતિલાલ ધનજી ચેરીટેબલ ટ્રસ્ટ
૧૫૦૦ શ્રી ગુણવંત વ્રજલાલ કાપડિયા
૧૫૦૦ ,, એ. આર શાહ
૧૧૧૧ શ્રી રમાબેન જયસુખલાલ વોરા
૧૦૦૦ ,, વિનુભાઈ યુ. શાહ
૧૦૦૦ ,, એન. ડી. શેઠ
૫૦૧ શ્રી ગુણવંતીબેન ગુલાબચંદ ઝવેરી
૫૦૧ ,, રમેશભાઇ વી. શેઠ
૫૦૧ ,, ચીમનલાલ નાનાલાલ
૫૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૫૦૧ ,, લીનાબેન વી. શાહ
૫૦૦ ,, કુંજબાળા અને રમેશચંદ્ર
૫૦૦ ,, શાંતિલાલ ઉમરશી શ્રોફ
૫૦૦ ,, એક બેન તરફથી
૫૦૦ ,, પ્રમિલાબેન રમેશભાઇ
૨૫૧ ,, મણિલાલ હરગોવિંદદાસ
૨૫૧ ,, પ્રમોદભાઇ એસ. શાહ
૨૫૨ ,, ગૌત્તમ પી. શાહ
૨૫૦ ,, રસિકલાલ નરોત્તમદાસ વોરા
૨૫૧ ,, જગદીશ જી. માલદે
૨૫૦ ,, હંસરાજ હેમરાજ
૨૫૦ ,, સરોદબેન નરેન્દ્ર મહેતા
૨૫૧ ,, પુષ્પાબેન પંડયા
૨૦૦ ,, કાંતિલાલ સી. મોદી
૨૦૧ ,, સુશિલાબેન કાંતિલાલ પટેલ
૧૦૧ ,, મોના અમિત દોમણિયા
૧૦૦ ,, કાંતિલાલ છોટાલાલ મહેતા
૧૦૦ ,, સુધાબેન ઠક્કર
૧૦૧ ,, મધુકાંતા એન. મહેતા
૧૦૧ ,, કાંતાબેન પી. શાહ
૧૦૧ ,, એક બેન તરફથી
૧૦૧ શ્રી ચંદ્રકાંત શાહ
૧૦૦ ,, અરૂણાબેન ચંદ્રકાંત કોઠારી
૧૦૧ ,, અરૂણભાઇ મહેતા
૧૦૧ ,, રમાબેન દેસાઇ
૧૦૧ ,, રજનીકાંત મહેતા
૫૧ ,, રતનચંદ ભોગીલાલ પારેખ
૫૧ ,, જયમતીબેન રતનચંદ પારેખ
૫૦ ,, પન્નાબાલાલ કોઠારી
૫૧ શ્રી સર્વોદય સેવક
૫૧ ,, સુધાબેન રમેશભાઇ તોલાટ
૫૧ ,, અંબાબેન દીપચંદ સંઘવી
૫૧ ,, હીરાબેન સંઘવી
૫૧ ,, જયંતિલાલ જી. શાહ
૫૦ ,, એક બેન તરફથી
૫૧ ,, બાબુલાલ કાનજી ઝવેરી
૫૧ ,, એક ભાઇ તરફથી
૫૧ ,, નંદલાલ મોતીલાલ મહેતા
૨૫ ,, જયંતિલાલ ચુનીલાલ શાહ
૨૫ ,, રાજુલબેન જયંતિલાલ
૨૧ ,, દિનકરભાઇ વકીલ

૨૧૮૬૨

અનાજ રાહત ફંડ

૧૦૦૦૦ મે. એસ. એમ. શાહ એન્ડ કું. હ : શ્રી જે. વી. મહેતા
૫૦૦૦ મે દામોદર ચેરીટી ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી ખુશાલચંદ હરજીવન ઢીંબળીયા
૩૦૦૦ ,, ઇન્દુમતીબેન ઉમેદભાઇ દોશી
૨૫૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૨૦૦૧ મે. બી. એન્ડ એમ. પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ
૧૦૦૦ શ્રી વિનોદભાઇ મહેતા
૧૦૦૦ ,, એ. આર. શાહ
૧૦૦૦ મે. સ્ટીલ ડીલ કું.
૫૦૦ ,, જયંતિલાલ સી. શાહ
૫૦૦ ,, શ્રીમતીબેન જયંતિલાલ શાહ
૫૦૦ ,, સંધ્યાબેન સુકુંદભાઇ ગાંધી
૫૦૦ ,, કુંજબાળા અને રમેશભાઇ
૫૦૦ ,, બાબુભાઇ જયંતિલાલ શાહ
૫૦૦ ,, પ્રભાબેન રસિકલાલ
૫૦૦ ,, કલાવતી શાંતિલાલ મહેતા
૫૦૧ ,, હેમલત્તાબેન શશિકાંત મહેતા
૫૦૦ ,, ઉષાબેન એચ. શાહ
૫૦૧ ,, દમયંતિબેન હેમાણી
૫૦૦ ,, શાંતિલાલ ધનજી ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦ ,, ચિ. અભય વિભા
૨૫૦ ,, સરોદબેન નરેન્દ્ર મહેતા
૨૫૦ ,, લાભુભાઇ જી. મહેતા
૧૫૦ ,, પન્નાલાલ કોઠારી
૧૦૧ ,, ડાસાભાઇ ભોળાભાઇ ઝવેરી
૧૦૧ ,, ગુણવંતીબેન ચીમનલાલ ચોકસી
૧૦૧ ,, મહેન્દ્ર શેઠ
૧૦૦ ,, પ્રવીણ કે. મહેતા
૫૧ ,, નીતા મહેશ ઝવેરી
૫૦ ,, સુનિલ શાહ
૫૦ શ્રી એક બેન તરફથી

૩૭૭૦૭

[illegible] ઘરને ભેટ

૭૦૦૧ ગતાંક મુજબ સરવાળો–આ રકમ ભેટમાં લખાએલી હતી. હવે રમકડાં ઘરમાં લેવામાં આવી છે.
૧૦૦૦ એક સદ્‌ગત તરફથી
૨૫૦૦ શ્રી જે. આર. શાહ
૨૫૦૦ ,, મૃદુલાબેન જશુભાઇ શાહ
૨૫૦૧ ,, સરલાબેન ઠાકોરી
૨૫૦૧ ,, હસમુખભાઇ મંગળદાસ તલકશીયા

૭૦૦૦૩

[illegible] વ્યાખ્યાનમાળા

૭૦૧ એક બેન તરફથી
૨૦૧ શ્રી કીર્તિભાઇ શાહ
૩૦૦ ,, કાંતિલાલ સી. મોદી
૩૦૦ સ્વ. પન્નાલાલ ઠાકોરી

૫૦૨

[illegible]પુર પ્રોજેક્ટસ

૧૦૦ મે. એચ. ડી. ધન્ડરટ્રીઝ
૨૦૦ સ્વ. પન્નાલાલ ઠાકોરી
૨૦૦ શ્રી દીપચંદ કેશરીમલ

૫૦૦

પ્રબુદ્ધ જીવનને ભેટ

૨૦૧ શ્રી જગશી જેસંગ સાનિયા
૨૫ ,, જયંતિલાલ ચુનીલાલ શાહ

૨૨૬

નેત્રયજ્ઞ

૨૫૧ શ્રી વિનયચંદ્ર ચીમનલાલ પરીખ

૨૫૧

[illegible] જ્યોતિ રીઝર્વ ફંડ

૨૦૦૦ મે. પ્રોગ્રેશીવ એન્જિનરીંગ કોર્પોરેશન

૨૦૦૦

[illegible]ભરા વિદ્યાપીઠ

૨૫૦૦૦ ગતાંક મુજબ સરવાળો
૧૦૦૦ શેઠ હીરાચંદ તલકચંદ
૨૫૦૦ મે. સી. એન. મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ
૧૦૦૦ સ્ટાન્ડર્ડ વાયર પ્રોડક્ટસ
૫૦૦ શ્રી હસમુખભાઇ છોટાલાલ શાહ
૨૫૦૦ મે. કે એન. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ
૧૫૦૦ શ્રી પ્રભુદાસ લીલાધર
૨૫૦૦ ,, એક બેન તરફથી
૨૫૦૦ ,, શાંતિલાલ ધનજી ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ ,, ચીમનલાલ મગનલાલ એન્ડ કું.
૨૦૦૦ ,, જયંતિલાલ પી. શાહ
૨૦૦૦ ,, મૃદુલાબેન જશુભાઇ શાહ
૧૫૦૦ ,, નલિન વી. શાહ
૧૦૦૦ ,, ચુલાબબેન રસિકલાલ મોદી
૧૦૦૦ ,, દયાબેન વૃજલાલ મોદી
૧૦૦૦ ,, ઝેણીબાઇ ટ્રસ્ટ
૧૦૦૦ ,, ડો. એન. એસ. ધલેસ
૧૦૦૦ શ્રી વૃજબાળા તથા રમેશ-ભાઇ ઠાકોરી
૧૦૦૦ ,, રમાબેન જયસુખલાલ વોરા
૧૦૦૦ ,, કુસુમબેન નરેન્દ્ર ભાઉ
૧૦૦૦ ,, છગનલાલ શામજી વીરાણી
૧૦૦૦ ,, જયંતિલાલ જેશંગભાઇ
૧૦૦૧ ,, સલોની પ્રેમલ કાપડિયા
૧૦૦૧ ,, બીપીનચંદ્ર રમણલાલ ઝવેરી
૧૦૦૦ ,, એક બેન તરફથી
૧૦૦૦ ,, શારદાબેન શાહ
૧૦૦૦ ,, મોહિનીબેન દલાલ
૧૦૦૦ ,, હસમુખભાઇ ચુલાબચંદ શાહ
૧૦૦૦ ,, જનભક્તિ
૧૦૦૦ ,, નિયતિબેન ઠાકોરી
૫૦૦ ,, જયંતિલાલ ર. પરીખ
૫૦૦ ,, સુમનબેન જ. પરીખ
૫૦૦ ,, સુનંદાબેન રવિન્દ્ર મહેતા
૫૦૦ ,, કે. પી. શાહ
૫૦૦ ,, જ્યોત્સનાબેન શેઠ
૫૦૦ ,, પ્રભુદાસભાઇ તુરખીઆ
૫૦૦ ,, જોરમલ મંગળજી મહેતા
૫૦૦ ,, લક્ષ્મીબેન જોરમલ મહેતા
૫૦૦ ,, ઠાકોરલાલ સાકરચંદ શાહ
૫૦૦ શ્રી નમંદાબેન ઠાકોરલાલ શાહ
૫૦૦ ,, ચંદ્રકાંત દીપચંદ શાહ
૫૦૦ ,, ઝવેરબેન મગનલાલ શાહ
૫૦૦ ,, મગનલાલ વી. શાહ
૫૦૦ ,, ચીનુભાઇ છગનલાલ શાહ
૫૦૦ ,, સરલાબેન ઠાકોરી
૫૦૦ ,, રમેશભાઇ વી. શેઠ
૫૦૦ ,, ઝવેરબેન જયંતિલાલ ઠારાધ
૫૦૦ ,, એક બેન તરફથી
૫૦૦ ,, કલાવતીબેન શાંતિલાલ મહેતા
૫૦૦ ,, ધીરેન્દ્ર ચીમનલાલ
૫૦૧ ,, સુનંદાબેન અંબાલાલ શેઠ
૫૦૦ ,, એક બેન તરફથી
૫૦૦ ,, રાજા બી. માલ્પેકર
૫૦૦ ,, સવાઇ શેઠ
૫૦૧ ,, સુમિત્રાબેન ગોરધનદાસ પટેલ
૫૦૦ ,, ભાનુબેન આર. મહેતા
૫૦૦ ,, એલ. એન. શાહ
૫૦૧ ,, ઉષાબેન રમેશભાઇ ઝવેરી
૫૦૦ ,, સ્વ. પન્નાલાલ ઠાકોરી
૫૦૧ ,, ઠાકોરલાલ મોતીલાલ ગાંધી
૫૦૧ ,, સુધમા શૈલેષભાઇ મહેતા
૫૦૧ ,, રૂક્ષ્મણીબેન લક્ષ્મણપ્રસાદ શાહ
૫૦૧ ,, ભુરીબેન લક્ષ્મીચંદ ગોળવાળા
૫૦૦ ,, એક ભાઇ તરફથી
૫૦૦ ,, કુસુમબેન કીરીટકુમાર શાહ
૫૦૧ ,, મૃદુલાબેન બી. ગોસલિયા
૫૦૦ ,, રામરાય મ. મહેતા
૫૦૧ ,, નેમચંદ પ્રેમચંદ મોદી
૫૦૦ ,, ઉષાબેન એચ. શાહ
૫૦૧ ,, રમાબેન કાપડિયા
૫૦૧ શ્રી સારાભાઇ નગીનદાસ
૫૦૦ ,, પ્રમીલાબેન રમેશભાઇ
૫૦૧ ,, રમીલાબેન નગીનદાસ
૫૦૦ ,, કલ્પનાબેન સુરેન્દ્ર શાહ
૫૦૦ ,, મધુસુદન હીરાલાલ શાહ
૫૦૦ ડો. સ્નેહલ પી. સંઘવી
૫૦૦ શ્રી રસિકલાલ દિલીપભાઇ કાકાબળીઆ
૫૦૦ ,, કાંતિલાલ હ પરીખ
૫૦૦ મે. ભોગ્મે ટૂલ્સ સપ્લાઇંગ એજન્સી
૫૦૦ ,, કે. સેવંતીલાલ એન્ડ કું.
૫૦૯ શ્રી ચંદ્રાબેન ભગુભાઇ શાહ
૫૦૦ ,, ત્રિશલા ધલેકટ્રોનિકસ
૫૦૦ ,, એક બેન તરફથી
૫૦૦ ,, વિજય ડી. મહેતા
૫૦૦ ,, ભાણજી દેવજી દેઢીઆ
૫૦૦ ,, એચ ડી. ધન્ડરટ્રીઝ
૫૦૦ ,, ઉષાબેન ડી. શાહ
૫૦૦ ,, હર્ષદ ટી. શાહ
૫૦૦ ,, રેખા હર્ષદભાઇ શાહ
૫૦૦ ,, રીટા આર. દલાલ
૫૦૦ ,, અમીતા એચ. મહેતા
૫૦૧ ,, પ્રાણ રેડીઓ
૫૦૦ ,, ગુણવંતીબેન મહાસુખભાઇ દેવડાવાળા
૫૦૦ ,, કેશવલાલ વજેચંદ કાપડિયા
૫૦૦ ,, પદ્મિની શરીષભાઇ મહેતા
૫૦૦ ,, જ્યોતિ વોરા
૫૦૦ ,, એક બેન તરફથી
૫૦૦ ,, એ. આર. શાહ
૫૦૦ ,, પ્રીતિબેન પી. શાહ
૫૦૦ ,, પ્રદિપભાઇ એચ. બીમાણી
૫૦૦ ,, ભારતીબેન શૈલેષ રાજા
૫૦૦ શ્રી અભય વિભા
૫૦૧ ,, હીમતલાલ હરિલાલ શાહ
૫૦૦ ,, ગોવિંદભાઇ નેણસી મહેતા
૫૦૦ ,, નેમીચંદ ચીમનલાલ કુવાડિયા
૫૦૦ ,, અલકા રમેશચંદ્ર શાહ
૫૦૦ ,, ઉમેદચંદ નારણદાસ સંઘવી
૫૦૦ ,, જી. એમ મહેતા
૫૦૦ ,, પ્રેમકુંવરબેન દેવચંદ ગાલા
૫૦૦ ,, ઉદ્‌ગીતભાઇ દલાલ
૫૦૦ ,, એક બેન તરફથી
૫૦૦ ,, શૈલ વી. સંઘવી

૫૦૦ ,, લીલાવતીબેન ચીમનલાલ સંઘવી
૫૦૦ ,, અંજનાબેન ઝવેરી
૫૦૦ ,, લાભુભાઇ જી. મહેતા
૫૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ ,, એક બેન તરફથી
૫૦૦ ,, સ્વજન
૫૦૧ ,, સી. જે. મહેતા
૫૦૦ ,, કેશવલાલ જીવરાજ રાજા
૫૦૦ ,, એક બેન તરફથી
૫૦૦ ,, ખીમજી કુંવરજી
૫૦૧ ,, ભાવિન દીલીપભાઇ ફોઢારી
૫૦૧ ,, જયસુખલાલ રતિલાલ શાહ
૫૦૦ ,, સંજયકુમાર શાહ
૫૦૧ ,, દેવકુંવરબેન જેસંગભાઇ
૫૦૦ ,, વિશાલ મેઘા ફોઢારી
૫૦૧ ,, હરિલાલ કસ્તુરચંદ ફોઢારી
૫૦૧ ,, કાંતિલાલ લલ્લુભાઇ શાહ
૫૦૦ ,, ધનસુખલાલ દામોદર દેસાઇ
૫૦૦ શ્રી ચંદ્રકાંત હરિલાલ શાહ
૫૦૦ ,, મંજુબેન ચંદ્રકાંત શાહ
૫૦૦ સ્વ. રસિકલાલ મોહનલાલ ઝવેરીના મિત્ર તરફથી

૧૧૬૦૨૦
સંઘને જુદી જુદી પ્રવૃત્તિ માટે મળેલ ભેટની ભરીજ
૧૭૧૨૯ જોળામાં

૧૦૬૭૭ સંઘને ભેટ
૧૧૬૦૨૦ ઋતંભરા વિદ્યાપીઠને ભેટ
૨૧૮૧૨ પ્રેમળજ્યોતિમાં ભેટ
૩૭૭૦૭ અનાજ રાહત ફંડમાં ભેટ
૨૦૦૦૩ ,, રમકડાં ઘરને ભેટ
૮૦૨ ,, પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ભેટ
૮૦૦ ,, ઘરમપૂર પ્રોજેક્ટસને ભેટ
૧૨૬ ,, પ્રબુદ્ધજીવનને ભેટ
૨૫૧ ,, નેત્રયજ્ઞને ભેટ
૫૦૦૦ ,, પ્રેમળજ્યોતિ રીઝર્વ ફંડમાં ભેટ

૩૧૯૮૨૭

'સંઘ'નો સ્નેહમિલન કાર્યક્રમ

● ચીમનલાલ 'કલાધર'

પર્યુષણ વ્યાખ્યાનમાળાની સમાપ્તિ બાદ પ્રતિવર્ષ યોજાતો સંઘનો સ્નેહમિલનનો કાર્યક્રમ આ વર્ષે પણ શનિવાર, તા. ૧૩-૯-'૮૬ના સાંજના સાત વાગે એમ. સી. ઘીયા હોલ મધ્યે ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમનો પ્રારંભ શ્રીમતી શોભાબહેન સંઘવીના સુમધુર ભક્તિગીતોથી થયો હતો. સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે સૌને આવકાર આપતાં જણાવ્યું હતું કે પર્યુષણ વ્યાખ્યાનમાળાની ફલશ્રુતિ અંગે આજે આપણે વક્તા, શ્રોતા અને પ્રમુખશ્રીને સાંભળીશું. આપ સૌના ઉષ્માભર્યા સહયોગથી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ સુંદર રીતે પૂર્ણ થયો છે. તે બદલ સૌને ધન્યવાદ ઘટે છે,

શ્રી ગણપતલાલ ઝવેરીએ આ વ્યાખ્યાનમાળાની સુંદર સમીક્ષા કરતા જણાવ્યું હતું કે આ વખતની વ્યાખ્યાનમાળા ઘણી રીતે વિશિષ્ટ રહી હતી. કુલ ૧૮ વ્યાખ્યાનોમાંથી સાત વ્યાખ્યાનો હિન્દીમાં થયા હતા અને સાત જેટલા વક્તાઓએ પ્રથમવાર જ સંઘના મંચ પરથી વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાનમાળાની વ્યવસ્થા, નિયંત્રણ અને સંચાલન અતિ સુંદર હતું.

શ્રી ભૂપતભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતું કે લોકોને 'પ્રબુદ્ધ જીવન' તરફ પ્રેરતી વૈવિધ્યસભર વ્યાખ્યાનમાળા યોજવા બદલ મારા વતી, ચંદેરિયા ફાઉન્ડેશન ટ્રસ્ટ વતી અભિનંદન અર્પુ છું.

વ્યાખ્યાતા પ્રો. રમેશભાઇ દવેએ જણાવ્યું હતું કે 'વક્તા વિવિધા : શ્રોતા દુર્લભા :' આજે વક્તાઓ તો અનેક મળી રહે છે પણ તેને સાંભળનારો પ્રબુદ્ધ શ્રોતાવર્ગ ક્યાં છે? સંઘ દ્વારા અધી સદીથી ચાલતી આ વ્યાખ્યાનમાળા ખરેખર જનતાના સંસ્કાર ઘડતરનું કાર્ય કરે છે.

શ્રી સી. એન. સંઘવીએ કહ્યું હતું કે સમર્થતું ચુસ્તપણે પાલન કરનારી આ વ્યાખ્યાનમાળા ખૂબ જ સુંદર રીતે પૂર્ણ થઇ છે. ભૂતકાળમાં પણ આ વ્યાખ્યાનમાળા વિશિષ્ટ રહી છે અને ભવિષ્યમાં પણ રહેશે.

'સંઘ'ના કાર્યાધ્યક્ષ શ્રી પ્રવીણભાઇ કે. શાહે જણાવ્યું હતું કે આપણી વ્યાખ્યાનમાળા ખૂબ જ સારી રીતે થઇ. મારું એક સૂચન છે કે જે વ્યાખ્યાતાઓ સારા હોય તેને દર વર્ષે રીપિટ ન કરવા. નવા નવા વક્તાઓને શોધી લાવવા. આજે આપણી પાસે સારો એવો શ્રોતાવર્ગ છે અને વ્યાખ્યાનમાળાની સફળતાનું એ પણ એક અંગ છે.

શ્રી સુબોધભાઇ એમ. શાહે જણાવ્યું હતું કે આ સમયે મને સ્વ. પરમાનંદભાઇનું સ્મરણ થાય છે. વ્યાખ્યાનમાળાના સમયે પૂ. ચંદાબા બહાર ઝોળી લઇ ઊભા હોય તે દ્રશ્ય હજુ પણ માનસપટ પરથી ખસતું નથી. મુ. રસિકકાકા અને મિત્ર વીરા પણ આ સમયે મને યાદ આવે છે. આ બધાની આપણને ખોટ પડી છે. આ વખતની વ્યાખ્યાનમાળા સરસ રહી.

સંઘના સહમંત્રી શ્રી શૈલેશભાઇ હિંમતલાલ ફોઢારીએ કહ્યું હતું કે આપણી વ્યાખ્યાનમાળા એ સંસ્કારપર્વ છે. તેની સુવાસ ચોતરફ પ્રસરી છે તે અત્યંત આનંદની વાત છે.

સંઘના મંત્રીશ્રી કે. પી. શાહે જણાવ્યું હતું કે સંઘ દ્વારા કરુણાના જે કાર્યો ડૉ. રમણભાઇ કરી રહ્યા છે તે પ્રશંસનીય છે. જીવન એક સતત ગતિશીલ પ્રક્રિયા છે. જીવનયાત્રાને આનંદમય, મંગલમય બનાવવી હોય તો વધુમાં વધુ કરુણાનાં કામો અને જીવનમાં નિર્ભય બની સામાજિક જાગૃતિ અને ચેતના લાવવી જોઇએ.

સંઘના અને આ કાર્યક્રમના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે જણાવ્યું હતું કે પર્યુષણ વ્યાખ્યાનમાળાના અંતે માત્ર હસ્તિસ્નાન જેવું ન થવું જોઇએ. હાથી નહાઇને બહાર આવીને પોતાની સૂંઢની અંદર ધૂળ ભરી શરીર પર નાંખે છે અને મહાવતની હાથીને સ્નાન કરાવવાની મહેનત નિષ્ફળ જાય છે, તેમ આપણે આ વ્યાખ્યાનમાળામાંથી થોડું પણ ગ્રહણ ન કરીએ તો તે હસ્તિસ્નાન જેવું ગણાશે. જીવનમાં આપણને ખાનપાનની બાબતમાં, ધન ઉપાર્જન કરવામાં અને સ્ત્રી-પુરુષનાસ બંધો વિષે વધુ સંસ્કાર અને સુધારાની જરૂર છે. અને આપણે એ સિદ્ધ કરીશું ત્યારે જ આ વ્યાખ્યાનોનું આયોજન સફળ ગણાશે. શ્રોતાઓ ઓછા આવ્યા છે તેમ વાત થઇ તો તેની ચિંતા કરવાની જરૂર નથી. જરૂર છે આપણામાં કેટલું પરિવર્તન આવ્યું તેની આત્મખોજ કરવાની.

આ સ્નેહમિલનના યજમાન શ્રી મહેન્દ્રભાઇ વોરા અને શ્રીમતી ચંદ્રિકાબહેન વોરાનું સન્માન ડૉ. રમણભાઇના વરદ હસ્તે થયું હતું. ડૉ. રમણભાઇનું અભિવાદન શ્રી રજનીભાઇ વોરાએ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન અને આભાર દર્શન સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે કર્યું હતું.

આ પ્રસંગે વોડારા, નજીકના સિંધરોટ ગામે રક્તપિત્તના દરદીઓની સંસ્થા શ્રમ મંદિરના કાર્યકરો શ્રી ધનુભાઇ પટેલ અને શ્રી સુરેશ સોની પધારતા સંઘ તરફથી તેમની સંસ્થાને રૂ. ૨૫૦૦નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે સુંદર ભોજન બાદ સૌ છૂટા પડ્યા હતા.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંકલન : જયેન્દ્ર સચદે

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વર્ષે ભાવનમા વર્ષમાં પ્રવેશી છે, બેહદ મોંઘવારી વચ્ચે આવા મોટા ગજાના કાર્યના વ્યવસ્થાખર્ચને પહોંચી વળવા સંઘને સખાવતી અને ઉદારદિલ દાતાઓ તરફથી દાન-ભંડોળ મળતાં રહ્યાં છે. છેલ્લા પાંચેક વર્ષથી શ્રી સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવે છે. આ વર્ષની વ્યાખ્યાનમાળા રવિવાર તા. ૩૧મી ઓગસ્ટથી સોમવાર તા. ૮ મી સપ્ટેમ્બર એમ નવ દિવસ માટે બિરલા ક્રિડા કેન્દ્ર ચોપાટી ખાતે, યોજવામાં આવી હતી.

વ્યાખ્યાનમાળાના **પ્રથમ** દિવસના પહેલા વ્યાખ્યાતા હતા શ્રી શશિકાંત મહેતા. 'જૈન જયંતી શાસનમ્' એ વિષય ઉપર પ્રવચન આપતાં એમણે જણાવ્યું હતું કે જૈન ધર્મ કદાપિ સાંપ્રદાયિક સંકુચિતતાને પુષ્ટિ આપતો નથી. વિચારમાં અનેકાન્ત અને આચારમાં અહિંસાને વરેલા જૈન ધર્મની ગરિમા ઓર જ છે. જીવનને ઉન્નત અને મોક્ષલક્ષી બનાવવા નીચેના સાત નિયમો અપનાવવા જોઇએ : (૧) શ્રાવક-શ્રાવિકા માટે શ્રુત-અધ્યયન (૨) મહાવીરને સાંપ્રદાયિકતામાં પૂરી ન શકાય. વિશ્વકલ્યાણની તેમની ભાવનાને પુષ્ટિ આપવી તે જૈનોનું પરમ કર્તવ્ય છે અને સંપ્રદાયવાદ સામે યુદ્ધ કરવું એ દરેક જૈનની ફરજ છે. (૩) આત્મ સાક્ષાત્કાર માટે મધ્યસ્થીઓને દૂર કરો. આત્મસાક્ષાત્કાર માટે સ્વયં જાગૃતિની જરૂર છે. (૪) બીજાને સુધારવાને બદલે સ્વસુધારણાની વૃત્તિ કેળવો. આત્મસંશોધન અને આત્મશુદ્ધિને મહત્ત્વ આપનાર વ્યકિત જીવનને સાર્થક અને કલ્યાણમય બનાવી શકે છે. (૫) અહિંસાની વિશ્વમાં પ્રતિષ્ઠા માટે આપણું યોગદાન (૬) જિનશાસન કલ્યાણ ગજાની સ્થાપના કરવાની ભાવનાવાળું છે, જેનાથી લોકોની આધ્યાત્મિક ભૂખ ઊઘડે, લોકો વ્રત નિયમો દ્વારા ભગવાનની આજ્ઞા દ્વારા સ્વકલ્યાણ સાધી શકે. (૭) મોક્ષ પુરુષાર્થની પ્રતિષ્ઠા એ જૈન શાસનનું લક્ષ્ય છે.

જૈન ધર્મમાં પરમાત્મા પ્રધાન, પરલોક પ્રધાન અને પરોપકાર પ્રધાન એમ ત્રણ પ્રકારનાં શાસન ચાલે છે.

તે જ દિવસના બીજા વ્યાખ્યાતા હતા પૂ. રાકેશ મુનિ અને તેમનો વિષય હતો 'ધર્મ જીનેકી કલા.' પૂ. મુનિશ્રીએ જણાવ્યું હતું કે મનુષ્યે જીવનમાંથી તનાવમુકત બનીને આનંદપૂર્વક જીવન જીવવું જોઇએ. તીર્થંકર ભગવાને કેટકેટલા ઉપસર્ગ અને પરીષહો સહન કર્યા છે. જીવનમાં આવતાં સંકટોને ધૈર્યપૂર્વક સહન કરીને જીવન સાર્થક બનાવીએ. જીવનમાંથી રાગદ્વેષ, કલેશરૂપી મત્સરો દૂર થાય તો જ શિવગતિ તરફ જવાય. ક્રોધરૂપી અવરોધ દૂર કરતાં જીવન નિર્મળ, પવિત્ર અને વહેતા ઝરણા જેવું બનશે. જૈન ધર્મ એ સંયમ, શીલ અને સમતાનો ધર્મ છે.

બીજા દિવસે પહેલાં વ્યાખ્યાનમાં 'શ્રીમદ્ રાજચંદ્ર' અન્વયે બોલતાં વ્યાખ્યાતા શ્રી નેમચંદ ગાલાએ જણાવ્યું હતું કે શ્રીમદ્ રાજચંદ્રની અધ્યાત્મ વિશેની તર્કસંગત અને અનુભવ મૂલક રજુઆતથી ગાંધીજી ભારે પ્રભાવિત થયા હતા. તેમનાં લખાણો ફકત જૈનધર્મીઓ માટે જ નહીં પણ અપક્ષપાતી અને ધર્મથી બુદ્ધિથી લખાયેલાં હોઈ સર્વજનો માટે જીવનોપયોગી હતા. તેઓ તીવ્ર સ્મરણશકિત અને ગ્રાહ્યતા ધરાવતા હતા. તે સાથે જ તેમના સારાસાર વિવેક, પ્રજ્ઞા પણ એટલા જ પ્રબળ હતાં કે પોતે અવધાની હોવા છતાં થોડા જ સમયમાં તેઓ એ બાબતથી સાબદા થઈ ગયા કે અવધાનના પ્રયોગો તો લોકૈષણાને પોષે છે. તેમની આત્મદર્શનની લગન અને ચારિત્ર્યશુદ્ધિ અપૂર્વ હતા.

ગાંધીજીએ તેમના વિશે લખ્યું હતું કે તેમનો ચહેરો હંમેશા પ્રફુલ્લિત, હસમુખો અને આનંદની છાયા પ્રગટાવતો. સ્ત્રી-કેળવણી અને વિધવા પુનર્લગ્નના તેઓ હિમાયતી હતા. આયુષ્યના આઠમા વર્ષથી જ શ્રીમદ્ની કવિત્વશકિત ખીલી હતી.

બીજા વ્યાખ્યાતા હતા પૂ. દેવેન્દ્રકીર્તિ ભટ્ટારક. 'દક્ષિણ ભારતમાં જૈન સંસ્કૃતિ' વિષય ઉપર બોલતાં વ્યાખ્યાતાએ જણાવ્યું હતું કે શ્રીમદ્ શંકરાચાર્યે જૈન ધર્મના પ્રચારમાં રૂકાવટ ઊભી કર્યાની માન્યતા ખોટી છે. દક્ષિણ ભારતમાં જૈન ધર્મને જીવંત રાખનારાં મુખ્ય સ્થળો શ્રવણ બેલગોડા, હલેબીડ, મૂળબિદ્રી, હંબુજા વગેરે છે. દક્ષિણ ભારતમાં પુષ્કળ જૈન મંદિરોનો નાશ થયો છે. જૈન ધર્મગ્રન્થો અને પુસ્તકોને બાળી નખાયાં છે; તેમ છતાં જૈન ધર્મી લોકોએ બળજબરીથી કોઇનું ધર્મપરિવર્તન કરાવ્યાનો એકેય દાખલો ઇતિહાસમાં મળતો નથી. 'આત્મા' હિંદુ ધર્મે આપેલો શબ્દ છે. જ્યારે 'જીવ' શબ્દ જૈન ધર્મે પ્રયોજેલો છે. આત્મા અનિર્વચનિય છે.

ત્રીજા દિવસે પ્રથમ વ્યાખ્યાન 'માનવ મૂલ્ય' વિષે બોલતાં વ્યાખ્યાતા શ્રી વિશ્વનાથ સચદેએ કહ્યું હતું કે મધ્યકાળમાં આપણા આચારવિચાર અને વિધિવિધાનોના કેન્દ્રમાં ઇશ્વર રહેતો. આજના યુગમાં માનવમૂલ્ય એ છે કે દરેક કાર્યોના કેન્દ્રમાં ઇશ્વરને હઠાવી તેને સ્થાને મનુષ્યની સ્થાપના કરવામાં આવી છે. મારા મતે તો દરેકે પોતાનાં મૌલિક મૂલ્યો ઘડવા જોઇએ આપણી નિયતિના નિયંતા આપણે જાતે થવાનું છે-એ મારા હોવાનો, મારી હયાતીનો અર્થ છે. આજે માણસ સમુદ્રમાં ઊંડે સુધી પહોંચી સંશોધન કરી શકયો છે. આકાશને આંબી શકયો છે. પણ જ્યાં તે જન્મ્યો છે, જીવે છે તે જમીન પર કેમ ચાલી શકતો નથી ? કારણ કે તેણે માનવમૂલ્યની માનવીય ગરિમાની અવહેલના કરી છે. બોમ્બ નાખનાર માણસ વિશ્વસમાં માને છે, તે બોમ્બની અમાનુષી તાકાતમાં વિશ્વાસ રાખે છે; પણ બોમ્બનો ભોગ બનનાર માનવી પોતાના જેવા જ મનુષ્ય છે એ સત્ય ભૂલી જાય છે, એ માનવ મુલ્યનો ધિક્કાર છે.

૧૯૫૦માં રચાયેલું આપણું બંધારણ પણ સમાનતા બંધુતા, સ્વતંત્રતા અને ન્યાય જેવાં મૂલ્યોના પાયા ઉપર ઊભેલું છે, આ મૂલ્યોને સૌએ જાતે ચરિતાર્થ કરવાના છે.

એ દિવસે બીજા વ્યાખ્યાતા પ્રા. કિશોરભાઇ દવેએ, 'સ્યાદ્વાદ અને ગીતા' ઉપર બોલતાં કહ્યું હતું કે ગીતા અને સ્યાદ્વાદ વચ્ચે નોંધપાત્ર તફાવત નથી. સ્યાદ્વાદ વિવિધ મતોને પુરસ્કારે છે. અંગ્રેજીમાં તેને હોલિટ્રેન ઓફ પ્રોબેબિલિટી-શકયતાનો અનિશ્ચિતતાનો સિદ્ધાંત કહે છે. સૌની દૃષ્ટિના પરિપ્રેક્ષ્યમાં જવા પ્રયાસ કરવાનું સ્યાદ્વાદ અને ગીતા શીખવે છે. પ્રાચીન સમયમાં ગ્રીક લોકો આકાશમાં જોવાની એક લાક્ષણિકતા ધરાવતા હોવાનું નોંધાયું છે. ગ્રીક તત્ત્વચિંતક પ્લેટોએ જ્ઞાનપ્રાપ્તિના સાધનોની યાદીમાં

એવી નોંધ કરી છે કે તમે વિવિધ વિષયોના અભ્યાસનું સંવર્ધન ભલે કરજો, પણ એસ્ટ્રોનોમી-ખગોળશાસ્ત્રનો અભ્યાસ ચૂકતા નહીં. એના દ્વારા તમને આકાશની અનંતતાનો પરિચય થશે.

આજે આપણે આકાશ તરફ જોવાનું (તેના સૂચિતાર્થમાં) ભૂલી ગયા છીએ અને સંકીર્ણ બનતા જઈ રહ્યા છીએ.

વર્તનનો આધાર વિચાર છે, વ્યવહારનો આધાર સિદ્ધાંત છે અને ધર્મનો આધાર દર્શન છે.

માણસમાં સાત્ત્વિક, રાજસી અને તામસી પ્રકૃતિનું સંમિશ્રણ થયેલું છે. જુદા જુદા સમયે તેની આ જુદી જુદી અવસ્થાઓ વ્યકત થાય છે, અલબત્ત માણસ તો એ જ હોય છે. કોઈપણ સત્યનું નિશ્ચિત ન હોવું એ નિયતિની સૌથી મોટી લાક્ષણિકતા-કેરેકટરીસ્ટિક ઓફ સુપ્રીમ છે.

ચોથા દિવસના પ્રથમ વ્યાખ્યાતા હતા, શ્રી ચિનુભાઈ નાયક અને તેમના વ્યાખ્યાનનો વિષય હતો 'પથ્થર લઈ કહો કેમ તરીએ?' વિખ્યાત નાટયકાર ડાહ્યાભાઈ ધોળાજીના નાટક 'ભીનળદેવી' માંના એક ગીતની પંકિત 'પથ્થર લઈ કહો કેમ તરીએ, અભિમાન કદી નવ કરીએ' માં રહેલા ભાવને વિષય તરીકે લઈને વકતાએ અભિમાનની નિરર્થકતા અને ક્ષણભંગુરતાનો રસિક અને માર્મિક બાનીમાં ખ્યાલ આપ્યો હતો. પુરાણોમાં આઠ પ્રકારના અભિમાન ગણાવવામાં આવ્યા છે-જ્ઞાનાભિમાન, પૂજ્યાભિમાન, કુળાભિમાન, મિથ્યાભિમાન, બળાભિમાન, તપાભિમાન, રિદ્ધિસિદ્ધિનું અભિમાન અને દેહાભિમાન. જ્ઞાન મેળવી માણસ વિનયી અને સાલસ થવાને બદલે અભિમાન સેવે છે ત્યારે તેનું જ્ઞાન નિરર્થક બને છે. બળાભિમાન સંદર્ભે શેકસપિયરે કહ્યું હતું કે રાક્ષસી તાકાત હોવી એ સારી વાત છે, પણ તેનો વિનિયોગ કરવો એ ઘણું કનિષ્ઠ છે. એ રીતે આપણે તપ તો જ્ઞાનની આરાધના માટે, આત્માના વિકાસ અર્થે કરવાનું હોય છે; એનો દેખાવ કરી અભિમાન સેવતાં આપણે એટલી હદે હલકા પડીએ છીએ. દેહના રૂપરંગ પણ કાળની થપાટ વાગતાં કે અન્ય અકસ્માતે ગુમાવવાનો વારો આવે ત્યારે દેહાભિમાનની વ્યર્થતા સમજાય છે.

બીજા વ્યાખ્યાતા શ્રી અજિત શેઠનો વિષય હતો 'રવીન્દ્ર સાહિત્યમાં નારી' રવીન્દ્રનાથને બેરિસ્ટર બનાવવા પ્રથમવાર વિલાયત મોકલતાં પૂર્વે તેમના ભાઈ સત્યેન્દ્રનાથને ત્યાં અમદાવાદમાં કાયદાનું પ્રારંભિક જ્ઞાન લેવા અને શિષ્ટાચાર શીખવા મોકલવામાં આવ્યા હતા. ભાઈના મરાઠી મિત્ર દાદોબા પાંડોબાની પુત્રી અન્ના (Anna)નો રવીન્દ્રને મુંબઈમાં પરિચય થયો. રવીન્દ્ર અને અન્ના વચ્ચેની મૈત્રીમાં પ્રેમના અંકુર ફુટયા હતા. ટાગોર ત્યારે પોતે જે કંઈ સાહિત્ય રચતા તે અન્નાને વાંચી સંભળાવતા. બંને પરસ્પર એકબીજાને બંગાળી-મરાઠી શીખવતા. અન્નાનું અંગ્રેજી ઢબનું નામ બદલી નલિની કર્યું હતું. ટાગોર વિલાયત ગયા બાદ નલિનીનું યુવાન વયે મૃત્યુ થયું હતું.

ટાગોરના જીવન તથા સાહિત્ય ઉપર અનોખો પ્રભાવ પાથરનાર બીજી સ્ત્રી હતાં તેમનાં ભાભી કાદંબિની ટાગોર બંનેવાર બેરિસ્ટર થયા વિના વિલાયતથી પાછા ફર્યા ત્યારે તેમના આ ભાભી સિવાય સૌ કુટુંબીજનોએ મહેણાટોણા માર્યા ને ઉતારી પાડયા. કાદંબિની ૭ વર્ષ મોટી. બંને વચ્ચેની સાહિત્યિક ચર્ચા આ દિયર-ભાભી વચ્ચે નવા નવા ઉન્મેષો અને ઊર્મિઓ જગાવતી. ૧૮૮૪માં ભાભીએ આત્મહત્યા કરી, જેનો ટાગોરને સખત આઘાત લાગ્યો.

ત્રીજી જે નારીએ જીવનમાં પ્રવેશી તેમના સાહિત્યમાં છાપ અંકિત કરી તે તેમનાં પત્ની મૃણાલિની. મૂળ નામ ભાવતારિણી. અભણ તેમ જ કોઈ રોમેન્ટિક તત્ત્વનો અભાવ પણ ઉત્તમ અને રનેહશીલ ગૃહિણી બની રહ્યાં પત્નીનો સહવાસ હૃદયની ગહન, સઘન ભાવો જગાવવા અસમર્થ. ૧૯૦૨ માં મૃણાલિની ચાર બાળકોને મૂકી ૪૦ મે વર્ષે મૃત્યુ પામ્યા.

શ્રી અજિત શેઠ તથા તેમનાં પત્ની નિરુપમા શેઠે વ્યાખ્યાનને અંતે ટાગોરનાં લોકપ્રિય ગીતો મૂળ બંગાળીમાં સાંભળાવ્યાં હતાં.

પાંચમા દિવસના પ્રથમ વ્યાખ્યાતા ડો. રમણભાઈ ચી. શાહે 'પ્રભાવના' (દર્શનાચાર) વિષય પર આપેલું વ્યાખ્યાન આ અંકમાં અન્યત્ર અક્ષરશ: પ્રગટ કરવામાં આવ્યું છે, એટલે અહીં તેની પુનરુકિત કરતા નથી.

બીજા વ્યાખ્યાતા પૂ. મોરારી બાપુએ 'ધર્મ' અને સમાજ' વિષય ઉપર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે રામચરિતમાનસમાં કહ્યું છે કે સત્ય, અહિંસા અને પરહિત સમાન કોઈ ધર્મ નથી. ધર્મની સમાજ ઉપર પ્રબળ અસર હોય છે પરંતુ આજે આપણે તેમાં મજહબવાદ દાખલ કરી ભાગલાઓ પાડી સંકુચિત બન્યા છીએ. ઈશ્વરે આપણને ધર્માચરણ માટે શરીર, હૃદય અને બુદ્ધિ આપ્યા છે. શરીર વડે જાતના હિતની સાથે લોકોની સેવા પણ થઈ શકે છે. બુદ્ધિનો વિવેકપુર: સર સદુપયોગ ધર્મપ્રાપ્તિ કરાવે છે. હૃદય વડે પ્રેમ કરી શકાય છે. હૃદય એ પ્રેમનું ઘર છે.

આપણને સૌને નજર મળી છે, પણ દૃષ્ટિ કયાં છે? ઝાડ પરથી ફળના પડવાની ક્રિયા આપણામાંના ઘણાએ જોઈ હશે, પરંતુ ન્યુટને જ સફરજનના વૃક્ષ પરથી પડવામાંથી ગુરુત્વાકર્ષણનો નિયમ જગત સમક્ષ રજૂ કર્યો. કંઈક લોકોની અંતિમ યાત્રા આપણે જોઈ છે. પરંતુ બુદ્ધને તો એક જ અંતિમયાત્રા જોઈ જીવનની ક્ષણભંગુરતાનો વિચાર રજૂ કર્યો હતો. આનું નામ દૃષ્ટિ. આપણી પાસે પગ છે, પણ ગતિ નથી.

છઠ્ઠા દિવસના પહેલા વ્યાખ્યાનનો વિષય હતો 'ઉત્તમતા માટેની ખોજ' અને વ્યાખ્યાતા હતા શ્રી રામુ પંડિત. એમણે જણાવ્યું હતું કે ઉત્તમતાની ખોજ માટે તીવ્ર ઝંખના, પુરુષાર્થ, વાસ્તવિકતા સાથે બાથ ભીડવાની હામ, ઉદાત્ત ધ્યેય, મૂલ્યનિષ્ઠ સાધનોની શુચિતા અને સાહસવૃત્તિ હોવાં અનિવાર્ય છે. દરેકની સંવેદના અને મહત્ત્વાકાંક્ષા એટલી તીવ્ર નથી હોતી કે તેઓ કશુંક નવીન સિદ્ધ કરવાની આવશ્યકતા લાગે. સ્વપ્નસેવીઓ પુષ્કળ જોવા મળશે, જ્યારે આમાંથી સ્વપ્નશિલ્પીઓ બહુ જ ઓછા હશે.

જેમ એક કાવ્યની પંકિતમાં કહ્યું છે કે 'માંહી પડયા જે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને' એમ આપણે ઉત્તમતારૂપી મોતી મેળવવું હશે તો કાંઠે ઉભા રહી તમાશો જોતાં રહેવાથી કાંઈ મોતી સાંપડવાનું નથી.

કમભાગ્યે ભારતમાં ઘણીવાર ઉત્તમતા માટેની આ ખગશની યોગ્ય મૂલવણી થતી નથી. અમેરિકા જેવા દેશોમાં બુદ્ધિશાળી પ્રતિભાનો વિનિયોગ કરવા ટેલન્ટ હન્ટિંગ જેવી સંસ્થાઓ ચાલે છે. મૂળ ભારતીય એવા નોબેલ વિજેતાઓ ડો. ખુરાના, ડો. ચંદ્રશેખર ઉપરાંત તાજેતરમાં પુરસ્કૃત ડો. કરમરકર જોવાની અમેરિકામાં કદર થાય છે.

બીજા વ્યાખ્યાતા પ્રા. રમેશભાઈ દવેએ 'ગુરુ-આધ્યાત્મમાર્ગની આવશ્યકતા' વિષય ઉપર બોલતાં કહ્યું હતું કે ભારતીય અધ્યાત્મ જીવનમાં ગુરુની પરંપરાનું ઘણું જ મહત્ત્વ

છે. ગુરુ કેવા હોવા જોઇએ ? કે જેઓ શાસ્ત્રનું સાચું અર્થઘટન કરી શકે, પોતાના આત્મામાં રમમાણ હોય, દેહભાવ નહીં પણ આત્મભાવમાં જીવે, શિષ્યોનું અંતઃકરણ પલટાવી શકે, અને સૌથી અગત્યનું તો એ છે કે જે બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું પ્રાણપૂર્વક પાલન કરે. તે રીતે શિષ્યમાં મુમુક્ષુતાની ભાવના હોવી જોઇએ. ઉપનિષદમાં જણાવ્યા પ્રમાણે શિષ્યમાં પાંચ ગુણો અનિવાર્યપણે હોવા જોઇએ. દૈવી સંપત્તિ એટલે કે મોહનો ક્ષય કરવાની ક્ષમતા, જિજ્ઞાસાવૃત્તિ, શ્રદ્ધા, ધૈર્ય અને શ્રેયની સિદ્ધિ થાય ત્યાં સુધીનો અથાક પ્રયત્ન સાચા ગુરુ વજ્ર જેવા કઠોર પણ ફૂલ જેવા કોમળ હોવા જોઇએ. ગુરુ કેવા હોવા જોઇએ તેની એક વ્યાખ્યા એવી છે કે તે નૈમિષારણ્ય ક્ષેત્ર જેવા હોવા જોઇએ, જ્યાં વાઘ અને બકરી અનુક્રમે આક્રમકવૃત્તિ અને ભયની ગ્રંથિ ભૂલીને એક જ કિનારે પાણી પીવે એ રીતે ગુરુમાં એટલી નમ્રતા હોવી જરૂરી છે કે શિષ્ય તેની સમક્ષ નિષ્કપટ એકરાર (કન્ફેશન) કરી શકે.

સાતમા દિવસે પ્રથમ વ્યાખ્યાતા શોભાચંદ્ર જૈને 'અહિંસાની આંખના ત્રી ધર્મસાધના' વિષય પર બોલતાં જણાવ્યું હતું કે હિંસા બે પ્રકારની છે : દ્રવ્ય હિંસા અને ભાવ હિંસા દ્રવ્ય હિંસા એટલે કોઇ જીવની હત્યા તે સ્થૂળ હિંસા છે, જ્યારે ભાવ હિંસા એ સૂક્ષ્મ પ્રકારની છે, જેમાં અસત્ય, પરિગ્રહ કોરે કૃત્યો મનમાં હિંસાના ભાવો જન્માવે છે.

મહાવ્રતી અહિંસાનું સંપૂર્ણપણે પાલન કરે છે: જ્યારે આપણા જેવા અણુવ્રતીઓ, સંસારી જીવો, સૂક્ષ્મ હિંસાનું પાલન ઘણીવાર નથી કરી શકતા. હિંસાની પાછળ માણસનો સ્વાર્થ, ભૌતિક સુખની લાલસા અને અહમ્ જેવી વૃત્તિઓ રહેલા છે. અહિંસા પડેલી આવશ્યતા છે. આત્મા ઇન્દ્રિયો ઉપર સંયમ એટલે, ભૌતિક મમત્વનું શમન કરે. અહિંસક એ જ છે, જે વીર છે. ક્ષમા વીરસ્ય ભૂષણમ્, શક્તિ હોવા છતાં અપરાધીને માફ કરવો તે વીરતા છે.

બીજા વ્યાખ્યાતા શ્રી જયેન્દ્ર ત્રિવેદી અસ્વસ્થ તબિયતને કારણે હાજર ન રહી શકવાથી વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. રમણભાઇ શાહે 'પ્રથમ પરમેષ્ઠી' ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. રમણભાઇએ કહ્યું હતું કે જૈન ધર્મની માન્યતા પ્રમાણે તીર્થંકર જ્યારે આત્મા જન્મે છે ત્યારે તેને ત્રણ જ્ઞાન-શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે. તીર્થંકરો હંમેશાં ક્ષત્રિય કુળમાં જન્મે. તીર્થંકર ભગવાન પોતાની માતાનું સ્તનપાન કરીને પોષણ ન મેળવે એમનો અંગૂઠો ચૂસીને પોષણ મેળવે. તીર્થંકરોના શ્વાસોચ્છ્વાસ સુગંધી હોય. તેમને કોઇ રોગ થતો નથી. તીર્થંકરો સ્વયં દીક્ષા લે, તેમને કોઇ ગુરુ ન હોય.

તીર્થંકર પરમાત્મા પંચમુષ્ઠિ લોચ કરીને દીક્ષા લે છે. પ્રભુના ઘાતી કર્મોના ક્ષય થાય છે અને જ્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યારે જ તેઓ ઉપદેશ આપવો શરૂ કરે છે. તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં દેવો આવીને સમવસરણની રચના કરે છે. આ સમવસરણ એટલે પર્ષદા-સભા. આ સમવસરણમાં બેસી પ્રભુ દેશના આપે છે જેને પ્રભુના પ્રમુખ શિષ્યો એટલે કે ગણધર ભગવંતો દ્વાદશાંગીમાં ગૂંથે છે.

વ્યાખ્યાનમાળાના આઠના દિવસે, પ્રથમ વ્યાખ્યાન 'ભગવાન પાર્શ્વનાથ ઔર ઉનકી પરંપરા, વિશે બોલતાં વ્યાખ્યાતા ડૉ. કમલચંદ સોગાણી જૈને જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં બે પરંપરાઓ ચાલી આવી છે. શ્રમણ એટલે કે સન્યાસી પરંપરા અને વૈદિક એટલે બ્રાહ્મણ પરંપરા ભગવાન પાર્શ્વનાથ જૈનોના ૨૩મા તીર્થંકર, અને ભગવાન મહાવીર ૨૪ મા તીર્થંકર. ભગવાન પાર્શ્વનાથે ચાર મહાવ્રત આપ્યા: સત્ય, અહિંસા, અસ્તેય અને અપરિગ્રહ : ભગવાન મહાવીરે તેમાં બ્રહ્મચર્યનો ઉમેરો કરી પાંચ મહાવ્રતો આપ્યા.

બીજા વ્યાખ્યાતા સત્યનારાયણ ગોયેન્કા. 'વિપશ્યના સાધના' વિષે બોલતાં શ્રી ગોયેન્કાજીએ જણાવ્યું હતું કે વિપશ્યના શબ્દ છૂટો પાડીએ તો પશ્ય એટલે જોવું અને 'વિ' ઉપસર્ગનો અર્થ છે વિશેષપણે. વિપશ્યના સાધનાનો પાયો એ છે કે અંતર્મુખ થવું, આત્મનિરીક્ષણ કરવું.

શરીર અને વાણી દ્વારા કરાતા કર્મ એ મૂળ તો મનનાં સંતાનો છે. મનના ભાવનું સૌથી વધુ મહત્ત્વ છે. શરીર અને વાણીના કર્મ એ સ્થૂળ છે. જ્યારે તેની પૂર્વે મન દ્વારા આચરવામાં આવતો ભાવ સૂક્ષ્મ તત્ત્વ છે. કુદરતનો કાનૂન શરીરની બહાર તથા અંદર બંને રીતે કાર્યરત છે. બાહ્ય કાનૂનને બુદ્ધિ દ્વારા જોઇ-સમજી શકાય છે. જ્યારે અંતરના કાનૂનને સમજવા અનુભૂતિ જ મદદરૂપ થઇ શકે છે.

જાણવું, સમજવું કે સંવેદવું એ કંઇ કર્મ બનવાનું નથી, પણ એ સૌની પ્રતિક્રિયાથી કર્મ બંધાય છે. ધર્મને પામવા, સમજવા, આત્મસાત્ કરવા તો જાતે પ્રવૃત્ત થવાનું હોય છે.

અંતિમ દિવસે 'ગુરુ ગૌતમસ્વામી' ઉપર પ્રથમ વ્યાખ્યાન આપતાં પ્રા. તારાબહેન ર. શાહે જણાવ્યું હતું કે ભગવાન મહાવીર અને ગૌતમ એ આદર્શ ગુરુ-શિષ્યની વાત કહી જાય છે. ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય ગણધર ગૌતમ સ્વામીમાં વિનય ગુણ મુખ્ય હતો. તેઓ ઉગ્ર તપસ્વી હતા. ૧૪ વિદ્યાના જ્ઞાતા હતા. દીક્ષા પછી ૧૪ પૂર્વધર બન્યા હતા, અને ભગવાન મહાવીરની વાણીને દ્વાદશાંગીમાં રચનારા બન્યા હતા.

ભગવાન મહાવીરે આત્મા પરત્વેના તેમના સંશયોનું નિવારણ કર્યું હતું. એથી તેઓ પાંચસો શિષ્યો સાથે ભગવાન પાસે દીક્ષિત થયા હતા. ગૌતમ સ્વામીના જે પ્રશ્નોના જવાબ મહાવીર સ્વામી આપે છે તે ગણધરવાદથી પ્રચલિત છે. તેમાં ૪૨ ગાથા છે.

બીજું અને અંતિમ વ્યાખ્યાન 'અપરિગ્રહ' વિષે હતું. વ્યાખ્યાતા શ્રી ભંવરમલજી નાહરાએ જણાવ્યું હતું કે પાંચ મહાવ્રતોમાં સ્થાન પામતો અપરિગ્રહનો ગુણ આત્મસંયમ સૂચવે છે. તદ્દન બરાબર પૂરતું જ રાખી બાકી તમામ વહેંચી દો વિમોચની દેવું એવો સ્થૂળ અર્થ અપરિગ્રહનો થઇ શકે. પુરાણોમાં અપરિગ્રહનો મહિમા ગવાયો હતો, તેમ આધુનિક સમયમાં ગાંધીજી અને કાર્લ માર્કસે પણ અપરિગ્રહને પોતપોતાની મૌલિક રીતે પુરસ્કૃત કર્યો છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળાના દરેક દિવસે પ્રથમ વ્યાખ્યાન શરૂ થતાં પૂર્વે જે વિવિધ ભજન-ગાયક-ગાયિકાઓએ શ્રોતાજનોને ભક્તિ સંગીત પીરસ્યું હતું તેમાં સર્વશ્રી અનુપ જલોટા, સંજય શાહ, કુ. તેજલ દોશી, બસંતી રાજુ, મીનળબહેન દફ્તરી, ચંદ્રાબહેન કોઠારી, અરુણિકાબહેન શેઠ, મનમોહન સહગલ, ભરતભાઇ પાઠક, શારદાબહેન ઠક્કર, બેરાઝ ચેટરજી, અને શોભા સંઘવી વ.નો સમાવેશ થતો હતો.

સમગ્ર વ્યાખ્યાનમાળાનું પ્રમુખપદ ડૉ. રમણભાઇ ચી. શાહે સંભાળ્યું હતું.

* * *

પ્રભાવના

(પૃષ્ઠ ૯૬થી ચાલુ)

પ્રચારમાં લોકો ધર્મ તરફ આવે છે એમ કહેવા કરતાં ધર્મને લોકો તરફ લઇ જવામાં આવે છે એમ કહેવું વધુ વાજબી ગણાય.

'પ્રચાર' કે 'પ્રસાર' કરતાં 'પ્રભાવના' શબ્દ ચઢિયાતો છે. પ્રભાવનામાં ઉત્તમ ધર્મની પ્રતીતિ થતાં લોકો પોતે જ સ્વેચ્છાએ એ ધર્મ પ્રતિ આકર્ષાય છે, આનંદિત થાય છે. અને જીવનમાં ઉતારવા માટે પ્રવૃત્ત બને છે. પ્રભાવનામાં અસત્ય, અનીતિ, છેતરપિંડી, લાલચ, કૃત્રિમ પ્રયાસ ઇત્યાદિનો આશ્રય લેવામાં આવતો નથી. પ્રભાવનાના પાયામાં સત્ય, ન્યાય, નીતિ, પ્રામાણિકતા, અનુકંપા, લોકહિતની સાચી ભાવના ઇત્યાદિ રહેલાં હોય છે. જીવમાત્રના ઐહિક તથા પારલૌકિક કલ્યાણનો પરમ સંદેશ પ્રભાવનામાં સહજ રીતે અનુસ્યૂત રહેલો છે.

જૈનધર્મમાં પોતપોતાની વિશિષ્ટ શક્તિ વડે ધર્મનો પ્રભાવ વધારનારી મહાન વ્યક્તિઓના આઠ જુદા જુદા પ્રકાર આ પ્રમાણે દર્શાવવામાં આવ્યા છે: (૧) પ્રવચન પ્રભાવ (૨) ધર્મકથક પ્રભાવક (૩) વાદી પ્રભાવક (અથવા નિરપવાદ પ્રભાવક) (૪) નિમિત્તવેતા પ્રભાવક (અથવા ત્રિકાલજ્ઞ પ્રભાવક) (તપસ્વી પ્રભાવક (૬) વિદ્યા પ્રભાવક (૭) સિદ્ધ પ્રભાવક (અથવા ચતાચરણ પ્રભાવક) (૮) કવિ પ્રભાવક.

શાસ્ત્ર ગ્રન્થોમાં કહ્યું છે:

'પાવયણી ધમ્મકહી,
વાઈ નિમિત્તિઓ તવસ્સી ય ।
વિજ્જા સિદ્ધો ય કવિ,
અટ્ઠેવ પભાવગા ભણિયા ॥'

(પ્રાવચની એટલે કે પ્રવચન કરનાર, ધર્મકથી એટલે ધર્મકથા કરનાર, વાદી, નિમિત્તક, તપસ્વી, વિદ્યાના જાણકાર સિદ્ધ અને કવિ એમ આઠ પ્રકારના પ્રભાવક કહેવામાં આવ્યા છે.)

અન્ય મતાનુસાર આઠ પ્રકારના પ્રભાવકોમાં અતિશેષર્દ્ધિ 'પ્રભાવક અને રાજગણસંમત પ્રભાવક એવા બે પ્રકારો પણ ગણવામાં આવ્યા છે.' પ્રવચન-સારોદ્ધાર'માં કહ્યું છે:

' આઇસેસ ઇડ્ઢિ ધમ્મકહી,
વાઇ આયરિય ખવગ નમિતી ।
વિજ્જા રાયગણસમ્મયા,
ય તીર્થ્ય પભાવંતિ ॥'

અતિશેષર્દ્ધિ એટલે અવધિજ્ઞાન અને મનઃ પર્યવજ્ઞાન ધરાવનાર તથા આમર્ષ ઔષધિ આદિ અતિશય સમૃદ્ધિ ધરાવનાર, રાજસમ્મત એટલે રાજની પ્રીતિવાળા અને ગણસંમત એટલે મહાજનના બહુમાનવાળા. વર્તમાન સમયમાં અતિશેષર્દ્ધિના પ્રકારના પ્રભાવકો જોવા મળતા નથી.

આ જુદા જુદા પ્રકારના પ્રભાવકોમાં વર્તમાન સમયમાં તેવા પ્રકારની શક્તિ વિશેષ ન હોવાના કારણે અથવા તેવા પ્રકારના પ્રયોજનો કે પ્રસંગો ન હોવાના કારણે નિમિત્ત પ્રભાવક, વિદ્યા પ્રભાવક, સિદ્ધ પ્રભાવક જેવા પ્રકારના પ્રભાવકો હવે જોવા મળતા નથી.

આ બધા પ્રભાવકોમાં પ્રવચન પ્રભાવકનું મહત્વ ઘણું મોટું છે, કારણ કે અન્ય કેટલાક પ્રભાવકોથી બાલજીવો આકર્ષાય છે, પરંતુ બાલજીવો સહિત બુદ્ધિશાળી જીવો તો પ્રવચન પ્રભાવકથી જ વધુ આકર્ષાય. સાચી વ્યક્તિના અંતરમાં વિસ્મય કે ચમત્કારથી નહિ પરંતુ બુદ્ધિપૂર્વકની તર્કસંગત અંતરપ્રતીતિ દ્વારા તેઓ ધર્મનાં ઊંડા મૂળ રોપી શકે છે. જેમ પ્રવચન પ્રભાવકોની સંખ્યા મોટી તેમ ધર્મનો પ્રચાર-પ્રભાવ વિશેષ થઇ શકે પરંતુ પ્રવચન પ્રભાવક બનવા માટે દેશવિરતીમય કે સર્વવિરતીમય નિરતિચાર સંયમી જીવન અને દર્શન-વિશુદ્ધિની સાથે સાથે પ્રવચનના મર્મને જાણવાની વિશિષ્ટ શક્તિની અપેક્ષા રહે છે, જે બધામાં હોઇ ન શકે.

પ્રવચન એટલે દ્વાદશાંગી, જિનેશ્વર ભગવાનની દેશનાને ગણધરો દ્વાદશાંગીમાં ગૂંથી લે છે. આ આગમોના અર્થ અને ગૂઢ રહસ્યને જાણનારા યુગપ્રધાન આચાર્યો પોતાનાં વ્યાખ્યાનો દ્વારા અનેક જીવોને બોધ પમાડે છે.

પ્રવચન પ્રભાવનાનો દર્શનવિશુદ્ધિ સાથે અવિનાભાવ સંબંધ છે. એટલે કે એક ન હોય તો બીજું પણ ન હોય તો પ્રવચન પ્રભાવના પણ નજ હોય.

કેટલાક મહાત્માઓ પાસે એવી ઉપદેશલબ્ધિ હોય છે કે એમનો ઉપદેશ સાંભળતાં જ બીજાના જીવન ઉપર ધારી અસર પડે છે. વજ્રસ્વામી પાસે અને બીજા પણ અનેક મહાત્માઓ પાસે એવી ઉપદેશલબ્ધિ હતી.

ધર્મકથા દ્વારા શ્રોતાને ધર્મના રંગે રંગી ધર્મશ્રદ્ધા ઉપજાવે અને ધર્મબોધમાં સ્થિર કરી શકે તે ધર્મકથક નામના પ્રભાવક કહેવાય.

સર્વ કળામાં ધર્મકળા શ્રેષ્ઠ કળા છે. ઉદાહરણો અને યુક્તિપૂર્વક શાસ્ત્રની વાતો સાંભળીને જડ માણસો પણ કુશળ અને સરળ બની જાય છે. કહેવાતા નાસ્તિક માણસો પણ ધર્મકથા સાંભળી આસ્તિક બની જાય છે.

ઉત્તમ ધર્મકથા એવી હોય કે જે સાંભળતાં જ શ્રોતાના મનમાં અતિશય આનંદ થાય અને સાથે સાથે ધર્મબોધ પણ થાય. ધર્મકથા ચાર પ્રકારની છે: (૧) આક્ષેપણી (૨) વિક્ષેપણી (૩) સંવેગની અને (૪) નિર્વેદની.

આક્ષેપણી કથાના ચાર પેટા પ્રકાર છે : (૧) આચાર વગેરેને વર્ણવનારી તે આચારાક્ષેપણી કથા (૨) પ્રમાદથી લાગેલાં દૂષણો દૂર કરવા માટે પ્રાયશ્ચિત લેવા રૂપી કથા તે વ્યવહારાક્ષેપણી કથા (૩) શ્રોતાના મનના સંશયને મધુર વચન વડે દૂર કરનારી તે પ્રજ્ઞપ્ત્યાક્ષેપણી કથા અને (૪) સાંભળનારને ગમી જાય એવા નયથી, દૃષ્ટિકોણથી તત્ત્વનું નિરૂપણ કરનારી તે દૃષ્ટિવાદાક્ષેપણી કથા.

વિક્ષેપણી કથાના ચાર પેટા પ્રકાર છે: (૧) પોતાને સિદ્ધાંત કહેતાં, સમજાવતાં, પરસિદ્ધાંત સમજાવવો. (૨) પરસિદ્ધાંત સમજાવતાં સમજાવતાં સ્વસિદ્ધાંત સ્થાપવો (૩) સમવાદ કહેતાં મિથ્યાવાદ પણ સમજાવવો અને (૪) મિથ્યાવાદ સમજાવતાં સમવાદ સમજાવવો.

સંવેગની કથા સંસારની અસારતા સમજાવી ત્યાગ વૈરાગ્ય ઉત્પન્ન કરે છે. તેના ચાર પેટા પ્રકાર છે. (૧) આલોક સંબંધી (૨) પરલોક સંબંધી (૩) પરશરીર સંબંધી અને (૪) સ્વશરીર સંબંધી.

નિર્વેદની કથા કામભોગના પદાર્થો તરફ અરુચિ પેદા કરી સંસાર પ્રત્યે નિર્વેદ, વિરક્તિ ઉત્પન્ન કરે છે. તેના ચાર પેટા પ્રકાર છે: (૧) આ લોકમાં કરેલાં શુભાશુભ કર્મોનું ફળ આ લોકમાં મળે છે એવું નિરૂપતી કથા (૨) આ લોકમાં કરેલાં શુભાશુભ કર્મોનું ફળ પરલોકમાં મળે છે, એવું વર્ણવતી કથા (૩) પરલોકમાં કરેલાં શુભાશુભ કર્મોનું ફળ આ લોકમાં મળે છે

એવું જતાવતી કથા અને (૪) પરલોકમાં કરેલા શુભાશુભ કર્મોનું ફળ પરલોકમાં પણ મળે છે એવું દર્શાવતી કથા.

ધર્મકથાનો લાભ બહુ મોટો છે. ગૌતમસ્વામીએ મહાવીર ભગવાનને પૂછ્યું, 'હે ભગવંત, ધર્મકથા સાંભળનારને અને સંભળાવનારને શો લાભ થાય છે?'

ભગવાને કહ્યું, 'ધર્મકથા સાંભળવાથી કે સંભળાવવાથી જીવ સૌભાગ્યશાળી બને છે અને કર્મની નિર્જરા કરે છે.'

ધર્મકથા દ્વારા ઉપદેશ આપનારના ઉપદેશનો પ્રભાવ તો જ પડે છે જો એના પોતાના જીવનમાં પોતાનો ઉપદેશ બરાબર ઊતર્યો હોય.

તર્કયુક્ત દલીલોથી, નય અને નિક્ષેપથી પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણથી શાસ્ત્રાર્થ કરવામાં કેટલાક મહાત્માઓ ઘણા નિપુણ હોય છે. એમણે દરેક વિષયનું પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષની દૃષ્ટિએ એવું ચિંતન કર્યું હોય છે કે એમની પાસે કોઈની દલીલ ચાલતી નથી. પ્રામાણિક જિજ્ઞાસુ માણસની પાસે જ્યારે દલીલ ન રહે અને પોતાના અજ્ઞાનની પ્રતીતિ થાય ત્યારે તે ઉત્સાહપૂર્વક સાચા દિલથી બીજાનો મત સ્વીકારવા તૈયાર થાય છે. કેટલાક મહાત્માઓ પાસે વાદ – વિવાદની એવી સરસ લબ્ધિ હોય છે કે અનેક લોકોના મોટા સમુદાય વચ્ચે કુશળતાપૂર્વક સરસ વાદ કરી શકે છે. પ્રાચીન સમયમાં રાજાના આશ્રયે, રાજાની અને વિદ્વાનોની ઉપસ્થિતિમાં આવી વાદસભાઓ યોજવામાં આવતી અને જેનો મત જીતે તેનો પ્રભાવ લોકોમાં વધતો. જે હારે તે વિજેતાનો શિષ્ય બની જાય એવી પરંપરા પણ હતી મલ્લવાદીસૂરિ, વૃદ્ધવાદીસૂરિ, વાદીદેવસૂરિ, વાદીવેતાલ શાંતિસૂરિ વગેરે વાદવિદ્યામાં નિપુણ હતા અને એમણે વાદ દ્વારા ધર્મની સારી પ્રભાવના કરી હતી.

નૈમિત્તિક એટલે કાળ, ચોઘડિયું, પશુપક્ષીઓના અવાજો, સ્વપ્નો ઇત્યાદિ વિવિધ પ્રકારનાં લક્ષણો દ્વારા ત્રિકાળ સંબંધી લાભ કે નુકસાન વિશે આગાહી કરી શકનાર જ્ઞાની મહાત્માઓ ભદ્રબાહુસ્વામી શ્રુતકેવલી હતા. અને મહાન નૈમિત્તિક પણ હતા. નૈમિત્તિક પ્રભાવક પ્રસંગાનુસાર પોતાના નિમિત્ત જ્ઞાનનો ઉપયોગ કરી ધર્મની પ્રભાવના કરે છે.

જૈનધર્મમાં તપશ્ચર્યા ઉપર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. વળી જૈનોની તપશ્ચર્યા ઘણી આકરી ગણાય છે, ઉપવાસ, આયંબિલ વગેરે કઠિન તપશ્ચર્યાઓ જૈનોમાં જાણીતી છે. કેટલીક વ્યક્તિઓ આઠ, સોળ, એકવીસ, ત્રીસ, કે તાલીસ એમ લગભગ સત્તાસો દિવસ સુધીના, આહાર વગરના ઉપવાસ કરે છે. અકબર બાદશાહના સમયમાં ચંપા શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસ કર્યાનું કહેવાય છે.

તપથી રોગ દૂર થાય છે, ઇન્દ્રિયો સંયમમાં રહે છે; લબ્ધિ પ્રગટ થાય છે; આત્મશક્તિ ખીલે છે અને કર્મની નિર્જરા થાય છે. તપનો મહિમા જૈન ધર્મમાં બહુ મોટો છે.

તપની પ્રભાવનાથી ધર્મની વૃદ્ધિ થાય છે. કેટલાક માણસોના હૃદયમાં તપ પ્રત્યે સ્વાભાવિક રીતે જ ઉદાસીનતા કે અરુચિ હોય છે. એવા માણસોને તપનું માહાત્મ્ય સમજાય અને જ્ઞાનુભવથી પ્રતીતિ થાય તો તેઓ ઉત્તરોત્તર અધિક તપ કરવા લાગે છે.

ઉગ્ર તપશ્ચર્યાની બાબતમાં બધા ધર્મોમાં જૈન ધર્મ સર્વ પ્રથમ છે. ભગવાન મહાવીર દીર્ઘ તપસ્વી તરીકે સુપ્રસિદ્ધ છે. તપથી ધર્મની અનેરી પ્રભાવના થઈ શકે છે.

વિદ્યા-પ્રભાવક મહાત્માઓ પ્રજ્ઞપ્તિ વગેરે વિવિધ પ્રકારની વિદ્યાઓના જાણકાર હોય છે. વળી તેઓને શાસનદેવીની સહાય હોય છે. પોતાની વિદ્યાઓ વડે તેઓ ચમત્કારભરેલી ઘટના કરી શકે છે. વજ્રસ્વામી, હેમચંદ્રાચાર્ય વગેરે મહાત્માઓ એવી વિદ્યાઓ ધરાવનાર હતા. જરૂર પડે તો પોતાની વિદ્યાના પ્રભાવથી તેઓ રાજા કે લોકોને ધર્મ પમાડતા.

અંજન, ચૂર્ણ, લેપ, ગુટિકા વગેરેના વિવિધ યોગની સિદ્ધિ ધરાવનાર તથા વૈક્રિય વગેરે લબ્ધિ ધરાવનાર, સિદ્ધ યોગીઓ પોતાના તેવા અદ્‌ભુત પ્રયોગોથી ધર્મની અદ્‌ભુત પ્રભાવના કરી શકે છે. પાદલિપ્તસૂરિ વગેરે મહાન આચાર્યોએ એવી ધર્મ પ્રભાવના કરી હતી.

જેમની પાસે બીજાને પ્રતિબોધ પમાડે એવી કાવ્યરચનાની અદ્‌ભુત શક્તિ હોય એવા મહાપુરુષોને કવિ પ્રભાવક તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય માણસ કરતા કવિની વાણી વિશિષ્ટ પ્રકારની હોય છે. અનેક લોકોને તેઓ મુગ્ધ કરે છે. કવિતા વાચતાં વાચકોને અતિશય આનંદ થાય છે. કવિત્વ શક્તિ નૈસર્ગિક છે. બધામાં એ નથી હોતી. એટલે જેની પાસે આ વિશિષ્ટ શક્તિ હોય તેને સાંભળવા માટે અનેક લોકો ઉત્સુક હોય છે. સિદ્ધસેન દિવાકર, માનતુંગસૂરિ, હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, ઉપાધ્યાય યશોવિજયજી, આનંદઘનજી વગેરેની કૃતિઓ સૈકાઓ થયાં હજુ વંચાય છે. અનેકના જીવન ઉપર એ કૃતિઓએ અસર કરી છે. શ્રીમદ્ રાજચંદ્રના કેટલાક પદોએ કેટલાયના જીવનમાં પરિવર્તન આણ્યું છે. કેટલાકની પાસે એવી કવિત્વશક્તિ હોય છે કે તેઓ પ્રસંગાનુસાર તરત રચના કરી શકે. એવા કવિઓને શીઘ્ર કવિ કે આશુ કવિ કહેવામાં આવે છે. તેઓ પણ પોતાની વિશિષ્ટ કવિત્વશક્તિ દ્વારા ધર્મનો સારો પ્રભાવ કરી શકે છે.

વર્તમાન સમયમાં પ્રચારનાં માધ્યમો વધ્યાં છે. છાપાં, સામયિક, રેડિયો, ચલચિત્ર, ટી. વી., વિડિયો ફિલ્મ વગેરે પ્રકારનાં માધ્યમો દ્વારા કોઈ એક વાત અલ્પ સમયમાં લાખો કરોડો માણસો સુધી પહોંચી જઈ શકે છે. આવાં માધ્યમો દ્વારા પણ ધર્મની સરસ પ્રભાવના થઈ શકે છે, જેની પાસે આવા માધ્યમના ઉપયોગની આવડત કે શક્તિ સારા પ્રમાણમાં હોય છે, તેઓ ધર્મનો સારો પ્રચાર કરી શકે છે. અલબત્ત જો સાતત્ય ન હોય તો આવો પ્રચાર પણ અલ્પજીવી બની જાય છે. વળી પ્રચારકની પોતાની પાત્રતા બરાબર ન હોય તો ધર્મના નામે જાણતાં અજાણતાં ખોટો પ્રચાર થવાનો સંભવ પણ રહે છે. વળી મોટા પ્રચાર માધ્યમો માટે નિરંતર પ્રચાર સામગ્રી અને બહુસંખ્ય પ્રચારકોની અપેક્ષા રહે છે. પરિણામે અનેક સાચાખોટા માણસો આવાં ક્ષેત્રોમાં ઘૂસે છે. એટલે કેટલીકવાર પ્રચાર કરતાં પ્રપંચનો આભાસ જ માત્ર રહે છે મોટા પ્રચાર માધ્યમોની શક્તિ જેમ મોટી છે તેમ એની મર્યાદાઓ પણ મોટી છે. સાચવીને વાપરવા જેવાં એ માધ્યમો.

પ્રચાર માધ્યમો ગમે તેટલાં વધે તો પણ જેના જીવનમાં ધર્મ ચરિતાર્થ થયો છે એવી વ્યક્તિ દ્વારા ધર્મની જેટલી સંગીન પ્રભાવના થઈ શકે તેટલી અન્યથી ન થઈ શકે.

જે મહાન ધર્મ પ્રભાવકોમાં સમ્યગ્‌દર્શનની જ્યોતિ અનેરી ઝગમગે છે. તેઓનું કર્તવ્ય છે કે પોતાની એ જ્યોતિને પ્રકાશિત રાખવા અને અન્યમાં એ જ્યોતિને પ્રગટાવવા માટે દર્શનાચારનાં લક્ષણો પોતાના જીવનમાં સારી રીતે ઉતારે. એવા મહાન પ્રભાવકો દ્વારા ધર્મની ઘણી મોટી પ્રભાવના થઈ શકે છે. એવી પ્રભાવના જ ચિરકાળ ટકી શકે છે.

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ગુરુવાર, તા. ૪ થી સપ્ટેમ્બર, ૧૯૮૬ ના રોજ આપેલું વ્યાખ્યાન] -રમણલાલ ચી. શાહ

વિલક્ષણ વ્યક્તિત્વ

(પૃષ્ઠ ૧૦૮ થી ચાલુ)

બુદ્ધિશાળી માણસ જ વિરોધ કરી શકે, એ કોઈનો અનુયાયી ન હોય.' કેટલી મનની વિશાળતા! કેટલી વિભુતા!

પહેલી વાર જુદા પડયા પછી તરત જ તેમનો પત્ર મળ્યો ભાવવિભોર બનીને તેમણે લખ્યું હતું:

પ્રિય હસમુખભાઈ,

અમે અહીં ગઈ કાલે રાતે સાડા નવે સુખરૂપ પહોંચી ગયાં. તમારા આતિથ્યનું સુખદ સંભારણું લઈને આવ્યાં. બે દિવસમાં તમને ઠીક ઠીક દોડધામ કરાવી સૌથી સુખદ ઘટના એ બની કે વિચારોમાં મતભેદ હોય છતાં મનદુઃખ ન હોય, મૈત્રી હોય એવી પ્રતીતિ આપણને બન્નેને થઈ...

તેમની પ્રયોગશીલ નવલકથા 'મરણોત્તર' સંબંધે એક વાર ચર્ચા થઈ હતી. તેમણે કહેલું કે કેટલાક સમય પહેલાં તેમને છાતીમાં અસહ્ય દુખાવો થતો. નિષ્ણાત ડોક્ટરોએ સારવાર આપીને તેમને સ્વસ્થ કર્યાં. એ પછી પૂરા આરામ કરવાનું ડોક્ટરોએ તેમને કહ્યું હતું, એવા સમયગાળામાં જે સંવેદના થઈ તેની અભિવ્યક્તિ ઉક્ત નવલકથામાં વિશિષ્ટ ટેકનીકથી તેમણે કરેલી છે. ત્યારે તો તેઓ સ્વસ્થ થઈ ગયા હતા. પણ આ વખતની તબિયતની ગંભીરતા તેમને ભરખી ગઈ. 'મરણોત્તર' આજે વધારે સાચી રીતે તેમની સંવેદનકથા લાગે છે. એક પ્રતિભાશાળી સર્જકનું એ જાણે કરુણરસિક શબ્દશિલ્પ છે.

*

સતત 'ઊહાપોહ' કરનારા, સૌને પોતાના વિચારોથી ખળભળાવતા રહેનારા, પ્રવૃત્તિને જ ઉત્તમ નિવૃત્તિ માનનારા વૈચારિક અશાન્તિને જ શાન્તિ સમજનારા એ વિલક્ષણ આત્માને 'શાન્તિ મળો' એમ કહીએ તો તેમને ગમશે? મોક્ષને ભાગ્યે જ ઝંખનાર એ આત્મા મુક્તિ તો ક્યમ ઇચ્છે? પુનર્જન્મ જ કદાચ ઇચ્છે!

ગુજરાતમાં જ તેમનો પુનર્જન્મ હજો!

સુરતમાં હાડકાંનાં દરદોનો સારવાર કેમ્પ

'સંધ'ના ઉપક્રમે અને શ્રી જૈન સોશ્યલ ગ્રુપ ફેડરેશનની ગુજરાત રીજીઓનલ કમિટિ અને શ્રી જૈન સોશ્યલ ગ્રુપ, સુરતના સહયોગથી હાડકાંનાં દરદોના નિષ્ણાત ડો. જે. પી. પીઠાવાલાનો હાડકાંનાં દરદોની સારવારનો કેમ્પ સોમવાર, મંગળવાર, બુધવાર, અનુક્રમે તા. ૨૨, ૨૩, ૨૪, સપ્ટેમ્બર, ૧૯૮૬ના રોજ કાયસ્થ વાડી, ગોપીપુરા, સુરત ખાતે યોજવામાં આવ્યો છે. આ કેમ્પનું પ્રમુખસ્થાન લાયન કનૈયાલાલ બાફના લેશે. ઉદ્‌ઘાટન શ્રી રતિલાલ હજારીમલ શાહ કરશે. હાડકાંનાં દરદીઓ આ શિબિરનો લાભ લેવા સુરતમાં ઉપરોક્ત સ્થળે સંપર્ક સાધવા વિનંતી.

પ્રવીણભાઈ મંગળદાસ શાહ — સંયોજક

કે. પી. શાહ
પન્નાલાલ ૨. શાહ
મંત્રીઓ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું નવું પ્રકાશન

નિરીક્ષણ અને અર્થઘટન

લેખક : પન્નાલાલ ૨. શાહ

ઈ. સ. ૧૯૭૦થી સંઘના હાલના મંત્રી શ્રી પન્નાલાલ ૨. શાહ 'પ્રબુદ્ધ જીવન' માટે વખતોવખત લખતા રહ્યા છે. એમના લેખોનું આ પુસ્તક સંઘે તાજેતરમાં પ્રગટ કર્યું છે. આ પુસ્તકની પ્રસ્તાવના ડો. કુમારપાળ દેસાઈએ લખી છે.

ડેમી સાઈઝ-પાકું પુઠું-પૃષ્ઠ ૧૩૬+૧૬

કિંમત રૂ. ૪૦)

સંઘના પેટ્રનો, આજીવન સભ્યો. અને વાર્ષિક સભ્યોને ૩૧ મી ઓકટોબર, ૧૯૮૬ સુધીમાં આ પુસ્તક રૂ. ૩૦)માં આપવામાં આવશે.

સાભાર સ્વીકાર

* **ચિંતનિકા** (સુવાક્યોનો સંગ્રહ)
  સંપાદક : પ્રીતિ શાહ
  પૃષ્ઠ-૧૨૬, ક્રાઉન સોળપેજી-મૂલ્ય રૂ. ૧૨-૦૦
  પ્રકાશક : કુસુમ પ્રકાશન, ૬૧, નારાયણનગર, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

* **જીવન સુવાસ**
  લે. પ્રીતમલાલ કવિ
  પૃષ્ઠ-૫૮, ક્રાઉન સોળપેજી-મૂલ્ય રૂ. ૬-૦૦
  પ્રકાશક : ઉપર મુજબ

* **કર્મયોગી શુજિએફ**
  લે. પુષ્કરભાઈ ગોકાણી
  પૃષ્ઠ-૬૬, ક્રાઉન સોળપેજી-મૂલ્ય રૂ. ૨૧-૦૦
  પ્રકાશક : કૃતિ પ્રકાશન, નાની વ્યાસફળી, વિરમગામ-પીન-૩૮૨૧૫૦

* **આભાસની આરપાર**
  મૂ. લે. રિચાર્ડ બાક
  અંગ્રેજી પરથી અનુવાદ : પ્રા. માવજી કે. સાવલા
  પૃષ્ઠ-૩૯, ડેમી સાઈઝ-મૂલ્ય રૂ. ૫-૦૦
  પ્રકાશક : ક્રિસ્ટ એસોસિએટસ
  C/o. સુરેશ પરીખ, આસી. પ્રોફેસર્સ, બ્લોકસ-૨, વલ્લભવિદ્યાનગર, (જિ. ખેડા)

એકયુપ્રેશરનો તાલીમ વર્ગ

સંઘના ઉપક્રમે એકયુપ્રેશર પદ્ધતિ દ્વારા સારવાર માટેનો નિઃશુલ્ક તાલીમ વર્ગ અંગ્રેજી ભાષામાં સોમવાર, તા. ૨૯ મી સપ્ટેમ્બર, ૧૯૮૬થી પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, રૂસ્તમબાગ પાસે-ઓપ. હા. સોસાયટી, બીજે માળે, મુંબઈ-૪૦૦૦૦૪. (ફોન: ૩૫૦૨૬૬) ખાતે શરૂ થશે. દર સોમવારે બપોરના ૨-૦૦ થી ૪-૦૦ સુધી ચાલનારા આ વર્ગનું સંચાલન શ્રી જગમોહનભાઈ દાસાણી કરશે. આ વર્ગમાં જોડાવા ઇચ્છનારે સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી છે.

વિલક્ષણ વ્યક્તિત્વ

● ડૉ. હસમુખ દોશી

પંચમી સપ્ટેમ્બરની વહેલી સવારે સ્થનિક વર્તમાન પત્રોમાં ડૉ. સુરેશભાઇ જોશીની ગંભીર તબિયતના સમાચાર વાંચીને ફિકરી આવી ગઇ. તેમની તબિયત અસ્વસ્થ તો રહેતી જ હતી અને વારંવાર એસ્થમાનાના હુમલાઓ આવતા હતા, પણ તબિયત આટલું ગંભીર રૂપ પકડશે એવી તો કલ્પના જ નહોતી. કાયમી નાદુરસ્ત તબિયત વચ્ચે પણ મેં તેમને હંમેશાં Hale and Hearty જ જોયેલા. પછી એવા સમાચાર મળ્યા કે હવે તેમને રાહત છે. ત્યાં તો રવિવાર, તા. છમીની સવારે તેમના દેહાન્તના ન ઝીલી શકાય એવા ખબર વાંચ્યા. મનને શું થવા બેઠું એ તો હું પોતે પણ ના સમજી શકયો.

એક તેજસ્વી દીપક બુઝાયો. અને તેની સાથે ગુજરાતી સાહિત્યનો એક યુગ જાણે સમાપ્ત થયો. તેઓ સાચા અર્થમાં યુગસર્જક હતા. ઇ. સ. ૧૯૫૭ પછીનું ગુજરાતી સાહિત્ય ડૉ. સુરેશ જોષી યુગ તરીકે અંકિત થયું છે. ભવિષ્યના સાહિત્યસંશોધકને તેમનું મૂલ્યાંકન એ રીતે કરવું જ પડશે તેમાં કોઇને ભાગ્યે શંકા હશે. તેમનામાં જે શકિતઓ હતી, જે પ્રતિભા હતી, બુદ્ધિનો જે અફાટ વૈભવ હતો, સાહિત્યને જુદા જ દૃષ્ટિકોણથી જોવાની અને મૂલવવાની જે વિલક્ષણ દૃષ્ટિ હતી એ બધાંનું અહીં મૂલ્યાંકન કરવાનું શકય નથી. એક સર્જક અને વિવેચક તરીકે પૂરાં ત્રીસ વર્ષો સુધી તેમણે ગુજરાતી વિદ્વત્તાને પડકારી હતી. વિરોધના કોલાહલ વચ્ચે પણ તેમનો ઉત્સાહ કદી મંદ ન પડયો અને તેમની પ્રતિભા હંમેશા અખંડિત રહી. પણ આજે આ વિશે કંઇ કહેવાનું ગમતું નથી. એક વ્યકિત તરીકે અને એક ઉષ્માભર્યા મુરબ્બી વડીલ તરીકે તેમણે મારા પર જે છાપ પાડી છે તે સંબંધે થોડુંક કહેવાનું મન થાય છે. કદાચ કે એ છાપ જેટલી ઝીણી છે તેટલી જ મર્મસ્પર્શી છે.

આજથી વર્ષો પહેલાં તેમના અહીં વસેલા કેટલાક શિષ્યોએ, જેમાં મારા બે અધ્યાપકમિત્રોએ અને અમારી વિદ્યાર્થિનીઓએ તેમને રાજકોટમાં વ્યાખ્યાનો આપવાનું બોલાવવાનું વિચાર્યું. તે સૌએ મને વાત કરી. કોલેજમાં જોઇએ તેવું વાતાવરણ નહોતું અને પરિસ્થિતિ બહુ અનુકૂળ નહોતી પણ એ સમયે 'કોહસીપ'ની ચોજના ચાલુ હતી. એટલે એ નિમિત્તે તેમને આમંત્રણ આપવાનું નકકી હતું. મારે કંઇ ખાસ મહેનત કરવી ન પડી કેમકે તેમના શિષ્યોએ બધી વ્યવસ્થા કરતા હતા. પરોપર યાદ નથી પણ મેં એકાદ પત્ર લખ્યો હશે અને તેમના તરફથી તત્કાળ સાનુકૂળ પ્રતિભાવ મળ્યો. તેમના આવવાની તારીખો નકકી કરવાની હતી અને એ વિશે હું વિચારતો હતો. વચ્ચે દીવાળીના દિવસો આવતા હતા. નવા વર્ષનું એક અભિનંદન કાર્ડ મને મળ્યું. અક્ષરો ઓળખી શકાયા નહિ, પણ થોડીવારમાં તેમની સહી બરોબર ઓળખી લીધી. તેઓ તો મોડર્ન આર્ટના ચાહક, ઉપાસક અને સર્જક હતા. સાહિત્યકલા કે ચિત્રકલામાં તેને જ મહત્ત્વ આપતા હતા. ગ્રીટિંગના શિલ્પ ઉપરથી કોઇ આધુનિક ચિત્રકારે દોરેલું ચિત્ર અભિનંદન કાર્ડ ઉપર હતું. ભગવાન બુદ્ધ ભિક્ષા પાત્ર સાથે પોતાની જ પત્ની અને નાના પુત્ર પાસે ભિક્ષા માંગે છે તેવું ભાવવાહી ચિત્ર તેમાં અંકિત થયેલું હતું! તેમણે મોકલેલું આ ચિત્ર ઘણું ઘણું કહી જતું હતું. કાર્ડની પાછળ તેમના જ હસ્તાક્ષરોમાં એક કવિતાની ચાર પંકિતઓ લખાયેલી હતી:

From one word to the other
What I say vanishes
I Know that I am alive
Between two Parenthesis

કવિ પોતાના શબ્દોને જલદીથી વહી જતા જુએ છે. અને પોતાના અસ્તિત્વને ફકત કૌંસમાં આપેલ લખાણ જેવું જ પ્રમાણે છે.

કેવી ઉદાત્ત છે આ ભાવના! થોડા જ શબ્દોમાં ડૉ. સુરેશભાઇ જોષીએ પોતાનું અતિ નમ્ર છતાં ગૌરવાન્વિત ચિત્ર અહીં દોરેલું છે એમ કોઇ માની શકશે? તેઓ મારાથી મોટા હતા અને છતાં કાર્ડ ઉપર સંબોધન કર્યું હતું: માનનીય પ્રોફેસર સાહેબ!

આ પછી થોડા જ દિવસોમાં તેઓ આવ્યા. પ્રત્યક્ષ રીતે હું તેમને પહેલી વાર મળતો હતો. જે વ્યકિતને જોયા વિના હંમેશાં તેની વિભાવનાઓ વિરુદ્ધ લખ્યા કર્યું હોય એવી વ્યકિત જ્યારે પ્રત્યક્ષ થાય ત્યારે મન કેટલું ક્ષુબ્ધ બની જાય એ તો જેમને અનુભવ થયો હોય તે જ સમજી શકે. પણ સુરેશભાઇના વ્યકિતત્વમાં એવી કોઇ ફોરમ હતી કે મારી ક્ષુબ્ધતા થોડી જ ક્ષણોમાં ઓગળી ગઇ. અને એક સ્નેહાળ સ્વજનની જેમ તેમણે મને અપનાવી લીધો.

તબિયત સારી ન રહે છતાં ખાનપાનના પૂરા શોખીન. સારી સારી વાનગીઓ પૂરી લિજ્જતથી જમે. રાત્રે સાદું જમ્યા હોય અને એ પછી સાથે ફરવા નીકળવાનું બને ત્યારે કોઇ આલિશાન હોટલમાં આઇસ્કીમ કે કોલ્ડ્રીંક લેવાનું કહેવામાં આવે તો પણ ના ન જ પાડે, શીખંડ, દૂધપાક, પૂરણપોળી ખૂબ પ્રિય, મોટા વાલનું કઠોળ અતિ પ્રિય. ખાધા જ કરે. પત્ની પણ તેમનો આ સ્વાદ બરાબર સમજી ગઇ હતી અને એટલે પછી જ્યારે જ્યારે રાજકોટ આવવાનું બને ત્યારે તેમને પૂછયા વિના કોઇ પણ વાનગી સાથે મોટા વાલનું કઠોળ અચૂક બનાવે અને તેઓ ખૂબ પ્રસન્ન થાય.

રાજકોટ આવે ત્યારે તેમને મળનારાઓની સંખ્યા નાની ન જ હોય. કોલેજો અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ સારી સંખ્યામાં આવતા હોય. આવી સ્થિતિમાં અમને એકાન્ત ઓછું મળતું. છતાં જે થોડું એકાન્ત મળતું તેમાં ઘણી આત્મીયતાથી વાતો કરે, અંગત વાતો પણ પૂરી નિખાલસતાથી કહે. તેમના વિશેનાં મારાં લખાણો વિશે સ્વાભાવિક ચર્ચા થાય જ. ત્યારે એક આવી ઉમદા વ્યકિતના વિચારોનો ને સાહિત્યિક વ્યકિતત્વનો મારો વિરોધ મને ઠીક અકળાવતો. પણ તેઓ મારી પીઠ થાબડે. પ્રેમથી અટલું જ કહે: પ્રબુદ્ધ

(અનુસંધાન પૃષ્ઠ ૨૦૭ ઉપર)

પ્રકાશક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, મિરજાગ, મુંબઇ ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૧૧

મુંબઇ તા. ૧-૧૦-'૮૬
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છુટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

કેફી પદાર્થોનો વધતો પ્રચાર

છેલ્લા કેટલાક વખતથી ભારતનાં અનેક સ્થળે હેરોઇન, કોકેન, મારીજુઆના, બ્રાઉનસુગર વગેરે કેફી પદાર્થોના મોટા જથ્થા પકડાયાનું છાપામાં વારંવાર વાંચવા મળે છે. ભારતની જેમ પાકિસ્તાનમાં પણ કેફી પદાર્થોની હેરાફેરી મોટા પ્રમાણમાં ચાલી રહી છે. પાન-અમેરિકાના વિમાનની ઘટનામાં ચાંચિયાઓ કસ્ટમ્સના અધિકારીઓને માદક પદાર્થો લઇ જવા માટે પોતે જવા માંગે છે એમ કહીને ઘણી મોટી લાંચ આપીને વિમાનમાં ઘૂસ્યા હતા. પ્રમુખ રેગને અમેરિકાની હાલની સૌથી મોટી સળગતી સમસ્યા તે યુવાનોમાં થતાં કેફી પદાર્થોના સેવનની છે એમ જણાવી તે સામે મોટી ઝુંબેશ ઉપાડી છે. બ્રિટનમાં કેફી પદાર્થો સામે પ્રચાર માધ્યમો દ્વારા ઘણો મોટો પ્રચાર થઇ રહ્યો છે. ચીન, થાઇલેન્ડ, ભારત, પાકિસ્તાન, ઇરાન, તુર્કસ્તાન, બ્રાઝિલ, બોલિવિયા, પેરુ, કોલંબિયા વગેરે દેશોના ઘણા લોકો કેફી પદાર્થોના ઉત્પાદન અને હેરાફેરી દ્વારા ઘણી મોટી કમાણી કરી રહ્યા છે, એવી ટોળકી બ્રિટન, અમેરિકા વગેરે પાશ્ચાત્ય દેશોમાં પણ ઘણી બધી છે. જેટ વિમાનોની અવર જવરને લીધે કેફી પદાર્થોની ગેરકાનૂની હેરાફેરી ઉત્તરોત્તર મોટા પ્રમાણમાં ઝડપથી વધતી રહી છે. સમગ્ર વિશ્વની આ એક મોટી ગંભીર સમસ્યા બની ગઇ છે.

પોતાના દેશનો યુવાન વર્ગ વ્યસનોમાં સપડાય છે, પાયમાલ થતો જાય છે. અને દેશનું યૌવનધન વેડફાઇ જાય છે એ ચિંતા દુનિયાના ઘણાં રાષ્ટ્રોને, ખાસ કરીને સમૃદ્ધ રાષ્ટ્રોને બહુ સતાવી રહી છે. વ્યસનથી મુક્ત થવા માટેની ખોખ આપતી જાહેર ખબર રેડિયો-ટી. વી. ઉપર પુષ્કળ પ્રમાણમાં આવી રહી છે. પ્રમુખ રેગન અને શ્રીમતી નેન્સી રેગન, શ્રીમતી માર્ગરેટ થેચર અને શ્રીમતી ડાયેના જેવી વ્યક્તિઓને પણ આ પ્રચાર ઝુંબેશમાં જોડાવું પડે છે એ બતાવે છે કે આ સમસ્યા કેટલી બધી ગંભીર બની ગઇ છે.

મનુષ્યનું જીવન જેમ જેમ વધુ સગવડવાળું થતું જાય છે. તેમ તેમ વધુ ખર્ચાળ બનતું જાય છે. કુટુંબના ખર્ચને પહોંચી વળવાની સમસ્યા આખી દુનિયામાં ઉત્તરોત્તર ઘેરી બનતી જાય છે. એને પરિણામે તનાવ વધતો જાય છે. મોટા શહેરોમાં સામાજિક જીવન તનાવથી વધુ ઘેરાયેલું રહે છે. બીજી કશી ચિંતા ન હોય તો પણ સમય સાચવવાની ચિંતા ઘણી મોટી રહે છે. આ બધાંની માઠી અસર ચિત્ત અને હૃદય ઉપર થાય છે. માનસિક અસ્વસ્થતા કે હૃદયરોગની બિમારી વર્તમાન જગતમાં ઘણી બધી છે. એને ભૂલવા માટેના જાતજાતના શામક ઔષધો (Tranquilizer) પણ બહુ પ્રચારમાં આવ્યાં છે. એવાં ઔષધો પણ સમય જતાં વ્યસન રૂપ બની જાય છે.

દુનિયાનાં બધાં મોટાં શહેરોમાં દવાઓનું કે અન્ય પદાર્થોનું ગુપ્ત સેવન યુવાનોમાં દિવસે દિવસે વધતું જાય છે. સમયે સમયે નવી નવી દવાઓ બજાર આવતી જાય છે. અને ગુપ્ત રીતે તેનો પ્રચાર ઘણા દેશોમાં થઇ જાય છે. દવા બનાવનારી કંપનીઓને લાખો રૂપિયાનો ફાયદો ઘડીકમાં કરી લેવો હોય છે. એટલે પોતાના પ્રચારક એજન્ટો દ્વારા આવી દવાઓ અનેક ઠેકાણે પહોંચાડવામાં આવે છે. શરૂઆતમાં એવી દવાઓ મફત પણ આપવામાં આવે છે. કારણ કે યુવાનો એના બંધાણી થતાં એ દવાઓ વગર રહી શકવાના નથી એવું કંપનીઓ જાણે છે. આંતરરાષ્ટ્રીય ટોળકીઓ આમાં કામે લાગે છે. કયા દેશમાં કેવી રીતે માદક ઔષધો ઘુસાડી શકાય તેના રસ્તા વિચારાય છે. કસ્ટમ્સમાં લાંચ રૂશ્વત તો આખી દુનિયામાં રહેલાં છે. મોટા મોટા સરકારી અધિકારીઓ પોતે લાંચના અને એવા વ્યસનો ભોગ થઇ પડે છે. જે માણસો આ વ્યવસાયમાં પડે છે તે ઘડીકમાં શ્રીમંત થઇ જાય છે. તેઓ અધિકારીઓને સ્વપ્ને પણ ન ધારેલી હોય એટલી મોટી રકમની લાંચ આપીને પોતાનું કામ પાર પાડે છે. લાલચ માણસને ભાન ભૂલાવે છે. પરિણામે કેફી પદાર્થોની દાણચોરી એ વર્તમાન સમયનો ધીકતો ધંધો બની ગયો છે. અલબત્ત, જે પકડાય છે તેના હાલહવાલ થઇ જાય છે.

કોઇ પણ પ્રજા અતિશય સમૃદ્ધ બને છે ત્યારે તેનામાં ભોગ અને વિલાસિતા આવ્યા વગર રહેતાં નથી. આનંદનો અતિરેક માનવા મનુષ્યો નવા નવા નુસખા શોધે છે. એમાંના કેટલાક નુસખા સાદા હોય છે: તો કેટલાક ભયંકર હાનિકારક હોય છે. ભોગ અને વિલાસિતાની સાથે સ્વચ્છંદતા, શિથિલતા, સાહસ, અભિમાન વગેરે વ્યાપક બને છે. અને ભૌતિક સમૃદ્ધમાંથી માણસ દુર્ગુણો તરફ ઘસડાય છે, ભયંકર વ્યસનોનો ભોગ બને છે. અને સમય જતાં પ્રજા પાયમાલ થાય છે; વિદેશી રાજ્યના આક્રમણનો ભોગ બને છે.

જેમ અતિશય સમૃદ્ધિમાંથી કેટલાક દુર્ગુણો જન્મે છે. અને વ્યસનો પ્રચલિત થાય છે તેમ અતિશય ગરીબીમાંથી પણ કેટલાક

દુર્ગુણો જન્મે છે અને માણસ વ્યસનો તરફ ઘસડાય છે. ઠેઠ પ્રાચીનકાળથી માનવજાત એક યા અન્ય પ્રકારના વ્યસનમાં સપડાયેલી અને દુર્ગુણોનો ભોગ બનેલી જોવા મળે છે.

આપણા શાસ્ત્રકારોએ અને ધર્માચાર્યોએ ઠેઠ પ્રાચીન સમયથી સાત પ્રકારનાં વ્યસનોથી મુક્ત રહેવાનો બોધ આપ્યા કર્યો છે.

> દ્યૂતં ચ માંસ ચ સુરા ચ વેશ્યા,
> પાપર્દ્ધિ–ચૌર્યે પરદારસેવા ।
> એતાનિ સપ્ત વ્યસનાનિ લોકે,
> ઘોરાતિઘોરં નરકં નયન્તિ ॥

જુગાર, માંસ, મદિરા, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રીગમન આ સાત પ્રકારનાં વ્યસનો માણસને ઐહિક જીવનમાં પાયમાલ કરે છે અને એના આત્માને દુર્ગતિમાં ધકેલે છે.

જુગાર રમતાં પાંડવોએ અને નળ રાજાએ રાજ્ય ખોયું હતું મદ્યપાનથી ભગવાન કૃષ્ણના યાદવવંશનો નાશ થયો. શિકારથી દશરથ રાજા દુષિત થયા હતા. માંસલોલુપતાને કારણે શ્રેણિક રાજાની નરક ગતિ થઇ પરસ્ત્રીગમનને કારણે રાવણનું મૃત્યુ થયું વેશ્યાને લીધે કયવન્ની શેઠ નિર્ધન થઇ ગયા હતા. ચોરીથી વિનષ્ટ થયેલાનાં તો અનેક ઉદાહરણ છે. વ્યસનોથી ધન, કીર્તિ, પ્રીતિ, દયા, કુલ વગેરેનો નાશ થાય છે.

આવૃત્તિ–આવર્તન–Repeation–ફરી ફરીને કરવું તે વ્યસનનું મુખ્ય લક્ષણ છે. શરૂઆતમાં વ્યસનના સેવનથી માણસને ઘણો આનંદ આવે છે; તાજગી અનુભવાય છે; ઉલ્લાસ પ્રગટ થાય છે; ચહેરા પર તેજ પ્રગટે છે ચબરાક દેખાવાય છે; વાચાળ થવાય છે; મગજમાં જાણે નવા નવા સરસ તરંગો ઉત્પન્ન થતાં અનુભવાય છે; શરમાળપણું ચાલ્યું જાય છે; તંગદિલી નીકળી જાય છે. માણસનું જાણે કે વ્યક્તિ-તત્વ જ વધુ તેજસ્વી અને રૂપાળું થાય છે. વ્યસન માણસને ગમી જાય છે. પણ પછી એ વ્યસન શરીરમાં બંધારણમાં એવા ફેરફાર કરી નાખે છે કે જેથી સમય થતાં માણસને એ વ્યસન તરફ ગયા વગર ચાલતું નથી. ન જવા મળે તો બેચેની અનુભવાય છે. મિત્રોની સોબતમાં વ્યસન અને વ્યસની વધુ ખીલે છે પણ ચડસાચડસીમાં ભાન ભૂલાય છે. પછી અનેક માઠાં પરિણામોનો ભોગ બનાય છે.

દ્રાક્ષ, કાજુ, મહુડા, ચોખા, ગોળ વગેરે મીઠાશવાળા પદાર્થે। સડવા લાગે છે ત્યારે એની દુર્ગન્ધ અસહ્ય થઇ પડે છે. પરંતુ વારંવાર એ દુર્ગન્ધ લેવાથી માણસ એનાથી ટેવાઇ જાય છે. પછીથી તો એ દુર્ગન્ધ એને એટલી બધી ગમે છે કે વારંવાર લેવાનું એને મન થયા કરે છે. આસવ, અથવા દારૂ બનાવવાની પદ્ધતિ હજારો વર્ષથી ચાલી આવે છે. આસવનો ઔષધોપચાર જણાવીતા છે. પરંતુ મદ્યપાન માણસને ભાન ભૂલાવે છે, સોમરસ, સુરા, વારુણીનું પાન કરનારાંનો ઉલ્લેખ ઠેઠ વૈદિક સાહિત્યમાં પણ મળે છે. ભગવાન બુદ્ધની સભામાં આવતી મહિલાઓમાંથી એક વખત પાંચસો જેટલી મહિલાઓ ક્રાન્તિક મહેફીલમાં વધુ પડતું મદ્યપાન કરીને આવી હતી અને ભગવાનની ધર્મસભામાં બીભત્સ ચેનચાળા કરવા લાગી હતી. તે વખતે ભગવાન બુદ્ધે પોતાની યોગવિદ્યાથી તેમનો નશો ઉતારી નાખ્યો હતો એવો ઉલ્લેખ બૌદ્ધ સાહિત્યમાં મળે છે. ભગવાન બુધ્ધે પંચશીલમાં એક તે મદ્યપાન ન કરવા વિષે ફરમાવ્યું છે.

વર્તમાન સમયમાં પાશ્ચાત્ય સમૃદ્ધ દેશોમાં દવા બનાવનારી કંપનીઓ મગજ ઉપર અસર કરનારા પદાર્થોની નવી નવી શોધ કરી તેનાં જાતજાતનાં મિશ્રણ કરી તેમાંથી વિવિધ ઔષધો બનાવવા લાગી છે. દુઃખનું વિસ્મરણ થાય, ચિંતા દૂર થાય, એકના એક વિચારોનું પુનરાવર્તન અટકે, સારી ઊંઘ આવે, મનની નબળાઇ (Nervousness, Depression વગેરે) નીકળી જાય ઇત્યાદિ માનસિક દર્દો એ માટેનાં કેટલાંક ઔષધો માનવજાતને માટે ઉપકારક નીવડ્યાં છે, પરંતુ વૈજ્ઞાનિકોએ એથી પણ આગળ જઇને માનવ જાતને બહેકાવે એવા વિવિધ ઔષધો, પદાર્થો પણ શોધ્યા છે. માણસ તરંગી બની જાય, જાત જાતના રંગબેરંગી દ્રશ્યો નિહાળે, પોતે હવામાં ઊડતો હોય કે પાણીમાં તરતો હોય તેવા કાલ્પનિક અનુભવો થવા લાગે, અલૌકિક સૃષ્ટિનું દર્શન થાય, એવા જાત જાતના અનુભવો આવાં ઔષધોથી થાય છે. યુવાનો એના પ્રયોગો તરફ આકર્ષાય છે અને પછી તેમને એનું વ્યસન થઇ જાય છે. એ લીધા વગર ચેન પડતું નથી. પરંતુ એવાં ખર્ચાળ ઔષધો પાછળ પુષ્કળ નાણાં વેડફાઈ જાય છે. યુવાનો, માબાપો પાસેથી ધાકધમકીથી પૈસા કઢાવે છે, કે ચોરી લૂંટ કરે છે, કારણ કે ઔષધોનું સેવન કર્યા વિના રહી શકતું નથી. દિવસે દિવસે ઔષધોનું પ્રમાણ વધારતા જવું પડે છે, તો જ સંતોષ થાય છે. એમ કરતાં એ ચક્કે એવું ચાલે છે કે થોડા વખતમાં યુવાન શારીરિક રીતે પાયમાલ થઇ જાય છે તથા મગજની સમતુલા ગુમાવે છે. ખૂન, ચોરી, બળાત્કાર વગેરે અનેક અપકૃત્યો કરે છે કુટુંબ અને સમાજમાંથી હડધૂત થાય છે. વ્યસનીમાંથી ગંભીર દરદી બની જાય છે. કેટલાક અકાળ મૃત્યુને વરે છે, કેટલાક આપઘાત કરે છે. વ્યસનમાંથી મુક્ત કરાવવાની તખીમી સારવાર ઘણી મોંઘી હોય છે. એવી સારવાર પછી સાજો થયેલો માણસ પહેલાં જેવો રહેતો નથી. એની બુધ્ધિ મંદ થઇ જાય છે. એની સ્ફૂર્તિ અને તાજગી ઓછાં થઇ જાય છે. એક સરસ કારકિર્દી દવાનાં વ્યસનોને લીધે વેડફાઇ જાય છે.

હેરાઇન, ક્રોકેન વગેરેના બંધાણી થઇ ગયેલા માણસોને જ્યારે એ પદાર્થો મળતા નથી ત્યારે તેમનું શરીર તૂટવા લાગે છે; અસહ્ય વેદના થતાં તેઓ માથું પછાડવા લાગે છે. ચિત્તભ્રમ થયું હોય તેવા બેબાકળા બની જાય છે; વાતે વાતે ઉશ્કેરાઇ જાય છે પશુ જેવા હિંસક બની જાય છે; માણસનાં લક્ષણો જાણે કે ગુમાવી દે છે. આવી સ્થિતિ વધુ સમય ચાલતાં આપઘાત કરી બેસે છે અથવા શરીર લથડી જતાં અકાળે મૃત્યુ પામે છે. નશો કરવા ન મળતાં જ્યારે હાથ પગ તૂટતા હોય ત્યારે, અથવા મન લાચાર થઇ ગયું હોય ત્યારે પોતાનાં ઘરબાર વેચતાં, પત્નીનાં ઘરેણાં વેચતાં કે ખુદ પત્નીને પણ બીજાને ઉપભોગ માટે વેચી દેતાં આવા વ્યસનીઓ અચકાતા નથી. ચીનમાં કે ભારતમાં અફીણના બંધાણીઓના આવા ઘણાં પ્રસંગો ભૂતકાળમાં ઇતિહાસના ચોપડે લખાયેલા છે.

કેટલાક ઔષધો જાતીય વૃત્તિને પ્રબળ કરનારાં, ઉશ્કેરનારાં હોય છે. કેટલાક યુવાનોને આરંભમાં એથી ફાયદો જણાય છે, પરંતુ થોડા સમયમાં જ તેઓ એના ગુલામ થઈ જાય છે. અને થોડાં વર્ષોમાં જ કામભોગના અતિસેવનથી નિઃસત્વ બની જાય છે. અકાળે વૃદ્ધ થઇ જાય છે.

ભારતની કેટલીય યુનિવર્સિટીઓમાં માદક ઔષધો એ મોટો

(અનુસંધાન પૃષ્ઠ ૧૧૮)

અ હ મ્ ની ઓ ળ ખ

● ડૉ. કુમારપાળ દેસાઈ

સમી સાંજથી કવિવર રવીન્દ્રનાથ ટાગોર પોતાના ખંડમાં બેસીને સર્જન કરી રહ્યા હતા. લાંબો સમય લખ્યા પછી કવિવરને જરા થાક લાગ્યો એટલે નજીકના ટેબલના લેમ્પનું બટન બંધ કરીને ખુરશીમાં આરામથી બેઠા, પણ આ શું ? કવિએ જોયું તો આકાશમાંથી રેલાતી પૂર્ણિમાની મલકતી ચાંદની બારીમાંથી અંદર પ્રવેશી અને આખોય ખંડ એ ચાંદનીથી છવાઈ ગયો. કેવી મધુર અને કેવી શીતલ છે આ ચાંદની !

રૂપેરી ચાંદનીની આ બિછાત જોઈને કવિનું હૃદય દ્રવી ગયું. કવિ મનનાં ઊંડાણોમાં ગરકાવ થઈ ગયા અને વિચારવા લાગ્યા કે સાંજના છ વાગ્યાથી લખવા બેઠો છું અને અત્યારે સાડા નવ થયા છે. પણ આ સાડા ત્રણ કલાક સુધી મને આ ચાંદનીનો ક્રમ કશો ખ્યાલ જ ન આવ્યો ? ઓહ ! આ તે કેવું કહેવાય ! આ આટલો નાનકડો ટેબલલેમ્પ આકાશના પૂર્ણ ચંદ્રની જે જ્યોત્સના ખંડમાં આવી રહી હતી તેનો અવરોધ કરતો હતો. આ નાની બત્તી બંધ કરી, તો ખંડમાં જાણે પૂર્ણિમાનું સૌંદર્ય પથરાઈ ગયું. જગત નજરથી જુએ છે, કવિ દૃષ્ટિથી નિહાળે છે. અને કવિવર ટાગોરની દૃષ્ટિ અંતરનાં દ્વાર ઉઘાડતી-ઉઘાડતી વિચારવા લાગી કે પરમાત્માની જ્યોત્સના મારી બારી બહાર ઊભી હતી. અંદર આવવા આતુર હતી, પરંતુ મારા અહમનો નાનો દીવો જ્યાં સુધી જલતો હતો ત્યાં સુધી એ પરમાત્માની જ્યોત્સનાને હું જોઈ શકતો ન હતો. એ અહમ્નો દીવો ઓલવાઈ જતાં કેવો અપૂર્વ અનુભવ થયો ! અહમ્ની બત્તી બંધ થઈ અને સોહમ્નો પ્રકાશ પથરાઈ ગયો. કેવો પ્રેરક છે આ પ્રકાશ, જે ચિત્તને સચ્ચિદાનંદથી ભરી દે છે !

હકીકતમાં આ અહમ્ની દીવાલ માનવીને સદાય અશાંત રાખે છે. વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચે અહમ્નો અવરોધ છે. આત્મા અને પરમાત્મા વચ્ચે અહમ્નું આવરણ છે. આ અહમ્ સદાય જુદાઈ, ભેદભાવ, ઈર્ષા અને ચિંતાથી પોતાની જાતને જાળવવા કોશિશ કરે છે. એને કારણે માનવહૃદયમાં એવો ગાઢ અંધકાર સર્જાય છે કે જેને, એક તો શું પણ એકસો સૂર્ય અટકાવી શકતા નથી. એની આગ હૃદયને સતત બાળતી અને દઝાડતી રહે છે. એ કોઈ પરિગ્રહથી ઓલવાય તેવી નથી, બહારના સુખથી અહમ્ની તરસ છીપાતી નથી, પણ એની તૃષ્ણા વધે છે. સિદ્ધિથી એનામાં સંતોષ આવતો નથી, પરંતુ અશાંત કામનાઓનો અજંપો એને પીડ્યા કરે છે. એ અશાંતિમાં જીવે છે અને શાંતિ શોધતો હોવાની વાત કરે છે. એને કોલાહલ પસંદ છે, પણ મૌનની ખેવના રાખે છે. આ અહમ્ એ જ અશાંતિનો જનક છે. પોતાને અનુકૂળ હોય તેટલું જ એ જુએ છે. પોતાને પસંદ હોય તેટલું જ એ સાંભળે છે. અહમ્ સત્યને બદલે પ્રિયનો વિચાર કરતો હોય છે. શ્રેયને બદલે પ્રેય જ એને માટે સર્વસ્વ છે.

આ અહમ્ની લીલા પણ કેવી અનેરી છે ! સમી સાંજના સમયે ઝાંખા ઝાંખા અંધકારમાં આગિયો ઝબૂક ઝબૂક ઝબકે અને વિચારે કે આ આખા જગતને અજવાળનારો તો હું જ ! મારા વિના આખી દુનિયા અંધારી બની જાય, પણ એવામાં આકાશના ઝરુખે તારા ટમટમે અને પોતાની તેજભરી આંખોથી પૃથ્વીના પટ પર પલક પટપટાવતા વિચારે કે મારા પ્રકાશ વિના સૃષ્ટિ સાવ અંધકારમય જ બની ગઈ હોત ! પણ ત્યાં જ ક્ષિતિજને કાંઠેથી મલકતા ચંદ્રરાજ આવે ત્યારે પેલા તારાના તેજ સાવ ઝાંખા-ઝાંખા થઈ જાય છે. આખીય સૃષ્ટિ પર ચંદ્રની સોહામણી ચાંદનીની રૂપેરી જાજમ પથરાય છે. હરણાંના રથમાં બેઠેલો ચંદ્ર વિચારે છે કે આ જગતને હું કેવું અજવાળું આપું છું ! જો હું ન હોત તો પ્રકાશની માદકતા કે મોહકતાનો બિચારા જગતને કયાંથી ખયાલ આવત ? વખત વીતતાં સૂર્ય ઊગે છે. અને ચંદ્રના અહમ્નું અજવાળું સાવ ફિક્કું પડી જાય છે. આવી ગર્વિષ્ઠ અને ક્ષણિક છે અહમ્ની દુનિયા, જ્યાં માનવી સચ્ચાઈને છાવરીને પોતાને સર્વસ્વ માને છે. આ અહમનું જીવંત માનવરૂપ જોવું હોય તો ઇતિહાસને પાને આલેખાયેલું હિટલરનું જીવન જોવું પડે. એ બાળપણથી જ પોતાના પૂર્વગ્રહોને દૃઢ કરે તેવાં પુસ્તકો વાંચતો. બાળપણનો અહમ્ યુવાનીમાં બહેકી ગયો. પંદર વર્ષના બાળકના રાજકીય પૂર્વગ્રહો એ પચાસ વર્ષના સરમુખત્યારના રાજકીય કાર્યક્રમો બન્યા. પોતાના અહમ્ને જાળવી રાખવા માટે હિટલરે કેટલાંય આભાસી આવરણો અને કૃત્રિમ ખ્યાલોના કિલ્લા પોતાની આસપાસ રચી દીધા, વખત જતાં જેનો એ ખુદ શિકાર બન્યો. આ હિટલરે પોતાના અહમ્ને જાળવવા માટે જીવનભર કોઈને ખભે દોસ્તીનો હાથ મૂક્યો નહિ કે કોઈને પોતાનો મિત્ર બનાવ્યો નહિ. અહમ્ માનવીને ભયભીત બનાવે છે અને એને સૌથી મોટો ભય પોતે પહેરેલું ઉચ્ચતા કે શિષ્ટતાનું મહોરું કોઈ હડાવે નહિ તેનો હોય છે આથી એ પોતાને કોઈ પોતાના નામથી બોલાવવાને બદલે 'ફ્યુરર' (સમ્રાટ) ના વિશેષણથી સંબોધવાનું વધુ પસંદ કરતો.

એનો વિરાટ અહંકાર અન્યની નિકટતાથી ગભરાતો હતો. આથી જ બાર બાર વર્ષ સુધી એને અનંગળ પ્રેમ આપનારી ઇવા બ્રોનને એ સદાય અવગણતો રહ્યો બર્લિન પર બોમ્બ ફેંકાયા. મોત બારણે ટકોરા મારતું ઊભું હતું. બારી પર દુશ્મનની બંદૂકોની ગોળીઓ અથડાતી હતી, તેવે વખતે ૧૬૪૫ ની ૩૦ મી એપ્રિલે ઇવા બ્રોન સાથે લગ્ન કર્યાં અને થોડીવારમાં તો એ આત્મહત્યાથી મરણને શરણ થયો. મોત સામે હતું તેથી કોઈ નિકટ આવે તે ભયજનક રહ્યું નહોતું !

અહંકારી વ્યક્તિમાં એક પ્રકારની આત્મહીનતાનો ભાવ ભરેલો હોય છે. પરિણામે એ પદ, અધિકાર કે શક્તિના સંચય માટે અત્યંત વ્યસ્ત અને વ્યગ્ર રહેતો હોય છે. પોતાના આંતરિક દારિદ્રને બાહ્ય સમૃદ્ધિથી ઢાંકવા માગે છે, પરંતુ બને છે એવું કે આ બાહ્ય સમૃદ્ધિ એના અંતરની ગરીબાઈ ઓછી કરવાને બદલે એના અહમ્માં વૃદ્ધિ કરે છે.

આવા અહમ્થી ભરેલી વ્યક્તિ કેવી હોય છે ? એની આંખ થોડી ચકોરી હોય છે, ભ્રમર જરા ખેંચાયેલી હોય છે. છાતી જરૂર કરતાં થોડી વધુ ટટ્ટાર હોય છે અને એની નજર તો જુઓ. એ જમણી કે ડાબી બાજુએ ફરશે, પણ તમારી સામે ઓછું જોશે. એ બીજા માનવીનો ગુનો પ્રગટ કરવા સતત આતુર રહેશે. એના હૃદયમાં અન્યને ઓળખવાની કોઈ ઝંખના નહિ હોય, કારણ કે આખુંય હૃદય પોતાના ગર્વથી ઘેરાયેલું હશે. એની સામે તમે કોઈની નિંદા કરશો તો એ સબળ સૂર પુરાવશે. અને પ્રબળ સાથ આપશે, પણ જો કોઈની પ્રશંસા કરશો તો

એને સહેજે પસંદ નહિ પડે, બલ્કે એ તો પ્રશંસાનું પ્રમાણપત્ર માગશે એને સદા પોતાના હકકની અને સ્વાર્થની ચિંતા હોય છે, આથી જ કવિવર રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે 'હું' એ એક મોટો પથરો છે. એનો ભાર ઘણો ભયંકર છે. જે બાજુએ હું ને મૂકીએ તે બાજુએ જ ધીમે ધીમે બધું ઢળી પડે છે. જો એનાથી બચવું હોય તો તમારે એને એકદમ પાણીમાં ફેંકી દેવો જોઇએ.'

અહમ્ આગ્રહ અને પૂર્વગ્રહ આણે છે. જીવનમાંથી પૂર્વગ્રહ જાય તો જ ઇશ્વરનો અનુગ્રહ સાંપડે. પરંતુ પૂર્વગ્રહવાળો માનવી પોતાની ખામીઓ જોવાનો આગ્રહ બેસે છે, એટલું જ નહિ પણ સતત આત્મવંચના કરીને પોતાની જાતને ભ્રમમાં રાખવાની કોશિશ કરે છે. ભલે વૈજ્ઞાનિક ગેલીલિયોએ પૃથ્વીના પરિભ્રમણનો સિદ્ધાંત શોધ્યો, એ સમયના અગ્રણીઓએ એનો વિરોધ કર્યો. ગેલીલિયોએ કહ્યું કે તમે દુરબીન વડે જોશો તો મારી વાતની પાકી ખાતરી થઇ જશે. ત્યારે આ અગ્રણીઓએ જીવનભર પોતાની આંખે દુરબીન નહિ અડાડવાનું વ્રત લીધું! આમ પૂર્વગ્રહવાળો માનવી જગતને પોતાના આગ્રહની આંખે જુએ છે. એનાથી એનો અહમ્ પોષાતો રહે છે, પરંતુ એ ધીમે ધીમે કૂપમંડુક બની જાય છે અને એની માનસિક પ્રગતિ ગૂગળાઇ જાય છે. આથી જ રામકૃષ્ણ પરમહંસ કહેતા હતા કે આપણે 'અર્થ' નહિ પણ 'અર્થિ' બોલવાની છે. વિવેક અને વૈરાગ્યની ભાવના સાથે જો પુસ્તક વાંચવામાં ન આવે તો એ વાંચનાથી માત્ર દંભ અને અહંકારની ગાંઠ જ મજબૂત થાય છે.

બે બૌદ્ધ ભિક્ષુઓ એક ગામથી બીજે ગામ જતા હતા. નદીને કાંઠે એક યુવાન છોકરી બેઠી બેઠી રડતી હતી.

એક ભિક્ષુએ તેની પાસે જઇને પૂછયું કે 'બહેન, તું કેમ રડે છે?'

છોકરીએ કહ્યું, 'સામે કાંઠે મારું ઘર છે. હું પરોઢિયે નદીમાં થઇને આ બાજુએ સહેલાઇથી આવી હતી, પણ અત્યારે નદીમાં પૂર આવેલું છે. અને હું પાછી જઇ શકતી નથી. અહીં કોઇ પણ નથી.'

'ઓહો, એમાં શું થઇ ગયું?' એમ કહીને ભિક્ષુએ તે છોકરીને ઊંચકી લીધી અને નદી ઓળંગીને સામે કાંઠે ઉતારી દીધી, પછી બંને ભિક્ષુઓ ચાલવા લાગ્યા.

બે કલાક પછી એકાએક બીજા ભિક્ષુએ કહ્યું: 'ભન્તે, સ્ત્રીને કદી પણ સ્પર્શ નહિ કરવાનું આપણે વ્રત લીધું છે. પણ આજે તેં એક મોટું પાપ કર્યું છે. પેલી સ્ત્રીને સ્પર્શ કરીને તેં બહુ મજા માણી છે.'

બીજા ભિક્ષુએ ઉત્તર આપ્યો, 'મેં તો એને બે કલાક પહેલાં પાછળ મૂકી દીધી. તું તો હજીય એને ઊંચકીને ચાલે છે?'

મોટાભાગની વ્યકિતઓ આ જ રીતે પોતાના પૂર્વગ્રહનો બોજો માથે લઇને ફર્યા કરતા હોય છે. જીવનની દરેક નવી પરિસ્થિતિનો જવાબ એમાંથી શોધવાની એને આદત પડી જાય છે, પરિણામે એના નિર્ણયો એને ખુદને ખોટા લાગે જાય છે. આવા ખોટા નિર્ણયો અંતે તો એના જીવનને દુઃખી બનાવે છે. પૂર્વગ્રહના બોજને બાજુએ મૂકીને જે વિચારે તે જ ઇશ્વરનો સાચો અનુગ્રહ પામી શકે, પરંતુ અહમની સૌથી મોટી મુશ્કેલી જ એ છે કે વ્યકિત પોતાને અનુકૂળ હોય, તેટલું જ જુએ છે, સાંભળે છે, વિચારે છે અને બોલે છે. પ્રતિકૂળ બાબત સામે આંખ આડા કાન કરવા એ અહમનું લક્ષણ છે.

'હું કદી ખોટો હોઉં જ નહિ' એ અહમની વાણી છે આગ્રહની આત્યંતિકતા છે. પૂર્વગ્રહની અભિ-વ્યકિત છે. 'હું ખોટો પણ હોઇ શકું' એ નમ્રતાની વાણી છે મોકળા મનની એ અભિવ્યકિત છે અને અનાગ્રહની એક ભૂમિકા છે; પરંતુ અહમને તો પોતાની આગવી આંખ હોય છે. એ પોતાની આંખે જ સઘળું જુએ છે અને પોતે જ પ્રમાણે છે. એ પોતાના ખ્યાલને સનાતન સત્ય માને છે. પોતાની માન્યતાને નક્કર હકીકત ગણે છે. અહમ્ અજ્ઞાનનો પોષાક બને છે. ખુદ એરિસ્ટોટલ જેવા પ્રબુદ્ધ ચિંતકો પણ આવા અહમનો ભોગ બન્યા છે. એરિસ્ટોટલે કહ્યું હતું કે પુરુષો કરતાં સ્ત્રીઓના દાંત ઓછા હોય છે અને એના જમાનાએ એરિસ્ટોટલની વાતનો સ્વીકાર કરી લીધો. એરિસ્ટોટલે આ પ્રચલિત વાતનું પ્રમાણ શોધ્યું નહીં. એવું નહોતું કે એરિસ્ટોટલને પત્ની હતી નહિ. એને એક નહિ પણ બે પત્ની હતી હોત તો તે પત્નીના દાંત ગણી શકયો હોત, પણ જ્યાં પુરુષની સર્વોપરિતા હોય ત્યાં સત્યની ખોજ કરવાની શી જરૂર? આથી જ સત્તાથી સત્ય દૂર રહ્યું છે. હકીકતમાં તો પુરુષનો અહંકાર એ વાત માનવા તૈયાર નહોતો કે સ્ત્રીઓ એમની સાથે બરાબરી કરી શકે તેમ છે. પછી ભલેને એ દાંતની વાત હોય!

અહમ્નો લીધે માનવીના વ્યકિતત્વનો વિકાસ કુંઠિત થઇ જાય છે એ બીજાના ગુણોને પારખી શકતો નથી, બલ્કે બીજાની સિદ્ધિ એનામાં વેરના જગાવે છે. બીજાનું ઐશ્વર્ય એને પોતાને અકળાવનારું લાગે છે. બીજાને મળેલું પદ કે સત્તા એને બેચેન બનાવી મૂકે છે. અહમ્ પોતાના દુર્ગુણો તરફ રાગ અને બીજાના ગુણો તરફ દ્વેષ ધરાવે છે. અન્યની નિંદા કરીને એ મોટો થવા માગે છે. પોતાનું સામર્થ્ય કેળવવાને બદલે બીજાના સામર્થ્યને દોષ દેવા માંડે છે. અને પરિણામે એની જીવન-દૃષ્ટિ સંકુચિત થતી જાય છે. જે માનવી બીજી વ્યકિતઓની આસપાસ સદ્ભાવથી ફરતો નથી તેના મનની ક્ષિતિજ અને જીવનનું આકાશ સીમિત બની જાય છે. જે પારકાની દૃષ્ટિએ જોવાનો પ્રયાસ કરે છે, એના પોતાના જીવનનાં અડધા દુઃખ ઓછાં થઇ જાય છે, એક લીટીને નાની કરવા માટે એને ભૂંસવાની જરૂર નથી, પરંતુ બાજુમાં બીજી મોટી લીટી કરવાની હોય છે. ભૂંસનારા લોકો જગતને કલુષિત અને કલેશમય બનાવે છે. પોતાનો કક્કો ખરો પાડવા માટે એ ગમે તેવાં સાધનો અપનાવે છે અને ગમે તેવી રીત-રસમો અખત્યાર કરે છે. દુનિયામાં મોટા ભાગના ઝગડા પોતાનો કક્કો ખરો પાડવામાંથી શરૂ થતા હોય છે. આમરે કે ખાનદાનીને નામે આતંક ફેલાવાતો હોય છે. આમાં સગા ભાઇ વચ્ચે સાત સાત ભવના વેર બંધાય છે, કુટુંબોમાં કલેશની હોળી પ્રગટે છે. સગાંઓ સ્નેહીઓ રહેતા નથી. આ ભવોના મૂળમાં કક્કો ખરો કરાવવાનો અહમ્ જ છે. એ સિવાય બીજું કંઇ નહિ. ધીરે ધીરે આ અહમ્ એટલો કાંઠે પડી જાય છે કે એ માનવીનો સ્વભાવ બની જાય છે. માણસ બધા સંજોગોમાં લાભ શોધવાની ખટપટ કર્યા કરે છે. દરેક બાબતને પોતાના સ્વાર્થના સંદર્ભમાં જુએ છે. પૂર્વગ્રહથી એનો નિર્ણય આપે છે. પ્રસિદ્ધ ચિંતક જે. કૃષ્ણમૂર્તિના કહેવા પ્રમાણે અહમ્નો આધાર મુખ્યત્વે ભૂતકાળનાં સ્મરણો પર છે અને સ્મરણો એ ભૂતકાળનું સંગ્રહસ્થાન છે આ 'હું' માનવીને નમ્રતા કે પ્રેમ તરફ નહીં,

પણ જુદાપણું, તિરસ્કાર અને ખંડનવૃત્તિ તરફ લઈ જાય છે. સ્મરણ ખરાબ નથી પરંતુ સ્મરણથી પ્રતિબદ્ધ થયેલા પ્રત્યાઘાતો ખરાબ છે. સ્મરણો બોજરૂપ અને પૂર્વગ્રહ બને છે.

અહમ્‌નો ત્યાગ એ આધ્યાત્મિક પ્રગતિ માટેની પહેલી શરત છે. લોકો આપણી પ્રશંસા કરે એ આપણને ગમતી હોય છે. લોકો આપણી વાત સાંભળે ત્યારે આપણે ખુશખુશાલ થઈ જઈએ છીએ. એમાંય જો કોઈ આજતમાં કિંમતી અભિપ્રાય માગે તો આપણી છાતી ગજગજ ફૂલી જાય છે. વળી કોઈ મદદ લેવા આવે તો આપણને આપણી જાતના ગૌરવનો અનુભવ થાય છે, પણ આ બધું છે શું? આપણે આપણી જાતથી દૂર જઈને એ વિચારવું ઘટે કે ખરેખર આવી પ્રશંસાને હું પાત્ર છું ખરો? શું એ પ્રશંસા પોલી તો નથીને? કે પછી પાંચ વર્ષે એકવાર ઠાવકાઈથી ખુશામત કરીને મતની ઉઘરાણી કરવા આવેલા રાજકારણી જેવી ઔપચારિક તો નથીને? આમ અહમ્‌થી અળગા થવા માટે આપણે આપણી જાતથી અળગા થઈને એને જોવી પડશે. અહમ્‌નો શ્વાસ દ્વેષ છે, અહમ્‌નો ઉચ્છવાસ પૂર્વગ્રહ છે અને એનો નિવાસ ભૂતકાળ છે. માણસ પોતાના દુઃખે દુઃખી થવા કરતાં બીજાના સુખને લીધે વધુ દુઃખી થાય છે. કયારેક અહમ્‌ને વિનમ્રતાથી વીંટાળી લેવામાં આવે છે. હૃદયમાં સત્તાની લાલસા હોય છતાં મુખથી સાદાઈની વાત કરે. મનમાં પ્રશંસાની ભેખના હોય છતાં નિઃસ્પૃહ હોવાનો દેખાવ કરે. આવો સૂક્ષ્મ અહમ્‌ કૃતક વિનમ્રતાથી પ્રગટ થાય છે, આચાર્ય વિનોબા ભાવેએ કહ્યું છે કે માણસ ઘણા પ્રકારના અભિમાનથી વીંટળાયેલો છે. એને ધનનું અભિમાન હોય, રૂપનું અભિમાન હોય, ગુણનું કે જ્ઞાનનું અભિમાન હોય, પરંતુ 'મારામાં કોઈ પણ પ્રકારનું અભિમાન નથી' એમ કહેનાર જેવો બીજો કોઈ અભિમાની હોતો નથી.

આજના યુગે સંહારક અણુશસ્ત્રો સર્જીને જેટલી ભૂલ કરી છે એટલી જ ભૂલ માનવીએ એના જીવનમાંથી સરળતાની ઉપેક્ષા કરીને કરી છે એકવાર એક જૈન સાધુને કોઈએ પૂછ્યું, 'પરમાત્મા કેવી રીતે મેળવી શકાય?'

'બસ, જ્યારે ભૂખ લાગે ત્યારે ખાઈ લેવું અને ઊંઘ આવે ત્યારે સૂઈ જવું. આમ કરવાથી જરૂર પરમાત્માની પ્રાપ્તિ થશે.'

આ સાંભળીને પેલાએ કચવાતા મનથી કહ્યું, અરે! આવું તો અમે રોજ કરીએ છીએ, પણ પરમાત્મા મળે છે કયાં!

સાધુ ખડખડાટ હસી પડયા અને બોલ્યા, 'તમે એવું કર્યા કરો છો? તમને જમતી વખતે ક્રમની ચિંતા સતાવે છે. તમને સૂતી વખતે કટલાય વિચારો આવે છે. તમે ભોજન વખતે ભોજન સિવાય બીજા કશાયનો વિચાર ન કર્યો હોય તેવું બન્યું છે ખરું?

અને સાચે જ માનવીએ એના જીવનમાંથી સરળતાને દેશ-નિકાલ આપ્યો છે. કોઈને ધનનો આડંબર છે તો કોઈને સત્તાનું ગુમાન છે. આ બધા એમના જીવનની આસપાસ દંભને વીંટાળીને ફરે છે. પોતાની જાતને જોવા જેવી અંધેરી વાત બીજી કોઈ નથી, પરંતુ જાતને જોવા માટે અંદર જોવા જેવું કપરું અને અઘરું બીજું એકે નથી. બહારની દુનિયા તો આંખોથી જોઈ શકાય, પણ દૃષ્ટિ વિના આંતરિક જગતની કેડીય દેખાય નહિ.

હાથીની માફક આપણને આપણું સાચું પ્રતિબિંબ જોવું આપણને ગમતું નથી. હાથી તળાવમાં પાણી પીવા જાય છે ત્યારે પોતાનું પ્રતિબિંબ જોઈને એ ખુદ અસ્વસ્થ બની જાય છે. એને થાય છે કે કેવું દૂંદાળું છે આ શરીર? મોટા ઘરના સાવ નાના ગોખલા જેવી ઝીણી ઝીણી આંખો, કાન તો સૂપડા જેવા અને નમણા નાકને બદલે લાંબી લાંબી સૂંઢ આવા પ્રાણીને જોઈને હાથીને નફરત થાય છે. અને તેથી સૂંઢથી તળાવનું પાણી પહેલાં ડહોળી નાખે છે અને પછી ડહોળું અણગમતું પ્રાણી દેખાવું બંધ થાય ત્યારે પાણી પીએ છે. માણસ એનો સાચો ચહેરો છૂપાવવા ચાહે છે. પોતાના સાચા પ્રતિબિંબને એ ડહોળતો રહે છે-અને પછી હાથીની માફક લહેરથી પાણી પીએ છે. આ અહમ્‌ને ઓળખીએ તો જ જીવનનાં દુઃખો દૂર થાય. જીવનની સાચી સમજ આવે. આને માટે આપણે આપણી ભાવક્ષિતિજને વિશાળ બનાવવી પડશે. હૃદયની ઉદારતા વધારવી પડશે. આ અહમ્‌ને ગતિ દમન કે પીડનથી દૂર કરી શકાય નહિ. એને તો પહેલાં ઓળખવો જોઈએ અને પછી અળગો કરવાનો રહ્યો. અહમ્‌ની બહારથી અંદર ભણી છે. અહમ્‌નો ત્યાગ કરનારની ગતિ અંદરથી બહારની બાજુ છે. સ્વાર્થ કે લાલસા બહારથી બધું અંદર લાવે છે. પરમાર્થ કે પ્રેમ એ અંદરથી બહારની બાજુએ વહે છે. એક નાનકડા બીજમાંથી બહાર નીકળતું વૃક્ષ જમીન પર છવાઈ જાય છે. કોઈ ઊંચા પહાડ પર પાણીની રેખા જેટલું નાનું ઝરણું ધીમે ધીમે નદીનું રૂપ ધારણ કરે છે. આમ જીવનની સાચી ગતિ એ અંદરથી બહારની બાજુએ જવામાં છે. હિતોપદેશમાં કહ્યું છે: સ્વભાવો મૂર્ધ્નિ વર્તતે। 'વ્યવહારમાં સ્વભાવ પ્રગટ થાય છે. દેહાકૃતિમાં સ્વભાવ પ્રગટ થાય છે. સ્વરમાં સ્વભાવ પ્રગટ થાય છે. સંપૂર્ણ આચરણમાં સ્વભાવ પ્રગટ થાય છે. માણસ પોતાના મસ્તકના ૧/૮ ભાગ પર જ કાબુ ધરાવે છે. બાકીનો ૭/૮ ભાગ તો એના સ્વભાવ કે આદતના અનુશાસન હેઠળ હોય છે. આપણે સ્વભાવ જ એવો કરવો જોઈએ કે જે પર-ભાવનો વિચાર કરે, એને પારકાની ચિંતા હોય. બીજાના કલ્યાણની ભાવના હોય. અન્યની પીડા ઉઘરાવતો ફરતો હોય. આવી વ્યકિતનો અહમ્‌ આપોઆપ ઓગળતો જાય છે. આત્મીયતા એ અહમ્‌ની વિરોધી બાજત છે.

સાભાર સ્વીકાર

* **શરીર બોલે છે**
લે, ડૉ. એમ. એમ. ભમગરા
પૃષ્ઠ-૧૬, ડેમી સાઇઝ-મૂલ્ય રૂ. ૨-૦૦
પ્રકાશક : હેલ્થ સાયન્સ ટ્રસ્ટ
૧૬, ભારત મહાલ, ૮૬, મરીન ડ્રાઇવ, મુંબઇ-૪૦૦૦૨

* **સાવિત્રી-શ્રી અરવિંદનું જીવન દર્શન**
લે. પ્રા. અશ્વિનભાઈ કાપડિયા
પૃષ્ઠ-૬૪, ડેમી સાઇઝ, મૂલ્ય રૂ. ૩-૦૦
પ્રકાશક : ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯

* **શબ્દ સગપણનાં ફૂલ**
લે ગુણવંત ભટ્ટ
પૃષ્ઠ-૨૦૮, ક્રાઉન સોળપેજી-મૂલ્ય રૂ. ૨૫ ૦૦
પ્રાપ્તિસ્થાન : મે. આર. આર. શેઠની કું.
૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૨

* **ભજનાનંદ**
લે. ધનજીભાઈ અંબાલાલ પટેલ 'આનંદ'
પૃષ્ઠ-૧૦૦, ક્રાઉન સોળ પેજી, મૂલ્ય જણાવ્યું નથી.
પ્રકાશક : હસમુખ ધનજીભાઈ પટેલ
પાર્વતી પ્રેરણા બિલ્ડીંગ, બ્લોક નં. ૪, ૯૬, દીક્ષિત રોડ,
વિલેપાર્લે (પૂર્વ), મુંબઇ ૪૦૦૦૫૬

તીર્થ—યાત્રા

અનવર આગેવાન

તીર્થ યાત્રાને દરેક ધર્મોમાં માનવીના આધ્યાત્મિક જીવનનું મુખ્ય અંગ ગણ્યું છે. દરેક ધર્મના અનુયાયી જીવન દરમ્યાન પોતપોતાનાં પવિત્ર સ્થળોનું દર્શન કરવાની ઇચ્છા રાખે છે. કોઇપણ તીર્થસ્થળે માનવી જાય છે ત્યારે તેના અન્તર્મન પર મનોવૈજ્ઞાનિક પ્રભાવ પડ્યા વગર રહેતો નથી. તે કોઇ પણ સ્થાન પર જાય પણ તેના અન્તર્મનમાં એ સ્થાન પોતાની ઐતિહાસિક અને આધ્યાત્મિક રક્ષુરણા કર્યા વગર તેને છોડતું નથી. ભારતીય સંસ્કૃતિના શૈક્ષવકાળમાં ઉદ્‌ઘોષિત ગીતાનું 'શ્રદ્ધાવાન લભતે જ્ઞાનમ' આ અમર વાક્ય વિશ્વના ખૂણે ખૂણે આજે પણ ગૂંજી રહ્યું છે. સુદૂર અતીતથી લઇને આજ સુધીના દરેક તત્ત્વદ્રષ્ટા મનીષિઓએ જે વસ્તુઓ પર પોતાની આસ્થા તથા શ્રદ્ધા સ્થાપિત કરી છે, તેમાં તીર્થયાત્રાનું મહત્વ કંઇ ઓછું નથી.

'તૃ' અને 'થક' પ્રત્યયના સંયોગથી બનેલા 'તીર્થ' પદનો 'શબ્દાર્થ' થાય છે-તારનાર અથવા અથવા તારણહાર. 'તરંતિ પાપદિક યસ્માત' અર્થાત જે પણ કોઇ જડ-ચેતન તત્ત્વ મૃત્યુના તેમ જ કર્મના બંધનમાંથી તારે તે તીર્થ. આ રીતે જોતાં સદ્‌ગુરુ, સત્કર્મ, સદ્‌ગ્રંથ, પવિત્રસ્થાન, દેવ દેવી ઇત્યાદિ તીર્થસ્વરૂપ છે.

આપણે ત્યાં ત્રણ પ્રકારના તીર્થો પ્રચલિત છે. જંગમ, સ્થાવર અને માનસ.

જંગમ તીર્થ :- સાધુ, સંત, મહાપુરુષ, બ્રાહ્મણ, (બ્રહ્મયજ્ઞ) વિશ્વના જંગમ તીર્થો મનાયાં છે. પોતાના અલૌકિક સદ્‌ગુણોના તેજ-પ્રભાવથી તેઓ તીર્થસ્થાનને પવિત્ર કરે છે.

સ્થાવર તીર્થ :- વિશ્વભરનાં નદી, સરોવર, દેવસ્થાન-મંદિર આદિ જે સ્થાયી રૂપે છે તે સ્થાવર તીર્થ છે. પ્રચલિત માન્યતા અનુસાર આ સ્થાનોમાં એવી દિવ્યશક્તિ રહી છે કે એના સાનિધ્ય માત્રથી મનુષ્યના વિવિધ પાપ આપોઆપ દૂર થાય છે સામાન્ય રીતે આવાં સ્થળો જ તીર્થને નામે ઓળખાય છે. સ્થાવર તીર્થના પણ ત્રણ ઉપભેદ છે. નિત્યતીર્થ, ભગવદીય તીર્થ અને સંત તીર્થ.

ગંગા, યમુના, કાવેરી આદિ પવિત્ર નદીઓ, કૈલાસ, પ્રયાગ, માનસરોવર આદિ પવિત્ર સ્નાન, જગન્નાથપુરી, વૈદ્યનાથ ધામ પશુપતિનાથ ઇત્યાદિનાં મંદિરો એ તમામ નિત્યતીર્થ છે, એ જ રીતે મક્કા, મદિના, જેરૂસલમ આદિ પણ નિત્યતીર્થ છે.

ધર્મગ્રંથ અનુસાર જ્યાં ભગવાને અવતાર ધારણ કરી અનેક પ્રકારની લીલાઓ દ્વારા ભક્તજન ઉપર કૃપા કરી દર્શન આપ્યા એ સર્વ સ્થળોને ભગવદીય તીર્થ માનવામાં આવે છે, એટલું જ નહીં એની સાથે આધિ દૈવિક ભાવ પણ જોડી દીધા છે.

સંત તીર્થ :- સામાન્ય રીતે જે સ્થળે સંત-મહાત્માઓનો જન્મ થયો, જ્યાં એમણે સાધના કરી હોય કે સમાધિ લીધી હોય અને એમની ચરણરજ પડી હોય તે બધા સંત તીર્થ છે. આ તીર્થો સંત ઋષિઓના દિવ્યગુણોથી પ્રભાવિત છે.

માનસતીર્થ :- સત્ય, ક્ષમા, સંયમ, દરેક પ્રાણીઓ પર દયા, પ્રિયવચન જ્ઞાન તથા જપ આ સાત પ્રકારના તીર્થ માનસ તીર્થ છે.

દાન, ક્ષમા, સંતોષ, બ્રહ્મચર્ય, જ્ઞાન, ધૈર્ય, તપ તો તીર્થ છે પણ મનની પરમ શુદ્ધિ આ બધાં તીર્થોના સેવન કરવાથી એટલે કે આ બધા સદ્‌ગુણો જીવનમાં આચરવાથી પરમ ગતિને પ્રાપ્ત કરી શકાય છે.

સંસ્કારોનું ક્ષેત્ર ભૌતિક જીવનની લઘુ-સીમામાં બાંધેલું નથી. ભારતીય દર્શન પ્રમાણે તે માનવના આંતરિક જીવનમાં પ્રવેશીને જન્મ-જન્માન્તર સુધી પોતાનો અધિકાર જમાવે છે. દરેક મનીષિઓએ સંસ્કૃતિના ક્ષેત્રે આત્મ સંસ્કાર દ્વારા માનવને અપૂર્ણત્વથી પૂર્ણત્વની તરફ લઇ જવાનો ગણ્યો છે. આત્મ સંસ્કાર બે રીતે પ્રાદુર્ભાવ પામે છે, એક તો સતત સાધના અને અભ્યાસ દ્વારા પ્રત્યક્ષ રૂપે અને બીજો સ્વાનુભુતિ દ્વારા અપ્રત્યક્ષ રૂપે કોઇપણ પવિત્ર સ્થાન પર ગયા પછી મનુષ્યના અન્તર્મનમાં તે સ્થાન વિષે પ્રાચીન ગૌરવનો ઇતિહાસ તથા ધાર્મિક સ્મૃતિઓ અનિવાર્ય રૂપે પ્રસ્ફુટિત થાય છે. આત્મ સંસ્કારના ક્ષેત્રે શ્રદ્ધાનું કાર્ય સૌથી વધુ મહત્વનું છે. એટલે ભારતના તત્વદ્રષ્ટા મનિષી-ઓએ જનજીવનની દરેક વાતોને ધાર્મિકતાનો ઓપ આપીને તેના પર શ્રદ્ધા રાખવાનો પ્રયત્ન કર્યો. આધ્યાત્મિક જીવનના ચરમ લક્ષ્યની ઉપલબ્ધિ માટે ભારતીય ધર્મમાં તીર્થયાત્રા આવશ્યક ગણી છે. સુશિક્ષિત નગરનિવાસીથી માંડીને ગામડાના અભણ લોક સુધી. ભારતની દરેક વ્યક્તિ ચાર ધામ અને દરેક મુખ્ય તીર્થસ્થળોની યાત્રા કરવામાં જીવનની સાર્થકતા અનુભવે છે.

ભારતીય સંસ્કૃતિમાં મૂર્તિ પૂજા એક મહાન અને મધુર કલ્પના છે. તેમાં અનેક વિકારો આવી ગયા છે, તો પણ જે ઉદ્દેશ્યને લઇને તેના આધાર પર ઉપાસના પદ્ધતિની સ્થાપના કરવામાં આવી છે, તે ઉચ્ચ અને મહાન છે. તથા આધ્યાત્મિક ચરમની ઉપલબ્ધિ માટે સરળ, સુબોધ અને સુગમ સાધન હતું. એક મમીના શબ્દોમાં-'સર્વ ભગવાનના દર્શન થવા મૂર્તિ પૂજની ચરમ પરિણૂતી છે. ભારતનાં તીર્થ સ્થાનોમાં મહાપુરુષો કે દેવતાઓની મૂર્તિઓની સ્થાપના એ કારણે થઇ હશે. આપણે જોઇએ છે કે તે તીર્થ સ્થાનો પર માત્ર ભગવાન અથવા અન્ય દેવ પુરુષોની મૂર્તિઓ નહીં, અનેક સંત-મહાત્માઓ, ભક્તો અને તત્ત્વવેત્તા પ્રાચીન ઋષિ-મહર્ષિઓની મૂર્તિઓ અને આશ્રમ વિદ્યમાન છે.

પ્રાચીન કાળનું ભારતીય જીવન, તેના અધિષ્ઠાન તપોવનો અથવા ઋષિમુનિઓ કે આશ્રમો પર ઊભું હતું. જ્યાં તે તત્ત્વવેત્તા પોતાની આધ્યાત્મિક સાધના ક્રિયા કરતા હતા. તે કાળના સર્વસાધારણ સમાજની આસ્થા 'જગમંગલમય સંત સમજ જયો જડ જંગમ તીરથ રાજૂ.' ચાલતા-ફરતા તીર્થ રૂપ સંત-મહાત્માઓ પર દઢ થઇ. ભગવાનનું જ્ઞાન સાચા સંતના સમાગમમાં આવવાથી મળે છે અને તેમની કૃપાથી મનુષ્ય દુઃખરહિત બને છે. સાચો સંત રાગ વગરનો, કામલોભથી પર હોય છે અને એના દિવ્ય ઉપદેશથી માનવી સંસારના બંધનથી મુકત બને છે.

આવા સંતમાંથી પ્રગટતી દિવ્ય ઊર્જા એમના સંપર્કમાં આવતા બધા જીવોને પ્રભાવિત કરે છે.

સંત-મહાત્માનું દર્શન પવિત્ર ગણ્યું છે. દરેક સંત તીર્થ સ્વરૂપ છે. તીર્થનું તો અમુક સમયે ફળ મળે જ્યારે સંત સમાગમથી ત્વરિત ફળ મળે છે.

શારીરિક શ્રમ

'સત્સંગી'

આપણા બાપદાદાઓનાં જીવનમાં શારીરિક શ્રમનું જે સ્વાભાવિક તેમજ સમજપૂર્વકનું સ્થાન હતું તેની સરખામણીએ આજે આપણે વધુ પડતા કામળ અને નિર્બળ બન્યા છીએ. ઔદ્યોગિક ક્રાંતિ આવતાં અને સાથે સાથે કેળવણીનો ફેલાવો થતાં અપણી રહેણીકરણીમાં શારીરિક શ્રમની મહત્તા ઉત્તરોત્તર ઘટતી ચાલી. પરિણામે આપણે ત્યાં બૌદ્ધિક કાર્ય કરનારો વર્ગ અને શ્રમજીવી વર્ગ એવો વર્ગભેદ આપણા સમાજમાં નિર્માણ થતો રહ્યો. સમાજના આવાં વિભાજનથી વ્યથિત થઇને મહાત્મા ગાંધીજીએ સખત નારાજી સાથે તા. ૨૦-૬-'૨૮ ના 'યંગ ઇન્ડિઆ'માં લખ્યું :- જ્યારે પુરુષે કે સ્ત્રીએ સેવા માટેશા રીરિક શ્રમ કર્યો હોય ત્યારે જ એને જીવવાનો કોઇ હક મળે છે.' ગાંધીજીએ શારીરિક શ્રમના ખ્યાલની પ્રથમ પ્રેરણા, શ્રમના હિમાયતી રસ્કિન, ટોલ્સ્ટોય અને રશિયન બેડૂત લેખક બોન્ડારેફનાં લખાણોમાંથી મેળવી હતી. ગીતાના ત્રીજા અધ્યાયમાં પોતાનું કર્તવ્ય-ફરજપાલન એ જ યજ્ઞ-ઉચ્ચતમ બલિદાન છે, એવી સ્પષ્ટ સમજ આપી છે. ગાંધીજીએ આ વિચારનું પોતાની દૃષ્ટિએ અર્થઘટન કરીને પોતાના શારીરિક શ્રમના ખ્યાલને સમર્થન આપ્યું હતું. અને જગતને સુખશાંતિ અને આબાદી પ્રાપ્ત કરવા માટે પોતાનાં વાણી અને વર્તન દ્વારા શ્રમની દૃષ્ટિની મહામૂલી ભેટ ધરી.

આજે શારીરિક શ્રમ વિશે બે પ્રકારનાં મંતવ્યો પ્રવર્તે છે. ગાંધીજીએ પોતાનાં જીવન દ્વારા શારીરિક શ્રમનો જે મહિમા બતાવ્યો તેને મોટા ભાગના લોકો એક 'આદર્શ' તરીકે ગણે છે જ્યારે બીજા પ્રકારનું મંતવ્ય એ છે કે જે શારીરિક શ્રમ કરે તે ઊતરતી કક્ષાની વ્યકિત ગણાય અને બૌદ્ધિક કાર્ય કરે તે ચડિયાતી કક્ષાની વ્યકિત ગણાય. આપણું વૈયકિતક અને સામાજિક જીવન આ બીજા પ્રકારનાં મંતવ્યના પાયા પર ઘડાતું રહ્યું છે અને ઘડાય છે. શારીરિક કાર્ય કરનાર હલકો ગણાય એ માન્યતાએ આપણા દેશમાં અપાતી કેળવણીને પણ આવરી લીધી છે જે ઘણી દુઃખદ બાબત છે. પરિણામે શિક્ષિત યુવાનવર્ગને સામાન્ય શારીરિક કાર્ય માટે યંત્ર અથવા નોકરની જરૂર જણાય છે. જેમ વૈજ્ઞાનિક સગવડો વધતી જાય છે તેમ માણસને શારીરિક શ્રમ હાસ્યાસ્પદ લાગે છે. જ્યારે શારીરિક શ્રમના 'આદર્શ'ની બાબત વકતવ્ય કે લેખનો વિષય બનવા પૂરતી જોવા મળે છે.

મોટા ભાગના લોકોને 'આદર્શ' શબ્દ પણ ભારેખમ લાગે છે. માનવ જીવનના કોઇપણ આદર્શ પ્રત્યે જન-સમુદાયમાં અણગમો પ્રવર્તતો હોય છે. આજે માણસ સ્પષ્ટ રીતે ફાયદાની ભાષામાં જ વાત કરે છે. સામાન્ય માણસનો પ્રશ્ન આ છે. 'Time is money અર્થાત્ સમય સંપત્તિ છે. એક મિનિટ પણ બગાડની પરવડે એમ નથી. અત્યારના ઊંચા જીવન ધોરણને પહોંચી વળવા માટે શારીરિક શ્રમ કરવાથી શું રોકડ વળતર મળે?' આ પ્રશ્નના જવાબમાં શારીરિક શ્રમનો વિચાર કોઇ પણ પ્રકારના પૂર્વગ્રહ વિના કેવળ વ્યાવહારિક અને વાસ્તવિક દૃષ્ટિએ, ફાયદાની દૃષ્ટિએ કહેવાનું રહે છે. ઉપયોગિતાવાદને તેના યોગ્ય અર્થમાં અનુસરવો ઇષ્ટતમ છે.

સૌથી પ્રથમ આપણે આપણાં જીવનનાં શાંતિ અને સ્વાસ્થ્યના અનિવાર્ય આધારસ્તંભ 'નિદ્રા'ની વાત વિચારીએ. અહીં વિશ્વવિખ્યાત સાહિત્યસ્વામી મેકિસમ ગોર્કી'એ નોંધેલા ટોલ્સ્ટોયના શબ્દો ટાંકવા યથાર્થ બનશે :- 'માણસ ભૂકંપ, મહામારી, રોગની યંત્રણા ને એના આત્મા પર ગુજરનારી અનેક યંત્રણાઓમાંથી પસાર થાય છે, પરંતુ સૌથી વધુ દુઃસહ કરૂણતા કોઇ હોય તો તે છે, એના શયનગૃહની કરૂણતા.' અમેરિકામાં દરરોજ ૮૫ લાખ રૂપિયાની ઊંઘની ગોળીઓ વેચાય છે. ભારતમાં પણ ઊંઘની ગોળીઓનો વપરાશ સારો એવો છે. માણસ રોજિંદા વસમા સંઘર્ષ પછી પોતાના શયનગૃહમાં અશાંતિ અને જીવનનના પરિતાપની અસરો અનુભવે છે. આ વ્યથા તેની ઊંઘમાં ખલેલ પાડે છે. આખો દિવસ મગજે કામ કર્યું હોય છે, જ્યારે શરીરને થાક લગ્યો જ હોતો નથી. જ્યારે શ્રમ કરતા બેડૂત, મજૂર કે કારીગરને ખેતરમાં કે ઘરને ઓટલે થોડી જ વારમાં ધસઘસાટ ઊંઘ આવી જતી હોય છે અને સારી ઊંઘને લીધે તે બીજે દિવસે તાજગી અને સ્ફૂર્તિથી કામ કરતો હોય છે.

બુદ્ધિજીવી વર્ગની માન્યતા થઇ ગઈ છે કે તેમને વાચન, મનન, લેખન તેમ જ પોતાના વ્યવસાયની પૂર્વ તૈયારી માટે કોઇ પણ જાતના વિક્ષેપ વિના સંપૂર્ણ સમય હોવો એઇએ અને તો જ તેમની કાર્યક્ષમતા દીપી નીકળે, બુદ્ધિપ્રતિભા ખીલે અને વ્યકિતત્વ તેજસ્વી બને. પરિણામે પાણીનો પ્યાલો પણ પાની કે નોકર આપી જાય એવી તેમની રહેણીકરણી હોય છે. પોતે બહુ બહુ તો સવાર-સાંજ ફરવા જાય કે પછી ટેનિસ, ગોલ્ફ કે વોલિબોલ જેવી રમતો રમે. આથી વિશેષ ખલેલ પોતાનાં બૌદ્ધિક કાર્યમાં ન પડવી જોઇએ એવો તેમનો ખાસ આગ્રહ હોય છે. હવે આવી રીતે રહેનારા બુદ્ધિજીવી લોકોમાંથી કોઇ વાલ્મીકિ કે ગાંધીજી, ટોલ્સ્ટોય કે વિનોબા ભાવે, રસ્કિન કે મહાદેવભાઇ દેસાઇ, મેકિસમ ગોર્કી કે મોરારજીભાઇ દેસાઇ બન્યા નથી. દુનિયામાં તેમ જ આપણા દેશમાં આવા બુદ્ધિજીવીઓની સંખ્યા મોટી છે. આ બુદ્ધિજીવી વર્ગનું સમાજ પર વજન પડતું હોય એવી બાબત રહેતી નથી. બલ્કે બુદ્ધિજીવીઓ સમાજને માટે સમસ્યારૂપ પણ રહેતા આવ્યા છે. પરિણામે તેઓ સમાજને સાચી દોરવણી આપવામાં નિષ્ફળ નીવડ્યા છે.

બુદ્ધિજીવી વર્ગના લોકો તંદુરસ્તી અને ખોરાકનાં પાચન માટે શારીરિક વ્યાયામ કરે એ વિચારને મહાત્મા ગાંધીજીએ હસી કાઢ્યો હતો. તેમણે તા. ૧-૮-'૩૬ નાં હરિજનમાં લખ્યું :- 'માણસ આખો દિવસ માત્ર લખીને કે વાંચીને કે ભાષણો આપીને પોતાનો માનસિક વિકાસ સાધી શકે નહિ. મેં દિવસો અને મહિનાઓ સુધી દરરોજ ૮ કલાક શારીરિક કાર્ય કર્યું છે, હું નથી માનતો કે હું માનસિક પતનનો ભોગ બન્યો હોઉં. હુ ઘણી વાર રોજના ૪૦ માઇલ ચાલ્યો છું અને મેં કદી જડતા-નીરસતા અનુભવી નથી., યોગ્ય માનસિક વિકાસ માટે પણ શારીરિક શ્રમ અનિવાર્ય છે એ વૈજ્ઞાનિક સત્ય બુદ્ધિજીવીઓએ સ્વીકારવું જ ઘટે. માણસ પોતાનું રોજિંદું કાર્ય જાતે કરે, ઘરમાં શારીરિક કાર્યમાં ભાગીદાર બને, બાગકામ કરે, રેટિયો કાંતે-અત્યારનાં જીવનમાં જેટલું બધેબેસતું બને તેટલું આવું શારીરિક કાર્ય કરે તો સારી ઊંઘ, યોગ્ય માનસિક વિકાસ અને ઉત્પાદકતાના ફાયદાઓને મેળવે એ સીધાંસાદાં ગણિતની

બાબત જ છે.

તેવી જ રીતે બુદ્ધિજીવી વર્ગના લોકોમાં આવી સામાન્ય ફરિયાદો સંભળાતી હોય જ છે :- 'ભૂખ નથી લાગતી, ખોરાક પચતો નથી, ગેસ થાય છે.' શ્રમજીવી વર્ગના લોકોમાં આવી ફરિયાદો અપવાદક રીતે જ થતી હોય છે. બુદ્ધિજીવી લોકો તેમનાં વિદ્યાર્થી જીવન દરમ્યાન શરીર વિજ્ઞાન ભણ્યા હોય છે, પરંતુ જીવનમાં શરીરવિજ્ઞાનમાં જ્ઞાનનો લાભ તેઓ લઈ શકતા હોતા નથી. 'પસીનાની રોટી ખાવી' એ માત્ર ધર્મોપદેશ નથી, પરંતુ શ્રમ કરવાથી તમે શરીર અને મનથી નીરોગી રહેશો અને તે દ્વારા તમે આધ્યાત્મિક પ્રગતિ સાધવા સમર્થ બનશો, એવી ઊંડી સમજ આ ધાર્મિક સત્ય પાછળ રહેલી છે. શારીરિક શ્રમથી ભૂખની રુચિ થાય, ખોરાકનું પાચન થાય અને શરીરનું યંત્ર યોગ્ય રીતે કામ કરે તેનું મૂલ્ય રૂપિયાની ભાષામાં તો આંકી શકાય જ નહિ એવો આ ફાયદો-લાભ છે.

આપણે સૌ જાણીએ છીએ કે માણસને ધર્યા ખૂબ પજવતી હોય છે. તેવી જ રીતે ચિંતાઓ માણસને ઘેરી લેતી હોય છે. Tensions-તણાવોની ફરિયાદો આજના સમયની લાક્ષણિક બાબત બની છે. આ માનસિક પરિતાપો માટે મગજને શાંત રાખે એવી દવાઓ લેવાતી હોય છે. જ્યારે એક વિચારક તો ત્યાં સુધી કહ્યું છે કે તમને ધર્યા પજવવા લાગે એટલે તરત જ શારીરિક શ્રમ કરવા મંડી પડો. આ સૂચનમાં ભારોભાર તથ્ય રહેલું છે. ચિંતાઓ અને તણાવો માટે શરીરમાંથી ખૂબ પરસેવો નીકળે તેટલો શારીરિક શ્રમ આશીર્વાદરૂપ બને છે. પશ્ચિમના કોઈ કોઈ લોકોએ આવા અખતરાઓ સુપરિણામો સાથે રીતસર નોંધ્યા છે. વળી idle mind-નવરું મન તો સમસ્યાઓની સમસ્યા છે. માત્ર બૌદ્ધિક પ્રવૃત્તિમાં રત રહેવું એ નવરાં મનની સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ નથી, પરંતુ તેના સુખદ અને સંપૂર્ણ ઉકેલ માટે શારીરિક શ્રમ પણ આનવાર્ય છે.

આપણે તબીબી સત્યો સ્વીકારવાની તૈયારી દાખવીએ તો ખરેખર એ સાચું જ છે કે શારીરિક શ્રમ સારી ઊંઘથી માંડીને હૃદય-Heart યોગ્ય રીતે કામ કરે ત્યાં સુધીની શારીરિક સુખાકારીની બાબતો (જે તંદુરસ્ત મન માટે આશીર્વાદરૂપ છે) માટે અદ્‌ભુત રીતે ઉપયોગી છે. આ નકકર ફાયદો રોકડ વળતરથી અનેકગણો વિશેષ છે. આપણે પશ્ચિમી કેળવણી અને રહેણીકરણીથી જાતજાતના તણાવો-Tensions-થી ઘેરાઈ ગયા હોવાથી આ તબીબી સત્ય પણ સમજી શકતા નથી, લાભ હોવા છતાં આચરીને લઈ શકતા નથી. આપણા બાપદાદા શાળા કોલેજોમાં અભ્યાસ કર્યા વિના આ તબીબી સત્ય જીવનમાં ઉતારી શકયા હતા એ વિચારવા જેવું નથી લાગતું?

શારીરિક શ્રમને માનવજીવનની સુખાકારી માટે નિકટનો સંબંધ હોવાથી એક બાબત પ્રત્યે દૃષ્ટિપાત કરવો ઉચિત બનશે. આપણે નારી સન્માનનું ગાણું ગાતા રહીએ છીએ, જ્યારે વાસ્તવમાં સ્ત્રી જાણે વૈતરું કરવા જ સર્જાઈ હોય એવું આપણું આચરણ છે. મધ્યમ વર્ગની ગૃહિણીઓ વધુ પડતા શારીરિક શ્રમથી જુદાં જુદાં દર્દોની ભોગ બનતી હોય છે. તેમ જ સંયુકત કુટુંબમાં ઘરકામની બાબતમાં આઘાતજનક કલહો થતા હોય છે. જ્યારે પતિદેવો ઘરનાં શારીરિક કાર્યોમાં ભાગીદાર બનવાને બદલે પત્નીઓને શારીરિક કાર્યમાં વધારો થાય એવું આચરણ કરતા રહે છે. પૈસા કમાવા એ મોટું કામ છે, અને ઘરનું કામ કરવું એ હલકું કામ છે-આ ખ્યાલ ભ્રમથી સભર છે. ઘરકામ અને બાળ ઉછેરનાં પરિશ્રમ અને માનસિક તણાવોથી સ્ત્રીનું સ્વાસ્થ્ય જોખમાતાં વાર નથી લાગતી. જો પતિ પત્નીનાં કામમાં થોડો પણ મદદરૂપ બને, તો પતિ પત્ની બંને માટે સુખાકારીની દિશા નિર્માણ થાય તેવી બાબત છે. સમય ન હોવાની દલીલ એ અલગ વિષય બને તેવી બાબત છે, તેથી એટલું કહેવું બસ છે કે પતિ ધારે, તો પત્નીને ઘરકામમાં સહાય કરી શકે અને તે તેના સમયને શ્રેષ્ઠ ઉપયોગ જ છે, ઘડીભર સારા પ્રમાણમાં રોકડ રકમ મળે, પણ કુટુંબનું સ્વાસ્થ્ય બગડે, તો એ રોકડ ફાયદો શા કામનો?

ગાંધીજીએ તો શારીરિક શ્રમની યોગ્યતા અને અનિવાર્યતાના પાયા પર હિંદુઓની સમાજવ્યવસ્થા સુંદર અને સમાનતાભરી બનાવવાની હિમાયત કરી હતી જે સમાજશાસ્ત્રીઓ માટે ખૂબ મનનીય વિષય છે. અહીં શારીરિક શ્રમનો વિચાર સામાન્ય માણસને શો નકકર ફાયદો આપે એવી દૃષ્ટિથી દર્શાવાયો છે. છતાં ગાંધીજીએ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ પણ તા. ૧૬-૫-'૩૬ નાં હરિજનમાં જે લખ્યું છે તેનો ઉલ્લેખ કરવો અહીં અસ્થાને નહિ ગણાય :- 'ભગવાને માણસને પોતાના પસીનાની રોટી ખાવા માટે પેદા કર્યો. આપણને જે સઘળું ખોરાક સમેત જોઈએ છીએ તે આપણે જાદુગરની હેટમાંથી ઉત્પન્ન કરવા સમર્થ બનીએ એવી આશા અંગે મને ડર છે.'

સાભાર સ્વીકાર

* **અન્યથા શરણું નાસ્તિ**
  લે. મુનિશ્રી રત્નસુંદરવિજયજી
  પૃષ્ઠ-૧૦૦, ડેમી સાઇઝ, મૂલ્ય રૂા. ૨૦
  પ્રકાશક : રત્નત્રયી ટ્રસ્ટ C/o કલ્પેશ વી. શાહ
  ૩૬, હસમુખ કોલોની, વિજયનગર રોડ, નારણપુરા,
  અમદાવાદ-૩૮૦૦૧૩

* **મારી જેલ ડાયરી**
  લે. ડૉ. સુમંત મહેતા
  પૃષ્ઠ-૧૦૦, ક્રાઉન સોળપેજી-
  વિક્રેતા : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ,
  અમદાવાદ-૩૮૦૦૦૧

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું
નવું પ્રકાશન
નિરીક્ષણ
અને
અર્થઘટન
લેખક : પન્નાલાલ ૨. શાહ

૪. સ. ૧૯૭૦થી સંઘના હાલના મંત્રી શ્રી પન્નાલાલ ૨. શાહ 'પ્રબુદ્ધ જીવન' માટે વખતોવખત લખતા રહ્યા છે. એમના લેખોનું આ પુસ્તક સંઘે તાજેતરમાં પ્રગટ કર્યું છે. આ પુસ્તકની પ્રસ્તાવના ડૉ. કુમારપાળ દેસાઇએ લખી છે.

ડેમી સાઇઝ-પાકું પુઠું-પૃષ્ઠ ૧૩૬+૧૬
કિંમત રૂ. ૪૦]

સંઘના ટ્રસ્ટીઓ, આજીવન સભ્યો, અને વાર્ષિક સભ્યોને ૩૧ મી ઓકટોબર, ૧૯૮૬ સુધીમાં આ પુસ્તક રૂ. ૩૦]માં આપવામાં આવશે.

વા. મો. શાહના અંતેવાસીની ચિરવિદાય

ડૉ. સુધા પંડ્યા

જૈનધર્મના પ્રખર ક્રાંતિકારી સુધારક, ચિંતક અને સમર્થ ગદ્યકાર વા. મો. શાહના અંતેવાસી, સનિષ્ઠ પ્રેમી અને એકમાત્ર અભ્યાસી એવા સદ્‌ગત શ્રી ત્રિભુવન વીરજીભાઇ હેમાણીએ તા. ૧૬મી સપ્ટેમ્બર, મંગળવારે ચિર વિદાય લીધી. એમના અવસાનથી જૈનસમાજે એક સત્યપ્રિય, અભ્યાસી શિક્ષક અને ચિંતક ગુમાવ્યો છે.

ઇ. સ. ૧૯૨૭ થી ૧૯૨૯ ના સમયગાળામાં એમણે વા. મો. શાહના રહસ્યમંત્રી તરીકે કાર્ય કર્યું. વા. મો. શાહના ખુમારી-ભર્યા વ્યક્તિત્વની છાપ ત્રિભુવનભાઇમાં હતી. વા. મો. શાહની વિચારસૃષ્ટિ સદ્‌ગતે આત્મસાત્ કરી હતી. પ્રામાણિકતા એમના લોહીમાં હતી.

વિસરાઇ ચૂકેલા વા. મો. શાહના સાહિત્યને જીવંત રાખવાનું ભગીરથ કાર્ય એમણે આજીવન ઉપાડ્યું. 'વા મો શાહની તત્ત્વકથાઓ' 'વા. મો. શાહનો જીવનસંદેશ 'વા. મો. શાહનો સંસાર સુધારો;' 'વા. મો. શાહનો ધર્મસંદેશ' 'વા. મો. શાહનું રાજકારણ' ઉપરાંત 'એકડે એક,' 'આર્યનારી ધર્મ,' 'સંસારમાં સુખ કયાં છે?' 'મહાવીર-Superman,' 'મહાવીર કહેતા હવા,' 'ઇશ્વરનું બીજું નામ,' વા. મો. શાહની જીવન-સમીક્ષા, 'વા. મો. શાહ શતાબ્દી ગ્રંથ' જેવા ગ્રંથોનું સુયોગ્ય સંપાદન કરી એમણે વા. મો. શાહનું તર્પણ કર્યું છે, ગુજરાતના સાહિત્ય સર્જકોનાં તખલ્લુસોનો અભ્યાસ કરી સદ્‌ગતે ગુજરાતી તખલ્લુસો' નામે ગ્રંથ પ્રગટ કર્યો છે. તેઓ સ્વતંત્ર ચિંતક પણ હતા.

સાહિત્ય, કુમાર, નવચેતન, સંસ્કૃતિ, પ્રસ્થાન, માનસી, સદ્‌વિચાર જેવા સામયિકોમાં સદ્‌ગતનાં અભ્યાસપૂર્ણ લખાણો વારંવાર પ્રગટ થયાં હતાં. પારિભાષિક કોશની નવી આવૃત્તિમાં પુરવણી પ્રગટ કરવામાં એમણે મહત્ત્વનો ફાળો નોંધાવ્યો છે.

મેં 'વાડીલાલ મોતીલાલ શાહ (વા. મો. શાહ)નું જીવન અને સાહિત્ય' વિષય પર જે શોધપ્રબંધ પ્રગટ કરેલો છે એની બહુવિધ સામગ્રી ઉપલબ્ધ કરવામાં એમનો મોટો ફાળો હતો.

૮૩ વર્ષની ઉંમર સુધી કાર્યરત રહી, વા. મો. શાહ પ્રત્યેનો અનન્ય સ્નેહ પ્રગટ કરતા ત્રિભુવનભાઇ પરમધામ પામ્યા છે ત્યારે વા. મો. શાહના સાહિત્યને હવે પછી જીવંત રાખવાની જવાબદારી જૈન સમાજની બની રહે છે.

સાભાર સ્વીકાર

* **સ્વરોદય સ્વાધ્યાય**

લે. ચંદ્રકાન્ત અમૃલાલ દોશી

પૃષ્ઠ–૨૨, કિંમત જણાવ્યું નથી

પ્રકાશક : જૈન સાહિત્ય વિકાસ મંડળ

૬૬/બી. એસ વી. રોડ, ઇરલા, વિલેપાર્લા (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૬.

સંઘ સમાચાર

'સંઘ'ની કાર્યવાહક સમિતિ ૮૬/૮૭

પદાધિકારીઓ

(૧) ડૉ. રમણલાલ ચી. શાહ પ્રમુખ
(૨) શ્રી ચીમનલાલ જે. શાહ ઉપ પ્રમુખ
(૩) ,, કે. પી. શાહ મંત્રી
(૪) ,, પન્નાલાલ ૨. શાહ ,,
(૫) ,, પ્રવીણચંદ્ર કે. શાહ કોષાધ્યક્ષ
(૬) ,, શૈલેશ એચ. કાપડીયા સહમંત્રી
(૭) શ્રીમતી નિરુબેન એસ. શાહ ,,

કાર્યવાહક સમિતિ

(૧) ડૉ. ધનવંત ટી. શાહ
(૨) શ્રી અમરભાઇ જરીવાલા
(૩) પ્રા. તારાબેન ૨. શાહ
(૪) શ્રી સુબોધભાઇ એમ. શાહ
(૫) ,, કમલબહેન પીસપાટી
(૬) ,, હરિલાલ ગુલાબચંદ શાહ
(૭) ,, ગણપતલાલ મ. ઝવેરી
(૮) ,, એ. જે. શાહ
(૯) ,, શાંતિલાલ દેવજી નંદુ
(૧૦) ,, પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ
(૧૧) ,, રસિકલાલ લહેરચંદ શાહ
(૧૨) ,, જયંતીલાલ પી. શાહ
(૧૩) ,, મફતલાલ ભીખાચંદ શાહ

કો-ઓપ્ટ સભ્યો

(૧૪) શ્રી કપૂરચંદભાઇ ચંદેરિયા
(૧૫) ,, અરવીંદભાઇ ચોકસી
(૧૬) ,, જયાબહેન ટી. શાહ
(૧૭) ,, ધીરજલાલ કુલચંદ શાહ

સહયોગ સમિતિ

(૧) શ્રી જયંતીલાલ ફત્તેચંદ શાહ
(૨) ,, રમણલાલ લાકડાવાલા
(૩) ,, માણેકલાલ વી. સવાણી
(૪) ,, વસનજી લખમશી શાહ
(૫) ,, ચંપકલાલ એમ. અજમેરા
(૬) ,, જોરમલ મંગળજી મહેતા
(૭) ,, ડુંગરશી રામજી ગાલા
(૮) ,, સી. એન. સંઘવી
(૯) ,, બસંતલાલ ડી. નરસિંહપુરા
(૧૦) ,, પ્રવીણભા.ઇ ટી. શાહ

નિમંત્રિત સભ્યો

(૧) શ્રી બિપિનભાઇ શાહ
(૨) ,, સરમીબહેન ભણશાલી
(૩) ,, ઉષાબહેન મહેતા
(૪) ,, મીરાંબહેન રમેશભાઇ મહેતા
(૫) ,, ચંદ્રકુમાર જે. શાહ
(૬) ,, સ્મિતાબહેન શિરીષભાઇ કામદાર
(૭) ,, સુલીબહેન અનિલભાઇ હીરાણી
(૮) ,, ગુલાબચંદ કરમચંદ શાહ
(૯) ,, તરુણાબહેન બિપિનભાઇ શાહ
(૧૦) ,, જ્યોત્સ્નાબહેન શેઠ
(૧૧) ,, શિરિષભાઇ કામદાર
(૧૨) શ્રી પુષ્પાબહેન પરીખ
(૧૩) શ્રી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાળા
(૧૪) ,, રજનીભાઇ વોરા
(૧૫) ,, જ્યોતિબહેન પ્રમોદભાઇ શાહ
(૧૬) ,, પણ્લેખાબહેન દોશી
(૧૭) ,, જગમોહન દાસાણી
(૧૮) ડૉ. અમૂલ શાહ
(૧૯) શ્રી ચંદ્રાબહેન હરસુખભાઇ શાહ
(૨૦) ,, રમાબહેન મહેતા
(૨૧) ,, રૂપચંદ ભણસાલી
(૨૨) ,, નવીનભાઇ મહેતા
(૨૩) ,, સરોજબહેન મહેતા
(૨૪) ,, મીનાબહેન શાહ
(૨૫) શ્રીમતી મૃદુલબહેન જે. શાહ
(૨૬) શ્રી મુકુન્દભાઇ ગાંધી
(૨૭) ,, શાંતિલાલ બી. ગાંધી
(૨૮) ,, ચંદ્રકાન્ત દીપચંદ શાહ
(૨૯) ,, શ્રીપાળ ભંડારી
(૩૦) ,, એ. જે. શાહ
(૩૧) ,, મહેન્દ્રભાઇ વોરા
(૩૨) ,, રવીન્દ્રભાઇ એચ. મહેતા

કેફી પદાર્થોનો વધતો પ્રચાર

(પૃષ્ઠ ૧૧૦ થી ચાલુ)

પગપેસારો કર્યો છે મુંબઇ જેવા શહેરની કેટલીક નામાંકિત કોલેજોમાં બપોર પછી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ ઔષધ લઇ કે એવા ઔષધની સિગારેટ બનાવીને તે પીને એદીની જેમ પડેલા જોવા મળે છે. કેટલાકની હજુ શરૂઆત હોય છે પરંતુ વેળાસર જો તેમને વાળી લેવામાં ન આવે તો તેમની કારકિર્દી થોડાક વર્ષોમાં જ ધૂળધાણી થઇ જાય છે. શ્રીમંત વિદ્યાર્થીઓ ગરીબ મિત્રોને મફત ઔષધ આપી આવા વ્યસનો પાછળ ઘસડે છે, પરંતુ એ ગરીબ વિદ્યાર્થીઓને વ્યસનમાંથી મુક્ત કરાવવાનું એમનાં માબાપોને બહુ ભારે થઇ પડે છે.

અફીણ, ચરસ, ગાંજો જેવા પદાર્થો ભારત, ચીન, જાપાન જેવા દેશોમાં પ્રાચીન સમયથી પ્રચલિત છે. પરંતુ તેનો ઉપયોગ ત્યારે આટલો વ્યાપકપણે થતો ન હતો. બીજા વિશ્વયુદ્ધ પછી આ પદાર્થોનો ઉપયોગ પાશ્ચાત્ય દેશોમાં ચોરી છૂપીથી ઘણો વધી ગયો છે. કોકેન, હેરોઇન, મારીજુઆના, એલ.એસ.ડી. સુગર વગેરે કેટલાય પદાર્થોની હેરાફેરી આંતરરાષ્ટ્રીય ધોરણે વ્યાપક પ્રમાણમાં ચાલી રહી છે. ભારતમાં કે અન્યત્ર વખતોવખત આવા પ્રદાર્થોનો જે જથ્થો પકડાય છે તે નાનોસૂનો હોતો નથી. લાખો કે કરોડો રૂપિયાનો માલ એકી સાથે પકડાય છે. જે પકડાય છે તેના કરતાં ન પકડાયેલા જથ્થાનું પ્રમાણ ઘણું મોટું છે. જર્મની, બ્રિટન કે અમેરિકામાં આ બાબતમાં આટલી બધી સાવચેતી રાખવામાં આવે છે. અને અધિકારીઓની ભ્રષ્ટતા પ્રમાણમાં ઘણી ઓછી છે તો પણ ત્યાં પુષ્કળ પ્રમાણમાં નશો થાય છે એ બતાવે છે કે આવી ટોળકીના સભ્યો કેવી સિફતથી ગુપ્ત રીતે પોતાનો માલ વાપરનારા સુધી પહોંચાડી શકે છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં તેનો સૌથી વધુ પ્રચાર થાય છે. રમત ગમતના ખેલાડી પોતાની તાકાત વધારવા તેનો પુષ્કળ ઉપયોગ કરે છે. દર વર્ષે કેટલાય ખેલાડીઓ (ઓલમ્પિક રમતના ખેલાડીઓ સુધ્ધા) લોહી અને પેશાબની તપાસમાં ઔષધ વાપર્યાનું માલમ પડતાં ગેરલાયક ઠરે છે. ઉત્સાહમાં આવી માદક ઔષધોનું વધુ પડતું સેવન કરવા જતાં કેટલાંક ખેલાડી મૃત્યુ પણ પામ્યા છે.

વ્યસનનો ભોગ યુવાનો વિશેષ બને છે. પોતાની શક્તિ ઉપર વધુ પડતો વિશ્વાસ, પોતાને કંઇ અસર થતી નથી એવી ખોટી આત્મશ્રદ્ધા, નવી વસ્તુઓ અજમાવવાનું કૌતુક, મિત્રો સાથેની મૈત્રીમાં જુદા ન પડવાની ભાવના (समान शील व्यसनेषु मैत्री) ભાવિની બેપરવાઇ, અજ્ઞાન, આપત્તાઇ ઇત્યાદિ પ્રકારનાં લક્ષણોને લીધે યુવાન માણસ વ્યસનનો ભોગ જલદી બને છે. કેટલાંક વ્યસનો અતિશય ખર્ચાળ હોય છે. શ્રીમંત યુવાનો તેમાં વધુ ખેંચાય છે. એમની સાથેનો મધ્યમવર્ગી મિત્ર વર્ગ પણ દેખાદેખીથી ઘસડાય છે. યુવાનો વ્યસનોમાં સપડાય છે ત્યારે સામાન્ય રીતે તેમના માતાપિતા કે અન્ય સ્વજનોને જણાવા દેતા નથી અને તેઓને જ્યારે ખબર પડે છે ત્યારે બહુ મોડું થઇ ગયું હોય છે. વ્યસન થોડા સમય પછી માણસને લજ્જા રહિત બનાવે છે. બજારગીમાં સિગારેટ કે બીડી પીનાર માણસ માતા-પિતાને ખબર પડે પછી તે પીવાનું બંધ કરતો નથી. પણ તેનું પીવાનું દિવસે દિવસે વધુ જાહેર બનતું જાય છે. કેટલાંક યુવક-યુવતી પોતાનાં સંતાનોથી ગુપ્ત રીતે બહાર જઇને વ્યસન સેવતાં હોય છે. સંતાનોનો ખબર પડ્યા પછી તે બંધ કરતા નથી, ઘરમાં પણ તેઓ વ્યસન સેવવા લાગે છે. વ્યસનોનો વારસો કેટલીકવાર આ રીતે બાળકને માતા-પિતા તરફથી મળે છે.

વ્યસનનું વર્ચસ્વ માણસના મન ઉપર જેવું તેવું નથી હોતું. આરંભમાં માણસ સરળતાથી એમાંથી કદાચ મુક્ત થઇ શકે, પરંતુ જેમ જેમ સમય જાય તેમ તેમ વ્યસનનું બંધન વધુ જબરું બનતું જાય છે. કોઇક અત્યંત, દૃઢ સંકલ્પ બળવાળા માણસો તેમાંથી કાયમને માટે મુક્ત થઇ શકે છે. કેટલાય માણસો વ્યસનનું સેવન ન કરવાની પ્રતિજ્ઞા લઇને થોડા વખતમાં જ એનો ભંગ કરી નાખે છે કોઇક માણસે એમ કહેવું કે 'સડેલામાં સહેલી પ્રતિજ્ઞા તે સિગારેટ ન પીવાની છે. મેં એ પ્રતિજ્ઞા ઘણીવાર લીધેલી છે.' (અર્થાત્ ઘણીવાર ભાંગી છે) જેઓ ધર્માચાર્યો પાસે ધર્મ કે ભગવાની સાક્ષીએ આવી પ્રતિજ્ઞા લે છે ને તેના પાલન માટે સ્વજનો દેખરેખ રાખે છે તો તે પ્રતિજ્ઞા પ્રમાણમાં કંઇક વધુ ટકે છે.

કેફી પદાર્થોનું સેવન એ વર્તમાન સમયની મોટામાં મોટી સમસ્યા છે. માનવ સંસ્કૃતિને પ્રગતિમાંથી બે ડગલા પાછા ભરાવે એવી એ ઘટના છે. કેફી પદાર્થોનું સેવન કરનારા અને એની હેરાફેરી કરનારને કડકમાં કડક શિક્ષા રાજ્યસત્તા તરફથી થવી જોઇએ. પરંતુ એટલું જ પૂરતું નથી. શાળા-કોલેજના અભ્યાસક્રમોમાં એના વિશેના જુદા જુદા પાઠોદ્વારા સાચું શિક્ષણ અપાવું જોઇએ. પ્રચાર માધ્યમો દ્વારા એનો વખતોવખત પ્રચાર થવો જરૂરી છે. પરંતુ વિશેષ આવશ્યકતા છે પ્રત્યેક કુટુંબમાં સંસ્કારી વાતાવરણનું નિર્માણ થાય એની. વ્યસનનો ભોગ મુખ્યત્વે યુવાન વર્ગ બને છે. તેમાં પણ યુવતીઓ કરતાં યુવાનો વિશેષ બને છે. યુવા વર્ગને નશીલા પદાર્થોની માઠી અસરોનું સાચું જ્ઞાન આપવા માટે વ્યવસ્થિત અને સતત પ્રચાર થાય તો આ દૂષણને ઘણું કરી શકાય. નશો કરવો એ માનવ-જાતની નબળી પ્રકૃતિ છે. માનવજાત નશામાંથી સદંતર મુક્ત બની હોય એવું ઇતિહાસે કદી જાણ્યું નથી. જ્યાં સુધી થાક છે, દુઃખ છે, ચિંતા છે, ગ્લાનિ છે, વ્યથા છે, શારીરિક કષ્ટ છે, ઉશ્કેરાયેલી જાતીય વૃત્તિઓ છે, કૌતુક છે, સાહસ છે, ભવિષ્યની બેપરવાઇ છે અને જ્યાં સુધી નશાકારક પદાર્થો અને તેના ઉત્પાદકો પૃથ્વી ઉપર છે ત્યાં સુધી માનવ જાતને નશામાંથી સદંતર મુક્ત કરી શકાશે નહિ. પરંતુ અજ્ઞાનને કારણે વેડફાઇ જતી અનેક કીમતી જિંદગીને બચાવી લઇ માનવજાતનો આ શાપ હળવો કરી શકાય તો પણ ઘણું મોટું માનવ સેવાનું કાર્ય કર્યું ગણાશે!

રમણલાલ ચી. શાહ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૩૨૮૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૧૬

મુંબઇ તા. ૧૬-૧૦-'૮૬
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છુટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

આત્મહત્યા

છેલ્લા થોડાક સમયમાં દિલ્હી અને મહારાષ્ટ્રની હાઇકોર્ટોએ આત્મહત્યાના ગુના માટે પકડાયેલી વ્યક્તિઓને નિર્દોષ જાહેર કરી છે, કેમ કે ભારતના બંધારણ અનુસાર ભારતીય નાગરિક આત્મહત્યા કરવાને સ્વતંત્ર છે તેવું અર્થઘટન કરવામાં આવ્યું છે. હજુ ભારતનાં બીજાં રાજ્યોમાં આત્મહત્યા એ ફોજદારી ગુનો છે તેવી સ્થિતિ પ્રવર્તે છે, પરંતુ સમય જતાં એ રાજ્યોમાં પણ આત્મહત્યા વિશે કાયદો રદ થાય તો નવાઇ નહીં. આત્મહત્યા વિશેના દિલ્હી અને મહારાષ્ટ્રના ચુકાદાઓએ કાનૂની, સામાજિક, ધાર્મિક વગેરે ક્ષેત્રના વિચારકોમાં ખળભળાટ મચાવ્યો છે.

જન્મ અને મૃત્યુની ઘટના નિરંતર ચાલ્યા કરે છે. એક ક્ષણ પણ એવી નથી કે જ્યારે વિશ્વમાં કોઇકનો જન્મ થતો ન હોય અને કોઇકનું મૃત્યુ થતું ન હોય. જન્મથી માતા-પિતાને, સગાંસ્નેહીઓને કે બીજા ઘણા લોકોને હર્ષ થાય છે. મૃત્યુથી સ્વજનોને અને બીજા ઘણાં લોકોને દુઃખ થાય છે. યોગ અને વિયોગની ક્રિયા સતત ચાલ્યા કરે છે. જ્યાં યોગ છે ત્યાં વિયોગ મોડો વહેલો થવાનો જ છે.

જન્મ કરતાં મૃત્યુની સમસ્યા ઘણી મોટી છે. મૃત્યુ ઉપર વિજય મેળવનાર, પોતાના મૃત્યુના પ્રસંગે સ્વસ્થ અને પ્રસન્ન રહેનાર અને બીજાને એ પ્રમાણે રહેવા માટે ભલામણ કરનાર વ્યક્તિઓ વિરલ હોય છે. દુનિયામાં કોઇના વગર કશું અટકી પડતું નથી એમ વ્યવહારુ ડહાપણ કહે છે. એકની ખોટ બીજો કયારેય પૂરી ન શકે એમ અન્ય વ્યવહારુ પક્ષ કહે છે. પરંતુ કાળનું ચક્ર ભલભલી સમસ્યાઓને ઘડીકમાં વાસી બનાવી દે છે, ભુલાવી દે છે. નિર્મૂળ કરી નાખે છે.

જન્મમાં એટલું વૈવિધ્ય નથી જેટલું મૃત્યુમાં છે. જન્મની સમસ્યા એટલી મોટી નથી જેટલી મૃત્યુની છે. જન્મની બાબતમાં એટલી બધી અનિશ્ચિતતા નથી જેટલી મૃત્યુની બાબતમાં છે. કેટલીક વ્યક્તિઓનાં અચાનક મૃત્યુ હાહાકાર મચાવે છે. કેટલાક પ્રકારનાં મૃત્યુ ચર્ચા અને વિવાદ જગાડે છે. આત્મહત્યાની ઘટના માણસોને, ખાસ કરીને સ્વજનોને ચકિત કરી દે છે.

વૃદ્ધાવસ્થામાં ક્રમે ક્રમે દેહ ક્ષીણ થયા પછી આવતું નૈસર્ગિક મૃત્યુ બહુ શોક જન્માવતું નથી. કુટુંબ, સમાજ કે રાષ્ટ્રને માટે કે કોઇક ઉચ્ચતર ધ્યેયને માટે સ્વેચ્છાએ સ્વીકારેલું મૃત્યુ નિરુપાય છે. ખૂન કે આપઘાતની ઘટનાના સમાચાર ઝડપથી પ્રસરે છે અને ઘણી ચર્ચા જગાડે છે.

આપઘાત એ એક દૃષ્ટિએ જોઇએ તો પોતે જ પોતાનું કરેલું ખૂન છે. એટલે ખૂનના એક પ્રકાર તરીકે પણ આપઘાતને ઓળખાવી શકાય.

પ્રત્યેક જીવને જીવવું ગમે છે, મરવું ગમતું નથી. એમ છતાં માણસ સ્વેચ્છાએ મરવા તૈયાર થાય એવા પ્રસંગો વખતો વખત ઊભા થાય છે, એમાં આત્મહત્યાની ઘટના માનવજાતના આદિકાળથી ચાલી આવે છે. ખૂન જો હિંસામય હોય, પાપમય હોય તો ખૂનના એક પ્રકારરૂપ આત્મહત્યા પણ હિંસામય છે, પાપમય છે એવી માન્યતા ભારતીય પરંપરામાં દૃઢ પ્રાચીન કાળથી ચાલી આવે છે.

જીવન અને મૃત્યુમાં માણસને મૃત્યુનો ડર વિશેષ હોય છે. પરંતુ કયારેક માણસને જીવવાનો ડર લાગે છે, કયારેક જીવવામાંથી રસ ઊડી જાય છે. એવું શું બનતું હશે કે જેથી માણસને જીવવાને બદલે મરવું ગમતું હશે ? એનાં અનેક કારણો છે. બીજાં કોઇ સામાજિક કારણો ન હોય તો પણ એવા કેટલાક માનસિક રોગ થાય છે કે જેના પરિણામે માણસને મરવું ગમે છે. કેટલાક એવા ઉન્માદમય અતિશય ઉગ્ર માનસિક રોગ હોય છે કે એનાથી પીડાતી વ્યક્તિને જો એકલી મૂકવામાં આવે તો એ આત્મહત્યા કરી બેસે છે. બધાની સાથે હોય ત્યારે એવી વ્યક્તિનું મન એટલું વ્યાકુળ નથી હોતું.

મનુષ્ય એકંદરે સંવેદનશીલ હોય છે. કોઇવાર નિરાશા, આવેગ, સ્વમાનભંગ, પ્રતિષ્ઠાભંગ, રાજ્યભય, મૃત્યુાદિ કોઇ કારણને લીધે અત્યંત તનાવની અવસ્થામાં કોઇક ક્ષણોએ ચિત્તમાં એવો ઉન્માદ પરવશપણે અનુભવે છે કે જ્યારે એને પોતાનો જીવ કાઢી નાખવાનું મન થાય છે. એ એક ક્ષણ જો ચાલી ગઇ તો આત્મહત્યાની પ્રબળ લાગણી ઓસરી જાય છે. આત્મહત્યાના નિષ્ફળ પ્રયાસ કરનારાઓએ બીજી કે ત્રીજી વાર આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોય એવી વ્યક્તિઓની ટકાવારી ઘણી જ ઓછી હોય છે.

સાધારણ આવેગ પણ માણસને કયારેક આપઘાતનો વિચાર કરતો કરી દે છે. એમ કહેવાય છે કે દુનિયામાં કોઇ એવો મનુષ્ય નથી કે જેને જિંદગીમાં એકાદ વખત પણ આપઘાતનો વિચાર આવ્યો ન હોય. પરંતુ જેમ બધા જ પ્રકારના બધા વિચારો અમલમાં નથી મૂકી શકાતા તેમ આપઘાતનો વિચાર પણ

દરેક વખતે અમલમાં આવે એવું બનતું નથી. પરીક્ષામાં નિષ્ફળતા, પ્રેમમાં નિરાશા, વેપારમાં દેવું, મોટી અપકીર્તિ, વચનનો ભંગ, સ્વજનો સાથે કલેશ-કંકાસ, સ્વજનો, વડીલો, ઉપરીઓ વગેરે તરફથી સતત થતો માનસિક ત્રાસ, અન્ય કોઈ તરફથી સતત શારીરિક કે માનસિક સતામણી, અસાધ્ય રોગો, અસહ્ય શારીરિક પીડા, નિર્હેતુક લંબાતું જતું પરાધીન જીવન, સ્વમાનભંગ વગેરે જુદાં જુદાં કારણોને લીધે આપઘાતના કિસ્સાઓ અવારનવાર બન્યા કરે છે. યુવાનોમાં અને સ્ત્રીઓમાં તેનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. સ્ત્રીઓમાં આપઘાતના નિષ્ફળ પ્રયાસનું પ્રમાણ વધુ હોય છે. કેટલીકવાર ધાર્યું કરાવવા માટે આપઘાતની માત્ર ધમકી કે દેખાવ જ હોય છે. કેટલીકવાર ખોટી ધમકી સાચામાં પરિણમે છે. કેટલીકવાર એક પછી એક બનતી વિપરીત ઘટનાઓ સ્વસ્થ માણસને પણ આપઘાત તરફ ધસડી જાય છે.

સ્વસ્થતાપૂર્વક પ્રસન્નતાપૂર્વક, સમજણ સાથે ઉચ્ચતર ધ્યેયને માટે, જાહેરમાં વડીલો કે ગુરુની અનુમતિ લઈને દેહત્યાગ કરવાની પરંપરા પણ ભારતમાં પ્રચલિત છે. પરંતુ એને માટે આત્મહત્યા જેવો શબ્દ વપરાતો નથી. કાશીએ કરવત મુકાવવી, હિમાલયમાં હાડ ગાળવાં, ભૈરવ ટૂંક પરથી પડતું મૂકવું, માટીમાં ખાડો ખોદી બધાંની સાક્ષીએ સમાધિ લેવી, જળમાં સમાધિ લેવી કે અગ્નિમાં સમાધિ લેવી, શ્વાસ રુંધી પ્રાણત્યાગ કરવો વગેરે પ્રકારની ઘટનાઓ પણ જાણીતી છે. જૈનોમાં સંથારો અથવા સંલેખના અથવા અનશનના પ્રકારની ઘટના પણ અત્યંત પવિત્ર મનાય છે. આપઘાતથી જીવની દુર્ગતિ થાય છે. સંલેખનાથી જીવની સદ્ગતિ થાય છે. આપઘાત એ અસદ્ભાવથી કરેલું અપકૃત્ય છે. સંલેખના એ શુભ ભાવથી, ઉચ્ચતર આધ્યાત્મિક ધ્યેય માટે જાહેરમાં અનુમતિપૂર્વક કરેલું સુકૃત્ય છે.

ગરીબી, લાચારી અને દુઃખોને કારણે મનુષ્ય આપઘાતનો આશ્રય લે એ સ્વાભાવિક છે. પરંતુ એક માન્યતા એવી છે કે જેમ સમાજ અતિશય સમૃદ્ધ, અતિશય ચિંતનશીલ અને અતિશય સંવેદનશીલ તેમ તે સમાજમાં પણ આત્મહત્યાનું પ્રમાણ વધુ રહે છે. માનસિક ઉન્માદને કારણે થતા આપઘાતોને અપવાદરૂપ ગણી શકાય. પરંતુ પરિપક્વ વિચારશીલતાને કારણે કે ઉત્કટ સંવેદનશીલતાને કારણે થતા આપઘાતોના બનાવોનું પ્રમાણ સમૃદ્ધ અને સુશિક્ષિત દેશોમાં વધુ રહેવાનું કારણ કે ત્યાં એની પરિપક્વતાને માટે અવકાશ વધુ રહે છે. વર્તમાન સમયમાં સુખી લોકોમાં આત્મહત્યાનું પ્રમાણ સ્વીડનમાં સૌથી વધુ ગણાય છે. અમેરિકામાં પણ આત્મહત્યાનું પ્રમાણ ઘણું મોટું છે. યુરોપના દેશો અને ઓસ્ટ્રેલિયામાં પણ આત્મહત્યા વિશેષ થાય છે. જીવનનો થાક કે કંટાળો માણસમાં હેતુશૂન્યતા અને નિર્વેદ જન્માવે છે. તેમાં પણ જન્માન્તરમાં જો શ્રદ્ધા ન હોય અને આત્મહત્યા એ પાપ છે એવી ભીરુતા ન હોય તો જીવનનો અંત આણવાનું જલદી મન થાય છે.

ઉત્કટ સંવેદનશીલતા કે ચિંતનશીલતાને કારણે કવિઓ, કલાકારો ફિલસૂફોમાં આત્મહત્યાના કિસ્સાઓ વારંવાર બનતા જોવા મળે છે. જગતના કેટલાક નામાંકિત કલાકારો, સાહિત્યકારો અને ચિંતકોએ આપઘાત કર્યાની ઘટના ઇતિહાસને પાને નોંધાઈ છે.

જે પ્રજામાં માત્ર ભૌતિકવાદ જ પ્રવર્તે છે અને ઇન્દ્રિય સુખને સર્વોપરી ગણવામાં આવે અને સાચા ધર્મનું આત્મિકબળ હોતું નથી ત્યાં આત્મહત્યાનું પ્રમાણ વધુ રહે છે.

વર્તમાન સમયમાં આત્મહત્યા માટે સાધનો અને સ્થળની અનુકૂળતા ઘણી વધી ગઈ છે. ઘાતક શસ્ત્રો કે કાતિલ ઝેરી રસાયણોની શોધ પછી આપઘાત કરવા ઇચ્છનારને માટે બહુ મુશ્કેલી હોતી નથી.

વર્તમાન સમયમાં માનસિક રોગોને માટે અનેક પ્રકારની દવાઓ નીકળી છે. એમાં કેટલીય દવાઓમાં, એના વધુ કે ઓછા પ્રમાણની ક્રિયા, પ્રતિક્રિયાનું સંશોધન અને અધ્યયન જેટલું થવું જોઈએ તેટલું હજુ થયું નથી. એટલે કેટલાક આત્મહત્યાના કિસ્સાઓમાં આવી દવાઓ પણ જવાબદાર હોય છે.

માણસ પોતાની કેટલીક ગંભીર, ગુપ્ત ભૂલોનો એકરાર કરતાં શરમાય છે, સંકોચ અનુભવે છે એથી પકડાઈ જવાની બીક અને ચિંતામાં માણસ આપઘાત કરી બેસે છે. પરંતુ વાસ્તવમાં એનો આપઘાત એ જ એનો એકરાર બની જાય છે. એક લેખકે કહ્યું છે :

'There is no refuge from confession but suicide, and suicide is confession.'

જીવનનો અચાનક, સ્વેચ્છાએ અંત આણવાની ઘટના માટે આત્મઘાત, આત્મહત્યા, આપઘાત વગેરે શબ્દો વપરાય છે, અહીં 'આત્મ' એટલે 'પોતે' અથવા 'પોતાની' એટલો જ અર્થ લેવાનો હોય છે. વસ્તુતઃ આત્મહત્યામાં દેહની હત્યા હોય છે, આત્માની નહિ; દેહનો અંત આવે છે. આત્માનો અંત આવતો નથી. આત્મા તો અજર, અમર, અવિનાશી તત્ત્વ છે. દેહના અંત સાથે જીવનનો અંત આવે છે, આત્માનો અંત આવતો નથી.

માણસને જેમ જીવવાનો હક્ક છે તેમ સ્વમાનભેર મરવાનો પણ હક્ક છે એવી દલીલ થાય છે. પોતાનું ધન અથવા પોતાની માલિકીની ચીજ વસ્તુઓ યથેચ્છ વાપરવાને માટે માણસ જેમ સ્વતંત્ર છે તેમ પોતાના જીવનને પણ યથેચ્છ વાપરવાને અર્થાત્ જીવનનો યથેચ્છ અંત આણવાને માણસ સ્વતંત્ર અને સમર્થ છે તેવી દલીલો પણ થાય છે. આ બધી દલીલો સર્વાંશે સાચી છે એમ કહી ન શકાય. માણસનો પોતાના શરીર ઉપરનો માલિકીભાવ સદંતર સાચો નથી. માતાપિતાએ જન્મ આપ્યો છે અને તમણે તથા સ્વજનોએ પાળાપોષીને મોટો કર્યો છે. એટલે અંશે એ હક્કનો દાવો ઓછો થાય છે. મનુષ્ય જંગલ કે ગુફામાં એકલો રહેતો હોય અને આહાર પાણી પણ પોતાની મેળે એકલો મેળવી લેતો હોય તો તે જુદી વાત છે પરંતુ સમાજમાં કુટુંબ સાથે, પત્ની સાથે, બાળબચ્ચાં સાથે રહેતો મનુષ્ય સમાજનું એક અંગ બને છે. એટલે એના જીવન ઉપર સ્વજનો અને સમાજનો પણ કંઈક હક્ક દાવો હોઈ શકે છે. એટલે કેવળ તાર્કિક દૃષ્ટિએ આત્મહત્યા ન્યાયયુક્ત છે એવું સિદ્ધ થશે નહિ, બલકે આત્મહત્યાને કારણે કુટુંબ અને સમાજમાં ઘણા માઠાં પરિણામો આવે છે. શોક અને વિષાદની લાગણી છવાઈ જાય કેટલાકને માટે ચિંતા અને ભય સર્જાય છે. એટલે અંશે આત્મહત્યા કરનાર જવાબદાર લેખાય છે.

આત્મહત્યાને જ્યાં કાયદાની દૃષ્ટિએ ગુનો ગણવામાં આવે છે, અને તે માટે સજા થાય છે ત્યાં પણ અન્ય પ્રકારના કાયદાઓ કરતાં વિસંગત પરિસ્થિતિ જણાય છે. જેઓ આપઘાત

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૭)

જૈન મંદિરોમાં સ્થાપત્ય

ડા. પ્રિયબાળા શાહ

જૈન તત્ત્વજ્ઞાન પ્રમાણે જીવનું લક્ષણ ઉપયોગ છે. આ ઉપયોગ બે પ્રકારનો હોય છે; એક તો જીવને પોતાની સત્તાનું ભાન થાય છે કે 'હું છું.' અને મારી આસપાસ અન્ય પદાર્થ છે. અન્ય પદાર્થમાં વૃક્ષ, પર્વત ગુફા વગેરે પ્રકૃતિથી વિપરીત શક્તિઓ–તોફાન, વર્ષા, તાપ વગેરેમાં રક્ષણ આપે છે, પશુપક્ષી વગેરે પ્રકૃતિના પદાર્થોનો ઉપયોગ કરતાં પોતાનું જીવન વ્યતીત કરે છે. જ્યારે મનુષ્યમાં પોતાની જ્ઞાનશક્તિને કારણે કેટલીક વિશેષતા રહેલી હોય છે. પરંતુ મનુષ્યમાં જિજ્ઞાસા હોય છે. તેને કારણે તે પ્રકૃતિને વિશેષરૂપથી જાણવા ઇચ્છે છે. પરિણામે વિજ્ઞાન અને દર્શનશાસ્ત્રોનો વિકાસ થયો. મનુષ્યમાં બીજો ગુણ છે સારા અને ખોટાનો વિવેક. આ ગુણની પ્રેરણાથી ધર્મ, નીતિ, સદાચારના નિયમો અને આદર્શ રચાયા અને માનવસમાજને ઉત્તરોત્તર સભ્ય બનાવ્યો. મનુષ્યનો ત્રીજો વિશેષ ગુણ છે સૌન્દર્યની ઉપાસના માણસ પોતાના પોષણ અને રક્ષણ માટે જે પદાર્થોનો ઉપયોગ કરે છે, તેને ઉત્તરોત્તર સુંદર બનાવવાનો પ્રયત્ન કર્યા કરે છે જેમ કે સુંદર વેશભૂષા, સુંદર ખાદ્યપદાર્થોની સજાવટ વગેરે. પરંતુ મનુષ્યની સૌન્દર્યોપાસના ગૃહનિર્માણ, મૂર્તિનિર્માણ, ચિત્ર–નિર્માણ તથા સંગીત અને કાવ્યકૃતિઓમાં ચરમસીમાએ પહોંચી છે, આ પાંચે કલાનો પ્રારંભ જીવનમાં ઉપયોગી દૃષ્ટિથી થયો. આ રીતે ઉપયોગી કલાઓ અને લલિતકલાઓ કોઇપણ દેશ કે સમાજની સભ્યતા અથવા સંસ્કૃતિનું અનિવાર્ય પ્રતીક માનવામાં આવે છે, જૈન પરંપરામાં કલાની ઉપાસનાને વિશિષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે. પ્રાચીનતમ જૈન આગમોમાં શિલ્પો અને કલાઓના શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે અને તેને શિખવવા માટે શિલ્પાચાર્યો અને કલાચાર્યોના અલગ અલગ ઉલ્લેખો મળે છે, જૈન સાહિત્યમાં ૭૨ કલાઓના ઉલ્લેખ છે તેમાં વાસ્તુકલા – સ્થાપત્યકલાનો પણ નિર્દેશ છે વાસ્તુકલામાં મંદિર નિર્માણ તથા શિલ્પચાતુર્ય તેની દીર્ઘકાલીન પરંપરા વગર શક્ય ન બને, પથ્થરને કાપીને ગુફાચૈત્યોના નિર્માણની કલાની શ્રેષ્ઠતા અને તેના આધારે સ્વતંત્ર મંદિરોના નિર્માણની પરંપરા શરૂ થઇ.

સૌથી પ્રાચીન મૌર્યકાલીન જૈનમંદિરોના અવશેષો બિહાર જિલ્લાના પટણાની પાસે લોહાનીપુરમાંથી મળી આવ્યા છે. ઇ સ. ૬૩૪નું એક મંદિર દક્ષિણ ભારતમાં બાદામીની પાસે ઐહોલમાંથી મળી આવ્યું છે. આ મંદિરની રચના ચાલુક્ય નરેશ પુલકેશી દ્વિતીયના રાજ્યકાળ દરમ્યાન થઇ હતી. આ મંદિર પૂર્ણરૂપમાં સુરક્ષિત નથી છતાં પણ જે ભાગ સચવાયો છે તેનાથી મંદિરની કલાત્મક સંયોજનામાં તેનું લાલિત્ય દૃષ્ટિગોચર થાય છે. આ મંદિર લાંબું પણ ચતુષ્કોણ છે. તેના બે ભાગ છે એક પ્રદક્ષિણા સહિત ગર્ભગૃહ અને બીજો સભાગૃહ મંડપસ્તંભો પર આધારિત છે.

ગુપ્તકાળનાં જે મંદિરો મળે છે તે ત્રણ પ્રકારના છે: નાગર, દ્રાવિડ અને વેસર, નાગરશૈલી ભારતમાં હિમાલયથી વિંધ્યપર્વત સુધી પ્રચલિત છે. દ્રાવિડ શૈલી વિંધ્ય પર્વત અને કૃષ્ણા નદીથી કન્યાકુમારી સુધી તથા વેસર મધ્યભારતમાં વિંધ્યપર્વત અને કૃષ્ણા નદીના વચલા પ્રદેશમાં હિંદુ અને જૈન મંદિરો આ શૈલીઓમાં મળી આવે છે. પરંતુ નાગર અને દ્રવિડના પ્રકાર વિશેષ જણાય છે. સૌરાષ્ટ્રમાં શત્રુંજય પર્વત પર જેટલાં જૈનમંદિરો છે તેટલાં બીજે ક્યાંય નથી. શત્રુંજય મહાત્મ્ય અનુસાર આ પર્વત પર પ્રથમ તીર્થંકરના સમયથી જૈનમંદિરોનું નિર્માણ થવાં લાગ્યું હતું. હાલમાં અગિયારમી સદીનું સૌથી પ્રાચીન જૈનમંદિર વિમળ શાહનું છે, જેણે આબુપર્વત ઉપર વિમળવસહી બંધાવ્યું છે. બારમી શતાબ્દીનું રાજા કુમારપાળનું મંદિર છે. પરંતુ વિશાળતા અને કલા સૌન્દર્યની દૃષ્ટિથી આદિનાથ મંદિર સૌથી મહત્ત્વનું છે. આ મંદિર ૧૫૩૦ માં બન્યું છે. જૈન મંદિરોમાં ચતુર્મુખ મંદિરની વિશેષતા છે અને ૧૬૧૮ માં આ પર્વત પર તૈયાર થયું. તેને ચારે દિશાઓમાં ચાર પ્રવેશદ્વાર છે. તેનો પૂર્વદ્વાર રંગમંડપની સન્મુખ છે. બીજા ત્રણ દ્વારોની સન્મુખ મુખમંડપ છે, આ મંદિર તેમ જ અહીંનાં બીજા મંદિરો ગર્ભગૃહ મંડપો, દેવ–કુલિકાઓની રચના, શિલ્પ–સૌન્દર્ય વગેરેમાં દેલવાડાના મલવસહી અને લૂણવસહીના ઓછવત્તા પ્રમાણમાં અનુકરણ જેવા છે.

બીજું તીર્થક્ષેત્ર છે ગિરનાર, આ પર્વતનું પ્રાચીન નામ ઉર્જયન્ત અને રૈવતકગિરિ છે, ત્યાંનું પ્રાચીન નગર ગિરિનગર અને તેનો પર્વત ગિરનાર કહેવાય છે, જૂનાગઢમાં આ પર્વતની દિશામાં જતાં માર્ગ પર ઇતિહાસ પ્રસિદ્ધ વિશાળ શિલા મળે છે. જેના ઉપર અશોક, રુદ્રદામન્ અને સ્કન્દગુપ્ત જેવા સમ્રાટોના શિલાલેખ છે. જેના ઉપર લગભગ ૭૦૦ વર્ષનો ઇતિહાસ આલેખાયેલો છે. જૂનાગઢના બાવાપ્યારાના મઠ પાસે જૈન ગુફા છે. આ સ્થાન ઐતિહાસિક અને ધાર્મિક બંને દૃષ્ટિએ અતિપ્રાચીન અને મહત્ત્વપૂર્ણ માલૂમ પડયું છે કારણ બાવીસમા તીર્થંકર નેમિનાથે અહીં તપ કરીને નિર્વાણ પ્રાપ્ત કર્યું હતું. આ તીર્થનો સર્વ પ્રાચીન ઉલ્લેખ પાંચમી સદીનો મળે છે, અહીંનું સૌથી પ્રસિદ્ધ અને સુંદર મંદિર નેમિનાથનું છે, અહીંનું બીજું મહત્ત્વનું મંદિર વસ્તુપાળ દ્વારા નિર્મિત કરાયેલું મલ્લિનાથ તીર્થંકરનું છે.

આબુનાં જૈનમંદિરોમાં માત્ર જૈનકલા નહીં પણ ભારતીય વાસ્તુકલા સર્વોત્કૃષ્ટ વિકસિત રૂપે જણાય છે. આબુપર્વત ઉપર દેલવાડા ગામમાં વિમલવસહી, લૂણવસહી, પિતલહર, ચૌમુખા અને મહાવીરસ્વામીનું એમ કુલ પાંચ મંદિરો છે. આ મંદિર જતાં દિગમ્બર જૈનમંદિર આવે છે. વિમલવસહીના નિર્માણકર્તા વિમલશાહ પોરવાડ વંશના અને તે ચાલુક્ય વંશના નરેશ ભીમદેવ પ્રથમના મંત્રી અને સેનાપતિ હતા. ઇતિહાસાનુસાર પોતે નિઃસંતાન હોઇને મંદિર માટે જમીન ઉપર સુવર્ણ મુદ્રા પાથરીને જમીન પ્રાપ્ત કરી અને તે ઉપર આદિનાથ તીર્થંકરનું મંદિર બંધાવ્યું. આ મંદિર શ્વેતસંગેમરમરના પથ્થરનું છે જનશ્રુતિ પ્રમાણે આ મંદિર નિર્માણમાં ૧૮ કરોડ ૫૩ લાખ સુવર્ણ મુદ્રાઓ ખર્ચાઇ હતી. સંગેમરમરના મોટા મોટા પથ્થરો પર્વત ઉપર આટલી ઉંચાઇએ હાથી ઉપર લાવવામાં આવ્યા હતા. આદિનાથ તીર્થંકરની વિશાળ પદ્માસનમૂર્તિ સુવર્ણમિશ્રિત પિત્તળની ૪ ફૂટ ૩ ઇંચની પ્રતિષ્ઠા કરાવેલી છે. આ પ્રતિષ્ઠા વિ. સં. ૧૦૮૮ (ઇ. સ. ૧૦૩૧) માં સોમનાથ મંદિરનો વિનાશ મહમ્મદ ઘોરીએ કર્યા પછી સાત વર્ષે થઇ, આ મંદિર વિશાળ ચોકમાં છે, તેની ચારે બાજુએ દેવકુલો છે, દેવકુલોની સંખ્યા પર છે, દેવકુલોની સન્મુખ ચારે

બાજુએ રતભોની મંડપકાર પ્રદક્ષિણા પથ છે દરેક દેવકુલની સામે ચાર રતંભોની મંડપિકા છે. આ રીતે કુલ ૩૨૨ રતંભો છે. પ્રાંગણની મધ્યમાં મુખ્ય મંદિર છે મંદિરની પૂર્વ બાજુએ હસ્તિ શાળા છે. આ હાથીઓ ઉપર વિમળશાહ અને તેનાં વંશજોની મૂર્તિઓ છે. તેની આગળ મુખમંડપ છે. સૌથી આકર્ષક મુખ્ય મંદિરનો રંગમંડપ કે સભામંડપ છે, જેનું ગોળશિખર ૨૪ રતંભોને આધારે તૈયાર કરેલું છે. છતમાં પદ્મશિલા છે. તેની મધ્યમાં બનાવેલું લોલક કારીગરીની દૃષ્ટિએ અદ્વિતીય છે, તેની ફરતી ૧૬ વિદ્યાધરીઓની આ આકૃતિઓ મનોહારી છે, આ રંગમંડપની સમરસ રચના અને કોતરકામ જોતાં જાણે કે દિવ્યલોકમાં આપી પહોંચ્યા હોય તેવો ભાસ થાય છે. રંગશાળાથી આગળ નવચોકી છે. જેની છતનો ભાગ નવવિભાગોમાં વહેંચી દેવામાં આવ્યો છે અને તેને કારણે તેનું નામ નવચોકી પાડવામાં આવ્યું છે. તેની આગળ ગૂઢ મંડપ છે. અહીંથી મુખ્ય પ્રતિમાના દર્શન થાય છે તેની આગળ મૂળ ગભારો છે તેમાં ઋષભનાથની ધાતુ પ્રતિમા વિરાજમાન છે.

આ મંદિરની આગળ લૂણવસહી છે, તેના મૂળ નાયકના નામ પરથી નેમીનાથ મંદિર કહેવાય છે, તેનું નિર્માણ વાઘેલા વંશના રાજા વીરધવલના બે મંત્રીભાઈઓ તેજપાલ અને વસ્તુપાલે ઈ. સ. ૧૨૩૨માં કરાવ્યું. મંત્રી તેજપાલના પુત્ર લૂણસિંહની યાદમાં આ મંદિર બનાવવામાં આવ્યું. તેથી લૂણવસહી તરીકે ઓળખાવા લાગ્યું. આ મંદિરની રચના આદિનાથનાં મંદિર જેવી છે. પ્રાંગણ, દેવકુલ, રતંભ, મંડપ વગેરે અહીં પણ છે. રંગમંડપ, નવચોકી ગૂઢમંડપ અને ગર્ભગૃહની રચના પહેલા મંદિર જેવી છે. હસ્તિશાળા પ્રાંગણની અંદર જ છે. પરંતુ અહીં રંગમંડપમાં રતભની ઊંચાઈ કાંઈ વિશેષ છે. દરેક રતંભની રચના તથા તેનું તક્ષણકામ ભિન્ન ભિન્ન છે. મંડપની છત ખૂબ નાની છે. અહીની રચના સૌન્દર્યની પ્રશંસા કરતાં પાશ્ચાત્ય વિવેચક ફર્ગ્યુસન કહે છે કે આરસ ઉપર જે પરિપૂર્ણતા લાલિત્ય અને સમતુલાથી અલંકૃત કરવામાં આવેલું છે તેની ઉપમા મળવી કઠિન છે. પથ્થર ઉપર એટલું બારીક તક્ષણ કામ કરવામાં આવ્યું છે, જાણે કે મીણના પીંડમાં કોતરકામ કરવામાં આવ્યું ન હોય! આ બને મંદિરોની આરસ-પહાણની કારીગીરી જોઈને કલાવિશારદો આશ્ચર્યચકિત બનીને મોંમાં આંગળા નાંખી દે છે. ભારતીય શિલ્પીઓએ કલાકૌશલ વ્યકત કર્યું છે, જેને કારણે કલાના ક્ષેત્રમાં ભારતનું મસ્તક સદા ગર્વથી ઊંચું રહેશે. કારીગરોએ ટાંકણાથી આ કામ કર્યું નથી પણ સંગેમરમરને ઘસી ઘસીને આવી સૂક્ષ્મતા અને કાચ જેવી ચમક અને પારદર્શકપણું લાવી શકયા છે. કહેવાય છે કે કારીગરોએ ઘસી ઘસીને જે ભૂકો પાડયો તેના વજન પ્રમાણે તેઓને વેતન આપવામાં આવ્યું હતું.

અન્ય ઉલ્લેખનીય જૈન મંદિરમાં જોધપુર રાજ્યાન્તર્ગત રાણકપુરનું મંદિર છે. જે ૧૪૩૯માં બનાવવામાં આવ્યું હતું. આ વિશાળ ચતુર્મુખી મંદિર છે. તેમાં ૪૨૦ રતંભો છે અને ૨૯ મંડપો છે. આ રતંભોની બનાવટ અને શિલ્પ નિરાળા છે. તેમાં જુદી જુદી વિશેષતા છે, મંદિરનો આકાર ચતુર્મુખી છે. મધ્યમાં મુખ્ય મંદિર છે. તેની ચારે દિશામાં બીજા ચાર મંદિરો છે. શિખરો સિવાય બીજા મંડપોની આસપાસ ૮૬ દેવકુલિકા છે. તેઓનાં શિખરો પિરામીડના આકારના છે. તેનો દેખાવ દૂરથી પણ અત્યંત પ્રભાવશાળી છે. મુખ્ય ગર્ભગૃહ સ્વસ્તિકાકાર છે. તેની ચારે બાજુ ચાર દ્વાર છે, જેમાં આદિનાથની શ્વેત સંગેમરમરની ચતુર્મુખી મૂર્તિ પ્રતિષ્ઠિત છે, તેને બે માળ છે બીજા મજલામાં પણ આ પ્રકારની રચના છે. આ મંદિરને જેમ બીજાં જૈન દેવાલયોમાં હોય છે તેમ દરેક દ્વારની આગળ ગૂઢમંડપ નથી પરંતુ એક નાનો મુખમંડપ છે. દરેક બાજુએ જરા નિમ્ન ભૂમિ ઉપર એક એક સભામંડપ છે. જેમાં જવા માટે સીડી છે. આવી સીડીઓમાં પશ્ચિમની સીડીને વધારે પગથિયાં છે તેથી તે બાજુનું દ્વાર મુખ્ય ગણાય છે. સ્તંભોની આવી સુંદર ગોઠવણીવાળું ભારતમાં બીજું એક પણ દેવાલય નથી. ગોઠવણીની ઉત્તમતા ઉપરાંત બીજી જાણવાલાયક બાબત એ છે કે તેણે રોકેલી જગા ૪૮,૦૦૦ ચો. ફૂટ એટલે કે મધ્યકાલીન યુરોપીય દેવળોના જેટલી છે અને કારીગીરી તથા સુંદરતામાં તેના કરતાં ઘણી રીતે ચઢે તેમ છે, આ મંદિરમાં શિલાલેખ કોતરેલો છે અને તેમાં આ મંદિરને 'ત્રિભુવન દીપક' તરીકે ઓળખવામાં આવ્યું છે. ત્યાંની પ્રચલિત વાતો તથા લેખોની હકીકત પ્રમાણે આ મંદિર બાંધનારાનાં નામ ધનાશા અને રત્નાશા છે. આ બંને ભાઈઓ હતા. એક રાત્રે ધન્નાએ સ્વપ્નમાં એક વિમાન દેખ્યું તેથી તેણે કેટલાક સોમપુરાને બોલાવ્યા અને તે વિમાનનું વર્ણન કર્યું અને તેનો પ્લાન બનાવવા જણાવ્યું. દીપા નામના સોમપુરાનો પ્લાન પસંદ કરવામાં આવ્યો. કારણ સ્વપ્નમાં જોયેલા વિમાનની તેણે બરાબર નકલ ઉતારી હતી. આ દેવાલયને મૂળ સાત માળ કરવાના હતા. જેમાંના માત્ર ચાર કરવામાં આવ્યા હતા આ દેવાલય અધૂરું રહ્યું હોવાથી હાલ પણ રત્નાના વંશના માણસો અસત્રાથી હજામત કરાવતા નથી એમ કહેવાય છે. ચૈત્ર વદિ ૧૦ ને દિવસે રાણકપુરમાં ભરાતા મેળામાં કેશર તથા અત્તર લગાડવાનો, આરતી ઉતારવાનો અને નવી ધજા ચઢાવવાનો હક્ક, આજે પણ રત્નાના વંશજો જે હાલમાં ઘાણેરાવમાં રહે છે તેઓ ધરાવે છે.

કચ્છમાં ભદ્રેશ્વર મંદિરનું મહત્ત્વ ઘણું છે. ઇતિહાસની સાક્ષી રૂપ ભદ્રાવતી નગરીનો ઉલ્લેખ મહાભારત અને ભાગવતમાં થયેલો છે. આ પુરાણપ્રસિદ્ધ નગરીના અવશેષો અને ખંડેરો પરથી આ સ્થળની પ્રાચીનતાનો ખ્યાલ આવે છે. જૈન ગ્રંથોમાં ભદ્રેશ્વરને લગતાં વખાણો છે મંદિર સ્થાપત્યનો નીચેનો ભાગ સૌથી પુરાણો છે. ત્યાં પુરાતત્ત્વની દૃષ્ટિએ બારમી સદી પહેલાંનો એકેય અવશેષ જોવા મળતો નથી.

જૈન મંદિરો મોટે ભાગે આરસનાં બંધાયેલાં છે. મંદિરોના આરસને જાણે વાણી પ્રાપ્ત થઈ છે. ઔચિત્ય સાથે દાનવીરોના આદર્શો ચરિતાર્થ થતાં જોઈ શકાય છે. ઉચ્ચ ધર્મપ્રેમ અને કલા તેમના પ્રતીકરૂપ આ જૈન મંદિરો પ્રત્યેક માનવી માટે દર્શનીય છે.

(સાતમા જૈન સાહિત્ય સમારોહ,
પાલનપુરમાં રજૂ થયેલ નિબંધ)

સાભાર સ્વીકાર

* **જયપ્રકાશ (જીવનયાત્રા)**
લે. કાંતિ શાહ
પૃષ્ઠ ૫૦૩ ડેમી સાઇઝ-મૂલ્ય ૧૨-૦૦
પ્રકાશક : યત્ન પ્રકાશન, ભૂમિપુત્ર, ગુજરાત પામા,
વડોદરા-૩૯૦૦૦૧.

* **જયપ્રકાશ અમારી નજરે**
લે. સંપા. નારાયણ દેસાઇ
પૃષ્ઠ ૪૫૧ ડેમી સાઇઝ-મૂલ્ય-૧૨-૦૦
પ્રકાશક : ઉપર મુજબ

ભ્રૂણહત્યા – ભારતીય નારી ક્યા રસ્તે ?

● પૂર્ણિમા પકવાસા

ભારતીય સંસ્કૃતિમાં ભ્રૂણહત્યાને મહાપાપ માનવામાં આવ્યું છે. આવું અધમ કૃત્ય કરનાર લોકોને સમાજમાં 'ઘણા હીન માનવામાં આવે છે' અથવા એમ કહેવું વધારે યોગ્ય થશે કે 'માનવામાં આવતા હતા,' કારણ કે એ માન્યતા હવે ભૂતકાળની બની રહી છે. પરંતુ હવે ? હવે વર્તમાન સમયમાં સમાજમાં પ્રચલિત તેવી ઘણી માન્યતાઓ નીતિમત્તાને લગતા માર્ગદર્શક નિયમો માટે આદિ નામશેષ થતું જાય છે. મૂલ્યો બદલાતાં જાય છે.

સમય વીતતો જાય તેમ તેમ વિચારો માન્યતાઓ બદલવા જોઇએ જ પરંતુ તેની પાછળનો ઉદ્દેશ જો પ્રગતિનો ન હોય, સમાજ ઉન્નતિનો ન હોય તો તેવી બદલાહટનો કશો અર્થ નથી. આજે તો બદલાતાં મૂલ્યોને પરિણામે સમાજ 'અધો' તરફ ધસમસ્યો જાય છે, તેવું સાફ દેખાય છે, કારણ કે એક સમયમાં મહાપાપ મનાતા ભ્રૂણહત્યાનાં કૃત્યો હવે સમાજમાં સહજ બની રહ્યાં છે.

આ પાપના મૂળમાં અસંયમ રહેલો છે. સંયમિત જીવનમાં આવા પાપનો વિચાર સુધ્ધાં આવી શકે નહી. પરંતુ સંયમનો વિચાર હવે ભૂતકાળની વાત બની રહી છે. બ્રહ્મચર્યપાલન 'વેદિયાપણાં'ની નિશાની લેખાય છે તેવા સમયમાં અસંયમની સ્થિતિમાં ક્યા ઉપાયો કારગત નીવડે તેનો વિચાર થયો. અસંયમને નભાવવા માટે સંતતિનિયમન કુટુંબનિયોજનનો વિચાર વહેતો થયો. 'નિરોધ'ને નામે દવાઓ અને સાધનો બજારમાં મુકાયાં. ન જોઇતી એક પરિસ્થિતિ નિર્માણ થાય તે પહેલાં ઉપાયો કરીને તે સ્થિતિ જ નિર્માણ થવા ન દેવી તે વિચાર હારની બદલાયેલી વિચારસરણીમાં થોડો સહ્ય બનાવી શકાય પરંતુ તેથી આગળ વધીને હવે તો જેને અત્યંત નીચ કોટિનો અધમ અને રાક્ષસી કહી શકાય તેવો વિચાર અને તેનું નિર્દયરીતનું આચરણ આપણી બહેનોમાં વેગવાન બની રહ્યાં છે.

સ્ત્રીજાતિને ઉતરતી કક્ષાની માનવાનો અભિશાપ આજે ૨૦ મી સદીમાં અને ભદ્રસમાજમાં પણ પ્રચલિત છે. આ દૂષણને નાબૂદ કરવા માટે પૂ. બાપુએ ઘણી મથામણ કરી છે. પરિણામે સમાજમાં બહેનો પ્રત્યે જોવાની દૃષ્ટિમાં થોડો ફરક જરૂર પડયો છે. પૂ. બાપુ અને વિનોબાજી કહેતા હતા કે સ્ત્રી તે જાતિવાચક નામ છે જ, પરતુ તેથી અધિક ગુણવાચક નામ છે. સ્ત્રીસહજ ગુણો પ્રેમ, વાત્સલ્ય, ક્ષમા, દયા, ત્યાગ આદિથી સમાજ સુસંસ્કૃત અને સુરક્ષિત રહી શકે છે. પૂ. બાપુ પહેલાં પણ ઘણા વિચારક લોકોએ આવા પ્રયાસો કર્યા છે. આજે પણ તેવા પ્રયાસો ચાલુ જ છે. છતાં લોકમાનસમાં દૃઢમૂળ બની ગયેલા વિચારોમાં બહુ ફરક પડી શકયો નથી, તે હકીકત છે.

આશ્ચર્યની વાત તો એ છે કે બહેનો પ્રત્યે હીનદૃષ્ટિથી જોવાની અને વર્તવાની દૃષ્ટિમાં ખુદ બહેનો પણ મદદ કરી રહી છે, અને પોતાની જાતને અંધારા ખીણમાં ધકેલી રહી છે, જેથી માતૃપ્રેમ કાયદો અને નીતિનિયમોને ઉલ્લંઘીને પણ દહેજનું દૂષણ ભયંકર રીતે ફૂલીફાલી રહ્યું છે, જેને લાઇને બહેનોને દીકરીઓ નથી ખપતી, માત્ર દીકરાઓ જ જોઇએ છે. પરિણામે દીકરીઓને દૂધપીતી કરવાનો જૂના જમાનાનો કુરતાભર્યો વિચાર અમલમાં મુકાવા લાગ્યો છે. પહેલાનાં જમાનામાં જવલ્લે જ આવો બનાવ બનતો. તો પણ ચૂપચાપ આ કૃત્ય થતું, અને તેની ખબર જો લોકોને પડી જતી ત્યારે તે કરનાર લોકોને ધિક્કારની દૃષ્ટિએ જોવામાં આવતા.

એક વિચાર આવે છે કે બહેનો માત્ર દીકરાઓ જ જણશે, તો પછી એક સમય એવો આવશે કે સમાજમાં દીકરીઓનો દુકાળ પડશે, અને દીકરાઓને વરાવવા મુશ્કેલ થશે. આમ પરિસ્થિતિ પલટાતાં આજે જેમ દીકરીઓ માટે દહેજ આપવું પડે છે તેમ તે વખતે દીકરાઓ માટે દહેજ આપવાની પ્રથા ચાલુ થશે. કોઇપણ સ્થિતિની 'અતિ' સમાજમાં અસામતા પેદા કરે છે, અને પરિણામે જાતજાતનાં દૂષણો ફેલાય છે.

હવે તો વિજ્ઞાન ખૂબ આગળ વધ્યું છે. કેટલાય કલ્પણકારી સંશોધનો થયાં છે, જેને લાઇને લોકોને વધારેને વધારે સુખ સગવડો મળી શકે છે. પરંતુ કેટલીક શોધ એવી પણ થઇ છે કે જેનો ઉપયોગ વિનાશમાં પણ થઇ શકે છે. તેમાંની એક શોધ એ છે કે સ્ત્રીને ગર્ભ રહે તેના પંચ-સાત સપ્તાહમાં જ તેની જાતિ-તે છોકરો હશે કે છોકરી તે-ચોકકસપણે કહી શકાય છે. આ શોધ આપણાં પ્રાચીનકાળમાં વૈદોએ પણ કરેલી છે. તેઓ તો માત્ર નાડી જોઇને જ કહી શકતાં હતાં કે ગર્ભમાં દીકરો હશે કે દીકરી !

પરંતુ તે જાણકારીનો ઉપયોગ ખોટી રીતે નહોતો થતો.

બીજી એક અદ્‌ભુત શોધ આપણામાં વૈદ્યરાજોએ કરી છે તે વર્ણ બદલાવાનાં પ્રયોગની એટલે કે બાળક ગોરું થાય તેની સામાન્ય રીતે માતા પિતામાંથી કોઇ એક શ્યામવર્ણ હોય તો તેમનું બાળક પણ શ્યામવર્ણ થવાનો સંભવ રહે, અને જો માતાપિતા બેઉ શ્યામવર્ણ હોય તો બાળક શ્યામવર્ણ જ અવતરે તેવું મોટેભાગે અનુભવાયું છે. બાળકો ગૌરવર્ણના જ જન્મે તેવો પ્રયોગ ગર્ભધારણ થયા પછીના પ્રથમ પાંચ સપ્તાહમાં જ કરવાનો હોય છે. જે દ્વારા ૮૦ ટકા સારાં પરિણામો આવેલા છે.

જાતિને જન્મપૂર્વે જ જાણી લેવાની શોધ સામાન્ય રીતે જોઇએ તો ઘણી સારી કહી શકાય, પરંતુ માનવ બુદ્ધિની બલિહારી છે કે સારાં સંશોધનોનો ઉપયોગ વિકાસમાં કરવાને બદલે વિનાશમાં કરવાનું વિચારે છે.

આ જાતિ જાણવાની વિત્તમયકારી શોધનું પરિણામ પણ તે જ આવ્યું છે. જેનો ઘાતક ઉપયોગ શ્રીમંત, મધ્યમ અને ગરીબ બધા જ વર્ગની સ્ત્રીઓએ કરવા માંડયો છે. આ બહેનો મોટી કિંમત આપીને ગર્ભનો ટેસ્ટ કરાવે છે અને જાતિની ખબર પડયા પછી જો તે છોકરી હોય તો પછી ફરી મોટી કિંમત આપીને તેનો નિકાલ કરાવી નાખે છે. આવાં ઓપરેશનો હજારોની સંખ્યામાં થઈ ચૂકયા ખુદ માતાઓ પોતાનાં ઉદરમાં રહેલા બાળકની નિર્દય રીતે હત્યા કરાવે છે. આવી માતાઓને કેવી કહેવી ? ખૂની ? હત્યારી ? કે રાક્ષસી ? આવી સ્ત્રીઓને માટે આ બધાં જ વિશેષણો ઓછાં પડે છે જે ઘોર કૃત્યનો જરા પણ હાય અફસોસ ન હોય. પરતુ તદ્દન સ્વાભાવિક રીતે જ આ ગંભીર બાબતને જોવાની હોય તો તે સ્ત્રીઓનું માનસ કયે રસ્તે જઈ રહ્યું છે તેનો વિચાર કરવો ઘટે છે. આવા માનસવાળી સ્ત્રીને દીકરો થાય તો પણ તે 'દેવનો દીધેલ' ન રહેતા દાનવ બની જાય તો તેમાં આશ્ચર્ય ન થવું જોઇએ આવું કોઇક જ કારણ હોવું જોઇએ કે વર્તમાન પ્રજામાં અશાંતિ હિંસા, ચોરી, લૂંટફાટ, ચારિત્ર્ય હીનતા આદિ અવગુણો મોટા પ્રમાણમાં જોવામાં આવે છે. આવાં કૃત્યો કરનારા પણ કોઇક માતાનાં પુત્રો જ હોય છે.

સ્ત્રી જન્મથી જ માતા છે. તેનામાં પ્રેમ, ત્યાગ, ધૈર્ય સહનશીલતા, ક્ષમા વાત્સલ્ય આદિ ગુણો સહજ રીતે વિકસેલા હોય છે. આપણી ભારતીય પ્રકૃતિ માતૃગૌરવપ્રધાન રહી છે, તો ગૌરવને પણ ગૌરવ આપનારી માતાઓ આપણા દેશમાં પાકી છે, તો પછી આજે આમ કેમ? આપણાં દેશની માતાઓ 'કુમાતા' કેમ બની રહી છે?

આપણે ખોળા કાઢીશું તેનું કારણ? અને શોધી કાઢીશું આ દૂષણને અટકાવવાના ઉપાયો? કારણ અને ઉપાયોને આવકારીશું.

આ માટે લોકમાનસને બદલવાની ખાસ જરૂર વર્તાય છે દીકરી દિકરાના ભેદ અને પક્ષપાતો દુર થવાં જોઇએ કાયદાથી તો આપણાં દેશમાં દીકરી અને દીકરો સમાન છે, પરંતુ તે દિશામાં લોકોનું માનસ હજુ બદલાયું નથી. આ સ્થિતિનું માત્ર નિવારણ જ નહીં પરંતુ ઉન્મૂલન થવું ઘટે છે. તેમાં કોણ કોણ મદદ કરી શકે? મારા નમ્ર મત પ્રમાણે દરેક ધર્મગુરુઓ અને આચાર્યોએ આ બાબતમાં જાગૃતિ ફેલાવવાનું કામ ઉપાડી લેવું જોઇએ. જે વધુ અસરકારક પૂરવાર થશે. ધાર્મિક રીતે જોઇએ તો જે સમાજ અદિંસામાં માનતો હોય તે સમાજનાં ઘરોમાં આવી હિંસા આચરવામાં આવતી હોય તે કેટલું અસંગત લાગે છે! પરંતુ હજુ લોકોમાં ધર્મની મર્યાદા સ્વીકાર કરવાની ભાવના થોડે ઘણે અંશે જળવાઈ રહી છે. એટલે તે ભાવના થકી આ દૂષણને અટકાવવાનાં ઉપાયો કામચાઉ નીવડે ખરાં.

આપણી સંસ્કૃતિમાં તો બાળકોને 'દેવનાં દીધેલ' માનવામાં આવે છે, તેઓને સ્વાર્થભરી જડ માન્યતાઓનાં ભોગ બનાવવાનાં પ્રયોગો બંધ થવાજ જોઇએ. આ સંહારલીલા હવે અટકવી જ જોઇએ. આવા પ્રયોગો દ્વારા બહેનોનું શારીરિક તેમજ માનસિક અધઃપતન થઇ રહ્યું છે.

ઉચિત ખાનપાન યોગ્ય આહાર વિહારની આદતવાળાં લોકોમાં આપોઆપ સયમ કેળવાય છે. અને તે દ્વારા શુભ વિચારો, શુભ સંકલ્પો અને કલ્યાણકારી આંદોલનોનો વિકાસ થાય છે! પરંતુ આજે તો સમાજમાં તેથી વિપરીત જ ચિત્ર જોવામાં આવે છે. વધારે આઘાતજનક બીના તો એ છે કે સુરત શાકાહારી જૈન અને વૈષ્ણવ પરિવારનાં ફરજંદોમાં માંસાહારનો શોખ પ્રબળ વેગથી ફાલી રહ્યો છે. આવા પરિવારની પુત્રીઓ અને પુત્રવધૂઓ કુકીંગ ક્લાસોમાં જોડાઇને ભાતભાતની માંસાહારી વાનગીઓ હોંશે હોંશે બનાવતા શીખી લે છે આમ કરવામાં તેઓ શોભા માને છે! આનાથી વધારે બીજી કઇ અધોગતિ હોઇ શકે?

અને આપણાં ડોક્ટરો, તેમના વિશે શું કહેવું? તેમનો વ્યવસાય પણ માનવજીવનને ઉપકારી ઉમદા વ્યવસાય છે. આ હડહડતા કળીયુગમાં પણ કેટલાક દેવ જેવા ડોક્ટરો પણ વિદ્યમાન છે જેઓ પોતાના વ્યવસાયને ભગવાનની પૂજા જ સમજતા હોય છે. તેઓ કોઇ જાતની લોભ લાલચને વશ થતા નથી. ગરીબોની સેવા નિઃશુલ્ક કરતા હોય છે. આ લોકો વ્યવસાયની નીતિમત્તા શુદ્ધતા અને પ્રામાણિકતાને ચુસ્તપણે વળગી રહે છે આવા ડોક્ટરો મુંબઇ અને મુંબઇની બહાર પણ જોવામાં આવે છે.

મારા એક મિત્ર ડોક્ટરબહેન છે જેઓ નવસારીના જાણીતા ગાયનેકોલોજીસ્ટ છે. તેઓના પ્રસૂતિગૃહમાં રોજિંદી સંખ્યા-બંધ પ્રસૂતિઓ થતી હોય છે. પ્રસૂતિ કાર્ય શરૂ કરતાં પૂર્વે તેઓ બે મિનિટ આંખ મીંચીને સ્વસ્થચિત્તે પ્રભુ પ્રાર્થના કરીને પ્રસૂતા તથા જન્મનારા બાળકની સુખાકારીની ભાવના કરે છે. અને સ્વયં પ્રભુના એક દૂતને આ ધરતી પર ઉતારવામાં એક નમ્ર નિમિત્ત બની રહ્યાં છે તેવો વિચાર કરીને પછી તરત તેમનાં નિષ્ણાત હાથો કામમાં લાગી જાય છે. થોડી જ વારમાં ફૂલ જેવું બાળક ધરતી પર ઉતરે છે.

હવે બીજું ચિત્ર જોઇએ. આવા પ્રભુનાં ફૂલો અને દેવનાં દીધેલ' બાળકોને તેઓ ગર્ભમાં પાંગરે તે પહેલાં જ નિર્દયતાથી રહેંસી નાખનાર ડોક્ટરોની સંખ્યા વધતી જ જાય છે. માત્ર ટૂંક સમયમાં અઢળક પૈસા કમાઇ લેવાની લાલચમાં તેઓ સારાસારાનો વિવેક ગુમાવીને આપણી સંસ્કૃતિનું ગૌરવ ભૂલીને પોતાની ઉમદા ધંધાને કલંક લગાડી રહ્યાં છે તેમ કહીએ તો કશું ખોટું નથી. ડોક્ટરી વ્યવસાયની શુદ્ધિ અને ઉમદાપણા વિષે ડોક્ટરોએ જાગૃત થવું ઘટે.

અઘટા ભ્રૂણહત્યાકારક પ્રયોગો વધારે ફાલેફૂલે તે પહેલાં પાળ બાંધી લેવી જરૂરી છે. તે માટે દેશની વિવિધ સ્ત્રી સંસ્થાઓમાં ચર્ચા સભાઓ ગોઠવવી જોઇએ, અને પ્રબળ વિરોધ વ્યકત થવો જોઇએ. તેમજ રોટરી, લાયનર વ્હીલ, લાયન્સ-સ, જાયન્ટસ, જેસીસ જેવી ઇન્ટરનેશનલ સંસ્થાઓ અને જૈન જાગૃતિ કેન્દ્રો, જૈન સોશ્યલ ગ્રુપો અને અન્ય સંગઠનો આ દિશામાં ઘણું કરી શકે. છાપાંઓ એને સામયિકોમાં આ પ્રયોગ સામે જબ્બર ઉહાપોહ થવો જોઇએ તેમજ દેશવ્યાપી ઉગ્ર વિરોધ ફેલાવો જોઇએ, અને આ રીતે લોકોને ચેતવણીઓ આપવાનાં અને તેઓને શિક્ષિત કરવાના ઝડપી પ્રયાસો કરવા જોઇએ.

° ° °

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું

નવું પ્રકાશન

નિરીક્ષણ

અને

અર્થઘટન

લેખક : પન્નાલાલ ૨. શાહ

ઇ. સ. ૧૯૭૦થી સંઘના હાલના મંત્રી શ્રી પન્નાલાલ ૨. શાહ 'પ્રબુદ્ધ જીવન' માટે વખતોવખત લખતા રહ્યા છે. એમના લેખોનું આ પુસ્તક સંઘે તાજેતરમાં પ્રગટ કર્યું છે. આ પુસ્તકની પ્રસ્તાવના ડો. કુમારપાળ દેસાઇએ લખી છે.

ડેમી સાઇઝ-પાકું પુઠું-પૃષ્ઠ ૧૬૬+૧૬

કિંમત રૂ. ૪૦)

સંઘના પેટ્રનો, આજીવન સભ્યો. અને વાર્ષિક સભ્યોને ૩૧ મી ઓકટોબર, ૧૯૮૬ સુધીમાં આ પુસ્તક રૂ. ૩૦)માં આપવામાં આવશે.

'સંઘ'ના ઉપક્રમે બે કાર્યક્રમો

સંકલન : ચીમનલાલ 'કલાધર'

મહિલા વકતૃત્વ તાલીમ વર્ગનો પ્રારંભ

'સંઘ' દ્વારા ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓમાં છેલ્લા દોઢેક વર્ષથી મહિલા વકતૃત્વ તાલીમ વર્ગની પ્રવૃત્તિનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તે મુજબ તા. ૪-૧-૮૫ અને તા. ૨૧-૨-૮૬થી વકતૃત્વ તલીમ વર્ગનાં બે સત્રો યોજાઇ ગયાં. તેમાં ઘણા બહેનોએ વકતૃત્વ કલાની તાલીમ મેળવી.

પ્રા. ધીરેન્દ્ર રેલિયાના સંચાલન તળે આઠ સપ્તાહ સુધી ચાલનારા વકતૃત્વ કલાના આ ત્રીજા સત્રનો ઉદ્‌ઘાટન સમારોહ ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને શુક્રવાર, તા. ૨૬-૯-'૮૬ ના બપોરના ૨-૩૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજાયો હતો. આ વર્ગનું ઉદ્‌ઘાટન શ્રી જ્યોત્સનાબહેન શેઠે કર્યું.

કાર્યક્રમના પ્રારંભે 'સંઘ'ના ઉપપ્રમુખ શ્રી ચીમનભાલ જે. શાહે સૌનું સ્વાગત કરતા બહેનો માટેની આ વકતૃત્વ વર્ગની આવશ્યકતા સમજાવી હતી.

શ્રી જ્યોત્સનાબહેન શેઠે આ પ્રવૃત્તિ માટે આનંદ વ્યકત કરતાં કહ્યું કે બહેનો બોલે, સારું બોલે એ જરૂરી છે. જીવનમાં ભાષા તેની શુદ્ધિ અને રજુઆતની શૈલી સમજવી જરૂરી છે. જે વિષય પર તમે બોલો તેની પૂરી તૈયારી કરીને જ બોલવાની ટેવ પાડો. તૈયારી વિના બોલવાથી કોઇ અર્થ સરશે નહિ. આજે એવી છાપ છે કે જાહેર કાર્યક્રમોમાં પુરુષ બોલી શકે અને સ્ત્રીઓ માત્ર હારતોરા કરે. પરંતુ એ છાપ હવે દૂર કરવાનો સમય આવી ગયો છે, સ્ત્રી પુરુષના સમાનતાના આ યુગમાં સ્ત્રીઓ પણ સારું, સુંદર બોલી શકે તે માટે આ પ્રકારના તાલીમ વર્ગની આજે જરૂર છે.

ડૉ. રમણલાલ ચી. શાહે આ પ્રસંગે કહ્યું હતું કે બહેનોને વ્યવસ્થિત, અસરકારક બોલવાની તાલીમ મળે તે માટે સંઘ દ્વારા આ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે. વકતૃત્વ એક વિશિષ્ટ કલા છે, સાધ્યકલા છે. જો સ મનથી સંકલ્પ કરે કે મારે સારા વકતા થવું છે અને તેના માટે પૂરો શ્રમ લે તો જરૂર તે સારા વકતા બની શકે છે. જાહેર જીવનમાં બહેનો ઠીક ઠીક ભાગ લે તે માટે વકતૃત્વ તાલીમની જરૂર રહેવાની જ અને એથી જ આવા તાલીમ વર્ગની આવશ્યકતા છે.

સંઘના મંત્રીશ્રી કે. પી. શાહે જણાવ્યું હતું કે આજના યુગમાં બહેનોમાં વકતૃત્વની તાલીમ મહત્ત્વની છે. જેના જીવનની અંદર પ્રેમ છે, કરુણા છે તે વ્યકિતને જીવનમાં કદી પીછેહઠ કરવી પડતી નથી. આપણે હંમેશા સદા બહાર પ્રસન્ન રહેવાનું છે.

આ વકતૃત્વ તાલીમ વર્ગના સંયોજક શ્રીમતી જ્યોતિબહેન પી. શાહે જણાવ્યું હતું કે સ્ત્રીઓની સમાનતાના આ જમાનામાં દરેક બહેનોએ વકતૃત્વ કલામાં નિપુણ થવું જરૂરી છે.

આ પ્રસંગે કુ. નિગિષા પચમિયાએ કવિવર ટાગોર અને મહાત્મા ગાંધી વિષે પાંચ મિનિટનું સુંદર પ્રવચન આપ્યું હતું કાર્યક્રમનું સુરેખ સંચાલન વર્ગના સંચાલક પ્રા. ધીરેન્દ્ર રેલિયાએ કરતાં જણાવ્યું હતું કે બહેનોમાં વકતૃત્વની શકિત જાગૃત થાય તે માટેના આ તાલીમ વર્ગો છે બહેનો જાહેર કાર્યક્રમોમાં સારું બોલી શકે તો તેની અસર સમગ્ર સમાજ પર પડવાની. સ્ત્રી-પુરુષના સમાનતાના જમાનામાં સ્ત્રીઓ વકતૃત્વની તાલીમ દ્વારા પોતાનો વિકાસ સાધે એજ અભ્યર્થના.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણી

'સંઘ'ના ઉપક્રમે શ્રી આત્માનંદ જૈન સભા પ્રેરિત સ્વ. આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણીનો એક કાર્યક્રમ સોમવાર, તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૬ના સવારના ૯-૦૦ કલાકે ભારતીય વિદ્યા ભવન ચોપાટી ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય વ્યાખ્યાતા શ્રી શશીકાન્તભાઇ મહેતાએ 'આપણી આવશ્યક ક્રિયાઓનું રહસ્ય' એ વિષય પર પ્રવચન આપતા જણાવ્યું હતું કે જિનશાસનના અનુરાગી ક્રિયાકાંડી નહિ પણ ક્રિયાયોગી છે. આપણી આવશ્યક ક્રિયાઓ' એ એક પ્રકારનો યોગ છે. અને આ આવશ્યક ક્રિયાઓથી પરમપદને પામી શકાય. આજનો માનવી મુકિત માટે આતુર છે પણ સાંસારિક બંધનથી એટલો લાચાર છે કે તે આપણી ક્રિયાઓનું શુદ્ધ સ્વરૂપ સમજી શકતો નથી. ક્રિયાઓ પાછળનો હેતુ સમજી શકતો નથી.

આપણને આજે દુર્લભ મનુષ્ય ભવ મળ્યો છે. શાસ્ત્ર શ્રવણનો અવસર સાંપડયો છે. પરંતુ આપણામાં સત્કથા અને સુપક્ષનો અભાવ હોવાથી તેનો લાભ આપણે ઉઠાવી શકતા નથી. મોક્ષમાર્ગીને તો આવશ્યક ક્રિયાઓનું રહસ્ય સમજ્યા વિના છૂટકો જ નથી. આ માર્ગ માત્ર શબ્દ અને બુદ્ધિનો જ નથી. શ્રદ્ધા અને સંકલ્પનો પણ છે.

જેના જીવનમાં વ્રત, નિયમ, પચ્ચકખાણ નથી તેનું જીવન જીવન ન ગણી શકાય. પચ્ચકખાણ એ પ્રથમ મંગલ છે. પચ્ચકખાણથી જીવનનું નિયમન થાય છે, પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા બળવત્તર બને છે.

આજે આપણે જન્મે જૈન છીએ, હવે કર્મે જૈન બનવા કટિબદ્ધ થવું જોઇએ. જીવનને સુખી બનાવવા તત્ત્વજ્ઞાનના વૈભવને પામવો પડશે. આ માટે વ્યકિતએ પોતે જ માર્ગ ખોળી લેવો પડશે. જીવનમાં એટલું યાદ રાખવાનું છે કે અહિંસાની પ્રતિષ્ઠા વિના આ પૃથ્વી બચી શકે તેમ નથી.

આ પ્રસંગે પૂ. સાધ્વીશ્રી મૃદુતાશ્રીજીએ જણાવ્યું હતું કે પંજાબ કેસરી વિજયવલ્લભસૂરિનો આ બત્રીસમો સ્વર્ગારોહણ દિન છે. પૂજ્યશ્રીના સાધર્મિક વાત્સલ્યનું અને સમાજના બાળકોની કેળવણી અને સંસ્કાર ઘડતરનું કાર્ય આપણે આગળ ધપાવવાનું છે.

સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે જણાવ્યું હતું કે વીસમી સદીના મહાન જૈનાચાર્ય શ્રી આત્મારામજી મહારાજ અને એમના સમર્થ શિષ્ય વિજયવલ્લભસૂરિને તેમણે કરેલા ઉમદા કાર્યોથી સદાય આપણે યાદ કરીએ છીએ. આચાર્યશ્રી વલ્લભસૂરિજી પોતે ગુજરાતના હોવા છતાં પંજાબક્ષેત્ર સંભાળી લોકોમાં ભારે ધર્મ જાગૃતિ આણી હતી. સ્વ. સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી ને યાદ કરતા તેમણે કહ્યું હતું કે દિલ્હીનું વલ્લભ સ્મારક અને લુધિયાનાની વલ્લભ હોસ્પિટલ જેવાં અનેક કાર્યો કરાવનારા મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજીનો થોડા સમય પહેલા કાળધર્મ થયો છે. તેમની વિદાયથી જૈન સમાજે એક ઉમદા સાધ્વીરત્ન ગુમાવ્યું છે. આ પ્રસંગે તેમને મારી શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું.

કાર્યક્રમના અંતે પૂ. સાધ્વીશ્રી કંચનશ્રીજીએ માંગલિક સંભળાવ્યું હતું, સંયોજક શ્રી શૈલેશભાઇ ફોજદારીએ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. અને શ્રી પન્નાલાલ છેડાએ આભાર વિધિ કરી હતી.

દવા વગરનું દવાખાનું

● ડૉ. રસિલા ચંદ્રકાન્ત કડિયા

દવાખાનું ખરું પણ દવા વિનાનું ! આશ્ચર્યકારક વિરોધાભાસ છે, નહીં ? પણ હા, સંસારમાં ઘણાં આશ્ચર્યો છે જ. ભુજ (કચ્છ)માં આવેલ ડૉ. સાવલા સ્થાપિત અને હાલમાં ડૉ. જય સંઘવી (જે એકવાર આ વિશિષ્ટ દવાખાનાના દર્દી બન્યા, જાત અનુભવ મેળવ્યો, નવી સારવાર પદ્ધતિમાં રસ પડ્યો અને પોતાની જામેલી પ્રેકટીસ છોડી આ નવી સારવાર પદ્ધતિને વર્યા) દ્વારા ચલાવવામાં આવતું કુદરતી ઉપચાર કેન્દ્ર એક આવું જ આશ્ચર્ય છે. અહીં દવાની ટીકડીઓ કે દવાની બાટલીઓ આપવામાં આવતી નથી. આમ છતાં અહીં લગભગ બધા જ દર્દો, પછી ભલેને તે જૂના (જીર્ણ–Chronic), ઉગ્ર (Acute) કે હઠીલાં હોય, તેની દવા વગરની પદ્ધતિએ સારવાર કરવામાં આવે છે.

નિરાશા કે હતાશાને અહીં જરા પણ સ્થાન નથી, કારણ અહીંનો જીવનમંત્ર છેઃ 'ગમે તેવા બીમાર શરીરને પણ નવું બનાવી શકાય છે, શરત માત્ર એટલી કે તમે કુદરતને ખોળે આવો.'

કુદરતી ઉપચાર વિશે જેને ઉપર છેલ્લી માહિતી છે. તેઓ માનતા હોય છે કે કુદરતી ઉપચાર એટલે પાણી ઉપરના ઉપવાસ અથવા ફલાહાર અને માટીના પ્રયોગો. આ માહિતી ખરેખર અધકચરી છે. આમાં આ ઉપરાંત પણ ઘણું બધું છે, કુદરતી ઉપચારોમાંના લગભગ બધાજ પ્રકારના ઉપચારો અહીં મળે છે, ડૉકટરો કવોલીફાઇડ ડૉકટરો છે. ડૉ. સાવલા M. B. B. S; D. C. H. ના થયેલા છે. ડૉ. જય સંઘવી B. S. A. M; C. A. C. થયેલા છે. આ કેન્દ્ર સૂર્ય પ્રકાશ અને હવા સરસ મળે તેવા સ્થાને છે. અહીં માટી–જલ ચિકિત્સા, કસરત–યોગાસનો ધ્યાન ઉપરાંત એકયુપંકચર–એકયુપ્રેશર, મેગ્નેટ થેરેપી, રંગીન રશ્મિ ચિકિત્સા પણ છે દર્દીઓ પોતાના દર્દને અને દેહને જાણી શકે અને મનને સારા વિચારોમાં રોકી શકે તેની સુસજ્જ લાયબ્રેરી છે. કંટાળેલા દર્દીઓના મનોરંજન માટે રમત ગમતનાં સાધનો પણ છે, અને હા દર્દીઓ ઘણું ખરું જે ઉપવાસથી બીએ છે તે ઉપવાસ તો માત્ર દર્દની ઉગ્રતા અને દર્દીની ક્ષમતાને આધારે જ કરાવવામાં આવે છે. સામાન્ય રીતે અહીં જરૂર મુજબ રસાહાર કે જેમાં લીંબુપાણી, મોસંબીરસ – નાળીયેરપાણી – દૂધીનો રસ ઇત્યાદિ આપવામાં આવે છે. પછી ફળાહાર અને ત્યાર–બાદ અપકવ આહાર. દર્દી અહી ઉપચાર કરાવીને ઘેર જાય ત્યારે પોતે પોતાનો ડૉકટર બન્યો હોય છે. જીવન જીવવાની કળા શીખ્યો હોય છે. જેથી ભવિષ્યમાં પોતે કે ઘરમાં બીજું કોઇ બિમાર હોય તો પુનઃ દવા વિના આરોગ્ય પ્રાપ્ત કરી શકે. આનું કારણ એ છે કે લગભગ આંતરે દિવસે ડૉકટર પોતે લેકચર ગોઠવે છે અને તેમાં દર્દીઓ સાથે બેસી અપાતી ચિકિત્સા અને દર્દ થવાનાં રહસ્યોને ખુલ્લાં કરે છે. દર્દીઓના મનમાં ઊઠતા અનેક પ્રશ્નો અને મૂંઝવણોના ચર્ચા ઉકેલમાં રસ દાખવે છે, બપોરનો આ સમય જ્ઞાનગોષ્ઠિનો બની રહે છે.

અહીંનાં દૈનિક કાર્યક્રમ પણ રસપ્રદ છે; સવારે ધ્યાન, ફરવા જવું અને ત્યારબાદ યોગાસનો પછી મળે લીંબુપાણી કે તુલસીનો ઉકાળો. એ પછી દરેક દર્દીની ચિકિત્સા શરૂ થાય; માટી – જલ એકયુપ્રેશર - માલિશ – એકયુપંકચર વગેરે વગેરે, વચમાં ઘઉંના જવારા ચાવવા મળે, જવારાને લીલું લોહી ગણવામાં આવે છે. આ સારવાર દરમ્યાન ૯ થી ૧૨ ના સમય ગાળામાં ડૉકટરને રૂબરૂ મળી તેના દર્દ વિશે જાણકારી પ્રાપ્ત કરી રોજે રોજ ચિકિત્સા અને આહારમાં ફેરફાર કરવા માટેનો રિપોર્ટ તૈયાર કરે. ૧૨॥ વાગે જમવાનું (રસાહાર–ફળાહાર–અપકવ આહાર કે રીફ્રેશમેન્ટ) ૧॥ થી ૩ આરામ, ૩–૩૦ થી ૪ વિપસ્યના ધ્યાન, ૪ વાગે રસાહાર, ત્યારબાદ ૬ વાગ્યા સુધી અલગ અલગ સારવાર સૂર્યાસ્ત પહેલાં સાંજનું જમવાનું, ત્યારબાદ ફરવાનું, ફરી આવીને દર્દીઓ તથા અન્ય મનોરંજન માટે પતા કે કેરમ રમે અથવા મનગમતું પુસ્તક વાંચે, વાતોનો ડાયરો પણ જામે અને દર્દીઓ વચ્ચે આત્મિયતા બંધાતી જાય. ૧૦ વાગે બત્તી બંધ થાય એટલે સૌ સૂઇ જાય.

નવા પ્રાણસંચાર કરતા, સુષુપ્ત પ્રાણશકિતને જગાડતા આ કેન્દ્રમાં તમામ પ્રકારનાં દર્દોની સારવાર પ્રાપ્ત થાય છે. અહીં દવા અને ડૉકટરોથી થાકેલા રોગીઓ, લાંબા સમય સુધી ડાયાલીસીસ લઇ ચૂકેલા કીડનીના દર્દીઓ, આધુનિક જમાનાની અપથ્ય રહેણીકરણી તથા પ્રદૂષણ અને ખોટા ખાન પાનની નીપજ જેવા હૃદયરોગ–કેન્સર–ડાયાબીટીસ કે દમના દર્દીઓએ સારવાર લઇ સ્વાસ્થ પ્રાપ્ત કરેલ છે. માત્ર ભારતજ નહિં પણ દુનિયાના અનેક દેશોના લોકોએ પણ લાભ લીધેલ છે,

આજકાજ લોકોનું ધ્યાન કુદરતી ઉપચાર તરફ જવા માંડ્યું છે ઉપચાર પદ્ધતિનાં સાધનો, ઉપચાર આપનાર પરિચારકો તથા આવા દવાખાનાને ચલાવનાર ડૉકટર આ તમામ પાસાં આ કેન્દ્રમાં વિશિષ્ટ છે. અહી આ બધીજ કડીઓ એકતાના સૂત્રે ગૂંથાયેલી દવાખાનાનો પ્રાણ છે ચિકિત્સક-અહિંના હાલના ચિકિત્સક ડૉ. જય સંઘવી ઉત્સાહી, તરવરાટ મિલનસાર હસમુખા અને પ્રગતિશીલ છે. તે દર્દીની સારવાર અને સવલતોમાં રતાઇ ગાફેલ રહે નહીં તેવી સૂક્ષ્મ, કડક નજર રાખે છે અને દર્દીઓ સાથે આત્મિયતા સાધે ત્યારે દર્દીઓની ખાવા–પીવા અને હરવા ફરવા બાબતે ખોટા ઉદ્ગાર પણ ના બને. વળી, તેઓ બીજી ચિકિત્સા પદ્ધતિઓ (Pathy) પ્રત્યે અસ્પૃશ્યવૃત્તિ નથી રાખતા તે એમની ખુલ્લાપણા Openness અને ઉંડી સમજની દ્યોતક છે.

આ કેન્દ્રમાં સારવાર લઇ પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરનાર કેટલાક કિસ્સાની માહિતી જોઇએ.

સૌ પ્રથમ તો આ કેન્દ્રના હાલના સંચાલક ડૉ. જય ખુદ કુદરતી ઉપચારથી થતા ફાયદાઓનો પ્રત્યક્ષ પુરાવો છે, રમત ગમત દરમ્યાન તેમની જીભમાં ખુબ ઇજા થઇ. પુષ્કળ લોહી વહેવા લાગ્યું.

૧૫ દિવસની જુદી જુદી સારવારો અને સજ્જરી પછી પણ સુધારો ન થતાં બધાએ મુંબઇ જવાની સલાહ આપી, તે વખતે આ કેન્દ્રના સ્થાપક ડૉ. સાવલાને મળ્યા. ફકત પાણીના પોતાની બે દિવસની સારવારથી લોહી વહેતું બંધ થયું. આ ચમત્કાર જોઇ ડૉ. જય કુદરતી ઉપચારને સમર્પિત થયા હતા.

લકવાનો એક કિસ્સો છેઃ નામ છે કાશીબેન રેવાશંકર જોષી ઉમર ૭૦ વર્ષ, આખા શરીરનો લકવો બીજી હોસ્પિટલમાં ૧૫ દિવસ સારવાર બાદ અહીં આવ્યા હતા–બોલાતું નહોતું–

હાથ પગની કંઈ ખબર નહોતી. ૨૫ મહીનાની સારવાર પછી બોલતા હરતા ફરતા થયાં.

મરડાના રોગનો એક કિસ્સો છે. દિલ્હીમાં બાટા કુાં.માં મેનેજર મિ. ખન્નાને ૨૨ વર્ષથી લોહીનો મરડો (Ulcenative Colitis) હતો, ઘણી સારવાર પછી પરિણામ શૂન્ય. આ કેન્દ્રમાં એક મહિનો સારવાર લીધી અને આરામ થયો.

આ વર્ષે જ સારવાર લેનાર શ્રી રમેશભાઇ દવે ગઢશીશા હાઇસ્કૂલના જાણીતા પ્રિન્સીપાલ છે, રાજ્ય પારિતોષિક વિજેતા ઉત્તમ શિક્ષક છે છેલ્લાં ૧૬ વર્ષથી તેઓ માથાનો દુખાવો, અનિદ્રા, બેચેનીની તકલીફ તથા થાયરોઇડ ગ્રંથિના દર્દ જેવાં અનેક દર્દથી પીડાતા હતા અહીં ૨૧ દિવસ રહી એમણે પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્ત કર્યું.

ઓસ્ટ્રેલિયાથી આવેલ ડેમોરા હેનરીયે અહીં ૪ મહિનામાં ૩૦ દિવસ પાણી ઉપર ઉપવાસ કરી ખૂબ સ્વસ્થ બનીને ગઇ.

જર્મનીથી આવેલ નીના બેનહાર્ટ તથા એમ રિમથ તેમની વર્ષો જૂની મરડાની તકલીફ આ કેન્દ્રમાં રહી મટાડીને ગયા.

અમેરીકન ડેનિયલ મેયર તેની ખૂબ બધી તકલીફો માટે અહીં ૪ મહીના જેટલો સમય રહ્યો. એકદમ સારો થઇ ફ્લોરીડામાં તે ડોક્ટરી પ્રેકટીસ કરે છે.

જીર્ણ જટિલ રોગોના ભોગ બનેલાઓ અને દવાઓ તથા ડોકટરોથી કંટાળેલા દર્દીઓએ એક વખત આ કેન્દ્રની મુલાકાત લેવા જેવી છે. ઉપરાંત ઓપરેશન કરાવ્યા બાદ સાજું ના થયું હોય કે ઓપરેશન કરાવવાનું હોય તો તે પહેલા સમય મુલતવી રાખી ડો. જયની સલાહ લેવા જેવી છે.

આત્મહત્યા

પૃષ્ઠ ૧૨૦ થી ચાલુ

કરવામાં સફળ થાય છે તેને કોઇ સજા થતી નથી, કરી શકાતી નથી. પરંતુ આપઘાત કરવામાં જેઓ નિષ્ફળ જાય છે એટલે કે જેઓ ગુનો પૂરેપૂરી રીતે કરી શકતા નથી, ગુનો ઓછો-અધૂરો કરે છે તેને જ માત્ર સજા થાય છે. એક દૃષ્ટિએ કહી શકાય કે કોઇ પણ ગુનાની આકરામાં આકરી સજા તે તત્કાલ મૃત્યુદંડની છે. અને આપઘાતનો સફળ ગુનો કરનારે તો તે મોટામાં મોટી સજા સ્વેચ્છાએ ભોગવી લીધી છે અને નિષ્ફળ ગુના કરનારને તત્કાળ દેહાંત દંડની સજા દુનિયામાં કયાંય થતી નથી. એટલે આ પ્રકારની તાર્કિક વિસંગતિ આપઘાતના ગુના માટેના કાયદાઓમાં હંમેશા રહેવાની.

દુનિયામાં કેટલાક દેશોમાં આપઘાતને ગુનો ગણવામાં આવ્યો નથી. કેટલાક દેશોમાં આપઘાતને ગુનો ગણવામાં આવે છે અને તે માટે સજા થાય છે. આપઘાતનો નિષ્ફળ પ્રયાસ કરનારને માટે કાયદાની દૃષ્ટિએ કેમ સજા ફરમાવી હશે? એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે જ થાય, કાયદાશાસ્ત્રીઓએ કાયદો જ્યારે ઘડ્યો હશે ત્યારે શું આ વિષયનો પરિપકવ વિચાર નહિ કર્યો હોય? નહિ જ કર્યો હોય એમ તો કેમ કહેવાય? કાયદાના ડરથી આપઘાત અટકતા નથી એમ જેમ કહી શકાય તેમ કાયદાના ડરથી આપઘાતના કિસ્સા બિલકુલ અટકયા નથી એમ પણ નહિ કહી શકાય આપઘાતના કિસ્સાઓ વિશેષત : યુવાનોમાં બને છે અને તે પણ કેટલીકવાર નજીવા કારણોસર, નિષ્ફળતા, નિરાશા, ઉપાલંભ, અપમાન એકલતા વગેરેને કારણે આવા કેટલાક કિસ્સા બને છે. થોડાક માણસો પણ આપઘાતનો વિચાર કરીને કાયદાના ભયને લીધે તેમ કરતાં અટકી ગયા હશે, તો તેટલી જિંદગી કાયદાના ભયથી બચી છે તેમ અવશ્ય કહી શકાશે. થોડીક જિંદગી પણ આ રીતે જો બચી હોય તો તે કાયદામાં અસ્તિત્વને વાજબી ઠરાવે છે. સામાજિક સર્વેક્ષણ કરવાથી આ વિષયનું તલસ્પર્શી અધ્યયન થઇ શકે છે.

આત્મહત્યાનો કાયદો સદંતર રદ કરતાં એમાંની સજાની જોગવાઇ સહેજ હળવી કરવામાં આવે અને આપઘાત કરનારનાં કારણો સર્વ રીતે વાયાજબી હોય તેવી વ્યકિતને નિર્દોષ છોડી દેવા માટેની વધુ સત્તા ન્યાયાધીશોને આપવામાં આવે તો એ વર્તમાન સંદર્ભમાં વધુ યોગ્ય ગણાય. કાયદો સદંતર રદ કરવાથી ઘણા બધા માણસો આપઘાત કરવા દોડી જશે એમ માનવું ભૂલભરેલું છે. કાયદો હોવા છતાં આપઘાતના ઘણા બધા કિસ્સાઓ બને છે, તો કાયદો નહિ હોય ત્યારે તો ઘણા વધુ કિસ્સા બનશે એની દલીલમાં બહુ બળ નથી. તો પણ કાયદાનો ભય કિશોરાવસ્થા અને યુવાવસ્થાની કેટલીય વ્યકિતઓને માટે ઉપકારક છે એમ તો અનુભવના આધારે જરૂર કહી શકાય.

ભારતમાં કાયદો એટલે ન્યાય એમ કહેવા કરતાં કાયદો એટલે ત્રાસ એમ કહેવું વધારે વાસ્તવિક છે. છેલ્લાં કેટલાક વર્ષોમાં કાયદાનું તંત્ર ઘણું વધુ કથળેલું જોવાય છે અને ન્યાય મળવામાં અકલ્પનીય વિલંબ થયા કરે છે. બે-ત્રણ કે ચાર દાયકે ચુકાદો આવ્યા પછી મળેલા ન્યાયમાં માણસ જો જીવતો રહ્યો હોય તો પણ એને બહુ રસ રહ્યો હોતો નથી. વિલંબિત અને ખર્ચાળ ન્યાય પદ્ધતિને કારણે અનેક લોકો નજીવી બાબતમાં અન્યાય સહન કરી લેવાનું પસંદ કરે છે. એ જ વધુ પરવડે એવું હોય છે. આવી પરિસ્થિતિમાં આત્મહત્યાનો કાયદો રદ થાય એ જ વધુ યોગ્ય છે. ભારતમાં કાયદાઓની જટિલતા અને ચુંગાલના કારણે તેમ જ તે કાયદાનો અમલ કરનારાઓમાં રહેલી ભ્રષ્ટતા અને સંતાપણીના કારણે કેટલાય માણસોએ તેમાંથી બચવા આપઘાત કર્યાની વાત સાંભળવામાં આવે છે. પોલીસ અને ન્યાયતંત્રની જ્યાં આવી વરવી છાપ હોય ત્યાં તો જેટલા ઓછા કાયદા તેટલું વધુ સારું એમ મનાય. તેથી જ આત્મહત્યાનો કાયદો વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં ભારતમાંથી રદ થાય એ વધુ શ્રેષ્ટ ગણાય.

આત્મહત્યાનું પ્રમાણ ઘટાડવા માટે તો શિક્ષણ, કૌટુંબિક સંસ્કારો તથા ધર્મશ્રદ્ધાનું સમ્યક વાતાવરણ ઘણો મહત્વનો ભાગ ભજવે છે. લોકોને, ખાસ કરીને યુવાનોને મૂલ્યના અગત પ્રશ્નોમાં નિઃસ્વાર્થપણે માર્ગદર્શન આપનારી વ્યકિતઓ અને જાહેર સંસ્થાઓનું પ્રમાણ વધારવાથી આ દિશામાં સામાજિક કલ્યાણની દૃષ્ટિએ ઘણું સંગીન કાર્ય કરી શકાય.

—રમણલાલ ચી. શાહ

નવસર્જન અને માનવતાવાદી કોણ?

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૭)

સૂક્ષ્મ સંવેદનશીલ મેધાવીમાં જોઇ શકાય છે. એવા લેખકોનો ઉલ્લેખ કરવાને બદલે રસિકલાલ પરીખ, કાકા કાલેલકર, અનંતરાય રાવળ, પંડિત સુખલાલજી, રામનારાયણ પાઠક, યશવંત શુકલ ઇત્યાદિનો ઉલ્લેખ કરવામાં ઔચિત્ય કેટલું? માનવતાની અને સામાન્ય વાચકોની નજીક ન્હાનાલાલ, રમણલાલ, ધૂમકેતુ કે મેઘાણી છે, તેમણે ઉલ્લેખેલ લેખકો નહિ. હા, તેમણે ઉલ્લેખેલા લગભગ બધા જ મહાનુભાવોએ સાહિત્ય પરિષદનું પ્રમુખસ્થાન જરૂર શોભાવ્યું છે. મહાન 'નવસર્જનલક્ષી' અને માનવતાવાદી' મુનશીએ તો કશી રોકટોક વગર ત્રણ ત્રણ વાર સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાને આરૂઢ થઇને પરિષદનો અને ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં ચોકકસ અજોડ વિક્રમ નોંધાવ્યો છે; અને એ રીતે પણ 'નવસર્જન'ને ખૂબ આગે બઢાવ્યું છે!

'નવસર્જનલક્ષી' અને માનવતાવાદી' કોણ ?

-ડૉ. હસમુખ દોશી

વર્તમાનપત્રોમાં વાંચેલા એક અહેવાલ પ્રમાણે ગુજરાતના એક આદરણીય વિદ્વાન પ્રા. ચી ના પટેલ સાહેબે ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિના સભ્યપદેથી રાજીનામું આપી દીધું. તેમને એ વાતનું દુઃખ હતું કે પરિષદના પ્રવર્તમાન પ્રમુખ હિન્દુ ધર્મસભા સાથે અન્ય હિન્દુ સંગઠનો સાથે સંકળાયેલા છે. એવા સંજોગોમાં તેમના જેવા 'માનવતાવાદી' અને 'નવસર્જનલક્ષી' વિદ્વાનો પરિષદમાં રહી શકે નહિ. તેમણે એક્ઝીકયુટીવના અન્ય સભ્યોને પણ રાજીનામાં ધરી દેવાનો અનુરોધ કર્યો છે. તેમનો તો એવો આગ્રહ છે કે બંધારણીય રીતે હાલના ચૂંટાયેલા પ્રમુખને હટાવી શકાય તેમ ન હોય તો મધ્યસ્થ સમિતિની રેકવીઝીશન બેઠક બોલાવીને પણ દૂર કરવા જોઇએ. તેમણે ભારપૂર્વક કહ્યું કે ગુજરાતના પૂર્વનર્મદથી શરૂ કરી ગોવર્ધનરામ, રમણભાઇ નીલકંઠ, મુનશી, કાકા કાલેલકર, મશરૂવાળા, રસિકલાલ પરીખ, રામનારાયણ પાઠક, ઉમાશંકર જોષી, સ્નેહરશ્મિ, પંડિત સુખલાલજી, અનન્તરાય રાવળ, યશવંત શુકલ દર્શક, સુરેશ જોષી વગેરે બધા જ વિદ્વાનો સર્જકો ને વિવેચકોનું વલણ નવસર્જનલક્ષી રહ્યું છે. ઉત્તર નર્મદ કે મણિલાલ દ્વિવેદી જેવા અપવાદો બાજુએ રહી ગયા છે !

તેમનો આ 'નવસર્જનલક્ષી' શબ્દપ્રયોગ મારાથી બરાબર સમજાયો નથી, જે સર્જક નવસર્જન કરે એ વાસ્તવમાં નવસર્જનલક્ષી ગણાય. તો પછી તેમાં યશવંત શુકલ, અનંતરાય, રાવળ કે પંડિત સુખલાલજીનો સમાવેશ કેવી રીતે થાય ? માની લઇએ કે જે વ્યકિત કોઇ પણ ક્ષેત્રમાં મહત્વનું પ્રદાન કરે એ પણ સર્જક જ કહેવાય. તો જે લોકો અમુક ધર્મથી બદ્ધ થયેલા હોય તેમનામાં શું નવસર્જનલક્ષી પ્રતિભાનો અભાવ હોય છે.

એવો જ શબ્દપ્રયોગ તેમણે ઉકત લેખકોને 'માનવતાવાદી' કહીને પણ કર્યો છે. તો શું કોઇ પણ ધર્મથી બદ્ધ થયેલો માણસ માનવતાવિરોધી જ હોય છે; આ મુદ્દો ન સમજાતાં મેં મારી રીતે તેમના ઉકત શબ્દોનો અર્થ ધર્મનિરપેક્ષના કર્યો છે. એ માટે પટેલસાહેબ મને ક્ષમા કરશે એવી આશા રાખું છું.

અહીં બીજા પણ એક બે મુદ્દાઓની સ્પષ્ટતા કરી લેવી જોઇએ સાહિત્ય પરિષદના બંધારણ વિશે હું તદ્દન અજ્ઞાન છું. એ જ રીતે અન્ય સાહિત્યિક સંસ્થાઓના નિયમો વિશે મારું કોઇ જ્ઞાન નથી. સંજોગોને કારણે અને ઘણે અંશે આરક્ષિત પ્રકૃતિને કારણે હું આવી સંસ્થાઓની નજીક જઇ શકયો નથી. એટલે આ વિશે કોઇ ટેકનિકલ ક્ષતિ થતી હોય તો સંબંધિત સૌ માફ કરશે એવી આશા રાખું છું. બીજી સ્પષ્ટતા એ કરવાની કે જેમ સંસ્થાઓની તેમ મોટા ભાગની સાહિત્યિક હસ્તીઓથી પણ હું દૂર રહ્યો છું. હું તેમને ઓળખું છું ને સમજું છું ફકત તેમના સાહિત્યથી, અને મારી દ્રષ્ટિએ એ જ મહત્વની વસ્તુ છે. એટલે સન્માનનીય પ્રા. પટેલસાહેબ પ્રત્યે નારાજગી હોવાનો કે સાહિત્ય પરિષદના પ્રવર્તમાન પ્રમુખ પ્રત્યે આદર ઉભરાઇ જવાનો કોઇ પ્રશ્ન જ નથી.

મને જે મુદ્દાએ આંચકો આપ્યો છે એ તો પ્રા. ચી. ના. પટેલસાહેબના 'નવસર્જનલક્ષી' કે ધર્મનિરપેક્ષતાના સિદ્ધાંતે આપ્યો છે. સ્વ. કનૈયાલાલ મુનશીને કેટલે અંશે ધર્મનિરપેક્ષ કહી શકાય ? આ લખનારે જરા વિસ્તારથી 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૯-૮૫ના અંકના એક લેખમાં આ વિશે સ્પષ્ટ નિર્દેશ કરેલો જ છે. એ પ્રમાણે શ્રી કનૈયાલાલ મુનશીએ પોતાની સર્જનોમાં જૈન ધર્મની ન સહી શકાય એવી જે નિંદા કરી છે અને જૈન સાધુઓને તેમ જ શ્રાવકોને હીન દ્રષ્ટિએ જે રીતે આલેખ્યા છે તેમાં શું નવસર્જન કે ધર્મનિરપેક્ષતા છે ? જે ઘટનાઓને ઇતિહાસનો કોઇ આધાર નથી તેને પોતાની કહેવાતી ઐતિહાસિક નવલકથાઓમાં પરાણે ઘૂસાડીને શ્રી મુનશીએ જૈન ધર્મ સરખા એક મહાન ધર્મને સ્પષ્ટ રીતે ક્ષુદ્ર ચીતરવાની કોશિશ કરેલી જ છે. તો શું એ તેમની 'નવસર્જનલક્ષિતા' છે ? 'પૃથ્વી વલ્લભ'માં થયેલું નિરૂપણ 'માનવતાવાદી' કેટલે અંશે કહી શકાશે ?એક સંન્યાસિનીને-પછી તે ગમે તેટલી જડ કે ધર્માંધ હોય-ભ્રષ્ટ કરી તેની પાસે કલંકિત કૃત્યો કરાવનાર કે એવી અપેક્ષા રાખનાર સર્જક કેટલે અંશે માનવતાવાદી કહી શકાશે ? રાજકારણમાં કુટિલતા જ હોઇ શકે એવા વિચારોને દ્રઢાવનાર અને અનેક વ્યકિતઓની હત્યા કરાવનાર કૌટિલ્ય કઇ દ્રષ્ટિએ માનવતાવાદી કહેવાય ? આવી વ્યકિતને 'બ્રાહ્મણ શ્રેષ્ઠ' કહીને પરોક્ષ રીતે બ્રાહ્મણત્વની કીર્તિગાથા ગાનાર લેખક 'નવસર્જનલક્ષી' કે ધર્મનિરપેક્ષ કેમ કહી શકાય ? પૃથ્વી ઉપરથી ક્ષત્રિયોના સમગ્ર વંશને નિર્મૂળ કરવાની પ્રતિજ્ઞા લેનાર અને એ પ્રતિજ્ઞાનું પાલન કરનાર તેમ જ બ્રાહ્મણો સિવાય પોતાની શસ્ત્રવિદ્યા કોઇને પણ ન આપવાનો દ્રઢ સંકલ્પ રાખનાર પરશુરામ વિશે શું કહેવું ? આવાં વ્યકિતત્વો વિશે અહોભાવથી નવલકથાઓ લખનાર લેખક ધર્મનિરપેક્ષ તો શું, જ્ઞાતિનિરપેક્ષ પણ નથી. ધર્મવાદથી તો શું, અતિ સાંકડા જ્ઞાતિવાદથી પણ પર નથી.

શ્રી પટેલસાહેબે એમ પણ ઉમેર્યું છે કે 'ખરો સાહિત્યપ્રેમી હોય એને માટે માણસમાત્રની આધ્યાત્મિક કે નૈતિક કીંમત એક સરખી જ હોય શું વાલ્મીકિ કે શું હોમર શેકસપિયરની. કોઇ પણ સાહિત્ય પરંપરા જોઇએ તો તે આવી માનવ ધર્મ દ્રષ્ટિની જ જણાય છે

સ્વધર્મની અપેક્ષાએ બીજા ધર્મોને હલકા ગણી તેની વિડંબના કરનાર મુનશી જેવા લેખક અને એવા લેખકને આજ સુધી અહોભાવથી વધાવનારા તેમણે ઉલ્લેખેલા અન્ય લેખકો માનવધર્મ દ્રષ્ટિથી અંકિત થયેલા ચોકકસ ગણી શકાય ! શ્રી દર્શકે 'ઝેર તો પીધાં છે જાણી જાણી'ના ત્રીજા ભાગના આરંભના પ્રકરણમાં જૈન મુનિઓની અને ધર્મની જે ઠંડી મસ્કરી કરી છે એ વિશે મુનિશ્રી શીલચંદ્રવિજયજીએ 'પ્રબુદ્ધ જીવન'ના ઓકટોબર, ૮૫ ના અંકમાં વિસ્તારથી તર્કસંગત વિરોધ કર્યો જ છે આ લેખકો ક્ષરજીવનમાં કોઇ ધાર્મિક કે સાંપ્રદાયિક સંસ્થાનું પ્રમુખસ્થાન ન ધરાવતા હોય એટલા માત્રથી તેઓ 'નવસર્જનલક્ષી' કે ધર્મનિરપેક્ષ બની જતા નથી. સાહિત્યકાર કરતાં તેનું સાહિત્ય વધારે સાચું હોય છે.

ગુજરાતની ધર્મ નિરપેક્ષતા તો અસ્સલ કવિ નહાનાલાલ, સૌજન્યશીલ રમણલાલ દેસાઇ, ઊર્મિશીલ ધૂમકેતુ કે

(પૃષ્ઠ ૧૨૮ થી ચાલુ)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૧૩-૧૪

મુંબઇ તા. ૧-૧૧-'૮૬ અને તા. ૧૬-૧૧-'૮૬
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છુટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

समयं गोयम, मा पमायए ।

દિવાળીનો દિવસ એ ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણનો દિવસ. તીર્થંકર પરમાત્માનો નિર્વાણ દિવસ કલ્યાણક તરીકે ઊજવાય છે. અનેક લોકોનું કલ્યાણ જે ઘટનાથી થાય તેને કલ્યાણક કહેવામાં આવે છે. પ્રત્યેક તીર્થંકરનાં પાંચ કલ્યાણકોમાં નિર્વાણનો પ્રસંગ પણ આનંદ અને ઉત્સવનો પ્રસંગ બને છે. ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણના પ્રસંગે અનેક લોકોએ અસંખ્ય દીપક પ્રગટાવીને એ પ્રસંગ ઊજવ્યો હતો. માટે એ પર્વને દીપાવલિ-દિવાળી પર્વ કહેવામાં આવે છે.

ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણની ઘટના સાથે ગુરુ ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું એ મહત્ત્વની ઘટના પણ સંકળાયેલી છે. જ્યાં સુધી મહાવીરસ્વામી વિદ્યમાન હતા ત્યાં સુધી એમના પ્રથમ ગણધર ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું નહોતું. તેનું મુખ્ય કારણ એ હતું કે એમને ભગવાન પ્રત્યે તીવ્ર અનુરાગ હતો. એ અનુરાગ વાસ્તવિક દુનિયાની દૃષ્ટિએ પ્રશસ્ત, પ્રશંસાને યોગ્ય હતો; પરંતુ, મોક્ષમાર્ગમાં, કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં તે અંતરાયરૂપ હતો. દિવાળીના દિવસે મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા અને બેસતા વર્ષના પ્રભાતે ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું હતું.

મહાવીરસ્વામી અને ગૌતમસ્વામીનો સંબંધ ત્રીસ વર્ષનો હતો. મહાવીરસ્વામીને કેવળજ્ઞાન થયું અને બીજે દિવસે પાવાપુરીમાં ઇન્દ્રભૂતિ ગૌતમ સહિત ૧૧ બ્રહ્મણ પ્રકાંડ પંડિતોનો એમને મેળાપ થયો. તેઓ બધા ભગવાનની સાથે શાસ્ત્રાર્થ કર્યા પછી એમના શિષ્ય થયા, ગણધર થયા. તે દિવસથી તે નિર્વાણના દિવસ સુધી એમ સતત લગભગ ૩૦ વર્ષ જેટલા સમય સુધી ગૌતમસ્વામી ભગવાનની સાથે જ વિચરતા રહ્યા.

મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચાર જ્ઞાન ગૌતમસ્વામીને થયાં હતાં, પરંતુ ભગવાન પ્રત્યેના તીવ્ર અનુરાગને કારણે એમને કેવળજ્ઞાન થતું ન હતું. નવાઇ તો એ હતી કે ગૌતમસ્વામી જેને જેને દીક્ષા આપે તેને કેવળજ્ઞાન થતું, પરંતુ ખુદ પોતાને કેવળજ્ઞાન થતું નહિ. દ્વેષ ઉપર વિજય મેળવવાનું એટલું કઠિન નથી, જેટલું રાગ ઉપર વિજય મેળવવાનું છે. ગૌતમસ્વામીના મનની આ સ્થિતિ ભગવાન જાણતા હતા અને એટલા માટે જ તેઓ એમને અનેકવાર કહેતા કે 'હે ગૌતમ! તું સમય (અલ્પતમ ક્ષણ) માત્રનો પણ પ્રમાદ ન કરીશ.'

'समयं गोयम मा पमायए' એ ગૌતમસ્વામીને ઉદ્દેશીને કહેલા ચાર શબ્દો આગમ ગ્રન્થોની કેટલીય ગાથાઓમાં કેટલીયે વાર આવે છે. (ઉત્તરાધ્યયનના દસમા અધ્યયનમાં તો એ પ્રત્યેક ગાથાનું છેલ્લું ચરણ છે.) ભગવાને ઉચ્ચારેલા એ શબ્દો એમના બીજા કેટલાય શબ્દોની જેમ અઢી હજાર વર્ષથી લોકોના શ્રવણમાં અને ચિત્તમાં ગુંજન કરતા ચાલ્યા આવ્યા છે. સાધારણ માણસે ઉચ્ચારેલ શિખામણના શબ્દો ઘડીકમાં વિસરાઇ જાય છે, પણ કેટલાક શબ્દો એવા હોય છે કે જે કાલાતીતપણાને પામે છે. હજારો વર્ષો સુધી લોકોમાં એટલા જ વેગ અને બળથી એ શબ્દો વહેતા રહે છે. શબ્દમાં અનંત શક્તિ છે. શબ્દને બ્રહ્મ તરીકે ઓળખાવામાં આવે છે. આખા વિશ્વમાં ધૂમી વળવાની તાકાત શબ્દમાં રહેલી છે. બોલનાર વ્યક્તિ શબ્દમાં કેટલું બળ પૂરે છે તેના ઉપર એનો આધાર રહે છે. પ્રતિક્ષણ વિશ્વમાં મનુષ્ય સહિત અનંત જીવો વ્યક્ત કે અવ્યક્ત શબ્દનું ઉચ્ચારણ કર્યા કરે છે. એ તમામ શબ્દો કાળના પ્રવાહમાં તણાઇ જાય છે, વિખરાઇ જાય છે, લુપ્ત થઇ જાય છે. કોઇ કોઇ શબ્દો પાંચ-પચીસ વર્ષ કે બે-ચાર સૈકા સુધી જીવંત રહે છે, તો કોઇ કોઇ શબ્દો હજારો વર્ષો સુધી એકસરખું ગુંજન કર્યા કરે છે समयं गोयम मा पमायए-એ એવા શબ્દો છે કે જે હજુ હજારો વર્ષ સુધી માનવજાતને માટે પથદર્શક બની રહેશે!

કેટલાક શબ્દો વ્યક્તિના હૃદયમાંથી સ્ફુરે છે. કેટલાક શબ્દો ચિત્તના અતલ ઊંડાણમાંથી પ્રગટ થાય છે. એવા કેટલાક શબ્દોમાં વ્યક્તિનાં નિર્દોષ, પ્રામાણિક, તીવ્ર સ્પંદનો રહેલાં હોય છે. અને સાંભળનારને તે તરત સ્પર્શી જાય છે. કેટલાક શબ્દો માત્ર હૃદય કે ચિત્તમાંથી જ નહિ, પરંતુ સમગ્ર આત્મામાંથી, સમગ્ર અસ્તિત્વમાંથી એના નીચોડરૂપે સહજપણે સરી પડે છે. એ ભલે એકાદ વ્યક્તિને સંબોધીને બોલાયેલા હોય, પરંતુ જીવમાત્રને માટે એ કલ્યાણકારી નીવડે છે. બોલનાર વ્યક્તિ પણ કરુણાર્દ્ર હૃદયે સર્વ જીવોનું એકમાત્ર હિત ચિંતવી એ શબ્દો બોલે છે, અથવા એમનાથી અનાયાસ બોલાઇ જાય છે, અથવા એમનાથી બોલ્યા વગર રહી શકાતું નથી. એ શબ્દોમાં એવું જબરું બળ હોય છે કે કાળના પ્રવાહમાં એને ઘસારો લાગતો નથી. બલકે કાળ એને ઘસીને વધુને વધુ સુંદર અને ચકચકિત બનાવે છે. ભગવાને ગૌતમસ્વામીને કહેલા આ

શબ્દોમાં એવું અલૌકિક બળ છે.

ભગવાને ગૌતમસ્વામીને અને એમના દ્વારા અનેક જીવોને અનેક બાબતમાં ઘણો મહત્ત્વનો ઉપદેશ આપ્યો છે. એમાં ગૌતમસ્વામીને વારંવાર અપાયેલો ઉપદેશ તે પ્રમાદ ન કરવા વિષે છે. આમ જોઇએ તો આ નિષેધરૂપ ઉપદેશ છે. મનુષ્યે શું શું કરવું જોઇએ એવી વિધેયરૂપ અને શું શું ન કરવું જોઇએ એવી નિષેધરૂપ હજારો શિખામણો વ્યાવહારિક, સામાજિક, વૈયક્તિક કે સામુદાયિક જીવનને લક્ષીને અપાયા કરે છે. ધાર્મિક અને આધ્યાત્મિક માર્ગે પણ એવી ઘણીબધી શિખામણો અપાયેલી છે. ભગવાને ગૌતમ-સ્વામીને આપેલી આ શિખામણ આમ જોઇએ તો સ્પષ્ટ છે, પરંતુ આધ્યાત્મિક માર્ગની તે સૂક્ષ્માતિસૂક્ષ્મ શિખામણ છે એ જો સંપૂર્ણપણે અમલમાં મૂકી શકાય તો કેવળજ્ઞાન અને મોક્ષ ક્ષણવારમાં પ્રાપ્ત થઇ શકે.

સારી રીતે જીવવું એ જીવોનું પાર્થિવ લક્ષણ છે. પરંતુ ભોગોપભોગથી ભરેલા આ પાર્થિવ જીવનથી પર કોઇ સનાતન, નિરુપાધિક અસ્તિત્વ છે એની આંતરપ્રતીતિ તો કોઇક વિરલ મનુષ્યોને જ થાય છે. વ્યવહારમાં જેમ અનેક કાર્યો પ્રમાદને લીધે થઇ શકતાં નથી, તેમ આધ્યાત્મિક માર્ગની કેટલીક સિદ્ધિઓ ચિત્તની પ્રમત્તાવસ્થાના કારણે પ્રાપ્ત થયી નથી. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર એમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ જગત જ્ઞાનીઓની દૃષ્ટિએ તો અજ્ઞાન અથવા મિથ્યાત્વના ગાઢ અંધકારથી ભરેલું છે. મિથ્યાત્વનો અંધકાર જેમનામાંથી ચાલ્યો ગયો છે, સાચી સમજણ જેમને પ્રાપ્ત થઇ શકી છે, તેઓ પણ પ્રમાદને કારણે અવિરતિમાં અટકી પડે છે. પ્રમાદ જગતના જીવોને જટિલ જંજાળોમાં જકડી રાખે છે. ક્રોધાદિ કષાયો અને મન-વચન તથા કાયાના યોગો જીવને સન્માર્ગે જતાં અટકાવે છે. જે જીવો પોતાની આત્મશક્તિને ખીલવે છે તેઓ આ બધા અંતરાયોને ભેદીને મુક્તિપથ પર પ્રગતિ કરી શકે છે, પરંતુ તેમાં પણ ક્ષણ ક્ષણની સમય સમયની-અપ્રમત્તા-વસ્થા પ્રાપ્ત થવી ઘણી દુષ્કર છે. એવા માર્ગે ગયેલા મનુષ્યો-માંથી પણ મોટાભાગના મનુષ્યોની સ્થિતિ તો ગીતાકારે કહેલા વચન જેવી છે :

जानामि धर्मं न च मे प्रवृत्तिः ।
जानाम्यधर्मं न च मे निवृत्तिः ॥

સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત થવાં સરળ નથી, પરંતુ એ પ્રાપ્ત થયા પછી તદનુસાર સમ્યગ્ ચારિત્ર ઘડવું એ પણ ઘણી દુષ્કર વાત છે. પ્રમાદ એમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. મોહનીય કર્મ જીવને ભગાડે છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ રાગ જીવથી છૂટતો નથી. વીતરાગપણું જીવથી સહેલાઇથી મેળવાતું નથી. અથવા મેળવ્યું છતાં પ્રમાદને કારણે ન મેળવ્યા જેવું ઘડીએ ઘડીએ ચાલ્યા કરે છે. છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનક વચ્ચે જીવ અનેકવાર ચડ-ઊતર કર્યા કરે છે. ઉપરના ગુણસ્થાનકે જીવ પ્રમાદના કારણે જ સ્થિર થઇ શકતો નથી. વારંવાર સ્થિર થવાનો મહાવરો જેઓ અનેક વખત કરતા રહે છે તેઓ તેના ઉપર પછી સ્થિર થઇ જાય છે. કોઇ વિરલ મહાત્માઓ પ્રથમ પ્રયાસે જ અપ્રમત્ત બની સ્થિર થઇ જાય છે, ઊર્ધ્વગામી બને છે.

ચિત્તની આ ક્રિયા અતિ સૂક્ષ્મ છે. ભગવાને એટલા માટે શબ્દ વાપર્યો છે-'સમય.' ભગવાને ગૌતમસ્વામીને કહ્યું છે કે 'સમય માત્રનો પણ પ્રમાદ ન કરીશ.' સમયનો સાદો અર્થ છે કાળ. પરંતુ અહીં 'સમય' શબ્દ જૈન પારિભાષિક અર્થમાં વપરાયો છે. સમય એટલે કાળનું નાનામાં નાનું એકમ-યુનિટ. આંખના એક પલકારામાં આઠ કરતાં પણ ઘણા વધારે 'સમય' વીતી જાય છે. કોઇ માણસ કૂવાની સો કે હજાર પાંદડી સાથે રાખીને સોયથી તે તમામને ક્ષણ માત્રમાં આરપાર વીંધે તો તેમાં એક પાંદડીમાંથી પસાર થઇને સોય બીજી પાંદડીમાં પ્રવેશ કરે એટલા સૂક્ષ્મ કાળને 'સમય' કહેવામાં આવે છે. અથવા કોઇ માણસ કોઇ લાંબા જાડું વસ્ત્રને એક ઝાટકે ક્ષણ માત્રમાં ફાડી નાખે તો એક તાંતણો તૂટયા પછી બીજો તાંતણો તૂટે તેટલા સૂક્ષ્મ કાળને માટે 'સમય' શબ્દ વાપરી શકાય. આપણું ચિત્ત સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. પ્રતિક્ષણ, બલકે પ્રતિસમય એમાં વિચારોનો, ભાવોનો, સ્પંદનોનો પ્રવાહ નિરંતર ચાલ્યા કરે છે. પ્રતિસમય એ પ્રવાહ પ્રમાદ રહિત રહ્યા કરે એ ઘણી દુર્લભ વાત છે. મહાન સાધકો જ એ સિદ્ધ કરી શકે છે. આ પંચમકાળમાં તો એ શક્ય જ નથી પરંતુ એ દિશામાં પુરુષાર્થ અશક્ય નથી.

ભગવાન મહાવીરસ્વામીએ ગૌતમ સ્વામીને 'समय गोयम मा पमायए' એવો જે ઉપદેશ અનેકવાર આપ્યો તે મુક્તિ-માર્ગના પ્રવાસીઓને માટે ભાથું બની રહે – શિવપથ સંબલ બની રહે એવો છે. એનો અંશ માત્ર પણ આપણા વર્તમાન જીવનમાં ઊતરે તોયે ઐહિક જીવનમાં પણ કૃતાર્થ થઇ શકાય.

–રમણલાલ ચી. શાહ

શ્રીમતી ધીરજબહેન દીપચંદ શાહ

રમકડાં ઘર

'સંઘ' દ્વારા બાળકોને ઘરે રમવા માટે રમકડાં આપવા માટેની આ પ્રવૃત્તિ છેલ્લાં બે વર્ષથી નિયમિત ચાલે છે. એ માટે વખતોવખત નવાં રમકડાં ખરીદવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ રૂા ૧૦૮૨૬/-નાં નવા રમકડાં લેવામાં આવ્યાં છે. 'સંઘ'ના સભ્યોને નમ્રભાવે અપીલ છે કે પોતાને ત્યાં ન વપરાતાં રમકડાં 'સંઘ' ને ભેટ મોકલી આપે જેથી બાળકોને વધુ રમકડાં રમવા મળે.

આપનાં બાળકોને પણ આ રમકડાં ઘરના સભ્ય બનાવીને બાળકોના વિકાસમાં આપ રસ લો એવી વિનંતી.

ડૉ. અમુલ શાહ
શ્રીમતી જયાબહેન વીરા
સંયોજકો

સંઘ દ્વારા નેત્રયજ્ઞ

શ્રી ભાલ-નળકાંઠા પ્રાયોગિક સંઘ સંચાલિત સર્વોદય આશ્રમ (શ્રી વિશ્વ વત્સલ ઔષધાલય)-ચુંદીના ઉપક્રમે અને શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આર્થિક સહયોગથી વારણા-વટામણ મુકામે સોમવાર, તા. ૧-૧૨-૧૯૮૬ના રોજ નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો સવિગત કાર્યક્રમ આ પ્રમાણે છે.

પ્રમુખ : શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
ઉદ્‌ઘાટક : શ્રી શાંતિલાલ ખાવચંદ ગાંધી
અતિથિવિશેષ : શ્રી ગણપતલાલ મગનલાલ ઝવેરી

'સંઘ'ના આ પ્રસ્થાનમાં સૌને ભાગ લેવા વિનંતી.
'સંઘ'ના ઉપક્રમે

સાહિત્ય માટેના નોબેલ પુરસ્કાર વિજેતા : વોલ સોયિન્કા

© સં. ગુલાબ દેઢિયા

૧૯૮૬ના વર્ષનું સાહિત્ય માટેનું પ્રતિષ્ઠિત નોબેલ ઇનામ નાઇજીરિયાના લેખક વોલ સોયિન્કાને આપવાની જાહેરાત થઇ છે. આ ઇનામ મેળવનાર તેઓ પ્રથમ આફ્રિકન લેખક છે.

૫૨ વર્ષના વોલ સોયિન્કાએ કવિતા, નવલકથા, નાટક, વિવેચન, અનુવાદ, રાજકીય લેખન અને પત્રકારત્વ જેવા ઘણાં સ્વરૂપોમાં સર્જન કર્યું છે. આફ્રિકન નાટ્યકલામાં તેઓ વિશેષ સક્રિય રહ્યા છે. રાજકારણ સાથે એમને નિકટનો સંબંધ છે. નાઇજીરિયાના આંતરવિગ્રહમાં ૧૯૬૭ થી ૧૯૬૯ સુધી એમને જજરકેદ રાખવામાં આવ્યા હતા. બીજા અનેક આધુનિક આફ્રિકન સર્જકોની જેમ અંગ્રેજી એમની પ્રથમ ભાષા છે. આ વખતે અંગ્રેજીમાં પદ્યનાટકના ક્ષેત્રના સર્વશ્રેષ્ઠ લેખક તરીકે પણ એમની ગણના થઇ છે.

કવિ તરીકે સોયિન્કાએ પોતાની શરૂઆતની કવિતાઓ લાગોસ યુનિવર્સિટી તરફથી પ્રસિદ્ધ થતા અશ્વેત લેખકોના સામયિક 'બ્લેક ઓરફિયસ'માં ૧૯૫૯માં પ્રકાશિત કરાવી હતી. ત્યાર બાદ તેઓ એ સામયિકના સહસંપાદક પણ બન્યા હતા. ઘણાં વર્ષો સુધી બ્લેક ઓરફિયસ સામયિકની, આફ્રિકન સાહિત્ય અને કલાનાં વિવિધ સ્વરૂપોના સર્વશ્રેષ્ઠ સામયિક તરીકે ગણના થતી હતી. સોયિન્કાની એ આરંભની કવિતાઓ વિશ્વની ઘણી ભાષાઓમાં અનુવાદિત થઇ ચૂકી છે. આખા આફ્રિકા ખંડમાં ચાલી રહેલા મુક્તિ આંદોલનને વાચા આપતી એમની એક લાંબી કવિતા 'ઓગન અબીબી મેન' (૧૯૭૬) વિશેષ ચર્ચાસ્પદ બની છે.

સોયિન્કાને વિશેષ ખ્યાતિ નાટ્યલેખનના ક્ષેત્રમાં મળી છે. એમણે ૨૦ જેટલાં નાટકો લખ્યાં છે. જેને માત્ર આફ્રિકામાં જ નહિ, પરંતુ યુરોપ અને ઉત્તર અમેરિકાના પ્રસિદ્ધ રંગમંચો ઉપર ભજવવામાં આવ્યાં છે.

અન્ય સમર્થ આફ્રિકન લેખકની જેમ એમણે પોતાની રચનાઓમાં પ્રાચીન પરંપરાના શક્તિશાળી તત્ત્વોનો ઉપયોગ કરીને વર્તમાન સમય સાથે અનુબંધ રચ્યો છે. વિકાસશીલ દેશના સર્જકના સાહિત્યમાં એક તરફ શાશ્વતતાની સ્થાપના અને બીજી તરફ ઐતિહાસિક ચેતનાનો સામનો કરવાનો હોય છે. સોયિન્કાના સાહિત્યમાં પણ કબિલાની સંસ્કૃતિ, પરંપરા, અનુષ્ઠાનોમાં કચડાતું જીવન: લય, ઉલ્લાસ અને આદિમતાની સાથોસાથ વર્તમાન જીવનની તાણ જબરદસ્ત રીતે જોવા મળે છે.

સોયિન્કા પોતાની સમસ્ત ઇન્દ્રિય ભૂગોળ ઉપરાંત એ દ્વન્દ્વને પકડે છે, જે દ્વન્દ્વ મિથ અને વિજ્ઞાનની વચ્ચે છે, રહસ્યમયતા અને ભૌતિકતાની વચ્ચે છે, અનુષ્ઠાનો અને તર્કની વચ્ચે છે, પરંપરા અને આધુનિકતાની વચ્ચે છે, અને એ બધાના કેન્દ્રમાં એક શોષિત સમાજમાં જીવવાનો કડવો અનુભવ છે. જેમાં દીનતા, લાચારી, શોષણ અને અસમાનતાનાં કારણો સ્પષ્ટ દેખાય છે.

૧૯૬૪માં પ્રકાશિત 'સ્વામ્પ જ્વેલસ' નામના સોયિન્કાના નાટકમાં એક બાજુ, કાદવિના ધરતી ઉપર રહેતા ગરીબ અને શોષિત વર્ગના અંધવિશ્વાસ અને જડ પરંપરાનું આલેખન છે તો બીજી તરફ, લાગોસ જેવા મોટા શહેરોમાં ફેલાયેલ ભ્રષ્ટાચાર, શોષણ અને જૂઠાણાંનું આલેખન છે. એક જ સમયમાં જીવતા બે નાઇજીરિયાનું ચિત્રણ એમના લેખનમાં જોવા મળે છે.

સોયિન્કાના લેખનમાં નાઇજીરિયાના આંતરવિગ્રહ પહેલાંનો સમાજ અને લશ્કરી બળવા પછીની ભ્રષ્ટ નોકરશાહી અને પતનશીલ બુર્જુઆ સમાજની બેચેનીભરેલાં ચિત્રો મળે છે.

પ્રલયની દેવી 'ઓગન' સોયિન્કાનાં નાટકો અને કવિતા બન્નેમાં આવતું પરિચિત પ્રતીક છે. જે મનુષ્યની રચનાત્મક અને વિનાશ પ્રવૃત્તિ બન્નેની નિર્દેશક છે. આ પ્રતીક આપણાં શિવને ઘણું બધું મળતું આવે છે. એમના લેખનમાં એક 'સમય' બીજા 'સમય'માં એવી અંતર્ગત રીતે મળી ગયેલ છે કે, એના વગર આજની આફ્રિકન સંવેદનશીલતાને સમજી ન શકાય. એટલે જ કદાચ સોયિન્કાને આજના સમર્થ કાવ્ય-નાટ્યકાર કહેવામાં આવે છે.

તેમણે બે નવલકથાઓ લખી છે. એમાંની ૧૯૬૫માં લખેલી 'ધ ઇન્ટરપ્રિટર્સ" તેની ગૂંથણીમાં સંકુલ છે જેની સરખામણી જેમ્સ જોયસની 'યુલિસિસ' સાથે કરવામાં આવે છે.

સોયિન્કા વિશે સ્વીડિશ એકેડેમી ઓફ લેટર્સે પ્રશસ્તિપત્રમાં લખ્યું છે કે, ભાષાકીય દૃષ્ટિએ પણ સોયિન્કા અજોડ દરજ્જાના સર્જક છે. વિપુલ શબ્દભંડોળ અને અભિવ્યક્તિતો સ્પર્શ તીક્ષ્ણ સંવાદોમાં અનુભવવા મળે છે. એમના સર્જનનાં જીવન અને તેના પ્રત્યેની તાદાત્મ્યતા ધબકે છે.

આફ્રિકાની પ્રજાના દુઃખદર્દને ઘૂંટી ઘૂંટીને રજૂ કરનાર સોયિન્કાની કવિતાનો સ્થાયીભાવ વિદ્રોહ છે. એમની 'વારસો' કવિતાનો અનુવાદ જોઇએ:

અમારા સમયખંડને ગોરાઓએ કબજે કરી લીધો!
વસવાટ કરવા આવ્યા અને સામ્રાજ્ય જમાવી બેઠા!
અમારી કળા-સંસ્કૃતિ અમારા જેવી જ કાળી!
ગોરાઓને તે ન ભાવી!
એમણે અમને પ્રગતિ-સુધારાના નવા દીવા આપ્યા અને અમારા જૂના દીવા ઓલવી દીધા!
આ નવા દીવાઓના ઝળહળાટમાં અમે જોયું તો, અમારા વૃક્ષનાં મૂળિયાં છેદાઈ ગયાં હતાં અને અમે બચી ગયા હતા-વડવાઇ રૂપે!

થોડા ઘણાં ફેરફાર સાથે જગતના જે જે દેશોમાં પાશ્ચાત્ય સામ્રાજ્ય અને સંસ્થાનવાદ હતો, તે તે દેશની વેદના આ કાવ્યમાં છે. એ બધા દેશ પોતાની અસ્મિતા અને સંસ્કૃતિનાં મૂળ સ્રોત ગોઇ બેઠા.

૮૫ વર્ષના નોબેલ પુરસ્કારના ઇતિહાસમાં આ સાહિત્ય માટેનો પુરસ્કાર પ્રથમ વખત જ નિગ્રો, એક આફ્રિકન સર્જકને મળે છે. સોયિન્કા જેવા જબરા સર્જક તેવા જ જબરા ક્રાંતિકારી છે. ૧૯૬૫માં બળજબરીથી ચૂંટાઇ આવેલા સેમ્યુઅલ અકિંતોલાના વાયુ પ્રચયનની બે ટેપ એમણે રેડિયો સ્ટેશનમાંથી ગુમ કરી દીધી અને એના વિજય વ્યાખ્યાનની જગ્યાએ એના સરમુખત્યારપણા સામે આરોપ મૂકતી અને એનું રાજીનામું આપવાની માગણી કરતી ટેપ મૂકી દીધી હતી, જે લોકોએ રેડિયો પરથી સાંભળી હતી. સોયિન્કાને એ બદલ જેલની સજા થઇ હતી. અત્યારે તેઓ પેરિસ અને લંડન વગેરે શહેરોમાં નાટ્યપ્રવૃત્તિ અને અધ્યાપનનું કાર્ય કરે છે.

બેંગલોર યુનિવર્સિટીમાં અંગ્રેજી વિષયમાં અનુસ્નાતક કક્ષાએ એમની નવલકથા 'ઇન્ટરપ્રિટર્સ' શીખવવામાં આવે છે.

કાકાસાહેબના લલિતનિબંધો

❖ ડા. પ્રવીણ દરજી

નિબંધને 'સાહિત્યનું સર્વોત્કૃષ્ટ અને સમર્થ રૂપ' કહી ઓળખાવનાર અને નિબંધસાહિત્ય બધી રીતે શણગારવું જોઇએ' એમ કહી એને કલામય સ્વરૂપે જોવા ઉત્સુક તેમ જ 'જ્ઞાનોપાસનાનું' અને પુરુષાર્થનું એક પણ ક્ષેત્ર નિબંધે છોડવું ન જોઇએ' એવી એ સ્વરૂપ પાસેથી અપેક્ષા રાખનાર કાકાસાહેબ જન્મે મરાઠી પણ ગુજરાતમાં જ વસી, ગુજરાતી ભાષામાં જ સર્જનપ્રવૃત્તિ આદરી 'સચરાચર ગુજરાતી'નું બિરુદ મેળવનાર આપણી ભાષાના એક ઉત્કૃષ્ટ કોટિના નિબંધકાર છે. નર્મદયુગથી આરંભીને પંડિતયુગમાં અને છેક ગાંધીયુગ સુધી ગુજરાતી નિબંધ સાહિત્ય વિવિધ રીતે ખીલ્યું છે, વિકસ્યું છે. કાકાસાહેબના આગમન પહેલાં પણ જો કે ચિંતનાત્મક, સૌષ્ઠવાપન્ન નિબંધોની સાથે સાથે ક્વચિત્ ક્વચિત્ જુદા પ્રકારની તો ક્યારેક વસ્તુનિષ્ઠ છતાં કલ્પનાના પાસવાળી નિબંધરચનાઓ થતી રહી છે. પણ અંગ્રેજી વાઙમયમાં જેને Personal Informal Essay તરીકે ઓળખવામાં આવે છે. તેવી હળવી છતાં ગાંભીર્ય યુક્ત, કલ્પનાપ્રાણિત છતાં કેવળ કાલ્પનિક નહિ અને રસળતી કલમે લખાયેલી, સર્જકના વ્યક્તિત્વને મુદ્રિત કરતી આત્મલક્ષી નિબંધરચનાઓ વિપુલ પ્રમાણમાં તો સૌ પ્રથમ ગુજરાતીમાં કાકાસાહેબના હાથે જ રચાઇ છે. અંગ્રેજી સાહિત્યમાં આ પ્રકારની અણિશુદ્ધ નિબંધરચનાઓ લખીને નિબંધને શુદ્ધ સર્જનાત્મક સાહિત્યમાં સ્થાન અપાવીને તેને ચરમકોટિએ મૂકી આપવાનું કાર્ય જેમ ચાર્લ્સ લેમ્બે કર્યું તેમ આપણે ત્યાં નિબંધને એના ઉત્કૃષ્ટ સ્વરૂપે ખેડી આપી ઉન્નત શિખરે મૂકી આપવાનું કાર્ય કાકાસાહેબના હાથે થયું છે એમ એમના એ પ્રકારના નિબંધો જોતાં કહી શકાય.

ગાંધીજીની સીધી અસર નીચે લખનારા લેખકોમાંના કાકાસાહેબ એક છે, તેમ છતાં એ સૌ કરતાં કાકાસાહેબની કલમે નિરનિરાળી રીતે ગતિ કરી છે. ગાંધીજીની અસર નીચે લખનાર લેખકોના લક્ષણ વિશેષરૂપ સંયમ અને સાદગી તો એમનાં લખાણોમાં છે જ, પણ કાકાસાહેબ પોતાના તરફથી એમાં ઉમેરણ કરે છે તે, લખાણોને સર્જનની કોટિમાં મૂકી આપે એ પ્રકારનું કાવ્યમય સૌંદર્ય અને કલ્પનાસભર મધુર શૈલીનું. એક ઉત્તમ નિબંધકાર પાસે અપેક્ષિત એવા શૈલીસામર્થ્ય ઉપરાંત તેમનું વાચન-જ્ઞાન-અનુભવ-પર્યટન પણ એમના સર્જનની મદદે આવે છે. વળી કાકાસાહેબ પાસે માનવપ્રેમતરબોળ હૃદય છે, નિબંધકારની એ સૌથી મોટી મૂડી છે. કાકાસાહેબના ઉદાત્ત વ્યક્તિત્વનું બીજું સમુજ્જ્વલ અંગ છે તે એમનો આર્યસંસ્કૃતિ તરફનો ઉત્કટ અનુરાગ. એમના નિબંધોમાં એ ભક્તિભાવ ડગલે ને પગલે પ્રતીત થતો રહે છે. એમના વ્યક્તિત્વમાં ઘુંટાઇ ગયેલું ત્રીજું તત્ત્વ છે ગાંધીદર્શન. ગાંધીજીકથિત આદર્શો અને ભાવનાઓથી કાકાસાહેબ પૂરેપૂરા પ્રભાવિત થયેલા છે એટલું જ નહીં એને વ્યાપકરૂપે વ્યવહારમાં પ્રયોજવા પણ તેઓ સતત ઉદ્યુક્ત રહ્યા છે. કાકાસાહેબના વ્યક્તિત્વના ઉત્તમાંશરૂપ ગણાવી શકાય અને જેને માટે તેઓ પોતે પણ પોતાની જાતને એ પ્રકારે ઓળખાવવામાં આનંદ લે છે તે ચોથું તત્ત્વ છે એમનો સદા રખડુ અને સૌંદર્યઘેલો સ્વભાવ. કાકાસાહેબને જેટલો રસ માનવમાં છે, તેટલો જ પ્રકૃતિમાં પણ છે. પ્રવાસઘેલા કાકાસાહેબને કુદરતના રુદ્ર અને રમ્ય, સુન્દર અને વિરૂપ એમ એકે એક દૃશ્યમાં રસ છે. જીવનભરના આ સૌંદર્યભૂખ્યા રખડુએ હજારો માઇલોનો પગપાળા પ્રવાસ કર્યો છે. અનેક તીર્થો, શહેરો અને રમણીય પ્રકૃતિસ્થાનો તેમણે મનભરીને માણ્યાં છે, અને તદર્થે તેઓ વિવિધ પ્રકારના માનવીઓના સહવાસમાં આવ્યા છે, અને અનેક અનુભવોમાંથી એ નિમિત્તે પસાર થયા છે એમનું ચિત્ર આવા ભાતીગળ, અનુભવોથી ભરેલું છે. એમના નિબંધોમાં એ બધું અનુકૂળ જગાએ ગોઠવાતું રહે છે. વિષયને નવી દૃષ્ટિથી જોવાની એમની શક્તિ અને વિવિધ ભાષાની જાણકારી એમના નિબંધોને નવું પરિમાણ આપે છે. તેઓ ગુજરાતી ઉપરાંત મરાઠી, હિન્દી, અંગ્રેજી, બંગાળી અને સંસ્કૃત ભાષાના સારા એવા અભ્યાસી છે. અને તેમાં ય સંસ્કૃત ભાષા તરફનો એમનો વિશેષ પ્રકારનો પક્ષપાત રહ્યો છે. વેદ, ઉપનિષદ સ્મૃતિશ્રુતિના આ અભ્યાસી નિબંધકારે ભવભૂતિ અને કાલિદાસ, માઘ અને ભારવિ એ બધાને બરાબર પચાવ્યા છે. અંગ્રેજી સાહિત્યના સ્ટીલ, એડિસન, પીટરસન હુગવર્થ, બેકન, લીંડ અને લેમ્બ જેવા પ્રતિષ્ઠિત નિબંધકારોને અને મરાઠી ભાષાના ચિપળુણકર અને પરાંજપેને તેમ જ બંગાળાના રવીન્દ્રને તેમણે આસ્વાદ્યા છે આજન્મ કેળવણીકાર અને સૌંદર્યદર્શી તરીકે પંકાયેલા, સ્વભાવે ચિંતનપ્રિય અને તેટલા જ કૌતુકરાગી કાકાસાહેબની આંતરચેતના આવા વિવિધ પ્રકારના રસોથી સમૃદ્ધ અને પ્રકાશિત થયેલી છે. જે એમને વિવિધ પ્રકારે લખવા પ્રેરી એની તમામ સંપદ સાથે નિબંધોરૂપે સતત અવતરતી રહી છે.

'રખડવાનો આનંદ', 'જીવનનો આનંદ', 'જીવનલીલા' અને 'એતરાતી દીવાલો' માં નિર્મળ સર્જનાનંદમાં લીન કરે તેવા પ્રકૃતિ સૌંદર્યને લગતા હળવા નિબંધો તેમણે આપ્યા છે. કાકાસાહેબનો નિબંધકાર તરીકેનો યશ પ્રતિષ્ઠિત છે તે મોટેભાગે એમના પ્રાકૃતિક સૌંદર્યને વ્યકત કરતા ઊર્મિકાવ્યો શા લઘુનિબંધો ઉપર. પ્રકૃતિના આ મસ્ત ચાહકે પ્રકૃતિને આકંઠ માણી છે, અને એક કવિની માફક તેને નિબંધોમાં જીવંતરૂપે ઉતારી છે. એમના આ પ્રકારના સઘળા નિબંધોના કેન્દ્રમાં રહી છે એમની સૌંદર્યદૃષ્ટિ. પ્રત્યેક વસ્તુમાં નિહિત સૌંદર્યને તેઓ કૌશલ્યથી બહાર કાઢી બતાવે છે. નિબંધો દ્વારા પ્રકૃતિનો બહોળા પ્રમાણમાં આવો મનહર અનુભવ કરાવનાર કદાચ કાકાસાહેબ સૌ પ્રથમ નિબંધકાર છે. એમના નિરૂપણમાં અપરંપાર વૈવિધ્ય છે. હિમાલયના બાદશાહી વૈભવથી આપણને પરિચિત કરનાર કાકાસાહેબ જ. સિન્ધુ, ગંગા, બ્રહ્મપુત્ર અને યમુનાનાં હૃદયહારી શૈત્ય અને પાવનત્વસભર જળનું સૌંદર્યપાન તેમણે જ કરાવ્યું. આકાશના સૂર્ય, ચંદ્ર તો ખરા જ. પણ રાત્રિએ ટમટમતા તારાઓની અને સપ્તર્ષિઓની કાવ્યમય ઓળખ આપનાર પણ તેઓ જ ઉષા, સન્ધ્યા કે રજનીશોભાની જેમ તડકાને પણ પોતાનું નિરાળું સૌંદર્ય હોય છે એનો ખ્યાલ પણ તેમણે જ આપ્યો, કીડી, કાગડા, ખિસકોલી અને વાંદરાઓ જેવા પશુપંખીની આપણને મોહિની પણ તેમણે જ લગાડી. આ સિવાય વૃક્ષો કુંજરાઓ, શિખરો, ધોધવાઓ, સરિતાઓ, સાગર અને

ચિંચવડના પથરાઓ સાથે આપણને જે પ્રીત બંધાઇ ચૂકી છે તે સૌ કાકાસાહેબને જ આભારી છે. 'રખડવાનો આનંદ', 'જીવનનો આનંદ', 'જીવનલીલા' અને 'ઓતરાતી દીવાલો'ના આ પ્રકારના નિબંધો કેવળ શુદ્ધ સર્જનની દૃષ્ટિથી પ્રેરાઇને લખાયેલા છે. પ્રકૃતિમાં લીન થયેલા કોઇ કવિપ્રાણના સહજ ઉદ્‌ગાર શી નિર્હેતુક આનંદથી છલકાતી આ બધી લીલયા સર્જાયેલી સૌંદર્યપ્રેરિત નિબંધ-રચનાઓ છે. નિબંધકારનો આ આનંદચંદ્ર 'ચાંદની રાત', 'કાદવનું કાવ્ય', 'મધ્યાહ્નનું કાવ્ય,' 'દેવોનું કાવ્ય,' 'લુચ્ચો વરસાદ' 'તાડ પાછળનો ચંદ્ર,' 'ચિંચવડના પથરા,' 'સંધ્યારસ,' 'તાજમહાલ' સહસ્રધારા,' 'સખીમાર્કંડી, 'ગંગામૈયા,' 'યમુનાજળી,' જોગનો, ધોધ, વર્ષાગાન,' અને 'રણ' કે સરોવર જેવા સંખ્યાબંધ નિબંધોમાં મલપતો જણાય છે. આ પ્રકારની રચનાઓમાં નીતરતી કેટલી કાવ્યમયતા એમના નિબંધોની વિશિષ્ટતા બની રહે છે. મનોરમ કલ્પનાના ફુવારા ઉરાડતી કવિતા કાકાસાહેબના નિબંધોમાં ઠેર ઠેર વિખરાયેલી જોવા મળે છે. કયારેક તો આખી રચના જ લગભગ કાવ્યની-રસની એ કોટિએ પહોંચે છે કે સ્વયં કાવ્યનો જ અનુભવ કરાવે 'ભુવનગિરિ'માં કાકાસાહેબ ટેકરીઓને કેવી જીવંત અને કાવ્યમય બનાવી દે છે!

'બધી ટેકરીઓ જાણે આપણો એક અવાજ સાંભળવાની જ રાહ જોતી ન હોય! જરાક સાદ પાડીએ તો 'હા! હા! એ આવીએ! એ આવીએ!' એમ કહેતી દોડતી આવશે એ વિશે જરાયે શંકા રહેતી નથી. પણ એમને બોલાવવાની હિંમત જ કેમ ચાલે? શું આ ટેકરીઓ મધરાતે કોઇ જોતું ન હોય ત્યારે કપડાં ઉતારીને સરોવરમાં નાહવા પડતી હશે? આજે તો નહીં જ ઊતરે, કેમ કે દુર્વિનીત ચંદ્રમા મધરાત સુધી એકીટસે સરોવરમાં જોતો હશે અને મધરાત પહેલાં જ શિશિરની ટાઢનું સામ્રાજ્ય શરૂ થવાનું પછી ઉપ: કાલ પહેલાં માધરનાન કરવાની એમની મનીષા હોય તો કોણ જાણે. આવા કોઇક પુણ્યસંચય વગર ટેકરીઓને પણ આટલી સ્થિરતા શી રીતે મળે?' કાકાસાહેબ સૂર્યને પણ કેવું સ્મૃતિલું વ્યક્તિત્વ આપી આંખ આગળ તરવરતો કરી મૂકે છે! 'ચોમાસી સંધ્યા'માં સૂર્યનું આંખ આગળથી કદી ન ખસે એવું તાદૃશ ચિત્ર દોરતાં તેઓ લખે છે:

'અને સૂર્ય કંઇ અઠ્ઠાવીસ યુગો સુધી કેડ ઉપર હાથ દઇ ઉભો રહેનાર વિદ્યાર્થી નથી. તેને અરુણને સાથે લઇ ઉષાને મંદિર જવાનું હોય છે; ભૈરવી રાગ સાંભળતાં સાંભળતાં આકાશનો ઊંચો માર્ગ ચઢીને ભૈરવ મહાદેવને દર્શને જવાનું હોય છે. બપોરે સારંગ રાગના ભવ્ય આલાપ સાંભળતાં પર રાજ્યના કૂતરાની જેમ ઝાંખ બહાર કાઢી હાંફતા અપરાહ્નને પશ્ચિમ તરફ હાંકી કાઢવાનો હોય છે. આટલું થયા પછી થાકયો પાકયો સૂરજ જો પોતાના ઘોડાઓને વિસામો આપવા માટે સંધ્યાના સુવર્ણરંગી ગોચરમાં ચરવા છૂટા મૂકી દરિયા કિનારે રમવા માંડે તો ભકતો તેની સામે કેમ તકરાર કરી શકે?'

તેમના નિબંધોમાં કાવ્યોચિત કલ્પનાઓ અને અલંકારો પણ સહજપણે દોડી આવી કમનીય ચિત્રો ખડાં કરે છે. 'મધ્યાહ્નનું કાવ્ય' એ આખો નિબંધ આમ તો કાવ્યોપત્ર છે, છતાં એમાંના આ વર્ણનની ચિત્રાત્મકતા આહ્લાદક બને છે. તડકાનું વર્ણન કરતાં કાકાસાહેબ લખે છે:

'તડકો પૂરજોશમાં પડતો હોય તે વખતે આકાશની શોભા ખાસ જોવાલાયક હોય છે, જેમ સો દુઃખ દેતી વખતે જેમ આંખ મીંચીને નિઃસ્તબ્ધ ઊભી રહે છે. તેમ આકાશ તડકાની સેરો છોડતું જ રહે છે, ન મળે વાદળાં ન મળે ચાંદલો, ચાંદો હોય તોયે વાસી રોટલાના કડકા જેવો કર્યાક પડયો હોય. બધે એક જ રસ ફેલાયેલો હોય છે. એને વીર રસ કહીએ કે રૌદ્ર? હું તો એને શાંત રસ જ કહું! શાંત રસ શીતળ જ શા માટે હોય? તપ્ત કેમ ન હોય?'

કાકાસાહેબના નિબંધોમાંથી અવતરણો ટાંકવા બેસનારને આવા કાવ્યાંશસભર અનેક પરિચ્છેદો મળી આવવાના. કાકાસાહેબમાં રહેલો સૌંદર્યદૃષ્ટા કવિજીવ જે વિષયને હાથમાં લે છે, પછી તે જડ હોય કે ચેતન હોય, સામાન્યમાં સામાન્ય હોય કે અસામાન્ય હોય, તે દરેકને અનોખું વ્યક્તિત્વ આપીને જ જંપે છે. કાકાસાહેબના નિબંધોની બીજી વિશેષતા છે તે તેમનો નિરૂપણની. તેમનો સૌંદર્યલુબ્ધજીવ મધુલોલુપ ભ્રમરની પેઠે નિબંધમાં અહીંથી તહીં ઊડયા કરે છે, ઠેક ઠેકાણે ફરે છે. કોઇ એક વસ્તુને નિરાંતે, અશેષપણે વ્યકત કરવાનું તેમને સ્વીકાર્ય જ નથી. યદૃચ્છા વિહાર કરવા નીકળેલ પ્રવાસીની જેમ નિબંધમાં કાકાસાહેબની ગતિ સ્વૈરવિહારી રહી છે. કોઇ દૃઢ બંધમાં બંધાવા વિના વિષયને તેઓ સ્વાભાવિકપણે, યથેચ્છ રીતે ખીલવા દેતા હોય છે. વિષયની પૂર્વ તૈયારી કરીને, કે એને બરાબર વાગોળ્યા પછી ક્રમબદ્ધપણે તેઓ કદી નિબંધ લખવા બેસતા જ નથી એ તો કલમ હાથમાં પકડે અને પછી જે વિષય હોય તેને માત્ર ટેકણ તરીકે લઇ વિષયના સહારે સહારે ભાવક સાથે કશાનું અંતર રાખ્યા વિના પોતાનું અંતર જેમ ખૂલે, જેવી રીતે ખૂલે તેમ અને તેવી રીતે ખોલતા જાય છે, સ્વભાવે રખડુ એવા આ નિબંધકારની નિબંધગતિ પણ આમ રસળતી રહી છે આથી એમના નિબંધો પૂર્વ આયોજના કરીને લખાયેલી સુનિબદ્ધ નિબંધરચનાઓ લાગવાને બદલે કોઇ ભ્રમણશીલ, મુકત વિહારી જીવે નિબંધપણે નિબંધોની રચના કરી હોય એવી છાપ ઉઠે છે.

કાકાસાહેબનું શિશુસહજ મુગ્ધમાનસ, એમનો બાળભાવ એમના નિબંધોનું એક લાક્ષણિક તત્ત્વ છે. ગમે તેવા વિષયને હળવો ફૂલ બનાવી દેનાર કાકાસાહેબના વ્યક્તિત્વનો જાદુ એ છે કે તેઓ પોતાનાં તમામ બાહ્ય આવરણોને ઘડીભર બાજુ ઉપર મૂકી દઇ, ભૂતકાળમાં સરી જાય છે અને શૈશવસ્થ બની જઇ વિષયની ને પ્રસંગની મોજ લૂંટી શકે છે, એ આનંદને ખેવડાવવા માટે તેઓ નિખાલસપણે ભાવકને પોતાની પાસે તોતરે છે. એમના ઘણાખરા નિબંધોમાં અંતર્ધારા જાણે પ્રવાહિત થતો આ શિશુતાનો ભાવ એમના નિબંધોમાં એક જુદા જ પ્રકારનું આકર્ષણ જમાવે છે, 'લુચ્ચો વરસાદ'માં એ બાલભાવ સાદ્યંત અનુભવાય છે. એક વર્ણન ટાંકવા લોભ જતો કરી શકાય તેમ નથી:

'પરમ દહાડે બપોરે હું તેની સાથે ખૂબ રમ્યો. પણ જતી વખતે મેં એને કહ્યું કે આવતી કાલે સવારે તો મારે નિશાળે જવું છે, માટે તું બપોરે આવે તો આપણે ખૂબ રમીએ. પણ એ લુચ્ચો તે. સવારે આવ્યો. ભલે, એ જો સવારે વહેલો આવ્યો હોત તો એનું બહાનું કાઢીને નિશાળે તો ન જાત! પણ એનો વિચાર તો મને ખાસ પજવવાનો જ હતો એટલે તે વહેલો શાનો જ આવે? અમે લગભગ નિશાળે પહોંચવા આવ્યા ત્યારે રસ્તામાં જ મળ્યો અને બોલ્યો 'ચાલો રમવા' એ તે કેમ બને?'

'જીવનલીલા'માંના 'સખીમર્કંડી' નિબંધમાં બાળક દત્તુની માર્કંડી સાથેની જૂની દોસ્તી કે 'બારીમાંથી ડોકિયું', જેવા

રચનામાં પણ મને તો પક્ષી થવું જ ગમે !' જેવાં વધુ નોમાં પ્રકૃતિ કાકાસાહેબની આ રમતિયાળ શિશુવૃત્તિ જે તે નિબંધોને એક અનન્ય પ્રકારની અનૌપચારિકતાથી ફોરતા કરે છે. આ પ્રકારનો બાલભાવ અને કર્તાના વ્યક્તિત્વની નિખાલસતા વાચકનું લેખક સાથે તાદાત્મ્ય સાધી આપે છે. 'મૃત્યુનું રહસ્ય' 'સત્યાગ્રહ' કે 'અહિંપ્રેમ' જેવાં ચિંતનાત્મક નિબંધો લખએ કે 'તારા શિખરે' 'પગલાંની લિપિ' અથવા તો 'એકાકી વટવૃક્ષ' જેવા પ્રાકૃતિક સૌંદર્યને પ્રકટાવતા રસળતી શૈલીમાં લખાયેલા નિબંધો લખએ, એ સર્વમાં કાકાસાહેબ કદી ઊંચા આસને વિરાજી કશું કહેતાં કથતા હોય કે ઉપદેશતા હોય એવું ભાગ્યે જ લાગશે. એ તો ભાવકની આંગળી પકડી મિત્રભાવે, મિત્ર બની રહી, ક્યારેક પોતાની જાત સાથે તો ક્યારેક ભાવક સાથે રસિક મધુર વાર્તાલાપ જ કરતા હોય છે.

કાકાસાહેબના નિબંધોને રસદ બનાવનારું બીજું તત્ત્વ છે એમની અભિજાત વિનોદ-શક્તિ. જીવનનિષ્ઠ-સાહિત્યકાર કાકાસાહેબ જીવનને પૂરી ગંભીરતાથી વિલોકે છે છતાં એના નિરૂપણ વેળા તેઓ હળવા બની હાસ્ય નિષ્પન્ન કરતાં જોવા મળે છે. એમની ટીખળી સ્વભાવમાંથી સહજપણે વિનોદ ફોરી રહે છે. એ વિનોદ ઘણું ખરું નિર્દોશ અને નિરામય હોય છે, એમની નોંધ-પાત્ર વિશેષતા ગણાય. ક્યારેક પોતાની જાતને સંડોવીને તો ક્યારેક મનુષ્ય સ્વભાવની વિચિત્રતાને વચ્ચે લાવીને તો ક્યારેક વાક્છલનો આશ્રય લઈને તેઓ હાસ્ય નીપજાવે છે. 'આજના જમાનાનું તો બધું જ વિપરીત' એમ કહી કાકાસાહેબ જ્યારે 'સેથી જ મુંબઈના ફાગળા સુદી-વદીનો પણ કશો વિચાર કર્યા વગર રાને ફરવા નીકળે છે.' એવું કહે છે ત્યારે ભાગ્યે જ કોઈ હસ્યા વિના રહી શકશે. તડકા ઉપર પોતાને કેમ પ્રીતિ છે એનું રમૂજી કારણ આપતાં તેઓ કહે છે : વખતે 'ત્રાટિકા' નાટકમાં પ્રતાપરાવ પોતાની નવોઢા વધૂને તડકામાં ચાંદરણું કહીને લઈ જાય છે એની સાથેના સમભાવને લઈને થયું હોય તો કોણ જાણે ! 'ઓતરાતી દીવાલો'માં તેમની આ વિનોદશક્તિ ઉત્તમ રીતે પ્રગટી છે.

એમનો સંસ્કારી વિનોદ જેમ એમના નિબંધોને મધુર બનાવે છે તેમ એમનો કટાક્ષ અને સાત્ત્વિક રોષ પણ ક્વચિત જ્યાં જ્યાં પ્રગટયો જણાય છે ત્યાં ત્યાં એમના નિબંધો એક વિશેષ પ્રકારનું મોહકરૂપ ધારણ કરે છે. તાજમહાલ જોતાં જોતાં કબરની પાસે લોર્ડ કર્ઝનની જ બડાઈ હાંકતા ચાંદીના મંદ દીવાને જોઈને 'હટ, બસ અહીંથી કયે ટૂકાણે કઈ વાત કરવી તેનો તને કંઈ વિવેક છે ?' એમ કહી તેઓ કેવો રોષ ઠાલવે છે ! બપોરના તડકાની ઉગ્રતા વ્યક્ત કરતાં કરતાં એની સરખામણી તેઓ કર્મકાંડી બ્રાહ્મણો સાથે કરી કર્મકાંડી બ્રાહ્મણો તરફ પણ પોતાની ચીડ વ્યક્ત કરે છે. ઉંચખ્ખીના ધોધની શોધ પહેલવહેલી લશિંગ્ટન નામના અંગ્રેજ કલેકટરે કરી હતી એ જાણી નિસર્ગપ્રિય નિબંધકાર કાકાસાહેબ કેવા ખીજાઈ ઊઠે છે !-'લશિંગ્ટન કરીને એક કલેકટરે સને ૧૮૪૫માં એ ધોધની શોધ કરી હતી ! જાણે તે પહેલાં કોઈ માણસે એ ધોધ જોયો જ નહીં હોય ! અંગ્રેજની આંખે એ ચડયો એટલે એને દુનિયામાં સ્થાન મળ્યું !' એમના નિબંધોમાં આવો સાત્ત્વિક રોષ કે કટાક્ષ આવે છે પણ કશા ડંખ વિના. આવા પ્રસંગોમાંય કાકાસાહેબ સૌજન્ય કે ભદ્રતા તજતા નથી. વચ્ચે વચ્ચે આવતાં કટાક્ષ, રોષ, વ્યંગ કે વિનોદ જેવાં તત્ત્વો તેમની નિબંધવ્યક્તિને જીવંતતા આપે છે. તો તેની સાથે સંયમ ન તજતા અભિજાત નિબંધકારના વ્યક્તિત્વનો પરિચય પણ તેમાંથી મળે રહે છે.

વિનોદવૃત્તિની સાથે સાથે કાકાસાહેબનો વિશાળ માનવપ્રેમ અને નિબંધકાર તરીકેની તેમની અનેક વિશેષતાઓ પૂરી કળામયતાથી જેમાં પ્રકટે છે એ 'ઓતરની દીવાલો' ગુજરાતી નિબંધ સાહિત્યનું કિંમતી આભૂષણ છે. ખિસકોલી, કીડી, મંકોડા, બિલાડી, વાંદરા, વૃક્ષો અને તારાઓ સાથેની તેમની અતૂટ મૈત્રી, એ બધાનું સરળ, મધુર અને વાર્તાલાપી શૈલીમાં તેમણે કરેલું વર્ણન; પૃષ્ઠે પૃષ્ઠે ચમકતો તેમનો કટાક્ષ અને વિનોદ અને એ વિનોદની પાછળ ક્યારેક ડોકાતી કાકાસાહેબના અંતરની એકલતા અને વેદના આ સંગ્રહની એકે એક રચનાને આસ્વાદ્ય બનાવે છે.

કાકાસાહેબ નિરૂપણને આકર્ષક અને સજીવ બનાવવા જુદા જુદા તરીકાઓ યોજે છે. એની પ્રતીતિ તેમનો પ્રત્યેક નિબંધ કરાવે છે. યદૃચ્છા ગતિ કરતાં કરતાં વિષયને તેઓ મઝાથી ખીલવતા જાય છે. વચ્ચે વચ્ચે તેઓ વાર્તાઓ, ટુચકાઓ પ્રસંગો, કથાઓ, કહેવતો, અવતરણો અને કિંવદન્તી ઓ પણ મૂકતા જાય છે. એ બધું રસાયને એક મોહક-નિબંધ ના ઘાટ લે છે. તેમના કૃણકુપ ભેજામાં પડેલી સામગ્રી જરૂર પ્રમાણે નિબંધોમાં ઊતરતી જાય છે. વિચાર, કલ્પના કે અલંકાર એ કશાની તેમને ખોટ વરતાતી નથી. તીવ્ર સ્મરણશક્તિને બળે, તેઓ વિષયની સાથે સીધી યા તો આડકતરી રીતે સંબંધિત અનેક વસ્તુઓને નિબંધમાં લઈ આવે છે. જેલમાંની 'ફોજદાર' બિલાડીને નિહાળી કાકાસાહેબને ભર્તૃહરિનો હાથી યાદ આવે છે, 'દક્ષિણ ગંગા, ગોદાવરી' વિશે લખતાં લખતાં તેમના મનમાં રામ સીતાના વિયોગ સંયોગની આખી કથા ઉભરાવા લાગે છે. જોગના ધોધનું વર્ણન કરતાં કરતાં તેમને રામે રોકેલાં યાદ આવે છે. 'ગોકર્ણની યાત્રા' પ્રારંભમાં રાવણ વિશેની પ્રચલિત કિંવદન્તીનો ઉપયોગ કરી તેને વાર્તાતત્ત્વથી યુક્ત કરે છે. 'સખીમાર્ક' ડી' અને કૃષ્ણાનાં સંભારણાં' લખતાં લખતાં નિબંધકાર પોતાના જીવનના ભૂતકાળના રસિક પ્રસંગો ટાંકી તેને અંગત છાપથી ફોરતી કરી, મર્મભીની રચના-ઓનું રૂપ આપે છે. કાકાસાહેબના નિબંધોમાં અત્રતત્ર વેરાયેલાં સંસ્કૃત, બંગાળી, મરાઠી, હિન્દી અને અંગ્રેજી ભાષાનાં અવતરણો પણ તેમના નિબંધોને અનેરી રોનક આપે છે. અનાયાસપણે, મધુર અકસ્માતરૂપે એ બધાં અવતરણો આવતાં હોય એવું લાગે છે. બાહ્ય સજાવટ કે પાંડિત્ય પ્રદર્શનાર્થે એ અવતરણો આવ્યાં છે. એવું કયાંય નહિ લાગે. વક્તવ્યને પુષ્ટ કરવા કે એને વધારે વેધકતાથી ઉપસાવી આપવા માટે જ અવતરણો તેમનામાં આવતાં જણાય છે 'અવ્યક્ત સૌંદર્ય'માં સૌંદર્યલીન મન સૌંદર્યને વ્યક્ત કેવી રીતે કરી શકે એ કહેતાં કહેતાં કાકાસાહેબને તરત 'ગૂંગે કા સપનેભયો સમુજ સમુજ પછતાય' એ પંક્તિ સ્ફુરી રહે છે. રાત્રે ફરતાં ચામાચીડિયાંને સંયમી યોગીરાજ તરીકે ઓળખાવી તેઓ 'યા નિશા સર્વભૂતાનાં તસ્યાં-જાગર્તિ સંયમી'એ ગીતા કથનને સ્મરે છે. આવાં અવતરણો તો કાકાસાહેબમાં પાર વિનાનાં આવતાં રહે છે. એ અવતરણોની મહત્તા તેમણે તેના કરેલા વિશેષ પ્રકારના ઉપયોગમાં રહેલી છે ક્યારેક અવતરણોના સહારે તેમણે વણકહ્યો વિનોદ પણ જન્માવ્યો છે.

કાકાસાહેબના નિબંધોમાં અલંકારો પણ સ્વયમેવ આવી નિબંધનાં સર્વ તત્ત્વરસાયણોમાં એકરૂપ બની જાય છે. ઉપમા-ઉત્પ્રેક્ષા અને શ્લેષ જેવા અલંકારોનો તેમણે કાવ્યમય

ઉપયોગ કર્યો છે. એમની સૌંદર્યલક્ષી દૃષ્ટિ જીવનના વિવિધ અને વિશાળ અનુભવોમાંથી, વક્તવ્યને ચમત્કારિક રીતે રજૂ કરી આપે એવા, અનેક અલંકારો પકડી લાવે છે. 'કાકાસાહેબની કવિતા' એ શબ્દો વડે કાકાસાહેબના નિબંધો અને ગદ્યને નવાજનાર શ્રી ઉમાશંકરને કદાચ કાકાસાહેબની ઉપમા અલંકારો સવિશેષ આકર્ષ્યા હશે. તેમણે યોજેલા કેટલાક અલંકારો જોઇએ. નિરભ્ર અને પ્રશાંત આકાશ નિહાળતા કાકાસાહેબને તેમાં બૌદ્ધોનું નિર્વાણ પ્રસરી ગયેલું જણાય છે! (ઉત્પ્રેક્ષા) સ્વચ્છ, હૃદયહારી આકાશ જોતાં ઉપમાનો આધાર લઇ તેઓ તેની સરખામણી શુભ્ર, શુચિ સીતાની કીર્તિ સાથે કરે છે. કાદવમાં પડેલાં પ્રાણીઓનાં પગલામાં તેમણે મહિષ્કુળના ભારતીય યુદ્ધનો ઇતિહાસ નજરે પડે છે. (ઉત્પ્રેક્ષા) ઓતરાતી દીવાલોમાં પુરાયેલા કાકાસાહેબને પણ પંખવિહીન શુષ્ક લીમડાનાં વૃક્ષો ક્ષયપુરુષ જેમાં નગ્ન ભાસે છે! (ઉપમા) મધ્યાહ્નના ચંદ્રને તેઓ વાસી રોટલાની ઉપમા આપે છે. કવિ રવીન્દ્રનાથ સાથે વાતચીત કરતાં પ્રખર તડકાને અને રવીન્દ્રને પણ ઉદ્દેશીને 'રવિને પોતાનો તડકો ન ગમે તો તે કયા જાય?' એમ રમૂજભરી રીતે તેઓ 'રવિ' શબ્દ ઉપર શ્લેષ કરી લે છે અનેક યુગોની તડકી-છાંયડીનું સાક્ષી બનેલ દિલ્હી તેમની પાસે ઉત્પ્રેક્ષાનો આશ્રય લેવડાવી 'જાણે ખખડધજ ડોસીમાતાઓના ખોળામાં ખેલતું બાળક' હોય એમ કહેવા પ્રેરે છે. કાકાસાહેબના આ બધા અલંકારોની પાછળ તેમનું વિશાળ અનુભવી માનસ અને સૂક્ષ્મ નિરીક્ષણ દૃષ્ટિ તો પ્રતીત થાય છે પણ તે સાથે તેમનામાં રહેલ કવિ ચિંતક અને ધર્મ પુરુષનાં પણ દર્શન થાય છે. સર્જનની આંતરિક જરૂરિયાતમાંથી સ્ફુરેલા તેમના અલંકારો સાચા અર્થમાં તેમના નિબંધો માટે અલંકાર-ઘરેણાં બન્યા છે.

ગાંધીજીના નિબંધોની જેમ કાકાસાહેબના નિબંધોમાં પણ ટૂંકાં, સૂત્રાત્મક અને અર્થાન્તરન્યાસી વાક્યો જોવા મળે છે. 'જીવન વ્યર્થ છે, મરણ પોલું છે, સ્મરણ શૂન્ય છે.' 'મરણ કરતાં પણ સ્મરણ વધારે બળવાન છે' જેવાં આકર્ષક સૂત્રાત્મક વાક્યોમાં ઘૂંટાયેલું ચિંતન અભિવ્યક્તિની એક વિશેષ છટા સાથે પ્રકટ છે.

પ્રાકૃતિક સૌંદર્યની સફર કરાવતા નિર્હેતુક આનંદથી ઉભરાતા, રસિક, મધુર અને પ્રસન્ન શૈલીમાં લખાયેલા કાકાસાહેબના આ રમણીય નિબંધો ગુજરાતી નિબંધ સાહિત્યમાં ઉત્તમસ્થાને વિરાજે છે. ઘણું ખરું તેમની કૃતિઓ સર્વાંગ-સુભગ રહી છે. છતાં ક્યારેક તેમનો પૂર્વ તરફનો અનુરાગ અને તેમનામાં રહેલ કેળવણીકાર જેવાં તત્ત્વો તેમને બોધક કે પક્ષપાતી બનાવતાં હોય તેવું લાગે છે. 'તેમનાં રણુકે સરોવર', 'અનસૂયા પ્રાચી', 'સંધ્યા પ્રાચી', 'ક્રિયા કે કૃતિ' જેવા શ્રેષ્ઠ નિબંધોમાં પણ આમ બનવા પામ્યું છે. પણ કાકાસાહેબના નિબંધોમાં આવું તો જવલ્લે જ બનતું હોય છે. બાકી તો 'આનંદમાં પ્રયોજના છટ આનંદ ઓછો ને વૈશ્ય છે?' એમ કહેનાર-માનનાર આ સૌંદર્યદર્શી નિબંધકારની મોટા ભાગની નિબંધકૃતિઓ આનંદ પર્યવસાયી બની છે.

આમ કાકાસાહેબના નિબંધો આપણા નિબંધ-સાહિત્યના આભૂષણરૂપ બન્યા છે. આપણે ત્યાં વિચારપ્રધાન નિબંધો અટપટક લખાયા છે અને લખાય છે. પણ નિબંધને સર્જનની કોટિમાં મૂકી આપે એવી નમૂનેદાર અને રસાવહ રચનાઓ તો આગળ જોયું તેમ સૌ પ્રથમ આપણને કાકાસાહેબ પાસેથી જ મળે છે. નિબંધને એના લલિત સ્વરૂપે પ્રકટાવવામાં અને વિકસાવવામાં કાકાસાહેબનો ફાળો આમ મોટો રહ્યો છે. ઓલેં વિલિયમ્સે નિબંધકાર પાસે અપેક્ષા રાખતાં તે ઋષિની માટીનો હોવો જોઇએ – Someting of a Sage એવું કહ્યું છે. કાકાસાહેબ આપણા એક ઋષિની માટીના નિબંધકાર છે, એમ કહીએ તો ખોટું નહિ.

ડૉ. સુબ્રમણ્યમ સ્વામીનું પ્રવચન

સંકલન : ચીમનલાલ 'કલાધર'

'સંધ' દ્વારા 'જ્ઞાનગોષ્ઠિ'ના ઉપક્રમે જાણીતા રાજકીય અગ્રણી ડૉ. સુબ્રમણ્યમ સ્વામીનું રાજકારણના પ્રવાહો એ વિષય પર એક જાહેર વ્યાખ્યાન સોમવાર, તા. ૨૦-૧૦-'૮૬ ના સાંજના ૬/૧૫ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભ 'સંધ'ના સહમંત્રી શ્રીમતી નિરુબહેન શાહની પ્રાર્થનાથી થયો હતો. કાર્યક્રમના સંયોજક શ્રી સુબોધ ભાઇ એમ. શાહે ડૉ. સ્વામીને આવકાર આપ્યો હતો ત્યારે શ્રી હરિલાલ ગુલાબચંદ શાહે ડૉ. સ્વામીનો પરિચય કરાવ્યો હતો.

'રાજકારણના પ્રવાહો' વિષય પર બોલતા ડૉ. સ્વામીએ જણાવ્યું હતું કે 'આજે દેશ ખૂબ જ ગંભીર પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યો છે. આજે પંજાબ, કાશ્મિર, આસામ, નાગલેન્ડ, વગેરે રાજ્યોમાં આંધાધૂંધી પ્રવર્તે છે. ગોરખા-લેન્ડના પ્રશ્ને કેન્દ્ર સરકારનું વલણ મુત્સદ્દીભર્યું નથી. પંજાબમાં ત્રાસવાદીઓ ભારે આતંક ફેલાવી રહ્યા છે. આ બધા પ્રશ્નો પાછળ જે કુનેહ, મુત્સદ્દી જોઇએ તેના રાજીવ સરકારમાં સર્વથા અભાવ હોઇ આ રાજ્યોમાં આજે ગંભીર પરિસ્થિતિ ઊભી થઇ છે. તદ્યપિ કોઇ એમ ધારે કે આનાથી દેશની અખંડિતતાને આંચ આવશે તો તેવું બનશે નહિ. ભારત કદી તૂટવાનો નથી. આપણે સ્વતંત્ર થયા પછી અંગ્રેજો કહેતા કે આ લોકો બે કે ત્રણ વર્ષમાં અંદર અંદર લડી મરશે પણ આજે ૪૦ વર્ષ થઇ ગયા. ભારતને કશું જ થયું નથી. ઊલટું ભારતે ઔદ્યોગિક ક્ષેત્ર હરણફાળ ભરી છે. અન્ન ઉત્પાદન ક્ષેત્રે તો વિક્રમ જ નોંધાવ્યો છે અને વિદેશથી અન્ન આયાત કરવાની હવે વાત જ નથી રહી. ઊલટું આપણે વિદેશમાં અનાજ મોકલીએ છીએ.

આપણે આપણી વિદેશનીતિ બદલવાની જરૂર છે આપણે ઘડાયેલની ઉપેક્ષા કરીએ છીએ અને આરબોને ટેકા આપીએ છીએ. આ એ જ આરબો છે કે જેઓ બધા બાંગલાદેશની લડાઇ વખતે પાકિસ્તાનની પડખે ઊભા રહ્યા હતા. આપણે આજે ઘડાયેલ સાથે સારા સંબંધો સ્થાપીએ તો પાકિસ્તાન જરૂર સીધું થાય જ. આજે પાકિસ્તાન અને ચીન સાથે પણ આપણે સારા સંબંધો સ્થાપવાની દિશામાં પહેલ કરવાની જરૂર છે.

આજે શ્રીલંકાની પરિસ્થિતિ એવી છે કે ત્યાંના તમિળ વંશનું સિલોન સરકાર દ્વારા નિકંદન થઇ રહ્યું છે. ભારત સરકાર ચૂપચાપ બેસી રહી છે. બાંગલાદેશ વખતે આપણે જે લશ્કરી કદમ ઊઠાવ્યું હતું તેવું જ પગલું આજે ભારત સરકારે ભરીને શ્રીલંકાની સાન ઠેકાણે લાવવાની જરૂર છે. પણ કેન્દ્ર સરકારમાં એવી હિંમત જ ક્યાં છે?'

'સંધ'ના પ્રમુખ ડૉ. રમણભાઇ ચી શાહે ચંદનાહારથી ડૉ. સુબ્રમણ્યમ સ્વામીનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે વર્તમાન રાજકીય સમસ્યાઓ ઉપર ડૉ. સ્વામીએ સારો એવો પ્રકાશ પાડ્યો છે. આપણે અખબારો તો રોજ વાંચીએ છીએ પરંતુ ડૉ. સ્વામી જેવા રાજકીય અગ્રણી સાથેના વાર્તાલાપથી દેશના વર્તમાન પ્રશ્નો અને તેને હલ કરવાની દિશા તરફ આપણું ધ્યાન ખેંચાય છે. અંતમાં તેમણે ડૉ. સ્વામીને 'સંધ'ના મંચ પર પધારી પ્રવચન આપવા બદલ આભાર માન્યો હતો.

અશોકનું આત્મમંથન

-તનસુખ ભટ્ટ

અવતારી પુરુષોએ સમસ્ત જગતની પ્રજાઓના વિરાટ સમુદાયોને આકર્ષ્યાં છે. આ સમુદાયોમાં સાહિત્યકારો પણ આવી જાય છે. સંસ્કૃત ભાષામાં આશરે બસો જેટલાં નાટકો લખાયાં છે. તેમાંથી અડધાં જેટલાં નાટકોના વિષયો રામાયણ મહાભારતમાંથી લેવાયા છે. આવું જ ભગવાન બુદ્ધનું આકર્ષણ છે. અશ્વઘોષે બુદ્ધચરિત નામે સંસ્કૃત મહાકાવ્ય લખ્યું છે. શ્રીહર્ષે નાગાનંદ નામે એક નાટક લખ્યું છે તેમાં બોધિસત્ત્વનું આત્મબલિદાન આવે છે. વળી ભાષામાં ગીતાની કક્ષાનું 'ધમ્મપદ' અને જાતકકથાઓ લખાઈ છે આ જાતકકથાઓમાં બુદ્ધના પૂર્વજન્મની કથાઓ વર્ણવી છે. અંગ્રેજ કવિ એડવિન આર્નોલ્ડે 'લાઇટ ઓફ એશિયા' નામે એક સુદીર્ઘ કાવ્ય ભગવાન બુદ્ધ વિષે લખ્યું છે. તેની ઉપરથી સિનેમા પણ ઊતર્યો હતો, તે મેં ઈ. સ. ૧૯૨૫ કે ૧૯૨૬માં ભાવનગરમાં મારા મોટાભાઈ સાથે જોયો હતો. ઉપર્યુક્ત કાવ્યનો અનુવાદ નરસિંહરાવ દીવેટિયાએ 'જમ્બુ જ્યોતિ' નામે કર્યો છે. જમ્બુ હોય એટલે એશિયા. ભોટાદકરે બુદ્ધનું 'બુદ્ધાગમન' લખ્યું છે. નાનાલાલ કવિએ 'ગિરનારને ચરણે' કરવામાં અશોકનો શિલાલેખ જોતાં જ સ્ફુરેલા વિચારો કે તરંગમાળા વર્ણવી છે. તેઓ એકાએક 'આત્મા પુરાણતીર લોચન વર્તમાન દશા અનુભવે છે પછી તો કવિની ક્રાંતદૃષ્ટિએ' તે એક શૈલકણનું ઉર ભેદી જોતાં 'ધતિહાસવાહી દર્શન લીધ ત્યાં પ્રભુનું" સિદ્ધાર્થદેવ, ચંદ્રગુપ્ત, અને રાજર્ષિ અશોક આ બધાનું દર્શન' સૌ એક શૈલકણમાં ગૂઢ એવું દીઠું કૃષ્ણલાલ શ્રીધરાણીએ અવલોકિતેશ્વર' કાવ્યમાં બુદ્ધના 'દુઃખાર્ત સંગે બંને એક હૈ દુઃખી ન મોક્ષનો લોભ શકે મને ઠગી' જેવી ભવ્ય ભાવનાનું આલેખન કર્યું છે. 'સુન્દરમે' 'બુદ્ધનાં ચક્ષુ'માં 'ઠરી આત્મામાંરે. વિરલ લાખ મુકતા ઉધડિયાં અને પછી 'ખુલ્યાં ના ખૂલ્યાં ત્યાં પ્રણયરસગંગા અવતરી' કહી બૌદ્ધ ધર્મની અહિંસાને, કરુણાને બિરદાવી છે. તેમણે 'ત્રિમૂર્તિ" નામના અન્ય કાવ્યમાં 'અહિંસા કેરો આ પ્રથમ પ્રગટ્યો મંત્ર જગતે' કહી બુદ્ધનું ગૌરવ કર્યું" છે. ઉમાશંકર જોશી 'બારણે બારણે બુદ્ધમાં ભાવવશ થઈ કહે છે. 'ઘરે ઘરે વીર ગાંધી જગાવો, બારણે બારણે બુદ્ધ' આવું દિવાસ્વપ્ન તેઓ નિરખે છે. પ્રહલાદ પારેખ 'છેલ્લી પૂજા'માં બુદ્ધપૂજાની મનાઈનો ભંગ કરી પોતાનું શીશ છેદાવતી સુજાતાને આલેખે છે. ગાંધીવાદી કવિ 'અનામી' (રણજિતલાલ મોહનલાલ પટેલ) પૂછે છે : 'જેમાં ઉરે શોક ન એ અશોકને આ શોકની કાં ભરતી ચડે છે?' અને પછી ઉત્તરમાં કહે છે: 'ચક્ષુતણાં પદમ ઢળે નહીં ત્યાં, શોણિતભીનું સ્મિતું કલિંગ.' પશ્ચાતાપથી બળતા હૃદયે અશોક કહે છેઃ 'કૈં કૈં' કરી કંકણહીન ક્રામિનીને નોતરી સંસ્કૃતિના શયામિની.' અંતે આત્મમંથનમાંથી જ્ઞાનરૂપી નવનીત મળતાં તે ઉચ્ચારે છે: 'ન વૈરની ઔષધિ વૈર કો જગે, છે વૈરની ઔષધિ પ્રેમ નિત્યે.'

ગાંધીવાદી કવિ 'અનામી'એ જે વિષય ઉપર ઈ. સ. ૧૯૪૦માં કાવ્ય લખ્યું તે જ વિષય ઉપર અમીદાસ કાણકિયાએ ઈ. સ. ૧૯૫૦માં કાવ્ય લખ્યું. 'અનામી' 'સંહારને અંતે' શીર્ષક આપે છે તો અમીદાસ કાણકિયા તેને 'ધમ્મ દીપ' શીર્ષકથી નવાજે છે. 'અનામી'નું કાવ્ય ૭૦ પંક્તિનું છે તો શ્રી કાણકિયાનું કાવ્ય ૧૦૦ પંક્તિનું અર્થાત્ દોઢું મોટું છે. આમ એક જ વિષય ઉપર લગભગ સમાન લંબાઈનાં દીર્ઘ કાવ્યો કે ખંડકાવ્યો લખવા છતાં બંનેની નિરૂપણશૈલી જુદી હોય તે સ્વાભાવિક છે, શ્રી કાણકિયાએ કાવ્યના 'દુઃસ્વપ્ન', 'અન્તરતાપ, 'દીપદર્શન' તથા 'પરિવર્તન' એવા ચાર વિભાગો પાડ્યા છે. 'હૃદય' પરિવર્તન' ગાંધીવાદી સંજ્ઞા છે તેથી 'અનામી' તથા કાણકિયા બંનેને તે આકર્ષે છે.

શ્રી કાણકિયાના કાવ્યનો આરંભ દાવાનળ અને દુઃસ્વપ્નોનાં દર્શનથી થાય છે, અશોક પોતાનાં પાપનું પરિણામ જુએ છે, તેનું સંવેદનશીલ હૃદય નરનારી, શિશુ તથા વૃદ્ધોની તેમ જ સમસ્ત કલિંગ પ્રજાની દુર્દશા અનુભવે છે. બળતા હૃદયમાં રસ હોય શાનો? કવિ કહે છે?

'જિન્દગાની હતી જાણી, સમ્રાટે સુખ સ્વપ્નશી
હવે દુઃસ્વપ્ન શી દીસે. ના સુગંધ રહી કશી'

ગ્રીસના વિશ્વવિજેતા કહેવાતા સિકંદરને પણ વિશ્વવિજય પછી હૃદયદાહ ઉપરેલો પણ તે સાવ વિરુદ્ધ પ્રકારનો હતો. 'હવે જીતવાનું કંઈ રહ્યું નહિ તો મારું પરાક્રમ ક્યાં બતાવું?' એવો અહંકાર પોતાની જ નિષ્ફળતાનો અનુભવ કરે છે, તેના અહંકારની તીક્ષ્ણ ધાર સાવ બુઠ્ઠી બની જાય છે, ઔરંગઝેબને પોતાના વિજયનો પસ્તાવો ત્રીજી રીતે થયો હતો. મરણકાળે તે પોતાના પુત્રને પત્રમાં લખે છે. મુસલમાનોનાં ખૂનથી તારા હાથ રંગતો નહિ.' પોતે ભાઈઓને મારીને ગાદીએ આવેલો, એટલે 'ભાઈઓને મારીશ મા' એમ કહેવાને બદલે તે 'મુસલમાનોને મારીશ મા' એમ ગોળગોળ ભાષા વાપરે છે પરંતુ તેનું બળતું હૃદય તો પોકારે છે કે 'તું ગોત્રહત્યાનું પાપ કરીશ મા,' વિશાળ સામ્રાજ્યના ધણી રશિયાના છેલ્લા ઝારને શાંતિ નહોતી, તે એક રાતમાં ત્રણવાર શયન સ્થળ બદલતો હતો, ખૂનીઓને સુખની નિદ્રા ક્યાંથી હોય? રકતરંગ્યા રાજવૈભવમાં સ્વર્ગીય શાંતિનું સ્વપ્નું પણ ક્યાંથી હોય? આથી તો સંવેદનશીલ કવિ 'કલાપી' સાફસાફ શબ્દોમાં સુણાવે છે. તમારા રાજદ્વારોના ખૂની ભભકા નથી ગમતા.

મતલબની મુરવ્વત જ્યાં, ખુશામતના ખજાના જ્યાં'

અલભ્ય શાંતિ અશોકને મળે છે અંતે બૌદ્ધ ભિક્ષુક ઉપગુપ્ત પાસેથી, સંતવાણી કહે છે.

પોતાનાં પુણ્ય વિના પાર નહિ ગુરુવિણ જ્ઞાન ન હોય.' પરીક્ષિત જેવાં પ્રતાપી પાંડવ પૌત્રથી માંડીને જેસલ જેવા 'જગના ચોરટા' સુધીના મુમુક્ષુઓને ગુરુ વડે જ શાંતિ સાંપડી છે. અર્જુન ગીતામાં શરણાગતિ ઉચ્ચારતાં ઉપદેશની પ્રાર્થના કરત કહે છે: શિષ્યસ્તે ऽ हं शाधि

मा त्वा प्रपन्नम्! ઉત્તરમાં શ્રીકૃષ્ણ કહે છેઃ 'જ્યારે મનની સર્વ કામનાઓનો ત્યાગ કરે છે, ત્યારે તેની પ્રજ્ઞા સ્થિર થઈ મુમુક્ષુ સ્થિતપ્રજ્ઞ બને છે.' 'ધમ્મપદ'માં સુખવગ્ગો (સુખવર્ગ)માં ભગવાન બુદ્ધ કહે છે :-

नत्थि रागसमो अग्गि, नत्थि होससमो कलि
नत्थि खेधसमा दुःखा, नत्थि संतिपरं सुखम् ॥
'નથી રાગસમો અગ્નિ, નથી દોષસમો કલિ;
નથી ખંધ સમું દુઃખ, નથી શાંતિ પરં સુખ'

ખંધ એટલે જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ તથા પાંચમું અપ્રિય સંયોગને પ્રિય વિયોગ. મોહધર્મ તૃષ્ણાનાશનો ઉપદેશ

આપે છે, શ્રીકૃષ્ણ કામના ત્યાગ પ્રબોધે છે, ભર્તૃહરિ તૃષ્ણા શબ્દ વાપરીને કહે છે :-

તૃષ્ણાં છિન્ધિ ભજ ક્ષમાં જહિ મદં પાપે રતિં મા કૃથાઃ ।

વૈષ્ણવકવિ સૂરદાસ પણ તૃષ્ણા શબ્દ પ્રયોજી કહે છે :-

'તૃષ્ણા નાચ કરત ઘર ભીતર નાના વિધ દૈ તાલ
માયાકી કટિફેંટા બાંધ્યૌ, 'લોભ તિલક દૈ ભાલ
અબ મૈં નાચ્યૌ બહુત ગોપાલ.'

ગાંધીજી કહે છે કે અહિંસા અને પ્રેમ બંને એક જ સિક્કાની બે બાજુઓ છે. ચાહે તો અહિંસા કહો, ચાહે તો પ્રેમ કહો. સિક્કો એકનો એક જ છે.

જગતના બધા સામ્રાજ્યલોભી ક્રૂરાત્મા સમ્રાટોને માર્ગદર્શન આપતાં એક સંસ્કૃત સુભાષિત કહે છે :

શ્લોકાર્ધેન પ્રવક્ષ્યામિ યદુક્તં ગ્રન્થકોટિભિઃ ।
પરોપકારઃ પુણ્યાય પાપાય પરપીડનમ્ ॥

શ્લોકાર્ધમાં સુણાવું છું, કરોડો ગ્રન્થ જે કહે.'
પરોપકારથી પુણ્ય, પાપ છે પરપીડને ?

પરંતુ 'ખાટલે મોટી ખોડ ને ભાવજીભાઈ કાંધાળા,' ગીત, ધમ્મપદ, બાઇબલ, કુરાન, અવસ્તા, આચાર્યો, પ્રવચનો, ભજનકીર્તનો, વ્યાખ્યાનમાળાઓ, રેડિયો, દૂરદર્શન' બધાંને માનવજાતિ ભેળાને ભેળા ગળી ગઈ છે-તે એક કાનેથી સાંભળીને બીજે કાનેથી કાઢી નાખે છે-જે દિવસે સુખરવાની ઝંખના જાગશે, મુમુક્ષા મોકળી થશે શાંતિની સ્પૃહા રહેરશે, તે દિવસે સોનાનો સૂરજ ઉગશે ત્યારે માનવી તરી જશે

શ્રી કણુકિયા અશોકમુખે કહેવરાવે છે :-

'હે સાધુ! આત્મા મુજ શોકગ્રસ્ત આ અંધકારો રિયર જ્યોતિ શોધે છે મૂઢ મારું મન પાપગ્રસ્ત, દો શાંતિ, સાંત્વન, દિવ્ય બોધ.'

અશોકની પ્રાર્થનાનો ઉત્તર બુદ્ધ ધમ્મપદમાં આપે છે :-

અક્કોધેન જિને કોધં અસાધું સાધુના જિને ।
જિને કદરિયં દાનેન, સચ્ચેનાલિકવાદિનમ્ ॥

'અક્રોધે જીતવો ક્રોધ, ભૂંડાઇને ભલાઇથી
સૂમને જીતવો દાને, સત્યથી જૂઠડો જન'

આ જ ઉપદેશ ઉપયુક્ત અશોકને આપતાં કહે છે : 'ક્ષમા વિના કેમ ક્ષમા મળી શકે ? દયા વિના દેવ દયા કરે કદા ? વિના અહિંસા નહિ વિશ્વ આ ટકે, શોક જીતી પ્રેમજ પ્રેમને સદા'

'ધર્મદીપ' ખંડ કાવ્યને' પરાકાષ્ઠાએ પહોંચાડતાં કવિ શ્રી કાણુકિયા કહે છે :-

યાત્રા નહીં વિજયની, પણ તીર્થધામે
છે ઉત્સવો, પરિષદો, પણ પુણ્યકામે;
પાળી પિતા સમ પ્રજા નૃપ પુણ્યોદ્રોક
જીત્યું બધું જગત પ્રેમ વડે અશોક'

આત્મકથામાં શામળ ભટ્ટને ટાંકતાં અશોકને મળેલો ઉપદેશ ઉચ્ચારતાં ગાંધીજી કહે છે :-

'અવગુણ કરે ગુણ કરે, તે જગમાં જીત્યો સહી'

કાવ્યના વિષયની અને પ્રકારની પસંદગી જ સૂચવે છે કે શ્રી કાણુકિયા ગાંધી યુગના કવિ છે. આદર્શવાદ, અહિંસા ઉપાસનાપીડિત પ્રેમ અને સ્વાતંત્ર્ય સ્પૃહા ગાંધીવાદી કવિતાનાં લક્ષણો છે. ખંડ કાવ્યનો વારસો ગાંધીયુગને પંડિતયુગ પાસેથી મળ્યો છે, અને ગાંધીવાદી કવિઓએ તે દીપાવ્યો છે, પંડિત યુગનાં ખંડ-કાવ્યો નાટ્યતત્ત્વ તરબતર હતું. આથી ખંડકાવ્ય વાંચતાં નાટ્યદર્શનનો અનુભવ થતો. ગાંધીયુગમાં આ નાટ્યતત્ત્વ જરા પાંખું થયું છે અને તેમાં ચિંતન ઉમેરાયું છે, બે સંસ્કૃતિઓના સંઘર્ષકાળમાં આમ બનવું સ્વભાવિક છે, ખંડકાવ્યોનો વિષય વિસ્તાર થયો છે અને પ્રણય વિસ્તરીને પરમાર્થ સુધી વ્યાપ્યો છે.

જે કાળે ગાંધીયુગની બોલબોલા હતી તે કાળે આ ખંડકાવ્ય છપાયું હોત તો તેને તાળાંઓથી વધાવી લેવામાં આવત. આજે કદાચ આ કાવ્ય આ પુસ્તકાલયોના કબાટને શોભાવશે પરંતુ તેથી શું ? રસિકોને અને મુમુક્ષુઓને હલાવી મૂકવાની તેની શક્તિ જેમની તેમ રહી છે તે જ તેની ગુણવત્તા છે. લોકપ્રિયતા આલેખ (Diagram)ની જેમ ચડઉતર થયા કરે છે.

ચાર આશ્રવ : મિથ્યાત્વ–અવિરતિ–કષાય–યોગ

● પં. પનાલાલ જગજીવનદાસ ગાંધી

કાર્મણ વર્ગણાનું આત્મપ્રદેશ સાથે બદ્ધ સંબંધમાં આવી ક્ષીરનીર સમ એકમેક થઇ કર્મરૂપે પરિણમવાની પ્રક્રિયાને જૈન દર્શનમાં આશ્રવ તરીકે ઓળખવામાં આવે છે.

આશ્રવને આવવાના દ્વાર ચાર છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ.

મિથ્યાત્વ : મિથ્યાત્વ એટલે આત્માની અવળી મતિ. વિનાશી પ્રતિ સુખ અને ભોગવૃત્તિથી અવિનાશી બુદ્ધિ કરવી તેનું નામ મિથ્યાત્વ !

ઉદાહરણ તરીકે પુદ્ગલના બનેલા દેહમાં અવિનાશી બુદ્ધિથી, અર્થાત્ દેહમાં આત્મબુદ્ધિથી, ભોગ અને સુખની ઇચ્છા રાખવી કે જે દેહ વિનાશી છે. ટુંકમાં મિથ્યાત્વ એટલે દેહાત્મબુદ્ધિ.

આવું આ આ મિથ્યાત્વ આત્માના સત્, સમ્યગ, અવિનાશી સ્વરૂપને ક્ષાત પહોંચાડે છે.

અવિરતિ : અવિરતિ એટલે કે અવિરક્ત ભાવ અર્થાત્ વિરક્ત કહેતાં વૈરાગ ભાવનો અભાવ. આત્માની અભાવ દશા કે જેમાં 'લાવ-લાવ' અને 'જોઇએ છે-જોઇએ છે,'ની ગ્રહણ-વૃત્તિ છે જે અપૂર્ણ દશા છે અને તેને અવિરતિ કહે છે. ટુંકમાં અવિરતિ એટલે આરંભ, પરિગ્રહ અને ભોગ. આવી અવિરતિ આત્માના પૂર્ણ સ્વરૂપને ક્ષતિ પહોંચાડે છે.

કષાય : કષાય એટલે આત્માની અશાંતતા. ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાય છે જે આત્માને અશાંત રાખે છે. વાચકવિક કેવલજ્ઞાનના ચાર વિશેષણો જે (૧) કેવલજ્ઞાન પ્રકાશ સ્વરૂપ છે (૨) કેવલજ્ઞાન સર્વોચ્ચ પ્રકાશ છે (૩) કેવલજ્ઞાન સ્વપર પ્રકાશ સ્વરૂપ છે અને (૪) કેવલજ્ઞાન સર્વપ્રકાશ છે. એ વિશેષણોની વિકૃતિ જ ક્રોધ, (પ્રકાશ) માન (સર્વોચ્ચ પ્રકાશ) માયા (સ્વ પર પ્રકાશ) અને લોભ (સર્વપ્રકાશ) છે. (પાંચ અસ્તિકાયમાં જીવનું સ્થાન પરમ ઉચ્ચ છે.)

આવા આ કષાય આત્માના પ્રશાંત સ્વરૂપને ક્ષતિ પહોંચાડે છે.

યોગ : યોગ એટલે કરણ. એના ત્રણ પ્રકાર છે. મનોયોગ, વચનયોગ, અને કાયયોગ, મનોવર્ગણા, ભાષાવર્ગણા, ઔદારિક કે વૈક્રિય વર્ગણા, અને આત્મા મળી મનોયોગ, વચનયોગ અને કાયયોગ બને છે.

આ યોગ આત્માના અરૂપી (નિરાકાર) સ્વરૂપ ઉપર આવરણ કરે છે.

આ ચાર આશ્રવમાંના પ્રથમ ત્રણ ઉપયોગના અશુદ્ધ ચૈતન્ય ભાવો છે પરંતુ જડ નથી. એ ઉપયોગની વિકારીતા અને ક્રમિકતા સૂચવે છે. ઉપયોગના કંપનને કારણે જે કર્મબંધ (આશ્રવ) થાય છે તેમાં કારણભૂત મિથ્યાત્વ, અવિરતિ અને કષાય છે.

જ્યારે આત્મપ્રદેશના કંપનથી જે આશ્રવબંધ થાય છે તેમાં પ્રધાનતાએ કાયયોગ કારણભૂત છે. આને યોગાશ્રવ કહે છે.

મિથ્યાત્વ-અવિરતિ-કષાય એ આપણા વિકારી, અશુદ્ધ ચૈતન્ય ભાવો છે. આ ભાવો કાયયોગ વિના ભોગવી શકાતા નથી. તેથી તે ભાવોની ચેષ્ટા કાયયોગ દ્વારા બહાર થાય છે. મન-વચન-કાયાના યોગ એ ભાવ તત્ત્વ નથી પરંતુ દ્રવ્યતત્ત્વ છે, જે પુદ્ગલના બનેલા છે.

ભાવમનનો નાશ થતાં ત્રણે યોગનો નાશ સહજ જ થાય છે, ભાવમનનો નાશ થતાં ૧૩મા ગુણસ્થાનકે પ્રવેશ થાય છે. અને યોગના નાશે ૧૪મા ગુણસ્થાનકની અંતે નિર્વાણ થતાં સિદ્ધ થવાય છે.

તનનું કારણ મન છે. મનનું કારણ ભાવમન છે. ભાવ-મનનું કારણ ઘાતિકર્મો છે. ઘાતિકર્મના નાશે અમન થવાય છે. અને વિદેહી બનાય છે. વિદેહી થયેલ પછી અદેહી એવા સિદ્ધ સ્વરૂપની સહજ જ પ્રાપ્તિ કરે છે.

આપણા મિથ્યાત્વ-અવિરતિ-કષાયથી થતાં આશ્રવ પ્રમાણે કર્મબંધ થાય છે. અને થયેલાં કર્મબંધ પ્રમાણે કર્મવિપાકોદય થાય છે. જેના અનુસારે સંસારનું નાટક-ચક્ર ચાલે છે. છતાં નાટક ભજવતાં આપણે મિથ્યાત્વ-અવિરતિ-કષાયને નથી જોતાં, અને નથી સમજતાં. હા! આપણે બીજાઓના મિથ્યાત્વ-અવિરતિ-કષાયને અંગે જે બીજાં તરફથી દુઃખી થઇએ છીએ તે સમજીએ છીએ. બીજાંના મિથ્યાત્વાદિ આપણને નડે છે એમ સમજીએ છીએ. તે જ અજ્ઞાનની ઊંધી ચાલ છે. સત્ય હકીકત તો એ છે કે આપણને આપણા જ મિથ્યાત્વ-અવિરતિ-કષાય નડે છે. આપણે એને જોતાં નથી, એની પીડા અનુભવતા નથી અને તેનું નિવારણ કરતાં નથી.

સંસારમાં દરેકને અરસપરસ એકબીજાંના મિથ્યાત્વાદિ નડે છે. પરંતુ એમાં બીજાના નિમિત્તથી આપણને નડે છે. પણ વાસ્તવમાં ઉપાદાનથી તો પોતાના જ પોતાને નડે છે અને પીડે છે. તેમ અન્યના મિથ્યાત્વાદિ પણ અન્યના સંપર્કમાં આવતાં આપણી પીડામાં તે વધારો કરે છે.

જ્યારે જે શુદ્ધ છે, પૂર્ણ છે, તેવાં તીર્થંકર ભગવંતોને, કેવલિ ભગવંતોને તો પોતાને મિથ્યાત્વ અવિરતિ-કષાય છે જ નહિ એને તેથી કરીને તેની તેઓને પીડા કે નડતરનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી તેમ મિથ્યાત્વાદિ જેમના જાગતાં છે તેવાંની પણ તેમને નડતર નથી કે તે તેઓને પીડારૂપ થતાં નથી. ચંડ કૌશિક નાગના કષાયે તીર્થંકર પરમાત્માનું શું બગાડયું? કાંઇ જ નહિ! 'બળતું, બળતાંને બાળે અને સ્વયં પણ બળે.' અંદરમાં પોતાના મિથ્યાત્વ-અવિરતિ-કષાય છે એટલે જ બહારમાં બીજાંના મિથ્યાત્વાદિ પોતાને નડતરરૂપ અને પીડારૂપ થાય છે. પાર્શ્વનાથ પ્રભુએ આવી કમઠ તાપસને લાકડામાંથી નાગ-નાગણનું જોડું કાઢી બતાડયું. કમઠ તાપસ શરમીંદો થયો પણ પાર્શ્વપ્રભુને એનો હરખ શોક ન થયો. વળી જ્યારે કમઠ તાપસે મેઘમાળીના ભવમાં પાર્શ્વપ્રભુને ઉપસર્ગ કર્યો ત્યારે ય પ્રભુ તો મિથ્યાત્વ ભાવમાં હતાં જ નહિ એટલે સમભાવમાં રહી શકયા. અને વિરતિવંત હોવાથી નિષ્કષાય રહ્યાં.

"પિંડે સો બ્રહ્માંડે" એ ઉક્તિથી પિંડમાં એટલે કે પંડમાં (પોતામાં) તે બ્રહ્માંડમાં. પોતામાં મિથ્યાત્વ-અવિરતિ-કષાયના ભાવો પડયા છે તો પોતે પોતાથી દુઃખી થશે, જગતથી પણ દુઃખી થશે અને વળી જગતને પણ દુઃખી કરશે.

'આપ મુએ પીછે દુઃખ ગઇ દુનિયા' એ યથાર્થ જ કહ્યું છે. આપણે સુધર્યા તો જગત સુધર્યું. આપણે જો મિથ્યાત્વ અવિરતિ-કષાયમાંથી સમ્યક્ત્વ સ્વરૂપ (સત્ સ્વરૂપ) -અવિનાશી-પૂર્ણ અને પ્રશાંત થઇશું તો પછી આપણા માટે સમસ્ત જગત-બ્રહ્માંડ સુધરી જ ગયેલું છે. કેમ કે અનાદિ તીર્થંકર પરમાત્માના દૃષ્ટાંતથી જણાવ્યું તે મુજબ અવિનાશી-પૂર્ણ-પ્રશાંત સ્વરૂપી આત્માનું પછી જગતનો કોઇ જીવ ભલે તે મિથ્યાત્વાદિથી પીડાતો હોય તોય કશું જ બગાડી શકવા સમર્થ નથી. ચંડકૌશિક નાગ, ગોવાળો કે ગોશાળો ભગવંત મહાવીરનું કશું જ બગાડી શકયા નહિ.

અવિનાશી-પૂર્ણ અને પ્રશાંત એ આપણું, આપણા સહુ આત્માનું સાચું મૂળ સ્વરૂપ છે. એવું એ મૂળ સ્વરૂપ પ્રત્યેક આત્માને પ્રાપ્ત જ છે પણ તે વર્તમાનમાં અપ્રગટ છે એટલે કે સત્તામાં પડેલ છે. એની ઉપર મિથ્યાત્વ-અવિરતિ અને કષાયના કારણે પડળ ચડેલ છે અર્થાત્ આવરણ (Layers) છવાય ગયેલ છે. તેથી જ આ પળે અને પ્રત્યેક પળે અપૂર્ણ-દશામાં પણ સહુ કોઇ જીવ માત્ર એ જ સ્વરૂપની ઇચ્છા કરે છે.

કોણ ખાવા બેઠેલો અધુરું ભોજન ઇચ્છે છે? ચાર રોટલીની ભૂખ હશે અને એક રોટલી ખાઇ કોણ ઊઠી જશે? કોણ પૂર્ણતાને ઝંખતો નથી? બજારમાં ખરીદીએ ગયેલો કોણ ટકાઉ એટલે કે અવિનાશીની માંગણી કરતો નથી? ગાઢ નિદ્રામાં મળતી શાંતિ જેવી શાંતિને કોણ ઇચ્છતો નથી? ગાઢ નિદ્રાની શાંતિ જો પ્રિય છે, સુખરૂપ છે, તો પોતાનું પ્રશાંત સ્વરૂપ છે તે તો કેટલું સુંદર અને કેટકેટલું આનંદદાયી હશે એ શું વિચારવા જેવું નથી?

શાસ્ત્રમાં બધું જ છે, જેમ બેંકમાં બધાંનાં જ ખાતાં છે. બેંકમાં કેટલાં ખાતાં છે, બેંક કેવી છે, એની માહિતી બેંકની સદ્ધરતા અને આપણાં નાણાંની સલામતી માટે જાણવી જરૂરી છે. પરંતુ પછી બેંકમાં કોનાં, કોનાં કેટલાં, કેટલ ખાતાં છે તે જાણવું જરૂરી નથી. બહેક નિરર્થક છે. જાણવાનું તો આપણું જ ખાતું છે કે આપણા ખાતામાં શું છે?

તેમ શાસ્ત્રો સર્વજ્ઞ કથિત અને સર્વજ્ઞ પ્રણિત હોવાથી એમાં બધાંના બધાં જ ભાવો છે. એમા સર્વ દ્રવ્યોના સર્વ ક્ષેત્ર અને સર્વ કાળના સર્વ ભાવો વર્ણવેલ છે. એનું વર્ગીકરણ ત્રણ વિભાગમાં કરેલ છે. મિથ્યાત્વ-અવિરતિ અને કષાય. પછી એ દરેક વિભાગના અસંખ્ય ભાગ હોય તે જુદાં. મુખ્ય વિભાગ ત્રણ શાળામાં પહેલાં ધોરણથી અગિયારમા ધોરણ સુધીના વર્ગો દરેકના બે હિસાબે ભાવીશ, પણ દરેકમાં વિદ્યાર્થીની સંખ્યા કેટલી એનું ધોરણ નિશ્ચિત નહિ. એવું જ આ વર્ગીકરણનું છે. આ સઘળું ય શાસ્ત્રોમાં આપેલ છે. એમાં જોવાનું છે આપણે આપણું. આપણે શું છીએ? આપણું સ્વરૂપ શું છે? આપણે કયાં છીએ? આપણે કયાં જવાનું છે? અને કેટલે જવાનું છે? અરીસામાં દરેક વ્યક્તિનું મુખ પ્રતિબિંબિત થતું હોય પણ આપણે જોઇએ તો આપણું જ. બેંકમાં ખાતા

બધાં ન જ પણ આપણને નિસ્બત આપણા આતાથી જ. એ જ પ્રમાણે શાસ્ત્રમાં આપણે આપણા માટે જ વિચારવાનું અને વિચારીને વિકાસ સાધવાનો. જગતના વ્યવહારમાં 'હું'-'મે' અને 'મારું' જ વિચારીએ છીએ. એ પ્રમાણે અધ્યાત્મ ક્ષેત્રે નથી વિચારતા. અધ્યાત્મ ક્ષેત્રે જાણવાનું બધું પણ જાણીને ઘટાવવાનું આપણામાં, અન્યમાં નહિ.

સ્વરૂપનો જે ઘાતિ છે તે બ્રહ્મનો ઘાતિ છે. બ્રહ્મસ્વરૂપ એવાં આપણે આપણા બ્રહ્મસ્વરૂપનો જ ઘાત કર્યો છે અને બ્રહ્મઘાતિ થયાં છીએ. જેણે જાતનો જ ઘાત કર્યો છે એ જગતનો ઘાત કરે અને ઘાતિ બને એમાં આશ્ચર્ય શું ? અને એવો પછી એની સજા ભોગવે એમાં નવાઇ શું ? અને એનું દુઃખ શું ?

કોર્ટમાં ન્યાયાધીશ આગળ જાતના દીકરાનું ખૂન કરી હાજર થયેલ વ્યકિત એમ કહે કે મારા દીકરા ઉપર મારો હકક હતો, મારી માલિકી હતી, મારી નીપજ હતી અને મેં નાશ કર્યો તો એવું કહેનારાને આકરામાં આકરી સજા ન્યાયાધીશ ફટકારે. એવું જ સ્વરૂપ ઘાતિનું છે. સ્વરૂપ ઘાતિ, બ્રહ્મની હત્યા કરનારો છે. એને આકરી જ સજા થાય.

આપણે ધર્મસાધના એવી રીતે કરવાની છે કે આપણને આપણા મિથ્યાત્વ-અવિરતિ-કષાય નડે નહિ. અને અન્યના પણ આપણને નડે નહિ. અગર તો અન્યના મિથ્યાત્વાદિ ભાવો નડે તો તે પીડે નહિ, એમ સમભાવે સહન કરવાં. આ પ્રક્રિયાનું નામ જ મોક્ષમાર્ગ છે. અને આવા મોક્ષમાર્ગે ચાલવાનો પ્રયત્ન એટલે કે તેવી મનોવૃત્તિની કેળવણી તે જ મોક્ષ પુરુષાર્થ છે.

ક્રોધ પણ જીવને ક્રોધ પણ પ્રકારે ઉપદ્રવરૂપ થઇએ, એના મન-વચન-કાયાના યોગને દુભવીએ તે આપણો કષાય ભાવ છે. જે કષાય ભાવ કરવા માટે અવિરતિમાં આવવું પડે અને મિથ્યાત્વ મોહનીયના ભાવમાં હેઠા ઊતરવું પડે, કે જેમાં સ્વ પરનું ભાન ભૂલાય છે અને સારાનરસાનો વિવેક ખોઇ બેસાય છે.

આપણે આપણને જગાડ્યા વિના જગતને જગાડી શકતા નથી. આપણે આપણને સુધાર્યા વિના જગતને સુધારી શકતા નથી.

જગતને ઠીક કરવાની જરૂર નથી. ઠીક તો પોતાની જાતને કરવાની જરૂર છે. જગત તો ઠીક છે. ઠીક જાતને કરવાની અને ઠેકાણું જાતનું પાડવાનું કે જે જ્યાં ત્યાં ચૌદ રાજલોકમાં, ચોર્યાંસી લાખ યોનિમાં ભટકયાં કરે છે, ઠેર ઠેર ખાધાં જ કરે છે.

તીર્થંકર પરમાત્માના કલ્યાણકોની ઉજવણી થાય છે તે કલ્યાણકોના એકેક કલ્યાણકથી આશ્રવના એકેક ભેદનો તીર્થંકરના જીવનમાં નાશ થાય છે તે પણ આપણને આશ્રવથી છૂટવાના મોક્ષમાર્ગનું સૂચન કરે છે.

તીર્થંકર પરમાત્માનું ચ્યવન અને જન્મકલ્યાણક એટલે સમકિત વર્તે છે અને મિથ્યાત્વનો નાશ થયેલ છે તેની ઉજવણી.

તીર્થંકર પરમાત્માનું દીક્ષા કલ્યાણક એટલે અવિરતિનો નાશ થયેલ છે અને વિરતિની પ્રાપ્તિ થયેલ છે તેની ઉજવણી.

તીર્થંકર પરમાત્માનું કેવલજ્ઞાન કલ્યાણક એટલે કષાયનો નાશ થયેલ છે અને નિષ્કષાય-પ્રશાંત થયેલ છે તેની ઉજવણી.

તીર્થંકર પરમાત્માનું નિર્વાણ કલ્યાણક એટલે યોગ(દેહ)નો અંત થયેલ છે અને સિદ્ધત્વ (અદેહીપણા-અરૂપીપણા)ની પ્રાપ્તિ થયેલ છે તેની ઉજવણી.

તો આમ જીવ સંયમ દ્વારા આશ્રવમાંથી સંવરમાં આવશે અને ૧૪મા ગુણસ્થાનકે સર્વ સંવર કરશે ત્યારે સ્વરૂપનું પ્રાગટીકરણ થશે અને સ્વભાવદશામાં સત્-સ્વૈયોગ પૂર્ણ પ્રશાંત થશે.

સંકલન: સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી

'સંઘ' દ્વારા સુરતમાં યોજાયેલ અસ્થિ સારવાર કેમ્પ

સંકલન : પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની અનેકવિધ પ્રવૃત્તિઓમાં એક પ્રવૃત્તિ છે ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા સંઘના કાર્યાલયમાં દર રવિવારે સવારના ૯-૩૦ થી ૧-૩૦ સુધી ચાલતું અસ્થિ સારવાર કેન્દ્ર દિનાંક ૨૧-૭-૧૯૮૩ થી શરૂ થયેલ આ પ્રવૃત્તિનો વ્યાપ વધતા મુંબઇના ઉપનગર વિલેપાર્લા-પશ્ચિમ (મુંબઇ ઉપનગર સેવા મંડળ, હોલ રાષ્ટ્રીય શાળા રોડ, ગાંધી ચોક)માં તા. ૨૬-૧-૧૯૮૫થી દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૨-૩૦ થી ૫-૩૦ સુધી અસ્થિ સારવાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આજ સુધીમાં આ કેન્દ્ર દ્વારા સેંકડો દરદીઓને સારવાર આપવામાં આવી છે.

આ પ્રવૃત્તિની સફળતાથી પ્રેરાઇને મુંબઇ જૈન યુવક સંઘે મુંબઇ બહાર ગુજરાત સૌરાષ્ટ્રમાં પણ અસ્થિ સારવાર કેમ્પનું આયોજન કરવાનું નકકી કર્યું અને તે મુજબ રાજકોટમાં તા. ૨૯-૭-૮૫ થી તા. ૧-૮-૮૫ સુધી દિવસ ચારનો અસ્થિ સારવાર કેમ્પ યોજવામાં આવ્યો. તેમાં ૬૦૦ કરતા વધારે દરદીઓએ લાભ લીધો એ પછી રાજકોટની ધનવંતી હોસ્પિટલ કલબના સહયોગથી ફરી રાજકોટમાં તા. ૨૦-૧-૮૬થી તા. ૨૩-૧-૮૬ સુધીનો દિવસ ચારનો બીજો કેમ્પ રાખવામાં આવ્યો. તેમાં પણ ૬૦૦થી વધારે દરદીઓએ લાભ લીધો હતો.

એ પછી જૈન સોશ્યલ ગ્રુપ ફેડરેશનની ગુજરાત રીજીયોનલ કમિટિ અને જૈન સોશ્યલ ગ્રુપ-સુરતના સહયોગથી સુરત ખાતે તા. ૨૨-૯-'૮૬થી તા. ૨૪-૯-૮૬ સુધી એમ ત્રણ દિવસનાં અસ્થિ સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ૬૫૦ જેટલા દરદીઓએ લાભ લીધો હતો.

સુરતમાં જૈન સોશ્યલ ગ્રુપ તેમજ ફેડરેશનની ગુજરાત રીજીયોનલ કમિટિના કાર્યવાહકોએ આ કેમ્પનું સુંદર આયોજન કર્યું હતું તેમ જ આ પ્રસંગે મુંબઇથી આવનાર મહેમાનોની ઉત્તમ વ્યવસ્થા કરી હતી.

સુરતના કેમ્પના ઉદ્ઘાટન કાર્યક્રમનું પણ સુવ્યવસ્થિત આયોજન થયું હતું. ડૉ. પીઠાવાલા અને તેમના સહયોગી ભાઇ-બહેનોને મોમેન્ટો આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.

સુરત ખાતેના આ કેમ્પમાં સંઘના મંત્રી શ્રી પન્નાલાલ ર. શાહ, સહમંત્રી શ્રીમતી નિરુબહેન શાહ, સંયોજક શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહ, વિલેપાર્લાની 'પ્રેમળ જ્યોતિ'ના સંયોજક શ્રીમતી સ્મિતાબહેન કામદાર વગેરે પધાર્યાં હતાં અને પૂરો સહયોગ અને સેવા આપી હતી.

સુરતની આ ત્રણ દિવસની શિબિરની સફળતાના સૂત્રધાર હતા ડૉ. જે. પી. પીઠાવાલા. ત્રણ દિવસ તેઓ રાત-દિવસ ખડે પગે રહી હાડકાંનાં દરદીઓની સારવાર કરી હતી એ બદલ ડૉ. પીઠાવાલાને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. સુરતના આ કેમ્પની ફલશ્રુતિ જોઇ અનેક સંસ્થાઓ અને ભાઇ-બહેનોએ સુરતમાં નિયામત આવો અસ્થિ સારવાર કેમ્પ યોજવા માટે વિનંતી કરી હતી.

સ્વ. પૂ. મહત્તરા સાધ્વી શ્રી મૃગાવતીજીને શ્રદ્ધાંજલિ

[૧]

પૂજ્ય મહત્તરાજી શ્રી મૃગાવતીજી મહારાજ સાહેબને આમ તો હું ઘણાં વર્ષોથી જાણતો હતો. આગમના અભ્યાસ માટે તેઓ તેમનાં માતુશ્રી-ગુરુણી શ્રી શીલવતીશ્રીજીની સાથે અમદાવાદ આવેલાં અને બે ચોમાસાં કરેલાં. પૂજ્ય આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મ. સા. પાસે અમદાવાદમાં લુણસાવાડાના ઉપાશ્રયે તેઓ દર્શન કરવા આવતાં તે વખતે હું હસ્તલિખિત પુસ્તકોનું સૂચિપત્ર બનાવવાનું કામ કરતો.

વિ. સં. ૧૯૭૧ માં પૂજ્ય આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબે મુંબઈ વાલકેશ્વરમાં ચોમાસું કર્યું. તે વખતે પૂજ્ય મહત્તરાજીએ મુંબઈ ખારમાં અહિંસા-ભવનમાં ચોમાસું કરેલું તે વખતે હું પૂજ્ય આગમપ્રભાકરજીની સાથે વાલકેશ્વરમાં હતો અને ઘણી વખત મળવાનું થયેલું.

ભારતના ભાગલા પડ્યા તે પછી પંજાબનાં જે ગામો પાકિસ્તાનમાં ગયાં તે ગામોના તથા સરહદનાં કેટલાંક બીજાં ગામોના જૈન પુસ્તક ભંડારો દિલ્હી રુપનગરમાં લાવવામાં આવેલા તેનું સૂચિપત્ર બનાવવા માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મહામાત્ર શ્રી કાંતિલાલભાઈ ડી. કોરાએ મને દિલ્હી આવવા માટે લખ્યું. હું દિલ્હી ગયો. લગભગ બાર હજાર હસ્તલિખિત પુસ્તકોનો અંદાજ કર્યો. મારાથી આવડું મોટું કામ નહીં થઈ શકે તેમ મેં અશક્તિ બતાવી. તે વખતે શ્રી કોરાસાહેબે મને પૂજ્ય મહત્તરાજી શ્રી મૃગાવતીજી પાસે જવાનું કહ્યું અને અમદાવાદ ગયા પછી મારે સૂચિપત્ર બનાવવા અંગે રિપોર્ટ લખવો તેવી સૂચના કરી.

પૂજ્ય મહત્તરાજી તે વખતે ચંડીગઢમાં શ્વેતાંબર જૈન મંદિરની ધર્મશાળામાં બિરાજમાન હતાં. તેમની સાથે તેમની ચાર શિષ્યાઓ – (૧) (સ્વ.) પૂ. સાધ્વીજી શ્રી સુજ્યેષ્ઠાશ્રીજી, (૨) પૂ. સાધ્વીજી શ્રી સુવ્રતાશ્રીજી, (૩) પૂ. સાધ્વીજી શ્રી સુયશાશ્રીજી અને (૪) પૂ. સાધ્વીજી શ્રી સુપ્રજ્ઞાશ્રીજી હતાં. તેમનાં દર્શન કર્યાં અને દિલ્હીના હસ્તલિખિત પુસ્તકોના સૂચિપત્ર અંગે વાત કરી. મેં કહ્યું મારાથી એકલા હાથે આવડું મોટું કામ થવું અશક્ય છે. પણ જો આપની આ શિષ્યાઓ કામ કરવા તૈયાર હોય તો હું માર્ગદર્શક બનું. પૂજ્ય મહત્તરાજીએ ઉત્સાહથી કહ્યું કે મારી શિષ્યાઓ તો કરશે અને હું પણ કરીશ. તે પછી તેઓશ્રીના હાથે સૂચીપત્ર બનાવવાના કાર્યનો શુભારંભ થયો.

વર્ષોથી બંધ પડેલાં પુસ્તકોનાં પત્રો (પાનાં) ગણીને ધૂળ ભક્તિપૂર્વક સાફ કરીને પ્રત્યેક ગ્રંથ ઉપર કાગળનાં વેષ્ટન ચડાવી ઉપર ગ્રંથ નામ લખી પુસ્તકોનો પરિચય લખવાનું શરૂ થયું. આ કાર્યમાં શિષ્યાઓ વધારે સમય આપી શકે તે હેતુ ધ્યાનમાં રાખી પોતાની અંગત પરિચર્યામાંથી તેઓને મોકળાશ આપી અને જ્ઞાનનું કાર્ય કરવા પ્રેરણા આપતાં રહ્યાં. મારી ૭૦ વર્ષની ઉમ્મરે દિલ્હી જેટલે દૂર જઈ આ કાર્યમાં સહભાગી બનવાનું શ્રેય પણ તેઓશ્રીને આભારી છે.

જ્યારે પણ હું દિલ્હી જતો ત્યારે લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિર, અમદાવાદથી ૨૫ થી ૩૦ દિવસની રજા લઈને જતો, છેલ્લો જ્યારે જુન માસમાં ગયો ત્યારે તા. ૧૨-૭-૮૬ સુધીની રજા મંજુર કરાવીને ગયો હતો. દિલ્હીથી અમદાવાદ આવવાની મારી તા-૧૨ જુલાઈની ટિકિટ મંગાવી લીધી હતી. પૂજ્ય મહત્તરાજીની શારીરિક સ્થિતિ સારી ન હતી. તેઓશ્રીએ એક એક દિવસ મને પૂછ્યું કે અહીં કેટલું રોકવું છે? મેં કહ્યું તા. ૧૨ મી જુલાઈની મારી ટિકિટ આવી ગઈ છે. તેઓ-શ્રીએ મને તા. ૧૯ મીએ અમદાવાદ જવા સૂચવ્યું, તે જ પ્રમાણે મેં તા. ૧૯મીની ટિકિટ મંગાવી અને પૂજ્ય મહત્તરાજી તા. ૧૮મીના સવારે કાળધર્મ પામ્યાં શું કેટલાક દિવસ પહેલાં તેઓ આ પામી ગયાં હશે?

કાળધર્મના બે દિવસ અગાઉ તા. ૧૬મીએ મને ખાસ અંદર બોલાવીને કહ્યું કે આ જ્ઞાન ભંડારના કામ માટે એક વર્ષ સેવા આપો...મેં મારી કેટલીક તકલીફો બતાવી, વળી કહ્યું કે સૂચિપત્રનું કામ તો આપની શિષ્યાઓના હાથે પૂરું થવા જ આવ્યું છે, છતાં પણ મારા સહકારની જરૂર પડશે તો હું આપીશ આપને બોલતાં પણ શ્વાસ ચડે છે તે સંયોગોમાં આવી વાતોમાં શ્રમ લેવો તે ઉચિત નથી. આજે મને લાગે છે કે તેઓશ્રી તે વખતે પુસ્તક ભંડારના કામની મને ભલામણ કરી રહ્યાં હતાં. આ પ્રસંગથી ફલિત થાય છે કે તેઓશ્રી છેલ્લા શ્વાસ લઈ રહ્યાં હતાં તે વખતે પણ તેમના ચિત્તમાં રમારક અને તેના જ્ઞાન ભંડારની વિચારણા ચાલુ હતી.

તેઓશ્રી સ્વભાવે આનંદી હતાં. જીવનની અંતિમ પળ સુધી સમતા સાચવી શક્યાં હતાં. ધન્ય જીવન જીવી ગયેલાં પૂજ્ય મહત્તરાજીને શત શત વંદના.

–પં. લક્ષ્મણભાઈ હી. ભોજક

(૨)

આ જગતમાં ઘણા જીવો અવતાર ધારણ કરીને વિયોગને પ્રાપ્ત કરે છે. પણ તે જ ભવ્ય જીવને ધન્ય છે, જે જગતમાં પોતાની અમર કીર્તિ મૂકી જાય છે. આવી જ આધ્યાત્મ જગતમાં જગમગાતી જ્યોતિ સ્વરૂપ કર્મયોગિની કે જેમણે સ્વયં પોતાનું સ્વરૂપ પ્રગટાવી વિશ્વમાં વિશ્વવાત્સલ્યના પવિત્ર પરમાણુઓ ફેલાવ્યાં છે એવી દિવ્ય વિભૂતિ બા. બ્ર. પૂજ્ય મૃગાવતીજી મહાસતીજીના દેહવિલયથી ખોટ એકલા જૈન જગતને જ નહી, પણ સમસ્ત વિશ્વના શાંતિપ્રિય સમાજોને પણ ન પુરાય એવી અસહ્ય લાગશે.

પૂ. સ્વામીબા સમસ્ત જૈન જગતમાં એક અણમોલ નિર્ગ્રંથ સાધ્વીરત્ન હતાં. તેઓએ જૈન આગમોનો ઊંડો અભ્યાસ કરી, તેના સિદ્ધાંતોના રહસ્યોને હૃદયમાં ઉતારી, તેનો પ્રચાર અને પ્રસાર કરતો. પૂજ્ય મહાસતીના બહુમુખી આધ્યાત્મિક આરોહણ ક્ષમાભાવ, સરળતા, ઋજુતા, આચારનિષ્ઠા અને શાસન પ્રતિ સમર્પણભાવના આશ્ચર્યજનક માત્રામાં દર્શન થતા હતા.

સહજાત્માનંદી પૂ. મહાસતીજી શ્રમણ સંસ્કૃતિનાં સંરક્ષક અને સંવર્ધક હતાં. એમની વાણીમાં મધુરતા અંગોમાં પ્યાર અને જીવનમાં કરુણા ભરેલી પડી હતી, એમના વિચારોમાં વિશ્વ મંગલની ભાવના લહેરાતી હતી, એમનું ચિંતન મનન સ્વયં માટે જ નહીં પણ સર્વજન હિતાયના લક્ષે હતું.

એમના નિવૃતિ યોગના ઊંડાણેથી ધર્મક્રાન્તિના પગલે પગલે પ્રવૃત્તિયોગની ક્રાન્તિ રચવાના તેઓ ચેતનવંતા પ્રણેતા હતાં એમનામાં પ્રગટેલ જ્ઞાનનો પ્રકાશ જગતને તેમ જ શાસનને અજવાળતો હતો એમના વિચાર સંકીર્ણ કે સાંપ્રદાયિક નહોતા. એમનામાં પૂર્વગ્રહ, અહંતા, મિથ્યાભિમાન

કે સ્વખ્યાતિની આકાંક્ષા નહોતી. મહાન આત્મારૂપે સર્વ ધર્મો પ્રતિ સમભાવ, સન્માન અને મૈત્રીભાવના અલૌકિક યોગનું મંગળ મિલન હતું. નિકટભવી પૂજ્ય તારક સ્વામીબા જીવનની અંતિમપળ સુધી પોતાનો દેહ દર્દથી ઝુઝતો હોવા છતાં તેમનો આત્મા આત્મભાવને ભૂલતો ન હતો, દેહ દર્દને સહન કરતું હોતું અને તેમનું હૃદય પરમપરમેષ્ઠિને વંદતું. આમ મૃત્યુને પડકાર કરતાં કરતાં સંસારને જ્ઞાન તેજથી ઝળહળાવી સૌરાષ્ટ્રની સંતપ્રસુતા ભૂમિ ઉપર જન્મેલી કર્મયોગિની પૂ. સતીજીના મહાદીપક મૃત્યુને મહોત્સવ બનાવી અંતર ચક્ષુને ઊર્જાભાળ કરી ચર્મચક્ષુઓ સામેથી સદા સદાને માટે અનંતમાં વિલીન થઈ ગયો છે. ખરેખર આ મહાન આત્માએ જેટલું જીવનથી સમજાવ્યું છે એનાથીય કંઈક અધિક મૃત્યુથી સમજાવી ગયાં છે.

આવો એક વિશ્વ શાંતિનો વડલો અને શાસનની ધ્રુવતારિકા પોતાની કુલ ૬૧ વર્ષની આયુમાં ૪૮ વર્ષની ઊર્જાજ્વલ અતિ ઊર્જાજ્વલ અને સમુર્જાજ્વલ દીક્ષા પર્યાયની સાધના સાધી. પૂજ્ય ગુરુણીમૈયા કે જેમને સરસ્વતીમાતા એટલે કે જિનવાણી પ્રસન્ન હતી, એવી જ્ઞાનશક્તિ અને સમરણશક્તિની સાક્ષાત મૂર્તિ પોતાના સ્વસ્વરૂપમાં લીન થઈ ગઈ છે. એવી મંગળમૂર્તિને મારા શત શત કોટિ કોટિ વંદન કરું છું.

મારી પરમ કૃપાળુ પરમાત્માને નમ્ર પ્રાર્થના છે કે આધ્યાત્મિક યોગિનીની પ્રેરણાથી ચાલતી વલ્લભરમારક યોજના ઉપરાંત સર્વજન હિતાય પ્રવૃત્તિઓ અવિરત પ્રગતિ કરતી રહે અને પૂ સ્વામીબાએ સાકાર કરેલ સ્વપ્નાંઓને સફળતાપૂર્વક વિશ્વ સમક્ષ રજૂ કરી તેઓશ્રીની સાચી યાદના હકદાર બનવા તેના નિષ્ઠાવાન કર્તવ્યપરાયણ અને નિઃસ્વાર્થ સંચાલકો, કાર્યકર્તાઓ ઉપરાંત મને તથા આપને અપૂર્વ બળ પ્રાપ્ત થાઓ એ મંગળ ભાવના પાઠવું છું.

વિદ્યાબહેન શાહ
પ્રેસિડેન્ટ,
ઇન્ડિયન ફાઉન્ડેશન ફોર
આર્થ્રાઇટિસ વેલફેર,
ન્યુ દિલ્હી

સર્જનના આવેગની ક્ષણો

ડૉ. દક્ષા વ્યાસ

સુશીલા ઝવેરીનો 'ક્ષણોનું આલ્બમ' સંગ્રહ આકર્ષક ઊપરણું, લાક્ષણિક શીર્ષક અને અછાંદસ રચનારીતિનાં કાવ્યોને લીધે નોખો તરી આવે છે. 'કાજુપિરતા બદ્દમમાં મઝાનાં બાળગીતો આપનાર કવયિત્રી 'વિચિમાલા'માં પરંપરાગત લય, ઢાળ, લઢણ, ભાવ, ભંગિઓ સાથે ગીતોનો થાળ લઈને આવે છે. એમાં સંવેદનની સમૃદ્ધિ ખરી પણ મૌલિકતા અને ઊંડાણ અલ્પ જણાય. ગીતના સ્વરૂપ પરની કાવટ અહીંથી જ પમાય. 'અનાહત'માં પારંપરિક મિજાજની ગઝલોનો કાલ ઊતરે છે. અલમસ્ત, આકર્ષક ઉપાડવાળાં થોડાં ગીતો, વૃત્તબદ્ધ કાવ્યો અને હાઇકુ પણ એમાં છે. હરિગીતનો બહોળો ઉપયોગ ધ્યાન ખેંચે છે. 'કૈરવવન'માં પણ ગીત-ગઝલ-સોનેટ-મુક્તક-હાઇકુ પારંપરિક રીતે ખંડાય છે. નારીજીવન, ગૃહજીવન, વાત્સલ્ય, સંસારીભાવો, સમય, પ્રણય અને પીડા એમના સંવેદનવિશ્વમાં વ્યાપેલાં જોવા મળે છે. આ પરંપરામાંથી બહાર નીકળવાની મથામણ 'ક્ષણોનું આલ્બમ'માં થતી જોવા મળે છે. મોટા ભાગની રચનાઓમાં કંઈક આધુનિક મિજાજ અને અછાંદસનો આશ્રય લેવાયો છે.

એક જ કવિનાં એકસામટાં કાવ્યો એક સાથે આસ્વાદવાનાં થાય છે ત્યારે બે બાબતો બને છે. એક તરફ કવિના ભાવ-વિશ્વને સભરતાથી માણી શકાય છે, એની શક્તિ-મર્યાદાને તરત પામી શકાય છે; તો બીજી બાજુ વિષય, સ્વરૂપ, અભિવ્યક્તિ, લય, લઢણનાં પુનરાવર્તનો નીરસતાનો અનુભવ આપે છે. કવિનું સંવેદન સમૃદ્ધ ન હોય, એનો કલ્પનાવ્યાપાર નવા નવા ઉન્મેષોમાં રાચતો ન હોય અને ભાષાકર્મમાં નૂતન આવિષ્કારો સર્જતો ન હોય તો એકસામટી સો-સવાસો રચનાઓમાંથી પસાર થવાનું દુષ્કર બને છે. સુશીલાબેનનું સંવેદનતંત્ર સમૃદ્ધ છે. સંસારજીવની કટકટલી ક્ષણો એમણે સંવેદી-સંધરી છે આ આલ્બમમાં! પ્રેમાળ પતિ જોડેનું સભર દંપત્યપતિની માંદગી અને મૃત્યુ, મૃત માતાનું સંભારણું, શૈશવના સમૃદ્ધ રમતિયાળ દિવસો, વતનઝંખા, જલિયાંવાલાનું પુનરાવર્તન, કવિતા લખવાની અબીલાસા, સૃષ્ટિસત્ત્વો સાથે તદ્રૂપ થવાની ઝંખના, માતૃભૂમિમાં મચેલી યુદ્ધની ભીષણતા, સમયથી અજ્ઞાન રીતે જિવાતું જીવન, પ્રકૃતિ સૌંદર્ય-એમ કેટલા વિષયોમાં ફરી વળે છે એમની કલમ! પણ એ સર્વનું રૂપ એક છે : અછાંદસ, બરું કહીએ તો ગદ્ય.

સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતામાં અછાંદસની પ્રતિષ્ઠા થતાં જ આધુનિક બનવાના ઉત્સાહીઓને એ ડાબા હાથનો ખેલ લાગ્યો. પરંતુ છંદોને ધૂત્યા વિના, વિવિધ લયોને આત્મસાત્ કર્યા વિના અછાંદસનું ખેડાણ જોખમી સાહસ બની જાય છે. એથી તો અસંખ્ય અછાંદસ રચનાઓ આગવી મુદ્રા કે ચહેરા-મહોરા વિનાની બની રહી છે. એમાં મોટામાં મોટું ભયસ્થાન આકૃતિની અવજ્ઞાનું, શિથિલ રચનાવિધાનનું, ગદ્યાળુતામાં સરી જવાનું અને બિનજરૂરી વાણીવિલાસનું છે. આ કવયિત્રીને પણ આ ભયસ્થાનોને આંબી જવાનું અનેકવાર અઘરું બન્યું છે. અછાંદસ કવિતા એ કોઈ વિચાર, ઊર્મિ, તરંગ કે બુદ્ધાની રજૂઆત માત્ર નથી. એમાં આદિ-મધ્ય અને અંતને સુગ્રથિત રીતે કંડારી કાઢવાનો કસબ અને કલાસૂઝ પણ જોઈએ. કૃતિ કેવળ અભિલાષામાં રાચતી કે ખોલકી બની જતી હોય તો એની આસ્વાદ્યતા આપમેળે જ ઓળપાવાની 'જલિયાંવાલા'માં રજૂ થયેલું સંવેદન સ્પર્શક્ષમ છે, પરંતુ શબ્દોનું ઔચિત્ય, ચોટ, વજન કે સાથંકતા ક્યાં છે?

કેટલીય તેજપુંજ આંખોની રોશની
તેજાબના ટીપે લૂંટી લેનાર
રક્ષણહાર રાક્ષસોની સ્મૃતિ
ડાયરની ગોળીથી અધિક મને
વિદગ્ધ કરી ગઈ... (૧૧)

ઘણું બધું વાગ્મિતા પરાયણ લાગે-

હૃદય જલિયાંવાલા બાગની જેમ ડૂર ડૂર
ઘાથી ભર્યું ભર્યું લય છે.

'ભર્યું ભર્યું'ની સભરતામાંથી વેદના ઊભરતી નથી. કવિને જે કાંઈ કહેવું છે, તેને માટે એકમેવ અને અનિવાર્ય શબ્દ મળતો નથી કે પછી કવિ પ્રમાદી છે અને એને શોધવાની

લઈને લેતા નથી?-એ પણ આધુનિક કાવ્ય જગતનો એક જટિલ પ્રશ્ન છે. ઘણીવાર એવું બને છે કે એક સરસ સંવેદન હાથ આવી જાય, ઉચિત અને આકર્ષક ઉપાડ પણ મળી જાય, કલ્પના અતિભા સુપેરે જોડાય; પરંતુ પછી તર્ક ઉમેરાતા જાય અને તંતુ જ્યાતો-પાતળો થતો જાય. 'ઝંખના'માં બને છે તેમ ઘૂંટાયેલી વાત અભિવ્યક્તિ નં મળે. સંવેદનને ઉવેખીને વિચાર, તર્ક કે તરંગ પ્રબળ બની જાય ત્યાં કલાની દેવી રૂઠી જતી જણાય: 'આપણે વટ,' 'પોરટમોટ'મ.' ઊભટું મઝાનો તર્ક' કે તરંગ પણ અપૂર્વ'ક લાઘવથી રજૂ થયો હોય તો તાકયું તીર મારી શકયો હોત એવી લાગણી 'સ્વાનની લાશ' જેની શિથિલ રચના જોતાં થાય તરંગોમાં ઘસડાવાનું થાય ત્યારે વક્રોક્યાઘાત સમી જનય'ક પંકિતઓ પણ ધૂસી જવા પામે: 'અનુસંધાન મળતું નથી-' 'બે તટ'માં આગળ જતા નગરમાં પણ ગામડાની તીવ્ર ઝંખના વ્યકત થઇ છે છતાં આરંભે જ કવયિત્રી કહે છે:

બે વચ્ચે મને વહેવા દઉં છું શાંત
નિર્મળ નીરની જેમ. (૩૩)

ચૂર્વાપર સંદર્ભ ન રહે ત્યારે આકૃતિની શકયતા અળપાઇ જાય તે સ્વાભાવિક છે. અભિવ્યકિત એક પ્રલાપ બની જવાનો સંભવ પણ ઊભો થાય છે.

સંવેદન એની ભાવાત્મક કક્ષાએ પ્રગટવાને બદલે વિચારની ચપાટીએ જ રજૂ થાય ત્યારે એટલું આસ્વાદકર રહેતું નથી. હા, કેટલીકવાર શબ્દો-તરંગો-અલંકારોની લીલા પણ માણવી ગમે; પરંતુ તે છેવટ સુધી એની ઊંચાઇ ટકાવી રાખે તો જ. 'કુંડાની માટી'માં બને છે તેમ. તેથી જ 'કૂટવાની પ્રકિયા'માં વસંત અને આનંદનું મિશ્રણ કરી નિકાસ કરવાની કે ફૂંડિયામણ ભેળવવાની વાત ન જચે. અનુભૂતિ એના મૂળમાં અત્યંત સંકુલ, ધૂંધળી અને અનેક પેટા સંવેદનોથી ઘેરાયેલી હોવાની. એને આકાર આપવાનો હોય ત્યારે કર્યાંથી શરૂ કરવું, કયાં છોડવું, શું સ્વીકારવું, શું ત્યાગવું એના નિર્ણય ઉપર જ બાજી ઠેરવાનો આધાર રહેલો હોય છે. કવિ માટે આ કટોકટીની પળ હોય છે. જડી આવેલા સંવેદન-શબ્દ-લય પરત્વેનો વ્યામોહ ઓછો થાય નહિ અને આવેશમાં શબ્દો અને લાગણીઓની લપસણી ભોંય પર અભિવ્યકિત ઘસડાતી જાય જે સઘન કલાકૃતિ કંડારાતી રહી જાય-'જિંદગીનો અર્થ'માં બને છે તેમ. કવિતામાં ગદ્યનો પ્રયોગ થાય ત્યારે ગદ્યાળુતા અને વિન્યાસના વિકલ્પનું જોખમ પણ ઊભું થવાનું જ. 'ઘરણીનો પરિતાપ' જેવું નાજુક ભાવ ફોરમનું કાવ્ય લખીએ.

ચંપણની છીપમાં બે મોતી ટપકી ન જાય.
એમ રોધી રાખ્યાં
જે વર્ષો પછી ય તગતગ્યા કરે છે.

અન્ય પંકિતઓની વચ્ચે આ ગદ્યાળુ જ લાગવાની. વિન્યાસ બદલીને એને આ રીતે લખીએ તો?-

ચંપણની છીપમાં
પરાણે રોકી રાખેલાં
ટપકું ટપકું થતાં
બે મોતી
આજેય તગતગ્યાં કરે છે.

'ગુલમ્હોર...'થી શરૂ થતો કૃતિનો ઉત્તરાર્ધ' કોઇ રીતે સાય'ક જણાતો નથી. વેદનાની-નિરાશાની વાત કહેવા જતાં એકાએક ઊંડો આશાવાદ ટપકી જાય છે અને ચિત્ર કંઇક કઢંગી રીતે ચોરાઇ જાય છે:

મેલી સવાર ધોતાં ધોતાં ગોપણી
કળી થઇ!? (૫૦)

શબ્દાલિત સંવેદનને શબ્દસ્થ કરવાનું કવિનું કામ કેવું કપરું છે! કઠંગા પથ્થરમાંથી કલામય શિલ્પ કંડરી કાઢવાનું તો કંઇક સુકર. પથ્થરનું સ્થુળ માધ્યમ વિરૂપતા તરત દેખાડી છે. પણ અહીં તો વાયવ્ય અનુભૂતિને સાકાર કરવાની પૂરતી ધૃતિ ન હોય; થોડો કસબ ન હોય; મુગ્ધતાને વટાવીને તટસ્થ થવાની ત્રેવડ ન હોય તો નિર્ભાડામાંથી કાચા ઘટજ ઊતરવાનો: 'મંદિરમાં સ્થાપના.' ફરી વક્રોકિતમાં ગઇ હોત, થોડી સફાઇદારીનો ઘાવ હોત, જરા ધીરજ અને તાટસ્થ્યથી કામ લેવાયું હોત તો નીવડી આવત એવી કેટલીય કૃતિઓ અહીં છે લાગે છે કે હજુ અછાંદસ કેડો પડયો નથી. હજુ એમને સૌથી વધુ ફાવતું અને યશોદા સ્વરૂપ તો ગીતનું જ. તેથી જ 'સીમંતિની'નું ગીત નાજુક સંવેદનની રસપૂર્ણ અભિવ્યકિતને લઇને આગળું બની રહે છે. હજુ કવયિત્રીનો મિજાજ-અલંકરણ-લઢણ આધુનિકતા અને પરંપરા વચ્ચે ઝુલે છે. પંકિતઓ ગમે ત્યાં ખટકી જઇને લયની ભાત ઊપસવા દેતી નથી.

મર્યાદા તો પ્રત્યેક કવિની હોવાની જ. પણ કવિમાત્ર કને એવું કંઇક હોય છે જે એને કવિ ઠરાવે છે, જે ભાવકને જકડી રાખે છે, આકર્ષે છે. સુશીલાબેન પાસે માણવાં ગમે એવાં બે બાનાં છે, અત્યંત સંવેદનશીલ, ઋજુ ભાવોથી ભર્યું ભર્યું હૃદય અને નિતનવાં સાદૃશ્યોમાં રાચતી કલ્પનાપ્રતિભા આ બંનેનો સ્પર્શ કાવ્યે કાવ્યે જડી આવે અને ભાવકને અવશપણે સંડોવે. 'કવિતા લખવી છે'માં કવિતાની ભાષાની અને કવિતાના અનુવાદની વાત કેવી ધાર્મિક રીતે કહેવાઇ છે!

બાળકની ભાષાનો અનુવાદ
ન હોય. (૭)

ગત સ્વજનની ઝંખનામાં જીવતી વિરહિણી નાયિકાનું આ ચિત્ર કેવું મર્મવેધી છે!-

કપાળે હાથ ઢાંકી સૂવાની જૂની આદત:
જાગી ઝબકી જોઇ લઉં છું.
પ્રસ્વેદથી ચાંદલો રહેરાઇ,
હાથે કંકુ તો લાગ્યું નથીને? (૪)

અનુભૂતિની સચ્ચાઇનો રણકો નાયિકાની અંતર્ગૂઢ મનોવ્યથા લગી પહોંચાડીને ભાવકને અસ્વસ્થ કરી મૂકે છે. 'ભાષાવિજ્ઞાન'માં ટંકારાની ભાષાની વાત કેવી સરસ રીતે કહેવાઇ છે! સંવેદન એવું સ્પર્શક્ષમ હોય કે એને સતત મમળાવ્યા કરવાનું મન થાય. 'ઘર જોઇએ છે' આ સંદર્ભમાં માણવા જેવું છે. ગલબત્ત સાદ્યંત માણવી ગમે એવી કૃતિઓનો અહીં તોટો નથી જ. 'શૈશવના દિવસો', 'પાંચ કૂટને ટેકે', 'સત્કાર', 'મૃત્યુનોંધ સુધી જીવીએ છીએ?', 'પિતાનું ચિત્ર', 'પ્રતિભાવ', 'નિર્વાસિત', 'શૈશવનો સ્વપ્નમહેલ' એમ ઘણાં શીર્ષક ગણાવી શકાય. 'શબ્દોનો ફોટોગ્રાફ'નું સંવેદન, 'પ્રિયમિલનની ઝંખના'માં રજૂ થયેલો હલકો-ફૂલકો મધુર ભાવ, 'બારી બહાર અંદર'ની સૌંદર્યચિત્રો અને સ્મૃતિ ચિત્રોની દૃશ્ય લીલા, 'માતૃભૂમિ'માં ઉપસતી યુદ્ધની ભીષણતા, 'ગૃહ છૂટયું?'ની ઘર છોડવાની વેદના માણે જ છૂટકો, વિસ્મિત કરી મૂકે તેવાં સાદૃશ્યો એમની કલ્પના ભોમમાં રચાય છે.

ટીખાની ટોચે ઉગેલું
ઊંધા અધખૂલા પુસ્તકનાં જેવું ઘર
ને
ઘરખૂણાને અજવાળે કો કાડિયું
ધીમું ટમટમતું. (૧૯)

ચિત્ર કેવું નમણું, મધુર અને આસ્વાદ્ય છે!
આ નદીનું ચિત્ર જુઓ–

નાનકડી નદી ચોમાસામાં
પરેલ વાટકી ગર્ભવંતી નાજુક કન્યાથી
તસતસ વહેતી.
ભેટવાનું મન થાય,
એવું કંઈ કહેતી! (૧૯)

સર્જનના આવેગની આવી કેટલીક ક્ષણો તો ચિરંજીવ રહેવાની જ અને એમાં જ તો છે કવિતા કર્યાની સાર્થકતા.

સાચી સમૃદ્ધિ

❁ પ્રા. અરુણ જોશી

ધનતેરશને એક મહત્ત્વના તહેવાર તરીકેની માન્યતા મળેલી છે. આ દિવસે ધનની પૂજા કરવામાં આવે છે. આપણા જીવનમાં ધનનું મહત્ત્વ ઘણું છે. વસુ વગર નર પશુ એ કહેવત પણ આ જ હકીકતનું સમર્થન કરે છે. ધન જેની પાસે હોય તેને જ મિત્રો પ્રાપ્ત થાય છે, તેની સાથે જ બાંધવો સારો સંબંધ રાખે છે અને તેને જ પુણ્યશાળી ગણવામાં આવે છે જ્યાં ગુરુજનોની પૂજા થતી હોય બીજાને સુંદર આવકાર મળતો હોય અને જ્યાં જીભાજોડી કરવામાં ન આવતી હોય ત્યાં મારો વાસ છે, એમ ખુદ લક્ષ્મી ઇન્દ્રને જણાવે છે એમ એક સંસ્કૃત સુભાષિતમાંથી જાણી શકાય છે.

સમૃદ્ધિનું આટલું બધું મહત્ત્વ સમજી, યેનકેન પ્રકારેણ ધનનો સંચય કરવામાં આવે તો તે યોગ્ય કહેવાય નહીં. મેથ્યુ હેન્રી કહે છે તેમ આવી રીતે પૈસા મેળવવામાં ચિંતા, સાચવવામાં ધાસ્તી, વાપરવામાં લાલચ, દુરુપયોગ કરવામાં ગુન્હો, ખોવામાં ઉદ્વેગ અને છેવટે ભગવાન આગળ જવાબ આપવામાં ઓજો રહેલ છે. ફ્રીઝ, ફ્રોન, ફ્લેટ કે ફિયાટ હોય ત્યાં જ સુખ રહેલું છે એમ કોઈ કહે તો તે સાચું મનાય નહીં. ગરીબનાં ઝુંપડામાં પણ કલ્લોલ કરતાં કુટુંબો વસતાં કોણે નથી જોયાં? પેટીમાં પૈસા ભેગા કરવા, બેન્કમાં નાણાં રોકવાં કે શેરના ઢગલા કરવામાં જ ઊંડો સંતોષ રહેતો હોય અને પારકાનું ભલું કરવાનો વિચાર જ ન થતો હોય તો એ પૈસો નુકસાનકારક જ લેખાય. આવા ધનનો ગર્વ કરવો નકામો છે. અજ્ઞાનભરી અમીરી કરતાં જ્ઞાનસભર ગરીબી વધારે આવકાર્ય છે. તેથી જ લિવી નામનો વિચારક જણાવે છે કે લક્ષ્મીની સાથે સદ્‌વિવેકનું વરદાન પણ જરૂરી છે.

સમૃદ્ધિની કામના અવશ્ય કરવી જોઈએ પણ ધન ખાતર જ કામ કરવું બરાબર નથી, સમૃદ્ધિ જેમ જેમ પ્રાપ્ત થાય તેમ તેમ અસંતોષમાં અભિવૃદ્ધિ થયા કરે છે. અને તેથી સુખનો અંત આવે છે. એ કારણે જ આપણા સંતોએ સંતોષને જીવનમાં અગત્યનો ગણેલ છે. પણ આ પરથી પુરુષાર્થનો નિષેધ સમજવાનો નથી. કોઈ પણ પ્રકારના સુખના દરવાજા ખોલવા માટે સખત મહેનતનો અત્યંત જરૂરી છે. જીવનમાં ઉત્સાહ હોય પુરુષાર્થ કરવાની વૃત્તિ હોય, તો સમૃદ્ધિ ચરણ ચાંપતી આવે છે. તેથી સાચી સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે પ્રામાણિકતા, ખંત, ધીરજ વગેરે સદ્‌ગુણો કેળવવાની જરૂર છે.

જો સદ્‌ગુણો દ્વારા વ્યક્તિને સમૃદ્ધિ પ્રાપ્ત થઈ હોય તો તે તેનો વિનિયોગ ધર્મમાર્ગે જ કરવા પ્રેરાશે. તેથી તેની જીવન સરણિમાં દિવ્યતાનાં દર્શન થશે. દુર્ગુણોથી પ્રાપ્ત થયેલી લક્ષ્મી અધર્મમાર્ગે જ ખર્ચાતી જોવા મળે છે. આ હકીકતનું સમર્થન કરતાં કબીરજીએ કહ્યું છે કે:

માયા દોય પ્રકારકી, જો કોઈ જનૈ ખાય,
એક મિલાવૈ રામકો, એક નરક લે જાય.

શાશ્વત રહે તેવું ધન જો કોઈ હોય તો તે યશરૂપી ધન છે. 'કીર્તિ કેરાં કોટડાં પાડ્યાં નવ પડંત,' એ કહેવત પણ કીર્તિની ગાથા ગાય છે. દાન આપનાર કીર્તિ પ્રાપ્ત કરી શકે છે અને એ કારણે કર્ણ જેવાં ઐતિહાસિક પાત્રો આજે પણ જીવંત રહેલ છે.

આપણા રાષ્ટ્રનું ધન એ આપણા યુવાનો તેમને સન્માર્ગે વાળી રચનાત્મક કાર્ય કરવામાં અભિરુચિ ધરાવતા કરવાથી દેશને પ્રગતિના શિખરે પહોંચાડી શકાય. પશ્ચિમનું આંધળું અનુકરણ કરવાથી યુવાનોને વૈફલ્યની વેદના સિવાય બીજું શું મળશે? સમાજમાં જો માત્ર ધનની જ પ્રતિષ્ઠા થશે તો આપણે આપણા યૌવન ધનને સદ્‌ગુણોથી વંચિત રાખીશું તેથી તેમને યોગ્ય રાહ દર્શાવવાની આવશ્યકતા છે એમ ફાકાસાહેબ કાલેલકરે પણ જણાવેલ છે.

ધનતેરશના તહેવારને ધનતેરશનો તહેવાર માની પશુમાત્રના પ્રતીક ગોધનની પણ પૂજા કરવામાં આવે છે. પશુઓ આપણી જંગમ સમૃદ્ધિ છે. અને દેશના વિકાસમાં તેમનો ફાળો પણ મહત્ત્વનો છે.

આપણે સાચી સમૃદ્ધિને ઓળખતા થઈએ એ જ વધારે મહત્ત્વનું છે.

પર્યુષણ દરમિયાન સંઘને મળેલું અર્થસિંચન

સંઘને ભેટ

૧૦૬૬૭૭ ગતાંક મુજબ
૨૦૦૦ શ્રી એસ. એફ. વકીલ
૧૫૦૦ મે. અજય એન્ટરપ્રાઇઝ
૨૫૧ શ્રી ભખમશી નપુ સ્મારક સાધારણ ફંડ
૨૫૧ શ્રી એચ. એ. દલાલ
૧૦૧ શ્રી સુહાસિનીબેન રમેશભાઇ
૫૧ શ્રી જે. બી વસી

૧૧૦૮૩૧

પ્રેમળ જ્યોતિમાં આવેલી ભેટ

૨૧૮૧૨ ગતાંક મુજબ
૧૦૦૧ શ્રી યશોમતીબેન શાહ
૫૦૦ શ્રી નવીનચંદ્ર ધીરજલાલ શાહ
૨૫૧ શ્રી કુસુમબેન શાંતિલાલ ઝવેરી
૨૫૧ શ્રી સુકેતુ રમણિકલાલ શાહ
૨૫૦ શ્રી કાંતિલાલ પુનમચંદ શાહ

૨૪૦૬૫

શ્રી ઋતંભરા વિદ્યાપીઠને ભેટ

૧૧૬૦૨૦ ગતાંક મુજબ
૮૦૦૦ મે. બિપીન ક્રપોરેશન.
૧૦૦૦ એક ભાઇ તરફથી
૧૦૦૦ એક બેન તરફથી

૧૨૬૦૨૦

'પ્રબુદ્ધ જીવન'ને ભેટ

૧૨૬ ગતાંક મુજબ
૧૦૦ શ્રી દુર્લભજીભાઇ પરીખ

૨૨૬

શ્રી ધરમપુર પ્રોજેક્ટસ

૮૦૦ ગતાંક મુજબ
૧૫૦ શ્રી રમાબેન મહેતા

૯૫૦

* સરદાર પટેલ: (પૃષ્ઠ ૧૪૮થી ચાલુ)

બીજા સાથીદારોને એવી ભલામણ કરેલી કે દેશમાં સંપૂર્ણ શાંતિ જાળવજો. ચળવળ ઉપાડવા જતાં રખેને હિંસક આંદોલન થઈ જાય. પરંતુ એ શાંતિનો બ્રિટીશ સરકારે અવળો અર્થ કર્યો. 'ભારતના લોકોને તરત ચૂપ કરી શકાય છે; ભારતના લોકો કાયર છે અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં કંઈ દમ નથી.'-એમ તેમણે માની લીધું. બ્રિટનની પાર્લામેન્ટમાં લોર્ડ બર્કનહેડ એમ બોલ્યા કે 'ગાંધીને પકડ્યા પછી ભારતમાં એક કૂતરું પણ ભસ્યું નથી.' બર્કનહેડનું આ વિધાન વલ્લભભાઈને હાડોહાડ લાગી ગયું. અને એમણે નક્કી કર્યું કે ગાંધીજી બહાર આવે તે પછી તેમની સંમતિથી મોટા પાયા ઉપર ચળવળ ઉપાડવી. જેલમાંથી છૂટ્યા પછી ગાંધીજીએ જ્યારે દાંડીકૂચનો કાર્યક્રમ નક્કી કર્યો ત્યારે લોકોને જાગૃત કરવા માટે સરદાર ભરૂચમાં ભાષણ કરી આવ્યા અને ત્યાર પછી રાસ ગામે ભાષણ કરવા માટે તેઓ ગયા. એમને સાંભળવા માટે હજારો માણસો એકત્ર થયા હતા, પરંતુ તે પહેલાં જ તેમની ધરપકડ કરી લેવામાં આવી.

સરદાર પટેલની દેશ માટેની ત્યાગ અને સ્વાર્પણની ભાવના કેટલી પ્રબળ હતી અને લોકો ઉપર તેનો કેટલો પ્રભાવ હતો, તે એક-બે ઘટના ઉપરથી પણ જોઈ શકાય છે. રાસ ગામે જ્યારે ભાષણ કરતાં પહેલાં જ તેમની ધરપકડ કરી લેવામાં આવી તે વખતે એકત્ર થયેલા લોકોનાં હૃદય હલી ઊઠ્યાં. એક ભાઈ જેઓ કલાલનો, દારૂ વેચવાનો ધંધો કરતા હતા તેમણે તે જ ક્ષણે પ્રતિજ્ઞા લીધી કે જિંદગીમાં હવેથી દારૂના ધંધાનો પોતે સદંતર ત્યાગ કરે છે. એવી જ રીતે એક શીખ ભાઈએ તે જ દિવસે બ્રિટીશ સરકારની નોકરી માંથી પોતાનું રાજીનામું આપી દીધું.

રાસ ગામેથી સરદારને જ્યારે સાબરમતી જેલમાં લઈ જતા હતા ત્યારે અમદાવાદમાં ડૉ. કાનુગાને ઘરે તેમને જમવા માટે લાવવામાં આવ્યા. સરદાર કેવા આનંદી અને હાજરજવાબી હતા તે આવા પ્રસંગે પણ જોવા મળે છે. ગાંધીજીની ધરપકડ થાય તે પહેલાં સરદારની ધરપકડ થઈ એટલે આચાર્ય કૃપલાનીએ સરદારને કહ્યું, 'આખરે તમે આપુને દગો દઈને જેલમાં પહેલા પહોંચી જ્યો છો ને?' જવાબમાં સરદારે કહ્યું, 'મે ક્યાં દગો દીધો છે? સરકારે મને દગો દીધો છે! ભાષણ કર્યું તે પહેલાં મને પકડી લીધો. ગાંધીજી પહેલાં મારે જેલમાં જવાનું છે એવી ખબર હોત તો હું ત્યાં ભાષણ કરવા જાત જ નહિ!'

૧૯૩૦થી ૧૯૪૫ સુધીના પંદર વર્ષના ગાળામાં સરદાર પટેલે જુદે જુદે પ્રસંગે કુલ છ વખત ધરપકડ વહોરી લીધી હતી. લગભગ છ વર્ષથી વધુ સમય એમનો જેલમાં વીત્યો હતો. કારાવાસના જીવને સરદારની તબિયતને ભાંગી નાખી હતી. બે વખત તો સરકારે તેમને લથડેલી તબિયતને કારણે છોડી દીધા હતા.

ઈ. સ. ૧૯૩૦ માં સરદાર પહેલીવાર જેલમાં ગયા ત્યારે એમણે જેલ જીવનની ડાયરી લખી હતી. (નવજીવન પ્રકાશન મંદિર તરફથી પુસ્તિકારૂપે એ પ્રગટ થયેલી છે) સાબરમતી જેલમાં એમણે ૭મી માર્ચ, ૧૯૩૦ થી ૨૨ મી એપ્રિલ ૧૯૩૦ સુધી લખેલી ડાયરી સંક્ષિપ્ત છે. પરંતુ સરદારના વ્યક્તિત્વની દ્યોતક છે. વળી કેટલીક ઐતિહાસિક ઘટનાઓ ઉપર સારો પ્રકાશ પડે છે એટલે એ ડાયરીનું દસ્તાવેજી મૂલ્ય ઘણું મોટું છે.

વલ્લભભાઈનો જેલનો પહેલો અનુભવ બહુ સુખદ નહોતો. ઈ. સ. ૧૯૩૦ માં સરદાર પહેલીવાર જેલમાં ગયા તે પહેલાં ગાંધીજીએ કેટલાંક વર્ષની જેમ ભોગવી હતી. રાષ્ટ્રીય આંદોલન જેલ જીવનની હજુ શરૂઆત હતી મોટી સંખ્યામાં જેલમાં જનારા સ્વાતંત્ર્ય સૈનિકોનો પ્રવાહ તો ૧૯૩૦ પછી વ્યાપકપણે ચાલ્યો. શરૂઆતનાં એ વર્ષોમાં ચોરી, ખૂન વગેરે સામાજિક ગુનાઓ કરવા માટે પકડવામાં આવેલા બદમાશ કેદીઓની સાથે જ રાજદ્વારી કેદીઓને રાખવામાં આવતાં હતા. સદ્‌ભાગ્યે ગાંધીજી અને સરદાર પટેલે ઈંગ્લેન્ડમાં જઈને કાયદાઓનો અભ્યાસ કર્યો હતો. એટલે જેલમાં પણ તેઓ પોતાના કાયદેસરના હક માટે જેલના સત્તાવાળાઓ સાથે સજ્ઞાન બાઝત ચલાવતા. કેદી તરીકેના પોતાના હક માટે તેઓ જાગૃત હતા. અને વખતોવખત જેલના સત્તાવાળાઓને સરદાર કે ગાંધીજી આગળ કાયદેસર નમતું આપવું પડતું. સરદારે સાબરમતી જેલમાં જઈને પહેલે જ દિવસે જેલર અને સુપરીન્ટેન્ડેન્ટ પાસે જેલના મેન્યુઅલ્સ અને રૂલ્સની માંગણી કરી હતી. સરદાર પટેલ અને એમની જેમ આપણી આઝાદીની લડતના લડવૈયાઓ રાષ્ટ્રપ્રેમના ગુનો કબૂલ કરી સામેથી ધરપકડો વહોરીને જેલમાં જવાવાળા હતા. એટલે એમનો મિજાજ જુદો જ હતો. સરદાર પટેલને પહેલે જ દિવસે જેલ સુપરીન્ટેન્ડેન્ટે કહ્યું, 'તમારે કંઈ જોઈએ તો કહેજો.' ત્યારે સરદાર પટેલે જવાબમાં કહ્યું હતું 'મહેરબાનીથી મારે કશું જ ન જોઈએ. હકથી જે મળતું હોય તે લેવા માટે હું વિચાર કરીશ.' એ સમયે પણ એક કેદી તરીકે સહન કરવાની સરદારની કેટલી ખુમારી હતી તે જોઈ શકાય છે.

જેલમાં જવાના નિમિત્તે વલ્લભભાઈ પટેલના જીવનમાં કેટલું સુભગ પરિવર્તન આવ્યું હતું. સરદારને યુવાનવયથી બીડીનું વ્યસન ચાલુ થઈ ગયું હતું. જેલમાં પણ બીડી પીવાનું ચાલુ રાખવું હોત તો તેઓ ચાલ રાખી શકયા હોત, પરંતુ જેલમાં દાખલ થયા તે દિવસથી દૃઢ સંકલ્પપૂર્વક તેમણે આજીવનને માટે બીડી છોડી દીધી. સરદાર કેવા સ્વસ્થ અને દૃઢ સંકલ્પવાળા હતા તેની પ્રતીતિ આવા નાના પ્રસંગો ઉપરથી પણ જણાય છે. સાબરમતી જેલમાં જતાં પહેલાં જેમ એમણે બીડી છોડી દીધી તેમ યરવડા જેલમાં એમણે ચા પીવાનું છોડી દીધું હતું.

સરદારના જેલ જીવનનો નિત્યક્રમ આપણે ડાયરીમાં વાંચીએ છીએ ત્યારે પ્રતીતિ થાય છે કે ધર્મ અને સદાચારમાં એમને કેટલી અખૂટ શ્રદ્ધા હતી. ગાંધીજીની જેમ તેમણે પણ રોજ સવારે ચાર વાગે ઉઠીને પ્રાર્થના કરવાનું ચાલુ કરી દીધું હતું. સાંજે સૂતાં પહેલાં પણ તેઓ નિયમિતપણે પ્રાર્થના કરતા હતા. વળી જેમ ગાંધીજી રોજ નિયમિત રેંટિયો કાંતતા હતા, તેમ સરદારે પણ રોજ નિયમિત રેંટિયો કાંતવાનું ચાલુ કર્યું હતું અને એ નિયમ જેલમાં પણ તેઓ ચીવટપૂર્વક સાચવતા હતા.

જેલનો ખોરાક ભલભલા તગડા કેદીઓની તબિયત ભાંગી નાખે એવો ત્યારે હતો. જેલમાં એમને જુવારનો રોટલો, તેલ અને ગોળ આપતા. પરંતુ રોટલો એમનાથી ચવાતો નહિ. એમાં વળી એમના બે દાંત પડી ગયા હતા. એથી પણ ચાવવાની તકલીફ પડતી એટલે તેઓ રોટલો પાણીમાં પલાળીને ખાતા. પરંતુ એવી રીતે ખાવાના કારણે તેમને પાચનની તકલીફ થતી. એક દિવસ એવી રીતે રોટલો ખાતાં એમને જોઈને જેલનો એક વોર્ડર પણ રડી પડ્યો

* વડોદરામાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉપક્રમે સરદાર પટેલ સ્મારક વ્યાખ્યાનમાળામાં આપેલું વ્યાખ્યાન-કોર્પોરેશનના સૌજન્યથી

હતો. એણે સરદારને કહ્યું કે 'મને જે ધણનો રોટલો મળે છે તે હું તમને ખાવા આપી દઇશ.' તો સરદારે કહ્યું કે-'એ કાયદાની વિરુદ્ધ છે. એટલે હું તારો રોટલો સ્વીકારી શકું નહિ.' ખાવાનું પોતાને માફક ન હોવા છતાં દૃઢ સંકલ્પપૂર્વક તેઓ સહન કરી લેતા હતા. ગેરકાયદે સગવડ મેળવવાની લાલચમાં તેઓ ક્યારે ય પડયા નથી.

સાબરમતી જેલમાં સરદારે પહેલે જ દિવસે જોયું કે પાયખાનામાં જવા માટે બંને કેદીઓની હાર હતી વળી પેશાબ પણ બધા ખુલ્લામાં ઊભા ઊભા કરે. કુદરતી હાજત માટેની આવી જંગલી સગવડ જોઇને તેઓ પહેલે દિવસે જ ડધાઇ ગયા. પાયખાને કે પેશાબ કરવા તેઓ ગયા જ નહિ. સદ્‌ભાગ્યે બીજા જ દિવસે તેમને અલાયદી સગવડ કરી આપવામાં આવી.

પહેલે દિવસે સરદારને જે કોટડીમાં રાખવામાં આવ્યા હતા તેમાં પાંચ ગુનેગાર કેદીઓ હતા. એમાં એક ફટોસણનો ચોર હતો. અને ત્રણ તો ખૂનીઓ હતા. એમાંના એક ખૂનીએ તો લૂટ, ધાડ અને ખૂનના પંદર જેટલા ગુનાઓ કરેલા હતા અને દસ વર્ષની સજા ભોગવતો હતો. જો કે કેદીઓ બિચારા સરદારની સંભાળ રાખતા હતા કારણ કે તેઓ જાણતા હતા કે પોતાની જેમ ચોરી, ધાડ કે ખૂનના આરોપ માટે આવેલા આ કેદી નથી.

સ્વાતંત્ર્ય સંગ્રામની શરૂઆતથી જ ગાંધીજીએ લોકોમાં સ્વદેશીની ભાવના જાગૃત કરી હતી. એની સાથે સાથે પોતાની માતૃભાષા માટે પણ પ્રેમ અને આદરની ભાવના દૃઢ બનાવી હતી. બૅરીસ્ટર વલ્લભભાઇ પટેલે ભારત આવી પ્રેકટિસ કરતી વખતે કોટ, પેન્ટ અને ટાઇ પહેરવા ચાલુ કરેલાં, પરંતુ ગાંધીજીના સંપર્કમાં આવ્યા પછી એમણે ધોતિયું, પહેરણ અને બંડીનો સાદો વેષ અપનાવ્યો હતો. ગુજરાતી ભાષા પ્રત્યે પણ ગાંધીજીના સંપર્કથી એમનું મમત્વ વધ્યું હતું. ૧૯૩૦માં સાબરમતીની જેલમાં હતાં ત્યારે મહાદેવભાઇ અને કૃપલાનીને મળવા માટે નિયત સમય અપાયો હતો. તે વખતે જેલ સુપરીન્ટેન્ડેન્ટે એવો આગ્રહ રાખ્યો કે તેઓએ અંગ્રેજીમાં વાતચીત કરવી અને સરદારે એવો જ આગ્રહ રાખ્યો કે તેઓ ગુજરાતીમાં જ વાતચીત કરશે. જો એ શરતે મુલાકાત ગોઠવવી હોય તો જ ગોઠવવી. કાયદાની દૃષ્ટિએ ભાષાનું કોઇ બંધન નહોતું. એટલે છેવટે સરદાર પટેલની જીત થઇ એ શરતે કે સુપરીન્ટેન્ડેન્ટને કોઇ વાત ન સમજાય તો તેનું અંગ્રેજીમાં ભાષાંતર તેમણે કરીને કહેવું. માતૃભાષા પ્રત્યેનો પ્રેમ અને કેદી તરીકેનું સ્વમાન સરદારનાં કેવા હતા તે આ પ્રસંગ ઉપરથી જોઇ શકાય છે.

સાબરમતી જેલમાં સરદાર પટેલને રાજદ્વારી કેદી તરીકે થોડા દિવસ પછી 'અ' વર્ગની કોટડીમાં રાખવામાં આવ્યા. બોનસ વગેરેની સારી સગવડો પણ ચાલુ કરવામાં આવી. સરદારની ધરપકડ પછી થોડા દિવસમાં જ વધુ રાજદ્વારી કેદીઓ આવ્યા. તેમને 'ક' વર્ગમાં રાખવામાં આવ્યા. કેદીઓ વચ્ચે આ જાતનો કક્ષા ભેદ સરદારને ગમ્યો નહિ. એમણે જેલ સત્તાવાળાઓને કહ્યું કે બધા રાજદ્વારી કેદીઓને 'અ' વર્ગની કક્ષામાં મૂકો. અને જો તેમ શકય ન હોય તો પોતાને 'ક' વર્ગમાં મૂકવામાં આવે. સરદારે જેલ સત્તાવાળાઓ સાથે લડીને પણ પોતાની જાતને 'અ' વર્ગમાંથી 'ક' વર્ગમાં મૂકાવી. જેલમાં પણ સરદાર પોતાના સાથીઓની બાબતમાં ન્યાય બુદ્ધિથી વર્તતા. એમણે જેલમાં થતા કેદીઓ માટેના ખર્ચની બાબતમાં જેલના ઉપરીઓને કહેલું કે 'અમે અહીં મોજશોખ કરવા આવ્યા નથી. અમને ખાવા પીવાનું કષ્ટ પડવાનું છે એ સમજીને જ આવ્યા છીએ. પરંતુ હકકપૂર્વક જે કંઇ મળતું હશે તે લીધા વગર અમે રહેવાના નથી.'

સરદારની આ દરખાસ્ત પણ સત્તાવાળાઓને સ્વીકારવી પડી. તેઓ બધા મળીને ૩૩ કેદીઓ હતા. અને તેઓ બધા એક જ પંગતે એક સરખી વાનગી જમે એવી ગોઠવણ સત્તા-વાળાઓએ કરવી પડી.

જેલ સુપરીન્ટેન્ડેન્ટે એવી આજ્ઞા કરી કે ગોરા કલેકટર અને ગોરા કમિશ્નર જ્યારે તપાસ માટે આવે ત્યારે દરેક કેદીએ પોતાની કોટડીના દરવાજા પાસે ઊભા રહેવું. આ હુકમ માનવાની સરદારે ના પાડી તેમણે કહ્યું, 'અમે કોઇ ચોર-ડાકુ જેવા ગુનેગાર નથી. અમે તો સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિકો છીએ. આવી રીતે ઊભા રહેવા અમારું માનભંગ થાય. જો આ હુકમ પાછો નહિ ખેંચો તો અમે ઉપવાસ ઉપર ઊતરીશું.' આથી સુપરીન્ટેન્ડેન્ટે એ હુકમ પાછો ખેંચી લીધો.

વલ્લભભાઇનાં માતા-પિતા સ્વામીનારાયણ ધર્મ પાળતાં અને મંદિરે જતાં. સરદારને પણ નાનપણથી સવારે નાઇ ધોઇને મંદિરે જઇ આવ્યા પછી જ ખાવાપીવાની ટેવ હતી જેલમાં પણ તેઓ રોજ સવારે ઊઠીને પ્રાર્થના કરતા. તેમણે વાંચવા માટે પણ 'તુલસી રામાયણ' અને 'ભગવદ્‌ગીતા' એ બે પુસ્તકો મંગાવ્યાં હતાં. સરદાર પટેલ બાહ્ય જીવનમાં એટલા કડક અને આખાબોલા હતા કે કેટલાકને તો તેઓ નાસ્તિક જેવા લાગે. પરંતુ અંતરથી તો તેઓ એક સાચા ધાર્મિક પુરુષ હતા. ભગવાનમાં તેમને અખૂટ શ્રદ્ધા હતી ગાંધીજી જે દિવસે સાબરમતી આશ્રમમાંથી દાંડી કૂચ માટે નીકળવાના હતા તે દિવસે, બરાબર તે સમયે એમણે ગાંધીજીની એ યાત્રાની સફળતા માટે પ્રાર્થના કરી હતી અને પ્રભુની સહાયતા માંગી હતી.

જેલમાં ગયા પછી સરદારને એ સમજાયું કે મુલાકાતીઓને મળતી વખતે અને પત્રવ્યવહાર કરતી વખતે બધી સ્પષ્ટ વાતો થઇ શકતી નથી. એટલે એમણે કેટલાક ગુપ્ત સાંકેતિક શબ્દો શોધી કાઢયા હતા. દા. ત. જેલરના કેદીઓ પ્રત્યેના વર્તનને માટે તેઓ 'Health' શબ્દ વાપરતા અને ઉપવાસ માટે 'Dr. Ansari's Treatment' એવા શબ્દો વાપરતા. આવા બીજા કેટલાક સાંકેતિક શબ્દો પોતાના વર્તુળમાં ગુપ્તપણે પ્રચલિત કરી દીધા હતા.

જેલમાં ગયા પછી મુલાકાત દરમિયાન મહાદેવભાઇ દેસાઇએ એમને પૂછયું, 'આ લોકો તમને કેવી રીતે રાખે છે?' સરદારે કહ્યું, 'તેઓ ચોર લૂંટારુની જેમ મને રાખે છે, પણ તેનો મને બહુ આનંદ છે. જિંદગીમાં આવી જાહેર મેં કોઇ દિવસ અનુભવી નથી.'

સરદારના ટીખળી સ્વભાવનો જેલના સુપરીન્ટેન્ડેન્ટ અને જેલરને પણ અનુભવ થઇ ગયો હતો. કોઇ કોઇ વખતે તો જેલર અને સુપરીન્ટેન્ડેન્ટ પણ ગંભીર રહેવાને બદલે પેટ પકડીને ખડખડાટ હસી પડતા. સાબરમતીની જેલમાં કેદીઓને રોજ હજામત માટે અસ્ત્રો આપવામાં આવતો અને હજામત પતી જાય કે તરત જ પાછો લઇ લેવામાં આવતો. સરદારે સુપરીન્ટેન્ડેન્ટને કહેલું તમે આ અસ્ત્રો તરત પાછો લઇ લો છો તે બરાબર નથી. અમને આપી રાખો તો નવરા બેઠાં અમે બીજા કેદીઓની હજામત કરીને બે ચાર પૈસા પેદા કરી શકીએને?

આ સાંભળી મહાદેવભાઇ, જેલર અને સુપરીન્ટેન્ડેન્ટ હસી પડ્યા હતા.

સાબરમતી જેલ કરતાં પણ યરવડાની જેલમાં સરદારના ત્રાસનો વધુ યાદગાર રહેશે કારણ કે યરવડાની જેલમાં સરદાર પટેલને ગાંધીજીની સાથે રાખવામાં આવ્યા હતા. ૧૯૩૨ ના જાન્યુઆરીથી ૧૯૩૩ના મે સુધી એમ કુલ ૧૬ મહિના સરદાર પટેલ બાપુની સાથે યરવડા જેલમાં રહ્યા હતા. વળી એમની સાથે બાપુના અંગત મંત્રી મહાદેવભાઇ દેસાઇ પણ જોડાયા હતા મહાદેવભાઇ દેસાઇએ પોતાની ડાયરીમાં વિસ્તારથી આ બધા પ્રસંગો લખેલા છે. એ પ્રસંગો ઉપરથી સરદારને ગાંધીજી પ્રત્યે કેટલો પૂજ્ય ભાવ હતો, કેટલો ભક્તિભાવ હતો અને ટીખળ કરી શકે એવી કેટલી બધી આત્મીયતા હતી તે જોઇ શકાય છે. યરવડા જેલમાં સરદાર પટેલ અને ગાંધીજી એ બંનેએ સાથે બે મહિના પસાર કર્યા પછી મહાદેવભાઇ દેસાઇ યરવડા જેલમાં આવ્યા. આમ ગાંધીજી અને સરદાર પટેલ વચ્ચેની આત્મીયતા જેટલી બંધાઇ હતી તેટલી ભારતના બીજા કોઇ નેતા સાથે ગાંધીજીને બંધાઇ ન હોતી. વળી સ્વાતંત્ર્ય સંગ્રામનો આ આખરનો કાળ હતો, એટલે સરદાર પટેલ ઉપર ગાંધીજીનો પૂરો પ્રભાવ પડ્યો હતો. અને સરદારે પણ બાપુનો પૂરો આત્મ-વિશ્વાસ જીતી લીધો હતો. ગાંધીજીએ પોતાના સરદાર સાથેના આ અનુભવો વિશે લખ્યું છે કે–

'જેલમાં સરદાર વલ્લભભાઇ સાથે રહેવાનું મળ્યું એ એક મોટો લાભ હતો. તેમની અદ્વિતીય શૂરવીરતા અને અજોડ દેશપ્રીતિની તો મને ખબર હતી, પણ આ સોળ મહિના તેમની સાથે જે રીતે રહેવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું તેથી કદી હું તેમની સાથે રહ્યો નથી. તેમણે પ્રેમથી મને જે તરબોળ કર્યો છે તેથી તો મારી વહાલી માતાનું સ્મરણ થઇ આવતું. તેમનામાં આવા માતાના ગુણો હશે તે તો હું જાણતો જ નહોતો. મને જરાક કંઇક થાય તો એ બિચારીમાંથી ઊડ્યા જ હશે. મારી સગવડની નાનામાં નાની વસ્તુ માટે પણ તેઓ જાતે કાળજી રાખતા. તેમણે અને મારા બીજા સાથીઓએ સંતલસ કરી મૂકી હતી કે મને કશું કામ કરવા ન દેવું. હું આશા રાખું છું કે સરકાર મારી વાત માનશે કે જ્યારે અમે રાજદ્વારી પ્રશ્નની ચર્ચા કરતા ત્યારે ત્યારે સરકારી મુશ્કેલીઓનો બરાબર ખ્યાલ તેમને રહેતો. ખારાપાટી અને ખેડાના ખેડૂતોની તેઓ જે ચિંતા કરતા તે હું કદી ભૂલી શકીશ નહીં.

ગાંધીજી અને સરદાર વચ્ચે નિખાલસપણે અનેક વાતો ચાલી. સરકારની જુદાં જુદાં કાર્યોની નિપુણતા જોઇ બાપુએ સરદારને જેલમાં પૂછેલું, 'સ્વરાજમાં તમને શેનું દફ્તર આપીશું ?'

સરદારે કહ્યું, 'સ્વરાજમાં હું લશ્કર ચીપિયો અને તૂંબડી.'

સરદાર મનથી કેટલા વિરક્ત કે નિઃસ્પૃહ હતા એ આ જવાબ પરથી જોઇ શકાશે.

ગાંધીજી શ્રીનિવાસ શાસ્ત્રીને જેલમાંથી લખેલું કે 'હું ગમે તેટલો એકલો રહું તો પણ ગમગીન બનું એવો નથી અને અહીં તો એકલો ક્યાં છું ? મારી સાથે સરદાર વલ્લભભાઇ છે. એ એમની મશ્કરીઓના સપાટાથી દિવસમાં કેટલીયે વાર મને ખૂબ હસાવે છે.'

યરવડાની જેલમાં સરદાર પટેલ દિવસ રાત બાપુનું ધ્યાન રાખતા અને સાથે સાથે પોતાની પણ નવી નવી પ્રવૃત્તિઓ ઉમેરતા જતા. જેલમાં સરદાર પોતાનો નવરાશનો સમય કાંતવા ઉપરાંત સંસ્કૃત ભાષા શીખવા, સંસ્કૃત ગ્રંથો વાંચવા તથા કંઇક હુન્નર-ઉદ્યોગ કરવામાં પણ પસાર કરતા. મહાદેવભાઇએ નોંધ્યું છે તે પ્રમાણે સરદાર પટેલ કાગળ કાપીને પરબીડિયાં બનાવતા કે બુક બાઇન્ડિંગનું કામ પણ કરતા. ગાંધીજીએ નોંધ્યું છે કે સરદાર પરબિડિયાં બનાવવામાં એવા હોશિયાર થઇ ગયા હતા કે માપ લીધા વગર તેઓ કાગળ કાપતા તો પણ બરાબર કપાતા. તેઓ ઝપાટાબંધ પરબીડિયાં બનાવતા. સેંકડો પરબીડિયાં તૈયાર થતાં અને બધાં એક સરખા માપનાં બનતાં.

ગાંધીજીએ પણ યરવડાની જેલમાં મગન ચરખો ચલાવવાનું શરૂ કર્યું હતું. પરંતુ શરૂઆતમાં રૂ બરાબર કંતાતું નહિ. એક દિવસ ગાંધીજીએ ચરખા ઉપર થોડાક સારા તાર ઉતારીને સરદારનો અભિપ્રાય પૂછ્યો ત્યારે ટીખળ કરવાની ટેવવાળા સરદારે નીચે પડેલા બગડેલા રૂ સામે આંગળી ચીંધીને કહ્યું, 'હા, સૂતરફેણી સારી થઇ છે.' બાપુ અને સરદારને આવી ગમ્મતો ઘણીવાર થતી.

૮. સ. ૧૯૪૨ ના ઓગસ્ટમાં 'હિન્દ છોડો'ની ચળવળ થઇ તે વખતે નવમી ઓગસ્ટે બ્રિટિશ સરકારે ગામેગામ અસંખ્ય લોકોને જેલમાં પૂરી દીધા. મુંબઇમાંથી કોંગ્રેસ કારોબારીના બધા જ સભ્યોને પકડીને અહમદનગરના કિલ્લામાં પૂરવામાં આવ્યા. સરદાર પટેલ પણ ત્યાં હતા. આ તેમનો છેલ્લો કારાવાસ હતો. અહીં જવાહરલાલ, રાજેન્દ્રબાબુ, મૌલાના આઝાદ વગેરે ઘણા બધા સાથે હતા. સરદારે પોતે કહ્યું છે તેમ ત્યાં જાણે શંભુ મેળો ભરાયો હોય તેવું લાગતું હતું. જેલ જીવનની ત્રીશીના જેવી યાતનાઓ હવે રહી નહોતી. વળી આ બધા નેતાઓ પણ ભારતમાં તેમજ બ્રિટિશ સરકારી તંત્રમાં જાણીતા થઇ ચૂકયા હતા એટલે પણ પહેલાં કરતા પ્રમાણમાં તેમને સારી સગવડ રહેતી. પરંતુ સરદારના છેલ્લા કારાવાસમાં તેમની તબિયત ઘણી લથડી ગઇ હતી. આંતરડાની એમની બિમારી અસહ્ય બની ગઇ હતી. તેઓ ઘણું ખરું સૂઇ રહેતા પરંતુ વેદના ઉપડે ત્યારે સૂવાનું કે ઊંઘવાનું અશક્ય બની જતું. આખી રાત તેઓ બેસી રહેતા, કયારેક તો તેઓ પીડાની બીકે કશોય આહાર લેતા નહિ. માત્ર પાણી પીને ચલાવતા. એમનું વજન ૧૫ રતલ ઘટી ગયું હતું. અગાઉ ગંભીર માંદગી વખતે સારવાર માટે જેલમાંથી એમને છોડવામાં આવ્યા હતા. પરંતુ આ વખતે તો માંદગીના કારણે કોઇ પણ કેદીને ન છોડવાનો સરકારે સંકલ્પ કર્યો હતો.

અહમદનગરની આ જેલમાં સરદારે નોંધ્યું છે તે પ્રમાણે જવાહરલાલ અને મૌલાના આઝાદનું સાથે બેસવું ઉઠવું ઘણું વધી ગયું હતું. બીજી બાજુ સરદાર, રાજેન્દ્રબાબુ વગેરેને મળવું વારંવાર થતું હતું. ભારતની વિવિધ સમસ્યાઓની બાબતમાં આપણા સર્વોચ્ચ રાષ્ટ્રીય નેતાઓમાં અંગત રાગદ્વેષ-યુકત મતમતાંતર થવા લાગ્યા હતાં તેનો અણસાર સરદારને અહમદનગરની જેલમાં આવી ગયો હતો. જવાહરલાલ અને મૌલાના આઝાદને સ્વાતંત્ર્ય પછીનાં વર્ષોમાં સરદાર પ્રત્યે જે દૃઢ પૂર્વગ્રહ બંધાઇ ગયો હતો તેની શરૂઆત અહીંથી થઇ ગઇ હતી.

સરદાર પટેલ યુવાન વયે વિધુર થયા હતા. તેઓ પાંચ ભાઇઓ હતા અને પરસ્પર સ્નેહથી, સુખેથી રહેતા હતા. એટલે સરદારનાં બે સંતાનો–માણિબેન અને ડાહ્યાભાઇની સંભાળ કુટુંબમાં લેવાતી હતી. આથી સરદારે બીજીવાર લગ્ન કરવાનો વિચાર કર્યો ન હતો. ૧૯૩૦ માં જેલમાં ગયા પછીથી તો એમણે પોતાનું અમદાવાદનું ઘરનું ઘર પણ કાઢી નાખ્યું હતું. ત્યાર પછી ભારત સ્વતંત્ર થયું અને એમના જીવનનો અંત

આવ્યો ત્યાં સુધી એમણે પોતે પોતાનું જુદું ઘર વસાવ્યું ન હતું. તેઓ આખા ભારતમાં અદ્દિલનને નિમિત્તે ઘૂમતા અને વયગાળાના દિવસોમાં કયારેક ગુજરાત વિદ્યાપીઠ, સાબરમતી આશ્રમ, આરડાલી આશ્રમ કે વર્ધાના સેવાગ્રામમાં જઈને રહેતા. સ્વતંત્ર સરકારમાં તેઓ નાયબ વડા પ્રધાન બન્યા ત્યારે દિલ્હીમાં સરકારી ઘરમાં રહેતા હતા. (એમના પુત્ર ડાહ્યાભાઈએ મુંબઈમાં ઘર માંડયું હતું.) આમ એમ કહી શકાય કે જેમ ગાંધીજીએ રાષ્ટ્રને ખાતર પોતાના અંગત ઘરનું વિસર્જન કરી દીધું હતું તેમ સરદાર પણ જેલ જીવનની શરૂઆત થતાં જ ૧૯૩૦થી પોતાના અંગત ઘરને વિસર્જન કરી સમગ્ર ભારતના બની ગયા હતા.

દેશને ખાતર જેમણે અંગત સુખનો ત્યાગ કર્યો અને પોતાની કાયાને ઘસી નાખી એવા આપણા મહાન સપૂતને વારંવાર નતમસ્તકે પ્રણામ હો !

સંઘ દ્વારા

'સ્મૃતિ શેષ સોપાન' પુસ્તકનો વિમોચન કાર્યક્રમ

ⓒ ચીમનલાલ 'કલાધર'

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સ્વ. મોહનલાલ મહેતા-'સોપાન'ના ધર્મપત્ની શ્રીમતી લાભુબહેન મહેતાએ સોપાનનાં જીવન સ્મરણોના લખેલા પુસ્તક 'સ્મૃતિ શેષ સોપાન' પુસ્તકનો ઉદ્‌ઘાટન સમારોહ ગુરુવાર, તા. ૧૩ ૧૧-'૮૬ના સાંજના ચાર વાગે ચર્ચગેટ પરના ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી શ્રી ધનશ્યામભાઈ ઓઝાના પ્રમુખસ્થાને યોજાયો હતો.

કાર્યક્રમનો પ્રારંભ 'સંઘ'ના સહમંત્રી શ્રીમતી નિરુબહેન શાહની પ્રાર્થનાથી થયો હતો. પુસ્તકનું ઉદ્‌ઘાટન કરતા 'જન્મભૂમિ' અને 'પ્રવાસી'ના તંત્રીશ્રી હરીન્દ્રભાઈ દવેએ જણાવ્યું હતું કે 'સ્વજનની વિદાયથી ચોંડી જવાય એવો શૂન્યાવકાશ આપણી ચોતરફ સર્જાય છે. સોપાનના અવસાન પછી સર્જાયેલા શૂન્યાવકાશમાંથી સ્મરણોના આધારે 'સ્મૃતિ શેષ સોપાન' પુસ્તક લખી શ્રીમતી લાભુબહેને એમના લખાણ તરફ આપણને અભિમુખ કર્યા છે. કોઈ વ્યક્તિ ક્ષરદેહે આપણી સાથે નથી હોતી ત્યારે આપણી સૌથી નજીક હોય છે એમ બહુમુખી પ્રતિભા ધરાવતા 'સોપાન' પણ અત્યારે આપણી વચ્ચે જ છે. સોપાનની દરેક કૃતિમાં એમની સર્જકતા દેખાય છે.'

ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બરના મહામંત્રી શ્રી રામુ પંડિતે જણાવ્યું હતું કે કોઈ પણ પૂર્વગ્રહ વગરની સોપાનની રાજકીય સમીક્ષાએ તત્કાલીન ગુજરાતી પત્રકારત્વને આગવું પરિમાણ બક્ષ્યું હતું. સોપાન જેવા પ્રતિભાશાળી પત્રકારો રહ્યા નથી એ અફસોસજનક છે.

સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે કહ્યું હતું કે સ્વજનનો વિયોગ કયારેક સાહિત્યનું નિમિત્ત બને છે. સોપાનનું નીડર, નીલિમ, ખુમારીભર્યું પત્રકારત્વ આજે અનેકોને પ્રેરણા આપે તેવું છે. તેમની સાહિત્યિક સાધનાની મારા પર ઊંડી છાપ પડેલી છે.

શ્રીમતી મૃણાલિની દેસાઈએ જણાવ્યું હતું કે સોપાનની નિખાલસતા તેમના વ્યક્તિત્વમાં પણ પ્રગટતી હતી અને પોતાના સંપર્કમાં આવતી દરેક વ્યક્તિના ગુણ પારખવાની તેમનામાં આવડત હતી.

'સ્મૃતિ શેષ સોપાન' પુસ્તકના વિમોચનની જવાબદારી પૂર્ણ થઈ એ બદલ શ્રીમતી લાભુબહેન મહેતાએ આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સોપાનની વિદાયથી મને ખાલીપો લાગે છે, તેમની સાથે ૫૫ વર્ષના સહવાસનાં સ્મરણો આલેખવા હું બેઠી ત્યારે સોપાનની હાજરી સતત મારી સાથે જ હોય તેમ અનુભવ્યું હતું. સોપાનમાં જેટલી સાહસવૃત્તિ નિર્ભિકતા હતી એટલી જ બીજાને મદદરૂપ થવાની ભાવના પણ હતી.

કાર્યક્રમના પ્રમુખ શ્રી ધનશ્યામભાઈ ઓઝાએ જણાવ્યું હતું કે દરેક વ્યક્તિ જન્મથી મહાન નથી હોતી, પ્રતિકૂળ સંજોગોમાં પણ હામ દેખાડે તે ખરા અર્થમાં માનના અધિકારી છે, મહાન છે. સોપાને તેમણે કરેલા કાર્યોથી માનના અધિકારી બન્યા હતા. સોપાન શાળાકીય શિક્ષણ ઓછું મેળવી શકયા હતા પરંતુ યોગ્ય ઘડતરને કારણે તેમનો વિકાસ થયો હતો અને તેઓ સ્વબળે આગળ આવ્યા હતા. સોપાનના જીવનમાં શૌર્ય, હિંમત, ત્યાગ અને બલિદાનની ભાવના એટલી વણાયેલી હતી કે એનાથી જ એમની શકિતઓ પૂર બહારમાં ખીલી અને લોકો સુધી પહોંચી.

કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ ડૉ. સુરેશ દલાલે કરતા જણાવ્યું હતું કે સ્મૃતિ એકદમ લીલીછમ હોય ત્યારે ટૂંકા ગાળામાં પુસ્તક લખવું એ મહત્ત્વની ઘટના છે. શ્રીમતી લાભુબહેને આ પુસ્તક લખી શબ્દોનો તાજમહેલ બાંધ્યો છે. સ્મૃતિ આક્રમક છે, વિસ્મૃતિ અશકય છે અને એમાંથી જ આ પુસ્તક સર્જન પામ્યું છે.

આગામી વર્ષથી મુંબઈના ગુજરાતી વર્તમાન પત્રોમાં પ્રસિદ્ધ થતાં શ્રેષ્ઠ ચિંતનાત્મક લેખોના કટાર લેખકને પ્રતિવર્ષ રૂા. ૧૦૦૦/-નું પારિતોષિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા અપાશે તેવી જાહેરાત શ્રીમતી કુસુમબહેને કરી હતી અને એ માટે તેમણે સોપાન પરિવાર વતી રૂા. ૧૫૦૦૦/-નો ચેક સંઘને અર્પણ કર્યો હતો.

સોપાન પરિવાર વતી શ્રી જિતેન્દ્ર એ. શેઠ અને મુંબઈ જૈન યુવક સંઘ વતી સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે આભારવિધિ કરી હતી.

કાર્યક્રમની પૂર્ણાહુતિ અનુપ જલોટાનાં ભજનોથી થઈ હતી.

* * *

મહિલા વકતૃત્વ તાલીમ વર્ગ

દર શુક્રવારે બપોરના ૨-૩૦ થી ૪-૦૦ સુધી નિયમિત ચાલુ છે.

અધ્યાપન : પ્રા. ધીરેન્દ્ર રેલિયા

લિ. મંત્રીઓ

સરદાર પટેલના કારાવાસના દિવસો

* ડૉ. રમણલાલ ચી. શાહ

કોઈપણ સામાજિક ગુના માટે જેલ ભોગવી પડે એ માનવને માટે લજ્જાસ્પદ કે કલંકરૂપ ગણાતું હોય છે. કારાવાસની કોટડીમાં રહી આવેલા માણસની દુનિયાના સમાજમાં ઊંચી પ્રતિષ્ઠા રહેતી નથી. સદાચારની સામાન્ય ભૂલચૂકને માટે માફી આપવામાં આવે છે, ઠપકો અપાય છે દંડ થાય છે, પરંતુ ઇરાદાપૂર્વક ગંભીર ગુનો કરનાર અને પકડાનાર વ્યક્તિને જેલની સજા કરવામાં આવે છે, જેથી ફરી તે એવો ગુનો ન કરે. વળી એવી વ્યક્તિથી સમાજ પણ એટલો વખત સુરક્ષિત રહે છે. એકાદ વખતની જેલયાત્રા પછી કેટલાય કેદીઓના જીવનમાં પરિવર્તન આવી જાય છે. સમાજમાં કાયદાનું વ્યવસ્થિત શાસન કરાવવું હોય તો જેલની વ્યવસ્થા અનિવાર્ય બની જાય છે. 'Prison is built by Stones of Law'-એમ એટલા માટે જ કહેવાય છે. કેટલાક ઐતિહાસિક કાળથી આપણે જોતા આવ્યા છીએ કે એક અથવા બીજા કારણને લીધે ગંભીર ગુનો કરનારને કારાવાસની સજા કરવામાં આવી હોય છે.

સામાજિક ગુનાઓની એક વાત છે અને રાજદ્વારી ગુનાઓની બીજી વાત છે. જાસૂસી બળવો ઇત્યાદિ રાષ્ટ્રદ્રોહ કરનારને કડકમાં કડક સજા ફરમાવવાનું ચાણક્ય નીતિમાં કહેવામાં આવ્યું છે પરંતુ વિદેશી શાસનની સામે રાષ્ટ્રપ્રેમની ઉચ્ચ ભાવનાથી પ્રેરાઇને જાહેરમાં હુકમનો વિનયપૂર્વક ભંગ કરી કે ગુનાનો સ્વીકાર કરી હસતે મુખે જેલમાં જવું અને જેલની યાતનાઓ સ્વેચ્છાએ સહન કરવી એ બીજી વાત છે. મહાત્મા ગાંધીજીએ ઇતિહાસના પાને આ પ્રકારનો પ્રયોગ વારંવાર કરી બતાવ્યો. એમને અનુસરીને એક નહિ પરંતુ હજારો-લાખો લોકોએ સ્વેચ્છાએ સમયે સમયે કારાવાસ સ્વીકાર્યો. એવી ઘટના ભારતમાં જેવી બની તેવી દુનિયામાં અન્યત્ર ભાગ્યે જ બની નથી.

ઓગણીસસોના ઓગણીસમાં શતકમાં બ્રિટિશ સામ્રાજ્યવાદ આખી દુનિયામાં ઠેર ઠેર પથરાઇ ગયો હતો. બ્રિટિશ સામ્રાજ્યમાં સૂર્ય કયારેય અસ્ત થતો નથી (ઉત્તર કે દક્ષિણ ગોળાર્ધમાં કોઈકને કોઈક સૂર્ય આકાશમાં હોય છે.) એવી લોકોક્તિ પ્રચલિત થઇ ગઇ હતી. પરંતુ સત્તાનો મદ ભલભલા સામ્રાજ્યોને પણ ડોલાવી દે છે. બ્રિટિશ સામ્રાજ્યની ઇમારત ભારતમાં ખરવા લાગી હતી. ૧૮૫૭ના બળવા વખતે અંગ્રેજો સાવધ થઇ ગયા અને પોતાના શાસનને સત્તા, દમન, અત્યાચાર, અન્યાયી કાનૂન દ્વારા વધારે મજબૂત કરવાનો પ્રયાસ કરતા હતા, પરંતુ નેપોલિયને કહ્યું છે તેમ 'All empires die of indigestion'-સત્તાના મદનો પણ અપચો થાય છે, પરિણામે બ્રિટિશ સલ્તનતે ભારતની વિરાટ પ્રજા સામે છેવટે નમતું જોખવું પડ્યું. આ સલ્તનતને ડુબાડનાર મુખ્ય નેતા તે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી. તેમને આરંભના વર્ષોમાં પ્રબળ ટેકો આપી, લડતના એમના સાથીદાર તરીકે સતત ઝઝુમનાર સરદાર પટેલ હતા. રાષ્ટ્રપ્રેમ ખાતર જેલ જીવન ભોગવવું એ તો જેના ભાગ્યમાં હોય તે જ પામી શકે એવું એમણે સિદ્ધ કરી બતાવ્યું. જેમને પણ મહેલ માનનાર એવા ત્યાગપરાયણ, સહિષ્ણુ નેતાઓએ પોતાનાં ઉદાહરણ દ્વારા જેલનો મહિમા ઘણો વધારી દીધો. રાષ્ટ્ર પ્રેમને માટે જેલ જીવનનો મહિમા ભારતમાં જેવો ગવાયો તેટલા મોટા પાયા ઉપર દુનિયામાં અન્યત્ર કયાંય હજુ સુધી ગવાયો નથી એનું એક કારણ એ છે કે સ્વાતંત્ર્યની લડતના પાયામાં ગાંધીજીએ અહિંસા અને પ્રેમની, ન્યાય અને નીતિની ભાવના ગૂંથી લીધી હતી, અને પ્રામાણિકપણે આચરણમાં મૂકી હતી.

સરદાર વલ્લભભાઇ પટેલનો જન્મ ઇ. સ. ૧૮૭૫માં ૩૧ મી ઓકટોબરે નડિયાદમાં થયો હતો, એમનું અવસાન ઇ. સ. ૧૯૫૦ માં ડિસેમ્બરની ૧૫ મી તારીખે મુંબઇમાં થયું હતું. આ ૭૫ વર્ષના જીવનમાં એમણે નીચે પ્રમાણે કારાવાસ ભોગવ્યો હતો :-

(૧) ઇ. સ. ૧૯૩૦ ના સાતમી માર્ચે ધરપકડ-રાસ ગામે ભાષણ બંધીનો ભંગ કરવા માટે – પોણાચાર મહિનાની જેલ

(૨) ૧૪મી ઓગસ્ટ, ૧૯૩૦ મુંબઇમાં ધરપકડ સરઘસ કાઢવા માટે ત્રણ મહિનાની જેલ.

(૩) ૧૯૩૦ ના ડિસેમ્બરમાં-ભાષણબંધીના ભાષણબંધીના ભંગ માટે-નવ મહિનાની સજા-પરંતુ ૧૯૩૧ના ૨૫ મી જાન્યુઆરીએ છૂટયા.

(૪) ઇ. સ. ૧૯૩૨, ૪ થી જાન્યુઆરી-ગાંધીજી સાથે ગિરફતાર-યરવડા જેલમાં-૧૯૩૪ના ૧૪મી જુલાઇએ માંદગીને લીધે એમને વહેલા છોડવામાં આવ્યા.

(૫) ૧૯૪૦, ૧૮ મી નવેમ્બર-વ્યક્તિગત સત્યાગ્રહ માટે અમદાવાદમાં ધરપકડ- ૧૯૪૧, ૨૦ મી ઓગસ્ટે માંદગીને લીધે છૂટયા-

(૬) ઇ. સ. ૧૯૪૨, ૯ મી ઓગસ્ટ 'હિન્દ છોડો'ના ઠરાવ માટે મુંબઇમાં ધરપકડ અહમદનગરની જેલમાં ૧૯૪૫ માં ૧૫મી જૂન વાઇસરોય સાથે સિમલા પરિષદમાં મંત્રણા માટે છોડવામાં આવ્યા.

વલ્લભભાઇ ઇંગ્લેન્ડ જઇ બેરિસ્ટર થઇ ભારત પાછા આવ્યા ત્યારે એમની ઉંમર ૩૮ વર્ષની હતી. ૪૧ વર્ષની ઉંમરે તેઓ ગાંધીજીના સંપર્કમાં આવ્યા અને ત્યારથી તેમના જીવનમાં ઘણું મોટું પરિવર્તન આવી ગયું. ગાંધીજીની દોરવણી અનુસાર એમણે ગુજરાતની સામાજિક અને સ્વાતંત્ર્ય માટેની રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ભાગ લેવો શરૂ કર્યો એમણે બેરિસ્ટર તરીકે શરૂ કરેલા વકિલાતના ધંધાનો ત્યાગ કર્યો અને ગુજરાતના જાહેર જીવનમાં એમણે ગાંધીજીની સાથે સમગ્રપણે ઝંપલાવ્યું. એમણે નાગપુર, બોરસદ, બારડોલી વગેરે સ્થળે સરકાર સામે સત્યાગ્રહ અને સહકારની લડત ચલાવી અને તેમાં વિજય મેળવ્યો. બારડોલીના સત્યાગ્રહના વિજય પછી સરદારની કીર્તિ આખા ભારતમાં ફેલાઇ અને તે વર્ષે કલકત્તાના કોંગ્રેસ અધિવેશનમાં એમનું અભૂતપૂર્વ સન્માન થયું. વલ્લભભાઇ હવે માત્ર ગુજરાતના જ નહિ સમગ્ર ભારતના નેતા બન્યા હતા. એ લડત વખતે જ ગાંધીજીએ વલ્લભભાઇ પટેલને 'સરદાર'નું બિરુદ આપ્યું હતું.

ઇ. સ ૧૯૨૨માં ગાંધીજીને જ્યારે સત્યાગ્રહ માટે પકડવામાં આવ્યા ત્યારે ગાંધીજીએ વલ્લભભાઇ અને પોતાના

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૪ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૧૫

મુંબઇ તા. ૧-૧૨-'૮૬
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છુટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

જીવદયાની એક વિરલ ઘટના

દુનિયામાં શાકાહારી પ્રજા ઘણી જ ઓછી છે. તેમાંનો મોટો ભાગ ભારતમાં છે. ભારતમાં શાકાહારીઓમાં જૈનો અને હિન્દુઓ મુખ્યત્વે છે. જેઓ શાકાહારી છે તેઓના દિલમાં દયાનો ભાવ, માનવ ઉપરાંત પશુ-પક્ષીઓ પ્રત્યે પણ રહેલો છે. જૈનોમાં તો સૂક્ષ્મ જીવો પ્રત્યે પણ અહિંસાની ભાવના રહેલી છે.

માય, બળદ, બકરાં, ઘેટાં, કૂતરાં વગેરેના અકાળ મૃત્યુનો પ્રશ્ન જ્યારે ઉદ્ભવે છે ત્યારે તે જીવોને બચાવવા જૈનો અને હિન્દુઓ દોડી જાય છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ વગેરે પ્રદેશમાં હાલ દુકાળ જેવી સ્થિતિને કારણે ગાય, બળદ વગેરે હજારો ઢોરોને મરતાં બચાવી લેવાનો પ્રશ્ન ઘણો ગંભીર બની ગયો છે. અન્ય પ્રદેશોમાંથી ઘાસ વગેરે લાવી, જીવોને બચાવવાનું કાર્ય ગયે વર્ષે ઘણી સારી રીતે થયું હતું. આ વર્ષે એથી પણ મોટું કાર્ય કરવાની જરૂર ઊભી થઇ છે. સદ્‌ભાગ્યે કાર્યકર્તાઓની બહુ ખોટ નથી. જરૂર છે મોટા પાયા પર અર્થસિંચનની. પ્રત્યેક પ્રદેશમાં લાખો રૂપિયાની જરૂર પડશે. જીવદયાની ભાવનાવાળી પ્રત્યેક વ્યક્તિનું યથાશક્તિ દાન આપવું એ પરમ કર્તવ્ય બની રહે છે.

આજથી દોઢસો વર્ષ પૂર્વે એટલે કે ઈ. સ. ૧૮૩૨ માં મુંબઇમાં બનેલી જીવદયા વિશેની એક ઘટના વર્તમાન સંદર્ભમાં બહુ જ પ્રેરક બને એવી છે.

દોઢસો વર્ષ પહેલાં ભારતમાં રેલગાડી નહોતી કે મોટરગાડી કે સાઇકલ પણ નહોતી. જમીન માર્ગે લોકોનો વ્યવહાર પગે ચાલીને અથવા ગાડાં દ્વારા અને જળ માર્ગે નાની નૌકા કે મોટાં સઢવાળાં વહાણોથી થતો.

ઓગણીસમી સદીની શરૂઆતથી મુંબઇ બંદર ઝડપથી વિકાસ પામતું ગયું. તે સમયે આજે જેને કોટ વિસ્તાર કહેવામાં આવે છે તેટલા વિસ્તારવાળા ટાપુ ઉપર અંગ્રેજોએ પોતાના સંરક્ષણ માટે કિલ્લો અને વિશાળ કોટ બાંધ્યો હતો. ત્યારે કોલાબાનો ટાપુ જુદો હતો અને તેના ઉપર ખાસ કંઇ વસવાટ નહોતો. કોટનો વિસ્તાર પાલવાથી ઘોબી તલાવ સુધીનો લગભગ હતો. આજનું આઝાદ મેદાન ત્યારે કોટ બહારનું સ્મશાન હતું. એરાબજાર અને બજારગેટ સ્ટ્રીટ એ મુંબઇની જૂનામાં જૂની શેરીઓ હતી. ભૂલેશ્વર અને પાયધુની એ કોટ બહારની નવી વસાહતો ચાલુ થવા લાગી હતી. જે. જે. હોસ્પિટલ અને ગિરગામ આસે દરિયો હતો. બાકીનું અત્યારનું મુંબઇ જંગલ અને વેરાન જેવું હતું. ત્યારે રેલવે નહોતી. બળદગાડી અને ઘોડાગાડીને વાહન વ્યવહાર હતો. ગુજરાત, કોંકણમાંથી લોકો દરિયા માર્ગે મુંબઇના બંદરે આવતા.

એ વખતે મુંબઇની નામાંકિત અને અત્યંત શ્રીમંત વ્યક્તિઓમાં શેઠ મોતીચંદ અમીચંદ હતા. તેઓ શેઠ મોતી શાહના નામે પ્રખ્યાત હતા. તેમનો વહાણવટાનો વેપાર હતો. એક બાજુ અરબસ્તાન તથા ઝાંઝીબાર સુધી અને બીજી બાજુ ચીન સુધી એમનાં વહાણો જતાં. એમનો વ્યવસાય ધમધોકાર ચાલતો.

અંગ્રેજોનું ત્યારે રાજ્ય ચાલતું હતું. મુંબઇની ત્યારે સાડા હજારની વસતી હતી. એ વખતે શેરીઓમાં કૂતરાઓનો ત્રાસ બહુ વધી ગયો હતો. એકાદ હડકાયા કૂતરાનો બનાવ બન્યો એટલે અંગ્રેજ અમલદારે હુકમ છોડ્યો કે મુંબઇના બધા જ કૂતરાઓને મારી નાખવામાં આવે. તરત જ કૂતરાઓને મારી નાખવાનું કામ ચાલુ થયું. રોજના અનેક કૂતરાઓની હત્યા થવા લાગી. કોઇ કોઇ ઠેકાણે કૂતરાઓનાં શબના ઢગ ખડકાયા. આ દૃશ્ય કંપાવનારું હતું. શેઠ મોતી શાહનો જીવ કકળી ઊઠ્યો. એમણે બીજા અગ્રણીઓને વાત કરી. જૈન અને હિન્દુ પ્રજાની લાગણી દુભાઇ હતી એ તો ખરું, પણ પારસીઓનાં દિલ પણ આ હત્યા જોઇને દ્રવી ગયાં. અંગ્રેજ સરકાર સામે તે સમયે લોકોએ મોટું બંડ પોકાર્યું. આખા મુંબઇએ હડતાલ પાડી. ઠેર ઠેર ભયંકર તોફાનો થયાં. પ્રજાને અંકુશમાં રાખવા માટે પોલીસ પૂરતી ન પડી, એટલે સરકારે લશ્કરને બોલાવ્યું. બંદૂકની અણીએ લશ્કરે શહેરને શાંત પાડી દીધું. કેટલાક માર્યા ગયા, કેટલાક ઘવાયા. સેંકડો લોકોની ધરપકડ થઇ. કોર્ટમાં કેસ દાખલ થયા. કેટલાય લોકોને વરસ બે વરસની કેદની સજા થઇ કેટલાક પુરાવાના અભાવે કોર્ટમાં નિર્દોષ ઠર્યા, પરંતુ કેસ ચાલ્યો ત્યાં સુધી જમીનના અભાવે ચાર-છ મહિના જેલની હવા ખાધી. કેટલાક જમીન આપીને છૂટી ગયા અને પછી કોર્ટમાં નિર્દોષ ઠર્યા. અંગ્રેજોએ દેશી લોકોને સત્તાના બળે દબાવી દીધા. અંગ્રેજો સામે મુંબઇનો પહેલવહેલો આ બળવો કૂતરાંની હત્યા નિમિત્તે થયો.

આ બાબતમાં કશુંક કરવું જોઇએ એવી ભાવના મુંબઇના અનેક દયાળુ લોકોને સ્ફુરી. એમાં શેઠ મોતી શાહે આગેવાની લીધી. કૂતરાંઓને ગામ બહાર પાંજરાપોળ બાંધીને રાખવામાં

આવે અને તેના નિભાવની જવાબદારી મહાજન ઉઠાવે એવી દરખાસ્ત સરકાર સમક્ષ રજૂ કરીને કૂતરાં ન મારવાનું વચન અંગ્રેજ સરકાર પાસેથી લીધું.

શેઠ મોતી શાહના આ કાર્યમાં જૈનો ઉપરાંત હિન્દુઓ, પારસીઓ, વ્હોરાઓ વગેરે સૌ સાથે જોડાયા. પૈસા વગર આવું કાર્ય થઈ શકે નહિ. કોઈકે તો મોટો ભોગ આપવો પડે. થોડા વખત પહેલાં શેઠ મોતી શાહે કાવસજી પટેલના તળાવ (સી. પી. ટેન્ક)ની પાસે આવેલી કાવસજી શેઠની વિશાળ વાડીમાંની જગ્યામાંથી મોટી જગ્યા રૂા. ૬૦,૦૦૦/–માં પોતાને માટે ખરીદી લીધી હતી. કોટ બહાર પાંજરાપોળ કરવા માટે એ જગ્યા યોગ્ય લાગી, તેમણે પોતાની એ જગ્યામાંથી રૂા. ૧૮૦૦૦/–ની કિંમતની જગ્યા પાંજરાપોળ કરવા માટે ભેટ આપી. ઉપરાંત પાંજરાપોળના બાંધકામ માટે એટલી જ મોટી રકમ આપી. જુદા જુદા શ્રેષ્ઠિઓ પાસે ઉઘરાણું કર્યું અને તેમાં પણ સારી રકમ મળી. પારસી ગૃહસ્થોએ પણ તેમાં ઘણો સારો ફાળો આપ્યો. એમાં સર જમશેદજી જીજીભાઇ અને શેઠ અમનજી હોરમસજી વાડિયાએ પણ ઘણી મોટી રકમ નોંધાવી. સૌથી વધુ ફાળો જૈનોનો હતો. તેત્રીસ જેટલા જૈન ગૃહસ્થોએ મળીને લગભગ દોઢ લાખ રૂપિયા એકઠા કર્યા.

પાંજરાપોળનો વિચાર કૂતરાંઓને થયો. પણ એમાં ગાય, બળદ, ઘેટાં, બકરા, ઉંદર, કબુતર વગેરે જીવો માટે પણ વ્યવસ્થા થઇ, દિવસે પાંજરાપોળમાં ઘણાં ઢોર આવતાં ગયાં. નિભાવખર્ચ ઘણું મોટું થઇ ગયું.

દોઢસો વર્ષ પહેલાં મુંબઇમાં કોટમાં શાંતિનાથ ભગવાનનું દેરાસર બંધાયું હતું. તેમાં પણ સૌથી મોટો ફાળો શેઠ મોતીશાહનો હતો. એ દેરાસરની બાજુમાં જ તેમણે પોતાને રહેવા માટે મકાન બાંધ્યું હતું. તે દિવસોમાં મુંબઇના શ્રાવકોને જૈન સાધુઓનો યોગ સાંપડતો નહિ કારણ કે વચ્ચે દરિયાની ખાડી આવતી હોવાથી વિહાર કરીને મુંબઇ સુધી પહોંચવાની સાધુઓને અનુકૂળતા નહોતી. વૈષ્ણવ મંદિરમાં મોટી હવેલીમાં ગોસાંઇજી મહારાજ રહેતા. શહેરના પવિત્ર પુરુષ તરીકે લોકોને તેમના પ્રત્યે અત્યંત પૂજ્ય ભાવ હતો. લોકોને તેઓ હવેલીનાં મંદિરમાં ભગવાનનાં દર્શન કરાવતા અને ઉપદેશ આપતા. આવા ધર્મપુરુષો પોતાને ત્યાં પધારે એ બહુ આનંદમય પ્રસંગ ગણાતો. જૈન અને વૈષ્ણવનો ત્યારે કોઇ મોટો ભેદ નહોતો. જૈનો પણ હિન્દુઓ સાથે એકરૂપ બનીને રહેતા. 'દાનવીર'ના બિરુદને શોભાવે એવા ઉદારદિલ શેઠ મોતીશાહ પ્રત્યે તમામ કોમને અત્યંત આદર હતો, કારણ કે એમણે બધી કોમ માટે મોટી સખાવતો કરી હતી.

એક દિવસ મોતીશાહ શેઠના ઘરે હવેલીના ગોસાંઇજી મહારાજની પધરામણી થઈ. મોતીશાહ શેઠ માટે અપરંપાર આનંદનો દિવસ હતો. ગોસાંઇજી મહારાજની આગતા – સ્વાગતા માટે મોટા પાયા ઉપર બધી તૈયારીઓ થઇ ગઈ. ગોસાંઇજી મહારાજ મોતીશાહ શેઠને ત્યાં પધાર્યા. પરસ્પર ધર્મની ઘણીબધી ચર્ચા થઇ અને મુંબઇના જીવનની પણ વાતો થઇ. મોતી શાહ શેઠે પધરામણીની ભેટ તરીકે ચાંદીના મોટા થાળમાં અનેક કીંમતી રત્નો સાથે રૂપિયા પંદર હજાર ગોસાંઇજી મહારાજના ચરણે ધર્યા અને કહ્યું કે પોતાને જેમ યોગ્ય લાગે તેમ એ રકમ વાપરે. જે જમાનામાં સરેરાશ માસિક પગાર એકબે રૂપિયા જેટલો હતો તે જમાનામાં રૂપિયા પંદર હજારની રકમની ભેટની કલ્પના કરવી જ અશક્ય. ગોસાંઇજી મહારાજ તો આશ્ચર્યમુગ્ધ બનીને જોઇ જ રહ્યા. તેમણે કહ્યું, 'શેઠ આટલા બધા રૂપિયા ન હોય.'

શેઠે કહ્યું, 'પ્રેમથી આપના ચરણોમાં ધર્યા છે, અને આપે એ સ્વીકારવાના જ છે.'

ગોસાંઇજી મહારાજ મોતી શાહ શેઠના પ્રેમનો અસ્વીકાર કરી શકયા નહિ, તેમણે ગળગળા થઇને કહ્યું, 'શેઠ મારે લાયક કોઇ કામ હોય તો કહેજો.'

'અમારે તો શું કામ હોય? આપને કંઇ મારું કામ હોય તો જરાપણ સંકોચ રાખશો નહિ''

ગોસાંઇજી મહારાજના મનમાં હતું કે શેઠ મોતીશાહ માટે કંઇક તો કરી છૂટવું જોઇએ. તેમણે ફરી આગ્રહપૂર્વક કહ્યું, 'શેઠ આપ તો ઘણા શ્રીમંત છો. બધું કરી શકો તેમ છો. તેમ છતાં સેવાનું એકાદ કામ મને ચીંધશો તો મારા જીવને આનંદ અને સંતોષ થશે.'

મોતીશાહ શેઠે કહ્યું, 'અનેક જીવોનું કલ્યાણ થાય એ જ મારી ભાવના છે. મુંબઇમાં અત્યારે મોટો પ્રશ્ન તો મૂંગા જાનવરોનો છે. ગોરા લોકો તેને નિર્દયતાથી મારી નાખે છે. બિચારાં જાનવરોનું કોઇ નથી. મેં પાંજરાપોળનું કામ ઉપાડ્યું છે. એ માટે પુષ્કળ પૈસા આપ્યા છે પરંતુ એ તો ઘણો મોટો નિભાવ ખર્ચ માગી લે એવું ગંજાવર કામ છે. પેઢીઓ સુધી એ ચલાવવાનું છે. આપને ઠીક લાગે તો તે માટે કોઇ ગૃહસ્થને યથાશક્તિ પ્રેરણા કરશો તો આનંદ થશે.' એટલું કહેતામાં તો મોતીશાહ શેઠની આંખો ભીની થઇ ગઇ.

ગોસાંઇજી મહારાજે કહ્યું, 'શેઠજી, ગૌમાતા અને બીજા મૂંગા જાનવરો પ્રત્યે આપણે દયા નહિ બતાવીએ તો કોણ બતાવશે? શેઠજી, તમારું કામ એ આપણા સૌનું કામ છે. આપે નિભાવ ફંડની વાત કરી તો એની જવાબદારી મારા માથે. આવશ્ય કાલે એ થઇ જશે.'

'આવતી કાલે? એક દિવસમાં તો તે કેવી રીતે થાય? એમાં તો દર વર્ષે લાખો રૂપિયા જોઇએ.'

'શેઠજી, એ હું જાણું છું. પરંતુ તમે મારામાં વિશ્વાસ રાખો. એ જવાબદારી હવે મારા માથે. આવતી કાલે એ થઇ જશે.'

મોતીશાહ શેઠ ગોસાંઇજી મહારાજનો જવાબ સાંભળીને વિચારમાં પડી ગયા. તેમને એમની વાતમાં વિશ્વાસ બેસતો નહોતો. ગોસાંઇજી મહારાજ એકલે હાથે તો કેટલું કામ કરી શકે?

બીજે દિવસે સવારે વૈષ્ણવ લોકો મંદિરમાં મંગળાનાં દર્શન માટે એકઠા થયા. પરંતુ મંગળાનાં દર્શન હજુ ખુલ્યાં નહોતાં. રોજ કરતા મોડું થયું. લોકો અધીરા થયા. તપાસ કરતાં ખબર પડી કે ગોસાંઇજી મહારાજે પોતે જ તે પ્રમાણે સૂચના આપી છે, લોકો આકળા થયા. ધમાલ મચી ગઇ. આગેવાન વૈષ્ણવો મહારાજ પાસે પહોંચ્યા. ગોસાંઇજી મહારાજે સ્પષ્ટ કહ્યું કે 'જ્યાં સુધી પાંજરાપોળના નિભાવની ટીપ નહિ થાય ત્યાં સુધી દર્શન ખૂલશે નહિ. અને ત્યાં સુધી હું અન્નપાણી લઇશ નહિ.'

આ સમાચાર વાયુવેગે આખા મુંબઇમાં પ્રસરી ગયા અને હિન્દુ તેમજ અન્ય સમાજમાં હાહાકાર મચી ગયો. હજારો લોકો મંદિરમાં એકઠા થઇ ગયા. કેટલાક વૈષ્ણવોને મંગળાના દર્શન પછી અન્નપાણી લેવાનો નિયમ હતો. તેઓ ભૂખ્યા થયા. પરંતુ ગોસાંઇજી મહારાજ પોતાના નિર્ણયમાં મક્કમ હતા.

(અનુસંધાન પૃષ્ઠ ૧૧૬ ઉપર)

જૈન ધર્મમાં કર્મ અને કષાય

● મુનિ શ્રી વાત્સલ્યદીપ

શ્રમણ ભગવાન મહાવીરને કેવળજ્ઞાન ઉપલબ્ધ થયું અને તેમણે સર્વપ્રથમ ધર્મ-પ્રવચન આપ્યું. પ્રારંભમાં જ તેમણે કહ્યું:

ઉપ્પન્નેઇ વા, વિગમેઇ વા, ધુવેઇ વા.

આ ત્રણ-ઉત્પાદ, વ્યય અને ધ્રુવ-શબ્દો દ્વારા ભગવાન મહાવીરે જૈન તત્ત્વજ્ઞાનની ભવ્ય અને વિરાટ ઇમારતનો પાયો બાંધી આપ્યો. તેમણે કહ્યું:

દ્રવ્ય ઉત્પન્ન થાય છે.

દ્રવ્ય નાશ પામે છે.

દ્રવ્ય સ્થિર રહે છે.

દ્રવ્યના પ્રત્યેક અંશમાં નિત્ય અને નિયમિત પરિવર્તન થાય છે. પ્રતિપળ તે ઉત્પન્ન થાય છે, નષ્ટ થાય છે અને સ્થિર પણ રહે છે. દ્રવ્યનું મૂળ સ્વરૂપ અકબંધ અને અખંડ રહે છે, પણ તેમાં પર્યાય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય (સ્થિરતા) આ ત્રયાત્મક સ્થિતિને સત્ કહે છે, અને જે સત્ છે તે દ્રવ્ય છે.

દા. ત. સોનું એ સુવર્ણરૂપે સ્થિર રહે છે. તેનાં રૂપ અને ઘાટ બદલાય છે. પણ સોનું નથી બદલાતું, તાત્પર્ય દ્રવ્યનો નાશ નથી થતો. દ્રવ્યનું રૂપાંતર થાય છે. મૂળ દ્રવ્ય તો જેવું હોય તેવું ને તેવું જ રહે છે.

આપણે જોઇએ છે કે જીવ મરી જાય છે, વાસ્તવમાં જીવ કયારેય મરતો નથી. જીવ બીજો જન્મ લે છે. તેનો દેહ માત્ર બદલાય છે. તેનો આત્મા દ્રવ્યરૂપે તો તે સ્થિર જ રહે છે. અક્ષય અને સનાતન રહે છે.

જીવ કહો, આત્મા કહો, ચેતન કહો, સત્ કહો તે બધાં એક જ અર્થવાચી શબ્દો છે. જૈન ધર્મ સહિત તમામ આસ્તિક-આત્મવાદી ધર્મો કહે છે કે આત્મા અનાદિકાળથી કર્મથી બંધાયેલો છે. જૈન ધર્મમાં જીવ અને કર્મ વિષે સૂક્ષ્મ, ગહન અને વિસ્તૃત વિચારણા કરવામાં આવી છે.

જેનામાં સહજ અને સ્વભાવિક વૃત્તિ અને પ્રવૃત્તિ હોય તે જીવ છે. તે ચેતન છે. ખાવાની વૃત્તિ, ભયની વૃત્તિ, મૈથુનની વૃત્તિ, અને મારાપણાની વૃત્તિ આ ચાર મુખ્ય વૃત્તિ અને પ્રવૃત્તિ જેમાં હોય તે જીવ છે.

દેહની સાથે આત્મા એકાકાર ને સંયુકત હોય છે ત્યારે એ જીવાત્મામાં ઉપર્યુકત ચાર સહજ વૃત્તિ અને પ્રવૃત્તિ હોય છે. જીવાત્માની આ બાહ્ય ઓળખ છે.

જીવાત્માનું ભીતરી સૌન્દર્ય પણ છે. અનુભૂતિથી તે અભિવ્યકત થાય છે. આત્માનું આ ભીતરી સૌન્દર્ય નિરંજન અને નિરાકાર છે. કર્મથી એ મુકત છે. તત્ત્વની અપેક્ષાએ આત્મા ન એ સ્ત્રી છે, ન પુરુષ છે, ન નપુંસક. આત્મામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શકિત અને અસીમ સુખ રહેલાં છે. આ તેનાં મૂળભૂત ગુણો છે.

જૈન ધર્મ માને છે કે કર્મના આવરણના કારણે આત્માનું અનુપમ સૌન્દર્ય અવરુદ્ધિત રહે છે. જીવાત્મા જેવાં કર્મો કરે છે તેવું તેને ફળ મળે છે. કર્મના લીધે જ જીવાત્મા જન્મમરણનાં દુઃખો ભોગવે છે, અને આ જ કર્મના કારણે તે વિવિધ સુખો ભોગવે છે. જીવાત્માને કોઇ સુખ કે દુઃખ આપતું નથી. એ પોતે જ તેનો કર્તા અને ભોકતા

આત્મા અને કર્મનો સંબંધ અનાદિ છે, પણ અનંત નથી. આ અનાદિ સંબંધનો કાયમ માટે અંત કરી શકાય છે.

કર્મ પુદ્ગલ છે. શરીર પૌદ્ગલિક છે. તેનું કારણ કર્મ છે. આથી કર્મ પણ પુદ્ગલ છે. પૌદ્ગલિક કાર્યનું સમવાયી કારણ પૌદ્ગલિક હોય છે. માટી પુદ્ગલ છે/ભૌતિક છે, તો તેનાથી બનનાર પદાર્થ પણ પૌદ્ગલિક/ભૌતિક જ હોવાનો.

આહાર આદિ સાનુકૂળ સામગ્રીથી સુખની અનુભૂતિ થાય છે. શસ્ત્ર આદિ વાગવાથી દુઃખની. આહાર અને શસ્ત્ર બંને પૌદ્ગલિક છે એ જ પ્રમાણે સુખ-દુઃખનું કારણ કર્મ પણ પૌદ્ગલિક છે.

બેડીથી જીવાત્મા બંધાય છે. દારૂ પીવાથી તે બકવાસ કરે છે કે પાગલ બને છે. કલોરોફોર્મ સુંઘાડવાથી તે બેભાન બને છે. બેડી, દારૂ, કલોરોફોર્મ વગેરે જડ પદાર્થો છે. પૌદ્ગલિક વસ્તુઓ છે. તેની અસર માણસના તન, મન અને આત્મા ઉપર પડે છે, તે જ પ્રમાણે જડ પુદ્ગલ એવાં કર્મના સંયોગથી જીવાત્માના મૂળભૂત જ્ઞાન-દર્શનાદિ ગુણો ઢંકાય છે અને તે સુખ-દુઃખ અનુભવે છે.

કર્મ એક જ પ્રકારનું નથી. તેના અનેકવિધ પ્રકાર છે. કાર્ય-ભેદની દૃષ્ટિએ કર્મના મુખ્ય આઠ વિભાગ છે. તેને પ્રકૃતિબંધ કહે છે. કર્મની મૂળ પ્રકૃત્તિ આઠ છે. પ્રકૃતિ એટલે સ્વભાવ. કર્મના આઠ પ્રકારના સ્વભાવ છે. તે આ પ્રમાણે:

આત્માના જ્ઞાન-ગુણને આવૃત્ત કરનાર પુદ્ગલને જ્ઞાનાવરણીય કર્મ કહે છે.

આંખે પાટો બાંધ્યો હોય તો આંખ હોવા છતાંય કંઇ જોઇ શકાતું નથી. આત્મામાં અનંતજ્ઞાન રહેલું છે, પરંતુ આ કર્મ આત્મા ઉપર આવરણ બનીને રહે છે ત્યાં સુધી આત્માનું જ્ઞાન થતું નથી. જ્ઞાન-પ્રાપ્તિ કરવામાં આ કર્મ અવરોધક બને છે.

આ કર્મ પાંચ પ્રકારનું છે.

જ્ઞાન અને જ્ઞાનીની નિંદા કરવાથી, જ્ઞાન અને જ્ઞાનીનો દ્વેષ કરવાથી, જ્ઞાન અને જ્ઞાનીનું અપમાન કરવાથી, જ્ઞાનીના ઉપકાર ભૂલવાથી, જ્ઞાની સાથે અકારણ ઝઘડા કરવાથી, તેમ જ જ્ઞાન ભણનારને અને ભણાવનારને અંતરાય પાડવાથી-આ છ કૃત્યો કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

જ્ઞાનાવરણીય કર્મના લીધે જીવાત્મા બહેરો હોય, મૂંગો હોય, મંદ બુદ્ધિનો હોય, નિર્મળ બુદ્ધિ ન હોય, તે આત્માનું જ્ઞાન પામે નહિ વગેરે ફળ ભોગવે છે.

આત્માના અનંત દર્શન-ગુણને આવૃત્ત કરનાર પુદ્ગલને જ્ઞાનવરણીય કર્મ કહે છે.

ચોકીદાર જો કે ચોકીદાર ચોકી કરતો હોય તો એ વિસ્તારમાં પ્રવેશ કરી શકાતો નથી. એ જ પ્રમાણે આ કર્મ આત્માનું દર્શન થવામાં અવરોધક બને છે.

આ કર્મ નવ પ્રકારનું છે.

ગુણીજનોની નિંદા-કુથલી કરવાથી, ગુણી અને જ્ઞાનીજનોની અવહેલના કરવાથી, કૃતઘ્ન થવાથી, ભગવાનનાં વચનોમાં શંકા-કુશંકા કરવાથી, ધર્મસાધનામાં અવરોધ ઊભો કરવા વગેરેથી દર્શનાવરણીય કર્મ બંધાય છે.

દર્શનાવરણીય કર્મના લીધે જીવાત્માને આંખે ઓછું દેખાય, અંધાપો આવે, અનિદ્રાનો ભોગ બને, બેઠાં બેઠાં કે ચાલતાં ચાલતાં ઊંઘે, આત્માનું દર્શન કરી શકે નહિ વગેરે ફળ ભોગવે છે.

સુખ અને દુઃખની અનુભૂતિ કરાવનાર પુદ્ગલને વેદનીય કર્મ કહે છે.

તલવારની ધાર જેવું છે આ કર્મ. તલવારની ધાર પર મધ ચોપડયું હોય અને તે ચાટવાથી પહેલાં તો મીઠાશનો અનુભવ થાય, પણ પછી તે ધાર વાગવાથી દુઃખ ને વેદનાનો અનુભવ થાય છે, અને અઠીણ ચોપડેલ તલવારની ધાર ચાટવાથી પહેલાં અને પછી બંને સમયે કડવાશનો અનુભવ થાય છે,

આ કર્મથી સુખની પણ અનુભૂતિ થાય છે અને દુઃખની પણ અનુભૂતિ થાય છે.

આ કર્મ બે પ્રકારનું છે.

જીવ માત્ર ઉપર દયા – કરુણા કરવાથી, દુઃખીઓના દુઃખમાં સહભાગી બની તેમનાં દુઃખ હળવા કરવાથી શાતા વેદનીય કર્મ બંધાય છે.

અને જીવોને ત્રાસ-સંતાપ આપવાથી, તેમનાં દુઃખોથી રાજી થવાથી અશાતા વેદનીય કર્મ બંધાય છે.

શાતા વેદનીય કર્મના લીધે જીવાત્માને મનગમતા અને મનભાવતા ભોગોપભોગ મળે છે.

અશાતા વેદનીય કર્મના લીધે ગરીબાઇ, રોગ વગેરે દુઃખો મળે છે.

આત્માને વિકૃત અને મૂઢ બનાવનાર પુદ્ગલને મોહનીય કર્મ કહે છે.

નશીલા પદાર્થોનું સેવન કરનાર માણસ કોઇ પણ પ્રકારનો વિવેક જાળવી શકતો નથી. તે જ પ્રમાણે આ કર્મના લીધે જીવાત્મા આત્મભાન ભૂલી જાય છે અને ક્ષણભંગુર ભોગોપભોગમાં આસકત બને છે.

આ કર્મ ૨૮ પ્રકારનું છે.

તીવ્રપણે ક્રોધ, માન, માયા અને લોભ કરવાથી, ધર્મના નામે અધર્મનું આચરણ કરવાથી, અનાચાર-અભિચાર કરવા વગેરેથી મોહનીય કર્મ બંધાય છે.

આ કર્મના લીધે જીવાત્મા મોહાંધ, રાગાંધ અને વિષયલુબ્ધ બને છે. તે ઇર્ષાળુ, અધડાખોર, માયાવી અને ઢોંગી બને છે. અકારણ-સકારણ ભયભીત અને શોકાકુળ બને છે, વગેરે વગેરે.

જીવનનું નિર્માણ કરતાં પુદ્ગલને આયુષ્ય કર્મ કહે છે.

કેદખાના જેવું છે આ કર્મ, કેદ-જેલમાં પુરાયેલા માણસ પોતાની ઇચ્છા મુજબ આવાગમન નથી કરી શકતો. તે પ્રમાણે આ કર્મના લીધે જીવાત્મા દેહરૂપી કેદખાનામાં પુરાયેલો રહે છે.

આ કર્મ ચાર પ્રકારનું છે.

૧. જીવોની જેમાં પ્રતિપળ હિંસા થતી હોય તેવા કામ-ધંધા કરવાથી, ૨. સંગ્રહાખોરી કરવાથી, ૩. માંસાહાર કરવાથી અને ૪. પંચેન્દ્રિય જીવની હત્યા કરવાથી જીવાત્મા નરક ગતિમાં જાય છે.

૧. કપટ સહિત જૂઠું બોલવાથી, ૨. વિશ્વાસઘાત કરવાથી, ૩. જૂઠું બોલવાથી અને ૪ ખોટાં તોલ-માપ કરવાથી જીવાત્મા તિર્યંચ ગતિમાં જાય છે. અર્થાત્ પશુ-પંખીનો અવતાર પામે છે.

૧. સ્વભાવથી નિષ્કપટી, ૨. સ્વભાવથી વિનીત, ૩. દયાળુ અને ૪. ઇર્ષારહિત હોય તે મનુષ્યભવ પામે છે.

૧. દીક્ષા લઇને સંયમ પાળવાથી, ૨. ગૃહસ્થપણામાં શ્રાવ્રતનું પાલન કરવાથી, ૩. જ્ઞાનહીન તપ કરવાથી અને ૪. પરવશપણે સમતાભાવે દુઃખ સહન કરવાથી જીવાત્મા દેવગતિમાં જાય છે. અર્થાત્ દેવ-દેવી-ઇન્દ્રણી બને છે.

ઉપરોકત પ્રમાણે કર્મ બાંધવાથી તે તે કર્મફળ જીવાત્મા ભોગવે છે.

જે પુદ્ગલના નિમિત્તથી જીવનની વિવિધ સામગ્રી મળે છે તેને નામ કર્મ કહે છે.

ચિત્રકાર જેવું છે આ કર્મ. ચિત્રકાર પેન્સિલ અને પીંછીથી જાતજાતનાં ચિત્રો બનાવે છે, તે જ પ્રમાણે આ કર્મના લીધે જીવાત્મા વિવિધ રૂપ અને આકારનાં શરીરને પ્રાપ્ત કરે છે.

આ કર્મ ૧૦૩ પ્રકારનું છે.

મન, વચન અને કાયાને સરળ અને પવિત્ર તેમ જ સહુ સાથે પ્રેમ અને મિત્રભાવથી વ્યવહાર કરવાથી શુભનામ કર્મ બંધાય છે અને મન, વચન અને કાયાને વક્ર અને અપવિત્ર રાખવાથી તેમ જ સહુ સાથે કલેશ-કંકાસ કરવાથી અશુભ નામ કર્મ બંધાય છે. શુભ નામ કર્મથી મનગમતાં ભોગોપભોગ મળે છે, યશ મળે છે, રૂપ મળે છે, આરોગ્ય વગેરે સુખો મળે છે.

અશુભ નામ કર્મથી અભાવ, દુર્ભાવ અને પીડા મળે છે. બદનામી મળે છે, બીમારી આવે છે વગેરે અનેક દુઃખો ભોગવવા પડે છે.

ઉચ્ચ અને નીચ એમ બે પ્રકારનું આ કર્મ છે. જે પુદ્ગલના પ્રભાવથી ઉચ્ચ ગોત્ર મળે તે ઉચ્ચ ગોત્ર કર્મ અને જે પુદ્ગલના પ્રભાવથી નીચ ગોત્ર મળે તે નીચ ગોત્ર કર્મ કહેવાય છે.

કુંભારના જેવું છે આ કર્મ – કુંભાર એક જ માટીમાંથી અનેક પ્રકારનાં ઠામ બનાવે છે, તે પ્રમાણે આ કર્મના લીધે એક જ શરીરમાં અનેક પ્રકારના અનુભવ થાય છે.

જાતિ, કુળ, બળ, રૂપ, તપ, જ્ઞાન, લાભ અને ઐશ્વર્ય – આ આઠમાંથી કોઇ એકનું કે એકથી વધુનું અભિમાન કરવાથી નીચ ગોત્ર કર્મ બંધાય છે અને એવું અભિમાન ન કરવાથી ઉચ્ચ ગોત્ર કર્મ બંધાય છે.

ઉચ્ચ ગોત્ર કર્મથી સુખી-સંપન્ન અને સંસ્કારી કુટુંબમાં જન્મ મળે છે, રૂપ મળે છે, બળ મળે છે, સમૃદ્ધિ મળે છે, વગેરે ઉત્તમ સામગ્રી મળે છે. જ્યારે નીચ ગોત્ર કર્મથી એથી વિપરીત મળે છે. અર્થાત્ હલકી જાતિ, કુળમાં જન્મ મળે છે. ગરીબાઇ, રોગ, કુરૂપ વગેરે મળે છે,

ક્રિયાત્મક શકિતમાં અવરોધ ઊભો કરતાં પુદ્ગલને અંતરાય કર્મ કહે છે.

ખજાનચી જેવું છે આ કર્મ. સંસ્થાએ કે માણિકે આપવાની રકમની મંજૂરી આપી દીધી હોય પરંતુ એ રકમ ખજાનચી આપે ત્યારે જ એ રકમ મળી શકે છે. એ જ પ્રમાણે આત્મામાં અનંત શકિત અને ગુણો રહેલાં છે. પરંતુ આ કર્મના લીધે તે પ્રાપ્ત થઇ શકતાં નથી.

આ કર્મ પાંચ પ્રકારનું છે.

કોઇ દાન દેતું હોય તો તેમાં આડખીલીરૂપ બનવાથી, કોઇને લાભ મળતો હોય તો તે લાભ મળતો રોકવાથી, કોઇને ખાન પાન કરતા અટકાવવાથી, કોઇને ધર્મધ્યાન કરતો રોકવા વગેરેથી આ અંતરાય કર્મ બંધાય છે.

આ કર્મના લીધે જીવાત્મા દાન દઈ શકતો નથી. લાભ મેળવી શકાતો નથી. ભોગ અને ઉપભોગ ભોગવી શકતો નથી, તેમ જ ધર્મની આરાધના કરી શકતો નથી.

આ આઠ કર્મો અને તેનાં ભેદકર્મોથી આત્મા જ્યાં સુધી સંયુકત અને સંબદ્ધ હોય છે, ત્યાં સુધી જીવાત્માનો પુનર્જન્મ થતો જ રહે છે.

પુનર્જન્મ એટલે કર્મથી બંધાયેલા જીવાત્માનું જન્મ અને મૃત્યુનું પુનઃ પુનઃ પુનરાવર્તન.

માણસ પોતાના આત્માને કર્મથી મુકત પણ કરી શકે છે. તપ, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, જપ આદિ ધર્મસાધના કરીને તે પોતાના આત્માને નિર્મળ અને નિર્મમ બનાવી શકે છે. ધર્મની ઉત્કટ અને ઉગ્ર સાધનાથી તમામ કર્મોનો ક્ષય કરીને જીવાત્મા મુકત અને શુદ્ધ થઈ શકે છે.

જીવાત્મા તમામ કર્મોનો નાશ કરે છે ત્યારે તે પરમાત્મા બને છે.

રાગ અને દ્વેષ ઉત્પન્ન કરનાર કર્મ-પુદ્ગલને કષાય કહે છે. કર્મ બંધ થવાનું મુખ્ય કારણ કષાય છે.

કષાયમાં બે શબ્દ છેઃ અને આય. કષ એટલે જન્મ-જન્માંતર, આય એટલે કરાવનાર. જે જીવાત્માને જન્મજન્માંતર કરાવે તેને કષાય કહે છે.

કષાય મુખ્યત્વે બે છેઃ રાગ અને દ્વેષ.

વિસ્તારથી કષાય ચાર પ્રકારના છેઃ ૧. ક્રોધ ૨. માન, ૩. માયા અને ૪. લોભ.

આ કષાય એક મનોવેગ છે. આવેશ છે. ગમો, અણગમો, ભય, શોક, જુગુપ્સા, ઘણા આદિ કષાયને જન્મ આપે છે.

આ કષાયથી આત્મા દૂષિત બને છે. કર્મથી બંધાય છે.

તરતમતાથી કષાય ચાર પ્રકારના છેઃ

૧. અનંતાનુબંધીઃ જે આવેગમાં ઉત્પન્નની નિત્યતા અને નિરંતરતા હોય છે. અંતહીન ઉત્પન્નનું ય ઉત્પન્ન હોય તેને અનંતાનુબંધી કહે છે. સરળ શબ્દમાં તેને તીવ્રતમ કહી શકાય.

આ અનંતાનુબંધી કે તીવ્રતમ આવેગ પથ્થરમાં પડેલ રેખા જેવો હોય છે, આ રેખા પડી તે પડી. પડ્યા પછી તે ભૂંસી શકાતી નથી, કષાય તીવ્રતર હોય છે ત્યારે સત્ય સૂઝતું નથી, તે માટે રુચિ પણ થતી નથી.

અનંતાનુબંધી કષાયના કારણે સમ્યગ્દર્શન ઉપલબ્ધ થતું નથી.

૨ અપ્રત્યાખ્યાની : કષાયના આવેગની આ બીજી અવસ્થા છે. આ આવેગ તીવ્રતર હોય છે. માણસ જાણે છે કે કષાય ન કરવા જોઈએ, પણ તે કર્યા સિવાય રહી શકતો નથી. તીવ્રતાથી એ કષાય કરી બેસે છે.

આ અપ્રત્યાખ્યાની કે તીવ્રતર કષાય જમીન પર દોરેલી રેખા જેવાં છે. જમીન પર દોરેલી રેખા પ્રયત્નથી ભૂંસી શકાય છે, તેમ દૃઢ મનોબળથી તીવ્રતર કષાય પર વિજય મેળવી શકાય છે.

જ્યાં સુધી તીવ્રતર કષાય હૈયે હોય, ત્યાં સુધી માણસ બાર વ્રતોનું પાલન યથાયોગ્ય કરી શકતો નથી.

૩. પ્રત્યાખ્યાની : કષાયના આવેગની આ ત્રીજી અવસ્થા છે. આ આવેગ મંદ હોય છે તીવ્રતર કષાયો મોળા અને પાતળા પડે છે ત્યારે આ ત્રીજી અવસ્થા પ્રાપ્ત થાય છે.

પરંતુ જ્યાં સુધી હૈયે મંદ કષાય હોય છે ત્યાં સુધી માણસ યથાર્થમાં સાધુ નથી બની શકતો.

આ પ્રત્યાખ્યાની કે મંદ કષાય રેતીમાં દોરેલ રેખા જેવો છે. ભૂમિ ઉપર દોરેલી રેખાને ભૂંસવા માટે જેટલો પ્રયત્ન કરવો પડે છે તેનાથી ઓછા પ્રયત્ને રેતીમાં દોરેલી રેખા ભૂંસી શકાય છે. એ જ પ્રમાણે થોડાક વધુ વિવેક અને સજગતા રાખવાથી કષાયથી બચી શકાય છે.

૪. સંજ્વલન : કષાયના આવેગ મંદતર હોય છે. મંદતર કષાયને સંજ્વલન કહે છે. આ આવેગની આ ચોથી અવસ્થા છે.

પાણીમાં દોરેલી રેખા જેવા આ કષાય હોય છે. પાણીમાં રેખા દોરી નથી કે ભૂંસાઈ નથી. રેખા પૂરી દોરાઈ રહે ત્યાં સુધીમાં તો એ ભૂંસાઈ જાય છે.

આ મંદતર કષાય હોય ત્યાં સુધી વીતરાગતા પ્રાપ્ત થતી નથી.

આ ચારેય પ્રકારના કષાય સંપૂર્ણ ક્ષીણ અને ખતમ થઈ જાય છે, ત્યારે જ વીતરાગ બનાય છે.

શ્રમણ ભગવાન મહાવીરે કષાય-નિયંત્રણની ત્રણ પદ્ધતિ બતાવી છેઃ ૧ ઉપશમન, ૨. ક્ષયોપશમન, અને ૩. ક્ષયીકરણ.

આવેગનું જેવું અને જેટલું દમન કરી તેને કચડીને ખતમ કરી નાંખવો કે તે ફરીથી ઊભો ન થાય. આ ઉપશમન છે. આ દમન પદ્ધતિ છે.

થોડું કે દમન કરવું. થોડોક ક્ષય કરવો દમન અને ક્ષય એક સાથે કરવા તેને ક્ષયોપશમ કહે છે. સરળ અર્થમાં કહીએ તો કષાયનો રસ્તો બદલી નાંખવો. ક્રોધને ક્ષમાથી જીતવો. આમ ઉદાત્ત બનવું આ માર્ગાંતરણ-પદ્ધતિ છે.

કષાયોને પૂરેપૂરા ક્ષીણ કરી દેવા. ખતમ કરી નાંખવા. કષાયોનો સર્વાંત સુધી વિલય કરતા જવું તેને ક્ષયીકરણ કહે છે. આ વિલયની પદ્ધતિ છે.

કષાયોનું ઉપશમન થાય છે. ક્ષયોપશમ થાય છે અને ક્ષયીકરણ થાય છે.

આ કરવા માટે કષાયના પ્રતિપક્ષની મદદ લેવી જોઈએ. કષાયનો પ્રતિપક્ષ છે ભાવનાઓ. ભાવનાઓને સુદૃઢ કે સબદ્ધ કરવાથી કષાયોનો વિલય થઈ જાય છે.

ક્રોધનો પ્રતિપક્ષ છે શાંતિ.
માનનો પ્રતિપક્ષ છે મૃદુતા
માયાનો પ્રતિપક્ષ છે સરળતા.
લોભનો પ્રતિપક્ષ છે સંતોષ.

શાંતિ, મૃદુતા, સરળતા અને સંતોષના સંસ્કારને પુષ્ટ કરવાથી કષાયો ખતમ થઈ જાય છે.

કષાયો સર્વથા ને સંપૂર્ણ વિલય થાય છે ત્યારે જ સાધક વીતરાગ બને છે.

*** મહાવીર વંદના અને સ્નેહ મિલન :**

શ્રી વિદ્યાબહેન મહાસુખભાઈ ખંભાતવાળા પ્રેરિત મહાવીર વંદના અને સ્નેહ મિલનનો કાર્યક્રમ રવિવાર, તા. ૧૧ મી જાન્યુઆરી, ૧૯૮૭ના રોજ યોજવામાં આવેલ છે. સ્થળ સમય અને કાર્યક્રમની વિગત હવે પછી જણાવવામાં આવશે. આ પ્રવૃત્તિના સંયોજક શ્રી ચીમનલાલ જે. શાહ છે.

સ્વયં જાગૃતિ

ડૉ. કુમારપાળ દેસાઈ

સ્વયં જાગૃતિ ઘણી નમ્રતાની અપેક્ષા રાખે છે. આનું કારણ એ છે કે જે સમયે તમે એમ કહો છો કે 'હું જાણું છું' એ સમયે જ જાણકારીનાં બધાં દ્વાર બંધ થઈ જાય છે. જે વખતે એમ કહો કે 'હું આમ માનું છું' કે તરત જ બીજા બધા વિચારોનો ધ્વંસ થઈ જાય છે. મનને જાણવા માટે નમ્રતાની જરૂર છે. આ નમ્રતા જ ધીરે ધીરે જાગૃતિનો પ્રકાશ લાવે છે, પણ આ નમ્રતા એ અંતરમાંથી ઊગેલી નમ્રતા હોવી જોઈએ, ઓઢાડેલી નહિ. આ નમ્રતાને કારણે માનવી કર્મ કરશે, પણ કર્તાનો ભાર નહિ રાખે. દરેક સારા કર્મમાં એ પોતાને તો માત્ર નિમિત્ત જ માનશે. અહીં એને આત્મ જાગૃતિનો અનુભવ થશે. સ્વયં તે અનુભૂતિનો વિષય છે. એ આતુરતા કે અકળામણથી નહિ. પણ એકાંતથી પ્રાપ્ત થાય છે. ગૂંગળાવી મૂકે તેવા કોલાહલમાં નહિ, પણ નીરવ શાંતિમાં સાંપડે છે. શબ્દોની જાળથી સ્વયંને પકડી શકાશે નહિ, સાંભળેલા ઉપદેશો કે મળેલી શિખામણથી એને શોધી શકાશે નહિ. એને જાણવા માટે તો વ્યક્તિએ પોતે પુરુષાર્થ કરવાનો છે. એને માટે 'એકલો જાને રે' નો સિદ્ધાંત અપનાવવાનો છે.

ભગવાન મહાવીરના જીવનમાં સ્વયં જાગૃતિનો પરમ પુરુષાર્થ જોવા મળે છે. સંન્યસ્ત સ્વીકાર્યા અગાઉના દિવસે ભગવાન મહાવીર કુમાર ગામની બહાર રાત્રે કાઉસગ્ગ કરીને ઊભા હતા, ધ્યાનમાં હતા ત્યારે એક ખેડૂત તેમની પાસે બળદ મૂકીને તેમને સંભાળવાનું કહી ગયો. મધરાત થતાં એ બળદ લેવા માટે ગામમાંથી પાછો આવ્યો, પણ જોયું તો બળદ ન મળે. એણે મહાવીરને પૂછયું, પરંતુ ધ્યાનમગ્ન મહાવીર પાસેથી એને જવાબ ન મળ્યો. ગોવાળને થયું કે સમય વીતી જાય છે અને બળદ કયાંના કયાંય ચાલ્યા જશે. એણે બળદની શોધમાં જવાનું જ ઉત્તમ માન્યું. આખી રાત આ શેઢેથી પેલે શેઢે, આ સીમથી પેલી સીમ એ ઘૂમ્યો, પગે કાંટા વાગ્યા, એકવાર સાપની ભોણ પર પગ પડયો, બે-ચાર વાર પડતો-આખડતો માંડ બચ્યો, હેરાન-હેરાન થઈ ગયો; પણ બળદનો પત્તો ન લાગ્યો તે ન જ લાગ્યો.

આકાશમાં પ્રભાતી તારા ઝબૂકવા લાગ્યા. નિરાશ ગોવાળ જ્યાં તરફ પાડો કર્યો! જતાં જતાં મહાવીર ઊભા હતા, ત્યાં આવ્યો. આશ્ચર્ય સાથે જોયું તો બંને બળદો મહાવીરની પાસે બેઠા હતા. થાકયા-પાકયા ગોવાળના ગુસ્સાનો પાર ન રહ્યો. એણે મહાવીર પર હાથમાં રહેલી રાશ ઉગામી કે ખાળબળથી દેવરાજ ઇંદ્રએ રાશ પકડી લીધી અને ખેડુતને કહ્યું કે, 'આ તો રાજા સિદ્ધાર્થના પુત્ર રાજસંન્યાસી વર્ધમાન છે.'

ગોવાળને એની ભૂલ સમજાઈ. અને એ શરમાતો લળી લળીને પગે લાગતો બળદ લઈને ચાલ્યો ગયો. આ સમયે દેવરાજ ઇંદ્રએ કહ્યું, 'ભગવંત, બાર વર્ષ સુધીનો આપનો અરણ્યવાસ અનેક વિપદાઓ લાવશે. મને આપ સાથે રાખો, હું આપના પ્રવાસની ખેવના રાખીશ.' ત્યારે ભગવાન મહાવીરે કહ્યું. 'આત્માનો માર્ગ એકાકીનો જ છે. આંતર શત્રુઓનો નાશ કરવા નીકળનાર, કદી કોઈની સહાય સ્વીકારતા નથી જીવન શુદ્ધિની આ યાત્રા તો સહુએ એકલા જ ખેડવાની હોય છે. દેવ, મનુષ્ય કે પશુઓ જે કોઈ કષ્ટ ઊભાં કરે તે હું કોઈપણ સહાય વિના સહન કરવા માંગુ છું.

દેવરાજ ઇંદ્રએ ફરી કહ્યું, 'પ્રભુ, ઠીક કહું છું, મારી સહાય સ્વીકારો.'

ત્યારે ભગવાન મહાવીરે કહ્યું, 'દેવરાજ! આત્માના શત્રુઓ પણને ખીલવવું. છે અને તે પણ તપ સંયમ અને ધ્યાનથી. કોઈની પણ સહાય, પછી તે દેવ, અસુર કે માનવ હોય, પણ આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે નિરર્થક છે.'

અને ભગવાન મહાવીરે એકલે હાથે સ્વયં જાગૃતિની યાત્રાનો આરંભ કર્યો સ્વયંની પાસે જનાર જીવનનો કોઈ જુદો જ અનુભવ કરશે. એના હાથ તો શું, પણ પ્રાણ ખાલી નહિ હોય. એનું જીવન સમૃદ્ધ ભાવોથી ભર્યું ભર્યું થઈ જશે. ત્યાં કોઈ અભાવ નહિ હોય, કોઈ અસંતોષ નહિ હોય કે કોઈ મૂર્છા નહિ હોય...કાળી ગાઢ રાત્રિનો કાળો ડીબાંગ અંધકાર થીજીને પૃથ્વી પર સૂતો હોય. પરંતુ સૂર્ય આવતાં એ એકાએક ચાલ્યો જાય છે. કોઈનેય એ ઘોર અંધકારનો એકાદ અંશ પણ મળે છે ખરો? ના, સૂર્ય પ્રગટ થતાં સઘળો અંધકાર લોપ પામે છે, એ જ રીતે સ્વયં જાગૃતિ થતાં ક્રોધ, અભિમાન, માયા અને લોભ બધું જ નષ્ટ થઈ જશે. કઈ રીતે નષ્ટ થશે આ બધું? તો એ વિશે આગમ શાસ્ત્રો કહે છે.

उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे ।
मायं चऽज्जवभावेण, लोभं संतोसओ जिणे ॥

(ક્ષમાથી ક્રોધનો નાશ થાય છે, નમ્રતાથી અભિમાન પર વિજય મળી શકે, ઋજુતાથી માયા પર અને સંતોષથી લોભ પર વિજય મેળવી શકાય.)

એને કોઈ એષણા કે આકાંક્ષા નહિ રહે. આથી તો પોતાની પાસે માત્ર બે લંગોટી અને એક લોટો હોવા છતાં સ્વામી રામતીર્થ પોતાની મસ્તીને હંમેશા 'બાદશાહ' કહેતા હતા. તરસ લાગે તો કહે કે બાદશાહ રામને તરસ લાગી છે. જરા પાણી લાવો. ભોજનની વેળા થાય તો કહે કે બાદશાહ રામના ભોજનનો સમય થઈ ચૂક્યો છે. એમણે એક પુસ્તક લખ્યું અને એનું નામ રાખ્યું: 'બાદશાહ રામના છ હુકમો.'

બધાને આ ઘણું વિચિત્ર લાગે. સાધુ થયેલ પોતાની જાતને બાદશાહ કેમ કહેવાય? બાદશાહ પાસે તો સત્તા, વૈભવ, અને સામ્રાજ્ય હોય. જ્યારે સ્વામી રામતીર્થ પાસે તો કશું જ ન હોય! તેઓ અમેરિકાના પ્રવાસે ગયા ત્યારે એમની પોતાની જાતને બાદશાહ કહેવા છો? તમારી પાસે તો કશું નથી.

સ્વામી રામતીર્થ જવાબ આપ્યો, 'બસ, આ માટે જ મારી જાતને બાદશાહ કહું છું. મારે કશી જરૂર નથી મારી કોઈ માગણી નથી. કોઈ ઇચ્છા નથી કોઈ અભાવની પીડા નથી. હું પૂરેપૂરો સમૃદ્ધ છું, માટે મારી જાતને બાદશાહ કહું છું અહીં તો તમારા અમીરમાં અમીર માનવી પણ ખૂબ ગરીબ છે, કારણ કે એની માગણી હજી સંતોષાઈ નથી ઘણા અભાવથી એ પીડાય છે.'

આમ સ્વયં જાગૃત થતા વ્યક્તિને જુદો જ અનુભવ થશે. આખું જગત એનું એ હશે પણ એની દૃષ્ટિ બદલાઈ ગઈ હશે. ઘટનાઓ પૂર્વવત્ બનતી હશે. પણ એના આઘાત પ્રત્યાઘાતમાં ઘણું પરિવર્તન આવી ગયું હશે. માનવી માત્ર પોતાની દૃષ્ટિએ નહિ પણ વ્યાપક દૃષ્ટિએ વિચારતો થઈ

ગયો હશે. એ આદર આપતો હશે, પણ યોગ્ય વસ્તુને આદર આપવાની એનામાં સમજ આવી હશે. સામાન્ય રીતે માનવી એ વ્યક્તિને આદર આપતો હોય છે કે એવા થવાની એને ઝંખના હોય છે. જો એને ધનવાન થવું હશે તો ધનિકની કદમબોસી કરતો હશે. જો એને સત્તાધારી થવું હશે તો ખુરશી ધરાવનારાઓનું સન્માન કરશે. તમે જે થવા માગતા હો તેનું પ્રતિબિંબ તમારા આદરમાં પડતું હોય છે. મનની ઇચ્છાઓએ એક માપદંડ ઊભો કરી દીધો છે. અને એ માપદંડથી માણસ ચાલતો હશે. વળી માનવ સ્વભાવની વિલક્ષણતા તો એ છે કે એક તરફ જેને આદર આપતો હોય છે, બીજી બાજુ તેની ઇર્ષા કરતો હોય છે. એ સત્તાનું સન્માન કરતો હોય છે, પરંતુ સત્તા ભોગવનારની એને ઇર્ષા પણ થતી હોય છે એ ધનવાનને આદર આપતો હોય છે, પરંતુ એના ધનની એને પારાવાર ઇર્ષા થતી હોય છે.

ઉર્દુના મહાકવિ ગાલિબ બહાદુરશાહ 'ઝફર'ના રાજ્યારોહણની વર્ષગાંઠ ભોજનનું નિમંત્રણ મળતાં રાજમહેલમાં ગયા. અને દ્વારપાળે તૂટેલા પગરખાં, ફાટેલાં કપડાં અને જૂની ટોપીવાળા ગાલિબને ધમકાવીને પાછા કાઢ્યા. પરંતુ એ પછી બીજની પાઘડી શેરવાણી અને પગરખાં પહેરીને ગાલિબ ગયા તો દ્વારપાળે એમને આદરભેર ઝુકીને સલામ કરી આ પછી બહાદુરશાહ, 'ઝફર' અને ગાલિબ બન્ને જમવા બેઠા તો ગાલિબે એક મિઠાઇ લીધી અને પાઘડીને અડાડીને કહ્યું, 'લે. પાઘડી ખા. બીજી મિઠાઇ લીધી અને રેશમી અંગરખાને અડાડીને કહ્યું, 'લે, અંગરખા ખા.' પહેલાં તો શહેનશાહ બહાદુરશાહ ઝફરે માન્યું કે કવિઓ ધૂની હોય છે. એમ ગાલિબની આ કોઇ ધૂન હશે. પણ જોયું તો મિર્ઝા ગાલિબ, તો ભોજનને બદલે કપડાં અને પાઘડીને વાનગીઓ અડાડતા હતા. આખરે અકળાઇને બાદશાહે કહ્યું, 'અરે ગાલિબ! આ તમારી કેવી આદત છે. આ વાનગીઓ પાઘડી અને અંગરખાને કેમ અડાડયા કરો છો?'

ગાલિબે કહ્યું, 'ગાલિબ તો આની પહેલા આવ્યો હતો, પણ એને પાછો મોકલી દેવામાં આવ્યો. હવે તો આ કોટ અને કપડાં આવ્યા છે અને તેય ઉધાર. આથી તમને ભોજન કરાવું છું. મને તો મહેલમાં આવવા દીધો નહોતો, પણ આ ઉધાર કપડાંને લીધે મહેલમાં પ્રવેશ મળ્યો, તો પછી ભોજનના હકદાર તો આ કપડાં જ ગણાય ને?'

મિર્ઝા ગાલીબની વાત સાચી હતી. આપણી તૃષ્ણાઓ મુજબ આપણે સહુનો આદર સત્કાર કરતા હોઇએ છીએ. પણ જ્યારે આકાશ જેવી અનંત તૃષ્ણા ચાલી જાય ત્યારે? જ્યારે 'હું' નીકળી જાય ત્યારે હરિની મૂલાકાત બહુ નજીક હોય છે. પ્રભુ ખ્રિસ્તના ક્રોસને તો આપણે જોયો છે. એમાં ઊભા લીટાને એક આડી લીટી છેદે છે. માણસ એના 'આપ'ને છેદે તો પ્રભુ બની શકે. એને માટે આ જગતમાં નમ્રતાપૂર્વક એણે પોતાની જાતનો વિચાર કરવાની જરૂર છે એક નાનકડો માણસ પોતાના વિશે કેટલી બધી ધારણાઓ અને કલ્પનાઓ કરતો હોય છે. એ વ્યાપક સંદર્ભની વચ્ચે પોતાની જાત જોતો નથી. આપણે તો એક સૂર્યને જોઇએ છીએ પણ આવા તો અનેક સૂર્ય છે. એમાં પણ આપણી પૃથ્વી તો એક નાનકડો ગ્રહ છે. એમાં એના ત્રણ ભાગ પર પાણી અને એક ભાગ પર જમીન છે. એ જમીન પર આવેલો તમારો ખંડ, તમારો દેશ, તમારું રાજ્ય, તમારો જિલ્લો તાલુકો અને ગામ અને તેમાં એક પોળમાં આવેલું તમારું ઘર અને એમાંય તમારા દીવાનખંડમાં ત્રણ કૂટની ખુરશીમાં બેઠા હો ત્યારે વિચાર કરો કે આ જગતના મહાસાગરમાં તો આપણે એક બિંદુ સમાન છીએ. આપણી જાતને આવી અખિલાઇથી જોઇએ ત્યારે આપણને એનો સાચો ખ્યાલ આવશે. આથી જ અમાવસ્યાની અંધારી ઘનઘોર રાત્રે રાબિયા જોર જોરથી ચીસ પાડી ઊઠી 'આગ લાગી છે આગ લાગી છે. કોઇ રે બચાવો!'

ભર ઊંઘમાંથી ઊઠીને કેટલાંક લોકો દોડી આવ્યા. કેટલાંક આંખો ચોળતા હતા. તો કેટલાંક ઊંચે શ્વાસે દોડી આવ્યા. બધા એની ઝુપડીની આસપાસ એકઠા થઇ ગયા.

અરે! આ કેવું આશ્ચર્ય! ન કર્યાંય આગ જોવા મળે છે. ન કર્યાંય જ્વાળા છે કે નથી કર્યાંય ધુમાડો, છતાં અંદરથી સંત રાબિયાની ચીસો સંભળાતી હતી, 'હું બળી રહી છું, મને કોઇ બચાવો.'

કોઇક તો આ આગનો અવાજ સાંભળીને ધૂળ લઇને દોડી આવ્યા તો જોઇ પાણીના ઘડા ભરીને લાવ્યા, પરંતુ કોઇને કર્યાંય આગ દેખાઇ નહિ. મોટી આગ તો શું, પણ નાનકડો દીવેય ઝુંપડીમાં બળતો નહોતો, લોકોને થયું કે નક્કી રાબિયા પાગલ થઇ ગઇ છે, ફાનસ લઇને લોકો ઝુંપડીમાં દાખલ થયા તો હજીય રાબિયાની ચીસો સંભાળતી હતી. ગામલોકો તો વિચારમાં પડી ગયા. એમણે કહ્યું;

'અરે! પાગલ થઇ ગઇ છે તું? કર્યાં છે તારી આગ? અહીં તો એક ચિનગારીય દેખાતી નથી. અને તું આગનાં પોકારો કરે છે? બતાવ, આગ લાગી છે કર્યાં?'

રાબિયા રડવું બંધ કરીને હસવા લાગી. એ બોલી,' પાગલ તમે છો કે હું? આગ તમારા ઘરમાં લાગી છે અને એ બુઝાવવા અહીં આવ્યા છો! ચાલ્યા જાઓ અહીંથી ઘેર જઇને આગ શોધજો. તમારી ધુળ કે તમારું પાણી મારા હૈયાની આગ કઇ રીતે બુઝાવશે? ઓહ પરમાત્મા! એ તો મારે જાતે જ બુઝાવવી પડશે.'

આમ માનવીની ભીતરમાં એક આગ હોય છે, જો એ નિદ્રામાં હશે તો પોતાના ભીતરની આગને બુઝાવવાને બદલે ધૂળ અને પાણી લઇને બહાર દોડશે. બહારનું પાણી અંદરની આગને કઇ રીતે ઠારી શકાશે? એ આગને ઠારવા માટે તો પ્રમાદ છોડી અપ્રમાદનું શરણું લેવું પડશે. પ્રમાદમાં રહેલા પાણી લેવા દોડે છે, ધૂળના ખોબેખોબા ભરીને તૈયાર છે. બહારની શોધ માણસને દોડતો જ રાખે છે, આખી જિંદગી સિકંદર સત્તા અને ઐશ્વર્યની પાછળ દોડયો. પણ કશું ન મળ્યું. આથી એણે પોતાના બંને હાથ નનામીની બહાર ખુલ્લા રાખવાનો આદેશ આપ્યો હતો. દરેક માનવીમાં અહમનો હિટલર છે કે સત્તાનો સિકંદર છે એ સિકંદર જેટલો મોટો હશે એટલો એનો ખાલીપો વધુ હશે.

સ્વયંજાગૃતિની ક્ષણે એક નવો જ અનુભવ થાય છે. એ પછી માનવી લેવાને બદલે આપવાનો, ભોગને બદલે સમત્વનો વિચાર કરશે. જેની પાસે હૈયામાં જેટલી સમૃદ્ધિ હોય તેટલી તે આપી શકે માણસ જો શૂન્ય હશે તો શૂન્યતા જ આપશે પણ સ્વયં જાગૃત હશે તો આનંદ વહેંચશે. એ પછી માનવી લેવાની બદલે આપવાનો, ભોગને બદલે ત્યાગનો, અહમને બદલે સોહમૂનો અને મમત્વને બદલે સમત્વનો વિચાર કરશે. જેની પાસે હૈયામાં જેટલી સમૃદ્ધિ હોય તેટલી તે આપી શકે છે માણસ જો શૂન્ય હશે તો શૂન્યતા આપશે, પણ સ્વયંજાગૃત હશે. તો આનંદ વહેંચશે. એક એવી સ્થિતિનો અનુભવ કરશે કે ત્યાં અભાવ નથી, સ્પર્ધા નથી, આંધળી દોટ નથી. જ્યાં માત્ર સત્, ચિત્, અને આનંદ છે. આથી જ આગમ શાસ્ત્રો કહે છે: કે, જાતને જીતીને જ સાચું સુખ પ્રાપ્ત કરી શકાય.' [अप्पाणमेव अप्पाणं, जइता सुहमेहए।]

(પૃષ્ઠ ૧૧૦ થી ચાલુ)

(જીવદયા એક વિરલ ઘટના)

કંઈક માર્ગ કાઢવો જ જોઈએ. એમ બધાને લાગ્યું. બધા મહાજનોના આગેવાનો તરત એકત્ર થયા વાટાઘાટો ચાલી. જીવદયાનું કામ મહત્ત્વનું છે એ સૌના હૈયે વસ્યું હતું. એટલે એમાં સહકાર આપવા સૌએ તત્પરતા બતાવી. મુંબઈ બંદર ઉપર તો મોટા પાયે માલની હેરફેર થતી. એના પર લાગો નાખવામાં આવે તો પાંજરાપોળના નિભાવ માટે જીવદયાના કામ માટે આપોઆપ નિયમિત મોટી રકમ મળતા કરે અને વખતોવખત ઉઘરાણાં કરવાં ન પડે.

ગોસાંઈજી મહારાજ પ્રત્યે સૌ નગરજનોને બહુ આદર હતો. એમણે કોઈ સ્વાર્થનું નહિ, પણ પરમાર્થનું, મૂંગા જનાવરો પ્રત્યે દયાનું કામ હાથમાં લીધું હતું. એમાં અંગત કોઈનો સ્વાર્થ પણ ન હતો. એમાં ભારતીય ધર્મપરંપરાની ઊંચી ભાવના હતી. સાડાચારસો જેટલા હિંદુ, પારસી અને જૈન આગેવાન વેપારીઓએ અને મહાજનના અગ્રણીઓએ લાગડતોળ મહિમાહે વાટાઘાટો કરીને સ્વેચ્છાએ હોંશથી અને સર્વાનુમતે નીચે પ્રમાણે લાગો નક્કી કરી લીધો

	રૂ. આ. પા.
* રૂ ઉપર દર સુરતી ખાંડીએ	૦-૪-૦
* અફીણની દરેક પેટી પર	૧-૦-૦
* ખાંડ-દેશાવરથી આવતા દરેક ખાંડના ઢાગીના પર	૦-૧-૦
* ખાંડ-મોરસ-દેશાવરથી આવતા દરેક ઢાગીના પર	૦-૦-૬
* હુંડી-મુંબઈથી લખાતી અથવા મુંબઈમાં સ્વીકારાતી હુંડી પર દર સેંકડે	૦-૦-૩
* મોતીની ખરીદી પર દર સેંકડે	૦-૪-૦

લાગાની આ શરતો નક્કી થઈ ગઈ એટલે બધા મહાજનના અગ્રણીઓ ગોસાંઈજી મહારાજ પાસે પહોંચ્યા. એમના હાથમાં બરડો આપ્યો. સહી-સિક્કા થયા. ગોસાંઈજીના હર્ષનો પાર રહ્યો નહિ. એમ કરતાં લગભગ બપોર વેળા થઈ ગઈ. ગોસાંઈજી મહારાજે મહાજન સમક્ષ લાગાનો ખરડો વાંચી સંભળાવ્યો અને તે બધાંને સ્વેચ્છાએ, હોંશથી કબૂલ મંજૂર છે એમ પાકું જાણી લીધું ત્યાર પછી ભગવાનના દર્શન ખૂલ્લાં મૂક્યાં. લોકોએ ગોસાંઈજી મહારાજને પારણું કરાવ્યું. જીવદયાનું એક ઉત્તમ કામ થયું એથી લોકોના હર્ષનો પાર ન રહ્યો.

મુંબઈની પાંજરાપોળ માટે આ લાગાની રકમ સને ૧૮૩૫ ના નવા ફાતિંકા વર્ષથી લેવાનું નક્કી કરવામાં આવ્યું. લાગાની આ રકમ પ્રમાણે પાંજરાપોળને દર વર્ષે લગભગ ત્રણ લાખ રૂપિયા જેટલી રકમ મળવા લાગી. લગભગ દોઢસો વર્ષ પહેલાં દર વર્ષે ત્રણ રૂપિયા જેટલી આ જંગી રકમ મળતા ગાય, બળદ, કૂતરાં અને બીજાં મૂંગા અગ્રણીઓના નિભાવ માટે પાંજરાપોળને કશી જ ચિંતા નહિ રહી હોય તેની ખાતરી કરાવે છે. શેઠ મોતીશાહ અને ગોસાંઈજી મહારાજના પ્રખર પુણ્યની એ પ્રતીતિ કરાવે છે.

સી. પી. ટેન્ક પાસેની પાંજરાપોળની વિશાળ જગ્યામાં અનેક ઢોર જાનવરોને રાખવામાં આવતાં હતાં એમ છતાં વધુ ઢોર-જાનવરો-આવવા લાગ્યા હતાં. જગ્યા સાંકડી પડવા લાગી. શેઠ મોતીશાહ પછી એ બધાંને સમાવવાનો પ્રશ્ન જ્યારે જોયો થયો ત્યારે શેઠ મોતીશાહે એ પરિસ્થિતિ જોઈને તે સમયના મુંબઈની નજીક ચીમડ (ચાંમુડ-ચેમ્બુર) નામના આખા ગામની જમીન પોતાના ખર્ચે વેચાતી લઈ લીધી અને ત્યાં હજારો જાનવરોને રાખવામાં આવ્યાં. દોઢસો વર્ષ પહેલાં શેઠ મોતીશાહ, ગોસાંઈજી મહારાજ અને પારસી સદ્‌ગૃહસ્થોએ જીવદયાનું કેવું ભગીરથ કાર્ય કર્યું હતું તેનો ખ્યાલ મુંબઈનો જૂનો ઇતિહાસ વાંચતાં આવે છે. (જુઓ મોતીચંદ કાપડિયા કૃત 'શેઠ મોતીશાહ')

પારસીઓ માંસાહારી હતા તો પણ શેઠ મોતીશાહ'ના સંપર્કમાં આવ્યા પછી જીવદયાના કામમાં હોંશથી લાગી ગયા હતા. એમાં શેઠ જમશેદજી જીજીભાઈ, શેઠ બમનજી હોરમસજી વાડિયા, શેઠ ખરદેસજી ફરદુનજી પારેખ વગેરે પારસી આગેવાનોએ મુંબઈની પાંજરાપોળના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. વર્ષો સુધી પાંજરાપોળનો વહીવટ અને હિસાબ શેઠ જમશેદજી જીજીભાઈની પેઢીમાં રહેતો.

મુંબઈની પાંજરાપોળ નામની આ સંસ્થા આજે પણ એ જ રૂપમાં વિદ્યમાન છે. શેઠ મોતીશાહના તપના તેજની આપણને એ હજુ પણ યાદ અપાવે છે.

મુંબઈના નાગરિક જીવનની ભવ્ય ગાથારૂપ આ ઐતિહાસિક ઘટના અનેકને માટે પ્રેરણારૂપ બની રહે એવી છે.

-રમણલાલ ચી. શાહ

સંઘ સમાચાર

*** સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્ર**

'સંઘ'ના ઉપક્રમે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્ર આગામી તા. ૯ અને ૧૦, જાન્યુઆરી, ૧૯૮૭ના રોજ ધનિયન મરચન્ટસ્ ચેમ્બર્સના કમિટિ હોલમાં યોજવામાં આવેલ છે. વ્યાખ્યાતા અને વિષયની વિગત હવે પછી જાહેર કરવામાં આવશે. આ પ્રવૃત્તિના સંયોજક પ્રો. (શ્રીમતી) તારાબહેન ર. શાહ છે.

કડોદમાં નેત્રયજ્ઞ

કડોદ-હરિપુરા વિભાગ વેલ્ફેર સોસાયટી સંચાલિત શ્રી દામોદરદાસ ગાંધી હોસ્પિટલ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે રવિવાર, તા. ૧૪-૧૨-૧૯૮૬ના રોજ કડોદ (જિ. સૂરત) મુકામે સવારના ૧૦-૦૦ કલાકે યોજવામાં આવેલ છે. આ પ્રવૃત્તિના સંયોજક શ્રી રસિકલાલ લહેરચંદ શાહ છે.

જ્ઞાનગોષ્ઠિ

'સંઘ'ના ઉપક્રમે શુક્રવાર, તા. ૧૬મી જાન્યુઆરી ૧૯૮૭ના રોજ સાંજના ૬-૦૦ કલાકે પૂ. સ્વામી સચ્ચિદાનંદજીનો એક વાર્તાલાપ પરમાનંદ કાપડિયા સભાગૃહમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૩૫૦૨૯૬) યોજવામાં આવેલ છે. આ પ્રવૃત્તિના સંયોજક શ્રી સુબોધભાઈ એમ. શાહ છે.

*** શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક**

'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન (જાન્યુઆરીથી ડિસેમ્બર, ૧૯૮૬) પ્રગટ થયેલા લખાણ (એક અથવા વધુ લેખો) માટે રૂ. ૧૦૦૦નું શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક 'સંઘ' તરફથી આપવામાં આવે છે. તદનુસાર સને-૧૯૮૬ના પારિતોષિક અંગેના નિર્ણાયકો તરીકે (૧) ડૉ. રમણલાલ ચી. શાહ (૨) ડૉ. દિનેશ ભટ્ટ (૩) શ્રી જયેન્દ્ર એમ. શાહ અને (૪) શ્રી પન્નાલાલ ર. શાહ સેવા આપશે.

(પૃષ્ઠ ૧૧૮ થી ચાલુ)

સ્વ. પૂજ્ય શ્રી અભયસાગરજી મહારાજ

સાહિત્યનું જે એક મહત્વનું કાર્ય કર્યું તે 'ભાકૃત રસ ઝરણાં'ના નામે બે દળદાર ગ્રન્થોમાં એમણે હસ્તપ્રતો ઉપરથી આપણી સ્તવન-ચોવીશીનું સરસ અધિકૃત સંપાદન કર્યું એ છે. એમાંનું કેટલુંક હજુ પ્રકાશિત થવું બાકી છે. એમણે કેટલાંક વર્ષ પૂર્વે સાધુઓને માટે ઉપયોગમાં આવતાં વસ્ત્ર-ઉપકરણ વગેરેને લગતો એક મહત્ત્વનો પારિભાષિક ગ્રન્થ તૈયાર કર્યો હતો. 'તત્ત્વજ્ઞાન સ્મારિકા' નામનો વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન વચ્ચેના ભેદને સમજાવતા જુદા જુદા લેખકોના લેખોનો એક સંગ્રહ એમણે પ્રગટ કરાવ્યો હતો. સાગરાનંદજી મહારાજનાં પ્રવચનોમાંથી સામગ્રી એકત્ર કરીને 'આગમ જ્યોત' નામથી પુસ્તિકાઓ પણ તેઓ વર્ષોથી પ્રગટ કરાવતા હતા. આમ એમના હાથે જૈન સાહિત્યનાં વિવિધ ક્ષેત્રોમાં ઘણું મહત્ત્વનું કાર્ય થયું છે.

સ્વ. અભયસાગરજી મહારાજનું બીજું એક મહત્વનું કાર્ય તે નાગેશ્વર તીર્થના સંશોધનનું છે. પોતાના ગુરુ ધર્મસાગરજી મહારાજ સાથે એ પ્રદેશમાં તેઓ ઘણું વિચરેલા. નાગેશ્વર મહાદેવ તરીકે પૂજાતી મૂર્તિ તે પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે એ એમણે શોધી કાઢયું, સિદ્ધ કરી બતાવ્યું અને બાવાજી પાસેથી એ તીર્થ જૈન સમાજને મેળવી આપ્યું એ એમની મહાન સેવા છે.

પૂ. અભયસાગરજી મહારાજ અત્યંત સરળ અને ભોળા સ્વભાવના હતા. તેમનાં હૃદય અને વાણી નિર્મળ હતાં. એમની પાસે બેઠાં હોઇએ ત્યારે પવિત્રતાનું મુગ્ધકર વાતાવરણ અનુભવાતું.

એમના કાળધર્મથી એક પરમ તેજસ્વી વિભૂતિની આપણને ખોટ પડી છે. નત મસ્તકે એમને ભૂરિ ભૂરિ વંદના.

દુષ્કાળ રાહત નિધિ

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનાં ઘણા જિલ્લાઓમાં આ વર્ષે ભયંકર દુષ્કાળની પરિસ્થિતિ ચાલુ થઇ ગઇ છે. આ પરિસ્થિતિ આપણે ધારીએ તેના કરતાં ઘણી વિષમ અને કારમી છે.

ગયા વર્ષે ગુજરાત રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ઓછા વરસાદને કારણે દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઇ હતી. પ્રજાજનોએ અને સરકારે ભારે મહેનત કરીને, સારું એવું ફંડ એકત્ર કરીને હજારો ઢોરોને મરતાં બચાવી લીધાં હતાં. જીવદયાનું ઉત્તમ અને અભિનંદનીય કાર્ય થયું હતું.

ગયા વર્ષની વરસાદની ખેંચ હતી જ. તેમાં વળી આ વર્ષે પણ નહિ જેવો જ વરસાદ થતાં ખેતી અને ઘાસચારા માટે વિકટ પરિસ્થિતિ સર્જાઇ છે. પીવાના પાણીની તકલીફ પણ દિવસે દિવસે વધતી જવાનો સંભવ છે. ગયા વર્ષે સરકાર પાસે દુષ્કાળની પરિસ્થિતિ માટે નાણાં ફાળવવાની સારી જોગવાઇ હતી. આ વર્ષે દુષ્કાળ વધુ મોટા પાયા પર છે. કુંએ આધારભૂત સાધનો દ્વારા જાણવા મળે છે તેમ સરકાર પાસે નાણાંની એટલી બધી જોગવાઇ નથી. આથી આ આપત્તિને પહોંચી વળવા માટે પ્રજાજનોએ જ વધુ સજ્જ થવાની અપેક્ષા રહે છે. અછત અને દુષ્કાળના વિસ્તારોમાં જાતે ફરવાથી પરિસ્થિતિ કેટલી કરુણ છે તેનો ખ્યાલ આવે છે. દિવાળીના આસપાસમાં જ લોકોની અને ઢોરોની હિજરત ચાલુ થઇ ગઇ છે.

ગુજરાતના અને મુંબઇના જીવદયાની ભાવનાવાળા નાગરિકો આવી આપત્તિના પ્રસંગે પાછળ રહે એવું બન્યું નથી. હજારો ઢોરોને બચાવી લેવાનો ગંભીર પ્રશ્ન છે જ; એટલું જ નહિ એના ઉપર નિર્ભર એવું અર્થતંત્ર ખોરવાઇ જવાનો ગંભીર પ્રશ્ન પણ છે.

આથી, ગત વર્ષની જેમ 'સંઘ' દ્વારા 'દુષ્કાળ રાહત નિધિ' એકત્ર કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

'સંઘ'ના સૌ સભ્યોને અને સંઘ પ્રત્યેનોને અમારી નમ્ર અપીલ છે કે આ દુષ્કાળ રાહત નિધિમાં ઉદારદિલે પોતાનો ફાળો તુરત મોકલી આપે. ચેક 'Shri Bombay Jain Yuvak Sangh'-ના નામનો 'સંઘ'ના સરનામે મોકલી આપવા વિનંતી છે.

રમણલાલ ચી. શાહ, પ્રમુખ — કે. પી. શાહ
ચીમનલાલ જે. શાહ, ઉપપ્રમુખ — પન્નાલાલ ૨. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ, કોષાધ્યક્ષ — મંત્રીઓ
નિરુબહેન એસ. શાહ
શૈલેશ હિં. કોઠારી
સહમંત્રીઓ

સાભાર સ્વીકાર

* **મહામાનવ મહાવીર**
લે. ગુણવંત શાહ
પૃષ્ઠ–૧૪૫, ક્રાઉન સોળ પેજી, મૂલ્ય રૂ. ૧૪–૫૦.
પ્રકાશક : મે. આર. આર. શેઠની કું.
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૨.

* **ગુજરાતનો સાધના માર્ગ**
લે. ભાવજી કે. સાવલા
પૃષ્ઠ–૪૬ ક્રાઉન સોળ પેજી મૂલ્ય ૬-૦૦
પ્રા.કા. એપ્લાઇડ ફિલોસોફી રટડી સેન્ટર,
એન-૪૫, ગાંધીધામ (કચ્છ) પીન–૩૭૦૨૦૧

* **અનુગુંજ (હિન્દીમાં)**
લે. મહોપાધ્યાય ચંદ્રપ્રભસાગર
પૃષ્ઠ ૭૪ રેમી સાઇઝ મૂલ્ય નિઃશુલ્ક
પ્રકા. શ્રી જિતયશા જૈન પ્રકાશન
૯-સી. અરપ્લોનેડ રોડસ્ટ, કલકત્તા-૬૯.

સ્વ. પૂજ્ય શ્રી અભયસાગરજી મહારાજ

રમણલાલ ચી. શાહ

પ. પૂ શ્રી અભયસાગરજી મહારાજ ઊંઝા મુકામે તા. ૨૬ મી નવેમ્બર, ૧૯૮૬ ના રોજ બપોરના સમયે ૬૪ વર્ષની વયે કાળધર્મ પામ્યા છે. કેટલાક સમય પહેલાં થયેલા પક્ષઘાતના હુમલા પછી એમની તબિયત અસ્વસ્થ રહ્યા કરતી હતી. એમના કાળધર્મથી એક મહાન આરાધક મહાત્માની આપણને ખોટ પડી છે.

લગભગ ત્રણેક દાયકા પહેલાં હું બિકાનેરમાં શ્રી અગરચંદજી નાહટાના ઘરે હતો ત્યારે પૂજ્ય અભયસાગરજી મહારાજને હું ક્યારેય મળ્યો ન હતો એવું જાણીને નાહટાજીએ આશ્ચર્ય વ્યકત કર્યું હતું. એમણે ભલામણ કરી કે મારે અભયસાગરજી મહારાજને જરૂર મળવું જોઇએ. વિશુદ્ધ ચારિત્રપાલન, ઊંડું શાસ્ત્રજ્ઞાન અને ક્ષેત્રવિદ્યા તથા મંત્રવિદ્યાના પરમ આરાધક એવા અભયસાગરજી મહારાજને મળવાની તાલાવેલી મને ત્યારથી જાગી હતી.

આગમોદ્ધારક તરીકે સુવિખ્યાત બનેલા સ્વ. સાગરાનંદસૂરિ મહારાજના કેટલાક શિષ્યો માળવામાં મધ્યપ્રદેશમાં વિચરવાનું વધુ રાખેલું, એ એમનું મુખ્ય કાર્યક્ષેત્ર થઇ ગયેલું. એવા સાધુઓમાં સ્વ. પૂ ઉપાધ્યાયશ્રી ધર્મસાગરજી મહારાજનું નામ પણ મુખ્ય હતું. તેઓ રાજગઢ, મોહનખેડા, ભોપાલ, લક્ષ્મણી, ઝાબુઆ, રાજપુર, દાહોદ, ગોધરા, લુણાવાડા વગેરે સ્થળોએ વિચારતા હતા.

મારા વડીલ મિત્ર સૂરતના સ્વ. કેસરીચંદ હીરાચંદ મૂ. ધર્મસાગરજી મહારાજ અને પૂ. અભયસાગરજી મહારાજ વરસે દર વર્ષે અચૂક વંદન કરવા જતા. મારે અભયસાગરજી મહારાજને મળવું હતું. તેમનું ચોમાસું ત્યારે લુણાવાડામાં હતું. કેસરીચંદભાઇ મને લુણાવાડા લઇ ગયા. ત્યાં અભયસાગરજી મહારાજને પ્રથમવાર મળવાનું થયું હતું. ત્યારે મારો રસનો વિષય મધ્યકાલીન જૈન ગુજરાતી સાહિત્યનો હતો અને એ વિષયમાં અભયસાગરજી મહારાજે પણ ઠીક ઠીક કામ કર્યું હતું. એથી એમની સાથે આત્મીયતા બંધાઇ. લુણાવાડાથી અમે રાજગઢ ગયા. ત્યાં ધર્મસાગરજી મહારાજનું ચોમાસુ હતું. ધર્મસાગરજી મહારાજને પણ પહેલીવાર મળ્યો. તેઓ ઉગ્ર તપસ્વી અને ઉગ્રવિહારી હતા. ચાર છ દિવસના ઉપવાસ પછી દસ માઇલનો વિહાર કરેલો હોય તો ચાલવાની સ્ફૂર્તિ ધર્મસાગરજી મહારાજમાં હતી. મૂડસ્થપણામાં ધર્મસાગરજીના પુત્ર તે જ અભયસાગરજી. લગભગ નવ વર્ષની વયે એમણે દીક્ષા લીધી. પિતા-પુત્ર તે ગુરુ-શિષ્ય બન્યા. મોળવાના લોકો ઉપર ધર્મસાગરજીનું પ્રભુત્વ ઘણું મોટું હતું.

અભયસાગરજી મહારાજને ત્યાર પછી પાલિતાણામાં આગમ મંદિરમાં કેટલીયવાર મળવાનું થયું હતું. આખો દિવસ તેમનો સ્વાધ્યાય ચાલતો જ હોય. સ્ત્રી વર્ગ વ્યાખ્યાનના સમય સિવાય પોતાની પાસે ન આવે એ માટે તેઓ બહુ સુસ્ત હતા. તેઓ બાળબ્રહ્મચારી હતા અને બ્રહ્મચર્યનું અખંડ પાલન કરતા. સવારના બ્રહ્મમૂહુર્તે ઊઠી જવું અને ધ્યાન વગેરેમાં લાગી જવું એ એમની સાધના ઘણી ઊંડી હતી. કેટલીકવાર તો આખી રાતની રાત પોતાની સાધનામાં તેઓ એકલા બેઠા હોય અને સવાર પછી આખો દિવસ એટલા જ સ્વસ્થ જણાતા હોય. તેઓ નવકાર મંત્રની નિયમિત આરાધના પૂર્ણ આસ્થા સાથે કરતા. તેઓ કેટલીક ગુપ્ત વિદ્યાઓ જાણતા હતા પરંતુ અધિકાર વગર તેઓ કોઇને તે આપવા ઇચ્છતા નહોતા.

અભયસાગરજી મહારાજે છેલ્લાં કેટલાક વર્ષો જંબુદ્વીપ, જૈન ખગોળ અને આધુનિક શોધખોળો વચ્ચે કયાં કેટલો તફાવત છે એના અભ્યાસમાં ગાળ્યાં. અમેરિકાએ ચંદ્ર ઉપર માનવી ઉતાર્યા એ વાત ખોટી છે; તેઓ અવકાશમાં બની કોઇ સ્થળે ઊતર્યા છે અને એને સૂર્ય-ચંદ્રરૂપી દેવવિમાનની જે વાતો આવે છે અને અમેરિકાએ જે સંશોધન કર્યું છે એ બંને જુદાં જુદાં છે એવું સિદ્ધ કરવા માટે એમણે ઘણો સમય આપ્યો 'ઉત્તર ધ્રુવની શોધસફર' નામનું મેં એક પુસ્તક લખ્યું હતું. તે તેઓ ત્રણ ચાર વાર બરાબર વાંચી ગયા હતા અને ઉત્તરધ્રુવમાં ત્રણથી પાંચ છ મહિના જેટલી દીર્ઘરાત્રિ પછી જે સૂર્ય ઊગે છે તે એનો એ જ સૂર્ય છે કે બીજો એનું સંશોધન કરવાની એમની ખૂબ ઇચ્છા હતી. પરંતુ મેં કહેલું કે એ માટે આપણી અને પરદેશની સંમતિ જોઇએ, વિદેશી હૂંડિયામણ જોઇએ. આપણું એ કામ નહિ, કારણ કે આધુનિક સાધનોથી સુસજ્જ એવી પ્રયોગશાળા ત્યાં ઊભી કરીને પાંચ સાત નિષ્ણાત માણસોને રોકવામાં આવે તો જ આ કાર્ય થઇ શકે. એમાં કરોડો રૂપિયા ખર્ચાઇ જાય એવી આ યોજના છે. આપણાથી એને પહોંચી શકાય નહિ.'

અનાયત્ત આ નિમિત્તે અભયસાગરજી મહારાજે દુનિયાભરના વૈજ્ઞાનિકો સાથે ઘણો પત્ર વ્યવહાર કરેલો. વળી ખગોળના આધુનિક સંશોધનને લગતાં ઘણાં બધાં પુસ્તકો પરદેશથી મંગાવીને એનો અભ્યાસ કરેલો એ તો સાચું જ છે અને એનો હું સાક્ષી છું કે અભયસાગરજી મહારાજે પોતાની મૌલિક બુદ્ધિથી કેટલાય પ્રશ્નો ઊભા કરેલા જે વૈજ્ઞાનિકોને વિચારણીય લાગ્યા છે. કેટલાક વૈજ્ઞાનિકોએ એવું પોતાના પત્રોમાં કબૂલ કરેલું છે. આપણા આગમ ગ્રન્થો અનુસાર ચૌદ રાજલોક અને દેવવિમાનો વગેરેને લગતી જે માહિતી આવે છે તેના ઊંડા અભ્યાસ સાથે વર્તમાન પાશ્ચાત્ય ખગોળ સંશોધન કેવું કેવું કાર્ય કરી રહ્યું છે. તેનો પણ તલસ્પર્શી અભ્યાસ કરીને એ બંને વચ્ચે કયા કયા સામ્ય વિરોધ છે તેની તારવણીનું કાર્ય અભયસાગરજી મહારાજ જેવું કોઇએ કર્યું નથી. 'ભુજભ્રમણ શોધ સંસ્થાને નામની સંસ્થા એમની પ્રેરણાથી મહેસાણામાં સ્થપાયેલી અને જંબુદ્વીપની યોજના એમના માર્ગદર્શન હેઠળ પાલિતાણામાં થઇ.

છેલ્લાં બે-એક વર્ષથી અભયસાગરજી મહારાજનો હરિભદ્રસૂરિના યોગના ગ્રન્થોનો સ્વાધ્યાય ઘણો ઊંડો ચાલતો હતો. તેમણે એ વિષે પાટણમાં એક સેમિનારનું આયોજન કરવાનું મને સોંપ્યું હતું. પરંતુ એમની અસ્વસ્થ તબિયતના કારણે છેલ્લી ઘડીએ એ કાર્યક્રમ મુલતવી રહ્યો હતો.

અભયસાગરજી મહારાજે મધ્યકાલીન ગુજરાતી જૈન

(અનુસંધાન પૃષ્ઠ ૧૧૭ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, મિરજામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54] Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૧૬

મુંબઇ તા. ૧૬-૧૨-'૮૬
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છુટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨

તંત્રી : રમણલાલ ચી. શાહ

શેઠ મોતીશાહ

'પ્રબુદ્ધ જીવન'ના ગયા અંકમાં શેઠ મોતીશાહના જીવનમાં બનેલી જીવદયાને લગતી એક વિરલ ઘટનાની વાત કરી હતી. તે નિમિત્તે શેઠ મોતીશાહના જીવન વિશે વાંચવાની એક સરસ તક સાંપડી.

તાજેતરમાં મુંબઇમાં ભાયખલામાં પ. પૂ. શ્રી ચંદ્રોદય-સૂરિજીની નિશ્રામાં અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઇ ગયો. શેઠ મોતીશાહની ભાયખલામાં દેરાસર બંધાવવા પાછળ શી ભાવના હતી તેનો ઇતિહાસ પણ રસિક અને પ્રેરક છે.

દોઢ સૌકા પહેલાં મુંબઇની નામાંકિત, ઉદારચરિત, તેજસ્વી, ગૌરવવન્તી વ્યક્તિઓમાં મોતીશાહ શેઠનું નામ અગ્રગણ્ય હતું. એમના જીવનની કેટલીક વિગતો વાંચતાં ખરેખર હર્ષ સાથે રોમાંચ અનુભવાય છે.

મોતીશાહનો જન્મ સં. ૧૮૩૮ (ઇ. સ. ૧૭૮૨) માં થયો હતો. સં. ૧૮૯૨ (ઇ. સ. ૧૮૩૬) ના ભાદરવા સુદ-૧ ને રવિવારે પર્યુષણ પર્વ દરમિયાન મહાવીર જન્મ વાંચનના દિવસે તેઓ મુંબઇમાં સ્વર્ગવાસ પામ્યા. ચોપન વર્ષના ટૂંકા જીવનકાળમાં એમણે એક સાહસિક વેપારી તરીકે અને એક ધર્મશ્રદ્ધાળું અગ્રણી તરીકે જે સિદ્ધિઓ મેળવી અને ભગીરથ કાર્યો કર્યાં તેની ગાથા યશોજજ્વલ છે. સ્વ. મોતીચંદ કાપડિયા અને બીજા કેટલાક જૈન, હિન્દુ, પારસી લેખકોએ પોતાનાં લખાણોમાં એમના જીવન-કાર્યનો સરસ પરિચય કરાવ્યો છે.

મોતીશાહના પિતાશ્રી શેઠ અમીચંદ મૂળ સોજિત્રા અને ખંભાતના વતની હતા. તેર વર્ષની કિશોરવયે રોટલો રળવા માટે તેઓ ખંભાતથી વહાણમાં બેસીને મુંબઇ આવ્યા હતા. એમના પત્નીનું નામ રૂપાળાઇ હતું. તેમને ત્રણ દીકરા અને બે દીકરી એમ પાંચ સંતાનો હતાં દીકરાઓમાં બીજા તે મોતીચંદ-મોતીશાહ.

મુંબઇમાં આવી શેઠ અમીચંદે ઝવેરાતનો ધંધો શરૂ કર્યો. એમનો મુખ્ય વેપાર સુરત સાથે રહ્યો. અને સંતાનોનાં લગ્ન પણ સુરતની કન્યાઓ સાથે થયાં. એટલે પોતે ખંભાતના વીસા ઓસવાલ જ્ઞાતિના હોવા છતાં વ્યવહાર અને રહેણીકરણીમાં સુરતી તરીકે જ વધુ જાણીતા રહ્યા. એમનો પહેરવેશ પણ સુરતી પાઘડી અને અંગરખાનો રહ્યો હતો.

શેઠ અમીચંદે વેપારમાં ઘણો પુરુષાર્થ કર્યો. સારું ધન કમાયા પરંતુ પછીથી નસીબે બહુ યારી ન આપી. માથે ઘણું દેવું થઇ ગયું. યુવાનવયે તેમનું અવસાન થતાં કુટુંબનો ભાર મોટા પુત્ર નેમચંદભાઇ ઉપર આવ્યો. એમણે ઝવેરાતનો ધંધો છોડી વહાણવટાના ધંધામાં દલાલીનું નામ ચાલુ કર્યું અને એ નિમિત્તે હોરમસજી બમનજી વાડિયા નામના પારસી કુટુંબ સાથે નિકટના સંપર્કમાં આવ્યા. પોતાની પ્રામાણિકતાથી એ કુટુંબનો વિશ્વાસ એમણે જીતી લીધો. દુર્ભાગ્યે નેમચંદભાઇનું પણ યુવાનવયે અવસાન થયું અને કુટુંબની સઘળી જવાબદારી ત્રીસ વર્ષની વયે મોતીચંદને માથે આવી પડી. એમણે વાડિયા શેઠના માર્ગદર્શન હેઠળ વહાણવટાના વ્યવસાયમાં બહુ ઝડપથી મોટી પ્રગતિ કરી. પોતાનાં વહાણો બાંધી તેના નૂરની આવક તેઓ મેળવતા. તદુપરાંત પશ્ચિમમાં બહરીન, ઝાંઝીબાર, માડાગાસ્કર વગેરે સુધી અને પૂર્વ બાજુ ચીન સુધી ભારતથી માલ મોકલી અને ત્યાંથી સોનું, રૂપું મોતી, ઝવેરાત વગેરે મંગાવી ઘણું ધન તેઓ કમાવા લાગ્યા હતા. ત્યાર પછી વીમાનો વેપાર પણ એમણે ચાલુ કર્યો હતો. થોડા વર્ષોમાં તો પોતાની સાહસિકતા અને પ્રામાણિકતાથી તેઓ મુંબઇના અગ્રગણ્ય ધનપતિ બની ગયા. અરબસ્તાન અને ચીનનાં બજારોમાં એમનું નામ મશહૂર થઇ ગયું. આંતરરાષ્ટ્રીય કક્ષાના વેપારી તરીકે તરીકે મુંબઇના ગોરા વેપારીઓ અને અમલદારોમાં તેમની પ્રતિષ્ઠા અંકિત થઇ ગઇ.

શેઠ મોતીશાહના વખતના મુંબઇની ભૌગોલિક સ્થિતિ કંઇક જુદી જ હતી. સમય જતાં મોટાં શહેરોમાં કેવાં પરિવર્તનો થાય છે તેનો ખ્યાલ મુંબઇનાં જૂનાં ચિત્રો પરથી આવી શકે છે. ઇસવીસનના ઓગણીસમાં સૈકાની શરૂઆતમાં મુંબઇ શહેર કોટ વિસ્તારમાં એપોલો બંદરથી બોરીબંદર સુધી વિસ્તરેલું હતું બોરીબંદર શબ્દ સૂચવે છે તે પ્રમાણે ત્યારે ત્યાં આગળ દરિયો હતો.

મુંબઇમાં ત્યારે પાણીના નળ નહોતા; ગટર નહોતી, પીવાના પાણી માટે ઠેર ઠેર કૂવા ખોદવામાં આવ્યા હતા. ત્યારે વીજળી નહોતી. ગેસના દીવાઓ પણ નહોતા. રાત્રે માણસો કોટ બહાર બહુ જતા નહિ. જવું પડે તો હાથમાં મશાલ બળતી રાખીને નીકળતા. કોટ વિસ્તારમાં અંગ્રેજોએ કિલ્લો બાંધ્યો હતો. અને એ વિસ્તારના નાનકડા ટાપુ ઉપર ચારે બાજુ કોટ બાંધી દીધો હતો. કોલાબાનો ટાપુ ત્યારે જુદો હતો. વચમાં ખાડી હતી અને ખડકો હતા. ભરતીમાં બધા ખડકો ડૂબી જતાં, કોલાબા જવા માટે ત્યારે મછવામાં બેસવું પડતું.

કોટ વિસ્તારમાં મુખ્ય વસતિ ગોરાઓની હતી. બંદરની બાજુ ગોરા સૈનિકોને રહેવા માટે બૅરાકો હતી. સુખી, શ્રીમંત જૈન, હિન્દુ, પારસી વગેરે લોકો કોટ વિસ્તારમાં રહેતા હતા. ગરીબ લોકો, ભંડારીઓ, માછીમારો કોટ બહાર છૂટાછવાયાં ઝુંપડામાં રહેતા. કોટમાં ગોરા લોકોના વિસ્તારમાં મોટી આગ લાગી હતી અને ઘણા ઘરો બળી ગયાં હતાં. તે વખતે ગોરા લોકોએ પોતાની સરકાર સમક્ષ માગણી કરી હતી કે દેશી લોકોને કોટ બહાર કાઢવામાં આવે અને કોટ વિસ્તાર ફક્ત ગોરા લોકો માટે જ રાખવામાં આવે પરંતુ મોટા મોટા જૈન, હિન્દુ, પારસી વેપારીઓએ તેનો સખત વિરોધ કર્યો હતો અને છેવટે છેવટે સરકારને નમતું આપવું પડ્યું હતું.

બોરાબજાર અને બજારગેટ સ્ટ્રીટમાં મુખ્યત્વે દેશી લોકો રહેતા અને ગોરા લોકો બંદર બાજુ રહેતા. ગોરાઓએ પોતાના માટે દેવળ ત્યાં બાંધ્યું હતું. અને એથી એ વિસ્તાર 'દેવળ મહોલ્લા–ચર્ચ સ્ટ્રીટ તરીકે ઓળખાતો. પશ્ચિમ બાજુના દરિયા કિનારે એ વિસ્તાર ચર્ચગેટ તરીકે ઓળખાતો, ત્યાં આગળ વિશાળ મેદાનમાં લોટ દળવા માટે એક ઘંટી હતી તે પવનથી ચાલતી હતી. એટલા માટે તે મેદાનને 'પવન ચક્કી મેદાન' (આજનું ઓવલ મેદાન) કહેવામાં આવતું. કોટ બહારના વિસ્તારના જ્યાં આજે ઍલેક્ઝાન્ડ્રિયા કોલેજ છે ત્યાં મોટું તળાવ હતું. જ્યાં આઝાદ મેદાન છે ત્યાં સ્મશાન હતું. તે વખતે કોટ બહારના વિસ્તારમાં નાનાં-મોટા પચાસેક જેટલા તળાવ હતા. એમાં ગોવાળિયા તળાવ, કાવસજી પટેલ તળાવ, ગિલ્ડર તળાવ, મમ્માદેવી તળાવ વગેરે જાણીતાં હતાં. કોટ બહાર વાડીઓ અને ખેતરો હતાં. વાલકેશ્વરની ટેકરી ઉપર ગીચ ઝાડી હતી. અને ત્યાં જંગલી પશુઓ ફરતાં હતાં. રાતના બહાર નીકળવું બહુ જોખમકારક જણાતું. લૂંટારુઓ અને જંગલી પ્રાણીઓનો ભય રહેતો. કોટ વિસ્તાર ઉપરાંત મઝગાંવ, શીવરી, વરલી અને માહિમમાં નાના કિલ્લાઓ અંગ્રેજોએ બાંધ્યા હતા.

કોટ બહાર માછીમારો, ખેડૂતો, ભંડારીઓ રહેતા હતા. પાયધૂની અને ગિરગામ વિસ્તારમાં નવી વસાહતો ઊભી થવા લાગી હતી અને ધીમે ધીમે વસતિ વધવા લાગી હતી. પરેલ વિસ્તારને વિકસાવવા માટે ત્યાં કેટલાક સરકારી મકાનો બાંધવામાં આવ્યાં હતાં. ગવર્નર માટે ત્યાં મહેલ બાંધવામાં આવ્યો હતો, પરંતુ ગવર્નરને કોટ વિસ્તાર છોડી ત્યાં વેરાનમાં રહેવા જવું ગમતું ન હોતું.'

જે. જે. હોસ્પિટલ પાસે ત્યારે દરિયો હતો. દરિયાના કાદવમાંથી આવીને પાયધૂની પાસે આવી લોકો પગ ધોતા. માટે એનું નામ પાયધૂની પડ્યું હતું. મુમ્બાદેવીનું મંદિર બહુ જૂનું છે. મંદિર પાસે મોટું તળાવ હતું. જે પછીના સમયમાં પથ્થરથી વ્યવસ્થિત પાકું બાંધવામાં આવ્યું હતું. (હાલ એ પુરાઈ ગયું છે.

મુંબઈની વસતિ ત્યારે ગોરાઓ સહિત સાઠ હજારની હતી. વેપાર ધંધાના કારણે વસતી દિવસે દિવસે વધતી જતી હતી. ગુજરાત કે કોંકણમાંથી લોકો દરિયા માર્ગે આવતા અને મુંબઈ જવું એ મોટું સાહસ હતું.

એ સમયે લોકોનું જીવન બહુ સાદું અને ધર્મમય હતું. લોકો પ્રામાણિકતાથી વેપાર કરતાં તે સમયના જીવન ધોરણ અનુસાર લોકોને માસિક રૂપિયા એક કે બે જેટલો પગાર મળતો તે સારો ગણાતો. એટલા ટૂંકા પગારમાં પણ લોકો સંતોષથી જીવન ગુજારતા.

મોતીશાહ શેઠને પિતાશ્રીના વખતથી મુંબઈમાં પારસી અને યુરોપિયન કુટુંબો સાથે ઘણો ગાઢ સંબંધ હતો. પારસી અને યુરોપિયન વેપારીઓ વહાણવટાના ધંધામાં મોતીશાહ શેઠની સલાહ લેતા અને શેઠ પણ નિઃસ્વાર્થભાવે સાચી સલાહ આપતા.

શેઠ હોરમસજી બમનજી અને શેઠ જમશેદજી જીજીભાઈના કુટુંબની સાથે ઘરે જવા આવવાનો ગાઢ વ્યવહાર પણ હતો. જમશેદજી જીજીભાઈએ પોતાની કારકિર્દીની શરૂઆત મોતીશાહને ત્યાં નોકરીથી કરી હતી. શેઠે પોતાના પહેલા વહાણનું નામ 'હોરમસજી' રાખ્યું હતું, જે વાડિયા કુટુંબ સાથેના તેમના પ્રેમાદરભર્યા સંબંધને સૂચિત કરે છે. શેઠ હોરમસજી ગુજરી ગયા ત્યારે તેમના દીકરાઓ સગીર વયના હતા શેઠ હોરમસજીએ મરતી વખતે પોતાના કુટુંબની દેખભાળ રાખવાનું કોઈ પારસી સગા સંબંધીને નહિ પણ મોતીશાહને સોંપ્યું હતું. અને વસિયતનામામાં પણ એ પ્રમાણે લખ્યું હતું. મોતીશાહની વિશ્વસનીયતાની કેટલી બધી હતી તેની પ્રતીતિ એ કરાવે છે. હોરમસજીના અવસાન પછી મોતીશાહ ફરજ અને નિયમ તરીકે રોજ ઓછામાં ઓછું એક વખત હોરમસજીના ઘરે આંટો મારી આવતા, છોકરાઓની સંભાળ લેતા અને તેમને કૌટુમ્બિક તથા ધંધાની બાબતમાં સાચી સલાહ આપતા. પારસી કુટુંબો સાથેની ગાઢ મૈત્રી મોતીશાહના ઉદાર-ચરિત, પ્રામાણિક, નિઃસ્વાર્થ અને પરગજુ સ્વભાવનો પરિચય કરાવે છે.

શેઠ મોતીશાહના સમયમાં મુંબઈમાં ધર્મક્રિયા માટે કોઈ સગવડો નહોતી. જિનમંદિર પણ નહોતું. જૈનોની વસતિ પણ ત્યારે થોડી હતી. એમણે કોટ વિસ્તારમાં શાંતિનાથ ભગવાનનું મંદિર બંધાવ્યું. ત્યારપછી કોટ બહાર વસતિ થવા માંડી એટલે એમણે પાયધુની વિસ્તારમાં શાંતિનાથ ભગવાન, ગોડીજી પાર્શ્વનાથ અને ચિંતામણિ પાર્શ્વનાથનાં મંદિરો બંધાવવામાં મુખ્ય ફાળો આપ્યો.

મોતીશાહને શત્રુંજયની યાત્રામાં બહુ શ્રદ્ધા હતી. ઘોઘા કે મહુવા જાય ત્યારે ગામમાં બેસી પાલીતાણા જઈ તેઓ શત્રુંજયની યાત્રા કરવા વારંવાર જતા. પોતાને ધંધામાં સફળતા એને લીધે જ મળે છે એમ તેઓ માનતા. એમણે મુંબઈના લોકોને શત્રુંજય તીર્થની યાત્રા જેવો લાભ મળે એ માટે ભાયખલામાં વિશાળ જગ્યા લઈ આદિશ્વર ભગવાનનું દેરાસર બંધાવ્યું અને સૂરજ કુંડ, રાયણ પગલાં વગેરે કરાવી શત્રુંજયની આદીશ્વરની ટૂંક જેવી રચના કરાવી

ત્યારથી મુંબઈમાં કાર્તિકી અને ચૈત્રી પૂર્ણિમાને દિવસે ભાયખલાની યાત્રાએ જવાનો રિવાજ પડી ગયેલો, જે આજે એક સૈકા પછી પણ ચાલુ રહ્યો છે. કેટલાયે લોકો ભાયખલાના જિનમંદિરની નવ્વાણુની યાત્રા કરતા. શેઠ મોતીશાહને પોતાની ઘોડાગાડીમાં બેસી રોજ ભાયખાલા દર્શન કરવા જવાનો નિયમ હતો. જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં એમણે ત્યાં બંગલો બંધાવી કાયમ રહેવાનું ચાલુ કર્યું હતું.

શેઠ મોતીશાહને ધર્મકરણીમાં બહુ શ્રદ્ધા હતી એટલે કેટલીક ધર્મક્રિયાઓ તેઓ નિયમ તરીકે કરતા. મુંબઈમાં હોય કે બહારગામ હોય, તેઓ સવારના જિનમંદિરે પૂજા કરવા જવાનું ચૂકતા નહિ. તેઓ મહુવા, ઘોઘા, ખંભાત કે સૂરત

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૫ ઉપર)

પાંચ કારણ

● પં. પનાલાલ જગજીવનદાસ ગાંધી

પ્રત્યેક કારણની પાશ્વ'ભૂમિકામાં કારણ રહેલ છે. અંગ્રેજીમાં જેને Foctors કે Parameters કહે છે. જૈન દર્શને કરેલ પૃથક્કરણ અનુસાર કાર્યના મૂળમાં મુખ્યતાએ પાંચ કારણ રહેલ છે એમાં ગૌણ પ્રધાનતા હોવા શક્ય છે. આ પાંચ કારણ જે કાર્ય બનવામાં ભાગ ભજવે છે તે (૧) સ્વભાવ (૨) કાળ (૩) કર્મ (૪) પુરુષાર્થ (ઉદ્યમ) અને (૫) ભવિતવ્યતા (નિયતિ-પ્રારબ્ધ) છે.

જ્યાં સુધી અંતિમ કાર્ય થાય નહિ, કૃતકૃત્ય થવાય નહિ, એટલે કે જીવ (આત્મા) એના સ્વભાવ (મૂળ શુદ્ધ સ્વરૂપ)માં આવે નહિ ત્યાં સુધી આ પાંચે કારણો સંસારી છદ્મસ્થ જીવ વિષે વત્તેઓછે અંશે ભાગ ભજવે છે અને કાર્ય-કારણની પરંપરા ચાલતી રહે છે.

જેમ પાંચ કારણ છે, તેમ જૈન દર્શનના તત્ત્વજ્ઞાન અનુસાર પાંચ અસ્તિકાય (પ્રદેશ સમૂહ) છે. (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) પુદ્ગલાસ્તિકાય અને (૫) જીવાસ્તિકાય એમ પાંચ અસ્તિકાય છે. આમાં ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય વિષે માત્ર એક જ કારણ સ્વભાવ ઘટે છે. એ ત્રણ અસ્તિકાય જડ, અક્રિય, અને અરૂપી છે અર્થાત્ તેમનામાં પરિવર્તન કે પરિભ્રમણ નથી; તેથી તે ત્રણેમાં માત્ર એક જ કારણ સ્વભાવનું અસ્તિત્વ છે. ધર્માસ્તિકાયનો ગતિસહાયક ધર્મ, અધર્માસ્તિકાયનો સ્થિતિસહાયક ધર્મ અને આકાશાસ્તિકાયનો અવગાહના દેવાનો ધર્મ, તેમના તથાપ્રકારના સ્વભાવ છે. તે સાથે પુદ્ગલાસ્તિકાય વિષે માત્ર સ્વભાવ, કાળ અને ભવિતવ્યતા એ ત્રણ કારણો જ ભાગ ભજવે છે.-પુદ્ગલાસ્તિકાય, એ જડ (અજીવ-નિશ્ચેતન) હોવાથી તેમ જ વેદન અને જ્ઞાન ન હોવાના કારણે કર્મ અને પુરુષાર્થ એ બે કારણ ઘટતા નથી. પરંતુ પુદ્ગલાસ્તિકાય, પરિવર્તનશીલ, (રૂપરૂપાંતરતા-પર્યાયાંતરતા) હોવાથી તેમ જ પરિભ્રમણશીલ (ક્ષેત્રાંતરતા) હોવાથી સ્વભાવ ઉપરાંત કાળ અને ભવિતવ્યતા ઘટે છે.

જ્યારે જીવાસ્તિકાયમાં જે સંસારી-છદ્મસ્થ જીવો છે એમના વિષે પાંચે કારણો ઘટે છે. ત્યારે સિદ્ધ પરમાત્માના જીવો વિષે, એઓ તેમના મૂળ શુદ્ધ સ્વરૂપમાં આવી કૃતકૃત્ય થયેલ હોવાથી, કર્મરહિત (નિષ્કર્મા) હોવાથી, અક્રિય, અરૂપી (પરિવર્તન અને પરિભ્રમણ રહિત પરમ સ્થિરાવસ્થા), સ્થિર, અકાલ હોવાથી એમના વિષે કાળ, કર્મ, પુરુષાર્થ અને ભવિતવ્યતા નથી ઘટતાં પરંતુ માત્ર સ્વભાવ ઘટે છે. છતાં એટલી સ્પષ્ટતા કરવાની કે જીવ જ્યારે અવ્યવહાર રાશીમાંથી વ્યવહાર રાશીમાં આવે, નિગોદમાંથી નીકળે છે ત્યારે ભવિતવ્યતા જ હોય છે. તો હવે આ પાંચે કારણોની વ્યાખ્યા કરીશું અને સમજીશું.

(૧) **સ્વભાવ :**-જે દ્રવ્યમાં જે લક્ષણરૂપ ભાવ હોય તે તેનો સ્વભાવ કહેવાય છે.

ગતિ સહાયકતા, ધર્માસ્તિકાયનો; સ્થિતિસહાયકતા, અધર્માસ્તિકાયનો; અવગાહના દાયિત્વ, આકાશાસ્તિકાયનો; પુરણ ગલન અને અગુરુલઘુગુણ પુદ્ગલાસ્તિકાયનો તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-વીર્ય-ઉપયોગ (સચ્ચિદાનંદ સ્વરૂપ) એ જીવાસ્તિકાયનો સ્વભાવ છે.

જેનું અસ્તિત્વ ત્રિકાળ હોય, જેને બનાવી શકાય નહિ,-જેને મિટાવી શકાય નહિ, જે અનાદિ, અનંત, અનુત્પન્ન અવિનાશી, સ્વયંભૂ હોય તેને સ્વભાવ કહેવાય છે.

વિશ્વમાં કોઈ પણ પદાર્થ અસ્તિત્વરૂપે છે અને તેનો નિશ્ચિત સ્વભાવ છે. તેમ તે નિશ્ચિત સ્વભાવ અનુસારે તેનું નિશ્ચિત કાર્ય પણ છે.

આપણે જે છીએ તે આપણું અસ્તિત્વ છે અને આપણે જેવાં છીએ તે આપણો સ્વભાવ છે.

(૨) **કાળ :**-વર્તના એટલે પાંચે અસ્તિકાયમાં થતી અર્થક્રિયા, જેને કાળ કહેવાય છે. ટૂંકમાં જીવ-અજીવ, (પુદ્ગલપ્રધાન)ના પર્યાયનું નામ જ કાળ. જીવ-અજીવના અર્થક્રિયાકારીના અર્થમાં જે ભવો (પર્યાયાંતરતા, રૂપરૂપાંતરતા-ક્ષેત્રાંતરતા) છે તે જ કાળ છે.

પર્યાયાંતરતા જ્યાં છે, રૂપરૂપાંતરતા ને ક્ષેત્રાંતરતા એટલે કે પરિવર્તન ને પરિભ્રમણ જ્યાં છે ત્યાં કાળ છે.

પુદ્ગલદ્રવ્યમાં જે પર્યાય છે તે કાળ છે. અને તે અનિત્ય છે.

સંસારી છદ્મસ્થ જીવોમાં જે કર્તા-ભોક્તાના ભાવો છે તે કાળ છે, જે અનિત્ય છે. જીવને જે કાળાભ્યાસ છે તેનું જ નામ કાળ.

દ્રવ્યની અવસ્થાંતરનો ગાળો તે કાળ. ક્રમિક અવસ્થા જેમાં છે તેવાં પુદ્ગલદ્રવ્ય અને સંસારી (અશુદ્ધ) જીવદ્રવ્યને કાળ હોય છે.

(૩)**કર્મ :**- ભૂતકાળમાં જીવે પોતાના આત્મપ્રદેશે જમા કરાવેલ પોતાની શુભાશુભ માનસિક, વાચિક, અને કાયિક ક્રિયાને કર્મ કહે છે. એ જીવ અને પુદ્ગલનું મિશ્રણ છે. કાર્મણવર્ગણા (પુદ્ગલ) જ્યારે આત્મપ્રદેશ સાથે બદ્ધ સંબંધમાં આવે છે ત્યારે તે કર્મ રૂપે પરિણમે છે.

(૪) **પુરુષાર્થ (ઉદ્યમ) :**-જેમાં ફેરફાર કરી શકાતો હોય એમાં ફેરફાર કરવાની ક્રિયાને ઉદ્યમ કહે છે.

મન, વચન, કાયાના યોગે કરીને મળેલ સંજ્ઞા તથા બુદ્ધિ વાપરીને ઇષ્ટની પ્રાપ્તિ માટે કરાયેલો પરિશ્રમ તે પુરુષાર્થ અથવા તો ઉદ્યમ કહેવાય છે.

ઉદ્યમ એટલે વીર્યાંતરાયનો ક્ષયોપશમ, કે જે વર્તમાન કાળમાં છે. અને વર્તમાન કાળમાં કામમાં આવે છે. ભૂતકાળની સ્મૃતિ છે અને ભવિષ્યકાળનું સપનું (કલ્પના) છે. વેદન તો માત્ર વર્તમાનસ્વરૂપ છે. ભવિષ્યકાળ અને ભૂતકાળ છે એટલે સંબંધ છે. પરંતુ ઉપયોગ અર્થાત્ વેદનમાં તો માત્ર વર્તમાનકાળ જ છે. ભૂતકાળને ખતમ કરી, ભવિષ્યકાળને સુધારવાની તાકાત વર્તમાનકાળમાં રહેલ ઉદ્યમ-પુરુષાર્થ-વીર્યશક્તિમાં છે.

કર્મ અને ભવિતવ્યતા હોવા છતાં ઉદ્યમ વિના કાર્યસિદ્ધિ નથી. જાગૃતિ એ ઉદ્યમ છે. ઉદ્યમથી ભવિષ્યનો અંત આણવાનો હોય છે.

પોતાના ભવિષ્યનો અંત આણવા માટે ઉદ્યમ કરવાનો છે. જ્યારે અન્યના ભવિષ્ય અંગે ભવિતવ્યતાથી વિચાર કરવાનો છે. તે તે જીવોના ભૂતકાળના ઇતિહાસને પણ તથાપ્રકારની ભવિતવ્યતાથી મૂલવવાનો છે.

(૫) **ભવિતવ્યતા (નિયત-પ્રારબ્ધ) :-**

કેવલિ ભગવંત (સર્વજ્ઞપ્રભુ) જે બનાવ અર્થાત્ ઘટના-પ્રસંગ કે Event ને જે પ્રમાણે એમના જ્ઞાનમાં જોયો હોય

અથવા તો જોતાં હોય તે જ પ્રમાણે તે બનાવનું નિશ્ચિત બનવું તેને ભવિતવ્યતા કહે છે.

'ભગવંત જે પ્રમાણે જુએ છે તે જ પ્રમાણે થાય છે; –તે ભગવંતની સર્વજ્ઞતા છે. જ્યારે 'જે પ્રમાણે થાય છે તે જ પ્રમાણે ભગવંત જુએ છે.' તે ભગવંતની વીતરાગતા છે. નિષ્પ્રયોજનતા, નિર્મોહિતા, નિષ્પક્ષતા, નિરપેક્ષતા, માધ્યસ્થતા છે.

જે ફરનાર નથી, જે ટળનાર નથી, જે નિશ્ચિત છે અને જે અવશ્યભાવિ છે તે ભવિતવ્યતા છે.

સ્વભાવ અનાદિ–અનંત સિદ્ધ છે. સ્વભાવ અક્રમથી છે. ભવિતવ્યતા એ બનાવ-ઘટના Event છે. એની શરૂઆત (આદિ) છે અને તેનો અંત પણ છે. ભવિતવ્યતા ક્રમથી હોય છે. બનાવ બને ત્યારે ઉત્પાદ અને બનાવ પૂરો થાય ત્યારે વ્યય.

ભવિતવ્યતા એ અબાધાકાળવાળું હોવાથી 'પર' વસ્તુ છે. ભવિતવ્યતા એ વાયદાનો વેપાર છે. જ્યારે ઉદ્યમ એ રોકડાનો–હાજરનો વેપાર છે.

સ્ત્રીને માતૃત્વ પ્રાપ્તિના બનાવમાં આ પાંચ કારણો જે ભાગ ભજવે છે અને તેનાથી માતૃત્વ પ્રાપ્તિનું જે કાર્ય બને છે તે વિષે વિચારતાં આ પાંચ કારણો સરળતાથી સમજી શકાશું.

સ્વભાવ :– માતા બની શકવાનો ધર્મ સ્ત્રીમાં છે. પુરુષ માતા બની શકતો નથી. સ્ત્રીનો માતા બની શકવાનો ધર્મ તે સ્વભાવ.

કાળ :– સ્ત્રી અમુક નિશ્ચિત સમયે માતા બની શકે છે. સ્ત્રી ઋતુવતી થયા બાદ જ અને ગર્ભ રહ્યા પછી, ગર્ભકાળ પૂર્ણ થયે જ માતા બની શકે છે. આમ અહીં માતૃત્વ પ્રાપ્તિના બનાવમાં કાળ પણ એનો ભાગ ભજવે છે.

કર્મ :– પૂર્વકૃત માતૃત્વપ્રાપ્તિનું તથાપ્રકારનું કર્મ બાંધ્યું હોય અને તે કર્મ ઉદયમાં આવે ત્યારે જ તે સ્ત્રી માતા બની શકે છે, એ બતાડે છે કે કર્મ માતા બનવામાં કારણભૂત છે.

પુરુષાર્થ-ઉદ્યમ :– પુરુષ સાથેના ક્રિયાત્મક સંયોગે કરીને સ્ત્રી માતૃત્વ ધારણ કરી શકે છે. જે ઉદ્યમનો ફાળો માતૃત્વ પ્રાપ્તિ વિષે સૂચવે છે.

ભવિતવ્યતા-નિયતિ-પ્રારબ્ધ :– ઉપરોક્ત ચારે કારણો પ્રાપ્ત હોવા છતાં જો તથાપ્રકારની ભવિતવ્યતા ન હોય તો સ્ત્રી, માતા થઇ શકતી નથી. એનાથી એ સાબિત થાય છે કે ભવિતવ્યતા પણ ભાગ ભજવે છે.

સ્ત્રીને માતૃત્વપ્રાપ્તિ બાબતે આ પાંચે કારણો ભાગ ભજવે છે તે આપણા સહુના અનુભવની વાત છે. તે જ પ્રમાણે અન્ય કાર્ય વિષે પણ આ પાંચે કારણો વત્તા ઓછા અંશે ભાગ ભજવે છે.

હવે આપણે આ પાંચ કારણથી નિષ્પન્ન થતી સાધના વિષે વિચારીશું.

ભવિતવ્યતામાં આપણે પરાધીન છીએ. ભાવમાં આપણે સ્વાધીન છીએ. બહાર બનતા બનાવો (Events) આપણા વશમાં કે આપણા કાબુમાં નથી. પરંતુ ઘટતી તે ઘટનાઓ ઉપર યા તો બનતા તે બનાવો ઉપર ભાવ (feelings) કેવાં કરવાં, કે ભાવ કેવાં રાખવા અને તે ભાવ ક્રમ જાળવવા તે આપણા હાથની વાત છે. એ જ આપણા વશમાં છે અને તે જ આપણો પુરુષાર્થ છે.

એ જ પ્રમાણે બહારની સંપત્તિ તથા પ્રકારના કર્મના વિપાકોદયે મળવી તે પ્રારબ્ધ છે. જ્યારે આપણે આપણા આત્માને નિરાવરણ (કર્મરહિત) કરવો તે આપણો પુરુષાર્થ છે. પ્રાપ્ત સમય-સંપત્તિ-શક્તિ-સાધનાદિનો આત્મનિસ્તાર કાજે સદુપયોગ કરવો તે જીવનો–આત્માનો પુરુષાર્થ છે. પરિણામ જે આવે તે પ્રારબ્ધ અર્થાત્ ભવિતવ્યતા પ્રમાણે છે. આપણી ઇચ્છા, બુદ્ધિ, ક્રિયા, ભાવ એ પુરુષાર્થ છે, આવી મળવું તે પ્રારબ્ધ છે જે અક્રિયતા છે. જ્યારે પ્રયત્નપૂર્વક ઇચ્છા પ્રમાણેનું મેળવવું તે પુરુષાર્થ છે જે સક્રિયતા છે. પ્રારબ્ધ 'પર' વસ્તુના સંબંધે છે. અને તેથી પરાધીન છે. 'પર' વસ્તુ મળે પણ ખરી અને ન પણ મળે. કર્મનો ઉદય છે તે પ્રારબ્ધ છે. ભાવમાં પરિવર્તન કરવું તે પુરુષાર્થ છે. ક્રોધ નીપજવાના સંયોગો નિર્માણ થવા તે પ્રારબ્ધ છે. જ્યારે ક્રોધના સંયોગોમાં શાંત રહી ક્ષમાભાવ ધારણ કરવો તે પુરુષાર્થ છે. કારણ કે કર્મનો ઉદય છે પણ ભાવનો ઉદય નથી, ભાવ તો કરવાના છે. ભાવવાના છે. ભગવાને (સર્વજ્ઞ પ્રભુએ) જોયું છે તેવું થવાનું છે તે પ્રારબ્ધ છે. પરંતુ તે છતાં પણ એ સર્વજ્ઞ પ્રભુ–વીતરાગ જિનેશ્વર ભગવંત એમની જિનવાણીનું શ્રવણ કરાવે છે એટલે કે ઉપદેશ અર્થાત્ દેશના આપે છે કારણ કે આપણા સહુમાં પુરુષાર્થની શક્તિ છે – ઉદ્યમ છે વીર્ય ફોરવવાની આંતરિક શક્તિ છે, તાકાત છે.

એ વીર્યશક્તિ (પુરુષાર્થ) વડે જ ભગવાનનો ઉપદેશ ઝીલી (ગ્રહી) ને આપણામાંના સંસારભાવ; મિથ્યાત્વભાવી, દ્વેષભાવ, કષાયભાવ આદિ કાઢી નાંખીને યાને કે એને વૈરાગ્યભાવ, સમ્યગ્‌ભાવ, આત્મભાવ, અધ્યાત્મભાવ, પ્રશાંતભાવમાં પરિણમાવવાનો–પલટાવવાનો પુરુષાર્થ ખેડી શકીએ છીએ. આને ભાવ-પલટો, ભાવપરિવર્તન, હૃદયપરિવર્તન છે તે જ છદ્મસ્થજીવોને પહેલાં મિથ્યાત્વ ગુણસ્થાનકથી ચોથા સમ્યક્ત્વ ગુણસ્થાનકે આરોહણ કરવાની મનોયોગની દૃષ્ટિ પરિવર્તનની પ્રક્રિયા છે. It is a turning point.

પાંચ કારણને સાધન બનાવી, સાધના કરી સાધ્ય અર્થાત્ સિદ્ધિની પ્રાપ્તિ કરવાની છે. કાળ જે વર્તમાન છે, તે ભૂત બને છે અને ભવિષ્ય, વર્તમાન બનીને અવતરે છે. વર્તમાનકાળનો ઉપયોગ કરી, ભૂત અને ભવિષ્યને ખતમ કરી, કાળાતીત એટલે કે અકાલ થવાનું છે. ભવિષ્ય–વર્તમાન–ભૂત–કાળનીજે હારમાળા (Line-Chain) ચાલે છે, કાળનું જે વહેણ વહે છે, તે વિનાશી છે. એમાં વિનાશીપણું છે. જીવે એટલે કે આપણે સહુએ વિચારવાનું છે કે.. વિનાશી રહેવું છે? કાળનદ પ્રવાહમાં તણાતા રહેવું છે? કે પછી અવિનાશી થવું છે? અવિનાશી થવું હોય, કાળના વમળમાંથી કિનારે આવવું હોય, તો ભવિષ્ય વર્તમાન–ભૂત એમ કાળની જે શૃંખલા ચાલે છે, તેને તોડવી રહી

કાળ પછી સ્વભાવની વાત કરીએ તો સ્વભાવ, જગતનો શું છે? અને જીવનો પોતાનો શું છે? એ જીવે એટલે કે આપણે સહુએ વિચારવું જોઇએ અને તે ઉપર ચિંતન મનન, મંથન સંશોધન કરી જીવે એના પોતાના (સ્વ) ભાવમાં એટલે કે સ્વભાવમાં આવવું જોઇએ.

કર્મ વિષે વિચારતા એમાંથી સાધના એ નીકળી શકે છે કે કર્મ સારા અને નરસા (ખરાબ) ઉભય પ્રકારના હોય છે. સત્કર્મનું ફળ સારું અને કુકર્મ (દુષ્કર્મ)નું ફળ ખરાબ હોય છે. તેથી કર્મ કરતી વખતે અર્થાત્ કર્મબંધના સમયે જીવે વિવેકી બનીને સત્કર્મ–સુકર્મ–સુકૃત તરફ વળવું જોઇએ.

ઉદ્યમની વાત લઇએ તો તે પાંચે કારણમાં જીવને સ્વાધીન

એવું કારણ છે. માટે જીવે શુભમાં પ્રવૃત્તિશીલ થવું જોઇએ અને પ્રમાદ છોડી અપ્રમત્ત (જાગૃત-સાવધ) બની શુભમાં જોડાઇ શુદ્ધ (કર્મમલરહિત) થવું જોઇએ.

અંતે ભવિતવ્યતામાંથી સાધના એ નીકળે છે કે જીવ ધરે છે કાંઇ અને થાય છે કાંઇ. તો જે પરિણામ આવે તેને નિયતિ, નિશ્ચિત ભાવિ સમજી હર્ષ રતિ-અરતિ, હર્ષ-શોકથી દૂર રહી સમભાવ ટકાવી શકાય અને સમતામાં રહી શકાય.

પાંચે કારણ મળી કાર્ય બને છે તો એ પાંચે કારણથી જીવે સાધના કરવી જોઇએ.

કાળ-કર્મ ઉદ્યમ-નિયતિ આદિ આત્માનું સ્વરૂપ નથી. પરંતુ પરમાત્મપદ પ્રાપ્તિનાં સાધન છે. ઉદ્યમ આદિ કરવા છતાં ય પરિણામ ન આવે તો હતાશ નહિં થતા સ્વરૂપમાં-સાધનામાં સ્થિર રહેવું. સાધનથી પરિણામ ન આવે તો કાળ-કર્મ-ઉદ્યમ આદિથી પર થવું અર્થાત્ ઉપર ઊઠવું, સાધનથી રહિત નથી થવાનું પણ સાધનથી સમર્થ થવાનું છે.

કર્મના મૂળમાં રહેલ આ પાંચે મૂળ કારણથી આત્માના મૂળ શુદ્ધ સ્વરૂપને સમજી જીવે પાંચ કારણથી સાધના કરી સ્વયંના શુદ્ધ આત્મ સ્વરૂપ-પરમાત્મ સ્વરૂપનું પ્રાગટ્ય કરવાનું છે.

મોક્ષની પ્રાપ્તિ થવાની છે, એ આપણી ભવિતવ્યતા છે. તો ચાલો આપણા સ્વભાવને ઓળખી, કાળના ભ્રમમાંથી બહાર નીકળી, કર્મરહિત થવામાં આપણે સહુ કોઇ ઉદ્યમી બનીએ તેવી અભ્યર્થના!

સંકલન: સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી

ગુજરાતી કવિતામાં પ્રાણીઓ

તનસુખ ભટ્ટ

લોકમાન્ય તિલકે Arctic Home of Vedas નામે એક ગ્રંથ લખ્યો છે. તેમાં તેમણે સાબિત કર્યું છે કે આર્યોનું મૂળ નિવાસસ્થાન ઉત્તર ધ્રુવનો પ્રદેશ હતું. ભૂગોળ વિદ્યાની દૃષ્ટિએ પણ વિદ્વાનો આ વાતને સત્ય માને છે. પૃથ્વીમાં પ્રથમ ઉત્તર દક્ષિણ ધ્રુવો ઠર્યા અને વિષુવવૃત્ત ઠરીને માણસને રહેવા લાયક થયો ત્યારે બંને ધ્રુવો એટલા ઠંડા પડી ગયા કે માણસજાતિ ત્યાંની ઠંડી સહન ન કરી શકી. આથી ધ્રુવપ્રદેશના આર્યો ગરમ પ્રદેશની ખોજમાં દક્ષિણ તરફ વધ્યા-એમ લાગે છે કે દરેક પ્રદેશમાં તેઓ એક બે કે વધારે સદી સુધી રહ્યા હશે પછી ઉત્તર તરફથી નવાં ટોળાં આવતાં તેઓ દક્ષિણમાં ધકેલાતા ગયા હશે. તેમની પોતાની વસતિ વધવાથી પણ આ થયેલું સંભવે. આમ કેટલાક હજાર આર્યોનાં ટોળાં યુરોપમાં ગયાં અને ત્યાં જ વસી સ્થાયી થયાં. કેટલાક હજાર આર્યોનાં ટોળાં એશિયામાં દાખલ થયાં તાતરી કિરગિઝસ્તાન જેવા બીડના પ્રદેશોમાં તેમણે ઘાસ પર નભતાં ગાય ઘોડા જેવાં પશુઓ જોયા. તેમનાં માંસ પર નભતાં હિંસક પશુઓ પણ જોયાં તેમાંથી તેમને ઘોડો બહુ ઉપયોગી લાગતાં તેને પ્રથમ રથમાં અને પછી હળમાં પણ જોડ્યો હશે. કિરગિઝ પ્રદેશમાંથી તેઓ ધરાન થઇ અફઘાનિસ્તાનમાં આવ્યા. અહીં ભરતગોત્રના ઋષિ વિશ્વામિત્રને પ્રસિદ્ધ ગાયત્રી મંત્રનું દર્શન થયું હતું એમ ભાષાશાસ્ત્રી ડો. સુનીતિકુમાર ચેટરજી માને છે. અફઘાનિસ્તાનમાંથી તેઓ પંજાબનાં મેદાનોમાં આવ્યા. યુરોપ-એશિયામાં હતા ત્યારે જ તેમને ગાય બકરી, ઘોડો, ઘેટું, સૂવર અને કૂતરાનો પરિચય થયો હશે. ભારતમાં તેમને મોટાં સાબરો (Elk) જળબિલાડી, વનવરાહ, વરૂ, શિયાળ, રીંછ, ઇત્યાદિને, પરિચય હતો.

ડુંગરાળ પ્રદેશમાં આકાશ છત્રી જેવડું લાગે તેથી પ્રભાત સંધ્યાના રંગોનું સૌન્દર્ય જોવા ન મળે. પંજાબનાં મેદાનોમાં આવતાં તેમણે દરેક પ્રભાતે પૂર્વાકાશમાં ભવ્ય રંગોળી રચના નિરખી તેમાંથી ઉષાનાં સ્તોત્રો રચાયાં. ભારતનું ચોમાસું ભારે હોવાથી વરસાદના દેવ ઇન્દ્રનાં સ્તોત્રો પણ રચાયાં. પછીથી વરુણ, અગ્નિ, અશ્વિનીકુમાર ગણપતિ, સૂર્ય, મિત્રાવરુણો, દ્યાવાપૃથિવ્યૌ વગેરે ત્યાંનાં સ્તોત્રો રચ્યાં, દેવોને તેમણે વાહનોની પણ ભેટ કરી, બ્રહ્માને હંસ, વિષ્ણુને ગરુડ, શંકરને નન્દી, પાર્વતીને સિંહ, લક્ષ્મીને ઘુવડ, સરસ્વતીને હંસ, ગણપતિને ઉંદર, કાર્તિકેયને મોર, ઇન્દ્રને ઐરાવત તથા યમરાજને મહિષનાં વાહનો અપાયાં, આમ પ્રાણીઓ આર્યોના રચેલા સાહિત્યમાં દેખાયો, અનાર્યો પાસે ઘોડા ન હતા તેથી લશ્કરી દૃષ્ટિએ તેઓ ઊતરતા ઠર્યા અને આર્યોએ તેમની ઉપર વિજય મેળવી તેમને પૂર્વની તથા દક્ષિણની સરહદો તરફ હાંકી કાઢયા.

વેદમાં અશ્વ, ગાય શ્યેન (બાજપક્ષી) રાસભ, વૃષભ, શિશુમાર (ગ્રાહ) વૃક (વરૂ) સિંહ, અને સરમા (ઇન્દ્રની કૂતરી) એટલાં નામો મારા અધ્યયનમાં આવ્યાં છે, ભાગવત પુરાણમાં ગજેન્દ્રમોક્ષમાં સિંહ, હાથી, ગેંડા, વાઘ, કૃષ્ણમૃગ, (કાળિયાર) અષ્ટાપ (શરભ) ચમરીમૃગ, વરૂ, વરાહ, પાડા, રીંછ, શેઢાડી વાંદરાં કૂતરાં માંકડાં હરણ, સસલાં, જેવાં નાનાં મોટાં પ્રાણીઓની ઉલ્લેખ આવે છે. પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં કાલિદાસનાં નાટકોમાં મહેલમાં પાળેલો વાંદરા, કામધેનુ જંગલી હાથી મૃગ વરાહ શરભના ઉલ્લેખો છે બાણભટ્ટની કાદંબરીમાં ભીલોને શિકારે નીકળે છે તે મૃગયાનું વર્ણન છે. કાલિદાસનો વિદુષક મૃગયાત્રાસનું વર્ણન કરે છે. હેમચંદ્રના અપભ્રંશ વ્યાકરણમાં હળ ખેડતા બળદનો તથા 'શીખાતુરી'નો ઉલ્લેખ છે કિરાતાર્જુનીય મહાકાવ્યમાં વનવરાહના શિકારને વર્ણન છે.

ઇ. સ. ૧૫૧૨માં રચાયેલા 'કાન્હડદે પ્રબંધ' નામના જૂની ગુજરાતી ભાષાના કાવ્યમાં તેના કવિ પદ્મનાભ સોનાના ઘોડાઓનું વર્ણન કરતાં કહે છે :-

પાણીપથા ને ખુરાસાણી, એક તુરકી તુરંગ
સૂડાપંખા નઇ કિહડા, એક નીલડા સુરંગ.
પંચવર્ણ તેજી પાખરિયા, કંકુકોળ પલ્હાણ
સોનાતણા સાંકળા પાએ, હણહણિયા કેકાણ,
પ્રાણી ખુરાતણિ ધરણી ખુંદઇ, ખુંદઇ માનઇ ન સાહ
ભારગિરી તેજી દિવરાણા, ચાલાઇ ઊવટ વાટ,
સાવ લોહપાખર નઇ ચામર, ધ્રુંધી ધૂધરા ઝમકઇ
પાણી તણી ઢલકતી છબાલ, નીચાં ફ્રેમેત મૂકઇ'

અર્થ : પાણીપથાને ખોરાસાની તથા તુરકી ઘોડા હતા. સૂડાની પાંખના રંગના કિહાડા જાતના તથા નીલા રંગના ઘોડા સેનામાં હતા પાંચ વર્ણના ઘોડાને બખતર હતાં. પલાણ કંકુથી રંગ્યાં હતાં ઘોડાઓના પગમાં સોનાનાં સાંકળાં હતાં તેઓ હણહણાટી કરતા હતા. તેઓ પગની ખરી પછાડીને ધરતી ખોદતા હતા પાણીદાર તુરંગો સાટકા (ચાબુક)ને ગણકારતા ન હતા ઉત્તમ ઘોડેસવારો હોવા છતાં ઘોડાઓ આડી વાટે (ત્રાંસા ચાલતા હતા ઘોડાઓને ખરેખરા લોખંડના બખતર પડેરાવ્યાં હતા તેમને શિરે ચમરીઓ અને ગળામાં

ભૂતમાંડ હતી. જ્યારે રેલાની જેમ તેઓ ચવાલ ચાલ ચાલતા ત્યારે તેમનાં કૂમતાં નીચે નમી જતાં હતાં'

ઈ. સ.ની પંદરમી સદીમાં જન્મેલા નરસિંહ મહેતા સંસાર-ગ્રસ્ત જીવને લખચોરાશીનું સ્મરણ કરાવે છે, પશુજીવનમાંથી જો માનવ અવતાર મળ્યો છે તો તેને સાર્થક કરવાનો ઉપદેશ આપતાં તેઓ કહે છે:-

'જનને જદવા ! કૃષ્ણ ગોવાળિયા તુજ વિના ધેનમાં કોણ જાશે'
'હરિ તજ્યું હેત તને કયમ ગયું વીસરી, પશુ રે કેડીને નર રૂપ કીધું
ઘાંચીનું ગાળિયું કઠથી ટાળિયું, નેત્રના પાટા શ્રીનાથે છોડ્યા,
ચરણ ઠેકડી કરી માગતો મૂઢમતિ, ઘાસ પાણી કરી શબ્દ ઝીણા
સાંભળી શી ડોક કોંકોલને ચાવતો, ઊંટ જાણી ઘણો ભાર લાદે
ધીક અણાડી ને અંકુશ માર સહી રેણ ઊડાડતો ધરણી હેરો

* * *

ટળ્યા ઢોરનું કુશોક મનચળે, ચતુરધા મુક્તિ તે તો ન માગે

* * *

જગતણી વહાર તું ગરુડ ચડી ધાયો, ગ્રાહનાં મુખ થકી રે ઊગાર્યો

* * *

મીરાંને રાણાએ તેની ભક્તિ માટે ભક્તાણી ગણી દુઃખ આપવા માંડ્યું ત્યારે તેમણે તુલસીદાસની સલાહ માગી-તુલસીદાસે કહ્યું :-

જાકે પ્રિય ન રામ વૈદેહી સો ત્યાગિયે કોટિ વૈરી સમ
જદપિ પરમ સનેહી જા કે પ્રિય ન રામ વૈદેહી,

ગુજરાતીમાં પણ ભજનમાં કહ્યું છે :-

નારાયણનું નામ જ લેતાં વારે તેને તજિયે રે

તુલસીદાસની સલાહ પ્રમાણે મીરાંએ જન્મભૂમિ છોડવાની તૈયારી કરતાં સાંઢણીના રખેવાળને કહ્યું : સાંઢણીવાળા ! સાંઢણ ઝબુકારજે, મારે જાવું સો સો કોસ રાણાજીના રાજમાં મારે જાળ રે પીધાનો દોષ? પોતાનાં નિંદકોની ટૂકડી ઉડાડતાં મીરાં કહે છે :

'ભરી અજ્જરમાંથી હાથી હાલ્યો જાય રાણા !
શ્વાન ભસે તેમાં હાથીને શું થાય રાણા?

શ્રી કૃષ્ણની બાળલીલા ગાતાં તે કહે છે :

'વૃંદા તે વનમાં વાલે, ધેનુ ચરાવી
વાંસળી વગાડી ઘેરી ઘેરી'

* * *

'ટીટોડીનાં ઈંડાં ઊગાર્યાં, માંજરીનાં રાખ્યાં છૈયાં રે
ગ્રાહથી ગજરાજ ઊગાર્યો, ગોકુળચારી ગૈયાં રે'

નરસિંહ મીરાંની પ્રેમલક્ષણા ભક્તિ હૃદયના તાર હલાવે છે તો અખા ભગતનું વેદાંત બુદ્ધિના તાર ઝણઝણાવે છે. આત્મબોધનો ઉપદેશ તેઓ કહે છે :-

'ચૂસે અસ્થિ શ્વાન મહાદુઃખે, નીસરે રુધિર પોતાને મુખે
ચાખ્યો રંગ દેખી મલકાય, પણ કારણ પડ્યું પોતામાંય
ઊંટ તળે જેમ ચાલે શ્વાન, એમ અખા ધરવું સૌ માન'

સંતનાં ચરણ પૂજવાં મૂકીને માયાની પાછળ દોડનાર અજ્ઞાનીને ફિટકાર આપતાં તે કહે છે :-

'અખા પશુ જેમ જવનને હળે, મહાજન મૂકી તે સંગે પળે
જેમ મૂંડાં કરું માકડું, તે ઘરઘર માગે ભીખ
પેટે લાગે ને પેટ દેખાડે, તો ય ન પામે શીખ,
જેમ બળદ ઘાણી તણો, નિશદિન બહુ હીંડે
અજ્ઞે હું અતિ અંધો ગયો, માયા મીંડે ને મીંડે
કાચે તે જેમ શણગાર્યો નટે, ભીખ મગાવે રહ્યો ચૌવટે
ઊંટ રાજ્ય બેસાયું જેમ, ફળ દીઠે વળી હુ તૂ તેમ
અનુભવી આગળ વાદ જ વદે, ઊંટ આગળ પાળો જયમ ખદે

ઊંટ તણાં આવાં મેલાણ, પાળાના તો છડે પ્રાણ
પૂછડી ભેંસ ન મારે પગ જોર કરીને થાકયા ઢગ
જેમ વાધ ગૌવધુને હળ્યો વર્તે તે માંહિ રહી ભળ્યો,

હરિયુગસંતમાં અહાવાળા મુમુક્ષુનું વર્તન આથી ઊલટું જ હોય છે તે દર્શાવતાં તેઓ કહે છે:-

'જેમ કેસરી આમિષના ભખે, મૃગકુળ કોઈ કાળ
કેસરી બાલ હોય જન્મથી ધીર, જે જાય ગજરાજને શીશ ઝાગે
શાસ્ત્ર તણો કહું સાર, તે સદ્‌ગુરુમુખ શ્રવણે ધરે
કેસરી કેરો આહાર, જંબુકને નહિ જરે

'બંધૂકે બહુ જાત, અવાજથી ઊડે ઘણા
(પણ) સિંહ ન મેલે નાત, શબ્દ સુણી સામો ધસે.'

પ્રભુમય જીવન ગાળવાનો ઉપદેશ આપવા માટે અખાભગત બેડૂત જીવનમાંથી દાખલો લે છે, બેડૂત જેમ સાંતી (હળ) જોડે, તેને ડોળિયા (બળદ) જોડે, જેમ બીજ વાવે, બળદને ગળે જોતર (ભીંડીના હથેળી જેવા પહોળા પટા) બાંધે, તેમ હે જીવ ! તું ભજનરૂપી સાંતી જોડ, કવિ કહે છે :-

'સાંતીડું જોડીને સમજાવીએ. રડ્યા કામનાં બીજ વાવ
દયામાયાના ડોળિયા પ્રાણી, પ્રેમનાં જોત્તર વાળ'

કવિ પ્રેમાનંદ નળાખ્યાનમાં વર્ણન કરતાં કહે છે કે દમયંતીને પાકા વહેમ ગયો કે કાળો, કદરૂપો ને ઠીંગણો બાહુક જ રૂપાળો, ભાગ્યશાળી નળરાજા છે, પરંતુ કોઈ અકળ શાપને કારણે તેનું રૂપ જાય કુરૂપ થયું છે, આથી બાહુક જ નળરાજા છે તેની ખાતરી અને પરીક્ષા કરવા તેણે પોતે કરવા ધારેલા નવા સ્વયંવરની વાત ઉડાડી નળરાજા પાસે ચમત્કારી અશ્વમંત્ર હતો, તે ઘોડાના કાનમાં ફૂંકતાં ઘોડા જેટ વિમાનની જેમ આકાશમાં ત્વરાથી. ઊડતા. બાહુકના માલિક રાજા ઋતુપર્ણને દમયંતીએ કંકોતરી મોકલવામાં ચાલાકી કરી ને લગ્નને દિવસે જ કંકોતરી પહોંચાડી રાજા ધુંવાપુંવા થયો. પરંતુ નળે પોતે ભગ્ન પહેલાં જ રાજાને લગ્નમંડપમાં પહોંચાડશે તેવી ધીરજ આપી, નળ પોતાની અશ્વવિદ્યાનો ચમત્કાર બતાડવા માંગતો હતો. તેથી તેણે બળવાન, પાણીપંથાં ઘોડાઓ રથમાં જોડવાને બદલે માંદલા અધમુવાં, હાડપિંજર જેવાં ચાર ટારડાંઓ રથમાં જોડ્યાં, ઘોડાઓનાં બધાં અપલક્ષણો આ દુકળિયાં ટારડામાં હતાં. પ્રેમાનંદ કહે છે :-

'રીસ કરી કહ્યું બાહુકને, કાં જોડ્યા દુબળ વાજી' !
કરણ લૂલા, ચરણ રાંટા, બગાધ બહુ ગણુગણે
અસ્થિ નીસર્યાં, ત્વચા ગાઢી, ભયાનક બહુ ઘણુઘણે,
'ચારે નોહે ચાલવાના, આગળ નીચા, પાછળ ઊંચા,
ખૂંધા ને ખોડભર્યા, બે કરડકણા બે બુચા
પવનવેગી, પાણીપંથા, શત જોજન હીડે ઠેઠ
એવા ઘોડા મૂકીને કાં, જોડ્યા દૈવની વેઠ ?'
ઓડી દીધી બાહુકે ત્યારે અશ્વ ઢળીને પડ્યા
બાહુકે અશ્વ ઉઠાડિયા હાંકે ને કહેઃ 'ધણીમુઆ'
અન્ન એવા અશ્વ નિર્બળ ખેંચે બીજી બીજી
હાકે ને હીડે પાછા પાછા, ચુપરી નાખે કાઢી
તાણી દોડે ધર ભણી, ઊભા રહે વણ રાખ્યે
પૃષ્ઠ ઉપર પડે પરોણા, કરડવા પાછા ફરે,
પહોળા પગે રહી ઊભા, વારેવારે મળમૂત્ર કરે

કવિએ ઘોડાઓનાં અપલક્ષણો જે વર્ણવ્યાં તો પછી બળદોનો શો વાંક? આથી નરસિંહ મહેતાની વેલ (નાનો રથ) તું તે તેના બળદોનું વર્ણન કરતાં પ્રેમાનંદ 'મામેરા'માં ગાય છે :-

જૂની વેલ ને ધૂંસરી વાંકી, સાંગી સોટાભાંગી જી
કોના તપાયાને કોની પીંજણીઓ, બળદ આપ્યા મે માગીજી
બળહીણા બળદો શું હાંકે ? કેવે વૈષ્ણવ સાથ જી
શેર પાડે ને ઢાળ ચડાવે 'જે જે વૈકુંઠનાથજી.'
એક બળદ ગળિયો થઇ બેસે, આખલો તાણી જાયજી
પડ્યાને પૂંછ ગ્રહી ઉઠાડે, કૌતુક કોટિ થાયજી.'

શ્રીકૃષ્ણની દ્વારકાપુરીનું વર્ણન આમ કરે છે :-

'હરતાં ફરતાં હાંકે ઘોડા, બાંધ્યા હેમ તણા અછોડા
ડોલે મદગળતા માતંગ, ગજશાળાનો નવલો રંગ.'

શામળ ભટ્ટ રાજાની ગજશાળાનું તથા ઘોડારનું વર્ણન કરતાં કહે છે :-

'આગળ હાર હરતી તણા, મદઝરતા માતંગ
અંબાડી કંચન તણી, સિંદૂર ઓપત અંગ,
ઘન્ટા, નેજા ફરકતાં, ઐરાવત આકાર
બીજા ગજ તો અતિ ઘણા, એવા સહસ્રજ બાર
હય અરબી, કચ્છી ભલા, ખુરાસાની, કાશ્મીર
કુંતલ કાળા, કાબરા, શરપૂર રણધીર
ઉજ્જવળ, અબલખ, ભૂખરા નીલા, પીળા રંગ
જડિત પલાણ હીરા જડ્યાં', અતિ અતળી બળ અંગ,
ગંગાજળા ને હરમજી, પાણીપંથા અમૂલ
સોરંગી, સોરઠા, સુજાણુપંચ તેજા તુરંગી અરબ'

કવિ દયારામે પ્રચલિત કહેવતોને કાવ્યની એક કડીના મુદ્દા કે વિષય બનાવીને દરેક કહેવતની ઉપર એક કુંડળિયો રચ્યો છે. તેમાં કેટલીક કહેવતો પશુઓ વિષે પણ છે. આવી પ્રથમ પંક્તિ જોઇએ :

'ગાંગરતું જ પલાણીએ, ઊંટ તણી એ રીત'
પ્રવાન પુચ્છ ગ્રહી કોઇ પણ, પડિયું સાગર પાર ?
ઘોડે બેસી ગાંસડી માથે મૂકે મૂઢ
હરખી અજ લીલું ચરે, કસાઇ બાંધ્યો બાર
ગણીએ નહિ જો દૂઝણી, પાડુ મારે ગાય
'ભેંશ કુદારા તે નભે, દઢ ખીલાનું જોર
ગજ પગલામાં સર્વનાં, પગમાં જાણો ગેબ.'

એક પદમાં સિંહનો ઉલ્લેખ કરતાં તે કહે છે:-

'સિંહણ કેરું દૂધ હોય તે, સિંહણ સુતને જરે
વગરવંશીને વમન કરાવે, વેદવાણી ઉચ્ચરે'

ભોજા ભગતના ચાબખા ભજનસાહિત્યમાં પ્રસિદ્ધ છે, દંભીઓને ચાબખા મારતાં કહે છે :

'મહાજન કહે અમે ધરમી કેવાયે, દૂધ પાઇ મીંદડાં પાળે
મોટું થાય ત્યારે મોકળું મૂકે, પછી ઉંદરનો ઘાટ વાળે,
ખાટકી વાંસે ઘેટો ચાલ્યો, મહાજન જાણે મુંકાવું,
ઇન્દ્રિય સવાદે અવળો ચાલે, તેને ઊંધે માથે ટિંગાવું
ચાર પાંચ ભેંશો આંગણે દૂઝે, છોરનાં પેટડાં બાળે
પાડોશી છાશને લેવા આવે ત્યારે, વાલ્લાંસગાનો સોગ પાળે,

કેટલાક હરિભક્તોને સંસારની ગતાગમ નથી હોતી, વ્યવહારની કઠોરતાનું ને જોખમનું ભાન નથી હોતું, કાચબા કાચબીના ભજનમાં ભગત કહે છે :

'કાચબો કાચબી જળમાં રહેતાં, હતાં હરિનાં દાસ
દર્શન કારણે બારણે આવ્યાં, રાખીને વિશ્વાસ
આવતાં નજરે ભાળ્યાં, ઝાલીને બાંધી માર્યાં
કળકળમા તું કાચબી કૂદી, રામૈયાની રીત છે રૂડી
કાચબી કહે કિરતાર ન આવ્યો, આવ્યો આપણો અંત
હરિ નથી કોઇના હાથમાં તમે, હાલો શું બાંધો તંત ?

મુવા ટાણે મત્ય મુંઝાણી, તૂટ્યા પછી ઝાલવું તાણી

કેશવજીએ કરુણા કીધી, મોકલ્યો મેઘ મલાર
બાંધણુથી ઉગારિયાં વાલે, કાચબીને કિરતાર
ભોજો કહે ભરોસો જેને, ત્રિકમજી તારશે તેને

બહિરદ્રષ્ટિ ન રાખતાં અંતરદૃષ્ટિ રાખવી એમ કહે છે:-

'ઊંટમાં વાંક ને ઘોંક બહુ ભાતના
આતમા પાંશરો, એમ જોવું

દયારામની જેમ સિંહણના દૂધ વિષે કહે છે :-

'પાત્ર વિણ સિંહણનું પય કમ જામશે ?
લોહાના ઠામને લાગ નોયે ?

બલખ-બુખારાના બાદશાહને તેનો ઊંટ બહુ વહાલો હતો. સૌરાષ્ટ્રમાં કાઠીઓને ઘોડાં અતિ વહાલાં હોય છે. ગોવાળને ગાય તથા રબારીને બકરાંઘેટાં વહાલાં લાગે છે. વીસેક વરસ ઉપર એકવાર અતિવૃષ્ટિમાં બકરાં ઘેટાં તણાઇ જતાં એક રબારીએ પૂરમાં પડતું મૂકી આપઘાત કરેલો. બાદશાહનો પ્રિય ઊંટ મરી જતાં તેને એવું તીવ્ર દુઃખ ઉપજ્યું કે તેણે સંસાર છોડ્યો. નિષ્કુળાનંદ ગાય છે :-

'ઊઠી રે શક્યો નહિ ઊંટિયો, બહુ બોલાવ્યો બાજંદજી
તેને રે દેખીને ત્રાસ ઊપજ્યો, લીધી ફકીરી છોડી ફંદજી'

વીર પુરુષોને બિરદાવતાં ચારણ કવિ કહે છે :-

'ઘોડાના પગમાં ઘૂઘરા, સાવ સોનેરી સાજ
લાલ કસુંબલ લૂગડે, ચરખાનો ચાંપરાજ

કાઠી રજપૂતોની જેમ સૌરાષ્ટ્રમાં એક વાણિયો પણ લડવૈયો થઇ ગયો છે. તેને વિષે ચારણ કહે છે :-

ઘોડાના ધમસાણમાં, તંગ લીધેલ તાણી
ફોજુમાં લાડો ફરે, ઘેલો માધાણી

ગાયોનું અપહરણ કરનારાઓની પાછળ વર્ણવેલ નામનો રજપૂત પડ્યો અને વીરગતિને પામ્યો કવિ કહે છે :

'ખત્રી ! લાગે ખોટ, ગઢથી જાતાં ગાવડી'

રાજકોટ સત્યાગ્રહ ઇ. સ. ૧૯૪૦ માં થયો, તેના સૂત્રધાર ઉછરંગરાય ઢેબર ઉપર કોઇકે દુહો રચ્યો છે :

આભે ડબુકે મેવલો, સાવજ ડબુકે ગીર
રાજાણે ડબુકી રિયો ઢેબર વહલો વીર' (ક્રમશ:)

સંઘ સમાચાર

સંઘના સર્વ સભ્યોનું

વાર્ષિક સ્નેહ-મિલન

(આર્થિક સહયોગ : **શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાળા**)

સમય : રવિવાર, તા. ૧૧-૧-૧૯૮૭ સવારના ૯-૩૦

સ્થળ : બિરલા ક્રિડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ

કાર્યક્રમ : ભગવાન મહાવીરનાં સ્તવનો-ભક્તિ સંગીત સવારના ૯-૩૦ થી ૧૧-૩૦

બુફે-પ્રીતિ ભોજન : સવારના ૧૧-૩૦ થી ૧૨-૩૦

નોંધ : પ્રવેશ કાર્ડ લઇ જવા માટે હવે પછી જાહેરાત કરવામાં આવશે.

ચીમનલાલ જે. શાહ — **કે. પી. શાહ**
સંયોજક

પન્નાલાલ ર. શાહ
મંત્રીઓ

દુષ્કાળ રાહત નિધિમાં આવેલી રકમોની યાદી

૧૦૦૦૦	મે. ભોગીલાલ લહેરચંદ ફાઉન્ડેશન	
૫૦૦૦	શ્રી કુંગરશી રામજી ગાલા	
૨૫૦૦	,, રસિકલાલ લહેરચંદ શાહ	
૨૫૦૦	,, ચંદ્રકાંત દીપચંદ શાહ	
૨૫૦૦	,, હીંમતલાલ ડાહ્યાભાઈ ફોઠારી ચે. ટ્રસ્ટ	
૨૫૦૦	,, જયંતિલાલ પી. શાહ	
૧૫૦૦	,, રમણલાલ ચી. શાહ	
૧૫૦૦	,, સી. જે. શાહ	
૧૫૦૦	,, કે. પી. શાહ	
૧૫૦૦	,, શાંતિલાલ બી. ગાંધી	
૧૫૦૦	,, જ્યોતિબેન પ્રમોદભાઈ	
૧૫૦૦	,, વિદ્યાબેન મહાસુખભાઈ	
૧૫૦૧	,, એ આર. શાહ	
૧૦૦૦	,, ગણપતભાઈ એમ. ઝવેરી	
૫૦૧	,, મીનાબેન એન. શાહ	
૫૦૧	,, રવિન્દ્રભાઈ એચ. મહેતા	
૫૦૦	,, ધીરજલાલ કુલચંદ શાહ	
૫૦૦	,, સુબોધભાઈ એમ. શાહ	
૫૦૦	,, નીરુબેન એસ. શાહ	
૫૦૦	,, પ્રવીણચંદ્ર કે. શાહ	
૫૦૦	,, પન્નાલાલ આર. શાહ	
૫૦૦	,, સી. એન. વોરા ચેરીટેબલ ટ્રસ્ટ	
૫૦૦	,, સુનિલ એસ. છેડા	
૩૦૦	,, જય અંબે સિમેન્ટ સપ્લાયર્સ	
૨૫૧	,, બસંતલાલ ડી. નરસિંહપુરા	
૨૫૧	,, ચંદ્રાબેન હરસુખભાઈ શાહ	
૧૦૧	,, હરિલાલ ગુલાબચંદ શાહ	
૧૦૧	,, શશિ કે. પારેખ	
૪૧૮૫૭		

શેઠ મોતીશાહ

(પૃષ્ઠ ૧૨૦થી ચાલુ)

બંદરેથી વહાણમાં મુંબઈ આવવા નીકળતા. મુંબઈ પાસે અગાશી બંદરે પહોંચતાં સવાર થઈ જતી. પોતાનો પૂજનનો નિયમ સચવાય એટલા માટે એમણે અગાશી બંદરે દેરાસર બંધાવ્યું હતું. (ત્યારે અગાશીનો દરિયો આટલે દૂર ન હતો.)

પોતાના ઉપર જાણતાં અજાણતાં કોઈએ પણ કરેલા નાના મોટા ઉપકારની ખબર પડે તો તેનો બદલો કેમ વાળવો એની લગની મોતીશાહને હંમેશાં રહેતી. એક પ્રસંગ યાદગાર છે. એમને અમદાવાદના શેઠ હઠીસંગ કેસરીસંગ સાથે કૌટુમ્બિક સંબંધ હતો. શેઠ હઠીસંગે જ્યારે ગિરનારનો સંઘ કાઢ્યો હતો ત્યારે ચોરવાડ ગામે સંઘના અને ગામના માણસો માટે પોતાના તરફથી જમણવાર કર્યો. પરંતુ એ જમણવાર શેઠ મોતીશાહ તરફથી છે એવું એમણે નોતરું ફેરવ્યું હતું. એ જમણ પેટે એમણે રૂપિયા સાત હજારનો ખર્ચ કર્યો હતો. મોતીશાહને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે હઠીસંગની બીજાને જશ આપવાની ઉદારતા અને મોટાઈનો તેમને ખ્યાલ આવ્યો. એ ઋણ ચૂકવવા એમણે પોતાના વેપારમાં ચીન મોકલાવેલ કેટલીક અફીણની પેટીઓ હઠીસંગના નામથી મોકલાવી અને એના નફા પેટે મળેલા રૂપિયા ત્રણ લાખ હઠીસંગને આગ્રહપૂર્વક મોકલી આપ્યા હતા.

મોતીશાહનો જીવ ઘણો ઉદાર અને નીતિમય હતો. પોતાની યુવાવસ્થામાં, પિતાના અવસાન પછી થોડું ધન કમાયા કે તરત જ એમણે બધા લેણદારોને બોલાવી પિતાનું દેવું ચૂકતે કરી દીધું હતું. પોતાને માથે કાયદેસરનું કોઈ બંધન નહોતું તો પણ ઉદાર ભાવનાથી અને કર્તવ્યબુદ્ધિથી આ કાર્ય તેમણે કર્યું હતું.

યુવાનીમાં એમણે જેમ આ કામ કર્યું તેમ ઉત્તરાવસ્થામાં પોતાની ગંભીર માંદગીને લીધે અંતસમય પાસે આવી રહ્યો છે. એમ જાણીને પોતાના જે કંઈ કરજદારો હતા અને પૈસા ભરવાને અશક્ત હતા તેઓ દરેકને બોલાવી બોલાવીને તેમની દેવાની રકમ માંડી વાળી હતી. ચોપડે પણ તે પ્રમાણે તે દરેકના ખાતામાં હિસાબ ચૂકતે કર્યો કે જેથી કરીને પોતાના અવસસાન પછી એ દેવાદારોને કોઈ કનડગત કરે નહિં આ રીતે એમણે કુલ દસેક લાખ રૂપિયા જેટલી રકમ દેવાદારો પાસેથી જતી કરી હતી. પોતાના અવસાન પૂર્વે એમણે આ એક બહુ જ મહત્ત્વનું માનવતાનું કાર્ય કર્યું હતું. જ્યાં નાણાં આપીને ઋણમુકત થવું અને જ્યાં નાણાં લેવાની અપેક્ષા છે ત્યાં નાણાં લીધા વગર બીજાઓને ઋણમુકત કરવા એ સરળ વાત નથી. એમાં શેઠની ઉદારતા, ઉદાત્તતા, માનવતા અને દીર્ઘ દૃષ્ટિની સુભગ દર્શન થાય છે.

મોતીશાહે મુંબઈમાં જિનમંદિરો બંધાવવા માટે સૌરાષ્ટ્રમાંથી સલાટોને બોલાવવાનો વિચાર કર્યો હતો. પોતે મહુવા થઈને પાલીતાણા વારંવાર જતા અને મહુવાનું દેરાસર રામજી સલાટ નામના સલાહે બાંધ્યું હતું અને એના કામની ખૂબ પ્રસંશા થઈ હતી એથી મોતીશાહ રામજી સલાટને પોતાની સાથે વહાણમાં મુંબઈ લઈ આવ્યા. ભાયખલાની વાડીમાં દેરાસર બાંધવાનું કામ રામજી સલાટને સોંપાયું. તદુપરાંત ગોડીજી અને અન્ય દેરાસરોનું પણ કેટલુંક કામ પણ રામજી સલાટને સોંપાયું. ભાયખલામાં રામજી અને એના કુટુંબને માટે રહેવાની સગવડ પણ શેઠે કરી આપી હતી.

ભાયખલાના દેરાસરમાં બિંબ પ્રવેશ મહોત્સવ-પ્રતિષ્ઠા મહોત્સવ સં. ૧૮૮૫ના માગસર સુદ-૬ના રોજ થયો. રામજી સલાટે એટલું સારું કામ કર્યું હતું કે શેઠે પ્રતિષ્ઠા મહોત્સવના પ્રસંગે જાહેર સભામાં રામજી સલાટને પહેરામણી તરીકે સુંડલી ભરીને સોનાનાં ઘરેણા આપ્યાં. શેઠે આ રીતે રામજી સલાટના કાર્યની ભારે પ્રશંસા કરી હતી.

ત્યાર પછી શેઠે રામજી સલાટને શત્રુંજય ઉપર દેરાસર બાંધવા માટેનું કામ પણ સોંપ્યું હતું. એ કામ પણ ધમધોકાર ચાલતું હતું એ કામ નિમિત્તે રામજી સલાટને વારંવાર મુંબઈ આવવાનું થતું.

રામજી સલાટને પોતાનું મહેનતાણું સારા પ્રમાણમાં મળતું હતું. પરંતુ કેટલાક લોકોને પૈસા આવતાં ઉડાવવાની ટેવ પડી જાય અને કરજ કરવા લાગી જાય તેવું રામજી સલાટની બાબતમાં પણ બન્યું. એમણે શિહોરના એક સંબંધી પાસેથી ઉધાર લીધેલી મોટી રકમ ચૂકવવાની આવી હતી. એટલે એમણે મોતીશાહે આપેલાં ઘરેણાં વેચવા શેઠના જ એક મહેતાજીને આપ્યાં. શેઠને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે એમને થયું કે પોતે ભેટ આપેલાં ઘરેણાં રામજી સલાટ વેચી દે એ બરાબર ન કહેવાય. એટલે એમણે રામજી સલાટને બોલાવી શિહોરના સંબંધીનો બધો હિસાબ મંગાવી, પોતાના તરફથી પૈસા આપીને ચૂકતે કરી આપ્યો અને એનાં ઘરેણાં બચાવી આપ્યાં. મોતી–

શાહની કદરદાની, ઉદારતા અને સહાનુભૂતિનો પરિચય આ પ્રસંગ કરાવી જાય છે.

શત્રુંજય તીર્થની વારંવાર યાત્રાએ જતાં યાત્રાળુઓને પડતી અગવડનો ખ્યાલ મોતીશાહને આવ્યો. પાલીતાણામાં એક મોટી ધર્મશાળાની ઘણી આવશ્યકતા છે. એમ વિચારી લગભગ રૂા. ૮૦,૦૦૦/- ના ખર્ચે એમણે વિશાળ ધર્મશાળા બંધાવી. પાલીતાણામાં એ પ્રથમ વિશાળ ધર્મશાળા બંધાઇ. એનું મહત્ત્વ આજ દિવસ સુધી એટલું બધું કહ્યું છે કે શત્રુંજયની યાત્રાએ જે કોઇ સંઘ આવે તેના સંઘપતિને પ્રવેશતિલક સૌ પ્રથમ શેઠ મોતીશાહના નામથી કરાય છે.

મોતીશાહ પોતાની ધર્મશ્રદ્ધાને બળે એટલું બધું ધન કમાયા કે શત્રુંજય ઉપર જિન મંદિર બંધવાની એમને ભાવના થઇ. એ માટે એમને અનુકૂળ જગ્યાની તપાસ કરાવી, પરંતુ ડુંગર ઉપર સરખી વિશાળ જગ્યા મળવી મુશ્કેલ હતી, મોતીશાહની ભાવના વિશાળ કલાત્મક જિનમંદિર બંધાવવાની હતી. બધી દૃષ્ટિએ વિચાર કરતાં એમ લાગ્યું કે આદીશ્વર દાદાની ટૂંકની બાજુમાં આવેલું કુંતાસર નામનું નાનું તળાવ પૂરી દેવામાં આવે અને ભરણી કરી જમીન ઊંચી લેવામાં આવે તો ત્યાં વિશાળ દેરાસર થઇ શકે. તળાવ અને એનો લગભગ બસો ફૂટ ઊંડો ખાડો ભરવામાં ઘણો બધો ખર્ચ થાય પરંતુ શેઠે ખર્ચની સામે ન જોતાં સ્થળની વિશાળતા અને મંદિરની કલાત્મકતાને વધુ પ્રાધાન્ય આપ્યું. કુંતાસરની જગ્યા પૂરવાનું નક્કી થયું અને ત્યાં ભવ્ય ટૂંક બંધાવાનું કામ ચાલુ થયું.

શેઠ મોતીશાહ જ્યારે જ્યારે મુંબઇથી ઘોઘા-મહુવા જવાના હોય ત્યારે ત્યારે પાલીતાણા જઇ દેરાસરના બાંધકામ ઉપર જાતે દેખરેખ રાખતા. કેટલીકવાર એ માટે જ ખાસ મુંબઇથી પાલીતાણા જતા. એમના જેવા મોટા વેપારીને ઘણા બહોળા વેપારને કારણે મુંબઇમાં સતત હાજર રહેવું અનિવાર્ય થઇ પડતું તો પણ વચ્ચે વચ્ચે સમય કાઢી તેઓ પાલીતાણા જઇને કામકાજ નિહાળી આવતા. કેટલીકવાર પોતાના માણસોને તે માટે મોકલતા. આ બધા કામની મુખ્ય જવાબદારી એમના મુખ્ય મુનીમ અમરચંદ દમણીની રહેતી. તેઓ પણ શેઠની જેમ જ આ બધા કામનો વહીવટ કરવામાં ઘણા કુશળ હતા. મોતીશાહે એ ટૂંકમાં પોતાના મુનીમ, આહતિયા વગેરેનાં નામથી પણ મંદિરો, દેરીઓ બંધાવી આપી.

શેઠે શત્રુંજય ઉપર જિનમંદિર બંધાવવાનો નિર્ણય કર્યો ત્યારે એમની ઉંમર ૪૭ વર્ષની હતી. એમણે અંદાજ મૂકી જોયો હતો કે કુંતાસરનો ખાડો પૂરી ત્યાં જિનમંદિર બાંધવું તે ઘણાં વર્ષોનું કામ કહેવાય, કારણ કે ગાડા માર્ગે આરસ અને બીજા પથ્થરો લાવવા અને ડુંગર ઉપર ચઢાવવા એ ઘણું કપરું કામ હતું. પરંતુ એ કામ શક્ય તેટલાં ઓછાં વર્ષોમાં તેઓ પૂરું કરાવવા માંગતા હતા કારણ કે એ દિવસોમાં માણસનું સરેરાશ આયુષ્ય પણ બહુ લાંબુ ન હતું. શેઠે મંદિર બંધાવવા માટે શત્રુંજય ઉપર ૧૨૦૦ કારીગરો અને ૩૦૦૦ જેટલા મજૂરોને કામે લગાડ્યા હતા. ખર્ચની સામે શેઠે પાછું વાળીને જોયું નહિ. કુંતાસરનો ખાડો માટીથી પૂરીને તરત એના પર મંદિર બાંધવામાં આવે તો પાયો ઢીલો થઇ જાય. એવી દહેશતના કારણે એમણે ટૂંક નીચેથી પથ્થરનું પુરાણ કરાવ્યું અને પાયો પણ એટલો નીચેથી લીધો, કે દેરાસરને સેંકડો વર્ષ સુધી કોઇ આંચ ન આવે ડુંગર ઉપર બધા પથ્થરો ચડાવવા માટે કુલ એંસી હજાર રૂપિયાનાં તો દોરડાં વપરાયાં હતાં.

શત્રુંજય ઉપર પ્રતિષ્ઠા થાય તે પૂર્વે જ શેઠ મોતીશાહનું અવસાન થયું. પરંતુ એમની ઇચ્છાનુસાર પ્રતિષ્ઠાનો કાર્યક્રમ બંધ રહ્યો નહિ. એમના પુત્ર ખીમચંદભાઇએ પ્રતિષ્ઠાના મહોત્સવ માટે સંઘ કાઢીને પાલીતાણા જવાનું જ્યારે નક્કી કર્યું ત્યારે મુંબઇમાં સંઘ પ્રમાણ થાય તે વખતે શેઠ જમશેદજી જીજીભાઇએ એવી ઇચ્છા વ્યક્ત કરી હતી કે શેઠ ખીમચંદભાઇ સંઘ સાથે બંદર પર વહાણમાં બેસવા જતાં રસ્તામાં પોતાના ઘરે પગલાં કરે એ પ્રસંગે ખીમચંદભાઇને એક લાખ રૂપિયા ભેટ-પહેરામણી તરીકે આપવાની એમની ભાવના હતી. એ માટે એમણે ખીમચંદભાઇને વિવિસર વિનંતી કરી. ખીમચંદભાઇ પોતે જમશેદભાઇને ઘરે જવા માટે ઉત્સુક હતા, પરંતુ કેટલાક અતિ શ્રદ્ધાળુ જૈનોએ આગ્રહપૂર્વક એવું કહ્યું કે સંઘ કાઢીને શુભ ધર્મકાર્ય માટે નીકળીએ તે વખતે પારસીના ઘરે પગલાં ન થાય. આથી ખીમચંદભાઇએ જમશેદજીને જણાવ્યું કે પોતે આવી શકે તેમ નથી અને તે માટે અત્યંત દિલગીરીપૂર્વક ક્ષમા માગી સંઘ સાથે બંદરે ગયો ત્યારે જમશેદજીએ મોટું ઉદાર મન રાખીને અને શેઠ મોતીશાહના પોતાના ઉપર થયેલા અનેક ઉપકારોને યાદ કરીને બંદર ઉપર જઇને ખીમચંદભાઇને એક લાખ રૂપિયા ભેટ ધર્યા. ખીમચંદભાઇએ એ ભેટ રકમ પ્રેમથી સ્વીકારી.

લગભગ દોઢસો વર્ષ પહેલાં લાખ રૂપિયાની એ રકમ નાનીસુની નહોતી. મોતીશાહે અન્ય કોમના લોકો સાથે પણ કેવા ગાઢ સંબંધો બાંધ્યા હશે અને નિઃસ્વાર્થભાવે અનેક લોકો ઉપર કેટલા બધા ઉપકારો કર્યા હશે તે આવી ઘટનાઓ દ્વારા સમજાય છે એમની સુવાસ કેટલી બધી હશે કે એમના અવસાન પછી પણ માત્ર એ પુણ્યાત્માના એક માત્ર સ્મરણને લક્ષમાં રાખી, અનાદર થતો હોય તો પણ થવા દઇને પણ, સર જમશેદજી જેરોને જેવી ખ્યાતનામ વ્યક્તિ પોતાના મિત્રના પુત્રને લાખ રૂપિયા જેવી રકમ ભેટ આપવા બંદર ઉપર સામેથી પહોંચી જાય છે. શેઠ મોતીશાહ અને શેઠ જમશેદજી બંને કેવી દરિયાવદિલ વ્યક્તિ હતા તેનો પરિચય આ ઘટના કરાવે છે.

શેઠ મોતીશાહના અવસાન પછી એમની અંતિમ સમયની ઇચ્છાને માન આપીને ખીમચંદભાઇએ શત્રુંજય ઉપર પોતાના પિતાએ બંધાવેલ નવી ટૂંકમાં પ્રતિષ્ઠા કરવાનું અને તે માટે મોટો સંઘ કાઢવાનું નક્કી કર્યું જે જમાનામાં પાઇ અને પૈસાની પણ ઘણી મોટી કિંમત હતી એ જમાનામાં લાખો રૂપિયા ખર્ચી સરસ સંઘ કાઢવાની ભાવના મોતીશાહનાં પત્ની દિવાળી બહેન અને એમના પુત્ર ખીમચંદભાઇ કરી હતી.

એ દિવસોમાં રેલ્વે નહોતી ગાડા રસ્તે અને પગપાળા માણસો અવરજવર કરતા રસ્તામાં ચોર લુટારુઓનો ભય રહેતો. જંગલી હિંસક પ્રાણીઓની પણ બીક રહેતી. એટલે સામાન્ય લોકો તો જ્યારે સંઘ નીકળતો હોય ત્યારે જાત્રા કરવા જઇ શકતા.

ખીમચંદભાઇનું સકળ સંઘોને ખુલ્લું આમંત્રણ હતું. એટલે ભારતભરમાંથી પ્રતિષ્ઠા પ્રસંગે હજાર જેટલા સંઘો આવવા તૈયાર થયા હતા. મુંબઇના સંઘ વહાણોમાં બેસીને સૌરાષ્ટ્રના બંદરે ઊતરીને પાલીતાણા પહોંચ્યો હતો મુંબઇ અને જુદાં જુદાં ગામોના સંઘના માણસો મળીને દોઢ લાખ જેટલા માણસો પાલીતાણામાં એકત્ર થયા હતા ગામથી તળેટી સુધી અનેક તંબુ રાવટીઓ ઊભા કરવામાં આવ્યા હતા. શિયાળાના એ દિવસોમાં લોકો

આરે બધી સગવડ વ્યવસ્થિત રીતે કરવામાં આવી હતી. તળેટી પાસે પાંચ હજાર જેટલી જિન પ્રતિમાઓનો અંજન-શલાકાનો વિધિ ગોઠવાયેા હતો. સાગરગચ્છ, તપગચ્છ અને ખરતરગચ્છ એ ત્રણે ગચ્છના મુખ્ય આચાર્ય વિધિ કરાવવા પ્રતિષ્ઠા મહેાત્સવ પ્રસંગે પાલીતાણા પધાર્યા હતા.

પ્રતિષ્ઠા પૂર્વે કેટલાક દિવસે અને પ્રતિષ્ઠા પછી કેટલાક દિવસ એમ બધું મળીને દોઢ મહિના જેટલેા સમય દોઢ લાખ માણસો પાલીતાણામાં રહ્યા હતા. આ એક ભવ્ય ઉત્સવ હતેા. વ્યવસ્થા અતિશય સુંદર કરવામાં આવી હતી. શેઠ અમીચંદ રમણી અને શ્રેષ્ઠિઓ અને બીજા કાર્યકર્તાઓએ જે આયેાજન કર્યું હતું તે ખરેખર આયેાજકો પ્રત્યે બહુમાનની લાગણી ઉપજાવે એવું હતું. ખાવાપીવાની કોઇ મણા ન હતી. ચીજ વસ્તુઓની કોઇ અછત નહોતી. ખર્ચની કોઇ મર્યાદા નહોતી. કાર્યકર્તાઓની કોઇ ખોટ નહોતી. રાતના વખતે તંબુઓ પાસે મશાલેા સળગતી હોય ત્યારે જાણે કોઇ દૈવી વાતાવરણ હોય તેવેા દેખાવ લાગતેા.

આટલી મોટી સંખ્યામાં વસાહત ઊભી કરવામાં આવી હતી છતાં શૌચાદિની વ્યવસ્થા અને સફાઇની ચીવટ એટલી બધી રાખવામાં આવી હતી કે ઇતિહાસકારો એમ કહે છે કે દોઢ મહિના જેટલા સમયમાં શિયાળાના એ દિવસોમાં કોઇને શરદી-તાવ થયાં નથી; ઝાડા ઉલટી થયાં નથી કે કોઇનું માથું સુધ્ધાં દુખ્યું નથી. લોકો તેા એમ જ માનતા કે શેઠ મોતી-શાહનેા જીવ દેવગતિમાં જઇને આ પ્રતિષ્ઠા પ્રસંગે સહાય કરી રહ્યો છે.

પ્રતિષ્ઠાના આ દિવસેા દરમિયાન એક માત્ર માઠી ઘટના બની હોય તેા એટલી જ કે મોતીશાના અવસાન પછી એમનાં પત્ની દિવાળીબાઇની તબિયત ઘણી અસ્વસ્થ રહેતી હતી. તેઓ મુંબઇથી પાલીતાણા આવ્યાં હતાં પરંતુ પ્રતિષ્ઠાનેા શુભ દિવસ જોશે કે કેમ એવી શંકા હતી. પ્રતિષ્ઠા પૂર્વે જ પાલીતાણામાં તેમનું અવસાન થયું, પરંતુ મોતીશાહની ભાવના અનુસાર અને શેઠાણી દિવાળીબાઇની ઇચ્છા તથા સૂચના અનુસાર પ્રતિષ્ઠાના ઉત્સવના રંગમાં કયાય ભંગ પડવા દેવામાં આવ્યેા નહોતેા.

મોતીશાહ પોતાના એકના એક પુત્ર બીમચંદભાઇ માટે અઢળક ધન મૂકી ગયા હતા. શ્રીમંતાઇમાં લાડકોડમાં ઊછરેલા બીમચંદભાઇમાં વેપારધંધા કરવા માટે મોતીશાહ શેઠ જેટલી સૂઝ, સમજ, કુનેહ, કાર્યદક્ષતા અને દીર્ઘદૃષ્ટિ નહોતાં. બીમચંદ-ભાઇ સ્વભાવે ભોળા હતા, પણ પિતાની જેમ ઉદારદિલ પ્રામાણિક અને ન્યાયતીતિવાળા હતા. મોતીશાહના અવસાન પછી એમના મિત્રો અને વડીલોએ બીમચંદભાઇને સલાહ આપી કે નવેા વેપાર ધંધેા ન કરતાં મૂડી જો બ્યાજે મૂકી દેવામાં આવે તેા પણ કેટલીયે પેઢી સુધી ખૂટે નહિં એટલું ધન એમની પાસે છે. પરંતુ કેટલીક શ્રીમંત વ્યક્તિઓની બાબતમાં જેમ બને છે તેમ ખોટા, લુચ્ચા, સ્વાર્થી, ખુશામતખોર માણસો એમની આસપાસ વીંટળાઇ વળે છે અને પોતાનું વર્ચસ્વ જમાવી દે છે. એવે વખતે સાચી સલાહ ગમતી નથી અથવા સોબતીઓ ગમવા દેતા નથી. બીમચંદભાઇની બાબતમાં પણ એમાં જ બન્યું. મોટા મોટા સોદાઓ કરી પોતાના પિતા કરતાં પણ સવાયા દોઢા ધનપતિ થવાની લાલચભરી યેાજના મિત્રોએ રજૂ કરી અને બીમચંદભાઇ એમાં લલચાયા અને ફસાયા. એક લાકડી મુસલમાને એમનેા એટલેા બધેા વિશ્વાસ જીતી લીધેા હતેા કે એના કહેવા પ્રમાણે જ બીમચંદભાઇ વેપાર કરવા લાગ્યા હતા. એના કહેવા પ્રમાણે બીમચંદભાઇએ એકસામટેા બાર લાખ રૂપિયાનેા માલ ચીન મોકલાવ્યેા. આટલેા બધેા માલ એક સાથે આવી જતાં ચીની વેપારીઓ પણ લલચાયા. એમની વૃત્તિ બદલાઇ ગઇ અને માલ હજમ કરી ગયા. બીમચંદભાઇને એ માલના પૈસા મળ્યા નહિ. પરિણામે ન ખમાય એટલી મોટી આર્થિક આપત્તિ આવી પડી. લેણદારો તકાદા કરવા લાગ્યા. દેવાળું કાઢવાનેા વખત આવ્યેા રહેવા માટેના એક ઘર સિવાય બધી મિલકતો વેચાઇ ગઇ શેઠ મોતીશાહની શરમ અનેક વેપારીઓને નડી. કેટલાયે પોતાના દાવા જતા કર્યા તેા પણ બીજા કેટલાક કોર્ટમાં તે માટે દાવા કર્યા. બીમચંદભાઇએ પ્રામાણિકપણે પોતાની પાસે જેટલી મિલકત હતી તે કોર્ટમાં વિગતવાર જણાવી દીધી. અને લેણદારોને બે હપ્તે મળીને વીસેક ટકા જેટલી રકમ મળે એવેા સુકાદેા ન્યાયાધીશે આપ્યેા. કોર્ટમાં કેસ પત્યા પછી બહાર નીકળતાં બીમચંદભાઇને યાદ આવ્યું કે પોતાના કાને જે વાળી પહેરી છે તે હીરામાણેકની છે અને તે કોર્ટને જણાવવાનું રહી ગયું છે. એટલે તેઓ પાછા કોર્ટમાં દાખલ થયા અને ન્યાયમૂર્તિને પોતાની એ વાળીની પણ જાણ કરી દીધી. આવી આપત્તિ પ્રસંગે પણ અસત્ય ન બોલવું અને ન્યાય નીતિથી જ રહેવું એ પિતાના સંસ્કાર બીમચંદભાઇએ પણ, પોતાના જીવનમાં સાચવી રાખ્યા હતા. એ આ પ્રસંગ પરથી જોઇ શકાય છે.

એ જમાનામાં મોતી શાહે પચીસેક વર્ષના ક્રમાણીનાં વર્ષોમાં પાંજરાપોળ અને જીવદયા મંડળી, ચિંતામણિ પાર્શ્વનાથ, ગોડીજી પાર્શ્વનાથ, પાયધુનીના શાંતિનાથ અને આદીશ્વર તેમજ કોટનું શાંતિનાથનું દેરાસર અને ભાયખળાનું દેરાસર, પાલીતાણામાં ધર્મશાળા, શત્રુંજય ઉપર મોતીવસહીની ટૂંક વગેરે કાર્યો માટે અઠ્ઠાવીસ લાખથી વધુ રૂપિયા ખર્ચ્યા હતા. આ ઉપરાંત ગામ પરગામના નાનાં મોટાં જિનમંદિરો બંધાવવા માટેની અને અનેક વ્યક્તિઓને કરેલી અંગત મદદની રકમો તેા જુદી. અનેક લોકોનાં દેવાં માફ કરેલાં તે રકમ પણ જુદી આજથી દોઢસેા વર્ષ પૂર્વે કરેલું આવું સખાવતી કાર્ય એ જમાનાની દૃષ્ટિએ અજોડ છે.

માત્ર પૈસાની સખાવતો જ નહિ, વેપારની કુનેહ, કાર્યદક્ષતા ત્વરિત નિર્ણય લઇ તરત અમલમાં મૂકવાની આવડત, કુટુંબ પરિવારના સભ્યો અને નોકરચાકરો પ્રત્યે પ્રેમભર્યો વર્તાવ, અન્યના દુઃખ કે સંકટના પ્રસંગે ઊભા રહેવાની તત્પરતા ઋણમુકત થવાની ભાવના, ગરીબો પ્રત્યે હમદર્દી, બધી જ કોમના માણસો પ્રત્યે સદ્‌ભાવભર્યા સંબંધો, અનેકના વિશ્વાસ અને પ્રીતિના પાત્ર, અત્યંત સૌજન્યશીલ, વિનમ્ર સ્વભાવ, પ્રામાણિકતા અને નીતિ-મત્તા, પારસીઓ અને વિદેશી ગોરા લોકોમાં પણ પોતાની સુવાસ પ્રસરાવનાર શેઠ મોતીશાહનું જીવન એક રસિક પ્રેરક દંતકથા જેવું બની ગયું હતું. વિવિધ પૂજાઓના રચયિતા પંડિત વીરવિજયજી મહારાજે ભાયખલાનાં અને શત્રુંજયની મોતીશાહની ટૂંકનાં ચોઢાળિયા લખ્યાં અને લોકવનમાં મોતીશાહ માટે ગીતેા અને રાસડા ગવાવા લાગ્યા એ સર્વ એમની આદરયુકત લોકપ્રિયતાનાં દ્યોતક છે. કોઇ મહાકાવ્યના નાયક જેવું એમનું ભવ્ય જીવન અનેકને માટે અનુકરણીય છે.

-રમણલાલ ચી. શાહ

પ્રકાશક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૮૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટસ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.